## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **શુક્રવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૨, ૧૯૨૯ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ - ૧૮૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૮૨ - ૧૮૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ | ૧૮૩ - ૧૯૮ |
| **બુધવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૭, ૧૯૨૯ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૯ - ૨૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૧ - ૨૬૧ |
| મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪ હેઠળ) | ૨૬૨ - ૨૬૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૬૪ - ૨૬૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૬૬ - ૨૬૬ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૭ | ૨૬૭ - ૨૭૧ |
| મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૭૨ - ૨૭૬ |
| ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૭૭ - ૨૭૯ |
| મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૦૭ | ૨૮૦ - ૨૮૧ |
| મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૮૨ - ૨૮૬ |
| ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૮૭ - ૨૮૮ |
| ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૮૯ - ૨૯૦ |
| ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૯૧ - ૨૯૩ |
| મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૯૪ - ૨૯૭ |
| અરધા કલાકની ચર્ચા (નિયમ-૯૨) | ૨૯૮ - ૩૦૨ |

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

### ગુરૂવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૮, ૧૯૨૯ શાકે

### પહેલી બેઠક


| | |
|---|---|
| ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારાઓ માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૭ | ૩૦૩ - ૩૦૭ |
| ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૩૦૮ - ૩૧૬ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૩૧૭ - ૩૧૭ |
| ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ | ૩૧૮ - ૩૧૮ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૩૧૯ - ૩૨૪ |


### બીજી બેઠક


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૨૫ - ૩૩૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૩૫ - ૫૧૯ |
| નાણામંત્રીશ્રીનું નિવેદન (નિયમ)૪૪) | ૫૨૦ - ૫૨૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૨૨ - ૫૨૫ |
| સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે | ૫૨૬ - ૫૨૯ |
| ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ | ૫૩૦ - ૫૩૧ |
| બિન-સરકારી વિધેયકો | ૫૩૨ - ૫૪૭ |
| ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ | ૫૪૮ - ૫૫૬ |


### શુક્રવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૯, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૫૫૭ - ૫૬૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૬૯ - ૫૯૬ |
| માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪) | ૫૯૭ - ૫૯૭ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૫૯૮ - ૫૯૮ |

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
| --- | --- |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૫૯૯- ૬૦૪ |
| ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૬૦૫ - ૬૦૫ |
| ધીરૂભાઈ અંબાણી ઇસ્ટિટ્યૂટ ઑફ ઈંફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૬૦૬ - ૬૦૬ |
| ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૭ | ૬૦૭ - ૬૦૮ |
| કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક, ૨૦૦૭ | ૬૦૯ - ૬૧૩ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ- ૧૦૨) | ૬૧૪ - ૬૨૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૨૪ - ૬૩૧ |
| સભ્યશ્રીઓનું હાજરી પત્રક | ૬૩૨ - ૬૩૬ |


***

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

### શુક્રવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૨, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ - ૧૮૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૮૨ - ૧૮૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ | ૧૮૩ - ૧૯૮ |


### બુધવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૭, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૯૯ - ૨૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૧ - ૨૬૧ |
| મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪ હેઠળ) | ૨૬૨ - ૨૬૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૬૪ - ૨૬૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૬૬ - ૨૬૬ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૭ | ૨૬૭ - ૨૭૧ |
| મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૭૨ - ૨૭૬ |
| ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૭૭ - ૨૭૯ |
| મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૦૭ | ૨૮૦ - ૨૮૧ |
| મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૮૨ - ૨૮૬ |
| ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૮૭ - ૨૮૮ |
| ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૮૯ - ૨૯૦ |
| ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૯૧ - ૨૯૩ |
| મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૨૯૪ - ૨૯૭ |
| અરધા કલાકની ચર્ચા (નિયમ-૯૨) | ૨૯૮ - ૩૦૨ |

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

### ગુરૂવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૮, ૧૯૨૯ શાકે

### પહેલી બેઠક


| | |
|---|---|
| ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારાઓ માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૭ | ૩૦૩ - ૩૦૭ |
| ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૩૦૮ - ૩૧૬ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૩૧૭ - ૩૧૭ |
| ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ | ૩૧૮ - ૩૧૮ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૩૧૯ - ૩૨૪ |


### બીજી બેઠક


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૨૫ - ૩૩૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૩૫ - ૫૧૯ |
| નાણામંત્રીશ્રીનું નિવેદન (નિયમ)૪૪) | ૫૨૦ - ૫૨૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૨૨ - ૫૨૫ |
| સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે | ૫૨૬ - ૫૨૯ |
| ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ | ૫૩૦ - ૫૩૧ |
| બિન-સરકારી વિધેયકો | ૫૩૨ - ૫૪૭ |
| ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ | ૫૪૮ - ૫૫૬ |


### શુક્રવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૯, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૫૫૭ - ૫૬૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૬૯ - ૫૯૬ |
| માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪) | ૫૯૭ - ૫૯૭ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૫૯૮ - ૫૯૮ |

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૫૯૯- ૬૦૪ |
| ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૬૦૫ - ૬૦૫ |
| ધીરૂભાઈ અંબાણી ઇસ્ટિટ્યૂટ ઑફ ઈંફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૬૦૬ - ૬૦૬ |
| ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૭ | ૬૦૭ - ૬૦૮ |
| કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક, ૨૦૦૭ | ૬૦૯ - ૬૧૩ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ- ૧૦૨) | ૬૧૪ - ૬૨૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૨૪ - ૬૩૬ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૨, ૧૯૨૯ શાકે**

**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**કન્યા કેળવણી નિધિમાં એકત્રિત ભંડોળ અંગે**

***૨૩૦૦૯ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં મુખ્યમંત્રીશ્રીના કન્યા કેળવણી નિધિમાં કેટલું ભંડોળ મળેલ છે, અને

(૨) આ ભંડોળનો સરકાર કઈ રીતે ઉપયોગ કરવા માગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) રૂા. ૧૧,૦૫,૨૯,૯૩૪/-

(૨) પત્રક-૧ મુજબ

પત્રક-૧

મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિ યોજના

(૧) ૩૦ આર્થિક પછાત તાલુકાની ધોરણ-૮માં પ્રવેશ મેળવેલ અને અભ્યાસ કરતી આશરે ૨૫ હજાર જેટલી કન્યાઓને કન્યા દીઠ રૂા. ૧૦૦૦/-ની કિંમતના બોન્ડ આપવા માટે રૂપિયા બે કરોડ પચાસ લાખ જેટલો ખર્ચ કરવામાં આવશે.

(૨) ૩૦ આર્થિક પછાત તાલુકાની મૅડિકલ/એન્જિનીયરીંગ, એમ.બી.એ. એમ.સી.એ, વગેરેમાં અભ્યાસ કરતી આશરે ૨૦ કન્યાઓને કોમ્પ્યુટર આપવા માટે રૂપિયા પાંચ લાખ જેટલો ખર્ચ કરવામાં આવશે.

(૩) ૩૦ આર્થિક પછાત તાલુકાની ધોરણ ૧૧ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં અભ્યાસ કરતી કન્યાઓને અભ્યાસ અંગે વધુ માર્ગદર્શન સારુ વિશિષ્ટ તાલીમની વ્યવસ્થા કરવી. આ માટે અંદાજે રૂપિયા એકવીસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

(૪) સિવિલ સર્વિસીસની પરીક્ષાની પૂર્વ તૈયારી સારુ સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (સ્પીપા) દ્વારા ચલાવવામાં આવતા તાલીમી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ કન્યાઓને અભ્યાસક્રમની ફી, પરીક્ષા ફી, હોસ્ટેલ ફી અને પુસ્તકો માટે થઈને રૂપિયા દશ હજારની મર્યાદામાં આર્થિક સહાય આપવા માટે અંદાજે રૂપિયા એક લાખ પચાસ હજારનો ખર્ચ થનાર છે.

(૫) માન્યતા પ્રાપ્ત વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ ૩૦ આર્થિક પછાત તાલુકાની કન્યાઓને હોસ્ટેલ ફી, અભ્યાસ ફી, ગણવેશ સારુ આર્થિક સહાય આપવામાં આવશે. આશરે ૧૦૦૦ કન્યાઓને આ લાભ મળવાપાત્ર થશે. જે માટે રૂપિયા એક કરોડનો ખર્ચ થનાર છે.

(૬) એસ.એસ.સી. અને એચ.એસ.સી. (તમામ પ્રવાહ)માં દરેક તાલુકામાં પ્રથમ વ્દિતિય અને તૃતીય ક્રમે આવનાર કન્યાઓને રૂપિયા પાંચ હજારનો પુરસ્કાર આપવા માટે આશરે રૂપિયા બે કરોડ જેટલો ખર્ચ થનાર છે.

(૭) એસ.એસ.સી. અને એચ.એસ.સી. (તમામ પ્રવાહ)માં દરેક તાલુકામાં પ્રથમ વ્દિતિય અને તૃતીય ક્રમે આવે તેવી અપંગ કન્યાઓને રૂપિયા પાંચ હજાર સહાયક પુરસ્કાર આપવા માટે આશરે રૂપિયા બે કરોડ જેટલો ખર્ચ થનાર છે.

(૮) કન્યા કેળવણીના સંદર્ભમાં દરેક જિલ્લામાં કોઈ સંસ્થા કે વ્યકિત વિશિષ્ટ કામગીરી કરતી હોય તથા કન્યા કેળવણીને ઉત્તેજન પુરુ પાડવા માટે કાર્યરત હોઈ તેવી સંસ્થા કે વ્યકિતને જિલ્લા દીઠ "કન્યા કેળવણી ગૌરવ પુરસ્કાર" તથા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. જેમાં પ્રથમ ઇનામ રૂપિયા પચાસ હજાર, વ્દિતિય ઇનામ રૂપિયા ચાળીસ હજાર તથા તૃતીય ઇનામ રૂપિયા ત્રીસ હજાર જિલ્લાવાર આપવાનું આયોજન છે. આ માટે આશરે રૂપિયા ત્રીસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

(૯) જે કુટુંબમાં માત્ર દીકરીઓ જ હોય તેવા બી.પી.એલ. કુટુંબની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાને રૂપિયા એક હજારનું પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે. આ માટે આશરે રૂપિયા દસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

(૧૦) જે પ્રાથમિક શાળામાં કન્યાઓનું સો ટકા નામાંકન થયેલ અને ડ્રોપ આઉટ રેટ શૂન્ય હોય તેવી શાળાને અભિનંદન પત્ર તેમજ તમામ શિક્ષકોને પ્રમાણપત્ર અને શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિના વિકાસ માટે રૂપિયા પચ્ચીસ હજારનું ઇનામ આપવામાં આવશે. આ માટે રૂપિયા પચ્ચીસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી નિધિની અંદર ૧૧ કરોડનું પૅકૅજ કોઈપણ જાતના ભેદભાવ વગર જાહેર કરેલ છે. પરંતુ ગઈકાલે કેન્દ્ર સરકારે રમખાણ ગ્રસ્ત પૅકૅજ ૧૦૬ કરોડનું માત્ર મુસ્લિમોને ખુશ કરવા માટે અને અક્ષરધામના શહીદોને આ પૅકૅજમાં ભુલાયા છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો. (અંતરાય) નો, નો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : આ પૅકૅજમાં અક્ષરધામના શહીદોને ભુલાયા છે. મને કહેવા દો, મારો પૅકૅજ અંગેનો જ પ્રશ્ન છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પૅકૅજ આપ્યું છે એમાં ગુજરાતની તમામ દીકરીઓ કોઈપણ જાતના ભેદભાવ વગર રાજયના મુખ્યમંત્રીશ્રી ભણાવે છે. એમાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યો નથી. ગઈકાલે ૧૦૬ કરોડનું પૅકૅજ જાહેર કરીને મુસ્લિમોને ખુશ કરવા ભેદભાવ વાળું રમખાણગ્રસ્ત પૅકૅજ (અંતરાય) મુસ્લિમોને ખુશ કરવા માટે કેન્દ્ર સરકારની નીતિ અંગે મારે વાત કરવી છે. (અંતરાય) આ હું પ્રશ્ન પૂછી રહ્યો છું.

( આ તબક્કે શાસક પક્ષના ધારાસભ્યશ્રીઓ પાટલીઓ ઉપરથી ઊભા થઈને ભેદભાવ બંધ કરો તેવા સૂત્રોચ્ચાર કર્યા)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની પ્રજાની લાગણીનો સવાલ છે.

**અધ્યક્ષશ્રી** : મને શું વાત છે એ પહેલા કહો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈએ વાત કરી એ સાચી છે. એટલે એને વાત કરવા દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આના માટે જુદો પ્રશ્ન લાવીને તમે ચર્ચા કરો. તમે પૈસા આપ્યા નથી. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : આમાં અક્ષરધામ કયાં ગયું. મુસ્લિમોનું તૃષ્ટિકરણ કરવાનું બંધ કરો. મરનારના લોહી જુદા નથી હોતા. મુસ્લિમ અને હિન્દુના લોહી એક છે. હિન્દુ મરે તો સહાય ન મળે અને મુસ્લિમ મરે તો સહાય મળે. આ બંનેનું લોહી તો એક છે. તમને શરમ આવવી જોઈએ. (અંતરાય) તમને શરમ આવવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમે લોકોને સળગાવ્યા છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : ગુજરાતની પ્રજા તમારો જવાબ માગશે. આ ગુજરાતની જનતાનો અવાજ છે. ગોધરામાં મરી ગયેલાઓને નહિ મળે એના પછીનાને આપવાની વાત કરી છે. એ કયાંની સરકાર છે?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો બધા. (સતત અંતરાય)

(આ તબક્કે સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ તરફથી " મુસ્લિમ તુષ્ટિકરણ બંધ કરો " ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**અધ્યક્ષશ્રી** : બેસો પ્લીઝ, બેસો બધા. (સતત અંતરાય)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રીએ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભાઈ, પ્લીઝ. તમે શું કામ સમય બગાડો છો? વચ્ચે શા માટે બોલો છો? (સતત અંતરાય)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી દીકરીઓને ભણાવવા માટે ભેખ ધારણ કર્યો છે અને ગુજરાત રાજયની પ્રજા પાસે મુખ્યમંત્રીશ્રી દીકરીઓને ભણાવવાની ભીખ માગે છે. ત્યારે ૧૧ કરોડના ભેદભાવ વગરના પૅકૅજને આવકારું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્તમાન મુખ્યમંત્રીશ્રીના નિધિની રકમ જાણવા મળી પણ એ અગાઉના તમામ મુખ્યમંત્રીશ્રીઓએ રાજયના તોશાખાનામાં કેટલી રકમ જમા કરાવી અને તેની કિંમત કેટલી થતી હતી?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રીએ ત્રણ પૅકૅજ જાહેર કર્યા. ૧૫,૦૦૦ કરોડનું વનબંધુ પૅકૅજ, ૧૧,૦૦૦ કરોડનું સાગર ખેડૂ પૅકૅજ અને ૧૧ કરોડનું કન્યા કેળવણી નિધિનું પૅકૅજ. સમગ્ર ગુજરાતના તમામ જેમને પણ આ પૅકૅજ લાગુ પડતું હોય તે બધાને તેનો લાભ મળવાનો છે. જ્યારે કેન્દ્ર સરકારે માત્ર ને માત્ર મુસ્લિમોને માટે જ પૅકૅજ જાહેર કર્યું. અક્ષરધામના શહીદો પણ તેમને યાદ ન આવ્યા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં રાજયના મુખ્યમંત્રીશ્રીઓએ તોશાખાનામાં જે વસ્તુઓ જમા કરાવી છે અને તેમાંથી ઉપજેલી રકમ જે માનનીય ધારાસભ્યશ્રી જાણવા માગે છે. ડો. જીવરાજભાઈ મહેતા, તેમણે કોઈ વસ્તુ જમા નથી કરાવી. બળવંતભાઈ મહેતા તેમણે ત્રણ વસ્તુઓ જમા કરાવી અને એ સંગ્રહાલયને ભેટ આપી છે. હિતેન્દ્રભાઈ દેસાઈ, તેમણે ૫૧ વસ્તુઓ તોશાખાનામાં જમા કરાવી, જેની ૬,૦૦૦ રૂપિયાની કિંમત ઉપજી. ત્યાર પછી રાષ્ટ્રપતિ શાસન આવ્યું. તેમાં પણ એક વસ્તુ જમા થઈ છે.અને કોઈએ ભેટ આપેલ છે. શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ આમાં ૧૭ વસ્તુઓ જમા કરાવી અને એ સંગ્રહાલયને ભેટ આપી છે. શ્રી ચીમનભાઈ પટેલે ૫ વસ્તુઓ આપી છે અને એ કોઈએ ભેટ આપી છે. રાષ્ટ્રપતિ શાસનમાં ૭ વસ્તુઓ આવી જેના રૂ.૬૯૪૫/- ઉપજ્યા છે. શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે ૧૦ વસ્તુઓ જમા કરાવી છે એના રૂ.૭૮૪૩/- ઉપજ્યા છે. ત્યાર પછી રાષ્ટ્રપતિ શાસન આવ્યું એમાં એકપણ વસ્તુ મળી નથી. શ્રી માધવસિંહ સોલંકીના સમયમાં એમણે ૨ વસ્તુ જમા કરાવી છે જેના રૂ.૨૧૬/- ઉપજ્યા છે. શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે ૨૮ વસ્તુઓ જમા કરાવી એના રૂ.૩૮૧૮૭/- આવ્યા.

ત્યાર પછી રાષ્ટ્રપતિ શાસન આવ્યું જેમાં એકપણ વસ્તુ આવી નથી. શ્રી માધવસિંહ સોલંકી ફરીથી મુખ્યમંત્રી બન્યા ત્યારે ૧૧ વસ્તુઓ જમા કરાવી છે. એના રૂ.૧૬૫૨૧/- ઉપજ્યા છે. શ્રી અમરસિંહ ચૌધરીએ ૪ વસ્તુ જમા કરાવી એમાંથી રૂ.૧૭૭૩/- ઉપજ્યા. શ્રી માધવસિંહ સોલંકીએ ૨ વસ્તુ જમા કરાવી એના રૂ.૧૭૨૫/- ઉપજ્યા છે. શ્રી ચીમનભાઈ પટેલ ૧૭ વસ્તુઓ જમા કરાવી એના રૂ.૨૯૨૦૯/- ઉપજ્યા. શ્રી છબીલભાઈ મહેતાએ ૩ વસ્તુ જમા કરાવી એના રૂ.૫૪૭૧/- ઉપજ્યા. શ્રી કેશુભાઈ પટેલ ૧ વસ્તુ જમા કરાવી એના રૂ.૨૧૨૧/- ઉપજ્યા. શ્રી સુરેશભાઈ મહેતાએ ૧ વસ્તુ જમા કરાવી એના રૂ.૨૦,૦૦૦/- ઉપજ્યા. ત્યાર પછી રાષ્ટ્રપતિ શાસનમાં કાંઈ આવ્યું નથી. શ્રી શંકરસિંહ વાઘેલાએ ૨ વસ્તુ જમા કરાવી એના રૂ.૨૭૦૧/- ઉપજ્યા. શ્રી દિલીપભાઈ પરીખના સમયમાં તોશાખાનામાં કાંઈ જમા થયું નથી. શ્રી કેશુભાઈ પટેલના સમયમાં ફરી ૩ વસ્તુ જમા કરાવી એના રૂ.૩,૧૭,૦૦૦/- જમા થયા. આમા ૨૩ મુખ્યમંત્રીઓ દ્વારા રાજયના તોશાખાનામાં ૧૬૮ વસ્તુઓ જમા થયા અને એના રૂ.૪,૫૫,૭૭૨/- ઉપજ્યા. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૪૦૦૦ ચીજ વસ્તુઓ જમા કરાવી અને એના રૂ.૨,૭૨,૦૦,૦૦૦/- ઉપજ્યા છે.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. એમણે તમામ ભેટ સોગાદો કન્યા કેળવણી ફંડ માટે જમા કરાવી છે. હું શિક્ષણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કન્યા કેળવણી નિધિમાં ફંડ કયાંથી મળે છે? અને આ નિધિમાં દાન આપનાર દાતાને આવકવેરા હેઠળ કોઈ લાભ આપવામાં આવે છે કે કેમ? ૧૯૮૪ના રમખાણો પછી શીખોને કે અક્ષરધામના શહીદોને આ કેન્દ્રની કોંગ્રેસની મુસ્લિમી વિચારધારાવાળી કેન્દ્ર સરકારે કાંઈ આપ્યું નથી. ત્યારે આ રાજય સરકાર આ કન્યા કેળવણી નિધિના ફંડમાં આવો કોઈ ભેદભાવ રાખે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં મુખ્યમંત્રીશ્રીની ભેટ સોગાદોની જાહેર હરાજી થાય છે એની તમામ રકમ આમાં જમા થાય છે. એ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીઓ અને મંત્રીશ્રીઓ જ્યારે કોઈ કાર્યક્રમોમાં જાય છે ત્યારે જે કન્યા કેળવણી નિધિમાં પૈસા મળે છે એ જમા થાય છે. જે કોઈ દાતા દાન આપે છે એ ૮૦ જી હેઠળ કરમુક્ત હોય છે. એ રીતે કન્યા કેળવણી નિધિમાં આ પૈસા જમા થાય છે.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય શિક્ષણ મંત્રીશ્રી પાસેથી આપના મારફત એ જાણવા માગું છું કે ભારત સરકાર દ્વારા રાજય સરકારને કન્યા કેળવણી હેઠળ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં ૩૧મી જાન્યુઆરી ૨૦૦૭ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તરફથી આ નિધિમાં કશું નથી મળતું.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, પત્રક-૧માં મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમાં (અંતરાય)

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સતત અંતરાય, હવે બેસી જાવ સાહેબ, મને પ્રશ્ન પૂછવા દો. વાળા સાહેબ મને પ્રશ્ન પૂછવા દો. (સતત અંતરાય) ભટ્ટ સાહેબ, મલાજો રાખજો હવે, હું ઉભો છું. (અંતરાય) દુ:ખી થશો નહીં, તબિયત બગડશે, દુ:ખી થશો નહીં સાહેબ, વાળા સાહેબ તબિયત બગડશે. માનનીય અધ્યક્ષશ્રી, મારો સાદો સીધો પ્રશ્ન છે. મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નીધિ યોજના જે છે એ ઘણી સારી યોજના છે. આ બધા નિયમો હું વાંચી ગયો, એ નિયમો મેં જોયા પણ ખાસ કરીને એમાં એવી આભા ઉભી થાય છે કે ૩૦ આર્થિક પછાત તાલુકાઓનું અને આર્થિક રીતે પછાત બહેનોની દીકરીઓને જ આમાં લાભ મળે એમ છે ત્યારે મારે સીધો પ્રશ્ન માનનીય આનંદીબેનને પ્રશ્ન પુછવો છે કે આ યોજનામાં એસ.સી. એસ.ટી. અને માઈનોરીટીની બહેનોનો સમાવેશ કરવામાં આવશે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેને પણ લાભ મળવાનો છે એ શાળાની અંદર અભ્યાસ કરતા તમામ બાળકોને આનો લાભ મળવાનો છે . આમાં કોઈ માઈનોરીટીનો પ્રશ્ન નથી. કોઈ એસ.સી.કે એસ.ટી.નો પ્રશ્ન નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૩૦ તાલુકાની અંદર જે દીકરીઓ એમાં આવવાની છે એ ધોરણ-૮માં જે દાખલ થયેલી દીકરીઓ છે એ મોટા ભાગની એસ.સી., એસ.ટી. અને માઈનોરીટીઓ હોય છે અને ૧હજાર રુપિયાનું બૉન્ડ જેને મળવાનું છે એવી હજારો કન્યાઓ છે આની અંદર એટલે કોઈ ભેદભાવ વગર આ રાજય સરકાર આનો ઉપયોગ કરી રહી છે અને ભૂતકાળમાં પણ કર્યો નથી. આવો ભેદભાવ એ કેન્દ્રની યુ.પી.એ. સરકારે આવો ભેદભાવ ઉભો કર્યો છે અને મુસ્લિમોને ખુશ કરવા માટે ૧૦૬ કરોડ રુપિયાનું પૅકેજ જાહેર કર્યુ છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે પેકેજ જાહેર કર્યુ છે એ વર્ગના તમામ બાળકોને જે એની અંદર આવતા હશે એ તમામને એનો લાભ મળવાનો છે. (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : (સતત અંતરાય) આ ગોધરા માંઈલી ઘટના નથી. (અંતરાય) ગોધરા માંયલી જાહેરાત નથી. આ ધર્મના ભેદભાવ નથી. (સતત અંતરાય)

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જાણવું છે કે આ રાજયના, આ સરકારના વડા માનનીય નરેન્દ્રભાઈ મોદીએ જયારે કન્યા કેળવણી માટે આટલી મોટી ચિંતા કરી છે મારે એટલું જાણવું છે

માનનીય શિક્ષણ મંત્રીશ્રી પાસેથી કે સાથોસાથ અમારે ત્યાં અકવાડા ખાતે મદરેસા આવેલુ છે અને અમને અહીં પીજીયન બૉક્સમાં વડાપ્રધાનશ્રીનો ૧૫ મુદ્દાનો વેલફેર ઓફ માઈનોરીટીનો કાર્યક્રમ મળ્યો છે. એજયુકેશનની જ વાત છે એમાં અકવાડા મદરેસામાં કન્યાઓનો અભ્યાસ થાય છે કે કેમ? એને આ કન્યા કેળવણી નીધિમાંથી રકમ મળશે કે કેમ? એટલા માટે કે ગઈકાલે મતદાર યાદીમાં અકવાડા મદરેસાના સરનામે બિહારી અને બાંગલાદેશી ૧૦૦ જેટલા મુસ્લિમોના નામ ત્યાંથી ઉમેરવામાં આવ્યા છે એવી ફરિયાદ છે જયારે અહીં સાથોસાથ એકબાજુ વેલફેર ઓફ માઈનોરીટી માટે ૧૫ મુદ્દાનો પ્રોગ્રામ કરેલ છે, એકબાજુ આવું ભેદભાવવાળું પૅકેજ જાહેર કરે છે ત્યારે ત્યાં આ કન્યા કેળવણી નીધિમાં મદરેસામાં દીકરીઓને ભણાવે છે કે કેમ? અને આવા પ્રકારની પ્રવૃત્તિ થતી હોય ત્યાંથી આવી મતદાર યાદીમાં વિદેશીઓના જો નામ આવતા હોય તો એના માટે મદરેસામાં કોઈ પગલા ભરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મદરેસામાં માત્ર એમના કુરાન વગેરે જ પઢાવવામાં આવે છે. ત્યાં પ્રાથમિક શિક્ષણ ચાલતુ જ નથી અને એટલા માટે એ બાળકોને આનો લાભ કેવી રીતે મળી શકે એટલે મદરેસાઓમાં પણ પ્રાથમિક શિક્ષણ આપવું જોઈએ એ આ રાજય સરકાર માને છે.

## વડોદરા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો

***૨૨૨૫૩ શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા )જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૧-૨-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા સર્વેમાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબોનો વધારો થયો , અને

(૨) તેમાં છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકોનો સમાવેશ થયો?

**નાગરિક પુવરઠા મંત્રીશ્રી :**

(૧) તા: ૧-૨-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા સર્વેમાં આ સાથેના પત્રક-અ મુજબ તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોમાં વધારો/ ઘટાડો થયેલ છે.

(૨) છોટાઉદેપુર તથા કવાંટ તાલુકામાં નવી બી.પી.એલ. યાદી અન્વયે કોઈ બી.પી.એલ. કાર્ડ ધારકોમાં કોઈ વધારો થયો નથી.

| ક્રમ | તાલુકાનું નામ | જુની બીપીએલ યાદી | નવી બીપીએલ યાદી | | | તફાવત વધારો(+) ઘટાડો (-) |
|---|---|---|---|---|---|---|
| | | | ૦-૧૬ (ગુણાંક અતિ ગરીબ ) | ૧૭-૨૦ (ગુણાંક ગરીબ) | કુલ ગુણાંક (૦-૨૦) | |
| ૧ | સંખેડા | ૧૯૮૯૫ | ૪૯૬૮ | ૭૯૩૧ | ૧૨૮૯૯ | -૬૯૯૬ |
| ૨ | છોટાઉદેપુર | ૭૮૩૦ | ૧૧૯૭૪ | ૧૦૭૮૭ | ૨૨૭૬૧ | +૧૪૯૩૧ |
| ૩ | ડભોઈ | ૧૪૬૭૬ | ૩૯૯૯ | ૬૪૨૨ | ૧૦૪૨૧ | -૪૨૫૫ |
| ૪ | જેતપુરપાવી | ૨૦૧૭૪ | ૧૨૧૩૧ | ૧૦૧૪૯ | ૨૨૨૮૦ | +૨૧૦૬ |
| ૫ | કરજણ | ૯૯૯૨ | ૪૮૯૭ | ૫૨૭૪ | ૧૦૧૭૧ | +૧૭૯ |
| ૬ | કવાંટ | ૨૦૬૪૩ | ૧૨૫૩૫ | ૧૦૮૫૮ | ૨૩૩૯૩ | +૨૭૫૦ |
| ૭ | નસવાડી | ૧૪૫૬૭ | ૬૬૦૦ | ૭૯૬૭ | ૧૪૫૬૭ | ૦ |
| ૮ | શિનોર | ૪૨૦૭ | ૫૦૩ | ૧૮૫૦ | ૨૩૫૩ | -૧૮૫૪ |
| ૯ | પાદરા | ૨૧૯૧૮ | ૬૯૭૬ | ૮૫૫૭ | ૧૫૫૩૩ | -૬૩૮૫ |
| ૧૦ | સાવલી | ૨૩૯૮૯ | ૧૨૫૭૦ | ૧૦૮૯૩ | ૨૩૪૬૩ | -૫૨૬ |
| ૧૧ | વડોદરા | ૧૧૩૮૦ | ૬૪૨૭ | ૮૧૫૪ | ૧૪૫૮૧ | -૧૫૪૬ |
| ૧૨ | વાઘોડીયા | ૧૨૧૩૪ | ૪૬૩૪ | ૫૯૫૪ | ૧૦૫૮૮ | -૧૫૪૬ |
| | કુલ:- | ૧૮૧૪૦૫ | ૮૮૨૧૪ | ૯૪૭૯૬ | ૧૮૩૦૧૦ | +૧૬૦૫ |

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બી.પી.એલ. કાર્ડ રાજ્ય સરકારની યોજના મુજબ આપવામાં આવે છે કે કેન્દ્ર સરકારની યોજના મુજબ? બીજો મારો પ્રશ્ન એવો છે કે આ સરવે મુજબ જે બી.પી.એલ. યાદી બની છે તે પ્રમાણે બી.પી.એલ. કાર્ડ આપવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપજો પ્લીઝ.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે રાજ્ય સરકારનું કામ સપ્લાય કરવાનું છે. જે પણ યોજના છે એ કેન્દ્ર સરકાર તરફથી જાહેર થાય છે અને દરેક રાજ્યને આપે છે. એ પ્રમાણે અનાજના વિતરણની વ્યવસ્થા આ રાજ્ય સરકારની છે. એટલે માનનીય સભ્યશ્રી કહે છે એમ બી.પી.એલ. કાર્ડ અને અન્ય રૅશન કાર્ડની કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મળે છે એ મુજબ જ આપણે આપીએ છીએ. એ

પ્રમાણે આપણે બી.પી.એલ. કાર્ડ આપીએ છીએ. બીજો પ્રશ્ન છે કે નવી બી.પી.એલ. યાદી જે જાહેર થઈ છે એ મુજબ બી.પી.એલ. કાર્ડ આપવા માગો છો કે કેમ? માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે આ બી.પી.એલ.ની નવી યાદી બનાવી છે ત્યારે દરેક ડી.એસ.ઓ.ને અમે સૂચના આપી છે કે ૧ થી ૧૬ સુધીના અતિ ગરીબ કોઈપણ લોકો રહી ગયા હશે તો એની ચકાસણી કરીને બી.પી.એલ. પાત્રતા ધરાવતા હશે તો તેવા લોકોને બી.પી.એલ. કાર્ડ આપી દેવામાં આવશે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે અને એમાં જનસંખ્યા કેટલી છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : રાજ્યમાં ૨૫ જિલ્લાઓમાં અમદાવાદ શહેર સહિત કુલ ૨૭,૪૬,૧૪૬ કાર્ડની સંખ્યા છે અને ૧,૪૫,૭૪,૪૦૮ ની જનસંખ્યા છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે સરવે થયો છે એમાં ઘણા ગામોમાંથી ફરિયાદો આવી છે કે બી.પી.એલ. લાભાર્થી ન હોય, આર્થિક પરિસ્થિતિ સારી હોય એવા ઘણા કુટુંબોને બી.પી.એલ. કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે. આમાં રીસરવે કરાવી જે ખોટા કાર્ડ અપાયા છે એ ખોટા કાર્ડ કેન્સલ કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : હા, જી.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્ર સરકારે આ બી.પી.એલ.ની યાદી બનાવી એ કયા ધોરણો નક્કી કરીને બનાવવામાં આવેલ છે અને એમાં ઘણા નામો રહી ગયા છે એવા નામોને ફરી સામેલ કરીને ફરી એસેસમેન્ટ કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : બી.પી.એલ.નું ધારાધોરણ અગાઉ મેં વિધાનસભાના ફ્લોર ઉપર કહ્યું એ મુજબ આમાં ગ્રામ્યની અંદર ૩૨૪ રૂપિયાની માથાદીઠ માસિક આવક હોવી જોઈએ. શહેરમાં ૫૦૧ રૂપિયાની આવક હોવી જોઈએ. એક એકર જમીન હોવી જોઈએ અને બાકીના સાયકલ અને પંખા વિગેરે સરકારશ્રીનો ગરીબી રેખા નીચેનો જે ક્રાઈટએરિયા છે એ પ્રમાણે જો બી.પી.એલ.માં આવતા હોય તો તેવા લોકોને આપણે બી.પી.એલ. કાર્ડ આપીએ છીએ.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ** : નસવાડી તાલુકાના ઊંડાણના ગામોમાં કે જે લોકો મજૂરી અર્થે બહાર ગયેલા હતા એવા લગભગ ૪૫૦ કુટુંબોને આ બી.પી.એલ. કાર્ડનો લાભ મળ્યો નથી. તો એનો સમાવેશ કરવામાં આવશે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : મજૂરી માટે જાય છે એને રોમીંગ રૅશન કાર્ડની વ્યવસ્થા છે. એ વ્યવસ્થા અમે સરળ બનાવી છે એટલે એ જશે તો તરત રોમીંગ રૅશન કાર્ડ આપી દેવામાં આવશે.

**રાજકોટની સરકારી ફાર્મસી કૉલેજના રજીસ્ટ્રેશન અંગે**

**૨૨૬૮૩ શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજકોટ ગવર્નમેન્ટ ફાર્મસી કૉલેજમાં સન ૨૦૦૬-૦૭ દરમિયાન એડમિશન કાર્યવાહી કરેલ છે, એ વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ કૉલેજને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાનું ચાલું વર્ષનું રજીસ્ટ્રેશન મળેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) હા, જી.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે શું આ ફાર્મસી કૉલેજને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની રજીસ્ટ્રેશન રદ કરવા માટેની કોઈ નોટિસ મળ્યાનું સરકાર જાણે છે? જો હા, તો કયા કારણોસર નોટિસ મળેલ છે અને તે અંગે સરકારે શું પગલાં લીધાં છે? આ કોલેજને આ રજીસ્ટ્રેશન ક્યારથી મળેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે A.I.C.T. નિરીક્ષણ આવી બધી કૉલેજોમાં થતું જ હોય છે. જ્યારે નિરીક્ષણ થતું હોય ત્યારે એમાં કોઈપણ પ્રકારની ખામી દેખાય તો એને રીન્યુઅલ કરવા માટે પૂછવામાં આવતું હોય છે અને આ જ્યારે પૂર્તતા કરવા માટે જ્યારે રાજ્ય સરકારને શિક્ષણ વિભાગને પૂછવામાં આવે છે ત્યારે જે કાંઈ પૂર્તતા કરવાની હતી એ બધી જ પૂર્તતા રાજ્ય સરકાર કરી દીધેલી છે.તા. ૯/૧/૦૬, ૧૪/૧/૦૬, ૮/૬/૦૬ નાં રોજ જે કાંઈ જરૂરી સ્પષ્ટતા P.C.I.ને કરવાની હતી એ બધી જ પૂર્તતા રાજ્ય સરકારને કરી છે અને એની કોઈ માન્યતા રદ નથી થઈ.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ કૉલેજને આવી કોઈ નોટિસ મળી હતી? જો હા, તો એ ક્યા કારણોસર મળી હતી અને એ અંગે સરકારે શું પગલાં લીધા છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મે કહ્યું એમ આમાં એવી કોઈ નોટિસ હોતી નથી માત્ર પૂર્તતા કરવાનો પ્રશ્ન હોય છે. જે દરેક કૉલેજ આવી પૂર્તતા કરતી હોય છે જેની અંદર અધ્યાપકો, વ્યાખ્યાતાની

જગ્યા ભરવાની બાબત હોય અને એ રાજ્ય સરકાર જ્યારે ભરવાનો પ્રયત્ન કરે છે ત્યારે એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને આ કૉલેજ અત્યારે ચાલુ છે.

**આણંદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કામગીરી**

*** ૨૩૦૭૨ શ્રી અમિત અ. ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ કઈ કઈ કામગીરી કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કાર્યક્રમ હેઠળ કેટલી ગ્રાન્ટ આણંદ જિલ્લાને મળી, કેટલી રકમ ખર્ચ થયેલ છે, અને

(૩) આ કાર્યક્રમમાં રાજ્ય સરકારનો કેટલો હિસ્સો છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ આણંદ જિલ્લામાં જેન્ડર એજ્યુકેશન કોમ્યુનીટી મોબીલાઈઝેશન, વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા, ટીચર્સ ટ્રેનિંગ, વિકલાંગ બાળકોનું શિક્ષણ અને સિવિલ એકટીવીટી જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે. તાલુકાવાર કામગીરીની વિગતો દર્શાવતું *પત્રક-અ/૧, *પત્રક-અ/૨ અને *પત્રક-બ સામેલ છે.

(૨) ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે :-

(રૂા. લાખમાં)

| વર્ષ | આગળના વર્ષની બચત | ફાળવેલ ગ્રાન્ટ | વ્યાજની આવક | કુલ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૧૧.૫૨ | ૭૭૨.૭૧ | ૫.૩૧ | ૮૮૯.૫૪ | ૮૪૯.૦૩ |
| ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ સુધી) | ૪૦.૫૧ | ૫૮૪.૪૫ | ૦.૦૦ | ૬૨૪.૯૬ | ૫૬૩.૪૦ |

(૩) રાજ્ય સરકારનો ૨૫ ટકા હિસ્સો આ કાર્યક્રમ માટે ફાળવવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| વર્ષ | આગળના વર્ષની બચત | ફાળવેલ ગ્રાન્ટ | વ્યાજની આવક | કુલ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૭.૮૮ | ૧૯૩.૧૮ | ૧.૩૩ | ૨૨૨.૩૯ | ૨૧૨.૨૬ |
| ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ સુધી) | ૧૦.૧૩ | ૧૪૬.૧૧ | ૦.૦૦ | ૧૫૬.૨૪ | ૧૪૦.૮૫ |

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ આણંદ જિલ્લામાં અષ્ટકોણ ટાઈપની ડિઝાઈનના ઓરડા બનાવવામાં આવે છે. આણંદ જિલ્લામાં જમીન ખૂબ કિંમતી હોય એ ટાઈપની ડિઝાઈનના કારણે જગ્યા રોકાતી હોય હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જે તે જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને સ્થાનિક લોકોની માગણી મુજબ ટાઈપની ડિઝાઈન નક્કી કરવા માગો છો? નદી કિનારાના ગામ છે ત્યાં બે માળના વર્ગખંડો બનાવવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ટાઈપની ડિઝાઈન પ્રમાણે મકાનનું બાંધકામ થાય છે એ કેન્દ્ર સરકારના નીતિ નિયમો પ્રમાણે થાય છે અને આમ તો ઓરડાની સંખ્યા પુરતા પ્રમાણમાં છે એટલે બે માળના વર્ગખંડો બાંધવાની કોઈ જરૂરીયાત જણાતી નથી.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગત ચોમાસામાં વારંવાર પૂર આવવાના લીધે મોટાભાગની જગ્યામાં પ્રાથમિક શાળામાં લોકોને આશ્રય આપવામાં આવતો હતો એવી જગ્યાએ પાણી ભરાય જવાને લીધે ગરીબ ગામમાં કોઈ જગ્યા બાકી નથી રહેતી, કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન છે કે આવા વિસ્તારમાં બે માળના ઓરડા કરવા જેથી કરીને બાળકોને સ્કૂલમાં સગવડતા પણ મળે અને અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોમાં તેનો ઉપયોગ થઈ શકે. બીજું, જે ટાઈપની ડિઝાઈન સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર કરોડો રૂપિયા આપે છે તેની ટાઈપ-ડિઝાઈન રાજ્ય સરકારમાંથી લગભગ નક્કી થતું હોય છે તો આપણે આવી વૈકલ્પિક ટાઈપની ડિઝાઈન આપવા માગો છો કે કેમ? અસરગ્રસ્ત વિસ્તારમાં બે માળના ઓરડા કરવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ટાઈપની ડિઝાઈનની જગ્યા પ્રમાણે નક્કી કરવામાં આવતી હોય છે અને બે માળના ઓરડાની એમની વાત છે એ સૂચન છે.

**ખાનગી પ્રાથમિક શાળાઓ દ્વારા ઉઘરાવાતું ડોનેશન**

*** ૨૨૭૪૯ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) અમદાવાદ શહેર વિસ્તારમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં એનરોલમેન્ટ ફી, રજિસ્ટ્રેશન, કેપિટેશન ફી, બિલ્ડીંગ ફંડના નામે ડોનેશન ઉઘરાવે છે, તેવી બાબતથી સરકાર વાકેફ છે, અને

(૨) આવી ગેરકાયદેસર રીતે ડોનેશન લેવાની બદી દૂર કરવા રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા અથવા ભરવા માગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી** :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરની પ્રાથમિક શાળામાં ડોનેશન ઉઘ ારાવાય છે એ સરકાર પણ જાણે છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે કેટલી શાળા ઉપર પગલાં લીધા અને ખાસ કરીને જ્યારે ફેબ્રુઆરીમાં એડમિશન ટાઈમ હોય છે, ડોનેશન માટે જે આખા અમદાવાદ શહેરમાં અને રાજ્યમાં ડોનેશનની ચર્ચા થાય છે. મધ્યમ વર્ગનો માણસ ડોનેશનથી એડમિશન લઈ શકતો નથી તો સરકાર કેવા પગલા ભરવા માગે છે?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પાસે એવી કોઈ શાળાની પાવતી હોય તો અમને બતાવે તો અમે જરૂર પગલા લઈશું.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, એ લોકો કોઈ પાવતી આપતા નથી. એ લોકો ખાલી રજિસ્ટ્રેશન ફી, મેદાન ફી, કોમ્પ્યુટર ફીના નામે પૈસા ઉઘરાવે છે એ ૫,૦૦૦ નહિ પણ ૫૦,૦૦૦ સુધી ઉઘરાવાય છે તો એમાં સરકાર શું પગલા લેવા માગે છે? ખાલી ફીની પહોંચ સિવાય કાંઈ આપતા નથી.

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પુરાવા વગર કેવી રીતે આપણે પગલાં લઈ શકીએ ?

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સારી રીતે જાણે છે કે, ૧૯૮૮માં વડોદરા શહેરમાં ૪૮ સ્કૂલોમાંથી ૬૮ લાખ રૂપિયા ડોનેશનના મેં પાછા અપાવડાવેલ, તો આ બદી હજુ પણ ચાલુ છે અને જે સ્કૂલો આ રીતે, બહેન આજે પણ લોકો પૈસા લે છે સ્કૂલોમાં એમાં, તો આના ઉપર કંઈ કડક પગલા લેવા માગો છો કે. કેમ ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જો પુરાવા આપશે તો અમે જરૂર પગલા લેવા તૈયાર છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ડોનેશન લેવાની અને એડમિશન માટે પૈસા લેવાની જે વાત છે એ જગજાહેર વાત છે અને એના માટે કોઈ દિવસ પહોંચ કે પુરાવા હોય નહીં, એના માટે સરકાર વીઝીલન્ટ રહી સરકારે રોકવા માટે દબાણ લઈ આવીને કાર્યવાહી કરવી જોઈએ અને જે પ્રશ્ન બંને પૂછયા છે તો એ બાબતમાં સરકાર ગંભીર છે કે કેમ કે આવી રીતે પ્રશ્નને ઉડાવી દેવાય છે. ખરેખર ગંભીરતાથી જવાબ આપવો જોઈએ, કે આ બાબતમાં કાંઈક પગલા લેવા માગીએ છીએ. આ તો પુરાવા માગે એટલે પુરાવા તમને લઈને કેવી રીતે આપે આના? કરપ્શનના પુરાવા હોતા નથી કોઈ દિવસ. ગઈકાલે આપણે વાત થઈ છે એમાં તો પુરાવા મળ્યા, આમાં કોઈ પુરાવા નથી હોતા.

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આ ડોનેશનના સંદર્ભમાં એકદમ ગંભીર છે અને એ સંદર્ભમાં જે શાળાઓએ ડોનેશન લીધું છે એને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૯ના નિયમ ૧૦૬(ક)ના પેટા નિયમ-૪ પ્રમાણે જે પણ શાળા હોય એની માન્યતા રદ કરવાની જોગવાઈ છે જ.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક-૬.

**વઢવાણ તાલુકામાં આંગણવાડીઓના મકાન**

***૨૨૦૭૪ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ વઢવાણ તાલુકામાં કેટલી આંગણવાડીઓ આવેલ છે,

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ સરકારી મકાનોમાં ચાલે છે, અને

(૩) બાકીની આંગણવાડીઓના મકાન સરકાર ક્યારે બનાવવા માગે છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૨૭૩

(૨) ૩૧
(૩) જેમ બને તેમ જલદીથી

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં આંગણવાડીઓ જે ચલાવે છે એમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આ મારો પ્રશ્ન છે એ વઢવાણ તાલુકાનો છે તો એમાં આંગણવાડીઓના જે વર્કરો છે એ પૂરતા છે કે કેમ, અને આંગણવાડી વર્કરો છે એમને શું વેતન ચૂકવવામાં આવે છે, અને એ વેતન જો હાલના સંજોગોમાં ઓછું પડતું હોય તો એને વધારવા માગો છો કે કેમ ?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જે પૂછયો છે એ આંગણવાડીઓના રૂમોનો પૂછેલો છે અને એ માનદ વેતનનું પૂછે છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૭૩ આંગણવાડીઓ આવી છે એ આંગણવાડીઓમાંથી ૩૧ના મકાનો બનાવેલા છે આમાં જે મકાનો બનાવવાના છે એ ૨૦૦૬-૦૭ના બજેટમાં નવા મકાનો બનાવવા માટેની જોગવાઈ છે કે કેમ?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭માં નવા આંગણવાડીઓના મકાનો બનાવવાનું આયોજન હતું અને ૨૦૦૭-૦૮માં પણ નવા મકાનો બનાવવાનું આયોજન છે, જે માગણી મુજબ આવશે એ પ્રમાણે આયોજન કરેલું છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વઢવાણ તાલુકામાં જે આંગણવાડીઓ ચાલે છે એમાં શૌચાલયની વ્યવસ્થા છે કે કેમ અને બીજા નંબરે વઢવાણ તાલુકાની જે આંગણવાડીઓ ચાલે છે એમાં સ્વૈચ્છિક સંસ્થાઓ કેટલી ચલાવે છે અને આંગણવાડીઓમાં ખાલી હિન્દુઓના દીકરા-દીકરીઓને ભણાવે છે કે, મુસ્લિમોને પણ ભણાવે છે?

**અધ્યક્ષશ્રી** : નહીં, આ પ્રશ્ન મકાન માટે જ છે પ્લીઝ. મુસ્લિમોને પણ ભણાવે છે કે નહીં એવું આમાં નહીં આવે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તો જવાબ આપું કે આ ભા.જ.પ.ની સરકાર કોઈ કોમવાદ ચલાવતી નથી. સામે બેઠેલા એ મતોનું રાજકારણ ખેલે છે અને એક જ કોમ માટે આવા પૅકેજો જાહેર કરે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, વઢવાણ તાલુકામાં ૨૭૩ આંગણવાડી આવેલી છે. ૩૧ આંગણવાડીના સરકારી મકાનમાં ચલાવવામાં આવે છે. બાકીની ૨૪૨ આંગણવાડી કાં તો ભાડાના મકાનમાં અથવા તો મફત વાપરવા આપેલા મકાન એમાં ચલાવે છે. બાકીના મકાનમાં નાના બાળકને બેસાડવાના હોય છે. એમાં પણ હવા ઉજાસની કોઈ સુવિધા હોતી નથી માટે ૨૪૨ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીના મકાન બનાવવાના બાકી છે તો જે સરકાર હસ્તક ચલાવે છે એ મકાન કયા વર્ષ સુધીમાં બનાવવા માગો છો? બાકીની ૨૪૨ સ્વૈચ્છિક સંસ્થા મારફત ચલાવવામાં આવતી હોય એમાં તાત્કાલિક સ્વૈચ્છિક સંસ્થાને સૂચના આપીને સ્વૈચ્છિક સંસ્થા પોતાના મકાન બનાવીને ચલાવે તેવી કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર એક પણ આંગણવાડી સ્વૈચ્છિક સંસ્થાને સોંપેલ નથી અને બીજો પ્રશ્ન છે કયાં સુધીમાં આંગણવાડીના મકાન બનાવવામાં આવશે? ૨૦૦૬-૦૭ માં અને ૨૦૦૭-૦૮માં આયોજન કરેલ છે. માગણી મુજબ કરવામાં આવશે.

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક ગામડાંને આંગણવાડીની પાયાની જરૂરિયાત છે. મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષથી પ્રયત્ન કરતો હતો કે આંગણવાડીનું મકાન બનાવવા માટે એમ.એલ.એ. ગ્રાન્ટમાંથી ૨૫ટકા કે ૫૦ ટકા ફાળવીએ તો એ આંગણવાડીનું મકાન બનાવવા માગે છે કે કેમ?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો સવાલ એ છે કે ૨૫ટકા ધારાસભ્ય ફંડમાંથી અને ૭૫ટકા રાજય સરકાર ફાળવવા માગે છે કે કેમ? જો આ રીતે આયોજનમાં કાગળ લખીને મોકલશે તો એમાંથી મંજૂર થઈ જશે.

## સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાનાં જોખમી મકાનો

*** ૨૨૭૦૨ શ્રી અનિલકુમાર મો.પટેલ (બારડોલી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં જોખમી અને ભયજનક હોય એવા પ્રાથમિક શાળાના કેટલા મકાનો આવેલા છે,
(૨) તે પૈકીના બારડોલી અને માંડવી તાલુકામાં કયા કયા ગામે આવા મકાનો આવેલા છે, અને
(૩) આવા જોખમી મકાનો માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૨૫૫ શાળાના ૫૪૨ ઓરડાઓ જર્જરિત હાલતમાં છે અને ઉતારી પાડવા લાયક છે જેથી વિદ્યાર્થીઓને આવા ઓરડાઓમાં બેસાડવામાં આવતા નથી.
(૨) પત્રક-૧ મુજબ.
(૩) આ ઓરડો ઉતારી પાડવાની કાર્યવાહી ચાલુમાં છે.

**પત્રક-૧**

સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં જોખમી અને ભયજનક પ્રાથમિક શાળાઓની ગામવાર વિગત

| ક્રમ | તાલુકો | ક્રમ | ગામનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૧ | ઓરગામ | ઓરગામ |
| | | ૨ | વઢવાણીયા | વઢવાણીયા |
| | | ૩ | ભુવાસણ | ભુવાસણ |
| | | ૪ | વાંસકુઈ | વાંસકુઈ |
| | | ૫ | સુરાલી | સુરાલી |
| | | ૬ | માણેકપોર | માણેકપોર |
| | | ૭ | વાંકાનેર(ચોક) | વાંકાનેર(ચોક) |
| ૨ | માંડવી | ૧ | ક્મલાપોર | ક્મલાપોર |
| | | ૨ | પુના મુખ્ય | પુના મુખ્ય |
| | | ૩ | ગોદ્યાવાડી | ગોદ્યાવાડી |
| | | ૪ | પારડી મુખ્ય | પારડી મુખ્ય |
| | | ૫ | અરેઠ મુખ્ય | અરેઠ મુખ્ય |
| | | ૬ | રતનીયા મુખ્ય | રતનીયા મુખ્ય |
| | | ૭ | સાદડી મુખ્ય | સાદડી મુખ્ય |
| | | ૮ | ક્રવલી | ક્રવલી |
| | | ૯ | કરંજ | કરંજ |
| | | ૧૦ | બલેઠી | બલેઠી |
| | | ૧૧ | મોરીઠા | મોરીઠા |
| | | ૧૨ | બડતલ | બડતલ |
| | | ૧૩ | કીમ ડુંગરા | કીમ ડુંગરા |
| | | ૧૪ | જાખલા | જાખલા |
| | | ૧૫ | કાંક્રાપાર કોલોની | કાંક્રાપાર કોલોની |
| | | ૧૬ | ઝરપણ | ઝરપણ |
| | | ૧૭ | ટુકેદ ઝઘડીયા | ટુકેદ ઝઘડીયા |
| | | ૧૮ | નવી ગવાછી | નવી ગવાછી |
| | | ૧૯ | જુના કાક્રાપાર | જુના કાક્રાપાર |
| | | ૨૦ | કાણાઘાટ | કાણાઘાટ |
| | | ૨૧ | ખંજરોલી | ખંજરોલી |
| | | ૨૨ | કોલા કૂઈ | કોલા કૂઈ |

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ૨૫૫ શાળાના ૫૪૨ ઓરડા જર્જરિત અને ઉતારી પાડવા લાયક છે. મારા બારડોલી તાલુકામાં વઢવાણીયા ગામમાં સાત ધોરણની શાળા ચાલે છે એમાં સાતેસાત ઓરડા ઉતારી પાડવા લાયક છે. આચાર્ય દ્વારા ફરિયાદ આપી છે છતાંપણ આજ સુધી ઉતારી પાડવામાં આવ્યા નથી. આ ઓરડા કોઈપણ યોજના મારફત રિપેર થઈ શકે તેમ નથી તો આ ઓરડા સર્વ શિક્ષા અભિયાન મારફત કેન્દ્ર સરકાર ખૂબ ગ્રાન્ટ આપે છે છતાં ઉતારી પાડતા નથી અને રિપેર કરતા નથી. શાળાના બાળકો આજે ખુલ્લા આકાશ નીચે, ઝાડ નીચે બેસીને ભણે છે. તો મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ઓરડા કયારે ઉતારી પાડવાના છે અને કયારે રિપેર કરશે? શું સરકાર એ રાહ જોઈ રહી છે કે વ્યારા તાલુકાના ટીચપુરા ગામે ૧૧ બાળાનો મકાન તુટી પડવાને કારણે ભોગ લેવાયો? શું સરકાર ગંભીર થઈને ઓરડા ફરીથી રિપેર કરવા માગે છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં લખ્યું છે કે જે જર્જરિત ઓરડા છે એમાં વિદ્યાર્થીઓને બેસવા દેવાના નથી અને અમે નિશ્ચિત કર્યું છે કે આવતા મહિનાથી જે જર્જરિત અને ભયજનક ઓરડા છે એ ઉતારી પાડીને સર્વ શિક્ષા અભિયાન અને રાજય સરકારની ગ્રાન્ટ અને સુવિધા પ્રમાણે અમે નવા ઓરડા બાંધવાની શરૂઆત કરી દઈશું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાં એમણે ખાતરી આપી છે. એને આપણે સ્વીકારીએ. આજે ખાતરી આપી છે કે અમે શરૂ કરવાના છીએ.(અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૩૨૦૦૦ પ્રાથમિક શાળા ચાલે છે. જેમના મકાન ૫૦ વર્ષ કે ૮૦ કે સો વર્ષ જુના છે. ભૂતકાળની સરકારમાં આ મકાનો રિપેર થયા. છેલ્લા ત્રણ વર્ષથી દર વર્ષે પચ્ચીસ-પચ્ચીસ કરોડ ફાળવી અને રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓનું રિપેરિંગ કરવાનું કામ હાથ ધરાવેલ છે. ૨૦૦૭-૦૮ સુધીમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાનું રિપેરિંગનું કામ અમે પૂર્ણ કરવાના છીએ. એ ઉપરાંત ૧ કરોડ ૬ લાખ રૂપિયા આ વખતના બજેટમાં જોગવાઈ કરી છે. જે મકાનોને ઉતારી પાડવાની જરૂરિયાત છે, એને જૂન ૧૫ મી સુધીમાં ઉતારી પાડવામાં આવશે. ત્યારપછી નવાં મકાનો બાંધવામાં આવશે. એ મકાનો રાજ્ય સરકાર બાંધશે.

**અધ્યક્ષશ્રી** : વાત થઈ ગઈ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આદિવાસી વિસ્તારમાં શાળાઓ થઈ છે. પડી ગઈ. વ્યારામાં પડી ગઈ અને ૧૧ દીકરીઓ મરી ગઈ. એમની ચિંતા છે. ગંભીર સવાલ છે. ૩ વર્ષથી ઉતારાતી નથી.(અંતરાય)

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : જવાબમાં લખ્યું છે કે અમે કોઈને બેસાડતા નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : છેલ્લાં ૩ વર્ષથી ૫૪૨ ઓરડાઓ જર્જરિત હાલતમાં છે અને બાળકોને બેસાડવામાં આવતા નથી. તો ત્યાં આગળ બાળકોને બેસાડવાની શી વ્યવસ્થા છે? કયાં બેસાડીને ભણાવવામાં આવે છે?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : દરેક ગામમાં બે ઓરડા, પ્રિન્સિપાલની રૂમ અને અન્ય ઓરડાઓની સુવિધા હોય છે. ભયજનક ઓરડાઓમાં બેસાડાતા નથી. અન્ય ઓરડાઓમાં સારી સુવિધા છે, ત્યાં આગળ બેસાડીને તે પ્રમાણે શિક્ષણનું કાર્ય ચાલે છે.

### કચ્છ જિલ્લામાં મહિલા અને બાળ કલ્યાણ પ્રવૃત્તિઓ અંગે

***૨૩૦૭૮ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૬-૦૭ માં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૦૬ ની સ્થિતિએ મહિલા અને બાળ કલ્યાણની કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી અને

(૨) તે માટે કુલ કેટલી રકમની ફાળવણી થઈ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ મહિલા અને બાળ કલ્યાણની નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી:

(૧) વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના.

(૨) સંકલિત બાળ વિકાસ યોજના, બાલિકા સમૃદ્ધિ યોજના, કિશોરી શક્તિ યોજના, એડોલેસન્ટ એનેમિયા કંટ્રોલ પ્રોગ્રામ.

(૩) વિધવા સહાય યોજના, કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર, ચિલ્ડ્રન હોમ

(૪) ઘર દીવડા યોજના, મહિલા જાગૃતિ શિબિર, જનરલ તાલીમ યોજના.

(૫) ઘોડિયા ઘર, કુટુંબ સલાહ કેન્દ્ર.

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧. | વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના | રૂા. ૫૦,૨૮૫/- |
| ૨. | સંકલિત બાળ વિકાસ યોજના<br>-બાલિકા સમૃદ્ધિ યોજના<br>-કિશોરી શક્તિ યોજના<br>-એડોલેસન્ટ એનેમિયા કંટ્રોલ પ્રોગ્રામ | રૂા.૨,૭૩,૦૦,૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૩. | વિધવા આર્થિક સહાય યોજના<br>-કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર<br>-ચિલ્ડ્રન હોમ | રૂા.૧,૨૭,૦૨,૦૦૦/- |
| ૪. | ઘર દીવડા યોજના | રૂા.૬,૭૬,૯૬૨/- |
| | મહિલા જાગૃતિ શિબિર | રૂા.૬૫,૦૦૦/- |
| | જનરલ તાલીમ યોજના | રૂા.૬૯,૦૦૦/- |
| ૫. | ઘોડિયા ઘર<br>-કુટુંબ સલાહ કેન્દ્ર | રૂા.૧૨,૨૨,૪૧૬/- |
| | કુલ | રૂા.૪,૨૦,૮૫,૬૬૩/- |

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : મહિલાઓને પગભર કરીને બેન્કેબલ લોન આપવાની યોજના હરિજન, આદિવાસી, બક્ષીપંચને તે યોજનાનો લાભ મળવો જોઈએ, તે ખરેખર મળતો નથી અને ડિસેમ્બર-૨૦૦૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલી વિધવાઓની અરજીઓ આવી, તે પૈકી કેટલા બહેનોને લોન આપવામાં આવી? બીજો પ્રશ્ન ઘર દીવડા યોજના હેઠળ કુલ કેટલા મહિલાઓની અરજીઓ આવી અને એક વર્ષમાં રાજ્ય સરકારને કેટલી મળી અને કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી? બાળ કલ્યાણ યોજના પૈકી ભૂજ તાલુકામાં કેટલાં બાળકોને લાભ આપવામાં આવ્યો?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : કચ્છ જિલ્લાની અંદર ઘર દીવડા યોજનાની અંદર અત્યાર સુધી ફાળવેલ રકમ ૬,૭૬,૯૬૨ રૂપિયા ફાળવેલ છે અને ખરેખર ખર્ચ ૬,૭૬,૯૬૨ કરવામાં આવ્યો છે. કચ્છ જિલ્લાની જે આંગણવાડીઓની અંદર આવતાં બાળકો, જેટલાં બાળકો આંગણવાડીમાં નોંધાયેલાં છે, તે દરેકને આંગણવાડીમાં પૂરતો ખોરાક આપવામાં આવે છે અને પૂરતી સંભાળ લેવામાં આવે છે. બીજો પ્રશ્ન એમનો એ હતો કે વિધવા બહેનોને, જે લાભાર્થી બહેનો છે, એમાં આખાય જિલ્લાની મારી પાસે માહિતી છે એ કહે તો આપું, નહિતર ટેબલ ઉપર મૂકું.

**અધ્યક્ષશ્રી** : માહિતી આપે? આપો. અહીંથી જવાબ આવ્યો. પ્લીઝ આપો.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : જિલ્લાની અંદર વિધવા લાભાર્થી બહેનોને અંજારની અંદર ૭૧ બહેનોને લાભ આપીને સીવણકામ માટે રૂપિયા ૧૯,૭૦,૦૦૦/- એમની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે. ભચાઉની અંદર ૧૬ બહેનોને એમ્બ્રોઈડરી, ભરતગૂંથણ માટે તાલીમ આપી છે. ભૂજની અંદર ૭૭ બહેનોને ભરતગૂંથણ અને સજીવ ખેતી માટે લાભ આપવામાં આવ્યો છે. ગાંધીધામની અંદર ૮૫ બહેનોને ખેતી, ટિફિન સર્વિસ માટેની તાલીમ આપવામાં આવી છે. નખત્રાણાની અંદર ૨૬ બહેનોને જુદી જુદી તાલીમ આપવામાં આવી છે.

**રાજયમાં ફાજલ શિક્ષકો**

***૨૩૦૩૩ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર કેટલા માધ્યમિક શિક્ષકો ફાજલ હતા?

**શિક્ષણ મંત્રીશ્રી :**

૧૨(બાર) જિલ્લાવાર પત્રક સામેલ છે.

**પત્રક**

તારીખઃ-૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર માધ્યમિક ફાજલ શિક્ષકોની સંખ્યા દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લો | માધ્યમિક વિભાગના ફાજલ શિક્ષકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧ | ૧૧ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| ૩ | ખેડા | ૦૦ | ૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૦૦ | ૦૦ |
| ૫ | વડોદરા | ૦૦ | ૦૦ |
| ૬ | આણંદ | ૦૦ | ૦૦ |
| ૭ | ગાંધીનગર | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | અમરેલી | ૦૦ | ૦૦ |
| ૯ | કચ્છ-ભૂજ | ૦૦ | ૦૦ |
| ૧૦ | જામનગર | ૦૦ | ૦૦ |
| ૧૧ | જુનાગઢ | ૦૦ | ૦૦ |
| ૧૨ | મહેસાણા | ૦૦ | ૦૦ |
| ૧૩ | રાજકોટ | ૦૦ | ૦૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ |
| ૧૫ | પાટણ | ૦૦ | ૦૦ |
| ૧૬ | પોરબંદર | ૦૧ | ૦૧ |
| ૧૭ | આહવા-ડાંગ | ૦૦ | ૦૦ |
| ૧૮ | પંચમહાલ | ૦૦ | ૦૦ |
| ૧૯ | ભરૂચ | ૦૦ | ૦૦ |
| ૨૦ | ભાવનગર | ૦૦ | ૦૦ |
| ૨૧ | વલસાડ | ૦૦ | ૦૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૦૦ | ૦૦ |
| ૨૩ | સુરત | ૦૦ | ૦૦ |
| ૨૪ | નવસારી | ૦૦ | ૦૦ |
| ૨૫ | દાહોદ | ૦૦ | ૦૦ |
| ૨૬ | નર્મદા | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૨ | ૧૨ |

**ડૉ. સી. જે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શાળાઓમાં ફાજલ શિક્ષકોની સંખ્યા ક્રમશઃ ઘટતી ગઈ છે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી સારી કામગીરી કરે છે. આજે ફાજલ શિક્ષકો ૧૨ રહ્યા છે તેને કયારે સમાવવામાં આવશે? બીજો પ્રશ્ન એ છે કે ફાજલ શિક્ષકો હોવાને કારણે ગ્રાન્ટેબલ શાળાની એન.ઓ.સી. રોકવામાં આવે છે. તે એન.ઓ.સી. આપવામાં આવશે કે કેમ અને આ ૧૨ શિક્ષકોનો કયારે સમાવેશ કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટવાળી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓની એન.ઓ.સી. રોકી નથી. એન.ઓ.સી. આપવામાં આવે છે. ૧૨ શિક્ષકો જે ફાજલ છે તેમાંથી ૯ શિક્ષકોના ઑર્ડર કરવામાં આવ્યા છે. ત્રણ શિક્ષકોના કોર્ટના સ્ટે મળવાને કારણે ઑર્ડર કરી શકયા નથી. એમ.સી.પટેલ, એ.જી.હાઈસ્કૂલ નવરંગપુરાના છે, શ્રી એચ.એ.મહેતા પણ એ.જી.હાઈસ્કૂલ નવરંગપુરાના છે,બી.જી.પટેલ મહાત્મા ગાંધી વિદ્યાલય કુબેરનગરના છે, કે.ડી.પેશવાની પણ કુબેરનગરની સ્કૂલના છે તેમને ૨૨-૩ના દિવસે ઓર્ડર કર્યા છે. ત્રણ જણને કોર્ટના સ્ટે મળ્યા છે તેના લીધે હાજર કર્યા નથી. તે રીતે એસ.ટી. કડિયા તેમનો ઑર્ડર થયો છે, કે.એમ.વાઘવાણી નો પણ ઑર્ડર થયો છે, જે.આર.બાલવાણીનો ઑર્ડર થયો છે, આર.એમ.રાજાનીનો ઑર્ડર થયો છે, કુમુદ પટેલનો ઑર્ડર થયો છે, એલ.કે.ગાંધવાણી અને રમેશ યાદવનો ઑર્ડર કરવામાં આવ્યો છે. તેઓ ટૂંક સમયમાં હાજર થશે.

**અધ્યક્ષશ્રી :** મારે ધ્યાન દોરવાનું કે ઑર્ડર થઈ જાય ત્યાં નિમણૂક મળે. આટલું ધ્યાન રાખવા જેવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, પોતાના શહેરની અંદર જગ્યા જ્યારે ઉપલબ્ધ થાય ત્યારે તે શિક્ષકોને રીકોલ કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર થાય ત્યારે તેમને હાજર કરે એટલું જ કહેવાનું છે. તે હાજર નથી કરતા.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હાજર કરે છે. પંદર દિવસમાં હાજર ન થાય તો રાજયની અંદર આવેલા ડી.ઈ.ઓ. જઈને હાજર કરાવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરની અંદર અગિયાર શિક્ષકો ફાજલ થયા છે. આ અગિયાર શિક્ષકોને ફાજલ ક્યારે જાહેર કરવામાં આવ્યા . આ અગિયાર શિક્ષકો જે અમદાવાદ શહેરમાં ફાજલ થયા છે તેને અમદાવાદ શહેર અથવા જિલ્લામાં સમાવવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં જગ્યા હોય ત્યાં તેમને સમાવવામાં આવે છે. પહેલી પ્રાયોરીટી પોતાના જિલ્લાની હોય છે અને જો ત્યાં જગ્યા ન હોય તો પાસેના જિલ્લાની પ્રાયોરીટી આપવામાં આવે છે. તે સિવાય શિક્ષક પોતે માગણી કરે કે મારે આ જિલ્લામાં જવું છે તો તે જિલ્લામાં પણ તેનો સમાવેશ કરવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** આ શિક્ષકો ફાજલ કયારે થયા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ડિસેમ્બર, જાન્યુઆરીમાં ફાજલ થયા છે.

## રાજકોટની બી.કે.ફાર્મસી કોલેજને બંધ કરવા અંગે

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૧-૨-૦૭ની સ્થિતિએ રાજકોટમાં આવેલી બી.કે.ફાર્મસી કૉલેજને બંધ કરવા માટે ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડીયાએ નોટીસ આપેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે,

(૩) આ કૉલેજમાં કુલ કેટલા પ્રોફૅસરોની જગ્યા છે, તે પૈકી કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૪) ખાલી રહેલી જગ્યાઓ રાજય સરકાર ભરવા માગે છે કે નહીં?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ના,જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રોફેસરની મંજૂર થયેલ ૦૧ જગ્યા છે. જે તા.૨૯-૨-૦૨થી ખાલી છે.

(૪) હા, જી.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બી.કે.મોદી ફાર્મસી કૉલેજ તે મારા મત વિસ્તારની અંદર આવેલી છે. તે કૉલેજના વિદ્યાર્થીઓએ હમણાં છેલ્લા બે મહિના પહેલાં આંદોલન કરેલું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ કૉલેજની અંદર વિદ્યાર્થીઓ કેટલા છે અને કુલ ટીચીંગ સ્ટાફ કેટલો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કૉલેજમાં પ્રથમ વર્ષમાં ૬૦, બીજા વર્ષમાં ૬૦, ત્રીજા વર્ષમા ૬૦ અને ચોથા વર્ષમાં ૬૦ એમ કુલ મળીને ૨૪૦ વિદ્યાર્થીઓ છે. આ કૉલેજની અંદર ૨૦નું મંજૂર થયેલ જગ્યાઓ છે તેમાંથી ભરેલ જગ્યાઓ ૭ છે. ૧૩ જગ્યાઓ ખાલી છે. પરંતુ આ ૧૩ જગ્યાઓની સામે વિઝીટીંગ પ્રોફૅસરો આવીને લેકચર લેતા હોય છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફૅસરની જગ્યા ૨૦૦૨ થી ખાલી છે તો તે કેટલા સમયમાં ભરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રિન્સીપાલ, વ્યાખ્યાતા અને સહપ્રાધ્યાપકની જગ્યાઓ ભરવામાં આવે છે તે જી.પી.એસ.સી. દ્વારા ભરવામાં આવે છે. પ્રાધ્યાપકની જગ્યા ભરવા માટે તા. ૧૪-૧-૦૫ના રોજ જીપીએસસીની અંદર દરખાસ્ત કરવામાં આવી અને એમના તરફથી જવાબ મળ્યો કે આ પ્રકારના ક્વૉલિફિકેશન ધરાવતા પ્રાધ્યાપકની કોઈ અરજી મળેલી નથી એટલે ઉમેદવાર નહીં મળ્યા તેથી ભરી શક્યા નહીં, ત્યાર પછી તા. ૧૫-૪-૦૬ના રોજ પ્રાધ્યાપક ભરવા માટે જીપીએસસીને ફરી દરખાસ્ત કરવામાં આવી પણ કોઈપણ એમના ક્વૉલિફિકેશન પ્રમાણે ન મળવાને કારણે નથી ભરી શક્યા, ત્યાર પછી આચાર્યની જગ્યા ખાલી પડી. તા. ૧૫-૪-૦૬ના રોજ જીપીએસસીએ ફરીથી પ્રયાસ કર્યો, ઉમેદવારો ન મળ્યા. ખાતાના વડા અને વ્યાખ્યાતા, અને વ્યાખ્યાતાની ડીગ્રી, આ બધાય ઉમેદવારો માટે તા. ૧૫-૮-૦૬, ૧૫-૮-૦૬,૧-૮-૦૬ના રોજ જીપીએસસીને દરખાસ્ત કરવામાં આવી છે એની પ્રક્રિયા ચાલુ છે, અને જે ક્વૉલિફિકેશન છે, એઆઈસીટીના એ ક્વૉલિફિકેશન પ્રમાણે અધ્યાપકો અને પ્રિન્સિપાલ નહીં મળવાને કારણે આપણે આ ખાલી જગ્યાઓ ભરી શકતા નથી.

## મહેસાણા અને પાટણ જિલ્લાને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ

***૨૨૯૮૮ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) આ પૈકી કેટલી રકમ ખર્ચવામાં આવી, અને

(૩) જિલ્લામાં હાલ કઈ કઈ સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ ચાલે છે?

**સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ મહેસાણા જિલ્લામાં રૂા. ૫૭,૭૭,૪૬૮/- અને પાટણ જિલ્લામાં રૂા. ૮,૪૬,૬૪૦/- મળીને કુલ રૂા. ૬૬,૨૪,૧૦૮/-ની રકમ ફાળવવામાં આવી.

(૨) મહેસાણા જિલ્લામાં રૂા. ૬૩,૭૨,૪૩૦/- અને પાટણ જિલ્લામાં રૂા. ૮,૩૦,૫૪૦/- મળીને કુલ ૭૨,૦૨,૯૭૦/-.

(૩) નિયમિત કાર્યક્રમોનું આયોજન પૂર્ણ થયેલ હોઈ એક પણ નહીં.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં રૂા. ૫૭,૭૭,૪૬૮/- સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ફાળવ્યા છે, ત્યારે માનનીય મંત્રીશ્રી તો પાટણ જિલ્લાના પ્રભારી છે એમને એમના જિલ્લા માટે ૮,૪૬,૬૪૦/- રૂપિયા ફાળવ્યા છે તો સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપર માનનીય મંત્રીશ્રીએ ધ્યાન ઓછું આપ્યું હોય એમ મને દેખાય છે તો આ અંગે વધુ ધ્યાન આપવા માગે છે કે કેમ, અને બીજો પ્રશ્ન એ છે કે, કઈ કઈ સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓમાં કેટલો કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ મહેસાણા અને પાટણ જિલ્લાની અંદર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી ગ્રાન્ટ ફાળવી અને કેટલો ખર્ચ થયો એની મને વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં અને પાટણ જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવા માટે કોઈ ભેદભાવ નથી રાખવામાં આવ્યો પણ મહેસાણા જિલ્લામાં મોઢેરા મહોત્સવ કરવામાં આવે છે અને એ દરવર્ષે કરવામાં આવે છે એટલે મોઢેરા મહોત્સવમાં ૮ લાખ રૂપિયાનો ખર્ચ થતો હોય છે એટલે આપણને એ રકમ વધારે દેખાય છે અને એ ઉપરાંત વડનગર ખાતે છેલ્લા ત્રણ વર્ષથી તાનારીરી મહોત્સવનું આયોજન થાય છે અને આ આયોજનમાં પણ લગભગ રૂા. ૩ લાખ ૩૦ હજાર જેટલો ખર્ચ આની અંદર થાય છે એટલે મહેસાણામાં જિલ્લામાં ખર્ચ વધારે કર્યો હોય એવું આપણને દૃષ્ટિપાત થાય છે જ્યારે પાટણ જિલ્લામાં આવો કોઈ મહોત્સવ નથી એટલા માટે એમાં ખર્ચ ઓછો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ પણ જાણવા માગે છે કે કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે? તો જિલ્લા કક્ષાએ બાળ નૃત્ય અને નાટિકા કરવામાં આવે છે અને એમાં બે હજાર રૂપિયા, છેલ્લા ત્રણ વર્ષથી બે બે હજાર રૂપિયા ફાળવીએ છીએ અને ૬૦૦૦ની ગ્રાન્ટ એમાં આપીએ છીએ, જિલ્લા કક્ષાએ ગરબા રાસ મહોત્સવનું આયોજન થાય છે એમાં પાછલા બે વર્ષમાં ચાર હજાર રૂપિયા અપાયા હતા. ૨૦૦૬-૦૭ની અંદર પાંચ હજાર રૂપિયા અપાવીને છેલ્લા ત્રણ વર્ષમાં ૧૩ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે. જિલ્લા કક્ષાએ લોકડાયરાના કાર્યક્રમો કરવામાં આવે છે, આ પાછળ બે વર્ષમાં વીસ વીસ હજાર કરીને ૪૦ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉજવણી સપ્તાહ અંતર્ગત સમરસ દિવસની ઉજવણી કરવામાં આવે છે જેની પાછળ ત્રણ વર્ષથી પંદર પંદર હજાર રૂપિયાનો ખર્ચ કરીને ૪૫ હજાર રૂપિયાનો ખર્ચ આપણે કર્યો છે, મોઢેરા મહોત્સવની વાત કરી દીધી છે, ભવાઈ તાલીમ કેન્દ્ર વીસનગરની જે પ્રવૃત્તિઓ છે, અને ભવાઈને પણ જીવતી રાખવી જોઈએ અને એટલા માટે પાછલા બે વર્ષથી એંસી એંસી હજાર રૂપિયાનો ખર્ચ કરીને, અને ૨૦૦૪-૫માં ૭૪ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો હતો એમ કરીને ૨,૩૪,૦૦૦નો ખર્ચ થયો, તાનારીરી મહોત્સવની વાત તો મેં કરી દીધી. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે પાટણ જિલ્લામાં એ જ પ્રવૃત્તિઓ કરી છે. જિલ્લા કક્ષાએ બાળ નૃત્ય નાટિકા, એની પાછળ ત્રણ વર્ષમાં ૬ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે, જિલ્લા કક્ષાએ ગરબા રાસ મહોત્સવ, એમાં ૧૩ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે, એ જ રીતે લોકડાયરાનો કાર્યક્રમ, એમાં ૮૦ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે. ડો. બાબા સાહેબ આંબેડકર ઉજવણી સપ્તાહ પાછળ ૪૫ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે, રાજય કક્ષાનો ગરબા મહોત્સવનું આયોજન થયું હતું એમાં ૬,૧૨,૬૪૦ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને લોકનૃત્ય મહોત્સવનું આયોજન થયું હતું તેની અંદર ૯૦ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે, આમ બે મહોત્સવ સિવાય મહેસાણા જિલ્લા અને પાટણ જિલ્લાની અંદર કોઈ ભેદભાવ રખાયો નથી.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ જિલ્લા વાઈસ રકમની ફાળવણી કયા બેઝ ઉપર કરવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ જિલ્લાઓમાં આ પ્રમાણેના કાર્યક્રમો થાય એનું આયોજન કરવામાં આવે છે અને એ પ્રમાણે એમને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જે મહત્ત્વના કાર્યક્રમો હોય રાજય કક્ષાનો કોઈ ગરબા મહોત્સવ કે નાટય સ્પર્ધા હોય તો એમાં જન ભાગીદારી કરવા માટે કોઈ તૈયાર થાય તો એ જિલ્લા માટે સ્પેશિયલ મહત્ત્વ આપવામાં આવે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૫૭ લાખ રૂપિયાના ખર્ચ બતાવ્યો છે એની સામે ૬૩,૭૨,૪૩૦ રૂપિયા એટલે ૫,૮૪,૯૭૨ રૂપિયાની શું જોગવાઈ કરવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ બચત થઈ છે એનો આવતા વર્ષે ઉપયોગ કરવામાં આવશે. વધારે ખર્ચ છે એ રાજય સરકાર આપે છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાન

***૨૨૩૩૨ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૩૧--૧-૦૭ની સ્થિતિએ તાલુકા વાર ગ્રામ પંચાયત હોય ત્યાં સસ્તા અનાજની દુકાનો આવેલી છે કે કેમ,

(૨) જો ના, તો તાલુકા વાર કેટલી ગ્રામ પંચાયતોમાં સસ્તા અનાજની દુકાનો નથી, અને

(૩) તાલુકા વાર જે ગ્રામ પંચાયતોમાં સસ્તા અનાજની દુકાનો નથી ત્યાં સરકાર દુકાનો શરૂ કરવા માગે છે કે કેમ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ના, જી. તમામ ગ્રામ પંાચાયતોમાં સસ્તા અનાજની દુકાનો આવેલી નથી ૩૯૧ ગ્રામ પંચાયતોમાં દુકાનો આવેલ નથી.

(૨) ૨૨૪ ગ્રામ પંચાયતોમાં સસ્તા અનાજની દુકાનો આવેલી નથી.

(૩) હા, સરકારશ્રીના તા.૨-૮-૦૪ તથા તા. ૫-૧૦-૦૬ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતી ગ્રામ પંચાયતોવાળા ગામોની ૪૦ ટકા વસતિ બી.પી.એલ. કાર્ડ ધરાવતી હશે તેની ચકાસણી કરી નવી દુકાનો ખોલવા માટે જાહેરાત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૧૫ ગ્રામ પંચાયતો આવેલી છે જેમાંથી ૩૯૧ ગ્રામ પંચાયતોમાં સસ્તા અનાજની દુકાનો છે જ્યારે ૨૨૪ ગ્રામ પંચાયતોમાં સસ્તા અનાજની દુકાનો નથી. તો મારે એ પૂછવું છે કે, કાયદેસર વાયેબલ ગામ હોય રેશન કાર્ડની દૃષ્ટિએ અને ખોલનાર વ્યકિતને પોસાય તેમ હોય તો એવા ગામમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માગો છો કે કેમ? પ્રશ્ન બીજો મારો એ છે કે, અમુક ગામોમાં ૧૦૦ કાર્ડ ન હોય એટલે ત્યાં કોઈને પોસાય નહીં પણ એ બાજુનાં ગામમાં જોડાયેલ હોય તો ખરેખર એ સસ્તા અનાજની દુકાને બાજુના ગામના લોકોને ત્યાં રેશનિંગની વસ્તુ લેવા ધક્કા થતા હોય છે તો એ દુકાનદારને સ્પષ્ટ સૂચના આપવી જોઈએ કે તમે ત્યાં વેચવા જાવ અગર એ ગામના કાર્ડ ધારક ગ્રાહકોને તમે જાણ કરો કે કાલે આવીને તમે બધા લઈ જજો એ રીતે જાણ કરે. જેથી કરીને કોઈ ગરીબ માણસને મજૂરીનો દિવસ ન બગડે એવું કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું છે એમ આપણે ત્યાં ગ્રામ પંચાયતોનો ક્રાઈટેરિયા નથી, વસતિનું ધોરણ છે ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦૦૦ની વસતિનું ધોરણ છે અને શહેરોમાં ૫૦૦૦ની વસતિનું ધોરણ છે અને બે કિલોમીટરનું અંતર હોવું જોઈએ. માનનીય સભ્યશ્રીએ કહ્યું છે એમ બીજી વાત કરી છે કે ૧૦૦ કાર્ડ ધારકો થતા હોય તો એને બાજુની દુકાન સાથે જોડવા માગો છો કે કેમ ? તો દુકાન માટે આમ તો વસતિનું ધોરણ ફાળવેલ હોય છે એટલે એક બીજાની દુકાનો સાથે જોડાયેલા છે છતાં કોઈ દુકાનદારને એમની કોઈ વ્યકિતગત રજૂઆત હોય તો મને લેખિતમાં આપે તો હું જોવડાવી લઈશ. જો એવું હશે તો દુકાનદાર સાથે જોડીને પણ એને સવલત કરી આપવામાં આવશે.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પાંચ-પાંચ, ચાર-ચાર કિલોમીટર ગામો દૂર આવેલા હોય છે અને ત્યાં બીજા ગામના લોકોનો સમાવેશ થયેલ હોવાથી તેમને મળતી વસ્તુ લેવા ત્યાં જવું પડતું હોય છે તો એ સસ્તા અનાજની દુકાન જે જે ગામ માટે ફાળવી હોય એ ગામમાં જઈને નક્કી કરેલ દિવસોએ એ ગામમાં વેચણી કરે તો લોકોને બીજા ગામમાં લેવા જવાની તકલીફ ન પડે, અને એમાં ઘણી વાર ધક્કા ખાવા પડે છે એ ન ખાવા પડે, અને ઘણી જગ્યાએ ગેરરીતિ પણ થતી હોય છે ત્યારે આ પ્રમાણે કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, એમણે જવાબ આપ્યો છે કે, ૪૦ ટકા બી.પી.એલ.ની વસતિ હોય તો એ ગામને જ નવી દુકાન આપવામાં આવે છે. આ ઠરાવ તા.૫-૧૦-૦૬નો છે એ મુજબ જે ગામમાં ૪૦ ટકા વસતિ ન હોય અને એ ગામમાં ગરીબો ૩૫-૩૮ ટકા રહેતા હોય તો ઠરાવમાં સુધારો કરીને દુકાન આપવા માગો છો કે કેમ, અને બીજા ગામમાં ઓછી વસતિ હોય અને ત્યાં બી.પી.એલ. લોકો રહેતા હોય તો એ બંને ગામોને સંયુકત કરીને ૪૦ ટકા બી.પી.એલ.વસતિ થતી હોય તો દુકાન આપવા માગો છો કે કેમ? અને આમાં સુધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નનો જવાબ સૂચન છે. બીજુ પરિપત્ર કર્યો હોય એ રજૂઆતોના આધારે જ કર્યો હોય છે અને વાયેબલ હોય એ પ્રમાણે કરવામાં આવે છે. એટલે સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### ગરીબી રેખા હેઠળના કુટુંબોને એ.પી.એલ. કાર્ડ આપવા અંગે

૨૩૦૧૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગરીબી રેખા હેઠળના કુટુંબોને ફાટી ગયેલ રેશનકાર્ડના બદલે તેમજ એવા કુટુંબથી અલગ પડનાર સભ્યોને એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે | (૧) ગરીબીરેખા હેઠળના કુટુંબોને ફાટી ગયેલ રેશનકાર્ડના બદલે ડુપ્લીકેટ રેશનકાર્ડ કાઢી આપવામાં આવે છે. જ્યારે આવા બી.પી.એલ. કુટુંબથી અલગ |

છે તે વાત સાચી છે,

પડનાર સભ્યને જો તેઓ બી.પી.એલ.ને પાત્ર હોય તો બીપીએલ કાર્ડ આપવામાં આવે આવે છે અને બીપીએલને પાત્ર ન હોય તો વિભાજીત કુટુંબ માટે એપીએલ કાર્ડ આપવામાં આવે છે. અને મૂળ બીપીએલ કાર્ડ ચાલુ રહે છે.

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ એ.પી.એલ. કાર્ડ ન મળવાની કેટલી ફરિયાદો મળી છે, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ગરીબીરેખા હેઠળના કુટુંબોથી અલગ પડનાર સભ્યોને એપીએલ કાર્ડ નહી મળવા અંગેની કોઈ ફરીયાદ મળેલ નથી.

(૩) આવા લોકોની આ મુશ્કેલી દુર કરવા સરકારે શું પગલાં લીધા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યની સાહિત્ય અકાદમીની ચૂંટણી

૨૩૦૨૯ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની અલગ અલગ સાહિત્ય અકાદમીઓની ચૂંટણી છેલ્લે ક્યારે ક્યારે સંપન્ન થઇ, | (૧) ગુજરાત અને હિન્દી સાહિત્ય અકાદમીઓની વર્ષ-૨૦૦૩માં, કચ્છી સાહિત્ય અકાદમીની વર્ષ-૨૦૦૪માં, ઉર્દૂ સાહિત્ય અકાદમીની વર્ષ-૨૦૦૦માં તથા સંસ્કૃત અને સિંધી સાહિત્ય અકાદમીઓની વર્ષ-૨૦૦૫માં ચૂંટણી સંપન્ન થઈ. |
| (૨) હાલમાં કઇ કઇ સાહિત્ય અકાદમીમાં ચૂંટાયેલા પ્રમુખ અને સભ્યો નથી તથા તેના શું કારણો છે, અને | (૨) કચ્છી સાહિત્ય અકાદમી સિવાય, અન્ય સાહિત્ય અકાદમીઓમાં સામાન્ય સભાના સદસ્યશ્રીઓની નિમણૂંક બાકી છે. જેથી ચૂંટાયેલા પ્રમુખ અને સભ્યો નથી. અકાદમીઓની પ્રવૃત્તિ ચાલે છે. |
| (૩) કેટલા સમયમાં ચૂંટાયેલા પ્રમુખ અને સભ્યો અકાદમીઓનો વહીવટ સંભાળી લેશે ? | (૩) સામાન્ય સભાના સભ્યોની નીમણૂંક થયેથી. |

-----------

## જામનગરમાં રમતગમત સંકુલ

૨૨૨૪૮ડૉ. **દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગરનો ઝડપી વિકાસ થઇ રહયો છે તે જોતાં રમતગમત ક્ષેત્રે સારા સ્પોર્ટસ સંકુલ હોવા જોઇએ તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબતે ક્રિકેટ મેદાન પેવેલીયન અને સ્ટેડીયમ વગેરે બાબતે સરકારનું ક્યા પ્રકારનું ભાવિ આયોજન છે, અને | (૨) જામનગર ખાતેના અજીતસિંહ ક્રિકેટ પેવલીયનમાં ફેન્સીંગ સાથે બાઉન્ડ્રીવોલ બાંધવા માટેની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં આ બાબતે સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી રકમની ફાળવણી થઇ અને ક્યા ક્યા કામો હાથ ધરવામાં આવ્યા છે ? | (૩) સન ૨૦૦૫-૦૬માં રૂા. ૧.૦૦ લાખ અને સન ૨૦૦૬-૦૭માં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રૂા.૧.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાંથી કોઈ કામો હાથ ધરવામાં આવેલ નથી પરતું સન ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં રૂા. ૭.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે, અને આગામી વર્ષમાં આ કામ કરવામાં આવશે. |

-----------

### મહેસાણા જિલ્લામાં નિમણૂકના સ્થળે નિવાસ ન કરતાં શિક્ષકો-વિદ્યાસહાયકો

૨૨૯૨૪**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિમણૂંકના સ્થળે નિવાસ ન કરતા કેટલા પ્રાથમિક શિક્ષકો વિદ્યાસહાયકો મહેસાણા જિલ્લામાં પકડાયા, | (૧) એક પણ નહીં. |
| (૨) નિમણૂંકના સ્થળે નિવાસ કરતા ન હોય તેવા શિક્ષકો સામે સરકારે શાં પગલાં ભર્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બહારગામ થી અપ-ડાઉન કરતા ફરજમાં બેદરકારી દાખવનાર તેમજ ખાનગી ટ્યુશન કરતા પ્રાથમિક શાળાના શિક્ષકો સામે સરકાર કોઇ પગલાં ભરવા માંગે છે કે કેમ ? | (૩) આવા કિસ્સા ધ્યાને આવે ત્યારે નિયમાનુસાર પગલાં લેવામાં આવે છે. |

-----------

### ખેડા જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મકાનોની મરામત અંગે

૨૨૩૩૬**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લાની કઇ કઇ સરકારી માધ્યમિક શાળાના મકાનોમાં મરામત કરવાની થાય છે તે પૈકી જોખમી મકાનો કેટલા, અને | (૧) ખેડા જિલ્લામાં કોઇ સરકારી માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળા ન હોવાથી માહિતી શૂન્ય છે. |
| (૨) છેલ્લા બે વર્ષમાં કેટલા મકાનો મરામત કરવામાં આવ્યા અને બાકી મકાનોનું મરામત કામ સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવેલ રકમ

**૧૭/page>** ૨૨૬૧૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના તા.૩૧ જાન્યુ-૦૭ સુધીમાં કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૧)

| વર્ષ | <u>ભારત સરકારે ૭૫ ટકા લેખે ફાળવેલ રકમ</u> (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૫૨૮૪.૭૧ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૧૪૮૦૬.૯૭ |

**પ્રશ્ન**

(૨) આ ફાળવેલ રકમ પૈકી વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૨) ભારત સરકાર દ્વારા નિયત થયેલ નાણાકીય નિયમો પ્રમાણે ગ્રાન્ટના હિસાબો જિલ્લાવાર નિભાવવામાં આવે છે અને તાલુકાવાર નિભાવવામાં આવતા નથી. જુનાગઢ જિલ્લામાં થયેલ ખર્ચની વર્ષવાર વિગતો **પત્રક-૧** મુજબ છે.

**પત્રક-૧**

સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં એસએસએ/એનપીઇજીઈએલ હેઠળ એકટીવીટીવાઈઝ થયેલ ખર્ચની વિગત

(રૂા. લાખમાં)

| એકટીવીટીઝનું નામ | થયેલ ખર્ચ ૨૦૦૫-૦૬ | થયેલ ખર્ચ ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| બ્લોક રિસોર્સ સેન્ટર (પગાર, ફર્નિચર, ક્ન્ટીજન્સી, મિટીંગ, ટીએલએમ અને મુસાફરી ભથ્થું) | ૧૨.૮૨ | ૧૭.૪૨ |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર (પગાર, ફર્નિચર, ક્ન્ટીજન્સી, મિટીંગ, ટીએલએમ અને મુસાફરી ભથ્થું) | ૧૪.૮૧ | ૧૨.૧૫ |
| સીવીલ વર્ક્સ (બીઆરસી/સીઆરસી બિલ્ડીંગ, એડી. ક્લાસ રૂમ,રેઈન વોટર હાર્વેસ્ટીંગ વગેરે) | ૨૫૦.૮૨ | ૯૭૨.૨૩ |
| ઈજીએસ/એઆઈઈ (વૈકલ્પિક શાળા, બ્રીજ કોર્ષ) | ૧૭.૪૯ | ૧૯.૦૯ |
| ફ્રી ટેક્સ બુક | ૨૦.૮૪ | ૪૪.૦૫ |
| ઈનોવેટીવ (ઈસીસીઈ/ગર્લ્સ એજ્યુકેશન) | ૨૬.૩૯ | ૨૯.૩૪ |
| આઈઈડી (વિક્લાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૧૫.૯૧ | ૬.૦૬ |
| સ્કુલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૮૨.૬૮ | ૮૭.૯૪ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૧૫.૬૦ | ૧૭.૧૬ |
| આર એન્ડ ઈ (રીસર્ચ એન્ડ ઈવોલ્યુએશન) | ૯.૧૧ | ૭.૫૮ |
| સ્કુલ ગ્રાન્ટ | ૩૨.૮૨ | ૩૫.૪૬ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૩૦.૮૩ | ૨૯.૦૮ |
| ટીએલઈ (ટીચીંગ લર્નિંગ ઈક્વીપમેન્ટ) | ૭.૧૩ | ૨.૨૫ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૩૧.૫૨ | ૩૩.૭૮ |
| કોમ્યુનિટી (મોબીલાઈઝેશન) | ૦.૭૩ | ૦.૦૫ |
| **કુલ :** | **૫૬૯.૪૯** | **૧૩૧૩.૬૨** |
| વધારાના વર્ગખંડોનું બાંધકામ | ૧૨.૧૪ | ૦.૧૦ |
| વીજળી, સંડાસ-મૂતરડી તથા પીવાના પાણીની વ્યવસ્થા | ૧.૦૩ | ૦.૦૨ |
| ટીએલઈ ગ્રાન્ટ | ૯.૪૪ | ૦.૦૦ |
| રીકરીંગ ગ્રાન્ટ | ૬.૦૮ | ૩.૮૯ |
| એવોર્ડ | ૦.૦૦ | ૦.૦૦ |
| સ્ટુડન્ટસ ઈવેલ્યુએશન | ૩.૫૯ | ૧.૨૮ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૦.૨૫ | ૦.૦૦ |
| ચાઈલ્ડ કેર સેન્ટરર્સ | ૬.૬૮ | ૩.૦૪ |
| એડીશનલ ઈનસેન્ટીવસ | ૬૩.૭૧ | ૦.૦૦ |
| મોબીલાઈઝેશન અને મેનેજમેન્ટ કોસ્ટ | ૪.૦૬ | ૦.૦૧ |
| **કુલ :** | **૧૦૬.૯૭** | **૮.૩૨** |
| **એસએસએ/એનપીઇજીઈએલ કુલ ખર્ચ :** | **૬૭૬.૪૬** | **૧૩૨૧.૯૪** |

-----------

**અંજાર, ભચાઉ અને ગાંધીધામમાં નવા રેશનીંગ કાર્ડ બનાવવા અંગે**

૨૩૦૦૧**ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અંજાર, ભચાઉ અને ગાંધીધામ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા રેશનીંગ કાર્ડ નવા બનાવવા માટેની અરજીઓ પેન્ડીંગ છે,

(૨) અલગ રેશનકાર્ડની અરજીઓ કેટલી છે, અને

(૩) આ કાર્યવાહી ક્યારે પૂરી કરી કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અંજાર, અને ગાંધીધામ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં નવા રેશનકાર્ડ બનાવવા માટેની એક પણ અરજી પેન્ડીંગ નથી. જ્યારે ભચાઉ શહેરી વિસ્તાર માટેની ૨૧ (એકવીસ) અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૪ (ચુમાલીસ) અરજીઓ પેન્ડીંગ હતી. જેનો નિકાલ થયેલ હોઈ હાલમાં કોઈ અરજી પેન્ડીંગ નથી.

(૨) અલગ રેશનકાર્ડ કરવા માટેની અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | શહેરી વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર | કુલ |
|---|---|---|---|
| અંજાર | ૦૦૯ | ૦૧૦ | ૦૧૯ |
| ગાંધીધામ | ૫૯૬ | ૩૯૮ | ૯૯૪ |
| ભચાઉ | - | - | - |
| કુલ | ૬૦૫ | ૪૦૮ | ૧૦૧૩ |

(૩) તમામ અરજીઓનો નિકાલ થઈ ગયેલ હોઈ નિકાલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કચ્છ જિલ્લામાં પ્રાધ્યાપકો તથા પ્રિન્સિપાલની ખાલી જગ્યા**

૨૩૦૮૯**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાની સરકારી કોલેજોમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ પ્રાધ્યાપકો તેમજ પ્રિન્સિપાલની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રિન્સીપાલ-૧
વ્યાખ્યાતાની-૧૧

(૨) વ્યાખ્યાતાની જગ્યા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરવાની થતી હોઈ કાર્યવાહી ચાલુ છે.

-----------

**વડોદરામાં ટયુશન પર પ્રતિબંધના ભંગ અંગે**

૨૩૦૧૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા શહેરમાં ટયુશન ઉપરના પ્રતિબંધનો ભંગ કરવાના કુલ કેટલા કિસ્સાઓ બન્યા, અને

(૨) નિયમોનું સખ્તાઇથી અમલીકરણ કરવા અંગે સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) ગુજરાત માધ્યમિક વિનિયમમાં થયેલ જોગવાઇ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો અંગે**

૨૨૬૧૧**શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજનામાં સન ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ સંચાલક તરીકે કેટલી ભરતી મેરીટ લીસ્ટ પ્રમાણે કરવામાં આવી, અને

**જવાબ**

(૧) સંચાલકોની ભરતી કરવામાં આવતી નથી. પરંતુ વેકેશન સિવાયના સમયગાળા માટે અને તદ્દન અંશકાલિન કામગીરીને ધ્યાને લઇને માનદ્વેતનથી નિમણૂંક કરવામાં આવે છે.

(૨) મેરીટ લીસ્ટ પ્રમાણે ભરતી ન થઈ હોય તો તેના કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વડગામ તાલુકામાં રાંધણ ગેસની એજન્સીઓ**

૨૩૦૯૯ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડગામ તાલુકાના ગામડાઓને રાંધણ ગેસની સુવિધા હાલમાં કઇ કઇ ગેસ એજન્સીઓ આપે છે,

(૨) આ ગેસ એજન્સીઓ ગેસના બાટલાના નાણા લેવાનું અને બાટલાની ડીલીવરી લેવાનું જુદી જુદી દૂરની જગ્યાએ રાખવાથી લોકોને મુશ્કેલીઓ પડે છે અને ખર્ચ વધે છે તે અંગે સરકારે શી કાર્યવાહી કરી છે,

(૩) સંબંધિત લોકોને ગેસની સુવિધા એક જ જગાએથી મળે તે અંગે સરકારે શું વિચારણા કરી છે, અને

(૪) વડગામને સ્વતંત્રપણે ગેસની એજન્સી મળે તે માટે સરકાર દ્વારા કેવા પ્રયત્નો થયા છે ?

**જવાબ**

(૧) વડગામ તાલુકાના ગામોને હાલમાં નીચેની ગેસ એજન્સીઓ રાંધણગેસની સુવિધા આપે છે.

૧. ચામુંડા ગેસ સર્વિસ, પાલનપુર
૨. પ્રતિક ગેસ સર્વિસ, પાલનપુર
૩. અમરદીપ ગેસ એજન્સી, પાલનપુર
૪. ગુજરાત રાજ્યના નાગરીક પુરવઠા નિગમ લી. પાલનપુર
૫. ગરાસીયા ઇન્ડેન, કાણોદર.

(૨) વડગામ તાલુકા મથકે અને મોટા સેન્ટરોને જોડી રૂટ નક્કી કરી અંતરને અનુલક્ષી નિયત કરાયેલ પરિવહન દરે ગેસ સીલીન્ડરો ઉપલબ્ધ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) અને (૪) : રાંધણગેસના ગ્રાહકોને એક જગ્યાએથી ગેસની સુવિધા મળી રહે તે માટે સ્વતંત્ર ગેસ એજન્સીની આવશ્યક્તા છે. વડગામ ખાતે નવી ગેસ એજન્સી એચ.પી.સી.એલ. કંપની દ્વારા આપવા નિર્ણય કરેલ છે, અને તે શરૂ કરવાની પ્રક્રિયા આખરી તબક્કામાં છે.

-----------

**વડોદરા જિલ્લામાં પંડિત દીનદયાલ સસ્તા અનાજની દુકાનો**

૨૨૫૩૧ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ કેટલા ગામોમાં પંડિત દીનદયાલ સસ્તા અનાજની દુકાનો ચાલે છે, અને

(૨) વડોદરા જિલ્લાના એવા કેટલા ગામો છે જેને બાજુના ગામોમાં અનાજ-કેરોસીન લેવા જવું પડે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૭૪૪ ગામોમાં પંડિત દીનદયાલ સસ્તા અનાજની દુકાનો ચાલે છે.

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામની સંખ્યા** |
|---|---|---|
| ૧ | વડોદરા (શહેર) તાલુકા | - |
| ૨ | વડોદરા (ગ્રામ્ય) | ૧૭ |
| ૩ | કરજણ | ૪૯ |
| ૪ | પાદરા | ૨૦ |
| ૫ | સાવલી | ૭૧ |
| ૬ | ડભોઇ | ૪૯ |
| ૭ | વાઘોડીયા | ૧૩૭ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામની સંખ્યા** |
| ૮ | શિનોર | ૧૭ |
| ૯ | નસવાડી | ૧૭૮ |
| ૧ | છોટાઉદેપુર | ૮ |

| | | |
|---|---|---|
| ૦ | | |
| ૧૧ | જેતપુર-પાવી | ૧૨૭ |
| ૧૨ | સંખેડા | ૧૨૮ |
| ૧૩ | ક્વાંટ | ૮૮ |
| | **કુલ :-** | **૮૮૯** |

-----------

**રાજ્યમાં નવી યુનિવર્સિટીઓની જાહેરાત**

૨૩૧૧૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી નવી યુનિવર્સિટીની રચનાની જાહેરાત કરી, કઇ કઇ અને ક્યાં ક્યાં, અને

(૨) આ યુનિવર્સિટીઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ ફાળવવામાં આવી હતી ?

**જવાબ**

(૧) બે યુનિવર્સિટીઓ

૧. ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ-ભૂજ, જિલ્લો કચ્છ અને

૨. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ (વેરાવળ), જિલ્લો જૂનાગઢ

(૨)

**૧. ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ-ભૂજ**

* સને ૨૦૦૪-૦૫માં રૂા. ૮૧.૦૦ લાખની ફાળવણી કરેલ છે, અને રૂા. ૫૩.૪૫ લાખનો ખર્ચ થયેલ છે.

* સને ૨૦૦૫-૦૬માં રૂા. ૮૦.૦૦ લાખની ફાળવણી કરેલ છે, અને રૂા. ૭૮.૭૪ લાખનો ખર્ચ થયેલ છે.

* સને ૨૦૦૬-૦૭માં રૂા. ૮૦.૦૦ લાખની ફાળવણી કરેલ છે, અને ફેબ્રુ-૦૭ અંતિત રૂા. ૪૬.૬૬ લાખનો ખર્ચ થયેલ છે.

**૨. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ**

* સને ૨૦૦૪-૦૫માં રૂા. ૧૦.૦૦ લાખની ફાળવણી કરેલ છે, અને રૂા. ૧૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

* સને ૨૦૦૫-૦૬માં રૂા. ૫૫.૦૦ લાખની ફાળવણી કરેલ છે, અને રૂા. ૫૫.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

* સને ૨૦૦૬-૦૭માં રૂા. ૮૬.૦૦ લાખની ફાળવણી કરેલ છે, અને ફેબ્રુ-૦૭ અંતિત રૂા. ૬૧.૭૯ લાખનો ખર્ચ થયેલ છે.

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં નવા રેશનકાર્ડ**

૨૨૦૨૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૬ દરમિયાન કેટલા નવા રેશનકાર્ડ અને કેટલા રેશનકાર્ડ વિભાજન માટે અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી મંજૂર કરવાની બાકી છે,

(૩) બાકી અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે, અને

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો ક્યા છે ?

**જવાબ**

(૧) રેશનકાર્ડ માટે મળેલ અરજીઓની વિગત

| તાલુકો | નવા કાર્ડ | વિભાજનકાર્ડ |
|---|---|---|
| ચોટીલા | ૪૫૯ | ૪૪૮૮ |
| સાયલા | ૪૮ | ૨૨૩૭ |
| **કુલ** | **૫૦૭** | **૬૭૨૫** |

(૨)

| તાલુકો | નવા કાર્ડ મંજૂર | બાકી | વિભાજના કાર્ડ મંજૂર | વિભાજના કાર્ડ બાકી | ના મંજૂર |
|---|---|---|---|---|---|
| ચોટીલા | ૪૫૯ | ૦ | ૪૪૭૩ | ૦ | ૧૫ |
| સાયલા | ૪૮ | ૦ | ૨૧૨૨ | ૦ | ૧૧૫ |

(૩) કોઇ અરજીઓ બાકી ન હોય પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં સી.ડી.પી. ઓ.ની જગ્યાઓ અંગે**

૨૨૭૦૨**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ સી.ડી.પી.ઓ.ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) ૧૭ જગ્યા ખાલી છે.

(૨) મુખ્ય સેવિકા વર્ગ-૩ માંથી સી.ડી.પી.ઓ. વર્ગ-૨માં બઢતી આપવાનું આયોજન છે.

-----------

**કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના ઓરડાઓ**

૨૩૦૯૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓની ઘટ છે,

(૨) પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ પુરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબ તાલુકાવાર ઘટ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની ઘટ** |
|---|---|---|
| ૧ | અબડાસા | ૨૩ |
| ૨ | અંજાર | ૩૫ |
| ૩ | ભચાઉ | ૭૧ |
| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની ઘટ** |
| ૪ | ભૂજ | ૧૧૬ |
| ૫ | ગાંધીધામ | ૯૦ |
| ૬ | લખપત | ૧૩ |
| ૭ | માંડવી | ૬૬ |
| ૮ | મુન્દ્રા | ૩૪ |
| ૯ | નખત્રાણા | ૨૭ |
| ૧૦ | રાપર | ૯૧ |
| | **કુલ :** | **૫૬૬** |

(૨) ૪૦૦ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરેલ છે.

(૩) પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલ્દી.

-----------

**આંગણવાડી કાર્યકરોના પગાર વધારા અંગે**

૨૩૦૬૪ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આંગણવાડી કાર્યક્રરોના પગાર વધારા માટે સરકારમાં વિચારણા ચાલે છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વલસાડ જિલ્લામાં ટ્યુશનિયા શિક્ષકો સામે પગલાં**

૨૨૨૩૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખાનગી ટ્યુશન કરતા કેટલા શિક્ષકો પકડાયા, અને | (૧) એક પણ નહી. |
| (૨) તે અંગે સરકારે શાં પગલાં ભર્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સીંગતેલના વધતા ભાવોને કાબુમાં લેવા અંગે**

૨૨૪૮૦**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ માં વધતા જતાં સીંગતેલના ભાવોને કાબુમાં લેવા માટે પુરવઠા તંત્રએ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સોરાષ્ટ્રની કેટલી ઓઇલ મીલમાં દરોડા પાડયા, | (૧) સન ૨૦૦૬-૦૭માં વધતા જતા સીંગતેલના ભાવોને કાબુમાં લેવા માટે પુરવઠા તંત્રએ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સોરાષ્ટ્રની ૯૯ ઓઇલ મીલો પર ૧૦૭ દરોડા પાડવામાં આવ્યા. |
| (૨) દરોડા દરમ્યાન કેટલા રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો અને અન્ય શી ગેરરીતિ બહાર આવી, અને | (૨) દરોડા દરમ્યાન રૂા. ૬૫,૩૭,૫૦૯/-ની કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો અને નીચે મુજબની ગેરરીતિઓ બહાર આવી.<br>૧. ખાદ્યતેલના સાચા હિસાબો જાળવેલ નથી.<br>૨. વગર બીલે જથ્થાનું વેચાણ કરેલ છે.<br>૩. હિસાબોમાં અનિયમીતતા<br>૪. પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું પ્રમાણપત્ર મેળવેલ નથી.<br>૫. ભાવનું બોર્ડ રાખેલ નથી.<br>૬. જથ્થામાં તફાવત<br>૭. વિટામીન એ તથા ડી ની વિગતો લેબલમાં દર્શાવેલ નથી.<br>૮. ખાદ્યતેલના બ્રાન્ડવાર રજીસ્ટરો નિભાવેલ નથી.<br>૯. એડીબલ ઓઇલ પેકેજીંગ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રીન્યુ કરાવ્યા વગર વેપાર કરવામાં આવે છે.<br>૧૦. સીંગતેલના જથ્થાનું લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરાવતાં નથી. |
| (૩) સીંગતેલના વધતા ભાવ અટકાવવા દરોડા સિવાય અન્ય શાં પગલાં લેવાઇ રહયા છે ? | (૩) સીંગતેલના વધતા જતા ભાવો અટકાવવા દરોડા સિવાય નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.<br>૧. ઓઇલ મીલરો સાથે વખતો વખત બેઠકોનું આયોજન કરવામાં આવેલ છે.<br>૨. તા.૩૦-૧-૨૦૦૭ ના રોજ રાજકોટ ખાતે |

અગ્રસચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર/કચ્છના તેલ ઉત્પાદકો તથા અધિકારીઓ સાથે એક બેઠક યોજવામાં આવેલ હતી.

૩. ચેમ્બર ઓફ કોમર્સ સાથે મીટીંગ યોજવામાં આવી હતી.

-----------

**કચ્છ જિલ્લામાં કેરોસીનનો અપૂરતો પૂરવઠો**

૨૨૨૪૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લામાં અન્નક્ષેત્ર ચલાવતાં મંદિરોમાં સરકાર પૂરતું કેરોસીન આપવા માંગે છે કે કેમ ? | જાહેર વિતરણના હેતુસર દર મહીને તમામ જિલ્લાઓને કરવામાં આવતી ફાળવણીના ૦.૨૫ ટકા જેટલો કેરોસીનનો જથ્થો છાત્રાલયો, ધાર્મિક સંસ્થાઓ, પી.એચ.સી., સી.એચ.સી. ને કલેકટરશ્રીઓના સ્વવિવેક અનુસાર ફાળવી આપવા તા. ૨૯-૮-૨૦૦૬ થી સુચનાઓ આપવામાં આવેલી છે અને તેમાં અન્નક્ષેત્ર ચલાવતા મંદિરોનો સમાવેશ થાય છે. |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવા અંગે**

૨૨૯૪૨**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નોન-ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ શાળા તરીકે મંજૂર કરવા કેટલી દરખાસ્તો સરકારને મળી, | (૧) ૬ દરખાસ્ત |
| (૨) તે અન્વયે કઇ કઇ શાળાઓને મંજૂરી આપી, અને | (૨) નિયમોનુસાર બે શાળાઓ પાત્રતા ધરાવતી હતી.<br>૧. નાલંદા વિદ્યાલય, થેરવાડા તા. ડીસા, જિ. સાબરકાંઠા<br>૨. ભગવતી વિદ્યાલય, કુંવારલ, તા. ધાનેરા, જિ. બનાસકાંઠા. |
| (૩) બાકી રહેતી દરખાસ્તોને ક્યારે મંજૂરી આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

એચબી-૧૦૦૨-૫

-----------

**શિક્ષણ સંસ્થાઓમાં ગ્રેડીંગ પ્રથાના અમલ અંગે**

૨૨૮૩૩ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ શિક્ષણ સંસ્થાઓને ખર્ચ અને ગુણવત્તા સાથે જોડવા માટે શાળામાં ગ્રેડીંગ પ્રથાનો અમલ કરવા રાજ્ય સરકારે શું આયોજન વિચારેલ છે, | (૧) ખર્ચ અને ગુણવત્તા સાથે જોડવા માટે શાળામાં ગ્રેડીંગ પ્રથાનો અમલ કરવા કોઇ વિચારણા કરવામાં આવેલ નથી. |
| (૨) ક્યારથી અમલમાં આવનાર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કુલ કેટલી સંસ્થાઓને આવરી લેવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહુવા તાલુકામાં મધ્યાહન ભોજન કેન્દ્રો**

૨૩૨૮૫**ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલા મધ્યાહન | (૧) ૧૮૨ |

ભોજન કેન્દ્રો કાર્યરત છે,

(૨) વર્ષ ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેન્દ્ર દીઠ કેટલા બાળકોએ ભોજન લીધું, અને

(૩) કેન્દ્ર દીઠ કેટલો ખર્ચ થયો ?

(૨) અને (૩) સામેલ *પત્રક મુજબ.

( * પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

-----------

**રાજ્યમાં કેરોસીનની અપૂરતી ફાળવણી**

**૨૫/page>૨૨૨૯૦ શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૧લી ફેબ્રુઆરી-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં રેશનકાર્ડ ધારકોને પૂરો પાડવામાં આવતો પુરવઠો ઓછો હોવાના કારણે કાર્ડ ધારકોને પુરતું કેરોસીન નહી મળતું હોવાની હકીક્ત ખરી છે, | (૧) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કેરોસીનને પાત્ર કાર્ડ ધારકોને વિતરણ કરવા માટે માસિક ૯૦,૦૦૦ કી.લી. કેરોસીનની જરૂરિયાત છે અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા ૭૯,૬૪૪ કી.લી. કોરોસીન માસિક ધોરણે ફાળવવામાં આવે છે. એટલે કે રાજ્યની જરૂરિયાત સામે માસિક ૧૦,૩૫૬ કી.લી. ઓછી ફાળવણી મળે છે, અને તેથી તે હકીક્ત ખરી છે. |
| (૨) નાગરિકોને પૂરતો કેરોસીનનો પુરવઠો મળી રહે તે માટે સરકાર શા પગલાં લેવા માંગે છે, | (૨)<br>૧. કેન્દ્ર સરકારશ્રીને અવાર નવાર રાજ્યને કરવામાં આવતી કેરોસીનની ફાળવણીમાં વધારો કરવા અનુરોધ કરવામાં આવેલ છે.<br>૨. કેન્દ્ર સરકારશ્રી દ્વારા રાજ્યને કરવામાં આવતી કેરોસીનની ફાળવણીની મર્યાદામાં રહી તમામ કેરોસીનને પાત્ર કાર્ડ ધારકોને એક્સમાન ધોરણે પુરતું કેરોસીન ઉપલબ્ધ કરાવી શકાય તેવા આશયથી ૩ વ્યક્તિ સુધીના નોનગેસ કાર્ડ ધારકોને માસિક ૫ લીટર અને ૪ કે તેથી વધુ વ્યક્તિના કાર્ડ ધારકોને ૧૦ લીટરના ધોરણે કેરોસીન વિતરણ કરવાની નીતિ માહે મે-૦૬ થી અમલમાં મુકેલ છે. |
| (૩) માતર અને ખેડા તાલુકામાં કેટલી જરૂરીયાત સામે કેટલો પુરવઠો ફાળવવામાં આવે છે, અને | (૩) માહે જાન્યુઆરી-૦૭માં તથા ફેબ્રુઆરી-૦૭માં માતર તાલુકાને એપ્રિલ-૦૬ અંતિત નોનગેસ કાર્ડની સંખ્યા ધ્યાને લેતાં કુલ જરૂરિયાત મુજબનો ૨૫૧ કિ.લી. તથા ખેડા તાલુકાની થતી કુલ જરૂરીયાત પ્રમાણે ૧૯૧ કી.લી. પુરેપુરો જથ્થો ફાળવવામાં આવેલ છે. |
| (૪) માતર અને ખેડા તાલુકામાં ગેસનું કનેકશન ધરાવતા ગ્રાહકોને ક્યા નિયમના આધારે કેરોસીન આપવામાં આવતું નથી ? | (૪) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કાર્ડધારકોને વિતરીત કરવામાં આવતું કેરોસીન અને રાંધણ ગેસ સબસીડી- યુક્ત હોવાથી કેન્દ્ર સરકારશ્રી રાજ્યોમાં અપાયેલા ગેસ કનેક્શનોની સંખ્યાને ગણતરીમાં લઇ રાજ્યવાર કેરોસીનની ફાળવણી કરે છે, અને કેન્દ્ર સરકારશ્રીની તા. ૨૬-૮-૦૩ ના પત્રથી મળેલ સુચના અનુસાર માતર તથા ખેડા સહિત સમગ્ર રાજ્યમાં ગેસ ધારકોને કેરોસીનનું વિતરણ કરવામાં આવતું નથી. |

-----------

**વલસાડ જિલ્લામાં કુટીર ઉદ્યોગો**

૨૨૨૫૧**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧ જાન્યુઆરી-૨૦૦૭ ની સ્થિતિએ કેટલા કુટિર ઉદ્યોગ એકમો શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલી સબસીડી ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) શરૂ થયેલ કુટીર ઉદ્યોગ એકમ

| **અ.નં.** | **યોજના** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના | ૧૩૯૦ |
| ૨ | પી.એમ.આર.વાય. યોજના | ૮૩૧ |
| | **કુલ :** | **૨૨૨૧** |

(૨) ચૂકવેલ સબસીડી

| **અ.નં.** | **યોજના** | **સંખ્યા** | **રકમ રૂ. લાખમાં** |
|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના | ૧૨૪૫ | ૧૦૮.૬૫ |
| ૨ | પી.એમ.આર.વાય. યોજના | ૭૦૪ | ૨૦.૦૮ |
| | **કુલ :** | **૧૯૪૯** | **૧૨૮.૭૩** |

-----------

**ટેક્નિકલ શિક્ષણ અંગે વિશ્વ બેંકની સહાય**

૨૩૦૨૬**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા વિશ્વ બેંક સહાય કરે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં કેટલી સહાય કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૫૫૨.૪૫ લાખ

-----------

**રાજકોટ જિલ્લામાં રેશનીંગ કાર્ડ અલગ કરવા અંગે**

૨૨૪૮૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રેશનીંગ કાર્ડ અલગ કરવાની કામગીરી સ્થગિત કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રેશનીંગ કાર્ડ અલગ કરવાની કાર્યવાહી ફરી ક્યારે શરૂ કરવામાં આવશે,

(૩) જો ના, તો રેશનીંગ કાર્ડ અલગ કરવામાં આવતા નથી તેના કારણો શા છે, અને

(૪) બી.પી.એલ. કાર્ડ ધારકોને અલગ કરતા એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ના. જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બી.પી.એલ. કાર્ડ ધારકોના રેશનીંગ કાર્ડ વિભાજનના કિસ્સામાં નવા કાર્ડ ધારકોની આવક, બીપીએલ યાદી અન્ય ભોતિક સુખ સુવિધાઓ ધ્યાને લઇ પ્રવર્તમાન નિયમોનુસાર એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે.

-----------

## અમરેલી જિલ્લામાં રેશનીંગની દુકાનોમાં ગેરરીતિ

૨૨૪૧૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં દરેક તાલુકામાંથી ગેરરીતિ કરતી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી રેશનીંગની દુકાનોની તપાસ કરવામાં આવી અને તપાસના અંતે શી ગેરરીતિ માલુમ પડી, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં દરેક તાલુકામાંથી ગેરરીતિ કરતી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં નીચે મુજબની વર્ષવાર રેશનીંગની દુકાનોની તપાસ કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ગેરરીતિવાળી રેશનીંગની દુકાનોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૫ | ૨૦૦૬ | |
| ૧ | અમરેલી | ૯ | ૧૬ | ૨૫ |
| ૨ | લાઠી | - | ૨ | ૨ |
| ૩ | લીલીયા | ૯ | ૧ | ૧૦ |
| ૪ | બાબરા | ૯ | ૪ | ૧૩ |
| ૫ | વડીયા | ૯ | ૧૧ | ૨૦ |
| ૬ | બગસરા | ૯ | ૯ | ૧૮ |
| ૭ | સાવરકુંડલા | ૩૦ | ૧૩ | ૪૩ |
| ૮ | ધારી | ૮ | ૬ | ૧૪ |
| ૯ | ખાંભા | ૧૩ | ૨ | ૧૫ |
| ૧૦ | રાજુલા | ૬ | ૧૪ | ૨૦ |
| ૧૧ | જાફરાબાદ | ૧ | ૧ | ૨ |
| | કુલ : | ૧૦૩ | ૭૯ | ૧૮૨ |

અને તપાસના અંતે નીચે મુજબની જુદા જુદા પ્રકારની ગેરરીતિ માલુમ પડી.

૧. ભાવનું બોર્ડ ન રાખવું તેમજ ન લખવું.
૨. હાજર જથ્થામાં વધ-ઘટ.
૩. ડુપ્લીકેટ બીલો બનાવી જથ્થો વગે કરવો.
૪. સ્ટોકપત્રકે સાચા હિસાબો ન લખવા.
૫. સ્ટોક રજીસ્ટર નિયમીત ન લખવું .
૬. કાર્ડ રજીસ્ટરે તારીજ ન કાઢવી.
૭. વેચાણ બીલ બનાવ્યા વગર વેચાણ કરવું.
૮. નિયત પ્રમાણ કરતાં ઓછું વિતરણ કરવું.
૯. વેચાણબીલ ન આપવું.
૧૦. ધંધાના સ્થળે રેકર્ડ ન રાખવું.
૧૧. વગર રજાએ દુકાન બંધ રાખવી.
૧૨. રોજેરોજ હિસાબો ન લખવા.
૧૩. આ.ચી.વ. ના નમુના નહી રાખવા.
૧૪. જથ્થો સમયસર ન ઉપાડવો.
૧૫. નિયત ભાવ કરતા વધુ ભાવ લેવા.
૧૬. ફરિયાદ પેટી ન રાખવી.

**પ્રશ્ન**

(૨) થયેલ ગેરરીતિ અંગે કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા હતા, અને પગલાં ન લેવાયા હોય તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૨) ગેરરીતિ અંગે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| | **૨૦૦૫** | **૨૦૦૬** | **કુલ** |
|---|---|---|---|
| અનામત રકમ રાજ્યસાત રૂ. | ૮૯૩૦૦ | ૮૧૬૦૦ | ૧૭૦૯૦૦ |
| કબજે લીધેલ | ૧૧૬૦૬ | ૧૬૦૫૦ | ૨૭૬૫૬ |

| | | | |
|---|---|---|---|
| જથ્થાની કિંમત રૂા. | ૬ | ૦ | ૬ |
| રાજ્યસાત જથ્થાની કિંમત રૂા. | ૧૮૬૧૯ | ૩૦૦૫૬ | ૪૮૬૭૫ |
| પરવાના મોકૂફ | -- | ૧૦ | ૧૦ |
| પરવાના રદ | -- | ૧ | ૧ |

વર્ષ ૨૦૦૫ના ગેરરીતિના કેસો અંગે હાલ કોઇ પગલા લેવાના બાકી નથી.

વર્ષ ૨૦૦૬ ના ૯ કેસોમાં ન્યાયીક પ્રક્રિયાની કામગીરી ચાલુમાં હોઇ પગલાં લેવાયેલ નથી.

-----------

## રાજ્યની ટેક્નિકલ સંસ્થાઓને એક્રેડીટેશનની મંજૂરી અંગે

૨૨૭૨૦ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યની ટેકનિકલ સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય બને તે માટે કેટલી ઇજનેરી અને પોલીટેકનિક કોલેજોમાં એક્રેડીટેશનની મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

૩ ઇજનેરી કોલેજોમાં ચાલતા ૧૮ અભ્યાસક્રમો તથા ૫ પોલીટેક્નિક્માં ચાલતા ૧૦ અભ્યાસક્રમો માટે એક્રેડીટેશનની મંજુરી મળેલ છે.

-----------

## ખેડા અને આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાઓની ઘટ

૨૨૭૭૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ છે,

(૨) આ ઘટ પૂરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં કેટલા નવિન ઓરડા બનાવ્યા ?

**જવાબ**

(૧) નીચે મુજબ જિલ્લાવાર ઘટ છે.

| ક્રમ | જિલ્લો | ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૬૩૭ |
| ૨ | આણંદ | ૩૬૦ |

(૨) ચાલુ વર્ષે નીચે મુજબના નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૪૩૯ |
| ૨ | આણંદ | ૨૪૦ |

(૩) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ જિલ્લાવાર નવા ઓરડાઓ બનાવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૧૯૦ |
| ૨ | આણંદ | ૩૧૫ |

-----------

## સરકારી પ્રેસોમાં ખાલી જ્ગ્યાઓ

૨૨૩૭૨**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ, ભાવનગર, ગાંધીનગર અને વડોદરા ખાતેના સરકારી પ્રેસોમાં બાઇન્ડર, ઓવરશીયર અને ફોરમેન સંવર્ગમાં કેટલી જગાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| અ.ન | સંવર્ગનું નામ | ખાલી જગાઓની સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | રાજકોટ | ભાવ- | ગાંધી- | વડોદરા | |
| ૧ | બાઈન્ડર વર્ગ-૩ | ૬ | શૂન્ય | ૯ | ૬ | ૨૧ |
| ૨ | મશીન | ૨ | ૧ | ૨ | ૧ | ૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૩ | | | | | |
| ૩ | બાઈન્ડીંગ ઓવરશીયર વર્ગ-૩ | ૨ | ૧ | ૨ | ૧ | ૬ |
| ૪ | સ્ટાર્ન્ડડ ઓવશીયર વર્ગ-૩ | ૧ | શૂન્ય | શૂન્ય | ૧ | ૨ |
| ૫ | પ્રિન્ટીંગ ફોરમેન વર્ગ-૩ | ૨ | ૨ | ૧ | ૧ | ૬ |
| ૬ | બાઈન્ડીંગ ફોરમેન વર્ગ-૩ | ૨ | શૂન્ય | ૩ | ૨ | ૭ |

(૨) તે પૈકી અનુસૂચિત જાતિઓના અને જનજાતિઓના ઉમેદવારોની કેટલી જગાઓ ભરવાની બાકી છે,

(૨) એક પણ નહિ.

(૩) આ જગાઓ ન ભરવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ જગાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટ દર**

૨૨૭૭૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેટ કેટલો હતો, અને

(૨) ચાલુ શૈક્ષણિક વર્ષની સરખામણીએ ડ્રોપ આઉટ દરમાં કેટલો વધારો-ઘટાડો નોંધાયેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ દર નીચે મુજબ છે.

| વર્ષ | ધો. ૧ થી ૫ | | | ધો. ૧ થી ૭ | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૦૩-૦૪ | ૧૭.૭૯ | ૧૭.૮૪ | ૧૭.૮૩ | ૩૬.૫૯ | ૩૧.૪૯ | ૩૩.૭૩ |
| ૦૪-૦૫ | ૮.૭૨ | ૧૧.૭૭ | ૧૦.૧૬ | ૧૫.૩૩ | ૨૨.૮૦ | ૧૮.૭૯ |
| ૦૫-૦૬ | ૪.૫૩ | ૫.૭૯ | ૫.૧૩ | ૯.૯૭ | ૧૪.૦૨ | ૧૧.૮૨ |

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ દર કાઢવામાં આવતો નથી.

(૨) ચાલુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેલ ન હોઇ તેની સાથે ડ્રોપ આઉટની સરખામણી થઇ શકે નહી. પરંતુ સને ૨૦૦૩-૦૪ની સરખામણીએ વર્ષ ૨૦૦૫-૦૬ નો ડ્રોપ આઉટ રેટમાં નીચે મુજબ ઘટાડો થયેલ છે.

| ધો. ૧ થી ૫ | | | ધો. ૧ થી ૭ | | |
|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧૩.૨૬ | ૧૨.૦૫ | ૧૨.૭૦ | ૨૬.૬૨ | ૧૭.૪૭ | ૨૧.૯૧ |

-----------

**પંચમહાલ જિલ્લાને રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ**

૨૨૯૯૨**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં પંચમહાલ જિલ્લા માટે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી હતી, અને

(૨) આ ફાળવેલ રકમ કઇ કઇ રમતગમત

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં પંચમહાલ જિલ્લામાં રમતગમત માટે રૂા. ૪,૩૦,૬૭૪/-, યુવા પ્રવૃત્તિઓ માટે રૂા. ૫૯,૦૦૦/- અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂા. ૪૧,૦૦૦/- એમ કુલ : રૂા. ૫,૩૦, ૬૭૪/- ની ફાળવવામાં આવી હતી.

(૨) રમતગમત પ્રવૃત્તિઓ જોવી કે શાળાકીય

અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ કરવામાં આવી ?

રમતોત્સવ, બાળ રમતોત્સવ, જવાહરલાલ નહેરૂ હોકી, સુબ્રટો મુકરજી કપ ફુટબોલ, મહિલા રમતોત્સવ, સુબ્રટો મુકરજી સોફ્ટબોલ, રોલર સ્કેટીંગ, જુડો સ્પર્ધા, ગ્રામીણ રમતોત્સવ, પતજંલી યોગ સ્પર્ધા, ગ્રામીણ એથ્લેટીક્સ, હીલ શિલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ, ઉનાળુ વેકેશન કેમ્પ, હોસ્ટેલ ક્રિકેટ કસોટીઓ, એસપીડીએ કસોટીઓ, આદિવાસી પ્રતિભાશોધ કસોટીઓ, અને યુવા પ્રવૃત્તિઓ જેવી કે યુવા ઉત્સવ, યોગાશન તાલીમ શીબીર, યુવક નેતૃત્વ તાલીમ શીબીર તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે નવરાત્રી રાસ-ગરબામહોત્સવ, બાળ નાટ્ય નૃત્ય નાટિકા, ડૉ. આંબેડકર જન્મ જયંતિ ઉજવણી, લોક ડાયરો કાર્યક્રમ પાછળ ફાળવેલ રકમમાંથી ખર્ચ કરવામાં આવી હતી.

-----------

**અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને સઘન શિક્ષણ**

૨૨૪૯૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ટ્યુશન પ્રથા પર લગાવેલ પ્રતિબંધને ધ્યાનમાં લેતાં અભ્યાસમાં નબળા રહેતા વિદ્યાર્થીઓ માટે વધારાના તાસો ગોઠવીને સઘન શિક્ષણ આપવા માટે વિચારણા ચાલે છે કે કેમ અને

(૨) જો હા, તો અમલવારી ક્યારે થશે ?

**જવાબ**

(૧) અને (૨) અભ્યાસમાં નબળા રહેતા વિદ્યાર્થીઓ માટે વધારાના તાસ ગોઠવીને સઘન શિક્ષણ આપવામાં આવે છે તે માટે વિનિયમોમાં જોગવાઇ કરવામાં આવેલ છે, અમલવારી ચાલુ છે.

-----------

**ભાવનગર જિલ્લામાં રેશનકાર્ડ અંગે અરજીઓ**

૨૩૦૫૭**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મામલતદાર કચેરીમાં રેશનકાર્ડ અલગ કરવા અને રેશનકાર્ડમાં નામ ઉમેરવાની કુલ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આવી અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ ૩૬૫૯ અરજીઓ મામલતદાર કચેરીમાં રેશનકાર્ડ અલગ કરવા માટે મળેલ છે. જેનો નિકાલ કરવામાં આવેલ છે. (તાલુકાવાર માહિતી પત્રકમાં સામેલ છે) તથા નામ ઉમેરવા અંગેની કોઇ અરજી પડતર નથી.

(૨) હાલમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઇ પણ અરજી નિકાલ માટે બાકી નથી.

**પત્રક**

**તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લાનું તાલુકાવાર રેશનકાર્ડ જુદા કરવા માટેની પડતર અરજીઓની વિગત દર્શાવતુ**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જુદા કાર્ડ કરવા માટેની બાકી અરજીઓ |
|---|---|---|
| ૧ | ઝોનલ-૧ | ૪૨૮ |
| ૨ | ઝોનલ-૨ | ૫૧૬ |
| ૩ | ભાવનગર ગ્રામ્ય | ૧૦૫ |
| ૪ | ઘોઘા | ૯૯ |
| ૫ | તળાજા | ૦૫ |
| ૬ | મહુવા | ૩૭૩ |
| ૭ | પાલીતાણા | ૫૭૭ |
| ૮ | ગારીયાધાર | ૨૪૦ |
| ૯ | ગઢડા | ૭૨ |
| ૧૦ | બોટાદ | ૨૦૮ |

| | | |
|---|---|---|
| ૧૧ | ઉમરાળા | ૪૭ |
| ૧૨ | વલ્લભીપુર | ૪૦ |
| ૧૩ | સિહોર | ૯૪૯ |
| | કુલ... | ૩૬૫૯ |

------------

**ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને ફાળવવામાં આવતા જથ્થા અંગે**

૨૩૦૧૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં માસવાર રેશનકાર્ડ ધારકોને અપાતો ઘઉં-ખાંડ અને કેરોસીનનો જથ્થો તા. ૩૧-૧-૦૭ સુધીમાં પૂરતા પ્રમાણમાં નહીં ફાળવવાના કારણો શા છે, અને

(૨) માસવાર જરૂરીયાત મુજબનો ઉપરોક્ત જથ્થો ફાળવવા સરકારશ્રીએ શી વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં માસવાર રેશનકાર્ડ ધારકોને અપાતો ઘઉં, ખાંડ અને કેરોસીનનો જથ્થો તા. ૩૧-૧-૦૭ સુધીમાં પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવેલ છે. જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭માં ફાળવેલ જથ્થા સામે તેની સામે જણાવેલ જથ્થો તા. ૩૧-૧-૦૭ સુધીમાં વિતરણ થયેલ છે.

| અ.નં. | વિગત | ફાળવણી | વિતરણ |
|---|---|---|---|
| ૧ | બીપીએલ ઘઉં | ૯૯૩૫ | ૯૪૨૦ મે.ટન |
| ૨ | એપીએલ ઘઉં | ૧૪૨૧ | ૩૮૫.૯ મે.ટન |
| ૩ | અન્નપૂર્ણા યોજના | ૬૪૧.૫૦ | ૬૪૧.૫૦ ક્વિ. |
| ૪ | અંત્યોદય યોજના | ૪૫૫૧ | ૪૩૧૬.૨ મે.ટન |
| ૫ | ખાંડ | ૨૭૫૬ | ૨૫૩૧.૭ મે.ટન |
| ૬ | કેરોસીન | ૧૯૭૧૯ | ૧૯૭૧૯ કે.એલ |

(૨) પ્રશ્ન નથી.

-----------

**બાબરા તાલુકામાં બોગસ રેશનકાર્ડ અંગે**

૨૩૦૬૫ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં બાબરા મામલતદાર કચેરીમાં બોગસ દાખલાના આધારે કેટલા રેશનકાર્ડ કાઢવામાં આવેલ છે, અને

(૨) જો આવા કાર્ડની કોઈ ફરિયાદ થઈ હોય તો તેની તપાસ કરી કે નહીં ?

**જવાબ**

(૧) સન ૨૦૦૪-૦૫માં બોગસ દાખલાના આધારે એપીએલ યોજના હેઠળનું એક રેશનકાર્ડ કાઢવામાં આવેલ હતું.

સન ૨૦૦૫-૦૬માં બોગસ દાખલાના આધારે રેશનકાર્ડ કાઢવામાં આવેલ નથી.

(૨) તપાસ કરવામાં આવેલ છે અને ફરિયાદ અન્વયે બોગસ દાખલા અન્વયે કાઢવામાં આવેલ કાર્ડ તા. ૨૩-૫-૦૫ના રોજ રદ કરવામાં આવેલ છે.

-----------

**ઘરવપરાશના ગેસની નોંધણી અંગે**

૨૨૭૭૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગેસ એજન્સી ઘરવપરાશના ગેસની નોંધણી

**જવાબ**

(૧) જી, ના.

એક્વીસ દિવસ પહેલાં ક્રતી નથી એ સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો સરકારે આવી કોઈ મુદત ન રાખવાનું જણાવેલ હોવા છતાં ગેસ-એજન્સીઓ મનમાની કરે છે તે અંગે સરકારે શાં પગલાં લીધા છે ?

(૨) સરકાર દ્વારા રાંધણગેસ વિતરક એસોસીએશન તથા ઓઇલ કંપનીઓ સાથે બેઠક રાખી ૨૧ દિવસના સમયગાળાનો આગ્રહ ન રાખીને બુકીંગ કરવા સમજૂતી ક્રેલ છે જે મુજબ

૧. સીંગલ બોટલ ધારક્ના કિસ્સામાં તાત્કાલીક બુકીંગ ક્રવા.

૨. ડબલ બોટલ ધારક્ના કિસ્સામાં ગેસ ડીલીવરી મળ્યાના ૧૫ દિવસ બાદ બુકીંગ માટે ઓઇલ કંપનીઓ દ્વારા સંમતિ દર્શાવવામાં આવેલ છે.

૩. ગ્રાહકોને તક્લીફ ન પડે તે માટે ઉપરોક્ત બન્ને પ્રકારના ગ્રાહકોને ૨૧ દિવસના ગાળે ગેસ રીફીલ સીલીન્ડર ઉપલબ્ધ કરાવવા ઓઇલ કંપનીઓએ સંમતિ દર્શાવેલ છે.

-----------

## ડાંગ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન

૨૨૨૪૨ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે બેંકોને ભલામણ ક્રેલ તે બેંકો તરફથી લાભાર્થીઓને લોન સહાય આપવામાં આવી નથી. તેની કેટલી અરજીઓ પડતરમાં છે, અને

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે ભલામણ કરેલ અરજીઓ પૈકી લોન સહાય આપવાની બાકી લાભાર્થીઓની પડતર અરજીઓ

| અ. નં. | વિગત | વર્ષ (પડતર અરજીઓ) | | |
|---|---|---|---|---|
| | | ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૫ | ૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬ | ૧-૧-૦૭ થી ૩૧-૧-૦૭ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પી.એમ.આર.વાય યોજના | ૦ | ૭ | ૩૯ |
| ૨ | વાજપાઈ બેન્કેબલ યોજના | ૦ | ૨૩ | ૪૩ |

(૨) બેંકો લોન આપતી નથી તે માટે રાજ્ય સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

(૨) તાલુકા, જિલ્લા અને રાજ્ય ક્ષાની મિટીંગમાં નિયમિત સમીક્ષા કરી લક્ષ્યાંક મુજબની કામગીરી કરાવવા બેન્કોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

-----------

## સાંતલપુર તાલુકામાં નવી સરકારી હાઇસ્કુલ શરૂ કરવા અંગે

૨૨૩૫૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાંતલપુર તાલુકામાં ધોરણ-૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ચાલુ વર્ષે ખૂબ વધારો થયો છે, તે સરકારના ધ્યાનમાં છે, અને

**જવાબ**

(૧) સંખ્યામાં વધારો થયેલ છે.

(૨) જો હા, તો સન ૨૦૦૭-૦૮ના નવા શૈક્ષણિક સત્રથી આ વિદ્યાર્થીઓ ધોરણ-૮માં અભ્યાસ કરી શકે તે હેતુથી નવીન સરકારી હાઇસ્કુલ ચાલુ કરવા માટે આયોજન કર્યું છે કે કેમ ?

(૨) નક્કી થયેલ ધોરણો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

-----------

**રાજ્યમાં રોમીંગ રેશનકાર્ડની પ્રથા**

૨૩૦૯૬**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં રોમીંગ રેશનકાર્ડની પ્રથા અમલમાં હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાનો અમલ ક્યારથી ક્યા ક્યા જિલ્લામાં કરવામાં આવી રહ્યો છે ? | (૨) સરકારશ્રીના તા. ૬-૮-૨૦૦૪નો ઠરાવ તેમજ તા. ૨૫-૫-૦૬ના પરિપત્રથી આ યોજનાઓ અમલ કરવામાં આવેલ છે. અને રાજ્યના તમામ જિલ્લાઓમાં તા. ૧૫-૬-૨૦૦૬થી અમલવારી શરૂ દીધેલ છે. |

-----------

**બાળ વિકાસ યોજના અધિકારીની જ્ગ્યાઓ અંગે**

૨૨૯૪૧**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત બાળ વિકાસ યોજના અધિકારીની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) કુલ-૨૬૦ જ્ગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૨) તે અન્વયે એડહોક ભરતી અને સીધી ભરતીથી કેટલી થઇ છે, અને | (૨) (૧) એડહોક ભરતી -- ૩૮<br>(૨) સીધી ભરતી -- ૨૧ |
| (૩) કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ? | (૩) ૧૭ (પત્રક સામેલ છે) |

**બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ની ખાલી જ્ગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | જિલ્લો | ઘટક | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | અર્બન ઘટક-૩ | ૧ | ૭/૧૦/૦૬ |
| | | અર્બન ઘટક-૫ | ૧ | નવો ઘટક |
| ૨. | અમરેલી | ખાંભા | ૧ | ૧/૧૦/૦૬ |
| | | બાબરા | ૧ | ૭/૧૧/૦૫ |
| | | સાવરકુંડલા | ૧ | ૧/૬/૦૬ |
| અ. નં. | જિલ્લો | ઘટક | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે. |
| | | જાફરાબાદ | ૧ | ૩૧/૫/૦૪ |
| | | બગસરા | ૧ | નવો ઘટક |
| | | રાજુલા | ૧ | ૨૦/૨/૦૪ |
| ૩. | જૂનાગઢ | માંગરોળ | ૧ | ૧૯૯૯ |
| | | મેંદરડા | ૧ | ૩૧/૧૦/૦૬ |
| | | ભેંસાણ | ૧ | ૨૦૦૩ |
| ૪. | ખેડા | ઠાસરા | ૧ | ૨૬/૯/૦૬ |
| ૫. | રાજકોટ | રાજકોટ અર્બન | ૧ | ૧/૨/૦૬ |
| | | જેતપુર | ૧ | ૮/૧/૦૭ |
| ૬. | ભૂજ | લખપત (ધ્યાપર) | ૧ | ૩૦/૧૧/૦૬ |
| | | મુન્દ્રા | ૧ | ૧૮/૨/૦૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | પાટણ | સાંતલપુર | ૧ | ૧૯૯૬ |
| | કુલ :- | | ૧૭ | |

-----------

**રાજ્યમાં મહિલા હેલ્પલાઇન અંગે**

૨૨૬૦૬ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મહિલાઓના પ્રશ્નો અંગે કોઇ હેલ્પલાઇન કાર્યાન્વિત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલાં સ્થળોએ, અને | (૨) ૨૧ સ્થળોએ. |
| (૩) જો ના, તો આવી હેલ્પલાઇન શરૂ કરવાનું આયોજન છે કે કેમ ? | (૩) હેલ્પલાઈન ચાલુ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર જિલ્લામાં વિદ્યાદીપ વીમા યોજના**

૨૨૯૯૫ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૬ દરમ્યાન ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વિદ્યાદીપ વીમા યોજનાના દાવા કેટલા થયા છે, | (૧) અને (૨) : પત્રક-૧ મુજબ |
| (૨) તે પૈકી મંજૂર,નામંજૂર તથા પડતર કેટલા છે, અને | |
| (૩) નામંજૂરીના તથા પડતરના કારણો શાં છે ? | (૩) -- કુદરતી મૃત્યુ થવાથી.<br>-- પોસ્ટમોર્ટમ રીપોર્ટ રજુ ન થવાથી.<br>-- કેસમાં પુરતા આધારો રજુ ન થવાથી<br>-- વીમા કંપની દ્વારા વિદ્યાર્થીના ઘરે રૂબરૂ ચકાસણી કરતાં મૃત્યુ અકસ્માતે ન થયેલ હોવાથી<br>-- વીમા કંપનીમાં ચકાસણી હેઠળ હોવાથી<br>-- કેસો સમય-મર્યાદા બહારના હોઈ. |

**પત્રક-૧**

**પ્રાથમિક શાળાઓ**

| તાલુકાનું નામ | કુલ કેસો | મંજૂર કેસો | નામંજૂર કેસો | પડતર કેસો |
|---|---|---|---|---|
| ભાવનગર | ૧૩ | ૨ | ૩ | ૮ |
| તળાજા | ૨ | ૦ | ૦ | ૨ |
| મહુવા | ૭ | ૦ | ૩ | ૪ |
| પાલીતાણા | ૩ | ૧ | ૦ | ૨ |
| ગારીયાધાર | ૧ | ૦ | ૧ | ૦ |
| શિહોર | ૧ | ૦ | ૦ | ૧ |
| ઉમરાળા | ૧ | ૦ | ૦ | ૧ |
| વલ્લભીપુર | ૧ | ૦ | ૦ | ૧ |
| ગઢડા | ૩ | ૦ | ૧ | ૨ |
| બોટાદ | ૧ | ૦ | ૦ | ૧ |
| કુલ : | ૩૩ | ૩ | ૮ | ૨૨ |

**માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

| તાલુકાનું નામ | કુલ કેસો | મંજૂર કેસો | નામંજૂર કેસો | પડતર કેસો |
|---|---|---|---|---|
| ભાવનગર | ૩ | ૦ | ૧ | ૨ |
| તળાજા | ૧ | ૦ | ૧ | ૦ |
| મહુવા | ૨ | ૦ | ૨ | ૦ |
| પાલીતાણા | ૧ | ૦ | ૦ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ગારીયાધાર | ૧ | ૦ | ૧ | ૦ |
| શિહોર | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉમરાળા | ૦ | ૦ | ૦ | ૦ |
| વલ્લભીપુર | ૧ | ૦ | ૧ | ૦ |
| ગઢડા | ૦ | ૦ | ૦ | ૦ |
| બોટાદ | ૧ | ૦ | ૦ | ૧ |
| કુલ : | ૧૦ | ૦ | ૬ | ૪ |

-----------

**કચ્છ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મકાનોની મરામત અંગે**

૨૨૪૧૬ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ જિલ્લાની કઇ કઇ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મકાનોમાં મરામત કામગીરી કરવાની થાય છે અને તે પૈકી જોખમી મકાનો કેટલા છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલા મકાનો મરામત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું કોઈ મકાન મરામત કરવાનું નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર**

૨૨૫૨૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા ગામોમાં પંડિત દીનદયાલ સસ્તા અનાજની દુકાનો ચાલે છે, અને

(૨) અમદાવાદ જિલ્લાના એવા કેટલા ગામો છે જેને બાજુના ગામોમાં અનાજ-કેરોસીન લેવા જવું પડે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૫૦૯ ગામોમાં પંડિત દીનદયાલ સસ્તા અનાજની દુકાનો ચાલે છે.

(૨) અમદાવાદ જિલ્લાના ૧૮૬ ગામોને બાજુના ગામોમાં અનાજ-કેરોસીન લેવા જવું પડે છે.

-----------

**પ્રાથમિક શાળાઓમાં વર્ગ શિક્ષકો અને ઓરડાઓની સંખ્યા અંગે**

૨૩૦૭૬ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રાથમિક વિભાગમાં બાળકોની સંખ્યા આધારિત વર્ગ શિક્ષક અને ઓરડાઓ બનાવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ધોરણ પ્રમાણે વર્ગ ખંડ અને વર્ગ શિક્ષક મુકવા સરકાર માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત શિક્ષકનું પ્રમાણ નકકી કરવામાં આવે છે. અને શિક્ષકની સંખ્યાને આધારે ઓરડાની સંખ્યા નકકી કરવામાં આવે છે.

(૨) ના, જી.

-----------

**રાજ્યમાં ખાદ્ય તેલના ઉંચા ભાવો**

૨૩૦૭૩**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાજેતરમાં ખાદ્યતેલના ભાવો ખૂબજ ઉંચા ગયા છે તે હકીકત સાચી છે,

(૨) સંગ્રહખોરી કરતાં વેપારીઓ-ઓઇલ મિલરોને ત્યાં વર્ષ ૨૦૦૬-૦૭માં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા દરોડા પાડવામાં આવ્યા, કેટલા લોકો પકડાયા છે, અને

(૩) સરકારે તેલના ભાવ નીચા લાવવા શાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ : ૬૦૮ દરોડા પાડવામાં આવ્યા. અને ૭ વ્યક્તિઓની અટકાયત પી.બી.એમ. કાયદા હેઠળ કરવામાં આવી.

(૩) (૧) ભાવ વધારો ડામવા રાજ્યના તપાસણી

પગલાં ભરેલ છે ?

તંત્ર દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીના સમયગાળામાં ખાદ્યતેલોની કુલ : ૬૦૮ તપાસો કરાવી, જેમાં ૪૭,૯૬,૭૫૪ કીલોગ્રામ કિંમત રૂા. ૨૨.૫૨,કરોડનો ખાદ્યતેલનો જથ્થો સીઝ કરી ખાદ્યતેલો ૧,૦૫,૭૪૮ કીલોગ્રામ કિંમત રૂા. ૩૪.૬૦ લાખનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

(૨) રાજ્ય કક્ષાએથી અગ્રસચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા. ૧૭-૧-૨૦૦૭ના રોજ, તા. ૩૦-૧-૨૦૦૭ના રોજ ખાદ્યતેલોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી સ્વેચ્છિક ભાવ ઘટાડો કરવા સમજૂત કરેલ. બંધ મીલો ચાલુ કરાવવા તથા મીલોમાં રાખવામાં આવેલ જથ્થાનું પીલાણ ઝડપથી કરવાની સૂચના આપી.

(૩) જિલ્લા કક્ષાએ દરેક કલેકટરશ્રી મારફત વેપારીઓને બોલાવીને બેઠકો યોજીને ભાવ નિયંત્રણ માટે જરૂરી સૂચનાઓ આપી, તેમજ જે મીલો બંધ હતી તે ચાલુ કરાવી અને ચાલુ મીલોના મીલરોને મગફળી તેમજ સીંગદાણા પીલાણમાં મૂકી સીંગતેલનો જથ્થો વિતરણમાં મુકવા સુચનાઓ આપી.

(૪) ખાદ્યતેલના ભાવ વધારાને નિયંત્રણમાં લેવાના પગલાંના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ખાદ્યતેલો પરની કસ્ટમ ડયુટી ઘટાડવા કેન્દ્ર સરકારશ્રીને વિનંતી કરેલ હતી. જે અન્વયે કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા. ૨૪-૧-૦૭ના જાહેરનામાથી ખાદ્યતેલો પરની પ્રવર્તમાન કસ્ટમ ડયુટીમાં ૧૦% નો ઘટાડો કરી આપવામાં આવેલ છે.

-----------

## રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા ઘઉંની હલકી ગુણવત્તા

૨૩૦૩૦ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થામાં રાહત દરે અપાતા ઘઉંની ગુણવત્તા ખાવા લાયક નથી તે બાબત સાચી છે, | (૧) તે બાબત સાચી નથી. |
| (૨) જો હા, તો આ ઘઉંમાં કયા કયા પ્રકારની ખરાબીઓ જાણમાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકારે આવા ઘઉં લોકો સુધી વિતરીત ન થાય તે માટે શા પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## જામનગરમાં ઇન્ડોર ગેઇમ્સ સંકુલ

૨૨૨૪૯ **ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર શહેરમાં ઇન્ડોર ગેઇમ્સ માટે કયા પ્રકારની સુવિધા છે, | (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર શહેરમાં નીચે મુજબની ખાનગી સંસ્થાઓમાં ઇન્ડોર ગેઇમ્સ માટે ટેબલ ટેનીસ અને બેડમિન્ટન જેવી ઇન્ડોર રમતોની સુવિધા ઉપલબ્ધ છે.<br>૧. સુમેર સ્પોર્ટસ કલબ, જામનગર<br>૨. ઓફિસર્સ કલબ, જામનગર<br>૩. ગુજરાત વિદ્યુત બોર્ડ સ્પોર્ટસ કલબ, જામનગર<br>આ ઉપરાંત સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, જામનગર ખાતે પણ બેડમિન્ટન રમતની સુવિધા ઉપલબ્ધ છે. |

(૨) આ હેતુ માટે સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) જામનગર ખાતેની જે ખાનગી સંસ્થાઓમાં ઇન્ડોર ગેઇમ્સની સુવિધાઓ ઉપલબ્ધ છે તે માટે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૩) ઇન્ડોર ગેઇમ્સ માટેના સંકુલના બાંધકામ માટેનું ક્યા પ્રકારનું આયોજન છે ?

(૩) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકના જામનગર ખાતેના અજીતસિંહ ક્રિકેટ પેવેલીયનમાંની ક્રિકેટ રમતની સુવિધા, પ્રશિક્ષણ અને સ્પર્ધાઓ માટે અનુકૂળ હોઇ ત્યાં ઇન્ડોર ગેઇમ્સ માટેના સંકુલના બાંધકામ માટેનું કોઇ આયોજન નથી.

-----------

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણાધિકારીની ખાલી જગ્યા અંગે**

૨૨૯૨૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યા કેટલા સમયથી તા.૧-૨-૦૭ની સ્થિતિએ ખાલી છે,

(૧) તા.૧૭-૧-૦૫ થી.

(૨) હાલ આ જગ્યાનો ચાર્જ કોણ સંભાળે છે, અને

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યા ક્યારે ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

-----------

**કચ્છ જિલ્લામાં કુટીર ઉદ્યોગ યોજનાઓ**

૨૩૦૭૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ તેમજ ૨૦૦૬-૦૭માં તા.૩૧મી ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ કુટિર ઉદ્યોગમાં કઇ કઇ યોજનાઓનો અમલ કરવામાં આવ્યો,

(૧) મુખ્યત્વે નીચેની યોજનાઓનો અમલ કરવામાં આવેલ છે.

અ - શ્રી વાજપાઇ બેંકેબલ યોજના
બ - શ્રી વડાપ્રધાન રોજગાર યોજના
ક - માનવ કલ્યાણ યોજના

(૨) આ સમય ગાળા દરમ્યાન કેટલી ગ્રાન્ટની ફાળવણી થઇ, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટ તથા થયેલ ખર્ચ.

| અ.નં. | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૮૮.૪૬ | ૮૮.૪૬ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૨૯.૫૩ | ૨૯.૫૩ |
| ૩ | ૨૦૦૬-૦૭ | ૩૮.૦૯ | ૩૪.૫૪ |
| | કુલ | ૧૫૬.૦૮ | ૧૫૨.૫૩ |

(૩) આ યોજનામાં મહિલા લાભાર્થીઓને કુલ કેટલી રકમ ફાળવાઇ ?

(૩)

મહિલા લાભાર્થીઓને ફાળવેલ રકમ (રૂા.લાખમાં)

| અ.નં. | યોજનાનું નામ | વર્ષ | લોન | | સહાય | |
|---|---|---|---|---|---|---|
| | | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | ૨૦૦૪-૦૫ | ૨૦૧ | ૫૯.૪૭ | ૨૭૧ | ૧૭.૫૨ |
| | | ૨૦૦૫-૦૬ | ૧૩૦ | ૪૯.૨૬ | ૭૭ | ૭.૪૫ |
| | | ૨૦૦૬-૦૭ (૩૧.૧૨.૦૬ અંતિત | ૧૨૫ | ૩૨.૨૫ | ૧૦૬ | ૭.૧૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ) | | | | |
| કુલ | | | ૪૫<br>૬ | ૧૪૦.૯<br>૮ | ૪૫૪ | ૩૨.૧૧ |

| અ.નં. | યોજનાનું નામ | વર્ષ | લોન | | સહાય | |
|---|---|---|---|---|---|---|
| | | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વડાપ્રધાન શ્રી રોજગાર યોજના | ૨૦૦૪-૦૫ | ૨૧ | ૭.૩૦ | ૧૪ | ૦.૪૮ |
| | | ૨૦૦૫-૦૬ | ૧૬ | ૭.૨૦ | ૨૦ | ૦.૩૬ |
| | | ૨૦૦૬-૦૭ (૩૧.૧૨.૦૬ અંતિત) | ૫ | ૩.૩૪ | ૫ | ૦.૧૨ |
| કુલ | | | ૪૨ | ૧૭.૮૪ | ૩૯ | ૦.૯૬ |

માનવ કલ્યાણ યોજનામાં મહિલા લાભાર્થીઓને વિતરણ કરેલ ટુલ કીટ

| અ.નં. | વર્ષ | ટુલ કીટ | સહાયની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૬૮ | ૨.૫૨ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૧૮૩ | ૨.૭૫ |
| ૩ | ૨૦૦૬-૦૭ (તા.૩૧.૧૨.૦૬ અંતિત) | ૩૨૩ | ૪.૮૫ |
| | કુલ | ૬૭૪ | ૧૦.૧૨ |

-----------

## ખેડા જિલ્લામાં શિક્ષકોની ઘટ

૨૨૩૩૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ કેટલી છે, અને

(૨) આ શિક્ષકોની ઘટ સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | મહુધા | ૫૭ |
| ૨ | નડીયાદ | ૧૧૦ |
| ૩ | કઠલાલ | ૭૦ |
| ૪ | કપડવંજ | ૭૩ |
| ૫ | માતર | ૭૩ |
| ૬ | મહેમદાવાદ | ૧૦૪ |
| ૭ | ખેડા | ૬૬ |
| ૮ | ઠાસરા | ૧૦૫ |
| ૯ | વિરપુર | ૦૨ |
| ૧૦ | બાલાસિનોર | ૪૭ |
| | કુલ | ૭૦૭ |

(૨) ૪૮૬ જ્યાઓ ભરવામાં આવેલ છે.

-----------

**રાજકોટ એરપોર્ટનું અપગ્રેડેશન કરવા અંગે**

૨૨૮૭૬ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ એરપોર્ટનું અપગ્રેડેશન કરવા માટે રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત થયેલ છે, અને

(૨) એરપોર્ટ અપગ્રેડેશન માટે કેવા પ્રકારના સુધારા કરવાની દરખાસ્ત કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ગુજરાતના અગત્યના પ્રશ્નો અંતર્ગત વારંવાર રજૂઆત કરવામાં આવેલ છે.

(૨) એરપોર્ટ અપગ્રેડેશન માટે નીચે પ્રમાણેની સુધારા કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

- હયાત રનવેની લંબાઇ ૬૦૦૦ ફૂટથી ૭૫૦૦ ફુટ સુધી વધારવા માટે
- રેલ્વે ઓથોરીટી પાસે ૧,૪૭,૩૦૦ ચો.મી.ની જમીન સંપાદન કરવા અંગે
- ટર્મિનલ બિલ્ડીંગનું ક્ષેત્રફળ વધારીને તેમાં જરૂરી સુધારા કરવા અંગે
- રનવેની લંબાઇ વધારવા માટે હાલના રાજકોટ જામનગર હાઇવેને ૧૮૦૦ મીટર લંબાઇમાં ફરીથી બાંધવા માટે જરૂરી રૂા.૩.૪૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા માટે.

-----------

**કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને કન્યા કેળવણી હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

૨૨૬૧૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારત સરકારે રાજ્ય સરકારને કન્યા કેળવણી હેઠળ સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ સુધીમાં કેટલી રકમ વર્ષવાર ફાળવી,

(૨) આ ફાળવેલ રકમ પેકી વર્ષવાર તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) રાજ્ય સરકારે કન્યા કેળવણી અન્વયે તે સંબંધમાં કેટલી રકમ ફાળવી ?

**જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન નીચે કાર્યાન્વિત ""પ્રારંભિક સ્તરે કન્યાઓના શિક્ષણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ"" (એન.પી.ઇ.જી.ઇ.એલ.) અને ""કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય"" (કે.જી.બી.વી.) અંતર્ગત ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવેલ ગ્રાન્ટની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

એન.પી.ઇ.જી.ઇ.એલ.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૪૫૪.૧૪ |
| ૨૦૦૬-૦૭ | ૩૦૨.૨૫ |

કે.જી.બી.વી.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૦ |
| ૨૦૦૬-૦૭ | ૩૨૬.૭૬ |

(૨) થયેલ ખર્ચ વિગત

એન.પી.ઇ.જી.ઇ.એલ.

| વર્ષ | રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૩૧૭.૯૮ |
| ૨૦૦૬-૦૭ | ૩૬૫.૦૮ |

કે.જી.બી.વી.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૪૬.૫૫ |
| ૨૦૦૬-૦૭ | ૧૮૫.૦૯ |

(૩) રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રકમ

એન.પી.ઇ.જી.ઇ.એલ.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૯૫૦.૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૦૦.૦૦ |

કે.જી.બી.વી.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૩૫.૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧.૦૦ |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં બહેનોમાં વ્યાવસાયિક સજ્જતા અંગેની યોજનાઓ**

૨૨૯૮૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૨-૦૭ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર નિરક્ષર બહેનો માટે પરંપરાગત કલાઓ (ભરત ગૂંથણ વગેરે) ના ક્ષેત્રમાં વ્યાવસાયિક સજ્જતા વધે એવી કોઇ યોજના અમલમાં છે, અને

(૨) સરકારે આ ક્ષેત્રમાં વિકાસ માટે શું વિચારેલ છે ?

**જવાબ**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં નિરક્ષર બહેનો માટે પંરપરાગત કલાઓ (ભરત ગુંથણ વિગેરે) ના ક્ષેત્રમાં વ્યવસાયિક સજ્જતા વધે તે માટે બેંકેબલની દારિદ્રવિડા યોજના હેઠળ વ્યક્તિગત મહિલા લાભાર્થીને મહત્તમ રૂા.૫૦,૦૦૦/- સુધીની મર્યાદામાં બેંક દ્વારા લોન તથા સરકાર દ્વારા સબસીડી મહત્તમ ૪૦% ની મર્યાદામાં ચૂકવાય છે. તેમજ નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની મહિલા લાભાર્થીઓને પુનઃસ્થાપન માટે પંરપરાગત વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે.

(૨) ઉપર્યુક્ત તમામ યોજનાઓ આવતા વર્ષ ૨૦૦૭-૦૮ માટે પણ ચાલુ રાખેલ છે.

-----------

**કચ્છ જિલ્લામાં મરીન તથા માઇનીંગ ઇજનેરી કોલેજ શરુ કરવા અંગે**

૨૩૦૯૦**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મરીન એન્જીનીયરીંગ કોલેજ તથા માઇનીંગ એન્જીનીયરીંગ કોલેજ શરુ કરવાનું રાજ્ય સરકારની વિચારણામાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે શું આયોજન વિચારેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યના નાગરિકને રેશનકાર્ડ મેળવવા કરવામાં આવેલી જોગવાઇ**

૨૩૧૦૦ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વસતા નાગરિકને જીવન જરૂરિયાતની વસ્તુઓ વ્યાજબી ભાવે મળી રહે તે માટે રેશનકાર્ડ મેળવવા સામાન્ય નાગરિકને વધારે નાણાકીય ખર્ચ કરવો પડે છે અને હાડમારીઓ ભોગવવી પડે છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) રેશનકાર્ડ મેળવવાની જટીલ પ્રક્રિયાને સરકાર સરળ બનાવવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) સામાન્ય નાગરિકને રેશનકાર્ડ મેળવવા ઠરાવેલ ચાર્જ ઉપરાંત વધારે નાણાંકીય ખર્ચ ભોગવવો પડે છે, અને હાડમારીઓ ભોગવવી પડે છે તે હકીકત ખરી નથી.

(૨) રેશનકાર્ડ મેળવવાની પ્રક્રિયા જટિલ નથી પરંતુ સરળ છે જ.

-----------

## વડોદરા જિલ્લામાં દિકરી સ્ત્રી સાચી મૂડી યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૨૫૩૬ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિની બહેનો માટેની દિકરી રુડી-સાચી મૂડી યોજના હાલ ચાલુ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સહાય મેળવવા વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન કેટલી અરજીઓ આવી, ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવા અંગ

૨૨૦૨૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા.૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગો વધારવાની કેટલી માંગણી આવી,

(૧)

| ક્રમ | તાલુકો | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વઢવાણ | ૯ | ૦૮ | ૧૭ |
| ૨ | ચુડા | ૨ | -- | ૦૨ |
| ૩ | ધાંગધ્રા | ૩ | -- | ૦૩ |
| ૪ | હળવદ | ૫ | -- | ૦૫ |
| ૫ | પાટડી | ૫ | ૦૧ | ૦૬ |
| ૬ | મુળી | ૧ | -- | ૦૧ |
| ૭ | સાયલા | ૫ | -- | ૦૫ |
| ૮ | ચોટીલા | ૩ | -- | ૦૩ |
| | કુલ | ૩૩ | ૦૯ | ૪૨ |

(૨) તે પૈકી ચોટીલા અને સાયલા તાલુકાની કેટલી માંગણીઓ આવી,

(૨)

| તાલુકો | માધ્યમિક | કુલ |
|---|---|---|
| ચોટીલા | ૦૩ | ૦૩ |
| સાયલા | ૦૫ | ૦૫ |

ઉચ્ચતર માધ્યમિક માટે દરખાસ્ત મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કેટલી મંજૂર કરી કેટલી નામંજૂર અને કેટલી પડતર છે, અને

(૩)

| તાલુકો | માધ્યમિક | | |
|---|---|---|---|
| | મંજૂર | ના મંજૂર | પડતર |
| ચોટીલા | ૦૨ | ૦૧ | -- |
| સાયલા | ૦૪ | ૦૧ | -- |

ઉચ્ચતર માધ્યમિક માટે દરખાસ્ત મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પડતર મંગણીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની સંખ્યા અને ગેરરીતિઓ**

૨૩૦૯૩ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૦૭ અંતિત તાલુકાવાર દીનદયાળ ગ્રાહકભંડાર કેટલા આવેલ છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૦૭ અંતિત તાલુકાવાર કુલ-૬૧૦ દીનદયાલ ગ્રાહક ભંડાર આવેલ છે. (તાલુકાવાર પત્રક-૧ સામેલ છે.)

**પ ત્ર ક - ૧**

કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૦૭ અંતિત ૬૧૦ નીચેની વિગતે તાલુકાવાર દીનદયાળ ગ્રાહક ભંડાર આવેલા છે.

| અ.નં. | તાલુકાનું નામ | પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ભૂજ | ૧૩૪ |
| ૨. | માંડવી | ૭૦ |
| ૩. | મુંદરા | ૪૦ |
| ૪. | ગાંધીધામ | ૪૮ |
| ૫. | અંજાર | ૫૩ |
| ૬. | ભચાઉ | ૬૫ |
| ૭. | રાપર | ૬૯ |
| ૮. | નખત્રાણા | ૫૫ |
| ૯. | અબડાસા | ૫૨ |
| ૧૦. | લખપત | ૨૪ |
| | કુલ | ૬૧૦ |

(૨) ગ્રાહક ભંડારો પર કરવામાં આવેલ ચેકીંગમાં તાલુકાવાર કેટલી ગેરરીતિઓ જાણવા મળેલ છે, અને

(૨) ગ્રાહક ભંડાર પર કરવામાં આવેલ ચેકીંગમાં વર્ષ ૨૦૦૬ તથા જાન્યુ-૨૦૦૭ સુધીમાં ૨૦ કિસ્સામાં ગેરરીતિઓ જોવા મળેલ છે, અને (તાલુકાવાર પત્રક-૨ સામેલ છે.)

**પ ત્ર ક - ૨**

કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૦૭ અંતિત તાલુકાવાર દીનદયાળ ગ્રાહક ભંડારની તપાસ અન્વયે ગેરરીતિ જણાયેલ કેસોનું પત્રક

| | | |
|---|---|---|
| ૧. | ભૂજ | ૪ |
| ૨. | માંડવી | ૧ |
| ૩. | મુંદરા | ૪ |
| ૪. | ગાંધીધામ | ૧ |
| ૫. | અંજાર | ૧ |
| ૬. | ભચાઉ | ૩ |
| ૭. | રાપર | ૩ |
| ૮. | નખત્રાણા | ૦ |
| ૯. | અબડાસા | ૩ |
| ૧૦. | લખપત | ૦ |
| | કુલ | ૨૦ |

(૩) તેના પર શાં પગલાં લેવામાં આવેલ છે?

(૩) તપાસમાં જણાયેલ ગેરરીતિઓ અન્વયે ૮ પરવાના મોકૂફ અને ૧૦ પરવાના રદ કરવામાં આવેલ છે. રૂા.૮૮,૦૦૦/- ની રકમની ડીપોઝીટ રાજ્યસાત કરવામાં આવેલ છે. રૂા.૭૦૫૫૬/- નો જથ્થો સીઝર કરી રૂા.૩૫,૯૬૮/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. ૩ કેસમાં ૩ વ્યક્તિ સામે પી.બી.એમ. હેઠળ

કેસ કરવામાં આવેલ છે અને ૨ કેસમાં ચાર વ્યક્તિ સામે કોર્ટ કેસ કરવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ અંગે**

૨૩૦૬૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટેની આર.જે.શાહ સમિતિની રચના ક્યારે કરવામાં આવેલ છે, અને | (૧) તા.૨૬-૧૨-૨૦૦૩ના ઠરાવથી ફી સમિતિ અને પરીક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે. |
| (૨) સમિતિએ ઉચ્ચ શિક્ષણના ઇજનેરી શાખામાં કેટલા વિદ્યાર્થીઓને સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં પ્રવેશ આપ્યો અને કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૨) ઇજનેરી શાખામાં પ્રવેશની કામગીરી આ સમિતિના કાર્યક્ષેત્રમાં નથી. |

-----------

**ગેસ સિલિન્ડરની અછત**

૨૨૪૮૧**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં હાલમાં ગૃહિણીઓને રાંધણગેસ મળતો નથી અને ગેસ સિલિન્ડરોની રાજ્ય વ્યાપી અછત ઉભી થઇ છે આ હકીક્ત સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર સમસ્યાના કાયમી નિરાકરણ માટે શાં પગલાં ભરી રહી છે ? | (૨) (અ) ગેસનો બેક્લોગ ઘટાડવા માટે ઓઇલ કંપનીઓના અધિકારીશ્રીઓ સાથે અવાર નવાર બેઠકો યોજી ગેસના બેક્લોગની સમીક્ષા કરવામાં આવે છે, વાપરનાર ગ્રાહક વર્ગને સરળતાથી ગેસ ઉપલબ્ધ થઇ શકે તે માટે પૂરતો ગેસનો જથ્થો પુરો પાડવા સબંધિત ઓઇલ કંપનીઓને સૂચનાઓ આપવામાં આવે છે. તેમજ તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(બ) જરૂરીયાતમંદ ગ્રાહકોને ગેસનો પુરતો જથ્થો ઉપલબ્ધ થાય અને ગેસનાં જથ્થાનું અન્ય વાણિજ્ય હેતુ માટે દુરૂપયોગ ન થાય તે માટે તપાસણી તંત્ર દ્વારા ગેસ વિતરકો, વાહનો, હોટલો-રેસ્ટોરન્ટો, લારી ગલ્લા અને ઓદ્યોગિક એકમોની તપાસણી કરી કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. |

-----------

**વિરમગામ તાલુકાને કેરોસીનની ફાળવણી**

૨૨૨૪૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વિરમગામ શહેર અને તાલુકામાં કેરોસીનનો પુરવઠો છેલ્લા બે વર્ષથી જરૂરીયાત કરતાં ઓછો ફાળવવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પુરતો જથ્થો ફાળવવા શું આયોજન છે ? | (૨) ૧. કેન્દ્ર સરકારશ્રીને અવારનવાર રાજ્યને કરવામાં આવતી કેરોસીનની ફાળવણીમાં વધારો કરવા અનુરોધ કરવામાં આવેલ છે.<br>૨. કેન્દ્ર સરકારશ્રી દ્વારા રાજ્યને કરવામાં આવતી કેરોસીનની ફાળવણીની મર્યાદામાં રહી તમામ કેરોસીનને પાત્ર કાર્ડ ધારકોને એક્સમાન ધોરણે પુરતું કેરોસીન |

ઉપલબ્ધ કરાવી શકાય તેવા આશયથી ૩ વ્યક્તિ સુધીના નોનગેસ કાર્ડ ધારકોને માસિક ૫ લીટર અને ૪ કે તેથી વધુ વ્યક્તિના કાર્ડધારકોને ૧૦ લીટરના ધોરણે કેરોસીન વિતરણ કરવાની નીતિ માહે મે-૦૬ થી અમલમાં મુકેલ છે.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ થતો ખર્ચ**

૨૨૯૪૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ક્યા ક્યા પ્રોગ્રામ પાછળ ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો :-

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ૧ | ડીસા | ૮,૭૬,૦૩૯ | ૪,૨૯,૪૦૭ |
| ૨ | પાલનપુર | ૩,૬૬,૯૬૯ | ૫૧,૨૨૦ |
| ૩ | વાવ | ૬,૮૬૨ | ૮,૬૩૦ |
| ૪ | દાંતીવાડા | ૧૮,૬૨૮ | ૫,૭૦૦ |
| ૫ | થરાદ | ૨૪,૧૮૪ | ૪,૨૦૭ |
| ૬ | વડગામ | ૫૧,૪૯૫ | ૩૪,૩૫૮ |
| ૭ | દાંતા | ૪,૪૬,૩૫૪ | ૧૨,૭૪૦ |
| ૮ | દિયોદર | ૧૪,૧૮૨ | ૩૫,૦૮૨ |
| ૯ | અમીરગઢ | ૮,૮૯૭ | ૯,૫૪૫ |
| ૧૦ | ધાનેરા | ૫,૯૮૭ | ૮,૪૮૮ |
| ૧૧ | ભાભર | ૪,૧૦૧ | ૩,૮૫૦ |
| ૧૨ | કાંકરેજ | ૩૩,૩૪૩ | ૫,૬૩૮ |
| | કુલ રૂા. | ૧૮,૫૭,૦૪૧ | ૬,૦૮,૮૬૫ |

(૨) રમત-ગમત પ્રવૃત્તિઓમાં શાળાકીય રમતોત્સવ, બાળ રમતોત્સવ, ગ્રામીણ રમતોત્સવ, મહિલા રમતોત્સવ, અન્ય રમતો, ઉનાળુ વેકેશન કોચીંગ કેન્દ્ર, એનએસટીસી/એસપીડીએ કસોટીઓ, આદિવાસી પ્રતિભાશોધ કસોટીઓ, સ્વામી વિવેકાનંદ હીલ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ, ક્રિકેટ કસોટીઓ અને યુવા પ્રવૃત્તિઓમાં યુવા ઉત્સવ, જિલ્લા યોગાસન તાલીમ શીબીર, ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગરબા-રાસ સ્પર્ધા, બાળ નાટ્ય સ્પર્ધા, ડૉ. આંબેડકર જન્મ જ્યંતિ ઉજવણી, લોક ડાયરો પાછળ ખર્ચ કરવામાં આવ્યો હતો.

-----------

**રાજ્યમાં રેશનકાર્ડ અલગ કરવાની પધ્ધતિ**

૨૨૨૯૧ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧લી ફેબ્રુઆરી ૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં દશથી વધારે કુટુંબના સભ્યો હોય તો જ રેશનકાર્ડ અલગ કરી આપવાનો કોઈ હુકમ અમલમાં છે,

(૨) રેશનકાર્ડ અલગ કરવા માટે હાલમાં કેવા

**જવાબ**

(૧) ના, જી.

(૨) રેશનકાર્ડ અલગ કરવા માટે હાલમાં મળતી

પ્રકારની પધ્ધતિ અમલમાં છે, તથા એક રેશનકાર્ડમાં કેટલા સભ્યો હોય તો કાર્ડ અલગ કરી આપવામાં આવે છે, અને

અરજીઓની વિગતવાર ચકાસણી કરવામાં આવે છે તેમજ હકીકતમાં કુટુંબના સભ્યો અલગ રહેતા હોય તેવા કિસ્સાની પ્રત્યક્ષ ખરાઇ કરી પુરતા પુરાવા મેળવી અલગ રેશનકાર્ડ કાઢી આપવામાં આવે છે. તેમાં હાલના સમયમાં કાર્ડ અલગ કરી આપવા માટે સભ્યોની સંખ્યા વિચારણામાં લેવામાં આવતી નથી.

(૩) માતર અને ખેડા તાલુકામાં રેશનકાર્ડ અલગ કરવાની કેટલી અરજીઓ પેન્ડીંગ છે ?

(૩) તાલુકો બાકી અરજીઓ
ખેડા - ૨૬
માતર - ૦૦

-----------

**વલસાડ જિલ્લામાં વિદ્યા સહાયકોની ભરતી**

૨૨૨૫૨ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વિદ્યા સહાયકોની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરવામાં આવી, અને

(૨) કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) વર્ષ સંખ્યા
૨૦૦૪-૦૫ ૨૪૨
૨૦૦૫-૦૬ --

(૨) ૪૭૧
ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

-----------

**અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ ધારકોને કેરોસીન મેળવવામાં પડતી મશ્કેલીઓ**

૨૩૦૨૭**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગેસ કનેકશન ના હોય છતાં ગેસ કનેકશનના સિકકા માર્યા હોવાની ફરિયાદો મળી છે કે કેમ, અને

(૨) આવા રેશનકાર્ડ ધારકોને કેરોસીન મેળવવામાં તકલીફ ના પડે તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આવી ફરિયાદો અંગે તાત્કાલીક તપાસ કરાવી જેમના ઘરે ગેસ ન જણાયેલ હોય તેઓના રેશનકાર્ડમાં ગેસ હોવા અંગેના સિક્કા કમી કરી કેરોસીનનો જથ્થો આપવાપાત્ર નોનગેસ કાર્ડ ગણવામાં આવેલ છે અને કેરોસીનનો જથ્થો આપવામાં આવેલ છે.

-----------

**રાજકોટ જિલ્લામાં કુટિર ઉદ્યોગ**

૨૨૪૮૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર કુટિર ઉદ્યોગ માટેની કેટલી અરજીઓ તાલુકાવાર આવી, અને કેટલી મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) (અ) આવેલ અરજીઓ

| અ. નં. | તાલુકો | શ્રી વાજપાઇ બેન્કેબલ | | પી.એમ.આર.વા ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦ ૫ | ૨૦૦ ૬ | ૨૦૦ ૫ | ૨૦૦ ૬ | |
| ૧ | ધોરાજી | ૧૧૩ | ૨૧૦ | ૪૦ | ૪૩ | ૪૦૬ |
| ૨ | ગોંડલ | ૧૯૭ | ૧૭૬ | ૯૫ | ૧૦૯ | ૫૭૭ |
| ૩ | જામ કંડોરણા | ૭૩ | ૪૧ | ૨૩ | ૧૭ | ૧૫૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | જસદણ | ૫૫ | ૫૭ | ૪૪ | ૩૩ | ૧૮૯ |
| ૫ | જેતપુર | ૧૦૧ | ૭૫ | ૪૬ | ૪૩ | ૨૬૫ |
| ૬ | કોટડા સાંગાણી | ૩૪ | ૨૭ | ૧૩ | ૯ | ૮૩ |
| ૭ | લોધીકા | ૨૪ | ૧૮ | ૯ | ૫ | ૫૬ |
| ૮ | માળીયા મીયાણા | ૧ | ૧૭ | ૬ | ૪ | ૪૩ |
| ૯ | મોરબી | ૧૨૧ | ૧૧૨ | ૭૦ | ૪૧ | ૩૪૪ |
| ૧૦ | પડધરી | ૨૭ | ૨૨ | ૧૬ | ૧૩ | ૭૮ |
| ૧૧ | રાજકોટ | ૬૪૧ | ૫૫૫ | ૨૯૮ | ૧૫૬ | ૧૬૫૦ |
| ૧૨ | ટંકારા | ૫૧ | ૩૪ | ૧૮ | ૫ | ૧૦૮ |
| ૧૩ | ઉપલેટા | ૧૯૩ | ૩૨૫ | ૪૨ | ૩૨ | ૬૨૪ |
| ૧૪ | વાંકાનેર | ૮૭ | ૧૪૧ | ૪૨ | ૩૨ | ૩૦૨ |

(બ) બેન્કો દ્વારા મંજૂર કરેલ અરજીઓ

| અ. નં. | તાલુકો | | | પી.એમ.આર.વાય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૦૫ | ૨૦૦૬ | |
| ૧ | ધોરાજી | ૭૬ | ૯૬ | ૬ | ૧૭ | ૧૯૫ |
| ૨ | ગોંડલ | ૮૦ | ૭૪ | ૩૫ | ૩૬ | ૨૨૫ |
| ૩ | જામ કંડોરણા | ૪૫ | ૨૩ | ૩ | ૮ | ૭૬ |
| ૪ | જસદણ | ૨૭ | ૧૮ | ૨૨ | ૯ | ૭૬ |
| ૫ | જેતપુર | ૩૭ | ૩૪ | ૧૦ | ૧૦ | ૯૧ |
| ૬ | કોટડા સાંગાણી | ૧૭ | ૧૪ | ૫ | ૨ | ૩૮ |
| ૭ | લોધીકા | ૨૦ | ૯ | ૪ | ૨ | ૩૫ |
| ૮ | માળીયા મીયાણા | ૭ | ૮ | ૩ | ૦ | ૧૮ |
| ૯ | મોરબી | ૬૭ | ૫૭ | ૨૮ | ૨૨ | ૧૭૪ |
| ૧૦ | પડધરી | ૨૦ | ૫ | ૬ | ૮ | ૩૯ |
| ૧૧ | રાજકોટ | ૩૨૧ | ૨૦૫ | ૭૩ | ૫૩ | ૬૫૨ |
| ૧૨ | ટંકારા | ૩૬ | ૧૮ | ૪ | ૩ | ૬૧ |
| ૧૩ | ઉપલેટા | ૧૦૭ | ૧૧૨ | ૨૬ | ૧૫ | ૨૬૦ |
| ૧૪ | વાંકાનેર | ૫૪ | ૬૬ | ૧૬ | ૭ | ૧૪૩ |

(૨) તે અંગે કેટલી સબસીડી ચુકવવામાં આવી, અને

(૨) ચૂકવાયેલ સબસીડી

(અ) શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના (રૂા. લાખમાં)

| અ.નં. | તાલુકો | ૨૦૦૫ | | ૨૦૦૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ |
| ૧ | ધોરાજી | ૩૦ | ૨.૫૮ | ૭૧ | ૭.૭૪ | ૧૦૧ | ૧૦.૩૨ |
| ૨ | ગોંડલ | ૫૦ | ૪.૪૬ | ૬૫ | ૬.૧૯ | ૧૧૫ | ૧૦.૬૫ |
| ૩ | જામ કંડોરણા | ૨૩ | ૧.૯૭ | ૪૧ | ૩.૬૦ | ૬૪ | ૫.૫૭ |
| ૪ | જસદણ | ૧૫ | ૧.૨૧ | ૨૩ | ૨.૩૪ | ૩૮ | ૩.૫૫ |
| ૫ | જેતપુર | ૧૫ | ૧.૨૨ | ૩૪ | ૨.૯૭ | ૪૯ | ૪.૧૯ |
| ૬ | કોટડા સાંગાણી | ૧૪ | ૧.૧૮ | ૧૫ | ૧.૭૩ | ૨૯ | ૨.૯૧ |
| ૭ | લોધીકા | ૧૨ | ૧.૪૫ | ૯ | ૦.૮૭ | ૨૧ | ૨.૩૨ |
| ૮ | માળીયા મીયાણા | ૨ | ૦.૧૭ | ૬ | ૦.૪૪ | ૮ | ૦.૬૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | મોરબી | ૨૮ | ૨.૫૪ | ૬૩ | ૪.૯૮ | ૯૧ | ૭.૫૨ |
| ૧૦ | પડધરી | ૧૨ | ૧.૧૩ | ૭ | ૦.૬૯ | ૧૯ | ૧.૮૨ |
| ૧૧ | રાજકોટ | ૧૮૮ | ૨૦.૯૭ | ૨૧૩ | ૨૩.૦૯ | ૪૦૧ | ૪૪.૦૬ |
| ૧૨ | ટંકારા | ૨૫ | ૨.૧૭ | ૨૪ | ૧.૮૩ | ૪૯ | ૪.૦૦ |
| ૧૩ | ઉપલેટા | ૫૨ | ૪.૨૩ | ૧૩૦ | ૧૦.૧૦ | ૧૮૨ | ૧૪.૩૩ |
| ૧૪ | વાંકાનેર | ૩૫ | ૨.૬૩ | ૪૪ | ૩.૬૫ | ૭૯ | ૬.૨૮ |

(બ) પી.એમ.આર.વાય.યોજના (રૂા. લાખમાં)

| અ.નં. | તાલુકો | ૨૦૦૫ | | ૨૦૦૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ |
| ૧ | ધોરાજી | ૬ | ૦.૧૯ | ૪ | ૦.૧૪ | ૧૦ | ૦.૩૩ |
| ૨ | ગોંડલ | ૧૧ | ૦.૨૮ | ૧૩ | ૦.૩૨ | ૨૪ | ૦.૬૦ |
| ૩ | જામ કંડોરણા | ૦ | ૦.૦૦ | ૧૦ | ૦.૨૬ | ૧૦ | ૦.૨૬ |
| ૪ | જસદણ | ૩ | ૦.૦૫ | ૭ | ૦.૧૮ | ૧૦ | ૦.૨૩ |
| ૫ | જેતપુર | ૯ | ૦.૧૯ | ૫ | ૦.૧૪ | ૧૪ | ૦.૩૩ |
| ૬ | કોટડા સાંગાણી | ૧ | ૦.૦૨ | ૫ | ૦.૦૯ | ૬ | ૦.૧૧ |
| ૭ | લોધીકા | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૮ | માળીયા મીયાણા | ૨ | ૦.૦૩ | ૦ | ૦.૦૦ | ૨ | ૦.૦૩ |
| ૯ | મોરબી | ૮ | ૦.૩૨ | ૧૮ | ૦.૬૬ | ૨૬ | ૦.૯૮ |
| ૧૦ | પડધરી | ૩ | ૦.૦૮ | ૨ | ૦.૦૪ | ૫ | ૦.૧૨ |
| ૧૧ | રાજકોટ | ૩૩ | ૧.૧૨ | ૨૭ | ૦.૮૧ | ૬૦ | ૧.૯૩ |
| ૧૨ | ટંકારા | ૨ | ૦.૦૫ | ૩ | ૦.૧૪ | ૫ | ૦.૧૯ |
| ૧૩ | ઉપલેટા | ૩ | ૦.૦૬ | ૧૫ | ૦.૪૧ | ૧૮ | ૦.૪૭ |
| ૧૪ | વાંકાનેર | ૧૦ | ૦.૪૦ | ૪ | ૦.૧૬ | ૧૪ | ૦.૫૬ |

(૩) કેટલી અરજી પડતર છે તેનો નિકાલ ક્યારે હાથ ધરવામાં આવશે ?

(૩) તા. ૩૧-૧૨-૦૬ના રોજ પડતર અરજીઓ

| ક્રમ | યોજના | કેન્દ્ર કક્ષા | બેન્ક કક્ષા |
|---|---|---|---|
| ૧ | શ્રી વાજપાઇ બેન્કેબલ | ૨૪૫ | ૮૦૭ |
| ૨ | પી.એમ.આર.વાય. | ૧૧૧ | ૨૭૦ |

પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

-----------

## અમરેલી જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ અંગે

૨૨૪૧૫**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં જિલ્લાના દરેક તાલુકામાંથી

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કુલ ૩૬૫૧ ભૂતિયા રેશનકાર્ડ રદ

કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવેલ છે, અને

(૨) જેની પાસે ખોટા કાર્ડો હતા તેની સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે ?

કરવામાં આવેલ છે. (તાલુકાવાર પત્રક સામેલ છે.)

(૨) બોગસ કાર્ડ નાબુદી ઝૂંબેશ દરમ્યાન તાલુકા કક્ષાએ તાલુકા કચેરીમાં અને સ્થાનિક વાજબી ભાવની દુકાનોમાં મૂકવામાં આવેલ પેટીમાં સ્વેચ્છાએ ભૂતિયાકાર્ડ જમા થયેલ છે. કોઇ વ્યક્તિ પાસેથી કાર્ડ જપ્ત કરવામાં આવેલ ન હોઇ, કોઇ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

**પત્રક**
**અમરેલી જિલ્લામાં સને ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષ દરમ્યાન રદ કરેલ ભૂતિયા રેશનકાર્ડની માહિતી દર્શાવતું પત્રક (તાલુકાવાર)**

**વર્ષ-૨૦૦૫**

| અ.નં. | વર્ષ-૨૦૦૫ રદ કરેલ ભૂતિયા કાર્ડ | | | વર્ષ-૨૦૦૬ રદ કરેલ ભૂતિયા કાર્ડ | |
|---|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | કાર્ડ | જનસંખ્યા | કાર્ડ | જનસંખ્યા |
| (૧) | અમરેલી | -- | -- | ૧૮૦ | ૭૧૩ |
| (૨) | લાઠી | -- | -- | ૩૮૭ | ૧૮૨૩ |
| (૩) | બાબરા | ૮ | ૩૨ | ૭૪ | ૮૩૭ |
| (૪) | ધારી | -- | -- | ૪૨૫ | ૨૩૭૭ |
| (૫) | લીલીયા | -- | -- | ૨૭૩ | ૨૪૩૮ |
| (૬) | વડીયા | -- | -- | ૨૫ | ૮૮ |
| (૭) | બગસરા | ૨૩ | ૯૫ | ૧૧૯ | ૭૪૨ |
| (૮) | ખાંભા | ૨૦ | ૯૯ | ૧૮૩ | ૬૩૧ |
| (૯) | સાવરકુંડલા | ૮૯ | ૧૫૧૨ | ૧૨૭૩ | ૧૬૦૮૬ |
| (૧૦) | રાજુલા | -- | -- | ૩૩૯ | ૨૧૪૯ |
| (૧૧) | જાફરાબાદ | ૯૨ | ૪૩૦ | ૧૪૧ | ૬૫૨ |
| | કુલ... | ૨૩૨ | ૨૧૬૮ | ૩૪૧૯ | ૨૮૫૭૬ |

-----------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં વિદ્યા સહાયકોની ખાલી જગાઓ**

૨૨૬૧૦**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં વિદ્યાસહાયકોની કેટલી જગાઓ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાલી છે, અને

(૨) આ ખાલી જગાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | માંડવી | ૩૨ |
| ૨ | સોનગઢ | ૫૦ |
| ૩ | ઉચ્છલ | ૩૫ |
| ૪ | નિઝર | ૧૫૦ |
| | **કુલ...** | **૨૬૭** |

(૨) ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

-----------

**રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા અંગે**

૨૨૯૯૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેબલ તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ શરૂ કરવાની

**જવાબ**

(૧) નોન ગ્રાન્ટેબલ-એકપણ નહીં.
ગ્રાન્ટેબલ કરવા માટે- માધ્યમિક શાળા-૪૪
ઉચ્ચત્તર માધ્યમિક શાળા-૪૦

અરજીઓ પડતર છે,

(૨) તે પૈકી પંચમહાલ જિલ્લાની શહેરા અને લુણાવાડા તાલુકાની કેટલી, અને

(૨) શહેરા તાલુકા -૨
લુણાવાડા -૦

(૩) આવી શાળાઓને ક્યારે મંજૂરી આપવામાં આવશે ?

(૩) તા. ૮-૩-૨૦૦૭ના રોજ હુકમ કરેલ છે.

-----------

## ભરૂચ, વાગરા અને આમોદ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી માધ્યમિક શાળાઓ

૨૩૦૧૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ વાગરા, આમોદ અને ભરૂચ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી માધ્યમિક શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉપરોક્ત તાલુકાઓનો ઓદ્યોગિક વિકાસ ઝડપી બનતા તેને ધ્યાને લઈ વધારાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ખોલવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) માધ્યમિક શાળામાં અલગ વિજ્ઞાન પ્રવાહ હોતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## બાબરા અને વડીયામાં કેરોસીનની ફાળવણી

૨૩૦૬૬**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ નવા રેશન કાર્ડ કાઢ્યા પછી અમરેલી જિલ્લાના બાબરા અને વડીયામાં કેટલા સમયમાં કેરોસીન આપવામાં આવેલ છે,

(૨) સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં આ બાબતે કોઈ ફરિયાદ મળેલ છે કે નહીં, અને

(૩) ફરિયાદ મળેલ હોય તો તે પર કોઈ અમલવારી કરેલ છે કે નહીં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નવા રેશનકાર્ડ કાઢયા પછી અમરેલી જિલ્લાના બાબરા અને વડીયામાં તુરતના માસથી કાર્ડ ધારકોને કેરોસીન આપવામાં આવે છે.

(૨) સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં માન. ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉઘાડના તા. ૧૧-૧૧-૦૬ના પત્રથી ફરિયાદ મળેલ છે.

(૩) બાબરા અને વડીયા તાલુકામાં નવા રેશનકાર્ડ કાઢયા પછી તુરતના માસથી કાર્ડ ધારકોને કેરોસીન આપવામાં આવતું હોવાથી ફરિયાદ અન્વયે અમલવારી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

-----------

## અમદાવાદ શહેરના એરપોર્ટના વિકાસ અંગે

૨૨૭૭૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરનું એરપોર્ટ ઈન્ટરનેશનલ લેવલનું બનાવવા માટે ખૂટતી સુવિધાઓ સત્વરે પૂરી પાડવા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે રજૂઆત કરી છે, અને

(૨) આ અંગે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરના સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રિય એરપોર્ટમાં સુવિધાઓ ઉભી કરવા કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના અગત્યના પ્રશ્નો અંતર્ગત વારંવાર રજૂઆત કરવામાં આવેલ છે.

(૨) (અ) એકી સાથે ૬૦૦ પેસેન્જરો માટે એરોબ્રીજ સહિત બધીજ આધુનિક પેસેન્જર હેન્ડલીંગ સુવિધાઓ સાથેનું રૂા. ૪૬.૦૯ કરોડનું ડોમેસ્ટીક ડીપાર્ચર બીલ્ડીંગ ડીસેમ્બર-૨૦૦૫માં વપરાશમાં આવેલ છે.

(બ) રૂા. ૫૬.૯૪ કરોડના ખર્ચે બંધાઈ રહેલ નવું ડોમેસ્ટીક એરાઈવલ બીલ્ડીંગનું બાંધકામ હાલમાં પ્રગતિમાં છે, જેમાં ૮૦૦ પેસેન્જર સમાવી શકાય તેવી

સુવિધા છે.

(ક) ૫૦૦ એરાઈવલ અને ૫૦૦ ડીપાર્ચર પેસેન્જરો સમાવી શકે તેવું અને ૨૭૨૩૧ ચો. મીટર ક્ષેત્રફળ ધરાવતું રૂા. ૧૯૫.૯૨ કરોડના ખર્ચે તૈયાર થનાર નવા આંતરરાષ્ટ્રિય ટર્મિનલ બીલ્ડીંગનું બાંધકામ હાલમાં પ્રગતિમાં છે.

-----------

**કેન્દ્ર સરકાર તરફથી કેરોસીનની ફાળવણી**

૨૨૨૪૩ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને કેરોસીનનો જથ્થો છેલ્લા એક વર્ષમાં કેટલો ફાળવવામાં આવ્યો, અને | (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં (માહે ફેબ્રુઆરી-૦૬ થી જાન્યુઆરી-૦૭) કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને કુલ : ૯,૫૫,૭૨૮ કિલોલીટર કેરોસીનની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો ? | (૨) તે અન્વયે કુલ : ૯,૫૫,૬૬૯ કિ.લી. જથ્થો ઉપાડવામાં આવેલ છે. |

-----------

**મહિલા સશક્તિકરણ અંગે પગલાં**

૨૨૩૫૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં મહિલા સશક્તિકરણ માટે મહિલા સ્વ સહાય જૂથ જેવી કોઈ યોજના ચાલુ કરવા સરકારની વિચારણામાં છે, | (૧) હાલમાં રાજ્યમાં ""સ્વયંસિધ્ધા પરિયોજના"" હેઠળ ૨૭ બ્લોક્માં સ્વસહાય જૂથો બનાવતી યોજના અમલમાં છે. તદ્ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ""સખી મંડળ યોજના"" પણ અમલમાં મુકવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો રાજ્યમાં ક્યારથી કાર્યરત થશે, અને | (૨) ""સ્વયંસિધ્ધા પરિયોજના"" ૨૦૦૧-૦૨થી અમલમાં છે અને ગ્રામ વિકાસની ""સખી મંડળ યોજના"" ની પ્રારંભિક પ્રવૃત્તિઓ તા. ૨-૨-૦૭ થી હાથ ધરાયેલ છે. |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહિલા સશક્તિકરણ માટે ક્યા ક્યા કાર્યક્રમો ચાલે છે ? | (૩) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ મહિલાઓના સામાજિક અને આર્થિક સશક્તિકરણ માટે સમગ્ર રાજ્યમાં શક્તિ સમન્વય યોજના, ઘર દિવડા યોજના, જનરલ તાલીમ યોજના, મહિલા જાગૃતિ શિબિર, કેન્દ્રીય પુરસ્કૃત સ્વયંસિધ્ધા, મહિલા સેમીનાર, મહિલા સંમેલનો તથા પ્રદર્શન સહ વેચાણ યોજનાઓ અમલમાં છે. |

-----------

**જુનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

૨૩૦૯૭ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક શાળાના ઓરડાની ઘ ટ છે, અને | (૧) ૧૩૫૬. |
| (૨) આ ઘટ રાજ્ય સરકાર ક્યાં સુધીમાં કઈ યોજના નીચે પૂર્ણ કરવા માંગે છે ? | (૨) જેમ બને તેમ જલ્દી, રાજ્ય સરકારની ઈડીએન : ૨ યોજના હેઠળ તેમજ એસ.એસ.એ. યોજના હેઠળ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે. |

-----------

## પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોનું આધુનિકરણ કરવા અંગે

૨૨૯૯૭ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગરીબ મધ્યમ વર્ગના ગ્રાહકોને લાભ થાય અને જીવન જરૂરી ચીજવસ્તુઓ વાજબી ભાવે મળી રહે તે માટે સરકાર દિનદયાળ ગ્રાહક ભંડારોનું આધુનિકરણ કરવા માંગે છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારે તા. ૩-૩-૨૦૦૬ના ઠરાવથી એફ.પી.એસ. મોડલ સેન્ટરની યોજના અમલમાં મુકેલ છે. જેમાં વાજબી ભાવની દુકાનેથી ગ્રાહક ઉપયોગી તમામ ચીજવસ્તુઓનું વેચાણ કરવાની છૂટ આપવામાં આવેલ છે. તથા દુકાનદારોને બેંકો તરફથી લોન મળે તે માટે સરકારે બેંકો સાથે ચર્ચા વિચારણા કરેલ છે. દેના બેંક તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ આવા મોડલ સેન્ટરના સંચાલકોને લોન આપવા યોજના અમલમાં મૂકેલ છે.

-----------

## ભૂજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં શિક્ષિત બેરોજગારોની અરજીઓ

૨૨૪૧૭ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભૂજ ધ્વારા કુલ કેટલા શિક્ષિત બેરોજગારોને કુટિર ઉદ્યોગ માટેની અરજીઓ મંજૂર કરી બેંક ધીરાણ અને સબસીડી સહિતનાં લાભો આપવામાં આવ્યા છે,

(૨) તે પેકી કેટલા લાભાર્થીઓની અરજીઓ પડતર છે, અને

(૩) વિલંબના કારણો શા છે અને કેટલા સમયમાં અરજીઓનો નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૨૦૦૭ સુધીની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | ભલામણ | બેન્ક ધ્વારા કરેલ ધિરાણ | | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી ચૂકવાયેલ સબસીડી | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | રકમ રૂા. લાખમાં | સંખ્યા | રકમ રૂા. લાખમાં |
| ૧ | ૨૩૪ | ૭૮ | ૪૭.૬૧ | ૫૦ | ૧.૯૫ |

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ૫૮ અને બેન્ક કક્ષાએ ૮૯ અરજીઓ પડતર રહેવા પામેલ છે.

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ વિલંબના કારણો નીચે મુજબ છે.

| અ.નં. | કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | અરજદારે અધૂરી માહિતી રજુ કરેલ હોવાથી | ૨૦ |
| ૨ | ટાસ્ક ફોર્સ કમીટીમાં ગેરહાજર રહેલા હોય | ૧૭ |
| ૩ | છેલ્લા માસમાં અરજીઓ આવેલ હોય | ૨૧ |
| | **કુલ :** | **૫૮** |

બેન્ક કક્ષાએ વિલંબના કારણો નીચે મુજબ છે.

| અ.નં. | કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | અરજદારે બેન્કે માંગેલ જરૂરી | ૭૭ |

| | | |
|---|---|---|
| | દસ્તાવેજો રજુ ન કરતા હોવાથી | |
| ૨ | અરજદારે બેન્કનો સંપર્ક કરેલ ન હોય | ૧૨ |
| | **કુલ :** | **૮૯** |

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ એક માસમાં નિકાલ કરવામાં આવશે તથા બેન્ક કક્ષાએ પડતર અરજીઓનું ફોલોઅપ કરી શક્ય બને તેટલા ઓછામાં ઓછા સમયમાં ઝડપી નિકાલ કરવામાં આવશે.

-----------

**અમદાવાદ જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર**

૨૨૫૨૮ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લાના જે ગામોમાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારોની વ્યવસ્થા નથી ત્યાં સન ૨૦૦૭ના અંત સુધીમાં નવી દુકાનો સરકાર શરૂ કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

તા. ૨-૮-૦૪ના ઠરાવ મુજબ ખોલવાપાત્ર બાકી દુકાનો ૨૦૦૭ના અંત સુધીમાં ખોલવામાં આવશે.

-----------

**રાજ્યમાં સાક્ષરતાદીપ યોજના**

૨૩૦૭૪ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં સાક્ષરતાદીપ યોજના કેટલા સમયથી અમલમાં છે,

(૨) વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલા લોકોને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે, અને

(૩) વર્ષ ૨૦૦૫-૦૬મા કેટલી રકમ આ યોજના પાછળ ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષથી

(૨) ૫,૮૯,૪૪૨

(૩) રૂા. ૭,૫૪,૭૩૧/-

-----------

**રાજ્યમાં એલ. પી. જી. ગેસને લાયસન્સ મુક્તિ**

૨૩૦૩૧ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકાર ધ્વારા એલ.પી.જી. ગેસ (રાંધણ ગેસ)ને એસેન્શીયલ આર્ટિકલ (લાયસન્સીંગ અને સ્ટોક ડેક્લેરેશન) ઓર્ડર, ૧૯૮૧ નીચે કઈ તારીખથી લાયસન્સની મુક્તિ આપેલ છે,

(૨) હાલમાં ભાવનગર જિલ્લામાં રાંધણ ગેસની ડિલીવરી કેટલા દિવસે મળે છે, અને

(૩) ભાવનગર જિલ્લામાં કુલ કેટલા ગ્રાહકો તા. ૧૫-૨-૦૭ની સ્થિતિએ પ્રતિક્ષા યાદીમાં છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા એલ.પી.જી. (રાંધણ ગેસ) ને એસેન્શીયલ આર્ટીક્લ્સ (લાયસન્સીંગ કન્ટ્રોલ એન્ડ સ્ટોક ડેક્લેરેશન) ઓર્ડર-૧૯૮૧ હેઠળ તા. ૨૧-૫-૦૬થી નીચે જણાવેલ સમયગાળા માટે પ્રાયોગિક ધોરણે મુક્તિ આપેલ છે.

(૧) તા. ૨૧-૫-૦૬ થી તા. ૨૦-૮-૦૬ સુધી (ત્રણ માસ માટે)

(૨) તા. ૨૧-૮-૦૬ થી તા. ૨૦-૧૧-૦૬ સુધી (ત્રણ માસ માટે)

(૩) તા. ૨૧-૧૧-૦૬ થી ૨૦-૫-૦૭ સુધી (૬ માસ માટે)

(૨) ભાવનગર જિલ્લામાં આવેલ કુલ-૨૬ ગેસ એજન્સીઓ ઉપરથી ૧ દિવસથી શરૂ કરી ૧૦ દિવસ સુધીમાં ગેસ ધારકોને સીલીન્ડરની ડીલીવરી આપવામાં આવે છે જે દરેક એજન્સીના બેક્લોગની વિગતનું તા. ૩-૩-૦૭ની સ્થિતિનું પત્રક નં. ૧ સામેલ છે.

(૩) તા. ૧૫-૨-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ ૨૧૭૯૭ ગ્રાહકો પ્રતિક્ષા યાદીમાં છે. જેનું ગેસ એજન્સીવાઈઝ પત્રક-૨ સામેલ છે.

**પત્રક-૧**

**તા. ૫-૩-૦૭ના રોજ ટેલીફોનથી લીધેલ તા. ૩-૩-૦૭ના બેક્લોગની વિગત**

| ક્રમ | ગેસ એજન્સીનું નામ | બેક્લોગ જથ્થાની વિગત | દિવસ | ઉઘડતો જથ્થો |
|---|---|---|---|---|
| ૧ | આસ્થા ગેસ એજન્સી | ૫૧ | ૧ | ૪૦૦ |
| ૨ | બજરંગદાસ ઈન્ડેન | ૪૯૪ | ૩ | ૨૯૮ |
| ૩ | ક્રિષ્ના ગેસ એજન્સી | ૧૫૩ | ૧ | ૪૯૪ |
| ૪ | શ્વેતા ઈન્ડેન | ૨૭૮ | ૧ | ૨૯૪ |
| ૫ | શ્રીજી ગેસ એજન્સી | ૬૧૧ | ૧ | ૩૦૦ |
| ૬ | સીતારામ ગેસ એજન્સી | ૪૭૮ | ૧ | ૨૪૦ |
| ૭ | રાજદીપ ગેસ એજન્સી | ૭૦૫ | ૭ | ૪૪૫ |
| ૮ | ભાવનગર સહકારી હાટ | ૧૫૩૫ | ૫ | ૧૯૬ |
| ૯ | દિપ્તિ ગેસ એજન્સી | ૨૩૦ | ૧ | ૮૪ |
| ૧૦ | એચ. કે. કામદાર | ૩૨૧ | ૧ | ૨૫૫ |
| ૧૧ | જયશક્તિ ઈન્ડેન | ૩૩૬ | ૧ | ૩૭૦ |
| ૧૨ | શિવ પ્રા. ગ્રાહક સહ. ભંડાર લી. | ૧૮૯ | ૧ | ૪૬૧ |
| ૧૩ | યોગીકૃપા ગેસ એજન્સી | ૧૮૨ | ૧ | ૩૦૧ |
| ૧૪ | સ્વસ્તિક ઈન્ડેન, વરતેજ | ૧૧૪ | ૧ | ૯૭ |
| ૧૫ | સુનીલ ગેસ એજન્સી, બોટાદ | ૧૬૩૧ | ૫ | ૫૫૦ |
| ૧૬ | નામદાર ગેસ એજન્સી, બોટાદ | ૧૩૯ | ૧ | ૨૬૫ |
| ૧૭ | મહુવા તા. સ. ખ. વે. સંઘ, મહુવા | ૬૨૫ | ૩ | ૪૧૪ |
| ૧૮ | દોશી ગેસ એજન્સી, મહુવા | ૮૭૭ | ૩ | ૨૪૮ |
| ૧૯ | સદગુરુ ઈન્ડેન, પાલીતાણા | ૩૪૧ | ૧ | ૧૯૦ |
| ૨૦ | ક્યુર ગેસ એજન્સી, પાલીતાણા | ૧૮૧ | ૧ | ૩૦૧ |
| ૨૧ | શિહોર ગેસ એજન્સી, શિહોર | ૨૧૩ | ૧ | ૩૧૨ |
| ૨૨ | સિધ્ધિ ઈન્ડેન, સણોસરા | ૩૫ | ૧ | ૧૧૮ |
| ૨૩ | પટેલ ગેસ એજન્સી, ગઢડા | ૭૦૦ | ૪ | ૭૨ |
| ૨૪ | ગારીયાધાર ઈન્ડેન, ગારી | ૧૧૮ | ૧ | ૩૯૦ |
| ૨૫ | મારુતી ગેસ એજન્સી, ઉમરાળા | ૧૦૩૨ | ૧૦ | ૧૫૦ |
| ૨૬ | ઈન્દ્રાણી ગેસ એજન્સી તળાજા | ૨૪૮ | ૧ | ૨૦ |
| | **કુલ :** | **૧૧૮૧૭** | **૨.૨૩** | **૭૨૬૫** |

એચબી-૧૦૦૨-૧૩

----------

**પત્રક-૨**

**તા. ૧૫-૨-૦૭ના રોજ ટેલીફોનથી લીધેલ તા. ૧૪-૨-૦૭ના બેક્લોગની વિગત**

| ક્રમ | ગેસ એજન્સીનું નામ | બેક્લોગ જથ્થાની વિગત | દિવસ | ઉઘડતો જથ્થો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | આસ્થા ગેસ એજન્સી | ૯૯ | ૧ | ૮૪ |
| ૨ | બજરંગદાસ ઈન્ડેન | ૧૧૪૪ | ૮ | ૧૯૫ |
| ૩ | ક્રિષ્ના ગેસ એજન્સી | ૧૯૦ | ૧ | ૨૧૮ |
| ૪ | શ્વેતા ઈન્ડેન | ૭૫૦ | ૩ | ૨૫ |
| ૫ | શ્રીજી ગેસ એજન્સી | ૧૦૫૬ | ૯ | ૧૫ |
| ૬ | સીતારામ ગેસ એજન્સી | ૭૪૬ | ૩ | ૫૫૬ |
| ૭ | રાજદીપ ગેસ એજન્સી | ૮૩૫ | ૧૨ | ૨૯ |
| ૮ | ભાવનગર સહકારી હાટ | ૨૨૦૮ | ૮ | ૨૨૩ |
| ૯ | દિપ્તિ ગેસ એજન્સી | ૧૧૯૨ | ૮ | ૭૨ |
| ૧૦ | એચ. કે. કામદાર | ૧૨૩૮ | ૫ | ૧૫૯ |
| ૧૧ | જયશક્તિ ઈન્ડેન | ૯૪૯ | ૪ | ૨૪૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | શિવ પ્રા. ગ્રાહક સહ. ભંડાર લી. | ૯૧૩ | ૨ | ૧૪૮ |
| ૧૩ | યોગીકૃપા ગેસ એજન્સી | ૨૧૧ | ૧ | ૫૭ |
| ૧૪ | સ્વસ્તિક ઈન્ડેન, વરતેજ | ૩૦૫ | ૧૦ | ૩૦૦ |
| ૧૫ | સુનીલ ગેસ એજન્સી, બોટાદ | ૧૫૮૬ | ૧૦ | ૩૦૦ |
| ૧૬ | નામદાર ગેસ એજન્સી, બોટાદ | ૧૯૧ | ૩ | ૩૦૦ |
| ૧૭ | મહુવા તા. સ. ખ. વે. સંઘ, મહુવા | ૧૧૭૭ | ૫ | ૩૦૦ |
| ૧૮ | દોશી ગેસ એજન્સી, મહુવા | ૧૫૨૧ | ૭ | ૨૮૭ |
| ૧૯ | સદગુરુ ઈન્ડેન, પાલીતાણા | ૧૦૮૭ | ૬ | ૩૩૯ |
| ૨૦ | ક્યુર ગેસ એજન્સી, પાલીતાણા | ૩૭૧ | ૫ | ૩૯૮ |
| ૨૧ | શિહોર ગેસ એજન્સી, શિહોર | ૩૪૭ | ૨ | ૧૪૯ |
| ૨૨ | સિધ્ધિ ઈન્ડેન, સણોસરા | ૭૧ | ૨ | ૯૦ |
| ૨૩ | પટેલ ગેસ એજન્સી, ગઢડા | ૯૬૧ | ૫ | ૧૫૮ |
| ૨૪ | ગારીયાધાર ઈન્ડેન, ગારી | ૭૮૭ | ૩ | ૧૮૫ |
| ૨૫ | મારુતી ગેસ એજન્સી, ઉમરાળા | ૧૫૩૨ | ૧૬ | ૦ |
| ૨૬ | ઈન્દ્રાણી ગેસ એજન્સી તળાજા | ૩૩૦ | ૪ | ૧૧૦ |
| | **કુલ :** | **૨૧૭૯૭** | **૫.૫૦** | **૪૮૯૪** |

-----------

**ખેડા જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ**

૨૨૩૩૮**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લાની કઈ કઈ સરકારી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવી રહયું છે, અને

(૨) બાકી રહેતી શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ ક્યારથી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં એક પણ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં કેરોસીનના જથ્થાની ફાળવણી**

૨૩૦૬૩**શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેરોસીનનો કેટલો જથ્થો દર મહિને ફાળવવામાં આવે છે, અને

(૨) જે પૈકી સુરત જિલ્લાને કેટલો જથ્થો ફાળવવામાં આવે છે ?

**જવાબ**

(૧) રાજ્યને તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ દર માસે કેરોસીનનો ૭૯,૬૪૪ કિ.લી. જથ્થો કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવે છે.

(૨) તે પૈકી સુરત જિલ્લાને માહે જાન્યુઆરી-૦૭ માસ માટે કેરોસીનનો ૭,૧૦૪ કિ.લી. જથ્થો ફાળવવામાં આવેલ છે.

-----------

**રાજકોટ જિલ્લામાં હાઈસ્કુલમાં આચાર્યની ખાલી જ્યાઓ**

૨૨૪૮૨ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલી કઈ કઈ સરકારી હાઈસ્કુલમાં કેટલા સમયથી ક્યા કારણોસર કાયમી આચાર્યની જ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

**પ ત્ર ક - ૧**

રાજકોટ જિલ્લાની તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સરકારી માધ્યમિક શાળાઓમાં આચાર્યની ખાલી જ્યાઓની વિગત.

| ક્રમ | શાળાનું નામ | કઇ તારીખથી | ખાલી જ્યાનું કારણ |
|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧ | સરકારી હાઇસ્કુલ, નાનીબરાર | ૩૧-૮-૨૦૦૪ | શ્રી વી.જે.પટેલની સ્વે. નિવૃતિ |
| ૨ | સરકારી હાઇસ્કુલ, અમરનગર | ૩૧-૮-૨૦૦૪ | શ્રી જે.વી.પુરોહિતની સ્વે. નિવૃતિ |
| ૩ | ક્મરીબાઇ હાઇસ્કુલ, જેતપુર | ૩૧-૩-૨૦૦૫ | શ્રી ડી.એન.લુણીની વય નિવૃતિથી |
| ૪ | મોંઘીબા હાઇસ્કુલ ફોર ગર્લ્સ, ગોંડલ | ૧-૪-૨૦૦૫ | શ્રી આર.પી.પટેલની વય નિવૃતિથી |
| ૫ | વી.સી. ટેક્નીક્લ હાઇસ્કુલ, મોરબી | ૩૧-૧૦-૨૦૦૫ | શ્રી વી.એ.ડાંગરની સ્વે. નિવૃતિથી |
| ૬ | ક્રણસિંહજી હાઇસ્કુલ, રાજકોટ | ૧-૬-૨૦૦૬ | શ્રી કે.પી.ભાલાળાની વય નિવૃતિથી |
| ૭ | ભગતસિંહજી હાઇસ્કુલ, ધોરાજી | ૩-૮-૨૦૦૬ | શ્રી એન.ડી.ગોંડલીયાની ફેરબદલીથી |
| ૮ | સરકારી હાઇસ્કુલ, પડધરી | ૩૦-૧૧-૨૦૦૬ | શ્રી વાય. એમ. આડેસરાની સ્વે. નિવૃતિથી |

(૨) કાયમી આચાર્યની જગ્યા ખાલી હોઈ તેની સીધી અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર થાય છે આ બાબત સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને

(૩) જો હા, તો તમામ ખાલી જગ્યાઓ વહેલામાં વહેલી તકે ક્યારે ભરવામાં આવશે ?

(૨) વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર ન થાય તે માટે મદદનીશ શિક્ષકોને આચાર્યનો ચાર્જ આપવામાં આવે છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રૌઢ શિક્ષણ પાછળ થતો ખર્ચ**

૨૨૯૪૪ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રૌઢ શિક્ષણ પાછળ કેટલો ખર્ચ કરી કેટલા પ્રૌઢોને અક્ષરજ્ઞાન આપવામાં આવ્યું ?

**જવાબ**

સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ નિરંતર શિક્ષણ કાર્યક્રમનો ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ | | પ્રૌઢોને આપેલ અક્ષરજ્ઞાન | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વાવ | ૧૩૮૬૩૦૧ | ૧૧૩૩૬૫૪ | ૧૪૭૩૭ | ૧૨૪૩૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વાવ | ૧૩૮૬૩૦૧ | ૧૧૩૩૬૫૪ | ૧૪૭૩૭ | ૧૨૪૩૫ |
| ૨ | થરાદ | ૧૩૪૪૧૪૪ | ૧૦૮૬૮૭૪ | ૮૫૨૬ | ૯૬૧૯ |
| ૩ | ધાનેરા | ૧૧૨૯૦૦૪ | ૯૨૮૩૫૨ | ૬૨૨૫ | ૮૦૦૬ |
| ૪ | દાંતીવાડા | ૬૬૯૮૫૭ | ૫૪૬૪૪૯ | ૩૪૯૦ | ૩૧૪૭ |
| ૫ | અમીરગઢ | ૭૫૧૯૨૩ | ૬૦૮૩૪૭ | ૧૨૬૨૯ | ૩૪૮૮ |
| ૬ | દાંતા | ૧૧૩૩૪૩૨ | ૯૨૨૩૨૭ | ૧૭૦૭૫ | ૮૯૯૦ |
| ૭ | વડગામ | ૧૧૮૪૪૪૪ | ૯૫૭૦૫૩ | ૫૬૫૪ | ૬૨૦૪ |
| ૮ | પાલનપુર | ૧૪૫૨૮૩૫ | ૧૧૮૧૯૬૬ | ૬૮૮૫ | ૭૪૦૦ |
| ૯ | ડીસા | ૧૮૪૫૪૪૧ | ૧૫૧૫૫૫૫ | ૧૧૯૯૦ | ૧૩૯૬૮ |
| ૧૦ | દીયોદર | ૯૮૯૨૫૯ | ૮૦૬૦૯૦ | ૬૨૭૬ | ૧૦૯૨૭ |
| ૧૧ | ભાભર | ૮૨૯૫૫૮ | ૬૭૬૨૭૦ | ૪૩૦૩ | ૮૨૨૦ |
| ૧૨ | કાંકરેજ | ૧૨૮૨૦૩૬ | ૧૦૩૨૫૩૪ | ૮૪૭૯ | ૭૩૩૨ |
| | કુલ | ૧૩૯૯૮૨૩૪ | ૧૧૩૯૫૪૭૧ | ૧૦૬૨૬૯ | ૯૯૭૩૬ |

**મલ્ટીપ્લેક્સ થિયેટર અને ફાઈવ સ્ટાર હોટલો ધ્વારા ગ્રાહકો સાથે છેતરપીંડી**

૨૨૨૯૨**શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ રાજ્યના મલ્ટીપ્લેક્સ થિયેટરો તથા ફાઈવ સ્ટાર હોટલોમાં ગ્રાહકો પાસેથી છાપેલી કિંમત કરતાં ઘણી વધારે કિંમત ચીજવસ્તુઓ તથા પીવાના પાણીની બોટલ ઉપર લેવાતી હોવાની ફરિયાદ મળેલ છે, અને

(૨) જો હા, તો ગ્રાહકોની સુરક્ષા માટે વિભાગે કેવા પ્રકારના પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આવા ૪ મલ્ટીપ્લેક્ષ થિયેટરો સામે વધુ ભાવ લેવા બાબતે ફરિયાદો મળેલ તેના આધારે વિભાગ દ્વારા રાજ્યમાં આવેલ મલ્ટીપ્લેક્ષ થિયેટરો અને ફાઇવસ્ટાર હોટલની મુલાકાત લેવામાં આવેલ છે. જે પૈકી ૪ મલ્ટીપ્લેક્ષ થિયેટરો સામે તેમનો પ્રથમ ગુનો હોવાથી ખાતાકીય રાહે ગુનો માંડવાળ કરવાની ફી પેટે કેસ દીઠ રૂ.૫૦૦૦/- વસુલ કરેલ છે. તથા ૩ મલ્ટીપ્લેક્ષ થિયેટર સામે પ્રોસીક્યુશન કેસ દાખલ કરવામાં આવેલ છે. કાયદા હેઠળના નિયમોનો ભંગ કરવા બદલ મલ્ટીપ્લેક્ષ થિયેટર સામે પ્રથમ ગુનો હોય તો ખાતાકીય રાહે ગુનો માંડવાળ કરવાની ફી પેટે કેસ દીઠ રૂ.૫૦૦૦/- વસુલ કરવામાં આવે છે. બીજો ગુનો હોય તો મલ્ટીપ્લેક્ષ થિયેટર સામે

પ્રોસીક્યુશન કેસ દાખલ કરવામાં આવે છે.

-----------

**વલસાડ જિલ્લામાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા**

૨૩૧૦૨**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) જિલ્લામાં એકપણ સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ શહેરમાં વીસ ટકાથી ઓછું પરિણામ લાવતી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૨૩૦૨૮**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨માં ૨૦ ટકાથી ઓછું પરિણામ લાવતી અમદાવાદ શહેરમાં કેટલી માધ્યમિક શાળાઓ છે,

(૨) આ શાળાઓ કઈ કઈ છે, અને

(૩) સરકારે પરિણામ સુધારવા શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ | |
|---|---|---|---|
| | | સામાન્ય પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ |
| માર્ચ-૨૦૦૫ | ૦૩૮ | ૦૦ | ૦૫ |
| માર્ચ-૨૦૦૬ | ૦૫૦ | ૦૦ | ૦૦ |

(૨) *પત્રક-૧, ૨, ૩ મુજબ (સામેલ છે.)

(૩) નીચે મુજબ આયોજન કરેલ છે.

૧. પ્રશ્નબેંક દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન

૨. કર્મયોગી યોજના અંતર્ગત શૈક્ષણિક કર્મચારીઓને સઘન તાલીમ.

૩. શાળા વિકાસ સંકુલ દ્વારા શૈક્ષણિક ગુણવત્તા સુધારવાના કાર્યક્રમ.

૪. શિક્ષણાધિકારીશ્રી દ્વારા મુલાકાત લઇ જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

૫. શાળા કક્ષાએ નિદાન કસોટી લઇ નબળા બાળકોને અલગ તારવી સઘન શિક્ષણ આપવા માટે શૂન્ય તાસનું વિષયવાર આયોજન અમલી કરવામાં આવે છે.

૬. બોર્ડ કરતાં નીચું પરિણામ લાવતી શાળાઓને વિનિયમ અનુસાર ગ્રાન્ટ કાપના વહીવટી પગલાં લેવામાં આવે છે.

૭. રજાના દિવસે તેમજ સ્કુલ તાસમાં વધારાના વર્ગો ગોઠવી નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

૮. રાત્રી વર્ગોની વ્યવસ્થા કરી શિક્ષકો મારફતે વધુ માર્ગદર્શન મળી રહે તેવા પગલાં ભરવા સૂચવેલ છે.

૯. ગુજરાતી, ગણિત, સમાજવિદ્યા વિષયમાં સામાન્યતઃ પરિણામ ઓછું આવે છે તે અંગે બોર્ડ દ્વારા આવી ઉત્તરવહીઓનું પૃથ્થકરણ કરી બાળકો ક્યા પ્રકારની ક્યા પ્રશ્નમાં ક્યા ક્યા વિષયોમાં ભૂલો કરે છે તે તરફ ધ્યાન દોરી આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સબંધિત શાળાઓને જાણ કરવામાં આવી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

-----------

**સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

૨૨૬૧૫ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ પ્રાથમિક શાળાના કુલ કેટલા ઓરડાઓ છે,

(૨) કેટલા ઓરડાની ઘટ છે,

(૩) તે પૈકી સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકાઓમાં કેટલી ઘટ છે, અને

(૪) આ ઘટ પૂરવા સરકારે શું પગલા લીધા છે ?

**જવાબ**

(૧) ૮૮૧૫

(૨) ૩૯૯

(૩)

| ક્રમ | તાલુકો | ઓરડાની ઘટ |
|---|---|---|
| ૧ | સોનગઢ | ૭૦ |
| ૨ | માંડવી | ૨૯ |
| ૩ | ઉચ્છલ | ૬ |
| ૪ | નિઝર | ૨૮ |
| | કુલ .... | ૧૩૩ |

(૪) સુરત જિલ્લામાં કુલ ૨૫૦ નવા ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે. જે પૈકી સોનગઢમાં ૬૦, માંડવીમાં ૧૪, ઉચ્છલમાં ૩ અને નિઝરમાં ૨૩ નવા ઓરડાઓ બનાવવામાં આવનાર છે.

-----------

**અમરેલી જિલ્લામાં કેરોસીનની ફાળવણી**

૨૩૦૬૭**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમરેલી જિલ્લામાં તા.૧-૧-૦૬ થી તા. ૧-૨-૦૭ સુધીમાં માસિક કેટલું કેરોસીન ફાળવેલ છે ?

**જવાબ**

અમરેલી જિલ્લામાં તા.૧-૧-૦૬ થી તા.૧-૨-૦૭ સુધીમાં દરમાસે ફાળવેલ કેરોસીનની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| જાન્યુઆરી-૦૬ | ૨૬૬૩ કિ.લી. |
| ફેબ્રુઆરી-૦૬ | ૨૬૯૭ કિ.લી. |
| માર્ચ-૨૦૦૬ | ૨૬૮૯ કિ.લી. |
| એપ્રિલ-૨૦૦૬ | ૨૭૦૭ કિ.લી. |
| મે-૨૦૦૬ | ૨૬૮૭ કિ.લી. |
| જૂન-૨૦૦૬ | ૨૬૮૭ કિ.લી. |
| જુલાઇ-૨૦૦૬ | ૨૬૮૭ કિ.લી. |
| ઓગસ્ટ-૨૦૦૬ | ૨૬૮૭ + ૧૧૭ તહેવાર નીમિત્તે BPL માટે કુલ : ૨૮૦૪ |
| સપ્ટેમ્બર-૨૦૦૬ | ૨૭૧૫ કિ.લી. |
| ઓકટોબર-૨૦૦૬ | ૨૭૨૫ + ૧૧૭ તહેવાર નીમિત્તે BPL માટે કુલ : ૨૮૪૨ |
| નવેમ્બર-૨૦૦૬ | ૨૭૨૫ કિ.લી. |
| ડિસેમ્બર-૨૦૦૬ | ૨૭૨૫ કિ.લી. |
| જાન્યુઆરી-૨૦૦૭ | ૨૭૨૫ કિ.લી. |
| ફેબ્રુઆરી-૨૦૦૭ | ૨૭૨૫ કિ.લી. |

-----------

**ડાંગ જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતી**

૨૨૨૪૪**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વિદ્યાસહાયકોની કેટલી જગ્યાઓ ભરવામાં

**જવાબ**

(૧) **વર્ષ** **ભરાયેલ જગ્યા**

૨૦૦૪-૦૫ ૭૦

આવી, અને

(૨) કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે ?

૨૦૦૫-૦૬ --
**કુલ : ૭૦**

(૨) ૧૬૮ ભરતીની કાર્યવાહી ચાલુ છે.

-----------

**કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કોમ્પ્યુટર શિક્ષણ**

**૫૯/page> ૨૨૪૧૮ શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાની કઈ કઈ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવી રહયું છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાની કુલ-૩૬ શાળાઓ પેકી પત્રક-અ માં દર્શાવ્યા મુજબ ૨૩ સરકારી માધ્યમિક શાળાઓ અને **પત્રક-બ** માં દર્શાવ્યા મુજબ ૯ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ પુરું પાડવામાં આવે છે.

**પ ત્ર ક - અ**

કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની માહિતીની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | શાળાનું નામ | તાલુકા |
|---|---|---|
| ૧ | સરકારી હાઇસ્કુલ, જખો | અબડાસા |
| ૨ | સરકારી હાઇસ્કુલ, નરેડી | અબડાસા |
| ૩ | સરકારી હાઇસ્કુલ, હાજાપર | અબડાસા |
| ૪ | સરકારી હાઇસ્કુલ, ભીમાસર | અંજાર |
| ૫ | સરકારી હાઇસ્કુલ, ચંદિયા, | અંજાર |
| ૬ | સરકારી હાઇસ્કુલ, વોંધ | ભચાઉ |
| ૭ | સરકારી હાઇસ્કુલ, આધોઇ | ભચાઉ |
| ૮ | સરકારી હાઇસ્કુલ, મનફરા | ભચાઉ |
| ૯ | સરકારી હાઇસ્કુલ, ચિત્રોડ | રાપર |
| ૧૦ | સરકારી હાઇસ્કુલ, ઢોરી | ભૂજ |
| ૧૧ | સરકારી હાઇસ્કુલ, ગણેશનગર | ગાંધીધામ |
| ૧૨ | સરકારી હાઇસ્કુલ, ઘડુલી | લખપત |
| ૧૩ | સરકારી હાઇસ્કુલ, પાન્ધ્રો | લખપત |
| ૧૪ | બી.કે.વિદ્યાલય, ગોધરા | માંડવી |
| ૧૫ | ગાંધી વિદ્યાલય, પત્રી | મુંદરા |
| ૧૬ | સરકારી હાઇસ્કુલ, કાંડાગરા | મુંદરા |
| ૧૭ | સરકારી હાઇસ્કુલ, દેસલપર | નખત્રાણા |
| ૧૮ | સરકારી હાઇસ્કુલ, દેવીસર | નખત્રાણા |
| ૧૯ | સરકારી હાઇસ્કુલ, મંગવાણા | નખત્રાણા |
| ૨૦ | સરકારી હાઇસ્કુલ, પલાસવા | રાપર |
| ૨૧ | સરકારી હાઇસ્કુલ, ફતેગઢ | રાપર |
| ૨૨ | સરકારી હાઇસ્કુલ, ગાગોદર | રાપર |
| ૨૩ | સરકારી હાઇસ્કુલ, મોટીરવ | રાપર |

**પ ત્ર ક - બ**

કચ્છ જિલ્લાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની માહિતીની વિગત દર્શાવતું પત્રક.

| | | |
|---|---|---|
| ૧ | સરકારી હાઇસ્કુલ, ડુમરા | અબડાસા |
| ૨ | શ્રી કે.કે.એમ.એસ.ગર્લ્સ હાઇ., અંજાર | અંજાર |
| ૩ | શેઠ ડી.વી.હાઇસ્કૂલ, અંજાર | અંજાર |
| ૪ | સરકારી હાઇસ્કુલ, ભચાઉ | ભચાઉ |
| ૫ | ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ, ભૂજ | ભૂજ |
| ૬ | ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ, ભૂજ | ભૂજ |
| ૭ | સરકારી હાઇસ્કુલ, દેસલપર (વાંઢાય) | ભૂજ |
| ૮ | શેઠ કે.વી. સરકારી હાઇસ્કૂલ, નખત્રાણા | નખત્રાણા |
| ૯ | સરકારી હાઇસ્કૂલ, રાપર | રાપર |

(૨) બાકી રહેલી શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ ક્યારથી શરૂ કરવામાં આવશે ?

(૨) બાકી રહેતી-૪ (ચાર) શાળાઓમાં કેન્દ્ર પુરસ્કૃત યોજના I.C.T. @ Schools અંતર્ગત આગામી શૈક્ષણિક વર્ષથી પુરું પાડવાનું આયોજન છે.

-----------

**અમદાવાદ જિલ્લામાં શિક્ષકોની ઘટ**

૨૨૫૨૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ કેટલી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | સીટી | ૦૧ |
| ૨ | દશક્રોઇ | ૮૬ |
| ૩ | સાણંદ | ૩૦ |
| ૪ | ધોળકા | ૪૬ |
| ૫ | બાવળા | ૫૩ |
| ૬ | વિરમગામ | ૧૪૦ |
| ૭ | માંડલ | ૧૩ |
| ૮ | દેત્રોજ | ૩૫ |
| ૯ | ધંધુકા | ૧૧૭ |
| ૧૦ | બરવાળા | ૭૦ |
| ૧૧ | રાણપુર | ૧૬૪ |
| | કુલ : | ૭૫૫ |

(૨) આ ઘટ ક્યારે પુરાશે ?

(૨) વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયા ચાલુમાં છે.

-----------

**શ્રી સુનીલ બા. ઓઝા :** માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી :** ના અત્યારે નહિ, નો નો, (અંતરાય)

**શ્રી સુનીલ બા. ઓઝા:** માનનીય અધ્યક્ષશ્રી, મને ઝીરો અવરમાં મુદ્દો ઉભો કરવાની તક આપો. આ અમારો બંધારણનો હકક છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** નો નો, નહિ મળે, ના, નહિ મળે પ્લીઝ (અંતરાય) નો નો નો (અંતરાય) હું ઝીરો અવર નથી આપતો. આપણે ત્યાં ઝીરો અવરની પ્રથા નથી. (અંતરાય)

(આ તબક્કે શાસક પક્ષના કેટલાક સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઈ ગયા તેમજ અમુક સભ્યશ્રીઓ પોતાની જગ્યા છોડીને આગળ આવી ગયા)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ 'હાય રે ભા.જ.પ. હાય હાય' ના સૂત્રોચ્ચાર ચાલુ કર્યા)

**અધ્યક્ષશ્રી** : હું ગૃહને પંદર મિનિટ માટે એડજોર્ન કરું છું. (સવારના ૯.૩૨)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯-૪૭ ફરી મળી.**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, બધા બેસી જાઓ, પ્લીઝ.. બધા બેસો, પ્લીઝ બેસો.. હવે હું અતારાંકિત પ્રશ્નોની છઠ્ઠી, સાતમી અને આઠમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું. નેકસ્ટ..

# અતારાંકિત પ્રશ્નો
## (અતારાંકિત યાદીઓ)
## છઠ્ઠી અતારાંક્તિ યાદી

### રાજ્યના પશુધનને પર પ્રાંતમાં લઈ જવા અંગે

અતારાંક્તિ ૭૬૫૫ (૧૪-૧૧-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના પશુધનને પર પ્રાંતમાં ધકેલાઈ જતું અટકાવવા મદદનીશ પશુપાલન નિયામક(બજારનિયંત્રણ)ને જવાબદારી સોંપાઈ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ની સાલમાં કેટલા વાહનોના ચેકીંગ કરવામાં આવ્યાં તથા કેટલાં પ્રાણીઓ પર પ્રાંતમાં જતા બચાવાયાં, અને

(૩) બચાવાયેલાં પ્રાણીઓને કઈ જગ્યાએ રાખવામાં આવ્યા ?

**પશુ પાલન મંત્રીશ્રી** (૪-૧-૦૭) :

(૧) હા, જી મુંબઈ આવશ્યક ચીજ વસ્તુ અને પશુ નિયંત્રણ ધારા ૧૯૫૮ હેઠળ, મદદનીશ પશુપાલન નિયામક (બજાર નિયંત્રણ)ને આ અંગેની જવાબદારી સોંપાઈ છે.

(૨) સંબંધિત વર્ષો દરમિયાન બચાવાયેલ પશુઓની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ચેકીંગ કરવામાં આવેલ વાહનો | રોડ માર્ગે જતાં પરવાનગી વગરના પકડાયેલ વાહન તથા બચાવેલ પશુધન | |
|---|---|---|---|
| | | વાહન | બચાવેલ પશુધન |
| ૨૦૦૩-૦૪ | ૧૩૯ | ૨૫ | ૨૮૩ |
| ૨૦૦૪-૦૫ | ૭૭ | ૧૩ | ૧૪૪ |
| ૨૦૦૫-૦૬ | ૧૨૨ | ૧૭ | ૨૨૧ |
| કુલ | ૩૩૮ | ૫૫ | ૬૪૮ |

(૩) કાર્ય વિસ્તારના પોલીસ સ્ટેશને પોલીસ ફરીયાદ કર્યા બાદ બચાવાયેલ પ્રાણીઓ (પશુધન)ને પોલીસ સ્ટેશન દ્વારા નજીકના સ્થળે જ્યાં પાણી ઘાસચારાની ઉપલબ્ધતા હોય ત્યાં રાખવામાં આવે છે.

----------------

### નવસારી જિલ્લામાં લાયસન્સ વગરનું પોલ્ટ્રીફાર્મ તેયાર કરવા અંગે

અતારાંક્તિ ૭૬૫૭ (૧૪-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ખેરગામ ખાતે ગણદેવી સુગર ફેક્ટરીના જુના દરવાજા પાસે ગેરકાયદે તથા લાયસન્સ વિનાનું પોલ્ટ્રીફાર્મ તેયાર થઈ રહ્યું છે તે હકીક્ત સાચી છે,

(૨) પ્રાથમિક શાળાની બાજુમાં આ પોલ્ટ્રીફાર્મ બંધાઈ રહ્યું છે તથા તેની સામે ઘણો વિરોધ થવા છતાં તે શરૂ કરવાના શાં કારણો છે, અને

(૩) આ ગેરકાનુની પ્રવૃત્તિને બંધ કરવા પશુપાલન નિયામક તરફથી શી કાર્યવાહી થઈ છે ?

**પશુ પાલન મંત્રીશ્રી** (૮-૧-૨૦૦૭) :

(૧) ના, જી પશુ આહાર ઉત્પાદકોની સહકારી મંડળીની એન.એ. થયેલ જમીન ખાનગી ખેડૂતને ભાડા પટ્ટે આપેલ છે તેઓ ૧ વર્ષથી મરઘા ફાર્મ ચલાવે છે મરઘાં ફાર્મની લાયસન્સ પ્રથા રાજ્યમાં હજુ સુધી અમલમાં નથી.

(૨) મરઘાં ફાર્મની સ્થાપના કરવા/કરાવવા અંગેની સત્તા પશુપાલન ખાતા હસ્તકની ના હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણે ખાતાની સત્તા મર્યાદાની બાબત ના હોઈ કોઈ કાર્યવાહી કરેલ નથી.

----------------

**ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો અને ઓરડાઓ**

અતારાંક્તિ ૭૬૧૧ (૮-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષકો અને કેટલા ઓરડા છે, અને

(૨) દરેક તાલુકામાં કેટલા ઓરડાની ઘટ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૮-૧-૦૭) :

(૧) તાલુકાવાર શિક્ષકો અને ઓરડાની વિગતો નીચે મુજબ છે,

| ક્રમ | તાલુકો | શિક્ષકો | ઓરડાઓ |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૧૧૯૧ | ૧૨૧૨ |
| ૨ | ગાંધીનગર | ૧૨૧૪ | ૧૩૨૯ |
| ૩ | કલોલ | ૯૩૬ | ૯૩૪ |
| ૪ | માણસા | ૬૯૨ | ૮૫૫ |
| | કુલ | ૪૦૩૩ | ૪૩૩૦ |

(૨) તાલુકાવાર ઓરડાઓની ઘટ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ઓરડાની ઘટ |
|---|---|---|
| ૧ | દહેગામ | ૬૩ |
| ૨ | ગાંધીનગર | ૫૨ |
| ૩ | કલોલ | ૭૦ |
| ૪ | માણસા | ૧૮ |
| | કુલ | ૨૦૩ |

----------------

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાનું પાણી, શોચાલય તથા મેદાનની સુવિધા**

અતારાંક્તિ ૭૬૨૮ (૮-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર આવેલ પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧-૮-૦૬ની સ્થિતિએ પીવાનું પાણી, શોચાલય તથા મેદાનની સુવિધા નથી તેવી કેટલી શાળાઓ છે, અને

(૨) આ સુવિધાઓ આપવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આવી સુવિધાઓ આપવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૧-૦૭) :

(૧) પત્રક ૧ મુજબ

(૨) આગામી વર્ષોમાં સરકારની આયોજન યોજના ઉપરાંત દાતાઓ, સંસ્થાઓ કે લોકફાળાથી આવી સુવિધા પૂરી પાડવા આયોજન કરવામાં આવનાર છે.

**પત્રક-૧**

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાનું પાણી, શૌચાલય તથા મેદાનની સુવિધા વિનાની શાળાઓની વિગતો દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકો | કુલ શાળા | પીવાના પાણીની સુવિધા વિનાની શાળાઓ | શૌચાલયની સુવિધા વિનાની શાળાઓ | મેદાનની સુવિધા વિનાની શાળાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૦૭ | ૧૭ | ૩૩ | ૯૧ |
| ૨ | પારડી | ૧૮૭ | ૨૩ | ૨૯ | ૩૨ |
| ૩ | ઉમરગામ | ૧૫૫ | ૩૯ | ૩૭ | ૫૮ |
| ૪ | ધરમપુર | ૧૯૩ | ૬૨ | ૧૪ | ૪૫ |
| ૫ | કપરાડા | ૨૫૨ | ૧૩૯ | ૮૩ | ૨૧૪ |
| | કુલ | ૯૯૪ | ૨૮૦ | ૧૯૬ | ૪૪૦ |

---------------

**ગુજરાત હેવી કેમિકલ્સ લી. પાસે વેચાણવેરાની બાકી રકમ**

અતારાંકિત ૭૫૮૧ (૧૩-૧૧-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લાના ગુજરાત હેવી કેમિકલ્સ લી. ઓદ્યોગિક એકમ પાસે કેટલા સમયથી વેચાણવેરાની કુલ કેટલી રકમ તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ બાકી લ્હેણી છે,

(૨) આ વેચાણવેરાની બાકી રકમ વસુલાત કરવા માટે તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પ્રકારના ક્યારે શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને

(૩) તે પેકી કેટલી રકમની વસુલાત થઇ અને કેટલી બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૨૦-૧-૦૭) :

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**રાજ્યમાં જિલ્લાવાર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણની મળેલ ફરિયાદો**

અતારાંકિત ૭૬૨૨ (૨૪-૧૧-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૮-૦૬ સુધીમાં કેટલી ફરિયાદો આવેલી છે,

(૨) આ આવેલી ફરિયાદો પેકી કેટલી ફરિયાદોનો નિકાલ થયેલ છે, કેટલી ફરિયાદો બાકી છે,

(૩) ફરિયાદી બાકી રહેવાના કારણો શાં છે, અને

(૪) તેનો નિકાલ કરવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૮-૧-૦૭) :

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) જિલ્લા ફોરમોના પ્રમુખ તથા સભ્યશ્રીઓની કેટલીક જગ્યા ખાલી રહેલ તથા પક્ષકારો અને વકીલશ્રીઓને કાયદાના હિતમાં પુરાવાના આધારે ન્યાયના હીતમાં મુદત આપવાના અનુસંધાને પડતર રહેવા પામેલ છે.

(૪) આવી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવા સારુ લોક અદાલત યોજી તેમજ જે જિલ્લા ફોરમોમાં વધારે કેસ દાખલ થયેલ છે તેને ફેસલ કરવા અન્ય નજીકના જીલ્લા ફોરમોમાં તબદીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જીલ્લા ફોરમોના પ્રમુખ તથા સભ્યશ્રીઓની જગ્યા ભરવા સારુ કાર્યવાહી હાથ ધરેલ છે.

**પત્રક**

**રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન, અમદાવાદમાં દાખલ થયેલ અને નિકાલ કેસોની વિગત દર્શાવતું પત્રક**

**જાન્યુઆરી-૨૦૦૪ થી ઓગષ્ટ-૨૦૦૬**

| અનુક્રમ નંબર | ફોરમનું નામ | કેસોની સંખ્યા | નવા દાખલ થયેલ કેસોની સંખ્યા | કુલ નિકાલ બાકી | માસ દરમ્યાન નિકાલ થયેલ કેસો | નિકાલ બાકી કેસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | અમદાવાદ (શહેર) | ૩૦૧૭ | ૨૦૬૫ | ૫૦૮૨ | ૪૦૭૨ | ૧૦૧૦ |
| ૨. | અમદાવાદ (ગ્રામ્ય) | ૧૮૬ | ૧૪૬૨ | ૧૬૪૮ | ૯૦૬ | ૭૪૨ |
| ૩. | ગાંધીનગર | ૧૪૯ | ૭૯૩ | ૯૪૨ | ૭૯૯ | ૧૪૩ |
| ૪. | સાબરકાંઠા | ૫૨૯ | ૫૬૪ | ૧૦૯૩ | ૫૯૫ | ૪૯૮ |
| ૫. | મહેસાણા | ૧૬૧૮ | ૪૫૨ | ૨૦૭૦ | ૧૫૨૬ | ૫૪૪ |
| ૬. | બનાસકાંઠા | ૨૯૦ | ૮૮૨ | ૧૧૭૨ | ૫૯૮ | ૫૭૪ |
| ૭. | કચ્છ | ૪૦૧ | ૬૩૬ | ૧૦૩૭ | ૮૩૧ | ૨૦૬ |
| ૮. | રાજકોટ | ૧૧૭૨ | ૮૭૧ | ૨૦૪૩ | ૧૨૪૩ | ૮૦૦ |
| ૯. | જામનગર | ૧૧૯૭ | ૧૪૦૨ | ૨૫૯૯ | ૧૮૭૭ | ૭૨૨ |
| ૧૦. | અમરેલી | ૬૭૧ | ૩૯૧ | ૧૦૬૨ | ૯૪૬ | ૧૧૬ |
| ૧૧. | ભાવનગર | ૮૨ | ૪૪૧ | ૫૨૩ | ૪૪૦ | ૮૩ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૪૫૮ | ૨૯૬ | ૭૫૪ | ૫૯૭ | ૧૫૭ |
| ૧૩. | જુનાગઢ | ૮૫૫ | ૧૦૪૦ | ૧૮૯૫ | ૧૦૮૭ | ૮૦૮ |
| ૧૪. | વડોદરા | ૩૩૪૦ | ૫૦૬૦ | ૮૪૦૦ | ૫૧૧૧ | ૩૨૮૯ |
| ૧૫. | પંચમહાલ | ૩૫૫ | ૧૫૪૫ | ૧૯૦૦ | ૧૫૭૧ | ૩૨૯ |
| ૧૬. | ખેડા | ૬૨૩ | ૯૩૩ | ૧૫૫૬ | ૧૪૩૨ | ૧૨૪ |
| ૧૭. | ભરૂચ | ૮૩૭ | ૧૦૪૦ | ૧૮૭૭ | ૧૦૨૨ | ૮૫૫ |
| ૧૮. | સુરત | ૧૫૫૬ | ૧૫૦૦ | ૩૦૫૬ | ૨૨૩૪ | ૮૨૨ |
| ૧૯. | વલસાડ | ૫૦૪ | ૫૮૯ | ૧૦૯૩ | ૮૭૪ | ૨૧૯ |
| ૨૦. | આણંદ | ૦ | ૭૪૩ | ૭૪૩ | ૧૮૭ | ૫૫૬ |
| ૨૧. | પાટણ | ૦ | ૭૬૪ | ૭૬૪ | ૨૯ | ૭૩૫ |
| ૨૨. | નવસારી | ૦ | ૫૦૪ | ૫૦૪ | ૯૦ | ૪૧૪ |
| ૨૩. | અમદાવાદ | ૦ | ૧૧૯૧ | ૧૧૯૧ | ૩૪૭ | ૮૪૪ |
| ૨૪. | રાજકોટ | ૦ | ૭૮૪ | ૭૮૪ | ૬૯ | ૭૧૫ |
| ૨૫. | વડોદરા | ૦ | ૩૦૩૫ | ૩૦૩૫ | ૫૮૬ | ૨૪૪૯ |
| ૨૬. | સુરત | ૦ | ૭૫૫ | ૭૫૫ | ૧૭૪ | ૫૮૧ |
| | **કુલ :** | **૧૭૮૪૦** | **૨૯૭૩૮** | **૪૭૫૭૮** | **૨૯૨૪૩** | **૧૮૩૫૫** |

----------------

**વાઘોડીયા તાલુકાના લીમડા ગામના પારૂલ ઇન્સ્ટીટ્યુટમાં મોરને ગેરકાયદે રાખવા બાબત**

અતારાંકિત ૭૭૦૬ (૬-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના લીમડા ગામમાં પારૂલ ઇન્સ્ટીટ્યુટમાં વનવિભાગના લાઇસન્સ વિના પાંચ રાષ્ટ્રીય પક્ષી મોરને ગેરકાયદે ગોંધી રાખવાની ઘટના જુલાઇ-૨૦૦૬ માં બનવા પામી છે તે હકીક્ત સાચી છે,

(૨) આ ગુનાહિત પ્રવૃત્તિ કરનારા ઇસમો કોણ છે તથા તેની સામે શી કાર્યવાહી થઇ છે,

(૩) આ સંસ્થામાં રાષ્ટ્રીય પક્ષીને કેટલા સમયથી ગોંધી રખાયા હતા તથા વન ખાતા તરફથી પગલાં ન લેવાના શા કારણો છે, અને

(૪) તમામ મોરને મુક્ત કરાવી ક્યાં રખાયા છે ?

**વન મંત્રીશ્રી** (૧૮-૧-૦૭) :

(૧) આવી ઘટના જુલાઇ-૨૦૦૬ માં બનવાની ફરીયાદ મળેલ હતી, પણ તપાસ દરમ્યાન તે હકીક્ત સત્ય જણાઇ આવેલ ન હતી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**ખાંભા તાલુકાના મોટા બામરણ ગામે ચિંકારાને ગેરકાયદે ગોંધી રાખવા બાબત**

અતારાંક્તિ ૭૭૧૧ (૬-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા બામરણ ગામે શિકારના ઈરાદે બે રક્ષિત ચિંકારા ૧ માસથી ગેરકાયદે ગોંધી રાખવામાં આવ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) વન ખાતાએ જુલાઈ-૨૦૦૬ના અંતમાં રેડ પાડી ૧ - ચિંકારા જપ્ત કર્યું હતું તે હકીક્ત સાચી છે,

(૩) બીજા ચિંકારાની હત્યા કરવામાં આવી છે, તેની માહિતી વન ખાતાને છે, અને

(૪) આ ગુનાહિત પ્રવૃત્તિ સબંધમાં શી કાર્યવાહી થઈ છે તથા ગુનાહિતો સામે શા પગલાં લેવાયાં છે ?

**વન મંત્રીશ્રી** (૧૫-૧-૦૭) :

(૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા બામરણ ગામે ચિંકારાનું બચ્ચું-૧ રાખવામાં આવેલ હતું, તે હકીક્ત સાચી છે.

(૨) હા, જી.

(૩) બીજા ચિંકારાની હત્યા કરવામાં આવેલ છે, તેવી કોઈ માહિતી વન ખાતાને તપાસ દરમ્યાન મળેલ નથી.

(૪) ખાંભા તાલુકાના મોટા બામરણ ગામે ચિંકારાનું બચ્ચું-૧ જેમના નિવાસસ્થાનેથી મળેલ હતું, તે વ્યક્તિ સામે વન સંરક્ષણ ધારા-૧૯૭૨ની કલમ-૨ (૧૬) (૩૬) ૯, ૪૦ (૧) (૨) ૫૧ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને ગુનેગારને નામદાર કોર્ટમાં સોંપવામાં આવેલ છે.

----------------

**વ્હેલ શાર્ક માછલીનો શિકાર થવા બાબત**

અતારાંક્તિ ૭૭૧૪ (૬-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વ્હેલ શાર્કને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ના શિડયુલ-૧માં સ્થાન આપવામાં આવ્યું છે તે હકીક્ત બરાબર છે,

(૨) સોરાષ્ટ્રમાં આ રક્ષિત દરિયાઈ પ્રાણીના શિકારની કેટલી ઘટના કેલેન્ડર વર્ષ ૨૦૦૩,૨૦૦૪,૨૦૦૫ તથા જૂન-૨૦૦૬માં બની,

(૩) કેટલા ગુનાહિતો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) વ્હેલ શાર્કના સંપૂર્ણ રક્ષણ માટે શાં પગલાં લેવાયાં છે ?

**વન મંત્રીશ્રી** (૧૯-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) સોરાષ્ટ્રમાં વ્હેલ શાર્કના શિકારની કોઈ ઘટના બનેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) વ્હેલ શાર્કના રક્ષણ માટે નીચેના પગલાં લેવામાં આવે છે.

(૧) ક્ષેત્રીય સ્ટાફ ધ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે.

(૨) અસરકારક વાયરલેસ નેટવર્ક ઉપલબ્ધ છે.

(૩) વ્હેલ શાર્ક માછલીના સંરક્ષણ માટે લોકજાગૃતિના કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

(૪) વ્હેલ શાર્ક જાળમાં ફસાઈ જવાના કિસ્સામાં તેને બચાવવા માટે માછીમારને જાળ કાપવાથી થતું નુકસાન રૂા. ૨૫,૦૦૦/-ની મર્યાદામાં ભરપાઈ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

----------------

### કચ્છ જિલ્લામાં હૃદયરોગ અને એઈડસના રોગના કેસોની સંખ્યા

અતારાંકિત ૬૩૬૨ (૧૨-૬-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેન્સર, હૃદયરોગ, અને એઈડસ રોગના તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના કુલ કેટલા કેસો નોંધાયેલ છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૫-૧-૦૭) :

કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેન્સર, હ્નદયરોગ, અને એઈડસના રોગની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના નોંધાયેલ કેસની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | કેન્સરના રોગના દર્દીની વિગત | હ્નદય રોગના દર્દીની વિગત | એઈડસના રોગના દર્દીની વિગત | કુલ |
|---|---|---|---|---|
| અંજાર | ૧૧૫ | ૧૮ | ૦૦ | ૧૩૩ |
| ભૂજ | ૨૦૮ | ૧૩૪ | ૧૫ | ૩૫૭ |
| રાપર | ૧૦૬ | ૧૬ | ૦૧ | ૧૨૩ |
| ગાંધીધામ | ૧૧૪ | ૩૫ | ૦૭ | ૧૫૬ |
| નખત્રાણા | ૫૦ | ૦૭ | ૦૩ | ૬૦ |
| માંડવી | ૬૦ | ૧૬ | ૦૩ | ૭૯ |
| ભચાઉ | ૫૮ | ૦૩ | ૦૩ | ૬૪ |
| લખતર | ૧૯ | ૦૦ | ૦૦ | ૧૯ |
| અબડાસા | ૩૦ | ૦૦ | ૦૦ | ૩૦ |
| મુંદ્રા | ૨૩ | ૦૦ | ૦૨ | ૨૫ |
| કુલ... | ૭૮૩ | ૨૨૯ | ૩૪ | ૧૦૪૬ |

----------------

### રાજકોટ જિલ્લામાં તાલુકાવાર જન્મ-મરણના રજીસ્ટરોના નિભાવ અંગે

અતારાંકિત ૭૪૯૯ (૨૯-૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ, ૨૦૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના તાલુકાવાર કેટલા ગામડાઓના જન્મ-મરણ રજીસ્ટરો કોના મારફતે નિભાવવામાં આવે છે, અને

(૨) તે પૈકી જસદણ તાલુકાના ૧૦૨ ગામડાઓમાં જન્મ-મરણ નોંધણી રજીસ્ટરો દરેક ગામમાં કોના મારફતે નિભાવવામાં આવે છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૧-૦૭) :

(૧) માર્ચ, ૨૦૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના કુલ ૧૪ તાલુકાના ૮૪૧ ગામડાઓમાં જન્મ-મરણ નોંધણીના રજીસ્ટરો જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા નિભાવવામાં આવે છે.

**તાલુકાનું નામ અને ગામડાઓની સંખ્યા :**

| ક્રમાંક | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | ક્રમાંક | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૦૧ | ધોરાજી | ૩૦ | ૦૮ | વાંકાનેર | ૯૯ |
| ૦૨ | ઉપલેટા | ૪૯ | ૦૯ | ટંકારા | ૪૭ |
| ૦૩ | ગોંડલ | ૮૦ | ૧૦ | માલીયા | ૪૫ |
| ૦૪ | જસદણ | ૧૦૧ | ૧૧ | જેતપુર | ૪૭ |
| ૦૫ | કોટડાસંગાણી | ૪૧ | ૧૨ | મોરબી | ૭૫ |
| ૦૬ | લોધીકા | ૩૮ | ૧૩ | રાજકોટ | ૮૫ |
| ૦૭ | પડધરી | ૫૮ | ૧૪ | જામ કંડોરણા | ૪૬ |
| **કુલ : ૮૪૧** | | | | | |

(૨) જસદણ તાલુકામાં કુલ ૧૦૨ ગામડાઓ હતાં, પરંતુ હવે ""જસદણ"" નગરપાલિકા થતાં ""જસદણ""માં જન્મ-મરણ નોંધણી રજીસ્ટરો નગરપાલિકાના ચીફ ઓફીસર દ્વારા અને બાકીના ૧૦૧ ગામડાઓમાં જન્મ-મરણ નોંધણીના રજીસ્ટરો ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા નિભાવવામાં આવે છે.

----------------

**પાટણ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય મેડીકલ ઓફીસરનું સેટઅપ**

અતારાંક્તિ ૭૬૮૨ (૨૨-૧૧-૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧ માર્ચ, ૨૦૦૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય મેડીકલ ઓફીસરનું કુલ સેટઅપ કેટલું છે,

(૨) કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ જગ્યાઓ ભરવા માટે શું આયોજન કરેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૭-૧-૦૭) :

(૧) તા. ૩૧ માર્ચ, ૨૦૦૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ૨૯ (ઓગણત્રીસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૨૯ (ઓગણત્રીસ) મેડીકલ ઓફીસરનું સેટઅપ મંજુર થયેલ છે. (પત્રક સામેલ છે.)

(૨) ૨૪ (ચોવીસ)

(૩) નીચે જણાવ્યા મુજબનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે મેડીકલ ઓફીસરની ૫(પાંચ) જગ્યા તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ ખાલી હતી.

**<u>પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર</u> :** બ્રાહ્મણવાડા, ચાણસમા, નાણા, મુજપુર, ઝઝામ.

(૪) તાજેતરમાં આયુર્વેદ તબીબોને માસિક ફિક્સ પગારથી કરારના ધોરણે નિમણૂંક આપવામાં આવેલ છે અને ઉક્ત પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફીસરની ખાલી જગ્યાઓ ભરવામાં આવેલ છે.

**પત્રક**

**પાટણ જિલ્લાની તાલુકા પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની યાદી**

| અ. નં. | તાલુકાનું નામ | અ. નં. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ મંજૂર તથા કાર્યાન્વિત. |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧ | સરીયદ |
| | | ૨ | રણૂજ |

| અ. નં. | તાલુકાનું નામ | અ. નં. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ મંજૂર તથા કાર્યાન્વિત. |
|---|---|---|---|
| | | ૩ | કાંસા |
| | | ૪ | કુણઘેર |
| | | ૫ | વાગડોદ |
| | | ૬ | જંગરાલ |
| | | ૭ | ડેર |
| ૨ | સિધ્ધપુર | ૮ | કાકોશી |
| | | ૯ | કુવારા |
| | | ૧૦ | ચંડાલજ |
| ૩ | ચાણસ્મા | ૧૧ | ચાણસ્મા |
| | | ૧૨ | બ્રાહ્મણવાડા |
| | | ૧૩ | પીપળ |
| | | ૧૪ | ધીણોજ |
| | | ૧૫ | પલાસર |
| ૪ | હારીજ | ૧૬ | દુનાવાડા |
| | | ૧૭ | નાણા |
| ૫ | સમી | ૧૮ | શંખેશ્વર |
| | | ૧૯ | બાસ્પા |
| | | ૨૦ | મુજપુર |
| | | ૨૧ | રાફુ |
| | | ૨૨ | લોલાડા |
| ૬ | રાધનપુર | ૨૩ | નાનપુરા |
| | | ૨૪ | બંધવડ |
| | | ૨૫ | ગોતરકા |
| ૭ | સાંતલપુર | ૨૬ | વારાહી |
| | | ૨૭ | મઢુત્રા |
| | | ૨૮ | અલીયાણા |
| | | ૨૯ | ઝઝામ |

------------

**રાજકોટ જિલ્લાના પંચાયત હસ્તકના રસ્તાઓના રીપેરીંગ પાછળ થયેલ ખર્ચ**

અતારાંકિત ૭૪૯૦ (૨૪-૦૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

માર્ચ-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પંચાયત હસ્તકના ક્યા ક્યા રસ્તા પાછળ રીપેરીંગ માટે ક્યારે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૧-૦૭) :

માર્ચ-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં પંચાયત હસ્તકના ૨૮૪ રસ્તાઓ માટે રૂા. ૫૫૦.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. તાલુકાવાર તથા રસ્તાવાર ખર્ચની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

----------

**ગેરકાયદેસર કતલખાનાઓમાં થતી ગાયોની કતલ અંગે પોલીસ અધિકારીની જવાબદારી નક્કી કરવા અંગે**

અતારાંકિત : ૭૫૩૭ (૧૩-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યામાં ઠેર ઠેર ચાલતાં ગેરકાયદેસર ક્તલખાનાઓમાં ગાયોની ક્તલો થાય છે તે અન્વયે જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓની જવાબદારી નક્કી કરવા રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૬ની સ્થિતિએ કેટલી ફરિયાદો મળી, અને

(૨) મળેલ ફરિયાદોના અંતે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) રાજ્યમાં ઠેર ઠેર ચાલતાં ગેરકાયદેસર ક્તલખાનાઓમાં ગાયોની ક્તલ થાય છે તે સંબંધમાં પોલીસ તંત્રને છેલ્લા બે વર્ષમાં તા. ૩૦-૮-૦૬ની સ્થિતિએ ફક્ત સુરત ગ્રામ્ય જિલ્લા ખાતેથી એક જ ફરિયાદ મળેલ છે.

(૨) ગેરકાયદેસર ક્તલખાના સંબંધમાં ગોવંશ પ્રાણીઓની ક્તલ અંગેની માંગરોળ પોલીસ સ્ટેશન ખાતેના પોલીસ કંટ્રોલમાંથી મળેલ ફરિયાદના સંબંધમાં માંગરોળ પો. સ. ઈ. શ્રી ડી. એસ. સોઢાએ સ્થળ ઉપર પહોંચવામાં વિલંબ ક્ર્યા હતા તે માટે તેમની જવાબદારી નક્કી કરવામાં આવી છે, અને તે સંદર્ભમાં તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવા અંગે શ્રી સોઢાને તા. ૬-૧૦-૦૬ના રોજ કારણદર્શક નોટીસ ઈસ્યુ કરીને ખુલાસો માંગવામાં આવેલ છે. તેમના તરફથી ખુલાસો/બચાવ હજુ સુધી રજુ થયેલ નથી.

----------

**પોલીસ સ્ટેશન દીઠ નોંધાયેલ લૂંટ તથા ઘરફોડ ચોરીના ગુના**

અતારાંક્તિ ૭૫૪૨ (૧૩-૧૧-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧-૮-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ સ્ટેશન દીઠ લૂંટ તથા ઘ રફોડ ચોરીના કુલ કેટલા કેસ નોંધાયા,

(૨) કેટલા કેસોમાં ગુનેગારો પકડાયા,

(૩) કેટલા કેસોમાં ગુનેગારો હજી સુધી પકડાયા નથી, અને

(૪) આવા ગુન્હાઓ બનતા રોક્વા માટે સરકાર શું કરવા માંગે છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૦૭) :

(૧) સામેલ પત્રક મુજબ

(૨) સામેલ પત્રક મુજબ

(૩) સામેલ પત્રક મુજબ

(૪) આવા પ્રકારના ગુના બનતા અટકાવવા માટે શહેર/જિલ્લામાં સઘન નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ રાખી અસરગ્રસ્ત વિસ્તારોમાં વધુ તકેદારી રાખવામાં આવે છે. તેમજ ઉપરોક્ત પ્રકારના ગુનાઓ કરવાવાળા ઈસમો ઉપર સતત વોચ રાખવામાં આવે છે. રહેણાંક અને કોમર્શીયલ વિસ્તારના અગ્રણીઓને આવા બનાવો બનતા અટકે તે સારુ જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. અને સતર્કતા દાખવવામાં આવે છે.

*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

--------

**ક્તલખાને લઈ જવાતા બળદોને બચાવી લેવા અંગે**

અતારાંક્તિ ૭૫૪૯ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લા નજીકથી ૧૧ ગોવંશ બળદોને ગેરકાનૂની ક્તલખાનામાં પગમાં દોરડાં બાંધી ક્રુરતાપૂર્વક લઈ જવાતા હતા તેને પોલીસે ૧૮/૧૯ જુલાઈ, ૨૦૦૬ના રોજ બચાવી લીધા હતા તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ બળદોના વેચનારા તથા ખરીદનારા અને સંડોવાયેલ ક્તલખાનું કઈ જ્ગ્યાએ આવેલું છે,

(૩) તેની સામે શી કાર્યવાહી થઈ,

(૪) ગુનાહિત વાહન સામે ગેરકાનુની વહન કરનારા ઈસમો કોણ છે તેની સામે શી કાર્યવાહી થઈ, અને

(૫) આ વિસ્તારમાં પ્રવૃત્તિ પર કડક ચેકિંગ રાખવા શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) આ બળદો માણાવદર તાલુકાના ગામડાઓમાંથી જુદી જુદી જ્ગ્યાઓથી બળદો મેળવી આરોપી ઉમર હબીબ પલેજા, રહે. માણાવદર તેના ઘરે ભેગા કરી અન્ય આરોપી ઈલીયાશ ઉર્ફે હાજી જીવા ખાટકી, રહે. ધોરાજીવાળાને વેચાતા દીધેલ હતા અને કઠલાલ ગુજરી બજારમાં લઈ જવાતા હતા. તપાસમાં ક્તલખાનાની જાણ થયેલ છે.

(૩) આ કામે આરોપી વિરૂધ્ધ વંથલી પો. સ્ટે. ગુ. ર. નં. ૩૦૬૮/૦૬ મુજબ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) આ કામે ટ્રક કબજે લેવામાં આવેલ છે, અને નીચે જણાવ્યા મુજબ ટ્રક માલીક તથા ગે. કા. વહન કરનારા ઈસમોને અટક કરેલ છે.

(૧) યુસુફખાન શેરખાન પઠાણ ઉં. વ. ૫૬ રહે. અમદાવાદ

(૨) અકબર આમદ કાદરી ઉં. વ. ૨૫ રહે. અમદાવાદ

(૩) બોદુ નુરમહંમદ ઉં. વ. ૨૬ રહે. ધોરાજી

(૪) ઈલીયાસ ઉર્ફે હાજી જીવા ધોરાણી, ઉં. વ. ૨૭ રહે. ધોરાજી

(૫) ઈસ્માઈલ ઉર્ફે ઈસુ ઈબ્રાઇમ મતવા ઉં. વ. રહે. ધોરાજી

આ કામની વિશેષ તપાસ દરમ્યાન ટ્રક માલીક તથા ઢોર ખરીદનાર નીચે મુજબના ઈસમોને અટક કરેલ છે.

(૧) ઉંમર હબીબ પલેજા ઉં. વ. ૫૫ રહે. માણાવદર

(૨) જાહીરુદ્દીન બસીરુદ્દીન સૈયદ, કાદરી ઉં. વ. ૪૮ રહે. અમદાવાદ વાળાઓની અટક કરેલ છે.

(૫) આવી ગેરકાનુની પ્રવૃત્તિ અંકુશ હેઠળ રાખવા માટે તમામ થાણા અમલદારશ્રીઓને તથા સુપરવાઈઝરી અધિકારીઓને બાતમી રાહે હકીકત મેળવી તથા અવારનવાર ટ્રાફીક ચેકીંગ કરી આવી પ્રવૃત્તિ અંકુશમાં રાખવાની કાર્યવાહી કરવા સખ્ત સૂચના કરવામાં આવેલ છે. અને તે મુજબ અમલવારી થઈ રહેલ છે.

એચબી-૯૭૫-૩

----------

**ક્તલના હેતુસર ભૂંડને પકડતા ઈસમો પકડાવા અંગે**

અતારાંકિત ૭૫૫૧ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સોરાષ્ટ્રમાં જિલ્લાવાર ભૂંડને ક્તલના હેતુસર પકડતા કેટલા ગુનાહિત શખ્સો સન ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં પકડાયા,

(૨) તેને શી શિક્ષા કરવામાં આવી, અને

(૩) આવા ગુનાહિતો પર વોચ રાખી તેને પકડી પાડવા શી વ્યવસ્થા થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) સોરાષ્ટ્રમાં માત્ર ભાવનગર જિલ્લા સિવાય અન્ય કોઇ જિલ્લામાં ભુંડની ક્તલના હેતુસર પકડવામાં આવેલ નથી. આ જિલ્લામાં વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ દરમ્યાન કુલ ૭૦ ભુંડને ક્તલના હેતુસર પકડવામાં આવેલ હતા જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૩ |
| ૨૦૦૪-૦૫ | ૨૭ |
| ૨૦૦૫-૦૬ | ૩૦ |
| | કુલ : ૭૦ |

(૨) ભાવનગર જિલ્લામાં ભુંડની ક્તલની હેતુસર પકડવાની પ્રવૃત્તિ સબંધમાં પોલીસ તરફથી કુલ. ૫૦ કેસો દાખલ કરવામાં આવેલ હતા તેમાંથી માત્ર બે કેસો સાબીત થયેલ છે, અને તેમાં સંડોવાયેલા સાત આરોપીઓને રૂા. ૫૦૦/- ના દંડની શિક્ષા નામદાર કોર્ટ તરફથી ફરમાવવામાં આવેલ છે. અને બાકી કેસો હાલ નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે.

(૩) પોલીસ તરફથી અવાર-નવાર વોચ રાખીને તેમજ પેટ્રોલીંગ દ્વારા વાહનોનું ચેકીંગ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

-----------

**ક્તલખાને લઈ જવાતા ગાય અને વાછરડા પકડાવા અંગે**

અતારાંક્તિ ૭૫૫૩ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) હિંસા નિવારણ સંઘે તા. ૧૧-૦૬-૨૦૦૬ના રોજ વાપી નજીક્ના ડુંગરા ગામેથી ક્તલખાનામાં ધકેલાતા ૮ ગાય અને વાછરડાં ભરેલો ટેમ્પો પકડી પાડ્યો હતો, તે હકીક્ત સાચી છે,

(૨) આ કામના ગુનાહિતો કોણ હતા, તેની સામે શી કાર્યવાહી થઇ,

(૩) બળદો વેચનારા-ખરીદનારા તથા તેમાં સંડોવાયેલા ક્તલખાના સામે શી કાર્યવાહી થઇ છે, અને

(૪) આ ગુનાહિતો ખેડૂતોના પ્રાણીઓ ચોરી કરી ક્તલખાનામાં મોક્લવા માટે કુખ્યાત છે તે સબંધમાં પોલીસે શી કાર્યવાહી કરી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) હાજી.

વાપી હિંસા નિવારણ સંઘે તા. ૧૧-૦૬-૨૦૦૬ના રોજ વાપી નજીક્ના ડુંગરા ગામેથી ક્તલખાનામા નહી પરંતુ ચોરી કરવાના ઈરાદે લઈ જવાતા ખરેખર આઠ ગાયો અને ૭ વાછરડા ભરેલો ટેમ્પો પકડી પાડેલ હતો.

(૨) આ ગુનાના કામે સંડોવાયેલ સર્વ શ્રી (૧) શબ્બીર અહમદખાન (૨) અબ્દુલ રહેમાન શબ્બીર અહમદખાન
(૩) જીયાઉદ્દીન અયુદ્દીન શેખ ત્રણેય રહે. ડુંગરા, તાલુકો પારડી તથા (૪) યુસુફ ઈબ્રાહીમ પીપીયા રહે. સંજાણ બંદર રોડ, તાલુકો ઉંમરગામની તા. ૧૧-૦૬-૨૦૦૬ના રોજ અટક કરવામાં આવેલ. તમામ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ તેઓ વિરૂધ્ધમાં તા. ૨૫-૦૭-૨૦૦૬ના રોજ નામ. કોર્ટ રાજકોટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. કેસ પડતર છે.

(૩) વાપી પોલીસ સ્ટેશનની હદમાં ગેરકાયદેસર ક્તલખાના મળી આવેલ નથી, અને આવા કોઈ કિસ્સામાં બળદો પકડવામાં આવેલ નથી.

(૪) પ્રશ્ન હેઠળની બાબતમાં આરોપી નં. ૧ની ડુંગરી ગામે પોતાની માલીકીની જમીન (વાડી) છે. અને વાડીમાં અવાર-નવાર ડુંગરા ગામના પ્રાણીઓ ઘુસી જઈને વાડીને નુક્સાન કરતા હોવાથી આરોપીઓ નં. ૧ થી ૩ તરફથી આરોપી નં. ૪ના વાહન ટેમ્પો નં. જી. જે.-૧૫-ટી-૧૦૮૩માં આવા પ્રાણીઓને ભરીને સેલવાસના દુધની ગામે જંગલમાં છોડી દેવાના ઈરાદાથી ઢોરોની ચોરી કરી હોવાનું પોલીસ તપાસમાં જણાઈ આવેલ છે. આ સંબંધમાં આરોપીઓ સામે વાપી પો. સ્ટે. ગુ. ર. નં. ફ. ૧૬૭/૦૬ ઈપીકો ક્લમ ૩૭૯, ૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. આ કેસ કોર્ટમાં હાલ પડતર છે.

-----------

**ક્તલખાને લઈ જવાતા બળદો પોલીસને સુપરત કરવા અંગે**

અતારાંક્તિ ૭૫૫૫ (૧૩-૧૧-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) વાપી હિંસા નિવારણ સંઘે વાપી પાસે બલીઠા ખાતે બે ટેમ્પોમાં અતિશય ક્રુરતાથી ભરેલા કુલ ૧૬ તંદુરસ્ત બળદોને ક્તલખાનામા લઈ જવાતા તા. ૨૪-૦૭-૦૬ના રોજ ઝડપી લઈ પોલીસને સુપરત કર્યા હતા, તે હકીક્ત સાચી છે,

(૨) આ બળદોને ગુણીની જેમ થપ્પા મારીને ઠાંસી ઠાંસીને, ખીચોખીચ ભરવાને કારણે બળદો લોહીલુહાણ થયા હતા, શિંગડા તૂટી ગયા હતા તે હકીક્ત સાચી છે,

(૩) આ ગુનાહિતો અગાઉ તા. ૦૬-૦૭-૨૦૦૬ તથા તા. ૧૬-૦૭-૨૦૦૬ના રોજ ૮-૮ ગોવંશ બળદોને લઈ જતા પકડાયા હતા તથા તેની પાસેથી મુંબઈ મહાનગરપાલિકાની રસિદો મળી આવી હતી તે પણ સાચી હકીક્ત છે,

(૪) આ ગુનાહિતો તથા વાહનો સામે શાં પગલાં લેવાયાં છે,

(૫) ગુનાહિતો સામે ""પાસા"" લાગુ પાડવામાં આવ્યો છે કે કેમ, અને

(૬) સંડોવાયેલા ક્તલખાના સામે શાં પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) હા, જી, બળદોને ગુણીની જેમ થપ્પા મારીને ઠાંસી ઠાંસીને, ખીચોખીચ ભરવાના કારણે બળદો લોહીલુહાણ થયા હતા અને શિંગડા તૂટી ગયેલા હતા તે હકીક્તો તપાસતાં જણાઈ આવતાં વાપી ટાઉન પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૨૨૪/૦૬, મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની ક્લમ ૫,૮,૯,૧૦ તથા પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ની ક્લમ ક, ખ, ઘ, ચ, ડ, ૨૯-(૧)(૩)(૫) તથા ૩૮ (૩) તેમજ ગુજરાત મોટર વ્હીક્લ રૂલ્સ ૧૯૮૯ના નિયમ ૧૨૩ હેઠળનો ગુનો રજીસ્ટર ક્રવામાં આવેલ હતો. આ તપાસ મુજબ ક્બજે લેવાયેલ બળદોને ટેમ્પામાં ખીચોખીચ ભરવામાં આવેલ હતા તેના કારણે ૧૬ પેકીના ૯ બળદોના શરીરમાંથી છુટુ છવાયું લોહી નીક્ળેલાનું અને એક બળદનું શિંગડું તૂટી ગયાનું જણાઈ આવેલ હતું.

(૩) તા. ૬-૭-૨૦૦૬ અને તા. ૧૬-૭-૨૦૦૬ના રોજ કુલ : ૧૬ ગોવંશ બળદોને લઈ જતા પકડવામાં આવેલ હતા અને તે અંગેની મુંબઈ મહાનગરપાલિકાની રસીદો ઈસ્યુ થયાના દસ્તાવેજી પુરાવાઓ મળી આવેલ હતા તે હકીક્ત સાચી છે.

(૪) આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓ (૧) શ્રી ઈરફાન મહમદ વ્હોરા, રહે. ગામ પરીહેજ, પાલખેડી રોડ, (૨) શ્રી મહમદ આરીફ કાસમ મનસુરી રહે. હીંગલોર (૩) શ્રી રૂસ્તમ વ્હોરા પટેલ રહે. પરીહેજ, પાલખેડી રોડ, જી. ભરૂચ અને (૪) શ્રી સાગીદ યાકુબ સિંધી રહે. ક્રજણ જી. વડોદરાને તા. ૨૩-૭-૨૦૦૬ના રોજ અટક્માં લેવામાં આવેલ છે અને હજુ છ આરોપીઓને પક્ડવાની કાર્યવાહી હાથ પર છે. પક્ડાયેલ ઈસમો સાથે પાસા લાગુ ક્રવામાં આવેલ નથી. પ્રશ્ન હેઠળના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ પેકીના એક આરોપી પાસેથી મુંબઈ મહાનગરપાલિકા તરફથી ઈસ્યુ થયેલ કોઈ રસીદ મળી આવેલ ન હતી. વાહન ટ્રક નં. એમએચ-૦૪-સીપી-૮૯૩૧ જપ્ત ક્રવામાં આવેલ હતું. અને વાપી ટાઉન પો. સ્ટે. ખાતે રાખવામાં આવેલ હતું.

(૫) ના, જી.

(૬) પોલીસ તપાસમાં સંડોવાયેલા ક્તલખાનાના નામો ખુલેલ નથી. પરંતુ આ ગુનાના કામે આરોપીઓની ગેરકાયદેસર પશુઓની હેરાફેરી ક્રવા બદલ અટકાયત ક્રવામાં આવી છે.

-----------

**ગેરકાનૂની ક્તલખાને લઈ જવાતા વાછરડાને બચાવી લેવા અંગે**

અતારાંક્તિ ૭૫૫૮ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા ક્રશે કે-

(૧) પાલનપુર પોલીસે આબુરોડ હાઈવે પર વોચ ગોઠવી રાજસ્થાનથી ગુજરાતના ગેરકાનૂની ક્તલખાનામાં લઈ જવાતા ૨૮ ગોવંશ વાછરડાં ભરેલી ટ્રક્ને જુલાઈ-૨૦૦૬માં ઝડપી લઈ બચાવી લીધા હતા તે હકીક્ત સાચી છે,

(૨) આ ક્રામના ગુનાહિતો તથા વાહન સામે શા પગલાં લેવાયાં છે,

(૩) ક્યા ગેરકાનૂની ક્તલખાનામાં વાછરડાં લઈ જવાતા હતા, તેની સામે શી કાર્યવાહી થઈ છે,

(૪) આ વાછરડાં ક્યાં રાખવામાં આવ્યાં છે, અને

(૫) આ હાઈવે પર ચેકિંગ વધુ સઘન બનાવવા તથા ગો રક્ષકોને જરૂરી મદદ ક્રવા શી વ્યવસ્થા થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) આ કામે પાલનપુર સીટી પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૪૪૦/૦૬ મુજબનો નોંધવામાં આવેલ છે અને સંડોવાયેલ ત્રણ ગુનાહિતી આરોપીઓ સર્વ (૧) શ્રી મહેબુબખાન કાળુખાન સીન્ધી રહે. દયાકોર (૨) અખતર ઉર્ફે અબ્દુલહક ગુફુરખાન સીન્ધી રહે. જોડમલાર (૩) હારૂનખાન બચુખાન સીન્ધી, રહે. પીલવાની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને તા. ૨-૯-૦૨ના ચાર્જશીટ કોર્ટમાં મોક્લી આપેલ છે. આ કામે પક્ડાયેલ ટ્રક નં. આર. જે. ૧૯-જીએ. ૩૦૯૬ને કોર્ટના હુક્મ મુજબ આરોપીઓને પરત સોંપેલ છે.

(૩) તે તપાસ દરમ્યાન જાણવા મળેલ નથી.

(૪) વાછરડા નંગ-૨૮ ડીસા પાંજરાપોળમાં મોક્લી આપવામાં આવેલ છે.

(૫) હાઈવે પર પેટ્રોલીંગ ચાલુ છે, અને ગોરક્ષકો તરફથી મદદની માંગણી આજદિન સુધી ક્રેલ નથી. પરંતુ માંગણી ક્રવામાં આવે ત્યારે પૂરી પાડવામાં આવશે.

-----------

**દવા મિશ્રીત લાડુ ખવડાવી ભૂંડના મોત નિપજાવવા અંગે**

અતારાંક્તિ ૭૫૬૧ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા ક્રશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ઢીમા ગામમાં તા. ૦૩-૦૮-૨૦૦૬ ગુરૂવારના રોજ ખેત વિસ્તારોમાં દવા મિશ્રીત લાડુ ખવરાવી ઈરાદાપૂર્વક ૨૮ ભૂંડના મોત નિપજાવવામાં આવ્યાં હતાં તે હકીક્ત સાચી છે,

(૨) આ ભૂંડના પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના જ તેને દફનાવી દેવાના શા કારણો છે,

(૩) તેને માટે કોણ જવાબદાર છે,

(૪) આ ગુનાહિત પ્રવૃત્તિ સામે ક્યારે પોલીસ ફરિયાદ થઈ, અને

(૫) ""ગુનાહિત "" ઈસમ કોણ હતા અને તેની સામે શા પગલાં લેવાયાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૧-૦૭) :

(૧) ના જી, પરંતુ તારીખ ૩-૦૮-૨૦૦૬ના રોજ ઢીમા ગામની સીમના ખેતરોમાં તથા ખરાબામાં ભૂંડોના મોત થવાના ચોક્કસ કારણો જાણવા મળેલ નથી.

(૨) ભૂંડોના મોતથી ખેતરોમાં તેમજ ખરાબામાં ગંદગી ફેલાતી હોવાના કારણે ગામના માણસો દ્વારા તેને દફનાવી દેવામાં આવેલ છે, અને તે સંબંધમાં પોલીસ સમક્ષ કોઈ ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### ગોમાંસ ભરેલ ટ્રક પકડવા અંગે

અતારાંક્તિ ૭૫૬૨ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) કામરેજ તાલુકા ખોલવડ ગામ પાસેથી ગોમાંસ ભરેલ ટ્રક નં. જીજે-૧-યુયુ-૮૮૧૧ બિનવારસી હાલતમાં તા. ૩૦/૩૧ જુલાઈ-૨૦૦૬ના રોજ મળી આવ્યો હતો તે હકીક્ત સાચી છે,

(૨) આ ટ્રક કોની માલિકીની હતી તથા તેની સામે શી કાર્યવાહી થઈ,

(૩) ગુનાહિત વાહન સામે શી કાર્યવાહી થઈ, અને

(૪) માંસ તેયાર કરવામાં સંડોવાયેલ ક્તલખાનું તથા ખરીદનારા ગુનાહિતો સામે શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) ના, જી, સદરહુ ટ્રક્માં ગોમાંસ નહી, પરંતુ પ્રાણીના હાડકા ભરેલ હતા.

(૨) આ ટ્રક અબ્દુલ રહીમ ઈબ્રાહીમ સુઠીયા રહે. મહમોદી મોહલ્લા ગોધરાની માલીકીની હતી તે સબબના કૃત્ય બદલ તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

(૩) સદરહુ વાહનમાં મોટા પ્રાણીના હાડકા ભરેલ હોવાથી જે જાહેર વાતાવરણમાં હવા પ્રદુશીત કરતાં હોવાથી કામરેજ પો. સ્ટે. નો કો. નં. ૧૬૫/૨૦૦૬ મુજબ ઈ.પી.કો ૨૭૮ અને વ્હીકલ એકટ કલમ. ૧૯૨ (૨) મુજબ ફરીયાદ મુકી કોર્ટમાં રજુ કરતાં નામ. કોર્ટે રૂા. ૨૧૦૦/- નો દંડ કરેલ છે.

(૪) સદરહુ ટ્રક્માં ફક્ત પ્રાણીના હાડકા હોવાના કારણે આ દિશામાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

----------

### ક્તલખાને લઈ જવાતા બળદો પકડવા અંગે

અતારાંક્તિ ૭૫૬૩ (૧૪-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) વાપી હિંસા નિવારણ સંઘ ધ્વારા નેશનલ હાઈવે નં. ૮ પાસે બલીઠા ખાતે તા. ૧૩-૭-૦૬ના રોજ એક ટ્રક્માં ૧૨ જેટલા બળદોને ખીચોખીચ હાલતમાં ક્તલખાનામાં લઈ જવાતા પકડી પાડયા હતા. તે હકીક્ત સાચી છે,

(૨) આ કામના ગુનાહિતો કોણ હતા તેની સામે શી કાર્યવાહી થઈ,

(૩) વાપરવામાં આવેલ ટ્રક્માં બોગસ નંબર લખાયો હતો તે હકીક્ત સાચી છે, તથા તેની સામે શી કાર્યવાહી થઈ,

(૪) બળદોને ખરીદનારા-વેચનારા કોણ હતા તેની સામે શી કાર્યવાહી થઈ, અને

(૫) બળદોને ક્યા કતલખાનામાં લઈ જવાતા હતા તેની સામે શી કાર્યવાહી થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) આ ગુનાના કામે સંડોવાયેલ આરોપી સર્વ શ્રી (૧) મુસ્તાક મુસા પટેલ રહે. મહમદપુરા ભરૂચની, તા. ૧૩-૭-૦૬ના રોજ (૨) જાવેદ બાબુ ઈસ્માઈલ શેખ રહે. ભીવંડી મુંબઈ (૩) હાજી હુસેન ઉર્ફે જાવેદ આલોન શેખ, રહે. ગોવંડી બેગનવાડી મુબઈની તા. ૧૭-૭-૦૬ના રોજ અટક કરવામાં આવેલ છે. તેમના વિરુધ્ધ વાપી ટાઉન પો.સ્ટે. ખાતે સે.ગુ.ર.નં. ૨૦૬/૦૬, મુંબઈ પશુ સરંક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ. ૫,૮,૯,૧૦ તથા પશુ ક્રુરતા અધિનિયમ ૧૦૬૦ની કલમ. ક,ખ,ધ,ચ,ડ તેમજ કલમ. ૨૯(૧) (૩) (૫) તેમજ ગુજરાત મોટર વ્હીકલ રુલ્સ. ૧૯૮૯ના રુલ્સ ૧૨૩ મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તેમના વિરુધ્ધમાં ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૩) આ હકીકત સાચી છે. અને તે સબંધમાં ઉપર જણાવ્યા મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

(૪) બળદોને ખરીદવાના કામે જવાબદાર જણાયેલ ઉપર દર્શાવેલ ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે, પરંતુ વેચનાર ઈસમો અંગેની કોઈ માહિતી પોલીસ તપાસમાં બહાર આવેલ નથી.

(૫) પકડાયેલ ૧૨ જેટલા બળદોને મુંબઈ ખાતેના દેવનાર કતલખાનામાં લઈ જવાના હતા.

----------

### નેશનલ હાઈવે નં. ૮ પરથી ગોમાંસ નિકાસની પ્રવૃત્તિ અટકાવવા અંગે

અતારાંકિત ૭૫૬૫ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાંથી તથા પરપ્રાંતમાંથી રાજ્યના નેશનલ હાઈવે નં. ૮ પરથી મુંબઈ વાપી ખાતે વિદેશમાં ટનબંધ ગોમાંસ નિકાસ કરવાની પ્રવૃત્તિમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગંભીર રીતે વધારો થયો છે તે સરકાર અને પોલીસતંત્ર જાણે છે,

(૨) આ ગંભીર ગેરકાનૂની પ્રવૃત્તિને રોકવા તથા ડામી દેવા સરકારે ઉચ્ચકક્ષાએ શા આદેશો આપ્યા છે,

(૩) મુંબઈની ગોમાંસ નિકાસમાં સંડોવાયેલી ગુનાહીત કંપની સામે પગલાં લેવા મહારાષ્ટ્ર તથા ભારત સરકારની સાથે શી કાર્યવાહી કરી છે, અને

(૪) તેના શા પ્રતિભાવો મળ્યો છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) ના, જી.

(૨) રાજ્યમાંથી પરપ્રાંતમાં રાજ્યના નેશનલ હાઈવે નં. ૮ પરથી મુંબઈ-વાપી થઈને વિદેશમાં ટનબંધ ગોમાંસ નિકાસ કરવાની આવી ગંભીર ગેરકાનૂની પ્રવૃત્તિને રોકવા અને ડામી દેવા જિલ્લા/શહેર પોલીસ તરફથી સતત સતર્કતા વર્તવામાં આવે છે. સતત રોડ પેટ્રોલીંગ/વાહન ચેકીંગ/ ચેક પોસ્ટો ઉપર સતત ચેકીંગ અને સ્ટેટ હાઈવે પોલીસ ધ્વારા વાહન ચેકીંગ કરવાની સતત કામગીરી હાથ ધરવામાં આવે છે અને તે રીતે આવી ગેર કાનુની પ્રવૃત્તિને રોકવા અસરકારક પગલાં લેવામાં આવે છે.

(૩) આવી કોઈ માહિતીની પોલીસ તંત્ર પાસે જાણકારી નથી.

(૪) પ્રશ્ન ખંડ-૩ નો જવાબ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

### રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના

અતારાંકિત ૭૫૬૯ (૧૩-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સન. ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં સ્ત્રીઓના આપઘાત, બળાત્કાર, અપહરણ, લૂંટ, ખૂન, છેતરપીંડીને લગતા જિલ્લાવાર કેટલા કેસો નોંધાયા છે,

(૨) તે પૈકી ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર અને શહેરવાર કેટલા,

(૩) આવા ગુનાઓ વધતા જાય છે તેના કારણો શા છે, અને

(૪) આવા ગુના ઘટાડવા સરકારે શા શા પગલાં લીધા અથવા લેવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧-૦૭) :

(૧) પત્રક-૧ મુજબ (કુલ ત્રણ પાના)

(૨) પત્રક-૨ મુજબ

(૩) આવા બનાવો મુખ્યત્વે વ્યક્તિગત અને કૌટુંબિક વિષમતાઓને કારણે તથા ઘણા કિસ્સાઓમાં વેપાર ધંધામાં મંદિને કારણે થતા હોય છે. વળી કેટલાક ગુનાઓમાં અંગત અદાવત પણ કારણભૂત હોય છે. ગુજરાત રાજ્યમાં પરપ્રાંતીય ઈસમો મજૂરી અર્થે આવતા હોય છે, જેઓ દ્વારા પણ વિવિધ ગુનાઓ આચરવામાં આવે છે. સ્ત્રીઓની બાબતમાં દહેજ માંગણીના પ્રશ્નો તેમજ આર્થિક મુશ્કેલી વગેરે આવા ગુનાઓ વધવા માટેના મુખ્ય કારણ છે.

(૪) આવા ગુનાઓ બનતાં અટકાવવા માટે પોલીસ પેટ્રોલીંગ, મોબાઈલ પેટ્રોલીંગ, ખાનગી કપડામાં વોચ રાખવી, શરીર સંબંધી ગુનાઓ બાબતે ફરીયાદ કે માહિતી મળે ત્યારે તાત્કાલિક અટકાયતી પગલાં લેવા, મહિલા સંગઠનોની મદદ લઈ તટસ્થ તપાસ કરવી, મહિલા જાગૃતિ શિબીરો યોજી, નારી શક્તિ બાબતે જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવા અને રાજ્યમાં અલગ મહિલા પોલીસ સ્ટેશન સ્થાપી, ગુનાઓ સંબંધે તાત્કાલિક કાર્યવાહી કરવી વગેરે પગલાં લેવામાં આવે છે.

**પત્રક-૧**

મહિલાઓના આપઘાત તથા બળાત્કાર

| શહેર/જિલ્લા | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | | ૧-૪-૦૫ થી ૩૦-૩-૦૬ | | ૧-૪-૦૬ થી ૩૧-૧૦-૦૬ | |
|---|---|---|---|---|---|---|
| | આપઘાત | બળાત્કાર | આપઘાત | બળાત્કાર | આપઘાત | બળાત્કાર |
| અમદાવાદ શહેર | ૨૨૯ | ૪૮ | ૨૫૨ | ૫૨ | ૧૩૨ | ૩૧ |
| રાજકોટ શહેર | ૧૩૯ | ૬ | ૧૩૦ | ૧૦ | ૮૪ | ૨ |
| સુરત શહેર | ૧૫૬ | ૨૮ | ૧૫૧ | ૨૩ | ૯૧ | ૨૧ |
| વડોદરા શહેર | ૬૧ | ૪ | ૬૬ | ૭ | ૩૮ | ૩ |
| અમદાવાદ રૂરલ | ૩૪ | ૧૨ | ૪૫ | ૧૦ | ૩૨ | ૫ |
| ખેડા | ૪૧ | ૯ | ૫૦ | ૧૬ | ૩૧ | ૪ |
| આણંદ | ૪૩ | ૧૦ | ૪૩ | ૬ | ૨૦ | ૧૦ |
| ગાંધીનગર | ૪૧ | ૯ | ૪૩ | ૧૦ | ૧૯ | ૯ |
| સાબરકાંઠા | ૯૪ | ૯ | ૯૭ | ૧૦ | ૭૦ | ૮ |
| મહેસાણા | ૧૧૩ | ૨ | ૧૦૪ | ૭ | ૭૮ | ૫ |
| જામનગર | ૧૦૨ | ૧૨ | ૧૧૨ | ૧૪ | ૭૨ | ૧૨ |
| રાજકોટ રૂરલ | ૧૬૧ | ૧૭ | ૧૧૩ | ૧૯ | ૭૦ | ૧૦ |
| સુરેન્દ્રનગર | ૬૮ | ૯ | ૬૩ | ૧૭ | ૩૮ | ૧૦ |
| બનાસકાંઠા | ૩૭ | ૧૦ | ૩૩ | ૨૨ | ૨૩ | ૮ |
| કચ્છ-ભૂજ | ૧૦૪ | ૧૧ | ૯૪ | ૧૧ | ૫૨ | ૧૪ |
| પાટણ | ૧૭ | ૫ | ૧૪ | ૫ | ૧૦ | ૭ |
| અમરેલી | ૭૩ | ૭ | ૬૩ | ૯ | ૪૪ | ૧૨ |
| ભાવનગર | ૧૪૧ | ૨૬ | ૧૫૧ | ૨૨ | ૧૦૦ | ૨૨ |
| જૂનાગઢ | ૧૩૧ | ૯ | ૧૧૫ | ૧૦ | ૭૬ | ૬ |
| પોરબંદર | ૫૪ | ૦ | ૩૭ | ૨ | ૩૩ | ૨ |
| વડોદરા રૂરલ | ૧૭૧ | ૨૬ | ૧૮૧ | ૨૧ | ૯૧ | ૬ |
| ભરૂચ | ૩૩ | ૧૦ | ૪૦ | ૧૦ | ૧૭ | ૩ |
| નર્મદા | ૬ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ |
| ગોધરા | ૨૫ | ૧૨ | ૨૫ | ૧૭ | ૧૯ | ૭ |
| દાહોદ | ૧૭ | ૨૧ | ૨૫ | ૧૭ | ૨૦ | ૭ |
| સુરત રૂરલ | ૬૩ | ૧૩ | ૪૭ | ૧૨ | ૧૭ | ૪ |

| શહેર/જિલ્લા | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | | ૧-૪-૦૫ થી ૩૦-૩-૦૬ | | ૧-૪-૦૬ થી ૩૧-૧૦-૦૬ | |
|---|---|---|---|---|---|---|
| | આપઘાત | બળાત્કાર | આપઘાત | બળાત્કાર | આપઘાત | બળાત્કાર |
| વલસાડ | ૪૨ | ૧૦ | ૪૪ | ૯ | ૨૨ | ૦ |
| નવસારી | ૩૦ | ૧ | ૨૧ | ૫ | ૧૪ | ૬ |
| ડાંગ-આહવા | ૬ | ૧ | ૧૪ | ૪ | ૪ | ૦ |
| પ. રે. વડોદરા | ૨૨ | ૨ | ૧૪ | ૧ | ૧૭ | ૧ |

મહિલાઓના અપહરણ અને લૂંટ

| શહેર/જિલ્લા | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | | ૧-૪-૦૫ થી ૩૦-૩-૦૬ | | ૧-૪-૦૬ થી ૩૧-૧૦-૦૬ | |
|---|---|---|---|---|---|---|
| | અપહરણ | લૂંટ | અપહરણ | લૂંટ | અપહરણ | લૂંટ |
| અમદાવાદ શહેર | ૧૫૭ | ૯૧ | ૧૬૦ | ૬૧ | ૮૦ | ૪૦ |
| રાજકોટ શહેર | ૩૦ | ૪ | ૩૧ | ૧૦ | ૧૭ | ૨ |
| સુરત શહેર | ૪૯ | ૩ | ૭૮ | ૮ | ૫૨ | ૯ |
| વડોદરા શહેર | ૩૧ | ૬ | ૩૦ | ૪ | ૨૩ | ૩ |
| અમદાવાદ રૂરલ | ૩૫ | ૧ | ૧૯ | ૩ | ૧૨ | ૧ |
| ખેડા | ૨૬ | ૧ | ૨૪ | ૬ | ૨૧ | ૦ |
| આણંદ | ૩૦ | ૨ | ૨૪ | ૧ | ૧૭ | ૦ |
| ગાંધીનગર | ૪ | ૨ | ૨૪ | ૧ | ૧૧ | ૨ |
| સાબરકાંઠા | ૨૬ | ૧૮ | ૩૨ | ૧૫ | ૨૨ | ૮ |
| મહેસાણા | ૬૦ | ૪૭ | ૫૦ | ૫૩ | ૨૨ | ૩૮ |
| જામનગર | ૨૩ | ૩ | ૧૬ | ૧ | ૮ | ૨ |
| રાજકોટ રૂરલ | ૩૫ | ૩ | ૪૫ | ૪ | ૨૧ | ૧ |
| સુરેન્દ્રનગર | ૨૪ | ૦ | ૨૭ | ૦ | ૯ | ૦ |
| બનાસકાંઠા | ૨૦ | ૬ | ૧૩ | ૭ | ૧૯ | ૫ |
| કચ્છ-ભૂજ | ૩૦ | ૩ | ૩૭ | ૯ | ૨૬ | ૩ |
| પાટણ | ૧૬ | ૧ | ૧૭ | ૨ | ૪ | ૧ |
| અમરેલી | ૩૪ | ૧૧ | ૪૧ | ૬ | ૧૬ | ૭ |
| ભાવનગર | ૭૧ | ૨૬ | ૬૪ | ૪૭ | ૬૨ | ૩૩ |
| જૂનાગઢ | ૩૯ | ૬ | ૨૯ | ૭ | ૨૬ | ૪ |
| પોરબંદર | ૪ | ૧ | ૯ | ૧ | ૨ | ૧ |
| વડોદરા રૂરલ | ૩૧ | ૧૯ | ૨૮ | ૧૪ | ૧૦ | ૫ |
| ભરૂચ | ૧૦ | ૦ | ૧૪ | ૬ | ૪ | ૦ |
| નર્મદા | ૬ | ૩ | ૦ | ૨ | ૩ | ૦ |
| ગોધરા | ૩૦ | ૧૦ | ૨૮ | ૧૪ | ૧૦ | ૫ |
| દાહોદ | ૮ | ૩ | ૧૪ | ૦ | ૧૧ | ૯ |
| સુરત રૂરલ | ૫ | ૦ | ૯ | ૨ | ૪ | ૦ |
| વલસાડ | ૨૧ | ૩ | ૧૫ | ૨ | ૫ | ૦ |
| નવસારી | ૫ | ૧ | ૨ | ૧ | ૬ | ૦ |
| ડાંગ-આહવા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| પ. રે. વડોદરા | ૧ | ૧૭ | ૧ | ૧૧ | ૨ | ૨૦ |

ખૂન અને છેતરપીંડી

| શહેર/જિલ્લા | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | | ૧-૪-૦૫ થી ૩૦-૩-૦૬ | | ૧-૪-૦૬ થી ૩૧-૧૦-૦૬ | |
|---|---|---|---|---|---|---|
| | ખૂન | છેતરપીંડી | ખૂન | છેતરપીંડી | ખૂન | છેતરપીંડી |
| અમદાવાદ શહેર | ૪૮ | ૧૭૨ | ૩૮ | ૧૬૯ | ૨૪ | ૧૦૭ |
| રાજકોટ શહેર | ૧૩ | ૨૭ | ૧૧ | ૧૬ | ૧૧ | ૧૦ |
| સુરત શહેર | ૨૦ | ૧૩ | ૨૧ | ૨૫ | ૧૪ | ૧૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વડોદરા શહેર | ૧૦ | ૩૨ | ૭ | ૨૬ | ૬ | ૧૩ |
| અમદાવાદ રૂરલ | ૭ | ૧ | ૯ | ૩ | ૯ | ૦ |
| ખેડા | ૨૫ | ૫ | ૧૪ | ૩ | ૧૬ | ૧૧ |
| આણંદ | ૩ | ૧ | ૮ | ૩ | ૮ | ૪ |
| ગાંધીનગર | ૧ | ૪ | ૫ | ૩ | ૬ | ૩ |
| સાબરકાંઠા | ૩૩ | ૫૩ | ૨૪ | ૨૯ | ૨૨ | ૨૦ |
| મહેસાણા | ૩૮ | ૮૮ | ૩૦ | ૭૨ | ૧૬ | ૪૩ |
| જામનગર | ૧૪ | ૧ | ૮ | ૮ | ૨ | ૧ |
| રાજકોટ રૂરલ | ૧૦ | ૩૫ | ૧૪ | ૫૩ | ૮ | ૩૨ |
| સુરેન્દ્રનગર | ૪ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ |
| બનાસકાંઠા | ૮ | ૫ | ૧૧ | ૬ | ૧૪ | ૩ |
| કચ્છ-ભૂજ | ૮ | ૩ | ૧૪ | ૩ | ૪ | ૧ |
| પાટણ | ૩ | ૧ | ૮ | ૨ | ૨ | ૧ |
| અમરેલી | ૧૩ | ૯ | ૧૫ | ૬ | ૬ | ૪ |
| ભાવનગર | ૧૫ | ૨૭ | ૨૦ | ૬૨ | ૧૨ | ૧૫ |
| જૂનાગઢ | ૧૩ | ૭ | ૧૪ | ૮ | ૧૬ | ૬ |
| પોરબંદર | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૩ |
| વડોદરા રૂરલ | ૭૬ | ૨૪ | ૬૫ | ૧૭ | ૫૨ | ૭ |
| ભરૂચ | ૮ | ૧ | ૧૧ | ૨ | ૩ | ૧ |
| નર્મદા | ૧૪ | ૦ | ૧૬ | ૧ | ૭ | ૩ |
| ગોધરા | ૧૨ | ૦ | ૭ | ૧ | ૧૬ | ૧ |
| દાહોદ | ૭ | ૦ | ૯ | ૦ | ૬ | ૫ |
| સુરત રૂરલ | ૧૫ | ૨ | ૧૮ | ૩ | ૧૮ | ૨ |
| વલસાડ | ૬ | ૨ | ૧૪ | ૮ | ૫ | ૨ |
| નવસારી | ૬ | ૦ | ૩ | ૨ | ૫ | ૦ |
| ડાંગ-આહવા | ૧ | ૦ | ૩ | ૦ | ૧ | ૦ |
| પ. રે. વડોદરા | ૪ | ૦ | ૨ | ૧ | ૨ | ૧ |

**પત્રક-૨**

## ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ગુનાઓની માહિતી

| ક્રમ | વિગત | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | | | | ૧-૪-૦૫ થી ૩૧-૩-૦૬ | | | | ૧-૪-૦૬ થી ૩૧-૧૦-૦૬ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીનગર | માણસા | કલોલ | દહેગામ | ગાંધીનગર | માણસા | કલોલ | દહેગામ | ગાંધીનગર | માણસા | કલોલ | દહેગામ |
| ૧ | આપઘાત | ૨૩ | ૫ | ૮ | ૫ | ૨૪ | ૩ | ૧૦ | ૬ | ૮ | ૩ | ૪ | ૪ |
| ૨ | બળાત્કાર | ૪ | ૧ | ૪ | - | ૫ | - | ૪ | ૧ | ૨ | ૩ | ૪ | - |
| ૩ | અપહરણ | ૩ | ૧ | - | - | ૧૪ | ૨ | ૭ | ૧ | ૫ | ૩ | ૩ | - |
| ૪ | લૂંટ | ૨ | - | - | - | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૫ | ખૂન | ૧ | - | - | - | ૩ | - | - | ૨ | ૩ | ૧ | ૧ | ૧ |
| ૬ | છેતરપીંડી | - | ૨ | ૨ | - | ૨ | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ |

## ગાંધીનગર જિલ્લામાં શહેરવાર નોંધાયેલ ગુનાઓની માહિતી

| ક્રમ | વિગત | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | | ૧-૪-૦૫ થી ૩૧-૩-૦૬ | | ૧-૪-૦૬ થી ૩૧-૧૦-૦૬ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીનગર શહેર | કલોલ શહેર | ગાંધીનગર શહેર | કલોલ શહેર | ગાંધીનગર શહેર | કલોલ શહેર |
| ૧ | આપઘાત | ૬ | ૩ | ૭ | ૨ | - | ૨ |
| ૨ | બળાત્કાર | - | - | ૫ | ૨ | ૨ | - |
| ૩ | અપહરણ | ૨ | - | ૭ | ૧ | ૧ | ૨ |
| ૪ | લૂંટ | ૨ | - | - | - | - | - |
| ૫ | ખૂન | ૧ | - | ૨ | - | ૧ | - |
| ૬ | છેતરપીંડી | - | ૨ | ૨ | - | ૧ | ૧ |

----------

**ગાંધીનગર જિલ્લામાં રહેમરાહે નોકરી માટેની પોલીસ ખાતાની પડતર અરજીઓ**

અતારાંક્તિ ૭૫૭૦ (૧૩-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ગામવાર પોલીસ ખાતાના અવસાન પામેલા કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી માટે કુલ કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓ ક્યારે કરવામાં આવી હતી,

(૩) લાંબા સમયથી પેન્ડીંગ રહેવાના અરજીવાર કારણો શા છે, અને

(૪) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૯-૧-૦૭) :

(૧) ૧૦

(૨) અને (૩) સામેલ પત્રક મુજબ.

(૪) ખૂટતી માહિતીની પૂતર્તા થયેથી.

**પત્રક**

**ગાંધીનગર જિલ્લામાં રહેમરાહે નોકરી માટેની પોલીસ ખાતાની પડતર અરજીઓ**

| અ.નં. | આશ્રિતનું નામ | મર્હુમની અવસાન તારીખ | આશ્રીતનું ગામ | મર્હુમની છેલ્લી ફરજનું સ્થળ | આશ્રિતની અરજી તારીખ | ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | ગુ.ગો.સે.પ. મંડળને દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | હાલ દરખાસ્ત કોની પાસે પડતર છે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | શ્રી પ્રવિણજી ગોપાલજી રાઠોડ | ૧૫-૪-૯૩ | રામપુરા | ગાંધીનગર | ૨૯-૧-૦૪ | -- | -- | પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે પૂર્તતાઓ આશ્રિત પાસેથી મંગાવેલ છે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી પાસે પડતર. |
| ૨ | કુ.ગીતાબેન લીંબાજી ડામોર | ૧૩-૩-૯૬ | સાબરકાંઠા | ગાંધીનગર | ૧૮-૧૨-૯૭ | રહમ/૧૬/ક.ર/જુ.ક્ર/ ૫૨૧/૭૯૨/૯૯, તા. ૧૯-૨-૯૯ | -- | વિભાગે તા. ૯-૧-૦૪ ના રોજ ભલામણ કરી છે. પરંતુ મંડળ ધ્વારા કોમ્પ્યુટરની જાણકારી પ્રમાણપત્ર મંગાવતા અરજદાર પાસેથી આવવા ઉપર બાકી. |
| ૩ | શ્રી | ૧૦-૧- | ગાંધીનગર | ગાંધીનગર | ૨૧-૯-૯૮ | રહમ/ ૧૬/ ક.ર/ | -- | આશ્રિત ધોરણ- |

| અ.નં. | આશ્રિતનું નામ | મર્હુમની અવસાન તારીખ | આશ્રીતનું ગામ | મર્હુમની છેલ્લી ફરજનું સ્થળ | આશ્રિતની અરજી તારીખ | ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | ગુ.ગો.સે.પ. મંડળને દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | હાલ દરખાસ્ત કોની પાસે પડતર છે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | જીતેન્દ્રસિંહ બાલુસિંહ રહેવર | ૯૮ | | | | રીવ્ય દરખાસ્ત/ પટાવાળા / ૫૦૮/ ૧૦૭, તા. ૬-૧-૦૪ | | ૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોઈ, દરખાસ્તનો અસ્વીકાર થયેલ છે. |
| ૪ | શ્રી નરેન્દ્રસિંહ કીરીટસિંહ પરમાર | ૮-૧૨-૦૨ | ગાંધીનગર | સચિવાલય સંકુલ, ગાંધીનગર | ૭-૧-૦૩ | -- | રહમ/૧૬/ક.ર/ પો.કો/ ૫૩૫/ ૩૮૧૬/, તા. ૧૩-૯-૦૪ | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. ગોણ સેવા પસંદગી પાસે પડતર. |
| ૫ | શ્રીમતી ભાનુબેન હિતેન્દ્રકુમાર વાઘેલા | ૫-૬-૦૩ | કુડાસણ | ગાંધીનગર | ૧૧-૮-૦૩ | -- | રહમ/૧૬/ક.ર/જુકા/ ૧૧૪૦/૪૪૬૯/ ૦૪, તા.૨૧-૧૦-૦૪ | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. ગોણ સેવા પસંદગી મંડળના તા. ૨૫-૭-૦૫ ના પત્રથી પૂર્તતા માંગેલ જે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર પાસેથી આ કચેરીના તા. ૩-૮-૦૫ ના પત્રથી મંગાવેલ છે. જેની પૂર્તતા |

| અ.નં. | આશ્રિતનું નામ | મર્હુમની અવસાન તારીખ | આશ્રીતનું ગામ | મર્હુમની છેલ્લી ફરજનું સ્થળ | આશ્રિતની અરજી તારીખ | ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | ગુ.ગો.સે.પ. મંડળને દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | હાલ દરખાસ્ત કોની પાસે પડતર છે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | થયેલ નથી. પોલીસ અધિશ્રકશ્રી, ગાંધીનગર પાસે પડતર છે. |
| ૬ | શ્રી રાજેન્દ્રકુમાર ભુપતસિંહ રાઠોડ | ૧૪-૫-૦૩ | દોલારાણા વાસણા | પોલીસ હેડ ક્વાર્ટર, ગાંધીનગર | ૧૦-૬-૦૩ | રહમ/૧૬/ક.ર/પટા / ૮૩૯/૧૨૮૪, તા. ૫-૪-૦૬ | | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. -ગોણ સેવા પસંદગી મંડળ પાસે પડતર. |
| ૭ | શ્રી રફીક અહેમદ નજીર અહેમદ શેખ | ૭-૪-૦૫ | છાલા | સચિવાલય સંકુલ, ગાંધીનગર | ૨૬-૫-૦૫ | -- | રહમ/૧૬/ક.ર/પોકો/ ૧૨૮/૦૫/૧૨૮૩, તા. ૫-૪-૦૬ | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. -ગોણ સેવા પસંદગી મંડળ પાસે પડતર. |
| ૮ | શ્રી ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ વાઘેલા | ૧૮-૭-૦૪ | ગોધાવી, તા. સાણંદ | પો.હેડ ક્વાર્ટર, ગાંધીનગર | ૨૫-૧૦-૦૪ | -- | -- | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. પોલીસ |

| અ.નં. | આશ્રિતનું નામ | મર્હુમની અવસાન તારીખ | આશ્રીતનું ગામ | મર્હુમની છેલ્લી ફરજનું સ્થળ | આશ્રિતની અરજી તારીખ | ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | ગુ.ગો.સે.પ. મંડળને દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | હાલ દરખાસ્ત ક્રેની પાસે પડતર છે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | અધિક્ષકશ્રી, ગાંધીનગરે તા. ૨૬-૧૦-૦૪ ના રોજ મોકલેલ દરખાસ્તમાં ખૂટતી પૂર્તતા મોકલવા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૨૦-૪-૦૫ ના પત્ર અન્વયે જણાવેલ છે જે આશ્રિત પાસેથી મળેલ નહીં હોઈ, પડતર પોલીસ અધિક્ષકશ્રી પાસેથી પડતર. |
| ૯ | શ્રી મહેશકુમાર બબાભાઈ રાવળ | ૧૭-૧૦-૦૫ | પીડારડા | ગાંધીનગર | ૯-૧-૦૬ | -- | ૨હમ/૧૬/ક.ર/વર્ગ-૪/૨૧/૦૬/૩૭૪૪, તા. ૨૦-૧૦-૦૬ | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. -ગોણ સેવા પસંદગી મંડળ પાસે પડતર. |
| ૧૦ | શ્રી ધમેન્દ્રકુમાર અમૃતભાઈ શર્મા | ૧૪-૧૧-૦૫ | ગાંધીનગર | ગાંધીનગર | ૨૨-૧૨-૦૪ | -- | -- | સ્વર્ગસ્થનું અવસાન તા. ૧૦-૩-૨૦૦૦ પછીનું હોઈ, ખાતાના વડાએ ગોણ સેવા પસંદગી મંડળને બારોબાર દરખાસ્ત મોકલવાની હોય છે. |

| અ.નં. | આશ્રિતનું નામ | મર્હુમની અવસાન તારીખ | આશ્રીતનું ગામ | મર્હુમની છેલ્લી ફરજનું સ્થળ | આશ્રિતની અરજી તારીખ | ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | ગુ.ગો.સે.પ. મંડળને દરખાસ્ત મોકલ્યા તારીખ/નંબર | હાલ દરખાસ્ત કોની પાસે પડતર છે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | પોલીસ મહાનિદેશકશ્રી, ગાંધીનગરની તા. ૨૦-૪-૦૫ ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર પાસેથી માહિતી મંગાવેલ છે, જે આવવા પર બાકી છે. પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર પાસે પડતર છે. |

----------

**ક્તલખાને લઈ જવાતા પ્રાણીઓને નિયમ વિરુધ્ધ વાહનોમાં હેરાફેરી કરવા અંગે**

અતારાંક્તિ ૭૭૩૯ (૧૭-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત મોટર વ્હીકલ રુલ્સ-૧૯૮૯ના નિયમ અનુસાર પ્રાણીની હેરાફેરી વખતે વાહનોમાં જ્ગ્યા નિયત થઈ છે તે હકીક્ત બરાબર છે,

(૨) જો હા, તો તેમ છતાં રાજ્યમાં ક્તલખાનામાં લઈ જવાતા પ્રાણીઓને ઈરાદાપૂર્વક આ નિયમોનો ભંગ કરી, દોરડાથી બાંધી, ક્રૂરતાપુર્વક ઠાંસી ઠાંસીને લઈ જવાય છે તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આ નિયમોના ચુસ્ત પાલન માટે ગુના હિતોને શિક્ષા કરવા, વાહનોના ચેકિંગ કરવા, પોલીસતંત્રને શી વિશેષ સૂચના / આદેશો અપાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગરના ક્રમાંક :જી-૧/ક્રાઈમ/ટ. નં. ૨/પ્રાણી-૩૦/૪૬૨૬/૦૫, તા. ૨૧-૧૨-૦૫ થી પોલીસ પેટ્રોલિંગ ધ્વારા કેસો શોધી કાઢવામાં આવે છે. અને સબંધિત જીલ્લા/શહેર વિસ્તારમાં પોલીસ ધ્વારા આવા પ્રકારનો કીસ્સો શોધી કાઢવામાં આવે છે, તેવા કીસ્સામાં વાહન કબજે લેવાની અને તે સંબંધમાં પ્રાણી ક્રુરતા નિવારણ ધારા હેઠળ ગુનાહિત ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી પોલીસ તંત્ર તરફથી હાથ ધરવામાં આવે છે.

------------

**ગેરકાનૂની ક્તલખાના પકડી પાડવા અંગે**

અતારાંક્તિ ૭૭૪૨ (૧૭-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ૨૦૦૫ના વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પોલીસતંત્ર ધ્વારા કઈ કઈ જ્ગ્યાએ ગેરકાનૂની ક્તલખાના પકડી પાડવામાં આવ્યાં,

(૨) તે કેટલા સમયથી ચાલુ હતા,

(૩) કેટલામાં ગોવંશની ક્તલ થતી હતી, અને

(૪) તા. ૩૧-૧૦-૦૬ સુધીમાં ગુનાહિતો સામે શાં પગલાં લેવાયાં કેટલા અને ક્યા ક્યા સંચાલકો સામે ""પાસા"" લાગુ પાડવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૦૭) :

(૧) સને ૨૦૦૫ના વર્ષમાં રાજ્યમાં નીચે મુજબના જીલ્લાઓમાં પોલીસતંત્ર ધ્વારા ગેરકાનૂની ક્તલખાના પકડી પાડવામાં આવ્યા છે.

૧. આણંદ --૧
૨. ગાંધીનગર --૧
૩. જામનગર --૧
૪. ખેડા --૧
૫. સુરત શહેર --૧
૬. મહેસાણા --૪
૭. ગોધરા --૧

(૨) આ અંગે બાતમી મળતા ત્વરીત કાર્યવાહી કરી ગેરકાનૂની ક્તલખાના પકડી પાડવામાં આવેલ છે.ચોકક્સ સમયગાળો જણાયેલ નથી.

(૩) નીચે મુજબના ક્તલખાનાઓમાં ગોવંશની ક્તલ થયેલ હતી.

૧. આણંદ
૨. સુરત શહેર
૩. મહેસાણા
૪. ગોધરા

(૪) તા. ૩૧-૧૦-૦૬ સુધીમાં કુલ ૧૨૩ આરોપીઓની અટક કરવામાં આવેલ છે અને ચાર્જશીટ કરી નામદારકોર્ટમાં મોક્લી આપેલ છે.

સુરત શહેરમાં ૧૪ વ્યક્તિઓ વિરુધ્ધ પાસા, ૧ વ્યક્તિને તડીપારની કાર્યવાહી કરેલ છે.

મહેસાણામાં ૧ વ્યક્તિ વિરુધ્ધ પાસાની કાર્યવાહી કરેલ છે.

જુનાગઢમાં ૧ વ્યક્તિ વિરુધ્ધ પાસાની કાર્યવાહી કરેલ છે.

ગોધરામાં ૧ વ્યક્તિ વિરુધ્ધ પાસાની કાર્યવાહી કરેલ છે.

-----------

**વાહનમાં ગોમાંસની હેરાફેરી પકડી પાડવા અંગે**

અતારાંક્તિ ૭૭૪૩ (૧૭-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ૨૦૦૫ના વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પોલીસતંત્ર દ્વારા કઈ કઈ જગ્યાએથી વાહનમાં ગોમાંસની હેરાફેરી થતી પકડી પાડવામાં આવી,

(૨) જુદા જુદા કિસ્સામાં કેટલું ગોમાંસ (બીફ) પકડાયું,

(૩) તેમાં ક્યા ક્યા ક્તલખાનાં તથા તેના સંચાલકો સંડોવાયા હતા તથા તેની સામે શા પગલાં લેવાયાં છે, અને

(૪) રાજ્યમાં ગોમાંસનો વેપાર હેરાફેરી સંપુર્ણ અંકુશમાં લેવા ઉચ્ચકક્ષાએ શી વિચારણા થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૦૭) :

(૧) સને ૨૦૦૫ના વર્ષમાં નીચે મુજબના શહેર/જીલ્લાઓમાં પોલીસતંત્ર દ્વારા વાહનોમાં ગોમાંસની હેરાફેરી કરવાની પ્રવૃત્તિ પકડી પાડવામાં આવેલ છે.

૧. અમદાવાદ શહેર --૫
૨. વડોદરા શહેર --૧

૩. આણંદ --૧

૪. મહેસાણા --૧

૫. વડોદરા રૂરલ --૧

૬. સુરત રુરલ --૧

૭. ગોધરા --૧

(૨) પકડાયેલ કિસ્સામાં નીચે મુજબ શહેર/જિલ્લાવાર ગોમાંસ પકડાયેલ છે.

૧. અમદાવાદ શહેર ૩૨૦૦ કિલો

૨. વડોદરા શહેર ૧૬ ટન

૩. આણંદ ૬ ટન

૪. મહેસાણા ૫૦ મણ

૫. વડોદરા રૂરલ ૩૦૦ થી ૪૦૦ ટુકડા

૬. સુરત રુરલ ૨૨ ટન ૩૦૦ કીલો

૭. ગોધરા ૧૦ ટન

(૩) પકડાયેલ આરોપીઓની તપાસ દરમ્યાન ક્તલખાના તથા તેના સંચાલકોની ઉંડાણપુર્વક તપાસ કરવામાં આવેલ છે અને જ્યાં જ્યાં આ અંગેની માહિતી મળેલ છે, તેવા આરોપીઓ વિરુધ્ધ કાયદાકીય કાર્યવાહી કરી અટક કરવામાં આવેલ છે અને પાસા એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) સતત પોલીસ પેટ્રોલીંગ, ચેક પોસ્ટો ઉપર વાહન ચેકીંગ, કોઈ નાગરીક તરફથી ફોન અગર બાતમી મળે તો ત્વરીત કાર્યવાહી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે અને આ બાબતે પોલીસની સર્તક્તા જળવાય તે પ્રમાણેની કાર્યવાહી કરવા શહેર/જીલ્લાના વડાશ્રીઓને જરૂરી સુચના અવાર નવાર આપવામાં આવે છે.

**અમદાવાદના ક્તલખાનામાં લવાતા ગોવંશ પ્રાણીની પ્રવૃત્તિને રોકવા અંગે**

અતારાંક્તિ ૭૭૪૪ (૧૭-૧૧-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧/૧૦/૦૬ની સ્થિતિએ અમદાવાદના ક્તલખાનામાં ગોવંશ પ્રાણીઓને લાવતા રોક્વા શહેરના પ્રવેશમાર્ગો પર સતત કડક નિયંત્રણ-ચેકિંગ કરવા ચોકી ખોલવા પોલીસતંત્રએ શું વિશેષ આયોજન ર્ક્યુ છે, અને

(૨) આ આયોજનમાં પોલીસતંત્રના ક્યા ક્યા અધિકારીઓ/કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૦૭) :

(૧) ગોવંશ પ્રાણીઓને લાવતા રોક્વા સારુ કોઈ ખાસ ચોકી ખોલવામાં આવેલ નથી, પરંતુ શહેરમાં પ્રવેશના માર્ગો પરના નાકાઓ ખાતે સ્થાનિક પોલીસ દ્વારા નાકાબંધી કરીને વાહન ચેકીંગ કરવામાં આવે છે અને આવી કોઈ પ્રવૃત્તિ થતી હોવાનું જણાઈ આવેથી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) આ કામગીરી માટે કોઈ ખાસ અધિકારી/ કર્મચારીને ફરજ સોંપવામાં આવેલ નથી. પરંતુ આવી પ્રવૃત્તિ શોધી કાઢવા સ્થાનિક પોલીસ દ્વારા અને કેટલીક વાર એસ.આર.પી. ની મદદ લઈને નાકાબંધી કરીને વાહન ચેકીંગ કરવામાં આવે છે, તથા આ અંગે કોઈ હકીક્ત મળેથી તાત્કાલિક જે તે જગ્યાએ પહોંચી થઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

**ગોવંશ પ્રાણીઓને ગેરકાયદે ક્તલખાને લઈ જતા પકડાવેલ વાહનો સામે કાર્યવાહી**

૮૪/page>અતારાંક્તિ ૭૭૪૫ (૧૭-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) એક થી વધુ વાર ગોવંશ પ્રાણીઓને ગેરકાયદે ક્તલખાનામાં લઈ જવાતા વાહનો પકડાય તેની સામે કડક તથા અસરકારક કાર્યવાહી કરવા રાજ્ય સરકારે કોઈ વિચારણા કરી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) (૧) આવા ગુનામાં વપરાયેલ વાહન કબજે કરવામાં આવે છે.
(૨) આ કામના આરોપી ડ્રાઈવરનું લાયસન્સ રદ કરવા આર.ટી.ઓ. માં રીપોર્ટ કરવામાં આવે છે.
(૩) બે થી વધારે વખત વાહન ગુનામાં વપરાયેલ હોય ત્યારે તેનું રજીસ્ટ્રેશન તથા રોડ પરમીટ રદ કરવા આર.ટી.ઓ.શ્રીને રીપોર્ટ કરવામાં આવે છે.
(૪) બે કરતાં વધુ ગુનામાં પકડાયેલ આરોપીને ""ક્રુર વ્યક્તિ"" તરીકે ગણતરી કરી ""પાસા"" તથા ""તડીપાર"" ની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

----------

**વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ સ્વરોજગાર યોજના હેઠળની અરજીઓ**

અતારાંક્તિ ૭૫૩૮ (૧૩-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૮-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં તાલુકાવાર સ્વરોજગાર યોજના અન્વયે વર્ષવાર કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી,

(૩) કેટલાને બેન્ક દ્વારા લોનો આપવામાં આવી, અને

(૪) મંજૂર કરેલ અરજીઓ અન્વયે કેટલી સબસીડી આપી ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૧-૧-૦૭) :

(૧) પીએમઆરવાય યોજના

| અ.નં. | તલુકાનું નામ | વર્ષ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ૦૩-૦૪ | ૦૪-૦૫ | ૦૫-૦૬ | ૦૬-૦૭ ૩૧.૮.૦૬ અંતિત | |
| ૧ | વલસાડ | ૨૧૦ | ૩૦૫ | ૩૧૫ | ૧૨૮ | ૯૫૮ |
| ૨ | પારડી | ૧૭૦ | ૧૩૨ | ૨૭૧ | ૭૧ | ૬૪૪ |
| ૩ | ઉમરગામ | ૧૨૧ | ૧૪૬ | ૧૨૭ | ૮૧ | ૪૭૫ |
| ૪ | ધરમપુર | ૪૨ | ૬૮ | ૧૪૪ | ૫૭ | ૩૧૧ |
| ૫ | કપરાડા | ૩૯ | ૫૫ | ૭૨ | ૫૮ | ૨૨૪ |
| | **કુલ** | **૫૮૨** | **૭૦૬** | **૯૨૯** | **૩૯૫** | **૨૬૧૨** |

શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના

| અ.નં. | તલુકાનું નામ | વર્ષ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ૦૩-૦૪ | ૦૪-૦૫ | ૦૫-૦૬ | ૦૬-૦૭ ૩૧.૮.૦૬ અંતિત | |
| ૧ | વલસાડ | ૨૦૪ | ૪૭૩ | ૪૧૯ | ૨૦૪ | ૧૩૦૦ |
| ૨ | પારડી | ૧૬૨ | ૩૪૮ | ૩૩૧ | ૧૬૩ | ૧૦૦૪ |
| ૩ | ઉમરગામ | ૧૬૨ | ૧૯૫ | ૧૭૮ | ૯૪ | ૬૨૯ |
| ૪ | ધરમપુર | ૧૨૪ | ૧૫૬ | ૧૮૨ | ૬૯ | ૫૩૧ |
| ૫ | કપરાડા | ૧૦૫ | ૧૦૬ | ૫૮ | ૧૦૦ | ૩૬૯ |
| | **કુલ** | **૭૫૭** | **૧૨૭૮** | **૧૧૬૮** | **૬૩૦** | **૩૮૩૩** |

(૨) મંજુર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | પીએમઆરવાય | બેન્કેબલ | |
| ૧ | વલસાડ | ૭૬૩ | ૧૦૪૮ | ૧૮૧૧ |
૧. ""બાયસેગ"" સંસ્થા દ્વારા નક્કી થયેલ ભોગોલિક નકશાઓ અને આંકડા વિભાગની માહિતીના આધારે પડતર/ખરાબાની જમીનનું પ્રમાણ.
૨. પીવાના પાણીની તીવ્ર તંગીનો વિસ્તાર.
૩. અનુસૂચિત જાતિ/જનજાતિનું વસ્તીનું પ્રમાણ.

૪. સિંચાઇનું પ્રમાણ.

૩. બેચ નં.૯, ૧૦ માં પસંદગી પામેલ ગામોમાં માર્ચ-૨૦૦૬ સુધીમાં વર્ષવાર થયેલ ખર્ચની વિગતો ***પરિશિષ્ટ-૨** મુજબ છે. જ્યારે બેચ નં.૧૧ માં કોઇ ગામોનો સમાવેશ કરેલ ન હોઇ કોઇ ખર્ચ થયેલ નથી.

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## વલસાડ જિલ્લામાં તલાટી-કમ-મંત્રી વિરૂધ્ધ ફરીયાદો

અતારાંકિત ૭૬૪૫ (૧૩-૧૧-૨૦૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તલાટી-કમ-મંત્રીઓ વિરૂધ્ધમાં કેટલી ફરીયાદો મળી,

(૨) આ ફરીયાદો કેવા પ્રકારની થયેલ છે, અને

(૩) તેમની સામે સરકારે શાં પગલાંઓ લીધા ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૪૯ ફરીયાદ અરજીઓ મળેલ છે.

(૨) આ ફરીયાદો જિલ્લાના વિવિધ અરજદારો તરફથી તલાટી-કમ-મંત્રીની વહીવટી બાબતોની વિવિધ પ્રકારની ફરીયાદો થયેલ છે.

(૩) તપાસ કરવામાં આવેલ છે. જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે.

----------

## ગારીયાધાર તાલુકામાં મામલતદાર કચેરીના નવા રૂમો બનાવવા બાબત

અતારાંકિત ૭૨૩૮ (૩૧-૭-૦૬)**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગારીયાધાર તાલુકા મામલતદાર કચેરી માટે નવા રૂમો બનાવવાની દરખાસ્ત સરકારને ક્યારે અને કેટલી મળેલ છે,

(૨) આ દરખાસ્તો ઉપર સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ રૂમો બનાવવાની કામગીરી કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) ગારીયાધાર તાલુકા મામલતદાર કચેરી માટે નવા રૂમો બનાવવા અંગેની સરકારને કલેકટરશ્રી ભાવનગર તરફથી દરખાસ્ત મળી નથી.

(૨) આથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) આથી કામગીરી શરૂ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

----------

## જૂનાગઢ જિલ્લામાં વારસાઇ એન્ટ્રીના પડતર કેસો

અતારાંકિત ૭૪૬૧ (૨૯-૮-૨૦૦૬)**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ વારસાઇ એન્ટ્રી પાડવા અંગેના કેટલા કેસો પડતર છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કેસો ૬-માસ, એક વર્ષ, દોઢ વર્ષ, બે વર્ષથી વધુ સમયથી પડતર છે,

(૩) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, કેટલા પડતર છે,

(૪) પડતર રહેવાના કારણો શાં છે, અને

(૫) પડતર કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ પડતર કેસો |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૦ |
| ૨ | તાલાલા | ૮૮ |
| ૩ | માણાવદર | ૧૪૧ |
| ૪ | ભેંસાણ | ૨૫ |
| ૫ | માંગરોળ | ૧૧૧ |
| ૬ | વિસાવદર | ૧૩૬ |
| ૭ | સુત્રાપાડા | ૧૪ |
| ૮ | મેંદરડા | ૧૫ |
| ૯ | કેશોદ | ૮૩ |
| ૧૦ | માળીયા હાટીના | ૦૦ |
| ૧૧ | ઉના | ૨૦૦ |
| ૧૨ | વેરાવળ | ૪૨ |
| ૧૩ | કોડીનાર | ૭૫ |
| ૧૪ | વંથલી | ૧૦ |
| | **કુલ ..** | **૯૪૦** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ૬ માસથી વધુ સમયના કેસો | ૧ વર્ષથી વધુ સમયના કેસો | દોઢ વર્ષથી વધુ સમયના કેસો | ૨ વર્ષથી વધુ સમયના કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તાલાલા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | માણાવદર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ભેંસાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | માંગરોળ | ૧૨ | ૦ | ૦ | ૦ |
| ૬ | વિસાવદર | ૨ | ૧ | ૦ | ૦ |
| ૭ | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | મેંદરડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | કેશોદ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | માળીયા હાટીના | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ઉના | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | વેરાવળ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | કોડીનાર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | વંથલી | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ ..** | ૨૦ | ૧ | ૦ | ૦ |

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૭-૦૪ થી તા.૩૦-૬-૦૫ સુધીમાં નિકાલ કરેલ કેસો | તા.૧-૭-૦૫ થી તા.૩૦-૬-૦૬ સુધીમાં નિકાલ કરેલ કેસો | કુલ નિકાલ કરેલ કેસો | તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ પડતર કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જૂનાગઢ | ૩૧૨ | ૩૯૩ | ૭૦૫ | ૦૦ |
| ૨ | તાલાલા | ૧૨૩ | ૪૨૫ | ૫૪૮ | ૮૮ |
| ૩ | માણાવદર | ૩૦૯ | ૩૬૦ | ૬૬૯ | ૧૪૧ |
| ૪ | ભેંસાણ | ૨૬૫ | ૧૮૯ | ૪૫૪ | ૨૫ |
| ૫ | માંગરોળ | ૧૨૮ | ૫૯૭ | ૭૨૫ | ૧૧૧ |
| ૬ | વિસાવદર | ૧૨૦ | ૨૮૭ | ૪૦૭ | ૧૩૬ |
| ૭ | સુત્રાપાડા | ૧૯૮ | ૨૦૯ | ૪૦૭ | ૧૪ |
| ૮ | મેંદરડા | ૮૮ | ૧૭૬ | ૨૬૪ | ૧૫ |
| ૯ | કેશોદ | ૨૩૩ | ૪૯૩ | ૭૨૬ | ૮૩ |
| ૧૦ | માળીયા | ૩૧૦ | ૬૨૪ | ૯૩૪ | ૦૦ |
| ૧૧ | ઉના | ૪૧૬ | ૭૬૬ | ૧૧૮૨ | ૨૦૦ |
| ૧૨ | વેરાવળ | ૨૨૨ | ૪૫૭ | ૬૭૯ | ૪૨ |
| ૧૩ | કોડીનાર | ૨૩૬ | ૪૩૬ | ૬૭૨ | ૭૫ |
| ૧૪ | વંથલી | ૩૯૯ | ૨૬૨ | ૬૬૧ | ૧૦ |
| | **કુલ ..** | ૩૩૫૯ | ૫૬૭૪ | ૯૦૩૩ | ૯૪૦ |

(૪) પડતર રહેવાના સામાન્ય કારણો :-

૧. ખાતેદાર ખેડૂતનું મૃત્યુ થયા બાદ ખાતેદારના વારસદારોને વારસાઇ નોંધ દાખલ કરવા તલાટી દ્વારા જાણ કરવા છતાં અરજદાર તરફથી વારસાઇ નોંધ દાખલ કરવા અરજી રજુ ન કરવાના કારણે.

૨. મૃત્યુ થનાર ખાતેદારે જમીનનું વેચાણ કરેલ હોય પણ વેચાણ દસ્તાવેજની ગામ નમુના નં.૬ માં નોંધ થયેલ ન હોવાના કારણે.

૩. મૃત્યુ થનાર ખાતેદારના વારસદારોમાં જમીન અંગેના વાદ-વિવાદ હોવાના કારણે.

(૫) ટૂંક સમયમાં.

----------

**જૂનાગઢ જિલ્લામાં કલેકટર અને મામલતદાર કચેરીમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

અતારાંક્તિ ૭૪૬૩ (૨૯-૮-૨૦૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લા કલેકટરની કચેરીમાં તથા તાલુકાવાર મામલતદાર કચેરીઓમાં તા.૩૦-૬-૦૬ ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓના કારણે વહીવટી અસરો પડે છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તે નિવારવા માટે કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) જૂનાગઢ જિલ્લા કલેકટરની કચેરીમાં તથા તાલુકાવાર મામલતદાર કચેરીઓમાં તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ આ સાથેના *પત્રક-૧ થી ૪ પ્રમાણે ખાલી છે.

(૨) આ ખાલી જ્ગ્યાઓ હોવા છતાં ઉપલબ્ધ સ્ટાફને વધારાના ચાર્જની કામગીરી સોંપી નિતિ કામગીરી પૂર્ણ કરવામાં આવે છે.

(૩) આ ખાલી જ્ગ્યાઓ તબક્કાવાર ભરવામાં આવશે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## ગાંધીનગર જિલ્લામાં રેવન્યુ વિલેજની માંગણીઓ

અતારાંકિત ૭૬૬૬ (૨૨-૧૧-૨૦૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકાની ગામવાર રેવન્યુ વિલેજની માંગણીઓ ક્યા ક્યા તબક્કે છે,

(૨) ક્યા ક્યા ગામની દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) ક્યા ક્યા ગામોની દરખાસ્તો ના મંજૂર કરવામાં આવી,

(૪) કઇ કઇ દરખાસ્તો પડતર છે, અને

(૫) તેના કારણો શાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૦-૨-૨૦૦૭) :

(૧) (ક) માણસા તાલુકાના સમો ગામમાંથી ગોવિંદપુરા (સમો) અલગ મહેસૂલી ગામ જાહેર કરવા સરકારશ્રીના પત્ર ક્રમાંક : પફર/૩૯૨૦૦૬/૧૦૯૭/લ.૧, તા.૪-૮-૨૦૦૬ થી નવી સૂચનાઓ મળ્યા બાદ દરખાસ્ત કરવા નિર્ણય લીધલ છે. જે કલેકટર કચેરી ખાતે પડતર છે.

(ખ) માણસા તાલુકાના વેડા ગ્રામ પંચાયતમાંથી મોતીપુરા(વેડા) તથા આનંદપુરા (વેડા) મહેસૂલી ગામો અલગ કરવાની દરખાસ્તો જે ગ્રામ પંચાયત વેડાએ સંમતિ ઠરાવ કરેલ ના હોઇ જે સાધનિક કાગળો મામલતદાર કચેરી, માણસા ખાતે બનાવવા ઉપર બાકી છે.

(ગ) ઇશ્વરપુરા (બદપુરા) સાધનિક કાગળો મામલતદાર કચેરી, માણસા ખાતે બનાવવા ઉપર બાકી છે.

(ઘ) દહેગામ તાલુકામાં ૧. પન્નાના મુવાડા, ૨. લાખાના મુવાડા ગ્રામ પંચાયતની દરખાસ્ત મામલતદાર કચેરી, દહેગામ તાલુકા ખાતે અને નાગજીના મુવાડા, જીવરાજના મુવાડા લિહોડા ગામની રેવન્યુ હદ નક્કી કરવા અંગેની દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારીશ્રી તરફથી મળેલ નથી. જે તાલુકા વિકાસ અધિકારીની કચેરી, દહેગામ ખાતે પડતર છે.

(૨) કોઇ દરખાસ્ત મંજૂર કરવામાં આવી નથી.

(૩) કોઇ દરખાસ્ત નામંજૂર કરવામાં આવી નથી.

(૪) માણસા તાલુકાના ગોવિંદપુરા (સમોની માંગણી કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે પડતર છે તથા વેડા ગામમાંથી મોતીપુરા(વેડા) તથા આનંદપુરા ગ્રામ પંચાયત અલગ કરવા ગ્રામ પંચાયત વેડાએ સંમતિ ઠરાવ પસાર કરેલ નથી. જેથી આ દરખાસ્તો પડતર છે તથા ઇશ્વરપુરા (બદપુરા) સાધનિક કાગળો મામલતદાર કચેરી, માણસા ખાતે બનાવવા ઉપર બાકી છે.

(૫) ડીલીમીટેશન કમિશનનો પ્રતિબંધ હોવાથી.

-----------

## ગાંધીનગર જિલ્લામાં ગામતળ વધારવાની મળેલ દરખાસ્તો

અતારાંકિત ૭૬૬૮ (૨૨-૧૧-૨૦૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકા અને ગામવાર કેટલી ગ્રામ પંચાયતોની ગામતળ વધારવાની દરખાસ્તો સરકારને મળી છે,

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) આ દરખાસ્તો મંજૂર ન કરવાના કારણો શાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) પત્રક-અ મુજબ.

(૨) ૨૩

(૩) ૯

(૪) જે તે ઝોનમાં આપતા ન હોઇ, પંચાયતના સ્પષ્ટ ઠરાવનો અભાવ, માંગણીવાળી જમીન તળાવ સદરની હોઇ, અને લાભાર્થી યાદી ન હોવાના વિવિધ કારણોસર.

**પ ત્ર ક - અ**

ગાંધીનગર જિલ્લામાં ગામતળ વધારવાની મળેલ દરખાસ્તો

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | | | **સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | લેકાવાડા | સોનારડા | દંતાલી | ૨૧ |
| | | ટીંટોડા | સરઢવ | આદરજ મોટી | |
| | | ગિયોડ | કોલવડા | ઇસનપુર મોટા | |
| | | કુડાસણ | રૂપાલ | કોબા | |
| | | રતનપુર | વાસન | રાંદેસણ | |
| | | સાદરા | જમીયતપુરા | રાયસણ | |
| | | સુઘડ | વડોદરા | વાવોલ | |
| ૨ | માણસા | આજોલ | રીદ્રોલ | રંગપુર | ૧૦ |
| | | દેલવાડ | રાજપુરા | સમો | |
| | | બદપુરા | પુંધરા | માણેકપુર | |
| | | ભીમપુરા | | | |
| ૩ | દહેગામ | પનાના મુવાડા | કડાદરા | ઝાંક | ૧૯ |
| | | વાસણા રાઠોડ | માસંગ મોટી | જેસા ચાંદાના મુવાડા | |
| | | પાલુન્દ્રા | નાંદોલ | સાણોદા | |
| | | નાની મોરાલી | ચેખલાપગી | હાલીસા | |
| | | નવા બાબરા | અમરાજીના મુવાડા | બહીયલ | |
| | | અંગુથલા | પાલેયા | જાલીયામઠ | |
| | | મોટી મારોલી | | | |
| ૪ | કલોલ | ઇસંડ | હાજીપુર | ઉનાલી | ૧૧ |
| | | વેડા | ઇટલા | લીંબોદરા | |
| | | વાસંજડા (ક) | વાસંજડા (ઢે) | શોભાસણ | |
| | | ભાદોલ | ઇટલા | | |

-----------

**રાજ્યમાં જિલ્લાવાર જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાના બાકી કેસો**

અતારાંકિત ૭૬૭૮ (૨૨-૧૧-૨૦૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર અને તાલુકાવાર તા.૩૦-૯-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાના કેટલા કેસો બાકી છે,

(૨) સન ૨૦૦૧ થી ૨૦૦૫ સુધીમાં જિલ્લાવાર કેટલા કેસો નામંજૂર કરવામાં આવ્યા છે,

(૩) આ સમય દરમ્યાન કેટલા કેસો જિલ્લાવાર મંજૂર કરવામાં આવ્યા,

(૪) નામંજૂરીના કારણો શાં છે, અને
(૫) પટ્ટની રકમ ન ભરેલ હોય તે કેસો નામંજૂર કરવામાં આવેલા હોય તો તે રકમની ભરપાઇ કરવા માટેની પુનઃ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) ૭૨,૨૩૭
જિલ્લાવાર અને તાલુકાવાર બાકી કેસોની માહિતી આ સાથે સામેલ *પત્રકમાં દર્શાવેલ છે.

(૨) અને (૩) :

| જિલ્લાનું નામ | નામંજૂર કરેલ કેસો | મંજૂર કરેલ કેસો |
|---|---|---|
| અમદાવાદ | ૧૬૯૮ | ૮૪૦૪ |
| અમરેલી | ૨૬૩૭ | ૪૯૨૭ |
| આણંદ | ૧૮૫૬૦ | ૪૦૦૧૪ |
| બનાસકાંઠા | ૩૧૩૦ | ૧૫૫૦૪ |
| ભાવનગર | ૩૫૦૭ | ૫૬૦૪ |
| ભરૂચ | ૩૯૪૯૧ | ૧૬૮૭૨ |
| દાહોદ | ૦૦ | ૧૫૬૪૨ |
| ડાંગ | ૦૦ | ૩૭ |
| ગાંધીનગર | ૧૩૮૮ | ૬૯૮૦ |
| જામનગર | ૧૧૫૯ | ૪૯૬૧ |
| જૂનાગઢ | ૧૦૮૩ | ૬૦૦૦ |
| ખેડા | ૪૪૭૨૮ | ૫૧૨૫૧ |
| કચ્છ | ૩૦૨ | ૭૯૮૮ |
| નર્મદા | ૦૦ | ૭૧૬૬ |
| પાટણ | ૧૭૮૩૭ | ૨૦૯૮૦ |
| મહેસાણા | ૪૬૫૬૦ | ૩૭૨૦૭ |
| પંચમહાલ | ૨૨૫ | ૩૩૪૯૫ |
| રાજકોટ | ૨૯૦૯ | ૭૧૫૨ |
| નવસારી | ૧૪૯૪૩ | ૧૨૪૭૯ |
| પોરબંદર | ૩૯ | ૨૦૮૯ |
| સાબરકાંઠા | ૩૫૪૭ | ૨૯૫૦૭ |
| સુરત | ૨૦૧૮૦ | ૪૩૬૪૧ |
| સુરેન્દ્રનગર | ૨૩૬૦ | ૫૪૯૮ |
| વડોદરા | ૯૨૪૪ | ૨૭૯૬૮ |
| વલસાડ | ૦૦ | ૨૫૧૩૧ |
| **કુલ ....** | **૨૩૫૫૨૭** | **૪૩૬૪૯૭** |

(૪) નામંજૂરીના સામાન્ય કારણો નીચે મુજબ છે.
૧. શરતભંગ થયેલ હોવાના કારણે.
૨ પટની રકમ ન ભરાવાના કારણે.
૩. ખરીદ કિંમત ભરપાઇ થયેલ ન હોવાથી.
૪. જમીન પરનો ગણોત ધારાની કલમ-૩૨(ગ) નો બોજો હોવાથી.
૫. ગણોતધારાની કલમ-૩૨-એમનું પ્રમાણપત્ર મેળવેલ ન હોવાથી.
૬. અન્ય હિસ્સેદારોની સંમતિ ન હોવાથી.
૭. કોર્ટમાં કેસ પડતર હોવાથી.
૮. ક્ષેત્રફળમાં તફાવત હોવાથી.
૯. ટાઇટલ ક્લીયર ન હોવાથી.
૧૦.જમીનનો કબજો ૧૫ વર્ષથી ઓછો હોવાથી.
૧૧.જમીન અંગે ગણોતધારા હેઠળનો કેસ ચાલુ હોવાથી.
૧૨.૭/૧૨ માં અન્ય ઇસમનું નામ હોવાથી.
૧૩.જમીન સરકાર દાખલ થયેલ હોવાથી.
૧૪.પૂર્વ યુએલસી વિસ્તારમાં આવતી હોવાથી.

૧૫.રેકર્ડ સુસંગત ન હોવાથી.
૧૬.સતત પડતર રહેવાના કારણે.

(૫) તા.૨૦-૧૨-૨૦૦૬ થી ૬૦ પટની રકમ ભર્યા સિવાય ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવી આપવામાં આવે છે. તદ્‌પરાંત જે ખાતેદારોને સામે ચાલીને જુની શરતમાં ફેરવવા ૬૦ પટની રકમ ભરી જવા નિયત મુદતોમાં તકો આપવા છતાં પણ જેમણે ૬૦ પટની રકમ ભરી નથી અને ૬૦ પટની રકમ ન ભરવાના કારણે જુની શરતમાં ફેરવવામાં આવેલ ન હોય તેવા ખાતેદારોની જમીનો જુની શરતમાં ફેરવવા બાબતે બીજા કોઇ બાધક કારણો ન હોય તો ખેતીના હેતુ માટે પટની રકમ લીધા સિવાય જુની શરતમાં ફેરવી આપવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**અંજાર તાલુકાની ખેડોઈ ગામની ગોચરની જમીન ખાનગી કંપનીને ફાળવવા અંગે**

અતારાંક્તિ : ૭૭૮૩ (૧૪-૧૨-૨૦૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અંજાર તાલુકાની ખેડોઈ ગામની ગોચર જમીન ખાનગી કંપનીને ફાળવવા માંગણી થઈ છે તે હકીક્ત સાચી છે,

(૨) આ અંગે સ્થાનિક ગ્રામ પંચાયતે ઘણો વિરોધ નોંધાવ્યો છે તે હકીક્ત પણ સાચી છે,

(૩) જો હા, તો ગામના પશુધન માટે અનામત ગોચર જમીન ખાનગી કંપનીને ફાળવવાના શા કારણો છે, અને

(૪) આ ગોચર ચરિયાણ માટે અનામત રાખવા શી કાર્યવાહી થઈ છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) હા.

(૨) હા.

(૩) જમીન ફાળવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જમીન ફાળવેલ નહીં હોવાથી, ચરિયાણ માટે ગોચર અનામત રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**માર્ગો અને પુલોના વિકાસ માટે જિલ્લા પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ અને કરવામાં આવેલ ખર્ચ**

અતારાંક્તિ : ૭૪૪૩ (૪-૯-૨૦૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬માં રાજ્ય સરકારે માર્ગો અને પૂલોના વિકાસ તથા મરામત માટે મુખ્ય જિલ્લા માર્ગો જિલ્લા માર્ગ અને ગ્રામ્ય રસ્તાઓ માટે રાજ્યમાં જિલ્લાવાર જિલ્લા પંચાયતોને વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી તમામ જિલ્લા પંચાયતો દ્વારા વર્ષવાર કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ પેકી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રહી?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) સને ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષોમાં જીલ્લા પંચાયતોને માર્ગ અને પૂલોના વિકાસ અને મરામત માટે કુલ રૂા. ૯૮૬૩૯-૩૯ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.
(જિલ્લાવાર, વર્ષવાર * પત્રક સામેલ છે)

(૨) સંદર્ભિત વર્ષોમાં કુલ ખર્ચ રૂા. ૭૭૧૨૬-૫૧ લાખનો ખર્ચ કરેલ છે.
(જિલ્લાવાર, વર્ષવાર * પત્રક સામેલ છે)

(૩) સંદર્ભિત વર્ષોમાં કુલ વણવપરાયેલી ગ્રાન્ટ રૂા. ૨૧૫૧૨.૮૮ લાખ રહેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

**પંચાયત હસ્તકના ડામર સપાટી ધરાવતા જિલ્લાવાર રસ્તાઓ**

અતારાંક્તિ : ૭૪૬૮ (૩૧-૮-૨૦૦૬) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૭-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લાવાર પંચાયત હસ્તકના ડામર સપાટી ધરાવતા રસ્તાઓ કે જેને છેલ્લા ૫ વર્ષમાં રીસર્ફેશીંગ કરવામાં આવેલ નથી તે કેટલા છે,

(૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા રસ્તાઓને ૫ વર્ષ કરતાં વધારે સમયથી રીસર્ફેશીંગ થયેલ નથી,

(૩) કેટલા અને ક્યા ક્યા રસ્તાઓને રીસર્ફેશીંગ કરવું જરૂરી છે, અને

(૪) કેટલા સમયમાં કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) આ સાથે સામેલ પત્રક મુજબ જિલ્લાવાર-પંચાયત હસ્તકના કુલ ૩૯૩૪ રસ્તાઓને છેલ્લા પાંચ વર્ષમાં રીસરફેશીંગ કરવામાં આવેલ નથી.

(૨) આણંદ જિલ્લામાં નીચે જણાવેલ તાલુકાવાર કુલ ૧૭૦ રસ્તાઓને ૫ વર્ષ કરતાં વધારે સમયથી રીસરફેશીંગ થયેલ નથી.

| ક્રમ | તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૭ |
| ૨ | ઉમરેઠ | ૧૪ |
| ૩ | બોરસદ | ૨૨ |
| ૪ | આંકલાવ | ૭ |
| ૫ | પેટલાદ | ૪૫ |
| ૬ | સોજીત્રા | ૨૧ |
| ૭ | ખંભાત | ૩૦ |
| ૮ | તારાપુર | ૧૪ |
| | કુલ : | ૧૭૦ |

(૩) અને (૪) રસ્તાની અગત્યતા, ટ્રાફિક ભારણ, ત્થા સ્થાનીક પરિસ્થિતીને ધ્યાને લઈ, નાણાંકિય ઉપલબ્ધતા અનુસાર રીસરફીશીંગ કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

**પત્રક**

છેલ્લા પાંચ વર્ષમાં રીશફ્લીંગ કરવામાં આવેલ નથી તેવા જીલ્લાવાર રસ્તાઓની સંખ્યા

| અનુ. નં. | જિલ્લા | છેલ્લા પાંચ વર્ષમાં રીસરફેસીંગ નથી તેવા રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૬૪ |
| ૨ | ભાવનગર | ૧૪૧ |
| ૩ | જૂનાગઢ | ૧૦૬ |
| ૪ | પોરબંદર | ૨૭ |
| ૫ | રાજકોટ | ૧૯૬ |
| ૬ | જામનગર | ૧૬૪ |
| ૭ | સુરેન્દ્રનગર | ૬૩ |
| ૮ | અમદાવાદ | ૧૮૫ |
| ૯ | આણંદ | ૧૭૦ |
| ૧૦ | નડીયાદ | ૧૩૯ |
| ૧૧ | સાબરકાંઠા | ૬૨૦ |
| ૧૨ | ગાંધીનગર | ૧૩૭ |
| ૧૩ | પાટણ | ૧૩૩ |
| ૧૪ | મહેસાણા | ૧૨૧ |
| ૧૫ | બનાસકાંઠા | ૩૩૭ |
| ૧૬ | કચ્છ | ૧૩૯ |
| ૧૭ | સુરત | ૧૫૩ |

| | | |
|---|---|---|
| ૧૮ | નવસારી | ૧૦૮ |
| ૧૯ | વલસાડ | ૧૧૦ |
| ૨૦ | ડાંગ | ૨૮ |
| ૨૧ | વડોદરા | ૧૨૨ |
| ૨૨ | ભરૂચ | ૧૨૫ |
| ૨૩ | નર્મદા | ૬૨ |
| ૨૪ | પંચમહાલ | ૨૧૬ |
| ૨૫ | દાહોદ | ૧૬૮ |
| | કુલ | ૩૯૩૪ |

--------

**ડામર સપાટીવાળા રસ્તાથી વંચિત રાજકોટ જીલ્લાના ગામો**

અતારાંક્તિ : ૭૪૮૧ (૨૪-૮-૨૦૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ-૨૦૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા ગામો ડામર સપાટીવાળા રસ્તાથી વંચિત છે,

(૨) તે પૈકીના કેટલા ગામોને ડામર સપાટીથી જોડવાના જોબનંબર મળેલ છે, અને

(૩) જે રસ્તાના ક્મ મંજૂર થયેલ ન હોય તેને ડામર ,પાટીથી જોડવા શું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧)

| અનુ. નંબર | તાલુકો | ડામર સપાટીવાળા રસ્તાથી વંચિત ગામોની સંખ્યા |
|---|---|---|
| (૧) | રાજકોટ | ૫ |
| (૨) | વાંકાનેર | ૧૬ |
| (૩) | પડધરી | ૫ |
| (૪) | લોધીકા | ૧ |
| (૫) | ધોરાજી | ૧ |
| (૬) | જામકંડોરણા | ૪ |
| (૭) | જસદણ | ૩ |
| (૮) | મોરબી | ૩ |
| (૯) | ટંકારા | ૧ |
| (૧૦) | માળિયા (મી) | ૧ |
| | કુલ | ૪૦ ગામો-પરિશિષ્ટ-૧ મુજબ |

(૨) ૨૦ ગામો

(૩) નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર

**પરિશિષ્ટ-૧**

**ડામર સપાટીવાળા રસ્તાથી વંચિત ગામોનું પત્રક**

| **ક્મ** | **તાલુકો** | **ગામનું નામ** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | રાજકોટ | નવાગામ |
| ૨ | | રામ, રા (ચીત્રા) |

| | | |
|---|---|---|
| ૩ | | રોણકી |
| ૪ | | વાંક્વડ |
| ૫ | | ભંગડા |
| ૬ | વાંકાનેર | ભીમગુડા |
| ૭ | | વરડુસર |
| ૮ | | દેરાળા |
| ૯ | | પાજ |
| ૧૦ | | ક્લાવડી નવી |
| ૧૧ | | જામરાર |
| ૧૨ | | વીરપર |
| ૧૩ | | ક્લાવડી જુની |
| ૧૪ | | જાલ સીક્કા |
| ૧૫ | | પલાસડી |
| ૧૬ | | વસુંધરા |
| ૧૭ | | વિઠ્ઠલપર |
| ૧૮ | | વણઝારા |
| ૧૯ | | આણંદપર |
| ૨૦ | | નાગલપર |
| ૨૧ | | ચાંચડીયા |
| ૨૨ | પડધરી | નાના સગાડીયા |
| ૨૩ | | હરીપર (ખારી) |
| ૨૪ | | ધુનાનાગામ |
| ૨૫ | | રોજીયા |
| ૨૬ | | નાનાવડા |
| ૨૭ | લોધીકા | કોઠા પીપળીયા |
| ૨૮ | ધોરાજી | વેલારીયા |
| ૨૯ | જામકંડોરણા | તરકાસર |
| ૩૦ | | હરિયાસણ |
| ૩૧ | | પીપળીયા,<br>માલજીભી |
| ૩૨ | | આંચવડ |
| ૩૩ | જસદણ | કુંદણી |
| ૩૪ | | સરતાનપર |
| ૩૫ | | ખડક્ણા |
| ૩૬ | મોરબી | અદેપર |
| ૩૭ | | ગીડચ |
| ૩૮ | | રવાપર નદી |
| ૩૯ | ટંકારા | ધોળીયા |
| ૪૦ | માળીયા (મી) | મંદરકી |

----------

**રાજકોટ જિલ્લાના ડીપાર્ટમેન્ટલી કરવામાં આવેલ પંચાયત હસ્તકના રસ્તાના કામો**

અતારાંક્તિ : ૭૪૮૨ (૨૩-૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧મી માર્ચ, ૨૦૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં પંચાયત હસ્તક્ના કેટલા અને ક્યા ક્યા રસ્તાના કામો ડીપાર્ટમેન્ટલી કરવામાં આવ્યા,

(૨) તે પૈકી દરેક રસ્તાના કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે રસ્તાના કામ ક્યારે શરૂ કરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) (૨) અને (૩) : ૩૧મી માર્ચ ૨૦૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં પંચાયત હસ્તકના કુલ ૮૮ કામો ડીપાર્ટમેન્ટલી કરવામાં આવ્યા, તાલુકાવાર તથા રસ્તાવાર કામોની યાદી પરિશિષ્ટ-૧ મુજબ છે.

| ક્રમ | તાલુકો | કામનું નામ | થયેલ ખર્ચ | કામ શરૂ થયા તારીખ | કામ પૂર્ણ થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ (માટીકામ સુધારણા) સે-૧ | ૦.૪૯ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૨ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ (માટીકામ સુધારણા) સે-૨ | ૦.૪૯ | ૧૯/૪/૨૦૦૬ | ૩૧/૫/૨૦૦૬ |
| ૩ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ (નવું માટીકામ) સે-૩ | ૦.૪૯ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૪ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ (નવું માટીકામ) સે-૪ | ૦.૪૨ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૫ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ સપ્લાય કિ. મી. ૦/૦ થી ૦/૪નું કામ | ૦.૫ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૬ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ સપ્લાય કિ. મી. ૦/૪ થી ૦/૮નું કામ | ૦.૪૫ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૭ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ સપ્લાય કિ. મી. ૦/૮ થી ૧/૨૦નું કામ | ૦.૪૯ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૮ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ સપ્લાય કિ. મી. ૧/૨૦ થી ૧/૬૦નું કામ | ૦.૫ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૯ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ સપ્લાય કિ. મી. ૧/૬૦ થી ૨/૦૦નું કામ | ૦.૪૯ | ૧૯/૪/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૬ |
| ૧૦ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ (મેટલ સપ્લાય તથા મોરમ સપ્લાય તથા પાઈપ ફીટીંગ) | ૦.૪૫ | ૧૯/૪/૨૦૦૬ | ૧૦/૯/૨૦૦૬ |
| ૧૧ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ તથા મોરમ પથરાણ કિ. મી. ૦/૦ થી ૧/૨૦નું કામ | ૦.૪૫ | ૧૯/૪/૨૦૦૬ | ૩૧/૫/૨૦૦૬ |
| ૧૨ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ મેટલ તથા મોરમ પથરાણ કિ. મી. ૧/૨૦ થી ૨/૧૦નું કામ | ૦.૩૫ | ૧૯/૪/૨૦૦૬ | ૧૦/૯/૨૦૦૬ |
| ૧૩ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ ૯૦૦ ૧ હારના નાલાનું કામ | - | ૧૯/૪/૨૦૦૬ | ૧૦/૯/૨૦૦૬ |
| ૧૪ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ ૯૦૦ ૧ હારના નાલાનું કામ | - | ૧૯/૪/૨૦૦૬ | ૧૦/૯/૨૦૦૬ |
| ૧૫ | પડધરી | નાના ઈટાળા દોમડા રોડ જોઈનીંગ નાનાવાડા રસ્તો બાંધવાનું કામ ૯૦૦ ૨ હારના નાલાનું કામ | - | ૧૯/૪/૨૦૦૬ | ૧૦/૯/૨૦૦૬ |
| | | પેટ્રોલ ડીઝલ ખર્ચના | ૦.૧૬ | - | - |
| | | | ૫.૭૩ | - | - |
| ૧૬ | જેતપુર | વાળાસડા દેવળકી અમરનગર રોડ | ૦.૬૮ | ૫/૧૦/૨૦૦૫ | ૮/૧૦/૨૦૦૫ |
| ૧૭ | જેતપુર | વાળાસડા ખીરસરા અમરનગર રોડ | ૦.૮૩ | ૧૦/૧૦/૨૦૦૫ | ૧૨/૧૦/૨૦૦૫ |
| ૧૮ | જેતપુર | જેતલસર ડેડરવા બાવાપીપળીયા રોડ | ૦.૭૦ | ૮/૧૧/૨૦૦૫ | ૯/૧૧/૨૦૦૫ |
| ૧૯ | જેતપુર | મંડલીકપુર કેરાળી ભાદ્રા રોડ | ૦.૪૦ | ૧૩/૧૧/૨૦૦૫ | ૧૬/૧૨/૨૦૦૫ |
| ૨૦ | જેતપુર | જેતપુર લીલાખા રોડ | ૦.૭૬ | ૨૪/૧૧/૨૦૦૫ | ૩૦/૧૧/૨૦૦૫ |
| ૨૧ | જેતપુર | અકાળા ચોકી રોડ | ૦.૩૧ | ૬/૧/૨૦૦૬ | ૯/૧/૨૦૦૬ |
| ૨૨ | જેતપુર | રબારીકા પ્રેમગઢ રોડ | ૦.૩૪ | ૨૨/૨/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૨૩ | જેતપુર | રબારીકા પ્રેમગઢ રોડ | ૦.૩૫ | ૨૨/૨/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૨૪ | જેતપુર | રબારીકા પ્રેમગઢ રોડ | ૦.૪૦ | ૨૨/૨/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૨૫ | જેતપુર | રબારીકા પ્રેમગઢ રોડ | ૦.૩૦ | ૨૨/૨/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| | | | ૫.૦૭ | - | - |
| ૨૬ | ઉપલેટા | ખારચીયા ઢાક મેરવદર રોડ ઉપર પેચવર્ક કરવાનું કામ સેક્શન-૧ કિ. મી. ૦ થી ૬ | ૦.૨૯ | ૯/૯/૨૦૦૫ | ૨૦/૧૦/૨૦૦૫ |
| ૨૭ | ઉપલેટા | ખારચીયા ઢાક મેરવદર રોડ ઉપર પેચવર્ક કરવાનું કામ સેક્શન-૨ કિ. મી. ૬ થી ૧૨ | ૦.૪૧ | ૯/૯/૨૦૦૫ | ૨૦/૧૦/૨૦૦૫ |
| ૨૮ | ઉપલેટા | સમઢીયાળા લાઠભીમોરા રોડ ઉપર પેચવર્ક કરવાનું કામ સેક્શન-૧ કિ. મી. ૦ થી ૭.૫૦ | ૦.૭૦ | ૧૧/૧૧/૨૦૦૫ | ૨૦/૧/૨૦૦૬ |
| ૨૯ | ઉપલેટા | મોજીરા ભાખક્લારીયા ટીંબડી રોડ ઉપર પેચવર્ક કરવાનું કામ. સેક્શન-૧ કિ. મી. ૦ થી ૬ | ૦.૨૦ | ૧૬/૫/૨૦૦૬ | ૧૨/૬/૨૦૦૬ |
| ૩૦ | ઉપલેટા | મોજીરા ભાખક્લારીયા ટીંબડી રોડ ઉપર પેચવર્ક કરવાનું કામ. સેક્શન-૨ કિ. મી. ૬ થી ૧૪ | ૦.૨૦ | ૧૬/૫/૨૦૦૬ | ૧૨/૬/૨૦૦૬ |
| ૩૧ | ઉપલેટા | નાગવદર ગધેથડ રોડ રીપેર કરવાનું કામ | ૦.૨૮ | ૧૪/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |

| ક્રમ | તાલુકો | કામનું નામ | થયેલ ખર્ચ | કામ શરૂ થયા તારીખ | કામ પૂર્ણ થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૩૨ | ઉપલેટા | પાનેલી હરીયાસણ રોડ રીપેર કરવાનું કામ | ૦.૨૧ | ૧૪/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| | | | ૨.૨૯ | - | - |
| ૩૩ | જામકંડોરણા | સાતોદડ ચિત્રાવડ રોડ | ૦.૦૯ | ૧૦/૩/૨૦૦૬ | ૧૪/૩/૨૦૦૬ |
| ૩૪ | જામકંડોરણા | ચરેલ એપ્રોચ રોડ | ૦.૦૩ | ૧૦/૩/૨૦૦૬ | ૧૪/૩/૨૦૦૬ |
| ૩૫ | જામકંડોરણા | રંગપર સાજડીયાળી રોડ | ૦.૧૨ | ૨૧/૩/૨૦૦૬ | ૨૧/૩/૨૦૦૬ |
| ૩૬ | જામકંડોરણા | બરડીયા એપ્રોચ રોડ | ૦.૦૯ | ૧૩/૩/૨૦૦૬ | ૧૭/૩/૨૦૦૬ |
| ૩૭ | જામકંડોરણા | થોરાળા એપ્રોચ રોડ | ૦.૦૬ | ૭/૩/૨૦૦૬ | ૧૭/૩/૨૦૦૬ |
| ૩૮ | જામકંડોરણા | રામપર તરકાસર રોડ | ૦.૦૬ | ૨૦/૩/૨૦૦૬ | ૨૦/૩/૨૦૦૬ |
| ૩૯ | જામકંડોરણા | આંચવડ હરીયાસણ રોઘેલ રોડ | ૦.૧૮ | ૯/૩/૨૦૦૬ | ૧૦/૩/૨૦૦૬ |
| ૪૦ | જામકંડોરણા | ખાટલી બાલાપર રોડ | ૦.૦૭ | ૧૮/૩/૨૦૦૬ | ૧૮/૩/૨૦૦૬ |
| ૪૧ | જામકંડોરણા | હરીયાસણ એપ્રોચને જોડતો રાયડી રોઘેલ રોડ | ૦.૦૭ | ૯/૩/૨૦૦૬ | ૧૯/૩/૨૦૦૬ |
| ૪૨ | જામકંડોરણા | મોજ ખીજડીયા વડાળી રોડ | ૦.૦૯ | ૧૮/૩/૨૦૦૬ | ૧૮/૩/૨૦૦૬ |
| ૪૩ | જામકંડોરણા | પાદરીયા એપ્રોચ રોડ | ૦.૧૩ | ૨૨/૩/૨૦૦૬ | ૨૫/૩/૨૦૦૬ |
| ૪૪ | જામકંડોરણા | સાજડીયાળી મેસપર રોડ | ૦.૨૭ | ૨૫/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૪૫ | જામકંડોરણા | વીમલનગર એપ્રોચ રોડ | ૦.૧૨ | ૨૬/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૪૬ | જામકંડોરણા | ખજુરડા ખાટલી રોડ | ૦.૨૮ | ૨૨/૩/૨૦૦૬ | ૨૫/૩/૨૦૦૬ |
| ૪૭ | જામકંડોરણા | દડવી પીંપળીયા રોડ | ૦.૧૭ | ૨૬/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૪૮ | જામકંડોરણા | ચાવંડી નવાગામ રોડ | ૦.૧૨ | ૨૧/૩/૨૦૦૬ | ૨૫/૩/૨૦૦૬ |
| ૪૯ | જામકંડોરણા | બરડીયા ચીત્રાવડ રોડ | ૦.૧૧ | ૨૫/૩/૨૦૦૬ | ૨૫/૩/૨૦૦૬ |
| ૫૦ | જામકંડોરણા | બરડીયા થોરાળા રોડ | ૦.૨૭ | ૨૫/૩/૨૦૦૬ | ૨૫/૩/૨૦૦૬ |
| ૫૧ | જામકંડોરણા | ખજુરડા સનાળા અડવાલ રોડ | ૦.૩૯ | ૨૨/૩/૨૦૦૬ | ૨૫/૩/૨૦૦૬ |
| ૫૨ | જામકંડોરણા | આંબરડી  સાતોદડ ચીત્રાવડ રોડ સેક્શન ૧ | ૦.૪૬ | ૩૦/૫/૨૦૦૬ | ૭/૬/૨૦૦૬ |
| ૫૩ | જામકંડોરણા | આંબરડી તરકાસર સાતોદડ તીત્રાવડ રોડ સેક્શન-૨ | ૦.૪૬ | ૩૦/૫/૨૦૦૬ | ૯/૬/૨૦૦૬ |
| ૫૪ | જામકંડોરણા | આંબરડી તરકાસર સાતોદડ ચીત્રાવડ રોડ<br>કિ. મી. ૦/૦ થી ૮/૨૦૦ | ૦.૨૮ | ૧૪/૩/૨૦૦૬ | ૧૪/૩/૨૦૦૬ |
| ૫૫ | જામકંડોરણા | બોરીયા બેલડા મેઘાવડ રોડ | ૦.૨૦ | ૧૪/૧૦/૨૦૦૫ | ૧૯/૧૦/૨૦૦૫ |
| ૫૬ | જામકંડોરણા | સાજડીયાળી મેસપર રોડ | ૦.૧૪ | ૨૨/૧૦/૨૦૦૫ | ૨૪/૧૦/૨૦૦૫ |
| ૫૭ | જામકંડોરણા | ખજુરડા ખાટલી રોડ | ૦.૧૪ | ૨૨/૧૦/૨૦૦૫ | ૨૪/૧૦/૨૦૦૫ |
| ૫૮ | જામકંડોરણા | મોજ ખીજડીયા વડાળી રોડ | ૦.૨૩ | ૨૬/૧૦/૨૦૦૫ | ૧૧/૧૧/૨૦૦૫ |
| ૫૯ | જામકંડોરણા | રાયડી રોંઘેલ રોડ | ૦.૧૩ | ૨૮/૧૦/૨૦૦૬ | ૭/૧૧/૨૦૦૬ |
| ૬૦ | જામકંડોરણા | ગુંદાસરા બરડીયા રોડ | ૦.૦૯ | ૧૬/૩/૨૦૦૬ | ૧૮/૩/૨૦૦૬ |
| ૬૧ | જામકંડોરણા | ગુંદાસરા દાદર રોડ | ૦.૦૯ | ૨૫/૨/૨૦૦૬ | ૧/૩/૨૦૦૬ |
| ૬૨ | જામકંડોરણા | મેઘાવડ સાજડીયાળી રોડ | ૦.૩૭ | ૨૫/૨/૨૦૦૬ | ૧/૩/૨૦૦૬ |
| ૬૩ | જામકંડોરણા | સાજડીયાળી રોડ | ૦.૧૮ | ૨૩/૩/૨૦૦૬ | ૨૮/૩/૨૦૦૬ |
| ૬૪ | જામકંડોરણા | બાલાપર ખાટલી રોડ | ૦.૦૯ | ૧/૩/૨૦૦૬ | ૨/૩/૨૦૦૬ |
| ૬૫ | જામકંડોરણા | સાજડીયાળી ઉમરાળી રોડ | ૦.૧૩ | ૨૪/૨/૨૦૦૬ | ૧/૩/૨૦૦૬ |
| ૬૬ | જામકંડોરણા | બેલડા મેઘાવડ રોડ | ૦.૦૬ | ૨૩/૨/૨૦૦૬ | ૨૮/૨/૨૦૦૬ |
| ૬૭ | જામકંડોરણા | આંચવડ હરીયાસણ રોડ | ૦.૩૬ | ૨૩/૨/૨૦૦૬ | ૨૮/૨/૨૦૦૬ |
| ૬૮ | જામકંડોરણા | એસ. એચ. થી આંચવડ રોડ | ૦.૨૨ | ૨૪/૨/૨૦૦૬ | ૧/૩/૨૦૦૬ |
| ૬૯ | જામકંડોરણા | પીપળીયા દડવી રોડ | ૦.૦૫ | ૨૩/૨/૨૦૦૬ | ૨૮/૨/૨૦૦૬ |
| ૭૦ | જામકંડોરણા | હરીયાસણ એપ્રોચને જોડતો રાયડી રોઘેલ રોડ | ૦.૦૯ | ૮/૧૧/૨૦૦૫ | ૧૦/૧૧/૨૦૦૫ |
| ૭૧ | જામકંડોરણા | ઉજળા પાદરીયા બાલાપર રોડ | ૦.૧૨ | ૧૬/૩/૨૦૦૬ | ૧૮/૩/૨૦૦૬ |
| ૭૨ | જામકંડોરણા | રોઘેલ સોડવદર રોડ | ૦.૧૦ | ૧૬/૩/૨૦૦૬ | ૧૮/૩/૨૦૦૬ |
| ૭૩ | જામકંડોરણા | મોજ ખીજડીયા વડાળી રોડ | ૦.૦૯ | ૧૬/૩/૨૦૦૬ | ૧૮/૩/૨૦૦૬ |
| ૭૪ | જામકંડોરણા | ખજૂરડા ખાટલી રોડ કિ. મી. ૦/૦ થી ૨/૭૫ | ૦.૫૮ | ૨/૧૦/૨૦૦૫ | ૮/૧૦/૨૦૦૫ |
| ૭૫ | જામકંડોરણા | ખજૂરડા ખાટલી રોડ કિ. મી. ૨/૭૫ થી ૫/૫૦ | ૦.૬૨ | ૯/૧૧/૨૦૦૫ | ૧૪/૧૧/૨૦૦૫ |
| ૭૬ | જામકંડોરણા | બોરીયા બેલડા મેઘાવડ રોડ કિ. મી. ૦/૦ થી ૫/૦૦ | ૦.૬૭ | ૧૪/૧૦/૨૦૦૫ | ૨૧/૧૦/૨૦૦૫ |
| ૭૭ | જામકંડોરણા | ખજૂરડા રોઘેલ અડવાલ રોડ<br>સેક્શન-૧ કિ. મી. ૦/૦ થી ૪/૫૦ | ૦.૬૩ | ૧૦/૧૦/૨૦૦૫ | ૨૬/૧૦/૨૦૦૫ |
| ૭૮ | જામકંડોરણા | મેસપર સાજડીયાળી રોડ કિ. મી. ૦/૦ થી ૨/૫૦ | ૦.૩૦ | ૨૪/૧૦/૨૦૦૫ | ૨૪/૧૦/૨૦૦૫ |
| | | | ૯.૬૦ | - | - |
| ૭૯ | ધોરાજી | ભોળાછાડવાવદર હાથખોડી રોડ કિ. મી. ૫ થી ૮ | ૦.૧૯ | ૮/૧૦/૨૦૦૫ | ૧૯/૧૦/૨૦૦૫ |
| ૮૦ | ધોરાજી | મોટીમારડ વાડીદર ભાડેર રોડ | ૦.૨૮ | ૧૦/૨/૨૦૦૬ | ૧૭/૨/૨૦૦૬ |
| ૮૧ | ધોરાજી | ઉદકીયા ગોલાધર રોડ | ૦.૧૧ | ૧૪/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૫ |
| ૮૨ | ધોરાજી | ભાદ્રા વેલારીયા ચીચોડ રોડ | ૦.૧૮ | ૧૪/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૫ |
| ૮૩ | ધોરાજી | મોટી મારડ નાગલખડા રોડ | ૦.૨૩ | ૧૪/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૮૪ | ધોરાજી | નાની મારડ વાડોદર રોડ | ૦.૧૫ | ૧૪/૩/૨૦૦૬ | ૨૭/૩/૨૦૦૬ |
| ૮૫ | ધોરાજી | નેશનલ હાઈવે થી ભોળાછાડવાવદર હાથફોડી રોડ સેક્શન -૧ કિ. મી. ૦/૦ થી ૨/૫૦ | ૦.૭૮ | ૧૬/૧૧/૨૦૦૫ | ૨૪/૧૧/૨૦૦૫ |

| ક્રમ | તાલુકો | કામનું નામ | થયેલ ખર્ચ | કામ શરૂ થયા તારીખ | કામ પૂર્ણ થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૮૬ | ધોરાજી | નેશનલ હાઈવે થી ભોળાછાડવાવદર હાથફોડી રોડ સેક્શન -૨ કિ. મી. ૨/૫૦ થી ૫/૦ | ૦.૩૧ | ૨૫/૧૧/૨૦૦૫ | ૨૭/૧૧/૨૦૦૫ |
| ૮૭ | ધોરાજી | નેશનલ હાઈવે થી ભોળાછાડવાવદર હાથફોડી રોડ સેક્શન -૩ કિ. મી. ૫/૦૦ થી ૮/૦૦ | ૦.૮૮ | ૮/૧૦/૨૦૦૫ | ૧૯/૧૦/૨૦૦૫ |
| ૮૮ | ધોરાજી | વેંગડી ઉમરકોટ રોડ કિ. મી. ૦/૦ થી ૩/૫૦ | ૦.૬૦ | ૫/૧૨/૨૦૦૫ | ૬/૧૨/૨૦૦૫ |
| | | | ૩.૭૧ | - | - |

------------

**એફ. ડી. આર. સ્કીમ હેઠળ રાજકોટ જિલ્લાના રસ્તાની દરખાસ્તો**

અતારાંક્તિ ૭૪૮૪ (૨૪-૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ ૨૦૦૬ની સ્થતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં પંચાયત હસ્તક્ના રસ્તા ભારે વરસાદને લીધે ધોવાતા ફ્લડ ડેમેજ રીપેરીંગ નીચે તાલુકાવાર ક્યા ક્યા રસ્તાની દરખાસ્તો કરવામાં આવેલ,
(૨) તે પૈકીના તાલુકાવાર ક્યા ક્યા રસ્તા એફ. ડી. આર. નીચે મંજૂર થઈ આવેલ,
(૩) કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને
(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :
(૧)

| અ. નં. | તાલુકો | દરખાસ્ત કરેલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૩ |
| ૨ | વાંકાનેર | ૩ |
| ૩ | પડધરી | ૨ |
| ૪ | લોધિકા | ૨ |
| ૫ | ગોંડલ | ૧૨ |
| ૬ | કોટડા સાંગાણી | ૩ |
| ૭ | જેતપુર | ૨૭ |
| ૮ | ધોરાજી | ૪ |
| ૯ | જામકંડોરણા | ૭ |
| ૧૦ | ઉપલેટા | ૪ |
| ૧૧ | જસદણ | ૧૦ |
| ૧૨ | મોરબી | ૫ |
| ૧૩ | ટંકારા | ૪ |
| ૧૪ | માળીયા | ૩ |
| | કુલ : | ૮૯ રસ્તા<br>રસ્તાની યાદી પરિશિષ્ટ-૧ મુજબ<br>રસ્તાની યાદી પરિશિષ્ટ-૨ મુજબ |

(૨) ૩૮ રસ્તા
(૩) રૂા. ૩૫.૦૦ લાખ
(૪) --નીલ---
* પરિશિષ્ટો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

----------

**પંચાયત હસ્તક્ના કામો માટે કાળીયાદીમાં મુકાયેલ એજન્સીઓ**

અતારાંક્તિ ૭૪૮૬ (૨૪-૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ ૨૦૦૬ની સ્થતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન પંચાયત હસ્તક્ના કામો સમયમર્યાદામાં કે સમયસર નહી કરવાના કારણે કેટલી અને કઈ કઈ એજન્સીઓને હવે કામ નહી આપવા તેવી ""કાળી યાદી"" માં ક્યારે ક્યારે મૂક્વામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી એજન્સીઓ માટે પુનઃવિચારણા કરવામાં આવી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) ૪૦ એજન્સીઓ (પરિશિષ્ટ-૧ મુજબ)

(૨) ૩ એજન્સીઓ

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | એજન્સીનુ નામ | કાળીયાદીમાં મુક્યા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | વિજય કન્ટ્રક્શન, અમદાવાદ | ૨૧-૫-૨૦૦૪ |
| ૨ | સાગર કન્ટ્રક્શન, અમદાવાદ | ૨૧-૫-૨૦૦૪ |
| ૩ | મહાલક્ષ્મી વિજય એન્ડ કાું. ધોળકા | ૪-૧-૨૦૦૫ |
| ૪ | સાવન કન્ટ્રક્શન, અમદાવાદ | ૮-૪-૨૦૦૫ |
| ૫ | એમ. વી. ગુજારીયા, ગાંધીનગર | ૩-૯-૨૦૦૫ |
| ૬ | મે. બી. એમ. પટેલ બ્રધર્સ, વડોદરા | ૧૮-૮-૨૦૦૫ |
| ૭ | ઉમીયા કન્ટ્રક્શન, વડગામ | ૧૪-૬-૨૦૦૪ |
| ૮ | જે. એસ. પટેલ, હિમતનગર | ૭-૧-૨૦૦૬ |
| ૯ | મે. ગાયત્રી કન્ટ્રક્શન કાું. વિસનગર | ૨૫-૫-૨૦૦૫ |
| ૧૦ | મે. રણજીત કન્ટ્રક્શન કાું., અમદાવાદ | ૨૫-૫-૨૦૦૫ |
| ૧૧ | શ્રી દાદાભાઈ હાથીભાઈ પાલનપુર | ૨૨-૮-૨૦૦૫ |
| ૧૨ | શ્રી આફ્રિન કન્ટ્રક્શન કાું. | ૨૨-૮-૨૦૦૫ |
| ૧૩ | જાડેજા જેઠમલસિંહ ઓનાડસિંહ | ૨૨-૮-૨૦૦૫ |
| ૧૪ | પવન કન્ટ્રક્શન કાું., રાજકોટ | ૩૧-૩-૨૦૦૬ |
| ૧૫ | અંકુર કન્ટ્રક્શન કાું. રાજકોટ | ૩૧-૩-૨૦૦૬ |
| ૧૬ | મે. જીતેન્દ્ર જી. પટેલ રાજકોટ | ૧૪-૬-૨૦૦૫ |
| ૧૭ | મેઘજીભાઈ બી. પટેલ, જામનગર | ૧૪-૬-૨૦૦૫ |
| ૧૮ | મે. કિરીટકુમાર પી. પટેલ, જારાવરનગર | ૧૩-૧૨-૨૦૦૪ |
| ૧૯ | મે. માતંગ એન્ડ કાું., જામનગર | ૧૬-૨-૨૦૦૬ |
| ૨૦ | જય રામાપીર મજૂર બાંધકામ સહકારી મંડળી લી. મુરીલા | ૭-૪-૨૦૦૫ |
| ૨૧ | દિગ્વીજય કન્ટ્રક્શન કાું., લી. ગાંધીનગર | ૨૩-૬-૨૦૦૫ |
| ૨૨ | પાટીદાર કન્ટ્રક્સન કાું., સુરેન્દ્રનગર | ૧૮-૮-૨૦૦૫ |
| ૨૩ | પ્રકાશ મજૂર સહકારી મંડળી લી., ધાંગધ્રા | ૧૮-૮-૨૦૦૫ |
| ૨૪ | માધવી કન્ટ્રક્શન, અમરેલી | ૧૦-૬-૨૦૦૪ |
| ૨૫ | જેઠાભાઈ દેવશીભાઈ રાઠોડ. મુ. ટાણા | ૨૯-૭-૨૦૦૪ |
| ૨૬ | વિરેન કન્ટ્રક્શન, મુ. ચોક | ૨૭-૪-૨૦૦૫ |
| ૨૭ | શ્રી જી. કન્ટ્રક્શન, ભાવનગર | ૨૭-૪-૨૦૦૫ |
| ૨૮ | બેકબોન એન્ટરપ્રાઈઝ, રાજકોટ | ૧૬-૫-૨૦૦૫ |
| ૨૯ | રોહીસા બોડા મંજૂર બાંધકામ સહકારી મંડળી, મું. રોહીસા | ૧૬-૧-૨૦૦૬ |
| ૩૦ | તાંતણીયા મજૂર બાંધકામ સહકારી મંડળી લી. મું. તાતણીયા | ૧૬-૧-૨૦૦૬ |
| ૩૧ | ભારત કન્ટ્રક્શન, વાંકાનેર | ૭-૨-૨૦૦૬ |
| ૩૨ | શ્રી મયુર એચ. દવે, જૂનાગઢ | ૨૫-૬-૨૦૦૪ |
| ૩૩ | જય માંગનાથ મજૂર સહકારી મંડળી, જુનાગઢ | ૨૫-૬-૨૦૦૪ |
| ૩૪ | શ્રી રીનોવેશન કાું. ઉના | ૨૫-૬-૨૦૦૪ |
| ૩૫ | શ્રી વસંત નાથા ચોહાણ, મું. મોટા ઉગલા | ૨૨-૯-૨૦૦૪ |
| ૩૬ | શ્રી મયુર કન્ટ્રક્શન, મું. માળીયા હાટીના | ૧૦-૬-૨૦૦૪ |
| ૩૭ | શ્રી દિવ્યંકા એન્ટરપ્રાઈઝ, મેવાસા (કમરી) | ૧૦-૬-૨૦૦૫ |
| ૩૮ | શ્રી જય ખોડીયાર કન્ટ્રક્સન કાું., મુ. રહીજ | ૧૦-૬-૨૦૦૫ |

| | | |
|---|---|---|
| ૩૯ | શ્રી વિનોદ કન્ટ્રક્શન, રાજકોટ | ૨૨-૯-૨૦૦૪ |
| ૪૦ | ઘનશ્યામ મજૂર સહકારી મંડલી., મુ. ભંડુરી | ૨૩-૩-૨૦૦૬ |

------------

**રાજકોટ જિલ્લાના પંચાયત હસ્તકના રસ્તાઓ માટે અપાયેલ જોબ નંબર**

અતારાંક્તિ ૭૪૮૭ (૨૪-૮-૦૬)**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ ૨૦૦૬ની સ્થતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં વર્ષવાર પંચાયત હસ્તકના તાલુકાદીઠ ક્યા ક્યા રસ્તાના ક્યારે જોબ નંબર ક્યા હેડ હેઠળ આપવામાં આવ્યા.

(૨) તે પેકી વર્ષવાર જોબ નંબર અપાયેલ રસ્તાના કામ કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, કેટલા બાકી છે, અને

(૩) મંજૂર થયેલ રસ્તાના કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧)

| અનું નં. | તાલુકો | જોબનંબર અપાયેલ રસ્તાની સંખ્યા. | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૦૩-૦૪ | વર્ષ ૦૪-૦૫ | વર્ષ ૦૫-૦૬ | કુલ |
| ૧ | રાજકોટ | ૧ | ૩ | ૭ | ૧૧ |
| ૨ | વાંકાનેર | ૧ | ૫ | ૫ | ૧૧ |
| ૩ | પડધરી | ૩ | ૪ | ૩ | ૧૦ |
| ૪ | લોધિકા | ૧ | ૧ | ૭ | ૯ |
| ૫ | ગોંડલ | ૫ | ૬ | ૯ | ૨૦ |
| ૬ | કોટડા સાંગાણી | ૦ | ૧ | ૨ | ૩ |
| ૭ | જેતપુર | ૨ | ૯ | ૧૮ | ૨૯ |
| ૮ | ધોરાજી | ૧ | ૧ | ૫ | ૭ |
| ૯ | જામકંડોરણા | ૩ | ૪ | ૧૧ | ૧૮ |
| ૧૦ | ઉપલેટા | ૨ | ૩ | ૪ | ૯ |
| ૧૧ | જસદણ | ૩ | ૬ | ૧૬ | ૨૫ |
| ૧૨ | મોરબી | ૧ | ૬ | ૧૧ | ૧૮ |
| ૧૩ | ટંકારા | ૨ | ૧ | ૯ | ૧૨ |
| ૧૪ | માળીયા(મી) | ૨ | - | ૫ | ૭ |
| | કુલ : | ૨૭ | ૫૦ | ૧૧૨ | ૧૮૯ |

*(કામવાર માહિતી પરિશિષ્ટ-૧ મુજબ)

(૨)

| વર્ષ | પૂર્ણ કરેલ કામોની સંખ્યા | બાકી કામોની સંખ્યા |
|---|---|---|
| ૦૩-૦૪ | ૨૭ | - |
| ૦૪-૦૫ | ૪૦ | ૧૦ |
| ૦૫-૦૬ | ૫૧ | ૬૧ |
| કુલ | ૧૧૮ | ૭૧ |

(૩) નાણાંકીય ઉપલબ્ધતા મુજબ બનતી ત્વરાએ.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

---------------

**રાજકોટ જિલ્લામાં રસ્સતાઓ પરના બાવળો દૂર કરવાની કામગીરી**

અતારાંક્તિ : ૭૪૮૮ (૨૪-૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ ૨૦૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર ક્યા ક્યા રસ્તા પરના બાવળ દૂર કરવા / કાઢવામાં આવ્યા,

(૨) તે પૈકીના દરેક રસ્તા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કઈ કઈ એજન્સી અથવા કોના મારફતે આ કામ કરાવવામાં આવ્યું ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૨ રસ્તાઓ ઉપર અને વર્ષ ૨૦૦૫-૦૬માં ૯૭ રસ્તાઓ ઉપર બાવળ દૂર કરવામાં આવ્યા.

(૨) અને (૩) : તાલુકાવાર રસ્તાવાર એજન્સીવાર ખર્ચની વિગતો પરિશિષ્ઠ-૧ (વર્ષ ૨૦૦૪-૦૫) અને પરિશિષ્ઠ-૨
(વર્ષ ૨૦૦૫-૦૬) માં દર્શાવેલ છે.

**પરીશિષ્ટ-૧**

**વર્ષ ૨૦૦૪-૦૫**

| અનુ. | તાલુકો | કામનું નામ | એજન્સીનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | વાંકાનેર | ખીજડીયા એપ્રોચ રોડ જંગલ કટીંગનું કામ | શીવમ કન્સ્ટ્ર. વાંકાનેર | ૧૧૮૦૦ |
| ૨ | "" | પલાસ લુણસર મંડળાસર રોડ જંગલ કટીંગનું કામ. | ભારત કન્સ્ટ્ર. | ૨૩૬૦૦ |
| ૩ | "" | વાંકાનેર પ્રાઈવેટ રોડ જંગલ કટીંગનું કામ | ભારત કન્સ્ટ્ર. | ૧૨૯૮૦ |
| ૪ | ઉપલેટા | જાર હરીયાસણ રોડ (કી.મી. ૧/૮૦ થી ૪/૩૬) વચ્ચે જંગલ કટીંગ | સ્વસ્તીક બિલ્ડર્સ કો., ઉપલેટા | ૧૧૮૦૦ |
| ૫ | ટંકારા | રોહીશાળા થી જોધપુર (ઝાલા) રોડ ઉપર જંગલ કટીંગ | શ્રી હરી કન્સ્ટ્રક્શન મુ. વેજલપુર | ૩૯૦૦ |
| ૬ | માળીયા (મી) | માણાબા સુલતાપુર ચીખલી રોડ ઉપર જંગલ કટીંગ | મે.વી.એમ. સોજીત્રા | ૧૮૨૯૦ |
| ૭ | જેતપુર | મેવાસા ઉમરાળી રોળ | કે. પી. પટેલ | ૨૩૬૦૦ |
| ૮ | પડધરી | સ્ટેટ હાઇવેથી બાધી ગઢડા અડબાલકા રસ્તા ઉપર જંગલ કટીંગ કરવાનું કામ કી.મી. ૦/૦થી ૫/૦ તથા ૮/૦ ૧૧/૦ | શીવ શક્તિ કન્સ્ટ્ર કાં. રાજકોટ | ૩૨૪૫૦ |
| ૯ | "" | ફતેપર હડમતીયા રોડ ઉપર જંગલ કટીંગ | શ્રી આશાપુરા મ.બા. સ.મ.લી. નાનાઇટાળા | ૨૩૦૧૦ |
| ૧૦ | ધોરાજી | નાની મારડ કલાણા ખડીયા રોડ | જ્યરામ બિલ્ડર્સ, જુનાગઢ | ૨૧૭૧૨ |
| ૧૧ | "" | મોટી મારડ વાડોદર ભાડેર રોડ | "" | ૧૮૮૮૦ |
| ૧૨ | "" | નં. હા. થી ભોળા છાડવાવદહાડફોડી રોડ | "" | ૧૧૮૦૦ |
| ૧૩ | "" | નાની વાવડી મોટીવાવાડી રોડ | "" | ૯૪૪૦ |
| ૧૪ | "" | નાની પરબડી તોરણીયા રોડ | "" | ૧૬૫૨૦ |
| ૧૫ | "" | ભાડેર સ્માવટી રોડ | "" | ૯૪૪૦ |
| ૧૬ | જામકંડોરણા | ખજુરડા બાલાપર રોડ | સંજય વિઠલભાઇ બોદર | ૧૪૧૬૦ |
| ૧૭ | "" | રાયડી શનાળા રોડ | "" | ૯૪૪૦ |
| ૧૮ | "" | રાયડી રોધેલ રોડ | "" | ૧૮૮૮૦ |
| ૧૯ | મોરબી | મોરબી જેતપર રોડ | સુનિલ કન્સ્ટ્રક્શન | ૪૯૪૫૦ |
| ૨૦ | લોધીકા | રાજકોટ કાલાવાડ રોડ | પાર્ક બિલ્ડર્સ | ૪૯૫૬૦ |
| ૨૧ | જસદણ | કમળાપુર ભાડલા ભડારીયા રોડ | એસ. એન. ખસીયા | ૪૯૩૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | "" | વિછીયા ઓરી હડમતીયા રોડ | શિવશક્તિ ક્ન્સ્ટ્રક્શન | ૯૫૭૯૬ |

**પરિશિષ્ઠ-૨**

| અનુ. | તાલુકો | કામનું નામ | એજન્સીનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | બેડી હડમતીયા ખોરાણા રોડ જંગલ કટીંગ | સિધ્ધેશ્વર મ.બા. સ.મમ. | ૨૩૬૦૦ |
| ૨ | રાજકોટ | રાજકોટ જામનગર રોડ | હરિ ઓમ ક્ન્સ્ટ્રક્શન | ૩૩૦૦૦ |
| ૩ | રાજકોટ | મવળી પાળ રાવકી રોડ | લક્ષ્મી ક્ન્સ્ટ્રક્શન | ૪૮૯૬૦ |
| ૪ | રાજકોટ | કુવાડવા સરધાર રોડ | ધીરુભાઇ તળપદા | ૩૮૫૪૪ |
| ૫ | રાજકોટ | મેસરીયા અદેપર રોડ જંગલ કટીંગ | જયંશીવ શક્તિ મ.બા. સ.મં. | ૨૧૨૪૦ |
| ૬ | રાજકોટ | પાડધરા મક્તાનપર ઓળ રોડ જંગલ કટીંગ | ગ્રામ પંચાયત ઓળ | ૧૫૯૩૦ |
| ૭ | રાજકોટ | મહિકા હોલમાતા રોડ | શિવમ ક્ન્સ્ટ્રક્શન | ૪૪૧૦૦ |
| ૮ | રાજકોટ | વાકાનેર દલડી થાન રોડ | "" | ૧૩૭૭૦૦ |
| ૯ | રાજકોટ | તરકીયા એપ્રોચ રોડ | "" | ૧૦૦૦૦ |
| ૧૦ | ગોંડલ | કમઢીયા દેરડી રોડ | શ્રી અંબર બિલ્ડર્સ | ૪૫૦૦ |
| ૧૧ | ગોંડલ | રાણસીકી વીજીવડ રોડ | "" | ૨૮૦૦૦ |
| ૧૨ | ગોંડલ | કેશવાળા વાસાવડ રોડ ૦/૦ થી ૫/૦ | બજરંગ ક્ન્સ્ટ્રક્શન | ૨૫૯૬૦ |
| ૧૩ | ગોંડલ | ગોડલ કંટોલીયા બાન્દ્રા શીવરાજગઢ રોડ | ખાતાકીય મજુરોથી | - |
| ૧૪ | ગોંડલ | સુલતાનપુર ઘુડશીયા રોડ | "" | - |
| ૧૫ | ગોંડલ | મોવિયા કંટોલીયા રોડ | "" | - |
| ૧૬ | ગોંડલ | મોવિયા માંડણ કુંડલા શીવરાજગઢ રોડ | "" | - |
| ૧૭ | ગોંડલ | ગોંડલ વોરાકોટડા રોડ | "" | - |
| ૧૮ | ગોંડલ | દેવળા અમરનગર રોડ | "" | - |
| ૧૯ | ગોંડલ | સુરેશ્વર ધારેશ્વર રોડ | "" | - |
| ૨૦ | ગોંડલ | પાંચીયાવદર એપ્રોચ રોડ | "" | - |
| ૨૧ | ગોંડલ | ગોડલ નાનામહિકા રોડ | "" | - |
| ૨૨ | ગોંડલ | ગોડલ નાગડકા રોડ | "" | - |
| ૨૩ | કોટડાસાંગાણી | વાડાધરી નવી મેગણી રોડ | શ્રી અંબર બિલ્ડર્સ | ૧૬૦૦૦ |
| ૨૪ | કોટડાસાંગાણી | કોટડા હડમતાળા રોડ | સુર્યા કોર્પોરેશન | ૧૫૦૦૦ |
| ૨૫ | કોટડાસાંગાણી | સાંઢવાયા બગદડીયા રોડ | બજરંગ ક્ન્સ્ટ્રક્શન | ૧૦૦૦૦ |
| ૨૬ | કોટડાસાંગાણી | સતાપર બંધીયા રોડ | શ્રી સ્પાઇરલ ક્ન્સ્ટ્ર, કોર્પો. કેશોદ. | ૧૩૫૦૦ |
| ૨૭ | જસદણ | જસદણ ચીતલીયા રોડ | ભાડલા મ.બા.સ.મ. લી. | ૧૮૨૯૦ |
| ૨૮ | જસદણ | વીછીયા સમઢીયાળા રોડ | ભાડલા મ.બા.સ.મ.લી. | ૭૦૮૦ |
| ૨૯ | જસદણ | વનાળા સરનાતપર રોડ | ખાતાકીય મજુરોથી | - |
| ૩૦ | જસદણ | વિછીયા ભડલી બાબરા રોડ | લક્ષ્મી ક્ન્સ્ટ્રક્શન | ૪૮૯૫૦ |
| ૩૧ | જસદણ | કમળાપર ભાડલા રોડ | શિવ શક્તિ ક્ન્સ્ટ્રક્શન | ૪૬૦૦૦ |
| ૩૨ | જસદણ | મોટામત્રા એપ્રોચ રોડ | "" | ૪૮૦૫૩ |
| ૩૩ | જસદણ | ભાડલા ભંડારીયા ભુપગઢ રોડ | એસ.એન.ખસીયા | ૪૮૩૭૦ |
| ૩૪ | જસદણ | રેવાણીયા દલડી રોડ | એસ.એન. ખસીયા | ૪૮૩૭૦ |
| ૩૫ | જસદણ | કોઠી બમનેસરા રોડ | હર્ષદ નાથાભાઈ ખુંટ | ૨૬૭૦૦ |
| ૩૬ | જસદણ | જસદણ વીછીયા આટકોટ રોડ | ધીરુભાઈ તળપદા | ૭૮૧૪૪ |
| ૩૭ | જસદણ | જસદણ ગોખલાણા રોડ | "" | ૨૫૯૨૦ |
| ૩૮ | જસદણ | પીપરડી સનાળી દેવધરી રોડ | "" | |
| ૩૯ | ટંકારા | વિજયનગર એપ્રોચ રોડ જંગલ | કોશિક ક્ન્સ્ટ્ર. મોરબી | ૧૫૦૦ |
| ૪૦ | ટંકારા | વાછકપર એપ્રોચ રોડ ઉપર જંગલ કટીંગ | "" | ૪૮૦૦ |

| અનુ. | તાલુકો | કામનું નામ | એજન્સીનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૪૧ | મોરબી | લખધીરપુર એપ્રોચ રોડ ઉપર જંગલ કટીંગ | શ્રીહરી કન્સ્ટ્રક્શન | ૧૮૮૮૦ |
| ૪૨ | મોરબી | ને.હાથી નાગડાવાસ એપ્રોચ રોડ ઉપર જંગલ કટીંગ | મે. વી. એમ. સોજીત્રા | ૯૪૪૦ |
| ૪૩ | મોરબી | ને.હાથી હરીપર (ક) એપ્રોચ રોડ ઉપર જંગલ કટીંગ | મે. હીરજીભાઈ જી. ગોડલીયા | ૨૦૦૬૦ |
| ૪૪ | મોરબી | ને.હાથી રવાપર એપ્રોચ રોડ ઉપર જંગલ કટીંગ | શ્રી વિક્રમસિંહ નથુભા ઝાલા | ૨૧૮૩૦ |
| ૪૫ | મોરબી | શનાળા ખાનપર રોડ ઉપર જંગલ કટીંગ | શ્રી હરિ કન્સ્ટ્રક્શન કં | ૩૯૯૦૪ |
| ૪૬ | મોરબી | મોરબી લીલાપર રોડ | ક્લાસીક નેટવર્ક | ૩૫૦૦ |
| ૪૭ | મોરબી | અણીયારી ઘાટઠીલા રોડ | સુનિલ કન્સ્ટ્રક્શન | ૪૧૪૦૦ |
| ૪૮ | માળીયા (મી) | જુનાદેરાળા સરવડ રસ્તા ઉપર જંગલ કટીંગ | મે. વી.એમ. સોજીત્રા | ૨૩૦૧૦ |
| ૪૯ | માળીયા (મી) | સરવડ મોટાભેલા રસ્તા ઉપર જંગલ કટીંગ | કોશિક કન્સ્ટ્ર. મોરબી | ૧૮૨૯૦ |
| ૫૦ | માળીયા (મી) | રાસંગપર નવાગામ રસ્તા ઉપર જંગલ કટીંગ | એકટીવ કન્સ્ટ્ર. કં. | ૨૭૩૩૦ |
| ૫૧ | માળીયા (મી) | હજનાળી કુંતાસી રસ્તા ઉપર જંગલ કટીંગ | જય ખોડિયાર કન્સ્ટ્ર. | ૨૦૬૫૦ |
| ૫૨ | માળીયા (મી) | ભાવપર બગસરા રોડ | વી.એમ. સોજીત્રા | ૨૦૧૦૦ |
| ૫૩ | જેતપુર | કેરાળી રબારીકા રોડ | કે. પી. પટેલ | ૧૪૧૬૦ |
| ૫૪ | જેતપુર | વારાડુંગરા પડવલા રોડ | કે. પી. પટેલ | ૨૧૨૪૦ |
| ૫૫ | જેતપુર | આરબટીબડી રુપાવટી બોરડી સમઢીયાળા રોડ | "" | ૩૭૭૬૦ |
| ૫૬ | જેતપુર | ખીરસરા વાસાવડ રોડ | ખાતાના મજુર મારફત | -- |
| ૫૭ | જેતપુર | સ્ટેશનવાડી ખજુરી ગુદાળા રોડ | ખાતાના મજુર મારફત | -- |
| ૫૮ | જેતપુર | મંડલીકપુર કેરાળી ભાદ્રા રોડ | ખાતાના મજુર મારફત | -- |
| ૫૯ | જેતપુર | જેતપુર બગસરા રોડ | ધીરુભાઈ તળપદા | ૨૧૧૭૩ |
| ૬૦ | જેતપુર | જેતપુર અમરનગર રોડ | "" | ૨૧૦૦૫ |
| ૬૧ | જેતપુર | જેતપુર મેવાસા રોડ | "" | ૧૬૭૦૫ |
| ૬૨ | પડધરી | સ્ટેટ હાઈવેથી બાધી ડુંગરકા ગઢડા રસ્તા ઉપર જંગલ કટીંગ કી.મી. ૫/૦ થી ૮/૦ | શીવ શક્તિ કન્સ્ટ્ર. કં. રાજકોટ | ૧૩૭૬૫ |
| ૬૩ | પડધરી | થોરયાળી બંગાવડી રસ્તા ઉપર જંગલ કટીંગ કી.મી. ૨/૦ થી ૪/૦ | શ્રી આશાપુરામ. બાસ. મ.લી. નાનાઈટાળા | ૯૪૪૦ |
| ૬૪ | પડધરી | રંગપર સરપદડ રસ્તા પર જંગલ કટીંગ ૦/૦ થી ૫/૫૦ | શીવ શક્તિ કન્સ્ટ્ર. કં. રાજકોટ | ૧૬૨૨૫ |
| ૬૫ | પડધરી | વચ્ચલીઘોડી છેલ્લીઘોડી ખીજડીયા રોડ | હરિઓમ કન્સ્ટ્ર. | ૪૭૧૦૬ |
| ૬૬ | પડધરી | રાજકોટ જામનગર રોડ | "" | ૪૭૭૬૦ |
| ૬૭ | પડધરી | મીતાણા નેક્નામ રોડ | ધીરુભાઈ તળપદા | ૨૫૦૬૨ |
| ૬૮ | લોધીકા | લોધીકા કોઠાપીપળીયા રોડ | ખાતાકીય રીતે મજુરોથી | -- |
| ૬૯ | લોધીકા | ને. હા. થી કાંગશીયાળી રોડ | "" | -- |
| ૭૦ | લોધીકા | સાંગણવાથી માખામડ રોડ | "" | -- |
| ૭૧ | લોધીકા | જશવંતપુર એપ્રોચ રોડ | "" | -- |
| ૭૨ | લોધીકા | એસ.એચ.થી બાલસર વાગુદડ રોડ | "" | -- |
| ૭૩ | લોધીકા | લોધીકા રીબડા રોડ | કેપ્યુર કન્સ્ટ્રક્શન | ૪૯૬૦૮ |
| ૭૪ | જામકંડોરણા | સાતોદડ ચિત્રાવડ રોડ | કે.એન. સાવલીયા | ૮૮૫૦ |
| ૭૫ | જામકંડોરણા | ચરેલ એપ્રોચ રોડ | "" | ૨૯૫૦ |
| ૭૬ | જામકંડોરણા | રંગપર સાજડીયાળી રોડ | શ્રી એમ.આર. વરસાણી | ૧૧૮૦૦ |
| ૭૭ | જામકંડોરણા | બરડીયા એપ્રોચ રોડ | શ્રી કે.એન. સાવલીયા | ૮૮૫૦ |
| ૭૮ | જામકંડોરણા | થોરાળા એપ્રોચ રોડ | શ્રી એમ. બી. રામોલીયા | ૫૯૦૦ |

| અનુ. | તાલુકો | કામનું નામ | એજન્સીનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૭૯ | જામકંડોરણા | રામપર તરકાસર રોડ | શ્રી એમ.આર. વરસાણી | ૬૧૯૫ |
| ૮૦ | જામકંડોરણા | આંચવડ હરીયાસણ રોધેલ રોડ | બાબુભાઈ અમરશીભાઈ | ૧૭૯૯૫ |
| ૮૧ | જામકંડોરણા | ખટલી બાલાપર રોડ | શ્રી કે.એન. સાવલીયા | ૭૩૭૫ |
| ૮૨ | જામકંડોરણા | હરીયાસણ એપ્રોચને જોડતો રાયડી રોધેલ રોડ | શ્રી બાબુભાઈ અમરશીભાઈ | ૭૩૭૫ |
| ૮૩ | જામકંડોરણા | મોજખીજડીયા વડાળી રોડ | શ્રી એમ. બી. રામોલીયા | ૮૮૫૦ |
| ૮૪ | જામકંડોરણા | પાદરીયા એપ્રોચ રોડ | શ્રી બાબુભાઈ અમરશીભાઈ | ૧૩૦૧૩ |
| ૮૫ | જામકંડોરણા | સાજડીયાળી મેસપર રોડ | શ્રી એમ.આર. વરસાણી | ૨૫૬૯૧ |
| ૮૬ | જામકંડોરણા | વિમલનગર એપ્રોચ રોડ | "" | ૧૧૭૯૫ |
| ૮૭ | જામકંડોરણા | ખજુરડા ખાટલી રોડ | શ્રી બાબુભાઈ અમરશીભાઈ | ૨૭૫૮૮ |
| ૮૮ | જામકંડોરણા | દડવી પીપળીયા રોડ | શ્રી એમ.આર. વરસાણી | ૧૭૩૦૦ |
| ૮૯ | જામકંડોરણા | ચાવડી નવાગામ રોડ | શ્રી બાબુભાઈ અમરશીભાઈ | ૧૨૨૫૧ |
| ૯૦ | જામકંડોરણા | બરડીયા ચિત્રાવડ રોડ | શ્રી બાબુભાઈ અમરશીભાઈ | ૧૧૦૫૧ |
| ૯૧ | જામકંડોરણા | બરડીયા થોરાળા રોડ | "" | ૨૭૦૭૧ |
| ૯૨ | જામકંડોરણા | ખજુરડા સનાળા અડવાલ રોડ | "" | ૩૮૭૦૭ |
| ૯૩ | જામકંડોરણા | કાલાવડ કંડોરણા ધોરાજી ભાયાવદર રોડ | શ્રી ધીરુભાઈ તળપદા | ૨૧૩૧૪ |
| ૯૪ | જામકંડોરણા | કંડોરણા ખજુરડા ટીબડી ભાયાવદર રોડ | "" | ૫૨૦૭ |
| ૯૫ | ધોરાજી | ધોરાજી પાટણવાવા રોડ | "" | ૧૧૧૭૦ |
| ૯૬ | ધોરાજી | કંડોરણા ધોરાજી રોડ | "" | ૨૪૯૩૮ |
| ૯૭ | ઉપલેટા | કંડોરણા ખજુરડા ટીબડી ભાયાવદર રોડ | "" | ૫૨૦૭ |

------------

**જોડીયા તાલુકાના બેલા-ફડસર-રાજપર રોડનું રીપેરીંગ કામ કરવા બાબત**

અતારાંક્તિ : ૭૬૦૩ (૧૮-૧૧-૨૦૦૬) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાનો બેલા-ફડસર-રાજપર રોડનું સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં રીપેરીંગ કામ થયેલ નથી તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે,

(૩) આ રસ્તો વાહનવ્યવહાર યોગ્ય કરવા તથા ગાંડા બાવળ દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૪) તે કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૦૭) :

(૧) અને (૨) : સને ૨૦૦૫-૦૬ માં રીપેરીંગ કામ કરેલ છે. હાલમાં રસ્તો વાહનવ્યવહાર લાયક હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) : ગાંડા બાવળ દુર કરવા મંજુરી આપવામાં આવેલ છે જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

-------------

**જોડીયા તાલુકાના ઝાંઝુડા-બોડકી રીપેરીંગ કામ કરવા બાબત**

અતારાંક્તિ : ૭૬૦૪ (૧૮-૧૧-૨૦૦૬) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના ઝીઝુડા-બોડકી રોડનું રીપેરીંગ કામ માર્ચ : ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી થયેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે,

(૩) આ રસ્તો વાહનવ્યવહાર યોગ્ય કરવા તથા ગાંડા બાવળ રસ્તા પરથી દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૪) તે કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૦૭) :

(૧) અને (૨) : રસ્તો વાહનવ્યવહાર લાયક હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) : ગાંડા બાવળ દુર કરવા મંજુરી આપવામાં આવેલ છે જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

-------------

## રાજ્યમાં દલિતોની અનામતની બેક્લોગની ખાલી જગ્યાઓ

અતારાંક્તિ : ૭૫૨૭ (૨-૯-૨૦૦૬) **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ દલિતોની અનામતની બેક્લોગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૨૦૦૬ની સ્થિતિએ દલિતોની અનામતની બેક્લોગની ૫૧૫ જગ્યાઓ ખાલી છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

-------------

## કચ્છ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના છાત્રાલયોની દરખાસ્ત

અતારાંક્તિ : ૬૮૦૭ (૧૭-૮-૨૦૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના છાત્રાલય ખોલવા માટેની દરખાસ્તો સરકાર સમક્ષ પડતર છે કે કેમ,

(૨) કઈ કઈ સંસ્થાની અને ક્યા ક્યા વિસ્તાર માટેની દરખાસ્તો પડતર છે,

(૩) આ પડતર દરખાસ્તો કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે, અને

(૪) આ દરખાસ્તો ક્યારે ક્યારે કરવામાં આવી હતી ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૭) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા અનુસૂચિત જનજાતિનાં છાત્રાલય ખોલવા માટેની દરખાસ્તો પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૭૨૪૫, ૭૪૧૩, ૭૫૭૯, | ૩ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૨૭૭, ૭૬૪૬, ૭૬૬૩, ૭૬૬૪ | ૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૭૩૫૭, ૭૩૭૫, ૭૬૧૫, ૭૬૨૯, ૭૬૩૦, ૭૭૮૧ | ૬ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૭૧૫ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૩૦૯, ૭૭૫૮, ૭૭૬૦ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૭૨૪૭, ૭૫૪૬, ૭૫૭૩, ૭૫૯૪ | ૪ |
| ૭ | નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૪૫૭, ૭૫૮૯, ૭૫૯૩ | ૩ |
| ૮ | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૬૮૧૭, ૬૮૧૮, ૬૮૧૯, ૬૮૨૦, ૬૮૫૩, ૭૫૧૦, ૭૬૪૫ | ૭ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૭૨૩૮, ૭૪૬૧, ૭૪૬૩, ૭૬૬૬, ૭૬૬૮, ૭૬૭૮, ૭૭૮૩ | ૭ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૭૪૪૩, ૭૪૬૮, ૭૪૮૧, ૭૪૮૨, ૭૪૮૪, ૭૪૮૬, ૭૪૮૭, ૭૪૮૮, ૭૬૦૩, ૭૬૦૪ | ૧૦ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૭૫૨૭ | ૧ |
| ૧૨ | આદિજાતિ વિકાસ વિભાગ | ૬૮૦૭ | ૧ |
| | | કુલ | ૫૦ |

**સચિવશ્રી :** બાબત ક્રમાંક-૨, વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો પેટા બાબત-૧ માનનીય પંચાયત મંત્રીશ્રી, (અંતરાય)

(આ તબક્કે શાસકપક્ષના તમામ સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઈ ગયા) (અંતરાય)

**શ્રી સુનીલ બા. ઓઝા:** માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ઝીરો અવર્સની પ્રથા છે.

**અધ્યક્ષશ્રી** : નો, નો નો, હું ઝીરો અવર્સ નથી આપતો પ્લીઝ, આપ શું કહેવા માગો છો. પ્લીઝ બેસી જાઓ, બધા બેસી જાઓ પ્લીઝ

**શ્રી સુનીલ બા. ઓઝા:** માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી એકજ વાત કરવી છે હું નથી કંઈ કહેતો આ દેશમાં બંધારણ છે અને બંધારણમાં આખા દેશના પ્રત્યેક નાગરિકોને સમાન અધિકાર છે. મારા ગુજરાતમાં મને યાદ છે કે .. (અંતરાય) બાકીના ૧૨ હજાર લોકોને..

**અધ્યક્ષશ્રી** : નો નો પ્લીઝ, આ ચર્ચા નહિ, પ્લીઝ નો નો, બેસો બેસો, બેસી જાઓ પ્લીઝ (અંતરાય)

(આ તબક્કે શાસકપક્ષના સભ્યશ્રીઓએ ' હાય રે કોંગ્રેસ હાય હાય ' ના સૂત્રોચ્ચારો ચાલુ કર્યા)

**અધ્યક્ષશ્રી** : હું વિરામ સુધી ગૃહને મુલતવી રાખું છું. (સવારના ૯.૫૧)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૧-૦૨ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**૨૦૦૫-૦૬ના વર્ષનો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો અહેવાલ**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**૨૦૦૪-૦૫ના વર્ષનો આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો ૨૦૦૫-૦૬નો અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( સાયન્સ અને ટેકનોલોજી મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સન ૧૯૪૭ના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૨૭-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: કેએસએચ-૧૯-કેએચપીએસ-૧૦૨૦૦૨-૮૮-ચ

(૨) તા. ૨૧-૧૧-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: કેએસએચ-૨૧-કેએચપીએસએચ-૧૦૦૪-૧૪૨૧-ચ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લંઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**અતારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૬૬૪૧ના અનુસંધાને વધારાની માહિતી.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૮-૯-૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી છબીલભાઈ પટેલના " કચ્છ જિલ્લામાં આવેલા કુટીર ઉદ્યોગો" વિષયના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૬૬૪૧ નો સુધારેલ જવાબ સભાગૃહના મેજ પર મૂકવાની રજા લંઉ છું.

**સુધારેલ જવાબ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**વિશેષાધિકાર ભંગના પશ્ન અંગે**

**અધ્યક્ષશ્રી:** મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત વિધાનસભાના વર્તમાન સત્રમાં તારાંકિત પ્રશ્નો પૂછવા સંબંધમાં માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અને સૂચનાઓને મુદ્દો બનાવી વિરોધપક્ષના નેતાશ્રીએ તેઓશ્રીના તા. ૨૬-૨-૨૦૦૭ ના પત્રથી રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી સામે વિશેષાધિકાર ભંગના પ્રશ્નની સૂચના આપી છે. આ સૂચના મારી વિચારણા હેઠળ હતી તે વખતે વિરોધપક્ષના નેતાશ્રીની તા. ૭-૩-૨૦૦૭ ના રોજની અખબારી યાદીમાં તેને પ્રસિધ્ધ કરી તેની છણાવટ કરી હતી. આમ, મારી વિચારણા હેઠળની બાબતને અખબારી યાદીમાં પ્રસિધ્ધિ આપવાથી થયેલ વિશેષાધિકાર ભંગના પ્રશ્નની સૂચના રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રીએ તા. ૧૨-૩-૨૦૦૭ ના તેઓશ્રીના પત્રથી આપી છે. આ ઉપરાંત આ બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૦૭૮૫ શ્રી નટવરસિંહજી ઠાકોર (મહુધા) ના પ્રશ્ન સંબંધમાં"રાજય સરકારે લેખિત પત્ર દ્વારા દબાણ લાવતાં આ બાબત તા. ૯-૩-૨૦૦૭ ના બદલે તા. ૨૯-૩-૨૦૦૭ ના રોજ જવાબ આપવા માટે અધ્યક્ષશ્રીએ પોતાને મળેલી સત્તાઓના આધારે નિર્ણય લીધો હતો" તેવા અખબારી યાદીમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ લખાણથી થયેલ વિશેષાધિકાર ભંગના પ્રશ્નની સૂચના મુખ્ય દંડકશ્રીએ તેઓશ્રીના તા. ૧૪-૩-૨૦૦૭ ના પત્રથી આપી છે. આ ત્રણેય પ્રશ્નો એક જ બાબતને લગતા હોઈ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૬૩ અન્વયે હું આ પ્રશ્નોને તપાસ અને અહેવાલ અર્થે વિશેષાધિકાર સમિતિને સોંપું છું.નેકસ્ટ.

(આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી બોલવા ઉભા થતાં)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, નહીં, નહીં, (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખુલાસો તો આપવો જોઈએ ને?

**અધ્યક્ષશ્રી** : ના, ના, એ ખુલાસો તમે સમિતિને આપજો. સમિતિમાં ખુલાસો આપજો. ત્યાં સમિતિમાં આપજો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રી સામે વિશેષાધિકાર ભંગનો મુદ્દો રજૂ કર્યો છે, એનો નિર્ણય અપાયો નથી. આની પહેલાં મેં નોટિસ આપેલ છે, વિશેષાધિકાર ભંગની નોટિસ આપેલ છે, મેં આની પહેલાં નોટિસ આપેલ છે.એના નિર્ણય અપાયેલ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી વાત રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઈએ, આપે એકવાર નિર્ણય આપી દીધા પછી આની ચર્ચા ના થાય, અહીં એની ચર્ચા જ ના હોય, એની ચર્ચા વિશેષાધિકાર માટેની સમિતિમાં કરજો. જે કાંઈ કહેવું હોય એ વિશેષાધિકાર સમિતિમાં કહેજો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી બન્નેની સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપી છે એનો નિર્ણય હજુ થયો નથી.

**અધ્યક્ષશ્રી** : મેં વિધાનસભાના નિયમોના નિયમ ૨૬૩ પ્રમાણે આ જે ત્રણે કેસ છે એ ત્રણે કેસને હું વિશેષાધિકાર સમિતિને સોંપું છું એવો મેં નિર્ણય આપ્યો છે. આ ત્રણેય કેસ આપું છું એમ કહયું છે. આપ મારા એ શબ્દો જોઈ લો. વિશેષાધિકાર ભંગ અંગેના ત્રણેય કેસ હું સમિતિને સોંપું છું એ રીતનો મેં નિર્ણય આપ્યો છે. (અંતરાય)મેં ત્રણેય કેસ વિશેષાધિકાર સમિતિને સોંપ્યા છે. (અંતરાય) એ સોંપાઈ ગયા છે. એ બધું આપ સોંભળ્યા વિના ના બોલો, આ ત્રણેય જે વિશેષાધિકાર ભંગના કેસો છે એ સમિતિને સોંપ્યા છે, એકેય બાકી રાખ્યો નથી, ત્રણે કેસ સોંપ્યા છે એમાં આ પણ સાંપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો કેસની છણાવટ જ કરી હતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ (અંતરાય) પ્લીઝ, બેસો, (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને રેઈઝ કરવાનો અધિકાર આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી :** મેં નિયમ ૨૬૩ ની જોગવાઈ પ્રમાણે સોંપ્યું છે. નેકસ્ટ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**નાણા વિભાગ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૭,૫૧,૮૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

(સતત અંતરાય)

અધ્ય

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે એકવાર નિર્ણય આપી દીધા પછી ફરીથી આ મુદ્દો ઉભો કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને રજૂ કરવાની પરવાનગી આપવી જોઈએ.મને પરવાનગી મળવી જોઈએ. એ માગવાનો મારો અધિકાર છે, નિયમની જોગવાઈ છે.

**અધ્યક્ષશ્રી** : મેં નિયમ પ્રમાણે જ આપ્યું છે. પ્લીઝ,(અંતરાય) મારે શું કરવું તે મારે જોવાનું છે, હું નિયમ ૨૬૩ વાંચું છું. આપણે બધાએ જો સહેજ આપણા નિયમો છે તેનો જો અભ્યાસ કરેલો હોય તો કોઈપણ નિર્ણય આ બધા નિયમો છે તે પ્રમાણે જ લેવામાં આવે છે. અહીં પણ ગૃહને કદાચ ખબર ન હોય તો હું સભાગૃહના ધ્યાન ઉપર મુકું છું. નિયમ ૨૬૩ એમ કહે છે કે "આ નિયમોમાં ગમે તે ઠરાવ્યું હોય તે છતાં, અધ્યક્ષ, વિશેષાધિકારનો કોઈપણ પ્રશ્ન, વિશેષાધિકાર સમિતિને તપાસ, બારીક તપાસ [અને] અહેવાલ કરવા માટે સોંપી શકશે." પ્લીઝ, ફરીથી બધા સાંભળો, ફરીથી વાંચું છું. "આ નિયમોમાં ગમે તે ઠરાવ્યું હોય તે છતાં, અધયક્ષ, વિશેષાધિકારનો કોઈપણ પ્રશ્ન, વિશેષાધિકાર સમિતિને તપાસ, બારીક તપાસ [અને] અહેવાલ કરવા માટે સોંપી શકશે". આ નિયમ પ્રમાણે ૨૬૩ નિયમ છે તે પ્રમાણે મેં નિર્ણય લઈ અને ત્રણે કેસો મેં તપાસ સમિતિને સોંપ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૨૫૨ વાંચું છું.

**અધ્યક્ષશ્રી** : તે જુદી વાત છે, બેસી જાઓ, નિયમ તો ઘણાં બધા હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં ૨૫૨ હેઠળ નોટિસ આપી છે.

**અધ્યક્ષશ્રી** : તમે આખો નિયમ વાંચીને પછી મારી ઓફિસમાં આવજો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૨૫૨ હેઠળ નોટિસ આપેલી છે.

**અધ્યક્ષશ્રી** : તમે દુરાગ્રહ કરશો નહીં, પ્લીઝ, આ વિધાનસભામાં અનેક ઉદાહરણો છે જેમાં ૨૫૨ નીચે નોટિસ આપી હોય છતાં પણ સીધે સીધા અહીં સમિતિને સોપ્યું હોય તેવા ઘણાં કેસો છે. સમાંતર વિધાનસભાનો એક કેસ હતો તે પણ આ રીતે જ સોંપેલો છે. બીજો પ્રેસ સેન્સરશીપની બાબત હતી તે પણ ડાયરેકટ ત્યાં સોંપવામાં આવી હતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તે અહીં સમાંતર વિધાનસભામાં માનનીય અશોકભાઈએ રેઈઝ કર્યો હતો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ગમે તે નિયમ હોય છતાં ૨૬૩ નીચે આપ નિર્ણય કરી શકો છો. આની ચર્ચા જ ન હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારે રેઈઝ ન કરવા દેવો હોય તો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : મેં નિયમ તમારી સામે મૂકયો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં આપની સામે ૨૫૨ મૂકયો છે.

**અધ્યક્ષશ્રી** : તે ત્યાં સોંપી શકાય છે, મેં નિર્ણય કર્યો છે. પછી સવાલ કયાં છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ (ક્રમશઃ)

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટે ૮૨,૫૯,૧૦,૦૦૦ની માગણી ક્રમાંક ૧૬ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેને રૂપિયા ૪૫,૧૫,૪૦,૦૦૦ની માગણી ક્રમાંક ૧૭ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રી સૌરભ પટેલ ::** માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૦૨,૭૬,૫૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૧૮ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૨૩–૩–૨૦૦૭ (બારમો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **નાણા વિભાગ**<br>**માગણી નં.૧૫** | | |
| ૧. | ૨૦૫૨–સચિવાલય.....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–નાણા વિભાગ<br>રૂા.૭,૫૧,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૫૪ | ૧૦૦ | અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબતોના અમલીકરણમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨. | –– " –– | ૧૦૦ | સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૩. | –– " –– | ૧૦૦ | અન્ય વિભાગો/કચેરીઓ ધ્વારા આવતી જુદી જુદી દરખાસ્તોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૪. | –– " –– | ૧૦૦ | જુદી જુદી યોજનાઓ માટે કરવામાં આવતી નાણાંકીય ફાળવણીનો પૂરેપૂરો ઉપયોગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૫. | –– " –– | ૧૦૦ | કેન્દ્રના ધોરણે પાંચમા પગાર પંચ અન્વયે રાજય સરકારના કર્મચારીઓને એલ.ટી.સી.નો લાભ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૬. | –– " –– | ૧૦૦ | પગાર પંચ અન્વયે રચાયેલ પગાર વિસંગતતા સમિતિના અહેવાલનો અમલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | | **માગણી નં.૧૬** | | |
| ૭. | ૨૦૪૦–વેચાણ.....કરવેરા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–વાણિજિયક વેરા આયુકત<br>રૂા.૮,૨૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૮–૯ | ૧૦૦ | વેચાણવેરા કચેરીઓમાં કરદાતાઓને પૂરતી માહિતી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૮. | ૨૦૪૦–વેચાણ.....કરવેરા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–વાણિજિયક વેરા આયુકત<br>રૂા.૮,૨૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૮–૯ | ૧૦૦ | કરોડો રૂપિયાની બાકી નીકળતી સેલ્સ ટેક્ષની રકમ માફ કરવાને બદલે વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૯. | –– " –– | ૧૦૦ | વેચાણવેરા આયુકતના તાબાની | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કચેરીઓની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦. | -- " -- | ૧૦૦ | વેચાણવેરાની વસૂલાતના વાર્ષિક લક્ષ્યાંકો સિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૧. | -- " -- | ૧૦૦ | વેચાણવેરા અધિકારી/કર્મચારીઓ ધ્વારા વેપારીઓને થતી ખોટી કનડગત નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૨. | -- " -- | ૧૦૦ | વેચાણ વેરા આયુકત ધ્વારા " જે બીલ માગે તેનું નશીબ જાગે"ના ડ્રો સમયસર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| | | **માગણી નં.૧૭** | | |
| ૧૩. | ૨૦૫૪–તિજોરી.....વહીવટ<br>૦૯૫–હિસાબ.....કચેરી<br>૦૧–નિયામકની કચેરી<br>રૂા.૨,૧૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૫૭ | ૧૦૦ | પેન્શન કેસોની ક્ષતિપૂર્તતા અંગેના પત્ર વ્યવહારમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૧૪. | -- " -- | ૧૦૦ | હિસાબ અને તિજોરી નિયામકની કચેરીમાં પેન્શન કેસોનો થતો ભરાવો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| | | **માગણી નં.૧૮** | | |
| ૧૫. | ૨૦૭૧–પેન્શન.....લાભ<br>૦૧–મુલકી<br>૧૦૧–વય નિવૃત્તિ......ભથ્થા<br>રૂા.૧૨,૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૬૩ | ૧૦૦ | પેન્શનરોને પેન્શનના લાભો ઝડપથી મળે તે માટેનું સુદૃઢ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૬. | -- " -- | ૧૦૦ | કર્મચારીઓની વય નિવૃત્તિ પછી મળવા પાત્ર નિવૃત્તિ ભથ્થા સમયસર નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૭. | ૨૦૭૧–પેન્શન.....લાભ<br>૦૧–મુલકી<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–મની ઓર્ડર.......ખર્ચ<br>રૂા.૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૬૫ | ૧૦૦ | પેન્શનરને મની ઓર્ડર ધ્વારા સમયસર પેન્શન ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી** : અનુદાન માટેની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન માટેનો આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮.૩૦ કલાકથી બપોરના ૧.૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવા ઠરાવેલા સમયના એક કલાક પહેલા અનુદાનો માટેની માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઈ અનુસાર આજે બપોરના ૧૨.૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ ઉપરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બીજી બધી માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપર માત્ર ૧૪ મિનિટ બોલવાનો સમય મળતો હોય અને નાણાં વિભાગની મહત્ત્વની માગણી હોય ત્યારે આપે સમય વધારવો જોઈએ એવી હું દરખાસ્ત કરુ છું.

**અધ્યક્ષશ્રી** : આમાં સમય ન વધારી શકાય. આતો નિયમ છે એ મુજબ ૧૨.૦૦ વાગ્યા સુધીમાં પુરુ કરવું પડે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આજે સાહેબ સમય પણ બગડ્યો છે.

**અધ્યક્ષશ્રી** : સમય બગડવાનો સવાલ નથી. આજે આપણે ૧૨.૦૦ વાગ્યે ચર્ચા પૂરી કરવી પડે એ પ્રમાણેની જોગવાઈ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમારા તરફથી ચૌદ જણા બોલવાના છે એટલે દરેકને ભાગે એક એક મિનિટનો સમય આવે એમાં અમે શું બોલી શકીએ.

**અધ્યક્ષશ્રી** : નિયમ પ્રમાણે મેં કહ્યું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨.૩૦ નો સમય હોય તો એ ૧.૩૦ થઈ શકે. સમય તો આપણે વધારી શકીએ. સમય કોણે બગાડ્યો છે એ આપ જાણો છો. અડધો કલાક તો ખરેખર સમય વધારવો જોઈએ. પછી કોઈ અર્થ નહીં રહે. ૨૮ જણા અડધો મિનિટ બોલવાના છીએ. નહીં તો અમે ૨૮ જણા અડધો મિનિટ બોલીએ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧-૦૦ વાગ્યે ગૃહ જે પૂરું કરવાનું હતું તેના બદલે ૨-૦૦ વાગ્યે પૂરું કરીએ અને ચર્ચાઓ ૧-૦૦ વાગ્યે સમાપ્ત કરીએ.

**અધ્યક્ષશ્રી** : નહીં, મારે બહાર જવાનું છે.

**શ્રી અશોક ભટ્ટ** : સોરી, બરાબર સાહેબ, એ ભૂલી ગયો.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકનો સમય અડધો કલાક લંબાવવામાં આવે. તેવી દરખાસ્ત કરું છું

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ અડધો કલાક સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૧૫-૧૫ મિનિટ બે બાજુ વધારી દો.

**અધ્યક્ષશ્રી** : આપણે રસ્તો એવો કરીએ જે અડધો કલાક છે એમાં સહેજ મુક્ત રહીને ૧૫ મિનિટ એમને આપીએ અને ૧૫ મિનિટ તમારે આવે એવું કરીએ. એ પ્રમાણે આપણે કરીએ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બહિષ્કાર ન કરો તેમ તમે પણ જરા કંટ્રોલમાં રહેજો. માનનીય અધ્યક્ષશ્રી, કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની મિટિંગમા આપ પાકિસ્તાન જાવ છો, અમારા બધાની, ગૃહના બધા સભ્યોની શુભેચ્છા પાઠવીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : થેંકયુ. ખૂબ આભાર.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની મિટિંગમાં પાકિસ્તાન જાવ છો અને આપની સાથે ગૃહના સભ્યશ્રી બિમલભાઈ જાય છે બન્ને જણાને પાકિસ્તાન યાત્રા માટે શુભેચ્છા. આપ, બિમલભાઈ અને સચિવશ્રી ડી.એમ. પટેલ ત્રણ જણાના પ્રતિનિધિ મંડળને આ સભાગૃહની શુભેચ્છા પાઠવું છું અને આ યાત્રા સુખદાયી નીવડે એવી શુભેચ્છા.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે પણ આપ ત્રણે જણાને શુભેચ્છા પાઠવીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે. આગળ ચાલીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૧૫, ૧૬,૧૭ અને ૧૮ લઈને આવ્યા છે. આ રાજયના બજેટની સાત ટકા રકમ માત્ર પેન્શન ચૂકવવામાં જાય છે. ૨૦૦૧થી માંડીને ૨૦૦૮ સુધી વાત કરું તો ૨૦૦૧માં ૧૬.૧૭ કરોડ રૂપિયા હતા. જ્યારે આજે ૨૦૦૭-૦૮માં ૩૦૬૬ કરોડ રૂપિયા એટલે કે દર વર્ષે ૧૮ ટકા પેન્શનમાં વધારો થતો જાય છે. મારે એટલું કહેવું છે કે આપણા કર્મચારીને પેન્શન મળે, સારી રીતે મળે પણ પેન્શનના કેસોનો ઝડપી નિકાલ થાય. આ સરકારમાં કેટલાય લોકો પેન્શન માટે આજે પણ ધક્કા ખાતા હોય છે. તેમાં કેસોનો નિકાલ થતો નથી. ઘણી વખત તેમને સમયસર પેમેન્ટ મળતું નથી. તો નાણામંત્રીશ્રીને હું કહું કે સમયસર પેન્શન મળી રહે એવી મારી વિનંતી છે. નાણાં વિભાગ ખર્ચમાં વધારો કરે અને કામગીરીની દૃષ્ટિએ ૨૦૦૫-૦૬માં ૬ કરોડ ૧૮ લાખ રૂપિયા ખર્ચ હતો એ ૨૦૦૭-૦૮માં ૭ કરોડ ૫૧ લાખ રૂપિયા એટલે કે ૧ કરોડ ૩૩ લાખ રૂપિયાનો નાણાકીય કામગીરીમાં વધારો થયો છે. ઘણી વખત વધારો એવો થાય કે આપણી પાસે સક્ષમ અધિકારી હોવા છતાં આપણે કલાક ઉપર લોકોને આજે રાખતા હોઈએ છીએ. કાયદા વિભાગના માણસને બોલાવીને તેમાં પણ આપણું ભારણ વધતું હોય છે. નાણાં

વિભાગ હોય તેણે એવી કામગીરી કરવી જોઈએ કે જેના કારણે આ નાણાં વિભાગ એ ગુજરાત રાજયનો મહત્ત્વનો ભાગ છે. નાણાવિભાગની કામગીરી છે એ એવી છે કે આજની સ્થિતિએ ગુજરાતમાં જેમ જેમ સમય આવશે, મારા મિત્રો કહેતા હતા કે આવનારા સમયમાં કદાચ એક લાખ કરોડ કરતાં વધારે દેવું થવાનું છે. ગુજરાતમાં માણસ જન્મે એ આજે ૧૬,૦૦૦ના દેવા સાથે જન્મે. આવનારા સમયમાં ૨૦,૦૦૦ના દેવા સાથે જન્મશે. આજે આ નાણા વિભાગ અને રાજય સરકાર કરી રહી છે.

તિજોરી અને હિસાબના વહીવટમાં છેલ્લા ૩ વર્ષમાં ખર્ચમાં વધારો થયો છે. આજે તિજોરી અને હિસાબ નિયામકમાં ૨૯ લાખનો, પગાર હિસાબમાં ૩૬ લાખ, તિજોરીના કર્મચારીઓમાં ૧ કરોડ ૮૦ લાખ, સ્થાનિક ઑડિટમાં રૂ.૨,૯૫,૦૦,૦૦૦/-. મારે આ સરકારને કહેવું છે કે આ ખર્ચમાં વધારો થાય છે પણ ૩૧ તાલુકા જે માનનીય મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાએ આપ્યા હતા અને ૭ નવા જિલ્લા આપ્યા હતા, એમાં આજે આ રાજય સરકાર જ્યારે કેટલાય વર્ષોથી જે પેટા કચેરીઓ આવે છે ખોલતી નથી અને ૭ નવા સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરીઓ આજે ચાલુ કરતી નથી એવી સ્થિતિ છે. એક બાજુ ખર્ચમાં વધારો થાય અને બીજી બાજુ જે કામ થવું જોઈએ એ થતું નથી. ગુજરાતની અંદર જ્યારે વેટ આવ્યો, વેટ ૧૫૦ દેશમાં છે. વેટની વ્યાખ્યા એવી છે કે, વેટ આવે તો તમામ પ્રકારના ટેક્સ એકત્ર થાય તો જ વેટ ગણાય. ગુજરાત સરકારમાં મેં અનેકવાર કહ્યું છે અને માનનીય નાણા મંત્રીશ્રીએ હકારાત્મક વચન ચોક્કસ આપ્યું છે પણ એ વાત પૂરી કરતા નથી. મારે એ કહેવું છે કે, આજે ૧૧૦૦ કરોડથી વધારે આવકો થઈ છે અને ૨૦૦૦ના ચૂંટણી ઢંઢેરામાં વાત કરી હતી, કૅબિનૅટમાં નિર્ણય લીધો છે. અમે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓનો ઑક્ટ્રૉય નાબૂદ કરીશું આજે ફરી યાદ કરાવું છું. આજે આ સરકારને ૨૦૦૦થી ૨૫૦૦ કરોડ રૂપિયાની આવક વધી હોય તો શા માટે મહાનગરપાલિકાઓની ઓક્ટ્રોય નાબૂદ નથી કરતા? જે વેટનો મીનિંગ છે એ સમજાતો નથી એવી સ્થિતિ છે. આજે હું નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જે પાંચ વર્ષ પહેલાં બોલેલા એના વિશે જાહેરાત કરો.

માનનીય અધ્યક્ષશ્રી, વેટની અંદર ઘણી બધી ફરિયાદો આજે છે. આજે ગુજરાતમાં જે વેપારીઓ શાંતિથી ધંધો કરતા હતા અને વેટ આવશે તો એના કારણે ગુજરાતના વેપારીઓ સુખી થશે, બીજા રાજયોની હરોળમાં ઊભા રહી શકીશું, કેન્દ્રની સાથે તાલ મિલાવી શકીશું, આજે આ સ્થિતિ જતી રહી છે. વેટના કારણે ૧૦૦ કરતાં વધારે કાયદાઓમાં સુધારા કર્યા તો પણ આજે વેટ ઉપર કંટ્રોલ કરી શક્યા નથી એવી સ્થિતિ થઈ છે. વેપારીઓની દિન-પ્રતિદિન મુશ્કેલીઓ વધતી જાય છે. વેપારી મહામંડળની મુશ્કેલીઓ વધી રહી છે. અનેક પ્રકારની મુશ્કેલીઓ વધી છે. વેટના કારણે આજે વેપારીઓ પોતાની પેઢીઓ બંધ કરવા માંડ્યા છે. આજે પણ વેટના કારણે શું પરિસ્થિતિ થઈ છે એના હું હમણાં આંકડા આપું છું. વેટના કારણે વેપારીઓ ઓછા થઈ રહ્યા છે. ઈ-પત્રક રજૂ કરવામાં અનેક મુશ્કેલીઓ છે. આયાત-નિકાસ બન્નેમાં વેટ રાખવાની કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી નથી. ફ્રી ટ્રેડ ઝોન હોય, એસ.ઈ.ઝેડ હોય એના માટે કેટલાય સમયથી લોકો રજૂઆત કરે છે. પણ એકપણ રજૂઆત માનવામાં આવતી નથી. વેટમાં બીજા રાજયોની હરોળમાં ઘણો ફરક છે. રાજસ્થાન અને તામિલનાડુના વેટમાં ઘ ણો ફરક છે. આ સરકાર એનું સમતોલન નહીં કરવાના કારણે આજે વેપારીઓ તકલીફમાં આવે છે. કલમ-૮૦ નીચે મન ફાવે એવા ચુકાદાઓ જાહેર કરવામાં આવે છે. આજે જોખમી ઑડિટ પદ્ધતિના કારણે વેપારીઓ હેરાન થાય છે. જયપુરની સરખામણી બાબતે અહીં મારા મિત્રો કહેતા હતા કે, અમારી સરકારે ડિઝલમાં ભાવ ઓછો કર્યો. પણ અમે કહીએ છીએ કે ડિઝલમાં વેટ પ્રમાણે ભાવ ઓછો કરવામાં આવે તો ઘણો ફાયદો થાય. જયપુરની સરખામણીએ અમદાવાદને ડિઝલ સસ્તુ મળે. તામિલનાડુની અંદર આજે પણ જે ગેસ વપરાય છે એ ટેક્સ વગરનો છે. ગુજરાતમાં પણ ગેસ ટેક્સ વગરનો કરવો જોઈએ અને ખાસ કરીને રિફંડ બાબતમાં મારે એટલું કહેવું છે કે, રિફંડની જે પદ્ધતિ છે એમાં ફેરફાર કરવો જોઈએ. એ ભલે ૯૦ દિવસની હોય, વજુભાઈ સાહેબ જાણે છે. વેપારીઓના દિલની સ્થિતિ કેવી છે એ પૂછો. રિફંડની પ્રથાનો તરત જ અમલ કરવો જોઈએ અને સરકાર એના માટે જાગૃત નહીં હોવાના કારણે આજે સ્થિતિ એવી થઈ છે કે, વેટના રિફંડ નહીં મળવાના કારણે આજે સરકારને ૮૦૦ કરોડ રૂપિયા સ્પેશિયલ કેસમાં ફાળવવા પડ્યા, એક જી.આર. કરવો પડ્યો કે અમે ૭૫ ટકા પૈસા તાત્કાલિક આપી દઈશું અને સરકારે ખરેખર જે અધિકારીઓ કામ કરી રહ્યા છે એમને સ્પષ્ટપણે જોવું જોઈએ, નિયમ મુજબ કામ કરવું જોઈએ. ૯૦ દિવસમાં પૈસા પાછા આપવાના હોય છે પરંતુ આજે ૯-૯ મહિના થયા છતાં પણ વેપારીઓને પૈસા પાછા અપાતા નથી. ૯ મહિને સરકાર ઊંઘમાંથી જાગી અને પરિપત્ર કર્યો એ પણ અધૂરો કર્યો. ૭૫ ટકા આપવામાં આવશે અને બાકીના ૨૫ ટકા ક્યારે આપવામાં આવશે એની પણ જોગવાઈ કરવામાં આવી નથી. આજે વેપારીઓ પરેશાન થઈ ગયા છે. સરકારની જે આવક દેખાય છે એ વેટ ખરેખર આ લોકોને જો સંપૂર્ણ રીફંડ મળી જાય, તો ચોકકસ સરકારની એ પ્રમાણે આવક દેખાય. વેચાણવેરામાં ગુજરાતનો આઠમો નંબર છે. આવકમાં ગોવા નાનું રાજય છે છતાં એની માથાદીઠ આવક છે એ ૪૪૫૧ છે. દિલ્હીમાં ૩૬૬૨ છે, બધા આકડા આપુ પણ ગુજરાતમાં આ આવક ૧૫૫૯ છે, ગુજરાતની આપણે વાતો કરીએ વાઈબ્રંટ ગુજરાતની ગમે તેટલી વાતો કરીએ પણ ટેકસની દૃષ્ટિએ ગુજરાતનો આઠમો ક્રમ છે અને આવકનો જે અંદાજ છે એની પણ ગુજરાતમાં શું સ્થિતિ છે? આજે મહારાષ્ટ્રમાં ૨૦૦૪-૦૫માં ૧૬૯૮૦ કરોડ રુપિયા હતા, આપણા ૨૦૦૪-૦૫માં ૨ કરોડ રુપિયા હતા એ પ્રમાણે આવકની સ્થિતિમાં પણ આપણે બહુ પાછળ રહ્યા છીએ. વેટને કારણે

આજે સ્થિતિ વેપારીઓની એવી હતી, કે ૨૦૦૨ અને ૨૦૦૬-૦૭માં ૯હજાર વેપારીઓ આજે ઓછા થયા છે. સેંન્ટ્રલ વેચાણવેરાની અંદર પણ ઓછામાં ઓછા ૯હજાર વેપારીઓ ઓછા થયા છે. આ દરેક ક્ષેત્રે જયારે વેપારીઓ ઓછા થતા હોય અને સરકારની કેટલીએ તકલીફ હોય ત્યારે ખરેખર વાઈબ્રંટ ગુજરાતના નામે વેપારીઓની સંખ્યા વધવી જોઈએ એની જગ્યાએ આજે ઘટે છે. બીજી મહત્ત્વની વાત એ છે કે એક બાજુ વાણિજય કમિશ્નર કચેરીનો ખર્ચ છે એની અંદર વધારો થાય, ૨૦૦૬-૦૭ની અંદર ૭ કરોડ ૪૫ લાખ રુપિયા હતો એનો આજે વધીને ૮ કરોડ ૨૫ લાખ એટલે ૮૦ લાખ રુપિયા વધારો થયો પણ આ લોકોનો જે વહીવટ છે એ કયા પ્રકારનો છે? જે વસૂલાત કરવી જોઈએ આજે પણ આ સરકાર એ વસૂલાત કરતી નથી એટલા મોટા મોટા ઉદ્યોગપતિઓ છે એના એટલા બધા પૈસા બાકી છે કહેવું જોઈએ કે સરકાર વાતો કરવામાં નંબર વન અને વસૂલાત કરવામાં નંબર ૧૦ એવી સ્થિતિ આજે છે. આઈ.ઓ.સી.ના ૩૦૮ કરોડ રુપિયા છે, બી.પી.એલ.ના ૧૬૭ કરોડ રુપિયા છે, એસ.આર સ્ટીલના ૧૨૨૫ કરોડ રુપિયા છે. એની અંદર હાઈકોર્ટના ઑર્ડર થયો છે. ટ્રીબ્યુનલમાં ગયા હોય, મહીને પૈસા ભરવાના થતા હોય પણ સરકાર જો આવા પૈસા રાખવાની હોય તો એની અંદર ઘણા બધા પૈસા આવી શકે. રીલાયન્સના ૧૧૧ કરોડ રુપિયા છે. બીજા જે એકસપેન્સીસ છે એના ૬૫૫ કરોડ રુપિયા છે, ઓ.એન.જી.સી. સુરતના ૨૨૧ કરોડ રુપિયા છે પણ એની વસૂલાત જે આવવી જોઈએ એ છેલ્લા ૧ વર્ષમાં ૧૧૭૬ કરોડની વસૂલાતની વાત કરી છે પણ ૮૦ ટકા અપીલોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ખરેખર જે વાસ્તવિક વસૂલાત થવી જોઈએ એ આ સરકાર કરતી નથી. એના કારણે આજે ૧૦ હજાર કરોડથી વધારે બાકી હોય ત્યારે આપણને ખરેખર દુ:ખ થાય, આપણે કરોડો રુપિયા સેલટેકસના નામે લોકોને આજે આપીએ છીએ. રીલાયન્સ ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ છે એને આપણે જે પૈસા આપ્યા અને ૧૫૨ કરોડ રુપિયા આજ દીન સુધી આવ્યા છે. ૨ ટકા પ્રમાણે જે આપવામાં આવ્યા હતા એ ૨૫૦ કરોડથી વધારે થાત. કદાચ એના ૨ ટકા ગોકુલ ગ્રામ યોજનાની અંદર વપરાય અને સમયસર જો પૈસા આવે તો ચોકકસ આપણે કરી શકીએ. ચેકપોસ્ટોની જે પરિસ્થિતિ છે, આજે ચોકપોસ્ટમાં વેટના નામે અધિકારીઓ ૪૦૨ અને ૪૦૩ના નામે ખરેખર વેપારીઓની જબરજસ્ત લૂંટ કરે છે. એટલા બધા લોકો હેરાન થાય છે ત્યાં આગળ એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે ફોર્મના નામે કેટલાય લોકો હેરાન થાય છે છતાં ચેકપોસ્ટની આવક ઘટી છે. આજે અમીરગઢ ચેકપોસ્ટ છે એના ૬૪ કરોડ રુપિયા ઘટ્યા, શામળાજીમાં પૈસા ઘટ્યા છે. ડીસા ચેકપોસ્ટમાં ઘટયા છે અને થરાદ અને ભીલોડા ચેકપોસ્ટમાં આ તમામ ચેકપોસ્ટોમાં આજે આંકડા ઘટયા છે. અને ઘણી વખત વજુભાઈ સાહેબ, આમ તો મને બહુ માન છે. ઘણી વખત છાતી કાઢીને એમ કહેતા હોય છે કે આ દેવુ અમારે એટલા માટે કરવું પડતું હોય છે કે આ જે સરકાર છે એ કેન્દ્ર સરકારને ફરજિયાત નાની બચતની અંદર પૈસા આપે છે. કોઈપણ કેન્દ્ર સરકારે આવો કોઈ જી.આર. નથી બનાવ્યો કે તમારે ફરજીયાત પૈસા લેવા, હું ગુજરાત સરકારને એમ કહુ છું કે તમારે ખરેખર જો તમારા પૈસા ન લેવા હોય તો તમે જો કેન્દ્ર સરકારને લખીને આપો તો કોઈ કેન્દ્ર સરકાર તમને પૈસા આપવા માટે જબરજસ્તી કરતી નથી. આજની જે સ્થિતિ છે એ આઠ હજાર કે નવ હજારથી વધારે દેવાના ડુંગર વધતા હોય ત્યારે ગુજરાતને નંબર-વનની આપણે વાત કરીએ કદાચ એકવાર એવું બનશે કે એક વખત હિન્દુસ્તાનના તમામ રાજયોમાં ગુજરાત દેવાદાર તરીકે નંબર-વન થશે એવું મને લાગી રહ્યું છે માટે આ જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું સંમત થઈ શકતો નથી.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક: ૧૫,૧૬,૧૭ અને ૧૮ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપું છું કે આ ગુજરાતની પાંચ કરોડની જનતાને સરખા ભાગે કોઈપણ જાતના ભેદભાવ વગર, કોઈપણ જાતના તૃષ્ટીકરણ વગર એમણે નાણાની ફાળવણી કરી છે. એટલા માટે હું એમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. નાણા વિભાગ એ રાજ્યમાં સરકારની કરોડરજ્જુ છે. રાજ્યનો ખર્ચ વિવેકભર્યો અને પ્રજાલક્ષી થાય એની તકેદારી નાણા વિભાગ રાખતું હોય છે. ઈસવીસન પૂર્વે ચોથી સદીમાં ભગવાન કૌટિલ્યે અર્થશાસ્ત્રનું પુસ્તક લખ્યું છે. એમાં સ્પષ્ટ નિર્દેશ કર્યો છે કે પ્રજાના નાણા વેડફાય નહિ અને કરવેરાનો ઉપયોગ પ્રજાના સુખ અને સગવડ માટે થાય. રાજ્ય કેમ સુખી, સમૃદ્ધ, અખંડ અને અવિભાજ્ય રહે એની ચિંતા કરવી જોઈએ. મને ગૌરવ છે કે એ સમયે લખાયેલા ભગવાન કૌટિલ્યના નિર્દેશો પ્રમાણે અત્યારે ભારતીય જનતા પક્ષ સરકાર ચલાવી રહ્યો છે અને એ બદલ હું અભિનંદન પાઠવું છું. નાણા વિભાગ સાથે દરેક વિભાગોએ પરામર્શ કરવો પડે છે. વિધિવત ફાળવણી થઈ છે કે નહિ, નિયમ અનુસાર ફાળવણી થઈ છે કે નહિ એનો કન્ટ્રોલ નાણા વિભાગ કરતું હોય છે. ફાયનાન્સિયલ ડીસિપ્લિન જાળવવામાં નાણા વિભાગનો ખૂબ મોટો ફાળો હોય છે. પહેલા બૂમો પડતી હતી કે વર્ષના અંતે ફાળવણી કરવામાં આવે છે એના કારણે ઘણી બધી નવી બાબતો રહી જાય છે. મને એ વાતનો આનંદ થાય છે કે વર્ષના અંતે નહિ પણ દર ત્રણ-ત્રણ મહિને ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જેનાથી કામોને ગતિ મળવાની ખૂબ મોટી તકો ઊભી થશે. ઈન્ડિયા ટુડેનો સરવે આવ્યો એમાં ગુજરાતમાં રોકાણની તકો એ સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકે ગણવામાં આવી. આખા દેશમાં ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકે આલેખવામાં આવ્યું. વિકાસના પાયામાં નાણા વિભાગનું સૌથી વધારે યોગદાન હોય છે. હમણાં વાઈબ્રન્ટ ગુજરાતનું અધિવેશન થયું એમાં સૌથી વધુ મૂડીરોકાણ થયું એ એક

ઐતિહાસિક ઘટના બની. ૬ લાખ ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ. કદાચ એમને કલ્પના પણ નહિ થઈ હોય. એની વધુ ચર્ચામાં નહિ જઉં કારણ કે આ ગૃહમાં ઘણીવાર એની ચર્ચાઓ થઈ ગઈ છે. પરંતુ રતન ટાટા જેવા ઉદ્યોગપતિ જ્યારે કહે કે ગુજરાતમાં મૂડીરોકાણ નહિ કરનાર મૂરખ છે. આ એક ગુજરાતની પ્રગતિને વર્ણવી જાય છે, આ વાક્ય ગુજરાતની પ્રગતિને વર્ણવે છે. આ વાક્ય સાંભળીને જ રશિયાની અનેક કંપનીઓ અને અમેરિકાની વિવિધ કૉમર્સ કંપનીઓ ગુજરાતમાં આવવા માટે આતુર બની ગઈ. U.S. India Business Alliance, Mainhutton India Investment Round Table, U.S. Political Action Committee સરકારના સંપર્કમાં છે અને મને જણાવતા આનંદ થાય છે કે I.T.I. વૈશ્વિક કંપનીએ વડોદરાને સિલૅક્ટ કરી લીધું છે. જેનું ટર્ન ઓવર સાડા સાત અબજ ડોલરનું છે આવી કંપની ગુજરાતમાં આવી રહી છે. આ વખતે ગુજરાતની નાણાકીય વ્યવસ્થા આ રાજ્યને આર્થિક સદ્ધરતા તરફ લઈ જશે. ૧૯૬૧ થી લઈને ૪૧ વર્ષમાં માત્ર ૫૫ હજાર કરોડ વિકાસ માટે વપરાયા હતા, જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં ૪૭ હજાર કરોડ વપરાયા છે. આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાનું કદ એમને કલ્પના નહિ થાય એટલું મોટું એક લાખ કરોડનું કરવામાં આવ્યું છે. કરની આવકમાં કેટલી વૃદ્ધિ થઈ છે એના આંકડા હું રજૂ કરું છું. ૧૯૯૫-૯૬માં ૫૩૨૩ કરોડ હતા એ ૨૦૦૬માં વધીને ૧૫૬૯૮ કરોડ થયા અને આ વખતે ૨૦૦૭-૦૮માં ૨૦૯૮૯ કરોડ થવાનો અંદાજ છે. આ પૈકી વેચાણવેરા એટલે કે સેલ્સ ટેક્સની આવક વર્ષ ૨૦૦૫-૦૬માં ૩૫૯૩ કરોડ હતી તે ૨૦૦૬-૦૭માં ૧૩ હજાર કરોડ થઈ અને આ વર્ષે ૨૦૦૭-૦૮માં ૧૫૦૮૦ કરોડ થવાનો અંદાજ છે. મહેસૂલી આવકની વાત કરીએ તો ૨૦૦૫-૦૬માં ૮૫૪૪ કરોડ હતી એ ૨૦૦૭-૦૮ માં ૩૨૯૬૪ કરોડ થવાનો અંદાજ છે. આ સતત વધારો મહેસૂલી આવકમાં થઈ રહ્યો છે જ્યારે ખર્ચમાં નગણ્ય વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચ ઘટીને પુરાંતની દિશા તરફ આ ગુજરાત સરકાર જઈ રહી છે. ૨૦૦૭-૦૮માં ૧૬૫૧ કરોડની પુરાંત અને સતત ત્રણ વર્ષ સુધી પુરાંત આ એક ઐતિહાસિક ઘટના ગુજરાતમાં માનનીય નાણામંત્રીશ્રીએ કરી બતાવી છે. સરકારની આ અભૂતપૂર્વ સિદ્ધિ આ આખો trend reverse થઈ ગયો. પહેલા ખાદ્ય હતી એ હવે પુરાંતની દિશામાં ગુજરાત સરકાર આગળ વધી છે. રાજ્યમાં વિકાસલક્ષી ખર્ચમાં સતત વધારો ૨૦૦૨-૦૩માં ૧૫,૬૦૦કરોડ હતું એ વધતા વધતા ૨૦૦૩-૦૪માં ૧૬,૦૦૦કરોડ, ૨૦૦૫-૦૬માં ૨૧,૦૦૦કરોડ, ૨૦૦૬-૦૭માં ૨૫,૪૦૭કરોડ એ સુધારેલા અંદાજ પ્રમાણે અને આ વર્ષે ૨૦૦૭-૦૮માં ૨૫,૫૦૮કરોડ વિકાસલક્ષી ખર્ચમાં મૂકવામાં આવ્યાં છે આના ઉપરથી ગુજરાતની દિશા આપણને ખબર પડે છે. આ વિકાસલક્ષી ખર્ચમાં સામાજિક સેવામાં ચર્ચા કરીએ તો સામાજિક સેવામાં પણ આ વર્ષે આ પૈકી ૪૦ ટકા ફાળવવામાં આવ્યાં છે. આ સામાજિક સેવાઓમાં શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો, શહેરી વિકાસ, સામાજિક સુરક્ષા વગરે પાછળનો ખર્ચ થવાનો છે. આ સામાજિક સેવા ૨૦૦૨-૦૩માં ૭૫૦૦કરોડ ફાળવણી હતી. ૨૦૦૩-૦૪માં ૮૦૦૦કરોડ, ૨૦૦૬-૦૭માં ૧૩,૦૦૦ કરોડની ફાળવણી હતી. ૨૦૦૭-૦૮માં ૧૩,૨૧૯કરોડની ફાળવણીની જોગવાઈ કરવામાં આવી છે. આ વિકાસલક્ષી ખર્ચમાં તો સતત વધારો થયો જ છે. પરંતુ બિનવિકાસલક્ષી ખર્ચમાં સતત નિયંત્રણ કરવામાં આવ્યું છે અને ઘટાડો કરવામાં આવ્યો છે. બિનવિકાસલક્ષી ખર્ચમાં ૨૦૦૨-૦૩માં ૨૬,૪૮૦કરોડ હતા જે સતત ઘટતાં ઘટતાં ૨૩,૦૦૦ કરોડ એ પછી ૧૯,૦૦૦કરોડ, ૨૦૦૫-૦૬માં ૧૨,૬૫૩કરોડ, ૨૦૦૬-૦૭માં ૧૩,૨૭૬કરોડ, ૨૦૦૭-૦૮માં ૧૭,૧૪૪કરોડ આમ બિનવિકાસલક્ષી ખર્ચમાં સતત ઘટાડો કરવામાં આવ્યો છે. દેવાની રકમ પરત કરવા માટેનું પણ સુનિયોજીત આયોજન કરવામાં આવ્યું છે. Deficit Fundમાં ૨૪૩૨ કરોડ Guarantee Reduction Fundમાં ૧,૨૭૦કરોડનું રોકાણ કરી આ રાજ્ય સરકારે ભવિષ્ય માટે સુનિયોજીત આયોજન કર્યું છે. એ પેટે ૮૮૦કરોડ અને ૩૦૦કરોડની અનુક્રમે ફાળવણી કરી છે. ભારત સરકારની ઉચ્ચા દરના વ્યાજ ૯,૬૪૪કરોડની હતી એ Debt Swept યોજના હેઠળ પરત ચૂકવવા માટે સરકારી દર જે ૧૨ ટકા હતો એનાથી ઘટીને ૯.૩૩ ટકાનો વ્યાજ દર કર્યો છે, જેથી વ્યાજમાં પણ બચત થવાની સંભાવના છે. છેલ્લા ૩ વર્ષમાં ક્યારેય ઓવરડ્રાફ્ટ લેવો પડ્યો નથી. ઓવરડ્રાફટ લેવો ના પડ્યો એનો અર્થ શું છે? એ ગુજરાતની સદ્ધરતાનો નક્કર પુરાવો છે. કરકસરયુકત પગલાના કારણે આર્થિક સદ્ધરતા આવી છે. કામગીરીને અસર ના થાય અને બિનઆયોજીત ખર્ચ નિયંત્રણમાં રહે એ માટે વર્ગ-૩, ૪ના પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગારથી ભરવાની નીતિ અપનાવી છે અને એમાં ફિકસ પગારથી ૨૭,૦૩૫ જેટલી જગ્યાઓ ભરી દેવામાં આવી છે અને આ વર્ષે પણ ૧૫,૨૫૫ જગ્યાઓને મંજૂરી આપવામાં આવી છે. વાહનો અને પેટ્રોલ એના રિપેરિંગ પાછળના ખર્ચ ઘટાડવા માટે નવા વાહનો ખરીદવાના બદલે ભાડેથી વાહનો રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. બોર્ડ/નિગમના ફાજલ કર્મચારીઓને ડેપ્યુટેશન ઉપર મૂકીને ૨,૪૯૬ કર્મચારીઓને ડેપ્યુટેશન ઉપર મૂકવામાં આવ્યાં છે. ખર્ચ ઘટાડવા માટે કરકસરની નીતિને અનુરૂપ પાછળ ઈ-ગવર્નસની નીતિને આધારે Integrated Workflow and Documentation Management Systemના આધારે ખર્ચ ઘટાડવાની જોગવાઈ કરવામાં આવી છે. Gujarat Fiscal Responsibility અધિનિયમ આપણે ૨૦૦૫માં લાવ્યા હતા એ હેઠળ તમામ લક્ષ્યાંકો પહેલા હાંસલ કરનારી આ ગુજરાત સરકાર પહેલી છે. દા.ત. એક ઉદાહરણ આપું. ૩૧મી માર્ચ ૨૦૦૮ પહેલા આવકનો ૭૩ ટકા ખર્ચ નવા કામ માટે વપરાવા ના દેવાની જે વાત કરે છે તો હું કહેવા માગુ છું કે દેવું એ આ નાની બચતના રોકાણને કારણે છે. ૪૩૦૦૦કરોડ રૂપિયા એ નાની બચતમાં રોકાણો ના

કારણે છે જેમાં એ રોકાણકારોને ૬.૫ ટકા અને ૮ ટકા જ આપવામાં આવે છે. જ્યારે કેન્દ્ર સરકારને આપણે ૧૦ થી ૧૨ ટકા ચૂકવવા પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા સામે બેઠેલા સૌને કહેવા માગુ છું કે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરીને નફો લીધા વગર આપણી પાસેથી જે પણ લેવામાં આવે છે અને રોકાણકારોને આપવામાં આવે છે એટલું જ જો વ્યાજ રાજ્ય સરકાર તરફથી લેવામાં આવે તો લગભગ ૮૦૦ થી ૧૨૦૦કરોડ ગુજરાત સરકારના બચી શકે એમ છે. કરવેરામાં રાહતો કેટલી આપી છે, વીજકરમાં રાહતો, સ્ટૅમ્પ ડ્યૂટીમાં રાહત, મનોરંજન કરમાં રાહત, સુખસુવિધા કરવામાં રાહતો, આમ ગુજરાત સરકાર કેન્દ્રની નીતિના ધોરણે...

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ..

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી નંબર ૧૫,૧૬,૧૭ અને ૧૮ લાવ્યા છે એના ઉપર હું મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનું કોર સૅકટર એટલે નાણા વિભાગ અને હાલના નાણા મંત્રીશ્રી તો બાર-બાર બજૅટ રજૂ કરી ચૂક્યા છે અને માનનીય સૌરભભાઈ એ પણ વચ્ચે બૅટિંગ કરી ગયા છે, અમારે તો માત્ર ટેઈલ એન્ડર જેવો ભાગ આવેલો પણ એ વખતમાં પણ અમે કોઈ ઓવર ડ્રાફ્ટ લેવો નહતો પડેલો. ઓવર ડ્રાફ્ટ એ કોઈ દુષણ નથી. ઓવર ડ્રાફ્ટ એ થોડાક દિવસ પૂરતો, જ્યારે તમારે રૂપિયા-નાણાની ઘટ પડે એટલે ટેમ્પરરી આ વસ્તુ હોય છે. કરજ જે છે એ તો ચોવીસો કલાક એનું વ્યાજ ચઢ્યા કરે, એના કાંટા કયારેય અટકતા નથી અને એટલા માટે વારંવાર નાણા મંત્રીશ્રી એમ કહ્યા કરે કે, આ કરજ જે છે એ નાની બચતના કારણે લેવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, નાની બચતમાં રાજયની અંદરના ટેક્સ પ્લાનીંગ માટે રોકાણ વધુ થાય છે એના માટે થઈને રાજયમાં આ નાની બચતનું રોકાણ એકત્રિત થાય છે. અગાઉના વર્ષોમાં આપણે એને પ્રોત્સાહક ઇનામો આપવા પડતા હતા. રાજય સરકાર અને કેન્દ્ર સરકારને જે તાલુકો કે જિલ્લો કે ગામ એમાં રોકાણ કરે એને દસ ટકા રકમ એને વિકાસના કામોમાં આપતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના એન.ડી.એ.ના શાસન વખતે યુનિટ ટ્રસ્ટ જે ફેઈલ ગયું અને એના કારણે નાની બચતમાં રોકાણ કરવામાં આવ્યું. યુનિટ ટ્રસ્ટમાં આ દેશના કરોડો રૂપિયા એ રોકાણકારોના ગયા છે જેમણે ટેક્સ પ્લાનીંગ માટે રોકેલા અને એટલા માટે થઈ અને કિસાન વિકાસ પત્ર કે નાની બચતમાં આ પૈસા રોકવા પડે છે પણ આ પૈસા જાય છે કયાં, એનો હિસાબ તો આપીએ ? માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું કરજ વધતું જતું હોય અને એ વખતે આપણે જે વસૂલાત કરવાની હોય અને ખમતીધર ઉદ્યોગપતિઓ પાસેથી વસૂલાત કરવાની હોય, કમ સે કમ એ જેણે રાજયને કરજ ચૂકવવાનું હોય અને એમાં અખાડા કરતા હોય એને આપણે માન તો ન આપીએ, આપણી બાજુમાં તો ન બેસાડીએ, પરંતું આ રાજય સરકાર કરોડપતિઓને જ પોતાની પડખે લે છે. રાજયની સામાન્ય પ્રજાનો વિચાર નથી કરતી અને અમને જે લિસ્ટ આપવામાં આવ્યું છે સેલ્સ ટેક્સ વિગેરેની બાકીના, તો એમાં લગભગ દસ હજાર કરોડ રૂપિયાનું જે લિસ્ટ બાકીનું આપ્યું એમાંથી હજાર કરોડથી કરી, પાંચ કરોડ સુધીની જે નામાવલી આવે છે એમાં લગભગ મોટા ઉદ્યોગપતિઓ આવી જાય છે. કોઈ ટૅક્નીકલ કારણોસર એમણે નામદાર હાઈકોર્ટ કે ટ્રિબ્યુનલનો સ્ટે મળ્યો હોય પણ એ ટ્રિબ્યુનલના સ્ટેમાં પણ નિયમ પ્રમાણે એણે અપીલમાં જવું હોય તો જે રકમ ભરવી પડે એ રકમ તો ભરાવો. વર્ષો સુધી એ ટ્રિબ્યુનલમાં બાબત પડી રહે અને આપણે વ્યાજ રાજય સરકારને ભરવું પડે, એમની પાસેથી કાંઈ લઈ શકાય નહીં એવી પરિસ્થિતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, વેલ્યુ એડેડ ટેક્સ આવવાના કારણે રાજયોની આવકો વધી છે અને વધવાની હતી એ ખબર હતી તે છતાં માત્ર ભા.જ.પ.ના રાજયો અને ઉત્તરપ્રદેશે વેટના પહેલા વર્ષમાં આવવાનું પસંદ ન કર્યુ. આપણે આવ્યા હોત તો શું થાય? એનું માત્ર પાડોશી રાજય મહારાષ્ટ્રે ૨૦૦૫-૦૬ના વર્ષમાં એ વેટમાં આવ્યું એના કારણે એમને ૩૭૦૦ કરોડ રૂપિયાની આવક ઓછી થવાનું કોમ્પોન્સેશનનો કેન્દ્ર સરકાર પાસે દાવો કર્યો અને ૨૪૦૦ કરોડ રૂપિયા તો એમને મળી પણ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ પૅટ્રોલિયમ પ્રોડકટ્સમાં જો રાજયના ટેક્સો ઘટાડીએ તો લોકોને થોડીક રાહતો થાય પણ ભા.જ.પ.ના રાજયોએ એનું અનુકરણ ન કર્યુ અને આ રાજયોમાં પણ પૅટ્રોલિયમ પ્રોડકટ્સ ઉપર કોઈ ટેક્સ ઘ ટાડવામાં આવ્યો નહીં, અન્ય રાજયોમાં કોંગ્રેસ શાસિત રાજયોએ ટેક્સ ઘટાડીને પ્રજાને રાહતો આપી. ટેક્સમાં રાહતો આપવાથી કેન્દ્ર સરકાર જ્યાં સુધી વેલ્યુ એડેડ ટેક્સ માટેની એ સો ટકા, પંચોતેર ટકા, પચાસ ટકા ક્રમબદ્ધ જ્યારે રાહતો આપવાની ત્યારે આપણે માત્ર એક એવો ભ્રમ ઊભો કરીએ છીએ કે, વેલ્યુ એડેડ ટેક્સ આવવાના કારણે રાજયોની આવકો વધી હતી, એ વધવાની હતી તેમ છતાં પહેલા વર્ષે દાખલ ન કર્યું અને અત્યારે જે વેલ્યુ એડેડ ટેકસની આવક વધી છે એનાથી ભ્રમમાં ન આવીએ રાજયમાં પ્રોડકશનમાં ઉદ્યોગો આવ્યા છે એને કારણે ૨૦૦૦ની સાલ પછી કોઈપણ પ્રકારની રાહત આપવા માટે આ દેશની અંદર બધા રાજયોને મનાઈ ફરમાવી છે. નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલે ઠરાવ કર્યો હતો કે ૨૦૦૦ પછી કોઈને ટેકસની રાહત આપવી નહીં અને નાણામંત્રી કહે છે કે તમારા વખતમાં આ રાહત આપવામાં આવેલી તો ૯૦-૯૫ની પૉલિસી જયારે બનાવેલી ત્યારે આ સન્માનનીય ગૃહમાં સુરેશ મહેતા ઉદ્યોગ મંત્રી હતા અને ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલની સરકાર હતી. આ પૉલિસી રાજયમાં આવી હતી. ૯૦-૯૫, ૨૦૦૦-૨૦૦૫ની આ ત્રણે વખત ભા.જ.પા.માં સુરેશભાઈ મહેતા નાણાખાતા કે ઉદ્યોગ ખાતામાં હતા. હું એનો વિરોધ નથી કરતો. રાજયની પરંપરા છે. પૉલિસી થઈ હોય એનું પાલન કરીએ છીએ. અગાઉના વર્ષમાં આ પાલન કરવામાં આવેલું છે પણ ઉદ્યોગપતિઓ એમને બે ટકા જે

રિફંડ કે માફી મળતી હોય એમાં બે ટકા રાજયના ગ્રામીણ વિકાસમાં ભરવાના હોય છે એ બધા ભરે છે ખરા? મેં સવાલ પૂછયો કચ્છમાં આટલા ઉદ્યોગો આવેલા છે ૧૮૫માંથી માત્ર ૬ ઉદ્યોગોએ જ બે ટકા ભરેલા છે તો બાકીના ઉદ્યોગોને માફીની સગવડ આપવામાં આવી છે? જયારે ટેકસની આવક વધારવાની હોય ત્યારે માત્ર વેલ્યુ એડેડ ટેકસને કારણે આવક વધી છે એના પ્રમાણમાં ખર્ચ કેટલો વધ્યો છે. હમણાં જ કહ્યું માયાબહેન તો અર્થશાસ્ત્રના ડોકટર હોય એવું અભ્યાસપૂર્ણ પ્રવચન આપતા હતા પણ ૪૫૦૦૦-૪૭૦૦૦ કરોડની આપણે પંચવર્ષીય યોજના પૂરી કરી. આવતા દિવસમાં એકલાખ કરોડની કરવાની છે ત્યારે ટેકસની આવક કેટલી વધારવી પડશે એ તો નાણામંત્રીશ્રી ચિંતિત હશે કારણકે એમના ભાગે વધારવાની આવે કે અહીંથી આવે પણ આ રાજયની આવક વધારવાની છે.

વેટ ઉપર કેટલાક સૂચનો કરવા માગું છું કે વર્ક કોન્ટ્રેકસના નિયમના જે ગુજરાતના મુલ્યવર્ધિત કાયદાની કલમ મુજબ કોન્ટ્રાકટરને કામ સુપરત કરનાર દ્વારા ચૂકવવામાં આવતી રકમમાંથી બે ટકા કાપી લેવામાં આવે છે. એ ટેકસેબલ ન હોય તો એને સર્ટિફિકેટ આપવાની પણ જોગવાઈ હતી. જુના સેલટેકસના કાયદાની અંદર જોગવાઈ હતી પરંતુ વેટના કાયદામાં એ જોગવાઈ રાખવામાં આવી નથી એને કારણે કોન્ટ્રાકટરોની રકમનું એસેસમેન્ટ થાય ત્યારે ચૂકવાય એને કારણે ખૂબ લાંબા સમય સુધી રકમ રહે છે. ટેકસ ઘટાડવાથી આવક વધે છે એ દ્રષ્ટાંત ધ્યાનમાં રાખીએ પરંતુ સાથેસાથે દા.ત. રાજયના બંદર ઉપર જે માલ આવતો હોય અને ત્યાંથી પસાર થતો હોય એના ઉપર ફોર્મ-૪૦૧ કે ૪૦૨ લઈને એક જગ્યાએ જ ફોર્મ આપવાનું. કચ્છની અંદર લાકડું ખૂબ ઈમ્પોર્ટ થાય છે. ૩૦૦૦કરોડનું લાકડું આવે છે. ૩૦૦૦કરોડના લાકડાની સામે વેટની આવક કેટલી છે? ૧૨ટકા વેટ છે અને કોઈ જગ્યાએ ચાર ટકા છે એને કારણે બ્રાન્ચ ટ્રાન્સફર કે કન્સાઈન્મેન્ટથી મોટાભાગનો માલ વહેરવામાં આવે કચ્છની ધરતી ઉપર અને સો મીલ્સની અંદર અને હાઈસીસના નામે સેલ થાય. આ જે કચાશ આપણા એકટમાં રાખવામાં આવી છે એના લુફોલ્સ છે એને કારણે ગુજરાતમાં ટેકસ ભરાતો નથી અને જયારે લાકડાની સો મિલ્સના લાઈસન્સ ૧૯૯૭માં આપેલા ત્યારે એમની પાસેથી કબુલાત લીધી હતી કે તમે બ્રાન્ચ ટ્રાન્સફર કે કન્સાઈન્મેન્ટથી માલ ન મોકલો. રાજયનો ટેકસ કે સી ફોર્મ ભરીને મોકલજો એનું પાલન થતું નથી. રાજયના નાણા મંત્રી વેટ કમિટીમાં એક સરખા વેટના દર રાખવા માટે ભલામણ કરે આ દેશની અંદર એકસરખા ટેકસનો દર રાખવામાં આવેલ છે. ગુજરાત કરતા જો બીજે કયાંય ઓછો હોય તો સમાંતર ટેકસ રાખવો જોઈએ. નહીંતર ગુજરાતે એની બરાબરી કરી દેવી જોઈએ. ટેકસની ચોરી કરનારને મોકળું મેદાન ન મળે એની કાળજી રાખવી જોઈએ. ટેકસ ઓછો કરાય એનો અમે વિરોધ કરતા નથી લાંબાગાળે ટેકસ ઓછો કરાય તો આવક વધતી હોય છે. આપણે અલંગમાં ટેકસ ઓછો કર્યો તો આવક વધી છે એના સિવાય પણ એકસાઈઝમાં મુદત વધી નથી પરંતુ રાજય સરકારને ૨૦૦૭ સુધીની સેલટેકસની માફી અનુસાર સર્ટિફિકેટ આપવાના છે કેટલાક ઉદ્યોગો ૨૦૦૫ સુધી શરૂ થઈ શકયા નથી. પાઈપલાઈનના ઉદ્યોગો શરૂ થતા જાય છે પરંતુ એને રાજયની ટેકસ માફીથી સર્ટિફિકેટ આપવામાં આવતું નથી. આને કારણે ખૂબ મુશ્કેલી છે. ખાસ કરીને કચ્છની અંદર એકસાઈઝ માફીની મુદત વધારવામાં આવેલ નથી. મુદત વધારવાનો પ્રયત્ન અમે અને રાજય સરકારે કર્યો હતો.
પરંતુ ત્યાં સુધી રાજ્યની અંદર આવેલ પાઈપલાઈનનો ઉદ્યોગ છે, એને આ સવલત આપવામાં આવે, રાજ્ય સરકારના નાણા ખાતા તરફથી જરૂરી સર્ટિફિકેટ આપવામાં આવે તેવી વાત કરવાની છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે નાણા મંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭, ૧૮ લઈને આવ્યા છે, એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આજે જેમણે દેશ માટે શહીદી વ્હોરી હતી, તેવા આદરણીય અને વીર ભગતસિંહનો શહીદ દિન છે, ત્યારે એમને શ્રદ્ધાંજલિ આપું છું. આ એક એવા મહાન સપૂત હતા કે જ્યારે મુસ્લીમ લિંગ આ દેશને તોડવાનું કામ કરતી હતી, વીર ભગતસિંહે દેશને જોડવાનું અને આઝાદી મેળવવા માટે શહીદી આપી હતી, એમનો શહીદ દિન છે, ત્યારે અંત:કરણથી ફરીથી શ્રદ્ધાંજંલિ અર્પુ છું.

આજે જ્યારે આપણે સ્વાભાવિક જાણીએ છીએ કે કદાચ આપણે અહીંયા વાત કરીએ, પણ કેન્દ્ર સરકારે શીખ અસરગ્રસ્તના આધારે એક પૅકેજ જાહેર કર્યુ છે. મારે આપશ્રીની મારફત કહેવું છે કે ગુજરાતની લાગણી અને માગણી છે કે ૧૯૯૪ પછીના તમામ અસરગ્રસ્તોને લાભ કેમ નહિ આપ્યો? અક્ષરધામમાં જે લોકો અસરગ્રસ્ત બન્યા તેમને લાભ કેમ નહિ? મારા મિત્રો કોંગ્રેસવાળા બીજી વાતો કરતા હોય છે, ત્યારે એમને એટલો ખ્યાલ હોવો જોઈએ કે તમારી કયા પ્રકારની નીતિ છે? આદરણીય નરેન્દ્રભાઈ મોદી અને નાણામંત્રીશ્રી જ્યારે ૧૧૦૦૦ કરોડનું સાગર ખેડુ પૅકેજ લઈને આવ્યા હતા, તે કોઈ જ્ઞાતિના આધારે ન હતું, જે સાગરખેડૂ હતા, તે બધા લોકોને ન્યાય આપવાનો છે. જ્યારે કેન્દ્રની વિરોધી નીતિ છે એ વખોડવા જેવી છે એમ કહું તો ઓછું નથી. મારા કોંગ્રેસના મિત્રોને કહું કે આવતા દિવસોમાં આપની નીતિમાં સુધારો કરો, તો જ ગુજરાતની પ્રજા મદદ કરશે, નહિ તો માફ નહિ કરે. આપણે એ જાણીએ છીએ કે આ ધર્મ આધારિત નીતિ નહિ, પણ સમાન આધારિત નીતિ હોય એ પણ જોવું જોઈએ. માત્ર એકલી વાત નહિ, તૃષ્ટીકરણની વાત નહિ, પણ સામાન્ય માણસને ખરેખર મદદ થાય એ વિચારવું જોઈએ તો જ ખરા અર્થમાં આપણે સામાન્ય માણસની ચિંતા કરવા માટે ગૃહમાં બેઠા છીએ, ત્યારે ચિંતા કરવી જોઈએ એમ કહું તો ખોટું નથી. ભારતનો વિકાસ દર ૮ ટકા છે, જ્યારે

ગુજરાતનો વિકાસદર ૧૦ ટકા છે. એ જ બતાવે છે કે ગુજરાત કઈ રીતે પ્રગતિ કરી રહ્યું છે. આદરણીય અધ્યક્ષ મહોદય, ભારતમાં ગરીબીનો દર ૨૩ ટકા છે, જ્યારે ગુજરાતમાં આ ગરીબીનો દર ૧૨ ટકા છે. એ સ્વાભાવિક વિચારવા જેવું છે. નાણાની વાતો કરતા હતા. કોંગ્રેસવાળાએ વિચાર્યુ હોત તો આ પરિસ્થિતિ ન હોત એમ કહું તો ઓછું નથી. વ્યાજના દરમાં ઘટાડો થયો છે. તા. ૩૧-૩-૨૦૦૦ માં ૧૨ ટકા વ્યાજ હતું. ૩૧-૩-૨૦૦૩ માં ૧૧ ટકા થયું. ૩૧-૩-૨૦૦૪ માં ૧૦ ટકા થયું. ૩૧-૩-૨૦૦૫ માં ૯ ટકા થયું. ૩૧-૩-૨૦૦૬ માં ૯.૩૩ ટકા થયું. જે લોન લીધી હતી, તેમાં ઘટાડો થયો. એના ઉપરની આવક સ્વાભાવિક વધારે થઈ છે. એ જ બતાવે છે કે આ સરકારની કરકસર નીતિ અને સરકાર કંઈ નીતિ ઉપર આગળ વધે છે. કેન્દ્રનું દેવું હતું એમાં ઘટાડો કર્યો, તો જ આ પરિસ્થિતિ કરી શકીએ. (સમય સૂચક ઘંટડી ) રાજ્યના જિલ્લાના અધિકારીઓને જ્યારે ગાંધીનગર સચિવાલયનાં કામ માટે જ્યારે ગાડી લઈને કામ માટે આવવું પડતું હતું, ત્યારે ગાડી, ડ્રાઈવર અને ડીઝલનો ખર્ચ થતો હતો, પણ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની અને નાણા મંત્રીશ્રીની નીતિને કારણે વીડિયો કોન્ફરન્સિંગના લીધે અધિકારીઓ ત્યાં બેઠા બેઠા તેમનો પ્રશ્ન રજૂ કરી શકે છે, તે જ બતાવે છે કે આ સરકાર કઈ રીતે વહીવટ કરે છે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં ૮૭ હજાર કરોડનું દેવું ન હોત તો સમર્થન કરત, પણ આ માગણીઓને સમર્થન આપી શકતો નથી.

માનનીય નાણા મંત્રીશ્રીએ બારમી વખત અંદાજપત્ર રજૂ કર્યુ છે અને આજે માગણીઓની ચર્ચાનો પણ બારમો દિવસ છે. હવે તે કોનું બારમું કરશે તે નક્કી નથી. આ રાજયમાં સાત લાખ કર્મચારીઓ, અધિકારીઓ સરકાર અને પ્રજાની જોડતી કડી ગુજરાતના વિકાસમાં અગ્રેસર ભાગ ભજવી રહી છે. મારે સાહેબ પગાર વિસંગતતા સમિતિનો અહેવાલ છે તેના વિશે વાત કરવી છે. ૧૯૯૭-૯૮માં માનનીય શંકરસિંહજી વાઘેલાની સરકારે પાંચમા પગાર પંચનો અહેવાલ કેન્દ્ર સરકારે રજૂ કરેલો તેનો અમલ કરીને પાંચ લાખ કર્મચારીઓના આશિર્વાદ મેળવ્યા હતા. તેમાં કર્મચારીઓના પગાર ભથ્થામાં થોડીઘણી વિસંગતતાઓ રહી ગઈ છે. તેના માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૧-૪-૯૯ એટલે કે આઠ વર્ષ પહેલાંની વાત કરું છું. ત્યારે વિસંગતતા સમિતિની રચના થઈ હતી. આ સમિતિએ તેનો અહેવાલ ૧૫-૫-૨૦૦૦ના રોજ રજૂ કર્યો છે. કાલના તારાંકિત પ્રશ્નના જવાબમાં માનનીય નાણામંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. ૨૦૦૦ની સાલમાં વિસંગતતા સમિતિએ અહેવાલ રજૂ કર્યો છે. ત્યારે ૮-૩-૨૦૦૬ના રોજ આ સરકારે કહ્યું કે અમે સૈદ્ધાંતિક સ્વીકાર કરીએ છીએ. જેમ બધાને ફોસલાવે છે તેમ કહે છે કે અમે તેનો સૈદ્ધાંતિક સ્વીકાર કરીએ છીએ. પાંચ લાખ, સાત લાખ કર્મચારીઓની વિસંગતતા સમિતિનો અહેવાલ આવ્યા પછી ફક્ત દસ વર્ષ પછી આઠ કરોડનો બોજો વધે તેમ છે. તમે ૮૭ હજાર કરોડના દેવામાંથી આઠ કરોડ ખર્ચી શકો તેમ નથી. જે લોકો ગુજરાતના વિકાસમાં અગ્રેસર ફાળો ભજવે છે તેમની ચિંતા આ સરકાર કરતી નથી. હું આપના દ્વારા આ વાત તેમના ધ્યાન પર મૂકું છું. ધારાસભ્યશ્રી માયાબેન કહેતા હતા વિકાસલક્ષી ખર્ચ અને બિનવિકાસલક્ષી ખર્ચ. ગુજરાત રાજયની રચના થયા પછી જેટલા બજૅટ રજૂ થયા તેમાં વિકાસલક્ષી ખર્ચ ૭૦ ટકા અને બિનવિકાસલક્ષી ખર્ચ ૩૦ ટકાથી વિશેષ કયારેય વધ્યો નથી. આ પહેલી વખત આ રાજયમાં વિકાસલક્ષી ખર્ચ ૬૦ ટકા અને બિનવિકાસલક્ષી ખર્ચ ૪૦ ટકા થયો છે. ઈતિહાસમાં પ્રથમ વખત થયું છે. નાણામંત્રીશ્રી ચોક્કસ આની ચિંતા કરતા હશે. સરકારની જે કઈ નીતિઓ હોય તેના કારણે આ થઈ શકયું નથી.

કેન્દ્ર સરકારની ફરજિયાત લોન લેવી પડે છે. કેન્દ્ર સરકારની લોન લેવી પડે છે તેમ બોલે છે. જેમ જર્મનીના એક માહિતી પ્રસારણ મંત્રી કહયે રાખતા કે હિટલર બહું સારું કામ કરે છે. તેમ ખોટા પ્રચારો કરવામાં આવે છે. તે મિનિસ્ટરનું નામ હું ભૂલી ગયો. તે બિનસંસદીય છે તે હું બોલતો નથી. પણ ૮૭ હજાર કરોડનુ દેવું રાજય સરકારે કર્યુ છે. ૮૭ હજાર કરોડનું દેવું કરીને પ્રજાકીય સેવાના કામો કર્યા હોત તો અને હૉસ્પિટલોમાં દર્દીઓની સારવાર માટે ફી ન લીધી હોત કે એસ.ટી. બસ લાવ્યા હોત તો વાંધો ન હતો. પણ ઉત્સવો, નવરાત્રિ, પતંગ મહોત્સવની પાછળ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે અને પેલો દારૂડિયો દેવું કરીને દારૂ પીવે તેમ આ સરકારે પ્રજાની કોઈ ચિંતા કરી નથી. વિકાસની કોઈ વાત કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્સ ટેકસ અને વેટની વાત થઈ રહી છે. વેટ આવ્યો અને તેનો અમલ સારો થયો છે. આવકમાં ડબલ વધારો થયો છે. ૩૩ ટકા વધારો થયો છે. મારે કહેવું છે અને મને દુ:ખ છે કે મુખ્યમંત્રીશ્રીએ અગાઉના બજૅટમાં જાહેરાત કરેલી કે હવે પછી ગુજરાતના ગામડાઓમાંથી પાંચ ગરીબ ગામડાઓને દત્તક લઈ તેનો વિકાસ કરવામાં આવશે. પણ આ પાંચ ગામો દત્તક લેવાનું ચૂકી ગયા છે અને પાંચ ઉદ્યોગપતિઓને દત્તક લીધા છે. પાંચ ઉદ્યોગપતિઓ પાસેથી ૨૫૦૦ કરોડ રૂપિયા સેલ્સ ટેકસની વસૂલાતના બાકી છે. ૧૦૦-૧૦૦ કરતાં વધારે કરોડ રૂપિયા બાકી હોય તેવા ૧૧૦ એકમો છે.

સરકાર વસૂલાત કરી શકતી નથી અને જો ખેડૂતના દશ હજાર બાકી હોય, વીજબીલના પાંચ હજાર બાકી હોય તો ખેડૂતની સામે પોલીસ કેસ કરવામાં આવે અને હાથકડી પહેરાવવામાં આવે છે અને સેલ્સટેક્સના

ઉદ્યોગપતિઓને છાવરવામાં આવે છે આ કઈ નીતિ આ સરકાર કરી રહી છે એ મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ સરકારને પૂછવું છે.

એક લર્નેડ ધારાસભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા કહેતા હતા કે આ સરકારે ભ્રષ્ટાચારના છીંડા બંધ કરી દીધા છે. ભાઈ, ભય- ભૂખ અને ભ્રષ્ટાચાર દૂર કરતી આ સરકારે ભ્રષ્ટાચારના છીંડા બંધ કરી દીધા છે, સાચી વાત છે, છીંડાં બંધ કર્યા છે પણ મોટા મોટા કરોડોના દરવાજાઓ બનાવ્યા છે અને આ દરવાજાઓ કયા મંત્રીશ્રીના ત્યાં ખૂલે છે એ આપણને બધાને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્સટેક્સમાં માફી આપવામાં આવે, સેલ્સટેક્સથી લેણી રકમ ગ્રામ વિકાસ માટે સામાજિક ટ્રસ્ટ બનાવીને એમાં એ આપવામાં આવે પણ મારે એક ઉદ્યોગપતિની, ઈન્ડસ્ટ્રીના ગ્રામ વિકાસની વાત કરવી છે. ૨૦૦ કરોડ રૂપિયા, ગ્રામ વિકાસ ટ્રસ્ટ બનાવ્યું, એક ઉદ્યોગે ગામડાના વિકાસ માટે, અને સારી સારી વાતો કરી ૨૦૦ કરોડ રૂપિયા ટેક્સમાં લઈ પણ લીધા, એમાંથી પાંચ-દશ કરોડ રૂપિયા પણ આ ગામડાના વિકાસ માટે આ ટ્રસ્ટીએ વાપર્યા નથી. ( સમયસૂચક ઘંટડી), તો આ બાબતે માનનીય નાણા મંત્રીશ્રી ચિંતા કરે એ હું આપના દ્વારા કહેવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની નાણાકીય પરિસ્થિતિ અને નાણાકીય વહીવટ વિશે માનનીય ધારાસભ્યશ્રીઓએ ઘણી બધી વાતો કરી, વિપક્ષના સભ્યશ્રીઓએ ઘણી બધી ટીકા કરી પણ મારે થોડુક ધ્યાન દોરવું છે કે સારો વહીવટ કોને કહેવાય અને સારી પરિસ્થિતિ કોને કહેવાય? એ વિશે થોડી માહિતી આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને યાદ હશે કે ૨૦૦૫માં Fiscal Responsibility Act પસાર કરવામાં આવ્યો હતો અને ૧-૫-૦૫થી આ એક્ટ દ્વારા રાજય સરકારને ટારગેટ આપવામાં આવ્યા હતા કે તમારે આટલી કામગીરી આટલા વર્ષોમાં કરવાની એવા સ્પેશિફિક ટારગેટ લઈને આપ્યો હતો અને એમાં કયા - કયા વિષયો હતા, એક હતી મહેસૂલી ખાદ્ય, બીજો હતો દેવુ, ત્રીજો હતો ગેરેન્ટીઝ, ચોથો હતો fiscal disciplie, પાંચમો હતો ઓવરડ્રાફ્ટ, છઠ્ઠો હતો એ ways and means હતો અને કેન્દ્ર સરકારે એમ કહ્યું કે, અગર તમે આ જે આઈટેમો છે એ આઈટેમોની અંદર સુધારા કરશો તો કેન્દ્ર તમને ઈન્સેન્ટીવ આપશે. આ પ્રમાણે આખો Fiscal Responsibility Act આપણે કર્યો અને દેશની અંદર ઘણા રાજયોએ કર્યો, કર્ણાટકે, કેરાલાએ, તામિલનાડુએ, પંજાબે, ઉત્તરપ્રદેશે, આ બધાય રાજયોની પોતાની વિધાનસભામાં આ એક્ટ પસાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આનંદ અને ગૌરવ સાથે આ વિધાનસભાના સભ્યશ્રીઓને કહેવું છે કે, જો સારામાં સારી પ્રગતિ આ મુદ્દા ઉપર જો કોઈએ કરી હોય તો ગુજરાત સરકારે કરી છે અને ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીને કેન્દ્ર સરકાર દ્વારા આ બાબતમાં અભિનંદન આપવામાં આવ્યા છે, હું આપને એકેએક વિષય ઉપર કહીશ. જે revenue deficit ની વાત કરતા હતા એનો ટારગેટ આપણને આપ્યો હતો જીરો લાવવાનો, ૨૦૦૭-૨૦૦૮ સુધીમાં એ જીરો લાવવાનો હતો, પણ આપણે એક વર્ષ વહેલા છીએ અને આજે ગુજરાત આજે રેવન્યુ સરપ્લસ સ્ટેટ કહી શકાય, એ ૨૦૦૬-૦૭ની અંદર લાવ્યા છીએ, આપ પાછળના વર્ષના બજૅટમાં પણ જૂઓ, તો ૧૬૦૦-૧૮૦૦ કરોડ રૂપિયાની રેવન્યુ સરપ્લસ બતાવી છે એટલે રેવન્યુ સરપ્લસ આટલા ટૂંકાગાળામાં કોઈ રાજય લાવ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, fiscal deficit ની વાત થાય તો fiscal deficit આપણે ટોટલ જે S.D.P. છે એના ત્રણ ટકાની અંદર કન્ટ્રોલ કરવામાં આપણને લિમિટ આપી હતી, આપણને કહ્યું હતું કે, ૨૦૦૮-૦૯ સુધીની અંદર તમારે ત્રણ ટકા નીચે લાવવું, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૨૦૦૪માં ૫.૪૪ હતો એ ઘટાડી ઘ ટાડીને ૨૦૦૬-૦૭ની અંદર આપણે ૨.૫૧ લાવ્યા એટલે ત્રણ ટકાની નીચે, એટલે શું થયું, આપણે બે વર્ષ એડવાન્સ લાવ્યા, બે વર્ષ એડવાન્સ, આ કોઈ રાજયએ કર્યુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું એ દેવાની વાત છે, એ દેવાની અંદર નક્કી કરવામાં આવ્યું કે ભાઈ, ટોટલ દેવું એ તમે ઘટાડી ઘટાડીને ઓછું કરવાનું રહેશે અને તે G.S.D.P. ના ૩૦ ટકાથી ઓછા થાય. એટલે એ પ્રમાણે આખા Outstanding Debt નક્કી કર્યુ. હું debt નું કેવી રીતે થયું તે વિષય પર પછી આવીશ પણ હું ખાલી આંકડા જ કહું છું કે આપણે એ ટારગેટ કરવાના હતા તેમાંથી વહેલાં કરી આજે ૨૯.૮૪ લઈને આવ્યા છીએ. એટલે ૩૦ ટકા કરતાં આપણે આજે ૨૯.૮૪ આવી ગયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચોથો વિષય ગેરેન્ટીઝનો હતો. ગેરેન્ટીઝ લિમિટ આપણે ૧૬ હજાર કરોડ સુધી કરવાની હતી. આજે આપણે ૧૪ હજાર કરોડ સુધી કરીને લાવ્યા છીએ. વિધાનસભાએ સરકારને ૨૦ હજારની મંજૂરી આપી છે. વિધાનસભાએ ૨૦ હજાર કરોડની મંજૂરી આપી છે સરકારને, પણ આપણે આપણી જાતે ટાર્ગેટ બનાવીને ૧૪ હજાર કરોડ સુધી લાવી આપ્યું છે. આ મુદ્દા ઉપરાંત જે ઓવર ડ્રાફ્ટ હતો ૨૦૦૨-૨૦૦૩માં આપણે ૪૭ દિવસ ઓવર ડ્રાફ્ટ રહ્યા અને ૨૦૩ દિવસ ways and means રહ્યા. આપણે આ વર્ષે અને છેલ્લા બે વર્ષથી ways and means એકેય દિવસ થતો નથી. અને સારું શું થયું, કેંદ્ર ખુશ થઈ ગયું અને કેંદ્રે

રાજય સરકારને કહ્યું લઈ જાવ ઈન્સેન્ટીવ અને ૨૦૦૫-૨૦૦૬માં ૩૧૫ કરોડ debt waiver રાજય સરકારને આપી. જો સારું ફરફોમન્સ ન હોત તો આ કેંદ્રની સરકાર બેઠી છે એ એક રૂપિયો પણ છોડે એવી નથી. એમણે ૩૧૫ કરોડ રૂપિયા છોડ્યા અને આવતા વર્ષે ૨૦૦૬-૨૦૦૭ના સારા પરિણામને કારણે આપણને ૪૦૨ કરોડ મળશે. એટલે આ Fiscal Responsibility Act જે આપણી સરકારનું બેલેન્સ શીટ છે એને કારણે આપણે સારી પ્રગતિ કરી છે, અને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, આ નાણા વિભાગને જવાબદારી તમે લોકોએ એકટ દ્વારા સોંપી હતી એ સંપૂર્ણપણે નિભાવી છે. માનનીય બળવંતસિંહે દેવાની વાત કરીને કહ્યું ત્યારે કહું છું કે, કોઈ પણ અજાણી વ્યકિતને એમ કહેવામાં આવે કે તમારા મા-બાપ તમને ફરજિયાત દેવું કરવાનું કહે છે તો કોઈ સ્વીકારે નહીં. અનેક રજૂઆતો કરી, પત્રો લખ્યા પછી જ્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં ગયા ત્યારે પ્રધાન મંત્રીશ્રીની હાજરીમાં આ મીટિંગ લેવામાં આવી અને એ વખતે બધા રાજયોની સરકારો અને મુખ્ય મંત્રીશ્રીએ ખાસ ભારપૂર્વક કહ્યું કે જે દેવું ફરજિયાત છે એ દેવું ફરજિયાત ન હોવું જોઈએ. તમે એમ કહો છો કે તમારી પરિસ્થિતિ સુધારો અને બીજી તરફ તમે દેવું વધારવાની વાત કરો છો એ યોગ્ય નથી. માનનીય મુખ્ય મંત્રીશ્રીના કહેવાથી અને બીજા રાજયોએ એમને ટેકો આપવાના કારણે આદરણીય પ્રધાન મંત્રીશ્રી મનમહોનસિંગે એક કમિટીની રચના કરી, એમાં યુનિયન ફાઈનાન્સ મિનિસ્ટરને ચેરમેન રાખ્યા અને ડેપ્યુટી ચેરમેન પ્લાનિંગ કમિશનર, મેમ્બર આર.બી.આઈ.ના બધા જ સભ્યશ્રીઓ અને રાજયના નાણા મંત્રીશ્રીઓની એક કમિટી બનાવી અને એ કમિટીમાં રિલીફ રાજય સરકારે માગી એ ત્રણ માગી, Reduction in interest on High Cost Loans એટલે વ્યાજ ઓછું કરો. Reduction in the interest on the lending of amount and Resduction in the share in net collection, એ ત્રણ માગ્યું જે સો ટકા લેવું પડે છે એનું reduction કરી આપો આ ત્રણ માગણી કરી. નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલે રિપોર્ટ આપ્યો ડિસેમ્બર ૨૦૦૬માં. આ સબ કમિટીનો જે અહેવાલ આવ્યો અને સબ કમિટીએ જે નિર્ણય લીધો એમાં જ લખ્યું છે અને રેકમન્ડેશન કરી કમિટીએ " Miscellaneous collections will be shared between the States and Centre in the ratio of ૮૦ %: ૨૦%. હજુ ૮૦ ટકા રાજયોને માટે ફરજિયાત કર્યું છે ૨૦ ટકા જ મરજિયાત કર્યું છે. અત્યારે જેટલી સ્મોલ સેવિંગ્સની લોન આપે છે એ હજુ ૮૦ ટકા લેવી પડે છે. બીજો એમણે મુદ્દો કહ્યો હતો કે જે આપણે ભારપૂર્વક વિધાનસભામાં ગઈ સાલ પણ કહ્યું હતું કે રાજયના ૪૦ હજાર કરોડ નેશનલ સ્મોલ સેવિંગ્સમાં છે આખા દેશના કુલ મળીને ૫ લાખ કરોડ રૂપિયા હશે એમાં કેંદ્ર સરકાર એટલું બધું વ્યાજ લેતી હતી કે બે થી અઢી ટકાનો ગાળો રાખતી હતી એમાં આપણે એમને કહ્યું કે, તમે ગુજરાતની પ્રજાની પાસેથી જે રૂપિયા લો છો એ ગુજરાતની સરકારને આપો છો તો એક ટ્રસ્ટીનું કામ કરવું જોઈએ. આ તો કંઈ ધંધો ચલાવવાનું કામ ન કરવું જોઈએ, અને આ વાત અનેક વખત કહી કે ૧૫ હજાર કરોડ રૂપિયા દેશમાંથી લઈ જતા હતા એમાં ગુજરાતનો હિસ્સો ૧ હજાર કરોડ રૂપિયાનો હતો. આપણે અનેક વખત રજૂઆતો કરી એમાં સફળતા મળી કે ૨૦૦૦-૨૦૦૨ પહેલાના જેટલા પણ હશે એમાં હવે આવતા વર્ષથી ૧૦.૫ ટકા લેવામાં આવશે. ૧૩ ટકા લેતા હતા એ હવે ૧૦.૫ ટકા લેવામાં આવશે. આ પહેલી એપ્રિલથી આ બીજો નિર્ણય આપ્યો.

માનનીય અધ્યક્ષશ્રી ત્રીજો નિર્ણય આપણને આપ્યો એમાં એવું છે કે આપણે કહ્યું હતું કે, અમને બહારથી બોરોઈંગ કરવા દો, અમારું રાજય સધ્ધર છે અમને સસ્તા દરે મળશે તમારું મોંઘું પડે છે તો શું કહ્યું, કેસ ટુ કેસ અમે મંજૂરી આપીએ છીએ એટલે એમના રાજયો છે એને આપવાની અને આપણા જેવાને નહીં આવપાની. આ પાછલા બારણે કલોઝ મૂક્યો એટલે મારે માનનીય બળવંતસિંહને કહેવું છે અને આપને વિનંતી કરવી છે કે, આ ચર્ચા દેવાની ઘણી બધી થાય છે, રાજય સરકારે ઘણું બધું કહ્યું છે પણ જો આપ રજા આપો તો આ રિપોર્ટ હું હાઉસના ટેબલ ઉપર મૂકવા તૈયાર છું જેથી સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને ખબર પડે અને જે કાળા ચશ્મા પહેરીને જુએ છે એ ઉતરી જાય અને ખબર પડે કે માત્રને માત્ર કેંદ્રને કારણે આપણું દેવું વધતું જાય છે એ આ રિપોર્ટ સ્પષ્ટ બતાવે છે. માનનીય અધ્યક્ષશ્રી આના ઉપર આટલું દેવું આપ્યા પછી પણ અમે શાંતિથી બેઠા. રાજયના હિતમાં જે જૂના દેવા લીધા હતા એમાં ૯૬૬૦ કરોડ રૂપિયાના દેવા અમે સ્વેપ કર્યા જે વહેલું ચૂકવણું કર્યુ એ ૬૨૮ કરોડ, રિસ્ટ્રક્ચર કર્યુ ૩૯૦ કરોડ, એમ કરીને ૧૦૬૭૮ કરોડ રૂપિયાનું દેવું અમે રિસ્ટ્રક્ચર કર્યુ. આનો ફાયદો શું થયો કે જે વ્યાજના દર ૩૧ માર્ચ, ૨૦૦૨ એ આપણે ૧૨.૧૦ ચૂકવતા હતા એ ઘટીને ૩૧ માર્ચ, ૨૦૦૬એ ૯.૩૩ ટકા પર આવી ગયા. આટલો લાભ રાજય સરકારને એના કુશળ વહીવટને કારણે થયો છે અને રાજયને ફાયદો અપાવ્યો છે. એવી જ રીતે જે ડેબ્ટ સીકીંગ ફંડ માનનીય સભ્યશ્રી માયાબેને ઘણી બધી વાતો કરી એ વિષયની અંદર પણ આપણે એક મોટા પાયે રોકાણ કરીએ અને એ રોકાણ નોન પ્લાન એકસપેન્ડીચરમાં થાય છે એટલે નોન પ્લાન એકસપેન્ડીચરમાં રોકાણ કરીએ છીએ અને બીજી બાજુ એની સામે આપણને સિક્યોરિટી પણ મળતી હોય છે.

માનનીય સભ્યશ્રીઓએ વાત કરી કે આ પાંચ કંપનીઓની સરકાર છે. મારે ગૃહને થોડીક માહિતી આપવી છે જો કોઈ સરકારે ઈન્સેન્ટીવ ઉદ્યોગોને આપ્યા હોય તો એ માત્રને માત્ર કોંગ્રેસ વખતે અપાયા છે. ૧૯૮૦ થી ૧૯૮૫ માં અપાયા છે ત્યારે ભા.જ.પ.ની સરકાર નહોતી, ૫૦૪૯ યુનિટોને ઈન્સેન્ટીવ અપાયા અને કેટલા આપ્યા ૨૧૯૨ કરોડ ૧૯૮૬ થી ૧૯૯૦ માં ૬૧૪૮ યુનિટોને ૧૭૮૨ કરોડ આપ્યા અને તિજોરી તો ક્યારે ખોલી? રાજયની જો બરબાદી કરી હોય તો ૧૯૯૦ થી ૧૯૯૫ની અંદર ૪૧૬૦ યુનિટોને ૧૩૩૮૬ કરોડ આપ્યા. મારે ગૌરવ સાથે કહેવું પડે છે. ૧૩૩૮૬ કરોડ રૂપિયા.. મારે કહેવું છે. હું આ ૧૯૯૦-૯૫ ના વર્ષની વાત કરુ છું. આનંદ સાથે કહેવું છે કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવી ત્યારે કચ્છના ભૂકંપ સિવાય એક રૂપિયાનું ઈન્સેન્ટીવ આપ્યું નથી. એક રૂપિયાનું ઈન્સેન્ટીવ નથી આપ્યું અને એ ઈન્સેન્ટીવ જે અપાયા હોય એ એમના તરફથી આપવામાં આવ્યા છે. હમણાં જેમ કહ્યું કે તમે મોટા ઉદ્યોગો પાસેથી પૈસા ઉઘરાવતા નથી એમ કહ્યુંને સેલ્સટેકસમાં. મારે ખાલી એકજ દાખલો આપવો છે કે આ જે ઉદ્યોગોની ડિમાન્ડ રેઈઝ કયા ટાઇમમાં થઈ છે? એ આ લોકોએ નથી કરી, એ લોકોએ તો બધું જવા જ દીધું છે, જેટલુ થતું હતું તે જવા જ દીધું છે. ખાલી એકજ ઉદ્યોગની, એ ઉદ્યોગનું હું નામ નથી આપતો પણ એ ઉદ્યોગની સૌથી મોટી જે રકમ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એનો જે ઑર્ડર આપવામાં આવ્યો એ તારીખ ૧૬-૭-૨૦૦૫ એ આપવામાં આવ્યો અને એ કયા સમયનો આપવામાં આવ્યો? ૧૯૯૫ થી, અને જે ડિમાન્ડ કરી છે ૨૦૦૪ સુધીની એ જૂના વર્ષમાં જ્યારે કોંગ્રેસ રાજ કરતુ હતું એની ભૂલો શોધીને અમે તારીખ ૧૬-૭ એ એનો ઑર્ડર આપ્યો છે અને એ પણ કેટલો આપ્યો છે કે ૨૪૫ કરોડ અને ૧૧૩૮ કરોડ રૂપિયાનો. આ અમારી સરકારે આપ્યો છે. એ લોકોની સરકારે નથી આપ્યો. હવે આટલો મોટો આંકડો હોય તો નેચરલી ટેકનીકલ ઈસ્યુઝ ઊભાં થાય. તમારામાંથી હિંમત હતી તો એકને તો આપવો હતો? એકને પણ આપ્યો નથી અને મારે એ ઉદ્યોગનું નામ નથી આપવુ઼ં પણ સમય ઓછો હોવાના કારણે હું ૧૦ ટોપના લેતો આવ્યો છું અને આ દસે દસ ટોપના જોવા જઈએ તો ૯૦ ટકા આ રાજ્ય સરકારના સમયની અંદર એ લોકોને નોટિસ આપવામાં આવી છે. કોંગ્રેસના સમયમાં નહિ અને એ પણ જે નોટિસ આપવામાં આવી છે એ એ લોકોના કરેલા પાપને કારણે નોટિસ આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, વેટની વાત કરવામાં આવે છે અને કેન્દ્ર પૈસા આપે છે, કેન્દ્ર પૈસા આપે છે એ વિષય આખા હાઉસની અંદર છેલ્લાં એક મહિનાથી ચલાવવામાં આવે છે હું આપને કહુ કે આ રાજયની પ્રજા કેટલું કેન્દ્રને આપે છે ખબર છે? એ લોકોને ગુજરાતમાંથી (અંતરાય) સાંભળો તમને આમાંથી માહિતી મળશે.

ગુજરાતમાંથી ૨૦૦૫-૦૬ની અંદર ઈન્કમ ટેક્સ, કૉર્પોરેશન ટેક્સ, સર્વિસ ટેક્સ, સેન્ટ્રલ એકસાઈઝ જે ગુજરાતની પ્રજા કરે છે તેમાં ૩૬૧૭૯ કરોડ ગુજરાતની પ્રજાએ કેન્દ્રને આપ્યા છે અને આ દેશના ટોટલ હિસ્સામાંથી ૧૦.૧૫ ટકાનો ફાળો છે આપણે આખા સર્વાંગી દેશનો વિકાસ ઇચ્છીએ છીએ. આપણને એવું નથી કે આ વધારે આપે છે આ ઓછું આપે છે. આયોજન દ્વારા જે નક્કી કર્યુ છે તે આપણને ૩.૫૬ ટકા મળે છે. આપણને સ્વીકાર્ય છે કે આપણને જે આપે છે રૂપિયા તે આપણાં હક્કના પૈસા પાછાં આપે છે. આપણાં ઉપર ઉપકાર નથી કરતા અને જે પ્રમાણે વાતો કરે છે અમારા કેન્દ્રએ આપ્યા, અમારા કેન્દ્રએ આપ્યા એક નીતિ બદલી શક્યા હોય તો મને કહો. Either PMGRY હોય રાજીવ ગાંધીની હોય, એક નીતિ નથી બદલી શક્યા માનનીય સભ્યશ્રી. માનનીય અધ્યક્ષશ્રી, વેટ વિશે ચર્ચા કરવામાં આવી. મારે ગૌરવ સાથે કહેવું છે કે, કેન્દ્ર જ્યારે વેટ લાવ્યું ત્યારે કેન્દ્ર અને બીજી રાજયો ગભરાતી હતી કે અમારું ૧૦૦ ટકા બેઝ નહીં થાય. એટલે કેન્દ્રએ compensation પૉલિસી રાખી કે તમારે જે આગલી સાલ જે હોય તેના base પર તમારે નીચે ટેકસેસન આવે તો તમને ૧૦૦ ટકા compensation પહેલાં વર્ષે મળશે. વેટના કાયદાના અમલીકરણમાં અને સફળ અમલીકરણને કારણે રાજય સરકારે એક રૂપિયાનું compensation લીધું નથી અને આપણી ટોટલ રાજય સરકારની આવકમાં ૨૮ ટકાનો વધારો થયો છે. આપણે પડોશી રાજયની વાત કરું મહારાષ્ટ્રે પહેલાં વર્ષની અંદર ૨૩૭૪ કરોડ લીધાં તેના base કરતાં એટલે ૨૩૭૪ કરોડ પહેલાં વર્ષે લીધાં અને બીજા વર્ષે ૧૭૩ કરોડ ટોટલ ૩૬૯૦ કરોડ લીધાં. કેરાલાએ ૧૦૦૪ , કર્ણાટકે ૧૬૬૪, આંધ્ર પ્રદેશે ૪૦૪, વેસ્ટ બેંગાલે ૨૭૮ દરેક જણે કેન્દ્ર પાસેથી compensation લીધું. આપણે એક રૂપિયાનું લીધું નથી કારણકે આપણે ૨૮નો ગ્રોથ હતો અને આપણે ગૌરવ લેવું જોઈએ જે ગ્રોથનાં ટાર્ગેટની વાત કરીએ, સારા વહીવટની વાત કરું જ્યારે બજેટ બને ત્યારે બધા નાણામંત્રીશ્રી પણ જાણતાં હશે જ્યારે બજેટ બને તે વખતે દર મહિને એપ્રિલમાં રિલિઝ થાય, મેં મા રિલિઝ થાય, જૂનમાં રિલિઝ થાય. એમ દર મહિને રિલિઝ થતી હતી અને તેના કારણે પ્લાનમાં અને નોન પ્લાનમાં રિલિઝ થતા હતા. આ સરકારમાં સારી નાણાંકીય પરિસ્થિતિના કારણે આપણે ૩-૩ મહિના વહેલું રિલિઝ કર્યુ છે. ઓગસ્ટ અને સપ્ટેંબરનું ૧૨-૭એ કર્યુ છે. ઓકટોબર અને ડિસેમ્બરનું ૨૭-૯એ કર્યુ છે અને જાન્યુઆરીથી માર્ચનું ટોટલ ૧૦૬૯૩ કરોડ ૧૮-૧૨ કર્યુ છે. આ શું બતાવે છે ? આ બતાવે છે રાજયની સારી પરિસ્થિતિ. બીજું કહું. જે સપ્લીમેન્ટરી ડિમાન્ડ ગૃહે પસાર કરી ૩૩૦૦ કરોડની, એનું સંપુર્ણપણે પ્લાન અને નોન પ્લાન ૯/૩ અને ૧૬/૩ એ રીલીઝ થઈ ગઈ છે. આટલી ઝડપ કયાંય જોવા મળી છે? ઈતિહાસ જૂઓ, ઈતિહાસમાં જોવા નહીં

મળે. હજુ કહુ. આ પહેલી એપ્રિલે જેવું બજેટ પસાર થશે એવું તરત ત્રણ મહિનાની અંદર પ્લાન અને નોન પ્લાન બંને આપી દેવાના છીએ. એવી તૈયારી સાથે બેઠા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર આપણાથી ઘણી રાજી છે. કેન્દ્ર બહુ રાજી છે અને એટલે પ્લાનિંગ કમિશને ગ્રોથ રેટ કાયમ દેશ કરતાં આપણને વધારે આપ્યો છે. આવતા ૫ વર્ષનો ગુજરાતને ૧ ૧.૨ ટકા આપ્યો છે. આયોજન પંચે આપ્યો છે. મહારાષ્ટ્રને ૯.૧, પંજાબને ૫.૯, તામિલનાડુને ૮.૫, વેસ્ટ બેંગાલને ૯.૭ આપ્યો છે. આયોજન પંચ જાણે છે કે આવતા ૫ વર્ષ ભાજપ સરકારના છે, ગુજરાતની અંદર. એટલે આપણને ૧ ૧.૨ આપ્યો છે. તો જ એચીવ કરી શક્શે. એટલે સમજીને કોંગ્રેસ સરકારના.. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એક એક રૂપિયો નાણા મંત્રીશ્રી જે નાણા ફાળવે છે એ એક એક રૂપિયો સર્વાંગી વિકાસ માટે ૫ કરોડની જનતા માટે જાય છે. દુઃખ સાથે મારે કહેવું પડે છે કે મુખ્યમંત્રીશ્રી સાથે મારે નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની મિટિંગમાં જવુ પડયું, અને ત્યાં જે મનમોહનસિંઘ બોલ્યા એ હું સભ્યશ્રીઓને જાણ કરું છું. " We will have to advise incentive balanced to ensure that minorities particularly the muslim minority are empowered to share equitable to the fruits of development and they must have first claim on the resources. "માનનીય અધ્યક્ષશ્રી, આવો જો વિચાર કરતા હોય તો આપણે કયાં જઈશું? કયાં પહોંચીશું? દેશ કયાં જશે?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : અહીં ઉપસ્થિત નથી એના વિશે કેવી રીતે કોમેન્ટ કરી શકે?

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : દેશના પ્રધાનમંત્રીની સ્પીચ વાંચી છે. અને speech is public, આખો દેશ રાજય માટે વખાણ કરે છે. આખો દેશ વખાણ કરે છે આપણા રાજય માટે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અહીં મંત્રીશ્રી તો તેઓ શું બોલ્યા હતા તે બોલે છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : ટીકા નથી કરી. વખાણ કર્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આગળ ચાલો. તમને હવે કેટલી મિનિટ જોઈશે? (અંતરાય) સમય પૂરો થયો નથી. એમનો સમય બાકી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : દેશની અંદર ગુજરાતના વખાણ થાય છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના વખાણ થાય છે. આજે પૈસા કોણ રોકે? રાજય ઉપર ભરોસો હોય તે લોકો રોકે ને? ૬,૬૦,૦૦૦ કરોડ મોટા ઉદ્યોગપતિઓ એમને એમ રોકવાના નથી. રતન ટાટા કહે છે કે, "You are stupid, if you don't invest in Gujarat. " દુઃખ એ વાતનું છે કે તમે અન્ડરસ્ટેન્ડ કરી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરું છું. પણ એક શાયરી કહું છું. આમ તો હાઉસમાં કયારેય શાયરી કીધી નથી, પણ આવા સંજોગોમાં કહું છું.

**પાયજામા તો પહલેસે ફટા હુઆ થા, ટાંગ લગાનેકી કયા જરૂરત થી,**
**ધાવ તો પહલેસે હી ગહરા થા, નીમક છીડકનેકી કયા જરૂરત થી,**
**દેશ તો પહલેસે હી જલા હુઆ થા, ગોધરામેં ટ્રેન જલાનેકી કયા જરૂરત થી?**

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# ગિલોટીન થયેલી માગણીઓ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭-૦૮ ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૬ માગણીઓનો સમાવેશ થાય છે. આમાંથી ૪૯ માગણીઓ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ ગઈ છે, બાકીની ૫૭ પૈકી ૨ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની માગણી ક્રમાંક:૧, ૩, ૫, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૮, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૯, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ હું ગિલોટીન મતદાન માટે રજૂ કરૂં છું.

**માગણી ક્રમાંક:૧, ૩, ૫, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૮, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૯, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક:૧, ૩, ૫, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૮, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૯, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી:** હવે હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ મત માટે મૂકું છું.
**માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૩૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૮ મી માર્ચ, ૨૦૦૭ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૮મી માર્ચ,૨૦૦૭**
**ચૈત્ર ૭, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ભૂમિ સંરક્ષણના કામો માટે કરેલ ખર્ચ

***૨૩૦૩૭ શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા તાલુકામાં ભૂમિ સંરક્ષણના કયા કામો અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**કૃષિમંત્રીશ્રી :**

વડોદરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ખેડૂતો તરફથી ભૂમિ સંરક્ષણના કોઈ કામોની અરજીઓ આવેલ નથી જેથી કામો થયેલ નથી, ખર્ચ થયેલ નથી.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અરજી નથી આવી એ તો બરાબર છે. પણ વડોદરા તાલુકાના છીદ્રોડ, પદમલા, નંદેસરી, ફાજલપુર, શેરખી વગેરે ગામોમાં ભૂમિ સંરક્ષણની ખાસ જરૂરિયાત છે. તો આવી જગ્યાએ કામ કરવા માગો છો કે કેમ અને ક્યારે? બીજું એક સૂચન છે કે અરજીઓ નહીં આવવાનું બીજું એ કારણ હોય કે આની મુખ્ય ઑફિસ વડોદરામાં હોવી જોઈએ તેના બદલે છેક છોટા ઉદેપુરમાં છે. તેના કારણે કદાચ ગામના ખેડૂતોને ખબર ન હોય અને અરજીઓ ન આવી હોય તો આ ઑફિસ વડોદરા લાવવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વડોદરાના શેરખી, છીદ્રોડ, પદમલા, નંદેસરી અને ફાજલપુર ગામોમાં ભૂમિ સંરક્ષણની કામગીરી કરાવવા ઇચ્છે છે. આ આખો વિસ્તાર ઔદ્યોગિક વિસ્તાર છે. એટલા માટે તેની માગણી ઓછી આવે છે. તેના કારણે છેલ્લા બે વર્ષમાં આ બધા ગામોમાં થઈને એક પણ માગણી આવી નથી એટલે કામ થયું નથી. ભવિષ્યમાં જો આ બધા ગામોમાં માગણી આવશે તો સમયસર રીતે ચોક્કસ આ આખી કામગીરી કરવામાં આવશે. ભૂમિ સંરક્ષણની કામગીરી સારો પાક લેવામાં ખૂબ ઉપયોગી છે અને ખેડૂતો તેનો લાભ પણ ઉઠાવે છે. આ પાંચ ગામોમાં માનનીય ધારાસભ્યશ્રી અથવા તો અન્ય ખેડૂતો જો માગણી કરશે તો અમે ચોક્કસ તેની કામગીરી કરી આપીશું. બીજું, તેમણે જાતે જ કહ્યું છે કે સૂચન છે. એ વિચારણા કરીને જો ઑફિસ ફેર કરવાથી, ઑફિસની જગ્યા બદલવાથી જો કામગીરીમાં કોઈ ફેરફાર થાય એવી શક્યતા હશે તો અમે વિચારણા કરીશું.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારે જાણવું છે કે ભૂમિ સંરક્ષણની કઈ કઈ યોજના અમલમાં છે અને તેના માટેની સહાયના ધોરણો કયા કયા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ કન્ઝર્વેશન નામની આ યોજના છે. આ યોજના એસ.એલ.સી.-૧એ બિન આદિજાતિ વિસ્તારમાં વોટરશેડના ધોરણે ભૂમિ સંરક્ષણની વિવિધ કામગીરી કરવાની યોજના છે. બીજી છે સોઈલ કન્ઝર્વેશન-૨ તે અનુસૂચિત જાતિના ખેડૂતો માટેની યોજના છે. ત્રીજી છે એસ.એલ.સી.-૩, એ આદિજાતિ વિસ્તારમાં વોટરશેડના ધોરણે કરવાની ભૂમિ સંરક્ષણની યોજના છે અને ચોથી છે એસ.એલ.સી.-૪, એ સુરત, વલસાડ, ભરૂચ, પંચમહાલ વગેરે આદિજાતિ વિસ્તારના જિલ્લાઓમાં ડાંગરની ક્યારી બનાવવાની યોજના છે અને ધોરણો એસ.એલ.સી.-૧માં ૫૦ ટકા રાજય સરકારની સહાય, ૨૦ ટકા લોકફાળો અને ૩૦ ટકાની લોન. એસ.એલ.સી.-૨માં પણ ૫૦ ટકા રાજય સરકારની સહાય, ૫૦ ટકાની લોન. એસ.એલ.સી.-૩માં ૭૫ ટકા રાજય સરકારની સહાય છે અને ૨૫ ટકા લોન છે. એસ.એલ.સી.-૪માં ૭૫ ટકા રાજય સરકારની સહાય અને ૨૫ ટકા લોન છે.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા તાલુકામાં વેસ્ટ લૅન્ડનું પ્રમાણ સૌથી વિશેષ છે. તેમાં ખેડૂતોની પણ જમીન વેસ્ટ લૅન્ડમાં વધારે પ્રમાણમાં છે. તો આ વેસ્ટ લૅન્ડને આ ભૂમિ સંરક્ષણ હેઠળ આવરી લેવાનું સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મેં પહેલાં પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે માગણી આવશે તો તેના ઉપર ચોક્કસ વિચારણા કરવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વડોદરા જિલ્લામાં જે પછાત તાલુકાઓ છે તેમાં જે જમીન છે તે અનઈવન જમીન છે અને સરકાર એમ કહે છે કે કોઈ

અરજી નથી આવી તો સરકારે આના માટે કોઈ પ્રયત્નો કર્યા છે કે નહીં? આદિવાસીઓની જમીન સમતળ કરવા માટે કોઈ પ્રયત્નો કર્યા છે કે કેમ? તાલુકા લેવલે એના માટે કોઈ વ્યવસ્થા હોય છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની તમામ પ્રજાકીય સમાજ કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર એ તમામ પ્રચાર-પ્રસારના માધ્યમો દ્વારા કરવામાં આવે છે. આ યોજનાઓ અંગે પણ વારંવાર પ્રચાર કરવામાં આવે છે અને તાલુકા મથકે અને તાલુકા વિકાસ અધિકારી મારફતે આ જાણકારી આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

**કૃષિ રથ અન્વયે ખેડૂતોને આપેલ કિટસ**

***૨૨૨૨૪ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કૃષિ રથની ગત વર્ષોની યાત્રાઓ અન્વયે કચ્છ જિલ્લામાં ખેડૂતોને આપવામાં આવેલ કિટસ કે અન્ય વસ્તુઓનું પ્રમાણ પૂરતું ન હોવાની હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ખેડૂતો/ ખાતેદારોને આવક કિટસ/ વસ્તુઓ કે સાધનો પહોંચાડી શકાયા નથી, અને

(૩) કચ્છના ૧૦ તાલુકાઓના ખેડૂત/ખાતેદાર/કે નાના સીમાંત ખેડૂતોની સંખ્યાની સામે કેટલી વસ્તુઓ/ સાધનો કે કિટસ કૃષિ રથ યાત્રાઓ અન્વયે ક્યારે ક્યારે અપાયા?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) ના, જી.

(૨) નક્કી કરેલ ધારા ધોરણ મુજબ કિટસ આપવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કૃષિ અને પશુપાલન કિટસ વિતરણ  વર્ષ ૨૦૦૫-૦૬ તથા વર્ષ ૨૦૦૬-૦૭ કૃષિ મહોત્સવ દરમિયાન તાલુકાવાર નીચે મુજબ કૃષિ કિટસ આપવામાં આવેલ છે.

| તાલુકો | કૃષિ | | પશુપાલન | | બાગાયત | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૦૫ | ૦૬ | ૦૫ | ૦૬ | ૦૫ | ૦૬ | ૦૫ | ૦૬ |
| ૧. લખપત | ૪૫૦ | ૪૧૫ | ૪૫૦ | ૧૫૦૦ | ૪૫૦ | ૫૫૧ | ૧૩૫૦ | ૨૪૬૬ |
| ૨. રાપર | ૫૦૦ | ૪૮૫ | ૫૦૦ | ૧૫૭૫ | ૪૯૦ | ૬૭૯ | ૧૪૯૦ | ૨૭૩૯ |
| ૩. ભચાઉ | ૩૫૦ | ૩૫૦ | ૩૫૦ | ૧૧૮૫ | ૩૫૦ | ૪૯૦ | ૧૦૫૦ | ૨૦૨૫ |
| ૪. અંજાર | ૩૦૫ | ૩૧૫ | ૩૦૫ | ૧૧૨૫ | ૩૧૫ | ૪૫૨ | ૯૨૫ | ૧૮૯૨ |
| ૫. ભૂજ | ૭૦૫ | ૬૫૦ | ૧૧૦૦ | ૨૫૩૫ | ૭૦૫ | ૮૮૨ | ૨૫૧૦ | ૪૦૬૭ |
| ૬. નખત્રાણા | ૬૪૫ | ૬૬૦ | ૬૪૫ | ૨૧૦૦ | ૬૪૫ | ૯૨૪ | ૧૯૩૫ | ૩૬૮૪ |
| ૭. અબડાસા | ૬૭૫ | ૭૫૦ | ૬૭૫ | ૨૬૧૦ | ૬૭૫ | ૮૬૬ | ૨૦૨૫ | ૪૨૨૬ |
| ૮. માંડવી | ૪૪૫ | ૪૬૫ | ૪૪૫ | ૧૫૧૫ | ૪૪૫ | ૬૫૧ | ૧૩૩૫ | ૨૬૩૧ |
| ૯. મુન્દ્રા | ૩૦૫ | ૩૦૦ | ૩૦૫ | ૧૦૨૦ | ૩૦૫ | ૩૮૦ | ૯૧૫ | ૧૭૦૦ |
| ૧૦. ગાંધીધામ | ૪૦ | ૪૫ | ૪૦ | ૧૨૦ | ૪૦ | ૪૫ | ૧૨૦ | ૨૧૦ |
| કુલ : | ૪૪૨૦ | ૪૪૩૫ | ૪૮૧૫ | ૧૫૨૮૫ | ૪૪૨૦ | ૫૯૨૦ | ૧૩૬૫૫ | ૨૫૬૪૦ |

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં કૃષિ ઉત્પાદન વધી રહ્યું છે અને એ કૃષિ યાત્રાના કારણે વધી રહ્યું છે એ વારંવાર કહેવામાં આવ્યું છે. કૃષિ મંત્રીને અમારે ત્યાં ખૂબ જ નસીબવંતા કૃષિ મંત્રી તરીકે લોકો ગણે છે અને મને પણ ગણે છે કારણ કે, ચાર વર્ષથી રાપર તાલુકામાં સારો વરસાદ થાય છે. કૃષિ યાત્રા દરમિયાન જે કિટસ આપવામાં આવે છે એ ગામડા દીઠ ૫ જ આપવામાં આવે છે જેના આધારે કૃષિ ઉત્પાદન વધી શકે નહીં. મારે આપના માધ્યમથી કૃષિ મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ એક કિટસની કિંમત કેટલી હોય છે? એમાં પશુપાલન, કૃષિ અને બાગાયત માટેની કિટસની કિંમત કેટલી છે? અને આ કોન્ટ્રાકટ કોને, ક્યારે, કયા ધોરણે અને કેવી રીતે આપવામાં આવેલ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રજા એવું માને છે કે, જ્યારથી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા છે ત્યારથી સારો વરસાદ આવે છે. હું તો ૧૯૯૦ અને ૧૯૯૫માં પણ કૃષિ મંત્રી હતો. (અંતરાય) દુષ્કાળ કરતાં સુકાળ સારો. ભૂતકાળમાં તમારા સમયમાં ૩ વર્ષ દુષ્કાળ પડ્યો હતો ૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭. એમના વખતમાં અને તમારા સમયમાં દુષ્કાળના સમયે રફાળેશ્વર થયું હતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બીજી વાત પર ન આવો, ચાલો આગળ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ઉત્પાદન વધ્યું છે, પાક વધ્યો છે અને બધાની પાછળ ચોક્કસપણે કૃષિ મહોત્સવ જવાબદાર છે છે અને છે જ. અમે નૉલેજ ટ્રાન્સફર કર્યું છે. જૂની પદ્ધતિ પ્રમાણે દેખાદેખી, ચીલાચાલુ અને આડેધડ વર્ષોથી ખેતી કરતા ખેડૂતોને આજે નુકસાન સહન કરવું પડે છે. હવે તમે કહ્યું ખામી કયાં રહી ગઈ? ચીલાચાલુ પદ્ધતિ અને દેખાદેખી પદ્ધતિના સ્થાને અમે વૈજ્ઞાનિક અને આધુનિક પદ્ધતિ પ્રમાણે અમે ફેરફાર કર્યો, એટલા માટે બાબુભાઈ, આ ઉત્પાદન વધ્યું છે અને સારા વરસાદનો અમે લાભ લીધો છે. તમારા સમયમાં પણ સારો વરસાદ આવતો હતો, તમે લાભ નહોતા લેતા. અમે સારા વરસાદનો પૂરેપૂરો લાભ લીધો છે અને એમાં જળસંચય કર્યું છે. એના કારણે કુદરત પણ જાણે છે કે હું જે પ્રસાદ આપું છું તો એ દરિયામાં જશે કે ખેડૂતના ખેતરમાં રહે છે? કૃષિ કિટસ રૂ.૧૫૦૦/-ની મર્યાદામાં, બાગાયતની કિટસ રૂ.૧૦૦૦/-ની મર્યાદામાં અને પશુ પાલનની કિટસ રૂ.૫૦૦/-ની મર્યાદામાં આપવાનું આયોજન છે અને આ ગ્રામ સભામાં નક્કી થાય છે. ૫ બી.પી.એલ. અને નાના ખેડૂત અને સીમાંત ખેડૂત હોય એમાંથી પસંદગી કરવામાં આવે છે અને આ પસંદગી ગ્રામ સભામાં થાય છે. ૨૦૦૭ના કૃષિ મહોત્સવ માટે ગ્રામ સભાઓમાં પસંદગીની કાર્યવાહી પૂર્ણતાને આરે છે. એના ધોરણો પ્રમાણે ૫ ખેડૂતોને કૃષિ કિટસ, બાગાયતી કિટસ અને પશુપાલન કિટસ આપવામાં આવે છે. આ આખી કામગીરી અમે બીજ નિગમને સોંપી છે અને બીજ નિગમે જાતે જ ટેન્ડર બહાર પાડીને ખરીદી કરીને આ વ્યવસ્થા કરી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષીમંત્રીશ્રીએ કહયું કે અમે જે વરસાદી પાણી સાચવવાની પ્રક્રિયા કરેલ છે એના કારણે ઉત્પાદન વધ્યું છે. કચ્છની અંદર તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી સિંચાઈના કામો નહીંવત થયેલા છે અને એમાં પણ મારા રાપર વિસ્તારમાં નહિવત થયેલા છે. આ જે કંઈ થયેલા છે એ અગાઉની સરકારે સિંચાઈના કામો કરેલા એના આધારે ઉત્પાદન મેળવી રહ્યા છે. રાજયનું કૃષિ ઉત્પાદન પ્રતિ વ્યકિતએ ૬હજાર રુપિયાનું જે વધુમાં વધુ ૩૦ હજાર ગણીએ પણ મારા વિસ્તારની અંદર આજે ગામોની અંદર વરસાદી પાણી ભરાયા છે ત્યાં ૩૦ હજાર કરતાં વધુ ઉત્પાદન ત્યાંના ખેડૂતોએ મેળવેલું છે એટલે એનો યશ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને લેવાનો કોઈ અધિકાર નથી. માત્ર એના માટે થઈને આવતા દિવસોની અંદર વરસાદી પાણી વધે સિંચાઈના એ માટેના પ્રયત્નો કરે એટલું આપના મારફત કૃષિ મંત્રીશ્રીને કહેવાનું છે અને આ વખતના બજેટમાં પાણી સાચવવા માટે કૃષિ વિભાગ તરફથી શું વ્યવસ્થા રાખવાની છે એની આ સન્માનનીય ગૃહને જાણ કરે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના સમયમાં ૪૦ વર્ષમાં ૨૫ હજાર ચેકડેમ નહોતા બાંધ્યા, અમે માત્ર ૫ વર્ષમાં ૧ લાખ ચેકડેમ બાંધ્યા છે અને જળસંચયની બીજી યોજના ખેત તલાવડી છે, ૪૦ વર્ષમાં ૧૦ હજાર નહોતી બાંધી અમે ૧૦૦ દિવસમાં ૧ લાખ ૩૭ હજાર બાંધી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેત તલાવડી, નાના ચેકડેમ, ચેકડેમ અને નાળા પ્લગીંગ આ જે કામો થયેલા છે એમાંથી કેટલા ચોરાઈ ગયેલા છે? કારણ કે એક રિપૉર્ટ એવો હતો કે ગાંધીનગરની બાજુમાં એક ચેકડેમ બનાવ્યો અને પછી પૂર્યો, તલાવડી બાંધી અને પૂરી, બંનેના ખર્ચ સરકારે આપ્યા હતા તો આ પ્રકારની કેટલી ખેત તલાવડીઓ છે કે જે બાંધી અને પૂરવામાં આવી, માત્ર ઉદ્ઘાટન કરવા માટે બાંધવામાં આવી હતી અને આવા ચેકડેમો ચોરાઈ ગયેલા કેટલા છે એની માહિતી આપો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરીનો જવાબ તો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, કોર્પોરેશનમાં પ્રજાએ આપી દીધો છે અને માનનીય વિરોધ પક્ષના નેતા કહે છે એવી એક પણ હકીકત નથી. એક પણ ફરિયાદ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની બાજુમાં જ ઉદ્ઘાટન કરવા માટે એક તલાવડી બાંધવામાં આવેલ, ખેડૂતે માગણી કરેલી કે મને વચન આપેલું કે અમે પૂરી દઈશું. એ પૂરતા નહોતા એટલે એની ફરિયાદ આવેલી છે આપના સુધી એટલે એના પછી પુરાયેલી છે પણ આપ પણ સાક્ષી છો, આપ ગૃહની અંદર સાચી માહિતી આપો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પાસે કે જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત પાસે આવી કોઈ પણ ફરિયાદ આવેલ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રંગપુર ગામની અંદર આવી તલાવડી ખેડૂતોની મંજૂરી વગર બાંધવામાં આવેલી અને પૂરી દઈશું એવી સૂચના આપેલી, એટલા માટે કે માનનીય મુખ્યમંત્રીશ્રીને એ તલાવડીનું ઉદ્ઘાટન કરવાના હતા.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનું આ નિવેદન છે એને હું ફરિયાદ તરીકે લઉ છું અને યોગ્ય ઘટિત કાર્યવાહી કરવામાં આવશે.

**કચ્છ જિલ્લામાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ફાળવણી**

***૨૩૨૩૫ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે સન ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭માં ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં શિષ્યવૃત્તિ માટે કુલ કેટલી રકમ ફાળવાઈ હતી?
(૨) આ ગ્રાન્ટનો કુલ કેટલા વિદ્યાર્થીઓએ તાલુકાવાર લાભ લીધો, અને
(૩) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી પડી હતી અને તેના શાં કારણો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને નીચે મુજબ વર્ષવાર શિષ્યવૃત્તિની રકમ ફાળવાઈ છે.

| વર્ષ | રકમ રુ. |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧,૦૨,૧૪,૮૬૩ |
| ૨૦૦૫-૦૬ | ૭૪,૭૫,૧૫૯ |
| ૨૦૦૬-૦૭ (ડિસેમ્બર-૦૬ સુધી) | ૧,૨૦,૨૬,૭૫૨ |
| કુલ | ૨,૯૭,૧૬,૭૭૪ |

(૨) તાલુકાવાર નીચે મુજબના વિદ્યાર્થીઓને લાભ મળ્યો.

| ક્રમ | તાલુકો | લાભાર્થી વિદ્યાર્થીઓ |
|---|---|---|
| ૧ | ભૂજ | ૪૯૭૬૦ |
| ૨ | અંજાર | ૩૮૫૧૪ |
| ૩ | નખત્રાણા | ૨૦૦૪૧ |
| ૪ | માંડવી | ૨૫૨૪૯ |
| ૫ | અબડાસા | ૧૧૦૧૬ |
| ૬ | લખપત | ૭૩૫૧ |
| ૭ | મુંદ્રા | ૨૧૩૮૩ |
| ૮ | ગાંધીધામ | ૧૪૧૯૬ |
| ૯ | ભચાઉ | ૩૪૬૩૦ |
| ૧૦ | રાપર | ૩૭૬૪૭ |
| | કુલ | ૨,૫૯,૭૮૭ |

(૩) શૂન્ય.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ડિસેમ્બર-૨૦૦૬ સુધી શિષ્યવૃત્તિની કુલ કેટલી રકમ ફાળવાઈ હતી, ૨૦૦૪-૦૫માં ૧,૦૨,૧૪,૮૬૩ છે. ૨૦૦૫-૦૬માં ૭૪,૭૫,૧૫૯ છે અને ૨૦૦૬-૦૭માં ૧ કરોડ ૨૦ લાખ છે તો ૨૦૦૪-૦૫માં પણ છે. ૨૦૦૬-૦૭માં પણ છે. ૨૦૦૫-૦૬માં જે કંઈ ગ્રાન્ટ ફાળવાયેલી છે ૭૪ લાખ તો એ સમયે વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ હતી કે અમૂક વિદ્યાર્થીઓ રહી ગયેલા અને જે રહી ગયેલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સરકાર આપવા માગે છે કે કેમ અને જાન્યુઆરી ૨૦૦૭માં કુલ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો હતો અને કેટલો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે વર્ષ ૨૦૦૪-૦૫માં ૧.૨ કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ ચૂકવાઈ છે. પરંતુ આ શિષ્યવૃત્તિની રકમ એરિયર્સ પ્રમાણે હોય છે. ૨૦૦૩-૦૪ના વર્ષમાં ૩૫.૩૧ લાખ રૂપિયા ૩૪,૮૪૮ વિદ્યાર્થીઓના બાકી હતા.આ બાકીની રકમ સાથે ૨૦૦૪-૦૫ની શિષ્યવૃત્તિ ૮૫.૧૩ લાખ રૂપિયાની ૭૧,૨૦૫ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી. વર્ષ ૨૦૦૫-૦૬માં ૮૫ લાખથી વધીને ૮૯.૭૩ લાખ સામે વિદ્યાર્થીઓની સંખ્યા ૭૫,૮૧૬ હતી. ૨૦૦૬-૦૭માં ૧૦૦.૬૦ લાખની સામે વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨,૪૩૮. એટલે દર વખતે શિષ્યવૃત્તિની રકમમાં વધારો, દર વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આને કોઈ રાજકીય મુલવણીમાં નહીં લેવું જોઈએ. પરંતુ ૨.૫૯ લાખ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં માત્ર ૨.૯૭ કરોડ રૂપિયાની એટલે પ્રતિ વિદ્યાર્થી ૧૨૦ રૂપિયાની શિષ્યવૃત્તિ અપાઈ હોઈ રકમ ખૂબ ઓછી દેખાય છે. એટલા માટે આને શિષ્યવૃત્તિ કહેવાય કે કેમ એનું આત્મમંથન આ ગૃહે કરવાની જરૂર છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી હોય તો એ રકમની સમય પ્રમાણેની મુલવણી થાય તો જ આ વર્ગને આપણે ન્યાય આપી શકીશું. એટલે સરકાર આ બાબતે વિચારશે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : બાબુભાઈની વાત સાથે હું ખૂબ સંમત છું. આ વિદ્યાર્થીઓને વધારે શિષ્યવૃત્તિ આપવી જોઈએ. મારે એમને એટલું જ કહેવું છે કે તમારા શાસનમાં માત્ર ૩૦ રૂપિયા શિષ્યવૃત્તિ અપાતી હતી. (અંતરાય) ૩૦ રૂપિયામાં વધારો કરીને ૭૫ રૂપિયા કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં આમાં પણ રાજ્ય સરકાર જરૂરથી વધારો કરશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ૭૫ રૂપિયા વાર્ષિક કેવી રીતે થાય છે?

**શ્રી રમણલાલ વોરા** : આ શિષ્યવૃત્તિની રકમ ધોરણ પ્રમાણે અપાય છે. પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા સુધી જેટલા વિદ્યાર્થીઓ એટલી શિષ્યવૃત્તિ અપાય છે. એથી વધારે શિષ્યવૃત્તિ ચૂકવી ન શકાય.

## રાજ્યમાં એગ્રી એક્સપોર્ટ ઝોન

***૨૨૪૯૪ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં એગ્રી એક્સપોર્ટ ઝોન સ્થાપવાનું કયા કયા પાર્ક માટે ક્યારે ક્યારે નક્કી કરવામાં આવ્યું, અને

(૨) આ ઝોન નક્કી કર્યા પછી કઈ કઈ ખેત પેદાશોના એગ્રી એક્સપોર્ટ ઝોન તા. ૩૧ ડિસેમ્બર-૦૬ સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવ્યા?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) કેરી અને શાકભાજીનો દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતનો એગ્રી એક્સપોર્ટ ઝોન તા. ૫-૯-૦૨ અને ડુંગળી માટે સૌરાષ્ટ્રમાં તા. ૨૦-૧૦-૦૩ અને તલ માટે સૌરાષ્ટ્રમાં તા.૧૪-૧૧-૦૫માં નક્કી કરવામાં આવ્યું.

(૨) આ ઝોન સ્થાપિત કર્યા પછી ઉક્ત ત્રણ પેદાશો માટે એગ્રી એક્સપોર્ટ ઝોન તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કૃષિ ઉત્પાદન વધ્યું છે ત્યારે ગુજરાતમાં એગ્રો એક્સપોર્ટ ઝોન જે આવતીકાલે ખેડૂતોને ડબલ્યુ.ટી.ઓ.ના કારણે પણ ભલે દરવાજા ખૂલ્યા હોય તો પણ આપણે ખેડૂતોનો માલ પહોંચાડી શકીએ એવી વ્યવસ્થા થઈ છે ત્યારે આ ખેત પેદાશના વધારે ભાવ મળે એ માટે એગ્રો એક્સપોર્ટ ઝોન નક્કી કરવામાં આવ્યા છે એમાં અત્યાર સુધીમાં સ્વતંત્ર યુનિટો આ એગ્રો એક્સપોર્ટ ઝોનમાં કેટલા આવ્યા અને જ્યારથી આ ત્રણ એગ્રો એક્સપોર્ટ ઝોન નક્કી થયા છે ત્યારથી આપણે કેટલા રૂપિયાની આ એગ્રો એક્સપોર્ટ ઝોન દ્વારા ખેત પેદાશની અત્યાર સુધીમાં નિકાસ કરી છે અને આ એગ્રો એક્સપોર્ટ ઝોનમાં કયા કયા જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી કરીને કોઈ સ્વતંત્ર યુનિટ બનાવીને પણ દુનિયાના દેશોમાં ખેડૂત નિકાસ કરી શકે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજ્ય સરકારે અગમચેતી વાપરીને જળસંચય, માર્ગદર્શન, માહિતી આ બધાના આધારે જે ઉત્પાદન વધી રહ્યું છે એ ઉત્પાદન ગુણવત્તાયુક્ત ઉત્પાદન થાય અને એનું બરાબર મૂલ્ય ઉપજે એ માટે નિકાસની વ્યવસ્થા બહુ જરૂરી છે. આ માટે એગ્રો એક્સપોર્ટ ઝોન થાય એ પણ બહુ જરૂરી છે. માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું છે કે કયા કયા જિલ્લામાં કયા પાક માટેના એગ્રો એક્સપોર્ટ ઝોન નક્કી કર્યા છે. કેરી અને શાકભાજી માટે અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ. ડુંગળીમાં ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, જુનાગઢ અને જામનગર. તેલ માટે ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ અને જામનગર જિલ્લો. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કેટલા યુનિટો આમાં કાર્યરત છે એ પણ જાણવા માગે છે. આ જાહેર કર્યું ત્યારથી અને પછી વાયબ્રન્ટ ગુજરાતમાં જે લોકો આવ્યાં એમ કરીને અત્યાર સુધીમાં ૨૯ જેટલા યુનિટો અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, સુરત, નવસારી અને વલસાડ એમ કરીને નવા પ્રોજેક્ટ કર્યા છે, કેટલાક વિસ્તૃત કર્યા છે, કેટલીક માળખાકીય સુવિધાઓ છે. કેરી અને શાકભાજી નિકાસ કરવામાં આવે છે એ અત્યાર સુધીમાં કેરીની ૩૧૪ અને ૧૦૦૧ ટન, અન્ય ફળ-શાકભાજીની ૧૪૦૦ અને ૫૦૫ ટન, ડિહાઈડ્રેડ ડુંગળીની અત્યાર સુધીમાં ૮,૫૦૦ મે.ટન નિકાસ કરવામાં આવી છે

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યમાં એગ્રો એકસપોર્ટ ઝોન સ્થાપનાની કામગીરી કરી છે એ બદલ ધન્યવાદ. એનાથી નિકાસ વધતા ગુજરાતની આબાદી વધી પણ જ્યારે આ ઝોન સ્થાપવામાં આવતાં હતાં ત્યારે પૂછવામાં આવ્યું હતું ત્યારે મેં અમારા વિસ્તારમાં ઇસબગૂલ અને જીરૂના જે પાકો થાય તેમાં ઇસબગૂલનો ૯૦ ટકા પાક અને જીરૂનો ૪૦ ટકા પાક

પરદેશમાં જાય છે તો એમાં સમાવેશ નથી કર્યો તો ક્યારે મંત્રીશ્રી સમાવેશ કરવા માગે છે અને કયા કયા પાકો ભવિષ્યમાં કયા જિલ્લામાં એ એગ્રો એકસપોર્ટ ઝોનમાં લેવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે વાયબ્રન્ટ ગુજરાત ગુજરાત પછી જે રીતે ૧૦,૦૦૦ કરોડથી વધુ ખેતી એકસપોર્ટની કામગીરીમાં એમ.ઓ.યુ. થયાં છે એવા સંજોગોમાં અગાઉ જે એકસપોર્ટ ઝોનમાં પાકો માટે જિલ્લા જાહેર કર્યા છે એમાં કેરી અને શાકભાજી માટે અમદાવાદ, વલસાડ સુધી હતું, એટલે એ કેરી અને શાકભાજીમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારનો પણ સમાવેશ કરવાની દરખાસ્ત આપણે તૈયાર કરી રહ્યાં છીએ. સીંગદાણા માટે પણ એગ્રો એકસપોર્ટ ઝોન સૌરાષ્ટ્રને મળે એની પણ એક દરખાસ્ત તૈયાર થઈ રહી છે. દિવેલા માટે ઉત્તર ગુજરાત માટે એક પ્રપોઝલ તૈયાર કરી છે અને માનનીય સભ્યશ્રીએ જે ઇસબગૂલનું નામ દીધું એ ઉત્તર ગુજરાત માટે પણ ભલામણ કરવામાં આવી છે. આ રીતે આખાય રાજ્યમાં જે વિસ્તારમાં જે પાક લેવામાં આવે છે એ પાક ગુણવત્તાવાળો, સારો પાક થાય અને નિકાસની શક્યતા પડી છે એમાં આપણા રાજ્યના ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ છે કે તમે વધારે ઉત્પાદન કરો અને આપણી પાસે આંકડા છે. આપણે છેલ્લા પાંચ વર્ષની અંદર આપણે ૭૮ લાખ હેકટર વાવેતરમાં, ખરીફપાકમાં ૮૫ લાખ હેકટરે પહોંચ્યા છીએ આ એનો પુરાવો છે. રવીપાકમાં ૧૭ લાખ હેકટરથી ૩૯ લાખ હેકટરે પહોંચ્યા છીએ તો હવે આખા રાજ્યમાં આ એગ્રો એકસપોર્ટ ઝોનની પ્રપોઝલ તૈયાર થઈ રહી છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એગ્રો એકસપોર્ટ ઝોન થયા એમાં સરકારશ્રીએ એગ્રો એકસપોર્ટ ઝોનમાં ખેડૂતો અથવા એકસપોર્ટ કરનાર કોઈપણ ઉદ્યોગપતિઓને એની વિશેષ સુવિધા શું આપવાનું નક્કી કર્યું છે. બીજું, સુરેન્દ્રનગર જિલ્લો તલ માટે એગ્રો એકસપોર્ટ ઝોન તરીકે જાહેર કર્યો એ બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લો કૉટન ઉત્પાદનમાં આખા ગુજરાતમાં પહેલા નંબરે છે તો એના માટે હમણાં ગૃહમાં જાહેરાત થઈ હતી કે ચાઈનાના લોકો સુરેન્દ્રનગરથી કૉટનની ખરીદી કરવા આવે છે તો આવતા દિવસોમાં કૉટન માટે સરકારશ્રી કાંઈ વિશેષ એગ્રો એકસપોર્ટ ઝોન કરવા વિચારે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એગ્રો એકસપોર્ટ ઝોનમાં રાજ્ય સરકાર તરફથી ૬ ટકા બેંક ઈન્ટરેસ્ટ સબસિડી, ૨૫ ટકા એરક્રાફટ સબસિડી વધુમાં વધુ ૧૦ લાખ સુધીની મર્યાદામાં. કવોલિટી સર્ટિફિકેટ માર્ક અને લઘુ અત્યંત નાના કૃષિ ઉદ્યોગના એકમોને ૫૦ ટકા.અને વધુમાં વધુ પાંચ લાખ સુધી અને દરિયા માર્ગે લઈ જાય તો એમને પણ ૨૫ ટકા અને વધુમાં વધુ બે લાખ અને પચાસ હજાર સુધી, કેન્દ્ર સરકાર પણ આમાં જે સહાય કરે છે એમાં પણ ખરીદ મૂલ્યના દસ ટકા રકમ સુધીની સહાય અને વધુમાં વધુ દસ લાખ રૂપિયા એ ત્રણ વર્ષ માટે અને એર અને સી મારફતે પણ એ સહાય આપવાની યોજના અને આંતર માળખાકીય સુવિધા માટે પણ "અપીરા " મારફતે સહાય આપવાની યોજના છે અને સુરેન્દ્રનગરમાં એગ્રી એક્ષપોર્ટ ઝોન સિવાય પણ અત્યારે કોટનની જે નિકાસો થાય છે તો એને આપણે ભવિષ્યમાં આપણે એગ્રી એક્ષપોર્ટ ઝોન માટેની જે એમની વાત છે, એમનું સૂચન છે એ સૂચન તરીકે હું સ્વીકાર કરું છું.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા વર્ષોમાં કૃષિ મહોત્સવ દરમિયાન ખેડૂતોને જે માર્ગદર્શન આપવામાં આવે છે તેનાથી ઉત્પાદન પણ વધ્યું છે અને જે ઉત્પાદન થાય છે એ ઘણી સારી કવોલીટીનું થાય છે. સાબરકાંઠા જિલ્લામાં બટેટાનું ઉત્પાદન એક્ષપોર્ટ કવોલોટીના છે, અવારનવાર કૃષિ મહોત્સવ દરમિયાન માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પણ આની પ્રશંસા કરી છે, કૃષિ મંત્રીશ્રીએ પણ અમારા ધનસુરા તાલુકાના દોલપુર મુકામે જાતે જોયેલ છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી પણ પધારેલા છે, તો બટેટા માટે એગ્રી એક્ષપોર્ટ ઝોન ત્યાં ખોલવા માગો છો કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય સભ્યશ્રીની વાત ખૂબ અગત્યની છે. કેરી, શાકભાજી, સીંગદાણા, દિવેલા, ઇસબગૂલ આ બધું આવી જાય છે અને હવે જ્યારે ઉત્તર ગુજરાતમાં ડીસા, દહેગામ, આ બધા વિસ્તારોમાં બટેટાનું વાવેતર ખૂબ સારા પ્રમાણમાં છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત પ્રયાસોથી કૅનૅડાના લોકો પણ અહીંયા પોતે એમ.ઓ.યુ. કરવા માટે આવ્યા છે આ સંજોગોમાં ભવિષ્યમાં બટેટા માટે પણ રાજય સરકાર પ્રપોઝલ તૈયાર કરશે.

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સૌરાષ્ટ્ર માટે તલ અને ડુંગળીનો એક્ષપોર્ટ ઝોન નક્કી કરવામાં આવેલ છે તે બદલ આ સરકારને અભિનંદન, પરંતુ મારા મતવિસ્તારમાં પ્રખ્યાત દેશ- વિદેશમાં વખણાતી કેશર કેરી જે વધારેમાં વધારે ઉત્પાદન થાય છે, તો સૌરાષ્ટ્ર માટે સૌરાષ્ટ્ર ઝોનમાં કેશર કેરીનો સમાવેશ કરવા માગો છો કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મેં હમણાં જ કહ્યું કે અત્યારે કેરી અને શાકભાજી, ફળફળાદી એ અમદાવાદથી વલસાડ સુધી છે આગામી પ્રપોઝલો કેરી અને શાકભાજી માટે સૌરાષ્ટ્ર અને કચ્છ બંનેનો સમાવેશ આપણે કર્યો છે, એટલે કેશર હશે કે કોઈપણ જાતની કેરી હોય તો આપણે એનો સમાવેશ કર્યો જ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, એમણે આ બંને સૂચનો સ્વીકાર્યા છે પણ અમારા ઉત્તર ગુજરાતનું સૂચન સભ્યશ્રી નારાયણભાઈએ પણ કર્યું અને હું પણ કરું છું કે ઉત્તર ગુજરાતમાં જીરુ, ઇસબગૂલ, બટેટા એવી ઘણી બધી વસ્તુઓ થાય છે એના માટે આપે વિચારણા જ કહી,

પેલા બધા એક્સેપ્ટ કર્યા કે એ કરીશું તો ઉત્તર ગુજરાત માટે જીરુ, ઇસબગૂલ, એરંડા છે એ બીજે કયાંય થતા નથી, આખા હિન્દુસ્તાનમાં બટેટા ડીસાના સારામાં સારા છે અને વધુ ઉત્પાદન છે, હિન્દુસ્તાનનો આખો સરવાળો લો તો પણ છતાં એના માટે આપ વિચારો છો તો કરશો કે હજી વિચારણામાં છે? કારણ કે, વિચારણામાં તો પાંચ-પાંચ વર્ષ અમારા ડૅમો ભરવામાં નીકળી ગયા એટલા માટે આપ ખાતરી આપો કે ભાઈ ઉત્તર ગુજરાત માટે આ કરીશું. હું સાંભળતો હતો એમાં બે સૂચનમાં કરીશું કે થશે અને અમારું સૂચન ઉડાડી નાખ્યું, તો આમાં પણ કાંઈક વિચારો એ પણ ગુજરાતના છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હું વિચારવાની ખાતરી ચોક્કસ આપું છું. રાજય સરકાર ઈચ્છે છે કે, રાજયના ખેડૂતોનું તમામ ઉત્પાદન એ વિદેશમાં જાય, આપણને હૂંડિયામણ મળે અને રાજયના ખેડૂતોને વધારેમાં વધારે પાક મળે પરંતુ આપણે પ્રપોઝલો તૈયાર કરીએ છીએ એ પહેલાં અનેક વિધ ક્રાઈટેરિયા આપણે નક્કી કરવાના હોય છે એટલે વિચારવામાં, હું નહીં વિચારું એવું તો કહ્યું જ નથી. ચોક્કસ એને પ્રોઝીટીવલી અને બે-પાંચ વર્ષમાં નહીં અને બીજું મારે આ ગૃહને કહેવું છે કે, આ એક પણ પ્રપોઝલ તૈયાર કરવા માટે કોઈની માગણી નહતી આવી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાતે આ બધી જ બાબતો, ભવિષ્ય જોઈને આ બધી પ્રપોઝલો તૈયાર કરીને અત્યારે મંજૂરી મેળવી છે એટલે માનનીય મુખ્ય મંત્રીશ્રી ઉત્તર ગુજરાત નહીં ઉત્તમ ગુજરાત બનાવવા માગે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ગોવાભાઈના મનમાંથી શંકા જાય એવું બોલો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મેં કહ્યું હું વિચારવાની ચોક્કસ ખાતરી આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, જે પાક જે વિસ્તારમાં થતો હોય ત્યાં એનાં પ્રોસેસીંગ થાય અને એને ઉત્તેજન આપવા માટે થઈને રાજય સરકારની જે યોજના છે એ તો જીરું અને ઇસબગૂલનો પાક આ રાજયમાં સાઈઝેબલ રીતે રાપર અને ભચાઉ તાલુકામાં, કચ્છ જિલ્લામાં થાય છે. તો કચ્છમાં એક્ષપોર્ટ માટે બંદર વગેરેની પણ સગવડ છે તો કચ્છ જિલ્લામાં જીરું અને ઈસબગુલ પ્રોસેસ કરીને એકસપોર્ટ કરવાની વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બ્રીફીંગ વખતે અમારા ડાયરેકટર બાગાયતે કહ્યું કે તેઓ એક મિટિંગમાં ઉત્તર ગુજરાતમાં ગયા હતા અને નિકાસકારો સાથે બેઠા હતા ત્યારે તેમણે કહ્યું કે ૨૦૦૦ કરોડની નિકાસ થાય છે. આ બે હજાર કરોડની નિકાસ થાય છે ત્યારે આ પ્રપોઝલ અમે વહેલી તકે તૈયાર કરી રહ્યા છીએ અને ઉત્તર ગુજરાત સાથે સૌરાષ્ટ્ર અને કચ્છને પણ મેં હા પાડી છે. કચ્છ માટે પણ તૈયાર કરી રહ્યા છીએ.

**શ્રી કરસનભાઈ ભી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે દક્ષિણ ગુજરાતમાં કેરી અને શાકભાજીનો સમાવેશ થાય છે પણ સૌથી વિશેષ અને સારો પાક દક્ષિણ ગુજરાતમાં ચીકુનો છે એ બાબત કયાંય લખાઈ નથી તો ચીકુના પાકને એકસપોર્ટ ઝોનમાં લેવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ફળફળાદિમાં ચીકુ આવી જાય છે.

**કેન્દ્ર સરકાર પાસે ખાતરના જથ્થાની વિગત**

***૨૨૫૦૨ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજય સરકાર દ્વારા કૃષિ મંત્રાલય પાસે મહિના પ્રમાણે કુલ કેટલા ખાતરના જથ્થાની માંગણી કરાઈ હતી,

(૨) કેન્દ્ર તરફથી કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૩) ખાતરનો વધારાનો જથ્થો માંગવા માટે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કયારે કયારે રજૂઆત કરવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) કેન્દ્ર સરકાર તરફથી યુરિયા ખાતરની ફાળવણી થાય છે. માસવાર માગણી અને ફાળવણી સામેલ પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૧ મુજબ યુરિયા ખાતરની ફાળવણી કરવામાં આવે છે.

(૩) પત્રક-૨ મુજબ ઉપરાંત, સમયસર યુરિયા ખાતરની ફાળવણી માટે, મંત્રીશ્રી (કૃષિ), અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ) તથા નિયામકશ્રી (કૃષિ) દ્વારા રૂબરૂ/ફોનથી પ્રયત્ન થયેલ છે.

**પત્રક-૧**

રાજ્ય સરકારની યુરિયા ખાતરની માસવાર જરૂરીયાત અને તે સામે ભારત સરકારે ફાળવેલ જથ્થાની માહિતી

| અ.નં. | માસ | જરૂરિયાત | ફાળવણી |
|---|---|---|---|
| ૧ | એપ્રિલ-૦૬ | ૪૫૦૦૦ | ૪૩૩૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૨ | મે-૦૬ | ૫૦૦૦૦ | ૫૬૩૮૩ |
| ૩ | જુન-૦૬ | ૧૪૦૦૦૦ | ૧૧૫૦૮૭ |
| ૪ | જુલાઈ-૦૬ | ૨૧૫૦૦૦ | ૨૦૧૨૯૫ |
| ૫ | ઓગષ્ટ-૦૬ | ૧૬૦૦૦૦ | ૧૨૨૯૫૭ |
| ૬ | સપ્ટેમ્બર-૦૬ | ૧૯૦૦૦૦ | ૧૯૦૪૪૧ |
| ૭ | ઓક્ટોબર-૦૬ | ૯૦૦૦૦ | ૧૨૩૧૩૮ |
| ૮ | નવેમ્બર-૦૬ | ૧૬૦૦૦૦ | ૧૫૦૪૨૪ |
| ૯ | ડીસેમ્બર-૦૬ | ૨૨૫૦૦૦ | ૧૮૯૧૬૩ |
| ૧૦ | જાન્યુઆરી-૦૭ | ૧૭૫૦૦૦ | ૨૦૨૧૩૩ |
| | **કુલઃ** | **૧૪૫૦૦૦૦** | **૧૩૯૪૪૦૪** |

**પત્રક-૨**

**યુરિયા ખાતરની ફાળવણી માટે કેન્દ્ર સરકારને લખાયેલ પત્રોની તારીખ માહિતી**

| **અ.નં.** | **રજુઆત પત્રોની તારીખ** |
|---|---|
| ૧ | ૩૧-૭-૦૬ |
| ૨ | ૭-૮-૦૬ |
| ૩ | ૧૧-૮-૦૬ |
| ૪ | ૧૭-૮-૦૬ |
| ૫ | ૪-૯-૦૬ |
| ૬ | ૨૭-૯-૦૬ |
| ૭ | ૧૮-૧૦-૦૬ |
| ૮ | ૨૦-૧૦-૦૬ |
| ૯ | ૩-૧૧-૦૬ |
| ૧૦ | ૨૧-૧૧-૦૬ |
| ૧૧ | ૧-૧૨-૦૬ |
| ૧૨ | ૨-૧૨-૦૬ |
| ૧૩ | ૫-૧૨-૦૬ |
| ૧૪ | ૧૨-૧૨-૦૬ |
| ૧૫ | ૧૬-૧૨-૦૬ |
| ૧૬ | ૨૧-૧૨-૦૬ |
| ૧૭ | ૨૧-૧૨-૦૬ |
| ૧૮ | ૯-૧-૦૭ |
| ૧૯ | ૧૭-૧-૦૭ |

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે પ્રમાણે મારા પ્રશ્નનો જવાબ આપ્યો છે એ બદલ પહેલા હું કેન્દ્ર સરકારને અભિનંદન આપું છું કે એમણે આટલું સરસ ખાતર પૂરું પાડયું.

**અધ્યક્ષશ્રી** : એ પત્રથી આપવા પડે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જયારે જાન્યુઆરી-૨૦૦૭માં ખાતરની જબરજસ્ત બુમ પડી અને મોટી ફરિયાદ ઉભી થઈ તે સમયે કોઈપણ જગ્યાએ કોઈપણ ખેડૂતે ખાતરની વાસ્તવિક બુમ, ગુજરાતનો વિપક્ષ અને સત્તા પક્ષ બંને ચિંતા કરે પણ રાજય સરકારે જે પ્રમાણે મને જવાબ આપ્યો છે તે પ્રમાણે જાન્યુઆરી-૨૦૦૭માં ૧૭૫૦૦૦ મૅટ્રિક ટન સામે ૨૩૨૧૩૩ ટન ખાતરની ફાળવણી કરી છતાં રાજય સરકારે વિતરણની વ્યવસ્થા ન ગોઠવવાને કારણે ખેડૂતોને સમયસર ખાતર ન ફાળવી શકી. બીજું, ૧૨૧ ટનથી વધારે જુદાજુદા પોર્ટ ઉપર ખાતર પડી રહ્યું ટ્રકોની મોટી ફરિયાદ હતી એને કારણે. એ સિવાય બીજી કઈ કઈ ફરિયાદ હતી જેને કારણે ખાતરની ફાળવણી ન થઈ શકી?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરીફ અને રવિમાં જયારે ખરીદીની જરૂરિયાત હતી એ વખતે ખાતરની તંગી હતી. કેન્દ્ર સરકારે મોકલ્યું નહોતું એના આંકડા આપું છું. જુન મહિનામાં જયારે

જરૂરિયાત હોય એ વખતે ૧૪૦૦૦૦ની જરૂરિયાત હતી એની સામે ૧૧૫૦૦૦ એટલે ૨૫૦૦૦ટન જુન મહિનામાં ઓછું આવ્યું. જુલાઈમાં ૧૪૦૦૦ મૅટ્રિક ટન ઓછું આવ્યું. ઑગસ્ટમાં ૩૭૦૦૦ મે.ટન ઓછું આવ્યું. એની ફરિયાદ હતી નવેમ્બર-ડિસેમ્બરમાં રવિ સીઝનમાં જયારે જરૂરિયાત હતી ત્યારે નવેમ્બરમાં ૧૦૦૦૦ મે.ટન અને ડિસેમ્બરમાં ૩૬૦૦૦મેટન. કુલ ૫૬,૦૦૦ મૅટ્રિક ટન હોય ઓછું આવ્યું, જેના પરિણામે ખેડૂતોએ ખેંચ ભોગવી અને સમયસર ખાતર પહોંચ્યું નહીં.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૫૫,૬૯૬ મૅટ્રિક ટન ખાતર માગણી કરતા ઓછું આવ્યું. રવિ અને ખરીફ પાકમાં આપણે કેટલી માગણી કરી હતી? ક્યારે ક્યારે માગણી કરવામાં આવી અને આ ખાતર ઓછું આવવાના કારણે કેન્દ્ર સરકાર દોષિત છે કે નહિ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : દર વખતે રવિ અને ખરીફ સિઝન પહેલા દિલ્હી ખાતે મીટિંગ રાખવામાં આવે છે. આપણે ૧૪-૨-૨૦૦૬ના રોજ ૭ લાખ મૅટ્રિક ટનની લેખિત માગણી ગુજરાત માટે કરવામાં આવી હતી, પછી વધારાની માગણી (અંતરાય) બીજા મહિનામાં આવતા ખરીફ મહિનાની માગણી અમે બીજા મહિનામાં કરીએ છીએ. હું તારીખ આપું છું. તા.૧૪-૨-૨૦૦૬ અને પછી વરસાદ સારો થયો. તા. ૨૨-૮-૨૦૦૬ ના રોજ એક લાખ મૅટ્રિક ટનથી વધારે માગણી કરી, પછી રવિમાં તા. ૫-૯-૨૦૦૬ ના રોજ માગણી કરી હતી. ૮ લાખ મૅટ્રિક ટન માગણી કરી અને સભ્યશ્રી કહે છે એ પ્રમાણે આમાં દોષિત એ રાજ્ય સરકાર નહિ, કેન્દ્ર સરકાર જ છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર સમક્ષ જે યુરિયાની માગણી મૂકી છે, એની સામે ૯૭ ટકા માગણી કેન્દ્ર સરકારે સ્વીકારી. ભૂતકાળમાં ૫૫ ટકાથી વધારે સ્વીકારી નથી. ૫ ટકા જેટલું ઓછું યુરિયા આવ્યું. વિતરણ વ્યવસ્થામાં ખામી હોય જ્યાં ઓછી જરૂરિયાત હોય ત્યાં આગળ વધારે આપી અને વધારે જરૂરિયાત હોય ત્યાં આગળ ઓછું આપ્યું. એના કારણે થવા સંભવ છે. આવી કોઈ ફરિયાદ મળી હતી કે કેમ? માર્ચ-૨૦૦૬ ના અંતે યુરિયામાં કેટલું બેલેન્સ હતું?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ફરિયાદ કેન્દ્રમાંથી ખાતર નહિ આવવાની મળી છે. પ્રજામાંથી એ જ આવી છે. મેં આંકડા આપ્યા. જો ખાતર આવે જ નહિ તો પછી વિતરણની વ્યવસ્થા કરવાનો સવાલ જ નથી. જ્યારે જ્યારે ખાતર આવ્યું છે તો તરત જ વિતરણ વ્યવસ્થા યોગ્ય પ્રમાણમાં કરવામાં આવી છે અને સવાલ મૂળ છે જાન્યુઆરી-૨૦૦૭નો પણ તમે પૂછ્યું છે, ત્યારે આપણે ૧૬ લાખ મૅટ્રિક ટનની માગણી કરી, માર્ચ મહિના સુધીમાં માત્ર ૧૪ લાખ મૅટ્રિક ટન ખાતર આવ્યું છે. એમાં પણ ૨ લાખ ઓછું આવ્યું છે. મારે નહોતું કહેવું, પણ પૂછ્યું એટલે સારું થયું. અને આના કારણે ૫ ટકા ઉત્પાદન ઉપર અસર થઈ છે. સમયસર ખાતર ન મળે તો ઉત્પાદન ઉપર અસર થાય છે, એટલે વિતરણ વ્યવસ્થા બરાબર હતી. બીજું કહે છે કે ભૂતકાળમાં, પણ આ પાંચમું વર્ષ છે. ભૂતકાળમાં ૪ વર્ષ સુધી તકલીફ નહોતી પડી, આ વર્ષે છેલ્લા એક વર્ષથી કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે ગુજરાતને દરેકે દરેક બાબતમાં અન્યાય કરવો એનો આ પુરાવો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આખું ગૃહ જાણે છે, આખું રાજ્ય જાણ છે કે ગુજરાતની અંદર જે યુરિયા ખાતરની તંગી ઊભી થઈ, માત્ર રવિ પાકની અંદર ડિસેમ્બર, જાન્યુઆરીમાં થઈ. તમે જે આંકડા કૃષિ મંત્રીશ્રીએ આપ્યા છે એ આંકડા જુલાઈ, ઑગસ્ટ, સપ્ટેમ્બર જ્યારે ચોમાસુ હતું, ત્યારે કોઈ તકલીફ નહોતી. તકલીફ થઈ માત્ર શિયાળા પાકની અંદર. એ વખતે જે રાજ્ય સરકારે ૪ લાખ ટનની માગણી કરી, એની સામે ૩,૯૧,૦૦૦ ટન એટલે માત્ર ૮,૦૦૦ ટન ઓછું આવ્યું. રાજ્ય સરકારે ખરેખર આ તંગી જે ઊભી થવાની છે, એની કાળજી ન રાખી, આખું ગૃહ જાણે છે, જ્યારે જ્યારે માગણી ડેપો ઉપર કરવામાં આવતી હતી ત્યારે (અંતરાય) ટ્રક મળતી નથી એ મોટી ફરિયાદ હતી. ટ્રકને કારણે નહોતી મળી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પૂછી લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જવાબ નથી આપવો એટલે ઊભા થાય છે.(અંતરાય) કેન્દ્ર સરકાર વતી નહિ. આ તમારો જવાબ આપેલ છે. આની અંદર આંકડા આપેલ છે. આની અંદર તમારી પોલ ખુલી ગઈ છે, તકલીફ એ છે. આમાં પોલ ખૂલી ગઈ છે. પત્રો કુલ કેટલા લખ્યા છે. આ જે પત્રો આપ્યા છે તેમાં ૧૨-૧૨ પછી એકપણ કાગળ લખાયો નથી. ૧૨-૧૨ પછી એક પત્ર લખ્યો નથી. ૫-૧૨, ૨-૧૨, અને ૧૨-૧૨ના રોજ કાગળ લખ્યા છે. તેમાં ટ્રકની વ્યવસ્થા નથી કરી શક્યા, વિતરણની વ્યવસ્થા મજબૂત ન કરી શક્યા તેના કારણે તકલીફ ઉભી થઈ છે. તેમાં કંઈ કરવા માગે છે કે કેમ તે હું સરકાર પાસેથી જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાથી પોલ કેન્દ્ર સરકારની, તમારી ખૂલી ગઈ છે. રવિમાં આંકડા આપ્યા છે. રવિમાં ૪૬ હજાર મૅટ્રિક ટન નવૅમ્બર ડિસૅમ્બરમાં વાંચો. વિતરણ વ્યવસ્થામાં કોઈ પ્રકારે કમી નથી. વિતરણ વ્યવસ્થા સંપૂર્ણ હતી. કાગળોની વાત કરે છે તો તેમાં ૧૯ કાગળો લખ્યા છે. ૫-૧૨ પછી સાંભળો ૧૨-૧૨, ૧૬-૧૨, ૨૧-૧૨, ૨૧-૧૨, ૯-૧ અને ૧૭-૧-૦૭ના રોજ અલગ અલગ પત્રો લખ્યા છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન

***૨૩૨૧૦ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર સમરસ ગ્રામ પંચાયતોને આર્થિક પ્રોત્સાહન આપવામાં આવેલ છે, અને

(૨) આવી સમરસ ગ્રામ પંચાયતોમાં તમામ આખી બોડીમાંથી કોઈપણ વૉર્ડમાં ફોર્મ ભરવામાં ભૂલ થઈ હોય અને જે તે વખતે તે વૉર્ડમાં ચૂંટણી થયેલ ન હોય અને તેવી ગ્રામ પંચાયતોમાં બીજી વખત તે વૉર્ડની ચૂંટણી જાહેર થાય અને તે વૉર્ડ બિનહરીફ થાય તો આવી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવે છે કે કેમ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જે ગ્રામ પંચાયતના સરપંચશ્રી સહિત તમામ સભ્યો બિનહરીફ એટલે કે વિના વિરોધે ચૂંટાય તેવી ગ્રામ પંચાયતને મળવાપાત્ર પ્રોત્સાહક ગ્રાન્ય આપવામાં આવે છે.

(૨) ટૅક્નીકલ કારણોસર સમરસ નહીં થઈ શકેલ ગ્રામ પંચાયતોની વિચારણા કરવામાં આવે છે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાત રાજયમાં અને ગામડે ગામડે જે ખુનામરકી અને મર્ડરો સુધી માણસોના વેરઝેર બંધાતા હતા તેના કારણે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમરસ યોજના જાહેર કરી અને તેનો ગામડાના લોકોએ સ્વીકાર કર્યો છે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાઈઝ કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તે સમરસ ગ્રામ પંચાયતોને તાલુકાવાઈઝ કેટલું અનુદાન આપવામાં આવ્યું, મારો બીજો પ્રશ્ન એ છે કે એક ગામની અંદર એક જ વૉર્ડમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય, ફોર્મ ભરવામાં કોઈ ખામી રહી ગઈ હોય. એક ગામના સાત વોર્ડ છે તેમાં એક વૉર્ડમાં ફોર્મ રદ થાય તેના કારણે ગ્રામ પંચાયતમાંથી તે સીટ રદ થાય છે. તેની ચૂંટણી પાછળથી જાહેર થાય છે. તેમાં સરપંચો બિનહરીફ રહેતા હોય છે, ૭ સભ્યો પણ બિનહરીફ હોય છે. આમાં એક વોર્ડની ચૂંટણી મહિને, બે મહિને કે ત્રણ મહિના પછી રાજય સરકાર જાહેર કરતી હોય છે. તો આવી ગ્રામ પંચાયતોને સમરસ ગણવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન કે ગામમાં બધા વૉર્ડ બિનહરીફ હોય, સરપંચ પણ બિનહરીફ હોય પણ અમુક લોકોના પેટમાં તેલ રેડાય છે અને એક વૉર્ડમાં ફરજિયાત ચૂંટણી કરાવે છે. આવી ગ્રામ પંચાયતોને સમરસ ગણવા માગો છો કે કેમ? એક વૉર્ડમાં સાહેબ બહાર ગામના માણસોને લાવીને, કાલે રહેવા આવ્યો હોય તેવા લોકો ફોર્મ ભરી દે છે અને આવી તો સાહેબ કેટલીય ગ્રામ પંચાયતો છે. તેને સમરસ ગણવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે સમરસ યોજનામાં રાજય સરકારે ગ્રામ્ય રાજકારણમાં સંપ ઉભો કરવા માટે, સામૂહિક મન બનાવવા માટે અને ચૂંટણીઓમાં કાવાદાવા ઘટાડવા માટે, ગ્રામ્ય કક્ષાએ વધુ પ્રોત્સાહન આપવા માટે વિવિધ અનુદાનો અપાય છે. તેમણે પ્રશ્ન કર્યો કે સુરેન્દ્રનગર જિલ્લાની અંદર તાલુકાવાઈઝ કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તાલુકાવાઈઝ કેટલું અનુદાન આપવામાં આવ્યું. આમાં સાત તબકકાની અંદર સાયલા તાલુકામાં પ્રથમ વખત ૧૩ ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તેને કુલ ૧૩ લાખ અનુદાન આપ્યું, બીજી વખતે ૧૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તેમાં કુલ ૧૫ લાખ રૂપિયાનું અનુદાન એમ કુલ ૨૮ લાખ રૂપિયા સાયલામાં અનુદાન આપ્યું છે. ચોટીલામાં પ્રથમ વખત ૧૩ ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તેમાં ૧૩ લાખ અનુદાન આપવામાં આવ્યું અને બીજી વખત ૨૮ ગ્રામ પંચાયતો સમરસ થઈ તેમાં ૩૫ લાખ અનુદાન આપવામાં આવ્યું. આમ કુલ ૪૮ લાખ રૂપિયા અનુદાન આપવામાં આવ્યું. લખતરમાં પ્રથમ વખતે ૯, એને અનુદાન ૯ લાખ રૂપિયા આપ્યું, બીજીવાર એમાંથી ૭ સમરસ થઈ એટલે અનુદાન ૮ લાખ ૭૫ હજાર એમ આખા તાલુકામાં અત્યાર સુધી કુલ ૧૭ લાખ ૭૫ હજાર અનુદાન ફાળવ્યું. દસાડામાં પ્રથમ વખતે ૧૬ ગ્રામ પંચાયતો સમરસ થઈ એને ૧૬ લાખ રૂપિયા અનુદાન મળેલ, એમાંથી જ બીજીવાર ૧૩ સમરસ થઈ છે એમને ૧૬ લાખ ૨૫ હજાર એમ કુલ ૩૨ લાખ ૨૫ હજાર રૂપિયા અનુદાન મળ્યું. મુળીમાં પ્રથમવાર ૧૩ સમરસ થઈ એમને ૧૩ લાખ, બીજાવાર ૯ સમરસ થઈ એને ૧૧ લાખ ૨૫ હજાર રૂપિયા એમ કુલ ૨૪ લાખ ૨૫ રૂપિયા અનુદાન મળ્યું, ચુડામાં પહેલા તબક્કામાં ૭ ગ્રામ પંચાયત સમરસ થઈ એટલે ૭ લાખ રૂપિયા અનુદાન, એ સાતમાંથી બીજીવારમાં પાંચ થઈ, બીજીવાર સમરસને ૬ લાખ ૨૫ હજાર રૂપિયા એમ કુલ ૧૩ લાખ ૨૫ હજાર રૂપિયા અનુદાન આપ્યું, વઢવાણમાં ૫ સમરસ થઈ પંચાયતોને ૫ લાખ રૂપિયા, બીજીવાર ૫ થઈ એમને ૭ લાખ ૫૦ હજાર રૂપિયા એમ કુલ ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયા અનુદાન આપ્યું, લીંબડીમાં ૫ સમરસને ૫ લાખ રૂપિયા, બીજીવાર ટૅક્નીકલ હોવાના લીધે ૯ સમરસ થઈ , એને ૧૧ લાખ ૨૫ હજાર, એમ કુલ ૧૬ લાખ ૨૫ હજાર રૂપિયા અનુદાન આપ્યું. ધ્રાંગધ્રામાં ૭ સમરસને ૭ લાખ રૂપિયા, બીજીવાર ૧૩ થઈ એમને ૧૬ લાખ ૨૫ હજાર રૂપિયા એમ કુલ ૨૩ લાખ ૨૫ હજાર રૂપિયા, હળવદમાં ૧૧ સમરસને ૧૧ લાખ રૂપિયા પણ માનનીય અધ્યક્ષશ્રી, એમનો મૂળ પ્રશ્ન છે કે કોઈ એક ગ્રામ પંચાયતમાં એક વૉર્ડમાં ટૅક્નીકલ કારણસર એકજ વૉર્ડમાં ચૂંટણી ન થાય, ફરીવાર થાય, બે તબક્કે થાય, એવા ટૅક્નીકલ જે કારણો છે કે કોઈ વૉર્ડમાં જેમ એમણે રજૂઆત કરી એ પ્રમાણે બીજું, સરપંચ થઈ તમામ સભ્યોની ચૂંટણી માટેના ભરેલા ઉમેદવારીપત્રો પાછા ખેંચાય, સરપંચ થઈ તમામ સભ્યોની ચૂંટણી માટેના ભરેલા તમામ ઉમેદવારીપત્રો, એ ઉમેદવારીપત્રો નામંજૂર થાય, આ ત્રણ

કારણો સિવાય કોઈપણ રીતે બે તબક્કે પંચાયતની ચૂંટણી યોજાય ત્યાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની જાહેર કરેલી સીટો, એ સીટો ઉપર વસતી ન હોવાના કારણે કોઈ ફૉર્મ જ ન ભરાય તો એ ચારેય ટૅક્નીકલ કારણ ગણીને રાજય સરકારે એને પણ સમરસનું અનુદાન આપવા માટેનું નક્કી કરેલું છે અને એ પ્રમાણે ૧૨૩ ગ્રામ પંચાયતોને સમરસ અનુદાન આપ્યું છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે સમરસ ગામ તરીકે અનુદાન આપવાની જાહેરાત કરી છે, અને એને લીધે ગામડાં ખૂબ જ પ્રોત્સાહિત થયાં છે એ બદલ હું અભિનંદન આપું છું પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આપણે જે અનુદાન આપીએ છીએ, એ અનુદાન ગ્રામ પંચાયતના એકાઉન્ટમાં જમા કરી દેવામાં આવે છે, ગ્રામસભામાં મંજૂર કર્યા પછી એનો ખર્ચ કરવાનો હોય છે, ત્યારે અમુક મર્યાદિત કામોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ગ્રામ સભા જે કામો મંજૂર કરે તે કામોમાં છૂટછાટ આપવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે અનુદાનમાંથી ગામના સામૂહિક વિકાસના કામો જેવાં કે, શુદ્ધ પીવાનું પાણીની યોજના, આંતરિક એપ્રોચ રસ્તા, સ્ટ્રીટ લાઈટ સુવિધા, પ્રાથમિક શાળાના ઓરડા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા, જળસંચયની યોજના, પંચાયત ઘર, જાહેર શૌચાલય, દૂષિત પાણીના નિકાલ માટેની વ્યવસ્થા, વગેરે માટે ઉપયોગ કરી શકાય. પાણીની કાયમી અછત હોય તો ત્યાં વૉટર રિચાર્જ, તળાવ ઊંડા કરવા તથા એને બનાવવા, કૂવા બનાવવા માટે, આડબંધથી પાણીની સુવિધા ઊભી કરવી વગેરે માટે પણ અનુદાન માટેની રકમ વાપરી શકાય. ગામમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિવાળા વિસ્તારોમાં વાપરવા માટે પ્રાથમિકતા આપવામાં આવે છે. આ રકમનો ઉપયોગ ગ્રામ સભા દ્વારા નક્કી કરવામાં આવે છે, આટલામાંથી એને વાપરવા પડે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચૂંટણીનો સમય હતો ત્યારે તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, જિલ્લા વિકાસ અધિકારી સાથે મળીને, અને હું પણ સાથે હતો, અને એમ કહ્યું હતું કે સમરસ ગ્રામ પંચાયતને ૧૨ લાખ અને સંપૂર્ણ મહિલા સમરસ સરપંચ થાય તો ૧૫ લાખ રૂપિયા આપવાની વાત હતી, અને જ્યારે મેં પ્રશ્ન પૂછ્યો ત્યારે કહેવામાં આવ્યું કે એવી કોઈ જાહેરાત કરી નથી, તો એ વાત સાચી છે કે ખોટી છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસ ગામની યોજના ૧૯૯૧-૯૨માં ચાલુ થઈ એમાં ૧ હજાર રૂપિયા અનુદાન આપવાની યોજના હતી, આ રાજય સરકાર આવ્યા પછી ૨૯-૧૦-૨૦૦૧ના ઠરાવથી ૫૦૦૦ની વસતિ સુધી ગ્રાન્ટ ૬૦ હજાર અને ૫૦૦૧ કે તેથી વધુ વસતિ વાળી ગ્રામ પંચાયતને ૧ લાખ રૂપિયા અનુદાન આપવાની જાહેરાત કરી અને ૭-૫-૨૦૦૬ના ઠરાવથી ૫૦૦૦ની વસતિ સુધી ૧ લાખ અને ૫૦૦૧ કે તેથી વધુ વસતિ વાળી ગ્રામ પંચાયતોને એ સમરસ થાય તો ૧.૫૦ લાખ અનુદાન આપવાની જાહેરાત કરી છે અને જો એ બીજી વાર સમરસ થાય તો વધારાના ૨૫ હજાર રૂપિયા આપવાનું પણ નક્કી કર્યું છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના લાવવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના આવવાથી ગામડાંમાં બધી જાતના ડખાઓ બંધ થઈ ગયા છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ જે અનુદાન આપવામાં આવે છે એ અનુદાનની સાથે મેચીંગ ગ્રાન્ટ સામેલ કરી શકાય કે કેમ? અને મેચીંગ ગ્રાન્ટ સામેલ કરી શકાય તો એમાં કઈ કઈ મેચીંગ ગ્રાન્ટ સામેલ કરી શકાય?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેચીંગ ગ્રાન્ટ આપી શકાય.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી હેઠળ આદિજાતિ વિસ્તારોનો સમાવેશ

***૨૨૬૧૬ શ્રી અનિલકુમાર મો.પટેલ (બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયેધરી કાયદા હેઠળ સુરત જિલ્લાના આદિજાતિવાળા વિસ્તારના તાલુકાઓનો સમાવેશ કરવામાં આવે એ માટે સરકારે શી કાર્યવાહી કરી છે, અને

(૨) આવા આદિજાતિ વિસ્તારને રોજગારી મળી રહે એ માટે કોઈ દરખાસ્ત સરકારે કરી છે કે કેમ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) તથા (૨) કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયેધરી કાયદા હેઠળ રાજય સરકારે વધુ પછાત વિસ્તારોને આવરી લેવા જિલ્લાને બદલે તાલુકાને યુનિટ તરીકે લેવા અને રાજયના ૧૦ જિલ્લાઓ જેમ કે, અમરેલી, કચ્છ, પાટણ, જામનગર, સુરેન્દ્રનગર, વલસાડ, સુરત, નવસારી, ભરૂચ અને અમદાવાદના પછાત તાલુકાને આવરી લેવા ભારત સરકારમાં તા.૨૦-૩-૨૦૦૬ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયેધરી યોજનામાં સુરત જિલ્લાનો સમાવેશ કર્યો છે એ બદલ હું કેન્દ્ર સરકારને પહેલા ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આ બાબત રાજય સરકાર ગંભીર થઈ એનો સંપૂર્ણ અમલ કરાવે અને આ યોજના છેવાડાના લોકો સુધી પહોંચે એવા પ્રયત્નો કરે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના મારફત એ પૂછવા માગું છું કે, ફેબ્રુઆરી ૨૦૦૭ના અંતે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયેધરી યોજના હેઠળ કેન્દ્ર સરકારની કુલ કેટલી ગ્રાન્ટ રાજય સરકારને મળી હતી, આ ગ્રાન્ટમાંથી સુરત જિલ્લા માટે કેટલી રકમ ફાળવવામાં આવી? બીજું કુલ કેટલી રોજગારી ઊભી કરવામાં આવી અને એમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને આ પૈકી આદિવાસીઓને કેટલી રોજગારી આપવામાં આવી? અને ત્રીજું રાજય સરકારે તા. ૨૦-૩-૨૦૦૬ના પત્રથી ભારત સરકારમાં દરખાસ્ત કરી હતી એ અંગે કેન્દ્ર સરકારે શું જવાબ આપ્યો? એ જાણવા માગું છું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ જ હાઉસમાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ગુજરાતને અન્યાય કરી રહી છે એની ઉત્તમ સાબિતી આનાથી મોટી બીજી કોઈ ન હોઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, સુરત જેવો આદિવાસી-પછાત જિલ્લો છે ત્યારે કેન્દ્ર સરકારે અહીંયા એમના પ્રમુખ આવ્યા મોટી રેલી કરી અને ત્યાં આદિવાસીઓની વાત કરી ગયા ત્યારે એના પડોશી જિલ્લો વડોદરા અને સુરત જિલ્લો જે આદિવાસી-પછાત જિલ્લો છે એનો આ યોજનામાં સમાવેશ ન કર્યો અને એના પછી ત્યાં જઈને એની જાહેરાત ન કરી. જે જાહેરાત કરી છે એમાં ગુજરાતના ૩, રાજસ્થાનના ૪, મધ્યપ્રદેશના ૬, મહારાષ્ટ્રના ૬, બિહારના ૧૫ અને ઉત્તર પ્રદેશના ૧૩ જિલ્લાઓનો આ યોજનામાં સમાવેશ કરવાની જાહેરાત થઈ છે. આ કેન્દ્ર સરકારે ગુજરાતને કેટલો અન્યાય કર્યો છે એનો આ સીધો-સરળ પુરાવો છે. મારી લાગણી એ છે કે આ યોજનામાં સુરત જિલ્લાને સમાવવો જોઈએ, વડોદરા જિલ્લાને સમાવવો જોઈએ, કચ્છ જેવા પછાત જિલ્લાને પણ સમાવવો જોઈએ એના માટે અમે બધાએ આ રાજય સરકારના મુખ્ય મંત્રીશ્રીથી માંડીને બધાએ આદિવાસી પૅકેજ ડિકલેર કર્યું છે અને આ લાગણી વ્યકત કરવા માટે કેન્દ્ર સરકારમાં ફરી વાર રજૂઆત કરવામાં આવશે કે ગુજરાતના આદિવાસી અને પછાત જિલ્લાઓને આ યોજનામાં સમાવવા જોઈએ અને એના માટે આ લાગણી હું ત્યાં સુધી વ્યકત કરવા જઈશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્ન જે પૂછ્યો છે કે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયા ફાળવ્યા અને રાજય સરકારે કેટલા રૂપિયા વાપર્યા પહેલો પ્રશ્ન એમનો એ છે અને બીજો પ્રશ્ન એ છે કે મીનીમમ વેજીસ આખા દેશના પ્રમાણમાં ગુજરાતમાં સૌથી ઓછું એટલે કે ૬૦ રૂપિયા છે એ સુધારીને અને આ વધારે લાભ કેન્દ્ર સરકારના જે પૈસા આવે છે એ આપવા માગો છો કે કેમ અને ત્રીજો પ્રશ્ન એ છે એમનો કે (અંતરાય) તમારી સરકારમાં તો એક પણ જિલ્લો નહોતો, આ યોજના કેન્દ્ર સરકાર લઈને આવી છે, તમે તો કરોડપતિઓ માટેની યોજનાઓ લઈને આવો છો, ગરીબ આદિવાસીઓ માટે તમારી પાસે કોઈ યોજનાઓ નથી. ગરીબ કરોડપતિઓ માટેની યોજનાઓ તમે લઈને આવો છો, માત્ર ડાંગ જિલ્લામાં બાવીસ કરોડમાંથી ચાર કરોડ રૂપિયા વાપર્યા છે આ પૈસા વધારે વપરાય એના માટે આ સરકાર કંઈ કરવા માગે છે કે કેમ? આનો જવાબ આપો, રાજકીય અવલોકન ના કરો.

| | | | | ૪ | માન. ધારાસભ્યશ્રી નરેન્દ્રસિંહ એમ. જાડેજા (અબડાસા) | ૧૨-૭-૦૬ | ૧ |
| | | | | ૫ | માન. ધારાસભ્યશ્રી છબીલભાઇ પટેલ (માંડવી) | ૩-૧૨-૦૪<br>૯-૧-૦૫<br>૧૮-૨-૦૫<br>૨૧-૨-૦૫<br>૭-૩-૦૫<br>૫-૪-૦૫<br>૭-૫-૦૫<br>૨૦-૫-૦૫<br>૨૭-૧૨-૦૫<br>૩૧-૧-૦૬<br>૧૮-૩-૦૬<br>૨૮-૩-૦૫<br>૧૨-૪-૦૬<br>૨૮-૪-૦૬<br>૩-૭-૦૬<br>૧૪-૨-૦૭ | ૧૬ |
| | | કુલ : | ૧૦ | | | કુલ : | ૨૬ |

-----------

**સુરત જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસની અરજીઓ**

૨૩૧૪૪ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ડૉ. આંબેડકર આવાસ હેઠળ કેટલી અરજીઓ આવેલ હતી, | (૧) ૧૧૦ અરજીઓ<br>(૧) તા. ૧-૨-૦૪ થી તા. ૩૧-૧-૦૫ શૂન્ય<br>(૨) તા. ૧-૨-૦૫ થી તા. ૩૧-૧-૦૬ ૭૭<br>(૩) તા. ૧-૨-૦૬ થી તા. ૩૧-૧-૦૭ ૩૩<br>કુલ : ૧૧૦ |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને કેટલી બાકી છે, અને | (૨) (૧) ૮ (આઠ) અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.<br>(૨) ૧૦૨ અરજીઓ નામંજૂર કરેલ હોઇ, એકપણ અરજી બાકી નથી. |
| (૩) બાકી અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સુરત જિલ્લાના ગ્રામ વિકાસ એજન્સી દ્વારા બનાવેલ રસ્તા**

૨૨૪૨૨**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ક્યા ક્યા અને કેટલા રસ્તાઓ બનાવવામાં આવ્યા, | (૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ગ્રામ વિકાસ એજન્સી દ્વારા માટી-મેટલ-ગ્રામ્ય ખેતરને જોડતાં નીચેની વિગતે તાલુકાવાર રસ્તાઓ બનાવવામાં આવ્યા. |

| તાલુકાનું નામ | માંડવી | સોનગઢ | ઉચ્છલ | નિઝર | કુલ |
|---|---|---|---|---|---|
| રસ્તાઓની સંખ્યા | ૮૮ | ૮૪ | ૩૭ | ૩૧ | ૨૪૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પેકી કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયા છે, અને | (૨) ૨૪૦ રસ્તાઓના તમામ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) બાકી રહેલા રસ્તાઓનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભાવનગર જિલ્લામાં પંચાયતના મકાન**

૨૩૨૦૫**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ કેટલી ગ્રામ પંચાયતોને પોતાનું મકાન છે, | (૧) ૭૭૧ ગ્રામ પંચાયતોને |
| (૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા મકાનો બાંધવામાં આવ્યા છે, | (૨) કુલ : ૩૯ |
| (૩) કેટલા બાકી છે, અને | (૩) એકપણ નહી. |
| (૪) ક્યાં સુધીમાં બાંધવાનું રાજ્ય સરકારનું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**નિર્મળ ગામ જાહેર થયેલ ગામોને પ્રોત્સાહન**

૨૨૮૯૪ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ""નિર્મલ ગુજરાત"" ૨૦૦૭ વર્ષની ઉજવણી નિમિત્તે ગ્રામ્ય વિસ્તારોમાંથી ગંદકી દૂર કરવા જરૂરી સ્વચ્છતા રાખવાના સાધનો ખરીદવા માટે ગ્રામ પંચાયતોને શું આર્થિક મદદ કરવામાં આવે છે,

(૨) ગ્રામ્ય વિસ્તારોમાં શોચાલયો બનાવવા માટે અપાતી રકમ અપુરતી હોઇ આ રકમમાં કોઇ વધારો કરવા માંગો છો કે કેમ,

(૩) જે ગામ ""નિર્મલ ગામ"" જાહેર થાય તે ગામને રાજ્ય સરકાર પ્રોત્સાહન સ્વરૂપે કેટલા રૂપિયાનું ઇનામ આપે છે, અને

(૪) ""નિર્મલ ગામ"" માટે લોક જાગૃતિનું કામ કરવા રોકેલી એન.જી.ઓ.ના કામની દેખરેખ માટે શું પધ્ધતિ અમલમાં છે ?

**જવાબ**

(૧) ગ્રામ્ય વિસ્તારોમાંથી ગંદકી દૂર કરવા માટે સાધનો ખરીદવાની કોઈ સૂચિ ભારત સરકારની સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનની માર્ગદર્શિકા પ્રમાણે આપવામાં આવી નથી. તેમ છતાં, ઘન ક્ચરા અને ગંદા પાણીના નિકાલ માટેની યોજના માટે ગ્રામ પંચાયતના વિલેજ સેનીટેશન પ્લાનની કિંમતના ૧૦ ટકાની જોગવાઈ હોય છે. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજનાની અમલવારી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે છે.

(૨) સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત શોચાલય બનાવવાની યોજના કેન્દ્ર પુરસ્કૃત છે. જેથી આ બાબત કેન્દ્ર સરકારની નીતિ વિષયક બાબત છે.

(૩) નિર્મળ ગ્રામ જાહેર થાય તે માટે ગામને રાજ્ય સરકાર તરફથી પ્રોત્સાહન સ્વરૂપે કોઈ ઈનામ આપવાની જોગવાઈ નથી.

(૪) ""નિર્મળ ગુજરાત"" માટે લોક જાગૃતિનું કામ કરવા કોઈ અલગથી એન. જી.ઓ રોકવામાં આવી નથી.

-----------

**રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓનું સેટઅપ**

૨૩૨૦૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં કુલ કેટલા તલાટી-કમ-મંત્રીઓનું સેટઅપ છે,

(૨) ત્રણે તાલુકાઓની કઇ કઇ પંચાયતોમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ છે, અને

**જવાબ**

(૧)

| અનુક્રમ નંબર | તાલુકાનું નામ | મંજુર જગ્યા |
|---|---|---|
| (૧) | ટંકારા | ૩૨ |
| (૨) | પડધરી | ૪૧ |
| (૩) | મોરબી | ૫૭ |

(૨) પત્રક અ મુજબ (પત્રક સામેલ છે.)

**પત્રક અ**

**રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકાની નીચે દર્શાવેલ પંચાયતોમાં તલાટી-કમ-મંત્રીની જગ્યા ખાલી છે.**

| અ. નં. | તાલુકાનુ નામ | પંચાયતના નામ |
|---|---|---|
| (૧) | ટંકારા | વીરવાવ |
| | | કલ્યાણપર |
| | | સજ્જનપર |
| | | મોટા-રામપર-નાના રામપર |
| | | રોહિશાળા |
| | | મહેન્દ્રનગર |
| (૨) | પડધરી | હડમતિયા (જં.) |
| | | થોરીયાળી |
| | | અડબાલકા |
| | | સરપદળ-૧ |
| | | લીવરીઝર્વ |
| (૩) | મોરબી | વીરપરડા |
| | | નીચીમાંડલ |
| | | ખરેડા |
| | | બગથળા-૨ |

| | | |
|---|---|---|
| | | જેતપર (મ)-૧ |
| | | નવાસાર્દુકા |
| | | લીવરીઝવ |
| | | લીવરીઝવ |

(૩) તે કેટલા સમયમાં ભરવા માંગો છો ?

(૩) બનતી ત્વરાએ.

-----------

**રવિ સિઝનમાં રાસાયણિક ખાતરની ખેંચ**

૨૨૭૮૨ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ની રવિ સિઝનમાં રાસાયણિક ખાતરની ભારે ખેંચના કારણે રાજ્યના ખેડૂતોને ઘણી હાલાકી ભોગવવી પડી અને સમયસર પાક્ને ખાતર નહી આપી શક્વાના કારણે પાક ઓછો ઉતરવાની શક્યતા અંગે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ વિકટ પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા તાકીદનાં કેવા પગલાં લેવામાં આવ્યાં, અને

(૩) ખેડૂતોને ત્વરિત જરૂરી પ્રમાણમાં ખાતર મળે તે માટે અને ખાતરના અભાવે ખેડૂતોને ધાર્યા કરતાં ઓછું ઉત્પાદન થવાનું હોઇ, આ અંગે સરકાર દ્વારા ખેડૂતોને રાહતની કોઇ પેકેજ યોજના કરવામાં આવશે કે કેમ ?

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૦૭ની રવિ સિઝનમાં ટુંકા સમયગાળામાં ફક્ત યુરિયા ખાતરની ખેંચ હતી, યુરિયા ખાતરનાં વિકલ્પમાં અન્ય નાઈટ્રોજનયુક્ત ખાતરો જેમ કે એમોનિયમ સલ્ફેટ, કેલ્શીયમ એમોનિયમ નાઈટ્રેટ વગેરે વાપરી શકાય છે. આમ ટુંકાગાળા માટે યુરિયા ખાતરની ખેંચના કારણે માત્ર બે થી પાંચ ટકા અંદાજે ઓછું ઉત્પાદન થવાની શક્યતા છે.

(૨) યુરિયા ખાતરની ખેંચને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે, કેન્દ્ર સરકાર પાસે વધુ જથ્થાની માંગણી કરેલ, અને પ્રાપ્ત થયેલ જથ્થાને જિલ્લા/તાલુકાવાર માંગણી અને પુરવઠો ધ્યાને લઈ વહેંચણી કરેલ. ખાતર ઉત્પાદકો અને વિતરકોને જરૂરી સૂચનાઓ આપેલ અને વિતરકોને જરૂરી સૂચનાઓ આપેલ અને બફર સ્ટોક્નું આયોજન કરવા વિતરકોને/સંસ્થાઓને સૂચનાઓ આપેલ. રાજ્યની માંગણી મુજબનો જથ્થો પુરો પાડવા માટે કેન્દ્ર સરકારમાં ફોનથી, રૂબરૂ જઈને અને પત્રવ્યવહારથી રજુઆતો કરેલ, માંગણીને પહોંચી વળવા માટે વિદેશથી પણ ખાતર આયાત કરેલ તેમજ સતત મોનીટરીંગ કરેલ.

(૩) ખેડૂતોને ત્વરિત જરૂરી પ્રમાણમાં ખાતર મળે તે માટે સઘન પ્રયત્નો કરેલ છે. આવી કોઈ વિચારણામાં નથી.

-----------

**ગારીયાધાર પંચાયતમાં વાહન**

૨૨૩૧૧**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર તાલુકા પંચાયતમાં વાહન ક્યારે આપવામાં આવેલ છે, અને

(૨) હાલ વાહનની સ્થિતિ શું છે ?

**જવાબ**

(૧) તા. ૨૨-૪-૧૯૯૧

(૨) જાહેર હરાજીથી નિકાલ કરેલ છે.

-----------

**ભારે વરસાદથી નુક્સાન અન્વયે ખેડૂતોને રાહત**

૨૨૭૩૦**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જુલાઇ અને ઓગષ્ટ-૨૦૦૬ દરમિયાન રાજ્યમાં આવેલ ભારે પુરની પરિસ્થિતિથી થયેલ નુક્સાન અન્વયે સરકારે કૃષિવિષયક કઇ કઇ રાહતો જાહેર કરી ?

**જવાબ**

જુલાઈ-ઓગસ્ટ-૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં આવેલ પૂરની પરિસ્થિતિથી થયેલ નુક્સાન અન્વયે સરકારશ્રીએ તા. ૪-૯-૨૦૦૬ના ઠરાવથી કૃષિ સહાય પેકેજ ૧થી ૪ તેમજ સહાયિત દરે બીજ વિતરણ યોજના જાહેર કરી હતી. જેની વિગત નીચે મુજબ છે.

**અ.** પેકેજ-૧માં ઉભા પાક ૫૦ % કે તેથી વધુ નિષ્ફળ ગયો હોય તેવા નાના અને સિમાંત ખેડૂતોને વાર્ષિક

ખેતી/બાગાયતી બીન પિયત પાકો માટે રૂા. ૧૫૦૦/- અને પિયત પાકો માટે રૂા. ૩૦૦૦/- પ્રતિ હેક્ટરે સહાય, જ્યારે બહુ વર્ષાયુ બાગાયતી પાકો માટે રૂા. ૪૦૦૦/- પ્રતિ હેક્ટરે સહાય.

**બ.** પેકેજ-૨માં નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતોને ઉભા પાકમાં ૫૦% કે તેથી વધુ નુક્સાન થયેલ હોય તો રૂા. ૧૦૦૦/- પ્રતિ હેકટર પ્રમાણે વધુમાં વધુ ત્રણ હેકટર માટે સહાય.

**ક.** પેકેજ-૩માં જે ખેડૂતોને યાંત્રિક સાધનો, સિંચાઈના સાધનો અને હયાત કુવા/ટ્યુબવેલમાં નુક્સાન થયેલ હોય તો તેવા બી. પી. એલ. ની યાદીમાં સમાવિષ્ટ ન થયેલ હોય તેવા નાના અને સિમાંત ખેડૂતોને ખર્ચના ૫૦ % પરંતુ વધુમાં વધુ રૂા. ૫૦૦૦/-ની મર્યાદામાં અને બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન થયેલ હોય તેવા નાના અને સિમાંત ખેડૂતોને ખર્ચના ૨૫ % અને વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- ની મર્યાદામાં બેન્કેબલ યોજના અંતર્ગત સહાય.

ડ. પેકેજ-૪માં જમીનમાં નદી/નાળાના પ્રવાહ બદલવાના કારણે મોટા પાયે જમીનનું ધોવાણ થયેલ હોય તેવા સંજોગોમાં જમીન મુળ સ્વરૂપમાં લાવવા માટે નાના અને સિમાંત ખેડૂતોને રૂા. ૧૦૦૦/- પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય.

જ્યારે જમીનમાં ઓછા વધતું ધોવાણ થયેલ હોય અથવા રેતી/કાંપના ભરાવાના કારણે જમીન અસમતલ બનેલ હોય તેવા સંજોગોમાં જમીન મુળ સ્વરૂપમાં લાવવા માટે થયેલ ખર્ચના નાના અને સિમાંત ખેડૂતોને અનુક્રમે ૨૫% અને ૩૩.૧/૩% અને મુજબ રૂા. ૫૦૦૦/-ની મર્યાદામાં સહાય.

નાના અને સિમાંત ખેડૂતો સિવાયના તમામ ખેડૂતોને મોટા પ્રમાણમાં જમીન ધસી પડી હોય/નદી-નાળા કે નદીના કોઈ ફાંટાના વહેણ બદલાવવાથી ધોવાણ થયેલ હોય કે જમીન અસમતલ થઈ હોય તેને સમતલ કરવા મૂળ સ્વરૂપમાં લાવવા રૂા. ૫૦૦૦/- પ્રતિ હેકટર અથવા ખરેખર ક્ચ્છ એ બેમાંથી જે ઓછુ હોય તે પરંતુ વધુમાં વધુ પાંચ હેકટરની મર્યાદામાં સહાય.

**ઈ.** ખરીફ ૨૦૦૬ કે રવિ, ૦૬-૦૭માં અપાતકાલીન પુનઃ વાવેતર માટે સહાયીત દરે બીજ વિતરણની યોજના.

રાજ્યના નાના અને સિમાંત ખેડૂતો કે જેનું વાવેતર ૫૦ % તેથી વધારે વિસ્તારમાં નિષ્ફળ ગયેલ હોય તેને પુનઃ વાવેતર માટે બિયારણની ખરીદ કિંમતના ૭૫ % અને નાના સિમાંત સિવાયના ખેડૂતોને ૫૦ % લેખે રૂા. ૫૦૦/- પ્રતિ હેકટરની મર્યાદામાં વધુમાં વધુ પાંચ હેકટર માટે ખરીફ ૨૦૦૬ કે રવિ-૨૦૦૬-૦૭માં સહાયના દરે બીજ વિતરણ.

### ખાંડ સહકારી ક્ષેત્રે એન.સી.ડી.સી. ની મદદ

૨૨૭૦૬**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખાંડ સહકારી ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા | (૧) તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં રૂા. |

જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ ભારત સરકાર એન.સી.ડી.સી. ની કેટલી મદદ મળેલ છે, અને

૧૩૯૫૬.૭૪૯ લાખની મદદ મળેલ છે.

(૨) આ સહાય સતત મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રયત્ન કરેલ છે ?

(૨) હા, જી.

-----------

**સંતરામપુર અને કડાણા તાલુકામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગા**

૨૩૧૯૪**શ્રી પ્રબોધકાંત દા. પંડ્યા (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંતરામપુર અને કડાણા તાલુકામાં તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાલી છે, અને

**જવાબ**

(૧)

| અનુક્રમ નંબર | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | સંતરામપુર | ૦૬ |
| ૨. | કડાણા | ૦૩ |

(૨) આ જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૨) પંચાયત સહાયકની ભરતી દ્વારા તથા રહેમરાહે નિમણૂંકમાં તલાટી-કમ-મંત્રીનો વિકલ્પ મેળવીને ભરવાનું આયોજન છે.

-----------

**૨૩૮/page>રાજ્યમાં કુંવરબાઇનું મામેરૂ યોજના માટે ગ્રાન્ટની ફાળવણી**

૨૩૨૨૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૬ની સ્થિતિએ રાજ્યમાં ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ કુંવરબાઇના મામેરા યોજના હેઠળ ફાળવણી કરાઇ,

(૨) ખેડા, આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલી રકમની ગ્રાન્ટ કેટલા અરજદારોને ચૂકવાઇ,

(૩) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી અરજીઓ ક્યા જિલ્લામાં પડતર છે,

(૪) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ છે, અને

(૫) ક્યારે ચૂકવણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક-અ. મુજબ

(૨) સમેલ પત્રક-બ મુજબ

(૩) સમેલ પત્રક-ક મુજબ

(૪) અને (૫) : અનુસૂચિત જાતિ માટેની વણપવરાયેલી રૂા. ૬૫.૪૫ લાખની ગ્રાન્ટની ચૂકવણી બનતી ત્વરાએ કરવામાં આવશે.

**પત્રક-અ**

ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ જિલ્લાવાર ફાળવેલ ગ્રાન્ટની વિગતો દર્શાવતું પત્રક

**રૂા. લાખમાં**

| ક્રમ | જિલ્લાનું નામ | અનુસૂચિત જાતિ | સા. શે. પ. વ. |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૪.૬૦ | ૧.૮૫ |
| ૨ | ગાંધીનગર | ૬.૫૦ | - |
| ૩ | મહેસાણા | ૧૦.૭૮ | ૨.૨૫ |
| ૪ | પાટણ | ૫.૯૫ | ૨.૭૫ |
| ૫ | ખેડા | ૬.૨૩ | ૩.૪૦ |
| ૬ | આણંદ | ૪.૮૮ | ૪.૧૫ |
| ૭ | સાબરકાંઠા | ૯.૨૫ | ૧.૦૦ |
| ૮ | બનાસકાંઠા | ૧૪.૮૦ | - |
| ૯ | રાજકોટ | ૨૨.૯૫ | ૨.૬૦ |
| ૧૦ | જામનગર | ૧૧.૮૫ | ૫.૫૦ |
| ૧૧ | જૂનાગઢ | ૧૪.૮૩ | ૧૧.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | પોરબંદર | ૩.૪૦ | - |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૧.૨૦ | ૧૨.૨૦ |
| ૧૪ | ભાવનગર | ૮.૬૦ | ૧૦.૩૦ |
| ૧૫ | અમરેલી | ૯.૫૮ | ૨૫.૦૦ |
| ૧૬ | કચ્છ | ૬.૯૦ | ૦.૬૫ |
| ૧૭ | સુરત | ૪.૩૮ | - |
| ૧૮ | વડોદરા | ૫.૭૦ | ૫.૬૦ |
| ૧૯ | ભરૂચ | ૩.૦૦ | ૧.૦૦ |
| ૨૦ | નર્મદા | ૦.૩૮ | - |
| ૨૧ | વલસાડ | ૨.૭૦ | ૨.૦૫ |
| ૨૨ | નવસારી | ૧.૪૫ | - |
| ૨૩ | દાહોદ | ૧.૩૫ | ૦.૩૦ |
| ૨૪ | પંચમહાલ | ૫.૨૦ | ૧.૦૦ |
| ૨૫ | ડાંગ | - | - |
| | કુલ : | ૨૨૬.૪૬ | ૯૨.૬૦ |

**પત્રક-બ**

**રૂા. લાખમાં**

| ક્રમ | જિલ્લો | અનુસૂચિત જાતિ | | સા. શૈ. પ,. વ. | |
|---|---|---|---|---|---|
| | | ચુક્વેલ ગ્રાન્ટ | લાભાર્થીઓની સંખ્યા | ચુક્વેલ ગ્રાન્ટ | લાભાર્થીઓની સંખ્યા |
| ૧ | ખેડા | ૩.૧૫ | ૬૫ | ૩.૪૦ | ૬૮ |
| ૨ | આણંદ | ૩.૪૫ | ૬૮ | ૪.૧૫ | ૮૩ |
| ૩ | વડોદરા | ૪.૨૦ | ૯૪ | ૫૦૬૦ | ૧૧૨ |

**પત્રક-ક**

| ક્રમ | જિલ્લો | અનુસૂચિત જાતિની ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પડતર અરજીઓ | સા.શૈ.પ.વર્ગની ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પડતર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯૨ | - |
| ૨ | મહેસાણા | ૩૫ | - |
| ૩ | પાટણ | ૪૫ | - |
| ૪ | ખેડા | ૪ | |
| ૫ | આણંદ | ૨૯ | - |
| ૬ | સાબરકાંઠા | ૫૦ | - |
| ૭ | જામનગર | ૪૧ | - |
| ૮ | જૂનાગઢ | ૨૯ | - |
| ૯ | સુરેન્દ્રનગર | ૨૦ | - |
| ૧૦ | ભાવનગર | ૫૧ | - |
| ૧૧ | અમરેલી | ૪૪ | - |
| ૧૨ | કચ્છ | ૨૪ | - |
| ૧૩ | ભરૂચ | ૧ | - |
| ૧૪ | વલસાડ | ૫ | - |
| ૧૫ | સુરત | - | ૭૨ |
| ૧૬ | રાજપીપળા | - | ૧૩ |
| ૧૭ | નવસારી | - | ૬૧ |
| | કુલ પડતર અરજીઓ | ૫૭૦ | ૧૪૬ |

-----------

**હાલોલ અને જાંબુઘોડામાં જીપો ખરીદવા મંજૂરી**

૨૩૨૦૨**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના હાલોલ અને જાંબુઘોડા તાલુકા પંચાયતોએ તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ નવીન જીપો ખરીદવા માટે મંજૂરી માંગેલ છે કે કેમ, અને | (૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ પાસે દરખાસ્ત રજુ થયેલ છે. |
| (૨) જો હા, તો આ બંને તાલુકા પંચાયતોને ક્યાર સુધી નવીન જીપો ખરીદવા માટેની મંજૂરી આપવામાં આવશે ? | (૨) સરકારમાં દરખાસ્ત મળ્યેથી વિચારણા કરવામાં આવે છે. |

-----------

**રાજ્યમાં બાયો ફર્ટીલાઇઝરનો ઉપયોગ**

૨૩૧૫૫**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાયો ફર્ટીલાઇઝરના (જૈવિક ખાતર) નો ઉપયોગ વધારે થાય એવું સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હાલ કેટલા વિસ્તારમાં ઉપયોગ થાય છે, | (૨) વર્ષમાં અંદાજે ૫ લાખ હેક્ટર જેટલો વિસ્તાર |
| (૩) ક્યા ક્યા પાકોમાં ઉપયોગ થાય છે, અને | (૩) મોટા ભાગના પાકોમાં ઉપયોગ થાય છે. |
| (૪) આવા પાકો માટે બજાર મળી રહે તે માટે શું આયોજન છે ? | (૪) આવા પાકો માટે બજાર મળી રહે, તે માટે સરકાર પ્રયત્નશીલ છે. |

-----------

**રાજ્યમાં યુરિયા ખાતર ઉપલબ્ધ કરવા લીધેલ પગલાં**

૨૩૦૩૮ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને પુરતા પ્રમાણમાં ""યુરિયા"" ખાતર ઉપલબ્ધ નહીં થતું હોવાની હકીકતથી સરકાર માહિતગાર છે ખરી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને | (૨) (૧) નીચે મુજબના કારણો છે :-<br>(૨) યુરિયા ખાતર એ નિયંત્રિત ખાતર છે. ભારત સરકાર દ્વારા ખાતરની ઉપલબ્ધી ધ્યાને લઈને સમીક્ષા કરીને તમામ રાજ્યોને ફાળવવામાં આવે છે. દેશની/રાજ્યની માંગ કરતાં પુરવઠો અપુરતો હોઈ, ક્યારેક ખેડુતોને પુરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ થતું નથી.<br>(૨) ચાલુ વર્ષ ભારે વરસાદનાં કારણે રાજ્યનો ક્રિભકો પ્લાન્ટ બંધ પડેલ, તેમજ ગેસની અછતનાં કારણે જીએસએફસી યુરિયા પ્લાન્ટ પણ પુરતા પ્રમાણમાં ઉત્પાદન કરી શકેલ નથી.<br>(૩) ભારે વરસાદના કારણે રેલવે ટ્રેક/રસ્તાઓ ધોવાઈ જતાં ટ્રાન્સ પોટેશનનો પ્રશ્ન ઉદ્ભવેલ.<br>(૪) રેલવે દ્વારા ૮૦૦ કિ.મી. થી ઓછા ટ્રાન્સપોટેશન માટે તાત્કાલિક ધોરણે વેગનો ફાળવવામાં આવતાં નથી.<br>(૫) ભારત સરકાર પાસે યુરિયા ખાતરની માંગણી કરેલ, તેના કરતાં સપ્લાય ઓછો અને મોડો જથ્થો ઉપલબ્ધ થયેલ છે. |
| (૩) આ અંગે સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શી છે ? | (૩) સરકારશ્રી ધ્વારા સમયાંત્તરે રાજ્ય ખાતર સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવે છે. જેમાં |

સરકારશ્રીનાં અધિકારીઓ, ખૉતર ઉત્પાદકો, વિતરકો વગેરે ચર્ચા વિચારણા કરી, ચાલુ વર્ષની યુરિયા ખાતરની માંગ અને ઉપલબ્ધીની સમીક્ષા કરવામાં આવે છે.
જિલ્લાવાર/તાલુકાવાર/માસવાર ખાતર સપ્લાય પ્લાન તૈયાર કરવામાં આવે છે અને તેનું મોનીટરીંગ થાય છે. કેન્દ્ર સરકાર પાસે રૂબરૂ, ફોનથી, પત્ર વ્યવહારથી પરામર્શ કરવામાં આવે છે. દરેક મંડળીઓ/સંઘો/કંપનીઓને જિલ્લા તાલુકા મથકે અગાઉથી સ્ટોક કરી રાખવા માટે સુચનાઓ આપેલ છે. તેમજ વિદેશથી પણ યુરિયા ખાતર આયાત કરવામાં આવેલ છે.

-----------

## કચ્છ જિલ્લામાં વોટરશેડના કામો અંગે ફરીયાદ

૨૩૨૨૩**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વોટરશેડના કામો અંગે અંસતોષ અંગે ફરીયાદો આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષોમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકામાં કેટલા કામો પૈકી ક્યા ક્યા વોટરશેડના કામો કે સંસ્થાઓ સામે આવી ગેરરીતિ કે બીજી કાર્યદક્ષતા અંગે ફરીયાદો આવી છે, અને | (૨) કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષોમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભૂજ, અંજાર, માંડવી, નખત્રાણા, લખપત, અબડાસા અને રાપર તાલુકામાં વોટરશેડના વિવિધ કામો કે સંસ્થાઓ સામે ગેરરીતિ કે બીજી કાર્યદક્ષતા અંગે ફરિયાદો આવી છે, જેની વિગતો પત્રક-અ માં સામેલ છે. |
| (૩) જો ના, તો તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વોટરશેડની કેટલી કામગીરી કઇ કઇ સંસ્થાઓને, ગ્રામ પંચાયતો કે વ્યક્તિઓને સોંપવામાં આવી અને તા.૩૧-૧૨-૦૬ સુધીમાં તાલુકાવાર કામવાર મંજૂરી સામે કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં વિસંગતતા

૨૩૨૩૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૬-૨૦૦૭ની સાલમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં પ્રસિધ્ધ થયેલ બી.પી.એલ. યાદીમાં અનેક વિસંગતતાઓ જોવામાં આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) જિલ્લામાં વિવિધ સ્તરે રજુઆતો મળેલ છે. |
| (૨) જો હા, તો આ વિસંગતતાઓ કઇ કઇ છે, અને | (૨) નવા નામ ઉમેરવા તથા સુધારવા વગેરે રજૂઆતો મળેલ છે. |
| (૩) તેને દૂર કરવા સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૩) વાંધા સુચનો અંગે જવાબ કરવાની તથા પ્રથમ તબક્કામાં નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને નિયામકશ્રીના નિર્ણય સામે બીજા તબક્કામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સમક્ષ અપીલ કરવાની તેમજ ભારત સરકારશ્રીની સુચના મુજબ વહીવટી પ્રક્રિયા કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |

-----------

**રાજ્યમાં ગ્રામ મિત્રોની નિમણૂંક**

૨૩૦૮૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૬ અંતિત કેટલા ગ્રામમિત્રોની નિમણૂક કરવામાં આવેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) જે પૈકી સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી નિમણૂકો કરવામાં આવેલ છે ? | (૨) શૂન્ય. |

-----------

**ડૉ. આંબેડકર ભવનોના બાંધકામની શીલીંગમાં વધારો**

૨૨૭૩૬ ***શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા)* : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. આંબેડકર ભવનોના બાંધકામ માટે ભવન દીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને | (૧) જિલ્લા મથકોએ ડૉ. આંબોડકર ભવનોના બાંધકામ માટે રૂા. ૩૫.૦૦ લાખની મર્યાદા નક્કી કરવામાં આવી છે. |
| (૨) બાંધકામ શીલીંગમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવ્યો ? | (૨) તા. ૮-૧૨-૨૦૦૪ ના ઠરાવથી |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું સેટઅપ**

૨૩૨૧૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓનું સેટઅપ કેટલું છે,

**જવાબ**

(૧) ૬૦૪ (પત્રક-૧ મુજબ).

**પત્રક--૧**

**સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીના સેટઅપની વિગતો દર્શાવતું પત્રક.**

| અનુક્રમ નંબર | તાલુકાનું નામ | તલાટી-કમ-મંત્રીની મંજુર જગ્યા |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| (૧) | સાઈલા | ૪૮ |
| (૨) | ચોટીલા | ૬૫ |
| (૩) | મુળી | ૪૯ |
| (૪) | હળવદ | ૮૮ |
| (૫) | ધ્રાગંધ્રા | ૭૨ |
| (૬) | પાટડી | ૮૯ |
| (૭) | લખતર | ૪૨ |
| (૮) | લીંબડી | ૫૯ |
| (૯) | ચુડા | ૩૭ |
| (૧૦) | વઢવાણ | ૫૫ |
| | **કુલ** | **૬૦૪** |

(૨) સેટઅપ મુજબ જગ્યા ભરાયેલ છે કે કેમ, અને

(૨) ૪૩૪ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) જો ના, તો તાલુકાવાર સેટઅપ મુજબ ઘટ કેટલી છે ?

(૩) ૧૭૦ (પત્રક-૨ મુજબ).

**પત્રક-૨**

**સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીના સેટઅપ મુજબ મંજુર થયેલ જગ્યા પૈકી ઘટની વિગતો દર્શાવતું પત્રક.**

| અનુક્રમ | તાલુકાનું નામ | તલાટી-કમ-મંત્રીની મંજુર જગ્યા |
|---|---|---|

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| (૧) | સાઈલા | ૧૩ |
| (૨) | ચોટીલા | ૨૩ |
| (૩) | મુળી | ૦૯ |
| (૪) | હળવદ | ૩૧ |
| (૫) | ધ્રાગંધ્રા | ૧૪ |
| (૬) | પાટડી | ૨૧ |
| (૭) | લખતર | ૧૩ |
| (૮) | લીંબડી | ૧૯ |
| (૯) | ચુડા | ૦૯ |
| (૧૦) | વઢવાણ | ૧૮ |
| | **કુલ** | **૧૭૦** |

-----------

## બારડોલી તાલુકા પંચાયતનું મહેકમ

૨૨૬૧૯**શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ બારડોલી તાલુકા પંચાયતનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) મંજૂર થયેલ મહેકમની સામે કેટલી ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૨૮.

(૨) ૦૪

(૩) બનતી ત્વરાએ ઘટ પુરી કરવા સરકારશ્રી પ્રયત્નશીલ છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર પટેલ આવાસનો લક્ષ્યાંક

૨૨૬૨૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬માં તાલુકાવાર કુલ કેટલા આવાસોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૫-૦૬નો લક્ષ્યાંક** |
|---|---|---|
| ૧. | વઢવાણ | ૨૫ |
| ૨. | લખતર | ૨૫ |
| ૩. | લીંબડી | ૨૫ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૫-૦૬નો લક્ષ્યાંક** |
| ૪. | ચુડા | ૨૫ |
| ૫. | ચોટીલા | ૨૫ |
| ૬ | સાયલા | ૨૫ |
| ૭ | મુળી | ૨૫ |
| ૮. | ધ્રાંગધ્રા | ૨૫ |
| ૯. | હળવદ | ૨૫ |
| ૧૦. | દસાડા | ૨૫ |
| | **કુલ :-** | **૨૫૦** |

(૨) તે પેકી કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પેકી ૩૭૩ આવાસ મંજૂર કરવામાં આવ્યા.

(૩) મંજૂર થયેલ આવાસો પેકી કેટલા આવાસનું બાંધકામ તા.૩૧-૧૨-૦૬ સુધી પૂર્ણ થયેલ છે અને બાકી આવાસોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) મંજૂર થયેલ આવાસો પેકી કુલ ૨૫૮ આવાસનું બાંધકામ તા. ૩૧-૧૨-૦૬ સુધી પૂર્ણ થયેલ છે અને ૧૧૫ બાકી આવાસોનું કામ વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવામાં આવનાર છે.

-----------

## વિચરતી અને વિમુક્તિ જાતિના લોકો માટે પુનઃ સ્થાપન યોજના

૨૩૨૧૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વિચરતી અને વિમુક્તિ જાતિના લોકોના પુનઃ સ્થાપન કે વસવાટ માટેની કોઇ યોજના છે ખરી,

(૨) જો હા, તો એવી કઇ કઇ યોજનાઓ છે, અને

(૩) વર્ષ ૨૦૦૪-૦૫, વર્ષ ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ દરમ્યાન તા.૩૧-૧-૦૭ સુધીમાં આવા લોકોના પુનઃ સ્થાપન કે વસવાટ માટે કેટલી કામગીરી થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વસવાટ માટે પંડિત દિન દયાળ આવાસ યોજના.

(૩) ૪૦૯૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

-----------

## ડાંગ જિલ્લામાં પશુઓ ખરીદવા સહાય

૨૨૫૧૦**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડાંગ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ પશુઓ ખરીદવા કેટલા ઇસમોને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

પશુપાલન નિયામકશ્રી દ્વારા આવી કોઈ સહાય ચૂકવવામાં આવતી નથી. પરંતુ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ચૂકવવામાં આવતી સહાયની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આ.વિ.કમિ. | | ગ્રામ વિ.વિ. | |
|---|---|---|---|---|
| | ઈસમોની સંખ્યા | ઈસમોને ફાળવેલ રૂપિયા લાખમાં | ઈસમોની સંખ્યા | ઈસમોને ફાળવેલ રૂપિયા લાખમાં |
| ૨૦૦૫-૦૬ | ૨૮૭ | ૨૫.૬૯ | ૧૩૧૦ | ૧૧૮.૧૨ |
| ૨૦૦૬-૦૭ | ૫૦૧ | ૫૪.૨૪ | ૩૧૫૮ | ૩૩૦.૪૫ |
| કુલ | ૭૮૮ | ૭૯.૯૩ | ૪૪૬૮ | ૪૪૮.૫૭ |

-----------

## સ્લોટર હાઉસના નિયમોમાં સુધારા કરવા બાબત

૨૨૩૧૭**શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધી એનીમલ પ્રીઝર્વેશન એકટની જોગવાઇઓને વધુ અસરકારક બનાવવાની બાબત તથા સ્લોટર હાઉસ રૂલ્સ અન્વયે સુધારા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી તે બાબત ખરી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ તે અંગે શી પ્રગતિ થયેલી છે ?

**જવાબ**

(૧) ધી એનીમલ પ્રીઝર્વેશન એકટની જોગવાઇઓને વધુ અસરકારક બનાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે. સ્લોટર હાઉસ રૂલ્સ-૨૦૦૧ સુધારા અંગેની બાબત કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રની છે.

(૨) ધી એનીમલ પ્રીઝર્વેશન એકટની જોગવાઇઓને વધુ અસરકારક બનાવવા અન્વયે ગૃહ વિભાગના પરામર્શમાં તૈયાર કરવામાં આવેલ મુસદ્દો વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને ચકાસણી અર્થે રજુ કરવામાં આવેલ. જે અંગે તેઓના તરફથી સૂચવવામાં આવેલ સુધારા રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

-----------

**પોસ્ટ મેટ્રીકમાં અભ્યાસ કરતા બક્ષીપંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૨૩૧૯૬ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા મેટ્રીક પહેલા અને પોસ્ટ મેટ્રીકમાં અભ્યાસ કરતા બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ માં શિષ્યવૃત્તિ માટે કેટલી રકમ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નીચે મુજબ શિષ્યવૃત્તિની રકમ આપવામાં આવી.

| વર્ષ | મેટ્રિક પહેલાની શિષ્યવૃત્તિ | | પોષ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ | |
|---|---|---|---|---|
| | વિદ્યાર્થીની સંખ્યા | શિષ્યવૃત્તિ માટે મળેલ રકમ રૂા. લાખમાં | વિદ્યાર્થીની સંખ્યા | શિષ્યવૃત્તિ માટે મળેલ રકમ રૂા. લાખમાં |
| ૨૦૦૪-૦૫ | ૩૪૬૮૮૯ | ૧૦૩.૬૭ | ૮૫૯૭૨ | ૪૬૩.૮૪ |
| ૨૦૦૫-૦૬ | ૩૨૧૨૧૬ | ૩૫૪.૦૩ | ૯૮૩૩૧ | ૯૪૦.૧૨ |
| ૨૦૦૬-૦૭ (૩૧-૧-૦૭ની સ્થિતિએ | ૨૩૮૪૮૯ | ૩૭૭.૮૨ | ૫૮૯૫૩ | ૫૨૧.૧૩ |

બક્ષીપંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી.

| વર્ષ | મેટ્રિક પહેલાની શિષ્યવૃત્તિ | | પોષ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ | |
|---|---|---|---|---|
| | વિદ્યાર્થીની સંખ્યા | શિષ્યવૃત્તિ માટે મળેલ રકમ રૂા. લાખમાં | વિદ્યાર્થીની સંખ્યા | શિષ્યવૃત્તિ માટે મળેલ રકમ રૂા. લાખમાં |
| ૨૦૦૪-૦૫ | ૫૯૩૨૦ | ૩૩૫.૩૦ | ૧૫૨૦૦ | ૩૬૫.૦૫ |
| ૨૦૦૫-૦૬ | ૯૧૦૦૦ | ૪૫૬.૬૫ | ૧૩૬૦૦ | ૩૪૪.૧૨ |
| ૨૦૦૬-૦૭ (૩૧-૧-૦૭ની સ્થિતિએ) | ૭૮૫૦૦ | ૩૪૬.૧૧ | ૧૭૮૦૦ | ૪૦૧.૯૬ |

(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ વર્ષ ૨૦૦૬-૦૭ માં આ સદરે કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૨) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ ગ્રાન્ટ મળેલ છે.
પ્રિ-મેટ્રિક રૂા. ૩૭૭.૮૨ લાખ
પોષ્ટ મેટ્રિક રૂા. ૫૨૧.૧૩ લાખ
બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ ગ્રાન્ટ મળેલ છે.
પ્રિ-મેટ્રિક રૂા. ૩૪૬.૧૧ લાખ
પોષ્ટ મેટ્રિક રૂા. ૪૦૧.૯૬ લાખ

(૩) કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) અનુસૂચિત જાતિ માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.
પ્રિ-મેટ્રિક રૂા. ૩૭૭.૮૨ લાખ
પોષ્ટ મેટ્રિક રૂા. ૫૨૧.૧૩ લાખ
બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| પ્રિ-મેટ્રિક | રૂા. ૩૪૯.૯૪ લાખ |
| પોષ્ટ મેટ્રિક | રૂા. ૩૭૯.૮૩ લાખ |

-----------

**વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૨૨૭૩૫**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૫-૦૬ માં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓ ગણવેશ માટે નાણાકીય સહાયને પાત્ર હતા, અને | (૧) ૩૪,૨૯,૮૩૮ વિદ્યાર્થીઓ |
| (૨) તે પૈકી તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી? | (૨) ૩૪,૨૪,૦૪૯ વિદ્યાર્થીઓને રૂા. ૫૧૩૫.૭૪ લાખ. |

----------

**રાજ્યના મત્સ્ય બંદરોનો વિકાસ**

૨૨૭૧૪**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રાજ્ય સરકારે ક્યા ક્યા મત્સ્ય બંદરો વિકસાવવાની કામગીરી હાથ ધરી છે, | (૧) (૧) ધોલાઈ<br>(૨) ઓખા<br>(૩) ભદેલી જગાલાલા<br>(૪) ઉમર ગામ<br>(૫) જાફરાબાદ<br>(૬) નવાબંદર<br>(૭) સુત્રાપાડા |
| (૨) જે તે વર્ષમાં કેટલો ખર્ચ થયો છે, અને | (૨)<br>વર્ષ — કરેલ ખર્ચ<br>૨૦૦૫-૦૬ — રૂા. ૫.૬૩ ક્રોડ<br>૨૦૦૬-૦૭ — રૂા. ૩.૧૮ ક્રોડ (જાન્યુઆરી-૦૭ અંતિત) |
| (૩) હયાત અને ક્યા નવા મત્સ્ય બંદર વિકસાવવાનું સરકારનું આયોજન છે ? | (૩) **હયાત મત્સ્ય બંદરો**<br>(૧) વેરાવળ, માંગરોળ, પોરબંદરના અપગ્રેડેશનના કામો<br>(૨) પોરબંદર તથા માંગરોળ ખાતે સેટેલાઈટ હાર્બર વિકસાવવાનું આયોજન<br>**નવા મત્સ્ય બંદરો**<br>(૧) ધોલાઈ<br>(૨) ઓખા<br>(૩) ભદેલી જગાલાલા<br>(૪) ઉમર ગામ<br>(૫) જાફરાબાદ<br>(૬) નવાબંદર<br>(૭) સુત્રાપાડા<br>વિકસાવવાનું આયોજન છે. |

-----------

**ભિલોડા તાલુકામાં માછીમારીના પરવાનેદાર સામે ફરીયાદ**

૨૩૧૯૨**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ હાથમતી અને ઇન્દ્રાસી ડેમમાં માચ્છીમારીનું | (૧) કુલ- (૮) આઠ ફરિયાદ મળેલ છે. |

કામ કરતા પરવાનેદાર સામે છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલી ફરીયાદો મળી,

(૨) આ ફરીયાદો કઇ કઇ હતી, અને

(૨) ૮ ફરિયાદ પેકી ૬ ફરિયાદો મંડળીની ગેરરીતિ અંગેની, એક ફરિયાદ બિહારી માણસો દ્વારા મચ્છીમારી કરવાની અને એક ફરિયાદ હુમલો કરવા અંગેની હતી.

(૩) સરકારે પરવાનેદાર સામે શાં પગલાં લીધા ?

(૩) પરવાનેદાર મંડળીએ જે ગેરરીતિ આચરેલ છે, તે વિગતો સાથે મંડળી સામે સહકારી કાયદા મુજબ પગલાં લેવા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓને ભલામણ કરેલ છે.

-----------

**સમાજ કલ્યાણ ખાતાની બંધ થયેલ યોજનાઓ બાબત**

૨૩૨૩૪ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં સમાજ કલ્યાણ ખાતા તરફથી તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કઇ યોજના બંધ કરવામાં આવેલ છે, અને

(૧) શૂન્ય

(૨) એના કારણો શું છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભાવનગર જિલ્લામાં ઇન્દિરા આવાસનો લક્ષાંક**

૨૩૨૪૩**ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઇન્દિરા આવાસ યોજના હેઠળ સન ૨૦૦૬-૦૭ દરમ્યાન કુલ કેટલા આવાસ બનાવવાનું આયોજન હતું, અને

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં આવાસ બનાવવાનું આયોજન નીચે મુજબનું હતું.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભાવનગર | ૫૬૦ |
| ૨ | બોટાદ | ૪૩૯ |
| ૩ | ગઢડા | ૪૦૯ |
| ૪ | ગારીયાધાર | ૧૦૯ |
| ૫ | ઘોઘા | ૨૦૯ |
| ૬ | મહુવા | ૧૫૯ |
| ૭ | પાલીતાણા | ૧૯૮ |
| ૮ | શિહોર | ૪૨૩ |
| ૯ | તળાજા | ૬૩૯ |
| ૧૦ | ઉમરાળા | ૧૪૭ |
| ૧૧ | વલ્લભીપુર | ૧૮૯ |
| | કુલ... | ૩૪૮૧ |

(૨) જાન્યુઆરી-૨૦૦૭ના અંતે કુલ કેટલા આવાસ પૂર્ણ થયા અને કેટલા બાકી છે ?

(૨) જાન્યુઆરી-૨૦૦૭ના અંતે તાલુકાવાર પુર્ણ આવાસ અને બાકી આવાસોની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પૂર્ણ થયેલ** | **બાકી** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભાવનગર | ૪૭ | ૫૧૩ |
| ૨ | બોટાદ | ૨૬ | ૪૧૩ |

| | | | |
|---|---|---|---|
| ૨ | બોટાદ | ૨૬ | ૪૧૩ |
| ૩ | ગઢડા | ૪૭ | ૩૬૨ |
| ૪ | ગારીયાધાર | ૨૦ | ૮૯ |
| ૫ | ઘોઘા | ૭ | ૨૦૨ |
| ૬ | મહુવા | ૨૪ | ૧૩૫ |
| ૭ | પાલીતાણા | ૯૩ | ૧૦૫ |
| ૮ | શિહોર | ૭૯ | ૩૪૪ |
| ૯ | તળાજા | ૨૩ | ૬૧૬ |
| ૧૦ | ઉમરાળા | ૪૧ | ૧૦૬ |
| ૧૧ | વલ્લભીપુર | ૧૧ | ૧૭૮ |
| | કુલ... | ૪૧૮ | ૩૦૬૩ |

-----------

**કૃષિ ઉત્પાદન બજાર સમિતિમાં સુધારો કરવા કાર્યવાહી**

૨૨૪૯૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારત સરકારની ગાઇડ લાઇન્સ મુજબ કૃષિ ઉત્પાદન બજાર સમિતિમાં સુધારો કરવા માટે રાજ્ય સરકારે તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ શી કાર્યવાહી કરી, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીથી ખેડૂતોને શું ફાયદો થયો ?

**જવાબ**

(૧) ભારત સરકારના મોડેલ એકટમાંની રાજ્યને અનુરૂપ કેટલીક જોગવાઈઓ રાજ્યના ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સમાવેશ કરી સુધારાઓ કરવાની કાર્યવાહી કાર્યરત છે.

(૨) ભારત સરકારના મોડેલ એકટમાંની કેટલીક જોગવાઈઓ રાજ્યના ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સમાવેશ કરી સુધારાઓની કાર્યવાહી પૂર્ણ થયેથી અને સુધારેલ કાયદો અમલમાં આવતાં ખેડૂતોને ખેત પેદાશનું સારૂં વળતર મળશે અને જ્યાં વધુ ભાવ મળે ત્યાં વેચવા માટેનો વિકલ્પ ખેડૂતને મળશે. બજારમાં હરિફાઈના કારણે ખેડૂતને ફાયદો થશે.

-----------

**રાયડાની ખરીદીમાં કૌભાંડમાં મળેલ ફરીયાદો**

૨૩૦૪૧**ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬-૦૭ના વર્ષે તા.૩૧-૧-૦૭ સુધીમાં રાયડાની ખરીદીમાં કૌભાંડ અન્વયે રાજ્ય સરકારને જિલ્લાવાર કેટલી ફરીયાદો મળી છે,

(૨) આ ફરીયાદના અનુસંધાને જિલ્લાવાર સરકારે શું પગલાં લીધા, અને

(૩) કોની કોની સામે પોલીસ ફરીયાદ નોંધવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| રાજકોટ | ૧ |
| અમરેલી | ૪ |
| બનાસકાંઠા | ૨ |
| મહેસાણા | ૩ |
| પાટણ | ૧ |
| અમદાવાદ | ૧ |
| **કુલ :** | **૧૨** |

(૨) તપાસ સોંપવામાં આવી છે.

(૩) પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવેલ નથી.

-----------

**કચ્છ જિલ્લામાં માછીમારોનો દરિયામાં જવાનો રસ્તો બંધ થવા અંગે**

૨૩૪૦૫ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકાના ગામ શેખડીયાના માછીમાર ભાઇઓનો ધંધાર્થે દરિયામાં જવા માટેનો રસ્તો બંધ થયેલ છે તે હકીકત સાચી

**જવાબ**

(૧) શેખડીયા ગામના માછીમારો પગરસ્તે દરિયા કિનારે જતાં હતા. તે સ્થળે એસઇઝેડ દ્વારા એરસ્ટ્રીપ બનાવવામાં આવેલ છે. એરસ્ટ્રીપ પુરી થાય છે તે પછી

છે,

(૨) જો હા, તો દરિયા તરફ જતાં ગરીબ માછીમાર ભાઇઓનો રસ્તો બંધ કરવાના કારણો શું છે, અને

(૩) તેના માટે બીજો રસ્તો ધંધા માટે ચાલુ કરવા માંગો છો કે કેમ ?

તુરત જ ૧૦ મીટરના અંતરે કાચો રસ્તો બનાવવામાં આવેલ છે. જે હાલમાં ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### વડોદરા જિલ્લામાં બક્ષીપંચના ખેડૂતોને સહાય

૨૩૧૮૭ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં આદિવાસી તાલુકામાં રહેતા બક્ષીપંચના ખેડૂતોના વિકાસ માટે કૃષિ સાધનોની સહાય ડેરી વિકાસ માટે ગાય-ભેંસ ખરીદવાની કોઇ સહાયો આપવામાં આવી નથી તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ અંગે શું કાર્યવાહી થઇ ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં સંખેડા અને નસવાડી તાલુકાના બક્ષીપંચના ખેડૂતોને નીચે મુજબની સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ.નં. | યોજનાનું નામ | તાલુકાનું નામ | ચૂકવેલ સહાય રૂા. |
|---|---|---|---|
| ૧ | એસજીએસવાય ગાય, ભેંસ માટે | સંખેડા | ૧,૬૬,૫૦૦ |
| ૨ | એસજીએસવાય ગાય, ભેંસ માટે | નસવાડી | ૨૦,૯૨૫ |
| | | કુલ : | ૧૮૭,૪૨૫ |
| ૩ | કૃષિ સાધનોની સહાય | સંખેડા | ૧૯,૬૦૦ |
| ૪ | કૃષિ સાધનોની સહાય | નસવાડી | ૧૯,૦૦૦ |
| | | કુલ : | ૩૮,૬૦૦ |

(૨) ખંડ-૧ મુજબ સહાય ચૂકવવામાં આવેલ છે.

-----------

### રાજ્ય સ્તરનું ફ્રોજન સિમેન સેન્ટર માટે કમિટીનો અભિપ્રાય

૨૨૬૮૮**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર રાજ્ય સ્તરનું ""ફ્રોજન સિમેન સેન્ટર"" છારોડી, તા.સાણંદ મુકામે કરવા માંગે છે, એ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ બાબતે ટેક્નીકલ એક્સપર્ટ કમિટિનો અભિપ્રાય લીધેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અભિપ્રાય લેવાની જરૂરત હાલ નથી. છતાં ભારત સરકારના ટેકનિકલ CMU (સેન્ટ્રલ મોનીટરીંગ યુનિટ) સાથે સંપર્ક રાખીને આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

### જામનગર જિલ્લામાં પશુ સારવારના કેન્દ્રો

૨૩૨૨૭ **શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સતાપર, રોડવડાલા, માંડાસણ અને લાલપુર તાલુકાના પીપરટોળા ગામોની આજુબાજુમાં પશુઓને સારવાર આપવા માટેની મુશ્કેલી છે, તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો આ સ્થાનો પર નવા પશુ સારવાર કેન્દ્રો શરૂ કરવા માંગો છો કે કેમ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવા કેન્દ્રો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં વોટરશેડ કાર્યક્રમ હેઠળના કામોની ચકાસણી**

૨૩૨૪૦**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યક્રમ હેઠળના કામો કરવાનો નિર્ણય કોણ કરે છે,

(૨) આ કામો આપવા અંગે વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે કે કેમ,

(૩) કામ કરતી સંસ્થાઓને કેટલો વહીવટી ખર્ચ આપવામાં આવે છે, અને

(૪) આ કામો પૂર્ણ થયા બાદ તેની ચકાસણી કોણ કરે છે ?

**જવાબ**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યક્રમ હેઠળના કામો ગ્રામ કક્ષાની જળસ્ત્રાવ સમિતિ નક્કી કરે છે. અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડી તેને મંજૂરી આપે છે.

(૨) ના, જી.

(૩) કામ કરતી અમલીકરણ સંસ્થાઓને કુલ પ્રોજેક્ટ ખર્ચના ૫% ખર્ચની રકમ તાલુકા પંચાયતને અમલીકરણ સંસ્થા તરીકે અને લાભાર્થી ગ્રામ પંચાયતને ૫% રકમ વહીવટી ખર્ચ તરીકે આપવામાં આવે છે, અને

(૪) આ કામો પૂર્ણ થયા બાદ તેની ચકાસણી ભારત સરકારશ્રીના ગ્રામિણ વિકાસ મંત્રાલયના ભૂસંશાધન વિભાગ દ્વારા માન્ય થયેલ રાજ્ય કક્ષાના સ્વતંત્ર મુલ્યાંક્નકારો તથા રાજ્યકક્ષા, જિલ્લાકક્ષા અને તાલુકાકક્ષાના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં પાક વીમાની ચૂકવવાની બાકી રકમ**

૨૨૫૧૭**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પાક વીમાની કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૨) પાક વિમાની રકમ ફક્ત નાના ખેડૂતોને જ ચૂકવાય છે મોટા ખેડૂતોને તેનો લાભ મળતો નથી તે હકીક્ત સાચી છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ પાક વીમાના દાવાની કોઇ રકમ ચૂકવવાની બાકી નથી.

(૨) ના, જી.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પાકના નુક્સાનની ચૂકવવાની બાકી રકમ**

૨૨૫૫૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ વર્ષ દરમ્યાન ભારે વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને થયેલ પાકના નુક્સાનના વીમા યોજના નીચે કેટલી રકમ તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ચૂકવાઈ છે, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ દરમ્યાન થયેલ પાકની નુક્સાની માટે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૬ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને ચૂક્વેલ પાક વીમાની રકમ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ચૂક્વેલ પાક વીમાની રકમ રૂા. લાખમાં |
|---|---|---|

| | | બાજરી | તલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દસાડા | ૧.૧૬ | ૩.૫૨ | ૪.૬૮ |
| ૨ | ચૂડા | -- | ૦.૦૫ | ૦.૦૫ |
| ૩ | વઢવાણ | -- | ૪.૩૩ | ૪.૩૩ |
| | કુલ : | ૧.૧૬ | ૭.૯૦ | ૯.૦૬ |

(૨) કેટલી રકમ તાલુકાવાર ચૂકવવાની બાકી છે ?

(૨) મંજૂર થયેલ પાક વીમાની રકમ ચૂકવવાની બાકી નથી.

-----------

## કડાણા ડેમમાંથી માછલીઓ પકડવા કોન્ટ્રાકટ

૨૩૧૮૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડાણા ડેમમાંથી માછલીઓ પકડવા માટેના કોન્ટ્રાકટ/લીજ માટેની કેટલી અને કોની કોની માંગણીઓ આવી,

(૨) મત્સ્યોદ્યોગ સહકારી મંડળીની કેટલી માંગણીઓ, કોની કોની આવી, અને

(૩) કોન્ટ્રાકટ સહકારી મંડળીને નહીં આપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) નીચે મુજબની ૪ માંગણીઓ આવી
૧. શ્રી ખેડાપા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ.પો.ખેડાપા.
૨. ધી કડાણા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ. કડાણા.
૩. શ્રી મહારાજ સહાની, પોરબંદર.
૪. પ્રમુખશ્રી ધી પંચમહાલ આદિવાસી જંગલ ખનીજ તથા ખેતી વિષયક વિવિધ સહકારી કાર્યકારી મંડળી લી., મુ. દાહોદ.

(૨) કુલ-૨ મત્સ્યોદ્યોગ સહકારી મંડળીની માંગણીઓ આવી.
૧. શ્રી ખેડાપા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ.પો.ખેડાપા.
૨. ધી કડાણા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ.કડાણા.

(૩) શ્રી ખેડાપા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ.પો. ખેડાપા અને ધી કડાણા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મું.કડાણા મંડળીઓ ડીફોલ્ટર હોવાથી ઇજારાનીતિ મુજબ ઇજારો આપી શકાયેલ નથી.

પ્રમુખશ્રી ધી પંચમહાલ આદિવાસી જંગલ ખનીજ તથા ખેતી વિષયક વિવિધ સહકારી કાર્યકારી મંડળી લી., મું. દાહોદનું સ્પર્ધાત્મક ટેન્ડર નીચું હોવાથી ઇજારો આપેલ નથી.

-----------

## જૂનાગઢ જિલ્લામાં લેન્ડ કમિટીમાં આપેલ પ્લોટ

૨૨૫૧૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં બે વર્ષમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલી લેન્ડ કમિટીની મીટીંગો મળી,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં બે વર્ષમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર ઉના-૧, કેશોદ-૧, જૂનાગઢ-૭, તલાલા-૧, ભેંસાણ-૨, માણાવદર-૧, માંગરોળ-૨, મેંદરડા-૩, વેરાવળ-૧, વંથલી-૧, કોડીનાર-૧ અને સુત્રાપાડા-૧ એમ કુલ-૨૨ લેન્ડ સમિતિની બેઠકો મળેલ છે. બધા જ તાલુકામાં લેન્ડ સમિતિની બેઠકો સત્વરે બોલાવવા કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

(૨) વર્ષવાર તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા પ્લોટ મંજૂર કરવામાં આવ્યા, કેટલા નામંજૂર કરવામાં આવ્યા, અને

(૨) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૫ના વર્ષમાં તાલુકાવાર ઉના-૧૫૦૧ પ્લોટ મંજૂર અને ૭૨૪ પ્લોટ નામંજૂર, જૂનાગઢ-૪૨૭ પ્લોટ મંજૂર અને ૨૪૮ પ્લોટ નામંજૂર, તલાલા-૨૩૧ પ્લોટ મંજૂર અને ૨૪૬ પ્લોટ નામંજૂર, ભેંસાણ-૭૧ પ્લોટ મંજૂર અને ૬૮ પ્લોટ નામંજૂર, માંગરોળ-૩૦૩ પ્લોટ મંજૂર અને ૧૮૦ પ્લોટ નામંજૂર, મેંદરડા-૨૨ પ્લોટ મંજૂર અને ૧૦ પ્લોટ નામંજૂર, વેરાવળ ૬૨૬ પ્લોટ મંજૂર અને ૩૮૮ પ્લોટ નામંજૂર આમ કુલ ૩૧૮૧ પ્લોટ મંજૂર કરેલ છે. અને ૧૮૬૪ પ્લોટ નામંજૂર ક્ર્યા છે.

સને ૨૦૦૬ના વર્ષમાં તાલુકાવાર કેશોદ-૪૯ પ્લોટ મંજૂર અને ૭ પ્લોટ નામંજૂર, જૂનાગઢ-૮૪ પ્લોટ મંજૂર અને ૫૭ પ્લોટ નામંજૂર, ભેંસાણ-૫૦ પ્લોટ મંજૂર અને ૧૩ પ્લોટ નામંજૂર, માણાવદર-૫૬ પ્લોટ મંજૂર અને ૪૦ પ્લોટ નામંજૂર, માંગરોળ-૧૫૦ પ્લોટ મંજૂર અને ૯૮ પ્લોટ નામંજૂર, મેંદરડા-૧૩૮ પ્લોટ મંજૂર અને ૯૩ પ્લોટ નામંજૂર, વંથલી-૧૦૦ પ્લોટ મંજૂર અને ૨૫ પ્લોટ નામંજૂર, કોડીનાર-૯૫ પ્લોટ મંજૂર અને ૨૫ પ્લોટ નામંજૂર, સુત્રાપાડા-૩૬૧ પ્લોટ મંજૂર અને ૫૦૬ પ્લોટ નામંજૂર આમ કુલ-૨૦૦૬ માં કુલ-૧૦૮૩ પ્લોટ મંજૂર અને ૮૬૪ પ્લોટ નામંજૂર કરેલ છે.

(૩) મંજૂર થયેલ પ્લોટોની તાલુકાવાર કેટલા અરજદારોને સનદો આપી ?

(૩) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સનદો ઉના-૭૯૮, કેશોદ-૪૯, જૂનાગઢ-૫૧૧, તલાલા-૨૩૧, ભેંસાણ-૧૨૧, માણાવદર-૫૦, માંગરોળ-૨૫૦, મેંદરડા-૧૬૦, વંથલી-૬૬, કોડીનાર-૯૫ અને સુત્રાપાડા તાલુકામાં ૩૬૧ મળી કુલ-૨૬૯૨ સનદો આપવામાં આવેલી છે. દરેક તાલુકામાં ઝડપથી સનદો આપવાની કામગીરી શરૂ કરવા અંગે સૂચના આપવામાં આવેલી છે.

-----------

## ભાવનગર જિલ્લામાં ફડચામાં ગયેલ ખેત ઉત્પાદક મંડળીઓ

૨૩૨૦૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી ખેત ઉત્પાદક સહકારી મંડળીઓ છેલ્લા ત્રણ વર્ષમાં ફડચામાં ગયેલ છે, | (૧: ૧૪ (ચોદ) |
| (૨) કેટલી મંડળીના મંત્રીઓ સામે ઉચાપતની તપાસ ચાલુ છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) કેટલી મંડળીઓના મંત્રીઓએ પરત પેસા ચૂકવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## પંચવટી યોજના અંતર્ગત નામાભિકરણ કરવાનો અધિકાર

૨૨૮૯૫ **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચવટી યોજના અન્વયે માતર ખેડા તાલુકાના કેટલા ગામોમાં આ યોજના હેઠળ કામ હાથ ધરવામાં આવ્યું છે, | (૧) ખેડા તાલુકાના ૧૨ ગામોમાં કામો શરૂ કરેલ હતા તે પેકી ૯ કામો પૂર્ણ થયેલ છે, તથા ૩ કામો પ્રગતિ હેઠળ છે. જ્યારે માતર તાલુકામાં ત્રણ ગામોમાં કામો શરૂ કરવાની પ્રક્રિયા ચાલુ છે. |

(૨) ૧૦,૦૦૦થી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતને આ યોજના હેઠળ ભરવાપાત્ર લોકફાળાની રકમ ઘટાડવા માંગો છો કે કેમ, અને

(૨) ના, જી.

(૩) લોકફાળાની રકમ જો કોઈ દાતા આપે તો આ પંચવટીને તેમનું નામાભિકરણ કરવાનો પંચાયતને અધિકાર છે કે કેમ ?

(૩) પંચાયત ઠરાવ કરે તો સરકારશ્રીની પૂર્વ અનુમતિથી મંજૂરી આપી શકાય છે.

-----------

## રાજકોટ જિલ્લામાં પંચાયત ઘર બનાવવા આયોજન

૨૩૨૦૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા ગામોમાં પંચાયત ઘર નથી,

(૨) આ ગામોમાં પંચાયત ઘર બનાવવા માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) કેટલા સમયમાં કામો શરુ કરવા માંગો છો ?

**જવાબ**

(૧) દરેક તાલુકાના બધાજ ગામોમાં પંચાયત ઘર છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## કપાસના પાક માટે કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ

૨૨૭૮૩ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કપાસ ઉત્પાદન માટે, સને ૨૦૦૬ અને ૨૦૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ કેટલી રકમ કેન્દ્ર સરકાર ધ્વારા ફાળવવામાં આવી,

(૨) આ રકમ પેકી રાજ્યના જિલ્લાઓમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) રાજ્યમાં કપાસ ઉત્પાદન માટે કેન્દ્ર સરકાર દ્વારા કોટન-મીની-મીશન-૨ યોજના અંતર્ગત સને ૨૦૦૬ અને ૨૦૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

| અ. નં | વર્ષ | ફાળવેલ રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૬ | ૮૧૨.૪૨ |
| ૨ | ૨૦૦૭ (૩૧-૧-૦૭ સુધીમાં) | ૧૦૯૫.૧૧ |
| | કુલ : | ૧૯૦૭.૫૩ |

(૨) વર્ષવાર જિલ્લાઓમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| અ. નં. | જિલ્લો | થયેલ ખર્ચ વર્ષ ૨૦૦૬ | રૂા. લાખમાં વર્ષ ૨૦૦૭ (૩૧-૧-૦૭ સુધી |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧.૩૨ | ૨૨.૭૯ |
| ૨ | આણંદ | ૦.૭૧ | ૨.૫૪ |
| ૩ | ખેડા | ૪૭.૭૮ | ૪૭.૦૦ |
| ૪ | ગાંધીનગર | ૩૫.૩૦ | ૨૮.૩૧ |
| ૫ | વડોદરા | ૪૦.૪૦ | ૫૭.૧૧ |
| ૬ | ભરૂચ | ૪૮.૦૭ | ૪૬.૬૮ |
| ૭ | નર્મદા | ૯.૧૩ | ૭.૩૩ |
| ૮ | દાહોદ | ૨.૯૦ | ૨.૮૯ |
| ૯ | પંચમહાલ | ૫.૦૩ | ૭.૦૬ |
| ૧૦ | સુરત | ૫.૭૫ | ૧૨.૪૬ |
| ૧૧ | મહેસાણા | ૧૫.૩૮ | ૨૦.૦૭ |
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧૨ | પાટણ | ૬.૩૨ | ૧૩.૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | બનાસકાંઠા | ૬.૭૭ | ૫૨.૭૧ |
| ૧૪ | સાબરકાંઠા | ૧૭૨.૫૭ | ૧૯૯.૮૩ |
| ૧૫ | રાજકોટ | ૨૬.૩૩ | ૭૦.૦૬ |
| ૧૬ | કચ્છ | ૪૪.૩૨ | ૪૭.૮૦ |
| ૧૭ | જામનગર | ૧૧.૬૯ | ૧૫.૩૧ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૮૭.૪૧ | ૧૬૦.૯૬ |
| ૧૯ | જુનાગઢ | ૧૭.૨૦ | ૨૬.૩૩ |
| ૨૦ | અમરેલી | ૧૭.૨૦ | ૨૬.૬૩ |
| ૨૧ | પોરબંદર | ૧.૦૧ | ૧.૫૫ |
| ૨૨ | ભાવનગર | ૩૮.૩૦ | ૪૫.૧૩ |
| ૨૩ | વલસાડ | ૦.૫૯ | ૦ |
| | **કુલ :** | **૬૪૪.૦૬** | **૯૦૪.૧૩** |
| બીજ ઉત્પાદક સંસ્થાને | | ૦.૬૮ | ૦.૪૦ |
| તાલીમ કાર્યક્રમમાં | | ૯.૭૩ | ૨૯.૬૪ |
| પ્રીન્ટ મીડીયા ઘટકમાં | | ૧.૫૩ | ૧.૩૭ |
| પગાર ખર્ચ | | ૨.૬૮ | ૨.૦૦ |
| કુલ : | | ૧૪.૬૨ | ૩૩.૪૧ |
| એકંદરે કુલ : | | ૬૫૮.૬૮ | ૯૩૭.૫૪ |

(૩) કેન્દ્ર સરકાર ધ્વારા રાજ્ય સરકારને થયેલ ફાળવણી પેકી કેટલી રકમ ક્યારે રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ ?

(૩) કેન્દ્ર સરકાર દ્વારા ફાળવણી થયેલ રકમ રાજ્ય સરકારને નીચેની વિગતે પ્રાપ્ત થયેલ.

| અ. નં | વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી છૂટી કરેલ રકમ (રૂા. લાખમાં) | પ્રાપ્ત થયા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૬ | ૩૭૫.૦૦ | ૯/૫/૦૫ |
| | | ૨૮૫.૦૦ | ૨૮/૯/૦૫ |
| | | ૯૦.૦૦ | ૧૭/૨/૦૬ |
| | | ૬૨.૪૨ | ૨૧/૩/૦૬ |
| | કુલ : | ૮૧૨.૪૨ | |
| ૨. | ૨૦૦૭ | ૬૦૦.૦૦ | ૨૪/૪/૦૬ |
| | | ૨૫૫.૧૧ | ૨૬/૯/૦૬ |
| | | ૨૪૦.૦૦ | ૨૧/૧૨/૦૬ |
| | કુલ : | ૧૦૯૫.૧૧ | |

-----------

## ગારિયાધાર અને શિહોર તાલુકામાં છાત્રાઓને સાયકલ આપવા અંગે

**૨૩૧૫૪શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારિયાધાર તેમજ શિહોર તાલુકાની બક્ષીપંચની કેટલી છાત્રાઓને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત કેટલી સાયકલો આપવામાં આવેલ છે, અને

(૨) આ યોજનાનો લાભ કઈ કઈ સ્કુલને આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સરસ્વતી સાધનો યોજના અંતર્ગત સાયકલો આપવામાં આવતી નથી પરંતુ સાયકલ માટે આર્થિક સહાય આપવામાં આવે છે જે નીચે મુજબ આપવામાં આવેલ છે.
-ગારીયાધાર-૧૭૫ છાત્રાઓને સાયકલ સહાય આપી
-શિહોર-૩૨૩ છાત્રાઓને સાયકલ સહાય આપી.

(૨) ગારિયાધાર તાલુકાની નીચે મુજબની સ્કુલને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

| |
|---|
| ગંગોત્રી સંસ્કાર તીર્થ, માનપુર |
| એચ. ડી. ગાર્ડી હાઈસ્કૂલ, મોટી વાવડી |
| કે. એમ. બોરડી, સરસ્વતી વિદ્યાલય, સુરનગર |

| |
|---|
| કે. એમ. બોરડી, સરસ્વતી વિદ્યાલાય, સુરનગર |
| શ્રીજી વિદ્યાલય માધ્ય. શાળા, સાતપડા |
| સંતશ્રી શામળબાપા વિદ્યામંદિર, રૂપાવડી |
| આર. એમ. શાહ કન્યા વિદ્યાલય, ગારીયાધાર |
| ચેતન્ય સ્વરૂપ વિદ્યાલય, ગુજરડા |
| સરસ્વતી વિદ્યાલય, સુરનીવાસ |
| આદર્શ માધ્યમિક શાળા, માનગઢ |
| **શિહોર તાલુકાની નીચે મુજબની સ્કુલોને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.** |
| સણોસરા હાઈસ્કુલ, સણોસરા |
| કે. જી. એન્ડ બી. એન. સુતરીયા પરિવાર, મા. શા. પીપરડી |
| સરકારી હાઈસ્કુલ, નેસડા |
| કન્યા વિદ્યાલય, વળાવડ |
| સરકારી હાઈસ્કુલ, મઢડા |
| દેવગાણા હાઈસ્કુલ, દેવગાણા (બી. બી. શાહ) |
| સ્વામીશ્રી અખંડાનંદ સાગર મા. શાળા, પાલડી |
| સંઘવી ટી. ઝેડ. હાઈસ્કુલ, ટાણા |
| વિનય મંદિર ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બુઢણા |
| જે. જે. મહેતા મસ્ટીપરપઝ ગર્લ્સ હાઈસ્કુલ, શિહોર |
| દયાનંદ કન્યા વિદ્યાલય, સોગઢ |

-----------

**રાજ્યમાં કપાસના પોષણક્ષમ ભાવો**

૨૨૭૩૧**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬ના વર્ષમાં રાજ્યમાં કપાસના ઉત્પાદનનો કેટલો અંદાજ છે, અને | (૧) અંદાજે ૮૭ લાખ ગાંસડી. |
| (૨) કિસાનોને કપાસના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૨) કિસાનોને કપાસના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ટેકાના ભાવોની યોજના અમલમાં છે. ટેકાના ભાવો ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે. જરૂર જણાયે ટેકાના ભાવે કપાસ ખરીદી નોડલ એજન્સી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા મારફત આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત**

૨૩૨૩૮**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત પડતર છે, | (૧) ૧૭ દરખાસ્તો. |
| (૨) આ દરખાસ્તો કેટલા સમયથી પડતર છે, | (૨) સને ૨૦૦૧ થી તથા ત્યારબાદ જુદા જુદા સમયથી. |
| (૩) પંચમહાલ જિલ્લાના અલગ અલગ તાલુકાઓની કેટલી દરખાસ્તો છે, અને | (૩) પંચમહાલ જિલ્લાના નીચે જણાવેલ તાલુકાઓની દરખાસ્તો પડતર છે.<br>શહેરા ૭<br>લુણાવાડા ૫<br>ગોધરા ૨<br>સંતરામપુર ૧<br>હાલોલ ૧ |

| | |
|---|---|
| ખાનપુર | ૧ |
| **કુલ :** | **૧૭** |

(૪) આ દરખાસ્તોનો નિર્ણય ક્યાર સુધી લેવા માંગો છો ?

(૩) બનતી ત્વરાએ.

-----------

**અમદાવાદ શહેરમાં માનવગરીમા યોજનાની અરજીઓ**

૨૩૧૫૭**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૨૮-૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં માનવગરિમાં યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી,

(૧)

| અનુ. જાતિ | સા. શૈ. પ. વ. |
|---|---|
| ૧૬૨૮૧ | ૭૪૧ |

(૨) કેટલી અરજીઓ મંજૂર કરી ફાળવણી કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| અનુ. જાતિની ૧૮૨૯ અરજીઓ મંજૂર કરી, ૧૨૪૧ અરજીઓમાં ટુલ કીટસ આપેલ છે. | સા. શૈ. પ. વ. ૬૦૦ અરજીઓ મંજૂર કરી ૫૦૩ અરજીઓમાં ટુલ કીટસ આપેલ છે. |

(૩) કેટલી નામંજૂર થઈ, અને તેના કારણો શાં છે ?

(૩) અનુ. જાતિની ૧૪૪૫૨ અરજીઓ તથા સા. અને શૈ. પ. વ. ની ૧૪૧ અરજીઓ નીચે જણાવેલ કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે.

૧. સક્ષમ અધિકારીનો જાતિ/આવકનો દાખલો રજૂ કરેલ ન હોવાથી
૨. નિયત કરેલ ઉંમર વધુ/ઓછી હોવાથી
૩. નિયત કરેલ આવક મર્યાદા કરતાં વધુ આવક હોવાથી
૪. અગાઉ લાભ આપેલ હોવાથી
૫. પિતા નોકરી કરતા હોવાથી
૬. એક જ કાર્ડમાં બે ફોર્મ ભરેલ હોવાથી
૭. બેન્કેબલ યોજનામાં લાભ લીધેલ હોવાથી
૮. નિયત કરેલ વ્યવસાયની યાદીમાં સમાવેશ થતો ના હોવાથી
૯. સ્થળ ચકાસણી કરનારની ભલામણ ના હોવાથી
૧૦.અરજદારનું મૃત્યુ થવાથી
૧૧.સાધનિક કાગળોમાં છેકછાક હોવાથી

એચબી-૧૦૨૭-૧૫

-----------

**સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું સેટઅપ**

૨૩૨૧૨ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોનું સેટઅપ કેટલું છે,

(૨) આ સેટઅપ મુજબ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી ખાલી છે, અને

(૧) અને (૨)

| મંજૂર થયેલ સેટઅપ | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ |
| જીલ્લા પંચાયત | ૧૭૪૦ | ૧૦૪૨ | ૬૯૮ |
| તાલુકા પંચાયતો | ૮૩૮ | ૬૨૪ | ૨૧૪ |

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા

(૩) બનતી ત્વરાએ.

માંગો છો ?

-----------

**રાજ્યમાં પશુ ડૉક્ટર વગરના દવાખાના**

૨૩૨૨૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૩૧-ડીસે. ૨૦૦૬ની સ્થિતિએ કુલ કેટલા પશુ દવાખાનાં આવેલ છે, | (૧) ૪૬૦ |
| (૨) તે પૈકી પશુ ડૉક્ટર વગરના દવાખાના કેટલાં છે, | (૨) પશુચિકિત્સા અધિકારીની ખાલી જ્ગ્યાવાળા પશુ દવાખાનાની કામગીરીનો હવાલો નજીકના પશુ દવાખાના ખાતેના પશુ ચિકિત્સા અધિકારીશ્રીને સોંપીને સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |
| (૩) આ દવાખાનાની સંખ્યા પૂરતી છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો ના, તો તે અંગે ઘટતા પશુ ડૉક્ટરો અંગે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૪) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ૪૩ જગ્યા સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને વિભાગના તા. ૧૧-૮-૨૦૦૬ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પુરતા પ્રમાણમાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

-----------

**ડાંગ જિલ્લામાં સહકારી મંડળીની નોંધણી**

૨૨૫૧૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી નવી સહકારી મંડળીઓની નોંધણી કરવામાં આવી ? | ૧૬૦ |

-----------

**સરદાર આવાસ યોજના હેઠળ નાણાકીય જોગવાઈ**

૨૨૫૦૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં સરદાર પટેલ આવાસ યોજના નીચે કેટલી નાણાકીય જોગવાઈ હતી, | (૧) રૂ.૮૬૪૦.૦૦ લાખ. |
| (૨) નિર્ધારિત લક્ષ્યાંક સામે તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલી સિધ્ધિ મેળવી, અને | (૨) રૂ.૮૬૪૦.૦૦ લાખ નાણાકીય જોગવાઇ સામે રૂ.૩૧૧૮.૧૦ સિધ્ધિ. |
| (૩) કેટલા લાભાર્થીઓને સહાય પેટે કેટલી રકમ તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં ચૂકવાઈ ? | (૩) લાભાર્થી : ૧૩૮૩૫<br>રકમ રૂ.૩૧૧૮.૧૦ લાખ. |

-----------

**ગાંધીનગર જિલ્લામાં નવીન પશુ દવાખાના શરુ કરવાની માંગણીઓ**

૨૩૦૪૨ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવીન પશુ દવાખાના, પ્રાથમિક પશુ દવાખાના, તાલુકાવાર શરુ કરવામાં આવ્યા, | (૧) એકપણ નહીં. |
| (૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં નવીન પશુ દવાખાના, નવીન પ્રાથમિક પશુ આરોગ્ય કેન્દ્રની કેટલી તાલુકાવાર માંગણીઓ આવી, અને | (૨) નવીન પશુ દવાખાના માટે માંગણી. |

| ક્રમ | તાલુકાનું | ૧-૧-૦૪ | ૧-૧-૦૫ | ૧-૧-૦૬ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |

| | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | -- | ૧ | ૧ |
| ૨ | માણસા | -- | ૧ | -- |
| ૩ | ક્લોલ | -- | -- | -- |
| ૪ | દહેગામ | -- | -- | -- |
| | **કુલ :** | -- | **૨** | **૧** |

નવીન પ્રાથમિક પશુ આરોગ્ય કેન્દ્રની માંગણી એકપણ આવેલ નથી.

(૩) કેટલી માંગણીઓ સંતોષવામાં આવી ?

(૩) એકપણ નહીં.

-----------

## જામનગર જિલ્લામાં વોટરશેડના પ્રોજેક્ટ

૨૩૨૨૮ **શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વોટરશેડના કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા અને ક્યા ક્યા પ્રોજેક્ટ કઈ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વોટરશેડના ૧૮૬ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે તમામ ૧૮૬ પ્રોજેક્ટ સંબંધિત તાલુકા પંચાયતને આપવામાં આવેલ છે, જેની વિગત પરિશિષ્ટ-અ મુજબ છે.

**પરિશિષ્ટ-અ**

જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મંજૂર/ફાળવેલ પ્રોજેક્ટની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | અમલીકરણ એજન્સીનું નામ | મંજૂર થયેલ વર્ષ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૪ | વર્ષ ૨૦૦૫ | વર્ષ ૨૦૦૬ | |
| ૧ | તાલુકા પંચાયત, જામનગર | ૬ | ૮ | ૯ | ૨૩ |
| ૨ | તાલુકા પંચાયત, લાલપુર | ૬ | ૭ | ૮ | ૨૧ |
| ૩ | તાલુકા પંચાયત, જામજોધપુર | ૬ | ૭ | ૮ | ૨૧ |
| ૪ | તાલુકા પંચાયત, ભાણવડ | ૫ | ૬ | ૭ | ૧૮ |
| ૫ | તાલુકા પંચાયત, ક્લ્યાણપુર | ૭ | ૯ | ૧૦ | ૨૬ |
| ૬ | તાલુકા પંચાયત, દ્વારકા | ૫ | ૬ | ૭ | ૧૮ |
| ૭ | તાલુકા પંચાયત, ખંભાળીયા | ૬ | ૮ | ૯ | ૨૩ |
| ૮ | તાલુકા પંચાયત, ધ્રોળ | ૫ | ૬ | ૭ | ૧૮ |
| ૯ | તાલુકા પંચાયત, જોડીયા | ૫ | ૬ | ૭ | ૧૮ |
| | કુલ : | ૫૧ | ૬૩ | ૭૨ | ૧૮૬ |

(૩) તે પેકી કેટલા પ્રોજેકટના કામો પૂર્ણ થયેલ છે અને કેટલા પ્રોજેકટના કામો બાકી છે ?

(૩) તે તમામ પ્રોજેકટના કામો પ્રગતિ હેઠળ છે.

-----------

## બનાસકાંઠા જિલ્લામાં ખેત તલાવડીના નાણાં નહીં ચૂકવાયા અંગે

૧૯૯૨૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોએ એ.પી. એલ.માં બનાવેલ ખેત તલાવડીના નાણાં છેલ્લા એક વર્ષથી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ખેડૂતોને ચુકવાયા નથી તેના કારણો શા છે, અને

(૨) આ નાણા કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ડીસા તાલુકામાં ૨૧ ખેત તલાવડીનું તાંત્રિક ચકાસણી ન થવાના કારણે.

(૨) આ નાણા તા.૨-૩-૦૭ ના રોજ ચૂકવી આપેલ છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ કામો માટે ગ્રાન્ટ

૨૨૫૫૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર વિવિધ કામો માટે તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી ગ્રાન્ટ ચૂકવાઈ છે,

(૨) કેટલી રકમની ગ્રાન્ટ બજેટ અનુસાર ફાળવવાપાત્ર હતી,

(૩) બાકીની ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવનાર છે, અને

(૪) ઓછી ગ્રાન્ટ આપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ યોજના માટે તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં નીચે મુજબ યોજનાવાર ગ્રાન્ટ ચૂકવેલ છે.

(રકમ રૂા.લાખમાં)

| | |
|---|---|
| ૧. વોટરશેડ | રૂા. ૧૭૩૨.૬૭ |
| ૨. એસજીએસવાય | રૂા. ૫૭.૦૦ |
| ૩. ટીએસસી | રૂા. ૨૩૦.૪૯ |
| ૪. એસજીઆરવાય | રૂા. ૫૩૧.૭૩ |
| ૫. ઇન્દીરા આવાસ યોજના | રૂા. ૭૦૮.૫૦ |
| ૬. ગોકુળ ગ્રામ યોજના | રૂા. ૧૬૬.૦૬ |
| **કુલ ....** | **રૂા. ૩૪૨૬.૪૫** |

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં બજેટ અનુસાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવાપાત્ર હતી.

(રકમ રૂા.લાખમાં)

| | |
|---|---|
| ૧. વોટરશેડ | રૂા. ૧૭૯૮.૫૦ |
| ૨. એસજીએસવાય | રૂા. ૫૩.૭૧ |
| ૩. ટીએસસી | રૂા. ૪૨૩.૬૯ |
| ૪. એસજીઆરવાય | રૂા. ૬૪૬.૧૦ |
| ૫. ઇન્દીરા આવાસ યોજના | રૂા. ૮૮૧.૫૪ |
| ૬. ગોકુળ ગ્રામ યોજના | રૂા. ૧૮૦.૧૬ |
| **કુલ ....** | **રૂા. ૩૯૮૩.૭૦** |

(૩) રૂા.૫૫૭.૨૫ લાખની બાકી રહેતી ગ્રાન્ટ ફાળવી આપેલ છે. તેથી, ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ભારત સરકારશ્રી તરફથી બીજો હપ્તો મળ્યા બાદ બાકીની ગ્રાન્ટ ફાળવી આપેલ છે. જેથી ઓછી ગ્રાન્ટ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### ઉના તાલુકાના નવા બંદરને વિકસાવવા કાર્યવાહી

૨૩૨૦૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના નવા બંદરને મત્સ્યોદ્યોગ બંદર તરીકે વિકસાવવા માટે નક્કી કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બંદર વિકસાવવા માટે ક્યા ક્યા કામોનો સમાવેશ થાય છે અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૨) મત્સ્ય બંદર વિકસાવવા માટે નીચે મુજબના કામોનો સમાવેશ થાય છે.<br>- જેટી/વાર્ફવોલ<br>- રીક્લેમેશન<br>- રીવેટમેન્ટ<br>- ઓક્શન હોલ<br>- નેટ મેન્ડીગશેડ<br>- ઓફિસ બિલ્ડીંગ<br>- કેન્ટીન/ટોયલેટ/પીવાના પાણીની સુવિધા<br>- વર્કશોપ<br>- રસ્તાઓ<br>- ઇલેક્ટ્રીસીટી<br>ઉપરોક્ત હેતુ માટે કોઇ રકમ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબકકે છે ? | (૩) મોડેલ સ્ટડી માટે સીડબલ્યુ પીઆરએસ પુનાને જણાવવામાં આવેલ છે. |

-----------

### મત્સ્યોદ્યોગ માટે ખાનગી ક્ષેત્ર દ્વારા દરખાસ્ત

૨૩૨૦૪**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં દરિયાકિનારા પર મત્સ્યોદ્યોગ માટે ખાનગી ક્ષેત્ર દ્વારા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઈ દરખાસ્ત રાજ્ય સરકારને મળી છે કે કેમ, | (૧) હા, જી. ભાંભરાપાણીના મત્સ્યોદ્યોગ માટે. |
| (૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં કુદરતી રીતે મત્સ્યોદ્યોગ તરીકે ક્યા ક્યા બંદરોનો ઉપયોગ થાય છે, અને | (૨) ૧. ઘોઘા<br>૨. સરતાનપર<br>૩. ક્તપર<br>૪. મહુવા બંદર |
| (૩) તેને વિકસાવવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) સરતાનપર ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. બાકીના કેન્દ્રોને મત્સ્ય પ્રવૃત્તિને ધ્યાને લઇ ક્રમશઃ વિકસાવવાનું આયોજન છે. |

-----------

### અનુસૂચિત જાતિના કુમાર અને કન્યાઓને સાયકલ આપવાની યોજનામાં આવક મર્યાદા

૨૩૧૦૬ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ-૮માં ભણતા અનુસૂચિત જાતિની કુમાર અને કન્યાઓને મફત સાયકલ આપવાની યોજના બંધ કરી માત્ર ગરીબી રેખા હેઠળના કુટુંબોની કન્યાઓને જ મફત સાયકલ આપવાનું સરકારે નક્કી કર્યું છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |

(૨) આ યોજના હેઠળ કેટલી આવક મર્યાદા રાખવામાં આવી છે,

(૨) ગરીબી રેખા માટે નિયત થયેલ આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂા.૧૫૯૭૬/- શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂા.૨૧૨૦૬/- રાખવામાં આવી છે.

(૩) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં કેટલી કન્યાઓને રાજ્યમાં સાયક્લો આપવામાં આવી, અને

(૩) સન ૨૦૦૫-૦૬ માં ૩૫૧૦ અને ૨૦૦૬-૦૭ માં જાન્યુઆરી-૦૭ સુધીમાં ૩૪૧૮ કન્યાઓને સાયક્લ ખરીદવા માટે રોકડ સહાય આપવામાં આવી છે.

(૪) અનુસૂચિત જાતિના કુમાર અને કન્યાઓને મળતો મફત સાયક્લનો લાભ મર્યાદિત કરવાના શાં કારણો છે ?

(૪) લાભ મર્યાદિત કરવામાં આવેલ નથી. માત્ર નીતિ વિષયક નિર્ણય લેવાયેલ છે.

-----------

# મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪ હેઠળ)

## ગરીબ સમૃદ્ધિ યોજના

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૪૪ હેઠળ નિવેદન કરવા ઉભો થયો છું. પણ તે પૂર્વે આ સભાગૃહ વતી આપની પાકિસ્તાનની યાત્રા દરમિયાન આપે ગુજરાતના માછીમારોની વેદનાને મક્કમતા પૂર્વક રજૂ કરી પાકિસ્તાનના કર્તા ધર્તાઓ સામે ગુજરાતના માછીમારોનો અવાજ ઉઠાવ્યો તે બદલ આ ગૃહ વતી આપને હ્દયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના અહેવાલ હોય, વિશ્વસ્તરની સંસ્થાઓના સર્વેક્ષણ હોય, એક વાત વધુને વધુ સ્પષ્ટ થતી જાય છે કે ગુજરાતની વિકાસ યાત્રાએ દેશ અને દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે.

૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ અને તાજેતરમાં મહામહિમ રાષ્ટ્રપતિજીની હાજરીમાં વાયબ્રન્ટ ગુજરાત શહેરી વિકાસ પરિષદ સાથે ગુજરાતે વિકાસની નવી દિશાઓ તરફ મક્કમ ડગ માંડ્યા છે. શહેરી વિકાસ ક્ષેત્રે નવી વિકાસ કૂચ આરંભી છે.

વિશ્વની હરીફાઇ કરવા માટે આપણાં શહેરોની નિર્મળતા અને શહેરી ગરીબોના કલ્યાણ માટે સવિશેષ કાળજી લેવાની જરૂર છે. ગામડામાંથી કે અન્ય પ્રદેશોમાંથી શહેરોમાં આવીને વસેલ મારો ગરીબ ભાઈ સુખના અનેક સ્વપ્ન સર્જીને શહેરોમાં આવતો હોય છે. કમનસીબે, આઝાદીના ૬૦ વર્ષે પણ તેનાં સ્વપ્નાં સ્વપ્નાં જ રહી ગયાં છે.

ગત ૬૦ વર્ષની પીડાદાયક બાબતોને હું વાગોળવા નથી માંગતો, પરંતુ શહેરી ગરીબોને વિકાસની મુખ્ય ધારામાં જોડવાનું હું જરૂરી માનું છું. શહેરી ગરીબોના સ્વપ્નોને સાકાર કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ નવતર " ગરીબ સમૃદ્ધિ યોજના " સાથે ઉભો થયો છું. શહેરી ગરીબોના કલ્યાણ માટે " ગરીબ સમૃદ્ધિ યોજના " નો સંકલ્પ અને કાર્યયોજના આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસના મીઠાં ફળ સમાજના દરેક વ્યકિત તેમજ વિસ્તારને મળે, વિકાસનો ધબકાર રાજયના ખૂણે ખૂણે અનુભવાય તે દિશામાં અમારો પ્રયાસ છે. મારી સકાર વંચિતોના વિકાસને વરેલી સરકાર છે. વિકસતા જતા શહેરોમાં સમાજનો અમુક વર્ગ પૂરતા રોજગાર અને પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. વંચિતોના શૈક્ષણિક વિકાસની બાબત હોય કે આર્થિક ઉન્નતિની, આરોગ્યલક્ષી સુવિધા હોય કે પ્રાથમિક સુવિધાઓનું માળખું હોય અમે આમૂલ પરિવર્તન કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વેદથી વિવેકાનંદ સુધીની આપણી મહાન સંસ્કૃતિ અને ઉચ્ચતમ પરંપરાઓ દરિદ્રનારાયણની સેવા કરવાની પ્રેરણા આપે છે. સમાજના નબળામાં નબળા, છેવાડાના માનવી પ્રત્યેનો અભિગમ સંવેદનાનો હોય. એનું દુઃખ એ આપણું દુઃખ હોય. આ મહાન પરંપરાને અનુરૂપ વિકાસની દિશા અને ગતિ એ સમયની તાતી જરૂરિયાત છે. આઝાદીના આટઆટલા વર્ષો પછી શહેરી ગરીબોમાં જેમાં ઘણું કરીને દલિત, આદિવાસી અને બક્ષી પંચના પછાત અને અતિ પછાત પરિવારો આજે પણ વિકાસની મુખ્ય ધારામાં આવવા માટે મથામણ કરી રહ્યાં છે. આવા સૌ શહેરી ગરીબોના સર્વાંગી વિકાસ માટે એક નવી તરેહ અને નવો વ્યૂહ જરૂરી બન્યો છે. શહેરી ગરીબોને સર્વાંગી વિકાસનો અવસર મળે તે માટે આ સન્માનનીય સભાગૃહ સમુખ "ગરીબ સમૃદ્ધિ યોજના" માટે રૂપિયા તેર હજાર કરોડની માતબર રકમના પેકેજની જાહેરાત કરતાં હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક અત્યંત મહત્વના પરિવર્તનથી હું આપને વાકેફ કરવા માગું છું કે, શહેરી વિસ્તારના પ્રમાણમાં ગ્રામ્ય વિસ્તારમાં ગરીબાઈનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે. શહેરી વિસ્તારના ગરીબો માટે કશુંક ચોકકસ કરવાની જરૂરિયાત છે. સમાજના જરૂરિયાત મંદ તથા નબળાવર્ગને ટૂકડે-ટૂકડે, ટૂંકાગાળાની મદદ કારગત નહીં નિવડે તેથી તેઓને કાયમી રોજગારી, આરોગ્ય, પોષણ, શિક્ષણ, રહેણાંક વિષયક સમસ્યા, રસ્તા, વીજળી તથા અન્ય સુખાકારીઓ માટે સંકલિત અભિગમથી અસરકારક રીતે આયોજન હાથ ધરવાની ખાસ જરૂર મને જણાય છે. રાજય સરકારે શહેરી ગરીબોના જીવનધોરણમાં પરિવર્તન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ

છે, જેમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી, ઝૂંપડપટ્ટી વિસ્તારોનું સહભાગીદારીથી પુન:સ્થાપન કરવું, કાયમી ધોરણે સુવિધાયુકત રહેણાંક ઉપલબ્ધ કરાવવા જેવી બાબતોનો અમલ ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કક્ષાએ શહેરી વસતિનું પ્રમાણ ૨૮ ટકા છે, જયારે ગુજરાતમાં તે આશરે ૪૦ ટકા જેટલું છે અને ૨૦૧૫ સુધીમાં ગુજરાતમાં શહેરી વસતિનું પ્રમાણ ૫૦ ટકા સુધી પહોંચવાની ધારણા છે. વસતિ ગણતરીના છેલ્લા મળતા આંકડા મુજબ ગુજરાતમાં શહેરી ગરીબોનું પ્રમાણે અંદાજે ૧૬ ટકા છે. આ સંજોગોમાં રાજયના શહેરી ગરીબો માટે મારી સરકારે જવાબદારીપૂર્વક પહેલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને અત્યંત ગર્વની લાગણી સાથે હું જણાવું છું કે, આ વર્ષનો વિશ્વ પ્રતિષ્ઠિત યુ.એન.હેબિટેટ (U.N.HABITAT) દ્વારા અપાતો "દુબઈ ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર બેસ્ટ પ્રેકટીસીસ" આપણા અમદાવાદ શહેરના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ચાલતા સ્લમ નેટવર્કિંગ પ્રોજેકટને પ્રાપ્ત થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યો એ બાબતથી સુવિદિત છે કે, મારી સરકારે શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૨૦ ટકા ગ્રાન્ટ ફકત સ્લમ વિસ્તારના આંતરમાળખાકીય સુધારા માટે રાખેલ છે. તે ઉપરાંત મહાનગરપાલિકા અને નગરપાલિકાની પોતાની આવકના ૨૦ ટકાનો ઉપયોગ પણ આ યોજનાને વધારે વેગ આપવા માટે કરવામાં આવશે.

**તેર હજાર કરોડના ગરીબ સમૃધ્ધિ યોજના માટે કાર્યયોજના:**

માનનીય અધ્યક્ષી, આ સભાગૃહ સમક્ષ ગરીબ સમૃધ્ધિ યોજના દ્વારા નિશ્ચિત ધ્યેય અને સમયબધ્ધ કાર્યક્રમથી વિકાસ યાત્રાનો પ્રારંભ કરીએ છીએ, જેમાં,

◆ ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત શહેરી ગરીબ વિસ્તારોમાં લોકોને તમામ માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત કરાવવી.

◆ ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ પૂરું પાડવું.

◆ ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત આરોગ્ય અને પોષણ મળે.

◆ ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત દરેકને પોસાય તેવું ઘરનું ઘર મળે.

◆ ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત યુવક યુવતીઓને કાયમી રોજગારીનો અવસર મળે.

◆ ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત શિક્ષણ અને સામાજિક ન્યાય અધિકારીતા થકી શહેરી ગરીબોનું સશકિતકરણ થાય.

**નિર્મળ ગુજરાત:**

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી ગરીબોને માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતા તથા સફાઈ અને આરોગ્યને લક્ષમાં રાખી, વર્ષ ૨૦૦૭ ને નિર્મળ ગુજરાત વર્ષ જાહેર કરેલ છે.વધુમાં વધુ લાભ શહેરી ગરીબોને મળે તે માટે તેર હજાર કરોડ રૂપિયાની "ગરીબ સમૃધ્ધિ યોજના" અંતર્ગત આવતા ૫ વર્ષમાં:

⇒ એક લાખ પંચોતેર હજાર જેટલા વ્યકિતગત શૌચાલયો,

⇒ પાંચ હજારથી વધુ પે એન્ડ યુઝ ટોઈલેટસ (એક લાખ સીટ)

⇒ કચરામાંથી કંચન (વેસ્ટ ટુ વેલ્થ) ના અભિગમ દ્વારા કાર્બન ક્રેડિટ ટ્રેડીંગ શરૂ કરવાના કરાર.

⇒ પ્રત્યેક ઘરેથી કચરો એકઠો કરવાની કામગીરી સખીમંડળ દ્વારા હાથ ધરી એક લાખ બહેનોને રોજગારીની તક.

⇒ ૨૦ માઈક્રોનથી નાની સાઈઝના પ્લાસ્ટિકના વિકલ્પ વિકસાવવા સખીમંડળોનો સહયોગ લેવાશે, જેથી તેમને પૂરક રોજગારી મળી રહે.

**માળખાકીય સુવિધાઓ :**

શહેરી ગરીબ વિસ્તારના સર્વાંગી, સર્વપોષક વિકાસ માટે માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવશે. તેર હજાર કરોડ રૂપિયાની **"ગરીબ સમૃદ્ધિ યોજના"** અંતર્ગત-

⇒ પ્રત્યેક કુટુંબને સ્વચ્છ પીવાનું પાણી, સફાઈ, ઘનકચરા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા.

⇒ દરેક શહેરી ગરીબ કુટુંબને વીજ જોડાણ ઉપલબ્ધ કરાવાશે.

⇒ રહેણાંકથી કામના સ્થળે પહોંચવા માટે દરેક શહેરના મુખ્ય માર્ગોની સાથે સાઈકલ ટ્રેક તથા પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સર્વિસ.

⇒ સ્લમ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે સૌર ઉર્જાનો ઉપયોગ.

ઉપર્યુકત માળખાકીય સુવિધાઓ માટે આશરે રૂપિયા પાંચ હજાર કરોડનો ખર્ચ આગામી પાંચ વર્ષમાં કરવામાં આવશે.

**"ઉમ્મીદ" યુવા રોજગાર કાર્યક્રમ :**

શહેરી ગરીબી દૂર કરવાની દિશામાં હરણફાળ ભરવા 'ઉમ્મીદ" (UMEED) કાર્યક્રમની શરૂઆત કરાયેલ છે. રૂપિયા તેર હજાર કરોડ**ની "ગરીબ સમૃદ્ધિ યોજના"** અંતર્ગત :

⇒ આવતા પાંચ વર્ષમાં ૩ લાખ અને આ વર્ષના અંતે ૧ લાખ રોજગારીની તકો ઉભી થશે.

⇒ માર્કેટ સ્કેન આધારિત રોજગારીની તકો દ્વારા તાલીમબદ્ધ કાયમી રોજગારી મળી રહેશે.

⇒ ઉમ્મીદ કાર્યક્રમ માટે આશરે રૂા. ૧૦૦ કરોડના ખર્ચે જનભાગીદારી દ્વારા કાયમી રોજગારી મળી રહે તે માટે નવો અભિગમ અપનાવાશે.

⇒ ઉમ્મીદ કાર્યક્રમ દ્વારા ઘરકામ માટે તાલીમબદ્ધ બહેનો, શોપીંગ મોલના ફ્રન્ટ લાઈન સ્ટાફ, હોટેલ મેનેજમેન્ટના ક્ષેત્રમાં રોજગારી જેવી નાવિન્યપૂર્ણ તકો શહેરી ગરીબોને પૂરી પાડવી.

⇒ શહેરી ગરીબોને એરહોસ્ટેસ, એરલાઈન સ્ટાફ, ટૂરીસ્ટ ગાઈડ અને કોલ સેન્ટર્સ જેવા વિવિધ હુન્નરોની તાલીમ.

⇒ કોમ્પ્યુટર અને કુટિર ઉદ્યોગની તાલીમનો સમાવેશ.

⇒ માહિતી આપૂર્તિ માટે જનભાગીદારીથી અર્બન રીસોર્સ સેન્ટરની શરૂઆત.

વિવિધ તાલીમ માટે આશરે રૂા. ૮૬૦ કરોડનો ખર્ચ અગામી પાંચ વર્ષમાં કરવામાં આવશે.

**રૂપિયા તેર હજાર કરોડની "ગરીબ સમૃદ્ધિ યોજના" અંતર્ગત :**

**"સૌને પોતીકું ઘર" :**

⇒ આગામી પાંચ વર્ષ દરમિયાન કુલ ૨ લાખ ૫૦ હજાર આવાસો શહેરી ગરીબોને "પોતીકું ઘર" ના સ્વપ્નને હકીકત બનાવવાની દિશામાં એક સાહસિક કદમ છે.

⇒ માલિકી હક્ક સંયુકતપણે - મહિલાનો માલિકીહક્ક પ્રથમ.

⇒ હાલના રહેણાંકોને વધુ સુવિધાયુકત બનાવવા તેઓને બહુમાળી મકાનોનું સ્વરૂપ આપવામાં આવશે.

⇒ સ્લમ વિસ્તારોમાં રમતગમતના મેદાનો, શાળાઓ, કોમ્યુનિટી સેન્ટર્સ જેવી પાયાની સુવિધા.

હાઉસીંગ બોર્ડ અને સ્લમ વિકાસ બોર્ડના તમામ ખુલ્લા પ્લોટ (કોમન પ્લોટ) જનભાગીદારી દ્વારા વિકસાવવામાં આવશે.

ઉપર્યુક્ત સુવિધાઓ માટે આશરે રૂા. ૨૨૦૦ કરોડ આવતા પાંચ વર્ષમાં ખર્ચવામાં આવશે.

**રૂપિયા તેર હજાર કરોડની "ગરીબ સમૃદ્ધિ યોજના" અંતર્ગત:**

**આરોગ્ય અને પોષણ:-**

-પ્રિવેન્ટીવ, પ્રમોટીવ અને કયોરેટીવ વ્યવસ્થા.

-શહેરી ગરીબ વિસ્તારોમાં આરોગ્ય વિષયક સર્વેક્ષણ (SURVEILLANCE) નિયમિત રીતે.

-પાણી જન્ય, વાયુ જન્ય અને વાહક જન્ય (વેકટરબોન) રોગથી રક્ષણ માટે "અર્લી વોર્નિંગ સિસ્ટમ" ( EARLY WARNING SYSTEM)

- "એશિયા ઈનોવેશન" એવોર્ડ ૨૦૦૬ વિજેતા ચિરંજીવી યોજના હેઠળ, પ્રસૂતિમાં ખાનગી તજજ્ઞોનો સહયોગ, નાણાકીય સહાય, પ્રસૂતિ માટે આરોગ્ય કેન્દ્ર સુધી વાહનની સગવડ
- ચિરંજીવી યોજના હેઠળ આજ સુધી આશરે કુલ ૫૦ હજાર લાભાર્થીઓ આવરી લેવાયેલ છે.
- હાલ ૧૨ હજાર જેટલી આંગણવાડીઓ દ્વારા આશરે દસ લાખ લોકોને લાભ.
- એચઆઈવી, એસટીઆઈ અને આરટીઆઈ જેવી ખર્ચાળ અને જીવલેણ બિમારીઓ સામે રક્ષણ માટે વિશેષ જોગવાઈ.
- શહેરી ગરીબોના બાળકો માટે હૃદય રોગો સંબંધી નિદાન અને જરૂર પડયે ઓપરેશનની મફત સુવિધા.
- ૨૫ હજારથી વધુ વસતિ ધરાવતા દરેક સ્લમ વિસ્તારમાં પબ્લિક હેલ્થ નર્સની નિમણૂક.
- દરેક બે હજારની વસતિએ તાલીમબદ્ધ કોમ્યુનિટી હેલ્થ વોલન્ટીયરની નિમણૂક.

ઉપરોક્ત સેવાઓ હેઠળ આશરે રૂા. ૩ હજાર કરોડનો ખર્ચ આગામી પાંચ વર્ષમાં કરવામાં આવશે.

**શહેરી ગરીબોનું સશકિતકરણ:-**

**શિક્ષણ:-**

-શહેરી ગરીબ વિસ્તાર માટે પણ કન્યા કેળવણી, પ્રૌઢ શિક્ષણ-સાક્ષરદિપ જેવી મહત્ત્વાકાંક્ષી યોજના.

-પ્રતિભા શોધ અને પ્રતિભા વિકાસ ઉપર સવિશેષ ભાર.

-શાળા છોડી જતાં બાળકો (ડ્રોપ આઉટ રેશિયો) ની સંખ્યા ઘટાડવી.

જે અન્વયે આવતા પાંચ વર્ષમાં આશરે રૂા. ૩૦૦ કરોડનો ખર્ચ.

**સામાજિક ન્યાય અને અધિકારીતા:-**

-જેન્ડર રીસ્પોન્સીવ બજેટની ફાળવણી.

-દરેક શહેરી ગરીબને સામાજિક સુરક્ષા હેઠળ વ્યકિતગત તથા સામૂહિક લાભ.

સામાજિક સુરક્ષા હેઠળ આશરે રૂા. ૧૨૫૦ કરોડની ફાળવણી આગામી પાંચ વર્ષમાં કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી ગરીબોના સર્વાંગી વિકાસ માટેની તેર હજાર કરોડ રૂપિયાની "ગરીબ સમૃદ્ધિ યોજના" માટેની મેં રજૂ કરેલ આ કાર્ય યોજના નિશ્ચિતપણે ઉત્તમ પરિણામો લાવશે. સ્લમ વિસ્તારના તેજસ્વી પણ તક નહિ પામેલ તારલાઓ આ વિકાસ યોજનાને કારણે સમાજના અન્ય વર્ગો માટે પણ પ્રેરક બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આશા રાખું છું કે, આવતા પાંચ વર્ષમાં રૂા. ૧૧ હજાર કરોડના ખર્ચે "સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના" થી ૬૦ લાખની વસતિને, રૂા. ૧૫ હજાર કરોડના ખર્ચે " વનબંધુ કલ્યાણ યોજના" હેઠળ ૭૫ લાખ લોકોને આવરી લેવાશે તેમજ "ગરીબ સમૃદ્ધિ યોજના" હેઠળ આશરે રૂા.૧૩ હજાર કરોડના ખર્ચે ૫૦ લાખ શહેરી ગરીબોને આ લાભ માટે આવરી લેવાનો નિર્ધાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જ્યારે તેની સુવર્ણ જયંતિ ઉજવવા તરફ જઈ રહ્યું છે ત્યારે ધબકતા ગુજરાતના આર્થિક, સામાજિક વિકાસમાં સૌ કોઈ ભાગીદાર બને, વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટેની આ કાર્ય યોજના આવનારા દિવસોમાં દીવાદાંડીરૂપ બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તરોત્તર પ્રગતિ કરવાના દ્રઢ સંકલ્પ સાથે ગુજરાત આગળ ધપી રહ્યું છે. સર્વાંગી વિકાસના આપણા સ્વપ્નને સાકાર કરવામાં કોઈ ઉણપ ન રહી જાય તે હેતુથી દરેકે દરેક નાગરિકને યોગ્ય સેવા-સુવિધા મળી રહે જેવી કે ઘર, પાણી, ગટર, વીજળી, આરોગ્ય, પોષણ, શિક્ષણ, રસ્તા અને સામાજિક સુરક્ષા. શહેરના છેવાડાના ગરીબ માનવીને કેન્દ્રમાં રાખીને વિકાસની આ પ્રક્રિયાને સરળ અને સહજ બનાવવાની મારી નેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ પરિવારમાં જન્મેલા યુવક-યુવતીઓમાં પણ ઘણી બધી શકિતઓ રહેલી હોય છે. પરમાત્માએ તેમને બુદ્ધિશકિત અને સામર્થ્ય આપેલા હોય છે. ઝૂંપડપટ્ટીમાં જન્મેલ, ગરીબીમાં ઊછરેલ આવા યુવક-યુવતીઓને અવસર મળ્યા હોય તો દીપી ઊઠ્યાના સેંકડો ઉદાહરણો છે. ગરીબ ઘરમાં જન્મેલ અને ઝૂંપડામાં ઊછરેલ આ યુવક-યુવતીઓને શકિતનો સ્ત્રોત માનું છું. તેમના ઉજ્જવળ ભવિષ્યની આપણા સૌની જવાબદારી છે. આ મહત્ત્વાકાંક્ષી ઉમ્મીદ કાર્યક્રમ દ્વારા હું મારા શહેરી ગરીબ યુવક યુવતીઓને નવાજવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી ગરીબોના સર્વાંગી વિકાસને સર્મપિત રૂપિયા તેર હજાર કરોડની આ "ગરીબ સમૃદ્ધિ યોજના" ગરીબોના વરસો જૂના સપનાઓને સાકાર કરશે. આ કાર્ય યોજના મારે માટે માત્ર રૂપિયા તેર હજાર કરોડના આર્થિક પેકેજ કરતાં પણ શહેરોમાં વસતા પચાસ લાખ જેટલા દરદ્રનારાણોના પૂજન-અર્ચનનો નમ્ર પ્રયાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને વિશ્વાસ છે કે પાંચ જ વર્ષના ટૂંકાગાળામાં આપણા શહેરી ગરીબ પરિવારો લાભાર્થી ન રહેતા આવનારા દિવસોમાં ગુજરાતની વિકાસ યાત્રાની ગતિને વધુ તેજ કરવા માટે નવા શકિત પુંજ બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સર્વાંગી વિકાસની નવી તરેહના ભાગરૂપે રૂપિયા તેર હજાર કરોડનું "ગરીબ સમૃદ્ધિ યોજના"નું આ પેકેજ અને તેની કાર્ય યોજનામાં આ સન્માનનીય સભાગૃહના સૂચનો યોજનાને વધુ બળવત્તર બનાવશે.

જય જય ગરવી ગુજરાત, જય જય નિર્મળ ગુજરાત. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આજે..(અંતરાય) પ્લીઝ, નથી પ્લીઝ. (અંતરાય) આપણે પાંચ વર્ષ નથી આપી. કોઈ જગ્યાએ પ્રણાલિકા નથી આપણે ત્યાં. (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## નિયમ-૪૪ હેઠળના નિવેદન ઉપર પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૪૪ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું કે અધ્યક્ષની પરવાનગી લઈને કોઈ મંત્રી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકશે અને એવા નિવેદન ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં પરંતુ સભ્યશ્રીઓને તે નિવેદનના સંદર્ભમાં વધુ માહિતી મેળવવાના હેતુ માટે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં નિયમ-૪૪ હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્રણ નિવેદનો કર્યા અને..

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલું છું. અમુક ચોક્કસ વર્ગો માટે આર્થિક પૅકેજની જાહેરાત કરી. એક આદિવાસી પૅકેજની જાહેરાત કરી, સાગરખેડૂ પૅકેજની જાહેરાત કરી અને આજે ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ આ યોજનાની જાહેરાત કરી. આ આર્થિક પૅકેજ છે અને આર્થિક પૅકેજનો રેફરન્સ હંમેશા જે તે વર્ષના બજૅટમાં રીફલેકટ થવો જ જોઈએ અને જો એવું જ હોય તો આ જે યોજનાઓ છે, નિયમ-૪૪ હેઠળ જે જાહેરાત કરી છે અને એમ કહ્યું છે કે આ આર્થિક પૅકેજ છે, તો બજૅટ જાહેર થયા પછી કર્યું છે અને મેં બજૅટ બહુ વિગતથી જોયું છે અને એમાં આ જે બજૅટ બુકમાં કોઈ પણ જગ્યાએ જે પૅકૅજો જાહેર થયા છે આદિવાસીઓ માટેના, માનનીય મુખ્યમંત્રીશ્રીના નામે જે પૅકેજ જાહેર થયું છે, સાગરખેડૂ પૅકેજ જાહેર થયું છે એ અને ગરીબ સમૃદ્ધિ યોજના જાહેર થઈ છે તેમાં કોઈ પણ જગ્યાએ બજૅટમાં એક શબ્દનો ઉલ્લેખ થયો નથી અને બજૅટ રજૂ થયા પછી આ પૅકેજ જાહેર થયેલ છે. એટલે આ માત્ર નિવેદન છે. આ રાજય સરકારની બજેટેડ જોગવાઈઓમાં કોઈ જગ્યાએ સમાવેશ થતો નથી. આ બાબતની સ્પષ્ટતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરવી જોઈએ અને બજૅટમાં કોઈ પણ જગ્યાએ સમાવેશ કરેલો હોય, માનનીય મુખ્યમંત્રીશ્રીના પૅકેજના નામે તો કોઈ એક બુકમાં અમને બતાવી દે જેથી ગૃહને યોગ્ય માર્ગદર્શન મળે. પણ જુદી જુદી યોજનાઓનો સમાવેશ થયો છે એ યોજનાઓનું એકત્રીકરણ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીના નામે ચડાવી દેવાઈ છે એ ગૃહને ગેરમાર્ગે દોરતી યોજના છે અને બીજું, નિયમ ૪૪ માટે સવિનય ધ્યાન દોરવા માગું છું. નિયમ-૪૪ છે એની અંદર આ પ્રકારની યોજનાઓ રજૂ ન કરી શકાય. બજૅટ પ્રવચનમાં એનો સમાવેશ થવો જોઈતો હતો અથવા તો રાજયપાલશ્રીના પ્રવચનમાં એનો સમાવેશ થવો જોઈતો હતો અથવા તો માગણી વખતે માનનીય મંત્રીશ્રીએ એવું કહેવું જોઈતું હતું કે, બજૅટમાં જોગવાઈ છે એવો ઉલ્લેખ કરવો જોઈતો હતો. નિયમ- ૪૪ છે એ બહુ સ્પષ્ટ છે. કોઈ જાહેર અગત્યની બાબત હોય, એના ઉપર ગૃહને માહિતી આપવાની હોય એની અંદર થઈ શકે. આર્થિક પૅકેજની યોજનાની જાહેરાત માત્ર બજૅટમાં થઈ શકે. બજૅટમાં જોગવાઈ થયેલ નથી. એટલા માટે આ આપે જે પરવાનગી આપી છે એમાં કદાચ પૂરતી માહિતી આપને અપાઈ નહીં હોય કે આ આર્થિક પૅકેજ છે. આર્થિક પૅકેજનો ઉલ્લેખ થયો નથી, ગૃહનો આદેશ નથી મળ્યો એટલા માટે થઈ શકે નહીં અને જો એવું કરવું હોય તો આર્થિક પૅકેજમાં સમાવેશ કરવો જોઈએ, ફરીથી બજૅટમાં સમાવેશ કરી, જોગવાઈ કરી અને એની જાહેરાત કરે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાને ફરીવાર નિયમ-૪૪ વાંચવાનું કહું છું. અધ્યક્ષશ્રીની પરવાનગી લઈને કોઈ માત્ર જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકશે. એવા નિવેદન ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં. એમણે પ્રશ્ન પૂછવાને બદલે કોઈ પીન પૉઈન્ટ પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શક્યા હોત. પૉઈન્ટ ઑફ ઑર્ડર દ્વારા પણ નિયમ-૪૪ નીચે ચર્ચા ઊભી કરી શકાય નહીં એવું નિયમ - ૪૪ માં સ્પષ્ટ લખેલું છે. એટલે એમણે જે વિષય ઊભો કર્યો છે એ બાબત ચર્ચાને લગતી છે અને ચર્ચા ઊભી ન કરી શકાય. કદાચ આપ એલાઉ કરો તો પ્રશ્ન પૂછી શકાય પણ આપ સાહેબ છેલ્લા પાંચ વર્ષમાં આવા પ્રશ્નો એલાઉ કર્યા નથી એ આપના અધિકારમાં છે. પણ એકાદ પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકાય પણ ચર્ચા ન થાય. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રશ્ન જે રીતે મૂકવા માગે છે, નિવેદન ઉપરની ચર્ચા માટે જોગવાઈઓ આપણે ત્યાં છે અને બીજા નિયમોનો આશરો લઈ ચર્ચા માગી શકે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો પ્રશ્ન પૂછ્યો નથી, પ્રશ્ન ઉપર ચર્ચાય માગી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર વાત કરું છું. કહી દીધું, તમારી વાત થઈ ગઈ, હવે હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કહું છું. જુઓ અહીંયાં મુખ્યમંત્રીશ્રીએ (અંતરાય) પ્લીઝ, બેસી જાઓ. હું પૉઈન્ટ ઑફ ઑર્ડરની વાત કરું છું. હવે કહેવાની જરૂર નથી. મને ખબર છે. નો, નો, પ્લીઝ. હવે આમાં ચર્ચા કરવાનું મને યોગ્ય લાગે તો હું આપી શકું છું. પણ મને યોગ્ય લાગતું નથી, ચર્ચા કરવાની જરૂર નથી.(અંતરાય) નો, નો. નિયમ-૪૪ નીચે વિરોધપક્ષના નેતાશ્રીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે એ બહુ કલીયર છે કે, જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકાય છે, એવા નિવેદન ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં અને આપણે ચર્ચા કરતા નથી અને આ નિવેદન છે એ એક વર્ષ માટે નથી પૂરા ૫ વર્ષની જાહેરાત છે. એટલા માટે હું એનો વિગતવાર નિર્ણય હવે પછી આપીશ અને પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી. પ્લીઝ, ૫ વર્ષ માટે છે. (અંતરાય) નો, કાંઈ છે નહીં. ૫ વર્ષ માટે છે.

**(સતત સુત્રોચ્ચાર, સતત અંતરાય)** પ્લીઝ.. પ્લીઝ નો, નો, નો પણ ૫ વર્ષની આપણી પ્રેકટીસ છે જ નહીં. પ્લીઝ, એ મુદ્દો હું લઈશ, (અંતરાય) નિર્ણય આપીશ. હવે પોઈન્ટ ઓફ ઓર્ડર નહીં, કલીયર કર્યો છે. (સતત અંતરાય) નો નો મેં પોઈન્ટ ઓફ ઓર્ડર કલીયર કર્યો છે. એ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આપ ચર્ચા નહીં કરી શકો. પ્લીઝ, નો નો (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે રુલીંગ આપ્યા પછી એની ચર્ચા જ ન હોય (અંતરાય)
**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે કહ્યું છે એ આપે સાંભળ્યું જ નથી.
**અધ્યક્ષશ્રી** : નો નો. નેક્સ્ટ.
**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર જૂદો છે.
**અધ્યક્ષશ્રી** : એ હું આપી દઈશ તમને.
**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં એ નથી પૂછયો. મારો બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

# અધ્યક્ષશ્રીને અધ્યપદેથી દૂર કરવા માટેનો પ્રસ્તાવને રજૂ કરવા માટે પરવાનગી આપવા બાબત (નિયમ-૧૦૩)

**અધ્યક્ષશ્રી** : અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કરવા માટે સભાગૃહની પરવાનગી માગવા બાબત નિયમ ૧૦૩ મુજબ માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ, ડૉ. સી. જે. ચાવડા, શ્રી ગોવાભાઈ રબારી અને ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાનો પ્રસ્તાવ એ છે કે,

" આ સભાગૃહ, વિધાનસભાના અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા ઠરાવે છે. "

માનનીય સભ્યશ્રીને તેમનો પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ આપવાની તરફેણમાં જે સભ્યો હોય તે તેમની જગ્યાએ ઉભા થાય. (થોડી વાર બાદ) ૧૭ કરતાં વધુ સભ્યો ઉભા થયા છે. એટલે માનનીય સભ્યશ્રી ડૉ. સી. જે. ચાવડા, શ્રી ગોવાભાઈ રબારી અને ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાને તેમનો પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ આપવામાં આવે છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : સભામોકૂફીના પ્રસ્તાવ બાબત આજે સભામોકૂફીનો પ્રસ્તાવ આવ્યો છે તે અંગે આજ તારીખ : ૨૮-૩૦૦૭ના રોજ વિરોધ પક્ષના માનનીય નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૮ અન્વયે સભામોકૂફીના પ્રસ્તાવની નોટિસ આપી છે. આ પ્રસ્તાવની સૂચનામાં સમાવિષ્ટ બાબત સબ જ્યુડીસ હોય તથા વિચારણા હેઠળની બાબત તાજેતરમાં બનેલી ઘટનાને લગતી ન હોઈ, બાબત મને તાકીદની જણાતી નથી. તેથી તે બાબતને હું ગૃહ સમક્ષ ઉપસ્થિત કરવા માટે અનુમતિ આપતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** આ તો અઠવાડિયા પહેલાની છે. (અંતરાય)

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૦૫-૦૬નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટ જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### સન ૨૦૦૫-૦૬નો ગુજરાત રુરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રુરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ કૉર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૦૪૦૫ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧-૩-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી હર્ષદભાઈ વસાવાના "ભારે પૂરથી નુકસાની માટે રાહતો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૦૪૦૫ (અગ્રતા ક્રમ-૬)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (સમિતિના પ્રમુખશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અઢારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૬**

# ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૭

**સન ૨૦૦૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૭ના ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૭ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**વિધેયક પરની ચર્ચાનો સમય ઠરાવવા અંગે**

**અધ્યક્ષશ્રી :** આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ઘરવાનું છે. આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે ૧૩ સભ્યોએ તેમના મુદ્દાઓ આપેલ છે. આજે ગૃહની બેઠકનો સમય સાંજના ૭-૧૫ સુધીનો છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલા સાંજના ૬-૧૫ વાગ્યે વિનિયોગ વિધેયક પરની સઘળી ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની છે. પરંતુ આ વિધેયક બાદ અંદાજપત્રને લગતા નાણાકીય વિધેયકો હાથ ધરવાના હોઈ નિયમોમાં છૂટછાટ મૂકી વિનિયોગ વિધેયક પરની ચર્ચા પૂરી થયા બાદ તરતજ મતદાન પ્રક્રિયા હાથ ઘરવામાં આવશે. ત્યારબાદ અંદાજપત્રને લગતા નાણાકીય વિધેયકો હાથ ઘરવામાં આવશે. વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતાં દરેક સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવા માટે બે મિનિટનો સમય ઠરાવું છું. તદ્નુસાર જે જે મુદ્દાઓ સમાપ્ત થયા બાદ વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

**સરકારી વિધેયકો**

# ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૭ (ક્રમશ:)

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો છે - "કોન્ટ્રાકટરોએ કરેલ કામોની રકમની ચૂકવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા."

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય લેવલે જે રસ્તાના કામો થાય છે, જે સિંચાઈ, ચેકડેમોના કામો થાય છે એ દરેક કામમાં પૈસા સમયસર ચૂકવવામાં આવતા નથી એના લીધે કોન્ટ્રાકટરો કામ કરી શકતા નથી. જે રસ્તાના કામો છે એ મોટા કોન્ટ્રાકટરો લે છે પછી સબ કોન્ટ્રાકટરને આપે છે અને સબકોન્ટ્રાકટર સમયસર કામ ઘણા કરે છે અને ઘણા નથી કરતા અને બિલ સમયસર પહોંચતા નથી એના લીધે પૈસા એક તો મળતા નથી અને બિલ જે મુકાય છે એના પૈસા પણ સમયસર મળતા નથી એના લીધે એ કામો રખડે છે. અમારાં ભિલોડા તાલુકામાં ધનસુર ગામમાં મોડપ તળાવ છે એનું બે વર્ષથી કામ પૂર્ણ થયેલ છે એ મોડેપ તળાવના પૈસા કોન્ટ્રાકટરને ચૂકવાયા નથી અને આજની તારીખમાં એ કામ હજુ રખડી ગયેલું છે. અત્યારે એ તળાવનું ૫૦-૬૦ હજારનું મામૂલી કામ બાકી છે ત્યારે કોન્ટ્રાકકટરને આ રકમ ના મળવાના કારણે આ કોન્ટ્રાકટર કામ છોડી ગયા છે. સરકાર તરફથી જે અધિકારી છે એમના દ્વારા સરકારશ્રીને રજૂઆત કરવા છતાં પણ એ પૈસા ચૂકવવામાં આવ્યાં નથી. એ જ રીતે કાંકરાપાળ ખાતે ૧૯૯૯-૨૦૦૦ કામ થયેલું એના પણ પૈસા ચૂકવવામાં આવ્યાં નથી એટલે આ રીતે સરકાર

* વિધેયક તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સમયસર પૈસા ફાળવતી નથી અને કામ રખડી પડે છે. છેલ્લી તારીખે જ્યારે માર્ચ એન્ડમાં કામની ચકાસણી વગર જે તે પૈસા ફાળવી દેવામાં આવે છે એના લીધે કામ પણ ચોક્કસ રીતે અધિકારી દ્વારા જોવામાં આવતું નથી અને આ પૈસાનો વ્યય થાય છે, સામેની સાઇડે બીજા રસ્તા, સિંચાઈ, ચેકડેમ અને તળાવોના કામો અમને દેખાતા નથી.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો છે - " રહેમરાહે નોકરી અંગેના પડતર કેસોનો તાકીદે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા"

માનનીય અધ્યક્ષશ્રી, રહેમરાહે નોકરી માટે કેટલાય ગરીબ લોકો પોતાની નોકરી માટે રાહ જોઈને બેઠા છે, મોટી સંખ્યામાં આવા કેસો પડતર છે એનો તાકીદે નિકાલ થયો નથી અને તેથી ગરીબ લોકોને પોતાનું ઘર સંભાળવામાં પણ મુશ્કેલી છે ત્યારે એમના પિતાશ્રી કે એમનો જે નોકરીમાં મૃત્યુ પામ્યાં હોય કે ગમેતે કારણોસર પણ એમને તરતજ નોકરી મળવી જોઈએ એ પણ મળતી નથી, તેથી એમના જે પડતર કેસો છે એનો તાકીદે નિકાલ કરવામાં આવે અને રહેમરાહે એમને ઝડપથી નોકરી આપવામાં આવે એવી આપ પાસે મારી માગણી છે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, બી.ટી.કપાસના બિયારણો કંપની પાસેથી વાજબી ભાવે ખેડૂતોને મળી રહે તેવું આયોજન કરવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. ગુજરાતમાં બી.ટી. કપાસનું વાવેતર ભૂતકાળમાં જે કપાસનું વાવેતર થતું હતું એનાથી અનેકગણું વધી ગયું છે. બી.ટી. કપાસમાં જે ઉત્પાદન થાય છે એમાં પણ અનેકગણો વધારો થયો છે. પહેલાં જે ડુપ્લીકેટ બિયારણ કંપનીઓ ખેડૂતોને પધરાવતી હતી એમાં પણ ચૂડાસમા સાહેબના વ્યકિતગત પ્રયત્નોથી પરિણામો સારા મળ્યા છે પણ ખેડૂતોને વાવેતરના સમયે બી.ટી. કપાસનું જે બિયારણ મળવું જોઈએ એ બારસો-બારસો રૂપિયાના ભાવથી ખેડૂતોને મળે છે એટલે વાજબી ભાવે બિયારણ મળે તો જ નાના, મધ્યમ અને સીમાંત ખેડૂતોને આનું વળતર મળી શકે અને આ ઉત્પાદન અને એના પ્રોષણક્ષમ ભાવોના લીધે ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ સુધરે છે તો આનો લાભ નાના, સીમાન્ત ખેડૂતોને ત્યારે જ મળે કે જ્યારે બિયારણના ભાવો ઓછા હોય એટલે એ બાબતમાં જે તંત્ર ઉદાસીનતા દાખવે છે એ સક્રિય બને એટલી મારી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ ઉદ્યોગપતિઓને અપાતી રાહતો અટકાવવા તંત્રની ઉદાસીનતા. માનનીય અધ્યક્ષશ્રી વાયબ્રન્ટ ગુજરાતના નામે ગુજરાત સરકારમાં માત્ર પાંચ-દસ કરોડપતિ જે ઉદ્યોગપતિઓ છે એને જ આ રાહતો આપવામાં આવે. આ જે કંપનીઓને રાહતો આપવામાં આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમને સાંભળો, બોલનાર સાચું જ બોલે છે એવું માનવું નહીં, સાંભળવું પડે, બેસો, બેસો.

**શ્રીબલવંતસિંહ ચં.રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં જે કાગળો ઉપર મુકાયું છે માનનીય અધ્યક્ષશ્રી, કેવા કેવા ઉદ્યોગપતિઓને આપવામાં આવે છે, માત્ર એક ગ્રુપને જમીન ચાર હજાર... (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જમીનનો પ્રશ્ન આમાં ? (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં.રાજપૂત** : રાહતો આપવાની વાત કરી છે.

**શ્રી વજુભાઈ વાળા** : તમારો મુદ્દો જે છે,

**શ્રી બલવંતસિંહ ચં.રાજપૂત** : જે રાહતો આપવાની છે એ બાબતમાં (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : મર્યાદિત મુદ્દો છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ મળશે એમને.

**શ્રી અશોક ભટ્ટ** : જમીન ન આવે એમાં.

**અધ્યક્ષશ્રી** : આપનું ધ્યાન દોરું, અહીંયા ચોક્કસ ઉદ્યોગોને વેરામાં અપાતી રાહતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા.

**શ્રી બલવંતસિંહ ચં.રાજપૂત :** ૩૪૫૧ ઉપર બોલું છું ત્યાં સુધી મને ખબર છે એટલે એવું નથી કે હું અભ્યાસ કર્યા વગરની વાત કરું છું. જે રીતે ચોક્કસ ઉદ્યોગપતિઓને જે વેરામાં રાહતો આપવામાં આવે છે, એસ.ઈ.ઝેડમાં કરોડો રૂપિયાના, કહેવાય એસ.ઈ.ઝેડ પણ એસ.ઈ.ઝેડમાં ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયાનો ફાયદો આપવામાં આવે છે એની સામે હજ્જારો ઉદ્યોગો બંધ થાય છે. એક ઉદ્યોગપતિને ફાયદો આપવામાં જ્યારે હજ્જારો ઉદ્યોગો બંધ થતા હોય ત્યારે સરકારે આ બાબતે ચિંતા કરવી જોઈએ કે લઘુઉદ્યોગને રાહતો આપવામાં આવતી નથી અને મોટા મોટા ઉદ્યોગોને આપવામાં આવે છે આના કારણે અનેક ઉદ્યોગો બંધ થાય છે અને રોજગારીના પ્રશ્નો પેદા થાય છે, ત્યારે મારે સરકારને વિનંતી કરવી છે કે, આવી રાહતો જે મોટી આપવાની છે એ બંધ કરે અને નાના લોકોને રાહતો આપવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી આ રાજયનું બજૅટ પસાર થયું એ પછી રાજયની તિજોરીમાંથી ૪૩૫૭૦ કરોડ રૂપિયા ખર્ચ કરવાની અનુમતિ આપતું વિધેયકની મંજૂરી માટે એ પૈકી આરોગ્ય અને પરિવાર કલ્યાણનું લગભગ ૧૦૦૨ કરોડના ખર્ચ મહેસૂલી અને મૂડી માટેનું છે. આ ખર્ચ કરવા માટે આપણે અનુમતિ આપીશું પરંતુ મારો મુદ્દો એ છે કે, કચ્છ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને જે સબ સેન્ટરો છે એમાં વર્ગ-૧ થી ૪ની જે જગ્યાઓ છે એમાં લગભગ અડધો અડધ

જગ્યાઓ ખાલી રાખવામાં આવે છે. આ રકમમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની ગ્રાન્ટ પણ આવી જતી હોય અને આ ખર્ચ જે છે એ કચ્છના એ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે એના માટે ખર્ચાતી હોય, ઉધારવામાં આવે પરંતુ એ જગ્યાઓ ખાલી હોય, એનો નાનકડો દાખલો આપું કે આરોગ્ય મંત્રીશ્રીએ એક જવાબમાં કહ્યું કે, ચીકનગુનિયાના અમદાવાદમાં ૬૮૦૦૦ કેસો થયા પણ કચ્છમાં માત્ર ૧૦૩ થયા. એનું કારણ એ કે સરકારી દવાખાનામાં સ્ટાફ જ નથી તો સારવાર લેવા કોણ જાય? એને કારણે આ કેસની સારવાર લેવા માટે નોંધણી ન થાય પરંતુ હજારોની સંખ્યામાં ચીકનગુનીયાને કારણે ત્યાંની પ્રજાને સહન કરવું પડયું અને ખાનગી દવાખાનામાં સારવાર લેવી પડી એટલે સભાગૃહનું અને આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે સ્ટાફ નિમવાની ગંભીરતા તરફ લક્ષ આપે અને આવતા દિવસોમાં દવાખાનામાં પૂરતો સ્ટાફ લેવાય અને ખાસ કરીને વર્ગ-૧ના અધિકારીઓ આવતા નથી એનું કારણ એ છે કે ટીકુ કમિશનની ભલામણનો ભૂતકાળમાં રાજય સરકારે સ્વીકાર કરેલો એનો છેદ ઉડાડી દેવામાં આવેલો એને કારણે વર્ગ-૧ના ડોકટરો છે એ રાજયની સેવા માટેની માગણી કરવામાં આવે તેમ છતાં આવતા નથી, જે આવી ગયા છે એને રીવર્ટ કરવા માટે હાલના આરોગ્ય મંત્રીશ્રીએ ૧૯૯૮માં નકકી કર્યું હતું એની સામે નામદાર હાઈકોર્ટમાંથી સ્ટે લાવ્યા અને જે ચુકાદો આવ્યો એને આપણે ગ્રેસફુલી આ રાજયમાં વર્ગ-૧ના ડોકટરો જે સરકારી સેવામાં વાળી શકીએ તો જ આપણા દવાખાનામાં મૅડિકલ સ્ટાફ પૂરતો આવશે અને ખાસ કરીને કચ્છ જિલ્લામાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની નિમણૂક, ભરતી થતી નથી એના તરફ ધ્યાન આપે અને તો જ નાણામંત્રીશ્રી નાણા ફાળવે એવી ભલામણ છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી વિધેયક માટેનું બીલ લાવ્યા છે એમાં મારે કહેવું છે. પોલીસ તંત્રમાં ચાલતા આંતરિક ઝઘડાઓને કારણે થતા ખોટા કેસો રોકવામાં તંત્રની ઉદાસીનતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નિષ્ફળ ગઈ છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થા ગૃહ વિભાગ ઉપર હોય છે પરંતુ હાલમાં રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી અધિકારીઓ-અધિકારીઓ વચ્ચે રાજકારણ ચાલી રહ્યું છે. એક અધિકારી પકડાય અને બીજો અધિકારી એના આપઘાતનું કારણ હમણાં જ બનેલો કિસ્સો સુરતમાં ડી.વાય.એસ.પી.કક્ષાના એક અધિકારીએ આપઘાત કર્યો અને એના દીકરાએ કહ્યું મારા પિતાના આપઘાત કરવાનું કારણ પોલીસ અધિકારીએ ખોટો કેસ કર્યો છે એ છે. હમણાં જ અમદાવાદમાં પી.એસ.આઈ. પંડયાની ધરપકડ થઈ એને ધરપકડ પછી નિવેદન કરવું પડયું કે મને ખોટી રીતે પકડયો છે અને ખોટી રીતે કેસ કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગ જેણે કાયદાની પરિસ્થિતિ સંગીન રીતે નિભાવવાની છે ત્યારે એકબીજાને મારી નાખવાની, પાડી નાખવાની ભાવના ચાલી રહી છે એને કારણે રાજયમાં ચોરી, લૂંટ, બળાત્કાર, અપહરણ વધતા જાય છે. દારૂબંધીની કડક નીતિની અમલવારી સામે દારૂબંધીની છૂટછાટ હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે મારે ગૃહ વિભાગને આપ દ્વારા કહેવું છે, મંત્રીશ્રીને કહેવું છે કે અંદરોઅંદરની લડાઈ, રાજકારણને કારણે લોકોને ગૃહ વિભાગમાં વિશ્વાસ રહ્યો નથી. લોકોનો વિશ્વાસ ઉઠી જશે તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસી જશે પરિણામે ગુજરાત રાજયના વિકાસને બદલે બરબાદી થશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, મંડળીની વાત કરું તો સહકારી મંડળીઓ અત્યારે ગામડાંમાં અને ખેડૂતોને બિયારણ, ધિરાણ વગેરે તમામ વ્યવસ્થા માટેની મંડળી હોય છે અને મંડળીના ચેરમેન, મંત્રી ઉપર વિશ્વાસ મૂકીને આખા ગામનો વહીવટ ચાલતો હોય છે ત્યારે છેલ્લા ૩-૪ વર્ષથી નિયમાનુસાર ગામના સહયોગથી સરકારના નિયમો મુજબ મંડળીની દરખાસ્ત થાય છે અને કોઈને કોઈ કારણસર પૂર્તતા નથી એમ કહીને ધકેલાઈ જાય છે અને સાવ ખોટી મંડળી કે જેને નિયમથી બિલકુલ છડેચોક વિરોધ હોય એવી એકેએક ગામમાં પાંચ પાંચ નહીં નવ નવ મંડળીઓ એક જ હેતુ માટેની મંડળી એક રજીસ્ટરના સિકકા મરાય અને એ પણ પાંચ દિવસમાં દરખાસ્ત મૂકીને છઠ્ઠા દિવસે રજીસ્ટ્રેશન અને આઠમા દિવસે ધિરાણ આપી દે. હું ગામ મંડળીવાઈઝ મારા વિસ્તારમાંથી આપવા માગું છું. મંત્રીશ્રીને વાત કહું છું. મેં તમારી વાત કરી નથી. હું કોઈ પક્ષીય વાત કરતો નથી. આ ખેડૂતોની સંસ્થા છે આમાં ખેડૂત મરી જાય છે. આમાં કોઈ પૉલિટિક્સ ન લાવે. હું એમ નથી કહેતો કે મેં રજૂઆતમાં પણ કદી કહ્યું નથી જે સુવોમોટો વિરોધી મંડળી થાય છે એમાં પણ ભેદભાવ રખાય છે. નિયમાનુસાર પડી રહે છે સેઈમ કેટેગરી હોય, સેઈમ તાલુકો હોય. અને પાંચમાંથી એક મંજૂર થઈ જાય અને ચાર રદ થઈ જાય. મને લાગે છે કે આ બરાબર નથી. એના લીધે સરકારના વહીવટના નિયમોથી બધેથી ગામડાના લોકોનો વિશ્વાસ ઉઠી જશે. સાચી વાત ટકતી જ નથી. સહકાર એ આખો આધાર એમના ઉપર છે. તેમાં કોઈ પક્ષાપક્ષ નથી. બધા પક્ષો મંડળીમાં હોય છે. આખું ગામ મંડળીમાં હોય છે. માટે નિયમ વિરુદ્ધની મંડળીઓ છે, ખોટી છે અને બબ્બે વર્ષથી સુઓમોટો સરકારે અપીલ કરી, સરકારના અધિકારીએ અપીલ કરી છે કે આ ખોટી છે. એનો કોઈ નિર્ણય લેવાતો નથી, છતા એ જ ગામમાં બીજી મંડળી ગામમાં પાછી થઈ જાય એ બરાબર નથી. તો આના માટે ખાસ નાણા મંત્રીશ્રી, કૃષિ મંત્રીશ્રીને વારંવાર લેખિત, મૌખિક રજૂઆત કરેલ છે કે ખરેખર આમાં કોઈ પૉલિટિક્સ જોયા વગર ખેડૂતોના હિતમાં સાચી રાખો અને બીજી રદ કરો. એકેએક ગામમાં ૧૦-૧૦ ખોટી મંડળીઓ બતાવું. સાચી મંડળીવાળા ફરિયાદ કરે છે. સુઓમોટોમાં જે ખોટી મંડળીઓ થઈ છે, તો એને રદ કરવાનો નિર્ણય લેવો જોઈએ. બબ્બે વર્ષથી શેના માટે રાખી છે, કારણ કે ગામમાં બીજી મંડળી કરી શકતા નથી, એનો નિકાલ નથી આવતો. આના માટે નિર્ણય લેશો એવી આશા રાખું છું.

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો આમ તો સીધો, સાદો અને સરળ છે, પણ ખૂબ અગત્યનો, મહત્ત્વનો અને ગંભીર મુદ્દો છે. જલેબી જેવો, મીઠાશવાળો છે. રાજ્ય સરકાર છાશવારેને છાશવારે નવા પૅકેજો બહાર પાડે છે. કોઈ ૧૧૦૦૦ કરોડનું, તો કોઈ ૧૫૦૦૦કરોડનું કે કોઈ ૧૩૦૦૦ કરોડનું, પણ વાસ્તવમાં ૫૦ ટકા જેટલો સ્ટાફ સરકાર પાસે નથી અને હરખપદૂડી થઈ આ જે જાહેરાત કરે છે, એનો કોઈ મતલબ કે કોઈ અર્થ રહેતો નથી. મારી આ બાબતમાં વાળા સાહેબને વિનંતી છે કે આને ગંભીર રીતે વિચારે. સ્ટાફની ભરતી કરે. સ્ટાફ કર્મચારીઓ ઉપર કામગીરીનું એટલું બધું વજન આવી ગયું છે. (અંતરાય) હરખ પદુડી એ શું ખોટું કહ્યું છે? મારે મુખ્યમંત્રીશ્રીને કહેવું હતું કે આપે જાહેરાત કરી. બધા મંત્રીશ્રીઓ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપે છે, પણ મુખ્યમંત્રીશ્રીએ એકેય સરકારને અભિનંદન આપ્યા નથી કે હું આ જાહેરાત કરું છું સરકારને અને સરકારના મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

આદર્શ નિવાસી શાળાઓ જે આદિવાસી માટે, અનુસૂચિત જાતિ માટે અને બક્ષીપંચના લોકો માટે આદર્શ નિવાસી શાળાની જે સ્થાપના કરી છે, એમાં ૧૦૦ માંથી ૧૭ જેટલી થઈ ગઈ. આ વહીવટ છે એમનો. ૪ જગ્યાઓ આચાર્યની છે તે છેલ્લા ૧૮ વર્ષથી ભરાયેલ નથી. પ્રશ્નોત્તરીમાં પૂછવામાં આવ્યું તો કાર્યવાહી ચાલુ છે એવું કહ્યું. સરકાર ૧૮ વર્ષથી ૪ આચાર્યની જગ્યા ભરી શકતી નથી. વાતો મોટી મોટી કરે છે. ગુલબાંગો મારી લોકોને ગેરમાર્ગે દોરે છે, આ ગૃહને ગેરમાર્ગે દોરે છે. (અંતરાય) હકીકત છે. કરતા કશું નથી અને વાતો મોટી મોટી કરો છો. બહું મહત્ત્વની બાબત છે. નાણામંત્રીશ્રીને પ્રાર્થના છે કે આ બાબતમાં વિચારો. આપની ભાવના છે, જે એ દીપશે. અભિનંદન આપીશ. કરવાની દાનત ખોટી છે. મેં અગાઉ પણ દાખલો આપ્યો હતો કે એક બળદને થોડીક કાંકરી નાખો એટલે શરીરમાં ઝણઝણાટી આવે એટલે કહે છે કે આ વાયબ્રન્ટ સરકાર, વાયબ્રન્સી. ગમે એટલો હથોડો મારો, પણ હાલતી, ચાલતી છે નહિ, વાયબ્રન્ટ છે જ નહીં. (અંતરાય) આ વખતે અમે જ આવવાના છીએ. આ લોકો અહીયા બેસવાને લાયક નહિ રહે. આવતી વખતે અમે જ આવવાના છીએ. આટલી વિનંતી છે કે વજુભાઈ વાળા આ બાબતમાં ગંભીરતાથી વિચારશે, તો ખરેખર આ ગુજરાતનું ભલું થશે, ગુજરાતનું હિત સચવાશે.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઈ જોષીયારાજીએ જે કહ્યું કે કોન્ટ્રાકટરોને સમયસર પૈસા ચૂકવતા નથી. તેમાં કોઈ વહિવટી કારણ હશે તેના કારણે કદાચ પૈસા ચૂકવાતા નહીં હોય. રાજય સરકારમાં પૈસાના અભાવે પૈસા ન ચૂકવાતા હોય તેવું નથી. બજૅટમાં જેટલા પૈસા હોય તેમાં જે તે વિભાગમાં બાર ભાગ પાડીને દર મહિને એડવાન્સ એલોટ કરવામાં આવે છે. પરંતુ જે કંઈ કામમાં નબળાઈ રહી ગઈ હોય, સુપરવિઝનની અંદર કોઈ રિમાર્કસ લખેલા હોય, તે કારણસર તે હોઈ શકે છે. પણ સાચો કોન્ટ્રાકટર છે અને કામ પૂરું થઈ ગયું છે, બિલ બની ગયું છે, તેનું બિલ એપ્રુવ થઈ ગયું છે છતાં પૈસા મળતા નથી આવો કોઈ કેસ હોય તો ચોક્કસ વ્યકિતગત ધ્યાન દોરજો. તેને સંતોષ થાય તે રીતે કામ કરીશું. કોઈ કારણસર બિલ નથી મળ્યું અને બિલ મળવાપાત્ર હશે અને ડિસ્પ્યુટેડ બિલ નહીં હોય તો બિલ આપવા માટે પૂરેપૂરી કોશિશ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભારતીબેને વાત કરી રહેમરાહે નોકરી માટે કે ગરીબ વર્ગના લોકોને નોકરી મળે તેના માટે રહેમરાહેના ધોરણો છે. તેમાં ૧૯૯૭થી ૬૮૦૮ લોકોએ અરજી કરી હતી. તેમાં નોર્મ્સ મુજબ આવતા હતા તેમને નોકરી આપવાની વાત હતી. તેમાંથી ૪૫૦૧ લોકોને નોકરી આપવાપાત્ર હતી. તેમાંથી ૪૦૮૫ લોકોને નોકરી આપી છે અને ૪૧૬ લોકોને નોકરી આપવાની બાકી છે. જે લોકોને વારસાગત નોકરી મળે તેના માટે તાત્કાલિક એક કે બે મહિનામાં નોકરી આપે તેવી સૂચનાઓ આપી છે. વહેલામાં વહેલી નોકરી મળી રહે તેના માટે રાજય સરકારે સૂચના પણ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સી.જે. ચાવડાએ જે વાત કરી તેમાં તેમણે કહ્યું કે બી.ટી. કપાસના બિયારણ માટેની વાત છે. તેમાં ૧૬૦૦ થી ૧૭૦૦ રૂપિયા પહેલાં લેવામાં આવતા હતા. તે લોકો વ્યાજબી ભાવ કરતાં વધારે ભાવ લેતા હતા તેની ખબર પડતાં સાહેબ ૭૫૦ રૂપિયા આપણે ભાવ નક્કી કર્યો છે. તેના માટે કૃષિમંત્રીશ્રીએ મીટિંગો કરી આયોજન કર્યુ છે. જે લોકો પાસેથી પૈસા વધુ લેવામાં આવતા હતા તેમને પૈસા પાછા અપાવ્યા છે. આજની તારીખે કોઈ વધારે ભાવ લેતું નથી. ભૂતકાળમાં જે અસંતોષ હતો અને જે લોકોએ આનો ગેરલાભ લીધો છે તેમની પાસેથી પૈસા પાછા અપાવ્યા છે. જે લોકો વધુ પૈસા લેતા હતા તે પૈસા પાછા અપાવ્યા છે. આજે રેટ નક્કી કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહજીએ વાત કરી ચોક્કસ ઉદ્યોગકારોને વેરાઓમાં રાહત આપવાની વાત છે. એકપણ ઉદ્યોગકારોને જે નિયમ બન્યા છે, ઈન્ડસ્ટ્રીયલ ડિપાર્ટમેન્ટ તરફથી નોર્મ્સ નક્કી કર્યા છે. તેના સિદ્ધાંતો નક્કી કર્યા છે. તે સિદ્ધાંતની બહાર એકપણ રૂપિયાની રાહત આપતા નથી. કોઈને વધારે બેનીફીટ આપતા નથી. ૧૯૯૫ થી ૨૦૦૦ની જે યોજના બની તેના પછી કોઈ યોજના જાહેર કરી નથી. સિવાય કે કચ્છની અંદર ભૂકંપ આવ્યો તેના કારણે કેન્દ્ર સરકારે અને રાજય સરકારે ઉદ્યોગોમાં રાહત આપી હતી. તેમણે વાત કરી કે એસ.ઈ.ઝેડમાં કરોડપતિ ઉદ્યોગકારને લાભ અપાય છે અને નાના ઉદ્યોગકારણે નથી આપતા. એસ.ઈ.ઝેડમાં જે લાભ મળે છે તે કરોડપતિ હોય કે નાનો ઉદ્યોગકાર હોય તેના માટે નોર્મ્સ સેન્ટ્રલ ગવર્નમેન્ટ

અને સ્ટેટ ગવર્નમેન્ટે નક્કી કરયા છે. તેની વિરુદ્ધમાં એકપણ લાભ આપેલ નથી. છતાં કોઈ વ્યકિતગત હોય તો કહેજો. નિયમ મુજબ મળવાપાત્ર હોય અને રહી ગયું હોય તો કહેજો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈએ કચ્છમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓની વાત કરી છે. કચ્છને સામાન્ય રીતે નોકરીયાતો ત્યાં નોકરી કરવા માટે જવા માટે કોઈ પસંદ કરતું નથી. ત્યાં કોઈ જગ્યા મળતી નથી. ત્યાં ૧૯૯૧ના નોર્મ્સ મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૯ જોઈએ તેના બદલે ૩૭ આપ્યા છે. એ જ રીતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૯ જોઈએ તેના બદલે ૧૨ આપ્યા છે. પેટા આરોગ્ય કેન્દ્ર ૧૫૧ જોઈએ તેના બદલે ૨૫૧ આપ્યા છે. અહી જે કલાસ-૩ અને ૪ ની જગ્યાઓની વાત છે તે ભરવા માટે રાજય સરકાર તૈયાર છે. નર્સની ભરતી પહેલાં ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે થતી હતી તેના બદલે હવે ડાયરેકટ ભરવા માટે ગયા વખતે નક્કી કર્યુ છે. આરોગ્ય કેન્દ્રમાં બધાને સુવિધા મળી રહે અને કોઈપણ જગ્યા ખાલી ન રહે તેના માટે રાજય સરકાર પૂરેપૂરી પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેને વાત કરી કે અધિકારીઓ વચ્ચેના રાજકારણના કારણે આંતરિક રીતે એક યા બીજી રીતે ખેંચતાણ થાય છે અને એક બીજા ઉપર આક્ષેપો થાય છે, માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં એ પાર્ટ્સની અંદર, એક તો અધિકારી અધિકારી વચ્ચે કોઈ મુસીબત ન હોવી જોઈએ અને અધિકારી પ્રજાને કોઈ મુસીબત ન કરે એ જોવાનું આપણું કર્તવ્ય છે અને ફરજ છે અને છતાંય કોઈ વ્યકિતગત કેસમાં કોઈ અધિકારી આંતરિક સાંઠગાંઠને કારણે જો કોઈ માણસને, કોઈ પ્રજાજનને મુસીબત પડતી હોય તો એ બાબતે આપ ચોક્કસ ધ્યાન દોરજો, પણ બાકી આંતરિક રીતે કોઈના પ્રમોશન માટે દિલાસો હોય, આંતરિક રીતે જે કોઈ હોય પણ એના આંતરિક ઝઘડાને કારણે પ્રજા એનો ભોગ ન બને અને જો પ્રજા ભોગ બનતી હોય તો એવો કોઈપણ દાખલો આપશે તો રાજય સરકાર ચોક્કસ એ દિશામાં પૂરેપૂરા પ્રયત્ન કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગોવાભાઈએ વાત કરી કે ગ્રામ વિસ્તારોમાં જે સહકારી મંડળીઓ હોય છે એ સહકારી મંડળીઓની અંદર ઘણીવાર જોઈએ એના કરતાં નિયમવિરુદ્ધ વધારે મંડળીઓને પરવાનગી આપી દીધી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં કોઈપણ સહકારી મંડળી હોય પછી એ સેવા સહકારી મંડળી હોય, દૂધ સહકારી મંડળી હોય, મત્સ્યોદ્યોગને લગતી સેવા સહકારી મંડળી હોય કે નાગરિક સહકારી બૅન્કને લગતી મંડળી હોય, એવી જે જે કોઈ મંડળીઓ હોય અને આપણા સહકારી કાયદામાં જો કોઈ કાયદાનો ભંગ થતો હોય તો ચોક્કસ કહેજો. સહકારી કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે કે આની અંદર એક ગામમાં કેટલી સેવા સહકારી મંડળીઓ હોવી જોઈએ. (અંતરાય) જે રીતે અપીલમાં પડ્યું હોય એ બે રીતે હોય કે આપણે જે એક ગામની અંદર ધારો કે બે મંડળીઓ ન હોવી જોઈએ, એવી કાયદામાં જોગવાઈ હોય અને પાંચ પાંચ મંડળીઓ ત્યાં થઈ ગઈ હોય તો એવી મંડળીઓમાં જે સિનિયર મંડળી હોય એનું એક રજીસ્ટ્રેશન રાખી બાકીની બીજી મંડળીઓના રજીસ્ટ્રેશન છે એ જો ખોટા અપાયા હોય તો એ માટે ચોક્કસ રાજય સરકાર તપાસ કરશે અને નિયમ વિરુદ્ધનું હોય તો એને રદ કરવી જોઈએ અને કાં તો સરકારે નિયમમાં સુધારો કરવો જોઈએ કે એક ગામમાં દશ મંડળી પણ આપી શકે, પણ (અંતરાય) નિયમ વિરુદ્ધની કોઈ વાત ચલાવી લેવા માટેની અમારી વાત નથી (અંતરાય) પણ એ જેટલા વહેલામાં વહેલીતકે એનું નિરાકરણ થાય, (અંતરાય) એમાં હું જાતો નથી પણ આપણને સૌને ખબર છે કે તમે અને હું સૌ બધા પૉલિટિક્સમાં પડેલા લોકો છીએ, આ લોકોના, એક સહકારી મંડળી કરતાં વધારે સહકારી મંડળીને પરવાનગી આપવા માટે કોના ફોન ગયા છે અને શું શું થતું હોય છે, પણ હવે ભૂતકાળ ભૂલીને આપણે નિયમ પ્રમાણે ચાલીએ એ રીતે સૌના હિતની વાત છે, એ બાબતમાં ચોક્કસ કરશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દોલતભાઈએ જે વાત કરી કે સ્ટાફની ખૂબ અછત છે, માનનીય દોલતભાઈ, કદાચ અછત હશે, કોઈને પ્રમોશન ન મળ્યું હોય અને એને લીધે જગ્યા ખાલી હશે, નવી ભરતી ભરવાનું સરકારે બંધ કર્યુ છે એને કારણે હશે પણ સ્ટાફના અભાવે કોઈ કામ સફર થાય એવું ગુજરાત રાજયમાં નથી. (અંતરાય) અસર નહીં પડે. હું તમને કહું કે, મારે નહીં, અહીંયાં ભૂતકાળમાં સરકારે કરેલું હતું કે વીસ ટકા કાપ મૂક્યો, અને વીસ ટકા કાપ મૂક્યા પછી કોઈ કામ સફર નથી થતું, પણ કામ સફર થતું હોય, કામમાં વિલંબિતપણું થતું હોય તો ચોક્કસ ધ્યાન દોરજો, અને જે પણ ખાલી જગ્યાઓ છે એ ખાલી જગ્યાઓ ભરવા માટે પણ રાજય સરકાર ભૂતકાળમાં તૈયાર હતી અને આજે પણ તૈયાર છે, પણ આપે જે વાયબ્રન્ટની વાત કરી પણ મારે કહેવું નથી કે વાયબ્રન્ટના ધ્રુજારા કયાં સુધી પહોંચ્યા છે? આપે અધિકારીની વચ્ચે વાયબ્રન્ટની વાત કરી પણ હું કોઈ પૉલિટિક્સ સ્પીચ આપવા માગતો નથી અને આપ તો વડીલ છો પણ વાયબ્રન્ટના ધ્રુજારા કયાંય ગયા નથી પણ માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીના અભાવના કારણે પ્રજાનું કોઈ કામ સફર થાય એવી કોઈ ફરિયાદ મળી નથી અને છતાં પણ જેટલી ભરવાલાયક જગ્યાઓ છે એ જગ્યાઓ ભરવા ચોક્કસ પ્રયત્ન કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આ જે વિનિયોગ વિધેયક છે એ વિધેયક ઉપર ચર્ચા થઈ ગઈ છે, માગણીઓ ઉપર ચર્ચા થઈ ગઈ છે. કુલ ૪૩,૫૭૦ કરોડ રૂપિયાની માગણીઓ છે તો આ મારું બિલ મંજૂર કરવામાં આવે એવી હું સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૭નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના-વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**કલમ-૨, ૩ અને અનુસૂચિ કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિંટગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૭નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના-વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૭નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક. ૧૯

## મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭

### મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રી શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૯, મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મોટર વાહન વ્યવહાર વેરાનું હાલનું માળખું રાજયની સ્થાપના કાળથી અસ્તિત્વમાં છે. આ વેરો વાહન કયા ઈંધણથી ચાલે છે તે અને તેના પ્રકાર મુજબ, વાહનની કિંમત મુજબ, વાહનના વજન મુજબ અથવા વાહનની બેઠક ક્ષમતાના આધારે લેવામાં આવે છે. આમાં ૨૧ જેટલા વિવિધ પ્રકારના અને જુદા જુદા કદના મોટર વાહન માટે હાલમાં ૬૭ જેટલા જુદા જુદા દરો અને જુદી જુદી પદ્ધતિઓ અમલમાં છે. જેના પરિણામે અનેક વહિવટી મુશ્કેલીઓ સર્જાય છે, વસૂલાતના પ્રશ્નો ઊભા થાય છે અને વેરો આપનારા કરદાતાઓના મનમાં પણ કન્ફયુઝન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાહન વ્યવહારનું માળખું હવે નવેસરથી બનાવતી વખતે ઈંધણ આધારિત વર્ગીકરણ દૂર કરવાનું અને વાહનની વેચાણ કિંમત પર જ વેરો લેવાનું તેમજ વજન તથા બેઠકના આધારિત પદ્ધતિને પણ સરળ બનાવવાનું વિચારવામાં આવ્યું છે. આ ઉપરાંત કેટલાક વધારાની કેટેગરીના વાહનો પર ઉચક કરનો વિકલ્પ પણ આપવાનું વિચાર્યું છે આના લીધે હાલ ૬૭ જેટલા જે વેરાના દરો છે એ ઘટીને ફકત ૧૮ જેટલા થવાના છે. આ દરો નક્કી કરતી વખતે કાળજી રાખવામાં આવશે કે આમાં કોઈ બહુ મોટો વધારો ન થાય. ક્યાંક ફાયદો થવાનો છે, ક્યાંક થોડો માર્જીનલ વધારો થવાનો છે એના માટે હું આ ગૃહ સમક્ષ આ બિલ લઈને ઉપસ્થિત થયો છું. આ ઉપરાંત આ બિલમાં તમામ પ્રકારના વેરા માટે એક જ નાણાકીય વર્ષની જોગવાઈ કરવાનો પણ આમાં પ્રસ્તાવ છે. આમાં બીજો પ્રસ્તાવ વ્યાજની જોગવાઈ છે એ બે ટકાથી ઘટાડી દોઢ ટકાની મર્યાદામાં કરવાની જોગવાઈ છે. આ ઉપરાંત આ બિલમાં 'મોટર વાહન ઈન્સ્પેકટરની' જગ્યાએ 'સહાયક મોટર વાહન ઈન્સ્પેકટર કે તે દરજ્જાના અધિકારી' આ શબ્દો ઉમેરવાની જોગવાઈ છે. જે પ્રકારે વાહનોની સંખ્યા વધી છે એની સરખામણીમાં મોટર વાહન ઈન્સ્પેકટરની ઉપસ્થિત જગ્યાઓ અવેલેબલ નથી એટલે સહાયક મોટર વાહન ઈન્સ્પેકટર કરવાથી કરદાતાને ઘણી મદદ થવાની છે. આ ઉપરાંત સૌર ઊર્જાથી ચાલતા મોટર વાહનો છે એનો પણ આમાં સમાવેશ કર્યો છે અને બીજી એક મહત્ત્વની જોગવાઈ એ છે કે પેટા કલમ-૨ માં વેરાની બાકી રકમ માટે જ્યારે વિવાદ ઉપસ્થિત થાય ત્યારે જેણે વિવાદ દાખલ કરાવવો હોય એણે વિવાદની ૨૫ ટકા રકમ ભરપાઈ કરવાની જોગવાઈ કરી છે. ઘણી જગ્યાએ એવી ફરિયાદો મળી છે કે વિવાદ ચાલુ કરી વરસો સુધી વેરો ના ભરવાનું એક વલણ જોવામાં આવે છે. મીનીમમ ૨૫ ટકા જો વિવાદની રકમના ભરે તો જ વિવાદ દાખલ થાય એવી જોગવાઈ પણ આની અંદર કરી છે આનાથી ખૂબ મોટું સરલીકરણ થવાનું છે અને વિધેયક સ્વયં સ્પષ્ટ છે તેથી હું બધા સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આની અંદર સહયોગ આપે અને વિધેયક પાસ કરવામાં પોતાનો અભિપ્રાય આપે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એની અંદર હાલના તબક્કે મોટર વાહનનું એન્જીન ડિઝલ કે પેટ્રોલ પર જે ચાલે છે એના પર આ જે ટેકસ કે એના પરની જે કિંમત છે, એનું વજન છે અથવા એની બેઠકની જે સીટ છે એના પર લેવામાં આવતો હતો

ગુજરાતમાં એકવીસ જેટલા જુદા જુદા પ્રકારના વર્ગના મોટર વાહનો માટે કુલ ૬૭થી પણ વધારે જુદા જુદા દરોની પદ્ધતિ અમલમાં છે અને આ માટે હમણાં માનનીય મંત્રીશ્રીએ કહયું કે ઘણા બધા પ્રશ્નો ઉભા થાય છે એના કારણે હવે એની વેચાણ કિંમત ઉપર, વજન અને કેપેસીટીના આધાર પર લેવાનું આ બિલમાં ધાર્યુ છે વેચાણ પર જયારે લેવામાં આવશે ત્યારે અને પહેલા જે લેવામાં આવતો એની અંદર ઘણો બધો ફરક પડવાનો છે. કેટલીય કેટેગરી પર ઉચ્ચક વેરો લેવાનું વિચાર્યુ છે અને ૬૭ જે દરો છે એમાં ખાસ કરીને ઘટીને ૧૮ દરો નક્કી કરવાનું સરકારે આ બિલમાં વિચાર્યુ છે. આજે આયાતી ૩૦૦૦ કિલોગ્રામના વજનની ગાડીઓને જે ટેક્સ ભરવાનો લાભ મળશે એવું જણાવવામાં આવ્યું છે મારે ખાસ કરીને માનનીય મંત્રીશ્રીએ કહેવું છે કે પહેલાં જે જોગવાઈ હતી બિલની અંદર એ ભારતમાં બનાવેલા એટલે કે તેની ફેકટરીની વાહન કિંમતનું બિલ બતાવે એ હતું અને હવે આ બિલમાં બતાવ્યું છે કે ભારતમાં બનાવેલા વાહનના સંબંધમાં વાહનની કિંમત એટલે વાહનના ઉત્પાદકે અથવા વેપારીએ આપેલ વાહનના ભરતિયામાં દર્શાવ્યા પ્રમાણેની વાહનની વેચાણ કિંમત. એટલે એના કારણે અને બીજું બતાવ્યું છે કે આયાતી વાહન એટલે કે વાહનની કિંમત જે કસ્ટમ્સ એકટ પ્રમાણે અંદાજી હોય અથવા બિલ ઓફ એન્ટ્રી પહેલાં આ હતું અને હાલની જે વ્યાખ્યા ઉપર કિંમત અન્ય ડયૂટી અને ખર્ચ અને અન્યનો સમાવેશ કરવામાં આવ્યો છે આના કારણે આજે પહેલાં ફેકટર એકટ પર હતો હવે બીજા બધા ટેક્સ ચડીને એના પર ટેક્સ લેવામાં આવશે એટલે આડકતરી રીતે આ રાજય સરકારે જુદા જુદા પ્રકારના બીલો લાવીને કેવી રીતે ટેક્સ વધારવો અને લોકોના મગજમાં ઉતરે નહિ અને આડકતરી રીતે ટેક્સ થાય એના કારણે પાંચ ટકા વધારે ટેક્સ આમાં વધવાનો છે અને વાહનની કિંમતનો ટેક્સ છ મહિના અરધુ વર્ષ લેવામાં આવશે આ આની અંદર ચોખવટ કરી છે અને એના પર આડકતરી રીતે ટેક્સ વધવાનો છે હાલ જે મોટર વ્હીકલની નોંધણી આર.ટી.ઓ.માં થઈ હોય તે હાલ છ મહિના ગણાય આજની તારીખે આ એવું છે પણ આ વિધેયક પ્રમાણે નાણાકીય વર્ષ પહેલી એપ્રિલથી પહેલી ઓક્ટોબર સુધીના સમયગાળામાં છ મહિના તરીકે ગણવામાં આવશે પહેલાં આખી વસ્તુ એવી હતી કે એકવાર માણસ જે લાવે એ તારીખે બિલની અંદર ટેક્સ ગણવાની પરિસ્થિતિ હતી જે તારીખે લાવ્યો હોય એ હતું હવે આમાં ગાળા કરી દીધા કે આ ત્રણ મહિના, છ મહિના, નવ મહિના. એ પ્રકારનો ટેક્સ ગણવામાં આવશે એટલે એક માણસ કદાચ જે લાવ્યો હોય છેલ્લી તારીખે પણ ત્રણ મહિનાનો ટેક્સ એને ભરવો પડે એટલે રાજય સરકારને આડકતરી રીતે આમાં પણ ફાયદો રહેવાનો છે આ કરવાની જરૂરિયાત એટલા માટે નથી કે જે તારીખે માણસ વાહન લાવ્યો હોય એ તારીખે એને ટેક્સ ભરવાનો રહે તો બરાબર છે આ તો કવાર્ટર પ્રમાણેનો જે ટેક્સ ગણી લીધો છે એને કારણે આવી પધ્ધતિ થવાની છે અને ખાસ કરીને દર વરસે વધુમાં વધુ ૨૫૦ વાર્ષિક ટેક્સ રોડ ટેક્સ ભરવા માટેની જોગવાઈ કલમ-૩માં હતી અને આ વિધેયકમાં સુધારો કરી અને કેટલો બધો કરી નાંખ્યો વધુમાં વધુ પાંચ હજાર સુધી વાર્ષિક રોડ ટેક્સ ભરવાનો રહેશે એટલે રોડ ટેક્સના વધારાના કારણે દર વાહને રોડ ટેક્સ ઉપર ૨૦ ગણો વધારો કરી દીધો છે. હમણાં જ માનનીય મંત્રીશ્રી સરસ કહેતા હતા કે આમાં બહુ કોઈ ફેરફાર નથી. આ કાયદાની ગુંચવણના કારણે પણ આડકતરી રીતે કેટલા કરોડ રૂપિયા આમાં વધી જશે કે વીસ ગણો ટેક્સ આ બિલની અંદર આડકતરી રીતે ૨૫૦ રૂપિયાના સીધા પાંચ હજાર રૂપિયા કલમ ૩ની અંદર જોગવાઈ કરી દેવામાં આવી છે તેને કારણે રોડ ટેક્સ ઉપર વીસ ગણો વધારો થવાનો છે એવી આજે સિસ્ટમ થઈ રહી છે.

કલમ ૪૧ ૧(એ) વાહન પ્રકાર પ્રમાણે અર્ધ વાર્ષિક, મહિના, સપ્તાહ દીઠ ટેક્સ ભરવાની જોગવાઈ વાહનોની બસ ૧૨ બેઠકની કરવામાં આવી હતી જે આપણી આવે છે તેની અંદર આજની પરિસ્થિતિ હતી વાહનનો પ્રકારનો શબ્દ કાઢી ઉચ્ચક વેરા એટલે સ્થળ સિલક પ્રમાણે ભરવાનો રહેશે. આજે જે બિલ ઉપર નાની નાની જે આપણી પ્રવાસ નિગમના નામે વાતો કરતાં હોઈએ કે ગુજરાતની અંદર લોકો આવે અને આપણું ગુજરાત પ્રવાસ નિગમ માટે સો કરોડની જ્યારે જોગવાઈ કરતા હોઈએ અને ભલે પૈસા ના ખર્ચીએ પણ છતાંય આવી બસો જ્યારે બહારથી આવતી હોય તેના ઉપરનો ટેક્સ ફીકસ હતો પણ તેનો વેરો આખો ઉચ્ચક વેરો એટલે માણસ અઠવાડિયું, દસ દિવસ, પંદર દિવસનો જે વેરો ભરતો હતો માસિક વેરો ભરી શકાશે નહીં અને જેમને વેરો ભરવો હોય તેને ઉચ્ચક વેરો નક્કી પ્રમાણે વાર્ષિક, અર્ધ વાર્ષિક અથવા ત્રિ માસિક ભરી શકાશે. એટલે આપણે ત્યાં કોઈ પંદર દિવસ માટે ગુજરાતની અંદર આવે અને પંદર દિવસનો જે વેરો ભરતો હતો હવે તે માણસને ત્રણ મહિનાનો, છ મહિનાનો કે નવ મહિનાનો આ કલમના આધારે ભરવાનો રહેશે. એટલે કોઈ પણ માણસ પ્રવાસે અહીંયા આવે અને આટલો મોટો વેરો ભરવાનો થાય તેને વધારે પડતો ભરવાનો છે તે સાબિત થશે. એપ્રિલ-૧,૨ના રોજ નોંધાયેલ દર મહિને એકીસાથે આખા મહિનાનો ભરવાનો રહેશે. એપ્રિલના જે પહેલાં નોંધાયેલા છે તે અને એપ્રિલ પછી જે નોંધાયેલા છે તે તમામ લોકોએ આખો વેરો ભરવો પડશે એવી સ્થિતિ થવાની છે. કલમ-૮ પ્રમાણે સમયસર ટેક્સ ભરવામાં ના આવે તો ટેક્સનું મહિનાનું બે ટકા સાદું વ્યાજ ગણવાનું આજની તારીખમાં હતું. તે આજે દોઢ ટકો કરવાનું ધાર્યુ છે. સારી વાત છે કે ઘણી વખત નાના નાના વાહનો હોય તેને કારણે કોઈ ટેક્સ ના ભરી શક્યા હોય તો હું સરકારને એ કહું છું કે, જે ૨ ટકા હતો તેની જગ્યાએ એક ટકો કરવો જોઈએ. જેને કારણે આ વ્યાજના જે રેઈટ છે તે જાપાન જેવામાં ઝીરો પર્સન છે. ફોરેનમાં ચાર પર્સન ચાલતા હતા. ભારતની અંદર ૯ ટકા, ૧૦ ટકા કે ૧૧ ટકા વ્યાજ મળતું હોય અને આપણે તેની પાસેથી

આજે પણ દોઢ ટકો લઈએ તે પઠાણી વ્યાજ તરીકે ગણાય. તેના કરતાં એક ટકો રાખવામાં આવે તો ચોક્કસ પણે આ ફાયદો થાય અને એક ટકો રાખવું તે માનનીય મંત્રીશ્રીને હું સૂચન કરું છું.

કલમ-૧૨ પ્રમાણે જે વાહન માલિકો ટેક્સ ભર્યો ના હોય તેવા વાહનોને પકડી સીધા કરવાની સત્તા તે માત્ર ઈન્સ્પેકટર અથવા પોલીસને હતી. અને તેને કારણે આપણે જોઈએ છીએ કે આજે પણ ગુજરાતની અંદર મોટામાં મોટો ભ્રષ્ટાચાર ચાલતો હોય તો આ નાના નાના વાહનોને પકડીને અને લોક હેરાનગતિના કારણે આપણે હાઈવે ઉપર જોતાં હોઈએ છીએ, ચેક પોસ્ટો ઉપર જોતાં હોઈએ છીએ દરેક જગ્યાએ આ તકલીફ હોય છે. હવે આ કલમની અંદર આ સરકારે સુધારો કર્યો. કોઈ બિલ એવું આવે કે જે અટપટું હોય તો તેની અંદર સુધારો કરવો જોઈએ. તેની જગ્યાએ મોટર એકટના ઈન્સ્પેકટરની જગ્યાએ વધારાની આસિસ્ટંટ ઈન્સ્પેકટરને સત્તા આપવામાં આવી છે કે આજે જે પ્રમાણે ગુજરાતની સ્થિતિ ચાલી રહી છે તેની જગ્યાએ આ આસિસ્ટંટ ઈન્સ્પેકટરને આ વધારાની સત્તા આપી તેના કારણે હેરાનગતિઓ વાહનોને જે થઈ રહી છે તેની અંદર ચોક્કસ પણે તેમાં વધારો થવાનો છે કે સરકાર તેના કડક નિયમો કરે. પણ તમે સત્તા જેમ જેમ વધારે આપશો તેમાં ભ્રષ્ટાચાર ચાલશે. તેમાં ચોક્કસ પણે વધારો થવાનો છે. કલમ-૧૪ પ્રમાણે જેનો વેરો બાકી હોય અને ૨૫ રૂપિયા અપીલ ફી અત્યારે ભરવાની હતી. આ સરકારે નાના નાના રિક્ષાવાળાઓ અને સામાન્ય લોકો હોય જેને ટેક્સ ભરવાની સ્થિતિ, કચરાવાળા હોય એવા લોકોને ૨૫ રૂપિયાના બદલાની અંદર ૨૫ ટકા વેરો ખોટી રીતે બે-બે હજાર, પાંચ-પાંચ હજાર રૂપિયા તે લોકોને બિલ ભરાવીને આપી દેતા હતા હવે તેને અપીલ કરવી હશે તો ૨૫ ટકા વેરો ભરવાનો. સરકાર ખરેખર કયા લોકોની ચિંતા કરે છે આજે પણ સમજાતું નથી કે ખરેખર નાના લોકોને ફાયદો થાય ૨૫ રૂપિયા ભરીને અપીલ કરતાં હોય આ સરકારે તેની અંદર ૨૫ ટકા તે રકમના ભરવા પડે તો જ તે અપીલ કરી શકશે. તો સરકારે ખરેખર આ ૨૫ ટકાનો ગાળીયો કાઢી નાંખવો જોઈએ અને કલમ ૧૪ પ્રમાણે ૨૫ રૂપિયા અપીલના છે એ ચાલુ રાખવા જોઈએ. જેના કારણે જે નાના નાના વાહનોવાળા છે એ તમામ લોકોને આનાથી ફાયદો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એકબાજુ હમણાં જ માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે ૩ હજારથી વધારે વજન ધરાવતા વાહનો માટેનો વાર્ષિક વેરો નીચે પ્રમાણે રહેશે અને એમાં કેટલો મોટો વેરો વધારી દીધો છે કે ૩ હજારથી ૪.૫ હજાર કિલોગ્રામના ૨૧૦૦ રૂપિયા હતા, ૪૫૦૦ થી ૬૦૦૦ કિલોગ્રામ વજનના વાહનના ૩૧૦૦ રૂપિયા હતા, ૬૦૦૦ થી ૭૫૦૦ કિલોગ્રામ વજનના વાહનના ૮ હજાર હતા અને ૭૫૦૦ થી આગળના વાહનોના ૨૫૦ કિલો ઉપર વજન હોય તો ૨૭૫ રૂપિયા કિલો પ્રમાણે આ સ્થિતિ હતી અને આજની તારીખમાં સરકારે ૩ હજાર કિલોગ્રામથી વધુ વજન ધરાવતા ૩ હજાર કિલોગ્રામથી ૧૦ હજાર કિલોગ્રામ વજન ધરાવતા વાહન માટે ૧૦ હજાર રૂપિયા એટલે કે એમાં ૨ હજાર રૂપિયાનો વધારે દર હતો, એનું વજન વધે એની અંદર ૨૫૦ કે ૨૭૫ રૂપિયા હતા એની જગ્યાએ ઓટોમેટિકલી ૨ હજાર રૂપિયા વધે એવું આમાં કરી દીધું છે અને રાજય સરકારે ૬ હજાર રૂપિયા તો ફીક્સ કરી દીધા છે. એટલે મારી વિનંતી છે કે આ રાજય સરકારે આ વાહનવેરામાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો ઓટોમેટિક કરી દીધો છે. માટે આ જે ૨ હજાર રૂપિયા મૂકયા છે એમાં સરકારે ૧ હજાર રૂપિયા મૂકે તો લોકોને રાહત થાય એવી મારી દરખાસ્ત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે ત્રણ પૈડાવાળાં વાહનો છે પેસેન્જર માટે છે કે જેને છકડો કહેવાય કે જેમાં નાનામાં નાનો માણસ મુસાફરી કરી રહયો છે એના ૧૧૦૦ રૂપિયા અને ૧૦૦ રૂપિયા પેસેન્જર દીઠ હતા એમાં આ સરકાર ઘણી વખત એમ કહે છે કે અમે ગરીબોની ચિંતા કરીએ છીએ, પરંતુ જયારે કાગળ ઉપર વાસ્તવિકતા આવે ત્યારે ખબર પડે કે આ સરકાર ખરેખર ગરીબોની ચિંતા કરે છે કે અમીરોની ચિંતા કરે છે. છકડાવાળાના ૧૧૦૦ રૂપિયા હતા એના ૨ હજાર કરી દીધા છે. સામાન્ય માણસો માટે આજે ૧૧૦૦ હતા એના ૨ હજાર થઈ ગયા છે. અને પેસેન્જર દીઠ એક સામાન્ય માણસ ૧૦૦ રૂપિયા ભરતો હતો એની જગ્યાએ ૨૦૦ રૂપિયા થઈ ગયા છે. એટલે કે આ ટેકસમાં ૪૦ થી ૫૦ ટકાનો ડીઝલનો ભાવ વધારો થયો છે અને એના કારણે સી.એન.જી.નો ઉપયોગ થાય તો આટલો મોટો વધારો એ બહુ મોટી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી સર્વિસમાં વાહનો હતાં એનો વ્યકિતદીઠ ૫૦૦ રૂપિયા હતો એના આ સરકારે પાછલા બારણે એટલે કે ૫ હજાર રૂપિયા કરી દીધા છે. એના લીધે સર્વિસ સ્કૂલ બસ હોય, સ્કૂલ વાહન હોય, સ્ટાફ બસ હોય એના ટેકસમાં ઓટોમેટિકલી વધારો થઈ ગયો છે. આપણે બાળકોની ચિંતા કરીએ છીએ, પરંતુ જયારે ૫૦૦ રૂપિયાને બદલે ૫ હજાર રૂપિયા આ બિલમાં આજે કરી દીધા છે. એ જ રીતે સ્લીપર બસો છે એના ૧૩ હજાર રૂપિયા હતા એના ૨૦ હજાર રૂપિયા કરી દીધા છે ૨૦ પેસેન્જર સુધીના અને ૨૫ પેસેન્જરથી જે વધારે કોન્ટ્રાકટથી ચાલતી બસો હતી એના ૧૮ હજાર રૂપિયા હતા એના આજે ૩૦ હજાર રૂપિયા કરી દીધા છે. ૧૨ પેસેન્જરના ૩ હજાર રાખ્યા છે એ એટલા જ રાખ્યા છે, પરંતુ ૨૦ પેસેન્જરથી વધારે હોય તો ૩૮૦૦ રૂપિયા હતા એના ૬ હજાર રૂપિયા આ બિલમાં કરી દીધા છે અને ટુરિઝમની લકઝરી બસો માટેની એટલા માટે વિનંતી કરું છું કે જયારે પ્રવાસધામ થાય, અમને એમ થાય કે પ્રવાસ ધામ બાબતમાં સારી રીતે ચાલવું જોઈએ એ ટુરિઝમની લકઝરી બસો એમાં ૨૦ પેસેન્જરના ૬૫૦૦ રૂપિયા હતા એ વધારીને ૧૫ હજાર રૂપિયા ટેકસના સરકારે કરી દીધા છે. એ જ રીતે ૨૦ પેસેન્જરથી વધારે હોય તો એના ૯ હજાર રૂપિયા હતા એ પણ આજે ૧૫

હજારના ૧૫ હજાર રૂપિયા રાખ્યા છે. એટલે આપણે ટુરિઝમને વેગ આપવાની વાત કરતા હોઈએ અને બીજી બાજુ આપણે આ બિલ મારફતે ટેકસમાં વધારો કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે ચેરિટેબલ ટ્રસ્ટો , શિક્ષણ સંસ્થાઓ ચાલતી હોય એમાં પણ ૨૨૫૦ કિલોગ્રામ વજન ઘરાવતા વાહન માટે ૧૫૦૦ રૂપિયા હતા એના આજે વાહન ૨ હજાર કિલોગ્રામ વજનનું એટલે એના ૩ હજાર રૂપિયા થઈ ગયા એટલે સીધેસીધા ડબલ થઈ ગયા છે. જે ચેરીટેબલ ટ્રસ્ટો કહેવાય જેમ કે અમારું સિધ્ધપુરનું મુકિતધામ જેવું ટ્રસ્ટ ચાલતું હોય એમાં પણ પાછલા બારણે ડબલ ટેકસ કરી દીધો છે. એ જ રીતે ૨૨૫૦ થી વધારે......

**અધ્યક્ષશ્રી:** માનનીય બલવંતસિંહ, હવે વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત:** ના, માનનીય અધ્યક્ષશ્રી, મારું પ્રવચન ચાલુ રહેવું જોઈએ.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૧૯, મુંબઈ મોટર વાહન વેરા સુધારા વિધેયક લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરું છું. મારી અગાઉ માનનીય બળવંતસિંહ ભાઈએ ખૂબ વિસ્તૃત રીતે રજૂઆત કરી છે. અને એમાં વેરાનું રેશનેલાઈઝેશન કરવાને કરણે દરમાં વધારો થાય છે તેની એમણે વિગતવાર છણાવટ કરી છે. બિલ મૂકતી વખતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એમાં જેટલા સ્લેબ હતા એમાંથી ઓછા કરી અને સત્તર કે અઢાર સ્લેબ કર્યા છે અને એમાં ક્યાંક વધારો થયો હશે. પણ આમાં તો ક્યાંક જ ઘટાડો થયો છે, અને આ રાજયમાં વાહન વ્યવહારની સંખ્યા વધતી જતી હોય ત્યારે સ્વાભાવિક રીતે નોન ટેકસ રેવન્યુ છે એમાં આની ગણતરી થાય છે ત્યારે તેની આવક પણ રાજયમાં વધતી ચાલી છે, એક જ વેરો, વાહનના રજિસ્ટ્રેશન વખતે વેરો ભરવાની પદ્ધતિ દેશમાં કદાચ સૌ પ્રથમવાર ૧૯૮૫ માં વાહન વ્યવહાર કમિશનર જ્યારે જી.એલ. ભગત હતા અને અરવિંદભાઈ સંઘવી રાજયના નાણા મંત્રી હતા તે વખતે આવેલી હતી. અને તેના કારણે દર વર્ષે વાહનની ફી, કે આર.ટી.ઓ. ટેકસ કે વ્હીલ ટેકસ ભરવામાંથી નાના વાહનોને એક જ વખત વેરો ભરવાની સરળતા કરી આપવામાં આવી હતી. અને આજ સુધી દરેક સરકારોએ એ ચાલુ રાખી છે. અને તેમાં કયારેક કયારેક આપણે ટ્રેકટરની ટ્રોલી ઉપરનો દર ગ્રામ્ય પ્રજા માટે જતો કરીએ, પણ અહીં છકડા ઉપરનો દર વધારવામાં આવ્યો હોય તો એ તો ગ્રામ્ય પ્રજા જ એનો ઉપયોગ કરે છે. તેના કારણે અકસ્માતોનો ભય પણ વધતો હોય છે. કારણ કે પેસેન્જરને કયા વાહનમાં જવા દેવા તેના માટે સલામતિના ધોરણો હોય છે, સલામતીના ધોરણોને કારણે આજે ગુજરાતને સૌથી મોટું નુકસાન થયું છે. આપણે ત્યાં ઓવરલોડને કારણે આપણે મંજૂરી આપેલી હતી, અત્યારના રસ્તા ૪૦-૫૦ ટન ભાર વહન કરી શકે તેવી ડીઝાઈનના બનેલા હોય છે. પણ ઓવરલોડને કારણે અકસ્માતની બાબતે કેન્દ્ર સરકારમાં જે રજૂઆત બધા રાજયોએ સાથે મળીને કરવી જોઈતી હતી તેમાં કચાશ રહી ગઈ અને સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે આપણે ઓવરલોડ બંધ કરવાનું રાજય સરકારે સૌથી પહેલું પગલું લીધું હતું, તેમ છતાં અહીંના ટ્રાન્સપોર્ટ ઓપરેટરો અને રાજય સરકાર આ બન્નેએ મળી અને નામદાર હાઈકોર્ટમાં રજૂઆત કરી તેના કારણે એક વર્ષ સુધી ખરેખર ૩૦૦ દિવસ સુધી આપણે એ વાહનો ઓવરલોડ લઈ જઈ શકે તેવી પરિસ્થિતિ નિર્માણ કરી હતી અને તેના કારણે ટ્રાન્સપોર્ટ ઓપરેટરોને પણ ફાયદો હતો અને રાજય સરકારની તિજોરીમાં પણ ટેકસ વધતો હતો. અને રાજયની તિજોરીમાં પણ ટેક્સ વધતો હતો. આજે નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે આ દેશના રસ્તાઓ ભારે વાહનોનો ભાર વહન કરી શકે તે ક્ષમતાના હોવા છતાં ટ્રકનું પાસીંગ ૧૦ ટનનું હોય એમાં ૧૨ થી ૧૩ ટન નથી આપી શકતા એમાં કદાચ આવકો ઓછી થઈ હોય એના લીધે આ વેરા વધારવાનું બિલમાં નથી કર્યુંને એટલી સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી પાસેથી ઇચ્છું છું.

નોન ટેક્સ રેવન્યુ માટે આપણે બધાને ચિંતા હોવી જોઈએ પરંતુ એમાં નાના વાહનો વાપરનારને કનડગત ન થાય એ ખાસ જોવું પડશે. એમણે જે અધિકારોનું ડિસેન્ટ્રલાઈઝેશન કર્યુ છે, જે અધિકારી હતા એની નીચેના અધિકારી પણ આ અંગે નિર્ણય લઈ શકે. આપણો અનુભવ ડિસેન્ટ્રલાઈઝેશન લોકોના લાભાર્થે હોવું જોઈએ કોઈએ અપીલ કરવા ૨૫ ટકા ભર્યા પરંતુ એની અંદર ચુકાદો કેટલા દિવસમાં આપવાના છે એની સ્પષ્ટતા કરેલી નથી. અને એના વ્યાજની વાત છે, દંડનીય વ્યાજ બે ટકામાંથી દોઢ ટકો કર્યો પરંતુ કેટલાય વિભાગોમાં બે ટકાને બદલે એક ટકો જ કરવામાં આવેલ છે એનું અનુકરણ શા માટે નથી થતું? આ જ વિભાગની અંદર એક ભારે વાહનો ખાસ કરીને હેવી વ્હીકલસ ઉપરનું ટેક્સનું ભારણ છે એમાં કોઈ બીજા રાજયમાંથી વાહન લઈ આવ્યા હોય અને એના ઉપરની ટેક્સની એ હજારો નહિ પરંતુ લાખો રૂપિયાની આકરણી કરવામાં આવે અને વાહન જપ્ત કરવામાં આવે છે. આપણે ત્યાં સ્ટાન્ડર્ડ નોમ્સ લોડ કોન્ટ્રાકટરના થયા રોડ રોલર વાઈબ્રેશન સાથે હોવું જોઈએ. સાદુ હોય તો છ લાખ રૂપિયામાં આવે અને બીજું જે છે તે ૨૪ લાખ રૂપિયામાં આવે જે પરદેશમાંથી આયાત કરીને રાખવામાં આવે એના ઉપર ટેક્સ આકરણી કરવામાં આવે એમાં વાસ્તવિકતા રાખવામાં આવતી નથી. એના કારણે કોન્ટ્રાકટરો સમયસર કામ પણ કરી શક્તા નથી અને કયાંક રજૂઆત થાય તો નિયમના આધારે

મુશ્કેલી હોય છે એટલે નિયમની અંદર સરળતા કરવામાં આવે અને ટેક્સની અંદર પણ સરળતા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઈએ ખૂબજ વિસ્તૃત રીતે ચર્ચા કરી છે એને હું ફરીથી દોહરાવતો નથી પરંતુ રાજયમાં નાના વાહનો પરનો વેરો છે એની ઉપર વેરો વધારવામાં આવ્યો હોય તો ઉચિત નથી એના કારણે ખાનગી વાહનો જે રજિસ્ટ્રેશન કોઈ જુદા હેતુ માટે થયા હોય ખેતીવાડીના ઉત્પાદન માટે થયા હોય છતાં એનો ઉપયોગ પેસેન્જર પરિવહન માટે થશે એટલે એના લીધે રાજયની આવક નહિ થાય અને અકસ્માતોનું જોખમ પણ વધશે. તેથી માનનીય મંત્રીશ્રી વિસ્તૃત રીતે સમજ આપે કે આ વેરો વધાર્યો છે કે કેમ? માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા ત્યારે રાહતો આપવાની જ વાત કરી હતી પરંતુ આજે આ બિલ આવ્યું છે એ બજેટને અનુસાર કાયદો બનાવતું બિલ છે એ વસૂલાત માટેનું છે ત્યારે પાછલા દરવાજેથી વેરાનું ભારણ વધારતું બિલ હોય એટલા માટે હું માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી, ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે બિલ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યો છું એ બિલમાં માનનીય બલવંતસિંહ અને માનનીય બાબુભાઈએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને તેઓએ ચિંતા વ્યક્ત કરી છે. એક ચિંતા એ વ્યક્ત કરી કે એના દ્વારા વેરો તો આડકતરી રીતે વધારવાનો ઇરાદો તો નથી ને? હું ફરીથી સ્પષ્ટતા કરવા માગું છું કે રેશનેલાઈઝેશનથી જે માર્જીનલ ફરક પડે. એ સિવાય કોઈ વેરો વધારવાનો સરકારનો ઈરાદો નથી. આ બિલ લાવવા પાછળનો આશય કેવળ ને કેવળ રૅશનલાઇઝેશનનો છે. સરળીકરણનો છે અને કરદાતાઓને ઓછી તકલીફ પડે તેનો છે. જે માનનીય બળવંતસિંહજીએ શંકા વ્યક્ત કરી કે ક્યાંક ૧૩,૦૦૦ હતા તેના ૨૦,૦૦૦ થયા છે, ક્યાંક ૧,૦૦૦ના ૨,૦૦૦ થયા છે. ક્યાંક ૧,૮૦૦ના ૩,૦૦૦ થયા છે. તે તેમણે વાત કરી તેનું કારણ એ છે કે અત્યારે જે હયાત એકટ છે એ એકટના શેડયુલમાં વેરાનો દર નક્કી કરવામાં આવેલ છે. તે શેડયુલના પાર્ટ-રમાં પેટ્રોલ પરના રેટના ૧૫૦ ટકાનો વેરો ડિઝલના વાહનો ઉપર લેવામાં આવશે એવું છે. શેડયુલ જ આખું રદ કરીને પેટ્રોલ અને ડિઝલ ઉપર એક જ જો વેરો લેતા હોઈએ તો તેની વચ્ચે ક્યાંક મીન કાઢીને વેરાનો દર નક્કી કરવો પડે અને એટલા માટે આ જે વધારો દેખાય છે એ કર્યો છે અને તેમાં પણ ૩,૦૦૦ વધીને ૫,૦૦૦ સુધી એવું કહ્યું છે એટલે ૫,૦૦૦ કરવાની વાત નથી. જે રૅશનલાઇઝેશન કરતી વખતે જે એવરેજ પેટ્રોલના અને ડિઝલના વાહનોની વેચાવાની સંખ્યા, તેની કિંમત અને તેના ઉપરની ટકાવારી ધ્યાનમાં રાખીને જે એકચ્યુઅલ દર આવતો હશે તેની આસપાસનો દર સરકાર નક્કી કરવાની છે. પરંતુ બે કેટેગરી જ્યારે રદ કરીએ અને બે કેટેગરી વચ્ચે આટલો મોટો ફરક હોય ૧૫૦ ટકાનો, તો તેની વચ્ચે લાવવું પડે. એટલે નીચેના કરતાં ક્યાંક ઉંચે જવું પડે એવા આશયથી આ વાત રાખવામાં આવી છે. એટલે પહેલાં હું ગૃહના રેકર્ડ ઉપર સ્પષ્ટતા મૂકી દઉં કે આમાં જે દરોનો ઉલ્લેખ કર્યો છે એ વધુમાં વધુ દરોનો ઉલ્લેખ કર્યો છે અને એ બન્ને કેટેગરી માટેના દરો છે. એટલે વચ્ચે ક્યાંક આ દર નક્કી થવાનો છે અને જે ટેમ્પરરી પરમિટ માટેની વાત કરી, માનનીય બળવંતસિંહજીએ તેની અંદર કોઈ વધારો કર્યો નથી. તે તેમની ગેરસમજ છે. જે લકઝરી બસો થોડા સમય માટે રાજયમાં પ્રવાસનના ઉદ્દેશથી આવે કે એક મહિના માટે આવે કે અઠવાડિયા માટે આવે તેમાં કોઈ ફેરફાર નથી કર્યો અને જ્યાં સુધી કિંમત ઉપર ટેક્સ લેવાનો સવાલ છે આની અંદર પણ કોઈ મોટો વધારો નથી થવાનો. જે નોમીનલ ડીલરનું માર્જીન હોય, જે કમિશન હોય તેના ઉપરના ટેક્સનો પ્રશ્ન ઉભો થવાનો છે. અત્યારે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, રાજસ્થાન, મધ્યપ્રદેશ બધા જ રાજયોમાં કિંમત ઉપર વેરો છે જ અને તેની અંદર વેટને પણ ઉમેરી દીધો છે. આપણે વેટને બાકાત રાખ્યો છે. એટલે વેટ એ રાજય સરકારનો વેરો છે. રાજય સરકારના વેરા પર પાછો વેરો ન લેવાય. એટલે આપણે તો વેટ સિવાયની રકમ પર વેરો લેવાનું નક્કી કર્યું છે. બાકીના રાજયોમાં તો વેટ ઉપર પણ વેરો લેવાની વાત છે. એટલે જે તેમણે ભય વ્યક્ત કર્યો છે એવું કશું થવાનું નથી. જ્યાં સુધી નાના વાહનોનો સવાલ છે, તેમાં તો કોઈ જ વધારો થવાનો નથી. આ સરકાર કોઈ નાના ઉપભોક્તા પર વધારાનો વેરો નાખવા માગતી નથી. તેની અંદર કોઈ ફેરફાર (અંતરાય) ઉલ્લેખની મેં સ્પષ્ટતા કરી કે ૨,૦૦૦ની સીમા સુધી એવું લખ્યું છે અને એટલા માટે લખ્યું છે કે પેટ્રોલ અને ડિઝલ વચ્ચે ૧૫૦ ટકાનો જે તફાવત છે. તેનું મીન કાઢવા માટે કયાંક વચ્ચે આવવું પડે. એટલા માટે આ સુધી લખ્યું છે. એટલે તેની વચ્ચે આ થવાનું છે અને વારંવાર કાયદામાં સુધારો ન કરવો પડે એટલા માટે અપર લિમિટ મૂકેલી છે. હું માનું છું કે તેમાંથી લગભગ ૬૦ લાખ જેટલા આપણાં ઉપભોક્તાઓને નિશ્ચિત ફાયદો થવાનો છે અને માર્ચ અંતિત નાણાકીય વર્ષનું કરવાથી પણ ફાયદો થવાનો છે. મારી સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલમાં સહયોગ આપે અને સર્વાનુમતિથી આ બિલને પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯ સન ૨૦૦૭નું મુંબઇ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૧૪, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯ સન ૨૦૦૭નું મુંબઇ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯ સન ૨૦૦૭નું મુંબઇ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૦**

# ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૭

**ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક :૨૦ સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ જાણે છે એ મુજબ આ સત્રમાં જે કારપૅટ એરિયા બેઝડ પ્રોપર્ટી ટેક્સ નગરપાલીકાઓમાં દાખલ કરવા માટેનું વિધેયક પસાર કરવામાં આવ્યું છે. જે પ્રકારે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ને સફળતા પ્રાપ્ત થઈ. ગુજરાતના શહેરોને આગવું સ્વરૂપ આપવા માટે એને આગવા સ્વરૂપના નિર્માણ માટે શહેરોને જોડવા માટેના પ્રયત્નો થયા અને એની સાથોસાથ પ્રાથમિક અને માળખાકીય વિકાસના કામોની સાથે એના રિફોર્મ્સ માટેની પ્રક્રિયાને આગવા સ્વરૂપમાં હાથ ઘરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો. ઈ-ગવર્નન્સ દ્વારા નગરપાલિકાઓ અને મહા નગરપાલિકાઓની અંદર પ્રામાણિકતા, પારદર્શક વહીવટ, સુદ્દઢતા પ્રાપ્ત કરી છે. એ જ પ્રકારે સમગ્ર દેશ જે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં જે પ્રોપર્ટી ટેક્સ લઈએ છીએ એ કારપૅટ એરિયા બેઝડ તરીકે લાગુ કરવામાં આવે અને એના કારણે શહેરી ક્ષેત્રમાં વસતા લોકોને સામાન્ય રીતે પોતાને કેટલો વેરો ભરવો પડશે? કયા પ્રકારનો વેરો આવશે? એનો કારપૅટ એરિયા કેટલો છે? એનો કેટલો વેરો આવશે એની સરળતાથી ગણતરી કરી શકે અને એ સુધારાઓ આપણે લાગુ કર્યા છે. એનું ખૂબ સારું પરિણામ ગુજરાતે પ્રાપ્ત કર્યું છે. સમગ્ર દેશના તમામ રાજયો આ સુધારાઓ તરફ આગળ વધી રહ્યા છે. કારપૅટ એરિયા બેઝડ પ્રોપર્ટી ટેક્સની સાથોસાથ કેટલીક બાબતો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે એને હાથ ઘરવાની આનુષાંગિક કાર્યવાહીઓ માટે એ ઉપકરો રહેલા હોય છે અને એવા સ્વરૂપે શિક્ષણ ઉપકર સામાન્ય રીતે શિક્ષણ માટે વપરાય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિસ્તારોમાં શિક્ષણ કાર્ય માટે વપરાય છે એ કારપૅટ એરિયા બેઝડ પ્રોપર્ટી ટેક્સ લાગુ કરવાની સાથે શિક્ષણ ઉપકર અત્યાર સુધી જે માળખામાં ઉઘરાવવામાં આવતો હતો એ માળખામાં કારપૅટ એરિયા બેઝડનું માળખું લાગુ કરીએ છીએ. ભાડા આકારણીના બદલે એવા સ્વરૂપમાં કારપૅટ એરિયા બેઝડ પ્રોપર્ટી ટેક્સ સાથે સંલગ્ન કરીને નગરપાલિકાઓના કાયદામાં સુધારો કરીને શિક્ષણ ઉપકર લાગુ કરવામાં આવે એના માટેનું બિલ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને હું આવ્યો છું. એમાં ૨-૩ બાબતોમાં સ્પષ્ટતાઓ સભ્યશ્રીઓ પાસે, ગૃહ પાસે કરવી છે. આ બિલથી જે શિક્ષણ ઉપકર ગુજરાતની નગરપાલિકાઓ ઉપર લાગવાનો હતો એમાં કોઈપણ જગ્યાએ એક રુપિયાનો વધારો થવાનો નથી. એ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવા માગુ છું. ટકાવારી જે નકકી કરેલી હતી ભાડા આકારણી પદ્ધતિ ઉપર એ ટકાવારીમાં આપણે કોઈપણ પ્રકારનો વધારો કરતા નથી. એની સાથોસાથ જે પ્રકારની વહિવટી સરળતા આવશે, વહિવટી સરળતાને કારણે કોર્ટના કેસો ઘટવાને કારણે નગરપાલિકાઓની આવકનું પ્રમાણ વધવાનું છે. આ જે શિક્ષણ ઉપકર લેવામાં આવશે એ શિક્ષણ ઉપકર જે સંસ્થાઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી રહી છે, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ મહદ્અંશે એમના માટે વપરાય છે અને જો એ નગરપાલિકા આ શૈક્ષણિક સંસ્થાઓ ન ચલાવતી હોય તો જિલ્લા પંચાયતો આ શાળાઓ સંભાળતી હોય છે. આ નગરોના વિસ્તારમાં મહદ્અંશે એ પૈસા એ ક્ષેત્રના શિક્ષણના વિકાસ માટે પ્રાપ્ત થતા હોય છે. એવા સ્વરૂપમાં આ એક વ્યવસ્થા યોગ્ય સ્વરુપમાં ગોઠવવા માટેનો એક ભાગ છે અને એમાં કોઈ નવો કરવેરો આવતો નથી. નવા કરનો બોજ કોઈ લોકો ઉપર આવતો નથી. એની સાથેસાથે જે સુધારાઓ જરૂરી છે ૩૦૦ રુપિયા સુધી જયાં જેને ટેકસ લાગુ પડતો હશે એને કોઈપણ પ્રકારનો શિક્ષણ ઉપકર લાગુ પડવાનો નથી એટલે કે નાના ગરીબ લોકોને આ કાર્યમાંથી એમને કોઈપણ પ્રકારનો બોજ આવવાનો નથી. નગરપાલિકાના નિયમો મુજબ જે પ્રકારની કર માટેની વ્યવસ્થા કરી છે એ હેન્ડીકૅપ, અશકત લોકો હશે, વિધવા બહેન હશે અને પોતે જ ઘર વાપરતા હશે, જાતે પોતાનું ઘર, કોઈને ભાડે ન આપ્યું હોય એવા લોકોને પણ કોઈપણ પ્રકારનો ટેકસ ભરવાનો આવતો નથી અને એના

કારણે એમણે પણ  શિક્ષણ ઉપકર ભરવાનો આવશે નહીં એવા સ્વરુપમાં એક આ કાયદામાં સુધારો કરીને જે રીફોર્મસ માટેની પ્રક્રિયા  ગુજરાતે શહેરી ક્ષેત્રોની અંદર અપનાવી છે, ગુજરાતના શહેરોને એક આગવા સ્વરૂપના શહેરો બનાવવા માટેનો નિર્ધાર વ્યકત કર્યો છે.  આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ગરીબ સમૃદ્ધિ યોજના જે પ્રકારની જાહેર કરી છે અને તેના કારણે શહેરી વિસ્તારની અંદર અર્બન પુઅર વિસ્તારમાં આગામી દિવસોમાં અનેક પ્રકારની સફળતાઓ પ્રાપ્ત થવાની છે એવા સ્વરૂપમાં એક નગરપાલિકાઓની અંદર વહિવટી સરળતા ખાતર પ્રામાણિકતા વધે એના માટે, પારદર્શકતા  આવે, લોકો સરળતાથી પોતાનો વેરો ગણી શકે અને સરળતાથી ભરી શકે એની સાથેસાથે જે ભાડા આકારણી મારફત શિક્ષણ ઉપકર ભરવાનો હતો એના બદલે કારપેટ એરિયા બેઝ પ્રોપર્ટી ટેક્સ જે લાગુ કરવામાં આવ્યો છે એના આધારે શિક્ષણ ઉપકર ભરે એ પ્રકારનું બિલ લઈને આવ્યો છું જે સ્વયં સ્પષ્ટ બિલ છે અને હું માનું છું ત્યાં સુધી  આ ગૃહના બધા જ સન્માનનીય સભ્યશ્રીઓ આ બિલની સાથે સહમત થશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંકઃ૨૦-સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા ) વિધેયક લઈને આવ્યા છે અને આ નિર્દોષ બિલ છે એનો અણસાર આ સન્માનનીય ગૃહને આપ્યો પણ કારપેટ એરીયા એ કયા વિભાગમાં કઈ રીતે આકારણી થાય ત્યારે જે કિંમતના આધારે આકારણી થતી હતી અને એની અંદરના જે ટકા હતા અને એ જે શૈક્ષણિક હેતુ માટે વપરાતા હતા એના કારણે ખૂબ સારી આવકો શૈક્ષણિક હેતુ માટેની જમા થતી હતી એ વાત અલગ છે કે આ શૈક્ષણિક આવકની જે રકમો છે જે તે નગરપાલિકાઓ બરો મ્યુનિસિપાલિટી કે જિલ્લા પંચાયતને ખૂબ લાંબા સમયથી આપવાની પણ બાકી હોય છે અને એ આપવા માટેની કંઈ વ્યવસ્થા આમાં નકકી કરવામાં આવી છે એનો પણ આમાં કોઈ ઉલ્લેખ કર્યો નથી પણ આકારણી જે વિસ્તારમાં એક જ સરખી કારપેટની હોય જે બીઝનેસના ધમધમતા વિસ્તારો હોય અને ત્યાં કિંમતને આધારે થતી  હતી.  હવે એ કારપેટ એરીયાની અંદર એ વિસ્તારવાઈઝ આ પ્રકારે એમાં ખૂબ વિસંગતતા ઉભી થશે. એમાં રીફોર્મ થાય એ સારું છે અને આ રીફોર્મમાં જયારે આપણે એશીયન ડેવલપમેંટ બેંકની લોન લીધેલી ત્યારે આ રીફોર્મ કરવા માટેની જે વાત આ આપણે સ્વીકારેલી છે,  જેટલું સરલીકરણ થાય એટલા લોકોની સગવડતા વધે એ વાત સાથે માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું એમાં સંમત છીએ પણ ભૂકંપ પછી જે G.U.D.C.C.  એ જે બાંધકામો કર્યા છે અને વિસ્તારમાં જે કામો થયા છે એ વિસ્તારની અંદરના જે મકાનોના આકાર જે છે એની અંદરથી આ શિક્ષણ ઉપકર કરમાંથી એને મુક્તિ આપવાની કોઈ વાત આપ કરવા માગો છો કે કેમ?  આ ધોરણોસર બનાવ્યાએ પોતાના કાચા મકાનોની અંદર રહેતા હતા એમણે પાકા મકાનો બનાવ્યા, સરકારના ૯૦ હજાર રુપિયા મળ્યા. પરંતુ એમણે પોતાના બે-ત્રણ લાખ રૂપિયા નાખ્યા છે. એના અંદર કિંમત આધારે નહિ પણ કાર્પેટના આધારે, કારણ કે એને ૪૦૦ ફૂટનું મકાન બાંધવું પડે. મ્યુનિસિપલ બરો વિસ્તાર છે એમાં જે ટેક્સ ભરવો પડે છે. તો નાની નગરપાલિકા કે બરો મ્યુનિસિપાલિટી છે એમાં ગરીબી રેખા કરતા નીચેના ગણતા હોય કે ઓ.બી.સી. હોય એને આ કાર્પેટ એરિયામાંથી રેસિડન્સ એરિયામાં મુક્તિ આપવી જોઈએ. કારણ કે શિક્ષણ ઉપકર જરૂરી છે પરંતુ એ વધુ ઊપજ કરનાર જગ્યાઓ છે એના ઉપર કાર્પેટ એરિયા મુજબ લેવામાં આવે તો ખોટું નથી. પરંતુ એની ગણતરીમાં પણ વગદાર લોકો હશે એ ઓછી આકારણી કરાવી લેશે. પહેલા કિંમતમાં પણ કરાવતા હતા. આપણો બધાની આ સર્વવિદિત સમજ અને માન્યતા છે. આ રીતે એનો અમલ થયો છે એની આપણને ખબર છે. તેમ છતાં બિલમાં સરળતાની જે વાતો આવી છે એ બધાના મગજમાં બેસે એવી છે. પરંતુ મેં જે મુદ્દો કહ્યો એ ખાસ કરીને ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં મોટા મકાનો એમને બનાવવા નહોતા પરંતુ બની ગયા છે. નિયમ મુજબ ૪૦૦ ફૂટના મકાનો બનાવવા પડે. જો કાર્પેટ એરિયા મુજબ ટેક્સ ગણવાનો હોય અને એના ઉપર એને શિક્ષણ ઉપકર ભરવાનો થાય તો એ વધારે થશે. એટલે આટલી સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી કરે એવી વિનંતી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે અને એમણે બિલમાં બહુ સરળતાથી એમ કહ્યું છે કે એક રૂપિયાનો પણ ટેક્સ વધવાનો નથી અને શિક્ષણ ઉપકર લેવાતો હતો એને કાર્પેટ એરિયાના ધોરણે લેવાનો સુધારો આ બિલમાં લાવ્યા છે. નગરપાલિકાનો વિસ્તાર હોય છે અને નગરપાલિકામાં જે ચૂંટાયેલી પાંખ હોય છે એના અધિકારો ઉપર દેખીતી રીતે તરાપ છે. જે સભ્ય ચૂંટાઈને આવ્યા હોય એ તમામ સભ્યોનું બોર્ડ બનીને આ નક્કી કરતા હોય છે. મને લાગે છે કે એક બાજુ સરકાર એમ ઈચ્છે કે ચૂંટાયેલી પાંખ છે એને સ્વતંત્રતાથી કામ કરવા મળે અને એવી આપણી બંધારણીય જોગવાઈ છે.. આજની તારીખે આ સરકારમાં પરંપરા રહી છે કે ગમે તે પણ નગરપાલિકા હોય, જિલ્લા પંચાયત હોય ગમે તે હોય એના અંદર સત્તા સરકાર પાસે રાખવાની કોશિશ થતી હોય છે. હમણા જે પ્રમાણે કહેવામાં આવ્યું એ પ્રમાણે ૩૦૦ રૂપિયા સુધી કર છે એના ઉપર કોઈ ટેક્સ લેવાનો નથી. પરંતુ જે ધંધાના હેતુ માટે હોય એના ઉપર શિક્ષણ ઉપકરનો દર છે એ ૩૦૦ થી ૧૦૦૦ સુધી ૩ થી ૬ ટકા અને ધંધાના હેતુ માટે ૭ ટકા થવાનો છે. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીનો હોય તો ૫ ટકા શિક્ષણ ઉપકર હતો એ હવે ધંધાના હેતુ માટે ૧૧ ટકા થવાનો છે. ૨૦૦૧ થી ૪૫૦૦ છે એ ૬ ટકાથી વધીને ૧૪ ટકા થવાનો છે. ૪૫૦૧ થી ૬૦૦૦ સુધીમાં છે એ ૭ ટકાથી વધીને ૧૬ ટકા થવાનો છે. ૬૦૦૦ થી ઉપર છે એમાં ૧૦ ટકા છે એમાં વધીને ૨૦ ટકા થવાનો છે. મારો કહેવાનો મતલબ એ

છે કે આજે કાર્પેટ એરિયામાં જેમ બાબુભાઈએ ચિંતા કરી એ સિસ્ટમથી ભલે કોઈ ગમે તે કહેતું હોય પણ ૧૦૦ ટકા ટેક્સ વધવાનો છે, વધવાનો છે અને વધવાનો છે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ૧૬૧ નગરપાલિકાઓની ચિંતા કરીએ છીએ. માત્ર એટલું કહેવું છે કે આડકતરી રીતે તમે ટેક્સ વધારીને નગરપાલિકાનો વહીવટ સુધારવાની વાત કરતા હોય ત્યારે એટલું જ કહેવું છે કે આપણી નગરપાલિકાની જે જકાત હતી અને સરકારે જે વચન આપ્યું હતું એ જકાત કાઢી પણ એમાં જે ૭ ટકા વધારો આપવાના હતા અને દિનપ્રતિ દિન વધારો કરવાના હતા એ જો કરે તો નગરપાલિકાનો વહીવટ સરસ ચાલે પણ આજની સ્થિતિએ સરકારે એ નથી કરવું પણ આડકતરી રીતે આંકડાની જે માયાજાળ છે એ માયાજાળને એવી રીતે ગોઠવીને, પ્લાનિંગ કરીને ભલે એમ સરકાર કહેતી હોય કે આનો ટેક્સ નથી વધવાનો. કારપૅટ એરિયાનો ભાવ જ્યારે નક્કી થશે ત્યારે ચોક્કસ પ્રમાણમાં ટેક્સ વધશે. આજે વર્ષો જૂનો જે દર છે. એના કારપૅટ એરિયા ભાવ કઈ રીતે, કઈ પ્રથાથી નક્કી કરવાના છે? બજાર ભાવ જોઈને કરશે એટલે ૧૦૦ ટકા વધારો થવાનો છે. મેં ગયા બિલમાં પણ કહ્યું હતું કે ૧૦ થી ૨૦ ટકા વધશે એમ આમાં પણ વધશે તો સરકાર આ બિલથી સરળ પદ્ધતિ કરે એનો વાંધો નહિ પણ એ બાબતની આપણને ખાતરી આપે કે આમાં કોઈ વધારો નહિ થાય તો તો બરાબર છે અને જો ખરેખર નગરપાલિકાઓને સારી રીતે ગામનો સારો વહીવટ કરવો હોય તો આપણે ૭ ટકા જોગવાઈ નથી આપતા એ આપવી જોઈએ. આ રીતે વધારો કરવા આપણે નગરપાલિકાને ના કરી શકાય તો શિક્ષણ આમ તો રાજ્યની જવાબદારી હોય છે. આજની જે નગરપાલિકાની સ્થિતિ છે કોઈપણ અહીંયા બેઠેલા સભ્યોને પૂછો પોતાની નગરપાલિકાની અંદર આર્થિક સ્થિતિ દરેક નગરપાલિકાની ખરાબ હોય છે એના ટેક્સથી માંડીને ચાર-પાંચ પગાર એ સમગ્ર નગરપાલિકાના આજે ચડેલા હોય છે.

**શ્રી અશોક ભટ્ટ** : શિક્ષણ ઉપકરની જ ચર્ચા હોય છે. બહુ મર્યાદિત છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : કરની હું વાત કરું છું. કર વધવાનો છે એના કરતા આજે જે સ્થિતિ છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ પ્રમાણમાં આજે ઘણું સારું છે બધા જ સભ્યો આજે પહેલો એવો દિવસ છે કે વિષય પર જ બોલ્યા છે

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ ચિંતા કરું છું કે નગરપાલિકાની વાસ્તવિક ચિંતા કરે તો અહીંયા બેઠેલા સભ્યશ્રીઓને પૂછો દરેક નગરપાલિકાની આજે જે સ્થિતિ છે એ દરેક નગરપાલિકાને ચાર-પાંચ પગાર ચડેલા છે. પાણી વેરાથી માંડીને કેટલીય નગરપાલિકા આજે ભરી શકતા નથી. નરોત્તમભાઈને પૂછો. આજે અમે બંધ કરી દેવાના છીએ. આ સ્થિતિ કરવાના છીએ? એના કરતા સરસ નગરપાલિકાનો વહીવટ થાય એ કરવું જોઈએ. મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરવી જોઈએ કે આમાં કોઈપણ સંજોગોમાં કારપૅટ એરિયામાં આજના જે દર છે એમાં વધારો નહિ થાય એવી હું વિનંતી કરું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના બં સભ્યશ્રીઓએ નગરપાલિકા કારપૅટ એરિયા બેઈઝ પ્રોપર્ટી ટેક્સ ઉપર શિક્ષણ ઉપકરના જે સુધારા લાવ્યો છું એમાં એમના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કારપૅટ એરિયા બેઈઝ બિલ જ્યારે આ ગૃહ સમક્ષ આવ્યું ત્યારે જ વાત કરી હતી કે આના નિયમો હવે પછી બનાવવામાં આવશે ત્યારે પણ મેં વાત કરી હતી ૩૦-૪૦ ચોરસ મીટર સુધીનાને આમાંથી અલગ પ્રકારની મુકિત પ્રાપ્ત થાય એ પ્રકારનું વિચારાધીન છે અને આ દિશામાં રાજ્ય સરકાર જવા માગે છે. આ કારપૅટ એરિયા બેઈઝ પ્રોપર્ટી ટેક્સમાં અનેક પાસા વિચારાવાના છે. એમાં મકાન કયા પ્રકારનું છે, મકાન કેટલા વર્ષ જૂનું છે, કેવું બાંધેલું છે, કેટલો એરિયા છે, કેટલો વિસ્તાર છે, પ્લોટનું ક્ષેત્રફળ શું છે, બાંધકામ કેટલું છે. સરળ પ્રકારની પદ્ધતિ જે ગુજરાતમાં પુરવાર થઈ છે. એ સરળ પદ્ધતિના આધારે દરેક વ્યકિત પોતાને કેટલો ટેક્સ આવશે એ ગણતરી કરી શકશે અને અત્યાર સુધીમાં આ પદ્ધતિથી છેલ્લા બે વર્ષમાં સારા પરિણામો આપણે પ્રાપ્ત કર્યા છે. જે બલવંતસિંહભાઈએ વાત કરી શિક્ષણ ઉપકરના જે દર છે, ફરીથી હું ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ સમક્ષ એ વાતની સ્પષ્ટતા કરવા માગું છું કે ભાડા આધારિત જે દરો હતા એ માનનીય બલવંતસિંહભાઈ બોલ્યા છે એ વધારો નથી બોલ્યા પણ અત્યારના દરો બોલ્યા છે અને આ દરોમાં કોઈપણ પ્રકારનો વધારો કરતા નથી. દરો એજ રહે છે એટલા માટે એક વહીવટી સરળીકરણની પ્રક્રિયા પ્રાપ્ત થતાં, બાકી તો ભૂતકાળમાં તમે કૉન્ગ્રેસના રાજની નગરપાલિકાની સ્થિતિની વાત કરતા હશો અત્યારે નગરપાલિકાની સ્થિતિ જે પ્રકારની છે કૉન્ગ્રેસના સભ્યો અહીંયા ભલે ગમે તે કહેતા હોય પણ ખાનગીમાં મને કહી જાય છે કે નગરપાલિકાની સ્થિતિ ખૂબ સારી બની છે એવા સ્વરૂપમાં જે પ્રકારે નગરપાલિકાઓની અંદર જે પ્રકારની સ્થિતિ સુધારણા થઈ છે અને શહેરી ક્ષેત્રોની અંદર પ્રાથમિક અને માળખાકીય સુવિધાના કામોમાં જે પ્રકારે વધારો થયો છે માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષોમાં શહેરી વિકાસ વિભાગના બજૅટની સાથોસાથ નગરપાલિકાઓની ગ્રાન્ટો જે પ્રકારે પ્રાપ્ત થઈ એના કારણે ખૂબ મોટો ફાયદો થયો છે. કારપૅટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સના કારણે આપણે શિક્ષણ ઉપકર જે પ્રાપ્ત થવાનો છે એમાં કોઈ પણ દરનો વધારો થયો નથી અને સ્વયં સ્પષ્ટ રીતે એ ઉપર સમાવવામાં આવ્યો છે અને હું માનું છુ ત્યાં સુધી આ સુધારો નગરપાલિકા અને રાજયના હિતમાં ઉપયોગી બનશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ- ૨થી ૮, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક.૨૨

## મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૦૭

### મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક:૨૨, સન ૨૦૦૭નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીના બજૅટ પ્રવચનમાં ઈલેકટ્રીસિટી ડ્યૂટીના રેટ બાબતે ઘણી બધી ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારથી રાજયની અંદર વહીવટ કરવાનું ચાલું કર્યુ ત્યારથી છેલ્લા પાંચ વર્ષોમાં ઈલેકટ્રીસિટી ડ્યૂટીના દરો ધીમે ધીમે ઘટાડતા ગયા, એ લોકોએ રેશનાલાઈઝેશ અને સિમ્પલીસિટીની જે નીતિ અપનાવી એના કારણે પ્રજાને ખૂબ મોટો લાભ થયો, આ વર્ષોમાં દા.ત. રેટ ઑફ ઈલેકટ્રીસિટી ડ્યૂટી ચાર ટકા લેવામાં આવતી હતી અને અઢાર વર્ષોથી લેવામાં આવતી હતી એ સંપૂર્ણ પણે નાબૂદ કરવામાં આવી અને એવી જ રીતે ખેડૂતો ઉપર પાંચ ટકા ઈલેકટ્રીસિટી ડ્યૂટી રેટ જે વીસ વર્ષોથી ચાલતી આવતી હતી એ પણ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી હતી, એ પ્રકારે ઈલેકટ્રીસિટી ડ્યૂટી ઘ ટાડવાનું આ વર્ષમાં પણ ચાલું રાખવામાં આવ્યું છે અને એવી જ રીતે માનનીય નાણા મંત્રીશ્રીએ આ વર્ષના બજૅટમાં ઘટાડો કર્યો છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારની વાત કરું તો ગ્રામીણ વિસ્તારમાં ઘર વપરાશ માટે, શિક્ષણ માટે ૧૫ટકાથી ૧૦ ટકા દર કરવામાં આવ્યો છે. એનાથી ૧૩લાખ લોકોને ફાયદો થશે અને ૧૩લાખ ગ્રાહકોને વીજળીના દરમાં રાહત મળશે. એવી જ રીતે શહેરી વિસ્તારમાં પણ જેના યુનીટ ૪૦ટકાથી ઉપર ચાલતા હોય એવા શિક્ષણ, ઘર વપરાશમાં ૩૦ટકા થી ૨૦ટકા દર કરવામાં આવ્યો છે. એના કારણે ૬૯લાખ ગ્રાહકોને સીધો ફાયદો થશે એવી જ રીતે બે કેટેગરીમાં ૮૨લાખ ગ્રાહકોને કુલ ૧૬૯લાખનો સીધો ફાયદો રાજય સરકારે આપ્યો છે. બીજી કેટેગરી જોઈએ તો એમાં ખાસ કરીને જે રેસીડયુરી કેટેગરી છે નાની નાની પાનની દુકાનો, દરજીની દુકાન, પાનના ગલ્લા, ગ્રોસરીની દુકાન આવી જ રીતે એસ.ટી.ડી. પી.સી.ઓ.ને પણ આમાં મોટા પાયા પર રાહત આપી છે. એમાં ૩૦ટકાથી ૨૫ટકા કરાઈ છે એવા ૧૩લાખ ગ્રાહકો છે એમને ૫૩ કરોડની રાહત આપી છે. ટુરીઝમ વર્ષ ધ્યાનમાં રાખીને હોલ ઓડીટોરીયમ થિયેટરોમાં, રેસ્ટોરન્ટમાં પણ ૩૦ટકા રેટ હતો એનો ૨૫ટકા કર્યો અને ૧૧કરોડની રાહત આપી. કુલ રાહત આ વર્ષે ૨૨૩કરોડની આપી છે અને છેલ્લા પાંચ વર્ષમાં ૯૭૩કરોડની આ સરકાર દ્વારા રાહત આપવામાં આવી છે એટલે મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે જયારે વીજળીનો દર, ઈલેકટ્રીસીટી ડ્યૂટીનો દર ઘટાડવામાં આવ્યો છે અને વર્ષોથી ધીમેધીમે ઘટાડીને પ્રજાને ફાયદો આપ્યો છે ત્યારે મારી એટલી જ વિનંતી છે કે આ ગૃહના સભ્યશ્રીઓ સર્વાનુમતે આ બીલ પસાર કરશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ બજેટ પ્રવચનમાં જણાવ્યું હતું કે શહેરી અને ગ્રામીણ વિકાસની શિક્ષણ સંસ્થા, છાત્રાલયને વીજળીની રાહતના હેતુસર આ બીલ લાવ્યા છે ૨૨૩,૯૫,૦૦૦ની વીજળી વપરાશના હેતુ માટે આ બીલ લાવ્યા છે. હમણાં એમણે મોટી મોટી સંખ્યા ગણાવી કે ગ્રામ્ય વિસ્તારમાં આટલા લોકોને ફાયદો થશે. ગ્રામીણ વિસ્તારમાં મુખ્ય શિક્ષણ સંસ્થામાં ૧૫ટકાના ૧૦ટકા કર્યા પણ છાત્રાલયમાં આજે શિક્ષણ સંસ્થાને બિલકુલ માફ કરવો જોઈએ એટલા માટે કે શિક્ષણ સંસ્થામાં ૧૫ટકાને બદલે ૧૦ટકા કરતા હોઈએ એમાં આ સરકારે ૧૦ટકા રાખ્યો છે એ પણ માફ કરી દેવો જોઈએ એને કારણે ગામડાંના જે ગરીબ વિદ્યાર્થીઓ ભણે છે એને ફાયદો થશે. આ સરકારને મારે યાદ અપાવવું છે કે ભૂતકાળમાં કેશુભાઈની સરકાર હતી એમણે ૪૦ યુનીટ હતા એમાં સો ટકા માફી આપી એના ઉપરથી ૨૫ટકા હતા એ સો ટકા કરવા જોઈએ એટલા માટે કે ભૂતકાળમાં એકબાજુ ધીમેધીમે આ સરકારે પાછળથી વધારો કર્યો અને પછી દિનપ્રતિદિન ઘટાડો કરે. સરકારને એમ કહેવું છે કે તમે ઘટાડયા છે વાસ્તવિકતામાં વીજળીમાં કરોડો

રૂપિયાનો ફાયદો આપતા હોઈએ છીએ પણ આ ફાયદો આપ્યો છે એ નોર્મલ આપ્યો છે એના કરતા સો ટકા માફી આપી દીધી હોત, શહેરી વિસ્તારમાં ૨૫ થી ૪૦ યુનીટ કરતા ઓછા વપરાશને અને ૩૦ થી ૪૦ યુનીટ કરતા વધુ વપરાશને ૨૦ ટકા કર્યો છે ક્લલાખ લોકોની ચિંતા કરતા હોઈએ તો ખરેખર ૨૦ટકા પણ માફ કરવા જોઈએ. ભૂતકાળમાં જે માફ હતો એ ચોકકસપણે માફ થાય એવું લાગે. છેલ્લા પાંચ વર્ષથી આપણે જોઈ રહ્યા છીએ કે હોટેલ અને સિનેમાગૃહ પ્રવાસન નિગમના નામે માફી આપે છે ૩૦ ના ૨૫ કર્યા. આ પ્રવાસન માટે આપણે ચોક્કસ એમ વિચારીએ કે એના કારણે લોકો બહારથી આવશે પણ વાસ્તવિકતા એ છે કે ખરેખર છેલ્લા કેટલાક વર્ષોથી આ ફાયદો આપીએ છીએ એના કરતા બીજા એવા અનેકગણા લોકો છે આજની તારીખે પરા વિસ્તાર એવા છે કે વીજળીકરણ લેવું હોય તો ૪૦-૫૦ વર્ષ થયા ત્યાં હજી ૨૦-૨૫-૩૦ ઘર આજની તારીખે અહીં બેઠેલા સભ્યશ્રીઓ જાણે છે. એમના વિસ્તારની અંદર પરા વિસ્તાર આવતો હોય તો આજે પણ લાઈટ નથી. (અંતરાય) બિલની અંદર બોલું છું. રાહત આપવાની વાત કરું છું. આ બિલ ઉપર જ બોલું છું. આ પ્રકારની માફી આપવી જોઈએ. કનેક્શનની એટલા માટે વાત કરવી છે કે એમને લાઈટ છે નહિ, ત્યાં આગળ જે સ્થિતિમાં લાઈટ માગે છે, એને પણ આજે ૨૦ થી ૨૫ હજાર જેટલું એસ્ટીમેટ આપવામાં આવે છે. સરકાર ખરેખર ખરીદીની વાત કરે છે. મંત્રીશ્રી કહેતા હોય, આજે પણ મારા વિસ્તારની અંદર આજે પણ રાહતો આપતા હોઈએ ત્યારે સરકારને સૂચન કરી શકીએ. આ પ્રકારનું કરવું જોઈએ. હું કહું છું કે રાહતો આપીએ છીએ, સારું છે, પણ વધારાની રાહત આપો એ ન કહી શકું? મંત્રીશ્રી ઉભા થઈ જાય છે, એટલા માટે હું (અંતરાય) કોઈ વીજળી ખરીદીની વાત કરતો હોય તો બરોબર છે. હું રાહત આપી છે એ વાત કરું છું. મારે જે વાત કરવાની હતી, જે રાહતો આપી છે, ઘણી રાહતો આપી છે. ખરેખર માફ કરવાની જોગવાઈ છે અને ઘણી રાહતો એવી છે કે જે આપી છે, એનું ચિંતન કરીએ છીએ. રાહતની અંદર સરકાર એ બાબતમાં વિચારે કે જ્યા આગળ લાઈટ નથી, દ ારની અંદર ન હોય અને એ લોકો ૧૫-૨૦ જણા પરા વિસ્તારમાં રહેતા હોય અને એમણે લાઈટ માગી હોય છે. એસ્ટીમેટ આવતો હોય છે એ સરકારે કોઈપણ સંજોગોમાં માફ કરવો જોઈએ તો ગરીબ માણસ આજે પણ લાઈટ લઈ શકે. સંજોગો એવા થાય કે ૫૦૦-૨૦૦૦ રૂપિયા આવતા હોય વીજળીકરણની અંદર અમે પણ પૈસા ફાળવતા હોઈએ છીએ. ૩૦-૪૦ હજાર રૂપિયા આવતા હોય તો સરકાર આ બાબતે રાહત આપતી હોય તો અને બીજામાં આપતી હોય ત્યારે આની અંદર રાહતો આપવી જોઈએ એવું માનનીય મંત્રીશ્રીને કહેવું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઈ સાહેબ જે મુંબઈ વિદ્યુત શુલ્ક-૨૦૦૭ નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૨ લાવ્યા છે, એના ઉપર માત્ર મારે એટલું કહેવું છે કે આ બિલની અંદરના સ્કોપમાં માનનીય નાણા મંત્રીશ્રીએ બજેટની અંદર જે રાહતો આપવાનો ઉલ્લેખ કરેલો અને એને અનુરૂપ અમલમાં મૂકવા માટેનું આ બિલ છે, એવું આ બિલની ઓળખ ઉપરથી કહ્યું. માનનીય નાણા મંત્રીશ્રીએ ફાઈનાન્સ બિલ વખતે કોઈ રાહત આપી નહિ. અપેક્ષા રાખતા હતા એ વખતે જાહેરાત કરશે. ફાઈનાન્સ બિલનો જવાબ સૌરભભાઈએ આપેલો, બાબત રહી ગઈ હોય એનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ૪૦ યુનિટ એ બહુ સામાન્ય વપરાશની બાબત છે. ૪૦ યુનિટનો વપરાશ શહેરો, ગામડાં હોય સામાન્ય છે અને એના ઉપર કોઈ રાહત આપવામાં ન આવે. ખાસ કરીને હોલ અથવા તો પ્રેક્ષકગૃહની અંદર ૩૦ ટકા વીજ શુલ્ક જે લેવામાં આવે છે, એ નાણા મંત્રીશ્રી સાસ્કૃતિક બાબત સાથે સંકળાયેલા છે. હમણા આરોગ્ય વિભાગે સરજમજાનું નાટક પુત્રી દેવો ભવ્ રજૂ કર્યુ, તો આવા જે પ્રયોગાત્મક જે નાટકો હોય એ નાટયગૃહ વાપરતા હોય, એને વીજ શુલ્કમાં મુક્તિ આપવી જોઈએ. શો પૂરતો એનો કોઈ ઉલ્લેખ કરેલો છે ખરો? એટલા માટે જ્યારે આ બિલ જ્યારે લાવેલ છે, ત્યારે એની અંદર મોટી રાહતો આપી દીધેલ હોય. હમણા કહ્યું રાજ્યે રૂપિયા ૨૨૩ કરોડ રૂપિયાની રાહત અને ૯૭૩ કરોડ રૂપિયાની છેલ્લા ૩ વર્ષની અંદર રાહતો, પણ આ વર્ષમાં વીજ દરો કેટલા વધાર્યા? આ રાજ્યમાં ખેડૂતો ઉપર ફિક્સ ચાર્જ હતા, એના બદલે વીજ દરોમાં લઈ ગયા. અને તેના કારણે વર્ષે હજારો કરોડો રૂપિયાનો બોજો ખેડૂતો ઉપર નાખ્યો અને તેમાંથી માત્ર નામની રાહત આપી હોય તેના માટે ગર્વ લેવો આ ગર્વ લેવા જેવી બાબત નથી. વપરાશકારો વધે તો તેને વસ્તુ સસ્તી મળવી જોઈએ અને વપરાશકારો જે વપરાશ કરે તેનો વધુ શુલ્ક ચૂકવવો પડે. ૪૦ યુનિટનો વપરાશ સામાન્ય વાત છે. તમે ગુજરાત વિદ્યુત બોર્ડની જુદી જુદી કંપનીઓ કે એ.ઈ.સી. કે ખાનગી કંપનીઓ છે તેના વિસ્તારમાં આવતા બિલોમાં કર્યુ છે. ૪૦ યુનિટથી નીચેના બિલની ટકાવારી પાંચ ટકા છે? . ૯૫ ટકા વપરાશકારો છે તેમાં કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવી નથી. વાણિજયક હેતુ માટે ઉપયોગ કરેલ હોલ અથવા પ્રેક્ષકગૃહોની વ્યાખ્યા માનનીય મંત્રીશ્રી સ્પષ્ટ કરે. કારણકે હેમુ ગઢવી ઑડીટોરિયમ એક પ્રયોગાત્મક હોય તેને આજે ઓછા ભાવે આપવા માટેની વાત હતી. પરંતુ તેને વીજ શુલ્ક એટલો જ ભરવો પડે છે. વીજ શુલ્કમાં તેમાં રાહત આપી નથી તો હોલ ઓછા દરે કયાંથી આપી શકાય. સરકારે આ હોલ માટે ખર્ચ કર્યો છે. સંચાલન બીજાને આપ્યું છે. સંચાલકોએ વીજ શુલ્ક ભરવાનો હોય છે એટલે ત્યાં નાટક કરનાર કે પ્રયોગાત્મકરીતે વાપરનારા હોય તેમને બોજો વહન કરવો પડે છે. આટલી વાત આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કરવી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે બે-ત્રણ વિષયની વાતો કરી. તેમાં રાહત આપવાની વાત કરી, નવા વીજ જોડાણો માટેની વાત

કરી અને ત્રીજી વીજળીના ભાવ પાછલા બારણેથી વધારી દેવાની વાત કરી. ૧૯૯૫ની અંદર જ્યારે છેલ્લી કોંગ્રેસની સરકાર હતી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બિલ ઉપર આવો. . પ્લીઝ મેં વાત કરી છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર વાત કરું છું. ગ્રામીણ વિસ્તારમાં આ સરકારે સત્તા લીધી તે પહેલાં ગ્રામીણ વિસ્તારમાં ૨૦ ટકા હતા તેમાં ઘટાડો કરીને ૧૦ ટકા કર્યા છે. શહેરી વિસ્તારોમાં ૪૦ ટકા હતા તે ઘટાડીને ૨૦ ટકા કર્યા છે. સર્વિસ અન્ડરટેકીંગ હતા તેમાં ૩૦ ટકા હતા તે ઘટાડીને ૧૫ ટકા કર્યા છે. હોલ, ઑડીટોરિયમ, સિનેમાની જે સભ્યશ્રી વાત કરતા હતા, હેમુ ગઢવી હૉલની વાત કરતા હતા તે વખતે તો સાહેબ ૪૫ ટકા હતા તેમાં ઘટાડો કરીને અમે ૨૫ ટકા કર્યા છે. જે ઉદ્યોગોની વાત કરતા હતા કે ઉદ્યોગોમાં રાહત આપી છે. ઉદ્યોગોમાં એલ.ટી.કન્ઝયુમરના જે ૧૦ ટકા હતા તે ૧૦ ટકા રાખ્યા છે. તેમાં એક ટકાનો ઘટાડો કર્યો નથી. કૅપ્ટિવની અંદર આ સરકારે ૨૦ ના ૪૦ પૈસા કર્યા છે. એટલે રાહતો આપવાની વાત છે તો ચોક્કસ ખેડૂતોને રાહત આપી છે. પાંચ ટકા હતા તેના શૂન્ય અમે કર્યા છે. નાના નાના ગલ્લા હતા, નાની ઘંટીઓ હતી તેમાં ૬૦ ટકા લેવાતા હતા તેમાં અમે ૨૫ ટકા કર્યા છે. આટલી બધી રાહતો આપી છે. આ રાહતો આ સરકાર દ્વારા આપવામાં આવી છે. તે પ્રમાણે જે ટીકાઓ કરવામાં આવી તેનો જવાબ આપવો પડે.

**અધ્યક્ષશ્રી** : આજે ઘણું કામ છે. ટીકા ટિપ્પણમાં ન પડીએ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને એટલું જ કહેવું છે કે નવા કનૅક્શનની વાત કરે છે તો જે કોઈ બી.પી.એલ. યાદીમાં હોય અને નવા કનૅક્શન લેવા હોય તો મને યાદી આપજો. હું તાત્કાલિક વીજળી કનૅક્શન આપી દઈશ. આજની તારીખમાં દરેક સભ્યશ્રીઓને જાણ કરું છું કે જે કોઈ બી.પી.એલ. યાદીમાં હોય તો ૫૦ રૂપિયા લઈને કનૅક્શન આપી દઈશું. વીજળીના ભાવની વાત કરી તો તેના માટે રેગ્યુલેટરી કમિશન દ્વારા ભાવ નક્કી કરવામાં આવે છે. રાજય સરકારનો તેમાં કોઈ રોલ હોતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યોં અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૨નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક- ૨૨નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક ૨૨નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૧

# મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭

### મુંબઈ સ્ટૅમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૧- સન ૨૦૦૭નું મુંબઇ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક ક્રમાંક: ૨૧નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી એમના અંદાજપત્રીય પ્રવચનમાં સમગ્ર ગુજરાતમાં બહુ મોટા ફલક ઉપર જે લોકોને ફાયદો થાય એના માટે સ્ટૅમ્પ ડ્યૂટીનો જે વર્તમાન દર હતો એમાં ઘટાડાની બાબત તેઓશ્રી સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના આવકના જે મુખ્ય સ્ત્રોત છે એમાં સેલ્સ ટેક્સ, ગુજરાત ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી અને પછી સ્ટૅમ્પ ડ્યૂટી. આશરે લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાની આવક સ્ટૅમ્પ ડ્યૂટી દ્વારા આ રાજય સરકારને એના આવકના સ્ત્રોત તરીકે પ્રાપ્ત થાય છે. શરૂઆતથી જ આ સરકારનું ઘટન થયું ત્યારથી જ આ સ્ટૅમ્પ ડ્યૂટીમાં આ મુખ્ય સ્ત્રોત રાજય સરકારનો હોય એ ધ્યાને લઈને આ આવકમાં ઉત્તરોત્તર વધારો થાય, સાતત્ય પૂર્ણ રીતે આવક જળવાઈ રહે અને આ વધુ પડતા જે દર હતા એ વધુ પડતા દરના કારણે લોકો દસ્તાવેજ કરવા પણ પ્રેરાતા ન હતા, આ તમામ બાબતોને ધ્યાને લઈને શરૂઆતથી ૧-૪-૨૦૦૩થી જ આ

વર્તમાન સરકારે આ સ્ટૅમ્પ ડ્યૂટીના જે કંઈ દર છે એ સરકારની આવકને ધ્યાનમાં રાખીને ઉત્તરોત્તર ડ્યૂટીના દરમાં ઘટાડો કર્યો, ઘટાડો કર્યો, લોકોને ફાયદો થયો અને રાહત થઈ છે એટલું જ પૂરતું નથી પણ સરકારની જે આવક હતી એ આવક પણ જળવાઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ સન્માનનીય સભાગૃહને જે આંકડાકીય બાબતો છે એ કહેવા માગું છું. સ્ટેમ્પડયુટીની આવકની બાબતમાં ૧-૪-૨૦૦૩ પહેલાં ૧૪.૮૦ટકા એકત્રિત દર હતો, આ દર ઘટાડીને ૨૦૦૩-૦૪માં ૧૦.૨૦ ટકા કર્યો, તેમ છતાં પણ રાજય સરકારની આવકમાં ૨૬.૮૬ ટકાનો વધારો થયો. ૨૦૦૪-૨૦૦૫માં ૧૧.૨૦ ટકાથી ઘટાડીને ૮.૪૦ ટકા એકત્રિત દર કર્યો, આમ છતાં પણ રાજયસરકારની આવકમાં ૧૬.૭૫ ટકાનો વધારો થયો. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૨૦૦૭માં ૮.૪૦ ટકા ઘટાડી ૫.૯૫ કર્યા એકત્રિત દરો તેમ છતાં રાજય સરકારની આવકમાં ૧૯.૭૫ ટકાનો વધારો થયો. ચાલુ વર્ષે ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં માનનીય નાણા મંત્રીશ્રીએ જે પ્રપોઝલ મૂકી છે એ ૫.૯૫ ટકા એકત્રિત દરોથી ઘ ટાડીને ૪.૯૦ ટકા દરો સૂચિત કર્યા છે. આ રીતે આવવાથી આ વર્ષે ૧૨૬ કરોડ રૂપિયાની રાહત ફક્ત ૧ ટકા સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડી એના ભાગરૂપે બીજો નિર્ણય લીધો છે. રજીસ્ટ્રેશન ફી છે એ દોઢ ટકા રજીસ્ટ્રેશન ફી છે, માનનીય નાણા મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં આ વર્ષે દોઢ ટકા રજીસ્ટ્રેશન ફી હતી એમાં અર્ધો ટકો રાહત આપી છે એટલે રજીસ્ટ્રેશન ફી એક ટકા કરી નાંખી છે. આ રીતે આમાં પણ ૪૭ કરોડ રૂપિયાની રાહત આપી છે. એટલે ચાલુ સાલે રાજય સરકાર દ્વારા ગુજરાતના બહું મોટા લોકોના વર્ગને એમને જે દસ્તાવેજ કરે છે એમાં ૧૭૩ કરોડની રાહતો આપી છે. અત્યાર સુધી ૫ વર્ષની કુલ ટોટલ રાહતોની વાત કરીએ તો ૫૨૮ કરોડ રૂપિયાની રાહતો છેલ્લા સાડા ચાર વર્ષમાં આપી છે. આટલી બધી રાહતો આપવા છતાં અગત્યનું પાસું એ છે કે આવકમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે અને ટકાવારીમાં ઘટાડો કરીને લોકોને દસ્તાવેજો કરવા માટે પ્રેરણા આપી છે અને એના કારણે સરકારની આવક જળવાઈ રહી છે. બીજો એક નિર્ણય નાણા મંત્રીશ્રીએ ગઈ સાલે લીધેલ કે આ રાજયમાં મહિલાઓનો સામાજિક દરજ્જો ઊંચો આવે એના માટે મહિલાઓના નામે થતા દસ્તાવેજમાં દોઢ ટકા રજીસ્ટ્રેશન ફી માફ કરી હતી એ આ સાલે પણ આ રાહત બહેનો માટે ચાલુ રાખી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, આ બહેનોના લાભાર્થે રાજય સરકારે આ નિર્ણય લીધો કદાચ દેશમાં આ પહેલો ઐતિહાસિક નિર્ણય હશે બહેનો માટે લીધેલો. ચાલુ વર્ષમાં જેટલા દસ્તાવેજો થયા એમાં ૪૦ ટકા દસ્તાવેજો બહેનોના નામે થયા છે. ૨,૮૮, ૧૪૭ દસ્તાવેજો થયા એમાં ૩, ૧૧, ૫૮૫ બહેનોએ લાભ લીધો અને રાજય સરકારે રાહતમાં ૭૧.૨૦ કરોડ રૂપિયાની બહેનોના આ સન્માન માટે આવક જતી કરી છે. આ બિલ અહીંયા લઈને આવ્યો છું એ માનનીય નાણા મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં આ સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં વધારો થાય, સમયસર આવક પ્રાપ્ત થાય, એમાં થતી ગેરરીતિઓ છે એ ગેરરીતિઓ કરવા ન પ્રેરાય એટલા માટે દરો રેશનલાઈઝ કરી દરો ઓછા કરવાનું બિલ લઈને આવ્યો છું. માનનીય બાબુભાઈના શબ્દોમાં કહીએ તો આ નિર્દોષ બિલ છે તો હું માનું છું ત્યાં સુધી સૌ સાથે મળીને આ બિલને અનુમોદન આપે એવી મારી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે, બજેટ પ્રવચનમાં પાના નં.૫ માં સ્ટેમ્પ ડ્યૂટી આકર્ષવા માટે માનનીય નાણા મંત્રીશ્રીએ જે વાત કરી હતી એમાં એમણે એવું કહ્યું હતું કે, 'ગરીબ લોકો અને મધ્યમ વર્ગના લોકો ઘર બનાવી શકે એના કારણની જે આ રાહતો છે એમાં એ લોકોને ફાયદો થશે' એવી વાત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, સરકાર કોઈ પણ વસ્તુ ઘટાડે એ હંમેશા આવકાર દાયક હોય, દુઃખ એટલા માટે છે કે, કોઈ પણ રાજય સરકાર ઘટાડો કરે તો આનંદની વાત કહેવાય પણ એક બાજુ આપણે એમ કહીએ કે જંતરીના ભાવો સરકાર સ્ટેમ્પ ડ્યૂટીમાં ઘટાડે અને આડકતરી રીતે ખરેખર વિધાનસભાનું સત્ર ચાલું થઈ ગયું હોય એની તારીખ પણ નક્કી થઈ ગઈ હોય અને સરકારે એમાં જબરજસ્ત મોટો વધારો કરી દીધો અને એ વધારો કર્યો ત્યારે આપને પણ ખ્યાલ છે મેં આપને એક કાગળ પણ આપ્યો હતો કે જ્યારે વિધાનસભાનું સત્ર ચાલુ થઈ ગયું છે અને સત્ર ચાલુ થઈ ગયું હોવા છતાં જંતરીમાં આટલો મોટો વધારો સરકાર તરફથી થાય અને પછી નાણાં મંત્રી એમાં રાહત આપે, પેલી કહેવત છેને કે પાંચસો રૂપિયા લેવાના અને ૧૨૬ રૂપિયા આપવાના, એટલે અંતે સરકારને મોટો ફાયદો થાય અને કૌશિકભાઈ એમ કહે બાબુભાઈની ભાષામાં કે આ નિર્દોષ બિલ કહેવાય, આ કયા પ્રકારનો વહીવટ છે. એ ખરેખર વાસ્તવિક દુઃખ સાથે મારે કહેવું પડે છે. કેન્દ્ર સરકારની આ ગાઈડ લાઈન છે, માનનીય મંત્રીશ્રીએ ચોક્કસ એક નિર્દોષતાથી વાત કરી છે કે અમે જે જે જગ્યાએ ૧૬ ટકા વધ્યા, ૧૯ ટકા વધ્યા, ૨૬ ટકા વધ્યા જેમ જંતરી.. દર વર્ષની જે આવક છે એની અંદર ચોક્કસ એમણે વધારો બતાવ્યો દિલથી પણ અંતે શું? અંતે સ્ટૅમ્પ ડ્યૂટી ઘટી છે એની સાથે સાથે આ ગુજરાતમાં આ કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન છે આપણી આ ગુજરાત સરકારની નહિ પણ કેન્દ્ર સરકારે ગાઈડ લાઈન આપી છે કે દરેક રાજયની અંદર આ દર ઘટે અને એમ કરતાં કરતાં લોકોને વાસ્તવિકતામાં ફાયદો થાય તો જ આ વાસ્તવિક ફાયદો દેખાય. મારે એક વાત કૌશિકભાઈને કહેવી છે કે છેલ્લાં બે વર્ષ, એમાંય ખાલી ગયા વર્ષના જે સ્ટૅમ્પ થયાં અમદાવાદની અંદર એની અંદર આજે પણ પચાસ ટકા ઘટાડો થયો છે જો વાસ્તવિક આપણે સ્ટૅમ્પ ડ્યૂટી ઘટાડતા હોઈએ, લોકોને ફાયદો થતો હોય તો આજે રેકર્ડ પરની બાબત છે કે આજે અમદાવાદ શહેરની

અંદર જે બે વર્ષ પહેલાં, પાંચ વર્ષ પહેલાં જે સ્ટૅમ્પ થતાં હતા એની અંદર આજે પણ પચાસ ટકા જેટલો ઘટાડો થયો છે એનો અર્થ એ થયો છે કે સ્ટૅમ્પ ડ્યૂટીની અંદર વાસ્તવિકતામાં પૈસા ઘટાડીએ છીએ પણ જંતરીની અંદર મોટો વધારો કરી દીધો છે એને કારણે લોકોને વાસ્તવિક ફાયદો થાય એ ફાયદો થતો નથી મારે મંત્રીશ્રીનું એક ધ્યાન એ પણ દોરવું છે કે, આ ગુજરાતની અંદર ૫.૫ કરોડ વસતિમાં ૬૨ ટકા લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે અને બાકીના શહેરમાં રહે છે. ગ્રામ્ય વિસ્તારની અંદર લોકોને એમ થતું હોય કે સ્ટૅમ્પ ડ્યૂટી ઘટે એનો વાસ્તવિક દસ્તાવેજ થાય સરકાર એનો ફાયદો આપે અમે પણ અને આવકારીએ અમે તો કહીએ છીએ કે જે આ તમે ઘ ટાડ્યા છે એ ૩.૫ ટકા કરી નાંખો જે કલમ-ખ છે એમાં ૪.૨૫ લખ્યા છે એની જગ્યાએ ૩.૫૦ રૂપિયા કરવા જોઈએ એવું માનનીય મંત્રીશ્રીને હું સૂચન કરુ છું. આપણી આવકમાં દિનપ્રતિદિન વધારો થતો હોય સરકારને ફરક ના પડતો હોય તો કરવું જોઈએ. પરંતુ આપણે જે જંતરીમાં ભાવ વધારો કરીએ એ દુ:ખની બાબત છે. સૌથી મોટી વાત તો એ છે કે આજે સ્ટૅમ્પ ડ્યૂટી માટેની જે સરળ પદ્ધતિ હોવી જોઈએ એ આજે પણ સરળ પદ્ધતિ નથી દિનપ્રતિદિન એમાં ગૂંચવાડા ચાલુને ચાલુ રહે છે. ૩૨-ક મુજબ ઘણી વખત આપણને એમ થાય કે અત્યારે ત્યાં આગળ જે સિસ્ટમ છે તેમાં એરિયાવાઈઝ જે ભાવ કરી દીધા છે એને કારણે પહેલું મકાન હોય એક, રોડ પરનું મકાન હોય અને બીજું મકાન છેલ્લું હોય પણ એરિયા વાઈઝ જે ભાવ લેવામાં આવે છે એને કારણે એ વાસ્તવિક થતું નથી. રોડ પર કોઈકની જમીન હોય ૧૦૦ વીઘા અને કોઈ પાછળની જમીન હોય પણ દસ્તાવેજમાં ભાવ તો સરખાં જ લેવામાં આવે છે. અહીંયા આગળ ચાર લાખ રૂપિયા રોડ પરના ભાવ હોય અને પચાસ હજાર પાછળના હોય તો એકસરખા જ જંતરીના ભાવ ગણવામાં આવે છે એ સ્થિતિ આજે પણ પકડી રાખવામાં આવે છે એના કારણે આજે નાનો નાનો વર્ગ જે છે એ આજે એને કારણે આ જે રકમ વધારે જાય છે એમની, સરકારમાં વાસ્તવિક રકમ કરતાં પણ ડ્યૂટીની રકમ ઘણી વખત વધારે ભરવી પડતી હોય છે એવી સ્થિતિ થતી હોય છે. સરકાર એક બાજુ એમ કહેતી હોય કે આ વાસ્તવિક ભાવો છે અને આમાં ફાયદો છે ખરેખર એવી સ્થિતિ છે નહિ અને દસ્તાવેજની સંખ્યામાં ચોક્કસ નાનો મોટો ઘટાડો થયો હશે પણ આ જે પેન્ડીંગ કેસો છે જે પેન્ડીંગ વર્ક ચાલે છે એની અંદર પણ સરકારે સુધારો લાવવો જોઈએ અને કૌશિકભાઈ કહેતા હતા કે રાજયની સ્થાવર મિલકતના તબદીલીના દસ્તાવેજની નોંધણીમાં જે ૧.૫ ટકા હતા એના બદલે ૧ ટકા કર્યા છે એમાં ૪૭ કરોડ રૂપિયા તિજોરી પર બોજ પડવાનો છે આ સરકારે પચાસ કરોડ રૂપિયા એ રીતે લઈ લીધા છે કે આ ૪૭ કરોડ રૂપિયા એણે બતાવ્યા પણ પચાસ કરોડ રૂપિયાને જનતાને અસર થાય જે સ્ટૅમ્પ ડ્યૂટી છે કંડલા પૉર્ટ ઉપરની એ બીજા રાજયો કરતાં અહીંયા આગળ ૦.૧૦ ટકા ડ્યૂટી છેલ્લાં એક વર્ષમાં આ સરકારે પાછલા બારણે લાવી દીધી છે જેના કારણે આજે સરકારનું પચાસ કરોડ રૂપિયા કરતા વધારે ભારણ અહીંયા આગળ પડ્યું છે અને આ બધી જ જે વસ્તુ આવવાની છે જે આયાતી માલ છે એ આયાતી માલ એ ખાદ્ય તેલ હોય કે બીજું તેલ હોય ગુજરાતની જે જનતા છે એના પર પણ આ ભાર પડ્યો છે. એટલે સરકાર એકબાજુ ૪૭ કરોડ રૂપિયા આપવાની વાત કરતી હોય અને પાછલા બારણો ૫૦ કરોડ રૂપિયા લેવાની વાત કરતી હોય આ વાસ્તવિક છે. એટલે જે રીતે ૫૦ કરોડ રૂપિયા પાછલા બારણે નાખ્યા છે સરકારશ્રીને મારી વિનંતી છે કૌશિકભાઈ સાહેબને ખાસ કરીને કે, આપણાં પોર્ટ ઉપર જ્યારે આટલો સારો માલ આવતો હોય તો આપણે ૦.૧૦ કાઢી નાખવો જોઈએ. પહેલાં આપણે આવો કોઈ ચાર્જ હતો નહીં એટલે તે પણ મંત્રીશ્રીએ કરવું જોઈએ. જે જંત્રીના પાછળના બારણે ભાવ વધારવામાં આવે છે એક બાજુ રાહત આપવામાં આવે છે ખરેખર તેના પણ ભાવ ઘટાડવા જોઈએ તો મને એમ લાગે કે મંત્રીશ્રી ખરેખર જે રાહત લઈને આવ્યા છે તે ચોક્કસ પણે લોકોના હિતની હોત. આ તો વધારાના પૈસા લઈને એક બાજુ રાહત આપવાની વાત છે માટે આ બિલ ઉપર હું સંમત થઈ શકું તેમ નથી એવી સ્થિતિ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મુંબઈ સ્ટૅમ્પ, ગુજરાત સુધારા વિધેયક ૨૦૦૭ વિધેયક ક્રમાંક:૨૧ જે લઈને આવ્યા છે તેના ઉપર મારી વાત કરું છું. માનનીય મંત્રીશ્રીએ બિલ રજૂ કરતી વખતે તેના પ્રવચન પાંચની અંદર બહુ સ્પષ્ટતા કરી કે બજેટની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ જે રાહત આપી તેને અમલમાં મૂકવા માટેનું બિલ છે. એટલે બહુ લિમિટેડ સ્કોપ છે. તેમ છતાં આપના મારફતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માંગુ છું કે, આ રાજયની અંદર ગત વર્ષોમાં સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવામાં આવેલી તે અગાઉની સરકારોએ પણ ઘટાડેલી છે કંઈ આપે જ ઘટાડી છે એવું નથી. પણ સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવાથી આવકો વધી હોય તેમ છતાં રાજયના કરજમાં કંઈ ફેર નથી પડયો. તે તો વધતું જ ચાલ્યું છે એટલે આવકો વધે છે એટલા માટે થઈને આપણે સંતોષ એટલા માટે કે પડોશના મહારાષ્ટ્ર રાજયની અંદર તમારા ૧૧૦૦ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી છે પણ બાજુમાં ચાર હજાર કરોડની સ્ટેમ્પ ડ્યૂટી મેળવવામાં આવે છે એટલે સ્ટેમ્પ ડ્યૂટીની અંદરનું જે ઈવેઝન જે થાય છે તેના ઉપર હું આપના મારફતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માંગુ છું. જે વિકસિત વિસ્તારો હોય ત્યાં જે મિલકતોની લે વેંચ થતી હોય અને તેની અંદર માત્ર એક જ ટકાના દસ્તાવેજો થાય એવા દાખલા લેખિતની અંદર ત્યાં મેં સ્ટેમ્પ ડ્યૂટી કલેકટરને કચ્છની અંદર આપેલા છે. ૨૦ હજાર રૂપિયા એકરના ભુજની આજુબાજુ જમીનોની જ્યારે લે વેંચ થતી હોય ત્યારે સ્ટેમ્પ ડ્યૂટી કલેકટરે તેમાં સચેત રહેવું જોઈએ. કારણકે જ્યાં ભાવો ૨૦ લાખ રૂપિયા એકરના બોલાતા હોય અને ૨૦ હજાર રૂપિયાની જાય ત્યારે સ્ટેમ્પ ડ્યૂટીની અંદર આપણને કેટલું નુકસાન થાય છે એવા કેટલાક દાખલાઓ કારણકે આ રાજયની આવકો વધે તે

તમામ ધારાસભ્યશ્રીઓની લાગણીઓ હોય તે સ્વભાવિક છે. આ ગૃહના તમામ લોકો રાજયની આવકો વધે અને જ્યાં ઈવેઝન થતું હોય ત્યાં તે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરે આવા કેટલાક દાખલાઓ છે. કચ્છ જિલ્લાની અંદર તે સ્ટેમ્પ ડ્યૂટી કલેકટરની જગ્યા ખાલી હોય અને સ્ટેમ્પ ડ્યૂટી કલેકટરનો ચાર્જ છેક પોરબંદરના ડેપ્યુટી કલકેટરને આપેલો હોય તે પરિસ્થિતિની અંદર આ આવકોનું જે ઈવેઝન થતું હોય તેની અંદર કોઈ ધ્યાન આપતું નથી એટલે રાજયની આવકો ખૂબ વધી શકે અને ભવિષ્યની અંદર આમાં ઘટાડો પણ થાય. જે રીતે તેમણે દોઢ ટકાનો દર છે મહિલાઓને તેની અંદર મુકિત આપી છે તેના અમે વખાણ કરીએ પણ તે મિલકતોની જે લે વેંચ થતી હોય તેમાં બાંધકામ અને કન્સ્ટ્રકશનના ભાવો કેટલાં છે તેને આધારિત પણ લખાણો થાય છે કે કેમ તેની કોઈ દિવસ તપાસ કરીએ છીએ ખરાં ? કોમર્શિયલ વિસ્તારોના લે વેંચની મિલકતોના ભાવ નહીં પણ કેટલાક ઠેકાણે બાંધકામ જે છે તેના ૪૦૦, ૫૦૦ રૂપિયા સ્કવેર ફીટનો ભાવ હોય અને કારપૅટ એરિયાના ભાવે તે કયાંય હોય પણ તેની અંદરના જે લખાણો થાય છે તે ૩૦૦ રૂપિયાના ભાવના કરતાં ઓછાં દસ્તાવેજો થતાં હોય તો આપણે તેને કેટલી નોટિસો આપી? એટલા માટે થઈને આ સ્ટેમ્પ ડયુટી કલેકશન છે એ નાણા વિભાગ પાસે નથી, પરંતુ સીધેસીધું મહેસૂલ વિભાગ નીચે છે અને એની દેખરેખ માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાખતા હોય ત્યારે રાજયની આવકના પ્રમાણમાં આપણે ત્યાં દર વર્ષે ડયુટી ઘટાડે છે, ટેકસ ઘટાડે છે અને એનાથી આવક વધતી હોય એનાથી સંતોષ લેવાનો નથી, પરંતુ આ વિકસીત રાજય છે અને એ વિકસીત રાજયમાં લે-વેચના દસ્તાવેજો છે એની સંખ્યામાં નંબર ઓફ દસ્તાવેજોની સંખ્યા વધે કે ઘટે, પરંતુ એની કિંમતના આધારે આ સ્ટેમ્પ ડયુટી વસૂલ થતી હોય છે. કચ્છ જિલ્લામાં પણ એની અંદર પણ કયાંક કયાંક કેન્દ્ર સરકારે ઓફિશિયલ દસ્તાવેજો કર્યા છે એની આવક કેટલી છે, એની સ્ટેમ્પ ડયુટી કેટલી ભરાઈ છે અને એના બાજુનો જ પ્લોટ જે છે એના ૧૦૦ મિટર, ૫૦૦ મિટર કે એક કિલોમિટરની અંદર જે દસ્તાવેજો થયા છે એને પણ ચકાસણી કરાવો જેથી કરીને આ સ્ટેમ્પ ડયુટીમાં કેટલું ઈર્વઝન થાય છે એ ખ્યાલ આવી શકશે એટલું જ મારે કહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ માટે માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી છે એ પ્રમાણે બજેટમાં સ્ટેમ્પ ડયુટીમાં રાહત આપી છે એનો અમલ થાય છે, પરંતુ આ અમલમાં આવે અને સાથોસાથ રાજયની આવકની ઉપર જુદી રીતે જે આ સ્ટેમ્પ ડયુટીમાં ચોરીઓ થાય છે એ ના થાય તો હજુપણ આવક વધશે અને આવતા દિવસોમાં આ ડયુટીમાં ઘટાડો કરવાનું મન થશે, એટલી જ મારે વાત કરવાની છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય ગોવાભાઈ, આપ ચાલુ કરો અને આ બિલ જોઈને એની ઉપર જ વાત કરજો.(અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, હં આ બિલ જોઈને જ હું વાત કરીશ, એમને એમ વાત નહીં કરું અને અમારે અમારી વાત પણ રજૂ કરવી પડે,એ જયારે બોલે છે ત્યારે અમે સાંભળીએ છીએ. તો અમે પણ જે વાસ્તવિકતા હશે એની વાત કરીશું.(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક ક્રમાંક ૨૧ લઈને આવ્યા છે એમાં મારાં સૂચનો રજૂ કરું છું. (અંતરાય) માનનીય જાડેજા સાહેબ, જો સારું હોત તો એને અનુમોદન પણ આપત. માનનીય મંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં જે રાહત આપી હતી કે નોંધણી ફીમાં અરધો ટકો અને પેલામાં ૧ાા ટકો એ બરાબર છે, રાહત આપી છે એ સારું છે, પરંતુ હમણાં મંત્રીશ્રીએ કહયું કે ગરીબોને ગામડાંમાં ને શહેરોમાં ફાયદો થશે તો એ ખરેખર તો નહીં થાય, જે વેપારીઓ અને જે બિલ્ડરો છે તેમને થશે. ગરીબ માણસોને પાછલે બારણે જે બિન ખેતી ઉપકર છે એનો જે પ્લોટનો મહેસૂલ ઉપકર છે એ બધાનો અભ્યાસ કરશો તો એક પ્લોટ ઉપર ર કરોડ રૂપિયાનો બંગલો બનાવે તો એનું જે જમીન મહેસૂલ અપાય છે અને એની ઉપર ઝૂંપડું બનાવે તો એનો પણ એટલો જ ઉપકર છે. તો ખરેખર એ અભ્યાસ કરાવો કે પ્લોટનો જે વપરાશ કઈ રીતનો છે, એના ઉપર મહેસૂલ વેરો અને ઉપકર લેવાવો જોઈએ. પરંતુ તમે એક જ દિવસે આજે બિનખેતી કરેલ પ્લોટ રાખેલ હોય અને ઉપકર કે મહેસૂલ વેરો ભરવાનો હોય તો પેલાને ૫-૭ વર્ષ પ્લોટ પડયો રહે તો અરધી કિંમત તો વેરામાં જતી રહેશે. એટલે ખરેખર એ અભ્યાસ કરીને એમાં ઓછો કરવાનો છે, એ વિચારવાનું છે. તો સાચે નાના માણસો, ગરીબ માણસો કે શહેરના નાના માણસોને ફાયદો થશે. આ એક ટકો કે દોઢ ટકાથી ફાયદો થવાનો નથી. એમાં નાના માણસો આવે, ગામડાંના માણસો આવે એ માણસોને મારા હિસાબે ફાયદો થવાનો નથી અને તેથી એનો અભ્યાસ કરીને એ ઓછો કરશો તો એમાં ફાયદો થશે. જે જંતરી વધારી એમાં પણ એમણે કહયું એ ઠીક છે, વધારે એ ના નથી, એમાં ફાયદો નથી, પરંતુ મહેસૂલ વેરો છે એ દરેક નાના માણસને મારી નાંખે છે, ગામડાંના પ્લોટની સ્ટેમ્પ ડયુટી ૪.૯ રાખો છો એ ભાવમાં પ્લોટ એને મળી જતો હતો. આટલા સ્ટેમ્પના ભાવમાં એ કોઈપણ ગામડામાં જે પ્લોટ એને ગામતળમાં લેવાનો હોય તો આપણે લેન્ડ કમિટી જિલ્લાની બેસે છે એ કલેકટર પાસેથી એની કિંમત કરાવીને ત્યાં જાય અને શહેરની આજુબાજુની કિંમતના આંકડા લઈને એની કિમંમત નકકી કરે તો ત્યાં તો વધારે કિંમત આવતી હોય છે.આપણે એમને ૫૦ કે સો રૂપિયા ટોકન લઈને પ્લોટ આપતા હતા. ખેતમજૂરો, નાના અને સીમાંત ખેડૂતોને આપણે મફત પ્લોટ આપતા હતા , એને બેઠી કિંમતે આજે આપી શકતા નથી, એની વેલ્યુએશન છે એ પ્રમાણે આપી શકતા નથી. એક જ વસતિના ધોરણે લેવાય કે ૫ હજારની વસતિ હોય તો આટલી કિંમત થાય, પરંતુ ગામડાંમાં લોકોની પરિસ્થિતિ જોઈને કિંમત નકકી

થતી હોય અને એનો અભ્યાસ કરીને પરિપત્ર કરો તો સીધો ફાયદો થશે. એટલે મારાં બે ત્રણ સૂચનો છે કે ઘણા બધા રેવન્યુ રાહે આવા બધા પ્રશ્નો પડયા છે એનો અભ્યાસ કરો તો સારું. આ ૪૭ કરોડ કે ૧૨૬ કરોડની રાહત આપી એવી જાહેરાતો કરવાથી રાહત થવાની નથી. પાંચ પચ્ચીસ લોકોને ફાયદો થશે, પાંચ ટકાને નહીં થાય. એટલે બીજા બધા ઘણા મહેસૂલના કરવા જેવા પ્રશ્નો છે તે હું આપને લખીને આપીશ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સ્ટેમ્પ ડયુટી ઘટાડાનું બિલ લઈને આવ્યા છે, પણ એમાં ઘટાડો કર્યો ખરો પણ જમીનની બજાર કિંમત કેટલી વધી ગઈ છે, પહેલા સો રૂપિયામાં જે જમીન મળતી હતી તેના બદલે અત્યારે એક હજાર કે બે હજાર રૂપિયામાં તે જમીન મળે છે, તેથી આમાં સ્ટેમ્પમાં વધારો-ઘટાડો કરવાથી એમાં કોઈ ફેર પડતો નથી. ઉપરથી અમુક ગરીબ માણસો છે તેમને જો પ્લોટ લેવો હોય તો તે લઈ શકતા નથી એટલે એમને તમે માફ કરી દો, પ્લોટ લેવો હોય તો આવા ગરીબ માણસોને મફત પ્લોટ મળે તેવું કંઈક કરો તો લાભ થાય, આ સ્ટેમ્પ ડયુટી ઘટાડવાથી શું અર્થ છે? આ ગરીબ માણસોને પ્લોટ લેવા હોય તો કેટલી કિંમત તેની વધી ગઈ છે, અને તેમને પહેલા સસ્તા મળતા હતા, આજે મળતા નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય નટવરસિંહ, હવે આગળ ચાલો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની જમીનમાં પણ એવું છે કે જે નજીકની જમીન હોય તેના ભાવ હોય તેના કરતા જે છેવાડાની જમીન હોય તેના ભાવ જુદા હોય છે, જ્યારે સ્ટેમ્પ ડયુટી બધાની સરખી થાય છે, એટલે નજીકની જમીન હોય તેની કિંમત વધુ હોવી જોઈએ અને દૂરની હોય તેની ઓછી હોવી જોઈએ, પણ સરકારે એક જ કિંમત કરી છે, અત્યારે ભાવો એટલા બધા વધી ગયા છે એટલે સ્ટેમ્પ ડયુટી ઘ ટાડવાથી કોઈ ફાયદો થતો નથી. કારણ કે તેની કિંમત વધી ગઈ છે. એટલે અમુક જગ્યાએ ગરીબ માણસો અને જે શૈક્ષણિક સંસ્થાઓ છે તેને મફત જમીન આપવી જોઈએ. એમાં પણ આ લોકો વધારે પૈસા માગે છે. અને સેવા સહકારી સંસ્થાઓ, અને શૈક્ષણિક સંસ્થાઓ હોય તો તેને મફત જમીન આપવી જોઈએ. અને એમાં સ્ટેમ્પ ડયુટી અને કર ન લેવો જોઈએ. જે સંસ્થાઓ આવી જમીન વેંચાતી લે છે તેની વાત કરું છું તેમને સ્ટેમ્પ તો કરવા પડે ને. તેને મફત રાખવું જોઈએ. અને મફત જમીન આપવી જોઈએ. અથવા સ્ટેમ્પ ડયુટી ન લેવી જોઈએ. અને ગરીબ માણસોને, સિમાન્ત ખેડૂતો વગેરેને સ્ટેમ્પ ડયુટી માફ કરવી જોઈએ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સુધારા બિલ ઉપર ચાર માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. સરકાર પણ એ ચિંતામાં છે મેં અગાઉ કહ્યું તેમ રાજય સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત છે એમાં એક સ્ટેમ્પ ડયુટી પણ છે. એટલે આ આવક ઉત્તરોત્તર વધતી રહે, સાતત્યપૂર્ણ રીતે વધે, લીકેજીસ ન થાય, વ્યાજબી કિંમત થઈને આવક આવે તે બધા પાસાઓની ચિંતા રાજય સરકાર કરે છે, અને એમાં સમયે સમયે કેટલાક સુધારાઓ પણ કર્યા છે, આજે પણ ૯ નંબરનું બીજું એક બિલ છે એમાં પણ સુધારાઓ આવવાના છે. એટલે રાજય સરકાર આ આવકના સ્ત્રોત ધ્યાને રાખીને જ ચિંતા કરે છે અને જયાં જ્યાં શકય હોય ત્યાં નિયમોમાં ફેરફાર કરીને આવકોમાં વધારો કેમ થાય તે રાજય સરકારના ધ્યાનમાં છે. વિરોધપક્ષના દંડકશ્રીએ જે વાત કરી તેનો જવાબ આપવાને કારણે નહીં પણ કેટલીક વાસ્તવિક પરિસ્થિતિ એમના ધ્યાન ઉપર મુકવા માટે મારે કહેવું છે કે એમણે એમ કહ્યું કે ગરીબો માટે કંઈ કરતા નથી, હવે કંડલા પોર્ટ ઉપર કરોડોનું ટર્ન ઓવર થાય છે, એમાં જ્યારે અમે .૧૦ ટકા (પોઈન્ટ દસ ટકા) ડયુટી લગાડી તો તેઓ ના પાડે છે, કે ન લગાડવી જોઈએ, હવે રાજય સરકારના ધ્યાનમાં આવ્યું કે કરોડો રૂપિયાનું ટર્ન ઓવર થાય છે અને એક પણ પૈસો સરકારને ન મળતો હોય તો આ ડયુટી નાખવી જોઈએ, તો તેમાં પણ એમ કહે છે કે આમાં શું કામ નાખો છો, આ એમની માહિતી માટે હું કહું છું. ભારત સરકારની ગાઈડ લાઈન ચોક્કસ છે પરંતુ ભારત સરકારની ગાઈડ લાઈન છેલ્લા બે વર્ષથી જ આવી છે. આ રાજય સરકારે તો ૨૦૦૩ થી સ્ટૅમ્પ ડ્યૂટીમાં વખતોવખત ઘટાડો કરવા માંડ્યો છે.

બીજી એક વાત એવી કરવામાં આવી કે મહાનગરપાલિકાઓમાં દસ્તાવેજો ઘટ્યા છે. આવક વધી છે એ વાત કરી છે પરંતુ દસ્તાવેજો પણ વધ્યા છે. એમની પાસે આંકડા ન હોય મહાનગરપાલિકાઓમાં દસ્તાવેજો વધ્યા છે. એમણે ૩.૫ ટકા કરવાની વાત કરી. આખા દેશની અંદર મહારાષ્ટ્ર કરતાં પણ અત્યારે સ્ટૅમ્પ ડ્યૂટીમાં આપણે ઓછા છીએ. આપણા પછી મહારાષ્ટ્ર આવે છે. મેકસીમમ આપી શકાય તેટલું આપણે આપ્યું છે. તેમ છતાં એમની ખાસ લાગણી હોય તો અમે આવતી સાલે પાછા આવવાના જ છીએ ત્યારે ૩.૫ ટકા વાળુ ધ્યાને લઈશું.

માનનીય સભ્યશ્રીએ જંત્રીની બાબતનો પણ ઉલ્લેખ કર્યો છે. આ ડાયરેક આ બિલની અંદર નથી આવતું પરંતુ જંત્રી ૧૯૯૯ની છે. સાત વર્ષ એમાં થઈ ગયા આજે જે રીતે ભાવો વધ્યા છે, તે જોતાં જો ૧૯૯૯ના ભાવે સ્ટૅમ્પ ડ્યૂટી લઈએ તો સરકારને આવક ઓછી મળે એમાં ફક્ત ૫૦ ટકા વધ્યા છે. સામાન્ય સંજોગોમાં કોઈપણ વસ્તુના ભાવમાં વરસે દસ ટકાનો વધારો થતો હોય છે. સ્ટૅમ્પ ડ્યૂટી ૧૯૯૯ના ભાવ મુજબ લેતા હતા છતાં અમે ૫૦ ટકા વધારીને સ્ટૅમ્પ ડ્યૂટી લઈએ છીએ.

માનનીય બાબુભાઈએ પણ ધ્યાન દોર્યુ તો આ આવક વધારવાનો જ એક ભાગ છે. આવક ઘટાડવાનો નહિ. જ્યાં જ્યાં જૂના દર સ્ટૅમ્પ ડ્યૂટીના લેવાય છે એમાં વધારો કરી શકાય અને જે લીકેઝીસ છે એ ઘટાડી

શકાય એ બધી ચિંતા અમે કરી છે. ફરીથી હું આગ્રહ રાખું કે આ બિલ સ્વયં સ્પષ્ટ અને નિર્દોષ છે. ગરીબ લોકોને લાભ થાય સામાન્ય માણસને પણ લાભ થાય તેવું આ બિલ લઈને હું આવ્યો છું ત્યારે સર્વાનુમતે બધા સહયોગ આપે તેવી વિનંતી કરુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૭નું મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૭નું મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૧નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮

## ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૭

### ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૭નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૨૦૦૮ના અંદાજપત્રીય પ્રવચનમાં મનોરંજન કરની બાકી રહેતી રકમ ઉપર વર્ષે ૨૪ ટકાના દરે સાદું વ્યાજ લેવાની જોગવાઈમાં ફેરફાર કરીને બાકી રહેતી રકમ ઉપર વર્ષે ૧૮ ટકા સુધીના દરે સાદું વ્યાજ લેવાની માનનીય નાણામંત્રીશ્રીએ જાહેરાત કરેલી. આ અન્વયે ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ની કલમ-૧૦(૨)માં સુધારો કરીને મનોરંજન કર સુધારા વિધેયક-૨૦૦૭ આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે. આના કારણે મનોરંજન ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને લાભ પ્રાપ્ત થશે. તેની સાથે સાથે રાજય સરકારની જે અંદાજી આવક છે તેમાં નજીવા ફેરફાર સાથે સામાન્ય રીતે જે વ્યાજ માટેના પૈસા હોય છે, થોડું ઘણું મોટું દેવું હોય અને વ્યાજ લગાવવામાં આવે છે. અત્યારે વ્યાજના દરોમાં મોટા પાયે ફેરફારો થયા છે તેવી સ્થિતિમાં વસૂલાત આ વ્યાજના દરોમાં કરવાથી વસૂલાત ઝડપથી પ્રાપ્ત થશે. જે નક્કી કરેલો સમય હોય છે, તારીખ પછીના દિવસે અને તે દિવસથી શરૂ થતી અને કરની રકમ આપ્યાની તારીખે પૂરી થતી મુદત માટે, તેવી રીતે ન ભરાયેલી રકમ ઉપર અથવા એવી મુદત દરમ્યાન ભર્યા વિના બાકી રહેલી તેની ઓછામાં ઓછી રકમ ઉપર દર વર્ષે ૧૮ ટકાથી વધુ ન હોય તેટલા વ્યાજના દર રાજય સરકાર રાજપત્રથી નક્કી કરી શકે. એ પ્રકારનું આ વિધેયક લઈને આવ્યો છું. જે પ્રકારે વિવિધ જાહેરાતો માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે તેમાં આ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને લાભ પ્રાપ્ત થાય, તેની સાથે સાથે સરળતા પ્રાપ્ત થાય અને અત્યારે જે વ્યાજના દરો ચાલી રહ્યા છે તેની સાથે યોગ્ય વ્યાજના દરો આ માટે વ્યાજના દરો રહે તે પ્રકારનો એક સુધારો લઈને આવ્યા છીએ. એક નજીવા ફેરફાર સાથેની કાર્યવાહી છે અને જેના કારણે વ્યાજના દરો છે તે ઓછા લઈને સીમિત કક્ષામાં જાળવી શકીશું અને જે મનોરંજન કરની વસૂલાત બાકી રહે છે તેને બળ આપીને વધુ વસૂલાત કરી શકીશું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૨૪ ટકા પહેલાં જે સાદુ વ્યાજ લેવામાં આવતું હતું એ અત્યારે ૧૮ ટકા સુધી લેવાનું કરવા માટે આ બિલ લઈને આવ્યા છે એ ઉપરાંત સીંગલ સિનેમા સર્વીસ ચાર્જ પેટે એક કરોડની રાહત આપવાનું ધાર્યું છે. રાજયમાં ૩૬૫ સિનેમાગૃહો છે. ૬૮૦ વિડિયો ગૃહો છે અને ૩૬ મલ્ટીપ્લેક્ષ થિયેટરો છે. છેલ્લા પાંચ વર્ષમાં આપણે જોઈ શકીએ કે જે સિનેમાગૃહો છે તેની સંખ્યા આજે ઘટતી જાય છે. ૨૦૦૬-૦૭માં મનોરંજન કરની આજ દિન સુધીની રકમ ૨૦ લાખ રૂપિયા અંદાજે બાકી છે. સરકાર એવું ઇચ્છે કે જે સિનેમા ગૃહ છે તેની જે વ્યાજની રકમ છે, ૨૪ ટકાના બદલે ૧૮ ટકા કરીને અડધો ટકો આપવાની વાત છે એ સારી વાત છે, પણ તેની સાથે સાથે કદાચ તેની અંદર ઓછું વ્યાજ કરે તો બરાબર છે. પણ જે સ્થિતિ છે કે આજની સરકારની જાગૃતિ હોવી જોઈએ, જે લોકો ખોટું કામ કરવાવાળા છે ૨૦૦૩-૦૪માં ૩૭૪ કરચોરી પકડાઈ હતી. તેમાં વધારો થાય તે ઘટીને ૨૦૦૪-૦૫માં માત્ર ૧૪૯ થઈ. ૨૦૦૬-

૦૭માં ૭૫ કેસો પકડાયા છે. મારે સરકારને એ કહેવું છે કે એક બાજુ આપણાં સિનેમાગૃહો છે, મનોરંજન છે એ સાડાપાંચ કરોડની જનતાને સારી રીતે મળે, તેની સારી સુવિધા થાય, તેનું સારું નૅટવર્ક થાય. આપણે ચોક્કસ તેનું આયોજન કરીએ. તેમાં નાનું-મોટું જે કંઈ થાય, તેમાં ચોરી પકડાઈ હોય, આવું થયું હોય તેની અંદર આપણે વ્યાજના દર ઘટાડીએ પણ તેની આવક છે, સરકારશ્રીની એ આવકમાં મોટો ઘટાડો થયો છે. ૨૦૦૩-૦૪માં ૪૨ કરોડ રૂપિયા હતી, ૨૦૦૪-૦૫માં ૪૦ કરોડ થઈ અને ૨૦૦૬-૦૭માં ૨૦ કરોડ રૂપિયા ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં આ આવકો થઈ છે. સરકાર મનોરંજનના અવારનવાર ફાયદા આપતી હોય છે. એ સંશોધન કરવાની જરૂર છે. ગામડામાં નાના થિયેટરો છે અને શહેરોમાં મોટા થિયેટરોનીઅંદર મલ્ટીપ્લેક્સ થિયેટરો આવ્યા છે એમને સરકારે ઘ ણી બધી રાહતો આપી છે. પણ એ પ્રમાણેની ગામડાના થિયેટરોની રાહત આપવી જોઈએ અને ત્યાં આગળ વાસ્તવિક મનોરંજન મળે એવું કરવું જોઈએ. ગામડામાં પોતાના વિસ્તારમાં થિયેટરમાં લોકો જતા હોય છે. એ ૫૦, ૩૦, ૨૦ કે ૧૦ વર્ષ જૂના થિયેટરો છે. એની સ્થિતિમાં ઘટાડો થઈ રહ્યો છે, એની આવકમાં ઘટાડો થઈ રહ્યો છે. અહીંયાં જે રીતે મલ્ટીપ્લેક્સ થિયેટરોને જે રીતે રાહત આપવામાં આવે છે એ પ્રકારે નાના થિયેટરોને આપવામાં આવતી નથી. એમની સભ્ય સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો છે જેના કારણે એની આવકમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. સરકારે આ બાબતમાં ચિંતા કરવી જોઈએ અને એની સાથોસાથ જે નાની સિટી છે એની અંદર લાભ આપવા માટે સરકારે વિચારવું જોઈએ. અને આવું કર્યું હોત અને વ્યાજની અંદર ૧ ટકો કર્યો અને બીજી મોટી રકમ નથી. તો ચોક્કસ સંમત થાત અને આ બાબતમાં સરકાર ચોક્કસ ચિંતન કરે એવી વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ગુજરાત મનોરંજન કર વિધેયક- ૧૮ લાવ્યા છે એની અંદર મારા વિચારો રજૂ કરું છું. આ બિલ મૂકતી વખતે રાજયના બજૅટની અંદર નાણામંત્રીશ્રીએ જે જાહેરાત કરેલી એનો અમલ કરવા માટે થઈને આ બિલ લાવવું જરૂરી છે એ એના ઉદ્દેશમાં કહ્યું. માનનીય નાણામંત્રીશ્રીનો આ મનોરંજન આપતા થિયેટરો પ્રત્યેનો પ્રેમ ખૂબ જાણીતો છે. આ મલ્ટીપ્લેક્સ થિયેટરોને એના ટેક્સમાં રાહત આપેલી અને પાછળથી આવેલા મલ્ટીપ્લેક્સ થિયેટરોને અપાઈ નહીં એના કારણે મુશ્કેલી આવી અને એના કારણે આકારણી ખૂબ થઈ અને મનોરંજન કરમાં ઘટાડો કર્યો એ બાબતમાં નહીં કહું પણ જે પૈસા દર્શકો પાસેથી વસૂલ કર્યા હોય અને એમની પાસે હોય અને એ સમયસર નહીં ભરાયા એ ઉપર રાહત આપીને એમને નવાજવાની શા માટે જરૂર પડી છે? આ વખતે બજૅટની અંદર એ સુવિધાઓ આપવા માટે થઈને રૂ.૩ ઉપરનો ટેક્સ કપાત છે એ રૂ.૪ કરી દીધો અને બીજા રાજયમાં ૬૦ ટકા ટેક્સ ભરતા હોય અને આપણે ત્યાં ૨૫ ટકા એટલે કે ૨૫ રૂપિયા ટેક્સ છે. એમાં રૂ.૪ની રાહત આપી દીધી અને એ એના દર્શકો છે એના લાભાર્થે નથી પણ જે ડિસ્પ્લે કરે છે, થિયેટરના માલિકો છે એના લાભાર્થે છે. ગુજરાતી ચલચિત્રોને પ્રદર્શિતાનો લાભ નથી મળતો, એ થિયેટરો પ્રદર્શિત નહીં કરતા હોય એને લાભ મળે છે. આ બિલનો સ્કોપ છે એની અંદર સમયસર ટેક્સ ન ભરનારાઓને રાહત આપવાને બદલે એકી સાથે ટેક્સ ભરનારાઓ માટે એમ્નેસ્ટી સ્કીમ કેમ નથી લાવતા? એક વખત માફી આપી દો. આ મોડો ટેક્સ ભરે એને રાહત આપવાથી એને ટેક્સ ન ભરવાની આદત પડી છે. એટલે મંત્રીશ્રીને કહેવું છે. આ જે બાકી વસૂલાતો છે એને કડક કરવી જોઈએ. શ્રી બળવંતસિંહે કહ્યું એમ સરપ્રાઈઝ ચૅકીંગ કરવાનું ઓછું થતું જાય છે. ટેક્સ ચોરી કરતા એ ચૅકીંગ વખતે પકડાઈ જાય તો એને દંડની જોગવાઈ છે, એમાં માફી આપી શકાતી નથી. પરંતુ ચેક કરવું જોઈએને. મનોરંજન કરની આવકો ઘટતી જાય છે. કાં તો એમાં આપણે એ પ્રકારના હિતોની અંદર મનોરંજનને પ્રોત્સાહન આપવા માટે તદ્દન માફી આપવી જોઈએ. જેવી રીતે શ્રી વી.પી.સિંહ નાણામંત્રી હતા ત્યારે ટી.વી. જોનારાઓને ટી.વી. ફીમાંથી મુકિત આપી દીધી. પણ એનો જ્યારે દર નક્કી થયો હોય અને એ દર જ્યારે જોનાર ચૂકવી દેતો હોય, એમની તિજોરીમાં જતો હોય, રાજય સરકારની તિજોરીમાં જે મોડો ચૂકવે એને એનકરેજ કરી શકાય નહીં એટલું મારે માનનીય મંત્રીશ્રીને આપના મારફત કહેવાનું છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનીય અધ્યક્ષશ્રી, બંને સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા, વિપક્ષના દંડકશ્રીએ જે વાત કરી એક બાજુ કહેતા હતા કે આ ઉદ્યોગ મૃતપ્રાય થઈ રહ્યો છે અને બીજી બાજુ કહેતા હતા કે આવક ઘટી રહી છે. બંને વિરોધાભાસી વાત મારે ગૃહના મિત્રોના ધ્યાન પર મૂકવી છે કે સમગ્ર દેશના મનોરંજન કરમાળખાના સરલીકરણ કરવા માટેની સૈદ્ધાંતિક વાતો જયારે દેશે સ્વીકારી અને એના આધારે ગુજરાતમાં ૧-૪-૦૬થી જે સરળતાની ભલામણના આધારે અમલીકરણ થયું, ગુજરાત પહેલું એક રાજય છે કે જયાં ૫૦ ટકા જેટલા મનોરંજન કરના દર હતા એ ઘટીને આપણે ૨૫ ટકા કર્યા. આ ઉદ્યોગને જીવંત રાખવાથી અને એની સાથેસાથે મનોરંજન કર અંગેના અસરકારક દર જેટલા નિયત થયા છે, જે દેશના અન્ય રાજયો છે આજે પણ મનોરંજન કરના દર ઉત્તર પ્રદેશમાં ૬૦ ટકા છે. ઉત્તરાંચલમાં ૬૦ ટકા છે. રાજસ્થાનમાં ૫૦ ટકા, હરિયાણામાં ૫૦ ટકા, મહારાષ્ટ્રમાં ૪૫ ટકા છે. આવા અનેક રાજયોમાં આપણા કરતા દરો વધારે છે એટલે રાજય સરકારે આ ઉદ્યોગ જીવંત રહે એના માટેના પ્રયત્નો કર્યા છે એ દરમાં સુધારો કર્યો છે એની સાથોસાથ આની વસૂલાત કયા પ્રકારે વધુ સારી રીતે કરી શકાય એના માટેની પણ કાર્યવાહી કરી છે. માનનીય સભ્યશ્રીએ વિચાર વ્યકત કર્યો ૨૦૦૪-૦૫માં ૪૦.૬૦ ટકાની આવક હતી અને ૨૦૦૫-૦૬માં ૫૦ ટકાથી દર ઘટાડીને ૨૫ ટકા આપણે કર્યા અને અસરકારક ૨૦ ટકા દર થયા આમ છતાં આવકમાં ફક્ત ૮ ટકા

જેટલો જ ઘટાડો થયો છે અને આ ઉદ્યોગને આપણે જીવંત રાખી શકયા છીએ અને યોગ્ય સક્ષમ રીતે એને કાર્યપદ્ધતિથી કરી શકયા છીએ ત્યારે જે બિલ લઈને અમે  ગૃહ સમક્ષ આવ્યા છીએ એમાં ફકત એટલું જ છે કે, અત્યારની સ્થિતિ ગૃહના સભ્યશ્રીઓ પણ જાણે છે. દંડકશ્રી પોતે અને બાબુભાઈ તો ભૂતપૂર્વ નાણામંત્રી તરીકે રહ્યા છે, દંડકશ્રી પોતે વેપારી છે કે જયારે ૨૪ ટકા દરો કોઈપણ પ્રકારના રહ્યા હોય, વ્યાજ માટેના પેનલ્ટીના ત્યારે અત્યારે જે વ્યાજના દરો બધી જ જગ્યાએ ઓછા થઈ રહ્યા છે એવા સ્વરૂપમાં કોઈ ઉદ્યોગને લાભ કરવા માટે નહીં પણ વહેવારુ પદ્ધતિ અપનાવવા માટે પણ રાજય સરકારે કાર્યપદ્ધતિ અપનાવી છે, અને મોટો કોઈ ફર્ક રાજય સરકારને નાણાકીય પડવાનો નથી.  લગભગ ૨૫ લાખ રુપિયા જેટલા ઓછા આવવાના છે, પરંતુ ૨૫ એક લાખ રુપિયા ઓછાની સાથે બાકીની આવક જે સરળતાથી પ્રાપ્ત થવાની છે કોર્ટ કેસીસ ઓછા થવાના છે અને બાકીની આવક વધવાની છે એ સરવાળે રાજયને યોગ્ય સ્વરૂપમાં પ્રાપ્ત થવાની છે અને માનનીય નાણામંત્રીશ્રીએ જે એમના પ્રવચન સમયે જે જાહેર કર્યુ છે  એ મુજબ સ્વયંસ્પષ્ટ બિલ છે અને ખૂબ સરલીકરણ સાથેનું આ બિલ છે જેને સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ માન્ય રાખે એવી હું વિનંતી કરુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર  કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક: ૧૮-સન ૨૦૦૭નું  ગુજરાત મનોરંજન કર(સુધારા ) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર  કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક: ૧૮-સન ૨૦૦૭નું  ગુજરાત મનોરંજન કર(સુધારા ) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર  કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૮નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭

## ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૭

### ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૭ના ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮ના વર્ષના અંદાજપત્રીય પ્રવચનમાં માનનીય નાણામંત્રીશ્રીએ સુખસુવિધા કરની બાકી રહેતી રકમ ઉપર હાલ પ્રત્યેક મહિના અથવા તેના ભાગ માટે લેણી નીકળતી કરની રકમના ૨૪ ટકા સાદુ વ્યાજ લેવાય છે. રાજ્ય સરકારે તેમાં ફેરફાર કરીને સરળીકરણના ભાગરૂપે બાકી રહેતા કરના ભાગ ઉપર ૧૮ ટકાથી વધુ નહિ તેટલો દર લેવાની જાહેરાત કરેલ છે. ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવીને પ્રવાસન ઉદ્યોગને એક અલગ બળ પૂરું પાડ્યું છે. સુખસુવિધા કરમાં જે પ્રકારના ફેરફારો કર્યા છે એના કારણે પ્રવાસન ઉદ્યોગને એક સ્વરૂપમાં ખૂબ મોટો વેગ પ્રાપ્ત થશે. હમણાં જ મેં આ પહેલાના બિલમાં કહ્યું એ મુજબ વ્યાજના દરો જે પ્રકારના અત્યારે પ્રવર્તી રહ્યા છે એ સ્થિતિમાં ૨૪ ટકાના દરે સાદુ વ્યાજ લેવાતું એના બદલે ૧૮ ટકા સુધીના દરે બાકી રહેતી રકમ ઉપર સાદુ વ્યાજ લેવાની દરખાસ્ત લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવવાનું બન્યું છે. વ્યાજની આવક ઉપર અંદાજે ૧૦ લાખ રૂપિયા જેટલી જ નજીવી વિપરીત અસર થવાની છે. એની સાથોસાથ જે વસૂલાતો બાકી રહેતી હતી એ હવે વધારે સરળતાથી પ્રાપ્ત થવાથી સરવાળે એમાં ફાયદો થવાનો છે. રાજ્ય સરકારે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવીને વિવિધ પ્રકારની પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ ઊભી કરી છે. આપણે પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માગીએ છીએ અને રાજ્યમાં અનેક પ્રકારે એ થકી નવી રોજગારી ઊભી થઈ શકે એવી સ્થિતિમાં આ પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ પ્રાપ્ત થાય એના માટેનો નાનકડો સુધારો લઈને આવ્યો છું.  બિલ સ્વયંસ્પષ્ટ છે એને મંજૂર કરે એવી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એમાં નાણામંત્રીશ્રીએ બજૅટ પ્રવચનના પાના નં. ૭ ઉપર જણાવ્યું હતું કે પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા

માટે રાહત આપવા માટેની વાત એમણે કરી હતી. માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું એમ ૨૪ ટકા વ્યાજ છે એ વ્યાજમાં ઘટાડો કરીને ૧૮ ટકા કરવાનો હેતુ છે. સુખસુવિધા કર ઘટાડીને ૨.૪૦ કરોડ રૂપિયાની રાહત પ્રવાસનમાં આપવાનો હેતુ છે. રાજ્ય સરકારને મારે કહેવું છે કે એક બાજુ આપણે ૧૦૦ કરોડ રૂપિયા પ્રવાસન નિમિત્તે આમાં ફાળવ્યા હોય અને આખું વર્ષ સમગ્ર ગુજરાતમાં પ્રવાસન નિમિત્તે ઉજવતા હોય, મોટી મોટી જાહેરાતો કરતા હોય અને વાસ્તવિક જ્યારે પૈસા ૧૦૦ કરોડ રૂપિયા બજેટમાં ફાળવાય. સમગ્ર ગુજરાતના તમામ ધારાસભ્યો બીજા રાજ્યોમાં જાય અને ગુજરાત માટેની વાત કરવામાં આવે, ગુજરાતના પ્રવાસનના વિકાસની વાત કરવામાં આવે. એની સુવિધાઓની વાત કરવામાં આવે અને જ્યારે વર્ષના અંતે ખબર પડે કે જે પૈસા પ્રવાસન નિગમમાં ફાળવવામાં આવ્યા હતા મેં પ્રશ્નોત્તરીમાં પૂછ્યું હતું ત્યારે કેટલા પૈસા આ તારીખમાં બાકાત રહ્યાં છે? એમણે જવાબ આપ્યો હતો. પ્રવાસન માટે બે લાખ, (અંતરાય) સુવિધામાં ચાર લાખ એના ઉપર બિલનો હેતુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે જે પ્રમાણે રાજ્ય સરકાર ચિંતા કરી રહી છે અને પૈસા ખરેખર વપરાય તો એમ લાગે કે ખરેખર આ બરાબર છે. આપણે હોટલ પ્રવાસન માટેની ચિંતા કરતા હોઈએ ૨૦૦૧માં આખા ગુજરાતમાં હોટલો અને ગેસ્ટ હાઉસના ૨૦,૫૭૩ હતા. આજે અમદાવાદની અંદર ૨,૬૫૧ છે, રાજકોટમાં ૧,૧૪૮ છે. જામનગરમાં ૧,૦૯૯, વડોદરામાં ૧,૪૪૮ એમ મારો કહેવાનો અર્થ એ છે કે એ બાબતે સરકાર જ્યારે ૨૪ ટકા વ્યાજની વાત કરે અને એમાં ૧૮ ટકા કરે તો ગુજરાતમાં આ ઉદ્યોગને ફાયદો થાય હું તો એટલા માટે ઈચ્છું કે મારા મતવિસ્તારના મોટાભાગના લોકો હોટલ સાથે સંકળાયેલા હોય છે એટલે ઈચ્છું છું કે આ લોકોને સારી સુવિધા પ્રાપ્ત થાય પણ માત્ર કાગળ ઉપર થાય અને વાસ્તવિક રીતે ના થાય એટલે ચોક્કસ એમ થાય કે સરકારશ્રી આ બાબતે કાંઈ સારું લાવે પણ જે વ્યાજ માટેનું લેઈને ગયા વખતે આની આગલી ટર્મમાં પણ આ પ્રકારનું બિલ લઈને આવ્યા હતા. જ્યારે જ્યારે સુવિધા આપવાની હોય ત્યારે એકી સાથે લઈને આવે તો બહુ જરૂરી હોય છે. સુખ-સુવિધા માટેની કમિશનર કચેરીમાં ૧૯૯૦-૯૧થી માત્ર માત્ર ૧૧ કર્મચારી/અધિકારીઓનું મહેકમ છે અને આવકનું પ્રમાણ છે એ નાની મોટી ચોક્કસ ૨૦૦૪-૦૫ માં ૧૭ કરોડ ૯૪ લાખ થઈ હતી. ૨૦૦૫-૦૬ માં ૧૪ કરોડ ૮૫ લાખ થઈ, આ ફેર ડિસૅમ્બર સુધીના મારી પાસે આંકડા છે. આ વખતે ૨૦૦૬-૦૭ માં ૧૩.૮૦ કરોડ થઈ છે. આજે એરપોર્ટ પેસેન્જર છે એ ૧૩ કરોડ હતા, એપ્રિલ ૨૦૦૫ થી ડિસૅમ્બર-૨૦૦૬ સુધીમાં ૧૬ કરોડ પ્રવાસીઓ આ ગુજરાત રાજ્યની અંદર આવ્યાં છે અને સરકાર આ બાબતની વાસ્તવિક ચિંતા કરે તો ખરેખર આ લોકોને ફાયદો થાય. માત્ર વ્યાજ પૂરતું નહિ અનેક ગણો ફાયદો થાય તો લાગે કે સરકાર આ બાબતે ચિંતા કરશે, કંઈક આ ઉદ્યોગને ફાયદો કરવાની વાત કરે પણ ખાલી આ નાના હેતુથી ફાયદો થાય નહિ માટે માનનીય મંત્રીશ્રીને હું કહું છું કે ખરેખર જો આની ચિંતા કરવી હોય અને જો આપવું હોય તો જે નાના નાના લોકો છે એમને ફાયદો થાય એવું કરવું જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી Gujarat Tax on Luxuries Bill જે વિધેયક ક્રમાંક ૧૭ જે લાવ્યા છે એ અગાઉનું જે વિધેયક ૧૮ હતું એ પ્રકારની રાહતો આપવા માટેની આની અંદર વાત છે. આ બિલને રજૂ કરતી વખતે જાડેજા સાહેબે આ રાજ્યમાં પ્રવાસનને વેગ મળે એટલા માટે થઈ આ વ્યાજની રકમ ઘટાડવાની જે વાત કરી એ સુસંગત નથી. આ રાજ્યની અંદર આ જે સ્ટાર હોટલ છે એની અંદર બિસલરી બૉટલના ૬૦ રૂપિયા લેવાતા હોય અને એના ઉપર લેવાતો ટેક્સ જે છે એ રાજ્યની તિજોરીમાં સમયસર જાય નહિ એ ચલાવી શકાય નહિ. આજે સ્ટાર હોટલો છે એ દેવીલાલજીએ જે રીતે આ દેશના કિસાનોને અશોકા હોટલની અંદર ઊતરવા માટેની સવલત કરી આપી હતી એ પ્રકારે. તો માનનીય અશોકભાઈના વિભાગમાં જે એન.આર.જી., નૉન રેસિડન્સ ગુજરાતી પ્રભાગ છે એ અન્ય રાજયોના ગુજરાતી પ્રવાસીઓ હોટૅલમાં આવે અને એના ઉપર જો કોઈ ટેક્સ માફીની વાત હોત તો અમે એપ્રિશિએટ કરતા પણ એમના પોતાના ટૅરિફ પ્રમાણે આ સ્ટાર હોટેલો એનો ચાર્જ કરતી હોય, માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય બળવંતસિંહે જે આંકડા આપ્યા એ આંકડામાં નહીં જાઉં કે રાજકોટમાં આટલા ગેસ્ટ હાઉસો, અમદાવાદમાં આટલા ગેસ્ટ હાઉસો, આ રાજયમાં સ્ટાર હોટેલો થ્રી સ્ટાર, ફોર સ્ટાર કે, ફાઈવ સ્ટાર હોટેલના રૂમો એ નહીં પરંતુ રાજય સરકારનો જે વિભાગ છે એની પાસે તો નોંધ હોય ને કે આ રાજયમાં જે સ્ટાર હોટેલો છે એની ઓકયુપન્સી કેટલી છે આ ઓકયુપન્સીના આધારે એનો ટેક્સ કેટલો વસૂલ થાય છે અને ટેક્સ જો સમયસર ન લેવામાં આવે, રાજયની તિજોરીમાં ન લેવામાં આવે તો એ બરાબર નથી, એનો ટેક્સ નિયત સમયે જે રીતે વેટ કે સેલ્સ ટેક્સમાં આપણે વસૂલાત કરીએ છીએ આપણા વતીથી ઉઘરાવતા એ લોકો છે એ હોટેલો પણ રાજય સરકાર વતીથી જે આ ટેક્સ છે જે લકઝુરિયસ ટેક્સ કે સુખ સુવિધા કર ઉઘરાવે છે એ ઉઘરાવીને રાજયની તિજોરીમાં સમયસર મળે એ જરૂરી છે. એને રાહતો આપવાથી આમાં કોઈ ફેર પડશે નહીં, ઊલટાનું એમને મોડું ભરવાનું મન થશે. આ પૈસા આપણે મોડા ભરીશું તો કોઈ વાંધો નથી. આ રાજય સરકાર, મા-બાપ જે છે એ આપણે પ્રવાસીઓને ઊતરવાની સગવડો કરી આપીએ છીએ એ ધ્યાનમાં લઈને માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસીઓને ઊતરવાની સગવડમાં કોઈપણ પ્રકારની રાહતો આપતા હોઈએ એ પ્રકારનું મારી જાણમાં નથી, અમે પણ ધારાસભ્ય તરીકે જ્યાં જઈએ તો પ્રવાસન નિગમના જે છે ત્યાં પણ અમારે તો એજ ચાર્જ ભરવા પડે છે, ધારાસભ્યને કોઈ રાહતો નથી અને મેં અગાઉ કહ્યું એ પ્રમાણે એન.આર.જી. આવતા હોય એને પણ એમાં કોઈ

રાહતો નથી. એન.આર.જી.ને જે ઊતરવા માટેની સગવડ અહીંયા જે એનેક્ષીમાં છે એનાથી જ એને સંતોષ માનવો પડે પરંતુ રાજય સરકારના કોઈપણ ગેસ્ટ હાઉસમાં જઈએ અને એમાં એવી કોઈ સ્પેશિયલ રાહતો જાહેર કરવામાં નથી આવી અને જે ચાર્જ લેવાતા હોય એ વસૂલ કરીને રાજય સરકારની તિજોરીમાં નિયત સમયે ભરાવો જોઈએ અને નિયત સમયે ન ભરે એને રાહતો આપવાનું ઉચિત જણાતું નથી.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યક્ત કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અંગેનો વિચાર કરીને પ્રવાસ ઉદ્યોગને વેગ મળે એ માટે રાજય સરકારે ૧-૪-૨૦૦૬થી જે દરોમાં સુધારા કર્યા છે એનાથી સભ્યશ્રી બાબુભાઈ અને સભ્યશ્રી બળવંતસિંહ વાકેફ હશે જ અને જે દરોના સુધારા કર્યા છે એ અન્ય રાજયો કરતાં ખૂબ સારા પ્રમાણમાં પ્રવાસન ઉદ્યોગને વેગ પ્રાપ્ત થાય એ માટેના દરોમાં ફેરફારો કર્યા છે અને એ ઘટાડો થયો હોવા છતાં પણ જે પ્રમાણે આવકો પ્રાપ્ત થઈ છે અને એમણે કહ્યું એ મુજબ ૨૦૦૪-૦૫માં ૧૭.૯૩ કરોડ હતી જે ૨૦૦૫-૦૬માં ૨૧.૫૬ કરોડ થઈ છે અને ૨૦૦૬-૦૭ના જાન્યુઆરી અંતિત સુધીમાં ૧૫.૪૪ કરોડ જેવી છે. પ્રવાસન ઉદ્યોગને વેગ મળે એના માટે ગુજરાતના ઇતિહાસમાં નિશ્ચિત પગલાઓ ૨૦૦૬ના વર્ષમાં જ ભરાયા છે અને આ સરકારે તમામ વિભાગોને સાથે લઈને આખું વર્ષ ઉજવ્યું એટલું જ નહીં પ્રવાસન ઉદ્યોગને સાચા અર્થમાં વેગ મળે એ પ્રકારનું કાર્ય કર્યું છે. આજે અહીંયા જે બિલ લઈને આવ્યા છીએ એમાં તો એક નાનો એવો સુધારો છે જે નાના સુધારા દ્વારા અત્યારના વ્યાજના દરો છે એની સાથે મૅચ થઈ શકાય અને જે રાજયમાં હોટૅલ ઉદ્યોગ રહેલો છે એને વધુ બળ મળે એની સાથોસાથ સરળીકરણ થાય એ પ્રકારનું આ કાર્ય છે હું અપેક્ષા રાખું છું કે, ગૃહના સન્નમાનીય સભ્યો જ્યારે પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટેનું આ એક સ્તુત્ય કાર્ય થઈ રહ્યું છે અને નાણા મંત્રીશ્રીએ એમના બજૅટમાં જે આ જાહેર કર્યુ છે ત્યારે આ કાર્યને સ્વીકાર કરીને એને મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૭નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને બહુમતીથી મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ-૨, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૭નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને બહુમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૭નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૨૫

# ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૭

### ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૫- સન ૨૦૦૭નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૫- સન ૨૦૦૭નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

---

* વિધેયક સન ૨૦૦૭ના માર્ચ મહિનાની ૨૨ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર અને તમામ રાજય સરકારના નાણામંત્રીશ્રીઓની બનેલી એમ્પાવર કમિટિ આ બંનેએ સાથે મળીને આખા હિન્દુસ્તાનમાં ટેકસ માળખુ સરખુ રહે એ માટે પહેલો પ્રયત્ન એ કર્યો કે આખા હિન્દુસ્તાનમાં ફ્લોર રેટ રહે, મીનીમમ આટલો રેટ રહે એની અમલવારી પછી વેલ્યુએડેડ ટેકસ હિન્દુસ્તાનમાં એક જ કાયદો રહે અને ટેકસનું માળખુ એક રહે એ નકકી કર્યું એ નકકી કરતી વખતે બે રાજયોનો આંતરિક વેપાર હોય એ વેપાર વચ્ચે કેન્દ્રીય વેચાણવેરો સેન્ટ્રલ સેલટેકસ લેવામાં આવે છે એ વેચાણવેરો ધીમેધીમે નાબૂદ કરવો અને નાબૂદ કરવાથી જે ખોટ જાય એ શરૂઆતમાં કેન્દ્ર સરકાર રાજયોને ભરપાઈ કરશે અને ભરપાઈ કરવાની સાથેસાથે ભવિષ્યની અંદર એને 'ઝીરો' ટેકસ કરી દેવો પરંતુ 'ઝીરો' ટેકસ કરવાથી કેન્દ્ર સરકારે એમ કહ્યું કે 'ઝીરો' ટેકસ થશે તો રાજય સરકારને પોતાની આવક ઘટશે. એ ઘટે નહીં એ માટે એને અમુક ટેકસ લેવાની કેન્દ્ર સરકારે રાજય સરકારને છૂટ આપી એટલે કેન્દ્ર સરકારે એના ભાગરૂપે જે તમાકુ ઉપર પહેલા એડીશનલ એકસાઈઝ લેવાતી હતી એ જેના ઉપર એડીશનલ એકસાઈઝ લેવાતી હોય એ તમામ રાજયોને એને સેલટેકસને બદલે વહેંચી દેવામાં આવતી હતી. હવે કેન્દ્ર સરકારે એડીશનલ એકસાઈઝ દૂર કરી મુળ એકસાઈઝમાં એડીશનલ એકસાઈઝ ઉમેરી દીધી. એ ઉમેરવાથી એ આવક છે એ આવકનો ભાગ ચોકકસ રહેશે રાજયોને પરંતુ એના વિકલ્પે એમ કહ્યું કે તમાકુ ઉપર જે ટેકસ લેવાનો હોય એ ટેકસ કેન્દ્ર સરકાર પહેલા વર્ષે ચાર ટકા એટલે તા.૧-૪-૦૭થી કેન્દ્રીય વેચાણવેરો ચાર ટકામાંથી ત્રણ ટકા થશે એટલે રાજય સરકારની કેન્દ્રીય વેચાણવેરાની અંદાજે આવક ૨૪૦૦કરોડ હોય એમાં ૬૦૦કરોડ ખોટ જાય એ કેન્દ્ર સરકાર ભરપાઈ કરે એ કેન્દ્ર સરકારને ભરપાઈ ઓછી કરવી પડે એટલા માટે એડીશનલ એકસાઈઝ તમાકુ ઉપરની કાઢી નાખી અને તમાકુ ઉપર ટેકસ લેવાની છૂટ આપી. તમાકુ ઉપર છૂટ આપી હોય તો આપણે આપણા કાયદામાં સુધારો કરવો પડે. કે જે ટેક્સ આપણે આપણા મૂલ્ય વર્ધિત વેચાણ વેરાની અંદર જે આપણે શિડ્યુલ-૧ ની અંદર ૫૧(સી) ની અંદર જેના માટે એડિશનલ એક્સાઈઝ લે છે, એના માટે ઝીરો ટેક્સ લેવો એ આપણે દૂર કરવું પડે, એટલા માટે થઈને આ સુધારો છે, એમાં શિડ્યૂલ-૧ ની અંદર કલમ-૫૧ (સી) છે એ આપણે દૂર કરી છે અને આ કલમ દૂર કરવાની સાથે સાથે જેના ઉપર એડિશનલ એક્સાઈઝ લાગે છે, એ સિવાયની બીજી આટઈમ ઉપર શિડ્યૂલની અંદર ૪ ટકા ટેક્સ હતો, પરંતુ કેન્દ્ર સરકાર અને હાઈ પાવર કમિટીના નિર્ણય મુજબ કમિટીએ તમાકુ અને તમાકુની બનાવટ ઉપર ૧૨.૫ ટકા ટેક્સ લેવો, એટલા માટે થઈને શિડ્યૂલ-૨ ની અંદર થઈને જે ૭૬ (એ) હતો એની કલમ હતી, પાર્ટ હતો એ દૂર કરીએ છીએ. આ બંને દૂર કરવાથી તમાકુ અને તમાકુની બનાવટો ઉપર કેન્દ્ર સરકારના કહેવા પ્રમાણે અને હાઈ પાવર કમિટીના નિર્ણય મુજબ આપણે ૧૨.૫ ટકા ટેક્સ લઈ શકીએ. આ ટેક્સની જે આવક થશે એ કેન્દ્ર જે વળતરના જે પૈસા આપે એમાંથી એટલી રકમ બાદ કરી બાકીની રકમ કેન્દ્ર સરકાર આપશે, એટલે ઑલ ઓવર ઇન્ડિયાની અંદર નક્કી થયા મુજબ તમાકુ ઉપર ટેક્સ લગાડવો અને ટેક્સનો દર પણ ૧૨.૫ ટકા રાખવો, એના હિસાબે આપણે અહીયા સુધારા કરવાની જરૂર હતી એ આ બે સુધારો લઈ સભાગૃહ સમક્ષ આવ્યો છું. આ નિર્ણય એ ઑલ ઓવર ઇન્ડિયા માટેનો નિર્ણય છે. કેન્દ્ર સરકારે આનો નિર્ણય કરવા માટે કહ્યું છે. એના માટે હું આ બિલ રજૂ કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય નાણા મંત્રીશ્રીએ સંસદના ચાલુ સત્રમાં ભારત સરકારે વેરા કાયદા સુધારા વિધેયક-૨૦૦૭ માં તમાકુ ઉપરની જે વધારાની આબકારી દૂર કરી છે. જેમાં વજુભાઈ સાહેબે કહ્યું કે વેટ લેવાની છૂટ આપી છે. આપણે સૌ જાણીએ છીએ કે તમાકુ અને તમાકુ ઉપરની બનાવટની વસ્તુ છે. એ ખરેખર બહુ હાનિકારક હોય છે. ૨૦૦૧ માં સિગારેટમાં આંધ્ર અને કર્ણાટક રાજ્યમાં ૧૫ ટકા ટેક્સ હતો, એ સિગારેટ ઉપર ૨૦ ટકાનો આજે એ થયો છે. મારે ખાસ એટલું માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે બિલ નાનું છે. વેટ લેવા પૂરતું છે, પણ વેટની અંદર ૧૨.૫ ટકા કરવાના છીએ, ત્યારે પશ્ચિમ બંગાળ છે એમાં ૧૨.૫ ટકા લગાવ્યો, પણ બીડી ઉપર નહોતો લગાવ્યો. ગુજરાતમાં ૬૩ ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારની છે અને ૩૦ લાખ જેટલા પુરુષો આજની તારીખમાં બીડી પીવે છે. મારે મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે જેમ પશ્ચિમ બંગાળમાં જે સ્થિતિ છે, એ સ્થિતિમાં ૧૨.૫ ટકા બીડી ઉપર નથી લગાવ્યો એ પ્રમાણે આમાં રાહત આપવામાં આવે. હું એવું નહિ ઇચ્છું કે લોકો બીડી પીવે, એટલે એનાથી ઘણા બધા રોગો પણ થાય છે, પણ જે સ્થિતિ વાસ્તવિક એ છે કે આપણે ગામડામાં સારી રીતે જોતા હોઈએ છીએ કે મોટા ભાગના લોકો બીડી પીતા હોય છે ત્યારે એ દૂષણને દૂર કરવા માટે અનેક પ્રયત્નો કરતા હોઈએ છીએ. સંતોથી માંડીને અમે બધા પ્રયત્ન કરતા હોઈએ છીએ. આજની સ્થિતિ એ છે કે સરકાર એમાં ટેક્સ લગાવે સારી વાત છે. કદાચ માનનીય મંત્રીશ્રીને લાગે તો વેસ્ટ બંગાલમાં જે પ્રમાણે કર્યુ છે એ પ્રમાણે કરવાનું મારું સૂચન છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય નાણા મંત્રીશ્રી જે મૂલ્ય વર્ધિત વેરા વિધેયક-૨૦૦૭ નું આજનું જે ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫ લાવ્યા છે, એની અંદર મારા વિચારો વ્યક્ત કરું છું.

આ બિલને રજૂ કરતા માનનીય નાણા મંત્રીશ્રીએ જે કહ્યું કે કેન્દ્રીય વેચાણ વેરાની આવક ક્રમશ: ઘટવાને કારણે ૬૦૦ કરોડ રૂપિયાનું કોમ્પેન્સેટ કરવા માટે થઈ અને આ રાજ્યની તમાકુ ઉપર જે એડિશનલ એક્સાઈઝ હતી એ કાઢી અને મૂલ્ય વર્ધિત વેરો લેવાની છૂટ આપી એના કારણે ૧૨.૫ ટકા સુધીનો મૂલ્ય વર્ધિત વેરો લઈ શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન એ દોરવાનું કે ભૂતકાળમાં તમાકુ અને તમાકુની બનાવટો એટલે કે ગુટકા ઉપર વેરો ૧૭ ટકાથી વધારેલો અને આ વેરો ઘટાડવા માટે ખૂબ દબાણ પણ હતું છતાં ગુટકા આરોગ્યને નુકસાનકારક છે. આપણા પડોશી રાજય મહારાષ્ટ્રની અંદર ગુટકાની બનાવટો હતી તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ અને તેના કારણે ગુટકાની બનાવટો બનાવવા ગુજરાતની અંદર પ્રોડકશનના કારખાનાં નાખ્યા છે. આ આરોગ્યની સેન્સીટીવ બાબત છે. તમાકું ગુજરાતનો ખેડૂત ખાસ કરીને મહેસાણાનું વિજાપુર હોય કે ખેડા જિલ્લો હોય ત્યાં તમાકું ઉગાડવામાં આવે છે અને ત્યાં પ્રોસેસ કરીને અન્ય રાજયોમાં મોકલવામાં આવે છે. સિગારેટની કંપનીઓ પણ ગુજરાતની તમાકુ ખરીદીને લઈ જાય છે. ખેડૂતની ઉપજને લાગે છે ત્યાં સુધી આ બાબતે વિચારીએ પણ ખેત પેદાશનો ઉપયોગ જે થવાનો છે તે વેલ્યુ એડેડ વસ્તુ છે અને અન્ય રાજયોની અંદર જે ધોરણો અપનાવવામાં આવ્યા હોય તેનો વિચાર કરીને ખાસ કરીને ગુટકાનું મેન્યુફેકચરીંગ કરીને તેમણે ટેકસની રાહતો લઈ લીધી છે. આ રાજયમાં ટેક્સ ન ભરાય તે પ્રમાણેની નીતિની અંદર તેમના રજીસ્ટ્રેશન થઈ ગયા છે. રાજયની ટેકસની આવકો ગુટકા બનાવનારાઓ પાસેથી નથી. અન્ય રાજયોમાં તેના લાઈસન્સ રદ થઈ ગયા છે. ત્યારે ગુજરાત રાજયની પ્રજાના આરોગ્યના હિતમાં ગુટકાનું ઉત્પાદન ન થાય અને વેચાણ ન થાય તે પ્રકારના કેટલાક નિયમો આવેલા છે. આપણે ત્યાં ગુટકાનું વેચાણ ન થઈ શકે તેવા નિયમો બનાવેલા છે. આરોગ્યને હાનિ થાય તે પ્રકારની આવકોથી રાજયની તિજોરી ભરવાની જરૂર નથી. એના માટે આપણે ટેકસ ૧૨.૫ ટકા જે વેટનો દર છે પરંતુ તમાકુ અને તમાકુની બનાવટની અંદર ગુટકા ઉપર વધુ વેરો લઈ શકાય કે કેમ તેની નાણાં મંત્રીશ્રી સ્પષ્ટતા કરે.

**શ્રી વજુભાઈ વાળા (નાણા મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી માનનીય સભ્યશ્રી બલવંતસિંહ અને બાબુભાઈએ જે વાત કરી તે ગુટકા ઉપર વાત કરી. આ હાઉસમાં એકવાર ગુટકા ઉપર પ્રતિબંધ મૂકવા માટેની વાત થઈ હતી. ત્યારે લગભગ આ હાઉસના તમામ સભ્યો તેમાં હતા. સુપ્રીમ કોર્ટે જજમેંન્ટ આપ્યું છે કે જે કૅન્સરના રોગ થાય છે તેમાં ગળાના કૅન્સર ૯૦ ટકા ગુટકાને કારણે થાય છે. આની ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ તેવું કહ્યું છે. પણ આ કેન્દ્ર સરકારની વાત છે. જે પ્રમાણે મહારાષ્ટ્ર સરકારે ગુટકા ઉપર પ્રતિબંધ મૂક્યો છે તે સુપ્રીમ કોર્ટે કાઢી નાંખ્યો. તેમણે કહ્યું છે કે પ્રતિબંધ મૂકવાની સત્તા તેમને નથી. આ હાઉસમાં પણ આની ચર્ચા થઈ હતી. એના માટે મૂવ કરવું પડે તો કેન્દ્ર સરકારે મૂવ કરવું પડે. કેન્દ્ર સરકારમાંથી કાયદો કરે તો વાંધો આવે નહીં. ગુટકાને પ્રતિબંધિત કરવું જોઈએ. ભૂતકાળમાં આ હાઉસમાં તેના માટે સેન્સ લેવાઈ હતી. બધા તેમાં તૈયાર હતા. પ્રતિબંધ નથી મૂકાતો ત્યારે તેની ઉપર વધુ ટેક્સ કઈ રીતે લેવો કે નહીં પરંતુ જ્યારે એમ્પાવર્ડ કમિટી રાજયની અંદર તમામ ઉપર ટેકસેસન છે. આ જે છે તે ફકત રાજયની આવક ઉપર આધારિત ન થાય અને એમાં જેટલા પ્લસ માયનસ પૈસા થશે તે કેન્દ્ર સરકાર આપશે. તમાકુંનું વાવેતર કરતા ખેડૂતો ઉપર રાજય સરકાર ટેક્સ નાંખે નહીં. કારણકે ખેડૂતો સેલ્સ ટેકસના સભ્ય હોતા નથી. ખેડૂતોની ખેત પેદાશો અને તમાકુંના પાંદડા ઉપર ટેક્સ નહી લાગે. બાકી મૂલ્યવર્ધિત છે તે ચોક્કસ અમે હાઈપાવર કમિટીમાં કહીશું. ગુજરાત ઉપર ઓલ ઓવર ઈન્ડિયામાં વાત કરવી જોઈએ. તેના માટે વાત કરીશું. પ્રતિબંધ મૂકવો જોઈએ તેના માટે પ્રયત્ન કરવો જોઈએ તે માટે હાઈ પાવર કમિટીમાં કેટલા લોકો નક્કી થાય છે. ન હોય તો એના માટે ટેક્સનો વધારો આપણે કરવો કે નહીં એ ચોક્કસ એ હાઈ પાવર કમિટી પાસે નક્કી કરશું, જેને કારણે આખા હિન્દુસ્તાનમાં એકસરખો થાય, નહીંતર શું થશે કે આપણે અહીંયા વધારશું તો બીજા તરત જ વેપારીઓ આવશે કે બીજા રાજયોમાં ઓછું છે અને કદાચ આપણો વેપાર પણ બીજા રાજયોમાં જતો રહે એના માટે થઈને, કારણકે ત્યાંથી માલ, બે નંબરનો માલ પણ આવે એની પણ સંભાવના રહે, આવું કોઈ બે રાજયો વચ્ચેનું આંતરિક રીતે ઘર્ષણ ન થાય એના માટે ચોક્કસ હાઈ પાવર કમિટી પાસે જઈને આપણે ( અંતરાય) જેને ટેક્સ એકઝામ્પ્શન હશે એ તો જે પ્રમાણે ટેક્સ એકઝામ્પ્શન માટે થઈને જેને લાભ મળે છે એને તો આપણે આપેલું પ્રોમીશ છે એમાંથી retreat ન થઈ શકીએ. આજે કોઈ મેન્યુફેકચરવાળો છે, જે આઈટેમ બનાવતો હોય એને ૧૯૯૫-૨૦૦૦ના કાયદા મુજબ અથવા તો કચ્છની અંદર કોઈએ ધંધો નાખ્યો હોય અને એને ટેક્સ એકઝામ્પ્શન આપ્યું છે તો એની જે કેપીટલ કોસ્ટ છે એમાંથી આજની તારીખે એને જેટલો ટેક્સ ભરવાનેપાત્ર છે એમાંથી એને એ બાદ નેચરલી મળે એને ધારોકે ૧૦૦ કરોડ રૂપિયાની કેપીટલ કોસ્ટ કરી હોય તો ૧૦૦ કરોડ રૂપિયા સુધી આપણી સરકારે એને માફ આપ્યું હોય, સેલ્સટેક્સની અંદર માફી આપી હોય તો માફી થાય અને જીરો ટેક્સ હોય તો એને કોઈ ભરવાનો ન થાય, નહીંતર ૧૦૦ કરોડ સુધી એ આપણું જે પ્રોમીશ છે એ તો બધાને સરખું લાગુ પડવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દૃષ્ટિએ આમાં કોઈ વિશેષ સુધારો છે નહીં, આપણે ફક્ત કેન્દ્ર સરકાર સાથે અને હાઈ પાવર કમિટી સાથે સંબંધ થઈ અને જે સુધારો લાવવા માટે (અંતરાય) એમની વાત હતી એને આપણે માનનીય સભાગૃહની અંદર રજૂ કરવા માટે થઈને આ સુધારા લાવ્યા છીએ, તો આ બંને સુધારાઓ માનનીય સભાગૃહ મંજૂર કરે એવી મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક ૨૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક ૨૫નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક ૨૫નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૭

# મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭

### મુંબઇ સ્ટૅમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક -૨૭- સન ૨૦૦૭નું મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી,હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક - ૨૭ - સન ૨૦૦૭નું મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ૨૧ નંબરના વિધેયકમાં જે મેં વાત કરી હતી એ પ્રમાણે રાજય સરકારની આવકનું મુખ્ય સ્ત્રોત એવી સ્ટૅમ્પ ડ્યૂટીની આવક છે અને આ આવકમાં કયાંય છટકબારી ન રહી જાય, કાયદાનું ખોટું અર્થઘટન કરવામાં આવે, કોર્ટ મેટરો બને અને આવકમાં વિલંબ થાય એ બધા પ્રશ્નોને ધ્યાનમાં લઈને અને આ વિભાગ દ્વારા ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીનો પણ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કોઈને દસ્તાવેજ કરવો હોય એ દસ્તાવેજ લઈને જાય જંતરી પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી ભરી દે તો એને એ વખતે જ સ્કેનિંગ કરીને ત્યાંને ત્યાં ઓરિઝિનલ દસ્તાવેજ પાછો મળી જાય છે. ભૂતકાળમાં ઓરિઝિનલ દસ્તાવેજ મેળવવા માટે બે-ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડતી હતી. એટલે ઈન્ફરમેશન ટેકનોલોજીનો વ્યાપક પ્રમાણમાં આ વિભાગ દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના એક પ્રશ્નના જવાબમાં મેં વાત કરી હતી કે, ઈ-સ્ટેમ્પીંગ આખા વિશ્વમાં સિંગાપુર પછી ગુજરાતની અંદર આ પદ્ધતિથી આપણે સ્ટૅમ્પ ડ્યૂટી ઉઘરાવવાનો કાર્યક્રમ આપ્યો હતો એટલે ઈન્ફરમેશન ટેકનોલોજીની બાબત કાયદાકીય અર્થઘટન બાબતમાં સરળતા આવે એ માટે આમાં કેટલાક સુધારા કરવા જરૂરી હતા અને એને કાયદાકીય પીઠબળ મળે એવી કેટલીક બાબતો ધ્યાનમાં આવી છે એટલે કેટલાક સુધારા લઈને આ ગૃહ સમક્ષ આ સુધારા બિલના સ્વરૂપે હું લઈને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કેટલીક જોગવાઈઓને પણ સરળ, સ્પષ્ટ અને સહેલાઈથી સમજી શકાય એવી બનાવવા તથા જોગવાઈઓના અર્થઘટનમાં અવાર-નવાર કોર્ટ કાર્યવાહીથી ઉપસ્થિત થતા પ્રશ્નો નિવારી શકાય તે માટે હાલની અધિનિયમની જોગવાઈઓમાં વહિવટી સરળતા માટે સુધારા વિધેયક લઈને હું આવ્યું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં પહેલો સુધારો છે એ પ્રમાણે ભૌતિક સ્વરૂપના સ્ટેમ્પ પેપરના વિકલ્પે ઈ-સ્ટેમ્પીંગ-ચલણ તથા અન્ય સિસ્ટમથી સ્ટેમ્પ ડ્યૂટીની થઈ રહેલી વસૂલાતને ઈમ્પ્રેસ સ્ટેમ્પની વ્યાખ્યામાં આ કલમ ૨(કે) મુજબ સમાવેશ કરવાની બાબત લઈને હું આવ્યો છું. એટલે ઈ-સ્ટેમ્પીંગ થાય એને કાયદાકીય પીઠબળ મળે તો જ જેમ સ્ટેમ્પ પેપરોને કાયદાકીય પીઠબળ છે અને સ્ટેમ્પ પેપરો મળે છે અને એના દ્વારા દસ્તાવેજો થાય છે એ પ્રમાણે આ ઈ-સ્ટેમ્પીંગને કાયદાકીય પીઠબળ મળે એટલે કલમ ૨ (કે) માં સ્ટેમ્પીંગ-ચલણ અને અન્ય સિસ્ટમથી સ્ટેમ્પ ડ્યૂટીની થઈ રહેલી વસૂલાતને ઈમ્પ્રેસ સ્ટેમ્પની વ્યાખ્યામાં સમાવેશ કરવાની, આ કાયદાકીય પીઠબળ આપવાની વાત લઈને આવ્યો છું.

---

• વિધેયક તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજયમાં શેર બજાર અન્ય કોમોડીટી વ્યવહારોને લગતા લેખો કોમ્પ્યુટર જનરેટેડ હોવાથી એના લેખો જ દસ્તાવેજ કોમ્પ્યુટર જનરેટ થાય છે એટલે આને પણ કાયદાનું પીઠબળ જરૂરી છે. કોમ્પ્યુટરમાંથી આમ તો દસ્તાવેજ હસ્ત લિખિતથી થાય છે પણ આ કોમ્પ્યુટરમાં દસ્તાવેજ જનરેટ થાય છે એટલે એને કાયદાકીય પીઠબળ આપવા અને એમાં કાયદેસરની કાર્યવાહી કરવી હોય તો એના માટે કાયદામાં જરૂરી જોગવાઈ કરવાની આવશ્યકતા લાગી છે એટલે શેર બજાર અને કોમોડીટીના વ્યવહારોને લગતા લેખો કોમ્પ્યુટર જનરેટ હોવાથી તેમાં લેખો આપનારની સહી માટે આઈ.ટી. એકટની જોગવાઈ મુજબ ડિઝિટલ સહી અપનાવાય છે જેને આઈ.ટી. એકટ ૨૦૦૦ની કલમ ૧૧ મુજબ ઈલેકટ્રોનિક રેકર્ડ તરીકે ગણવા માટે જરૂરી સ્પષ્ટતા કલમ-૨ (આઈ)માં દાખલ કરી છે જેથી ડિઝિટલ સહીઓ પણ ઈલેકટ્રોનિક રેકર્ડ તરીકે ગણાશે એટલે ડિઝિટલ સહીઓ છે એ પણ ઈલેકટ્રોનિક રેકર્ડના ભાગરૂપે રહેશે અને કાયદાકીય સમર્થન મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, દસ્તાવેજની જે વ્યાખ્યા છે એમાં પેપરને આપણે દસ્તાવેજ કહેતા હોઈએ છીએ પણ કોમ્પ્યુટરમાં જે દસ્તાવેજ જનરેટ થાય એને પણ દસ્તાવેજની વ્યાખ્યામાં આપણે સામેલ કર્યા છે એટલે સ્ટેમ્પ ડ્યૂટી ઉઘરાવવામાં એ ભાગ પણ છટકી ન જાય. સ્ટેમ્પ અધિનિયમની કલમ -૨ (જે)માં સ્થાવર મિલકત અને જંગમ મિલકત એની વ્યાખ્યા આપી છે. જમીન સાથે જોડાયેલ જે પ્લાન્ટ મશીનરી હોય છે એ સ્થાવર મિલકત છે. સ્થાવર મિલકત અને જંગમ મિલકતનો સ્ટેમ્પ ડ્યૂટી રેટ જુદો છે. નવા રેટ પ્રમાણે વાત કરીએ તો સ્થાવર મિલકતનો રેટ ૪.૯ પ્રમાણે અને જંગમ મિલકતનો રેટ ૨ ટકા છે એટલે ઘણી વાર સ્થાવર મિલકતનું સ્વરૂપ હોય તેમ છતાં જંગમ મિલકત ગણીને સ્ટેમ્પ ડ્યૂટી ઓછી ભરવા માટે પ્રેરાય છે આ એક કોન્ટ્રાવર્સી છે. એટલે કાયદામાં કલમ-૨ (જે)માં સુધારો ઉમેરીને જે કોન્ટ્રાવર્સી છે એ દૂર થાય અને જે જમીની હકીકત સાથે પ્લાન્ટ અને મશીનરી જોડાયેલ હોય એ સ્થાવર મિલકત જ રહે છે અને એ કેટેગરીમાં એ પડે અને એ કેટેગરીમાં સ્ટેમ્પ ડ્યૂટી પડી છે એવો સુધારો લઈને આવ્યો છું. એવી જ રીતે અન્ય વ્યવહારોને લગતા કરારો-લેખો, ટેલિફોન સંસ્થાઓ, ધીરાણ કરતી સંસ્થાઓ અને બેન્કોના કરારો તથા લોન એગ્રીમૅન્ટ અને હાઈપોથીકેશનના વિવિધ પ્રકારના લેખો ઉપર પ્રત્યેક લેખ ઉપર સ્ટેમ્પ ડ્યૂટી ભરવાના બદલે એટલે એમાં એક સુધારો લઈને આવ્યો છું એ વ્યવસ્થાના ભાગરૂપે કે આ બધી બૅન્કો છે, ટેલિફોનની સંસ્થાઓ છે એમને પ્રત્યેક દસ્તાવેજ ઉપર સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે એટલે એમાં એક વિશિષ્ટ વ્યવસ્થા આપણે કરી છે કે એકસામટી સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી હોય, ત્રિ માસિક કે છ માસિક તો એ લોકો ભરી શકે એવી વ્યવસ્થા કરવાની જોગવાઈ કરી છે એ જ રીતે રાજયની આવકને અસરકર્તા સુધારા તરીકે પ્રોપ્રાયટરી સોદાઓ, શેર બજારની અંદર જે બ્રોકરો હોય છે એ બીજાઓ માટે લે વેચ કરતા હોય છે તો એ તો સ્ટૅમ્પ ડ્યૂટી ભરે છે પણ કોઈ વ્યકિત પોતાના માટે શેરો લે તો એમાં સ્ટૅમ્પ ડ્યૂટી લેવાની કોઈ જોગવાઈ નથી તો પ્રોપ્રાયટરી જે લોકો આ વ્યવસાય કરે એના માટે પણ જે આવા શેરો પોતાની પાસે રાખે તો એને પણ સ્ટૅમ્પ ડ્યૂટીમાં કવર કરી દીધા છે

આ ઉપરાંત ૩૨-કનો વર્ષો જૂનો પ્રશ્ન છે એમાં કોન્ટ્રાવર્સી છે બે ટાઇપની જોગવાઈ ૩૨-કમાં છે. ૩૨-ક હેઠળના બજાર કિંમત સંબંધી વિવાદો માટે કલમ-૩૨-ખ હેઠળ રેફરન્સ અરજીની જોગવાઈ છે એટલે એક જોગવાઈ રેફરન્સ કરવાની છે અને કલમ-૩૯ હેઠળ થતાં લેખના અર્થઘટન બાબતના વિવાદો માટે કલમ-૫૩(૧) માં અપીલની જોગવાઈ છે. કોઈ અધિકારી અથવા કોઈના મેળાપીપણામાં આ બેમાંથી ગમે તે કલમનો ઉપયોગ કરીને લાભ લેતા હતા એટલે એમાં અમે સુધારો લઈને આવ્યા છે કે આ બન્ને કલમને મર્જ કરીને હવે ૫૩(૧) નીચે આ કલમને પણ સમાવી લેવાશે એટલે કે ૩૨-ક ના જો લેખો રેફરન્સ કરે તો રેફરન્સની અંદર ૨૫ ટકા ભરવાના થાય અને અપીલમાં ભરવાના થાય. રેફરન્સ થાય તો એને ભરવાના થાય આવી કોન્ટ્રાવર્સી હતી એટલે બેમાંથી એકજ કલમ કરી અને સુધારો લઈને અમે આવ્યા છીએ.

બીજું સ્ટોક એકસચેન્જમાં શેર બ્રોકરો , એજન્ટોની સ્ટૅમ્પ અધિનિયમ હેઠળ નોંધણી કરવા માટે અને દર માસે સ્ટૅમ્પ ડ્યૂટી ભરપાઈ કરે એટલે આ શેરબજારની અંદર કે બીજા વ્યવહારોની અંદર સમય મર્યાદામાં જો એ રજીસ્ટ્રેશન ના કરાવે અથવા સ્ટૅમ્પ ડ્યૂટી ના ભરે જેમ વેટની અંદર કે ભૂતકાળમાં સેલ્સટેકસની અંદર કેટલાક પનીશમેન્ટના કલોઝ હતા તો એ કલોઝ પણ અમે લઈ આવ્યા છીએ. સમયસર રજીસ્ટ્રેશન કરાવવું પડે સમયસર જે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવાની થતી હોય એ ભરવી પડે ના ભરે તો એના માટે પેનલ્ટી કલોઝ પણ આ સુધારાના ભાગ રૂપે અમે લઈને આવ્યા છીએ.

એ જ રીતે જાહેર જનતા પોતાના રહેઠાણ કે ઑફિસના સ્થળેથી દસ્તાવેજની નોંધણી ઈન્ટરનેટ મારફતે કરાવી શકે. આ ગુજરાતમાં એક નવો કન્સેપ્ટ છે કે કોઈપણ વ્યકિત પોતાની ઑફિસ કે એના રહેઠાણના સ્થળેથી દસ્તાવેજની નોંધણી ઈન્ટરનેટ મારફતે કરાવી શકે તો એના માટેનું પણ આયોજન હાથ ધરાયું છે જેનાથી દસ્તાવેજોની નોંધણી સરળ અને ઝડપી બનશે અને ક્ષતિ રહિત બનશે અને સાથે સાથે પક્ષકારો કોઈપણ સમયે કોઈપણ જગ્યાએથી દસ્તાવેજની નોંધણી ઈન્ટરનેટ મારફતે ઈ-રજીસ્ટ્રેશન દ્વારા કરાવી શકશે એટલે ઈ-રજીસ્ટ્રેશનનો કન્સેપ્ટ આ ગુજરાતમાં બીજા રાજયો કરતા પહેલાં આપણે દાખલ કર્યો છે. એને જો કાયદાનું સ્વરૂપ આપવું હોય આવા રજીસ્ટ્રેશન માટે રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ-૩૪, ૩૫ અને ૬૯ ની ભારત સરકારના

રજીસ્ટ્રેશન એકટમાં જે જોગવાઈ છે એમાં સુધારો કરવો પડે. સરકારે તો નિર્ણય લીધો છે પણ ભારત સરકારમાં મોકલી અને આનું કાયદાકીય પીઠબળ લેવા માટેની પણ અમે વાત કરી છે.

રાજયમાં આવેલી મિલકતોના લેખની નોંધણી રાજયમાં જ કરાવવાની રહેશે એવું બને છે કે મોટા મોટા ઉદ્યોગગૃહો હોય એમની મિલકતો અહીંયા હોય પણ કોઈ દસ્તાવેજ કરવા કે લોન લે ત્યારે બીજા રાજયોમાં દસ્તાવેજ કરે તો ત્યાં એની સ્ટૅમ્પ ડ્યૂટી ભરે છે તો એમાં પણ રાજય સરકારને આવકમાં નુકસાન થતું હતું તો અહીંયા જે મિલકત ધરાવે છે એનું રજીસ્ટ્રેશન અને એની સ્ટૅમ્પ ડ્યૂટી અહીંયા જ ભરવી પડે એવો પણ સુધારો લઈને આવ્યા છીએ.

ગુજરાતના ખેડૂતો માટે એક નવો નિર્ણય સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ સ્ટેમ્પ્સની ઑફિસમાંથી કરવામાં આવ્યો છે કે ખેતીની જમીનમાં કૌટુંબિક વહેંચણીનો લેખ ફરજિયાત નોંધણી પાત્ર છે અત્યારે ખેતીની જમીનની કૌટુંબિક વહેંચણી થાય તો એની ફરજિયાત નોંધણી કરાવવી પડે છે અને જે સુધારો લઈને અમે લાવ્યા છે એમાં ફરજિયાતને બદલે મરજિયાત નોંધણીને પાત્ર કરાવી શકે છે અને રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૮માં એ રીતે સુધારો કર્યો છે જેનાથી ખેડૂત વર્ગને લાભ થશે. જીવતે જીવ પોતાના દીકરાઓને બાપ ખેતીની જમીનની વહેંચણી કરી આપે અથવા તો બહેનો ખેતીની જમીનમાંથી પોતાના હક્ક ઉઠાવી લે ત્યારે અગાઉ આવા લેખની નોંધણી ફરજિયાત હતી તે મરજિયાત કરી છે એટલે કોઈ બહેન પોતાના ઘરમેળે નિર્ણય કરી લે કે મારે મારા ભાઈઓની જમીનમાંથી મારો હક્ક જતો કરવો છે તો પહેલાં એ વ્યવહાર ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવો પડતો હતો એને મરજિયાત કરી દીધો છે અને બીજો એવો નિર્ણય લીધો છે કે મરજિયાત પણ કોઈ કરે તો એને આજનો જે દર છે ૪.૯ લાગે પણ એમાં પણ રાજય સરકારે નિર્ણય લઈને ફક્ત ૧૦૦ રૂપિયાનો સ્ટૅમ્પ ભરીને એનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. એટલે આ કિસાનો માટે ગુજરાતના જે ખેતીની જમીન માટેના જે મોટા પ્રશ્નો હતા તેમાંથી આ કિસાનોને બહુ મોટો લાભ થશે અને આની પણ રજીસ્ટ્રેશન એકટમાં સુધારો કરવાની જોગવાઈ છે. એટલે જેમ સવારના બિલમાં ચર્ચા થઈ કે સ્ટેમ્પ ડ્યૂટીની આવક હજુ વધારે થઈ શકે તો જેટલા જેટલા મુદ્દા રાજય સરકારના ધ્યાનમાં આવ્યા કોઈ કાયદાનું ખોટું અર્થઘટન કરીને કે એવી રીતે સ્ટેમ્પ ડ્યૂટી લઈ જાય કોન્ટ્રાવર્સી... નિર્ણયો હોય કોન્ટ્રાવર્સી કલમો હોય તેનો દૂર ઉપયોગ કરીને આવક છુપાઈ જાય અને આવક લઈ જાય તે બધા મુદ્દાઓ જે ધ્યાને આવ્યા સાત સુધારા આ બિલના સ્વરૂપે આ સભાગૃહમાં લાવ્યો છું. હું માનું છું ત્યાં સુધી એક સરળતા ખાતર એક રાજય સરકારની આવક વધારે અને ખોટું અર્થઘટન અને કોર્ટ મેટર ના બને તેના ચક્કરમાંથી બહાર નીકળે અને ઉત્તરોત્તર સ્ટેમ્પ ડ્યૂટીની આવક વધે એવા સુધારા લઈને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું. ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું કે તે દરેક મને સાથ-સહકાર આપે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૭ સ્ટેમ્પ ડ્યૂટી માટે થઈને લાવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. બહુ વિસ્તૃત રીતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ આ ગૃહમાં પોતાની સમજ આપી છે. આ વિધેયકની અંદર જે બાબતો છે તે બાબતો રાજયની આવકો વધારવામાં મદદરૂપ થશે. પણ જ્યારે કોઈ કંપનીઓનું ટેઈક ઓવર જ્યારે થાય અને ત્યારે તેની જે કિંમત હોય તેની આકારણી, અંદાજો કઈ રીતે નક્કી થશે ? રાજયની અંદર વેંચાણો હોય આપણે આપણાં stake હોય તે વેંચી નાંખીએ છીએ. જી.આઈ.આઈ.સી.કે અન્ય આપના જે financial institution જે હોય છે તે આપણું ડિસઈન્વેસ્ટમેન્ટ કરીએ છીએ કે કોઈ કંપનીને ટેઈક ઓવર કરવા માટે થઈને આપણે જે શેર જ્યારે આપીએ છીએ ત્યારે તેની કિંમતોનું મૂલ્યાંકન જે છે અને તેની અંદર ક્યાંક ક્યાંક જે મૂલ્યાંકનના જે ધોરણો હોય છે. ક્યાંક સારી આવકો થાય, ક્યાંક ના થાય. આ બાબત જે છે વર્ષોથી એક ચર્ચાની બાબત છે. મને ખબર છે આ સન્માનનીય સભાગૃહના સભ્ય શ્રી ગુલાબદાસ ખસી જે સુરતમાંથી હતા ત્યારે આ બાબતે હંમેશા તે રજૂઆત કરતા અને તેનું ઘણી વખત આકારણીની અંદર સ્થાનિક તંત્ર જે હોય તે તંત્ર મન માની અને મિલકતોની લે વેંચની અંદર અને ખાસ કરીને હમણાં જે કૌશિકભાઈએ કહ્યું કે કોઈ મિલકતના ભાગલા હોય ત્યારે તે ભાઈ વચ્ચે, બહેનો વચ્ચેની પણ વિષંગતતાઓ ઘણી વખત ઉભી થતી. એટલે આમાં જેટલી સ્પષ્ટતા થાય તે ખૂબ જરૂરી છે, અને દશ હજાર રૂપિયે એક રૂપિયો રાજયની તિજોરીમાં આપવાનું કોઈને ભારે પડવું જોઈએ નહીં પણ તેમ છતાં રજૂઆત થશે. કારણકે લાખની પાણ જેવું છે. ખૂબ મોટું ટર્ન ઓવર અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આજે તે ઈન્ફર્મેશન ટેકનોલોજીની કંપનીનું ટર્ન ઓવર હોય કે હક્કો આપવાના, લેવાના હોય જે રીતે અહીંયા રાજયની અંદર કેટલાક ટેઈક ઓવર જે થયા તે ટેઈક ઓવરનો કદાચ રાજયને લાભ નથી મળ્યો. તે ટેઈક ઓવર સીધે સીધા થઈ ગયા. દા.ત. કેન્દ્ર સરકારનું આઈ.પી.સી.એલ.નું કરવાનું છે તેની કિંમત ૨૬ હજાર કરોડ રૂપિયા હોય પણ ૧૫ હજાર કરોડ રૂપિયામાં ગયું પણ રાજયમાં તેના બે યુનિટો હતા અને તેના વેંચાણમાંથી રાજયને શું આવકો થઈ ? એટલે આ રીતે પણ તેનું tax evasion ઘણી વખત થતું હોય છે તો તે ના થાય તેની કાળજી લેવાય અને આ પ્રકારના કોઈ ટ્રાન્ઝેકશન થાય તેની અંદર રાજય સરકારની તિજોરીમાં ન્યાય પૂર્વકની આવકો થાય તે ખૂબ જરૂરી છે. આની અંદર જે કાળજી લેવામાં આવી છે તેને એપ્રિસીએટ કરીએ પરંતુ કોઈ ખામીઓ રહી ના જાય તેની માનનીય મંત્રીશ્રી કાળજી રાખે તો ભવિષ્યની દ્રષ્ટિએ આ લાખની પાણ જેવી આવક થાય. માનનીય મંત્રીશ્રીને પણ આ આવકો ખૂબ સારી લાગશે કારણકે. કારણ કે રાજયને આવક જયાંથી થાય ત્યાંથી

પણ આ રાજયની પ્રજાને ફાયદો થવાનો છે એટલે આમાં જે જોગવાઈ રાખી છે એને હું આવકારું છું અને આમાં બીજી કોઈ ટીકા કરવા જેવી નથી કારણ કે જયાં સારી વસ્તુ હોય, જયાં સગવડવાળું થતું હોય એને અમે આવકારીએ છીએ, પરંતુ એમાં ખામી લૂપહોલ્સ ના રહી જાય એની માનનીય મંત્રીશ્રી કાળજી રાખે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે વિધેયક નંબર ૨૭ લઈને આવ્યા છે અને એમાં એમણે કુલ ૭ જેટલા સુધારાઓ વિગતવાર સમજાવ્યા છે એટલે વિશેષ નહીં કહેતાં માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે જે ચિઠ્ઠી અથવા યાદીમાં કોઈપણ દલાલે અથવા એજન્ટે પોતાના મુખ્ય વેપારીને ખાતે નીચે પ્રમાણે ખરીદી કે વેચાણ કર્યાનું તેને જાણ કરવા માટે મોકલેલ હોય એ દરેક ઉપર ૧૦ રૂપિયા અથવા તો એના ભાગરૂપે ૧ રૂપિયો આજની તારીખમાં આપણે લેતા હતા, પરંતુ માનનીય મંત્રીશ્રીએ આ વિધેયકમાં એવું બતાવ્યું છે કે સ્ટેમ્પ ડયુટીનો ઉચ્ચક વેરો લેવાનો છે. તો આ ઉચ્ચક વેરાની વાત કરી છે એ વાત જયાં સુધી સ્પષ્ટ ના થાય કે ખરેખર તમે ૧ રૂપિયો લેવાના છો કે ૨૦-૨૫ રૂપિયા લેવાના છો એ વાત સ્પષ્ટ ના થાય ત્યાંસુધી આ બિલ ફાયદાકારક છે કે નુકસાનકારક છે એ સમજી શકાય નહીં. એની અંદર એ પણ બતાવ્યું છે કે લગડી હોય, સિકકો હોય, કોઈપણ પ્રકારના સુતર,તેલીબીયાં હોય, બિન ખનીજ તેલ કે કોઈપણ પ્રકારના મસાલા હોય તો મારે એટલું જ કહેવું છે કે આ સ્ટેમ્પ ડયુટીના સુધારાને કારણે કપાસનો વેપાર હોય,દલાલ કે એજન્ટ હોય, તેલનો વેપાર હોય, સૂતરનો વેપાર હોય એના ઉપર ઉચ્ચક વેરો કયા પ્રકારનો નકકી કરવાનો છે એ માનનીય મંત્રીશ્રી જણાવે એવી મારી વિનંતી છે.

બીજું ખાસ કરીને જામીનગીરી લેખ પત્રક બાબતની વાત કરી કે સરકારી જામીનગીરીના ખરીદી કે વેચાણને લગતું હોય એ અગાઉ ૧૦૦ રૂપિયા લેતા હતા, પરંતુ ઉપરોકત બાબત 'ક' હેઠળ આવતી હોય તે સિવાયની જામીનગીરીઓની ખરીદી અને વેચાણને લગતું હોય તો ડિલિવરીના કિસ્સામાં દરેક ૧૦ હજાર રૂપિયા અથવા એના ભાગદીઠ રૂપિયો, નોન ડિલિવરી માટે પણ દરેક ૧૦ હજાર અથવા એના ભાગદીઠ ૨૦ પૈસાનો વેરો એટલે આડકતરી રીતે આ વેરો જે લોકોને વાયદાના વૈકલ્પિક વેપારને લગતો છે એ પણ ૧૦ હજાર કે તેના ભાગદીઠ ૨૦ પૈસાનો નવો વેરો અને કોઈપણ એસોસિએશન મારફતે અથવા અન્યથા કોઈપણ વેપાર કર્યો હોય તેવી, આર્ટિકલ ૩૯ ના ખંડો (ક) થી (ઘ) માં વર્ણવેલી ચીજવસ્તુઓના વાયદા-સોદાને લગતું હોય તો દરેક એક લાખ રૂપિયા અથવા તેના ભાગદીઠ એક રૂપિયો છે. એટલે આડકતરી રીતે સરકાર ભલે કહેતી હોય એની આવક ચોકકસ વધે, પરંતુ એના કારણે આ જે વેપાર એસોસિએશન તેમજ લેવડ દેવડ સ્ટેમ્પ ડયુટીનો બીજો બોજો આડકતરી રીતે પડયો છે એ સરકારે ચોકકસ સ્વીકારવું જોઈએ કે આ રીતે શેર માર્કેટમાં લે-વેચ સરળતાથી ચાલે છે એમાં ગૂંચવણ પેદા થશે.કાં આ વેરાને કારણે સ્થિતિ એવી થશે કે અમુક સુધારા લાવે એ બરાબર છે એમાં ચોકકસ કહે કે આ પ્રકારનો ટેકસ લાવવાનો છે, એકબાજુ એમ કહે કે વધુ ટેકસ લાગવાનો નથી અને આ રીતે ટેકસ લાગે. ૩૨(ક) ની વાત કરી કારણ કે ૩૧-૩૨(ક) ની બજાર કિંમત નકકી કરવાનો હુકમ નારાજ થયેલા વ્યકિત કલેકટરને કેસ પત્રક તૈયાર કરીને મુખ્ય નિયંત્રણ મહેસૂલને સત્તાધારી નિર્ણય માટે મોકલી આપશે. તો મારી વિનંતી છે કે આ લોકોને તકલીફવાળું કામ હતું તો જે ઉચ્ચક વેરાની વાત છે એ અંગે માનનીય મહેસૂલ મંત્રીશ્રી ચોખવટ કરે તો ખબર પડે કે આ બિલમાં ખરેખર શું સ્થિતિ છે? તો આટલું મારું સૂચન છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭ લઈને આવ્યો છું એમાં કેટલીક વહીવટી બાબતોની વાત માનનીય બાબુભાઈ શાહે તથા એમના પક્ષના દંડકશ્રીએ કરી છે. એમણે ઉચ્ચક વેરાની વાત કરી છે અને એમણે જે સ્પેસિફિક ઉચ્ચક વેરાની વાત કરી છે. તો આ બિલની કેટલીક જોગવાઈઓમાં કયાંક હજુપણ નિયમો પણ બનાવવાના બાકી હશે એવી બાબત પણ હશે, કયાંક ભારત સરકારમાં જેમ મેં મારા પ્રવચનમાં કહયું કે ભારત સરકારમાં પણ કેટલીક બાબતોની રજૂઆત કરવાની છે, પરંતુ ટોટલી આ બિલથી અનેક સરળતા થાય અને એના અર્થઘટનનો ગેરલાભ લઈને કોઈ સ્ટેમ્પ ડયુટી બચાવી ના જાય એના માટેની કાયદાકીય જોગવાઈ કરીને એ માટે આવ્યા છીએ. તેમણે વાત કરી કે ૨૦ પૈસાના ફયુચરના સોદાઓ થાય છે એની અંદર. તો સૌથી ઓછામાં ઓછો દર આ ક્ષેત્રમાં મહારાષ્ટ્રમાં હતો. આપણે જયારે કર્યુ ત્યારે વધારો કર્યો હતો, પણ આનું ટર્ન ઓવર બહુ મોટું હોય છે, તેના પછી સરકારના ધ્યાનમાં આવ્યું કે મહારાષ્ટ્રના ધોરણે આપણે કરીશું તો પણ આપણી આવકમાં સારો એવો વધારો થશે. એટલે અમે મહારાષ્ટ્રના ધોરણે ૨૦ પૈસાની એમણે જે રજૂઆત કરી છે કે ૨૦ પૈસા લીધા છે એ રીતે અમે ૨૦ પૈસાની વાત આમાં કરી છે. એમણે જે ડિલિવરી સોદાની વાત કરીને દસ હજાર રૂપિયા માટે એક રૂપિયો નોન કોમોડિટી છે તેના માટે વાત કરી છે, તેના માટે અમે ભૂતકાળમાં જી.આર. કરેલ છે. અને તે પ્રમાણે હાલમાં એ લોકોની જુની રીકવરી હતી તે પણ એ પ્રમાણે જ એ લોકો ભરે છે. એટલે બાબુભાઈના હાર્દ સાથે હું સંમત છું અને દંડકશ્રીએ જે વાત કરી કે સુધારા છે એમાં ચોક્કસ રાજય સરકારની આવક વધશે. એટલે મારે ફરીથી વિનંતી કરવી છે કે આ સુધારા લઈને આવ્યા છીએ એમાં જે કંઈ ક્ષતિ હશે અને જેમ જેમ ધ્યાનમાં આવશે તો તેમાં કાયદાના સ્વરૂપમાં લાવવાનું હોય તો એ પણ લાવીને કરી શકાશે, એટલે દંડકશ્રીને હું ફરીથી અનુરોધ કરું છું કે આપણે સૌ સાથે મળીને આ સારી વાતમાં અનુમોદન આપીએ.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક ૨૭-સન ૨૦૦૭ નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૯, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક ૨૭-સન ૨૦૦૭ નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## **અરઘા કલાકની ચર્ચા** (નિયમ-૯૨)

### તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૦૦૩૮(અગ્રતાક્રમ-૭૦)ના અનુસંધાને

**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) :** માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૭-૨-૦૭ના રોજ મારા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૦૦૩૮ પ્રાયોરીટી નંબર ૭૦ માં માનનીય આરોગ્ય મંત્રીશ્રી દ્વારા લેખિતમાં આપેલ જવાબ "ના, જી" એ જવાબ ખોટો હોવાને કારણે હકીકતમાં તત્કાલિન વડાપ્રધાનશ્રીએ ભૂજની સભામાં માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં મેડિકલ કોલેજ આપવાની જે જાહેરાત કરી હતી અને છતાં પણ મને આ ખોટો જવાબ મળતા મેં કલમ ૯૨ નો સહારો લઈને આ ગૃહમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું. જયારે જુની હોસ્પિટલ ભૂકંપ પછી નવસાધ્ય કરવાની વાત આવી ત્યારે નજીકમાં જમીન, કે જે ભૂજ સ્થિત જૈન મેડિકલ અને એજયુકેશન ટ્રસ્ટ હતું તેના સંચાલક માનનીય માણેકલાલ શાહ હતા એમની પાસે પણ મેડિકલ કોલેજના નામે એ જમીનની માગણી કરવામાં આવી અને માનનીય માણેકલાલ ભાઈએ જમીન આપી, નવી જી.કે. જનરલ હોસ્પિટલને આજની તારીખે આપી દીધી છે અને તેના બદલામાં સરકારે માણેકલાલ ભાઈને બીજી જમીન આપી છે. અને મેડિકલ કોલેજ માટે જમીન ફાળવો તેવો વિનંતી પત્ર પણ માણેકલાલ પાસે મોજૂદ છે, તેમ છતાં સરકાર તેનો કન્સેપ્ટ રિપોર્ટ લઈને વાંચી જૂએ તો એમાં પણ ખાસ ઉલ્લેખ મેડિકલ કોલેજનો કરવામાં આવેલ છે.તારીખ ૬-૩-૨૦૦૧ના રોજ ભુજ ખાતે નવી મૅડિકલ કૉલેજની શીલાન્યાસવિધિ તે વખતના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈ તથા તે વખતના કેન્દ્રના ગૃહ મંત્રીશ્રી એલ.કે. અડવાણી, તત્કાલીન રાજયપાલશ્રી સુંદરસિંહ ભંડારી અને મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી સુરેશભાઈ મહેતા આ તમામની હાજરીમાં પાયાવિધિ કરવામાં આવી હતી. એમાં એમના બોર્ડ લાગેલા છે. તકતીઓ લાગેલી છે જે મારી પાસે પણ મોજૂદ છે. આ સન્માનનીય સભાગૃહમાં જો મને રજા આપવામાં આવે તો એ રજૂ કરવાની મારી તૈયારી છે.

એ ઉપરાંત આગળ વધીને કહું તો મૅડિકલ કૉલેજની વાત છે એ નવી નથી. ૧૯૯૭માં માનનીય શંકરસિંહ વાઘેલાની રાજપાની સરકારમાં આ મૅડિકલ કૉલેજની વાત આ ગૃહમાં થયેલી છે. એના માટે ભુજ અને મુંદ્રા રોડ ઉપર ૨૫ એકર જમીનની ફાળવણી કરવામાં આવી હતી. એમના પછી ૩-૬-૨૦૦૧ના રોજ હોસ્પિટલનું ખાતમૂર્હત કરવામાં આવ્યું. તત્કાલીન વડાપ્રધાનશ્રીએ ખાતમૂર્હત કર્યુ. ૩-૬-૨૦૦૧ના રોજ તકતી લગાડેલ છે. એનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. ત્યારબાદ ૧૪-૧-૨૦૦૪ના રોજ માહિતી બ્યુરોમાં જે કંઈ સ્પીચ છે વડાપ્રધાનશ્રી તથા મુખ્યમંત્રીશ્રી જે બોલ્યા તેના થોડા અંશો કહેવા માગું છું. ગુજરાત સરકારે ભુજ કચ્છ બુલૅટિન છે એમાં આ હોસ્પિટલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હોસ્પિટલના ઉદ્દ્ઘાટન પ્રસંગે તત્કાલીન વડાપ્રધાનશ્રી અટલબિહારી બાજપાઈની હાજરીમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની સ્પીચમાં ઉલ્લેખ કરેલ છે કે ભુજની હોસ્પિટલ વિશ્વની શ્રેષ્ઠકક્ષાની હૉસ્પિટલ બનવાની છે ત્યારે મૅડિકલ કૉલેજ પણ શરૂ થાય તેવી આપણી વિનંતી માનનીય વડાપ્રધાનશ્રી ગ્રાહ્ય રાખી છે. તે સમયે હું પણ ત્યાં ઉપસ્થિત હતો અને કચ્છના ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ પણ ઉપસ્થિત હતા. જ્યારે મુખ્યમંત્રીશ્રીએ મૅડિકલ કૉલેજની વાત ગ્રાહ્ય રાખી છે તે વખતે બાજપાઈજીએ હાથ ઊંચો કરેલો અને ત્યાંની પ્રજાએ તાળીઓના ગડગડાટ કરેલા. લાખોની હાજરીમાં મૅડિકલ કૉલેજ આપવાની વાત છે ત્યારે કચ્છની તમામ પ્રજાના મનમાં નક્કી થઈ ગયું કે કચ્છને મૅડિકલ કૉલેજ મળશે. ત્યારપછી ૩૧-૧૨-૨૦૦૩ના રોજ કચ્છના સંસદસભ્યશ્રીએ પણ માગણી કરેલ છે. ૨૮-૨-૨૦૦૪ના રોજ કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ કથીરિયા જ્યારે ભુજ સહિત દેશમાં ચાર મૅડિકલ કોલેજો આપવાની વાત થઈ હતી એમાં એમણે પણ ઉલ્લેખ કરેલો છે કે ભુજની મૅડિકલ કૉલેજની સ્થાપના ગુજરાત સરકાર કરશે તેવી પી.ટી.આઈ. ને પણ તેમણે જણાવ્યું હતું. ૧૬-૧-૨૦૦૧ના તત્કાલીન રાજયના આરોગ્ય મંત્રીશ્રી સુરેશભાઈ મહેતાએ પણ કચ્છમાં મૅડિકલ કૉલેજ થાય તેવી ગાંધીનગરમાં પણ જાહેરાત કરેલી. ૧૩-૧-૨૦૦૫ના રોજ માનનીય ધારાસભ્યશ્રી નરેન્દ્રસિહભાઈએ આજ વિધાનસભામાં એક પ્રશ્ન ઉઠાવ્યો એના પેટા પ્રશ્નમાં મેં મૅડિકલ કૉલેજનો પ્રશ્ન ઉપસ્થિત કરેલો ત્યારે આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઈ તરફથી એવો જવાબ મળેલો કે આ અંગેની

શકયતાઓનો અભ્યાસ કરીને પછી ગૃહમાં રજૂ કરીશું. એટલે આજની તારીખે પણ હું એમની પાસેથી આશા રાખું છું કે મૅડિકલ કૉલેજની વાત લઈને આવતા હોય ત્યારે એના અંગે કંઈક રસ્તો કાઢે અને ખાતરી આપે તેવી પણ હું તેમની પાસેથી આશા રાખું છું. ૧૭-૩-૨૦૦૩ના તત્કાલીન આરોગ્ય મંત્રીશ્રી આઈ.કે. જાડેજા સાહેબ જ્યારે કચ્છમાં આવેલા ત્યારે એમની પાસે આ વાત આવી કે મૅડિકલ કૉલેજને આપણી સામેના મિત્રો અટકાવે છે ત્યારે એમણે પણ એવી જાહેરાત કરેલી કે કૉલેજ છીનવાઈ જવાનો કોઈ પ્રશ્ન નથી. કચ્છને મળનારી મૅડિકલ કૉલેજ છીનવાઈ જવાનો પ્રશ્ન નથી. એ મળીને જ રહેશે બલ્કે મૅડિકલ કૉલેજની સાથે ફિઝિયોથેરીપી કૉલેજની સ્થાપના બાબતે પણ સરકાર વિચારે છે. રાજય સરકાર પોતાની જવાબદારી પૂરેપૂરી અદા કરશે. ત્યારપછી ૧૧-૧૨-૨૦૦૪ના રોજ ગાંધીધામ ખાતે માનનીય આઈ.કે. જાડેજા સાહેબે પણ ઉલ્લેખ કરેલો. પ્રસૂતિ અને સ્ત્રી રોગ નિષ્ણાતોની ૨૮મી વાર્ષિક પરિષદના ઉદ્‌ઘાટન પ્રવચનમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે તાજેતરમાં જ આ હોસ્પિટલ વર્ધા પેટર્ન તળે વિકસાવવાની મંજૂરી આપતા તેમાં મૅડિકલ કૉલેજનો સમાવેશ કરવામાં આવ્યો જ છે. તમામ જવાબદાર મંત્રીઓએ વડાપ્રધાન સહિતની ખાતરી મળતી હોય અને કૉલેજની વાત એમને એમ રહી જતી હોય અને વિધાનસભામાં જો આવો જવાબ મને મળતો હોય કે આવી વાત ખોટી છે. ત્યારે આ કચ્છની પ્રજા રાહ જોઈને બેઠી છે, મૅડિકલ કૉલેજ વહેલી તકે મળે. એ રાહ જોવામાં કચ્છની પ્રજા હોય ત્યારે પ્રતિનિધિ તરીકે હું આપની મારફત ચોક્કસ આશા રાખી શકું કે મૅડિકલ કૉલેજની વહેલી જાહેરાત થાય. અમારા કચ્છમાં એક કહેવત છે. " રબ દે કે રજા દે " કાં તો એમને ખાવાનું આપો કાં તો છૂટાછેડા આપી દો. આ જે મોટા મોટા બોર્ડ લગાવેલા પડ્યા છે. તેમાં મૅડિકલ કૉલેજ સહિતના બોર્ડ છે. કાં તો એ બોર્ડ ઉપાડીને ગાંધીનગર લઈ આવો અગર તો મૅડિકલ કૉલેજ આપો. એવી આ ગૃહમાં ખાતરી મળે એવી આપશ્રી પાસે હું આશા રાખું છું. કચ્છની ધરતીની વાત કરું તો કચ્છના ઈતિહાસના પાનામાં લખાયેલું છે કે આંબા નીચેનો થયેલ મૌખિક કરાર એ પણ રાજાશાહી વખતમાં માન્ય રાખવામાં આવ્યો હોય તો આ તો લાખોની પબ્લિક વચ્ચે કરાર કરેલો છે. તે માન્ય રાખવામાં આવે તેવી આપશ્રી દ્વારા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની પ્રજા જાણે છે કે આ સરકારે આપેલા એક પણ વચનમાંથી આ સરકાર પાછી હઠી નથી. કચ્છ માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે કચ્છના વિકાસમાં ભૂકંપ પછી જે કાર્ય કર્યું છે, કચ્છના નવસર્જનમાં તેમણે ફાળો આપ્યો છે, મને લાગે છે કે આજે સ્વ. મહિપતરામ મહેતા હોત તો પણ એ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખૂબ ખૂબ ધન્યવાદ આપત. પ્રશ્ન જે છે, મેં ના કહી છે. તેમનો પ્રશ્ન શું હતો તેના માટે મારે ના પાડવી પડી. ના લખતા પણ મને દુઃખ થયું. તેમનો પ્રશ્ન એ હતો કે વડાપ્રધાનશ્રીએ કોઈ ખાતરી આપી છે? આખો પ્રશ્ન ફરી એકવાર વાંચી જાય. તેમણે પ્રશ્ન પૂછયો કે ભૂકંપ બાદ અત્યાધુનિક સાધનોથી સજજ બનેલી ભુજ સ્થિત જે.કે. જનરલ હૉસ્પિટલમાં મૅડિકલ કૉલેજ શરૂ કરવા તત્કાલિન માનનીય વડાપ્રધાનશ્રીએ જાહેરાત કરેલી તે હકીકત સાચી છે? પ્રશ્ન આ છે. આજે હું આ સમગ્ર કાર્યની અંદર એટલે કે ભૂકંપ આવ્યા પછી જ્યારે ૨૮મી જાન્યુઆરી-૨૦૦૧ના રોજ તત્કાલિન વડાપ્રધાનશ્રીની સાથે હતો. તેમની આંખના આંસુઓથી જે.કે. હૉસ્પિટલ તૈયાર થઈ. તેમણે કહ્યું, ત્યાં આગળ ખાતરી આપી હતી કે ૧૦૦ કરોડ રૂપિયા પી.એમ.ઓ. હાઉસની અંદરથી મળશે અને તેમાંથી થઈ છે. એ આંખના આંસુઓથી સર્જાયેલી હૉસ્પિટલનું પહેલું ખાતમુહૂર્ત ૩ જૂન-૨૦૦૧ના રોજ થયું અને ૧૪ જાન્યુઆરી-૨૦૦૪ના રોજ તેનું લોકાર્પણ થયું. ત્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ તે મૅડિકલ કૉલેજના વાક્યો શિવજીભાઈ આહીરે વાપર્યા તે તદ્દન સાચા છે અને એ અમારા માટે સંકલ્પ છે. વડાપ્રધાનશ્રીએ શું કહ્યું હતું એ શબ્દો આ હતા કે જ્યારે મૅડિકલ કૉલેજ થશે ત્યારે તેનું ઉદ્‌ઘાટન કરવા હું આવીશ. એટલા માટે મેં કહ્યું હતું કે ખાતરી આ હતી, સંકલ્પ હતો એ રાજય સરકારનો હતો. તત્કાલીન વડાપ્રધાને તે વખતે બીજી ખાતરી આપી હતી કે વર્ધા પૅટર્ન ઉપર, આપે કહ્યું એ વાત તદ્દન સાચી છે. તત્કાલિન વડાપ્રધાને એમ કહ્યું હતું કે વર્ધા પૅટર્ન ઉપર થાય અને તે સાથે જ સંજય ગાંધી પોસ્ટ ગ્રેજયુએશન ઇન્સ્ટિટ્યૂટ મૅડિકલ કૉલેજ લખનૌની માફક આ થાય. આ બન્ને કેન્દ્ર સરકારના પી.એમ.ઓ. હાઉસમાં જે ચર્ચાઓ થઈ હતી તેની અંદરથી આ વિચાર આવ્યો હતો અને એ વખતે પણ હું કચ્છનું અને બાકીનું કામ સંભાળતો હતો. એટલે એ વખતે એ બેઠકોમાં હું હાજર હતો. આજે યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી પી.એમ.ઓ. હાઉસમાંથી અપાયેલ પેલી વર્ધા પૅટર્નની મૅડિકલ કૉલેજ માટેની જે ખાતરી હતી તેમાંથી પીછેહઠ થઈ છે અને એટલા માટે જે વિલંબ થયો છે તેનું કારણ આ છે. લખનૌની સંજય ગાંધી ઇન્સ્ટિટ્યૂટની માફક જે કરવાનું હતું એમાં યુ.પી.એ.ની સરકાર પાછી પડી છે. તે છતાં પણ રાજયની સરકારે પોતાના વચનને પાછું નથી મૂક્યું. અમારા વચનનો પહેલો પુરાવો એ છે કે આ તો ડિસ્ટ્રિક્ટ કક્ષાની હૉસ્પિટલ હતી. મૅડિકલ કૉલેજ કરવી હોય તો મૅડિકલ કૉલેજની પહેલી શરત એ હતી કે ૨૫ એકર જમીન આપીને હું ખૂબ ખૂબ આભાર માનું છું કે તમે પેલા માણેકભાઈવાળી વાત કહી તે સાચી છે. જમીન બાજુમાંથી મેળવી અને જમીન મેળવી એટલે એમને બીજી જમીન આપીને મેળવી છે એ રાજય સરકારની સંકલ્પ બદ્ધતા હતી એ એનો પુરાવો છે. બીજો પુરાવો એ છે કે, રાજય સરકાર આ કૉલેજ માટે જરાય પીછેહઠ કરવાની હોત તો શિલાલેખ ન લખ્યો હોત. એ ગુજરાતની તાકાત ઉપર છે. ગુજરાત રાજયનો શિલાલેખ ઉખેડવા માટે નહીં. તમારા વખતમાં શિલાલેખ ઉખાડવામાં આવતા હતા. અમે તો પૂરું કરવામાં માનીએ છીએ. અમારો પ્રેરણા દેવ એ રામ છે. " રઘુ

કુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાયે પર વચન ન જાયે." કચ્છની પ્રજાને આપેલું આ વચન અમે પાળવા માટે બંધાયેલા છીએ અને એટલા માટે એ વચન સાથે વચન જોડાયેલું છે. એટલે અમે એ કરી આપીશું. વર્ધાની માફક મૅડિકલ કૉલેજ મળે એ વચન આદરણીય વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ આપ્યું હતું એ પૂરું કરવા માટે આપણે સૌ ફરી એકવાર યુ.પી.એ. સરકાર પાસે જઈએ અને એ વચન પૂરું કરે અને તો આ ઝડપથી થઈ શકશે અને એ દિશામાં આગળ જવાની અમારી તૈયારી છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી કોઈ વિશેષ માહિતી જોઈતી હોય તો આપ પૂછી શકો છો. પ્લીઝ. બાબુભાઈ પ્લીઝ..

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા ઉપર પૂરક પ્રશ્ન આવે છે. (અંતરાય) હું અકળાતો નથી. નિયમોની મર્યાદામાં રહીને વાત કરું છું.(અંતરાય) તમે ખાતરી આપો. કોંગ્રેસ પક્ષ મદદ કરવાની ખાતરી આપે. તમે કોંગ્રેસના ધારાસભ્યો કહો કે વર્ધા પૅટર્ન નહીં આપે તો, હું તમારી સાથે ઉપવાસ ઉપર ઊતરવા તૈયાર છું. વર્ધા પૅટર્નમાં આપવાની વાત કરે. આવો આપણે સૌ દિલ્હીના દરબારમાં જઈએ.

**સભાપતિશ્રી** : પ્લીઝ, બાબુભાઈ, આપ મંત્રીશ્રીના જવાબમાંથી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો પૂછી શકો છો, એમાંથી વિશેષ માહિતી માટે પ્રશ્ન ઉપસ્થિત કરી શકો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ ભટ્ટ સાહેબે ખૂબ લાગણીશિલતાની અંદર આ વાત કરી. એ વખતે મંત્રી નહોતા. ભૂકંપ માટેના સામાજિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના કો-ઓર્ડિનેટર હતા. કચ્છમાં ભૂકંપ પછી માનનીય બાજપાઈ આવ્યા એની વાત કરી. માણેકલાલ ટ્રસ્ટની વાત કરી, એમાં હું પણ સભ્ય છું. અમે અનુમતિ એટલા માટે આપેલી કે અહીં આ મૅડિકલ કૉલેજની વાત હતી. અમારા મકાનો ત્યાં હતા, અમારી જમીન હતી, એ જમીન અમે સુપરત કરી.

**સભાપતિશ્રી** : પ્લીઝ, બાબુભાઈ, આપ પ્રશ્ન પર આવી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ધા પૅટર્ન નહીં પણ એના બજૅટમાંથી કચ્છ વિસ્તારની અંદર મૅડિકલ કૉલેજ આપવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ધા પૅટર્ન યુ.પી.એ. સરકાર આપવા તૈયાર હોય તો એ દિશામાં આગળ જવાની અમારી તૈયારી છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : પ્લીઝ, બાબુભાઈ, બેસો. શ્રી નરેન્દ્રસિંહ જાડેજા... પ્લીઝ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ સભાગૃહમાં ખાતરી આપી છે કે અમે અમારા સંકલ્પની અંદર મક્કમ છીએ એ સારી વાત છે. કારણ કે, આ સમગ્ર કચ્છની પ્રજાની લાગણી છે અને એને રાજય સરકાર માન આપે અને એ પ્રમાણે આ ઘણા લાંબા સમયથી જે પ્રશ્ન અટવાયેલો છે એની અંદર અમારી લાગણી પણ જોડાયેલી છે. સમગ્ર કચ્છની પ્રજાની લાગણી છે. તે વખતના પ્રધાનમંત્રી માનનીય અટલ બિહારી બાજપાઈજીએ અને જે પી.એમ.ઓ. એ આના માટેનો કન્સર્ન રિપૉર્ટ બનાવ્યો છે. એ રિપોર્ટની અંદર પણ મૅડિકલ કોલેજ, મેડી ટુરીઝમ, એની એમ્બ્યુલન્સ સહિતની તમામ હકીકતો આની અંદર છે. હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે આની અંદર એક ફેસનું કામ થયું, પહેલા ફેસની અંદર ૩૦૦ પથારીની હોસ્પિટલ અને બીજા ફેસની અંદર ૫૫૦ પથારીની હોસ્પિટલ જે બનાવવાની હતી તો એ બીજા ફેસના કામ માટેની કેન્દ્ર સરકારના પી.એમ.ઓ.માં કોઈ રકમ બાકી છે કે કેમ અને એના માટેની કોઈ દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ અને મૅડિકલ કોલેજ માટેની કોઈ દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ મૅડિકલ કોલેજ માટે આ સરકાર સંકલ્પબધ્ધ છે એટલા માટે જ ૨૫ એકર જમીન લીધી છે, એટલા માટે જ શિલાલેખ ઉપર લખ્યું છે, એટલા માટે જ તે વખતની કેન્દ્ર સરકારે જે વર્ધા પેટનનું કહ્યું હતું અને એ વર્ધા પેટન અને લખનવની પેટનની વાત એટલા માટે કરવામાં આવી કારણ કે એ પેટનની સાથે એમ.સી.આઈ.ના કેટલાક રુલ્સ છે જો કેન્દ્ર સરકાર વર્ધા પેટર્નમાંથી પીછેહઠ કરવા માગતી હોય તો રાજય સરકાર એ માટે વિચાર કરવા તૈયાર છે. (અંતરાય) બાબુભાઈ, તમારો અધિકાર નથી, (અંતરાય) પણ અમારું વચન એટલું જ છે કચ્છની પ્રજા માટે , (અંતરાય) એ વખતે ૨૬મી જાન્યુઆરીએ તમે કચ્છમાં નહોતા, ૨૬મી જાન્યુઆરીએ જયારે ભૂકંપ આવ્યો ત્યારે તમે તો મુંબઈમાં હતા, હું કચ્છમાં હતો. કચ્છની વાતો કરવાનો તમને અધિકાર નથી. અરે મુંબઈમાં બેઠા બેઠા જલસા કરતા હતા ( સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અશોકભાઈ રઘુકુલ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાયે અરુ વચન ન જાયેની વાત કરી, હું પણ આવકારુ છું, એ વચન પાળી એમ.સી.આઈ.માં અરજી કરી અને મૅડિકલ કોલેજ લઈ આવે, પેલા જેવું ન કરે કે "કમસ રામ કી ખાતે હૈ મંદિર વહીં બનાએંગે, કસમ રામ કી ખાતે હૈ મંદિર કહીં બનાએંગે. " એના જેવી વાત ન કરે. ભગવાન રામની સાથે આવી પણ રમત થઈ હતી. મારે તો માનનીય આરોગ્ય મંત્રીશ્રીને એટલું જ કહેવાનું છે કે માનનીય શ્રી શીવજીભાઈએ જે સીલસીલાબંધ માહિતી આપી અને મારી પાસે માહિતી છે એ પ્રમાણે રાજય સરકાર આ મેડીકલ કોલેજ શરૂ કરવા માગે છે અને એટલા માટે મૅડિકલ કોલેજનું ત્યાં ખાતમુહૂર્ત પણ થયું છે. વર્ધા પેટર્નની અંદર રાજય સરકારને કઈ ખાતરી આપી હતી એના

કોઈ એમની પાસે ડોકયુમેંટરી એવીડન્સ હોય તો ગૃહની અંદર આજે નહીં તો ટેબલ ઉપર મૂકે, પહેલી વાત એ છે અને બીજી વાત એ છે કે જો રાજય સરકાર સંકલ્પબધ્ધ છે તો એણે મૅડિકલ કોલેજ ઓફ ઈન્ડીયામાં કયારે અરજી કરી? આ મૅડિકલ કોલેજ શરૂ કરવા માટે? કારણ કે એમાં એમ કહેવાયું છે કે ૫૭ વિદ્યાર્થીઓ રહી શકે એવા પ્રકારની ૨ હોસ્ટેલો માટેની જોગવાઈ પણ ત્યાં થઈ છે એટલે સગવડતા નથી એવું નહીં અને મૅડિકલ કોલેજની જે માગણી કરવાની છે એ તો રાજય સરકારે કરવાની છે અને રાજય સરકાર એના માટે માગણી કયારે કરી અને ન કરી હોય તો આ ગૃહની અંદર મૅડિકલ કોલેજ શરૂ કરવા માટે એમ.સી.આઈ.માં અરજી કરવા માટે યુનિવર્સિટી સાથે જોડાણ કરવા માટે એની કાર્યવાહી કરવા માગે છે કે નહીં અને કયા વર્ષથી કરવા માગે છે એની આ ગૃહને ખાતરી આપે.

**શ્રી અશોક ભટ્ટ** : કેન્દ્રીય તત્કાલીન વડાપ્રધાનશ્રી અટલબિહારી બાજપાઈજી પાસે જે રજૂઆત થઈ છે એ રજૂઆત પ્રમાણે અને એમણે સ્વીકારેલું હતું એ પ્રમાણે વર્ધા પેટર્ન પ્રમાણે કરવાની વાત હતી અને એ સાથે આજે જો કોંગ્રેસની સરકાર આવ્યા પછી (અંતરાય) નહીં મને જવાબ આપવા દો. (અંતરાય) મને જવાબ આપવા દો. (અંતરાય) મને જવાબ આપવા દો. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ અપવા દો.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, પ્લીઝ.. પ્લીઝ. બેસી જાવ, બાબુભાઈ, બાબુભાઈ પ્લીઝ બેસી જાવ. (સતત અંતરાય) માનનીય બાબુભાઈ પ્લીઝ , પ્લીઝ અશોકભાઈ, આપણે કોઈપણ સભ્યો એવી અપેક્ષા કયારેય પણ ન રાખી શકીએ કે આપણે ઈચ્છીએ તેવો જ જવાબ મંત્રીશ્રી આપે. મંત્રીશ્રીનો જવાબ બરાબર સાંભળો એમાંથી પ્રશ્ન ઉપસ્થિત થાય તો ફરીથી આપ વાત કરો પણ આપણે સાંભળવું પડે. પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ.ની સરકાર વતી શ્રી મોઢવાડીયા એમ કહે કે અમે હાથ ઉંચા કરી નાખ્યા છે તો હું ફરી વખત યાદ નહીં દેવડાવું, વર્ધા પેટર્નવાળી વાત.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વર્ધા પૅટર્નમાં તમે શું રજૂઆત કરી એ કહો. જવાબ આવ્યો હોય એ મૂકો. સુજલામ-સુફલામમાં તમે કહ્યું હતું કે કેન્દ્રની મદદ મળવાની છે. અહીંયા તો બજૅટમાં ન હોય એની જાહેરાતો આ લોકો કરે છે.

**શ્રી અશોક ભટ્ટ** : આ સભાગૃહ શરૂ થયું ત્યારથી અંત સુધી આ ચાર શબ્દો ગોખીને વિરોધ પક્ષના નેતા આવ્યા છે. કોઈપણ ચર્ચા આવે એટલે ચાર શબ્દો બોલી નાખવા. એમના મગજની અંદરથી આ ચાર શબ્દોનું ભૂત ગયું જ નથી. એટલે પહેલા દિવસથી છેલ્લા દિવસ સુધી તમે સુજલામ-સુફલામ, સુજલામ-સુફલામ બોલ્યા જ કરવાના.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : * (xxxxxx)

**સભાપતિશ્રી** : વિરોધ પક્ષના મોઢામાં આ શબ્દો ન શોભે એવી વાત છે. આની સાથે કાંઈ લાગતું વળગતું નથી. આપ વિરોધ પક્ષના સન્માનનીય નેતા છો. આવા સીધા આક્ષેપો કરવા હોય તો આધાર પુરાવા વગર આપે ન બોલવું જોઈએ. આ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખો. કોઈપણ આક્ષેપ કરતા પહેલા આધાર પુરાવા હોવા જોઈએ. એ પણ આપણે મૂકવા જોઈએ. આપ તો જવાબદાર પદાધિકારી છો. (અંતરાય) આ પ્રશ્ન સાથે એ વસ્તુને કંઈ લાગતું વળગતું નથી. આ ભુજની મૅડિકલ કૉલેજનો પ્રશ્ન છે. આની સાથે સુજલામ સુફલામ શું લાગે વળગે?

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)**: માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની મૅડિકલ કૉલેજનો સેન્સેટીવ ઇશ્યુ છે. (અંતરાય) અમને રજૂઆત કરવા દો. કચ્છ-ભૂજને જે મૅડિકલ કૉલેજ આપવાની વાત છે ત્યારે મૅડિકલ કૉલેજ કચ્છ માટે અતિ જરૂરી છે. ઈન્ફાસ્ટ્રકચર એ પ્રમાણેનું બનેલું છે એ હકીકત બરાબર છે. પણ મારે એટલું જ કહેવું છે કે જ્યારે આ મૅડિકલ કૉલેજની વાત થઈ એ સમયે પાંચ સ્ટેટની અંદર એઈમ્સ દ્વારા મૅડિકલ કૉલેજો કરવાની વાત કરી હતી અને કચ્છમાં વર્ધા પૅટર્નમાં મૅડિકલ કૉલેજ કરવાનું નક્કી થયું હતું. આવું જે તે સમયે નક્કી કરવામાં આવ્યું હતું. પાંચ એઈમ્સની હતી એ શરૂ થઈ ગઈ પણ કચ્છની મૅડિકલ કૉલેજ જે વર્ધા પૅટર્ન પ્રમાણે કરવાની છે તે આજ સુધી થઈ શકી નથી. મારે માત્ર એટલું જ જાણવું છે કે આ વર્ધા પૅટર્ન દ્વારા મૅડિકલ કૉલેજ કચ્છમાં કેન્દ્ર સરકારની પાસે જઈને રજૂઆત કરીને એ મંજૂર કરાવવા માગો છો કે કેમ? અથવા તો વર્ધા પૅટર્ન દ્વારા ન થઈ શકતી હોય તો કેન્દ્ર સરકારના એઈમ્સ દ્વારા પણ કચ્છમાં મૅડિકલ કૉલેજ ચાલું કરવા માગો છો કે કેમ? કારણ કે કચ્છના લોકો મૅડિકલ કૉલેજ માટે મીટ માંડીને એટલા માટે જોઈ રહ્યા છે કે જો મૅડિકલ કૉલેજ થાય તો જ બધા સ્પૅશિયાલિસ્ટો, ડાંકટરો, પ્રોફૅસરો અમારા કચ્છને મળી શકે અને સુપર સ્પૅશિયાલિસ્ટ ડાંકટરો વગર ગમે તેટલી સુવિધાઓ હશે તો પણ અમારી મૅડિકલ ફેસેલિટી પૂરી થઈ શકશે નહિ. એટલા માટે લોકોની મૅડિકલ કૉલેજની માગણી કમ્પ્લીટ ઈન્ફાસ્ટ્રકચર, સુપર સ્પેશિયલાઈઝેશનની ફેસેલિટી અમારે ત્યાં મળે એટલા માટે લોકોની લાગણી છે. મૅડિકલ સ્ટુડન્ટ માટે નહિ, એ તો આખા ગુજરાતમાં ક્યાંય પણ અભ્યાસ કરશે. એ કોઈ રિઝર્વ સ્ટુડન્ડ માટે થવાની નથી કે કચ્છના સ્ટુડન્ટસને જ એડમિશન મળે પણ આ એમને સુપર સ્પૅશિયાલિસ્ટની સેવા મળે એટલા માટે કચ્છના લોકોની લાગણી છે.

* (xxxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**શ્રી અશોક ભટ્ટ** : કેન્દ્ર સરકાર પાસે વર્ધા પૅટર્નની રજૂઆત કરવા માટે આવતા અઠવાડિયે હું કેન્દ્રના મંત્રીશ્રીને મળવા જઈશ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યારે જે હૉસ્પિટલ છે એના અંદર પણ એક પછી એક સાધનો ઓછા થતા જાય છે. એ પ્રમાણે આ બોર્ડને પણ ઉઠાવી લેવામાં આવે તો પાછળની યાદો ન રહે.

**શ્રી અશોક ભટ્ટ** : કોંગ્રેસના સમયમાં બોર્ડો ઉઠાવાતા હતા. ભારતીય જનતા પક્ષના વખતમાં નહિ. એક પણ સાધન ઓછું થયું નથી એની હું ખાતરી આપું છું. એક પણ સાધન ઓછું થયું નથી. ડૉકટરોની વધારાની સ્પેશ્યાલિસ્ટોની પૅનલ આવે છે, સુપર સ્પેશ્યાલિસ્ટ પૅનલો આવતી થઈ છે. અમદાવાદના તજજ્ઞોની સેવા કચ્છને છેલ્લા છ મહિનામાં મળતી થઈ છે. (અંતરાય)

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : પણ અમારે તો સાહેબ કેવું છે કે બોર્ડને જોઈએ છીએ અને એમ થાય કે દીકરો મોટો થાય અને તેને પરણાવું એના કરતા પહેલા મોટા દીકરાને પરણાવા માગે છે કે કેમ?(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** :અમારા વખતમાં લગાવેલા કોઈ બોર્ડ ઉઠતા નથી. નીમાબેનને જવાબ માં કહ્યું છે કે વર્ધા પેટર્ન પ્રમાણે જે કેન્દ્ર સરકારનું વચન હતું એ માટે કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રીને મળવા આવતા અઠવાડિયામાં અમે જઈશું.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છને મૅડિકલ કૉલેજ વિષેની આ જ હાઉસની અંદર માનનીય મંત્રીશ્રી અશોકભાઈએ જે ખાતરી આપી તે બદલ અભિનંદન. સમગ્ર કચ્છની જનતા વતી પણ રાજ્ય સરકારશ્રીને ખૂબ ખૂબ આભાર માનું છું કારણ કે કચ્છને મૅડિકલ કૉલેજ તાત્કાલિક શરૂ થાય એ સમગ્ર કચ્છની પ્રજાની લાગણી છે, સાથેસાથે મારી પણ લાગણી છે. આજે જ્યારે મૅડિકલ કૉલેજની વિધાનસભામાં જે ખાતરી મળી છે તો આ મૅડિકલ કૉલેજ માટે રાજ્ય સરકાર કેટલા સમયમાં પ્રયત્ન કરશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ કૉલેજ માટે જમીન લીધી છે એના બદલામાં જમીન આપેલી છે એટલે બાબુભાઈ જમીન સરકારે આપી છે (અંતરાય) એટલે એ પૈસા કૉલેજ માટે એક પણ ઈંચ જમીન તમારા બધામાં શું વેચાયું, બાબુભાઈ મારી આગળ બહુ વાત ના કરવી, મુઠ્ઠી બાંધેલી સારી. હું આદરણીય ગોપાલભાઈએ જે વાત કરી છે એ વાતને હું વળગી રહું છું. આવતા દિવસોની અંદર કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી પાસે બેસીને અટલબિહારી બાજપાયીજીએ જે વાચન આપ્યું હતું એ પરિપૂર્ણ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે હું જઈશ. બાબુભાઈ અને બાકીના કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને કહું છું કે એ પણ રજૂઆત કરવા આવે.

**સભાપતિશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૦૭ના રોજ સવાર ના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૮, ૧૯૨૯ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને.**
**સરકારી વિધેયકો**
**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૫**

# ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૭

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા અને વિકાસ ચાર્જ લેવા અને વસૂલકરવાને માન્ય ઠરાવવા બાબત વિધેયક.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અગાઉ *રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક- ૫ - સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક- ૫નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ એકટ ૧૯૬૨ના પ્રકરણ ૬માં સુધારો કરવા અંગેનું બિલ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ પેશ થયું છે. જી.આઈ.ડી.સી.ના કારણે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ ખૂબ જ સારી રીતે થયો છે. પણ એનું એક પ્રકરણ -૬ની કલમ-૩૨(એ)ની જોગવાઈ છે એની અંદર બેટરમેન્ટ ચાર્જીસ વસૂલ કરવાની જોગવાઈ છે. આ બેટરમેન્ટ ચાર્જીસ એટલે જે વિસ્તારમાં જી.આઈ.ડી.સી.ની સ્થાપના થાય એ સ્થાપનાના કારણે આજુબાજુના જે વિસ્તારો છે એને એનો સીધો અને આડકતરો લાભ મળતો હોય છે. એના કારણે જી.આઈ.ડી.સી.ના ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર પણ એનું પ્રેશર વધતું હોય છે. એટલા માટે અગાઉના એકટની કલમ-૩૨(એ)થી ૩૨(જી)ની જોગવાઈ અનુસાર એના બેટરમેન્ટ ચાર્જીસ વસૂલ કરવા માટેની જોગવાઈ હતી. આ જોગવાઈના અમલીકરણ કરવાની જે પદ્ધતિ હતી એ અટપટી, લાંબી અને સંકુલ હોવાના કારણે, જી.આઈ.ડી.સી.એ આ જોગવાઈને અનુસર્યા વગર વિવિધ હેતુઓ માટે વિવિધ દરે ડેવલપમેન્ટ ચાર્જીસ લેવાનો ભૂતકાળમાં ઠરાવ કરેલ છે. વિવિધ યુનિટો પાસેથી લેવામાં આવેલ ડેવલપમેન્ટ ચાર્જીસને હવે રેગ્યુલરાઈઝ કરવા માટે, નિયમિત કરવા માટે, પાછલી અસરથી સુધારો કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. કાયદામાં સુધારો કરવાથી, જી.આઈ.ડી.સી.ના પ્રસ્થાપિત માળખા દ્વારા કરવાનો હોવાથી, આ દરખાસ્તનો સ્વીકાર થતાં રાજય સરકાર ઉપર એનો કોઈ પ્રકારનો આર્થિક બોજો પડવાનો નથી. આ બિલ બંધારણની સાતમી અનુસૂચિની બીજી યાદીના ક્રમ ૨૪ અને ૩૨માં આવે છે. તેથી બંધારણની કોઈ કલમ અન્વયે માનનીય રાજયપાલની ભલામણ કે માનનીય રાષ્ટ્રપતિશ્રીની પૂર્વ મંજૂરી જરૂરી નથી. તેમજ બિલ પસાર થયા પછી પણ રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવું જરૂરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ છે એની જોગવાઈઓમાં જી.આઈ.ડી.સી. જે જગ્યાએ સ્થપાઈ હોય એની પેરીફરીમાં એની સ્થાપના થયા પછી જે કોઈ નાની, મધ્યમ અને મોટી વસાહતો માટે એની પેરીફરીમાં અનુક્રમે .૫ કિલોમીટર, .૭૫ કિલોમીટર અને ૧ કિલોમીટરની પેરીફરીમાં જે નવો વિકાસ થાય એને લાગુ પડે છે. આ જે દરો છે વિકાસના એ દરો ખૂબ જ નોમીનલ દર રાખવામાં આવેલ છે. ઉદ્યોગોના કિસ્સાઓમાં જમીનના ૨ ટકા, રહેણાકમાં ૨ ટકા અને વાણિજયમાં ૫ ટકા પણ એની સીલીંગ ૫૨ ચોરસ મીટર માત્ર ૫ રુપિયા અને સમગ્ર સરવે નંબર અને વધુમાં વધુ ૫ લાખ લેવાની જોગવાઈ છે. એસ.ટી. અને એસ.સી. જાતિના જે જમીન માલિકો હોય એના કિસ્સામાં કોઈ વિકાસ ફી વસુલવામાં આવતી નથી અને જે જમીનો ઓલરેડી નોન એગ્રીકલ્ચર થઈ ગયેલ હોય ત્યારે માત્ર એગ્રીકલ્ચર જમીનો જ્યારે નૉન એગ્રીકલ્ચર અથવા એના હેતુફેર કરવા માટે આવે ત્યારે જ આ વિકાસ ફી લેવાની જોગવાઈ આ વિધેયક દ્વારા અગાઉની જોગવાઈને સુધારાના સ્વરૂપે લાવવામાં આવી છે અને જે જોગવાઈઓ નાની વસાહત હોય ૧૦ હેકટર કરતા એમાં કોઈપણ પ્રકારનો વિકાસ ખર્ચ વસૂલ કરવામાં આવતો નથી. એ વાત ઉપરથી પણ પ્રતીતિ થશે કે છેલ્લા ૫ વર્ષમાં જી.આઈ.ડી.સી.એ માત્ર એક કરોડથી પણ ઓછી રકમનો વિકાસ ખર્ચ વસૂલ કરેલ છે એટલે આ એક આપણો જે જી.આઈ.ડી.સી.નો એકટ છે એ એકટની જોગવાઈઓને સુસંગત રીતે આ

---

* વિધેયક ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સુધારો લાવવામાં આવ્યો છે એટલે આ સન્માનનીય સભાગૃહના સર્વે સભ્યોને મારી વિનંતી છે કે આ સુધારાને ગુજરાતના ઔદ્યોગિક વિકાસને બળ આપવા માટે એને મંજૂર રાખવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ ૬૨(૬) ક પ્રમાણે ઔદ્યોગિક વિકાસ અધિનિયમનું જે બિલ લઈને આવ્યા છે. જી.આઈ.ડી.સી.નો વિકાસના નામે જે ચાર્જ ઉઘરાવતા હતા, આપણા માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટતા ન કરી કે આ બિલ લાવવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે ગુજરાત હાઈકોર્ટમાં તાજેતરમાં એક પીટીશન થયેલી અને વિકાસ ચાર્જ લઈ શકે કે કેમ એની શંકા વ્યકત કરવામાં આવી એટલા માટે આ સ્પષ્ટતા કરવા માટે આ બિલ લાવવાનો મારી દૃષ્ટિએ હેતુ હોઈ શકે. બીજું આમાં એવું થાય કે જી.આઈ.ડી.સી.ની અંદર કોર્પોરેશન વિકાસ ચાર્જ નકકી કરે અને વિકાસ લેવા માટેની સત્તા ૩૨-૮ નીચે અને કોર્પોરેશન વિકાસ ચાર્જ હુકમ સામે સરકારની મુદત આપે તે મુદતની અંદર ફી અને તે મુદતની અપીલ કરી શકાય, ૩૨ (ખ) એટલું જ કહેવું છે કે જી.આઈ.ડી.સી.નો વિકાસ ચાર્જ તો આપણે ઉઘરાવતા હતા પણ એનો હવે નવો સુધારો લાવ્યા છીએ અને જમીન પર સુધારા ચાર્જ નાખવાનો એ પ્રમાણે બિલનો મુખ્ય હેતુ છે એ કારણે પરિસ્થિતિ એવી થવાની કે આજુબાજુના જે યુનિટો હતા એ યુનિટો પર નૉર્મલ ચાર્જ અને કલેકટર સાહેબ પાસે કદાચ આનો રસ્તો થાય કે આ ચાર્જ ના લઈ શકાય અથવા આ વિકાસ નથી થયો તો એ કલેકટર પાસે સત્તા હતી અને કલેકટરનું એનું એક મંડળ હતું એ મંડળની અંદર નકકી થાય એના કારણે પણ આ કદાચ આ ચાર્જ ના લઈ શકતા અથવા ઘટાડો કર્યો હતો. આજની સ્થિતિએ એવું થયું કે જે આ સત્તા મળશે સુધારા ચાર્જ તરીકેની એ સત્તાને કારણે ૧૦૦૦થી માંડી ૫૦,૦૦૦ રુપિયાનો બોજો આજુબાજુની જમીન વાળાને વધવાનો છે. જી.આઈ.ડી.સી.નું ઉદાહરણ એટલા માટે આપી શકાય કે ૧૯૮૨ની અંદર સિધ્ધપુરમાં જ્યારે જી.આઈ.ડી.સી. થઈ ત્યારે ૨૦ વર્ષ બાદ પણ ૨૦૦૨માં જી.આઈ.ડી.સી. કેન્સલ કરવામાં આવી અને એના બાદ પછીથી જી.આઈ.ડી.સી. થાય તો ૨૦ વર્ષ સુધી આજુબાજુની જમીનનો વિકાસ તો ન થયો પણ એની પાસેથી જે ચાર્જ લેવાથી પ્રથા ઓટોમેટીક શરુ થઈ જતી હોય છે. એના કારણે મોટું નુકસાન થતું હોય છે અને જે વાસ્તવિકતા જે કલેકટર પાસે જઈને આવી બધી વાતો કરી શકતા હતા એ આ બિલની અંદરની જોગવાઈમાં સીધે સીધી કોર્પોરેશનની સત્તા થાય એ પ્રમાણેના સંજોગો થઈ જતા હોય છે. જી.આઈ.ડી.સી.નો વિકાસ થાય, આજુબાજુની જમીનના ભાવ વધે એ તો બરાબર છે પણ ઘણી વખત તો માત્ર જી.આઈ.ડી.સી. જમીન લઈને આજની તારીખે સિદ્ધપુરનો જે મારો દાખલો છે કે ત્યાં આગળ જી.આઈ.ડી.સી.એ એટલા બધા ભાવ રાખ્યા છે કે જેના કારણે આજે પણ પ્લોટની પરિસ્થિતિ એ છે કે ૫૦ ટકાથી પણ વધારે વેચાતા નથી અને આજુબાજુના બધા જ જમીનોને, ઉદ્યોગોને આ પ્રકારે ચાર્જ લાગે એ વસ્તુ બરાબર નથી. સરકારે આમાં સ્પષ્ટતા કરવી જોઈએ. કાયદામાં નાના મોટા સુધારા કરવા જોઈએ પણ કલેકટર પાસેથી સત્તા લઈ સીધે સીધી સત્તા ત્યાં આપી દેવામાં આવી છે. ખાસ કરીને જે જોગવાઈ કરવામાં આવી છે એની જે અસર થવાની છે એ વિકાસ ચાર્જ ચૂકવ્યા પછી કોર્ટમાં કે સત્તામંડળમાં અરજી, અપીલ કે કાર્યવાહી થઈ શકે નહિ. એકવાર ચાર્જ નક્કી થઈ જાય એ પછી કોઈપણ જાતની અપીલ ન કરી શકાય, કાર્યવાહી ન કરી શકાય એના કારણે લોકોને મોટું નુકસાન થવાનું છે. આથી જે આ સુધારા લઈને આવ્યા છે એ ખરેખર જે સત્તા કલેકટર પાસે હતી, લોકો ત્યાં જતા હતા એ અત્યારે રાજ્ય સરકાર પાસે આવી જવાથી અને અહીં આવવાથી અરજીનો નિકાલ અને પ્રશ્નનો ઉકેલ આવતો ન હોય ત્યારે કામગીરી કેવી રીતે થશે એ એક સવાલ છે. આ બિલ લાવવાનો હેતુ છે એ હેતુથી આજુબાજુના ખેડૂતો છે એને ફાયદો થયો નથી. પણ આ સરકાર સ્પષ્ટપણે ચાર્જ લેવાનું કરી રહી છે. આજુબાજુની જમીન એન.એ. થયેલ હોય તો બરાબર છે પણ આ કોઈપણ રીતે થઈ શકે નહિ એવી સ્થિતિ છે.

**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલને આવકારું છું. પણ થોડા સજેશન છે કે જી.આઈ.ડી.સી.માં વિકાસ દર લેવાની વાત છે ત્યાં સુધી બરાબર છે. આજુબાજુના પાંચ કિલોમીટરને પેરીફેરીમાં જે નૉન એગ્રીકલ્ચર થવાનું હોય એ વિકાસ દર લીધા પછી આ વિસ્તારની નૉન એગ્રીકલ્ચર થયેલ જમીનનો વિકાસ દર લઈએ છીએ, જી.આઈ.ડી.સી. દ્વારા લઈએ છીએ એનો એ વિસ્તારના વિકાસ માટે ઉપયોગ કરવાનો છે કે કેમ? વિકાસ દર લીધા પછી જી.આઈ.ડી.સી.નો વિકાસ થાય ત્યાં સુધી બરાબર છે. આજુબાજુના પાંચ કિલોમીટરની પેરીફેરીમાં એન.એ.નો ચાર્જ લઈએ છીએ ત્યારે જેનો વિકાસ દર લઈએ છીએ એના વિકાસ માટે પણ કંઈ આયોજન કરવું જોઈએ. આજુબાજુનો વિકાસ દર લીધો હોય તો એનો પણ વિકાસ દરનો ભાગ જે કાંઈ આવતો હોય તો એ વિસ્તારનો વિકાસ થાય એમાં રકમનો ઉપયોગ કરવો જોઈએ એવી વિનંતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા અધિનિયમ, પ્રકરણ-૬ માં સુધારો કરવા માટેનું બિલ લઈને આવ્યા છે તેના સમર્થનમાં વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૨(એ) થી ૩૨(જી)ની જોગવાઈ કરવામાં આવી છે એ અનુસાર બેટરમેન્ટ ચાર્જ વસૂલ કરવામાં આવે છે. ગુજરાતના વિકાસમાં જી.આઈ.ડી.સી.નું એક મહત્ત્વ રહ્યું છે. આજે પરિસ્થિતિ એવી છે કે સમગ્ર ગુજરાતની જે જી.આઈ.ડી.સી.ઓ આવેલી છે એમાં ઉદ્યોગકારોને જો ઉદ્યોગ કરવો હોય તો પ્લૉટ મળતો

નથી અને ઉદ્યોગોમાં જ્યારે આટલી પ્રગતિ થઈ રહી હોય એટલે માત્ર જી.આઈ.ડી.સી. નહિ પરંતુ જી.આઈ.ડી.સી.ની આજુબાજુનો જે એરિયા હોય છે ત્યાં એન્સીલરી ઈન્ડસ્ટ્રીઝ થતી હોય છે. કેટલાક એવા એકમો ચૂનાની ઈન્ડસ્ટ્રીઝ કે ચામડાની ઈન્ડસ્ટ્રીઝ સંદર્ભના ઉદ્યોગો હોય તો જી.આઈ.ડી.સી.માં આ પ્રમાણે ઉદ્યોગને માન્યતા મળતી નથી. જી.આઈ.ડી.સી.ની આજુબાજુના વિસ્તારોમાં આ પ્રકારના ઉદ્યોગો કરવા પડતા હોય છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતભરમાં ટાઉન પ્લાનીંગ સ્કીમો અમલમાં આવે, ટી.પી.ના રસ્તાઓ થાય ત્યાં આજુબાજુના ભાવો વધતા હોય છે. જી.આઈ.ડી.સી.ના માધ્યમથી વીજળી, રસ્તા, પાણી અને ગટરની સવલત ઊભી કરવા માટે આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર જી.આઈ.ડી.સી. દ્વારા જ્યારે પૂરતો ખર્ચ કરવામાં આવે છે ત્યારે સ્વભાવિક છે કે તેની પેરીફેરીને આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ લેવાના આશયથી જે મૂળ ભાવ હોય તે ભાવ કરતા જમીનના માલિકોને વધારે પૈસા મળતા હોય છે. આના કારણે જો જી.આઈ.ડી.સી. એના બેટરમેન્ટ ચાર્જ વસૂલ કરે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ ઉદ્યોગોના કિસ્સામાં ૨ રૂપિયા પ્રતિ ચોરસમીટર, રહેણાંકના કિસ્સામાં ૩ રૂપિયા પ્રતિ ચોરસમીટર અને કોમર્શિયલમાં માત્ર ૫ રૂપિયા પ્રતિ ચોરસમીટર અને જેની મહત્તમ મર્યાદા માત્ર ૫ લાખ રૂપિયા સુધીની છે. એસ.ટી. અને એસ.સી.ને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ અત્યાર સુધીમાં ૧ કરોડ રૂપિયાનો જ બેટરમેન્ટ ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. પણ આ જે થોડા પ્રશ્નો હતા એ પ્રશ્નોનું નિરાકરણ આવવાથી વધારે બેટરમેન્ટ ચાર્જની જી.આઈ.ડી.સી.ને આવક થશે. એ ગુજરાતના જ્યાં પછાત જિલ્લાઓ છે, જ્યાં રોજગારીની જરૂરિયાત છે. જી.આઈ.ડી.સી. આમાંથી બેટરમેન્ટમાંથી ઉઘરાવેલા પૈસા એ બાકીની અન્ય જગ્યાએ જી.આઈ.ડી.સી.ના ડૅવલપમેન્ટમાં વાપરી શકશે અને ૧૦ હેકટર કરતા નાના કદની વસાહતોમાં આ ચાર્જ વસૂલ કરવામાં આવતો નથી. ગુજરાતે સમગ્ર દેશભરની અંદર ઈન્ડસ્ટ્રીઝની દૃષ્ટિએ ડૅવલપમેન્ટ કરેલ છે. હમણાં જ આપણે જોયું કે ગુજરાતની અંદર ૪,૬૦,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. થયા એના જે ઉદ્યોગો આવનારા દિવસોમાં ગુજરાતની અંદર આવવાના છે એના કારણે એમાં જે ઈન્સીલરી ઈન્ડસ્ટ્રીઝ આવવાની છે. આ ઈન્ડસ્ટ્રીઝને જી.આઈ.ડી.સી. અને જી.આઈ.ડી.સી.ની અંદર જે તૈયાર કરેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે એના આધારે એ પેરિફેરી વિસ્તારની અંદર ઔદ્યોગિક ઉદ્યોગકારો એનો મહત્તમ ઉપયોગ કરે તેવા સંદર્ભમાં લાવેલું બિલને હું મારું સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડૅવલપમેન્ટ કોરપોરેશનના અધિનિયમ ૧૯૬૨માં વધુ સુધારવા અને વિકાસ ચાર્જ લેવા અને વસૂલ કરવા માન્ય ઠરાવવા બાબતનું વિધેયક માનનીય ઉદ્યોગમંત્રીશ્રી લાવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના વિકાસની અંદર જી.આઈ.ડી.સી.નો ખૂબ મોટો ફાળો રહ્યો છે એ નિર્વિવાદ વાત છે. જી.આઈ.ડી.સી.ના ચેરમેનો કેટલાક આ રાજ્યના વરિષ્ઠ આગેવાનો અને રાજકીય આગેવાનો રહ્યાં અને એમાં શાંતિભાઈ ઝવેરી અને જેરામભાઈ પટેલ જેવા પણ આ જી.આઈ.ડી.સી.ના ચેરમેન તરીકે રહ્યાં. જી.આઈ.ડી.સી.નું ક્ષેત્ર જે છે એ ઉદ્યોગોને પાયાની સગવડ આપવા માટેનું એકજ સ્થળે એ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થાય, એ હેતુસર વાપી, અંકલેશ્વર, વલસાડ, સુરત, રાજકોટ આ બધે ઠેકાણેની જી.આઈ.ડી.સી. ખૂબ મોટા પ્રમાણની અંદર એ વસાહતો છે. કચ્છ જેવાની અંદર ખૂબ નાની વસાહત છે. આ જે બેટરમેન્ટ ચાર્જના નામે આવકો વધારવા માટેનો એક રસ્તો આપણે કરતા હોઈએ પણ આપણે આત્મખોજ કરીએ. અત્યારની આપણી જી.આઈ.ડી.સી.નું ફંકશનિંગ છે એમાં કેટલી પાયાની સગવડો ઊભી કરીએ છીએ? સરીગામની અંદર નવી જી.આઈ.ડી.સી. થઈ અને એના કેમિકલ ઉદ્યોગને જે વિટંબણા થઈ, પાયાની સવલત ઊભી કરવામાં કેટલા વર્ષો ગયા? સુરત જી.આઈ.ડી.સી.ની જમીન હાઉસિંગ માટે આપી દેવાય એમાં કઈ પારદર્શકતા? આ સરકારના વખતમાં અપાય. હાલ અત્યારે પણ દહેજમાં જે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન થવાનો છે. જી.આઈ.ડી.સી.ની અંદર બંદર ડેવલપ કરવા માટેની જે જમીનો જોઈએ છે એ જમીનો જી.આઈ.ડી.સી. પાસે નથી. એમણે કોઈ દહેજ સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોનને આપી છે એની પાસેથી આ બંદરના ડેવલપમેન્ટ માટે જે જમીનો જોઈએ એ મોઘાભાવની છે, એટલે જરૂરિયાતો ઘટાડી નાંખવી પડી. જે ઉદ્યોગોને જમીનો આપી એ એનો ઉપયોગ નિર્ધારિત સમયમાં થાય છે કે નહિ એની પણ કોઈ દિવસ કાળજી લેવામાં આવે છે? ખેડૂતો પાસેની જમીનનું સંપાદન થઈ જાય. એ જમીનના ભાવ એને પૈસામાં આપવામાં આવે. ઘણી વખત એમની જમીનોમાં સંપાદન થયેલું એના પૈસામાં આપવામાં આવે અને અત્યારે એના ભાવ એ ત્રણ કે ચાર આંકડામાં એના ભાવ જી.આઈ.ડી.સી. વસૂલ કરતી હોય, એ પછી પણ પેરિફેરીમાં જે જમીન આવે છે એના ભાવ વધવાના છે એટલા માટે એના ઉપર બેટરમેન્ટ ચાર્જ નાંખવાની વૃત્તિ છે એને હું વખાણતો નથી. ખેડૂતોની જમીનો એ વંશપરંપરાગત હોય છે. ઉદ્યોગોનું ડેવલપમેન્ટ થાય એનો ભોગ ખેડૂતો શા માટ બને? અન્ય રાજ્યોની અંદર સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન માટે જે જમીનની વિટંબણા થઈ છે એમાંથી ગુજરાત થોડુંક બચી શક્યું છે સાવ બચી શક્યું નથી. જામનગર વગેરેની અંદર ખેડૂતોએ ચેલેંજ પણ કરવી પડી અને એ એમની અજ્ઞાનતાના કારણે એમને પણ સહન કરવું પડે છે.માનનીય અધ્યક્ષશ્રી, આ કન્સર્ન એવોર્ડની રીતે પણ ક્યાંક ક્યાંક જે કલેકટરો હોય છે એ જિલ્લામાં ઉદ્યોગીકરણ વધે એટલા માટે પરસ્પર માલિકો અને લેનારાઓને બેસાડી અને એનું સમાધાન કરાવી એનો એવોર્ડ અપાવી શકે છે પણ જીઆઈડીસીમાં જે જમીનોનું એકવીઝેશન થાય એનાથી એને સંતોષ માનવો જોઈએ. જીઆઈડીસીમાં એકાદ કરોડ રૂપિયાનો બેટરમેન્ટ ચાર્જ

વસૂલ કરવામાં આવ્યો છે અને એને કોઈએ ચેલેન્જ કર્યો અને એના માટે થઈને આ ગૃહમાં સુધારો મંજૂર કરાવવા માટે આવવું પડ્યું છે. આ દેશમાં મિલકતોના અધિકારો એ બંધારણના સાતમા શિડ્યુલ પ્રમાણે આપવામાં આવેલા છે અને એમાં આ જે જૂના એકવીઝેશનના કાયદાઓ હતા એને અનુસાર એ સરકાર ધારે એ ભાવે જમીન એ વિકાસના કામ માટે લઈ શકે પણ વિકાસ જે છે એની વ્યાખ્યા તો નક્કી કરવી પડે ને ? માનનીય અધ્યક્ષશ્રી, કોરપોરેશનને કમાણી થવાની હોય એ આપણે સમજી શકીએ, ભવિષ્યની દૃષ્ટિએ પણ એણે જે પાયાની સગવડો ઊભી કરવાની હોય, ક્યાંક ક્યાંક પાયાની સગવડો જીઆઈડીસીમાં થઈ છે અને સામાન્ય રીતે ગુજરાતનું જે આ તંત્ર જે છે, અન્ય રાજયોમાં પણ એનું અનુકરણ થાય એ પ્રકારનો પાયો આ જીઆઈડીસીનો આ રાજયની જીઆઈડીસીની શરૂઆત થઈ ત્યારથી નખાયેલ છે. પાયા ઉપરનું ચણતર મજબૂત થાય એ ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે ભાવો લેવાય એમાં કોઈ તાર્કિકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૨૪૦ રૂપિયામાં કોઈને ભાવ આપ્યા હોય અને અત્યારે એ ૭૦૦-૮૦૦ના ભાવ માગતા હોય બે-ત્રણ વર્ષમાં, તો એના ઉપર આપણો કોઈ કન્ટ્રોલ ખરો? માનનીય અધ્યક્ષશ્રી એના પ્રિમિયમમાં પચાસ ટકા પ્રિમિયમ લેવા માટેની પણ કોઈ સ્કીમ આવેલી છે પણ એ સ્કીમમાં કેટલા લોકો આવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, બેનામી વ્યવહારો કેટલા થાય છે આ જમીનોના? કમ સે કમ જીઆઈડીસી વિસ્તારમાંના બેનામી વ્યવહારો જો રોકવામાં આવે તો પણ આ બેટરમેન્ટ ચાર્જ એ વિના કારણે ખેડૂતોએ આપવો ન પડે. જે દિવસે આ જમીનનું નોન એગ્રીકલ્ચર થાય ત્યારે એના ઉપર શિક્ષણ ઉપ-કર, બીજા સ્થાનિક વેરાઓ તો નાખવામાં આવે જ છે એનો આકારણીનો દર પણ નાખવામાં આવે છે. તો આ વધારાનો વેરો એને કયો વેરો કહેવો ? એને મૂંડિયા વેરો કહેવો, જજિયા વેરો કહેવો ? કે આ જીઆઈડીસીની બાજુમાં આવી છે એટલા માટે ખેડૂતોને દંડ ભરવો પડે? એ જ્યારે એના ઉપયોગમાં આવે ત્યારે, કાં તો તમે એનું આખું એકવીઝેશન કરી લો. પણ પેરીફેરીમાં આ પ્રકારનો બેટરમેન્ટ ચાર્જ લેવો એ યોગ્ય ન ગણાય. ભૂતકાળમાં પર્યાવરણના નામે ખૂબ પ્રશ્નો આપણે ઊભા કરેલા અને જીઆઈડીસીએ આ પર્યાવરણ માટેની જે છે એના માટેની સામૂહિક રીતે એનું નિરાકરણ કરી શક્યા હોત. પણ નરોડામાં, નંદેસરીમાં અને વાપીમાં પણ ત્યાંના ઉદ્યોગોએ એકત્રિત થઈ અને એણે એફ્યુલન્ટ પ્લાન્ટ કર્યો. એફ્યુલન્ટ પ્લાન્ટ પણ જીઆઈડીસી શું કામ ન ચલાવે ? આજે જ્યારે તમારી પાસે ખૂબ મોટી રકમની કારણ કે, બીજી નાણાકીય સંસ્થાઓ જીએસએફસી, જીઆઈઆઈસી, જીઆઈડીસી ત્રણેયનું એકત્રિકરણ કરવાની વાત છે. એમાં જીઆઈડીસીની ક્ષમતા છે એટલા માટે થઈ અને એ એના ઉપર અવલંબિત છે પણ આ રાજયમાં જીઆઈડીસી માટે બધાને એના માટેનો આદર છે કારણ કે, એના કારણે રાજયના વિકાસમાં ખૂબ મોટું જીઆઈઆઈસી હોય, જીએસએફસી હોય કે જીઆઈડીસી હોય એના કારણે થયેલું છે. આ ઉદ્યોગોને કોઈપણ પ્રકારની જફા પહોંચે એ પ્રકારની કોઈની લાગણી હોઈ શકે નહીં. આખરે તો આ જે ગુજરાત સરકારની જે વ્યવસ્થા છે ઉદ્યોગો માટેની જે કરવામાં આવેલી છે એ ખૂબ હેતૂપૂર્વકની એ વ્યવસ્થા હતી અને એનો ખૂબ સારો ઉપયોગ થાય. લોકોને એના કારણે કનડગત કે રંજાડ થાય છે એનો અહેસાસ માત્ર ન થાય એની ઉદ્યોગ મંત્રીશ્રી કાળજી રાખે. અને માત્ર લોભમાં આવીને રાજયની તિજોરીમાં આના કારણે આવકો વધી જશે એ ભ્રમમાંથી નીકળવું જોઈએ. આવકો થવાની હોય તો પણ લોકોને રંજાડીને આવકો થાય નહીં, અને આ અધિકારી જે છે એને તમે પાવર્સ આપો છો આમાં તો એને બોલાવીને એક મહિનામાં એની પાસેથી કબૂલાત લેવામાં આવે કે તમારા ઉપરનું આ કંઈ હોય તો તમે એનો વાંધો નહીં લો એમ કરીને તમે એની પાસેથી કબૂલાત લેવા માટેનો પણ આપે તો આમાં ઉલ્લેખ કરેલો છે.કદાચ એ મૂળ એકટમાં હશે કારણકે જે અત્યારે જમીન સંપાદન માટે અન્ય રાજયની અંદર પ્રશ્નો ઊભા થયા છે એને કારણે ભારત સરકાર પણ આ કાયદાની જડતા છે સમયના બદલાવ પ્રમાણે એમાં સુધારો થવો જોઈએ અને સમગ્ર દેશનું ધ્યાન આજે આ ખેડૂતોને થતી રંજાડ પ્રત્યે ગયું છે અને પોતાના જ રાજયમાં પોતાની જ પાર્ટી આને માટે આંદોલન કરે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. કમ સે કમ ગુજરાતમાં આવું નહીં થાય. આવતા દિવસોમાં નહીં થાય એવું નથી કારણકે ખેડૂતોની જમીન એકવીઝેશન કરવા માટે જોઈન્ટ વેન્ચર કંપની કયાંક ખોલી દે. જોઈન્ટ વેન્ચર કંપનીને લેન્ડ એકવીઝેશન સાવ સરળ બની જાય છે. ૧૧ટકા તમે એમ.ઓ.યું.માં આવો જોઈન્ટ વેન્ચરમાં એટલે બાકીના જે ખેડૂતોના કિસ્સા છે એના ઉપર તમારો અધિકાર થઈ જાય આ વૃત્તિમાંથી નીકળી જવું જોઈએ રાજય સરકારે. ઉદ્યોગ મંત્રીશ્રી જયારે આ પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે રાજય સરકારનું ધ્યાન દોરું છું. જી.આઈ.ડી.સી.ના વહીવટમાં, સંચાલનમાં કાંઈ થવાનું નથી કે જી.આઈ.ડી.સી.ના સંચાલનમાં રાજય સરકાર તરફથી સગવડ આપવાને નામે આ દખલગીરી ઉભી થાય ત્યારે આવું બીલ લાવવાની જરૂર પડે છે એટલું જ મારે કહેવું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધયક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ ૧૯૬૨ ને સુધારવા અંગેનું જે વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અસ્તિત્વમાં આવ્યો અને અસ્તિત્વમાં આવ્યા પછી ગુજરાતની અંદર જી.આઈ.ડી.સી. બેઈઝ જે ઉદ્યોગો છે એની સ્થાપનાનું કદમ આપણે શરૂ કર્યું અને આપણે ચોકકસપણે કહી શકીએ છીએ કે ગુજરાતનો જે અત્યારનો વિકાસ થયો એ વિકાસની અંદર જી.આઈ.ડી.સી.ની સ્થાપનાનો અભિગમ હતો એ ખૂબ સફળ થયો અને એને કારણે જી.આઈ.ડી.સી.ની અંદર ખાસ કરીને જે નાના ઉદ્યોગો હતા એ નાના ઉદ્યોગોની સ્થાપના માટેની જમીનો મળી એને કારણે ઈન્ફ્રાસ્ટ્રકચર આપ્યા અને ગુજરાત

ઔદ્યોગિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસની હરણફાળ ભરાઈ એના માટે જી.આઈ.ડી.સી.નો ખૂબ મોટો ફાળો છે. શહેરનો વિકાસ પણ જી.આઈ.ડી.સી.ને આભારી છે. અંકલેશ્વર હોય, વડોદરાની આસપાસનો વિકાસ હોય, સુરેન્દ્રનગરનો વિકાસ હોય, વાપી સહિતનો બધા જ શહેરોનો વિકાસ જી.આઈ.ડી.સી.ને આભારી છે અને એ જમાનાને અનુરૂપ આપણે એનો પ્લાન્ડ વિકાસ કરી શકયા છીએ અને જી.આઈ.ડી.સી.ની અંદર રસ્તા, ગટર,પાણીની વ્યવસ્થા અને આગળ જતા કોમન ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધા પણ ઉભી થઈ પણ સૌથી મોટી ફરિયાદો જે રહી એ ફરિયાદ પણ એ હતી કે પેરીફેરીનું ડેવલપમેન્ટ થતું નથી. નાનો ઉદ્યોગ આવે કે મોટો ઉદ્યોગ આવે રોજગારી જરૂર મળે પણ આજુબાજુના રહેનારા લોકોને હંમેશા કોઈ ન્યુસન્સની ફરિયાદ હોય, કાયદો અને વ્યવસ્થા બાબતની ફરિયાદ હોય, ટ્રાફિકની ફરિયાદ હોય કે સૌથી મોટો પ્રશ્ન ઊભો થાય છે પોલ્યુશનની ફરિયાદનો, આવા પ્રશ્નો ઊભા થાય ચોકકસપણે આજુબાજુની જમીનના વિકાસની સંભાવના ઉભી થાય એટલે જમીનના ભાવ વધ્યા પરંતુ સાથેસાથે સૌથી મોટો પ્રશ્ન ઉભો એ થયો કે આજુબાજુની સમગ્રતયા પેરીફેરીનો વિકાસ થવો જોઈએ એ બરાબર થયો નથી એને કારણે આજુબાજુના સ્લમ ડેવલપમેન્ટ થયું પોલ્યુશનનો પ્રશ્ન થયો, પાણીના નિકાલનો પ્રશ્ન થયો કેટલાક પ્રશ્નો ઊભા થયા. ખરેખર તો જે વિકાસ થયો છે. એ જી.આઈ.ડી.સી. હોય કે મોટા ઉદ્યોગો હોય એમની જવાબદારી બને કે જે જગ્યાએ આવે એનો નેઈબર હૂડ વિકાસ છે એ સમતોલ અને સારી રીતે થાય. આપણે બધી જગ્યાએ જોયું છે કે આ પ્રકારનો વિકાસ થવાને બદલે જે ઉદ્યોગો આવ્યા એ અનેક પ્રશ્નો લઈને આવ્યા અને એ પ્રશ્નનો મુઠ્ઠીભર લોકોને લાભ થયો, જે લોકો જમીનો હોલ્ડિંગ કરી રાખે, અથવા જે જમીન હોય એ ગરીબ લોકો પાસેથી મોટા લોકો જમીનો લઈ અને આ જમીનનો ફાયદો મુઠ્ઠીભર લોકો મેળવે, પરંતુ જે ઉદ્યોગો આવ્યા હોય એની નકારાત્મક અસર છે, તે સૌથી વધારેમાં વધારે એના પડોશના એરિયામાં થાય, એના કારણે જે પ્રશ્નો ઊભા થયા એના નિકાલ માટેની જે વ્યવસ્થા ઊભી થાય તે પછી કરવી જોઈએ જે થતી નથી. અહીયા બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે અને જે આજુબાજુના પેરીફરીનું ડેવલપમેન્ટ હોય કે અંદરનું ડેવલપમેન્ટ હોય એના માટે જે વિકાસદર લેવાની કે બીજા દરો લેવાની જોગવાઈ જરૂર કરી છે, પરંતુ આ પ્રશ્નની નકારાત્મક જે વાત કરી એ નકારાત્મક બાજુઓ છે, તે નકારાત્મક બાજુઓને એડ્રેસ કરાવી શકાય, અથવા તેનો ઉકેલ લાવી શકાય એવી જોગવાઈ એમાં થયેલ નથી. હું તો ત્યાં સુધી કહીશ અત્યારની જી.આઈ.ડી.સી., પહેલા તો રસ્તાઓ રિપેર કરતી હતી, ગટર તૂટી ગઈ હોય તો બનતી હતી, ત્યાં આગળ પ્લાન્ટેશન થતું હતું અને પર્યાવરણ સારું રાખવાની વાત થતી હતી, પરંતુ અત્યારે જે જી.આઈ.ડી.સી.ની હાલત છે એ આપણા સાવકા દીકરા જેવી થઈ ગઈ. કોઈ મોટા ઉદ્યોગો આવ્યા, એસ.ઈ.ઝેડ આવ્યા અને એને કારણે હવે આપણે જી.આઈ.ડી.સી. જેણે રાજ્યના વિકાસની અંદર ખૂબ મોટું પ્રદાન કર્યુ છે, એને ભૂલી જવાની વાત આવી છે. આ બિલ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા, પોતે પણ ઉદ્યોગ અને વેપાર સાથે સંકળાયેલ છે. પોતે જાતે વિચાર કર્યો હોત તો જે પ્રશ્નો છે એનો ઉકેલ લાવી શક્યા હોત. આ બિલની સાથે એનો વિચાર થયો નથી. જે આજુબાજુની જમીન છે એ જમીનનું કન્ઝર્વેશન થાય, ખેતીની હોય કે બીજી હોય અથવા પ્લૉટની અંદર જે થાય એનો કદાચ વિકાસ થશે એ રાજ્ય સરકાર એમાંથી લે, વાંધો નહિ. વિકાસની જવાબદારી એસ.ઈ.ઝેડ. હોય તો એની છે, જી.આઈ.ડી.સી. હોય તો એની છે, મોટા ઉદ્યોગો આવ્યા હોય તો એની છે. નેઈબર હૂડના ડેવલપમેન્ટની ફરજ છે એ નેઈબર હૂડની ફરજ મોટા ઉદ્યોગો, એસ.ઈ.ઝેડ. એ તમામે બરોબર નિભાવવી જોઈએ. રસ્તાઓની જવાબદારી તેમણે ઊભી કરવી જોઈએ, પરંતુ એ થયેલ નથી અને માત્ર ટેક્સ ઉઘરાવવા માટે જે સત્તા કલેક્ટરોને હતી એ ઉઘરાવવાની સત્તા જી.આઈ.ડી.સી. સત્તા મંડળોને આપી છે, એનાથી સત્તા મંડળ તો હંમેશા ઉદ્યોગ તરફ જ અભિગમ રાખીને બેઠું હોય છે. કલેક્ટર છે એની જવાબદારી હોય છે કે આ બધાની અંદર ઉદ્યોગો કરતા લોકો તરફ વધારે તરફદારી હોય છે. પણ અહીંયા ઊલટાનો સુધારો કરી એમની સત્તા સત્તામંડળોને આપવામાં આવી છે, એ બરાબર નથી. હું ઈચ્છું કે માનનીય મંત્રીશ્રી એક કોમ્પ્રેહેન્સિવ બિલ લઈને આવે એ બિલ એવું હોય કે જેમાં નેઈબર હૂડ ડેવલપમેન્ટની જવાબદારી, પોલ્યુશન કન્ટ્રોલ કરવાની જવાબદારી, આજુબાજુની પ્રાથમિક સુવિધાની જવાબદારી, આજુબાજુના વિસ્તારને શૈક્ષણિક સુવિધાની જવાબદારી એવી તમામ જવાબદારી ઉદ્યોગો ઉપર નાખે અને એનાથી જે નકારાત્મક અસર ઊભી થાય છે, એને દૂર કરવાના પ્રયત્નો થાય, આટલાં સૂચન સાથે આ સુધારા લઈને આવે તો અમે આ બિલની અંદર સંમત થવા તૈયાર છીએ.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજયકક્ષાના ઉધોગ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના આદરણીય સભ્યશ્રીઓએ આ વિધેયક ઉપર પોતાના વિચારો રજૂ કર્યા છે. મારે તો એટલી જ સ્પષ્ટતા કરવાની છે કે આ વિધેયક તે કોઈ નવા ટેકસીસ લઈને આવ્યું નથી. જે કઈ એકટની અંદર જે જોગવાઈઓ હતી તેમાંની કેટલીક વિસંગતતાઓ દૂર કરવાના આશયથી આ વિધેયક ખૂબ મર્યાદિત રીતે લાવવામાં આવ્યું છે. જે સભ્યશ્રીઓએ પોતના વિચારો રજૂ કર્યા છે તેમાં કેટલીક સ્પષ્ટતાઓ કરી લઉ કે આજુબાજુના ખેડૂતો કે ખેતી કરતી જમીન ઉપર કોઈપણ પ્રકારના બેટરમેન્ટ ચાર્જીસ કે ડૅવલપમેન્ટ ચાર્જીસ લેવાની જોગવાઈ આ વિધેયકમાં છે જ નહીં. એટલે ખેડૂતોને આની કોઈપણ પ્રકારે અસર થાય તેવી જોગવાઈ આ વિધેયકમાં નથી. જૂની જોગવાઈઓમાં પણ બેટરમેન્ટ ચાર્જીસ નિગમને વસૂલ કરવાની સત્તા હતી અને આ નવામાં પણ નિગમને જ વસૂલ કરવાની સત્તા છે. પણ નિગમ તેને યોગ્યરીતે વસૂલ કરી શકે એટલા માટે નિયમો બનાવવાની સત્તા રાજય

સરકારને મળે છે. રાજય સરકારને તેની અપીલો સાંભળવાની સત્તા, કોઈને અસંતોષ થયો હોય તો તેની અપીલો સાંભળવાની સત્તા રાજય સરકારને મળે છે અને તેના માટે જોગવાઈ કરવામાં આવી છે. તેના રૂલ્સ અને રેગ્યુલેશન સરકારશ્રી બનાવે છે અને જે જગ્યાને નોટિફાઈડ એરિયા તરીકે જાહેર કરવામાં આવે છે તે એરિયાના ટેક્સની ૧/૩ રકમ આજુબાજુના ગામોના વિકાસ માટે વાપરવામાં આવે છે. તે મુજબ અત્યાર સુધીમાં જી.આઈ.ડી.સી.એ ૪૦ કરોડ રૂપિયા જેટલી રકમ ડી.આર.ડી.ના હવાલે મૂકી આજુબાજુના ગામોના વિકાસ માટે જી.આઈ.ડી.સી.એ પોતાની ભૂમિકા ભજવી છે. ઈન્ફ્રાસ્ટકચરને લગતા કેટલાક સૂચનો યોગ્ય રીતે થયા તેમાં જી.આઈ.ડી.સી.ની અંદર જે ઈન્ફ્રાસ્ટ્રકચર છે તેમાં રસ્તા, પાણી, ગટર અને એફ્યુલન્ટ ટ્રિટમૅન્ટ વગેરેની સુવિધાઓ માટે રાજય સરકાર દ્વારા ખૂબ ઉંચો અભિગમ લઈને ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડની જોગવાઈ કરવામાં આવી છે. ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રથમવાર જ રાજય સરકાર દ્વારા આ પ્રકારની જોગવાઈ કરીને જી.આઈ.ડી.સી.માં જે સુવિધાઓ છે અને કેટલીક જી.આઈ.ડી.સી.ઓ ૨૦-૨૫ વર્ષ પુરાની છે તે સુવિધાઓને અપગ્રેડ કરવા માટે રાજય સરકારે ૨૦૦ કરોડ કરતાં વધારે રકમ અને તેમાં ૩૫ ટકા જી.આઈ.ડી.સી.ના, ૫૦ ટકા રાજય સરકારના અને ૧૫ ટકા જી.આઈ.ડી.સી.માં આવેલ ઉદ્યોગોએ ભોગવવાના થાય છે. તેના માટે ઉચ્ચ કક્ષાએ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ થાય તેના માટે ઉચ્ચ અભિગમ દર્શાવીને આ પ્રકારના પ્રોજૅકટ મંજૂર કર્યા છે. મેં અગાઉ કહ્યું તેમ આજુબાજુના લાભાર્થીઓ છે અને ડૅવલપમેન્ટ થવાના કારણે અન્ય ઓથોરીટીમાં આ પ્રકારના બેટરમેન્ટ ચાર્જીસ લેવાની જોગવાઈઓ હોય છે, જી.આઈ.ડી.સી. માટે આ પ્રકારના ડૅવલપમેન્ટ ચાર્જીસથી આજુબાજુના જમીન ધરાવતાને સીધો કે આડકતરો લાભ મોટા પ્રમાણમાં મળતો હોય તેનો એક નાનો હિસ્સો જી.આઈ.ડી.સી. લઈને આ વિસ્તારના વિકાસમાં મદદરૂપ થાય તે પ્રકારની જોગવાઈ કરી છે. તેમાં કશું જ અજુગતું નથી. આ પ્રકારની જોગવાઈ ઓરીજીનલ એકટમાં કરવામાં આવી હતી. પણ કેટલીક વિસંગતતાઓ હતી તે દૂર કરવા માટે આ વિધેયક લઈને સન્માનનીય સભાગૃહ સમક્ષ હાજર થયો છું. સર્વે સભ્યોને મારી વિનંતી છે કે રાજયના ઔદ્યોગિક વિકાસને બળ આપવા માટે અને ઔદ્યોગિક વિકાસમાં જી.આઈ.ડી.સી. પ્રાઈમ ભૂમિકા ભજવે છે તે ભૂમિકાને આગળ ધપાવવા માટે સર્વે સભ્યો સર્વાનુમતે આ વિધેયક સર્વાનુમતે પસાર કરે તેવી નમ્ર વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યોં અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક - ૫નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક -૫ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે. મને જાણવા મળ્યું છે કે, આજે ડો. સી. જે. ચાવડાનો જન્મ દિવસ છે, એમને હું હેપી બર્થ ડે પાઠવું છું.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૭

## ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૦૭

### ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૭ના ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

* વિધેયક તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક- ૭- સન ૨૦૦૭નું ગુજરાત ખેત -ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, જેટલું ગૌરવ અને આનંદ મને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરવામાં આવે છે એટલું જ ગૌરવ અને એટલો જ આનંદ મને આજે ગુજરાતના ખેડૂતોનું હિત કરનારા, ખેડૂતોની આવકમાં ઝડપથી સુધારો કરનારા આ સુધારા બિલ લઈને આવવામાં આવે છે.

ગુજરાતને સલામત માનીને ગુજરાત, દેશ અને વિદેશના રોકાણકારો આજે રાહ જોઈને બેઠા છે કે ગુજરાત ક્યારે મૉડલ એક્ટનો અમલ શરૂ કરે અને આજે દેશમાં ૧૯ રાજયોએ આ મૉડલ એક્ટનો અમલ શરૂ કરી દીધો છે, એવા સંજોગોમાં આ પ્રગતિશીલ રાજય તરીકે આપણે અલગ રહી શકીએ નહીં એ હેતુથી અને ખેતીમાં રોકાણ થાય તો જ આ દેશ અને રાજયની આર્થિક સ્થિતિમાં સુધારો આવે, જ્યાં સુધી ખેતીમાં રોકાણ નહીં થાય ત્યાં સુધી આર્થિક સ્થિતિ, જીડીપી ગ્રોથ વગેરેમાં વધારો નહીં થાય.

જ્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી છેલ્લા પાંચ વર્ષની અંદર એક વિકાસ પુરુષ તરીકે દેશમાં ન હોય એવી અનેકવિધ વિકાસની યોજનાઓ, એ જળસંચય હોય, શહેરી વિકાસ હોય, પ્રવાસન, નિર્મળ ગુજરાત, શિક્ષણ, જયોતિગ્રામ, વન બંધુ, સાગરખેડુ આવી અનેક યોજનાઓ, જ્યારે સફળ યોજનાઓ લઈને આવ્યા હોય ત્યારે આ પણ મોડેલ એકટ પણ આ રાજયના ખેડૂતો માટેનું એક બિલ છે. આઝાદી પહેલા જ્યારે શાહુકારો દ્વારા ખેડૂતોનું શોષણ થતું હતું, ખોટા તોલ, ખોટી ઘટ-કપાત, ઊંચો વ્યાજ-દર એવી સ્થિતિમાં બ્રિટિશ શાસન વખતે પણ ૧૯૨૯માં એક રૉયલ કમિશનની સ્થાપના થયેલી અને એમાં પણ એ મુંબઈ પ્રાંતિક સમિતિએ ૧૯૩૯માં મુંબઈ ખેત ઉત્પન્ન બજાર અધિનિયમનો અમલ શરૂ કરીને પ્રમાણમાં થતું શોષણ અટકાવવાનો પ્રયાસ એ વખતે પણ થયો હતો અને ત્યાર બાદ ગુજરાત બન્યું અને ૧૯૬૩-૬૪માં આપણે હાલ એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ સમિતિ છે એનો અમલ શરૂ કર્યો અને હાલ આ માર્કેટ યાર્ડોમાં ખેડૂતો પોતાની કૃષિ ઊપજની હાલ વેચાણ દ્વારા, હરાજી દ્વારા સાચા તોલ અને રોકડ નાણાં મેળવી શકે છે. જે તે વખતે ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને જ આ એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ સમિતિની રચના કરવામાં આવી હતી. આજે પણ ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને આ મોડેલ એકટ એ.પી.એમ.સી. Reforms લઈને હું આવ્યો છું. હાલમાં ગુજરાતમાં એ.પી.એમ.સી.ની સુંદર વ્યવસ્થા ચાલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં એ વાતનો આનંદ છે કે, ૨૦૦૦ની સાલમાં જે તે વખતે માનનીય અટલજી વડા પ્રધાન હતા ત્યારે ગુજરાતના એક ખેડૂત અને સહકારી આગેવાન માનનીય શંકરલાલ ગુરુ એમના અધ્યક્ષ સ્થાને એક Experts Committee on Strengthening of Agricultural Marketing ની રચના કરવામાં આવી હતી અને એ કમિટીએ જે ભલામણો કરી એ બધી ભલામણો યુ.પી.એ. સરકારે પણ સ્વીકારીને એનો અમલ શરૂ કર્યો છે અને એ અમલ કરવા માટે કૃષિ મંત્રાલય દ્વારા જે તે વખતે આર.સી. જૈન એના સેક્રેટરી હતા એણે દેશના બધા જ સચિવોને બોલાવીને, કેંદ્રીય કૃષિ મંત્રી માનનીય શ્રી શરદ પવારે પણ દેશના બધા જ રાજયોના કૃષિ મંત્રીઓને બોલાવીને આ એકટનો અમલ કરવા માટેનો આગ્રહ કરેલો. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં મારા લેવેલે, મારા સચિવ અને ડાયરેકટર લેવલે ગુજરાતના એ.પી.એમ.સી.ના ચેરમેનો/ડિયરેકટરો, કૃષિ બજાર સંઘના હોદ્દેદારો એ બધા લોકોની સાથે ૯ વખત ચર્ચા-વિચારણા કરી છે અને ઓવર એન્ડ એબાઉ કોઈ કૉન્ગ્રેસ-ભાજપ એ.પી.એમ.સી. ચેરમેન છે એ ધ્યાનમાં લીધા સિવાય બધા જ ચેરમેન/ડિરેકટરઓને બોલાવીને આ એકટની ખૂબ લાંબી ચર્ચા થઈ છે અને એને સમજી શકે એ માટે ગુજરાતીમાં એ એકટનું ભાષાંતર કરીને બધાને છેલ્લા ત્રણ ચાર વર્ષમાં આ આખી વિગતો આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એનો અમલ કરવા માટે ભરૂચમાં રાજયની ચિંતન શિબિર દર વર્ષે મળે છે એમાં ૧૭-૧૮-૧૯ નવેમ્બરે પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ જ આગ્રહ રાખ્યો કે આ વિધેયકને આ વખતે વિધાનસભાના આ સત્ર દરમ્યાન લાવવું જોઈએ. આપણે લાવવાના છીએ એ વાત જાણીને જ ૨૦૦૭ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ થયું એમાં અભૂતપૂર્વ કુલ રોકાણ ૪ લાખ ૬૦ હજાર કરોડ થયું. ૨૦૦૩-૦૫માં એગ્રીકલ્ચર સેકટરમાં ૫ હજાર કરોડથી વધારે રોકાણ થયું ન હતું. આજે મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાત મોડેલ એકટ લાવવાનું છે એ ધ્યાનમાં રાખીને ૧૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ એગ્રીકલ્ચર સેકટરમાં આ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં આવેલ હતું. આ મોડેલ એકટ આવ્યા પછી ફુડ પ્રોસેસીંગ ઇન્ડસ્ટ્રીઝને ખૂબ પ્રોત્સાહન મળવાનું છે. વેર હાઉસીંગ, કોલ્ડ સ્ટોરેજ, મોટા ગોડાઉનો જે હાલની વ્યવસ્થા છે એમાં આ નથી, એને પ્રોત્સાહન આપવા માટે આ બધી વ્યવસ્થાથી ખેડૂતોને જ લાભ મળવાનો છે. ગ્રેડીંગ થવાનું છે, પેકેજીંગ થવાનું છે જે હાલ થતું નથી. ગ્રેડીંગ કરવા માટે માણસોની જરૂર પડશે, પેકેજીંગ કરવા માટે પણ માણસોની જરૂર પડશે, પેકેજીંગ કરવા માટેના યુનિટ કરવા માટે નવી ફૅકટરીઓ થશે આ બધું જ થવાથી રોજગારી ક્ષેત્રે પણ ફાયદો થવાનો છે અને ગુજરાત માટે તો એ અત્યંત જરૂરી એટલા માટે છે કે છેલ્લાં પાંચ વર્ષની અંદર રાજય સરકારના સઘન પ્રયત્નોના કારણે, ગાંધીનગરથી માંડીને ગ્રામ્ય લેવલ સુધીના પ્રયત્નોના

કારણે આપણે જે એવરેજ વાવેતર ૯૫ લાખ હેકટરને આપણે ૧૨૫ લાખ હેકટર સુધી લઈ ગયા છીએ એવા સંજોગોમાં વધારે ઉત્પાદન થશે અને આ ઉત્પાદન વધારે થશે તો આવતા પાંચ વર્ષની ચિંતા કરીએ તો વાવેતર વિસ્તાર આવતા વખતે ૧૨૫ લાખ હેકટરથી વધારીને ૧૩૦ લાખ હેકટરનો ટારગેટ રાખ્યો છે તો છેવટે ખેડૂતોને સહન કરવાનું આવે, ખેડૂતોને સહન કરવાનું ના આવે એટલા માટે એનો ઉત્પાદિત માલ, એનું રૂપાંતર કેવી રીતે થાય, રૂપાંતર થાય એટલે લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય એના ભાવ પણ વધારે મળે અને આ રૂપાંતર કરવા માટે વધારે લોકોને રોજગારી મળી શકે, આ હેતુથી અને નિકાસ થશે તો દેશને ખૂબ મોટા પાયા પર હૂંડિયામણ મળશે. સૌથી અગત્યની વાત હાલમાં જે વેલ્યુ એડિશન આપણે કરીએ છીએ એમાં અમેરિકામાં ૮૦ ટકા, ફુડ પ્રોસેસીંગ અને વેલ્યુ એડિશન થાય છે. ખેડૂતોનો માલ એક ટકા પણ બગડે નહિ, ફ્રાન્સમાં ૭૦ ટકા, મલેશિયામાં ૮૦ ટકા, થાઈલેન્ડમાં ૩૦ ટકા મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે આખા વિશ્વમાં વેલ્યુ એડિશન ૮૦ ટકા, ૭૦ ટકા નાના દેશ થાઈલેન્ડમાં પણ ૩૦ ટકા થતું હોય ત્યારે ભારતમાં માત્ર ૧.૩ ટકા ફુડ પ્રોસેસીંગ અને વેલ્યુ એડિશન થાય છે. પરસેવાથી, લોહી પાણી એક કરીને આપણા ખેડૂતો જે માલ ઉત્પાદન કરે છે એનું વેલ્યુ એડિશન ન થવાના કારણે બગડી જાય છે, આજે આ પ્રવૃત્તિને વેગ મળશે તો ફુડ પ્રોસેસીંગ, વેલ્યુ એડિશન થશે આપણે એક ટકામાંથી પાંચ ટકા, ૧૦ ટકા, ૧૫ ટકા આગળની સ્થિતિએ ૮૦ ટકા, ૭૦ ટકાની કરવા માગીએ છીએ પણ શરૂઆત જ નહિ થઈ હોય તો એક ટકાથી આગળ નહિ વધી શકીએ. આ મેં આંકડો કહ્યો એ ભારત દેશનો કહ્યો ૧.૩ ટકા ભારતમાં વેલ્યુ એડિશન ફુડ પ્રોસેસીંગ થાય છે ગુજરાત એમાં આજે નહિવત્ છે. આપણે એને આગળ વધારવો છે અને એના માટે જે સુધારામાં જોગવાઈ કરી છે ભલામણો કરી છે ગુરુ કમિટીએ કરી છે એ આ મુજબ છે. હાલની વ્યવસ્થામાં જે કોન્ટ્રાકટ ફાર્મીંગ, એકસપોર્ટ, એકસપોર્ટર, ઈમ્પોર્ટ, ઈમ્પોર્ટર, પ્રાઇવેટ માર્કેટીંગ, ઈ-માર્કેટીંગ, પ્રોસેસર, સ્પેશ્યલ માર્કેટીંગ, ટ્રાન્સપોર્ટેશન, માર્કેટ ચાર્જીસ, વેલ્યુ એડિશન આ બધી વ્યાખ્યા આ એકટમાં કરવામાં આવી છે. ખાનગી બજાર અધિનિયમની કલમ-૩૧(ગ)(૧)(૨)ક) અને ઈ-માર્કેટ કલમ-ગ(૧)(૨)(ખ) ખાનગી બજાર તથા ઈ-માર્કેટ કોઈપણ વ્યકિત અન્ય કોઈપણ લોકલ ઓથોરિટિ દ્વારા આ ખાનગી બજાર ઊભાં કરી શકાશે. રાજય સરકાર નિયત કરે તે મુજબ નિયામક શ્રી દ્વારા લાયસન્સ આપવામાં આવશે. ખાનગી બજાર, ટ્રેડ ઑફ ફ્રુટ એન્ડ વૅજિટેબલ પ્રોસેસીંગ યુનિટમાં નિયંત્રિત જણસીઓનો નિકાસ, નિયંત્રિત જણસીઓના મૂલ્ય વર્ધિત એકમો સ્થાપવા માટે કરી શકાશે અને આ સરકાર નક્કી કરે તે દરે માર્કેટથી લઈ શકાશે અને આ રકમ રાજયના માર્કેટીંગ બોર્ડ ધ્વારા એ.પી.એમ.સી. ના સુધારા વધારા અને વિકાસમાં વાપરી શકાશે. બીજું છે સીધી વ્યવસ્થા બજાર. કલમ ૩૧-ગ, ૨-ગ ખેડૂતોની સીધી પેદાશ ખરીદવાની વ્યવસ્થા આમાં છે. આજે ખેડૂતોને પોટલા બાંધીને ઘરેથી માર્કેટ સુધી લઈ જવા પડે છે. આપણે જાણીએ છીએ કે એક પોટલા ઉપર બીજું પોટલું અને પોટલા ઉપર માણસ બેઠો હોય અને યથાવત સ્થિતિમાં તેનો માલ માર્કેટ સુધી પહોંચતો નથી અને બગડી જાય છે. આ સીધી બજાર વ્યવસ્થામાં ખેડૂતનો માલ ખેતરેથી જ ખરીદવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને અંદાજ છે કે તેમાં ૩૦ ટકા જેટલો બગાડ અટકી જશે. વર્લ્ડ બેન્કે એક સર્વે કરાવ્યો છે અને તે મુજબ ૪૦ ટકા માલ તે એ.પી.એમ.સી. સુધી આવતો જ નથી, તો એ.પી.એમ.સી.ને તે ૪૦ ટકાની શેષ પણ મળતી નથી. એટલે આ વ્યવસ્થામાં ૪૦ ટકાની ખરીદી ખેતરથી થશે અને શેષ જે તે વિસ્તારમાંથી એ.પી.એમ.સી.ને જ મળશે. સ્પેશ્યલ માર્કેટની ખેડૂત ગ્રાહક માર્કેટની એક વ્યવસ્થા છે. ખેડૂતો પોતાનો માલ સીધા ગ્રાહકને વેંચી શકે તેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ વ્યવસ્થા કોઈ પણ નગરપાલિક, મહાનગરપાલિકા, એન.જી.ઓ. કે અન્ય કોઈ special market સંસ્થાઓ આ વ્યવસ્થા કરી શકશે. સ્પેશ્યલ માર્કેટની એક વ્યવસ્થા છે. તે કોઈ single commodity તે કોઈ પણ ફળ ફળાદી કે શાકભાજી માટેની વ્યવસ્થા ઉભી કરી શકશે. મોટા શહેરમાં જ આ વ્યવસ્થા ઉભી કરી શકશે. કૉર્પોરેશન તેનો લાભ લઈ શકશે. કોમન લાયસન્સ અત્યારે બજાર સમિતિ દીઠ લાયસન્સ લેવું પડે છે તેના બદલે કોઈ પણ વેપારી પાંચ બજાર સમિતિ પ્રમાણે એક લાયસન્સ લેશે તો ચાલશે. છેલ્લે Contract Farming - આજે મારી પાસે ઓછી જમીન છે, મારી પાસે ઈનપુટ નથી, મારી પાસે સાધનો નથી, વૈજ્ઞાનિક અને આધુનિક ખેતી કરવા માટેનો મારી પાસે અભાવ છે એવા સમયે sponsor એવા ખેડૂતો પાસેથી જઈને કોન્ટ્રાકટ કરીને એક-બે-પાંચ વર્ષનો કરીને અને તેમાં આ contract farming માં મારે સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે ખેડૂત હંમેશ માટે લાઈફ ટાઈમ આ સિસ્ટમમાં માલિક રહે છે તેની માલિકી જતી જ નથી અને જ્યારે કરાર કરે છે ત્યારે જે ભાવમાં વેચવાનો કરાર કરે છે આમાં એટલી છૂટ આપવામાં આવી છે કે જે ભાવ નક્કી કર્યા છે પણ જે તે સમયે જો બજાર ભાવ ઉંચા હશે તો ખેડૂતોને એટલી છૂટ આપવામાં આવી છે કે નક્કી કર્યા હોવા છતાં તે સ્પોન્સરોને છૂટ નથી ખેડૂતોને છૂટ છે કે ખેડૂત તે બજાર ભાવ નક્કી કર્યા કરતાં જો ઉંચા ભાવ હશે તો તેને કયાંય વેંચવા જવાની તે છૂટ આપવામાં આવી છે. ૧૯ રાજયો જ્યારે આપણાં દેશમાં આનો અમલ કર્યો હોય ત્યારે યુ.પી.એ. સરકારે પણ મને એકથી વધારે વખત જ્યારે રૂબરૂ મળીએ છીએ ત્યારે કૃષિ મંત્રીશ્રીની મિટીંગમાં પણ ગુજરાતનો જળ સંચયનો અને જ્યોતિ ગ્રામનો અને કૃષિ મહોત્સવનો ઉલ્લેખ થાય ત્યારે શરદ પવાર સાહેબ હંમેશા કહે કે ગુજરાત જેવું પ્રગતિશીલ રાજય, આટલુ બધું કામ કર્યુ છે, આટલું ઉત્પાદન કર્યુ છે એવા સંજોગોમાં આ એકટ કેમ પસાર થતો નથી. હમણાં ૨૪મી તારીખે શરદ પવાર સાહેબ પાલનપુરમાં આવ્યા ત્યારે તે વખતે પણ મને ટકોર કરી કે તમે હવે ક્યારે આ પસાર કરો છો ? ત્યારે તેમને મેં નમ્રતાપૂર્વક

જણાવ્યું હતું કે આ ૨૯મી તારીખે આ બિલ લઈને હું આ ગૃહમાં જવાનો છું અને મને આશા છે કે જ્યારે યુ.પી.એ.સરકારે પણ આ બિલ, આ વિધેયક આ Model Act નો અમલ ગુજરાતમાં વહેલી તકે થાય એવી અપેક્ષા રાખી હોય ત્યારે આ સન્માનનીય સભાગૃહના બધા સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે ખેડૂતોના હિત માટેનું બિલ છે એટલે ખેડૂતોના હિતકારી તરીકે પણ આપણે સૌ આ બિલને સર્વાનુમતે પસાર કરીએ એટલી વિનંતી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઈને આવ્યા છે એમાં એમણે જયારે એમના પ્રવચનની શરૂઆત કરી ત્યારે એમણે માનનીય મુખ્યમંત્રીશ્રીના નામ સાથે અને માત્ર ખેડૂતોના હિતની જ આ સરકાર હોય તેવી રીતની વાત કરી છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ બિલ કદાચન્ વહેલામાં વહેલી તકે આવ્યું હોત તો અમે ૧૧૦ ટકા એને આવકારવાના જ હતા, અવારનવાર અમે પણ એમ કહયું છે કે આ બિલ જો વહેલું આવ્યું હોત તો અમે એને આવકારત, પરંતુ હંમેશાં ખેડૂતોની ચિંતા કરનાર સરકાર હોય, (અંતરાય) હા, હા, બિલકૂલ એને સપોર્ટ કરવાનો છે અને તારીખ સાથે કયાં કોઈ ગયું નથી એની વાત કરવાના છીએ, સપોર્ટ કરવાના જ છીએ. મારે કહેવું છે કે તા. ૧૯-૨-૨૦૦૦ ના રોજ એક એકસપોર્ટ કમિટની રચના કરી એની પાછળનો હેતુ માત્ર એ હતો કે આ દેશને ૨૧ મી સદીમાં લઈ જઈ રહ્યા છીએ અને જયારે સમગ્ર વિશ્વ જયારે એકબીજા સાથે તાલ મિલાવવાનો હોય ત્યારે આ કરવું જરૂરી હતું અને એટલા માટે આની રચના થઈ અને સપ્ટેમ્બર, ૨૦૦૨ માં વિજ્ઞાન ભવનમાં તમામ રાજયના મંત્રીશ્રીઓ ભેગા થયા હતા અને ૩ જી જાન્યુઆરીએ આની મિટિંગ મળી હતી એમાં કૃષિ મંત્રીશ્રી અને એડીશનલ સેક્રેટરી કે.એમ.શાહના નેતૃત્વ નીચે એના માટેની સમિતિની રચના થઈ, પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ સમિતિમાં ગુજરાત સરકારે રસ ના દાખવ્યો અને આ સમિતિના સેક્રેટરી પણ એમાં હાજર રહયા ન હતા. તો આ સરકાર ખરેખર ખેડૂતોની ચિંતા કેવી રીતે કરે છે એ આ વાસ્તવિકતા છે કે તેઓ મિટિંગમાં પણ હાજર રહયા ન હતા. ૨૦૦૩ માં જયારે મોટાં રાજયો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ એવા અનેક રાજયોએ એના સકસેસફૂલી ૨૦૦૩ માં એ લોકો આ બિલ લાવ્યા એના કારણે આજે તમામ રાજયના ખેડૂતો આજે સુખી અને સંપન્ન થયા છે. માર્કેટ યાર્ડની પ્રથાથી માંડીને અનેક રીતે આવકારદાયક છે. આપણી સરકાર છેલ્લે છેલ્લે પણ ભલે મોડી જાગી અને માનનીય મંત્રીશ્રી આ બિલ લાવ્યા છે એને હું દિલથી આવકારું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ આવવાથી એક વસ્તુ ચોકકસ થશે કે જયારે વિશ્વ ૨૧ મી સદીમાં જઈ રહયું હોય, કોઈપણ દેશનો માલ જયાં સસ્તો પડતો હોય ત્યાં આગળ આવવાનો હોય, આજે આપણો જે એકટ છે એ મુજબ પણ દરવાજા પણ ડબલ્યુ. ટી. ઓ.ના ખુલ્લા થવાના છે ત્યારે આપણે પણ તમામ હરણફાળ ભરી શકીએ, ત્યારે આપણે પણ દરેક વસ્તુ ખુલ્લી કરવી પડશે. આજની માર્કેટ યાર્ડની પરિસ્થિતિ છે, એનું નિર્માણ છે, એ વેપારીની દ્રષ્ટિએ પણ હું જોતો આવ્યો છું કે જે સ્થિતિ છે અને મોડેલ એકટ એટલા માટે બધા માગતા હતા કે એના કારણે આજે ખેડૂતો માટેદ સઠમપોશી હતી એ બહુ ખુલ્લા દિલે બહુ સારી વાત કરી કે જે દિવસ બધા દેશમાં અને આજથી ૩-૪ વર્ષ પહેલાં પણ મેં કહયું હતું અને એરંડા માટેનું મેં ઉદાહરણ આપ્યું હતું કે ૪૦ ટકા ચીનમાં થાય છે એની પરખ કરીને એના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ ખેડૂતોને સારી રીતે આપી શકે છે એવી સિસ્ટમ છે. હું ગૌરવ સાથે કહી શકું કે ૧૭ ટકા દુનિયાનું વલ્ડનું પ્રોડેકશન ફ્રી ટ્રેડ ઝોનમાં ગોકુલ કરીએ છીએ એના જાતઅનુભવથી એમ કહી શકાય કે જે સ્થિતિ આપણી છે કે જેનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ કેવી રીતે મળે એના માટે મુકત બજારમાં મુકત રીતે વ્યવસ્થિત રીતે આયોજન થાય , નહીંતર જે પ્રમાણે ફોરેન બાયર્સ છે એ ૬-૬ મહિના પહેલાંથી વેપારી પાસેથી માલ લઈ લેતા હોય છે. એટલે ના તો વેપારીઓને ફાયદો થાય છે કે ના તો ખેડૂતોને ફાયદો થાય છે, માત્ર ફોરેન બાયર્સને જ એનો ફાયદો થતો હોય છે. ત્યારે આવો એકટ આવ, સુધારો આવે એ બહુ જરૂરી છે. એટલે એની અંદર ઘણી બધી બજારની સ્થિતિમાં હું ચૂંટણીલક્ષી કે બીજી વાત વાત નહીં કરતાં પોઈન્ટ ટુ પોઈન્ટ એટલા માટે વાત કરવા માગું છું કે ગઈ વખત જે સત્તાઓ આપી છે કે પેટા કલમ ૨ અને ૩ માં નિયામકશ્રી અને એની બજાર સમિતિના જાહેર કરવાની સત્તા, બજાર વ્યવસ્થા વિસ્તૃત કરવામાં ખાનગી બજાર, ઈ બજાર, અન્ય બજાર જાહેરમાં આવશે જેના કારણે બજારનું ખાનગીકરણ થશે. બોડમાં એમ.ડી.ની નવી જગ્યા ઉભી થશે, પરંતુ કોણ થશે એ સ્પષ્ટતા બિલમાં નથી. મારી વિનંતી છે કે કંપનીના સી. ઓ. જેવી જગ્યા જો રાખવામાં આવે તો આ સારી રીતે ચાલશે એવું મારું મંતવ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, પેટા કલમ ૪ માં નિયામક બજાર સેવા સર્વિસ તરીકે અને ત્યાં જ હુકમ જાહેર કરવાની સત્તા છે એમાં બજાર સમિતિ દ્વારા વિકાસ ચાર્જના નામે પૈસા ઉઘરાવવાનો અને તેનો ઉપયોગ મોડેલ માર્કેટ સિસ્ટમ વિકાસ અને કવોલિટી તેમજ સર્ટિફિકેટ માટે જરૂરી માળખા માટે સુવિધા ઊભી કરવા માટે બજાર ફી બીજી વાર લેવામાં આવશે નહીં એવી વાત કરી છે. આની જગ્યાએ જે વસ્તુ ઓછામાં ઓછા ભાવે ચાલતી હોય તે પ્રમાણે જ સમિતિમાં બજાર ફી લેવી જોઈએ. જેથી કરીને બજારનું વેચાણ વ્યવસ્થિત થાય અને વાતાવરણ ડહોળાય નહીં. ઘણી વખત એવું થાય મારો અનુભવ છે. માર્કેટ યાર્ડમાં મને ખ્યાલ છે અને એ બાબતમાં માનનીય મંત્રીશ્રીએ પણ સારો એવો સપોર્ટ કર્યો હતો. કે વીસ કે ચૌદ દિવસમાં તમે આ માર્કેટ યાર્ડમાં તમે દૂરથી લીધો હોય અને અહીં ન બતાવી શક્યા અને પુરાવા ન આપી શક્યા તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ૪૫ દિવસ એમાં કરવા જોઈએ. આજના જમાનામાં ટ્રાન્સપોર્ટના અને ભરાવાના ઘણા બધા પ્રોબ્લેમ હોય છે એટલે ૧૪ દિવસના બદલે ૪૫ દિવસ કરવા

જોઈએ. પેટા કલમ ૫ માં રાજય સરકાર બજાર કર્મચારી તરીકે અન્ય જાહેર સત્તાએ બજાર સમિતિ તરીકે રાજકીય વગ વાળાને લેવામાં ઘણીવાર સંજોગો ઉપસ્થિત થતા હોય છે. તે પણ કરવું બહુ જરૂરી હોય છે. પેટા કલમ ૬ માં રાજય સરકાર સત્તા વિકાસ તરીકે પેટા એજન્સી અથવા સંસ્થાએ નીમવાની સત્તા, મોટાભાગે સંસ્થાએ નીમ્યા હોય છે જેમાં રાજકીય સેવકો, આજે સ્થિતિ માર્કેટ યાર્ડની ચૂંટણીથી માંડીને આપણી પરંપરા છેલ્લા ત્રીસ ચાલીસ વર્ષથી આપણે જોઈએ છીએ કે જે રીતે ચૂંટણી થાય છે, તે સિસ્ટમમાં કયાંક ને કયાંક સુધારો થશે એવું તો આપણને આવનારા સમયમાં ખ્યાલ આવશે, મેં મધ્યપ્રદેશમાં જોયું છે કે સોયાબીન માર્કેટ યાર્ડ કે બીજા માર્કેટ યાર્ડ થયા અને બાજુમાં બીજા માર્કેટ યાર્ડ ઊભા થતા હોય છે અને લોકોને એમ થાય છે કે કયાં કઈ વ્યકિતને કેવી રીતે કરાય જેના કારણે માર્કેટ યાર્ડની સુવિધા મળે અને ખેડૂતોને ભાવો મળે. કલમ ૪ માં મેં કહ્યું કે ૧૪ દિવસમાં રજૂ કરવાની જગ્યાએ ૪૫ દિવસની વાત કરી તે કરવી જોઈએ અને રાજય સરકારે પેટા કલમ ૩૧ જ (૧) નીચે રાજય સરકાર સંયુકત લાયસન્સ મેળવવા માટે નિયામકને ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી ફી સહિત અરજી કરવાની વાત છે. ખેતી બજારમાં ઓછામાં ઓછા જથ્થામાં ખરીદવું જોઈએ તે આ નિયમમાં ઠરાવવાની સત્તા છે, આ જથ્થો રાજય સરકારે જાહેર કરવો જોઈએ. જેથી કરીને એક જ વેપારી એક કરતાં વધારે બજારમાં ખરીદી કરવી હોય તો તેનું આયોજન કરી શકાય. હું સુધારા રૂપે કહું છું. એ જ પ્રમાણે પેટા કલમ ચ ૩૧/૧ ના રાજય સરકાર દ્વારા સરકાર આધારિત ખેતી કારખાનાઓ નમૂનાની વિગત અને બિલોની શરતો, નિયામકની સત્તા આને કારણે રાજયમાં ખેતીના કોન્ટ્રાકટરોને ખેતીના ધંધામાં સંલગ્ન કરવા માગે તો ખેડૂતને હેરાનગતિ વધે. આ બધી સિસ્ટમમાં માર્કેટ યાર્ડનો જે એકટ આવ્યો છે તે આવકારદાયક છે તેને વહેલામાં વહેલી તકે બહુ સારી રીતે અને જુદા જુદા માર્કેટો ઊભા થશે તેની લાઈસન્સ પ્રથા પણ બહુ સારી રીતે રાખવામાં આવે જેના કારણે વેપારીઓ છે તેની ખરીદીની પ્રથા વધશે. તેના કારણે ખેડૂતોને ફાયદો થશે. હંમેશા હરીફાઈ વધે સારી કવોલિટી અને ગુણવત્તા વાળી વસ્તુ થાય તો જ હરીફાઈ વધે તો સારી અને સુવિધાયુકત વ્યવસ્થા માનનીય મંત્રીશ્રી કરશે તેની સાથે હું આ બિલને આવકારું છું.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેતી ઉત્પન્ન સુધારા વિધેયક જે ગુજરાતના લાખો ખેડૂતોના હિતમાં લઈને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને આ રાજયના ખેડૂતોના તારણહાર કૃષિ મંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા લઈને આવ્યા છે તેને અભિનંદન આપીને આ બિલમાં મારા વિચારો વ્યકત કરું છું. હું જન્મજાત ખેડૂત છું. અને વર્ષોથી ખેતી કરતો આવ્યો છે અને જે પરિસ્થિતિમાંથી હું પસાર થયો છું એ પરિસ્થિતિમાં આ જે મારી વર્ષોની હૃદયની વેદના હતી તે વેદના આજે આ બિલથી દૂર થઈ છે. ત્યારે ચોક્કસ મને આનંદ થયો છે. આજે ખેડૂતો લોહી પસીનો એક કરીને ઉત્પાદન કરે છે અને ઉત્પાદનની કિંમત મળવી જોઈએ તે મળતી નહોતી તેથી ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટેનું આ બિલ છે તેનાથી ખેડૂતોના હિતમાં આ જે ચિંતાનો વિષય હતો તે દૂર થઈ રહ્યો છે. આજે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. હું સુરતની જ વાત કરુ તો હું મારા ખેતરમાં પેદા થયેલ શાકભાજી એ.પી.એમ.સી.માં લઈને જતો હતો. તે વખતે એનો મને ભાવ પણ પૂરતો મળતો નહોતો તેના લીધે એ શાકભાજી ફેંકી દેવા પડતા હતા. એનું કારણ એ હતું કે આવા કોઈ નિયમો ન હતા. પરંતુ આજે જુદી જ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. સરકારે કૃષિરથ અને નવી નવી વૈજ્ઞાનિક ટેકનોલોજી ખેડૂતોને પૂરી પાડી એના કારણે ઉત્પાદન વધ્યું છે અને એની સાથે સાથે ખેડૂતોની આવકમાં પણ ઘણો બધો વધારો થયો છે. આપણે સૌએ એ વાત સ્વીકારવી પડશે. સુરતમાં ૬૦૦ કરોડના ખર્ચે એ.પી.એમ.સી.નું માર્કેટયાર્ડ બની રહ્યું છે જે વિશ્વનું સૌથી મોટુ છે. એના માટે ચોક્કસ કરારો કરેલા છે ત્યારે માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સુરતને હબ તરીકે જાહેર કરે કારણ કે ત્યાં કુદરતી સંપત્તિ અને આબોહવા છે. ત્યાં પોષણક્ષમ વધુ ભાવો મળશે. છેલ્લે મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલ એ ખેડૂતોના હિતમાં છે અને આપણે જ્યારે ખેતીની ચિંતા તથા ખેડૂતની ચિંતા કરતાં હોઈએ ત્યારે સર્વાનુમતે આ બિલને મંજૂર કરે તેવી વિનંતી સાથે વિરમું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેત બજાર ઉત્પન્ન સુધારા વિધેયક ૨૦૦૭, ૧૯૬૩ની કલમમાં સુધારો લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માર્કેટીંગ યાર્ડ, ખેડૂત અને વેપારી એમાં સૌથી પ્રારંભિક પ્રક્રિયા કહીએ તો ખેડૂતના ખેતરમાં માલ થાય અને એ માલ ઉત્પન્ન થાય એ પહેલા ખેડૂત એટલો બધો દેવાદાર બની ગયો હોય, એણે એના માલનું રોકાણ કર્યુ હોય, જમીન મોંઘી ખેતી મોંઘી, ખેતીની અંદર એને વળતર મળવું જોઈએ એ દિનપ્રતિદિન ઓછું થતું ગયું. સરકારમાં સર્વિસ કરતા કલાસ-૪ના કર્મચારી કરતાં એક નાનો ખેડૂત એના પાંચ માણસો સતત સવારથી સાંજ સુધી રાત દિવસ મજૂરી કરીને એ પોતાનો પરસેવો પાડીને પાક કરે પરંતુ એ પાક જ્યારે બજારમાં આવે ત્યારે એની સ્થિતિ કફોડી બની જાય છે. આજે માનનીય મંત્રીશ્રી સુધારો લઈને આવ્યા છે. કેટલાય વખત પહેલા આ લાવવાની વાત ચાલતી હતી પરંતુ મોડે મોડે પણ એ લઈને આવ્યા છે એ સારી વાત છે. ઘણી વખત એવું પણ

થતું હોય કે અમુક પ્રક્રિયા કરવામાં પણ મોડું થતું હોય છે પરંતુ આ બાબતમાં મોડું થયું પરંતુ આજે સુધારો લઈને આવ્યા એ બદલ અભિનંદન આપીશ. અને મારા બે ત્રણ સૂચનો આ તબક્કે કરીશ.

અહીંયા હમણાં જ કહેવામાં આવ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં આ લઈને આવ્યા છે. સરકાર એકસ હોય કે વાય હોય, સરકાર કોંગ્રેસની હોય કે ભાજપની હોય પરંતુ સરકારમાં બેઠેલા તમામ લોકોએ ૭૫ ટકા ખેતી આધારિત વિસ્તાર છે ત્યારે ખેડૂતોને મહત્ત્વ આપવું જ પડે ન આપે તો એ ચાલે પણ નહિ. જે તે સમયમાં માર્કેટીંગ યાર્ડોની સ્થાપના કરવામાં આવી તે વખતે ખેડૂતો ખૂબ જ રાજી થયા પરંતુ છેવટે કાગળ ઉપર શુભ આશય સાથે વાત આવી. માર્કેટીંગ યાર્ડોની સ્થાપના થઈ ત્યારે એમ હતું કે ખેડૂત છેતરાતો મટશે. ખેડૂતને સીધું માર્કેટ મળશે, ખેડૂત સીધો બજારમાં આવશે, એને સારા ભાવ મળશે. શરૂઆતમાં જિલ્લા લેવલો ઉપર માર્કેટીંગ યાર્ડો બન્યા. ત્યારપછી એમ થવા લાગ્યું કે ગામડાંના ખેડૂતે છેક જિલ્લા લેવલે માલ લઈને જવાનું એટલે ધીરે ધીરે તાલુકા મથકે પણ માર્કેટીંગ યાર્ડો થવા લાગ્યા. દા.ત. જુનાગઢની અંદર નહિ પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રની અંદર તાલુકા લેવલે માર્કેટીંગ યાર્ડો બન્યા. એનો વિકાસ થયો, યાર્ડોની રચના થઈ અને એ યાર્ડોની રચના થયા પછી મકાનો બનાવવા કેવી રીતે. રાજય સરકાર, કેન્દ્ર સરકાર અને જમીન વિકાસ બેંકનું એમાં ઈન્વોલ્વમેન્ટ થયું અને મકાનો પણ બન્યા. આ રીતે યાર્ડોની સ્થાપના થઈ પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે સૌરાષ્ટ્રના આ બધા માર્કેટીંગ યાર્ડોની પરિસ્થિતિ શું છે? સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડો જે રીતે ચાલે જે એ રીતે એ ખેડૂતોને મદદરૂપ થઈ શકે ખરા? મેં પણ મારા તાલુકામાં માર્કેટ યાર્ડની સ્થાપના કરી. છેલ્લા ૨૫ વર્ષથી હું આ માર્કેટીંગ યાર્ડના ચેરમેન, વાઇસ ચેરમેન અને સભ્ય પણ છું. મારે આપના દ્વારા કહેવું છે. કે માર્કેટ યાર્ડમાં જે સ્થિતિનું નિર્માણ થયું તેમાં જે આજે વાત આવી કે અદ્યતન ટૅક્નૉલૉજીનો અભાવ રહ્યો. દા.ત. અમારે ત્યાં નાળિયેરનું ઉત્પાદન છે. બહુ મોટા પ્રમાણમાં નાળિયેરનું ઉત્પાદન થાય છે. ખેડૂતોને એક નાળિયેર એક રૂપિયામાં મળે અને બે રૂપિયામાં પણ મળે. એ નાળિયેર બહાર બજારમાં જાય, ફાઈવસ્ટાર હોટલમાં જાય ત્યારે ૫૦ કે ૧૦૦ રૂપિયામાં એક નાળિયેરનું પાણી મળે. એક ખેડૂતને તેના નાળિયેરની ઉપજ મળી શકી નહીં. ત્યારે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આ જ્યારે ૧૯૬૩નો એકટ સુધારીને ખુલ્લા બજાર તરીકે મૂકીએ છીએ ત્યારે બે-ત્રણ વસ્તુ એ પણ જોજો કે ખુલ્લા બજારમાં આવતા વેપારીઓ ઘણી વાર મારા અગાઉના સભ્યશ્રી બળવંતસિંહભાઈ વાત કરતા હતા, વેપારી તે વેપારી છે. એ વ્યકિત વેપાર કરશે ત્યારે પોતાના પ્રોફિટ સાથે, પોતાના નફા સાથે કરવાનો છે, પણ આપણે ખેડૂતોની ચિંતા કરીએ છીએ. ત્યારે ખેતીમાં જે માલ થાય તેને ખેતી સસ્તી પડે અને ખેડૂતો પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકે એ બાબતે માનનીય મંત્રીશ્રી આપે આમાં ઘણું લીધું છે. એટલે હું લાંબી વાત નહીં કરું. પણ એ બાબતે પણ આમાં આપ જોશો. બીજી વાત કહેવી છે કે બક્ષી પંચના જે તાલુકાઓ છે કેમ કે જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિ જુદી છે. આજે સભ્યશ્રી નારાયણભાઈ અહીં હાજર છે. તેમનું ઉંઝા માર્કેટ યાર્ડ છે. તેની તુલના બીજાં માર્કેટ યાર્ડ સાથે કરો તો આસમાન-જમીનનું અંતર રહેવાનું છે. જ્યારે પછાત તાલુકાના માર્કેટયાર્ડો છે, પછાત તાલુકાની જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે અને ૨૧મી સદીની વાત કરીએ તો તે આજે ૧૮મી સદી સાથે તાલ મિલાવી રહ્યા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવા તાલુકાઓને આઈડેન્ટીફાઈ કરીને આ તાલુકાને પણ જુદા કરીને તેને વધુ સવલતો મળે. એક દીકરો ૧૦૦ કિલોમીટરની ઝડપે દોડતો હોય અને બીજો દીકરો થોડોક લંગડાતો હોય તો બન્ને દીકરાને હરિફાઈમાં ભેગા રાખીએ તો ૧૦૦ કિલોમીટરની ઝડપવાળો દીકરો દોડવાનો છે. તો મારી વિનંતી છે કે આવા જે પછાત તાલુકાઓ છે તેને આઈડેન્ટીફાઈ કરીને આવતા દિવસોમાં આપણે સૌ ભેગા મળીને આ ખેડૂત સમૃદ્ધ બને તે માટે પ્રયત્નો કરીએ. ખેડૂત સમૃદ્ધ બનશે તો રાજય સમૃદ્ધ બનશે. ત્યારે બે-ત્રણ વાત કરી. કો-ઓપરેટીવ સંસ્થાઓને લૂણો લાગ્યો છે. ક્યાંક ચૂંટણીઓની પ્રક્રિયા, રાજકીય ચૂંટણીઓમાં, કો-ઓપરેટીવ ચૂંટણીઓમાં રાજકીય ચંચુપાત ન હોય પણ દિનપ્રતિદિન આ પક્ષ કે આ પક્ષ, હું પક્ષ પૉલિટિક્સથી પર થઈને કહીશ કે જે રાજકીય ચૂંટણીમાં, કો-ઓપરેટીવ ચૂંટણીમાં જે ચંચુપાત વધ્યો, અધિકારીઓને મત આપવાની જે સત્તાઓ આપી છે ત્યારે બે-ત્રણ વાત એ પણ કહીશ કે માનનીય ભૂપેન્દ્રભાઈ આપ બહુ જ ઝડપથી આગળ વધી રહ્યા છો ત્યારે એક નવું બિલ પણ લઈને આવો. દૂધ ડેરી હોય, કો-ઓપરેટીવ સંસ્થા હોય, માર્કેટ યાર્ડ હોય તેમાં, સિદ્ધાર્થભાઈ તેમનું પ્રાઈવેટ બિલ મૂકી ન શક્યા પણ ફરજિયાત ૩૩ ટકા નહીં પણ ત્રણ-ચાર મહિલાઓને ફરજિયાત લેવી. એટલા માટે કે ખેતીમાં ખેડૂત કામ કરે છે તેના કરતાં સવારથી સાંજ સુધી એ મહિલા કામ કરે છે. ડેરીની વાત કરીએ તો ડેરીનું વ્યવસ્થિત આયોજન ભાઈઓ કરતા હોય પણ ડેરીનું સંચાલન અથવા દૂધ જો ડેરી સુધી પહોંચતું હોય તો સવારમાં ૪-૦૦ વાગ્યામાં ઉઠીને બહેનો રાત-દિવસ કામ કરીને દૂધને ડેરી સુધી પહોંચાડે છે. ત્યારે મારી એ વિનંતી છે, સુધારો આમાં નથી પરંતુ આપ એ પણ લઈને આવો એવી વાત સાથે આ બિલને હું સમર્થન આપું છું અને આ બિલને કાગળમાં પણ ક્યાંક આઘું પાછું રહ્યું હોય તો ભેગા મળીને ફરીથી આ વાત થાય એટલી મારી વિનંતી છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી લઈને આવ્યા છે તેને સમર્થન આપવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના દંડક અને વિરોધપક્ષના સભ્યોએ પણ આ બિલને સમર્થન આપ્યું છે તે જોઈને હું ખુશ થયો છું. કેન્દ્રના કૃષિ મંત્રાલયે પણ નિયંત્રણ અને એકાધિકરણ દૂર કરી સ્પર્ધાત્મક બજાર વ્યવસ્થા ઉભી કરવા માટે આ મૉડલ એકટ

બનાવ્યો છે. મૉડલ એકટ માટેની અનેકવિધ મિટિંગો થઈ છે. આપણા જ કૃષિ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે અટીરામાં સૌથી પહેલી મિટિંગ કરી. તેના પછી પરિસંવાદો રાખ્યા. ટાગોર હૉલમાં પરિસંવાદો રાખ્યા પછી આપણે ગુજરાત વેપારી મંડળોમાં અને અમારા અમદાવાદ નિયંત્રણ બજાર સંઘના હોદ્દેદારો સાથે ૫-૬ વખત મિટિંગો કરી અને દરેક પાસાઓનો ખૂબ જ ઊંડો અભ્યાસ કર્યા પછી આ બિલ લાવવામાં આવ્યું છે. અહીંયાં ગુજરાત નિયંત્રણ બજાર સંઘના હોદ્દેદારોએ પણ મોટાભાગે એમાં સંમતિ આપી છે. પણ છેલ્લે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિંતન શિબિરમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૭માં પણ ચર્ચા કરેલ. આમાં નીચેની જોગવાઈઓ છે. ખાનગી માર્કેટ, ખાસ બજાર, ઈ-માર્કેટ, સીધી ખરીદી બજાર વ્યવસ્થા, સિંગલ પૉઈન્ટ લેવી, કોન્ટ્રાકટ ફાર્મિંગ, વિવિધ પાસાઓનો અભ્યાસ કર્યા પછી અહીંયાં માનનીય કૃષિ મંત્રીશ્રીએ બિલની રજૂઆત કરી છે. આ બિલમાં ખાનગી માર્કેટ બાબતમાં અમારી સંમતિ હોય જ, એમાં ના નહીં. પણ એમાં અમારું સૂચન છે. સિંગલ પૉઈન્ટ લેવી કોઈપણ બજાર વ્યવસ્થા માટે હોય પણ બજાર અધિનિયમ હેઠળ ખેત બજાર સમિતિઓને અધિકારો છે એ અધિકારો ઝુંટવાઈ ન જાય એનું કૃષિ મંત્રીશ્રી ધ્યાન રાખે એવું અમારું સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું કામ માટે કોઈ એક માણસ ૫ માર્કેટનું લાઈસન્સ લે અને આ સ્પર્ધાત્મક જમાનામાં કદાચ એ પાર્ટી ડિફોલ્ટ થાય તો એની અસર આ ચારથી પાંચ બજારમાં થાય. જેના કારણે બજારમાં ચીટિંગ થવાનો ભય રહેલો છે. જ્યારે કાયદો બનાવીએ ત્યારે ચોક્કસાઈ રાખીને નિયમ બનાવવામાં આગળ વધવું જોઈએ એવું અમારું સૂચન છે. બાકી સર્વાંગી રીતે જોઈએ તો આ બિલ ખેડૂતોના ખૂબ હિત માટે જ છે. આ સ્પર્ધા માટે વેપારીઓ અને ખેડૂતો વચ્ચેનો વચલો વર્ગ જતો રહેશે. ખેડૂતનો સીધો જ સંપર્ક જેને ખરીદવું હશે એનો રહેશે. એના કારણે ખેડૂતોના ઉત્પાદનના ભાવ ઊંચા આવશે અને એમને પોષણક્ષમ ભાવ મળવાના કારણે લોકો ખેતી પ્રત્યે આકર્ષાશે અને ખેતી એક ઉદ્યોગ બનશે. એવું હું અત્યારે માની રહ્યો છું. કોઈપણ નવી પ્રથા આવે ત્યારે ઘણા માર્કેટ યાર્ડોને ગમતું હોય છે અને ઘ ણાને ગમતું હોતું નથી. અને એમાં ખેડૂતોનું હિત જળવાયેલું હોય અને ખેડૂતોનું હિત જળવાતું હોય તો એવા બિલને ટેકો આપવો જોઈએ. હું મારા હૃદયથી આ બિલને હાર્દિક ટેકો આપું છું. જય હિંદ, જય ભારત.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી ૭ નંબરનું ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે બિલની ઘણા સમયથી ચર્ચા થતી હતી. પણ હમણાં જેમ બહેને કહ્યું એમ આપણે ખેડૂતોનું હિત જોયું છે અને આ બિલ પાછળ, મારો તાલુકો ખેતી અને કૃષિ ઉત્પાદનમાં બહુ મોટો તાલુકો છે જેનો ખેડૂતોને સંપૂર્ણપણે લાભ થવાનો છે. ઘણા લોકોએ એમ કહ્યું છે કે, મોટી કંપનીઓ આવશે અને આ આવશે. પણ એમાંથી તો હરીફાઇ થવાની છે. જે મોટી કંપનીઓ આવશે તો જેમ મારા માલનો એક ઘરાક હોય તો લેનાર કહે ભાવે મારે વેચવું પડતું હોય છે. પણ જો એના ચારથી પાંચ લેનાર માણસો હોય તો એ માલનો માલિક કહે એ ભાવ મળતો હોય છે. એટલે કે એની હરીફાઇ થાય. અને એનો સીધો ફાયદો ખેડૂતને થવાનો છે. મંત્રીશ્રીએ હમણાં એમ કીધું સાહેબ, એમાં બહુ સ્પષ્ટ જોગવાઈ છે. કરાર આધારીત ખેતીની એનો મારે એક નમૂનો કહેવો છે. મારા તાલુકામાં ઉટીમાંથી જે લસણ પકવતા વેપારીઓની ઓફીસ હળવદ તાલુકામાં છે. જે મોટું લસણ આવે અને ડુંગળીના વેપારીઓની પણ ઓફીસો છે. ગયા વખતનો બાવન રુપિયાનો કરાર હતો જ્યારે ભાવ વધ્યા એણે ૯૨ રુપિયા ભરી દીધા. ૯૨ રૂપિયાનો સુધારો કર્યો અને આજે જે આવતા વર્ષની ડુંગળીનો એ ઓફીસની અંદર કરાર થયો છે. ૮૨ રુપિયા, એ ૮૨ રુપિયે બિયારણ ખેડૂતને પણ આપ્યું છે અને ખેડૂતને વાવવાનું જે તે સમય ઉત્પાદન કરે એટલે એને ૮૨ રુપિયાનો ભાવ લેવાનો અને આવા કરાર આધારીત આમાં આપણે બધા હિસાબ અને ગણિત મૂકીને ખેડૂતો કરાર કરતા હોય છે પણ આ બિલની પાછળ જ આ બિલમાં વર્ષે ૨ વર્ષે, ૩ વર્ષે જે પરિણામ આવશે. હું એમ કહું છું કે અનેક રાજયોની અંદર આ બિલનો અમલ થયો છે પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રીનું જે કૃષિ ઉત્પાદન અને કૃષિ પાછળનો ધ્યેય છે, ખેડૂતો માટેની જુદી જુદી પદ્ધતિના અખતરા પાછળનો ધ્યેય છે તો આ રાજય એમાં બીજા રાજયો કરતા સારામાં સારું પરિણામ મેળવવાનું છે. મારે એક જ દાખલો દેવો છે કે મારા તાલુકામાં માર્કેટ યાર્ડ ૪ વર્ષ પહેલા જ ચાલુ થયું છે. ૨૦૦૧ સુધી તો અમે રાજય સરકારમાં જમીન માટે કેસ લડયા અને રાજયના મુખ્યમંત્રીશ્રી આવ્યા અને મેં તરત ફાઈલ મૂકી તો એમણે આખો વિવાદ જે હતો, પૈસા કોઈપણ સંજોગોમાં હળવદ માર્કેટ યાર્ડ ભરી શકે એમ જ નહોતું પણ રાજયના ખેડૂતોના હિતમાં અને હળવદ તાલુકાના ખેડૂતના હિતમાં આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જમીન એમનેમ આપી. ખાલી તમે ટોકન ભરી દો અને આ માર્કેટ યાર્ડ આ તાલુકામાં બનવું જોઈએ અને જેની આજે ૬૦ લાખ રુપિયા માર્કેટ યાર્ડની છેલ્લી આવક આ વર્ષની છે. તો મારે આ બિલને અને આ બિલની અંદર રાજયના ખેડૂતોને જે કંઈ લાભ મળવાનો છે એના પરિણામે ખરેખર આ ગૃહમાં કહુ છું આપણે ૨ વર્ષ પછી જોઈશું કે આના પરિણામ શું મળ્યા અને શું ફાયદો થયો. જેની પાછળ પુષ્કળ ફાયદો થવાનો છે અને ખેડૂતોનું એમાં હિત જળવાવાનું છે. તો આ બિલને માટે ધારાસભ્ય તરીકે હું મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક : ૭, સન ૨૦૦૭નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક લાવ્યા છે. મારા અગાઉના બધા વકતાઓએ સમર્થન આપ્યું છે. કૃષિ મંત્રીશ્રી જે માર્કેટ યાર્ડમાં જરૂરી સુધારાઓ સમય પ્રમાણે કરવાના હોય એ બિલ લાવ્યા

છે. એનું હાર્દ આપણે સમજીએ પણ હમણાં ચંદ્રિકાબેને કહ્યું એ પ્રમાણે કે કોઈક માર્કેટીંગ યાર્ડો ખૂબ સદ્ધર સ્થિતિમાં હોય અને નબળા ઢોરને બગાઈઓ જાજી એવી અમારે ત્યાં કચ્છમાં માર્કેટ યાર્ડની પરિસ્થિતિ છે. ખેડૂત ખેત ઉત્પાદન કાળી મજૂરી કરીને મેળવે, મેઘરાજાની મહેરબાની હોય તો મેળવે, આપણે એમ કહીએ કે હું નસીબદાર છું, કે માનનીય કૃષિ મંત્રીશ્રી નસીબદાર છે કે રાજયના મુખ્યમંત્રી નસીબદાર છે. એ તો સંયોગની વાત હોય પણ સારો વરસાદ થાય તો સારું ઉત્પાદન મળે પણ એ ઉત્પાદનના ભાવ જો ખેડૂતોને ના મળે એ ચલાવી શકાય નહીં. મારા વિસ્તારમાં સતત ૪ વર્ષથી સારો વરસાદ થાય છે અને અમે ૧૯૯૦ થી ૧૯૯૮ની અંદર જે જળ સાચવવાની વરસાદી પાણીની વ્યવસ્થા કરી છે એના કારણે ઉત્પાદન મળ્યું છે. ગયા વર્ષે જીરાના ભાવ ૨૨૦૦ રુપિયા અને અમારો માલ જાય ઉંજાના માર્કેટ યાર્ડમાં. કારણ કે ત્યાં સ્થાનિકમાં માર્કેટ યાર્ડની પરિસ્થિતિ એવી છે કે ખેડૂતોને ત્યાં જવાનું મન ન થાય અને કોઈ વ્યવસ્થા પણ નહિ. આ વર્ષે સિઝન ખૂલી ત્યારે વેપારીઓ પાસે માલ હતો એના ૩૨૦૦ રૂપિયા ૪૦ કિલોના ઉપજ્યા. અત્યારે ૪૫૦૦ રૂપિયા ઉપજી રહ્યા છે. વિચાર કરો કે ગયા વર્ષે એ ખેડૂતોને કેટલો ઓછો ભાવ આવ્યો? જો માર્કેટ યાર્ડની વ્યવસ્થા આમાં જે વિચારવામાં આવી છે, તેનું શીતકેન્દ્ર, સુએઝ કેન્દ્ર કે બેંકીંગ ફેસેલિટી આ બધાની આ એક્ટ બનેલો ત્યારથી વ્યવસ્થા વિચારવામાં આવેલી છે. પણ એનો અમલ ક્યાં થાય છે? નાના માર્કેટ યાર્ડો છે એના ઉપર માનનીય મંત્રીશ્રી ખાસ ધ્યાન આપે. એના માટે સેમિનાર કે એવું હોય તો એમાં બોલાવીને એમને સમજ પણ આપે. રાજકીય આટાપાટામાં એમના પોતાના જ પક્ષમાં હમણા અંજારના માર્કેટ યાર્ડનો માનનીય મંત્રીશ્રીને ખ્યાલ હશે. અહીંથી ઑર્ડર જાય અને સરકારી ડાયરેકટરો એની અંદર હોય.(અંતરાય) એવું બીજામાં ન બને એની કાળજી લેજો. (અંતરાય) સહકારી ખાતું એવું છે કે ચોક્કસ હેતુ માટે ખેડૂતોને ઉપયોગી થવા માટેનું ખાતું છે. અહીંથી સરકાર તરફથી આદેશ થાય અને ડાયરેકટરો જેને મત આપવાનો અધિકાર હોય એવા અધિકારીઓનો ઉપયોગ કે દુરુપયોગ કરે એ ઉચિત નથી. આપને પોતાને અનુભવ છે. એટલા માટે અંજારના માર્કેટ યાર્ડની વાત કહી. એનું આત્મમંથન કરજો કે શું થયું છે? આ રીતે ખેડૂતો માટેની જે વ્યવસ્થા હોય એના અંદર કમસે કમ રાજકીય આટાપાટાની લડાઈ બંધ થાય એ પ્રકારનું આપ વાતાવરણ કરો એટલું મારે આપના મારફત કહેવાનું છે.

**શ્રી ૩૧૫/page>અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત ખેત ઉત્પાદન બજાર સુધાર વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, "દેર સે આયે લેકીન દુરસ્ત આયે" મોડું લઈ આવ્યા પણ લઈ આવ્યા ખરા. કારણ કે જે વૈશ્વિક પડકારો ઊભા થયા એ વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે ઘણા બધા કાયદા-કાનૂનોમાં આપણે સુધારા, અભિગમોમાં સુધારા લાવ્યા એ બધું જ ખૂબ જ જરૂરી હતું. ૨૦૦૩માં નિર્ણય થયો અને લગભગ ૧૯ જેટલા રાજ્યોએ એ પ્રમાણે સુધારા કર્યા. પરંતુ આપણે જે અભિગમોની અંદર હંમેશા પ્રગતિશીલ રાજ્ય રહ્યા એ રાજ્યમાં આપણે એમાં મોડા પડ્યા. કારણ શું હશે એ માનનીય મંત્રીશ્રી જાણતા હશે. • *(xxxxxxxxxxxxxxxxxxxxx xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx xxxxxxxxxxxxx)

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરું છું મોડુ બિલ આવ્યું છતાં અમે આવકારીએ છીએ અને એટલા માટે કે હંમેશા સુધારાઓની અંદર ગુજરાત પ્રથમ રહ્યું છે. દરેક સુધારાઓ હોય, દરેક અભિગમો નવા હોય એમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. સહકારી પ્રવૃત્તિનો પાયો પણ ગુજરાતમાંથી નંખાયો અને આ એ જ સહકારી પ્રવૃત્તિ છે કે માત્ર દેશને નહિ વિશ્વને નવી દિશા બતાવી હોય તો ગુજરાતના સહકારી ક્ષેત્રે બતાવી છે અને હું આ તકે જે પાયો સહકારી પ્રવૃત્તિનો નંખાયો અને આપણે સહકારી શતાબ્દી પણ ઉજવી એ સહકારી શતાબ્દીના પાયાની અંદર ભારતની અંદર પણ ગુજરાત રહ્યું છે અને આ સહકારી પ્રવૃત્તિને વડવાઓએ જેણે તમામે પોતાના અંગત સ્વાર્થો ત્યજીને સામૂહિક અભિગમ અપનાવી દેશને અને વિશ્વને નવી દિશા બતાવી છે એ સહકારી પ્રવૃત્તિ એક જ ક્ષેત્રમાં મર્યાદિત નહોતી રહી, એ સહકારી પ્રવૃત્તિ અનેક ક્ષેત્રોમાં પહોંચી અને ગુજરાતનો આજનો વિકાસ છે એ આ સહકારી પ્રવૃત્તિના વડવાઓના કમિટમૅન્ટના કારણે અને એનો જે વિકાસ થયો એના કારણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સહકારી પ્રવૃત્તિનો જે વિકાસ થયો એમાં જે આપણા ખેતી, એગ્રીકલ્ચર માર્કેટ પ્રોડ્યુશ એ.પી.એમ.સી. થયા, ખેતીવાડી ઉત્પાદનો માટેની માર્કેટ કમિટી બની. સહકારી ધોરણે એનો બહુ મોટો ફાળો આપ્યો અને એના કારણે આ જે એપી.એમ.સી.ના ક્ષેત્રોમાં પણ ગુજરાત દેશમાં સૌથી અગ્રણી રાજ્ય બન્યું છે અને એના કારણે નગરોની ઓળખ પણ બની. માનનીય નારાયણભાઈ અહીંયા બેઠા છે એના વડવાઓએ, એમણે બધું કામ કર્યું એના કારણે આજે ઉંઝાની ઓળખ બની અને ઉંઝા માર્કેટ યાર્ડ આખા દેશ અને એશિયાની અંદર એક નમૂનેદાર બની છે. એવું જ અમારા ડિસાનું, ગોવાભાઈ અહીંયા નથી પણ એજ કક્ષાનું માર્કેટ યાર્ડ બન્યું. અમારા રાજકોટ, ગોંડલ હોય કે અમદાવાદનું માર્કેટ યાર્ડ હોય એ આ પ્રકારના માર્કેટ યાર્ડ બન્યાં એણે એક નવી દિશા આપી છે અને જે ખેડૂતોનું શોષણ થતું હતું એ અટકાવવા સૌથી મોટો ફાળો કોઈનો હોય તો એ

• *( xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.

સહકારી ધોરણે વિકાસ પામેલ આપણા માર્કેટ યાર્ડ છે અને એના કારણે જે ખેડૂત ભાવમાં અને તોલમાં બંનેમાં નુકસાનમાં જતો હતો એ ખેડૂતને ફાયદો થયો અને એનું સંચાલન પણ ખેડૂતોએ કરી બતાવ્યું. એટલું જ નહિ પણ ખેડૂતોએ આવી સહકારી સંસ્થાઓનું, વેપારી સંસ્થાઓનું બહુ સારી રીતે સંચાલન કરી શકે છે એવું દેશ અને દુનિયાને એમણે પ્રતિપાદિત કરી બતાવ્યું. માર્કેટ યાર્ડ જે વિકાસ પામ્યાં છે અને એને કારણે જે ખરીદી કરવાવાળા બહારથી લોકો આવે એને પણ કયાંય દુકાને દુકાને કે પેઢીએ પેઢીએ જવું ના પડે. એ માર્કેટ યાર્ડમાં આવે ખરીદીને લઈ જાય એનો લાભ એમને અને ખેડૂતને પણ મળે. આ એક નવું મોડેલ ગુજરાતે આપ્યું છે, પણ મેં કહ્યું એમ વૈશ્વિક તરાહો બદલાતા અને એને માટે મારે એ પણ યાદ કરવું જોઈએ કે આપણે કાયદો તો લાવ્યાં પણ કેન્દ્ર સરકારે ટૅક્નૉલૉજી મિશન ઓન કોટન બનાવેલ છે એની મારફત જે માર્કેટ યાર્ડો છે અત્યારે એની સુધારણા કરવા માટેના પ્રયત્નો પણ થાય. મારે યાદ કરવું જોઈએ કે અત્યારે જે ગુજરાતની અંદર કપાસનું ઉત્પાદન થાય છે પણ એની જે રૂની કવોલિટી બને. અને પછી જે વેચાણ વ્યવસ્થા થાય અને એના પછી પ્રોસેસીંગ વ્યવસ્થા થાય એમાં પણ આ જે ટૅક્નૉલૉજી મિશન કૉટન છે એણે ઘણો મોટો ફાળો આપ્યો છે. આજે ગુજરાતમાં આ માત્ર ત્રણ વર્ષના ગાળામાં જ્યારથી ટૅક્સટાઈલ મંત્રીશ્રી તરીકે શંકરસિંહ વાઘેલા આવ્યા છે ત્યારથી સમગ્ર દેશમાં જે આ માર્કેટીંગ યાર્ડોમાં જે ઈમ્પ્રુવમેન્ટ કરવાના છે, કૉટન યાર્ડો એમાં સૌથી વધારેમાં વધારે કેન્દ્ર સરકારની સહાય આ ત્રણ વર્ષોમાં મળી છે. આખા દેશમાં મળી છે એના પચીસ ટકા એકલા ગુજરાતે લાભ લીધો છે. પણ ચંદ્રિકાબેને વાત કરી એ પ્રમાણે એમાં પણ રાજનૈતિક દૃષ્ટિ નહીં રાખવી જોઈએ. એમાં પણ વિશાળતાથી જે પરિવર્તનો જે જે કરવા માગે છે એ સ્વીકારવા જોઈએ. અને એટલા માટે આ જે એકટ આવ્યો છે એ થોડો મોડો આવ્યો. ગુજરાતે વહેલો અભિગમ દાખવવાની જરૂર હતી. વૈદ્યનાથન્ કમિટીએ અહેવાલ આપ્યો એ અહેવાલ આપ્યા પછી ૧૪,૦૦૦ કરોડ રૂપિયાની સ્કીમ બની એમાં ૧,૨૦૦ કરોડ ગુજરાતને મળવાના હતા. વહેલું જો આપણે એમ.ઓ.યુ. કરી દીધું હોત અને મલ્ટી સ્ટેટ, જે આપણા સહકારી કાયદાઓમાં સુધારણાઓ કરવાના છે એ રિફોર્મસ કર્યા હોત તો આજે સહકારી પ્રવૃત્તિ વધારે તંદુરસ્ત થઈ હોત પણ એમાં માનનીય સહકાર મંત્રીશ્રી છે એમણે જાતે નિર્ણય લેવાય, એમાં ગૃહ વિભાગના મંત્રીશ્રીને પૂછવા જાય કે એની સલાહ પ્રમાણે ચાલીએ તો સહકારી પ્રવૃત્તિ સારી રીતે ચાલી ન શકે. એટલા માટે કહું છું કે, અહીંયા એવી છાપ છે ( અંતરાય ) આ બિલનો હાર્દ જ છે એટલે એમાં દૃષ્ટિ આપણી વિશાળ હોવી જોઈએ. જે વૈદ્યનાથન્ કમિટીએ અહેવાલ આપ્યો છે અને સહકારી પ્રવૃત્તિ સુધારવી હશે તો રાજય સરકારે એના ભાગમાં આવતો ૧૫૦ કરોડ રૂપિયાનો ફાળો આપવો પડશે. એમાંથી પાછા હટીશું તો એનો અમલ કરવામાં મુશ્કેલી પડશે. સહકારી પ્રવૃત્તિ, માર્કેટીંગ યાર્ડ બધી વ્યવસ્થાઓ આપણી નજર નીચે જ બરાબર ચાલે છે એ ખ્યાલમાંથી બહાર નીકળી જવું જોઈએ અને એમાં આપણા માણસો નહીં હોય તો નહીં ચલાવવા દેવું જોઈએ એ ખ્યાલમાંથી બહાર નીકળી જવું જોઈએ. જેમ અહીંયા આપણે આ ખ્યાલમાંથી બહાર આવી ગયા અહીંયા કે, પ્રોસેસીંગ ઉદ્યોગ છે એ વિકસાવવો હશે, ખેડૂતોને જો પોષણક્ષમ ભાવો મળે એવી વાત કરવી હશે તો આપણે નવો અભિગમ, નવી દૃષ્ટિ હંમેશા એને આવકારવી પડશે. આપણે વિદેશમાં જતા હોઈએ છીએ અને વિદેશમાં જતા હોઈએ ત્યારે એક ગરીબ માણસને જે ખાવા મળે એજ કરોડપતિ માણસ ખાતો હોય છે. કરોડપતિ અને ગરીબ માણસ માટે ભેદ એટલો જ હોય છે કે, એને રહેવાની અને બીજી વ્યવસ્થા બરાબર હોય છે પણ એને જે ખાવાનું મળે છે એ તમામની કવોલોટી એક સરખી મળે છે. આપણને એમ થાય કે, આપણા દેશમાં એવું શું કામ નથી બનતું ? આપણા દેશમાં શહેરમાં રહેતો બાળક હોય એને સારું ખાવાનું મળે એને ગ્લેકસોનું બિસ્કિટ મળે અને જે ગામડાનો છે એને ઊતરતી કવોલીટીનું બિસ્કિટ મળે, ઊતરતી કવોલીટીની ચૉકલેટ મળે કે ઊતરતી કવોલીટીની મીઠાઈ મળે ? આપણા દેશમાં શું કરવા નથી થતું ? એટલા માટે નથી થતું કે એનું ઉત્પાદન છે એના માટેની કવોલીટી છે એના ઉપર જે કન્ટ્રોલ હોવો જોઈએ એ કન્ટ્રોલ આપણો રહેતો નથી. એટલા માટે ઊતરતી કવોલીટીની જે કોઈ વસ્તુ છે એ ગરીબ માણસોને મળે અને સારી કવોલીટી છે એ સારી કવોલીટી, સારા લોકોને મળે. માનનીય અધ્યક્ષશ્રી , આ એક અભિગમ આપણે પણ બદલવો પડશે કે કવોલીટી જે છે એ ઉત્પાદનની કક્ષાએ જ આપણે એને કન્ટ્રોલ કરવું પડે. આ બિલ છે એનાથી ઉત્પાદનની કક્ષાએ જ કન્ટ્રોલ થઈ શકે. એ ઉત્પાદનની કક્ષા છે, લેવલ છે એ ખેડૂતોનું હોય કે, પ્રોસેસીંગનું હોય. આપણા બટાટા છે એની પોટેટોની ચીપ્સ ન બની શકે સારી કવોલીટીની એટલા માટે કે પોટેટો છે આપણા ઉત્પાદનની કક્ષાએથી એના ઉપર નિયંત્રણ આપણું પૂરું નથી. ખેડૂતોને એવું પ્રોત્સાહન નથી મળતું અથવા તો જે એક્ષપર્ટ એને જે મદદ મળવી જોઈએ આ બિયારણ સહિતની મદદો એને ત્યાં એ કક્ષાએ નથી મળતી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આ જે બિલ છે એમાં એની જોગવાઈ થયેલી છે અને એના કારણે જે કક્ષાએ ઉત્પાદન થાય એ દરેક કક્ષાએ એને વૈશ્વિક કક્ષાનું માર્ગદર્શન અને વૈશ્વિક કક્ષાનું ઈનપુટ મળવાની સંભાવના છે. આપણે સહકારી પ્રવૃત્તિની અંદર જેમ કર્યું હતું એવું નહીં કરીએ તો આ બીલથી જરૂર ફાયદો થશે અને તો આપણા બટેટા અને ડુંગળી વિદેશ જઈ શકવાના છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સંસદીય વિષય પરના પ્રકાશનોના વિમોચન અંગે

આજરોજ વિધાનસભાના પહેલા માળે આવેલા પોડીયમમાં સંસદીય વિષય પરના પ્રકાશનોના વિમોચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સંપન્ન થાય તે માટે હું ગૃહને કાર્યક્રમ પૂરો થાય ત્યાં સુધી મોકૂફ રાખું છું. આપને કાર્યક્રમની નિમંત્રણ પત્રિકા મળી હશે જ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ફરીથી આપ સૌને આમંત્રણ આપું છું. આ કાર્યક્રમ પૂરો થયા પછી સભાગૃહનું કામકાજ શરૂ થશે. માનનીય અર્જુનભાઈ,આપનું પ્રવચન ચાલુ છે.

**વિરામ ૧૦.૧૬ થી ૧૨.૧૦**

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧૨-૧૦ વાગ્યે ફરી મળ્યું**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ ક્વોલિટી ફુડ અને ક્વોલિટી એગ્રીકલ્ચર પ્રોડક્શન એ બેની સાથે કેટલો સંબંધ છે એની વાત થતી હતી. આપણા દેશમાં અને ખાસ કરીને આપણા રાજ્યમાં જે ખેડૂતો જે ઉત્પાદન કરે છે એ ઉત્પાદનની અંદર જે પેરિસેબલ આઈટમનું ઉત્પાદન થાય છે અને પેરિસેબલ આઈટમને સાચવવા માટે આપણે ત્યાં વ્યવસ્થા ન હોવાના કારણે એને એના ભાવમાં પણ ખૂબ મોટા પાયે તફાવત આવે છે અને ગ્રાહકોને પણ એ સમયસર વસ્તુઓ મળતી નથી અને સમયસર આ ન મળવાના કારણે એના ભાવ ખૂબ ઊંચકાય છે અને પ્રિઝર્વેશન કરવું જોઈએ તે થઈ શકતું નથી. આ જે એક્ટ આવ્યો છે, એનાથી આ પેરિસેબલ આઈટમ છે, એને સાચવવા માટેનું પ્રોત્સાહન પણ મળશે અને એના કારણે ડુંગળીથી માંડી જે ફળફળાદી આઈટમ છે, તે બધી જ આઈટમોના ભાવ સ્થિર થશે. એનું ક્વોલિટી પ્રોડક્શન પણ થશે અને એની અંદર જે વેલ્યુ એડિશન કરવાનું છે એ વેલ્યુ એડિશન પણ આપણે ત્યાં સારી રીતે થઈ શકવાનું છે. અત્યારે પણ આ એક્ટ નહોતો આવ્યો ત્યારે પણ આપણા રાજ્યના ખેડૂતોએ પ્રગતિશીલતા બતાવી છે. કો-ઓપરેટિવ સોસાયટી બનાવી અને ખેતરથી શરૂ કરીને પ્રોસેસિંગ સુધીના કામની અંદર આપણા ખેડૂતોએ આ પ્રકારના ટૅક્નૉલૉજીના લાભ લઈ અને જામફળ અને પોટેટોનું કેચઅપ છે, એનાથી શરૂ કરી અનેક ખેતી આધારિત ઉદ્યોગો આપણે ત્યાં એના કારણે ઉભા થયા છે. માનનીય મંત્રીશ્રી વાત કરતા હતા કે ખેતીવાડીના પ્રોસેસિંગ ઉપર એના ઘણા બધા એમ.ઓ.યુ. થયા છે. હું ખેતીવાડીના પ્રોસેસિંગ ઉપરનો આ એક્ટ આવ્યો તે પહેલા કહ્યું કે ડેવલપમેન્ટ થશે અને એક્ટ આવ્યા પછી વધારે ડેવલપમેન્ટ થવાનું છે, પણ એ વાસ્તવિકતા નજરમાં રાખી એના ઉપર જ આગળ ચાલવું જોઈએ, નહિતર એના જેવું થાય કે આર્થિક પૅકેજ ખાલી ૪૪ ના નિયમ હેઠળ જાહેરાત કરી દીધી, પણ એની બજેટમાં જોગવાઈ ન હોય. એમ.ઓ.યુ.માં ખરેખર ઉદ્યોગો થાય, એ ઉદ્યોગો એવા આવે કે ખેતીવાડીનો વિસ્તાર હોય એની અંદર આ માર્કેટના એકટનો લાભ લઈ થઈ શકે એ પ્રકારનું આયોજન થવું જોઈએ. વાસ્તવિક થવું જોઈએ, એને માત્ર કાગળ ઉપર બનાવેલું મુડીરોકાણ નહિ, પરંતુ જેમ અગાઉના સમયમાં વાસ્તવિક મૂડીરોકાણ થતા હતા, એ પ્રકારના વાસ્તવિક મૂડીરોકાણ થવા જોઈએ. હું માનું છું કે આ પ્રકારના જે રિફોર્મ્સ છેઃ માર્કેટ રિફોર્મ્સ હોય, કો-ઓપરેટિવ ક્ષેત્રના રિફોર્મ્સ હોય, ક્રેડિટ રિફોર્મ્સ હોય એ બધા રિફોર્મ્સ આ રાજ્યના વિકાસ માટે ખૂબ ઉપયોગી બનવાના છે. હું માનું છું કે સહકારી ક્ષેત્રની અંદર આપણા માર્કેટ યાર્ડો છે. અત્યારે એની અંદર પણ રાજ્ય સરકાર ટૂંકી દ્રષ્ટિમાંથી બહાર આવે અને જે લોકોથી સંચાલિત સંસ્થાઓ છે, એ.પી.એમ.સી. હોય કે બીજી સંસ્થાઓ હોય એ સંસ્થાઓને લોકોના હાથમાં રહેવા દે, એવો મોહ ન રાખે કે ત્યાં મારો માણસ હોવો જોઈએ, નહિતર સહકારી રજિસ્ટ્રાર મારફત વહીવટ ચાલવો જોઈએ, એનાથી બહાર જો નિકળીશું તો સહકારી પ્રવૃત્તિનું આપણે ત્યાં છેલ્લા ચાર-પાંચ વર્ષથી ગળું રૂંધાયું છે તે અટકશે અને સમતોલ વ્યવસ્થા કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદારીકરણની પ્રક્રિયાના ભાગરૂપે આવા બજારો ઉભા થાય તેની સાથે આપણા સહકારી બજારો છે. સહકારી માર્કેય યાર્ડો છે તે માર્કેટ યાર્ડો મજબૂત રહે અને બંને વચ્ચે તંદુરસ્ત હરીફાઈ થાય તો રાજયના ખેડૂતો માટે તે આવકારદાયક રહેશે. તેમાંથી બોધપાઠ લઈ જે કોર્ટોની ચુંગાલમાં આવી સહકારી પ્રવૃત્તિઓના માર્કેટ યાર્ડોના કરોડો રૂપિયા ફી આપવી પડે છે તેમાંથી બહાર નીકળી અને તેમાં રાજય સરકાર જે રેવન્યુ વાપરે છે તે રેવન્યુ બચાવે અને જે માર્કેટ યાર્ડોનો નફો છે અથવા ખાનગી વ્યકિતઓના રિસોર્સીસ છે તેમાં જાય છે તેમાંથી બહાર નીકળે અને તંદુરસ્ત વ્યવસ્થાનું નિર્માણ કરે તેવી વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ.ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી)**:: માનનીય અધ્યક્ષશ્રી, મૉડલ એકટ, એ.પી.એમ.સી. સુધારો લઈને આવ્યો છું. તેની રજૂઆતના સમયે મેં જે વાત કરી હતી અને જે વિનંતી કરી હતી તેમાં માનનીય સભ્યશ્રીઓ શ્રી બલવંતસિંહ, શ્રી ધનસુખભાઈ, ડો.ચંદ્રિકાબેન, શ્રી નારાયણભાઈ, શ્રી જયંતીલાલ, શ્રી બાબુભાઈ અને શ્રી અર્જુનભાઈ આ બધા મિત્રોએ તેને સમર્થન આપ્યું છે એટલા માટે સૌ પ્રથમ સૌ સભ્યોનો હ્રદયપૂર્વકનો આભાર માનું છું. બધા મિત્રોએ એકતરફ સમર્થન કર્યુ છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ બે-ત્રણ બિનજરૂરી રાજકીય અવલોકનો કરવાનો પ્રયાસ કર્યો છે. અમે તો કોઈ નાગપુરના ઈશારે કયારેય ચાલ્યા નથી.

મારે એવું નથી કહેવું કે તમે ઈટાલીના ઈશારે ચાલો છો. કોંગ્રેસના સમયમાં સહકારી ક્ષેત્રનું ચોક્કસ ગળું ટાંપવામાં આવ્યું હતું અને તેને તેમાંથી મુકત કરવાનો પ્રયાસ કર્યો છે. તે કદાચ તેમને નહીં ગમતો હોય. આ બિલ લાવવામાં મોડું થયું છે તેવું કહેવામાં આવ્યું છે ત્યારે મેં શરૂઆતમાં કહ્યું કે રાજયના તમામ કોંગ્રેસ અને ભાજપના ચેરમેનશ્રીઓ અને ડીરેકટરશ્રીઓ બધાને વિશ્વાસમાં લેવાના પ્રયાસરૂપે મેં નવ વખત મીટિંગો કરી તેના કારણે મોડું થયું છે તેમાં બીજું કોઈ કારણ નથી. બલવંતસિંહ કહેતા હતા કે ખેત ઉત્પાદન પછી ૧૪ દિવસમાં નિકાસ કરવા માટેની મર્યાદા છે. તેમની જાણકારી માટે કહું કે હવે જાહેરનામું બહાર પાડીને ૯૦ દિવસની મર્યાદા કરી છે. તેમાં વૈજનાથન કમિટીનો રિપોર્ટ છે તેમાં મોડું થયું છે તેવું વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું તો તેમાં એવું કંઈ નથી. બીજા રાજયોએ જે રીતે અપનાવીને એમ.ઓ.યુ. કર્યા છે તે સમય દરમ્યાન જ આપણે એમ.ઓ.યુ. કર્યા છે. ફરી સૌ સભ્યોનો હ્રદયપૂર્વકનો આભાર માનું છું અને ખેડૂતોના હિત માટે સમર્થન આપ્યું છે તે બદલ આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૭ના વિધેયક ક્રમાંક:૭નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૮, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૭ના વિધેયક ક્રમાંક:૭નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક: ૭નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક -૨૪**

# ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭

**ગુજરાત રાજયમાં પાણી વપરાશકારો દ્વારા સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૭નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૭નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તેવા વિધેયક લાવવા અંગે**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન મારી પાસે છે, એ પ્રવચનની અંદર માનનીય રાજયપાલશ્રીએ ઉલ્લેખ કર્યો છે કે, મારી સરકાર આ સત્રમાં અંદાજપત્રના વૈધાનિક કામકાજ ઉપરાંત નીચેના વૈધાનિક કામકાજ ગૃહની વિચારણા માટે લાવવા ધારે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં ૬ બિલોનો ઉલ્લેખ થયેલો છે. અંદાજપત્રને સંબંધિત જે બિલો છે એનો સ્વાભાવિક ઉલ્લેખ આ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ન હોય પણ અંદાજપત્રને સંબંધિત ન હોય એવા જે વૈધાનિક કામકાજ છે અને જે બિલો લાવવા માગતા હોય એ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ થવો જોઈએ એવું વારંવાર પ્રતિપાદિત થયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે હું આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, કૌલ એન્ડ શકધરના પ્રેકટીસ એન્ડ પ્રોસીજર ઑફ પાર્લામેન્ટના દશમા ચેપ્ટરમાં President's address, Message and Communication to the House. એના જે પાના નંબર ૧૮૦ છે એનો માત્ર હું રિલેવન્ટ પેરેગ્રાફ વાંચું છું.

* વિધેયક તા. ૨૧મી માર્ચ, ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

Being a statement of policy of the Government, the Address is drafted by the Government; It is not the President but the Government who are responsible for the contents of the address. It contains a review of the activities and achievements of the Government during the previous year and its policy with regard to important internal and current international problems. It also contains a brief account of the programmes of government business for the session. It however does not cover the entire probable legislative businessto be transacted during the session. Therefore, after the address, a separate paragraph giving details of the Government business expected to taken up during the session is published in the bulletin.

In the State, it is the Governor who deliver the address to the State Legislature informing it "of the causes of its summons". If the Governor is is incapacitated from deliving the address, the President may make other provisions for performance of the function of the governor. The provision is mandatory. In this connection, the Calcutta High Court observed: માનનીય અધ્યક્ષશ્રી, કલકત્તા હાઈકોર્ટે જે આ બાબતમાં ઓબ્ઝર્વેશન કર્યુ છે એ હું આપને કહું છું.

In the case of Syed Abdul Mansur Habibullah v/s The Speaker West Bengal Legislative Assembly

માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટનો પણ ચૂકાદો છે કૌલ એન્ડ શકધરના કેસમાં પણ આ રીતે આપેલ છે અને પાગે કમિટીએ રેકમન્ડેશન આપેલ છે એમાં પણ રીલેવન્ટ પેરા છે એ વાચું છું.

If a Legislature meets and transacts legislative business, without the preliminary of and address, when required under Article ૧૭૬, its proceedings are illegal and invalid and may be questioned in a Court of Law As regards the contents of the Governor's the Page Committee recommended: The Governor's address should enumerate with precision all the legislative and other important business that the Government proposed to bring before the House during the year. No legislation not listed in the Governor's address should be allowed to be brought forward without the express consent of the House on the advice of the business Advisory Committee. The Governor of West Bengal in his Address to both Houses of the State Legislature in ૧૯૬૯ skipped over two paragraphs of the Address. The Constitutional and Political aspects of the matter were debated in Lok Sabha. In his reply to the debagte the Minister of Home Affairs stated that the Address of the Head of State 'is a public declaration of the policy that the Government wants to follow in the coming year..

માનનીય અધ્યક્ષશ્રી, જે અહીંયા આ ૬ સિવાયના બિલો આવ્યા છે એ બિલો છે એ જે કૌલ એન્ડ શકધરની જે પાલામેન્ટરી પ્રેકિટસીસની અંદર જે બાબત દર્શાવેલી છે એની વિરુધ છે, કલકત્તા હાઈકોર્ટે ચૂકાદો આપ્યો છે એની વિરુધ છે અને પાગે કમિટીએ જે ભલામણ કરી છે એની વિરુધ છે એટલે આ ત્રણેયની વિરુધ છે. એટલે આ ૬ સિવાયના જેટલા પણ બિલો આ હાઉસમાં રજૂ થયેલા છે એ કદાચ એવું બની શકે કે ગવર્નર એડ્રેસમાં જેટલા બિલોનું વર્ણન કર્યું હોય કે આટલા લાવવા ધારે છે, સમયના અભાવે પ્રીપેરેશનના અભાવે કે બીજા કોઈ કારણોના અભાવે કદાચ કોઈ હાથ ઉપર ન લઈ શકાય આ વર્ષે. પણ જેનું એડ્રેસ નથી પોલીસી પેપરમાં, એડ્રેસ નથી કરેલું એ લાવી શકાય નહીં. એના માટેના ત્રણ જગ્યાએ ઉલ્લેખો થયેલા છે અને આ બાબતે રાજય સરકાર ખરેખર ગંભીર હોત તો, કેઝયુઅલ બિઝનેશ નથી કારણ કે પોલીસી પેપરમાં બિલો આપ્યા હોત તો પ્રજાને ખાતરી થાત, પ્રજાને ખ્યાલ આવે અને જાગૃત બને અને એના માટે પોતાના અભિપ્રાયો મોકલી શકે. પણ આજે માનનીય મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એ બિલ આજે જ દાખલ થાય અને આજે જ એનું પહેલું, બીજું અને ત્રીજું વાચન કરીને પૂરું કરી દેવાનું હોય તો એને વિચારણામાં લીધેલું બિલ ગણી શકાય નહીં અને એ પ્રકારે બીજા બધા બિલો વિચારણામાં આવે છે એ પણ ઓર્ડરમાં છે નહીં કારણ કે પોલીસી પેપરમાં નથી. કલકત્તા હાઈકોર્ટના ચૂકાદાની વિરુધમાં છે ઉપરાંત પાગે કમિટીની રેકમન્ડેશન છે એની વિરુધમાં છે. એટલે મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે આ બિલ દાખલ થઈ શકે નહીં. આવા બિલો બાકીના છે એનું પહેલું, બીજું અને ત્રીજું વાચન થઈ શકે નહીં.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, 'અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો' આપણી વિધાનસભામાં ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬માં માનનીય મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ જયારે ઔદ્યોગિક, ગુજરાત ઔદ્યોગિક વિકાસ વિધેયક સભાગૃહમાં દાખલ કરવાની અનુમતી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો

ત્યારે સભ્યશ્રી સુરેશ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા, 'નામદાર રાજયપાલશ્રીએ એમનું પ્રવચન તા.૧૬મી મે, ૧૯૮૬ના રોજ આપ્યું હતું એમાં આ વર્ષનો પ્રોગ્રામ આપ્યો છે તેમાં આ બિલનો સમાવેશ થતો નથી તેથી આ બિલ રજૂ થઈ શકે નહીં.' વિસ્તૃત ચર્ચાના અંતે અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે જે નિર્ણય આપ્યો હતો એ નિર્ણય આ મુજબ હતો, 'માનનીય સભ્યશ્રી સુરેશ મહેતાએ પોતાના સમર્થનમાં કૈલ એન્ડ શકધરના ચૂકાદાના પાના ૧૬૪ના અવતરણો જે વાચ્યા છે તેમાં એમ બતાવામાં આવ્યું છે કે, `If a legislature meets and transacts legislative business, without the preliminary of an address by the Governor, when required under article ૧૭૬ its proceedings are illegal and invalid and may be questioned in a court of law.

The paragraph read by Shri Mehta is with regard to the duty cast on the Governor to address the House under article ૧૭૬ and it says in terms that the address is a must and if the Governor does not deliver the address before the House then the entire proceedings of the House will be treated as illegal and invalid.

તે રીતે તે વખતનું સુરેશભાઈ મહેતાને રજૂ કરેલા મુદ્દાનું આખું પાના નંબર-૮૭, ૮૮ અને ૮૯ ઉપર જણાવેલ છે અને તત્કાલીન અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે ખૂબજ મનન પૂર્વક ચુકાદો આપ્યો હતો એ ચુકાદાની અંદર પણ રજૂ થઈ શકે એ વસ્તુ બહુ સ્પષ્ટ છે તેમ જણાવેલ છે અને એટલા માટે એ આખો ચુકાદો લગભગ અઢી પાનાનો છે જે વાંચી શકાય તેમ છે અને એ પાના નંબર-૮૭, ૮૮ અને ૮૯ ઉપર છે અને એ આપણા તત્કાલીન અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે રજૂ કર્યો હતો. આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીને હું એ જ કહેવા માગું છું કે આ પ્રમાણે પણ રાજયપાલશ્રીના પ્રવચનની અંદર ઉલ્લેખ ન હોય તો પણ આ સભાગૃહમાં એવા બિલો લાવી શકાય છે અને એને લાવતા રોકી શકાય નહિ અને આ સભાગૃહમાં આ અંગે નિર્ણય થયેલો છે અને લોકસભામાં પણ એવી પરંપરા છે અને જે પરંપરાના આધારે પણ જે દાખલા એમણે કૌલ એન્ડ શકધરમાંથી ટાંક્યા છે એની અંદર પણ એ જ સ્પષ્ટતા મળી રહે છે કે લાવી શકાય છે. ચોક્કસ લાવી શકાય છે અને એ પ્રમાણે માનનીય રાજયપાલશ્રીના પ્રવચન વખતે સરકાર પાસે જે બીઝનૅસ હોય એ મૂકે છે પરંતુ સમગ્ર સમય દરમ્યાન સરકારને એના વિધેયકની અંદર એમાં વિધેયકોમાં વધારો કરવાનો સરકારનો અધિકાર હોય છે અને એ અધિકાર આપના દ્વારા કામકાજ સલાહકાર સમિતિ દ્વારા આ સભાગૃહની અંદર લાવવાનો આપને પણ અનુમતિ આપવાનો અધિકાર છે અને જ્યારે અનુમતિ આપી હોય ત્યારે અને કામકાજ સલાહકાર સમિતિમાં પણ જ્યારે રજૂ થયા હોય ત્યારે એવા બિલોને લાવતી વખતે રોકવા એ યોગ્ય નથી અને એ ૮૭, ૮૮ અને ૮૯ પાના પર અધ્યક્ષશ્રી નટવરલાલ શાહનો ચુકાદો સુરેશભાઈ મહેતાએ ઉપસ્થિત કર્યો હતો તેના અનુસંધાને હતો. અર્જુનભાઈનો જે પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એને તત્કાલીન અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે આપેલ ચુકાદો આપ જોઈ જશો તો એમાં લાવી શકાય છે એમ જણાવેલ છે અને કામકાજ સલાહકાર સમિતિની અંદર દર્શાવેલ છે અને ત્યારપછી આપને પણ એ પાવર્સ છે અને એ પાવર્સ હેઠળ પાગે કમિટીએ કહ્યું છે કે જે વિધેયકનો ઉલ્લેખ ન કર્યો હોય તેવા બિલો કામકાજ સલાહકાર સમિતિમાં રજૂ કર્યા સિવાય તથા ગૃહની સંમતિ સિવાય ના લાવી શકાય પણ અહીંયા કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળેલ છે અને તેની સંમતિથી ગૃહમાં ઉપસ્થિત કરેલ છે અને કામકાજ સલાહકાર સમિતિના અહેવાલને આ સભાગૃહે જ્યારે મંજૂરી આપી છે અને એટલા માટે એ લાવી શકાય તેમ છે અને એને લાવતા રોકી ના શકાય અને જે ગૃહની અંદર બિલો લાવવાની અનુમતિ અધ્યક્ષશ્રીએ આપી હોય એ બિલો લાવી શકાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મેં કલકત્તા હાઈકોર્ટના ચુકાદાનો પણ ઉલ્લેખ કરેલ છે અને જે જોગવાઈ છે કૌલ એન્ડ શકધરની બુકમાં એની અંદર પણ વર્ણન કર્યુ છે એમાં પણ જણાવેલ છે કે ના લાવી શકાય. પાગે કમિટીના રેકમન્ડેશનમાં પણ સ્પષ્ટ કે કામકાજ સલાહકાર સમિતિમાં લાવીને પણ એની સેપરેટ નોંધ સાથે આવવું પડે એમાંનું કંઈ કર્યુ નથી હું તો માત્ર આપનું ધ્યાન એટલા માટે દોરું છું કે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં માત્ર એક મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુ. કૉર્પોરેશન સુધારા વિધેયક જણાવેલ છે એ નાણાં બિલ આપણે એને ગણી લઈએ તો એ સિવાયના માત્ર છ બિલોનો ઉલ્લેખ આપેલો છે જ્યારે અહીંયા કુલ અઢાર બિલો લાવવામાં આવ્યા છે અને એટલા માટે રાજય સરકારે ગંભીરતાથી માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન તૈયાર કરવું જોઈએ અને એમાં દરેક વિભાગનો સમાવેશ કરવો જોઈએ અને શું શું કરવા માગે છે એનો ઉલ્લેખ હોવો જરૂરી છે આ તો કેજયુઅલ એપ્રોચ છે કે આટલા મહત્ત્વના લોકોને અસરકર્તા કાનૂન જ્યારે આપણે લઈ આવતા હોઈએ. ત્યારે સવારે મૂકીને સાંજે પાસ કરી દઈએ તે વલણ તે લોકશાહીની જે પ્રક્રિયા છે અને તેમાં લોકોને ઈન્વોલ કરવાના છે તે ભૂલી જઈએ છીએ. પણ અહીંયા જે ગૃહને પણ આપણે ઈન્વોલ કરતા નથી. ગૃહ તેને કન્સીડર કરવું જોઈએ. આજે માનનીય મંત્રીશ્રી બિલ રજૂ કરે introduce કરે આજે જ આગ્રહ રાખે કે પહેલું વાંચન થઈ જાય, બીજું વાંચન થઈ જાય અને ત્રીજા વાંચનમાંથી પસાર થઈ જાય તે પણ આટલા બધા recommendations ની વિરુદ્ધમાં. તે તંદુરસ્ત નિશાની નથી. તંદુરસ્ત પ્રણાલિકા નથી. પ્રણાલિકા જે છે આપણી તંદુરસ્ત તે એ છે કે, આ રાજયપાલશ્રીના પ્રવચનની અંદર બિલો જે મૂકવા માંગતા હોય તેનો ઉલ્લેખ જરૂરી છે

અને જરૂરી હતું એટલા માટે જ મેં આટલુ બધું આપ્યું છે અને તે લોકો specially સધ્ધર છે. કલકત્તા હાઈકોર્ટ છે અને પાગે કમિટી છે તેણે ગંભીરતાથી લીધું છે. દરેક જે બિલો છે તે બિલો બાબતે તેનો ઉલ્લેખ રાજયપાલશ્રીના પ્રવચનમાં થવો જોઈએ. કોઈએ એમ નથી કહ્યું કે નહીં થવો જોઈએ. રાજયપાલશ્રીના પ્રવચનની અંદર જો ગંભીરતાથી તૈયાર કર્યુ હોત તો આ બધા બિલો આવી ગયા હોત તો પૂછપરછ થઈ હોત, તેની ચર્ચા લોકોમાં થઈ હોત અને તે બાબતના નિષ્ણાંતોએ કોઈક અને કોઈક જગ્યાએ અભિપ્રાયો આપીને તે અભિપ્રાયો અહીંયા રીફલેકટ થયા હોત. પણ ગંભીરતાથી લેવાયું નથી. મારી આપના મારફતે એટલી જ વિનંતી છે કે મારો આ જે મુદ્દો છે તેને ગંભીરતાથી લેવાય અને આ બાબત માત્ર એક નિર્ણય થઈ ગયો પર્ટીકયુલર એક બિલની અંદર તેને પરંપરા બનાવી દેવાની જે વાત આવે છે તે પરંપરા બનાવી ના દેવાતી હોય તો અહીંયા આ બિલને introduce થતાં રોકવા જોઈએ અને તેને ફરી પાછાં જ્યારે નવી વિધાનસભા મળે ત્યારે રાજયપાલશ્રીના પ્રવચનમાં એડ્રેસ કરી પૂરતો સમય આપી અને કરવું જોઈએ. આપણે નવી પરંપરાઓ ના પાડીએ અને જે કોઈ જગ્યાએ ક્યાંક exceptionally અપવાદ કર્યો હોય તે અપવાદને પ્રણાલિકા બનાવી દેવાય તે વાજબી નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને મારે જાણ કરવી જોઈએ કે હવે પછી જે વિધાનસભા મળશે તેમાં રાજયપાલશ્રીનું પ્રવચન નહીં હોય. કારણકે છ મહિના પછી એટલે રાજયપાલશ્રીના પ્રવચનની અંદર નવી વાત જે આપે કહી, આ તો આપની જાણકારી માટે કે જ્યારે વિધાનસભાનું પહેલું સત્ર મળે નવા વર્ષનું ત્યારે તેમાં રાજયપાલશ્રીનું પ્રવચન હોય. ત્યાર પછીની ફોલોઅપ જે વિધાનસભા હોય તેમાં ના હોય. એટલે આપે કહ્યું કે રાજયપાલશ્રીના પ્રવચનની અંદર ઉલ્લેખ કરીને લાવવાનું તે વાત પહેલી વિધાનસભામાં ચોક્કસ છે અને તે પ્રણાલિકા અમે પાળી છે. એટલા માટે જે બિલો અમારે લાવવાના હતા તેના એક તબક્કે અમે કહ્યું ત્યાર પછી અમે બીઝનૅસ એડવાઈઝરી કમિટીમાં કહ્યું અને Kaul and Shakhdhar ના ૧૯૭ના પાના ઉપર કહ્યું છે The bill should be introduced as per the advice of the Business Advisory Committee. એટલે આપણે ત્યાં એડવાઈઝરી કમિટીનું એટલું જ મહત્ત્વ છે અને એડવાઈઝરી કમિટીની સમક્ષ અમે કેટલા બિલો લાવવાના છીએ અને રાજયપાલશ્રીના પ્રવચનની અંદર નહોતાં એવા બધા બિલોનો મેં ઉલ્લેખ કરેલો છે. એટલે આજે જે બિલો આ અને આના પછીના બિલો આવે છે મેં ગઈ એડવાઈઝરી કમિટીમાં મૂકેલાં જ છે અને તે પૈકીનું આ એક બિલ છે. આ ઉપરાંત મેં આપને પહેલાં કહ્યું આખું જો વાંચવું હોય તો એ પણ હું વાંચવા તૈયાર છું. જે નટવરલાલ શાહનો ચુકાદો આ જ પ્રમાણે છે તે વખતે કોંગ્રેસ પક્ષના અમરસિંહ ચૌધરી લાવ્યા હતા. (અંતરાય) નટવરલાલ શાહે જ કહ્યું છે, શાહને ભટ્ બનાવવાનો કયારેય પ્રયત્ન નહીં કરું. (અંતરાય) પ્લીઝ, નટવરલાલ માટે કદાચ આપને માન નહીં હોય મને માન છે.

માનનીય અધ્યક્ષશ્રી, નટવરલાલ શાહે જે ચુકાદો આપ્યો છે તે આ ગૃહની અંદર આપેલો ચુકાદો છે અને તે ચુકાદો આપના ચુકાદા તરીકે બને કારણકે પ્રણાલિકા એક સરખી છે, નિયમો એક સરખા છે અને નિયમો આ છે કે વિધાનસભાની અંદર વિધાનસભા મળે, રાજયપાલશ્રીનું પ્રવચન થાય તેની અંદર આ સત્રની અંદર ચર્ચાવાના બિલોનો ઉલ્લેખ થાય અને તે ઉપરાંતના બિલો પણ દરેક વિધાનસભાની અંદર આ પક્ષની વિધાનસભામાં કે પેલા પક્ષની સરકાર, બધી જ સરકારો વખતે તે બિલોમાં જે ઉલ્લેખો થયા હોય તે ઉપરાંતના બિલો પણ આવ્યા છે તે જરા બતાવવું હોય તો બધાજ બિલો હું આપને બતાવું.

માનનીય અર્જુનભાઈ, પહેલાં ૧૯૬૦ થી વિધાનસભા શરૂ થઈ ત્યારથી માંડીને આજસુધીમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં જે બિલોનો ઉલ્લેખ થયો હોય એ સિવાયનાં બિલો પણ આવ્યાં છે અને એ બિલોને લાવતાં ના રોકી શકાય. એટલે એકવાર માનનીય સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ મુદ્દો ઉભો કર્યો ત્યારે તત્કાલીન સ્પીકર શ્રી નટવરલાલ શાહે આપેલ ચૂકાદો એ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જોઈ ગયા હોત તો આ કોલ અને શકધર સુધી સફર કરવાની જરૂરિયાત ના રહી હોત અને એટલા માટે મારી વિનંતી છે કે માનનીય શ્રી નટવરલાલ શાહનો ચુકાદો સ્પષ્ટ છે. વિધાનસભામાં કામકાજ સલાહકાર સમિતિ અને આપને પૂર્ણ અધિકાર છે અને આપને આપેલ અધિકાર પછી આ ગૃહમાં આ બિલ આવતું રોકવું યોગ્ય નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં પણ જયારે આપણે મળ્યા હતા ત્યારે આ બિલોની નકલો પણ નહોતી આવી અને મારી બીજી વાત એ છે કે કામકાજ સલાહકાર સમિતિના એજન્ડામાં માત્ર ૧૪ જ બિલોનો ઉલ્લેખ હતો અને અહીંયાં ૧૮ બિલો આવ્યાં છે. એટલે એમાં પણ ઉલ્લેખ કરેલ નથી. એટલે બારોબારથી આ બિલ આવી ગયાં છે.એટલે મારી વિનંતી છે કે આવી રીતે કેજયુઅલ એપ્રોચ કાયદો ઘડવામાં ના રાખે અને કન્સીડર થાય એ રીતે આ કાયદો ખરેખર કાયદો બનાવવો હોય તો કાયદો બનાવવાની પ્રોસિજર પણ કાયદાની રીતે થવી જોઈએ અને કાયદો બનાવીએ અને પસાર કરીએ એ નિયમો મુજબ અને કાનૂન મુજબ ના થાય તો આ કાયદો વેલીડ રહેતો નથી એ બાબતનું આપનું અને આ ગૃહનું પણ ધ્યાન દોરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે વિધાનસભામાં બિલ રજૂ કરવા માટે થઈને આપણે વિધાનસભાના નિયમોના નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ છે કે કોઈપણ બિલ રજૂ કરતાં પહેલાં ૪ દિવસ પહેલાં આપણે આ બિલ છે એ દરેક ધારાસભ્યના ખાનામાં મૂકવું જોઈએ કે એમને પહોંચાડવું જોઈએ અને કદાચ

૪ દિવસ વહેલું એ ના પહોંચે તો પણ અધ્યક્ષશ્રીને આ બિલ લેવા માટે મંજૂરી આપવા માટેનો અધિકાર છે. કોઈપણ બિલ છે એ બજેટ પ્રવચનની અંદર, નાણા મંત્રીશ્રીના પ્રવચનની અંદર કે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની અંદર હોવું જ જોઈએ એવું કાંઈ નથી. આ હાઉસમાં જે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે વસ્તુઓ નહોતી એવાં બિલ પણ રજૂ થયાં છે અને જે અંદાજપત્ર પ્રવચનમાં નહોતાં એવાં બિલ પણ રજૂ થયાં છે અને એના માટે વિધાનસભાના નિયમોના નિયમોમાં, હું તો એપાર્ટ ફ્રોમ કહું છું કે આપના પાવર્સ છે કે આ બિલ લેવું કે નહીં? કદાચ કામકાજ સલાહકાર સમિતિમાં હોય કે નહીં તો પણ છે, ૪ દિવસનો સમય છે એ ૪ દિવસના સમય કરતાં ઓછા સમયમાં કરવાની વાત છે એ પણ કરી શકાય અને આ જ નિયમ જો લાગુ પડતો હોય તો તમાકુ ઉપરના ટેક્સની જે વાત છે એ બિલ પાર્લામેન્ટે મંજૂર કર્યુ છે અને એ કોઈની સ્પીચમાં નહોતું અને છતાં પણ એ બિલ આવ્યું છે, તો એ તો પાર્લામેન્ટરી પ્રોસિજર છે, જે કાંઈપણ કામકાજ સલાહકાર સમિતિ નક્કી કરે એ બિલ આવે, કામકાજ સલાહકાર સમિતિમાં બિલ હોય એ જ આવવું જોઈએ એવું નથી. માનનીય અધ્યક્ષશ્રીનો અધિકાર છે કે બિલ દાખલ કરવા દેવા કે નહીં અને માનનીય અધ્યક્ષશ્રી આપે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ અહીં ગૃહમાં વાંચ્યો હતો અને એમાં આ બિલનો ઉલ્લેખ પણ છે અને કદાચ એ ના પણ હોય તો પણ આપને પાવર્સ છે કે આ બિલ છે એ કોઈ ગેરકાયદેસર બિલ નથી અને એટલે આ બિલનું પ્રોસિડિંગ ચાલુ રાખવું જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે ઉલ્લેખ કર્યો એમાં હું કહેવા માગું છું કે...(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એક એક વાત માટે આપને સંતોષ થાય ત્યાં સુધી એમણે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલ્યા જ કરવાનું અને ચર્ચા કર્યા કરવાની છે? આપને સંતોષ થઈ ગયો હોય તો આપ આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર નિર્ણય આપી શકો છો. અમને ખબર છે કે શું છે? આપનું •*( xxxxxx) બોલવાની વાત છે એ જુદી છે એ વાજબી નથી, હમણાં ૧-૦૦ વાગી જશે અને અમને ખબર છે કે આપનો ઈરાદો જ ૧-૦૦ વગાડવાનો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : *( xxxxxx ) (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રીને નિર્ણય આપવા દો, આપણે બન્નેને એ સમજીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના, આપને બધાને તો ઓળખે છે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રીને ફરી ઓળખાણ આપી છે, આપની બધાની ઓળખાણ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો માનનીય વજુભાઈએ જે તમાકુના બિલ અંગેની વાત કરી એમાં કહેવું છે કે એ નાણાં બિલ છે અને એ ગમે ત્યારે લઈ આવી શકાય. એટલે નાણા બિલ અને આને કાંઈ લેવા દેવા નથી.

**શ્રી વજુભાઈ વાળા** : એવું કયાં કાયદામાં લખ્યું છે કે નાણા બિલ ગમે ત્યારે મુકી શકાય? એવું કયાંય લખ્યું છે? એવું નથી, ગમે તે બિલ હોય, એ બિલ નાણાકીય બિલ હોય કે સામાજિક બિલ હોય બિલ એ બિલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વજુભાઈ, તમે ગમે ત્યારે લઈ આવો, તમારી સાથે આને નિસ્બત નથી, તમારી વ્યાખ્યા જુદી હશે, પણ આમાં લખ્યું છે તે હું કહું છું. માનનીય અધયક્ષશ્રી, આમાં મારે સમયની વાત પણ કરવી છે. (અંતરાય) સમય બાબતમાં પણ મારે આપનું ધ્યાન દોરવું છે. કે બિલ જયારે દાખલ થાય તેના પહેલા બે દિવસ પહેલા તેની કોપી સભ્યોને રવાના થવી જોઈએ. અને ચાર વર્કિંગ ડે પહેલા, પહેલું વાચન શરૂ થાય તેના પહેલા ૪ વર્કિંગ ડે પહેલા કોપી મળી જવી જોઈએ. અને આ બન્નેમાં આ તમામ બિલો જે રજૂ થયા છે તે વાયોલેટ થાય છે. એટલે મારે ધ્યાન દોરવું છે. બાકી જે રીતે કાયદાનો અમલ કરે છે તેવો જ કાયદા બનાવવામાં પણ કરશે તો આ ગૃહનું એ દૂર્ભાગ્ય હશે.

**અધ્યક્ષશ્રી** : હવે આ અંગે હું મારો નિર્ણય જાહેર કરું છું. આજના કામકાજની યાદીમાં દર્શાવેલ વિધેયકો હાથ ધરવા અંગે કામકાજ સલાહકાર સમિતિના અહેવાલના આધારે વિધેયકો હાથ ધરવા દર્શાવેલા છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે કામકાજ સલાહકાર સમિતિમાં આ વિધેયકો હતા. કોલ અને શકધરના પુસ્તકના અવતરણો તથા પાગે સમિતિની ભલામણ ખરેખર એક આદર્શ પરિસ્થિતિ છે. આ ભલામણો બંધનકર્તા નથી. આ બાબતમાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ લીધેલા નિર્ણયનો હું સ્વીકાર કરું છું. અને મારા પુરોગામી અધ્યક્ષના નિર્ણય મુજબ આવા વિધેયકોનો પ્રવચનમાં ઉલ્લેખ ન કર્યો હોય તો પણ સમિતિની ભલામણથી વિચારણા માટે હાથ ધરી શકાય છે. બંધારણ કે નિયમો હેઠળ આવા વિધેયકો દાખલ કરી અને તેની વિચારણા હાથ ધરવા અંગે કોઈ નિષેધ નથી. આ વિધેયક્ની મેં નિયમ ૧૨૭ (ક) ના પરંતુક અન્વયે પૂર્વ પ્રસિદ્ધિની મંજૂરી આપી છે. ત્યારે વિધેયકનની દાખલપાત્રતા અંગેની વિચારણા માટેનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું સ્વીકારતો નથી.

• *( xxxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અગાઉ અસંસદીય જાહેર કરેલ હોઈ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

# ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ (ક્રમશ:)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૭ નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી વપરાશકારો માટે સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન અંગેનું વિધેયક લઈને હું આવ્યો છું તે સમગ્ર ગુજરાતના ખેડૂતોની હાર્ડશીપ અને તકલીફ દૂર કરનારું વિધેયક છે. મારી સામેના મિત્રો પણ તે સ્વીકારશે કે આ ખેડૂતોના હિતનું બિલ છે. અને અત્યારસુધી સિંચાઈ યોજનાઓ જે નહેરો દ્વારા ગુજરાતમાં ચાલે છે તેમાં એક પક્ષીય રીતે સરકાર દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવે છે. આ સિંચાઈ વ્યવસ્થાપનમાં ખેડૂતોને ઘણી મુશ્કેલીઓ પડે છે. આ સરકારે ખૂબ ચિંતન પછી માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન નીચે તૈયાર કરેલું આ બિલ ગુજરાતના હિતનું બિલ છે જે આજે આ વિધાનસભામાં અમે લાવ્યા છીએ.

આજ સુધી જે વિતરણ થતું હતું એમાં ખેડૂતોને અસમાન પાણી વિતરણ થતું હતું. ખાસ કરીને છેવાડાના ખેડૂતોને નહેરોનું પાણી મળતું નહોતું, પાણીનો વધારે પડતો બગાડ થતો હતો. પરિણામે વોટર લોગીંગની સમસ્યા ઊભી થતી હતી. સિંચાઇના પાણીના નીચા દર હોય છતાં એની નબળી વસુલાત થતી હતી ખેડૂતો માટે પાણીનો બચાવ અને કરકસરયુકત વપરાશ માટે પ્રોત્સાહનનો અભાવ રહેતો હતો. પાણી વહેંચણી અંગે ખેડૂતોમાં તકરાર થતી હતી. અને નહેરોને પણ નુકસાન કરતા હતા. આ પી.આઈ.એમ. પાર્ટીસીપેટરી ઈરિગેશન મેનેજમેન્ટ દ્વારા ખેડૂતોને એક સત્તા આપતું આ બિલ છે. અને ખેડૂતો એની સત્તા મેળવી પાણીની વ્યવસ્થા ખેડૂતો જ ચલાવે તેવા પ્રકારનું આ બિલ લાવવામાં આવ્યું છે.

આ સહભાગી સિંચાઇ વ્યવસ્થાના અમલીકરણને કારણે ખેડૂતોને કાયદાકીય પીઠબળ મળવાનું છે આ ઈરિગેશન મેનેજમેન્ટનું કામકાજ થોડાક સમયથી પ્રાયોગિક ધોરણે ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યું છે અને લગભગ ૧ લાખ ૩૬ હજાર હેકટરમાં પ્રાયોગિક ધોરણે આપણે એની કામગીરી પણ કરેલી છે અને સમગ્ર દેશમાં જે લોકોએ જાણ્યું કે ગુજરાતમાં પી.આઈ.એમ. દ્વારા સિંચાઇ કરે છે. એને મોડેલ તરીકે જોવા માટે પણ ત્યાંના લોકો આવે છે. પરંતુ આને કાયદાકીય પીઠબળ હજું આપી શકયા નહોતા એટલા માટે ખેડૂતોને આ પીઠબળ આપવા માટે એમની બોડીની રચના કરવા માટે આ બિલ લઈને આવ્યા છીએ.

આનો મૂળ હેતુ ખેડૂતોને ભાગીદાર બનાવવાનો છે. આમેય ગુજરાત સરકારે લોક ભાગીદારીથી તમામ પ્રશ્નોનો ઉકેલ કરવાનો વિચાર કર્યો છે. આપણે જોઈએ તો ચેકડેમોમાં પણ આપણે લોકભાગીદારી કરીએ છીએ. તો આ નહેરોના પાણીનું વિતરણ થાય છે એમાં પણ ખેડૂતોની ભાગીદારીનો કન્સેપ્ટ છે. પાણીની વહેંચણી પણ ખેડૂતો જ કરશે, પાણીના દર જે સરકારે નિયત કરેલા હશે એ દર પણ ખેડૂતો જ કલેકટ કરશે. એમાંથી પર્ટીકયુલરલી જે નહેરો એમને સોંપવામાં આવશે એનું તમામ રિપેરીંગ પણ સરકાર કરીને આપશે અને એની અંદર સામ સામે કરાર કરીને ખેડૂતોને સોંપણી કરવામાં આવશે. ખેડૂતોને લીધા પછી ખેડૂતોને એમ લાગે કે પાણીના દરમાં એમને મેન્ટેનન્સ માટે વધારો લેવો છે તો એ પોતે એ દરમાં થોડો વધારો લઈને પોતાના ખર્ચ માટે કલેકશન કરશે અને નાણાં આવશે એ પોતાની જોડે રાખીને કરશે. નિયમિત કલેકશન કરીને દા.ત. ૫૦ ટકા રકમ સરકારમાં ભરશે અને ૫૦ ટકા રકમ પોતાના મેન્ટેનન્સ માટે રાખશે. એ કેનાલો રિપેરીંગ કરશે, લોક ભાગીદારીમાં નાણાકીય મદદ ખેડૂતો પોતે આપશે એ પોતે મજૂરી મહેનત કરીને એ લોક ભાગીદારી કરી શકશે. આ રીતે પાણીનું વિતરણ થવાથી જે પાણીનો બગાડ થાય છે, પાણીની અંદર કરકસર કરવાની જરૂરિયાત આ બધા જ ઉકેલ આપણને જોવા મળશે. આ બિલ અંગે મને લાગે છે કે મારા મિત્રોના મનમાં પણ આ જ વાત પડી છે. આ બિલને સમર્થન ન કરવાનું કોઈ કારણ નથી એટલા માટે ખેડૂતોના હિતમાં ખેડૂતોને જ્યારે આપણે સત્તા સોંપીએ છીએ એની અંદર કોઈ સૂચનો આપના આવશે તો આ બિલની અંદર વધુ ઉપયોગી થશે અને ભવિષ્યમાં એની નોંધ રાખીશું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે. આ બિલ લાવવા પાછળનો રાજય સરકારનો હેતુ છે કે ૧૫ લાખ હેકટર જમીનને સિંચાઇ હેઠળ આવરી લેવી. એને પાણી પુરુ પાડવું એ એનો હેતુ બિલ ઉપરથી લાગી રહ્યું છે. સિંચાઇની અંદર અત્યારે જે ચાલી રહ્યું છે એની વાત માનનીય મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં કહી કે છેવાડાના ખેડૂતને પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. સંજોગોવશાત એના ખેતર સુધી પાણી પહોંચતું નથી. મેં પણ આ બિલનો અભ્યાસ કર્યો તો કોઈ એક ગામની અંદર સરપંચ હોય. તેનું જે રાજ ચાલતું હતું, જેવી રીતે સહકારી મંડળીમાં એક રાજ ચાલતું હતું. એવી રીતે આ મંડળી સ્થપાશે અને તેમાં પણ એક એવું રાજ ચાલશે કે નાનામાં નાના માણસને જરા પણ આમાં જેની પાસે જમીન હોય એવા ૫૧

ટકા લોકોને આની અંદર આવરી લેવાના છે. માટે આ બિલની પ્રક્રિયા એવી ઉભી થવાની કે સમય આવશે, યુદ્ધના મંડાણ આ પાણી માટે અહીં આગળ થવાના છે. આ બિલની પરિસ્થિતિ છે. સરકારશ્રી પાસે એટલી મોટી વ્યવસ્થા છે. આજે પણ પાણી આપવા માટે સરકારશ્રી ચાલત પણ આના માટેનો એક એવો વર્ગ ઉભો થશે, જેના કારણે ગામડાંની અંદર આખી પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે તેમાં નાનામાં નાના માણસો છે તેમનો સમાવેશ જેની પાસેની જે સત્તા હશે, આવનાર સમય, ગામડાંમાં આપણે જોઈએ છીએ કે આપણાં ઘરનો એક બોર હોય છે તો પણ આપણી જબરજસ્ત મોનોપોલી ચાલતી હોય છે. ત્યારે એક પ્રમુખ થઈ ગયા પછી તેની મોનોપોલી માટે સરકારે કેટલી સરસ વ્યવસ્થા કરી આપી છે, કલમ-૭-(૨)માં પ્રમુખના હોદ્દાની મુદત છ વર્ષની. એક વખત માણસ ચૂંટાય અને છ વર્ષ સુધી એ પ્રમુખ રહે એટલે તેની સત્તા છ વર્ષ સુધી. આ ગામમાં કોને પાણી આપવું, કોને ન આપવું, શું કરવું એ બધું તેણે નક્કી કરવાનું. ખરેખર આ અયોગ્ય છે. કોઈ પણ સંસ્થા હોય, કોઈ પણ હોય તેને છ વર્ષ સુધી રાખવું એ ખરેખર ગામ માટે અને લોકોના વહીવટ માટે શકય નથી. માટે સરકારે આ છ વર્ષના બદલે તેનો સમય ઘટાડવો જોઈએ. ગામ મંડળના નામે રાજકીય વગ ઉભી થશે. તેના કારણે એક સ્થિતિ ઉભી થશે. સરકાર આડકતરી રીતે ભલે કહે ન કહે પણ એક પોલીટીકલ વર્ગ આખો ઉભો થશે જેના કારણે ગામડાંઓ ઉપર તેનું પ્રભુત્વ જમાવશે. માટે તેની જે સ્થિતિ છે આજે ૧૩,૮૦૫ ગ્રામપંચાયતોમાં આજે એ પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે ત્યારે તેની મુદત છ વર્ષ રાખી છે તેમાં ઘટાડો કરવો જોઈએ. આપણે સહકારી મંડળીમાં ત્રણ વર્ષ રાખતા હોઈએ છીએ. આની અંદર પણ છ વર્ષ રાખ્યો છે તે ત્રણ વર્ષ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી,કલમ-૩ની અંદર નાની નહેર સેવા વિસ્તાર વધારી શકાય અને કેટલો ઘટાડી શકાય, તેની સીમા કેવી રીતે ફેરફાર કરી શકાય તે સત્તા આપવા માટેની વાત કરી છે. જેની અંદર કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવતો નથી. જે અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેની સ્પષ્ટતા કરવી જોઈએ. આપણને ખ્યાલ આવવો જોઈએ કે આ ખરેખર આ સત્તામાં શું કરવા માગો છો? એ બિલમાં સ્પષ્ટ થાય તો જ ખબર પડે કે વાસ્તવિકતા આ છે. કલમ-૪માં પાણી વપરાશ મંડળમાં કોઈ પણ ધંધો કરતી વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવશે. આ કયા પ્રકારનું બિલ છે જેની અંદર કોઈ પણ માણસ વેપાર કરતો હોય તેનો પણ આમાં સમાવેશ કરવામાં આવશે. તેના કારણે પરિસ્થિતિનું નિર્માણ એ થવાનું છે કે આ મંડળમાં કોઈ પણ ધંધો કરતી વ્યકિતનો સમાવેશ કરવો જોઈએ નહીં. ખરેખર જે વાસ્તવિક ખેડૂત છે, જે લોકો છે તેનો સમાવેશ થાય તો મને એમ લાગે છે કે આ કરી શકાય. તેમજ ગામની સેવા વિસ્તારમાં જમીન ધારકોમાં ૫૧ ટકાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. જે વિસ્તાર છે તેનું ૫૧ ટકા પ્રતિનિધિત્વ છે તેનો સમાવેશ કરવાની જોગવાઈ છે અને ઓછામાં ઓછા ૭૫ ટકા હોવી જોઈએ. જે ૫૧ ટકા છે. તેમ હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ખરેખર જો વાસ્તવિક ખેડૂતો માટેની બનાવવાની હોય તો જે ૫૧ ટકા છે તેની જગ્યાએ ૭૫ ટકા કરવી જોઈએ, જેના કારણે સિંચાઈનો લાભ અને તેનો વહીવટ કરવાનો લાભ નાનામાં નાના ખેડૂતને પણ મળી શકે એવી વ્યવસ્થા થઈ શકે અને જ્યારે વધુ પડતા ૧૦૦ ટકા પ્રતિનિધિત્વ જો ખેડૂતના વર્ગને આપવામાં આવે તો એક સારો વહીવટ થઈ શકે એવી સ્થિતિ ઉભી થાય. કલમ-૬(૨)માં મંડળમાં જે રીતે ખેડૂતોને લાઈન પર સીલ મારી શકાય અથવા ધરાવી શકાય અને તેના ઉપર તમામ હક્કો મંડળના રહેશે. મારે એટલું કહેવું છે કે આજના જમાનામાં આપણે જોઈ શકીએ છીએ કે જેને આવી સત્તાઓ મળતી હોય છે તે સત્તાઓનો કયા પ્રકારનો ઉપયોગ થતો હોય છે. તેના માટે પરંતુ સ્થાવર-જંગમ મિલકત મેળવવા માટે તેનો કબજો ધરાવવા અને તેનો નિકાલ કરવા ઠરાવાય તેવી રીતે તેટલી બાંયધરી સહિત મર્યાદા અને અન્ય જરૂરિયાતના આધાર પર રહીને તેને ફંડની જામીનગીરી, લોન ઉભી કરવી જોઈએ. જેને લોન લેવી કેટલી, માનનીય અધ્યક્ષશ્રી, તો કદાચ આ જે સત્તા આપવાની વાત છે કે તેને સીલ મારી તેના કરતાં તો જામીનગીરી અથવા તો બીજું કંઈક લઈ શકાય, જેના કારણે આ જે મંડળની સત્તા છે તેના ઉપર આ રીતનું કરવું જોઈએ. મારી ગૃહને ખાસ નમ્ર વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની પહેલી બેઠકનો સમય પૂરો થાય છે. માનનીય બલવંતસિંહ, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૮, ૧૯૨૯ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ભાવનગર જિલ્લામાં પી.આઈ. અને પી.એસ.આઈ.ની ખાલી જગ્યાઓ

***૨૩૨૬૨ ડૉ.કનુભાઈ કળસરિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ કેટલા પી.આઈ./પી.એસ.આઈ.ની જગ્યાઓ ખાલી છે,

(૨) કયા પોલીસ સ્ટેશનમાં સૌથી વધારે પ્રમાણમાં જગ્યા ખાલી છે, અને

(૩) તે ક્યારે ભરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** :

(૧) અને (૨)

| પોલીસ સ્ટેશન | પી.આઈ. | પી.એસ.આઈ. |
|---|---|---|
| એ. ડિવિઝન | ૧ | - |
| બી. ડીવીઝન | - | ૧ |
| સી. ડીવીઝન | - | ૧ |
| ડી. ડીવીઝન | - | - |
| મહુવા | ૧ | - |
| બોટાદ | ૧ | - |
| પાલીતાણા | ૧ | - |
| ટ્રાફીક શાખા | ૧ | ૨ |
| પાલીતાણા | - | ૧ |
| વેળાવદર (ભાલ) | - | ૧ |
| એલ.સી.બી. | - | ૩ |
| રીડર પો.સ.ઈ. | - | ૩ |
| એરપોર્ટ | - | ૧ |
| એલ.આઈ.બી. | - | ૧ |
| મરીન પો.સ્ટે. | - | ૧ |
| લીવ રીઝર્વ | - | ૩ |
| કુલ | ૫ | ૧૮ |

(૩) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખૂબ જ સારી છે અને દિન-પ્રતિદિન સુધરતી જાય છે પણ ખાલી જગ્યાઓને કારણે મુસીબત રહે છે. એનો વહેલી તકે ઉકેલ આવે એના માટે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જિલ્લાની અંદર પોલીસ સ્ટેશન પ્રમાણે કેટલી જગ્યાઓ ખાલી છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં એ. ડિવિઝન, બી.ડિવિઝન, સી.ડિવિઝન, ડી.ડિવિઝન, વરતેજ, ઘોઘા, મહિલા પોલીસ સ્ટેશન, મરીન પોલીસ સ્ટેશન, મહુવા, કુકવાડા, બગદાણા, તાળાજા, દાઢા, અલંગ, બોટાદ, પાળીયાદ, ગઢડા, ઉમરાળા, વલ્લભીપુર, વેરાઉદર, પાલી, પાલી ગ્રામીણ, ગારીયાધાર, જેસર, શિહોર, સોનગઢ, આ બધા થઈને પોલીસ ઈન્સ્પેકટરની કુલ ૧૬ જગ્યાઓ છે એમાંથી ૫ ખાલી છે. પી.એસ.આઈ.ની કુલ ૭૪ જગ્યાઓમાંથી ૧૮ ખાલી છે. એ.એસ.આઈ. હેડ કૉન્સ્ટેબલની ૫૫૫ જગ્યાઓ છે એમાંથી ૮૫ ખાલી છે. પોલીસ કૉન્સ્ટેબલની ૧૨૦૯ જગ્યાઓ છે એમાંથી ૧૭૬ ખાલી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, પી.આઈ.ની ૫ અને પી.એસ.આઈ.ની ૧૮ જગ્યાઓ ખાલી છે. એ વહિવટી અનુકૂળતા મુજબ ભરી દેવામાં આવશે. એ. ડિવિઝન છે. એમાં એવા વિસ્તાર છે અને એમાં કામ પણ ખૂબ રહેતું હોય છે. ખાસ કરીને હીરાના વ્યવસાય સાથે જોડાયેલ લોકો છે. એવા સંજોગોમાં પી.આઈ.ની જગ્યાઓ ખાલી છે. એમાં એલ.સી.બી.ના ફોજદારની ૩ જગ્યા ખાલી છે. આ મહત્ત્વનો ચાવીરૂપ વિભાગ છે

અથવા તો પોલીસ સ્ટેશન હશે ત્યાં વધારે કાળજી લઈને જ્યાં સુધી બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી માનનીય મંત્રીશ્રી આ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તાત્કાલિક કરવા માગીએ છીએ. આ ઉપરાંત હું આપના માધ્યમથી આ ગૃહને માહિતી આપવા માગું છું કે, કુલ ૧૨૩૮૯ જગ્યાઓ કાં તો નવી મંજૂર થઈ છે કાં તો ભરતી કરવાની મંજૂરી આપી છે. એમાં ૩૪ આઈ.પી.એસ. અધિકારીઓની છે, ડી.વાય.એસ.પી.ની ૨૧૪ છે બીજા ડી.વાય.એસ.પી.ની ૩૨ છે. લોકરક્ષકની ૧૦૬૪ અને ૪૨૨૨ સીધી ભરતીની છે. પી.આઈ.ની ૧૮૯, સ્પર્ધાત્મક પરીક્ષાથી ૧૮૯ આવશે. સિનિયોરીટીના ક્રમ મુજબ બઢતી કરેલ ૧૯૯ છે.

**અધ્યક્ષશ્રી** : ભાવનગરની વાત કરવાની છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાંથી મૂકવાના છે એટલે કહું છું. એસ.આર.પી. લોકરક્ષકની ૩૨૪૯ છે. એમ કુલ ૧૨૩૮૯ કાં તો નવી મંજૂર કરી છે અથવા તો ભરતીની મંજૂરી આપી છે અને એમની પ્રક્રિયા ચાલુ છે. એ ભરતી થયેથી ભાવનગરની તરત જ ભરી દેવામાં આવશે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ જવાબમાં દર્શાવેલ એ, બી ડિવિઝન અને વેળાવદર, ભાલ એ મારા ડિવિઝનમાં આવે છે. ત્યારે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જે જગ્યાઓ ખાલી છે, ૫ અને ૧૮ દર્શાવી છે એ ખાલી પડવાના કારણો શું છે? બીજું, પોલીસ દળની જે ભરતી છે. એમાં વર્તમાન સરકારે પોલીસ દળના જુદા જુદા સંવર્ગના ભરતી નિયમોમાં સુધારો કર્યો છે કે કેમ? એક અને આ પોલીસ દળ સાથે સ્ટેટ રીઝર્વ પોલીસ આવે છે એની ભરતીમાં કોઈ સુધારો કર્યો છે કે નહીં અને એ નિયમમાં સુધારો કરવાના કારણે અને ભરતીના નિયમોમાં સુધારો કરવાના કારણે રાજયના પોલીસ દળને કોઈ ફાયદો થયો છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાઓ ખાલી પડી છે એ ખાલી પડવાના કારણોમાં ઘણી વખત પ્રમોશન થાય એટલે ખાલી પડે, ઘણી વખત અવસાન થાય એટલે ખાલી પડે અને નિવૃત્તિને કારણે પણ ખાલી પડતી હોય છે અને જે માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે ભરતી નિયમોની અંદર કોઈ ફેરફાર કર્યા છે કે નહીં, આ કોંન્સ્ટેબલના ભરતી નિયમો હતા એની અંદર ઘણા ફેરફારો કર્યા છે અને એના લીધો ગુણાત્મક ફેરફારો પણ પોલીસ દળમાં થવાના છે. એક તો માન્ય એથલેટીકસનું પ્રમાણપત્ર હોય, માન્ય અથવા તો સ્ટેટ લેવલની કોઈ સ્પૉર્ટસની સ્પર્ધામાં ભાગ લીધો હોય એને અગ્રતાક્રમ આપવાની જોગવાઈ દાખલ કરી છે. એન.સી..સી. 'સી' પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારને પણ અગ્રતા આપવાની જોગવાઈ કરી છે. કોમ્પ્યુટર વિષયનું જે જ્ઞાન હોય એને ફરજીયાત કરવામાં આવ્યું છે. એનો એક કોર્સ આઈડેંટીફાય કર્યો છે. જેણે એ કોર્ષ કરેલ હશે એની જ ભરતી કરવામાં આવશે. શૈક્ષણિક લાયકાતમાં પણ સુધારો કર્યો છે. ધોરણ-૧૦ થી વધારીને શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૨ની કરી છે અને હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દળોમાં બે માંથી ૩ વર્ષ જેણે કામગીરી કરી હોય અથવા તો તાલીમ લીધી હોય એને પણ અગ્રતા આપવામાં આવી છે આ રીતે પોલીસ સબ ઈન્સ્પેકટરની ભરતીની અંદર પણ જે 'સીસી' પ્રમાણપત્ર ધરાવે છે એને અગ્રતા આપવાનું નકકી કર્યુ છે અને એસ.આર.પી.ની ફોલોઅર્સની શૈક્ષણિક લાયકાત પહેલા સાત ધોરણ હતી એ વધારીને ધોરણ દસની કરી છે. આના લીધે રચનાત્મક ફેરફાર બહુ મોટો પડવાનો છે. આજે હું બહુ ગૌરવ સાથે ગૃહને જણાવું છું કે અમારી આ બધી ભરતી પ્રક્રિયા પતે પછી વર્ગ-૩ અને ૪ ના કર્મચારીમાં કોઈ એક વિભાગ પાસે જો સૌથી વધારે કોમ્પ્યુટરના જાણકાર કર્મચારીઓ હશે તો આ પોલીસ દળમાં હશે અને એનાથી બહુ મોટો ફર્ક પડવાનો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પહેલા સવાલના જવાબમાં પી.આઈ.ની ૫ ખાલી જગ્યાઓ છે તો એમાં મારો સવાલ એ છે કે જે ૫ ખાલી જગ્યાઓ છે એ કઈ કઈ તારીખથી ખાલી છે અને માનનીય મંત્રીશ્રીએ બીજા સવાલના જવાબમાં જણાવ્યું કે જુદા જુદા કારણોસર ખાલી જગ્યા પડી છે એ વયમર્યાદાને કારણે, વયનિવૃત્તિને કારણે અથવા રાજીનામાને કારણે અથવા અવસાન પામવાને કારણે તો આ ૫ જગ્યાઓ અવસાન પામવાથી ખાલી થઈ છે, બદલી થવાથી થઈ છે કે નિવૃત્તિને કારણે ખાલી જગ્યા પડી છે એ જાણવું છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૫ જગ્યાઓ એક વર્ષથી ઓછા સમયથી જ ખાલી છે. કોઈ એકઝેટ એની કોઈ તારીખ મારી પાસે હાલ ઉપલબ્ધ નથી (અંતરાય)અને જે જગ્યાઓ ખાલી પડી છે એમાં ખાલી પડવાના કારણો છે એમાં મોટા ભાગની પ્રમોશનથી ખાલી પડી હતી.

**અધ્યક્ષશ્રી:** માહિતી ટેબલ ઉપર મૂકી દેશે.

**જયોતિગ્રામ યોજનાનો કચ્છ જિલ્લાના ગામડા અને ઉદ્યોગને મળેલ લાભ**

**૩૨૬/page>*૨૩૩૪૫ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં તાલુકાવાર જયોતિગ્રામ યોજનાથી કેટલા ગામડામાં નાના ઉદ્યોગને લાભ મળેલ છે,

(૨) નાના ઉદ્યોગને ઘણા ગામડામાં જયોતિગ્રામ યોજનાના લાભથી વંચિત રાખવામાં આવેલ છે, તે હકીકત જાણો છો, અને

(૩) જો હા, તો વંચિત રહેલ ગામોને નાના ઉદ્યોગને કયારે જયોતિગ્રામનો લાભ આપવા માગો છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં તાલુકાવાર જયોતિગ્રામ યોજનાનો લાભ મેળવતા નાના ઉદ્યોગવાળા ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | લાભ મેળવતા નાના ઉદ્યોગવાળા ગામોની સંખ્યા. |
|---|---|---|
| ૧ | અબડાસા | ૨૯ |
| ૨ | અંજાર | ૪૨ |
| ૩ | ભચાઉ | ૨૯ |
| ૪ | ભૂજ | ૫૪ |
| ૫ | ગાંધીધામ | ૮ |
| ૬ | લખપત | ૧૧ |
| ૭ | માંડવી | ૩૭ |
| ૮ | મુંદ્રા | ૧૯ |
| ૯ | નખત્રાણા | ૩૪ |
| ૧૦ | રાપર | ૩૭ |
| | કુલ | ૩૦૦ |

(૨) જયોતિગ્રામ યોજનામાં આવરેલ ગામોમાં નાના ઉદ્યોગને વંચિત રાખેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કચ્છ જિલ્લામાં જયોતિ ગ્રામ યોજનાને કારણે કેટલા ગામોમાં નાના ઉદ્યોગોએ આ યોજનાનો લાભ લીધો, કેટલા ઉદ્યોગો સ્થાપ્યા અને કેટલા પ્રકારના છે? બીજું જયોતિ ગ્રામ યોજનાને લીધે લોડ વધારાને કારણે કચ્છ જિલ્લામાં ૩ વર્ષમાં કેટલા નવા સબસ્ટેશન સ્થાપવાનું આયોજન છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૪૫૪૬ કિલોમીટરની એચ.ટી. લાઈન નાખ્યા પછી ૨૩ લાખ થાંભલા ઉભા કર્યા પછી જયોતિ ગ્રામ યોજના આશરે ૧૩૦૦ કરોડ રુપિયાના ખર્ચે ૨૪ કલાક વીજળી આપવાનું અમલીકરણ થયું, આનંદની વાત એ છે કે આના લાભ જે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ધાર્યા હતા અને જે કરવા માગતા હતા એ હવે મળવામાં આવી રહયા છે. ખાલી કચ્છ જિલ્લામાં ૩૦૦ ગામડાના નાના ઉદ્યોગોએ લાભ લીધો છે. અને છેલ્લા દોઢ- બે વર્ષની અંદર ૪૬૪ નવા કનેકશનો નાના ઉદ્યોગો માટે આપ્યા છે. ઈતિહાસમાં જ્યારથી ગામડાના લોકોને પહેલા લાઈટ મળતી હતી એ સમયથી છેલ્લા દોઢ વર્ષમાં ૩૫ ટકા વધારો થયો છે. કુલ ૧૮૩૬ કનેકશનો આ નાના નાના ઉદ્યોગોને મળતા થયા છે અને એમાં બધા ઉદ્યોગો છે. એમણે વિગતો માગી છે. સુડી-ચપ્પા બનાવવાનો ઉદ્યોગ, fabrication, સુથારીકામ, floor mill, candy, દરજીકામ, લુહારીકામ, અથાણા ઉદ્યોગ, બાંધણીનું કામ, કચ્છી સાલ, Bentonite, મત્સ્યોદ્યોગ, ડેરી ઉદ્યોગ, Vulcanising, વણાટ ઉદ્યોગ, બેકરી, network, mosaic tiles , લેથ વર્ક, હસ્તકલાનો ઉદ્યોગ છે. આનાથી જ Distribution of income છે એમાં લાભ મળે છે. માનનીય સભ્યશ્રીએ લોડ વધારાની વાત કરી છે. આપણે આ વાતને ધ્યાનમાં રાખીને ૬૬ કે.વી.ના સબ સ્ટેશનનું આયોજન પણ કર્યું છે. વર્ષ ૨૦૦૭-૦૮માં ત્રણ ખાંભળા, કનૈયાબલ, કીડાણા નવા સબ સ્ટેશનોનું આયોજન છે. વર્ષ ૨૦૦૬-૦૭માં જે ત્રણ સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા એમાં સીકરા, વીધામલઠ, બેડીયાબેટ છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ત્રણ મુંદ્રા, મુઠાડા, મોખા અને વર્ષ ૨૦૦૪-૦૫માં પાંચ નવા સબ સ્ટેશનો બનાવ્યા તેમાં વરસાણા, ધાણેટી, ડોન, ખારવડે અને મીટ્ટી રોડ છે. પરિણામે છેલ્લા ચાર વર્ષમાં ૧૪ નવા સબ સ્ટેશનો કચ્છ જિલ્લામાં કાર્યરત કર્યા છે. આનો લાભ નાના ઉદ્યોગોને મળે છે.

**ભાવનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે લાયસન્સની પડતર અરજીઓ**

***૨૩૩૬૭ શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભાવનગર સમક્ષ લુબ્રીકેટીંગ ઓઈલ/ગ્રીસ વગેરેના પ્રોસેસીંગ અને ટ્રેડીંગના વ્યવસાય કરવા માટે લાયસન્સ માગતી અરજીઓ પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) તેના મુખ્ય કારણો શા?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવનગર સમક્ષ લુબ્રીકેટીંગ ઓઈલ/ગ્રીસ વગેરેના પ્રોસેસીંગ માટે એક અરજી પડતર છે. તેમજ ટ્રેડીંગ વ્યવસાયના લાયસન્સ માટેની કોઈ અરજી પડતર નથી.

(૨) એકમ જે સ્પેસીફીકેશન મુજબનું પ્રોડકટ બનાવવા માગે છે તેની વિગતો એકમે તા. ૨૮-૨-૨૦૦૭થી રજૂ કરેલ છે. જે થોડા સમય પહેલાં જ કચેરીને મળેલ હોઈ પ્રકરણ ચકાસણી અર્થે પડતર છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના Lubricating Oil વગેરેના processing અને trading વ્યવસાયના લાયસન્સ લેવાના થાય છે. એ અમારે ત્યાં અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાંથી વસ્તુ મળે છે એના પ્રોસેસીંગ અને ટ્રેડીંગ માટે લેવાના થાય છે. સામાન્ય રીતે Importer O.G.L. હોય છે એ Open General Licence નીચે આવે છે એને આવું લાયસન્સ લેવાનું આવતું નથી. એની સામે અમારે આ પ્રક્રિયામાં પડવું પડે છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ લોકોની લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ થાય અને પડતર અરજીની પ્રક્રિયા બાકી ન રહે એના માટે કોઈ કાયમી વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, Manufacturing Licence અને Trading Licence એમ બે પ્રકારના લાયસન્સ હોય છે. Waste Oil હોય એને પ્રોસેસ કરવા માટે આવું લાયસન્સ આપવામાં આવે છે. આમાં ગ્રીસ અને waste ઓઈલ માટે ૧૪ પ્રકારના specifications Bureau of Indian Standardsએ આના માટે કરેલા છે. જે એક અરજી પડતર છે એ ભાવનગર ડી.આઈ.સી.માં એની પૂરેપૂરી વિગતો, કારણ કે આમાં બે પ્રકારનું છે કે એક તો ફરિયાદ કે inferior ઓઈલ એવા પ્રકારનું અથવા not upto the specifications એવા પ્રકારનું ઓઈલ માર્કેટમાં વેચાવાની ફરિયાદ આવવાના કારણે મુખ્ય સચિવશ્રીએ પણ એક મિટિંગ લઈને એ વાતની કાળજી લેવામાં આવી છે કે Bureau of Indian Standards પ્રમાણે બને અને એ માટે જે પ્રોસેસ હોય એમાં Central Pollution Control Board ની મંજૂરી લેવાની હોય છે. આ બધા કાર્યવાહી આ એકમની પૂર્ણ થઈ ગયેલ હોવાથી હવે નિયમાનુસાર એમને લાયસન્સ ઈસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : Manufacturing કરતા હોય એના માટે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ વાત બરાબર છે. આમાં સવાલ એવો છે કે અલંગ શીપ યાર્ડમાં કેટલાય લુબ્રીકન્ટસ આવે છે. એ મેન્યુફેકચર છે જ નહીં. જે lubricant oil છે એનું recycling કરીને બીજાને વેચે છે. આ પણ એક આડ પેદાશ તરીકે આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આમના માટે કોઈ એવી વચગાળાની વ્યવસ્થા ખાસ ઊભી કરવા માગે છે કે એ transport કરીને લાવેલ શીપમાં જે ઓઈલ અને ગ્રીસનો જથ્થો હોય એ કલેકટરશ્રીને જાહેર કરે અને એ ૧૫ દિવસમાં નીકળી જાય એ દરમિયાનમાં મુખ્ય લાયસન્સ ધરાવનાર ટ્રેડર્સ હોય એમને આપી દે. કારણ કે વચગાળાની વ્યવસ્થા જરૂરી છે. એ મેન્યુફેકચરીંગ તો કરતા નથી. એટલે એની પાસે એનું શુદ્ધિકરણ કરવા આ ઑઈલ આવે છે એમાં ભેળસેળ નથી કરતો. ભેળસેળ વગર એમાં બળેલું હોય એ બધું ત્યાં આવે એ ભાંગવા માટે આવેલ છે એટલે એની ખાતરી હોતી નથી. એટલે માત્ર આ વ્યવસાયને ધ્યાનમાં રાખીને શિપબ્રેકિંગના જે ઉદ્યોગપતિ આના કારણે દંડાય છે અને વારંવાર એના ઉપર કાયદાકીય ખોટી કાર્યવાહીમાં એ વ્યસ્ત રહે છે એટલે એન મદદ થાય વિકાસની આડે આ obstacle છે એ દૂર થાય, એટલે એવી કોઈ વચગાળાની વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની Ministry of Petroleum and Natural Gas દ્વારા આ લુબ્રીકેટિંગ ઑઈલને લગતો ઑર્ડર્સ પાસ કરવામાં આવેલ હોય છે. એના Trading and Manufacturing બંને માટે એમાં Essential Commodities Act નીચે આ પ્રોકડટનો સમાવેશ કરવામાં આવેલ છે એટલે આમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ ના થાય એના માટે પુરવઠા તંત્ર છે. ઉદ્યોગ વિભાગનો રોલ ત્યાં જ આવે છે જ્યારે વેસ્ટ ઑઈલને ટ્રીટ કરીને ફરીથી પૅકીંગ કરવામાં આવે અને ફરીથી કોઈ Standard specifications પ્રમાણે બજારમાં મૂકવામાં આવે ત્યારે જ લાઇસન્સ ઈશ્યું કરવાની વાત આવે ત્યારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો એની અંદર પ્રશ્ન આવે છે. માનનીય સભ્યશ્રીની લાગણી છે કે અલંગ શિપિંગમાંથી જે પ્રકારના ડિસ્પોઝલ ઑઈલ અથવા ગ્રીસ નીકળે છે એના માટે ટ્રિટમૅન્ટ વગર જ સીધે સીધું માર્કેટમાં મૂકવાની પરવાનગી આપવાની રાજ્ય સરકારને કોઈ સત્તા પહોંચતી નથી. એ Ministry of Petroleum and Natural Gas આને અંગે નિર્ણય

કરી શકે પણ એ વાત હિતાવહ એટલા માટે નથી. કારણ કે જે શીપ આવે છે એ સ્ક્રેપ્ટ તરીકે આવે છે ત્યારે તેના કોઈ પણ specifications અલગ અલગ specificationsનો માલ હોય એને સીધે સીધું કોઈ પણ પ્રકારના કંન્ટ્રોલ વગર એને વેચવાની છૂટછાટ આપવી એ વપરાશકારોના હિતમાં જણાતું નથી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : વપરાશકારોના હિતમાં નથી પણ વચગાળાની વ્યવસ્થા થાય, જેથી ટ્રેડર્સ પાસે જ્યારે ઓઈલનો જથ્થો પહોંચે એ એના Standard Specifications પ્રમાણે ટ્રીટ કરે કે જે કરવું હોય એ કરે કારણ કે એને વેચવાની પરમિશન ના મળે પણ એ એના જોખમે વસ્તુ લે તો જ લાઈસન્સ હોલ્ડર છે. શીપબ્રકિંગ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ ઉદ્યોગકાર છે એને આવું લાઈસન્સ લેવું ના પડે. લાઈસન્સ ટ્રેડર્સ પાસે પહોંચી જાય એટલા માટે કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની જે વાત છે એ જ્યારે ટ્રેડર્સ વપરાશકાર સુધી જ્યારે માલ પહોંચાડે ત્યારે એણે નિયમનું પાલન કરવું પડે, પણ એની પાસેથી જે પ્રોસેસર છે દા.ત. જે Manufacturing લાઈસન્સ ધરાવતા હોય એ લોકો એમની પાસેથી એ માલ ખરીદી શકે છે અને માલ ખરીદ્યા પછી જે પ્રમાણે Licence and Controlling Authority જે પ્રકારના specifications થી વેચવાની મંજૂરી આપી હોય એ પ્રકારના specifications પ્રમાણે એ કરી શકે છે અને આપણે માત્ર ટ્રેડર્સ જો લાઇસન્સ આપવાના હોય તો એના માટે આપણે ઝડપી કાર્યવાહી માટે વિભાગ જરૂરથી વિચારણા કરશે.

**રાજ્યમાં ટ્રૅક્ટર અને ટ્રેઈલરોની નોંધીણી**

***૨૩૦૪૮ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૬ અંતિત છેલ્લા બે વર્ષમાં કેટલા ટ્રૅક્ટર તથા ટ્રેઈલરની નોંધણી થયેલ છે, અને
(૨) સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ટ્રૅક્ટર અને ટ્રેઈલરની નોંધણી થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (વાહન વ્યવહાર) :

**(૧)**

| વર્ષ | ટ્રેકટર | ટ્રેઈલર |
|---|---|---|
| ૨૦૦૫ | ૧૮૦૯૭ | ૮૯૨૮ |
| ૨૦૦૬ | ૨૫૨૮૮ | ૧૪૬૧૨ |

**(૨)**

| વર્ષ | ટ્રેકટર | ટ્રેઈલર |
|---|---|---|
| ૨૦૦૫ | ૩૭૨ | ૧૩૬ |
| ૨૦૦૬ | ૫૮૭ | ૨૪૨ |

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડૂતો ખેતી કામમાં બળદગાડાનો ઉપયોગ કરતા હતા પણ ખેડૂતો વર્તમાન સમયને ધ્યાનમાં લઈને આધુનિક પદ્ધતિથી ખેતી કરતા થયો છે. ખેતીમાં ટ્રૅક્ટર અને ટ્રેઈલરનો ઉપયોગ કરવામાં આવે છે. ટ્રેઈલરનો ઉપયોગ કરવામાં આવતો હોય ખેડૂતે દર વર્ષે ટેકસ અને પાસિંગ કરાવવું પડે છે, આમાં સુધારો કરીને ૧૦ વર્ષ માટે ટેકસ અને પાસિંગ પદ્ધતિ દાખલ કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન, ખેતીમાં વપરાતા ટ્રેઈલર ઉપર અને વાણિજ્ય હેતુ માટે વપરાતા ટ્રેઈલર ઉપર અલગ અલગ ટેકસ છે કે કેમ અને ટેકસ અલગ હોવાના કારણો શું?

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, નાના સીમાંત ખેડૂતો, બાગાયતી ખેડૂતો હોય છે એને પાંચ હોર્સ પાવરની નીચેના ટ્રેકટર અથવા ટ્રેલર હોય એને ટેકસમાંથી મુકિત આપવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિ વિષયક પ્રશ્ન છે. આમાંથી ઉપસ્થિત થતો નથી.

**જુનાગઢ જિલ્લાની કાર્યરત જી.આઈ.ડી.સી. અંગે**

***૨૩૦૯૫ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કુલ કેટલી જી.આઈ.ડી.સી. મંજૂર કરવામાં આવેલ છે,
(૨) તે પૈકી કાર્યરત કેટલી છે અને બીન કાર્યરત કેટલી છે, અને
(૩) આ બિન કાર્યરત એટલે કે જેનો કશો જ ઉપયોગ થતો નથી તેવી જી.આઈ.ડી.સી. જગ્યાઓ માટે સરકાર શું વિચારે છે?

**મુખ્યમંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કોઈ વસાહત મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉદ્‌ભવતો નથી.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં હાલમાં અત્યારે કુલ કેટલી ઔદ્યોગિક વસાહત કાર્યરત છે અને તેમાં કુલ કેટલા ઉદ્યોગો દ્વારા કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. બીજી વાત, બીન કાર્યરત ઔદ્યોગિક વસાહતો હોય એવી કોઈ ઔદ્યોગિક વસાહત છે કે કેમ અને જો હોય તો એના માટે સરકાર શું પગલાં લેવા માગે છે?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં ૬ ઔદ્યોગિક વસાહતો હાલમાં કાર્યરત છે અને એમાં ૬૩૮ લઘુ ઉદ્યોગો એમાં કાર્યરત છે. કેટલાક ઉદ્યોગો બાંધકામ હેઠળ પણ છે પણ રોજગારી એ જિલ્લામાં જી.આઈ.ડી.સી.ની ઔદ્યોગિક વસાહતમાં ૧૩૨૧૩ જેટલી રોજગારીનું સર્જન એમાં થવા પામેલ છે. જે બીન કાર્યરત જી.આઈ.ડી.સી.ની વાત છે એમાં જુનાગઢ જિલ્લામાં કેટલીક વસાહતો સ્થાપવાનું અગાઉ નકકી કરવામાં આવ્યું હતું પણ જુદાજુદા કારણોસર ખાસ કરીને ઉદ્યોગકારોની માગણી ન આવવાને કારણે એ વસાહત સ્થાપવાનું બંધ રાખવામાં આવેલ છે પણ જી.આઈ.ડી.સી.ની નીતિ છે એ બીજા કોઈપણ સ્થળે ઉદ્યોગકારો અને ખાસ કરીને લઘુ ઉદ્યોગો જો ઔદ્યોગિક વસાહત ઈચ્છે તો એમના માગણીદારો પાસેથી અરજી લઈને અરજી મેળવ્યા પછી એ વિસ્તારમાં જી.આઈ.ડી.સી.ને ફીજીબલ લાગે તો કરવા માટેની નીતિ જી.આઈ.ડી.સી.ની છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જુનાગઢ જિલ્લામાં અમુક તાલુકામાં જી.આઈ.ડી.સી. સ્થાપવાનું નકકી કરવામાં આવેલ હતું પરંતુ ઉદ્યોગકારોની અરજી ન આવવાને કારણે નિર્ણય કરવામાં આવ્યો નથી અથવા મુલતવી રાખવામાં આવ્યો છે તો મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં કયા કયા તાલુકામાં નવી જી.આઈ.ડી.સી. સ્થાપવાનું નકકી કરવામાં આવ્યું હતું અને નકકી કર્યા પછી કયા કયા તાલુકામાં ઉદ્યોગકારોની અરજી ન આવવાને કારણે આપણે જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરી શકયા નથી?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકામાં અમે ઔદ્યોગિક વસાહત સ્થાપવાની વિચારણા કરેલ એમાં માંગરોળ તાલુકામાં પણ વિચારણા કરી હતી એમાં શીલમાં જી.આઈ.ડી.સી. વસાહત સ્થાપવાનો નિર્ણય કરવાને કારણે માંગરોળની વસાહત રદ કરવાનું નક્કી કર્યું હતું. વંથલી તાલુકામાં નક્કી કરવામાં આવ્યું એ પણ ભૂતકાળમાં માગણીદારો નહોતા એટલે રદ કર્યું. તલાલા તાલુકામાં વન્ય પ્રાણીઓની અવરજવરને કારણે મહેસૂલ વિભાગ દ્વારા નામંજૂર કર્યું અને ઔદ્યોગિક સાહસિકોની કોઈની અરજી ન આવી એને કારણે તલાલા તાલુકામાં ન થઈ. માળિયા તાલુકામાં પણ ડિમાન્ડ સરવે દરયિમાન માગણી માટે કોઈ અરજી મળી નથી. માણાવદર તાલુકામાં પણ એ જ પ્રકારની સ્થિતિ પ્રવર્તે છે. માનનીય સભ્યશ્રીના ઉનામાં પણ ઔદ્યોગિક સાહસિકો દ્વારા જે ભાવે એમણે ફાળવણી લેવાની તૈયારી બતાવી એના કરતાં જી.આઈ.ડી.સી.ની ફાળવણીના દર વચ્ચે ખૂબ મોટું અંતર હોવાને કારણે જી.આઈ.ડી.સી.એ ૪૩૧ રૂપિયાનો ભાવ નકકી કરેલો જયારે ઉદ્યોગ સાહસિકો દ્વારા ૫૦ રૂપિયામાં માગણી કરવાને કારણે ફાળવણી કરવાનું શકય બન્યું નહીં એટલે કે ઔદ્યોગિક સાહસિકો આગળ ન આવ્યા. એવું કોડીનાર, ભેંસાણ, કેશોદ અને મેંદરડા તાલુકામાં બનેલ છે. મારે ફરીથી સભ્યશ્રીઓને કહેવું છે કે રાજ્ય સરકારનો અભિગમ ખાસ કરીને જી.આઈ.ડી.સી. અભિગમ જે વિસ્તારમાં ઉદ્યોગો સ્થપાવવાની શક્યતા હોય ત્યાં ઔદ્યોગિક વસાહત કરવા માટે જી.આઈ.ડી.સી. તત્પર છે. એ વિસ્તારના ઉદ્યોગકારો જો એમના એસોસીએશન અથવા ચેમ્બર ઑફ કૉમર્સ મારફત રજૂઆત લઈને આવશે અથવા સભ્યશ્રી એમના વિસ્તારમાં જી.આઈ.ડી.સી. ની માગણી માટે રજૂઆત કરશે તો એવી જી.આઈ.ડી.સી. કરવા માટે જી.આઈ.ડી.સી.નું મન ખુલ્લું છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : અહીંયા જી.આઈ.ડી.સી. ની જે જમીનો પડતર હોય છે અને પ્લોટો આપી દેવામાં આવતા હોય છે એ પ્લોટો ઉપર ઘણાં વર્ષો સુધી બાંધકામ થતું નથી હોતું, ઉપયોગ નથી થતો, એવા સંજોગોમાં છતા પણ અમૂક જગ્યાએ જી.આઈ.ડી.સી.નું એકસ્પાન્સન કરવા માટે જમીન સંપાદન કરવામાં આવતી હોય છે. મારા બે પ્રશ્નો છે. એક તો સરકાર એવું કંઈ નક્કી કરવા માગે છે કે ૭૦ થી ૮૦ ટકા પ્લોટોની અંદર કન્સ્ટ્રક્શન થઈ જાય, પછી નવા જી.આઈ.ડી.સી. ની જમીન એક્વાયર કરવી બીજું ખેતી લાયક જમીન હોય, સારું પાણી હોય, ખેતી થઈ શકતી હોય અથવા ખેતી થતી હોય તેવી જમીનો જ્યાં રેસિડેન્સિયલના એક્સ્પાન્સન માટે શહેરથી બિલકુલ નજીક હોય આવી જમીન એક્વાયર ન કરવી અને સરકારી પડતર જમીન ગામથી નજીક હોય તેવી જમીનો પહેલા એક્વાયર કરવી આવો કંઈ સરકાર નિર્ણય કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : આ પ્રશ્નમાંથી આ વિગતા આવતી નથી. પણ હું સભ્યશ્રીને સંતોષ માટે એટલું કહીશ કે જી.આઈ.ડી.સી.નું જ્યાં જ્યાં એક્સ્પાન્શન કરવાની જરૂરિયાત માટે ઉદ્યોગકારો તરફથી રજૂઆત કરવામાં આવે એના અનુસંધાને કરવાની નીતિ છે. બીજું જ્યાં જ્યાં ખેડૂતોને લગતી બાબતો હોય ત્યાં હંમેશા રાજ્ય સરકારનું અને જી.આઈ.ડી.સી.નું વલણ ખેડૂતોને કેમ ઓછામાં ઓછી મુશ્કેલી પડે એ રીતનું હોય છે. આપે જોયું હશે કે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન કે ઔદ્યોગિક વસાહત હોય, આપણા રાજ્યની અંદર ખેડૂતોને જમીનને

લગતી બાબતમાં કોઈપણ પ્રકારની સમસ્યા થઈ નથી, એટલે જ માનનીય સભ્યશ્રીની લાગણી છે કે ઔદ્યોગિક વસાહતનો પૂરો વિકાસ ન થયો હોય તો પણ એનો વિકાસ કરવા માટે ખેડૂતોને જમીન મેળવવા માટેની કોઈ બાબત હોય તો એના માટે જરૂરથી વિચારણા કરીને જેમાં પોષણક્ષમ અને ઉદ્યોગોની જરૂરિયાત હોય અને સાથે સાથે જે જમીનો છે એ કિસાનોની જમીન અંગે અનુકૂળતાવાળું વલણ લઈને કામ કરવાની જી.આઈ.ડી.સી.ની માનસિકતા છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવી જી.આઈ.ડી.સી. ઊભી કરવાની થતી હોય તો એમાં સરકારશ્રી તરફથી કેવા પ્રકારની સવલતો મળે છે? જમીન, રસ્તા, લાઈટ, પાણી વગેરે, વગેરે, સવલતો આપવામાં આવે છે, તો સવલતો કેવા પ્રકારની હોય છે? જી.આઈ.ડી.સી. ઊભી કરવા માટે સરકાર કેટલી વ્યવસ્થા કરે છે?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય સભ્યશ્રીની ખૂબ મહત્ત્વની બાબત છે કે આપણે જ્યાં ઔદ્યોગિક વસાહત નથી થઈ, ત્યાં ઔદ્યોગિક વસાહત કરવા માગીએ છીએ. જી.આઈ.ડી.સી. પોતે પણ ઔદ્યોગિક વસાહત ન કરે ત્યાં રાજ્ય સરકારે એક ઈન્ડસ્ટ્રિયલ પાર્કની સ્કીમ બનાવી છે અને ત્યાં ખાનગી ઉદ્યોગકારો પણ જો સરકારી જમીનની માગણી કરે તો સરકારી જમીન બજાર કિંમતે ફાળવવાની જોગવાઈ છે. ઈન્ડસ્ટ્રિયલ પાર્કની યોજના નીચે ૫૦ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયા સુધીની સબસિડી, જમીનની કિંમત, ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા માટેની કિંમત આ બધુ કરવા માટેની જોગવાઈ છે, એટલે જે વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ માટેની ભૂખ હોય તે વિસ્તારના સભ્યશ્રી આવા ઈન્ડસ્ટ્રિયલ પાર્ક બનાવવા માટેની દરખાસ્ત લાવશે તો સરકાર સહાનુભૂતિપૂર્વક પ્રતિભાવ આપશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય મંત્રીશ્રીએ અગાઉના જવાબમાં કહ્યું કે જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકા એક-બે તાલુકાને બાદ કરતા તમામ તાલુકામાં મંજૂર થયેલ જી.આઈ.ડી.સી. એને રદ કરી છે, જ્યારે જી.આઈ.ડી.સી. ની માગણી કરી ત્યારે અધિકારી દ્વારા સરવે કરવામાં આવ્યો હતો. અધિકારીઓ દ્વારા સરવે કરીને જી.આઈ.ડી.સી.ને આઈડેન્ટીફાઈ કરી જી.આઈ.ડી.સી. તરીકે મંજૂર કર્યા પછી જમીનની બાબતમાં વિવાદ ઊભો થયો અને વિવાદો ઊભો થયો, એના કારણે માંગરોળમાં શીલ અને ઉદ્યોગ મગફળીના દાણાના કારખાનેદારો અને લોકો પણ ત્યાં આવ્યા હતા, પણ જમીનના ભાવો જી.આઈ.ડી.સી.એ વધુ કહ્યા. જે વિસ્તારમાં ઉદ્યોગો છે જ નહીં તો ત્યા ઉદ્યોગોનો વિકાસ કરવા માટે આપ બધુ આપવા તૈયાર છો, તો આમાં જમીનના ભાવ ઓછા કરીને ઉદ્યોગોના વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોના વિકાસ થાય તેના માટે કોઈપણ પ્રકારની કોઈ સહાયની જરૂર હોય તેની અંદર દા.ત. માંગરોળની અંદર માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેમાં શીલની અંદર આ અંગેની વસાહત કાર્યરત છે. માંગરોળમાં રદ કરી છે અને શીલમાં કાર્યરત છે. શીલમાં આવી વસાહત ૧૨ હેકટરમાં કરવામાં આવી છે. સૂત્રાપાડામાં ૧૭૩ હેકટરમાં વસાહત કાર્યરત છે, જુનાગઢમાં ૧૦૦ હેકટરમાં વસાહત કાર્યરત છે, વેરાવળમાં ૫૬ હેકટરમાં આવી વસાહત કાર્યરત છે. આમ, જુનાગઢ જિલ્લાના હિસ્સામાં આવતી ઔદ્યોગિકરણની પ્રક્રિયા ચાલું છે. કોઈપણ વિસ્તારમાં ઉદ્યોગો માટેની માંગ હોય તો સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવશે તો રાજય સરકાર સાનુકૂળ પ્રતિભાવ આપશે. વાઈબ્રન્ટ ગુજરાતના કારણે જે વાતાવરણ ઉભું થયું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોથી એન્સીલરી ઉદ્યોગો અને ગ્રામ્ય વિસ્તારમાં ઔદ્યોગિકરણ થઈ શકે તેવી શકયતાઓ ઉભી થઈ છે તો તેનો પૂરેપૂરો લાભ લેવા વિનંતી છે.

## રાજયમાં વીજળીનું ઉત્પાદન

***૨૨૮૩૮ શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-
રાજયમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ કેટલા મેગાવોટ વીજળી કયા કયા વીજ મથકોએથી ઉત્પન્ન કરવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

૭૭૧૮ મેગાવોટ. વીજ મથકોની વિગતો પત્રક 'અ' મુજબ

**પત્રક-અ**

**રાજયમાં તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ વીજળીનું ઉત્પાદન**

| વીજ મથકોના નામ | (મેગાવોટ) |
|---|---|
| **(૧)ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી.ના વીજ મથકો** | |
| ધુવારણ (થર્મલ) | ૧૩૮ |
| ગાંધીનગર | ૭૦૦ |
| વણાકબોરી | ૧૪૩૪ |
| ઉકાઈ(થર્મલ) | ૪૭૭ |

| | |
|---|---|
| સિકકા | **૧૭૫** |
| પાનન્દ્રો | **૨૧૫** |
| ઉતરાણ | **૧૩૬** |
| ઉકાઈ(હાઈડ્રો) (એલબીસી) | **૧૫૦** |
| કડાણા(હાઈડ્રો)(પાનમ) | **૪૫** |
| | |
| **(૨) ખાનગી એકમો પાવર પ્રોજેકટ** | |
| એ.ઈ.કંપની લી. | **૪૮૨** |
| જીઆઈપીસીએલ-૧ | **૯૭** |
| જીઆઈપીસીએલ-૨ | **૧૨૦** |
| એસએલપીપી | **૨૩૮** |
| એસ્સાર પાવર લી. | **૩૨૧** |
| જીપેક લી. | **૫૯૬** |
| જીસેગ લી. | **૧૩૪** |
| કેપ્ટીવ પાવર પ્રોજેકટો | **૩૯** |
| | |
| **(૩) કેન્દ્ર સરકાર હસ્તકના યુનિટોમાંથી ગુજરાતના હિસ્સાનો** | **૨૨૨૧** |
| **કુલ ઉત્પાદન મેગાવોટ** | **૭૭૧૮** |

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં એવું કહેવામાં આવ્યું છે કે રાજયના બધા સ્ત્રોતો મળીને કુલ ૭૭૧૮ મેગાવોટ ઉર્જા ઉત્પન્ન થાય છે. તો પ્રશ્ન એ ઉભો થાય છે કે રાજયમાં વિકાસની તમામ દિશામાં સિમાચિહ્નરૂપ કામગીરી થઈ રહી છે ત્યારે આ સરકાર અને તેમાંય ખાસ કરીને ઉર્જા સ્ત્રોતમાં જે ખાધ છે તેને પહોંચી વળવા રાજય સરકારે શું આયોજન કરેલ છે? મેં એવું સાંભળેલ છે કે ગુજરાતના હિસ્સામાં આવતી વીજળી કેન્દ્ર દ્વારા કાપી લેવામાં આવી છે તો કેટલા મેગાવોટ વીજળી કાપવામાં આવી છે અને ભૂતકાળના વર્ષોમાં આ પ્રકારની રાજયના હિસ્સામાં આવતી ઉર્જા કાપવામાં આવી છે કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે કયા કયા રાજયો પાસેથી ટૂંકાગાળાના આયોજન માટે વીજળી ખરીદી અને તે કયા ભાવથી ખરીદી? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં વીજળીનું ઉત્પાદન કરવા માટે થઈને કોલસો, ગેસ અને નૂરમાં જે ભાવ વધારો થયો છે તેના કારણે રાજયના ઉર્જા ક્ષેત્રને શી અસરો થઈ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે બે પ્રકારના આયોજન કર્યા છે. લાંબાગાળાના આયોજન કર્યા છે અને ટૂંકા ગાળાના આયોજન કર્યા છે. પહેલાં લાંબાગાળાની વાત કરું તો અગિયારમી પંચવર્ષીય યોજનામાં કેપીસીટી એડીશન કરીને માહિતી આપું તો ૨૦૦૭-૦૮ની અંદર સ્ટેટ સૅકટર, સેન્ટ્રલ સૅકટર અને પ્રાઈવેટ સૅકટરમાં એમ ત્રણેમાં મળીને કુલ ૧૪૬૮ મેગાવોટનું આયોજન છે. ૨૦૦૮-૦૯ની અંદર ૧૦૧૩ મેગાવોટનું આયોજન છે. ૨૦૦૯-૧૦ની અંદર ૧૦૨૧ મેગાવોટનું આયોજન છે. ૨૦૧૦-૧૧માં ૧૯૭૩ મેગાવોટનું આયોજન છે અને ૨૦૧૧-૧૨ની અંદર ૫૪૬૭ મેગાવોટનું આયોજન છે. આમ અગિયારમી પંચવર્ષીય યોજનામાં સ્ટેટ સૅકટરમાં કુલ ૪૪૮૫, સેન્ટ્રલ સૅકટરમાં કુલ ૧૩૬૭ મેગાવોટ અને પ્રાઈવેટ સૅકટરની અંદર ૫૦૯૦ મેગાવોટ એમ કુલ મળીને ૧૦૯૪૨ મેગાવોટનું આયોજન છે. આ ઉપરાંત લાંબાગાળાના આયોજનની વાત કરું તો. તો હમણાં જ વાયબ્રન્ટ ગુજરાત થયા એની અંદર જે કરાર કરવામાં આવ્યા અને સંમતિપત્ર આપવામાં આવ્યા, એ ૧૫૬૦૦ મેગાવોટનું આયોજન છે. એની અંદર Neuclear Power Corporation એ આપણને સંમતિપત્ર આપ્યું છે. ભાવનગરમાં ૬૦૦૦ મેગાવોટનો પ્રોજૅકટ નાખવાનો, એવી જ રીતે N.T.P.C., નું કાકરાપાર, સુરતની અંદર ૧૪૦૦ મેગાવોટનું કામ ટૂંક સમયમાં ચાલુ થાય છે. આ ઉપરાંત જે કરાર થયા છે એમાં Union territory દમન દાદરા નગર હવેલી એક હજાર મેગાવોટ અને ખાનગી કંપની JSW Power Company ૧૦૦૦, સાંઘી ૧૨૦૦, જીપેક ૧૪૦૦, વિડિયોકોન ૬૦૦, દિશ્માન ૧૦૦૦ અને દહેજમાં ૨૦૦૦ મેગાવોટનું, એમ કુલ આયોજન ૧૫૬૦૦નું થાય છે. એ પ્રમાણે આપણે જોઈએ તો લાંબાગાળાનું કુલ આવતા પાંચ વર્ષમાં ૨૬૫૪૨ મેગાવોટનું આયોજન છે અને હાલની જે installed capacity ગણીએ તો ૯૫૬૧ થાય, એટલે કુલ ગણીને આવતા પાંચ વર્ષ પછી ૩૬૧૦૩ મેગાવોટની રાજયની અંદર કેપેસીટી ઊભી થવાની અત્યારે શક્યતાઓ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ૨૦૮ મેગાવોટની વાત કરી તો એમાં કહેવા માગું છું કે, ૨૦૮ મેગાવોટની વીજળી મહારાષ્ટ્રને આપવા માટે અને ત્યાં જે શોર્ટેઝ ઊભી થઈ હતી એને આપવા માટે એ લોકોએ કેન્દ્ર સરકારે આપણા unallocated quota માંથી કાપી નાખ્યો એ ૧ રૂપિયો ૬૭ પૈસા યુનિટના પડતા હતા. અને ૧ રૂપિયો ૬૭ પૈસા વીજળી એ લોકોએ કાપી નાખી, અનેક રજૂઆતો કરી અને એ અત્યારે આપણા

ખેડૂતોને જ્યારે સૌથી વધારે જરૂરત હતી એવા સમયમાં એ વીજળી કાપી હતી એના કારણે રાજય સરકારને મોંઘા ભાવની વીજળી ખરીદવી પડી, હવે એ જે વીજળી ખરીદવામાં આવી છે એ કુલ જે ખરીદી છે, સિક્કીમમાંથી ૫ રૂપિયા ૩૪ પૈસાના ભાવે ખરીદવી પડી, કર્ણાટકમાંથી ૫ રૂપિયા ૮૬ પૈસા યુનિટે ખરીદવી પડી, પશ્ચિમ બંગાળમાંથી ૬ રૂપિયા ૨૯ પૈસે ખરીદવી પડી, તામિલનાડુમાંથી ૬ રૂપિયા ૪૧ પૈસે ખરીદવી પડી અને આવી રીતથી જે આપણને નુકસાન થયું છે એ આખા વર્ષનું નુકસાન ગણીએ તો ૨૦૮ મેગાવોટ આપણને જો પાછી મળે તો રાજયને ૬૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થાય. માનનીય સભ્યશ્રીએ બીજી માહિતી માગી કે છેલ્લા પાંચ વર્ષમાં કેટલો ભાવ વધારો થયો તો હું જણાવવા માગું છું કે, કોલસાની અંદર ૨૧ાા ટકા કેન્દ્ર સરકારે ભાવ વધારો કર્યો, freight ની અંદર ૧૮.૭૦ ટકા ભાવ વધારો કર્યો, જે ગેસ મળતો હતો એમાં ૫.૭૬ ટકા કર્યો અને LNG માં ૧૧.૨૩ ટકાનો વધારો કર્યો એનું કરોડો રૂપિયાનું ભારણ આપણને પડ્યું છે અને અગત્યની વસ્તુ તો એ છે કે, આપણે એ ભારણ પ્રજાને આપ્યું નથી, જે કોઈ ખેડૂતો હોય કે ઘરવપરાશ હોય પણ સંપૂર્ણપણે રાજય સરકારે આ જે ભારણ પડ્યું છે એ ભારણ પોતે રાજય સરકારે પોતાના ખભે લીધું છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, કુલ ૭૭૧૮ મેગાવોટ વીજળીની ઉત્પાદન ક્ષમતા છે પણ હમણાં કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૮ મેગાવોટ વીજપુરવઠો પાછો ખેંચવામાં આવ્યો એના કારણે રાજયને કેટલું નુકસાન થયું અને એના માટે રાજય સરકારે વિશેષ શું પગલાં ભર્યા છે? મારો કહેવાનો આશય એ છે કે, હમણાં એપ્રિલ, ૨૦૦૭માં ૧૬૪૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઈ એમાં ૫૪૫ ગ્રામ પંચાયત સમરસ થઈ છતાં પણ વીજળીના પ્રશ્ને કેન્દ્ર સરકારે ભાજપની સરકારનું લોકોમાં ખરાબ દેખાય એવા પ્રયત્ન કર્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, પંચાયતનો પ્રશ્ન આમાં નહીં આવે, પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે વીજળી ૨૦૮ મેગાવોટ વીજળી પાછી ખેંચી લીધી છે, એ કદાચ પહેલો બનાવ દેશના ઈતિહાસમાં હશે, કદાચ પહેલો બનાવ હશે, હું કહું છું કે, (અંતરાય). કેંદ્રમાં જે મંત્રી મંડળમાં ફેરફાર કરવામાં આવ્યો અને મહારાષ્ટ્રના માજી મુખ્ય મંત્રીશ્રી શિંદેજીએ કેંદ્રમાં ઉર્જા મંત્રીનું સ્થાન લીધું એના ટૂંકા ગાળામાં જ બૉમ્બેમાં વીજળીનો કાપ હતો એના માટે આ ૨૦૮ મેગાવોટ વીજળી આપણને મળતી હતી એ લઈને ત્યાં આપી દીધી. સચિવશ્રી દ્વારા, મુખ્ય મંત્રીશ્રી દ્વારા આના માટે અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, ૨૦૦૫-૨૦૦૬માં બીજા રાજયોને આ સરકારે કેટલી વીજળી વેંચી અને એમાંથી કેટલો નફો થયો? બીજો મારો પ્રશ્ન એ છે કે આપણે વીજળી ખરીદીએ છીએ એમાં સૌથી વધારે ભાવે કઈ કંપની પાસેથી લઈએ છીએ, અને ત્રીજો મારો પ્રશ્ન એ છે કે, ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે એ પ્રમાણે એસ્સાર પાસેથી ૩ હજાર કરોડ રૂપિયા લેવાના બાકી રહે છે એ તમે ક્યાં સુધીમાં લેવાના છો? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જુઓ પ્લીઝ, પ્રશ્નો પૂછવાની બાબતમાં અને જવાબ આપવાની બાબતમાં મને જોવા મળ્યું છે કે પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી અને જવાબ આપનાર મંત્રીશ્રી પણ ખોટી રીતે લાંબા લાંબા સવાલોના લાંબા જવાબો આપે છે જે યોગ્ય નથી. અહીંયા પ્રશ્નોત્તરીમાં નિબંધો વાચવાના નથી માટે ટૂંકા પ્રશ્નો પૂછવામાં આવે અને એના ટૂંકમાં સચોટ જવાબ આપવામાં આવી એવી મારી લાગણી છે.

**જળસંચયના કાર્યથી જમીનના તળ ઊંચા આવવા બાબત**

***૨૩૨૫૬ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજયમાં જળસંચયના કાર્યથી જમીનના તળ ઊંચા આવ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સમગ્ર ગુજરાતના જમીનના તળમાં સરેરાશ કેટલો વધારો થયો છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧) અને (૨) રાજયમાંના વિવિધ પરીક્ષણો સ્થળોએ થયેલ ભૂગર્ભ જળની માપણીના આધારે ભૂગર્ભ જળના તળમાં સરેરાશ ૫.૦ મીટર સુધી વધારો જણાયેલ છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, લોક ભાગીદારી દ્વારા જળ સંચય એ આ રાજય સરકારની અનેક સિદ્ધિઓ પૈકીની એક મોટી સિદ્ધિ છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે સમગ્ર ગુજરાતમાં લોક ભાગીદારીથી જળ સંચય જે થાય છે એ યોજનામાં હજારો ચેક ડૅમો થયા છે અને મોટી નદીઓ ઉપર મોટા ચેક ડૅમો બાંધવામાં આવ્યા છે એના પરિણામરૂપે સમગ્ર ગુજરાત પ્રાંતની અંદર ૫.૦ મીટર એટલે કે ૧૩.૫ ફૂટ જેટલો વોટર ટેબલમાં વધારો થયો છે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સમગ્ર ગુજરાતની અંદર આ ૫.૦ મીટરનો ફાયદો થયો છે ત્યારે ભાવનગર જિલ્લામાં કુલ કેટલા ચેક ડૅમ બન્યા અને ભાવનગર જિલ્લામાં વોટર ટેબલમાં કુલ કેટલો ફાયદો થયો છે અને આ વોટર ટેબલમાં જે ફાયદો થયો છે એટલે કે જે ભૂગર્ભ જળ સપાટીની અંદર જે ફાયદો થયો છે એ માપવાની પદ્ધતિ કઈ છે અને એ કોણ માપે છે?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં ભૂગર્ભ જળની સપાટીમાં ૬.૯૧ મીટરનો વધારો થયો છે એમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે ભાવનગર જિલ્લામાં કુલ કેટલા ચેક ડૅમ બન્યા તો ભાવનગર જિલ્લામાં કુલ ૫૭૮૯ ચેક ડૅમ બન્યા છે અને ત્રીજો પ્રશ્ન એમનો હતો કે આ ભૂગર્ભ જળ સપાટી માપવાની કઈ પદ્ધતિ છે તો પાણીના તળની માપણી કેન્દ્ર સરકારના સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના માર્ગદર્શન અને સૂચના મુજબ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે અને સામાન્ય રીતે ચોમાસા પહેલાં મે મહિનામાં અને ચોમાસા પછી ઑકટોબર મહિનામાં ભૂગર્ભ જળ સ્તરની માપણી કરવામાં આવે છે અને રાજયમાં કુલ ૩૬૬૬ જેટલા ઓબ્ઝર્વેશન કૂવા, પાતાળકૂવા અને પીજો મીટર નિયત કરેલ છે અને તેના પર ભૂસ્તરશાસ્ત્રી દ્વારા નિયમિત સમયે સ્થળ ઉપર ભૂગર્ભ જળની સપાટીની માપણી કરવામાં આવે છે. સિંચાઇ યોજનામાં કુલ કેટલા ચેક ડૅમ બન્યા અને હજી નવા કેટલા ચેક ડૅમ બનાવવાનું રાજય સરકારનું આયોજન છે?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : પંચમહાલ જિલ્લામાં અત્યારસુધીમાં કુલ ૫૦૮૪ જેટલા ચેક ડૅમ બન્યા છે. તાલુકા વાર માહિતી આપું તો નવું આયોજન ગોધરામાં ૧૮૫, હાલોલમાં ૧૩, જાંબુઘોડામાં ૪, કડાણામાં ૧૫, કાલોલમાં ૯૩, ખાનપુરમાં ૬૪, લુણાવાડામાં ૮૩, મોરવામાં ૮, શહેરામાં ૨૦૪, સંતરામપુરમાં ૨૮ એમ આવતા વર્ષમાં કુલ ૭૨૯ ચેક ડૅમો બનાવવાનું આયોજન છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયની અંદર જળસિંચયના કાર્યથી જમીનના તળ ખૂબ ઊંચા આવ્યા છે આ ભગીરથ કાર્ય બદલ હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું ત્યારે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં અત્યારસુધી સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના હેઠળ કેટલા ચેક ડૅમ બાંધવામાં આવ્યા છે અને હજી કેટલા વધુ ચેક ડૅમ બાંધવામાં આવનાર છે?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે, રાજયના મુખ્યમંત્રીશ્રી કોઈ સંકલ્પ કરે, દ્રઢ નિર્ધાર કરેલ હોય અને એનો અમલ થયો હોય તો સારાએ હિંદુસ્તાનમાં ગુજરાત રાજયમાં છે આ સાબરકાંઠા જિલ્લાની વાત કરું તો સાબરકાંઠા જિલ્લામાં કુલ ૬૧૦૫ જેટલા ચેક ડૅમ બની ગયા છે. આવતા વર્ષમાં જે આયોજન છે એમાં બાયડ તાલુકામાં ૪૩, ભીલોડામાં ૩૮, ધનસુરામાં ૩૯, હિંમતનગરમાં ૨૭, ઈડરમાં ૫૫, ખેડબ્રહ્મામાં ૩૮, માલપુરમાં ૩૬, મેઘરજમાં ૭૧, મોડાસામાં ૬૦, પ્રાંતીજમાં ૪૪ તલોદમાં ૩૭, વડાલીમાં ૩૬ અને વિજયનગરમાં ૧૯ એમ કરીને કુલ ૫૪૩ જેટલા ચેક ડૅમ બનાવવાનું આયોજન છે અને શકય હોય ત્યાંસુધી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે, આ સરદાર પટેલ સહભાગી જળ સિંચાઈ યોજના કોના વખતમાં શરૂ થઈ? આ યોજના કઈ સાલમાં શરૂ થઈ? અને જવાબ આપ્યો છે કે સમગ્ર ગુજરાતમાં પાંચ મીટરના તળ ઉંચા આવ્યા છે તો ખેડૂતોના માથે ઠોકાયેલો કાળો કાયદો કે જેને ડાર્ક ઝોન કહેવામાં આવે છે તેમાં વર્ષોથી લાઈનમાં વીજળીના કનેકશન માટે ઉભેલાં ખેડૂતોને ન્યાય આપવા માગો છો કે કેમ? અને જ્યાં તળ ઉંચા આવ્યા હોય તે કનેકશન આપવા માગો છો કે કેમ ? તમે તો ખેડૂતોના હામી છો. શેની વાતો કરો છો? હું પણ ખેડૂત છું અને કનેકશન આપવા માગો છો કે કેમ? મારે ખુદને કનેકશન જોઈએ છીએ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પુછાય પ્લીઝ. બસ.

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી યોજના ભારતીય જનતા પક્ષના રાજયમાં શરૂ થઈ. એટલું જ નહીં માનનીય સભ્યશ્રીને જણાવું કે પહેલા ૬૦:૪૦ની યોજના હતી અત્યારે ૬૦ ટકા સરકારનો ફાળો ૪૦ ટકા લોકોનો ફાળો હતો. પરંતુ આ ગૃહના અનેક સભ્યો મારી સાથે હું જ્યારે ધારાસભ્ય હતો ત્યારે આ રાજયના મુખ્યમંત્રીને મળ્યો કે થોડોક સરકારનો જો ફાળો વધારવામાં આવે તો આ યોજનામાં સારા એન.જી.ઓ.આવે, સારા લોકજૂથો આવે. થોડાંકને બદલે આ ગૃહને જણાવીશ કે એક સાથે ૨૦ ટકા સરકારનો ફાળો વધારીને આ રાજયના ખેડૂતોને અને ખેડૂત મજૂરોને અને રાજયનો વિકાસ કરવાનો જે સંકલ્પ કર્યો છે તેનો આ પુરાવો છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ અને રાજયમાં પાણી પુરવઠા વિભાગ તરફથી ભૂગર્ભ જળની સપાટીની માપણી કરવામાં આવે છે તે કેટલા અને કયા કયા જિલ્લાઓમાં તેના ભૂગર્ભ જળની સપાટીનું તળ માપવામાં આવ્યું? આ બન્ને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ અને પાણી પુરવઠા બોર્ડ તે બન્નેએ જે માપણી કરી તે બન્ને પદ્ધતિમાં તફાવત શું આવ્યો ?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ મારફત જે માપણી કરવામાં આવેલી છે તેમાં રાજયના ૧૮ જિલ્લાઓમાં ચાર મીટરથી વધારો થયો છે એવો એક અહેવાલ આપ્યો છે. જિલ્લાઓની માહિતી આપું છું. સાથે સાથે નોંધ પણ કરવામાં આવી છે કે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત કે જ્યાં ચેક ડેમો વધુ બન્યા છે ત્યાં જળ સપાટીનો વધારો થયેલો છે. માનનીય સભ્યશ્રીને જણાવું કે ૧૮ જિલ્લાઓમાં અમદાવાદ, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, ડાંગ, દાહોદ, જામનગર, જુનાગઢ, મહેસાણા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને વડોદરાનો સમાવેશ થાય છે.

**ઉપલેટામાં વીજ ચોરી અંગેના દરોડા**

***૨૨૬૪૬ શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વીજતંત્ર દ્વારા વર્ષ ૨૦૦૬ દરમિયાન ઉપલેટા શહેર અને તાલુકાના ગામોમાં ઔદ્યોગિક, વાણિજિયક , રહેણાંક તેમજ કૃષિ ક્ષેત્રમાં કેટલા વીજ દરોડા પાડવામાં આવ્યા અને કેટલા રૂપિયાની વીજ ચોરી ઝડપવામાં આવી, અને

(૨) વીજ ચોરી ડામવા માટે કાયમી ધોરણે શાં પગલાં ભરવામાં આવી રહ્યાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) વીજતંત્ર દ્વારા વર્ષ ૨૦૦૬ દરમિયાન ઔદ્યોગિક, વાણિજિયક રહેણાંક તેમજ કૃષિ ક્ષેત્રમાં કુલ ૨૬ વીજ દરોડા પાડી કુલ રૂપિયા ૩૩,૪૨,૪૫૭ની વીજ ચોરી ઝડપવામાં આવી.

(૨) આઈ.પી.એસ.અધિકારીના નિયંત્રણ હેઠળ ચેકીંગ સ્કવોડ ઉભી કરેલ છે. તદ્ઉપરાંત ડિવિઝન લેવલે તેમજ સર્કલ લેવલે પણ અલગ ચેકીંગ સ્કવોડ દ્વારા ચેકીંગ કરવામાં આવે છે. આ દૂષણ ડામવા માટે પાંચ અલાયદા પોલીસ સ્ટેશનો ઉભા કર્યા છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકાની અંદર વીજ ચોરી ડામવા માટે લગભગ ૨૬ જગ્યાએ વીજ દરોડા પાડવામાં આવ્યા છે. તેમાંથી કૃષિ વિષયક કેટલાં વીજ દરોડા પાડવામાં આવ્યા છે, વાણિજય અને રહેણાંક મકાનના કેટલાં દરોડા પાડવામાં આવ્યાં છે અને ઔદ્યોગિક એકમો ઉપર કેટલાં દરોડા પાડવામાં આવ્યાં છે? અને દરોડાની અંદર જે રકમ વસૂલ કરવામાં આવી છે તે ૩૩ લાખ રૂપિયા જેવી રકમ છે. ખરેખર માનનીય મંત્રીશ્રીને અને વીજ તંત્રને ખૂબ ધન્યવાદ આપીએ કે ચોરી ડામવાને કારણે વીજળીની સ્થિતિ ઘ ણી સુધરી છે અને તંત્રની આ કેટલી કાર્યક્ષમતા છે તો માનનીય મંત્રીશ્રી માહિતી આપે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધોરાજીની અંદર પેટા કચેરી ૩ આવે છે ઉપલેટા શહેર વિભાગ, ઉપલેટા ગ્રામ્ય વિભાગ અને ભાયાવદર કુલ ૮૧૧૯ ચેકીંગ કરવામાં આવ્યાં છે. તેમાં ઔદ્યોગિકમાં ૩૦૮ , વાણિજ્યમાં ૧૩૪૩, રહેણાંકમાં ૫૮૧૮ અને ખેતીમાં ૬૫૦. ખેતીની અંદર ૨૨ કનેકશનોની અંદર વીજ ચોરી પકડાય છે. રહેણાંકમાં ૭૫૭, વાણિજ્યમાં ૮૬ અને ઉદ્યોગમાં ૧૭. આમ અત્યારની તારીખની આપણે જોવા જઈએ તો ૩૩ લાખ ૪૨ હજાર ૪૫૭ રૂપિયા આની અંદર પકડવામાં આવ્યા છે. આની અંદર જે ૧૩૫ની કલમમાં જે કેસો કર્યા છે તે ૯૪ છે અને ૧૨૬ની કલમમાં જે કેસો કર્યા છે તે ૭૮૮ કેસો છે અને..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**૨૫ ટકા ધારાસભ્ય લોકફાળા અંગે**

૨૧૭૯૮ **શ્રી હેમાજી દ. રાજપૂત** (વાવ) **: માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧૨મા નાણાપંચે-૨૫ ટકા ધારાસભ્ય લોકફાળો આપતા હતા તે બંધ કરવાના કારણો કયા છે ? | કેન્દ્ર સરકારની માર્ગદર્શક સુચનાઓને અનુરૂપ જોગવાઈ ધ્યાને લઈને ફેરફાર કરવામાં આવેલ છે. |

-----------

**જી.એ.એસ. કેડરના જુદા પગાર સ્કેલ અંગે**

૨૩૩૭૪ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત વહીવટી સેવા જી.એ.એસ. કેડરના અધિકારીઓ/કર્મચારીઓને જુદા પે સ્કેલ ન હોવાને કારણે બઢતી અને હોદ્દા મળવામાં રાજ્યની અન્ય સમકક્ષ સેવાઓની સરખામણીએ વિલંબ થાય છે તે હકીકત સાચી છે, | (૧) ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ના અધિકારીઓ માટે અલાયદાં પગાર ધોરણો અસ્તિત્વમાં છે. |
| (૨) આ વિસંગતતા દૂર કરવા જી.એ.એસ. કેડરને જુદા પે સ્કેલ આપવા સરકારની વિચારણામાં | (૨) ખંડ-૧ અન્વયે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

છે કે કેમ, અને

(૩) જો ના, તો હાલ જી.એ.એસ. કેડરને અને અન્ય સમકક્ષ સેવાઓના અધિકારીઓને રાજ્યમાં કેટલા પે સ્કેલ આપવામાં આવે છે ?

(૩) આજની સ્થિતિએ ગુજરાત વહીવટી સેવા (GAS) માટે બે પગાર ધોરણો છે. ""અન્ય સમકક્ષ સેવાઓ"" નિતિ કરેલ નથી.

-----------

**ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ.**

૨૨૭૦૧ **શ્રી રમેશભાઇ પટેલ** (જલાલપોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. માં ક્યા ક્યા જિલ્લાઓમાં મૂડી રોકાણ થનાર છે,

(૨) જિલ્લાવાર કેટલા પ્રોજેક્ટ આવશે,

(૩) આ પ્રોજેક્ટોમાં કેટલું મૂડી રોકાણ થશે,

(૪) સંભવિત કેટલી રોજગારી ઉભી થશે, અને

(૫) કેટલા સમયમાં કાર્યન્વિત થશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) : ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન જુદા જુદા જિલ્લાઓમાં થયેલ એમ.ઓ.યુ./ જાહેરાતો અને જિલ્લાવાર પ્રોજેક્ટની યાદી પરિશિષ્ટ-૧ આ સાથે સામેલ છે. આ પ્રોજેક્ટોમાં કુલ સંભવિત રૂા. ૪,૬૧,૮૩૫ કરોડનું મૂડી રોકાણ થશે.

(૪) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ના પ્રોજેક્ટો કાર્યાન્વિત થતાં ૧૩.૨૬ લાખ રોજગારીની તકો ઉભી થશે.

(૫) આ પ્રોજેક્ટો જુદા જુદા તબક્કામાં સમયાંતરે કાર્યાન્વિત થશે.

**પરિશિષ્ટ-૧**

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ જિલ્લાવાર થયેલ એમ.ઓ.યુ./જાહેરાતોની વિગતો**

| ક્રમ | જીલ્લાનું નામ | એમ.ઓ.યુ./જાહેરાતોની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭૬ |
| ૨. | અમરેલી | ૯ |
| ૩. | આણંદ | ૧૦ |
| ૪. | બનાસકાંઠા | ૨ |
| ૫. | ભરૂચ | ૪૫ |
| ૬. | ભાવનગર | ૪ |
| ૭. | દાહોદ | - |
| ૮. | ડાંગ-આહવા | - |
| ૯. | ગાંધીનગર | ૨૭ |
| ૧૦. | ગોધરા | ૧ |
| ૧૧. | જામનગર | ૯ |
| ૧૨. | જુનાગઢ | ૭ |
| ૧૩. | ખેડા | ૩ |
| ૧૪. | કચ્છ | ૩૪ |
| ૧૫. | મહેસાણા | ૧૪ |
| ૧૬. | નર્મદા | ૧ |
| ૧૭. | નવસારી | ૨ |
| ૧૮. | પાટણ | - |
| ૧૯. | પોરબંદર | ૫ |
| ૨૦. | રાજકોટ | ૭ |
| ૨૧. | સાબરકાંઠા | ૧ |
| ૨૨. | સુરત | ૪૦ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૨ |
| ૨૪. | વડોદરા | ૨૭ |
| ૨૫. | વલસાડ | ૧૩ |
| ૨૬. | *પ્રોજેક્ટ એક કરતાં વધારે જીલ્લામાં | ૨૪ |
| | કુલ :-- | ૩૬૩ |

-----------

**લાકરોડા વિયરને વરસાદથી થયેલ નુક્સાન**

૨૨૬૪૮ **શ્રી દિપસિંહ શં. રાઠોડ** (પ્રાંતિજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ લાકરોડા વિયર વરસાદથી તુટી ગયેલ છે તે સરકાર જાણે છે, | (૧) લાકરોડા બેરેજને નુક્સાન થયેલ છે. |
| (૨) કેટલું નુક્સાન થયેલ છે, | (૨) અંદાજે રૂા. ૧૮૦.૫૯ લાખનું નુક્સાન થયેલ છે. |
| (૩) ક્યારે કામ પૂર્ણ કરવા માંગે છે, અને | (૩) તાત્કાલિક મરામતનું કામ કરવામાં આવેલ છે. જ્યારે કાયમી મરામતનું કામ ૨૦૦૭-૦૮માં શરૂ કરવાનું આયોજન છે. |
| (૪) તેની ઉંચાઇ વધારવા માંગો છો કે કેમ ? | (૪) ના, જી. |

-----------

**રાજ્યમાં વીજળીની જરૂરીયાત**

૨૩૨૬૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ કેટલા મેગાવોટ વીજળીની જરૂરીયાત છે, | (૧) મહત્તમ અને અનિયંત્રિત માંગ ૧૦૧૮૧ મેગાવોટ. |
| (૨) તેની સામે ઉત્પાદન કેટલું કરવામાં આવે છે, અને | (૨) ૮૦૪૭ મેગાવોટ |
| (૩) બાકીની વીજળી માટે સરકાર શું આયોજન કે જોગવાઇ કરવા માંગે છે ? | (૩) વિજ ઘટ પુરી કરવા માટે વિજ વેચાણકારો પાસેથી ટુંકાગાળાની વિજ ખરીદી કરવામાં આવે છે તેમજ ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન ૧૦૯૪૨ મે.વો. વીજક્ષમતા વધારવાનું આયોજન છે. |

-----------

**વાર્ષિક યોજનાનું કદ**

૨૨૭૮૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૬-૦૭ ના નાણાકીય વર્ષમાં રાજ્યના બજેટમાં વાર્ષિક યોજનાનું કદ કેટલું હતું, | (૧) ૧૨૦૦૮.૨૯ (રૂા. કરોડમાં) |
| (૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ તે અંગે વિભાગવાર કેટલી ફાળવણી કરવામાં આવી છે, અને | (૨) |

| **વિભાગનું નામ** | **ફાળવણી (રૂા. કરોડમાં)** |
|---|---|
| કૃષિ અને સહકાર વિભાગ | ૩૩૦.૬૬૧૨ |
| વન અને પર્યાવરણ વિભાગ | ૧૦૫.૬૯૦૦ |
| પંચાયત ગૃહનિર્માણ અને ગ્રા.વિ.વિભાગ | ૪૫૬.૮૫૯૦ |
| નર્મદા જ.સં.પા.પુ. અને ક. વિભાગ | ૩૪૨૪.૫૨૬૦ |
| ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૬૩૮.૬૭૦૦ |
| ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૯૮.૬૩૦૦ |
| બંદર અને વાહનવ્યવહાર વિભાગ | ૧૧૫.૦૦૦૦ |
| માર્ગ અને મકાન વિભાગ | ૧૧૩૫.૬૬૬૦ |
| ગૃહ વિભાગ | ૧૩૯.૬૮૦૦ |
| શિક્ષણ વિભાગ | ૬૫૭.૪૭૬૧ |
| અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ | ૫.૮૫૦૦ |
| રમતગમત યુ. અને સાંસ્કૃતિક | ૧૬.૨૪૪૩ |

| | |
|---|---|
| પ્રવૃતિઓનો વિભાગ | |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૨૬.૩૭૬૭ |
| કાયદા વિભાગ | ૧૬.૩૨૬૬ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૪૫૪.૨૦૦૦ |
| મહેસુલ વિભાગ | ૧૬૪.૪૫૭૭ |
| માહિતી અને પ્રસારણ વિભાગ | ૫.૭૫૦૦ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૫૪૮.૬૮૦૬ |
| આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૩૫.૬૦૪૭ |
| શ્રમ અને રોજગાર વિભાગ | ૪૧.૬૪૫૪ |
| મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૧૩.૫૦૦૦ |
| સામાન્ય વહીવટ વિભાગ | ૨૨૩.૫૫૦૦ |
| વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ | ૯૧.૨૪૦૦ |
| નાણાં વિભાગ | ૦.૦૯૦૦ |
| **કુલ** | **૧૦૮૪૬.૩૭૪૩** |

(૩) તે પેકી કુલ આયોજનના કેટલા ટકા ખર્ચ નોંધાયેલ છે ?

(૩) તે પેકી કુલ આયોજનના ૭૪.૪૫ ટકા ખર્ચ નોંધાયેલ છે.

-----------

**૧૫**

**અમદાવાદ આર.ટી.ઓ. કચેરી દ્વારા અપાયેલ લાયસન્સ**

૨૨૮૬૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ** (કાલુપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ આર.ટી.ઓ. કચેરી ખાતે કાચા લાયસન્સમાં નાપાસ થયેલ હોવા છતાં આવા ઉમેદવારોને લાયસન્સ આપવામાં આવ્યા છે તેનાથી સરકાર વાકેફ છે,

(૨) આ અંગે ક્યા અધિકારી/કર્મચારીઓ સામેલ છે, તેમની સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આવી બદી દૂર કરવા સરકારે શા વિશિષ્ટ પગલાં ભર્યા અથવા ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) આવો કોઈ પ્રસંગ બનેલ નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

-----------

**કૃષ્ણા/ગોદાવરીના બેઝીનમાંથી મળેલ ગેસ**

૨૩૩૨૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષ્ણા/ગોદાવરી બેઝીનમાંથી તાજેતરમાં કુદરતી ગેસ શોધી કાઢયા પછી પ્રયોગાત્મક ડ્રીલીંગ દરમ્યાન ક્યા ક્યા ગેસનો જથ્થો મળ્યો છે,

(૨) આ ગેસ કેટલા જથ્થામાં પ્રાપ્ત થવાની સંભાવના છે, અને

**જવાબ**

(૧) કુદરતી ગેસનો જથ્થો મળી આવેલ છે.

(૨) આશરે ૨૦ ટી. સી. એફ.

(૩) તેનાથી શું શું લાભ થશે ?

(૩) ઘર વપરાશ, વાહન વ્યવહાર માટે સી. એન. જી. વીજ ઉત્પાદન તથા ઓદ્યોગિક વપરાશના હેતુ માટે નિયમિત અને પર્યાપ્તપણે શુધ્ધ બળતણ તરીકે ગેસ ઉપલબ્ધ બનશે તેમજ તે કારણે પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

-----------

**ખેતી વિષયક વીજ લાઇનોની જ્યોતિગ્રામ યોજનામાં તબદીલી**

૨૨૮૧૯ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જ્યોતિગ્રામ યોજનામાંથી ખર્ચ ક્યાં વગર ખેત વિષયક વીજ લાઇનો જ્યોતિગ્રામ યોજનામાં કેટલી તબદીલ કરવામાં આવી,

(૨) આવી વીજ લાઇનો પુનઃ ખેત વિષયક વીજ લાઇનમાં તબદીલ કરવા કેટલી માંગણીઓ આવી,

(૩) આ બાબતે કેટલી લાઇનો પુનઃ ખેત વિષયકમાં ફેરવવામાં આવી, અને

(૪) ફેરવવામાં આવી ન હોય તો કેટલા સમયમાં ફેરવાશે ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) કોઇ માંગણી આવેલ નથી.

(૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**બંદરોના વિકાસનું આયોજન**

૨૩૨૯૪ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર ઉત્તર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે બંદરોના વિકાસ માટે ક્યા ક્યા બંદરો નક્કી કરેલ છે, ક્યા ક્યા બંદરોના વિકાસ માટે ખાનગી કંપનીઓની અરજીઓ (ટેન્ડર) ક્યા ક્યા બંદરોના વિકાસ માટે આવ્યા છે,

(૨) આ પેકીના કેટલા બંદરોના વિકાસનો નિર્ણય સરકારે લીધો, કઇ કઇ કંપનીને કઇ કઇ શરતો આધીન આ વિકાસ પરવાનો આપવામાં આવ્યો, અને

(૩) આથી રાજ્ય સરકારને કેટલી આવક થઇ, આ બંદરોમાં સરકારે કોઇ જાતનો ખર્ચ અગાઉ કરેલ છે કે કેમ, અને કેટલો ખર્ચ અગાઉમાં કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) (૧) પીપાવાવ (૨) મુંદ્રા (૩) દહેજ (૪) હજીરા (૫) પોસીત્રા (૬) ધોલેરા (૭) બેડી (૮) સીમર-છારા (૯) મીઠી-વીરડી (૧૦) વાંસી-બોરસી (૧૧) મરોલી (૧૨) મહુવા (૧૩) ખંભાત (૧૪) મોઢવા અને (૧૫) સુત્રાપાડા બંદરો વિકસાવવાનું નક્કી કરેલ છે. પોસીત્રા, ધોલેરા, બેડી, સીમર-છારા, મીઠીવીરડી, વાંસી-બોરસી, મહુવા, ખંભાત, મોઢવા અને સુત્રાપાડા બંદરોના વિકાસ માટે ખાનગી કંપનીઓ પાસેથી ""એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ "" અંગેની અરજીઓ મળેલ છે.

(૨) સરકારે નક્કી કરેલ ""બૂટ પ્રિન્સીપલ"" ની શરતોને આધિન બંદરોના વિકાસની પરવાનગી નીચે દર્શાવેલ કંપનીઓને આપવામાં આવી છે.

| અ.નં. | બંદર | વિકાસકાર કંપની |
|---|---|---|
| ૧ | પીપાવાવ | મે.ગુજરાત પીપાવાવ પોર્ટ લી. |
| ૨ | મુંદ્રા | મે.ગુજરાત અદાણી પોર્ટ લી. |
| ૩ | દહેજ | (અ)મે.પેટ્રોનેટ એલએનજી લી.<br>(બ) જીસીપીટીસીએલ |
| ૪ | હજીરા | મે.હજીરા પોર્ટ પ્રા.લી. |
| ૫ | પોસીત્રા | મે.ગુજરાત પોસીત્રા પોર્ટ કંુ. લી. |
| ૬ | ધોલેરા | મે.ધોલેરા પોર્ટ લી. |

(૩) જાન્યુઆરી-૨૦૦૭ સુધીમાં રૂા. ૧૬૧.૭૭ કરોડની આવક થઇ છે. આ બંદરોમાં સરકારે રૂા. ૨૯,૮૨,૯૭,૨૮૮.૫૦ નો ખર્ચ અગાઉ કરવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં ખેડૂતોએ કરેલ વ્યક્તિગત/સામૂહિક આત્મહત્યા**

૨૩૧૯૭ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં ગત બે વર્ષમાં કેટલા ખેડૂતોએ વ્યક્તિગત કે સામૂહિક આત્મહત્યાઓ કરેલ છે,

(૨) આમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કેટલા ખેડૂતો છે,

(૩) આવા ખેડૂતોના કુટુંબીજનોને રાજ્ય સરકાર તરફથી કોઇ સહાય આપવામાં આવી છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં ગત બે વર્ષમાં ૧૪૮ ખેડૂતોએ પર્યાવરણીય આપત્તિ, માનસિક અસ્વસ્થતા, કોટુંબિક પ્રશ્નો, લાંબી માંદગી તથા અન્ય કારણોસર વ્યક્ગિત આત્મહત્યા કરેલ છે. સામૂહિક આત્મહત્યા એક પણ થઇ નથી.

(૨) આમાં અનુસૂચિત જાતિના એક પણ ખેડૂત નથી જ્યારે અનુસૂચિત જનજાતિના ૨૮ ખેડૂતો છે.

(૩) ના જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મહેસાણા જિલ્લામાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં મરામત કામગીરી**

૨૨૯૨૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ખાતે કરવામાં આવેલ મરામત તેમજ નવીનીકરણ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૨) આ ખર્ચમાં સરકારે કેટલો ખર્ચ કર્યો, અને

(૩) સ્વેચ્છિક લોકફાળાની કેટલી રકમ કોની પાસેથી લેવામાં આવી ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ ખર્ચ** | **સોજન્યથી કરવામાં આવેલ ખર્ચ** | **કુલ ખર્ચ** |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૭૩,૮૬૭/- | ૧૬,૯૯,૪૦૭/- | ૧૭,૭૩,૨૭૪/- |
| ૨૦૦૫-૦૬ | ૧૧,૭૩,૯૦૯/- | ૩૬,૨૪,૪૪૪/- | ૪૭,૯૮,૩૫૩/- |
| ૨૦૦૬-૦૭ | ૧૮,૩૦,૮૨૧/- | ૭,૮૯,૦૫૯/- | ૨૬,૧૯,૮૮૦/- |
| **કુલ :** | **૩૦,૭૮,૫૯૭/-** | **૬૧,૧૨,૯૧૦/-** | **૯૧,૯૧,૫૦૭/-** |

(૨) રૂા. ૩૦,૭૮,૫૯૭/-

(૩) દાતાઓનું નામ જાહેર ન કરવાની શરતે રૂા. ૬૧,૧૨,૯૧૦/-

-----------

**સરકારી ગાડીઓ ઉપર લગાડવામાં આવતી લાલ લાઇટ**

૨૨૫૮૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં આવેલ સરકારી ગાડીઓ ઉપર લગાવવામાં આવતી લાલ લાઇટ ખરેખર કાયદામાં જોગવાઇ અનુસાર છે કે કેમ,

(૨) જો હા, તો આવી લાઇટો ક્યા

**જવાબ**

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૦૮(૧)(iii)ની જોગવાઈ અનુસાર કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર મહાનુભાવોને લઈ જતી ગાડી ઉપર લાલ લાઈટ લગાડવાની સૂચનાઓ વખતોવખત જાહેર કરે તે સિવાયની ગાડીઓ ઉપર લાલ લાઈટ લગાડવાનું નિયમો વિરૂદ્ધ છે.

(૨) રાજ્ય સરકારના નીચે દર્શાવેલ

અધિકારીની ગાડી ઉપર લગાવવી એવી કાયદામાં જોગવાઇ છે, અને

મહાનુભાવો/અધિકારીઓને વાહન ઉપર લાલ લાઈટ લગાવવાની મંજૂરી આપવામાં આવી છે.

(૧) નામદાર રાજ્યપાલશ્રી
(૨) માન. મુખ્ય મંત્રીશ્રી
(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી
(૪) વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી
(૫) માન. કેબીનેટ મંત્રીશ્રીઓ
(૬) માન. વિરોધપક્ષના નેતાશ્રી
(૭) નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ
(૮) માન. રાજ્યકક્ષા મંત્રીશ્રીઓ અને માન. નાયબ મંત્રીશ્રીઓ
(૯) મુખ્ય સચિવશ્રી
(૧૦) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
(૧૧) અગ્ર સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ
(૧૨) અગ્ર સચિવશ્રી (વાહન વ્યવહાર)
(૧૩) અગ્ર સચિવશ્રી (કર્મચારીગણ), સામાન્ય વહીવટ વિભાગ
(૧૪) માન. મુખ્ય મંત્રીશ્રીના સર્વે અધિક અગ્ર સચિવશ્રીઓ અને સચિવશ્રીઓ
(૧૫) રાજ્યના લોકાયુક્તશ્રી
(૧૬) ચેરમેનશ્રી, ગ્રીવન્સીઝ રીડ્રેસલ ઓથોરીટી, સરદાર સરોવર પ્રોજેક્ટ
(૧૭) નામદાર રાજ્યપાલશ્રીની પાયલોટ કાર
(૧૮) માન. મુખ્ય મંત્રીશ્રીની પાયલોટ કાર
(૧૯) એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટર વાહનો
(૨૦) વિધાનસભાના માન. નાયબ અધ્યક્ષશ્રી
(૨૧) ચેરમેનશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ
(૨૨) ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કામ્યુનીકેશન વાન
(૨૩) રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી
(૨૪) રાજ્ય ચૂંટણી પંચના કમિશનરશ્રી

(૩) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કાયદાનો ભંગ કરી લાલ લાઇટ લગાડીને ફરતી ગાડીઓ કેટલી છે ?

(૩) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ સુરત શહેર/સુરત જિલ્લા ખાતે કાયદાનો ભંગ કરી લાલ લાઈટ લગાડીને ફરતી ગાડીઓના કોઈ કેસ મળી આવેલ નથી.

-----------

**વરસાદી પાણીની ગટરો સાફ કરવા અંગે**

૨૨૬૫૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** (માંડલ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીની ગટરો સાફ કરવા (રીગ્રીડીંગ) સરકારે કોઇ આયોજન હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકાની કઇ કઇ ગટરો સાફ કરવા સરકારનું આયોજન છે, અને

**જવાબ**

(૧) કાંસના કામો હાથ ધરવામાં આવેલ છે.

(૨) માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકાની નીચે મુજબની કાંસ સાફ કરવાની કામગીરી હાથ ધરાયેલ છે.

| અ.નં. | ડ્રેઈનનું નામ | લંબાઈ |
|---|---|---|
| **માંડલ તાલુકો** | | |
| ૧ | દેથલી જાલીસણા ડ્રેઈન | ૧૩.૩૨ |
| ૨ | નાના ઉભડા | ૩.૬૦ |
| ૩ | ઉઘરોજ રાનીપુરા વિઠ્ઠલપુરા | ૫.૪૦ |

| | | |
|---|---|---|
| ૩ | ઉધરોજ રાનીપુરા વિઠ્ઠલપુરા | ૫.૪૦ |
| ૪ | વરમોર ગવાણા | ૫.૦૦ |
| ૫ | કડવાસણ કોયડા | ૮.૯૦ |
| ૬ | ઓડકી નાના ઉભડા | ૪.૦૦ |
| ૭ | ગરધરપુરા ઓડકી | ૭.૦૦ |
| | **કુલ** | **૪૭.૨૨** |
| **દેત્રોજ તાલુકો** | | |
| ૧ | દેકાવાડા છનીયાર | ૨૩.૦૦ |
| ૨ | સુરજ ડાભસર ઓઢવ સોલગામ | ૨૫.૦૦ |
| ૩ | વેણા સનાથલ ડ્રેઈન | ૬.૪૦ |
| ૪ | અઘાર-ઉખલોડ ડ્રેઈન | ૬.૪૦ |
| ૫ | છનીયાર અઘાર ડ્રેઈન | ૬.૪૦ |
| ૬ | દેત્રોજ પાતસર ડ્રેઈન | ૪.૦૦ |
| ૭ | અશોકનગર જકશી ડ્રેઈન | ૫.૫૦ |
| ૮ | દામોદરીપુરા ડ્રેઈન | ૪.૦૦ |
| ૯ | સંગપુરા કાંત્રોડી ડ્રેઈન | ૧૨.૦૦ |
| ૧૦ | ઓઢવ ગમાનપુરા | ૪.૫૦ |
| | **કુલ** | **૯૭.૨૦** |
| **વિરમગામ તાલુકો** | | |
| ૧ | એક્સટેનશન ઘોડાફીડર ડ્રેઈન | ૪.૨૦ |
| ૨ | વિરમગામ ડ્રેઈન | ૧૩.૫૦ |
| ૩ | ઘોડાફીડર ડ્રેઈન | ૪.૦૦ |
| ૪ | ઓગણ ડ્રેઈન | ૨.૭ |
| ૫ | ઓગણ થુલેટા ડ્રેઈન | ૨.૩૦ |
| ૬ | ઓલ્ડ ઘોડાફીડર ડ્રેઈન | ૪.૪૨ |
| ૭ | એક્સટેન્શન પનાર ડેડીયાસણ | ૧૮.૪૦ |
| ૮ | નાના હરીપુરા સીમ ડ્રેઈન | ૨.૮૦ |
| ૯ | નરસિંહપુરા ડ્રેઈન | ૮.૭૦ |
| ૧૦ | હેબતપુર ડ્રેઈન | ૧૦.૪૦ |
| ૧૧ | રંગપુર નાની કુમાર ડ્રેઈન | ૩.૩૦ |
| ૧૨ | મેલજ ડ્રેઈન | ૪.૦૦ |
| ૧૩ | ડુમાણા ડ્રેઈન | ૪.૦૦ |
| ૧૪ | ગોરેયા ડ્રેઈન | ૬.૫૦ |
| ૧૫ | ગોરેયા દોલતપુર ડ્રેઈન | ૧૦.૦૦ |
| ૧૬ | વડગાસ સીમ ડ્રેઈન | ૨.૦૦ |
| ૧૭ | શાહપુર સડલી ડ્રેઈન | ૧૨.૦૦ |
| ૧૮ | ઝેઝરા ડ્રેઈન | ૨.૦૦ |
| ૧૯ | કરકથલ ડ્રેઈન | ૭.૮૦ |
| ૨૦ | ઝુંડ ડ્રેઈન | ૩.૧૦ |
| ૨૧ | ભોજવા ડ્રેઈન | ૩.૦૦ |
| ૨૨ | વણી-વડગાસ ડ્રેઈન | ૩.૦૦ |
| ૨૩ | અણીયારી બંધ ફીડર | ૩.૮૧ |
| ૨૪ | ખોરજ બંધ ફીડર | ૩.૩૦ |
| | **કુલ** | **૧૩૯.૨૩** |

(૩) આ અંગે કોઇ કાર્યવાહી થયેલ છે કે કેમ ?

(૩) હા. જી.

-----------

**રાજ્યમાં વીજ ઉત્પાદન અને વીજ ખાધ અંગે**

૨૩૦૪૮ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી વીજ ખાધ રહી,

(૨) આ વીજ ખાધને પહોંચી વળવા છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ક્યાં ક્યાં કેટલું વીજ ઉત્પાદન વધ્યું, અને

(૩) વીજ ખાધને પહોંચી વળવા કોની કોની પાસેથી કેટકેટલી વીજળી ક્યા ક્યા ભાવથી ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) સામાન્ય સંજોગોમાં-
વર્ષ-૨૦૦૪ દરમ્યાન ૧૯૦૦ મે.વો.
વર્ષ-૨૦૦૫ દરમ્યાન ૧૫૦૦ મે.વો. અને
વર્ષ-૨૦૦૬ દરમ્યાન ૧૮૦૦ મે.વો.
વીજ ખાધ રહી.

(૨) પત્રક-અ મુજબ.

(૩) પત્રક-બ મુજબ.

**પત્રક-અ**

| અ.નં. | વીજ મથકનું નામ | ગુજરાતનો હિસ્સો મે.વો. |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૦૪ | |
| | ધુવારણ ગેસ બેઝ પ્લાન્ટ (સ્ટેજ-૧) | ૧૦૭ |
| | સરદાર સરોવર (કેનાલ) યુનિટ નં. ૧,૨,૩,૪,૫ | ૪૦ |
| ૨ | વર્ષ ૨૦૦૫ | |
| | સરદાર સરોવર (રીવર હેડ) યુનિટ નં. ૧,૨,૩,૪ | ૧૨૮ |
| | તારાપુર યુનીટ નં. ૪ | ૧૪૦ |
| ૩ | વર્ષ ૨૦૦૬ | |
| | સરદાર સરોવર (રીવર હેડ) યુનિટ નં. ૫,૬ | ૬૪ |
| | તારાપુર યુનીટ નં. ૩ | ૧૪૦ |
| | વીંધ્યાચલ યુનીટ નં. ૯ | ૧૩૬ |
| | અક્રીમોટા લીગાઈટ યુનીટ નં. (૧) અને (૨) | ૨૫૦ |

**પત્રક - બ**

| અ.નં. | એજન્સીનું નામ | ૨૦૦૪ | | ૨૦૦૫ | | ૨૦૦૬ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | સરેરાશ ભાવ રૂા./યુનિટ | મીલીયન યુનિટ | સરેરાશ ભાવ રૂા./યુનિટ | મીલીયન યુનિટ | સરેરાશ ભાવ રૂા./યુનિટ |
| ૧ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી. | ૯૫૮ | ૨.૨૫ | ૧૮૫ | ૩.૦૫ | - | - |
| ૨ | છત્તીસગઢ સ્ટેટ ઈલેક્ટ્રીસીટી બોર્ડ | ૨૦૮ | ૨.૪૨ | ૮ | ૨.૬૨ | - | - |
| ૩ | વિદ્યુત વેપાર નિગમ લી. એનટીપીસી | ૨૫૫ | ૨.૧૭ | ૮ | ૨.૫૦ | ૩ | ૪.૬૯ |
| ૪ | અદાણી એન્ટરપ્રાઈઝ એક્સપોર્ટ લી. | ૩ | ૨.૦૪ | ૧૮ | ૩.૩૧ | ૫૧૬ | ૫.૩૨ |
| ૫ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ કંું. લી., | - | - | - | - | ૯૩ | ૩.૮૬ |
| ૬ | ટાટા પાવર ટ્રેડીંગ કંું. લી., | - | - | - | - | ૨૦ | ૫.૧૫ |
| ૭ | સુભાસ ક્બીની પાવર કોર્પો. લી., | - | - | - | - | ૩૭ | ૩.૮૪ |
| ૮ | લાંકો ઈલેક્ટ્રીક યુટીલીટી. લી., | - | - | - | - | ૪૧ | ૪.૧૪ |
| ૯ | ક્રમચંદ થાપર એન્ડ બ્રધર્સ લી., | - | - | - | - | ૪ | ૫.૦૬ |
| ૧૦ | જેએસડબલ્યુ પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી., | - | - | - | - | - | - |
| | | ૧૪૨૩ | ૨.૨૬ | ૨૧૯ | ૩.૦૩ | ૭૧૪ | ૪.૯૮ |

-----------

**વલસાડ જિલ્લામાં સી.એન.જી. અને એલ.પી.જી. સ્ટેશનો સ્થાપના**

૨૨૫૪૬ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં સી.એન.જી. અને એલ.પી.જી. સ્ટેશનો સ્થાપવાનું સરકાર વિચારી રહી હોવાની વાત સાચી છે, અને | (૧) સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું વિચારણામાં છે. જ્યારે એલ.પી.જી. સ્ટેશનો સ્થાપવાની બાબત ભારત સરકાર હસ્તક છે. |
| (૨) જો હા, તો આ અંગે કરાયેલ કાર્યવાહીની વિગતો શું છે ? | (૨) જી.એસ.પી.સી. ગેસ કંપનીએ વલસાડમાં આઈ.ઓ.સી., બી.પી.સી.એલ. વગેરે કંપનીઓના કાર્યરત રીટેલ આઉટલેટ પર સી.એન.જી. સ્ટેશન સ્થાપવા કરાર કરેલ છે. પ્રથમ સી.એન.જી. સ્ટેશન આઈ.ઓ.સી.ના રીટેલ આઉટલેટ મે. શંકર ઓટો, ધરમપુર ચોકડી અટકપારડીમાં સ્થાપવા આયોજન છે. |

-----------

**મંત્રીમંડળ અને વિરોધપક્ષના નેતાના કાર્યાલયના હંગામી કર્મચારીઓની હક્ક રજાનું રોકડમાં રૂપાંતર**

૨૨૭૯૦ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) : તા.૧૨-૯-૦૫ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૩૩૧૩ (અગ્રતા-૯૦) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મંત્રી મંડળ અને વિરોધપક્ષના નેતાના કાર્યાલયના તદ્દન હંગામી કર્મચારીઓને હક્ક રજાના રોકડમાં રૂપાંતરની બાબત વિચારણા હેઠળ છે તે હકીક્ત સાચી છે, | (૧) હાલ નિયમોનુસાર હક્ક રજાનું રોકડમાં રૂપાંતર પ્રાપ્ત છે, |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) અઢી વરસ જેવો સમય વિતવા છતાં કોઇ નિર્ણય નહીં લેવાના કારણો શાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ પ્રશ્નનો સહાનુભૂતિપૂર્વક નિર્ણય કેટલા સમયમાં સરકાર લેવા માંગે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ઉમરગામ તાલુકામાં નહેરની યોજના અંગે**

૨૨૬૩૨ **શ્રી શંકરભાઈ વારલી** (ઉમરગામ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના બોરીગામના ખેડૂતોને રાઇ ફળીયામાં નહેરની યોજના દાખલ કરવાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બોરીગામના ખેડૂતોને રાઈફળિયામાં નહેરની યોજના દાખલ કરવાની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. |

-----------

**વિદેશી નાગરિક સંબંધે છેતરપીંડી અંગેની ફરિયાદો**

૨૩૩૧૭ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના વખાવડ ગામે વિદેશી નાગરિક એન્જલો બેનીડીટીએ શુભાનંદ નામ ધારણ કરી લોકો અને વહીવટી તંત્ર સાથે છેતરપીંડી કર્યાની કેટલી ફરિયાદો રાજ્યના ગૃહ વિભાગને તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ છે, અને | (૧) બે રજૂઆતો મળેલ છે. |
| (૨) આ નાગરિકને કેટલા વર્ષનો વિઝા ભારતમાં રહેવા માટે મળેલ છે, તે રદ કરવા શી કાર્યવાહી કરી ? | (૨) તા. ૦૭-૦૨-૨૦૧૦ સુધીનો વિઝા છે. આ બાબત તપાસ હેઠળ છે. તપાસ પૂર્ણ થયા બાદ યોગ્ય કાર્યવાહી કરી શકાશે. |

-----------

**બહેનો ઉપર બળાત્કાર અને ઘરેલું લૂંટફાટના કેસ**

૨૨૬૯૦ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ અંતીત છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં બહેનો ઉપર બળાત્કાર તથા ઘરેલું લુંટફાટના કેટલા કેસો નોંધાયા, અને | (૧) બળાત્કાર ઘરેલું લૂંટફાટ<br>૫૯ ૧૨ |
| (૨) તે પેકી કેટલા ગુનેગારો પકડાયા ? | (૨) ૯૯ ૯ |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લાના ગામોને સ્વજળ યોજનાનો મળેલ લાભ**

૨૩૩૦૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વજળ યોજનાનો સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા અને ક્યા ક્યા ગામોનો તા. ૩૧-૧-૦૭ સુધીમાં લાભ મળ્યો છે, | (૧) અને (૨) : સ્વજલ યોજના નહીં પરંતુ સ્વજલધારાના સિધ્ધાંતને અનુરૂપ રાજ્ય સરકારની સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ સાયલા તાલુકાના સાયલા ગામને લાભ મળેલ છે અને ૩ કામો ચાલુ છે જ્યારે ચોટીલા તાલુકાની ૮ યોજનાના કામો ચાલુ છે. |
| (૨) કેટલા ગામોમાં સ્વજળ યોજનાના કામો ચાલુ છે, અને | |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) તબકકાવાર એપ્રિલ-૨૦૦૭ થી ફેબ્રુઆરી-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**દારૂબંધી હળવી કરવા અંગે**

૨૨૬૨૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સેઝ વિસ્તારમાં રાજ્ય સરકારે તાજેતરમાં દારૂબંધીની છૂટછાટ આપેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો પ્રજાના પ્રચંડ વિરોધ સામે આ દારૂબંધી પાછી ખેંચવા માંગે છે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભાવનગરના શેત્રુંજી જળાશયમાં નર્મદાનું પાણી નાખવા અંગે**

૨૩૩૫૧ **શ્રી શિવાભાઈ ગોહિલ** (તળાજા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના શેત્રુંજી જળાશયમાં નર્મદા યોજના હેઠળ પાઇપ લાઇનથી પાણી નાખવાની કોઇ યોજના હેઠળ છે કે કેમ, | (૧) અને (૨) : બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | |
| (૩) કેટલા સમયમાં પાઇપ દ્વારા પાણી શેત્રુંજીમાં નાંખવામાં આવશે ? | (૩) તાંત્રિક અભ્યાસ પુરા થયે આગળની કાર્યવાહી અંગે વિચારણા કરી શકાય. |

-----------

**રાજ્યના બંદરોના સંચાલન તથા વિકાસ માટે તાલીમ બધ્ધ કર્મચારીઓ**

૨૨૩૯૭ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બંદરોના સંચાલન અને વિકાસ માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા કામદારો/કર્મચારી મળી રહે તે માટે તાલીમ કે એવી કોઇ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ક્યાં અને ક્યા અભ્યાસક્રમો | (૨) અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીમાં |

ચાલે છે, અને

(૩) આ અંગે સરકારનું શું આયોજન છે ?

""પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોર્ટ મેનેજમેન્ટ"" નો કોર્ષ ચાલુ કરવામાં આવેલ છે.

(૩) સંબંધિત સંસ્થાને કોર્ષ બાબતે તથા વીઝીટીંગ ફેકલ્ટી, વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ, ઓદ્યોગિક ટુર, કોસ્ટલ ટુર, સંબંધિત પ્રકાશન વગેરે બાબતે જરૂરી માર્ગદર્શન અને સહકાર પુરો પાડવાનું આયોજન કરવામાં આવેલ છે.

-----------

**ગુજરાત ગોણ ખનીજ નિયમોમાં સુધારા**

૨૩૩૨૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગોણ ખનિજ નિયમો, ૧૯૬૬માં સરકાર સુધારાઓ કરવા વિચારી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ અંગે કોઇ કમીટીની રચના કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) આ સુધારાઓ ક્યાં સુધી અમલી બનવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી એક કમીટીની રચના કરવામાં આવેલ.

(૩) શક્ય તેટલા ઝડપથી.

-----------

**કચ્છ જિલ્લામાં સિમેન્ટ ઉદ્યોગના એમ.ઓ.યુ.**

૨૩૧૦૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭માં કચ્છ જિલ્લામાં સિમેન્ટ ઉદ્યોગ અંગેના કેટલા એમ.ઓ.યુ. સાઇન કરવામાં આવ્યા,

(૨) ક્યા ક્યા સ્થળોએ આ ઉદ્યોગો સ્થાપવામાં આવશે, અને

(૩) કેટલી ક્ષમતાના ઉદ્યોગો સ્થાપવામાં આવશે?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭માં કચ્છ જિલ્લામાં સિમેન્ટ ઉદ્યોગ અંગેના ૬ (છ) એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યા છે.

(૨) કચ્છ જિલ્લામાં જુદા જુદા સ્થળોએ આ ઉદ્યોગો સ્થાપવામાં આવશે.

(૩) વાર્ષિક કુલ ૧૬૪ લાખ મે. ટન ક્ષમતાના ઉદ્યોગો સ્થાપવામાં આવશે.

-----------

**સિધ્ધપુર તાલુકામાં ઉંડા કરાયેલ તળાવો**

૨૨૫૪૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૭, ની સ્થિતિએ સિધ્ધપુર તાલુકામાં સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) શું આ યોજના હેઠળ લોકફાળો આપેલ હોય તેમ છતાં કામો થયા નથી તે વાત સાચી છે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ સિધ્ધપુર તાલુકામાં સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ તળાવના કામને મંજુરી આપવામાં આવેલ હતી. પરંતુ જરૂરી લોકફાળાની રકમ ના મળતાં કામગીરી હાથ ધરી શકાયેલ ના હતી. તાજેતરમાં ૧૮ તળાવના કામો મંજુર કરવામાં આવેલ છે જેના ટેન્ડરો માંગવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વલસાડ-નવસારી જિલ્લામાં ખેતીવાડી વીજ કનેક્શનો**

૨૦૮૫૪ **શ્રી છનાભાઈ કો. ચૌધરી** (ધરમપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ અને નવસારી જિલ્લામાં ખેતીવાડી વીજ કનેક્શનો ડીસેમ્બર-૦૬ની સ્થિતિએ ક્યા વર્ષ સુધીના કનેક્શનો આપવાના બાકી છે, અને

**જવાબ**

(૧)

વલસાડ જિલ્લો -આદિજાતિ વિસ્તારોમાં ૧૯૯૯ ના
સામાન્ય વિસ્તારોમાં ૧૯૯૪ ના

નવસારી જિલ્લો - આદિજાતિ વિસ્તારોમાં ૧૯૯૯ ના

(૨) આવા વીજ કનેક્શનો વહેલાસર મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરાય છે?

સામાન્ય વિસ્તારોમાં ૧૯૯૨ ના

(૨) વીજ ઉત્પાદન, વીજ પ્રવહન અને વીજ વિતરણની આંતર માળખાકિય સુવિધાઓ સુદ્દઢ કરવાની અને તેમાં વૃધ્ધિ કરવાની કાર્યવાહી હાથ પર લીધેલ છે, જેથી પડતર કૃષિ વીજ જોડાણો આપવાની કાર્યવાહી તબક્કાવાર પુરી કરી શકાશે.

-----------

## પોલીસ કર્મચારીઓને રહેઠાણની સુવિધા માટે થયેલ આયોજન

૨૨૮૬૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય પોલીસ આવાસોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ કર્મચારીઓને રહેઠાણની સુવિધાઓ સારી રીતે પ્રાપ્ત થઇ શકે તે માટે ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં કેટલું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૫૬.૦૦/- કરોડ |
| (૨) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ તેમાં શું પ્રગતિ થઇ, અને | (૨) રૂા. ૨૬.૦૪/- કરોડનો ખર્ચ કરેલ છે. |
| (૩) જે મકાનો જર્જરિત હાલતમાં છે તેમાં સુધારણા માટે રાજ્ય સરકાર વિચારે છે ? | (૩) હા. |

-----------

## કડાણા હાઇડ્રો ઈલેકટ્રીક પ્રોજેકટના બંધ યુનીટો

૨૩૨૫૦ **શ્રી પ્રબોધકાન્ત પંડ્યા** (સંતરામપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડાણા હાઇડ્રો ઇલેકટ્રીક પ્રોજેકટના તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા યુનિટ ચાલુ છે, | (૧) મુખ્ય પ્રોજેકટના ૩(ત્રણ) તથા મીની પ્રોજેકટનું ૧ (એક) યુનિટ ચાલુ છે. |
| (૨) બંધ યુનિટ કેટલા સમયથી બંધ છે, અને | (૨) મુખ્ય પ્રોજેકટનું યુનિટ નં. ૩ તા. ૧-૧૦-૦૫ થી તથા મીની હાઇડ્રો યુનિટ નં. ૧ તા. ૭-૧-૦૫ થી બંધ છે. |
| (૩) સરકાર બંધ યુનિટોને સિન્ક્રોનાઇઝ કરવા માગે છે કે કેમ ? | (૩) હા, જી. |

----------

## રાજ્યની જેલોમાં કેદીઓ વચ્ચે મારામારી અને ખૂનના બનાવો

૨૨૬૬૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની જુદીજુદી જેલોમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેદીઓ વચ્ચે મારામારી અને ખૂનના કેટલા બનાવો નોંધાયા છે, અને | (૧) મારામારીના બનાવ ૪૭ (સુડતાલીસ) ખૂનનો બનાવ ૧ (એક) |
| (૨) આવા મારામારી અને ખૂનના બનાવો અટકાવવા રાજ્ય સરકારે ગંભીરતાથી ક્યા ક્યા પગલાંઓ લીધા ? | (૨) આવા બનાવો અટકાવવા લીધેલ પગલાંઓ મુખ્યત્વે નીચે મુજબના છે.<br>(૧) કેદીઓનું ઓવર ક્રાઉડીંગ ઘટાડવા હયાત જેલોનું વિસ્તૃતિકરણ તથા નવી જેલોના બાંધકામ હાથ ધરવામાં આવેલ છે.<br>(૨) સલામતી-સુરક્ષા માટે આધુનિક ઉપકરણો વસાવવામાં આવેલ છે. |

(૩) શિસ્ત અને સલામતીને અનુરૂપ વહીવટી પગલાં લેવામાં આવે છે, જેમાં,

(અ) મોટી જેલોમાં સંવેદનશીલ જગ્યાઓ પર જેલ રક્ષક સ્ટાફની મદદમાં એસ.આર.પી.મુક્વામાં આવે છે.

(બ) માથાભારે/ઝનૂની કેદીઓને તથા સજાવાળા અને કાચા કામના કેદીઓને અલગ રાખવા, સહ તહોમતદાર કેદીઓને શક્ય હોય ત્યાં સુધી અલગ રાખવા.

(ક) દિવસ/રાત્રી રાઉન્ડમાં શિસ્ત -સલામતીની ચકાસણી.

(ડ) યાર્ડ અને બેરેકોની નિયમીત ઝડતી, સ્થાનિક ઝડતી સ્કોડ દ્વારા તથા જેલોના ઇન્સ્પેકટર જનરલની ક્ચેરીના સ્કોડ દ્વારા અચાનક ઝડતી.

(ઇ) કેદીઓને એક યાર્ડ કે સર્કલમાંથી બીજા યાર્ડ કે સર્કલમાં જવા-દેવા પર નિયંત્રણ.

-----------

**મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ટપક સિંચાઇ યોજનાનો લાભ**

૨૩૦૦૪ **નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ટપક સિંચાઇથી ખેડૂતોને લાભ આપવા માટે કેટલા રૂપિયાનું આયોજન નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને ટપક સિંચાઇ યોજનાનો લાભ આપવામાં આવેલ ?

**જવાબ**

(૧) સુક્ષ્મ પિયત પધ્ધતિ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત, નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કુલ મળીને રૂા. ૧૦૮.૦૬ ક્રોડનું આયોજન કરવામાં આવેલ હતું.

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સુક્ષ્મ પિયત પધ્ધતિના લાભીત ખેડૂતોની સંખ્યા ( કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત)

| જિલ્લો | તાલુકો | લાભીત ખેડૂતોની સંખ્યા | જિલ્લો | તાલુકો | લાભીત ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| મહેસાણા | બેચરાજી | ૭ | સાબરકાંઠા | મોડાસા | ૨૧૫ |
| | કડી | ૧૮ | | બાયડ | ૧૨૨ |
| | ખેરાલુ | ૧૧ | | ભિલોડા | ૧૮ |
| | મહેસાણા | ૩૨ | | ધનસુરા | ૩૨૦ |
| | સતલાસણા | ૧૬ | | ગઢડા | ૧ |
| | વડનગર | ૪ | | હિંમતનગર | ૧૪૦ |
| | વિજાપુર | ૬૮ | | ઇડર | ૬૦ |
| | વિસનગર | ૩૨ | | ખેડબ્રહ્મા | ૧૧૯ |
| | **કુલ** | **૧૮૮** | | માલપુર | ૯ |
| બનાસકાંઠા | અમીરગઢ | ૬૦ | | મેઘરજ | ૬૮ |
| | ભાભર | ૧ | | પ્રાંતીજ | ૪૫ |
| | બનાસકાંઠા | ૧ | | તલોદ | ૭૫ |
| | દાંતા | ૩ | | વડાલી | ૫૫ |
| | દાંતીવાડા | ૩૮ | | વિજયનગર | ૧૩ |
| | ડીસા | ૩૫ | | **કુલ** | **૧૨૬૦** |
| | દીઓદર | ૧૯ | પાટણ | ચાણસ્મા | ૧૨ |
| | ધાનેરા | ૨૦૪ | | હારીજ | ૧૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કાંકરેજ | ૩૫ | | પાટણ | ૨૬ |
| | પાલનપુર | ૭૮ | | સમી | ૪૭ |
| | થરાદ | ૮૭ | | સિધ્ધપુર | ૨ |
| | વડગામ | ૫૭ | | **કુલ** | **૧૦૨** |
| | વાવ | ૨ | | | |
| | **કુલ** | **૬૨૦** | | | |

-----------

## મંત્રી મંડળના સીધી ભરતીના કર્મચારીઓની હક્ક રજાનું રોકડમાં રૂપાંતર

૨૩૨૫૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (નિઝર) : તા. ૧૨-૯-૦૫ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૩૩૧૩ (અગ્રતા-૯૦) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મંત્રી મંડળના સીધી ભરતીના તદ્દન હંગામી કર્મચારીઓની હક્ક રજાના રોકડમાં રૂપાંતર કરવાની બાબત વિચારણા હેઠળ છે તે હકીક્ત સાચી છે, | (૧) હાલ નિયમોનુસાર હક્ક રજાનું રોકડમાં રૂપાંતર પ્રાપ્ત છે. |
| (૨) અઢી વરસ જેવો સમય થવા છતાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આ અંગે કોઇ નિર્ણય નહીં લેવાના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં તે અંગે નિર્ણય લેવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## ગોધરાકાંડમાં પોટા હેઠળ પકડાયેલ આરોપીઓ

૨૨૫૫૨ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ ગોધરાકાંડમાં રાજ્ય સરકાર દ્વારા કુલ ક્યા ક્યા જિલ્લાના કેટલા આરોપીને પોટા હેઠળ પકડવામાં આવ્યા, | (૧) પંચમહાલ જિલ્લાના ૧૧૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. તે પૈકી ૯૯ આરોપીઓ સામે પોટા લગાવવામાં આવેલ છે. |
| (૨) આમાંથી કેટલા આરોપીના જાન્યુઆરી-૨૦૦૭ સુધીમાં પોટાના કેસો પાછા ખેંચી લેવામાં આવ્યા, અને | (૨) એક પણ નહિ. |
| (૩) કેટલા કેસો બાકી છે ? | (૩) ગોધરા રેલ્વે પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૦૯/૦૨ ના કામે પોટા હેઠળ પકડાયેલ ૯૯ આરોપીઓ સામેનો કેસ. |

-----------

## જામનગર આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૨૯૪૭ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી** (જામનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની છેલ્લા બે કેલેન્ડર વર્ષની આવક કેટલી થઇ ? | તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, જામનગરની કચેરીની છેલ્લા બે કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે. |

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૫ | ૩૦૨૬.૯૨ |
| ૨૦૦૬ | ૪૪૨૫.૭૮ |

-----------

**તાપી નદીમાંથી રેતી કાઢવા અંગે**

૨૩૩૩૭ **મોહનભાઈ ધ. ઢોડિયા** (મહુવા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લાની તાપી નદીમાંથી રેતી કાઢવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) કઇ કઇ પાર્ટીઓને લીઝો આપવામાં આવી છે, અને | (૨) લીઝવાર માહિતી *પત્રકમાં સામેલ છે. |
| (૩) છેલ્લા એક વર્ષમાં ગેરકાયદેસર રેતી કાઢવાના કેટલા બનાવો બન્યા ? | (૩) ૧૨૪ |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**હેન્ડપંપો બનાવવાના ઇજારદાર નક્કી કરવા અંગે**

૨૩૩૩૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નવીન હેન્ડપંપો બનાવવા માટે જે ઇજારદાર નક્કી કરવામાં આવે છે તેમાં બોર અને પાળા બનાવવા માટેનાં ઇજારદારો અલગ અલગ નક્કી કરવામાં આવે છે, આમ એકજ કામ માટે બે ઇજારદારને કામ સોંપવાનો નિર્ણય ક્યારે અને કોના દ્વારા લેવામાં આવ્યો, | (૧) બોર અને થાળા બનાવવાની કામગીરી યાંત્રિક તથા સીવીલની અલગ અલગ હોઈ બે ઈજારદારને કામ સોંપવાનો નિર્ણય વર્ષ ૨૦૦૫-૦૬માં પાણી પુરવઠા બોર્ડ દ્વારા લેવામાં આવેલ. |
| (૨) આ નિર્ણયથી કામ પૂર્ણ કરવામાં તેમજ વહીવટી કોઇ મુશ્કેલીઓ ઉભી થાય છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) એક જ કામ માટે એક જ ઇજારદારને નક્કી કરવાની પ્રથા હતી તે પ્રમાણે કરવા માંગો છો કે કેમ ? | (૩) હાલ વિચારણામાં નથી. |

-----------

**ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની જામજોધપુર શહેરની જમીન અંગે**

૨૩૩૩૮ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા** (જામજોધપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામજોધપુર શહેરમાં વાહન વ્યવહાર નિગમની જુના બસ સ્ટેન્ડની ઉપયોગ વગરની જગ્યામાં નવું પોલીસ સ્ટેશન બનાવવા માટે જગ્યા આપવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ છે તે હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આ જમીન આપવા અંગેની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) ક્લેકટરશ્રી-જામનગર મારફત સૂચિત જમીન સંપાદન કરવાની કાર્યવાહી ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સવાલવાળી જમીનના વળતર પેટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં રકમ જમા થયે જમીનનો કબજો સોંપવાનો થાય છે. |

-----------

**વાવ, થરાદ અને ડીસાને નર્મદાનું પાણી આપવા અંગે**

૨૨૬૭૨ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ અને ડીસાને જુથ યોજના મારફ્ત પીવાનું પાણી પુરું પડાય છે તે પાણી નર્મદાના પાણી આવતા નર્મદાના પાણી આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ તાલુકાના તમામ ગામોને નર્મદા મુખ્ય કેનાલ આધારિત યોજનાઓ દ્વારા પાણી આપવાનું આયોજન છે. જ્યારે ડીસા તાલુકાના ગામોને વૈકલ્પિક સોર્સ દ્વારા પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

-----------

**કલોલ તાલુકામાં પીવાના પાણીની પાઇપ લાઇન નાખવા અંગે**

૨૩૧૬૯ **ડૉ. અતુલ કે. પટેલ** (કલોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કલોલ તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી આપવા માટે ક્યાં ગામડાઓમાં પાણીની પાઇપ લાઇન નાંખવાની બાકી છે, અને

(૨) તે ક્યારે નાંખવામાં આવશે ?

**જવાબ**

(૧) એક માત્ર ધાનોટ ગામમાં.

(૨) પાઈપ લાઈન નાખવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે જે એપ્રિલ-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**ઉદ્યોગોને કર રાહત આપવા બાબત**

૨૧૪૩૬ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ઉદ્યોગોની કેટ કેટલી કર રાહતો આપવામાં આવેલ છે,

(૨) આ કર રાહતો આપવાના કારણો શું છે, અને

(૩) આ કર રાહતોથી આર્થિક નુકસાનને ભરપાઇ કરવાનું સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ એન્જિનીયરીંગ, ઓટોમોબાઈલ્સ, સીરામાક, ફુડ અને એગ્રો પ્રોસેસીંગ, કેમિકલ અને પેટ્રોકેમીકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ વિગેરે ક્ષેત્રોમાં ૧૧૯ એકમોને વેચાણવેરા પ્રોત્સાહનો માટે યોગ્યતા પ્રમાણપત્રો આપવામાં આવેલ છે અને આ એકમોએ ઉત્પાદનમાં ગયા બાદ રૂા. ૩૯૯.૧૧ કરોડનો લાભ લીધો છે.

(૨) અને (૩)

આ કર રાહતો જે તે સમયે પ્રસિધ્ધ થયેલ પ્રોત્સાહન યોજનાઓ તેમજ કચ્છ પેકેજ અન્વયે ઉદ્યોગોને અપાયેલ છે.

પ્રોત્સાહનો નવા ઉદ્યોગોને આકર્ષિત કરવા માટે અપાય છે, જેથી રાજ્યમાં મૂડીરોકાણ વધે અને રોજગારીની વધુ તકો ઉપલબ્ધ થાય. કચ્છમાં ધરતીકંપ બાદ કચ્છની આર્થિક સ્થિતિને પુનઃ ચેતનવંતી બનાવવા માટે અને તે રીતે નવા ઉદ્યોગો મારફતે કચ્છનો વિકાસ થાય, રોજગારી વધે તે માટે પ્રોત્સાહનો અપાય છે.

આ પ્રોત્સાહનોથી હાલ ભરવામાં આવતાં વેરાઓની કોઈ માફી આપવામાં આવેલ નથી કે વિલંબીત ચૂકવણી અપાયેલ નથી. આ નવું રોકાણ હોઈ સરકારને હાલની આવકમાં આર્થિક નુકસાનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજકોટ શહેર અને જિલ્લામાં દારૂ તથા પોષ ડોડાની પરમીટ

૨૩૦૬૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ શહેર અને જિલ્લાના તાલુકાદીઠ વર્ષવાર દારૂ તેમજ પોષ ડોડાની કેટલી નવી પરમીટો આપવામાં આવી,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પરમીટોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | વિદેશી દારૂ | | પોષડોડા | |
| | | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૫ | ૨૦૦૬ |
| ૧ | રાજકોટ શહેર | ૧૨૭ | ૧૩૪ | ૦ | ૦ |
| ૨ | રાજકોટ ગ્રામ્ય | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩ | ગોંડલ | ૯ | ૧૧ | ૦ | ૦ |
| ૪ | કોટડા સાંગાણી | ૨ | ૩ | ૧ | ૦ |
| ૫ | જેતપુર | ૧૩ | ૪ | ૦ | ૦ |
| ૬ | મોરબી | ૧૨ | ૧૦ | ૦ | ૦ |
| ૭ | વાંકાનેર | ૨ | ૧ | ૦ | ૦ |
| ૮ | ઉપલેટા | ૧૬ | ૮ | ૦ | ૦ |
| ૯ | જસદણ | ૨ | ૦ | ૫૭ | ૦ |
| ૧૦ | ધોરાજી | ૪ | ૧ | ૦ | ૦ |
| ૧૧ | ટંકારા | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૨ | માળીયા | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૩ | પડધરી | ૩ | ૧ | ૦ | ૦ |
| ૧૪ | લોધીકા | ૧ | ૦ | ૦ | ૦ |
| | | ૩૬૬ | | ૫૯ | |

(૨) કેટલી જુની પરમીટો રિન્યુઅલ કરવામાં આવી, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | પરમીટોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | વિદેશી દારૂ | | પોષડોડા | |
| | | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૫ | ૨૦૦૬ |
| ૧ | રાજકોટ શહેર | ૩૪૪ | ૩૯૯ | ૬૩ | ૭૩ |
| ૨ | રાજકોટ ગ્રામ્ય | ૦ | ૦ | ૩૦ | ૨૫ |
| ૩ | ગોંડલ | ૧૭ | ૨૩ | ૫૫ | ૫૧ |
| ૪ | કોટડા સાંગાણી | ૩ | ૨ | ૨૭ | ૨૬ |
| ૫ | જેતપુર | ૬ | ૧૦ | ૧૭ | ૧૬ |
| ૬ | મોરબી | ૩૧ | ૩૬ | ૩૧ | ૩૧ |
| ૭ | વાંકાનેર | ૧૨ | ૬ | ૬ | ૬ |
| ૮ | ઉપલેટા | ૧૨ | ૭ | ૬ | ૫ |
| ૯ | જસદણ | ૫ | ૫ | ૨૦૨ | ૨૨૨ |
| ૧૦ | ધોરાજી | ૭ | ૭ | ૬ | ૫ |
| ૧૧ | ટંકારા | ૮ | ૮ | ૦ | ૦ |
| ૧૨ | માળીયા | ૪ | ૪ | ૨ | ૨ |
| ૧૩ | પડધરી | ૬ | ૬ | ૧ | ૧ |
| ૧૪ | લોધીકા | ૨ | ૨ | ૭ | ૭ |
| | | ૯૭૨ | | ૯૨૩ | |

(૩) તે અન્વયે કેટલી પરમીટો સરકારી

(૩) શૂન્ય

અધિકારીઓને આપવામાં આવી ?

-----------

**ભિલોડા તાલુકાના વિજળીકરણથી વંચિત ઘરો**

૨૩૩૭૧ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના (ગોઢ) કુલ્લા, બોરનળા અને રામપુરી આંબાબાર ગામમાં કેટલા ઘરોનું વિજળીકરણ બાકી છે,

(૨) સરકાર આ ગામોના દરેક ઘરને વિજળીકરણ કરી જ્યોતિગ્રામમાં સમાવવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| ગામ | ઘરો |
|---|---|
| ૧. (ગોઢ) કુલ્લા | ૬૯ |
| ૨. બોરનળા | ૮૪ |
| ૩. રામપુરા | ૧૭૩ |
| ૪. આંબાબાર | ૧૯૬ |

(૨) તમામ ગામોને જ્યોતિગ્રામ યોજના નીચે આવરી લેવામાં આવ્યાં છે. જ્યારે બાકી વિજળીકરણ વાળા ઘરોને સરકારની વિવિધ યોજનાઓમાં આવરી લઇ વિજ જોડાણ પુરા પાડવાનું આયોજન છે.

-----------

**વડોદરા જિલ્લાના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૨૯૪૫ **શ્રી કાંતિભાઈ ભા. તડવી** (સંખેડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૨) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઈ ?

**જવાબ**

(૧) અને (૨) ફરજ બજાવતા કુલ ૧૨૨૪ કર્મચારી/ અધિકારીઓ પેકી ૧૨૧૮ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ બોરીબંધ, ચેકડેમો કરવા અંગે**

૨૩૧૧૮ **શ્રી કાંતિલાલ રા.પટેલ** (વિજાપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વિજાપુર તાલુકામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ૩૧ ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં કેટલી ખેત તલાવડીઓ, બોરીબંધ અને ચેકડેમો તથા ઉંડા તળાવ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

| | | |
|---|---|---|
| ૧. | ખેત તલાવડી | ૫૦૭ |
| ૨. | બોરીબંધ | ૭૯ |
| ૩. | ચેકડેમ | ૭૮ |
| ૪. | તળાવ ઉંડા કરવામાં આવ્યા | ૨૮ |

-----------

**ભરુચ આર.ટી.ઓ./એ. આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૨૯૫૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** (અંકલેશ્વર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભરુચ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની છેલ્લા બે કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભરુચની કચેરીની છેલ્લા બે કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૫ | ૨૩૬૨.૬૫ |
| ૨૦૦૬ | ૨૯૧૩.૪૬ |

-----------

**શિહોર પોલીસ સ્ટેશન હેઠળ પકડાયેલ વિદેશી દારૂ**

૨૩૩૪૮ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી** (શિહોર) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૨-૨૦૦૭ની સ્થિતિએ શિહોર પોલીસ સ્ટેશનમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦ (દસ) હજારની ઉપરની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જિલ્લાની સ્કોડ ધ્વારા કેટલીવાર પકડાયેલ છે, અને

(૨) જિલ્લાની સ્કોડ ધ્વારા પકડવામાં આવેલ વિદેશી દારૂ હોય તો સ્થાનિક પી.એસ.આઈ.ની સામે શાં પગલાં ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ).

(૨) એક કેસમાં સ્થાનિક પોલીસ સબ ઇન્સ્પેક્ટર ક્સુરવાર જણાયેલ હોઇ તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરાયેલ છે.

-----------

**સામખીયાળી ચેક પોષ્ટની આવક**

૨૩૩૨૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભુજ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ હિસાબી વર્ષમાં સામખીયાળી મધ્યે આવેલ આરટીઓ ચેક પોષ્ટ પર પ્રતિવર્ષે કેટલી આવક થવા પામેલ છે,

(૨) જો આવકમાં ઘટાડો નોંધાયેલ હોય તો તેના કારણો શાં છે, અને

(૩) આવક વધારવા માટે સરકારે ક્યા નક્કર પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) સામખીયાળી ચેકપોષ્ટની છેલ્લા ત્રણ હિસાબી વર્ષની આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૪૧૪૯.૬૩ |
| ૨૦૦૫-૦૬ | ૪૧૯૦.૮૦ |
| ૨૦૦૬-૦૭ (ડિસે. ૦૬ની સ્થિતિએ) | ૨૦૦૨.૨૧ |

(૨) નામદાર સર્વોચ્ચ અદાલતના ઓવરલોડીંગ અટકાવવા અંગેના આદેશના કારણે ઓવરલોડીંગના કિસ્સાઓમાં ઘટાડો થતાં ઓવરલોડીંગના દંડની આવકમાં ઘટાડો થયેલ છે.

(૩) ફ્લાઇંગ સ્ક્વોર્ડ દ્વારા આકસ્મિક તપાસ અને ચેકપોસ્ટો ઉપર ઘનિષ્ઠ ચેકીંગની કાર્યવાહી હાથ ધરી આવક વધારવા કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**ભરુચ જિલ્લામાં નર્મદાનું પાણી ખેતી માટે આપવાનું આયોજન**

૨૩૨૧૬ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** (ભરુચ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લામાં નર્મદાનું પાણી ખેતી માટે આપવાનું શું આયોજન છે,

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જિલ્લાની મુખ્ય અને સબ માયનોર કેનાલ ચાલુ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના નીચે જણાવ્યા પ્રમાણે ચાર તાલુકાઓના કુલ ૧,૬૪,૫૭૩ હેક્ટર પિયત વિસ્તારને સિંચાઇ માટે પાણી આપવાનું આયોજન છે.

| અ.નં. | તાલુકાનું નામ | પિયત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૪૦૭૮૫ |
| ૨ | વાગરા | ૪૩૪૦૯ |
| ૩ | આમોદ | ૩૧૬૨૦ |
| ૪ | જંબુસર | ૪૮૭૫૯ |
| | કુલ : | ૧,૬૪,૫૭૩ |

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પિયત સહકારી મંડળી દ્વારા પિયત માટેની જે દરખાસ્તો મળેલ છે, તે વિસ્તારમાં કેનાલમાં સિંચાઇ માટે પાણી આપવામાં આવેલ છે, અને ચાલુ સીઝન દરમ્યાન ૨૧૦૬.૮ લાખ ઘ

(૩) બંધ કેનાલોને રીપેર કરવાનું શું આયોજન છે ?

ાન મીટર પાણી આપવામાં આવ્યું છે.

(૩) જે નહેરોમાં રીપેરીંગ કે જેમાં મુખ્યત્વે માટી કાઢવાની અને ઝાડી-ઝાંખરા દૂર કરવાની કામગીરી કરવાની છે તે કામગીરી જુન-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**જુનાગઢ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૨૯૪૮ **શ્રી કનુભાઇ મે. ભાલાળા** (વિસાવદર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જૂનાગઢ આર.ટી.ઓ. /એ.આર.ટી.ઓ.કચેરીની છેલ્લા બે કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, જૂનાગઢની કચેરીની છેલ્લા બે કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૫ | ૨૧૮૦.૧૬ |
| ૨૦૦૬ | ૨૪૩૯.૭૧ |

-----------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસને મદદ કરનાર નાગરિકોના થયેલ મૃત્યુ અને ઈજા**

૨૨૭૯૧ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં માહે ઓગષ્ટ-૨૦૦૬માં પોલીસની સૂચનાથી અને પોલીસને મદદરૂપ થવા શંકાસ્પદ ગાડીનો પીછો કરવા જતાં અકસ્માતે કેટલા નાગરિકોના મૃત્યુ થયા છે, અને કેટલા ઈજાગ્રસ્ત થયા છે,

(૨) આ અંગેની વિગતો શું છે, અને

(૩) મરનાર નાગરિકોને વીરતા પુરસ્કાર તેમજ તેમના કુટુંબીજનોને આર્થિક સહાય આપવા સરકારે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) મૃત્યુ પામનાર-૧
ઇજા પામનાર-૧

(૨) પો. સ. ઇન્સ્પેક્ટરશ્રી, મોડાસા ટાઉન તથા પોલીસના માણસો નાકાબંધીમાં હતા તે દરમ્યાન એક મારૂતિવાન પૂરઝડપે આવતાં પોલીસે તેને રોકવા પ્રયાસ કરેલ અને જે રોકાયેલ નહિ જેથી ફાધર જ્ઞાનપ્રકાશે પોતાની ગાડીમાં પોલીસના માણસોને બેસાડી મદદ કરવાના ઇરાદાથી મારૂતિવાનનો પીછો કરતાં મારૂતિવાનથી ક્વોલીસ ગાડીને ટક્કર લાગતાં ગાડી ફેંકાઇ ગયેલ અને ગાડીમાં બેઠેલા ફાધર જ્ઞાનપ્રકાશને ગંભીર ઇજાઓ થતાં પછીથી મૃત્યુ પામેલા અને એડવર્ડ પુષ્પરાજ તથા અન્ય પોલીસ કર્મચારીઓને પણ ઇજા થયેલ હતી આ બાબતે મોડાસા ટાઉન પો. સ્ટે. માં ફરીયાદ દાખલ કરેલ છે.

(૩) પુખ્ત વિચારણાને અંતે પુરસ્કાર ન આપવાનો નિર્ણય લેવાયેલ છે.

-----------

**માંગરોળ તેમજ ઉકાઈ તાલુકાને પંપીંગ કરી પાણી આપવા અંગે**

૨૩૧૪૫ **શ્રી ગણપતભાઈ વે. વસાવા** (માંગરોળ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં માંગરોળ તેમજ ઉમરપાડા તાલુકાઓ ઉકાઈ નહેરથી એકદમ નજીક આવેલ હોઈ આ તાલુકાના આદિવાસી ખેડૂતોને પંપીંગ કરી પાણી

**જવાબ**

સ્થળ સ્થિતિ જોતાં ચેકડેમોથી પાણી અંગે વિચારેલ છે.

આપવા માંગો છો કે કેમ, જો હા તો કેટલા સમયમાં ?

-----------

**ખેડા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનાઓના લાભ**

૨૨૭૯૩ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** (કઠલાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા ગામો આવરી લીધેલ છે, કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનું કામ પૂર્ણ કરેલ છે, | (૧), (૨) અને (૩) તમામ ૬૧૨ ગામો અને ૧૨૦૭ પેટાપરાને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. |
| (૨) કેટલા ગામોમાં યોજનાનું કામ બાકી છે, | |
| (૩) બાકીના ગામો તથા પેટાપરામાં સરકાર ક્યારે જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવા માગે છે, અને | |
| (૪) સદર કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**લાંઘણજ પોલીસ સ્ટેશનની હદમાં થયેલ જૂથ અથડામણ**

૨૩૩૨૦ **શ્રી જોધાજી ગ. ઠાકોર** (વાગડોદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૦-૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા તાલુકાના લાંઘણજ પોલીસ સ્ટેશનમાં જૂથ અથડામણ / ધીંગાણા અંગેના કેટલા કેસો નોંધાયા, | (૧) ૧૪ કેસો |
| (૨) આ ધીંગાણા સંબંધે સ્થાનિક પી.આઈ.એ અસામાજિક તત્વોની શેહમાં આવીને ખોટી કલમ (૪૩૬) લગાડી નિર્દોષ ગ્રામજનો ઉપર ખોટો આરોપ મુકી હેરાનગતી કરવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૨) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૩) આ સંબંધમાં પી.આઈ. તથા અસામાજિક તત્વો સામે સરકારે શી કાર્યવાહી કરી, | (૩), (૪) અને (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) નિર્દોષ ગ્રામજનોને ન્યાય મળે તે સંબંધે સરકાર અસામાજિક તત્વોને જેર કરવા સંબંધે શાં પગલાં લીધા, અને | |
| (૫) અસામાજિક તત્વોની શેહમાં આવીને પોલીસ અધિકારી ધ્વારા લગાડવામાં આવેલ ખોટી કલમ અંગેની ચકાસણી કરી સંબંધિત પોલીસ અધિકારી સામે સરકારે શી કાર્યવાહી કરી ? | |

-----------

**બંદરો પર કરવામાં આવેલ ડ્રેજીંગ**

૨૨૭૧૩ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જાફરાબાદ, ચાંચ, ભાવનગર નવા બંદર, ધારા બંદર, નવા બંદર, વેરાવળ બંદરો પર તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલીવાર ડ્રેજીંગ કરવામાં આવેલ છે ? | જાફરાબાદમાં-એકવાર<br>ચાંચ-શૂન્ય<br>ભાવનગર નવા બંદર-બે વાર<br>ધારાબંદર-શૂન્ય |

નવા બંદર-એકવાર
વેરાવળમાં-બે વાર ડ્રેજીંગ કરવામાં આવેલ છે.

-----------

**જિલ્લાવાર અપાયેલ દારૂ પીવાની પરમીટ**

૨૨૬૬૦ **શ્રી મનીષ ન. ગીલીટવાલા** (સુરત શહેર પૂર્વ) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા લોકોને દારુ પીવા માટે પરમીટો આપવામાં આવી, અને | (૧) ૧૩૪૦૩<br>આ સાથેના *પત્રક-અ મુજબ. |
| (૨) કેટલી પરમીટો રદ કરવામાં આવી ? | (૨) ૨૪<br>આ સાથેના *પત્રક-બ મુજબ. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**રાજ્યમાં નવા પાવર સ્ટેશનોની કામગીરી**

૨૨૬૬૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિજ ઉત્પાદન વધારવા માટે છેલ્લા ઘણા સમયથી પાવર સ્ટેશનો બાંધવાની કાર્યવાહી ગતીમાં છે, તે અન્વયે કેટલા નવા પાવર સ્ટેશનો કેટલા સમયમાં પૂર્ણ થશે, અને તે ધ્વારા કેટલી વિજળી વધારાની મળશે, અને | (૧) પત્રક-અ મુજબ. |
| (૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ નવા પાવર સ્ટેશનોની કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૨) પત્રક-બ મુજબ. |

**પત્રક-અ**

| ક્રમ | નવા પાવર સ્ટેશનનું નામ | બાંધકામ પૂર્ણ થવાનો અંદાજીત સમય | પ્રાપ્ત થનાર અંદાજીત વીજળી (મે.વો.) ગુજરાતનો ફાળો |
|---|---|---|---|
| ૧ | ધુવારણ ગેસ બેઝ સ્ટેશન સ્ટેજ-૨ | એપ્રિલ-૨૦૦૭ | ૧૧૨ |
| ૨ | પાનેન્દ્રો લિગાઈટ બેઝ પાવર સ્ટેશન યુનિટ નં.૪ | જુલાઈ-૨૦૦૭ | ૭૫ |
| ૩ | સુરત લિગાઈટ બેઝ પાવર સ્ટેશન સ્ટેજ-૨ | | |
| | યુનીટ-૧ | નવેમ્બર-૨૦૦૮ | ૧૨૫ |
| | યુનીટ-૨ | માર્ચ-૨૦૦૯ | ૧૨૫ |
| ૪ | ઉતરાણ ગેસ બેઝ પાવર સ્ટેશન | ડીસેમ્બર-૨૦૦૯ | ૩૬૦ |
| ૫ | પીપાવાવ ગેસ આધારિત વીજ યોજના | | |
| | મોડ્યુલ-૧ | માર્ચ-૨૦૧૦ | ૩૫૦ |
| | મોડ્યુલ-૨ | જૂન-૨૦૧૦ | ૩૫૦ |
| | મોડ્યુલ-૩ | ઓકટોબર-૨૦૧૦ | ૩૫૦ |
| ૬ | હજીરા ગેસ આધારિત વીજ મથક વિસ્તરણ યોજના | ફેબ્રુઆરી-૨૦૧૦ | ૩૫૦ |
| ૭ | ધુવારણ ગેસ બેઝ સ્ટેશન સ્ટેજ-૩ | સપ્ટેમ્બર-૨૦૧૨ | ૩૬૦ |
| ૮ | ભાવનગર લિગ્નાઈટ આધારિત વીજમથક | માર્ચ-૨૦૧૨ | ૫૦૦ |
| ૯ | સિક્કા કોલસા આધારિત વીજયોજના સ્ટેજ-૨ | | |
| | યુનીટ-૧ | નવેમ્બર-૨૦૦૯ | ૨૫૦ |
| | યુનીટ-૨ | જૂન-૨૦૧૦ | ૨૫૦ |

| ક્રમ | નવા પાવર સ્ટેશનનું નામ | બાંધકામ પૂર્ણ થવાનો અંદાજીત સમય | પ્રાપ્ત થનાર અંદાજીત વીજળી (મે.વો.) ગુજરાતનો ફાળો |
|---|---|---|---|
| ૧૦ | દક્ષિણ ગુજરાત લિગ્નાઈટ આધારિત વીજયોજના<br>સ્ટેજ-૧ (૧૦૦૦૯૦%)<br>સ્ટેજ-૨ (૫૦૦૯૦%) | <br>માર્ચ-૨૦૧૨<br>માર્ચ-૨૦૧૩ | <br>૯૦૦<br>૪૫૦ |
| ૧૧ | ઉકાઈ કોલ બેઝ વીજ સ્ટેશન યુનીટ નં.૬ | ઓગષ્ટ-૨૦૧૦ | ૪૯૦ |
| ૧૨ | સુજેન ગેસ આધારિત વીજયોજના<br>મોડ્યુલ-૧<br>મોડ્યુલ-૨<br>મોડ્યુલ-૩ | <br>સપ્ટેમ્બર-૨૦૦૭<br>ડીસેમ્બર-૨૦૦૭<br>ફેબ્રુઆરી-૨૦૦૮ | <br>૩૩૦<br>૩૩૦<br>૩૩૦ |
| ૧૩ | પીપાવાવ કોલસા આધારિત વીજયોજના | માર્ચ-૨૦૧૨ | ૯૦૦ |
| ૧૪ | મુન્દ્રા કોલસા આધારિત વીજયોજના<br>સ્ટેજ-૧<br>સ્ટેજ-૨ | <br>ડીસેમ્બર-૨૦૦૯<br>જાન્યુઆરી-૨૦૧૨ | <br>૧૦૦૦<br>૧૦૦૦ |
| ૧૫ | વાડીનાર કોલસા આધારિત વીજયોજના<br>સ્ટેજ-૧<br>સ્ટેજ-૨ | <br>જાન્યુઆરી-૨૦૧૧<br>જુલાઈ-૨૦૧૧ | <br>૫૦૦<br>૫૦૦ |
| ૧૬ | મુન્દ્રા અલ્ટ્રા મેગા વીજયોજના (૪૦૦૦ મે.વો.)<br>પ્રથમ યુનીટ<br>છેલ્લુ યુનીટ | <br>સપ્ટેમ્બર-૨૦૧૨<br>જુલાઈ-૨૦૧૪ | <br>૧૯૦૦ |
| ૧૭ | કાકરાપાર અણુવીજમથક વિસ્તરણ યોજના (૧૪૦૦ મે.વો.) | વર્ષ ૨૦૧૩-૧૪ | વેસ્ટર્ન રીજીઅન પાવર શેરીંગ ફોર્મ્યુલા આધારિત હિસ્સો મળશે. |

આ ઉપરાંત સહી કરવામાં આવેલ એમ.ઓ.યુ. પૈકીના નીચે દર્શાવ્યા પ્રમાણેની કંપનીઓના પ્રોજેકટ સ્થાપવા અંગેની પ્રથમ તબક્કાની કાર્યવાહી ચાલુ છે.

| અ.નં. | ખાનગી સાહસનું નામ | વીજક્ષમતા (મે.વો.) | સ્થળ |
|---|---|---|---|
| ૧ | અદાણી પાવર લી., દહેજ | ૨૦૦૦ | દહેજ, ભરૂચ |
| ૨ | સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૧૨૦૦ | અકરીમોટા, કચ્છ |
| ૩ | જીપેક (સીએલપી-હોંગકોંગ) | ૧૪૦૦ | તુના, કચ્છ |
| ૪ | વીડીયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૬૦૦ | પીપાવાવ, અમરેલી |
| ૫ | જેએસડબલ્યુ પાવર કું. | ૧૦૦૦ | સીમર, જૂનાગઢ |
| ૬ | વીસા પાવર-કોલકત્તા | ૧૦૦૦ | પીપાવાવ, અમરેલી |
| ૭ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ લિ. | ૨૪ | ગુજરાતમાં વિવિધ યોગ્ય સ્થળોએ |
| ૮ | મે. યુનીયન ટેરીટરી ઓફ દીવ, દમણ, દાદરા અને નગર હવેલી | ૧૦૦૦ | વાંસી-બોરસી, નવસારી |

**પત્રક-બ**

| ક્રમ | નવા પાવર સ્ટેશનનું નામ | કાર્યવાહીનો તબક્કો |
|---|---|---|
| ૧ | ધુવારણ ગેસ બેઝ સ્ટેશન સ્ટેજ-૨ | સ્થળ પરના બાંધકામો પૂર્ણ થઈ ગયા છે. વીજસ્ટેશન કાર્યાન્વિન્ત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. |
| ૨ | પાનેન્દ્રો લિગાઈટ બેઝ પાવર સ્ટેશન યુનિટ નં.૪ | સ્થળ પરનું બાંધકામ ચાલુ છે. |
| ૩ | સુરત લિગાઈટ બેઝ પાવર સ્ટેશન સ્ટેજ-૨ યુનીટ-૧ અને યુનીટ-૨ | મુખ્ય પ્લાન્ટની મશીનરીના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. જમીન સંપાદન થઈ ગઈ છે. સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો પૂર્ણ થઈ ગયાં છે. વન અને પર્યાવરણની મંજૂરી મેળવી લેવામાં આવી છે. |

| ક્રમ | નવા પાવર સ્ટેશનનું નામ | કાર્યવાહીનો તબક્કો |
|---|---|---|
| ૪ | ઉતરાણ ગેસ બેઝ પાવર સ્ટેશન | મુખ્ય પ્લાન્ટની મશીનરીની ભાવ દરખાસ્તો મંગાવી તેની ચકાસણી ચાલી રહી છે. જમીન સંપાદન થઈ ગઈ છે. સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો પૂર્ણ થઈ ગયાં છે. વન અને પર્યાવરણની મંજૂરી મેળવી લેવામાં આવી છે. |
| ૫ | પીપાવાવ ગેસ આધારિત વીજ યોજના મોડ્યુલ-૧ અને મોડ્યુલ-૨ | જમીન સંપાદન થઈ ગઈ છે. સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો પૂર્ણ થવાની તેયારીમાં છે. વન અને પર્યાવરણની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે. મુખ્ય પ્લાન્ટની મશીનરીની ભાવ દરખાસ્તો મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૬ | હજીરા ગેસ આધારિત વીજ મથક વિસ્તરણ યોજના | જમીન સંપાદન થઈ ગઈ છે. વન અને પર્યાવરણની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે. મુખ્ય પ્લાન્ટની મશીનરીની ભાવ દરખાસ્તો મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૭ | ધુવારણ ગેસ બેઝ સ્ટેશન સ્ટેજ-૩ | સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો ચાલુમાં છે. પર્યાવરણ મંજૂરી માટેનો રીપોર્ટ તેયાર કરવામાં આવી રહ્યો છે. |
| ૮ | ભાવનગર લિગ્નાઈટ આધારિત વીજમથક | જમીન સંપાદન કરવામાં આવી છે. સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો તથા પર્યાવરણ મંજૂરી માટેનો રીપોર્ટ તેયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. |
| ૯ | સિક્કા કોલસા આધારિત વીજ્યોજના સ્ટેજ-૨ યુનીટ-૧ અને યુનીટ-૨ | જમીન સંપાદન કરવામાં આવી છે. પર્યાવરણની મંજૂરી મેળવી લેવામાં આવી છે. મુખ્ય પ્લાન્ટ અને મશીનરીનાં ભાવ દરખાસ્તોની ચકાસણી ચાલી રહી છે. |
| ૧૦ | દક્ષિણ ગુજરાત લિગ્નાઈટ આધારિત વીજ્યોજના સ્ટેજ-૧ અને સ્ટેજ-૨ | મુખ્ય પ્લાન્ટ અને મશીનરીની ભાવ દરખાસ્ત મંગાવવા માટેનાં ટેન્ડર ડોક્યુમેન્ટ બનાવવા માટે કન્સલ્ટન્ટ નિમણૂંક કરવાની કાર્યવાહી ચાલુ છે. પર્યાવરણની મંજૂરી મેળવવા માટેના અભ્યાસો ચાલુ છે. |
| ૧૧ | ઉકાઈ કોલ બેઝ વીજ સ્ટેશન યુનીટ નં.૬ | પર્યાવરણની મંજૂરી મેળવવા માટેના જરૂરી રીપોર્ટ તેયાર કરાવવાની કાર્યવાહી ચાલુ છે. જમીન સંપાદન કરવામાં આવી છે. આ વીજ્યોજના માટે જરૂરી કોલસા માટે મચ્છરકાંટા કેપ્ટીવ કોલ માઈન્સ સંપાદન કરવામાં આવી છે. |
| એચબી-૧૦૩ ૧૨ | સુગેન ગેસ આધારિત વીજ્યોજના મોડ્યુલ-૧, મોડ્યુલ-૨ અને મોડ્યુલ-૩ | પ્રથમ મોડ્યુલના બાંધકામો પૂર્ણ થવામાં છે. |
| ૧૩ | પીપાવાવ કોલસા આધારિત વીજ્યોજના | જમીન સંપાદન કરવામાં આવી છે. સ્ટ્રેટેજીક સંસ્થાની પસંદગી કરેલ છે. |
| ૧૪ | મુન્દ્રા કોલસા આધારિત વીજ્યોજના સ્ટેજ-૧ અને સ્ટેજ-૨ | જમીન સંપાદન કરવામાં આવી છે. સ્ટેજ-૧ માટે મુખ્ય પ્લાન્ટ અને મશીનરીના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. સ્થળ પરના બાંધકામ શરૂ થવામાં છે. |
| ૧૫ | વાડીનાર કોલસા આધારિત વીજ્યોજના સ્ટેજ-૧ અને સ્ટેજ-૨ | જમીન સંપાદન કરવામાં આવી છે. |
| ૧૬ | મુન્દ્રા અલ્ટ્રા મેગા વીજ્યોજના યુનીટ-૧ અને યુનીટ-૨ | જમીન સંપાદન કરવાની કાર્યવાહી ચાલુ છે. સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો ચાલુ છે. વન અને પર્યાવરણની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૧૭ | કાકરાપાર અણુવીજમથક વિસ્તરણ યોજના (૧૪૦૦ મે.વો.) | જમીન સંપાદન કરવામાં આવી છે. સ્થળ પરનાં તક્નીકી અભ્યાસો ચાલુ છે. |

-----------

## ભરુચ જિલ્લાના દહેજ બંદરનો વિકાસ

૩૨૯૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભરુચ જિલ્લામાં આવેલ દહેજ બંદરના વિકાસની કાર્યવાહી ક્યા તબકકે છે, | (૧) એલ. એન. જી. ટર્મિનલ અને અદ્યતન કેમીક્લ પોર્ટ ટર્મીનલ વિક્સાવવામાં આવેલ છે. તેમજ બે કેપ્ટીવ જેટી પણ કાર્યરત છે. આ ઉપરાંત સોલીડ કાર્ગો ટર્મીનલનું બાંધકામ અને જુના બંદરે ડ્રેજીંગ અને જેટીનું બાંધકામ પ્રગતિમાં છે. બંદરના રસ્તાઓ અને હાલની ભરૂચ/દહેજ વચ્ચેની હયાત નેરોગેજ રેલ્વેને બ્રોડગેજમાં રૂપાંતરીત કરવાની યોજના હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) આ બંદરના વિકાસના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) બાંધકામ તથા અન્ય આનુષાંગિક કાર્યો સપ્ટેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવાની ધારણા છે ? | (૩) કુલ રૂા. ૨૩૦૮ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. |

-----------

## માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાની પીવાના પાણી અંગે મળેલ ફરીયાદ

૨૨૮૦૯ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાંથી પીવાના પાણીની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળેલી છે, | (૧) માંડવી તાલુકામાં -૪, સોનગઢમાં -૧૧, ઉચ્છલમાં-૧૩ અને નિઝર તાલુકામાં ૮ |
| (૨) ઉનાળામાં પીવાના પાણીની સમસ્યાના નિરાકરણ માટે શી વ્યવસ્થા વિચારવામાં આવેલ છે, અને | (૨) ઉનાળામાં પીવાના પાણીની સમસ્યાને અનુરૂપ વૈકલ્પિક વ્યવસ્થા જેમ કે, હેન્ડપંપ, પંપીંગ મશીનરી, ટેંકર દ્વારા પાણી પૂરવઠો પુરો પાડવાનું આયોજન વિચારવામાં આવેલ છે. |
| (૩) કાયમી ધોરણે તાલુકાઓના ગામડામાં પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૩) સોર્સની ઉપલબ્ધી મુજબ જુથ યોજના સ્વતંત્ર પાઈપ પાણી પુરવઠા યોજના, મુશ્કેલીવાળા છૂટા છવાયા ગામોમાં હેન્ડપંપ તથા આંતરિક વ્યવસ્થાના કામો સ્વજલધારા કાર્યક્રમ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. |

-----------

## કચ્છજિલ્લામાં લિગાઈટના વહન અને વહેંચણી અંગે

૨૩૦૦૨ **ડૉ. નીમાબેન બ. આચાર્ય** (અંજાર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાંથી ઉત્ખનન થતા લીગાઈટને બહાર ન લઈ જવા માટે કોઈ નિર્ણય લેવાયો છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) આનો અમલીકરણ ક્યારે કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સ્થાનિક ઉદ્યોગોને લીગાઈટ આપવા માટેની કોઈ પોલીસી નકકી કરવામાં આવી છે ? | (૩) ના જી. |

-----------

**તેલ અને ગેસનું થયેલ ઉત્પાદન**

૨૨૮૭૮ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન ધ્વારા સારકામ કરવામાં આવેલ તેલ અને ગેસના કુવામાં મળેલ સફળતાને કારણે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન તેલ અને ગેસનું કેટલું ઉત્પાદન મેળવી શકાયું, | (૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા શારકામ કરવામાં આવેલ કુવાઓમાં તેલનું ઉત્પાદન ૧૦૨૮૨.૬૦૮ મે. ટન થયેલ છે. જ્યારે ગેસનું ઉત્પાદન થયેલ નથી. |
| (૨) તેલ અને ગેસ ઉત્પાદનને કારણે રાજ્ય સરકારને નાણાકીય કેટલી આવક થવા પામી, અને | (૨) રૂા. ૪.૪૯ કરોડ |
| (૩) આ પ્રકારના અન્ય કુવાનું સારકામ ચાલી રહયું છે કે કેમ અને કઈ જગ્યાએ ? | (૩) સાણંદ-મીરોલી બ્લોક, જિ. અમદાવાવાદ ખાતે સારકામ ચાલુ છે. |

-----------

**વિધાનસભામાં પોઝેટીવ તારાંક્તિ પ્રશ્નો પૂછવા બાબત**

૨૦૭૮૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** (મહુધા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિધાનસભામાં પોઝેટીવ તારાંક્તિ પ્રશ્નો પુછવા માટે સરકાર ધ્વારા તા. ૨-૨-૦૭ સુધીમાં છેલ્લા બે માસમાં પરિપત્ર દરેક ડી.એસ.પી.ને મોકલ્યો છે કે કેમ, (૨) આ કામ ક્યા લેવલે સોંપેલ છે, અને (૩) ક્યા તારીખના પત્રથી ધારાસભ્યોને આની જાણ કરી ? | (૧), (૨) અને (૩) : તા. ૨૩-૩-૨૦૦૭ના રોજ વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ કરેલ જાહેરાત મુજબ આ બાબત વિધાનસભાની વિશેષાધિકાર સમિતીને સોંપેલ હોય વિધાનસભાના નિયમોના નિયમ-૭૮(૨) (૧૯) મુજબ આની ચર્ચા થઈ શકે નહી. |

-----------

**મહેસાણા તાલુકામાં લાંઘણજ ગામે થયેલ જૂથ અથડામણ**

૩૬૧/page>૨૩૨૪૯ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦-૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા તાલુકાના લાંઘણજ પોલીસ સ્ટેશનમાં જૂથ અથડામણ/ધીંગાણા અંગેના કેટલા કેસો નોંધાયા, | (૧) ૧૪ કેસો. |
| (૨) આ ધીંગાણા સંબંધે સ્થાનિક પી.આઈ. એ અસામાજિક તત્વોની શેહમાં આવીને ખોટી કલમ (૪૩૬) લગાડી નિર્દોષ ગ્રામજનો ઉપર ખોટો આરોપ મુકી હેરાનગતી કરવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૨) આવી કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૩) આ સંબંધમાં પી.આઈ. તથા અસામાજિક તત્વો સામે સરકારે શી કાર્યવાહી કરી, (૪) નિર્દોષ ગ્રામજનોને ન્યાય મળે તે સંબંધે સરકાર અસામાજિક તત્વોને જેર કરવા સંબંધે શા પગલાં લીધા, અને (૫) અસામાજિક તત્વોની શેહમાં આવીને પોલીસ અધિકારી ધ્વારા લગાડવામાં આવેલ ખોટી કલમ અંગેની ચકાસણી કરી સંબંધિત પોલીસ અધિકારી સામે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩), (૪) અને (૫) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં વિજળીની ઉપલબ્ધી માટે આયોજન**

૨૨૫૬૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭મા વિજળીની ઉપલબ્ધી કેટલા પ્રમાણમાં વધારવાનું આયોજન છે ?

**જવાબ**

૫૫૭ મેગાવોટ.

-----------

**ગ્લોબલ ઈન્વેસ્ટ સમિટ-૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ,**

૨૨૭૨૩ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટ-૨૦૦૭ દરમિયાન ક્યા ક્યા ક્ષેત્રમાં સેમીનાર યોજવામાં આવેલ,

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમ્યાન સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ ક્ષેત્રો માટે કુલ-૯ સેમિનાર યોજવામાં આવેલ.

**પરિશિષ્ટ-અ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ માં યોજવામાં આવેલ સેમિનારની યાદી.

૧. પાવર, ઓઇલ અને ગેસ
૨. કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
૩. એસ.ઇ.ઝેડ અને પોર્ટ-લીડ ડેવલપમેન્ટ
૪. એગ્રો અને ફુડ પ્રોસેસિંગ
૫. એન્જિનિયરીંગ, ઓટો અને સીરામીક
૬. બાયોટેક્નોલોજી
૭. ટેક્ષટાઇલ્સ અને એપેરલ્સ
૮. જેમ્સ અને જવેલેરી
૯. ફાર્માસ્યુટીકલ્સ

**પ્રશ્ન**

(૨) દરેક ક્ષેત્રમાં કેટલા એમ.ઓ.યુ. થયા, અને

(૩) ક્યા ક્ષેત્રમાં કેટલું મૂડી રોકાણ થયું ?

**જવાબ**

(૨) અને (૩) : દરેક ક્ષેત્રમાં થયેલ એમ.ઓ.યુ.ની વિગત દર્શાવતું અને થનાર મૂડી રોકાણની વિગત દર્શાવતું પરિશિષ્ટ-બ આ સાથે સામેલ છે.

**પરિશિષ્ટ-બ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ માં સેકટરવાર થયેલ એમ.ઓ.યુ/એનાઉન્સમેન્ટની વિગત.

| અ.નં. | સેકટર | એમ.ઓ.યુ/ એનાઉન્સમેન્ટ | કુલ મૂડીરોકાણ (રકમ રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એસ ઇ ઝેડ | ૨૮ | ૧૭૦૮૮૯ |
| ૨ | કેમીકલ્સ એન્ડ પેટ્રોકેમીકલ્સ | ૩૧ | ૧૩૪૧૨ |
| ૩ | ફાર્માસ્યુટીકલ્સ | ૫ | ૩૪૭ |
| ૪ | એન્જી. ઓટો, સીરામીક્સ | ૩૬ | ૧૪૯૬૩ |
| ૫ | ટેક્ષટાઇલ એન્ડ એપરલ્સ | ૨૯ | ૮૨૮૩ |
| ૬ | પેપર ઇન્ડસ્ટ્રીઝ | ૬ | ૧૫૭૭ |
| ૭ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૬૧ | ૧૦૩૭૫ |
| ૮ | બાયોટેક્નોલોજી | ૧૯ | ૧૫૪૧ |
| ૯ | ઇન્ફોર્મેશન ટેક્નોલોજી | ૨૧ | ૧૪૮૧૧ |
| ૧૦ | ઓઇલ એન્ડ ગેસ | ૨૬ | ૪૪૭૬૬ |
| ૧૧ | પાવર | ૧૯ | ૧૩૩૪૨૯ |
| ૧૨ | પોર્ટ | ૨૨ | ૧૩૫૧૮ |
| ૧૩ | સીવીલ એવીએશન | ૪ | ૧૦૦૨૮ |
| ૧૪ | રોડ એન્ડ રેલ પ્રોજેકટ | ૬ | ૨૫૧૬ |
| ૧૫ | અર્બન ડેવલપમેન્ટ | ૫ | ૬૯૮૫ |
| ૧૬ | ફાયનાન્સીયલ સેકટર | ૧ | ૧૦૦૦ |
| ૧૭ | એજ્યુકેશન | ૨ | ૫૧૦ |
| ૧૮ | હેલ્થકેર | ૮ | ૨૦૯૨ |
| ૧૯ | ટુરીઝમ | ૩૪ | ૧૦૭૯૩ |
| | કુલ | ૩૬૩ | ૪૬૧૮૩૫ |

-----------

**"ગુજકોક" કાયદા અંગે**

૨૨૭૮૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત વિધાનસભાએ પસાર કરેલો "ગુજકોક" કાયદો મંજુરી માટે કેન્દ્ર સરકારને ક્યારે મોકલવામાં આવેલ છે, અને | (૧) તા.૧૯-૬-૨૦૦૪. |
| (૨) આ અંગે કેન્દ્ર સરકારે શું પ્રતિભાવ આપેલ છે ? | (૨) કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોવાઇ રહેલ છે. |

-----------

**ટંકારા તાલુકાનો વિકાસ કરવા અંગે**

૨૩૨૬૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાનો નવરચિત ટંકારા તાલુકો અણવિકસીત છે તેને સરકાર વિકાસના કામો માટે અન્ય પછાત તાલુકાની માફક વિશેષ ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્ત ઉપર શું પગલાં ભરવા માંગો છો, | (૧) ટંકારા તાલુકાનો અણવિકસીત ૩૦ તાલુકાઓમાં સમાવેશ થતો નથી. તેથી વિશેષ ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૫-૦૬ના વર્ષમાં ટંકારા તાલુકાને કેટલી ગ્રાન્ટ પ્રોત્સાહક યોજના હેઠળ ફાળવી, | (૨) રૂા.૧,૯૯,૯૦૪/- |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ હેઠળ કેટલી રકમનો વપરાશ થયો અને કેટલી વણવપરાયેલ ગ્રાન્ટ બચત રહી, | (૩) રૂા.૧,૯૦,૦૩૭/- નો ખર્ચ થયેલ છે. બધાજ કામો પૂર્ણ થયેલ છે. અને રૂા.૯,૮૬૭/- ની બચત થયેલ છે. |
| (૪) ટંકારા તાલુકાના કેટલા કામો જિલ્લા આયોજન મંડળની સેધ્ધાંતિક મંજૂરી બાદ લોકફાળો ન ભરવાના કારણે ઉક્ત વર્ષોમાં પડતા મુક્વા પડેલ છે, અને | (૪) લોકફાળો ન ભરવાના કારણે કોઇ કામ પડતાં મૂક્વામાં આવેલ નથી. |
| (૫) આ પડતા મુક્વા પડેલ કામો ધ્યાને લઈ અન્ય પછાત તાલુકાની માફક ટંકારા તાલુકાને વિશેષ ગ્રાન્ટ ફાળવવા સરકાર શું વિચારે છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**નર્મદા મુખ્ય કેનાલ સાથે જોડાયેલ નસવાડી તાલુકાના ગામોને લીંક રોડની સગવડ**

૨૩૨૪૬ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ** (નસવાડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નસવાડી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ સાથે જોડાયેલ ગામોને અવર જવર કરવા માટેના કેનાલ પરથી પસાર થતાં રોડને લીંક રોડની સગવડ સરકાર આપવા માંગે છે કે કેમ, | (૧), (૨) અને (૩) : નર્મદા મુખ્ય કેનાલના પાળા પરથી પસાર થતા રસ્તાનો ઉપયોગ કેનાલની અને લોકોની સલામતીના કારણોસર નિયંત્રીત કરવો જરૂરી હોઇ, તેને લીંક રોડનું આયોજન નથી. |
| (૨) જો હા, તો તે માટે શું આયોજન છે, અને | |
| (૩) જો ના, તો કેમ નહીં ? | |

-----------

**મહેસાણા જિલ્લાના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૨૯૪૬ **શ્રી પ્રહલાદભાઈ મો.પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને | (૧) અને (૨) : ફરજ બજાવતા ૧૩૯૮ અધિકારી/ કર્મચારીઓ પૈકી ૧૩૯૨ અધિકારી / કર્મચારીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ ? | |

-----------

**વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદીઓની ક્ષમતા**

૨૩૦૪૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા-ગ્રામ્ય) **: માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદીઓ રાખવાની કેટલી ક્ષમતા છે,

(૨) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ કેટલા કેદીઓની સંખ્યા છે, અને

(૩) કેદીની સંખ્યાના પ્રમાણમાં જેલની ક્ષમતા વધારવા માટે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ?

**જવાબ**

(૧) ૭૯૫.

(૨) ૨૨૯૩.

(૩) કેદીની સંખ્યાના પ્રમાણમાં જેલની ક્ષમતા વધારવા માટે,

(અ) ૧૦ નવી બેરેકો બાંધવાની કામગીરી હાથ ધરેલ જે પૂર્ણ થવામાં છે. જેમાં ૨૦૦ કેદીઓનો સમાવેશ થઇ શકશે.

(બ) ૧૦૦ સ્ત્રી કેદીઓની ક્ષમતાવાળા વધારાના સેક્શન બાંધકામનું કામ પૂર્ણ થવામાં છે.

(ક) વર્ષ ૨૦૦૭-૦૮ માં દંતેશ્વર જેલવાડીની જમીન પર ૨૫૦૦ કેદીઓની અદ્યતન મધ્યસ્થ જેલ બનાવવાનું આયોજન છે.

-----------

**ધારાસભ્ય ફંડ મેચીંગ ગ્રાન્ટમાં લેવાનું બંધ કરવા અંગે**

૨૨૮૯૯ **શ્રી રાકેશ રાવ** (માતર) **: માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦મી ફેબ્રુઆરી-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં બારમા નાણા પંચમાં ધારાસભ્ય ફંડ મેચીંગ ગ્રાન્ટમાં લેવાનું બંધ કરવાનો વિભાગે પરિપત્ર કે નિર્ણય કર્યો હોવાની હકીકત ખરી છે,

(૨) આ નિયમમાં ફેરફાર કરવાનું કારણ શું છે, અને

(૩) ફેરફાર કરેલો નિર્ણય રદ કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓને અનુરૂપ જોગવાઇ ધ્યાને લઇને ફેરફાર કરવામાં આવેલ છે.

(૩) કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓને અનુરૂપ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુજલામ સુફલામ યોજના હેઠળ બોરીબંધ/ચેકડેમો બનાવવા અંગ**

૨૨૬૨૧ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ખેત તલાવડીઓ, બોરીબંધ અને ચેકડેમો બનાવવામાં આવ્યા ?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ખેત તલાવડીઓ, બોરીબંધ તથા ચેકડેમોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ખેત તલવાડી | બોરીબંધ | ચેકડેમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ચોટીલા | ૧૭૧૦ | ૮૦૬ | ૧૧ |
| ૨ | ચૂડા | ૫૯૬ | ૮૦ | ૨૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૮૭૨ | ૨૩૮ | ૨૨ |
| ૪ | લીંબડી | ૧૫૨૧ | ૩૨૦ | ૪૩ |
| ૫ | લખતર | ૫૨૩ | ૨૨૬ | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | મૂળી | ૧૭૧૯ | ૨૩૭ | ૧૩ |
| ૭ | પાટડી | ૨૦૬૩ | ૧૦૮ | ૯ |
| ૮ | સાયલા | ૧૩૯૧ | ૧૬૭ | ૧૧ |
| ૯ | હળવદ | ૪૫૧ | ૩૯૦ | ૧૨ |
| ૧૦ | વઢવાણ | ૧૩૧૬ | ૬૯ | ૯ |
| | **કુલ ...** | **૧૨૧૬૨** | **૨૪૮૦** | **૧૮૦** |

-----------

**અમદાવાદ શહેરમાં સી.એન.જી. સ્ટેશનોની સંખ્યા**

૨૨૫૪૨૧ **જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** (શહેરકોટડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલા સી.એન.જી. સ્ટેશન સ્થાપવામાં આવેલ છે, અને

(૧) ૪૭.

(૨) સી.એન.જી. સ્ટેશનથી પર્યાવરણની દ્રષ્ટિએ શું ફાયદો થશે ?

(૨) હવાના પ્રદુષણમાં ઘટાડો થશે.

**રાજ્યમાં વિદેશી મૂડી રોકાણ**

૨૨૮૬૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ અને ૦૫-૦૬ દરમ્યાન કેન્દ્ર ધ્વારા ૨૨૦૦ કરોડ રૂપિયાના વિદેશી મૂડી રોકાણની મંજૂરી મળ્યા પછી વર્ષ ૨૦૦૬ સુધીમાં રાજ્યમાં કુલ કેટલા રૂપિયાનું વિદેશી મૂડી રોકાણ થયું,

(૧) વિદેશી મૂડી રોકાણ માટે ભારત સરકારની નીતિ અનુસાર અમુક કિસ્સાઓને બાદ કરતાં મોટા ભાગના પ્રોજેક્ટમાં ભારત સરકારની અથવા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની પૂર્વ મંજૂરી મેળવવાની જરૂરીયાત નથી પરંતુ વિદેશી મૂડી રોકાણ મેળવ્યા બાદ ૩૦ દિવસમાં રીઝર્વ બેંકની પ્રાદેશીક ક્ચેરીને જાણ કરવાની હોય છે. બાકીના કિસ્સા, એટલે કે જે પ્રવૃત્તિમાં ઈન્ડસ્ટ્રીયલ લાઈસન્સ જરૂરી છે, વિદેશી કંપની કે જે ભારતમાં રોકાણ ધરાવતી હોય અથવા કોઈ ભારતીય કંપનીમાં વિદેશી કંપની શેર મૂડી લેવા માંગતી હોય તેવા કિસ્સાઓમાં ભારત સરકારની મંજૂરી મેળવવી જરૂરી હોય છે.

આમ રાજ્યમાં કેટલું વિદેશી મૂડી રોકાણ થયું તેની સચોટ માહિતી ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે જ ઉપલબ્ધ થઈ શકે છે.

વળી ભારત સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની જરૂરીયાત રહે છે તેવા કિસ્સાઓમાં ભારત સરકાર દ્વારા દરખાસ્તો મંજૂર કર્યા બાદ તેની વિગત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરેલી માહિતી મુજબ જાન્યુઆરી-૨૦૦૬ થી સપ્ટેમ્બર-૦૬ સુધીના સમયગાળામાં ગુજરાતમાં રૂપિયા ૧૨૭૦ કરોડનું સીધુ વિદેશી મૂડીરોકાણ થયું છે.

(૨) આ વિદેશી મૂડી રોકાણને ડીસે. ૦૬ સુધીમાં વર્ષ ૨૦૦૩-૦૪ થી ૦૫-૦૬ સુધીની મળેલ મંજૂરીમાંથી ક્યા ક્યા દેશો ધ્વારા કેટલું રોકાણ કરવામાં આવ્યું, અને

(૨) ઉપર મુજબ.

(૩) વર્ષ ૨૦૦૩-૦૪ થી ૦૫-૦૬ સુધીમાં મળેલ ૨૨૦૦ કરોડનાં વિદેશી મૂડી રોકાણની મંજૂરીમાંથી ડીસે. ૦૬ની સ્થિતિએ મુખ્યત્વે ક્યા ક્યા ઉદ્યોગોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવ્યું ?

(૩) ઉપર મુજબ.

-----------

**અતિવૃષ્ટિને કારણે અમદાવાદ જિલ્લાના ગામડાઓના પાળા તૂટી જવા અંગે**

૨૨૫૩૮ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ** (બાવળા) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે સાબરમતી નદીના પાણી ઓવરફ્લો થતાં સરોડા, સાથળ, વોઠા ગામોના પાળા તૂટી ગયેલ છે તે બાબત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ પાળા ક્યાં સુધીમાં ફરીથી બાંધવામાં આવશે ?

**જવાબ**

(૧) નૂકસાન થયેલ છે તે બાબત સરકાર જાણે છે.

(૨) હા, જી. શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**માળીયા-બીલખા અને મેંદરડા વિસ્તારના ગામોને પાઈપ લાઈન દ્વારા અપાતું પાણી**

૨૨૬૭૧ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના માળીયા-બીલખા અને મેંદરડા તાલુકાના કેટલા ગામોને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહી આધારીત પાઈપ લાઈન દ્વારા પાણી આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેતા કેટલા ગામોને ક્યારે તે લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) માળીયા-બીલખા તાલુકાના ૨૦ ગામો અને મેંદરડા તાલુકાના ૭ ગામોને મહી આધારીત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી જરૂરિયાત મુજબ આપવામાં આવેલ છે,

(૨) માળીયા-બીલખા તાલુકાના બાકી રહેતા ૪૩ ગામો તથા મેંદરડા તાલુકાના બાકી રહેતા ૩૮ ગામોને માર્ચ-૨૦૦૯ સુધીમાં લાભ આપવાનું આયોજન છે.

-----------

**મહી-પરીએજ યોજનાનું પાણી મેળવતા ભાવનગર જિલ્લાના ગામો**

૨૩૨૬૩ **ડૉ.કનુભાઇ કળસરિયા** (મહુવા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં તાલુકાદીઠ કેટલા ગામો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહી પરીએજ યોજનાનું પાણી મેળવતા થયા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે.

| ક્રમ | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૫૭ |
| ૨ | ઘોઘા | ૩૭ |
| ૩ | તળાજા | ૬૫ |
| ૪ | મહુવા | ૩૫ |
| ૫ | ગારીયાધાર | ૪૪ |
| ૬ | પાલીતાણા | ૬૭ |
| ૭ | શિહોર | ૭૪ |
| ૮ | ગઢડા | ૬૮ |
| ૯ | ઉમરાળા | ૩૯ |
| ૧૦ | બોટાદ | ૫૨ |
| ૧૧ | વલ્લભીપુર | ૫૬ |
| | કુલ.. | ૫૯૪ |

(૨) બાકીના ગામોને પાણી આપવાનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં પાણી મળતું થઇ જશે ?

(૨) અને (૩) બાકીના ગામોનો પણ મહી યોજના તળેના વિતરણ જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. જેના કામો હાલ પ્રગતિ હેઠળ છે અને ક્રમશ : માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં દારૂબંધી હળવી કરવા અંગે**

૨૨૫૫૧ **શ્રી હેમાજી દ. રાજપૂત** (વાવ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્ય સરકારે દારૂબંધી હળવી કરવાનો નિર્ણય લીધેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમને અપાયેલ સરકારી જમીનનો ઉપયોગ**

૨૩૩૭૭ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્ય વાહન વ્યવહાર કોર્પોરેશનને ખોટ ઓછી કરવાના હેતુથી આપેલ અમદાવાદની વેક્સીનેશન સેન્ટરની સરકારી જમીનનો કોઇ વ્યાપારી ધોરણે કે એસ.ટી. નિગમની સવલતો વધારવા ઉપયોગ શરુ કરેલ નથી, તે હકીક્ત સાચી છે, | (૧) હકીક્ત સાચી નથી. અમદાવાદની લેપ્રેસી હોસ્પિટલની જમીન ઉપરથી બસ સ્ટેશન કાર્યાન્વીત છે. જેમાં ઉત્તર ગુજરાત તથા મધ્યસ્થ ગુજરાતની અંદાજે ૧૦૦૦ બસો દરરોજ આવનજાવન કરે છે. |
| (૨) જો હા, તો હાલના અમદાવાદ ગીતા મંદિરના એસ.ટી.ડેપો નજીક્ની આ જમીન સરકારને પરત સુપ્રત કરવાનું વિચારશે, અને | (૨) પ્રશ્ન નં. ૧ વંચાણે લેતા આ જમીન સરકારને પરત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. |
| (૩) જો ના, તો આ જમીનનો કબજો ક્યારે મળ્યો અને હાલે આ જમીનનો ઉપયોગ કેટલું ખર્ચ કરી ક્યા કામે લેવાય છે અને તેમાંથી કેટલી ઉપજ થઇ ? | (૩) અમદાવાદની લેપ્રસી હોસ્પિટલ તરીકે ઓળખાતી ૧૫૪૭૯ ચો.મી. જમીનનો કબજો નિગમને તા. ૧૬-૬-૯૮ના રોજ મળેલ છે. હાલ આ જમીનનો ઉપયોગ અંદાજે વિવિધ તબક્કે રૂા. ૨૫.૦૦ લાખનો ખર્ચ કરી બસ સ્ટેશન અર્થે ઉપયોગમાં લેવાય છે. સદરહુ જમીન બસ સ્ટેશનના ઉપયોગમાં હોઈ, મુસાફર સુવિધાના ભાગરૂપે આ સુવિધા આપવામાં આવતી હોઈ નિગમ દ્વારા તેમાંથી કોઈ ઉપજ મેળવવામાં આવેલ નથી. વધુમાં નિગમ દ્વારા સુચિત જમીનનો અદ્યતન બસ સ્ટેશન પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે વિક્સાવાય રહેલ છે, જેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |

-----------

**કચ્છ જિલ્લાની વાહન વ્યવહાર કચેરીમાં નોંધાયેલ વાહનો**

૨૩૩૪૭ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર ૨૦૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં ટુ વ્હીલર, થ્રી વ્હીલર,ફોર વ્હીલર નાની અને મોટી ટ્રકો જેવા કુલ કેટલા વાહનો નોંધાયેલા છે, અને | (૧) ૩,૫૦,૮૭૫. |
| (૨) અંતિમ વર્ષે નોંધાયેલ ૨૦૦૬-૨૦૦૭ ડીસેમ્બર ૨૦૦૬ અંતિત વાહનો પેટે કુલ કેટલી રકમ સરકારમાં જમા થઈ ? | (૨) રૂા. ૫૧.૯૬,૨૯ કરોડ (રૂપિયા એકાવન કરોડ છન્નુ લાખ ઓગણત્રીસ હજાર પૂરા) |

-----------

**ભાવનગર શહેરમાં આઈ.પી.સી.ની કલમ ૨૮૩ હેઠળ નોંધાયેલ કેસો**

૨૩૩૬૮ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ભાવનગર શહેરમાં ઈન્ડીયન પીનલ કોડની કલમ ૨૮૩ તળે કેટલા કેસો કરવામાં આવ્યા, | (૧) ૫૬૯ કેસો. |
| (૨) તેમાં કેટલી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૧૦૮૪ વ્યક્તિઓની. |
| (૩) આ કેસોમાં કલમ ૨૮૩ લાગુ કરવા પાછળના મુખ્ય કારણો ક્યા ક્યા ? | (૩) શહેરમાં સરિયામ માર્ગ ઉપર તથા બજારોમાં વાહનો પાર્ક કરી, લારી-ગલ્લા ઉભા રાખી, વેપારીઓ દ્વારા દુકાનોની આગળ ટેબલ રાખી તથા માલ સામાન લટકાવીને ભય ઉભો કરે, અડચણ કરે કે હાનિ પહોંચાડે તેવા કિસ્સાઓમાં આ કલમ લાગુ પાડવામાં આવે છે. |

-----------

**શામળાજીની ચેક પોસ્ટની આવક**

૨૨૬૫૦ **શ્રી દિપસિંહ શં. રાઠોડ** (પ્રાંતિજ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટમાં ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કેટલી આવક મળી, | (૧) **નાણાંકીય વર્ષ** — **આવક (રૂા. લાખમાં)**<br>૨૦૦૪-૦૫ — ૫૫૬૭.૨૬<br>૨૦૦૫-૦૬ — ૫૫૮૮.૫૯ |
| (૨) વધ ઘટ થવાના કારણો શાં છે, | (૨) આવકમાં વધારો નોંધાયેલ છે. |
| (૩) કોઈ કર્મચારી ચોરી કરતા પકડાયા છે, અને | (૩) ના. |
| (૪) જો હા, તો તેમની સામે શી કાર્યવાહી કરી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરત જિલ્લામાં ઉદ્યોગો દ્વારા પાણીનો ઉપયોગ**

૨૩૦૮૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઉકાઈ તેમજ કાકરાપાર આધારિત ડેમના પાણીનો ઉપયોગ કેટલા ઉદ્યોગો કરે છે, અને | (૧) ૪૯. |
| (૨) તે પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી આવક પ્રાપ્ત થયેલ છે ? | (૨) રૂા. ૧૨,૩૫૧.૮૪ લાખ. |

-----------

**રીવરગ્રીડ યોજનાથી સાંકળવામાં આવેલ નદીઓ**

૨૩૩૪૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં રીવર ગ્રીડ યોજનાથી કઈ કઈ નદીઓને સાંકળી લેવામાં આવેલ છે, | (૧) રીવર ગ્રીડ યોજનાથી નદીઓને સાંકળવામાં આવી નથી પરંતુ અન્ય યોજનાઓ હેઠળ હરણાવ-ગુહાઈ, સાબરમતી-સરસ્વતી, સાબલી-નેત્રાવતી, મેઘલ-આદ્રી જેવી નદીઓને સાંકળી લેવામાં આવેલ છે. |
| (૨) આગામી દિવસોમાં સમુદ્ર કિનારાના ક્ષારયુક્ત વિસ્તારો જેવા કે જૂનાગઢ જિલ્લાના માંગરોળ, માળિયા(હાટીના) વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર, ઉના માટે આવી કોઈ યોજના વિચારવામાં આવેલ છે કે કેમ, અને | (૨) વિસ્તરણ નહેરોથી નદીઓ જોડવાનું આયોજન વિચારણા હેઠળ છે. |
| (૩) જો હા, તો તેનો અમલ ક્યાં સુધીમાં કરવા આયોજન છે ? | (૩) નાણાકિય ઉપલબ્ધતા અનુસાર તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે. |

## પોલીસ કર્મચારીઓની નિમણૂંક

૨૩૨૬૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ કોન્સ્ટેબલ, સબ ઈન્સ્પેક્ટર અને પોલીસ કર્મચારીઓની જિલ્લાવાર કેટલી નિમણૂંક કરી છે, અને

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

**પત્રક**

**વર્ષ-૨૦૦૬માં પો.સ.ઈ. અને લોકરક્ષકને આપેલ નિમણૂંક**

| ક્રમ | જિલ્લો | પો.સ.ઈ. | લોકરક્ષક |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૪ | ૮૨૯ |
| ૨ | સુરત શહેર | ૨૧ | ૧૨૮ |
| ૩ | વડોદરા શહેર | ૧૭ | ૯૭ |
| ૪ | રાજકોટ શહેર | ૧૦ | ૬૩ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૦૩ | ૧૨ |
| ૬ | ખેડા | ૦૪ | ૧૫૧ |
| ૭ | આણંદ | ૦૩ | ૯૪ |
| ૮ | ગાંધીનગર | ૦૬ | -- |
| ૯ | સાબરકાંઠા | ૦૨ | ૮૦ |
| ૧૦ | મહેસાણા | ૦૫ | ૭૨ |
| ૧૧ | રાજકોટ રૂરલ | ૦૩ | ૬૨ |
| ૧૨ | જામનગર | ૦૬ | ૧૦૫ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૦૩ | ૭૦ |
| ૧૪ | વડોદરા રૂરલ | ૦૫ | ૧૨૦ |
| ૧૫ | પંચમહાલ | ૦૩ | ૭૪ |
| ૧૬ | દાહોદ | ૦૨ | -- |
| ૧૭ | ભરૂચ | ૦૪ | ૨૦ |
| ક્રમ | જિલ્લો | પો.સ.ઈ. | લોકરક્ષક |
| ૧૮ | નર્મદા | -- | ૧૪ |
| ૧૯ | સુરત રૂરલ | ૦૨ | ૯૭ |
| ૨૦ | વલસાડ | ૦૨ | ૬૬ |
| ૨૧ | નવસારી | ૦૨ | ૫૮ |
| ૨૨ | ડાંગ-આહવા | -- | ૧૯ |
| ૨૩ | જુનાગઢ | ૦૬ | ૭૪ |
| ૨૪ | અમરેલી | ૦૩ | ૧૨૯ |
| ૨૫ | ભાવનગર | ૦૫ | ૫૨ |
| ૨૬ | પોરબંદર | ૦૨ | ૫૨ |
| ૨૭ | બનાસકાંઠા | ૦૫ | ૧૧૩ |
| ૨૮ | પાટણ | ૦૩ | ૪૪ |
| ૨૯ | કચ્છ-ભૂજ | ૦૬ | ૧૪૮ |
| ૩૦ | પ.રે. વડોદરા | ૦૪ | ૧૫૬ |
| | **કુલ** | **૧૯૧** | **૨૯૯૯** |

(૨) સરકારને કુલ કેટલો આર્થિક બોજ આવશે ?

(૨) રૂા. ૧૧,૫૧,૮૨,૦૦૦/- (વાર્ષિક)

-----------

## રાજકોટ શહેર અને જિલ્લામાં વધેલ ગુનાઓનું પ્રમાણ

૨૨૬૪૭ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** (ઉપલેટા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેર અને જિલ્લામાં પોલીસની જાણે કોઈ ધાક પ્રર્વતતી ન હોય તેમ ખૂન, લૂંટ, ચોરી, અપહરણ, ધાકધમકીના બનાવો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખૂબજ વધ્યા છે, આ બાબત સરકારના ધ્યાનમાં છે કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં આ પ્રકારના કેટલા ગુના નોંધાયા અને શી કાર્યવાહી હાથ ધરાઈ, અને

(૩) ભવિષ્યમાં આવા ગુનાઓ બનતા અટકે તે માટે સરકારે કોઈ એકશન પ્લાન બનાવેલ છે ?

**જવાબ**

(૧) રાજકોટ શહેરમાં લૂંટ, ચોરી, અપહરણ, ધાકધમકીના કેસોમાં અગાઉના વર્ષની સરખામણીએ નોંધપાત્ર ઘટાડો થયેલ છે.

રાજકોટ જિલ્લામાં અગાઉના વર્ષની સરખામણીએ અપહરણ અને ધાક ધમકીના ગુનાઓમાં ઘટાડો નોંધાયેલ છે.

(૨)

| ગુનાનું હેડ | રાજકોટ શહેરમાં નોંધાયેલ ગુનાઓની સંખ્યા | રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ગુનાઓની સંખ્યા |
|---|---|---|
| ખૂન | ૨૯ | ૪૨ |
| લૂંટ | ૨૬ | ૩૧ |
| ચોરી | ૭૧૮ | ૩૮૭ |
| અપહરણ | ૨૬ | ૩૭ |
| ધાકધમકી | ૧૧૨ | ૫૭૩ |

ઉપરના ગુનાઓમાં સંડોવાયેલા તમામ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મેળવી, અટક કરી કાયદાકીય જોગવાઇ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આવા ગુનાઓ અટકાવવા માટે પોલીસ મોબાઈલ પેટ્રોલીંગ તેમજ નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલ છે. વધુમાં અસામાજીક તત્ત્વો સામે કેસો મૂકીને અટકાયતી પગલાં લેવામાં આવે છે તેમજ સંબંધિત પોલીસ અધિકારીઓને ગુના અટકાવવા જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.

-----------

## ક્રાઈમ રેટ અટકાવવા બાબત

૨૨૬૨૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ** (કાળુપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્રાઈમ રેટ વધતો જાય છે, લૂંટ, ચોરી, મોત અને હિંસા વધતી જાય છે તેને રોકવા સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લૂંટ, ચોરી, મોત અને હિંસાના ગુનાઓ નિયંત્રણમાં છે તેમ છતાં સરકાર આ પ્રકારના ગુનાઓ ડામવા માટે આયોજન પૂર્વકના અસરકારક પગલાં લઈ, ડીટેક્શન રેટ વધારવા નિયમિતપણે સમીક્ષા કરે છે.

-----------

## "કોલેજ ટુ કેરીયર" કાર્યક્રમનું આયોજન

૨૩૩૨૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ""કોલેજ ટુ કેરીયર"" કાર્યક્રમ સપ્ટેમ્બર-૨૦૦૬માં શરૂ કર્યા બાદ સરકાર ધ્વારા ક્યા ક્યા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું, ક્યારે, અને

**જવાબ**

(૧) એન્જીનીયરીંગ અને MCA કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાણીતી IT કંપનીઓ જેવી TCS અને Microsoft દ્વારા બાયસેગ ખાતે એજ્યુસેટ- ""વંદે ગુજરાત"" ચેનલ થકી સોફ્ટવેર ક્ષેત્રે અદ્યતન જ્ઞાન મેળવી IT ક્ષેત્રે રોજગારીની ઉજળી તકો મેળવી શકે તે હેતુસર ૨૯, સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ "કોલેજ ટુ કેરીયર" કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમની પ્રથમ બેચ ડીસેમ્બર-૨૦૦૬માં પૂર્ણ થયેલ જ્યારે દ્રિતીય બેચ ૯

(૨) દરેક કાર્યક્રમમાં કેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો ?

ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ શરૂ કરવામાં આવેલ છે.

(૨) પ્રથમ બેચમાં ૨૫૪૯ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે જ્યારે દ્વિતીય બેચમાં તા. ૧ માર્ચ, ૨૦૦૭ સુધીની માહિતી પ્રમાણે ૩૩૬૮ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયેલ છે.

-----------

**રોયલ્ટીની ચોરીમાં સંડોવાયેલ ઈસમોના વાહનોનો ગૃહ સચિવ માટે થયેલ ઉપયોગ**

૨૨૮૨૦ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ના વર્ષમાં માર્ચથી જુન દરમ્યાન અગ્રસચિવશ્રી ગૃહ વિભાગ ધ્વારા કાળા ડુંગર અને ધોળાવીરાની મુલાકાત લીધેલ હતી તે હકીક્ત ખરી છે,

(૨) ઉપરોક્ત મુલાકાત દરમ્યાન ક્લેકટરશ્રી કચ્છ ધ્વારા કાળાડુંગરની રોયલ્ટીના ચોરીમાં સંડોવાયેલા ઈસમોની જ ખાનગી કારનો ઉપયોગ કરવામાં આવેલ હતો એ હકીક્ત સાચી છે, અને

(૩) આવા આરોપીઓના વાહનની મદદ લેનાર જે તે ક્લેકટરશ્રી સામે સરકારે શા શા શિક્ષાત્મક પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા, અગ્રસચિવશ્રી, ગૃહ વિભાગ દ્વારા તા. ૯-૪-૨૦૦૫ ના રોજ ધોળાવીરાની મુલાકાત લેવામાં આવેલ હતી.

(૨) ના, આ હકીક્ત સાચી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યના ધોરી માર્ગો પર નોંધાયેલ ધાડ, લૂંટ અને ખૂનના ગુના**

૨૩૨૯૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા.** (સુરત શહેર ઉત્તર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ધોરી માર્ગો પર તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધાડ, લૂંટ અને ખૂન વિગેરેના કેટલા બનાવો બન્યા,

(૨) આ ધોરી માર્ગ પર લૂંટ, ખૂન અને ધાડના વિગેરે બનાવો અટકાવવા સરકારે શું શું પ્રયત્નો કર્યા છે, છેલ્લા ત્રણ વર્ષમાં આની પાછળ કેટલો સ્ટાફ અને વાહનો ફાળવવામાં આવ્યો જે ક્યાં ક્યાં, અને

(૩) આથી સરકારે કેટલો ખર્ચ કર્યો છે અને આથી કોઈ પરિણામ મળ્યું છે કે કેમ, આ સ્ટાફ અને સાધનોએ કેટલા ગુનાઓ બનતા અટકાવ્યા ?

**જવાબ**

(૧) ધાડ-૧૫૬
લૂંટ-૨૫૨
ખૂન-૦૪૩

(૨) રાજ્યના ધોરી માર્ગો ઉપર વિવિધ ગુનાઓ બનતા અટકાવવા માટે જિલ્લાઓમાં એક્શન પ્લાન બનાવી આંતર જિલ્લા ક્રોસ પેટ્રોલીંગની આંતરિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ધોરી માર્ગને સાંકળતા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે. જિલ્લા સ્તરે એલ.સી.બી., એસ.ઓ.જી. સ્ક્વોર્ડ, જિલ્લા/શહેર ટ્રાફીક શાખાઓ તેમજ એન્ટી ડેકોઈટી સ્ક્વોર્ડ દ્વારા તેમજ રેન્જ સ્તરે આર.આર.સેલ જેવા સ્ક્વોર્ડ આવા ગુનાઓ અટકાવવા માટે કાર્યરત છે. આ તમામ કામગીરી જિલ્લામાં ઉપલબ્ધ પોલીસ સ્ટાફ તથા ફાળવેલ વાહનો દ્વારા કરવામાં આવે છે. જેની માટે કોઈ અલાયદો ખર્ચ કરવામાં આવતો નથી.

(૩) આ અંગે કોઈ વિશેષ ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવતો નથી. તેમ છતાં આંતરિક વ્યવસ્થાથી કરવામાં આવતી નાઈટ પેટ્રોલીંગ અને દિવસની રોડ પેટ્રોલીંગને કારણે ધોરી માર્ગો ઉપર ધાડ, લૂંટ, ખૂન જેવા ગંભીર ગુનાઓ અંકુશ હેઠળ છે. આ પ્રયાસોને કારણે રાષ્ટ્રીય ધોરી માર્ગો ઉપર લૂંટ-ધાડ કરતી વિવિધ આંતરરાજ્ય ગેંગો ઉક્ત પ્રયાસોના પરિણામે હસ્તગત કરવામાં આવી છે તેમજ વિવિધ જિલ્લાઓ દ્વારા વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે.

-----------

## રાજ્યમાં તાલુકા મથકોએ જેલની સુવિધા

૨૩૩૩૦ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકા મથકોએ જેલની સુવિધા છે,

(૧)

| | |
|---|---|
| તાલુકા મથકોએ | ૧૫૪ |
| તાલુકા મથક સિવાયના સ્થળે | ૦૦૨ ----- |
| કુલ :- | ૧૫૬ |

(૨) કેટલા તાલુકાઓમાં જેલની સુવિધા નથી,

(૨) ૬૯.

(૩) જેલની સુવિધા ન ધરાવતા તાલુકાઓમાં જેલની સુવિધા ઊભી કરવા માંગો છો કે કેમ, અને

(૩) હાલ કોઈ આયોજન નથી.

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૪) લાગુ પડતું નથી.

-----------

## કડી પોલીસ લાઈનના મકાનોના બાંધકામ અંગે

૨૨૯૨૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી પોલીસ લાઈનના બાંધકામ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) રૂા. ૨૧૮.૨૬/-લાખ

(૨) પોલીસ લાઈનના જૂના મકાનના ભંગાર માલસામાનની કેટલી રકમ ઉભી કરવામાં આવી ?

(૨) રૂા. ૧,૪૦,૫૦૦/-લાખ

-----------

## ઉકાઈ ડેમમાંથી ગોડધા ડેમમાં પાણી નાખવાની યોજના

૨૨૬૩૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લાના ઉકાઈ ડેમમાંથી ગોડધા ડેમમાં પાણી નાખવાની યોજના હતી તે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબકકામાં છે,

(૧) પ્રાથમિક તબક્કામાં છે.

(૨) આ યોજનામાં જંગલના ઝાડો કાપી નાખવામાં આવ્યા હતા છતાં આ યોજના ક્યા કારણસર શરુ થઇ શકી નથી, અને

(૨) આ યોજનામાં ઝાડો કાપી નાખવામાં આવેલ નથી પરંતુ આ યોજનામાં આવતી જંગલની જમીન છૂટી ના થવાના કારણે યોજના શરૂ થઈ શકેલ નથી.

(૩) આ યોજના શરુ થાય એ માટે સરકારે તા. ૩૧-૧-૦૭ સુધીમાં શી કાર્યવાહી કરી છે ?

(૩) જંગલની જમીન છૂટી કરવા વનવિભાગ સાથે પરામર્શ કરવામાં આવેલ છે.

-----------

## અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીની ગટરની સફાઈ

**૩૭૨/page>** ૨૩૦૪૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** (માંડલ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીની ગટરો સાફ કરવા સરકારે શું આયોજન હાથ ધરેલ છે, અને

(૧) અમદાવાદ જિલ્લાની કાંસની સફાઈ કરવાના કામો પ્રગતિ હેઠળ છે.

(૨) કેટલા સમયમાં આ કાર્ય પૂર્ણ થશે ?

(૨) આ કામગીરી આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**નર્મદા યોજનામાં નહેરોના બાંધકામ અંગે**

૨૩૦૫૦ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાં મુખ્ય નહેરો, શાખા નહેરો, પ્રશાખા નહેરો, પ્રપ્રશાખા નહેરો મળીને કેટેગરીવાર કેટલા કિ.મી.ની લંબાઈની નહેરો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પેકી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટેગરીવાર કેટલી લંબાઈની નહેરોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવી, અને

(૩) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હવે કેટલું બાંધકામ બાકી છે ?

**જવાબ**

(૧)

| નહેરની વિગત | નહેરોની કુલ લંબાઈ (કી. મી.માં) |
|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ |
| બ્રાન્ચ નહેર | ૨૫૮૫ |
| વિશાખા | ૫૧૧૨ |
| પ્રશાખા | ૧૮૪૧૩ |
| પ્રપ્રશાખા | ૪૮૦૫૮ |

(૨)

| નહેરની વિગત | તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ પૂર્ણ કરેલ નહેરની લંબાઈ (કી. મી. માં) |
|---|---|
| મુખ્ય નહેર | ૪૧૯.૧૦ |
| બ્રાન્ચ નહેર | ૧૫૪૬ |
| વિશાખા | ૧૩૧૪ |
| પ્રશાખા | ૪૨૬૮ |
| પ્રપ્રશાખા | ૭૩૮૪ |

(૩) મીનોર-સબમાઈનોર ડીસ્ટ્રીબ્યુટરી સાથે ૫૯૬૯૫.૨૨ કી. મી.

-----------

**દમણગંગા યોજના અંતર્ગત વલસાડ જિલ્લાને મળતો લાભ**

૨૨૫૪૭ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ દમણગંગા નહેર યોજના અંતર્ગત વલસાડ જિલ્લાના કેટલા ગામોને અને કેટલા વિસ્તારને આ યોજનામાંથી સિંચાઈનો લાભ મળે છે, અને

(૨) હજુ પણ ઢાળિયાની કામગીરી બાકી છે તે હકીકત સાચી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ૧૦૪ ગામોના ૩૯૪૨૫ હેક્ટર વિસ્તારને લાભ મળે છે.

(૨) ના જી.

**વાપી શહેર અને ઉમરગામમાં પી.એસ.આઈ.ની ખાલી જ્ગ્યાઓ**

૨૩૩૦૦ **શ્રી શંકરભાઈ વારલી** (ઉમરગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાપી શહેર અને વાપી જી.આઈ.ડી.સી. અને ઉમરગામ વિસ્તારના પોલીસ સ્ટેશનો અને આઉટ પોસ્ટમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પી.એસ.આઈ. અને પી.આઈ.ની કેટલી જગ્યા ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ ખાલી હોય તો સત્વરે ભરવા શું આયોજન છે, અને

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશન | પી. આઈ. | પી. એસ. આઈ |
|---|---|---|
| વાપી ટાઉન | - | - |
| વાપી જી. આઈ. ડી. સી. | ૧ | ૨ |
| ઉમરગામ | ૧ | - |
| આઉટ પોસ્ટ | - | - |

(૨) અને (૩) : ખાલી જ્ગ્યાઓ બઢતી અને ભરતીથી વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે.

| | |
|---|---|
| (૩) કેટલા સમયમાં ભરવામાં આવશે ? | ભરતીથી વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે. |

-----------

**મહેસાણા જિલ્લાના આંગડીયા પેઢીના રૂપિયા પાંત્રીસ લાખની લૂંટ અંગે**

૨૩૩૧૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં આંગડીયા પેઢીના વ્યક્તિ પાસેથી રૂા. ૩૫ લાખની લૂંટ અને ખૂનનો ગુન્હો કઈ તારીખે નોંધાયો, | (૧) તા. ૨૮-૧-૨૦૦૭ |
| (૨) આ કેસની તપાસ ક્યા તબકકે છે, અને | (૨) કેસની તપાસ હાલમાં ચાલુ છે. |
| (૩) હજુ સુધી ગુન્હેગાર નહીં પકડાવાના શાં કારણો છે ? | (૩) (૧) આ ગુનાની તપાસમાં ખૂન થનારના સગા સંબંધી તેમજ મિત્ર વર્તુળમાં ઉંડાણ પૂર્વક તપાસ કરતાં આરોપીઓની કોઈ હકીકત મળેલ નથી.<br>(૨) આ ગુનામાં ખૂન થનારના ધંધા સાથે સંકળાયેલ ધંધાર્થીઓને ઝીણવટપૂર્વકથી તપાસ કરતાં આરોપીઓ અંગેની કોઈ હકીકત મળેલ નથી.<br>(૩) ભૂતકાળમાં આ પ્રકારના ગુનાઓ આચરનાર પકડાયેલ ઈસમો તથા શકદારોની તપાસ કરતાં કોઈ નક્કર હકીક્ત મળેલ નથી.<br>(૪) ફરિયાદી તરફથી દર્શાવેલ શંકાસ્પદ વ્યક્તિઓની પણ તપાસ ઝીણવટપૂર્વક કરતાં કોઈ હકીક્ત મળેલ નથી.<br>(૫) ખૂન કરનારના મોબાઈલ ફોનમાં આવેલ તમામ કોલના નંબરો ધરાવતા વ્યક્તિઓની પણ તપાસમાં કોઈ પૂરાવો કે આરોપીઓની હકીક્ત મળેલ નથી.<br>(૬) ગુનામાં વપરાયેલ વાહન બાબતે સ્થાનિક ડ્રાઈવરોની તપાસ કરતાં કંઈ હકીક્ત મળેલ નથી.<br>(૭) ખાનગી બાતમીદારોથી હકીક્ત મેળવતાં કોઈ હકીક્ત મળેલ નથી.<br>(૮) આ ગુના બાબતે પોલીસની જુદી જુદી ટીમો બનાવી જુદા જુદા સ્થળોએ તપાસ કરતાં કંઈ હકીક્ત મળેલ નથી.<br>(૯) આ ગુના માટે કોઈ વાહનનો ઉપયોગ થયેલ તે અંગે પણ વાહન ચાલકોની તપાસ કરતાં આરોપી અંગેની કોઈ હકીક્ત મળેલ નથી.<br>(૧૦) ખાનગી રાહે ધંધાની હરિફાઇને કારણે પણ ગુનો બનેલ છે કે કેમ ? તે અંગે પણ ઝીણવટભરી તપાસ કરતાં કોઈ હકીક્ત મળેલ નથી.<br>(૧૧) ખાનગી રાહે તથા બાતમીદારોથી તપાસ આરોપીઓની કરતાં કોઈ હકીક્ત મળેલ નથી.<br>(૧૨) સદર ગુનામાં આજદિન સુધીમાં આરોપીઓ મળી આવેલ નથી. તેમ છતાં આરોપીઓ શોધી કાઢવા સઘન પ્રયત્નો ચાલુ છે. |

-----------

**ગુજરાત રાજ્ય સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ખાનગીકરણ અંગે**

૨૨૬૯૧ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શું એ વાત સાચી છે કે ગુજરાત સ્ટેટ રોડ | (૧) હા. |

ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખોટમાં ચાલે છે, અને

(૨) જો હા, તો આ ખોટ કરતા યુનીટનું સરકાર ખાનગીકરણ કરવા માંગે છે કે કેમ ?

(૨) ના.

-----------

## ચોટીલા અને સાયલા તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ

૨૩૩૦૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં ૧૧માં નાણા પંચમાં ક્યા ક્યા ગામની પાણી પુરવઠા યોજના પૂર્ણ થઈ,

**જવાબ**

(૧) નીચે મુજબના ૧૫ ગામોની યોજના પૂર્ણ થયેલ છે.

| ચોટીલા તાલુકો | | સાયલા તાલુકો | |
|---|---|---|---|
| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
| ૧ | મઘરીખડા | ૧ | ચિત્રાલોક |
| ૨ | ઝીંઝુડા | ૨ | નાગડકા |
| ૩ | નવાગામ (બા) | ૩ | નવાગામ |
| ૪ | બામણબોર | ૪ | ધાંધલપુર |
| ૫ | સરેઈ | ૫ | મોટાકેરાળા |
| ૬ | નાવા | ૬ | ગોરૈયા |
| ૭ | મોટામોલડી | ૭ | નાના હરણીયા |
| ૮ | મેવાસા (સુ) | | |

(૨) બારમા નાણાપંચમાં ક્યા ક્યા ગામોની પાણી પુરવઠા યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) બારમાં નાણાપંચમાં સમાવેશ કરવામાં આવેલ ૨૧ ગામોની યાદી આ સાથેના પરિશિષ્ટમાં આપેલ છે.

(૩) બાકી કેટલા ગામોને લાંબાગાળાની નર્મદા કેનાલ આધારિત યોજનામાં સમાવેશ કરેલ છે, અને

(૩) અને (૪) : નર્મદા કેનાલ આધારિત યોજનામાં ચોટીલા તાલુકાના તમામ ૭૫ ગામો અને સાયલા તાલુકાના તમામ ૧૧૨ ગામોનો સમાવેશ કરેલ છે. આ

(૪) બાકી ગામોની યોજના કેટલા સમયમાં પૂર્ણ થશે ?

યોજના
તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ**

**ચોટીલા અને સાયલા તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ**
**ચોટીલા અને સાયલા તાલુકાના ૧૨માં નાણા પંચ હેઠળ સમાવેશ થયેલ ગામોનીયાદી**

| અ. નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ચોટીલા | જામવાળી |
| ૨ | ચોટીલા | મોટાકાંધાસર |
| ૩ | ચોટીલા | મોકાસર |
| ૪ | ચોટીલા | વર્માધાર |
| ૫ | ચોટીલા | ખાખરાવાળી |
| ૬ | ચોટીલા | જીવાપર (બા) |
| ૭ | ચોટીલા | ઢોકળવા |
| ૮ | ચોટીલા | રાવરાણી |
| ૯ | સાયલા | ઈશ્વરીયા |
| ૧૦ | સાયલા | કંસાળા |
| ૧૧ | સાયલા | સીતાગઢ |
| ૧૨ | સાયલા | મોટાકેરાળા |
| ૧૩ | સાયલા | સુદામડા |
| ૧૪ | સાયલા | મોરસલ |
| ૧૫ | સાયલા | કસવાળી |
| ૧૬ | સાયલા | શીરવાણીયા |
| ૧૭ | સાયલા | નીનામા |
| ૧૮ | સાયલા | ગોરૈયા |
| ૧૯ | સાયલા | નોલી |
| ૨૦ | સાયલા | ભાડુકા |
| ૨૧ | સાયલા | ડોળીયા |

-----------

**એવોર્ડ મેળવનાર પોલીસ કર્મચારી / અધિકારી સામે થયેલ ફરિયાદ**

૨૩૨૬૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં જિલ્લા પોલીસ વડા કે પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ એવોર્ડ મલ્યા છે તેમની સામે તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર આવા અધિકારીઓની દરખાસ્તો પૈકી કોઈ ચકાસણી કરવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) બે ફરિયાદો મળી છે.

(૨) એવોર્ડ માટેની દરખાસ્તો મોકલતાં પહેલાં ચકાસણી કરવામાં આવે છે.

-----------

**તળાજા તાલુકામાં મંજૂર થયેલ ચેકડેમો**

૨૩૩૫૨ **શ્રી શિવાભાઈ ગોહિલ** (તળાજા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ જળ સંચય યોજના તળે રૂા. ૧૦ લાખથી ઉપરની રકમના કેટલા ચેકડેમ મંજૂર કરવામાં

**જવાબ**

(૧) ૪ (ચાર) ચેકડેમો.

આવ્યા, અને

(૨) મંજૂર કરેલ ચેકડેમોમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂા. ૧૪૨.૦૪ લાખ.

-----------

## ખનીજ માટે એડવાન્સ રોયલ્ટીની પ્રથા

૨૩૩૨૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનીજ માટે એડવાન્સ રોયલ્ટીની પ્રથા ક્યારથી અને ક્યા નિયમોને આધારે કરવામાં આવી છે,

(૨) આ પ્રથા માઈનીંગ એકટની જોગવાઈઓ સાથે સુસંગત નથી તે હકીક્ત સાચી, અને

(૩) જો હા, તો આ અંગે કોણ જવાબદાર છે અને એવા જવાબદાર સામે સરકાર શાં પગલાં લેવા વિચારે છે ?

**જવાબ**

(૧) એડવાન્સ રોયલ્ટીની પ્રથા તા.૧-૧-૨૦૦૧ થી અમલમાં મુકેલ છે. મીનરલ કન્સેશન રૂલ્સ, ૧૯૬૦ના નિયમ ૨૭(૨)(એ) તથા નિયમ ૬૪ ની ફૂટનોટની જોગવાઇ અનુસાર.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## પાટણ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના

૨૨૫૪૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ચોરી, ઘરફોડ ચોરી, બળાત્કાર અને ખૂનના કેટલા કેસો નોંધાયા હતા, અને

(૨) આ પૈકી તાલુકાવાર કેટલા કેસોમાં ગુન્હેગારોને પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ચોરી | ઘરફોડ | બળાત્કાર | ખૂન |
|---|---|---|---|---|
| પાટણ | ૨૭૬ | ૬૬ | ૭ | ૧૦ |
| સિધ્ધપુર | ૧૩૭ | ૩૮ | ૫ | ૫ |
| ચાણસ્મા | ૧૦૮ | ૨૨ | ૦ | ૫ |
| હારીજ | ૨૫ | ૭ | ૧ | ૩ |
| સમી | ૩૮ | ૧૦ | ૧ | ૫ |
| રાધનપુર | ૬૯ | ૨૫ | ૨ | ૫ |
| સાંતલપુર | ૫૨ | ૯ | ૦ | ૧ |

(૨) સિધ્ધપુર અને સમી તાલુકામાં ખૂનના ગુનામાં ૧, ૧ (એક એક) અને સાંતલપુર તાલુકામાં ચોરીના ગુનામાં ૧ (એક) ગુનેગાર પકડવાનો બાકી છે.

-----------

## કડાણા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળના એ.બી.સી.ડી. માં સમાવાયેલ ગામો

૨૩૨૫૧ **શ્રી પ્રબોધકાન્ત પંડ્યા** (સંતરામપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડાણા જૂથ પાણી પુરવઠાનો કુલ કેટલા ગામોનો એ.બી.સી.ડી. વિભાગમાં સમાવેશ કરાયો છે, અને

(૨) કેટલા ગામોમાં પીવાના પાણીની સુવિધા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આયોજન હેઠળ આપવામાં આવી રહી છે ?

**જવાબ**

(૧) **એ** વિભાગમાં ૪૧ **બી** વિભાગમાં ૧૫ **સી** વિભાગમાં ૪૫ **ડી** વિભાગમાં ૪૩ મળી કુલ ૧૪૪ ગામોનો સમાવેશ કરાયો છે.

(૨) ૭૮ ગામોને પીવાના પાણીની સુવિધા આપવામાં આવેલ છે.

-----------

## પોરબંદરની વીજ કંપનીની કચેરીના મકાન અંગે

૨૨૬૬૮ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પોરબંદર જિલ્લાના માધુપુર ગામે પી.જી.વી.સી.એલ.ની કચેરી હાલ ભાડાના મકાનમાં છે અને ઉંચું ભાડું ચુકવે છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી છે, | (૧) ૧ (એક). |
| (૨) આ ફરિયાદો પછી રાજ્ય સરકારે શાં પગલાં લીધા, અને | (૨) ફરિયાદની તપાસ કરાવી. |
| (૩) આ મકાનનું કેટલું ભાડું ચુકવાય છે ? | (૩) રૂા.૫,૦૦૦/- પ્રતિ માસ. |

-----------

## ગાંધીનગરમાં ઈન્ફોસીટી માટે આપેલ જમીનના ભાવ

૧૯૮૦૮ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગરમાં ઈન્ફોસીટી માટે સરકારે શું દરે જમીન આપેલ છે, | (૧) પ્રતિ એકરના રૂા.૧૦૧/- દરે ૭૭ એકર જમીન અને પ્રતિ ચો.મી.ના રૂા.૬૦૦/- ના દરે ૩૯ એકર જમીન આપેલ છે. |
| (૨) તેની ચૂકવણીની શરતો શું છે, અને | (૨) જમીનની કુલ કિંમત રૂા.૯,૪૭,૦૭,૫૭૭/- થાય છે. આ રકમ જીઆઇએલની શેરમૂડીમાં રાજ્ય સરકારના ફાળા/શેર એપ્લીકેશન મની તરીકે ગણવી અને જીઆઇએલ દ્વારા રાજ્ય સરકારના નામે તેટલી રકમના શેર ઇસ્યુ કરવા. |
| (૩) તેના ઉપયોગની શરતો તેમજ તેના પ્લોટની ફાળવણી, દુકાન ફાળવણીની શરતો શું છે ? | (૩) ૧. જીઆઇએલ દ્વારા જીઆઇડી એક્ટ હેઠળ બીઓટી માળખા હેઠળ પસંદ કરાયેલ વિકાસકાર દ્વારા સ્થાપિત કંપની ક્રિએટીવ ઇન્ફોસીટી લીમીટેડને ૩૨ વર્ષની મુદતનાં કન્સેશન એગ્રીમેન્ટની શરતો અને તે અન્વયે મંજૂર કરાયેલ ડીટેલ પ્રોજેક્ટ મુજબ જમીનનો ઉપયોગ કરવાનો રહેશે.<br>૨. ક્રિએટીવ ઇન્ફોસીટી લીમીટેડ દ્વારા જમીનનો ઉપયોગ કન્સેશન એગ્રીમેન્ટ, આર.એફ.પી. અને ડી.પી.આર.ની જોગવાઇને આધિન રહીને આઇ.ટી. ટાવર, રેસીડેન્સીયલ કોમ્પ્લેક્ષ, ક્લબ હાઉસ, હોટેલ અને કન્વેશન સેન્ટર, નોન આઇટી કોમર્શીયલ તેમજ આઇટી પ્લોટ્સ માટે થઇ શકશે. |

-----------

## પોર્ટ ઉપર આવેલ વોટર ફ્રન્ટની જમીન

૨૨૫૫૪ **જગદીશ ઠાકોર** (દહેગામ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યના ક્યા ક્યા પોર્ટ ઉપર વોટર ફ્રન્ટની જમીનો ગુજરાત મેરી ટાઈમ બોર્ડની માલિકી હસ્તક છે, | (૧) (૧) મુન્દ્રા (૨) પીપાવાવ (૩) દહેજ (૪) હજીરા (૫) ઘોઘા (૬) અલંગ (૭) જખો |
| (૨) જમીનો ક્યા ક્યા પોર્ટ ઉપર રાજ્ય સરકાર દ્વારા પ્રાઈવેટ કંપનીઓને આપવામાં આવી છે, અને | (૨) (૧) મગદલ્લા (સુરત) (૨) સિક્કા (૩) દહેજ (૪) ભાવનગર (૫) ઘોઘા (૬) અલંગ-સોસીયા (૭) પીપાવાવ-વીક્ટર (૮) મૂળ દ્વારકા (૯) પોરબંદર (૧૦) ઓખા (૧૧) બેડી (રોજી સાથે) (૧૨) નવલખી (૧૩) માંડવી (૧૪) મુન્દ્રા (૧૫) જખો. |
| (૩) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ વોટર ફ્રન્ટની જમીનો મેળવવા માટેની દરખાસ્ત છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાઈવેટ કંપનીઓએ કરેલ છે ? | (૩) ૨૧૩. |

-----------

**કણજરી ક્રોસીંગ પાસે પોલીસ પોઈન્ટ**

૨૩૩૩૪ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ-ગોધરા બાયપાસ પર કણજરી ક્રોસીંગ પાસે ચોવીસ કલાક્નો પોલીસ પોઈન્ટ મુક્વામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) આવશ્યક્તા મુજબ રાત્રે પોલીસ પોઇન્ટ મુક્વામાં આવે છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૬ની પરિસ્થિતિએ આ પોલીસ પોઈન્ટની શું પરિસ્થિતિ છે, અને | (૨) રાત્રીના સમયે પોલીસ પોઇન્ટ ચાલુ છે. |
| (૩) આ સ્થળે નિયમીત પોલીસ પોઈન્ટ રાખવા માંગો છો કે કેમ ? | (૩) આવશ્યક્તા મુજબ રાખી શકાય. |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફ્લામ યોજનાની કામગીરી**

૨૨૬૭૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફ્લામ યોજના ક્યારે પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન હતું, | (૧) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ્ સુફ્લામ્ યોજનાના સર્વે ઘટકોની કામગીરી માર્ચ-૨૦૦૮ સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરાયેલ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ કામ ક્યા તબકકે છે, અને | (૨) સુજલામ્ સુફ્લામ્ સ્પ્રેડીંગ કેનાલ તથા બાલારામ સિંચાઇ યોજનાના કામ પ્રગતિ હેઠળ છે. તથા ૧૪૮૪ ચેકડેમની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને ૨૧૯ ચેકડેમના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) કેટલા સમયમાં પૂર્ણ કરી પાણી આપવામાં આવશે ? | (૩) પૂર્ણ થયેલા ચેકડેમો ઉપયોગમાં લેવાય રહેલ છે. અને બાકીના ઘટકો શક્ય તેટલા ઝડપથી પૂર્ણ કરી ઉપયોગમાં લેવાનું આયોજન કરેલ છે. |

-----------

**કલોલ પોલીસ સ્ટેશનનું નવું મકાન બનાવવા અંગે**

૨૩૧૭૧ **ડૉ. અતુલ કે. પટેલ** (કલોલ) : **માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલોલ શહેર પોલીસ સ્ટેશનનું નવું મકાન ખુબજ જર્જરીત થયેલ છે તથા મકાન નાનું છે. તો તેને બદલે નવીન મકાન બનાવવા માંગો છો કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) પૂરતી જમીન ઉપલબ્ધ થયેથી. |

-----------

**જામનગર જિલ્લામાં ખનીજ ઉત્ખનના પરવાનેદારો**

૨૨૬૬૫ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બોક્સાઈટ ખનીજ ઉત્ખનન કરનાર લીઝ ધારક અને પરમીટ ધારક કેટલા છે, | (૧) પરમીટ ધારક કોઇ નથી. લીઝ ધારકોની સંખ્યા ૩૦ છે. |
| (૨) આ લીઝ અને પરમીટ ધારક ઈસમોમાંથી કેટલા લોકો તેઓને મળેલ નિર્ધારીત જગ્યાને બદલે સરકારી/ખાનગી જગ્યાઓમાં અન્યત્ર આ ખનીજ સંપત્તિનું ગેરકાયદેસર રીતે ઉત્ખનન કરે છે, | (૨) એક લીઝ ધારકે તેમને ફાળવાયેલ લીઝ વિસ્તાર બહાર ગેરકાયદેસર ખાણકામ કરેલ હોવાનું ધ્યાન પર આવેલ છે. |
| (૩) તે માટે સરકારે શી કાર્યવાહી કરી, અને | (૩) કસુરવાન લીઝ ધારકને એમ.એમ.(ડી.એન્ડ આર.) એક્ટ ૧૯૫૭ની કલમ ૨૧(૫) હેઠળ ખનીજ કિંમત વસૂલ લેવા નોટીસ પાઠવેલ છે. જેની સામે લીઝ |

ધારકે કેન્દ્ર સરકારમાં રીવીઝન અરજી કરેલ છે અને હાલમાં તે પડતર છે.

(૪) જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે શાં પગલાં લીધા ?

(૪) આ ગેરકાયદેસર ખાણકામ બે લીઝની વચ્ચે આવેલ ફાજલ વિસ્તારમાં થયેલ છે જે માટે સંબંધિત લીઝ ધારકોની જવાબદારી રહે તેથી કર્મચારી/અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

-----------

**જિલ્લા તથા તાલુકા મથકે નાગરિક અધિકાર પત્રની સૂચિ**

૨૩૦૬૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં જિલ્લા કલેક્ટર કચેરી તેમજ દરેક તાલુકા મામલતદાર કચેરી મથકે નાગરિક અધિકારપત્રની સૂચિ ક્યારથી મુકવામાં આવી,

(૧) રાજકોટ જિલ્લામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નાગરિક અધિકારપત્રની સૂચિ ડિસેમ્બર, ૧૯૯૮થી તેમજ દરેક તાલુકા મામલતદાર કચેરી મથકે ડિસેમ્બર, ૨૦૦૪ થી મૂકવામાં આવેલ છે.

(૨) તે પૈકી યાદી/સૂચિકામાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી થાય છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) તેનું મોનેટરીંગ કોણ કરે છે ?

(૩) કલેક્ટર કચેરીમાં કલેક્ટર કચેરીના જનસંપર્ક અધિકારી તથા તાલુકા મામલતદાર કચેરીઓમાં જે તે મામલતદાર દ્વારા મોનેટરીંગ કરવામાં આવે છે.

-----------

**ભિલોડા તાલુકાના હેન્ડપંપો અને પાણીની પાઇપ લાઈન અંગે**

૨૩૩૭૨ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સાબરકાંઠાના ભિલોડા તાલુકાના કુલ કેટલા હેન્ડ પમ્પો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રિપેર કરવામાં આવ્યા,

(૧) નીચે મુજબ

| વર્ષ | રીપેર કરેલ હેન્ડ પંપની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૦૮૦ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૦૩૪ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૮૬૮ |
| કુલ : | ૨૯૮૨ |

(૨) કુલ કેટલી પાઈપો બદલી નવા પાઈપો નાખવામાં આવ્યા, અને

(૨) કુલ ૪૨૮ પાઇપો બદલી નવા પાઇપો નાખવામાં આવ્યા.

(૩) આ જુના પાઈપોનો નિકાલ સરકારે કેવી રીતે કર્યો ?

(૩) આ જૂના પાઇપો હાલ સ્ટોર ખાતે ઉપલબ્ધ છે.

-----------

**શિહોર અને ગારીયાધારને સિંચાઈ માટેનું પાણી આપવા અંગે**

૨૩૩૪૯ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી** (શિહોર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદામાં આવતા પૂરના પાણીમાંથી શિહોર અને ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટેનું પાણી સરકાર આપવા માગે છે કે નહી,

(૧) અને (૨) બાબત વિચારણા હેઠળ છે.

(૨) જો હા, તો કઈ પ્રકારની વ્યવસ્થા સરકાર કરવા માગે છે, અને

(૩) જો ના, તો પાણી નહીં આપવાના શાં કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દહેજમાં પી.આઈ. કક્ષાનું પોલીસ સ્ટેશન આપવા અંગે**

૨૩૨૫૮ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** (ભરુચ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરુચ જિલ્લામાં દહેજ એસ ઈ ઝેડ હોય

(૧) વિચારણા હેઠળ છે.

| | |
|---|---|
| ત્યારે ત્યાંના પોલીસ સ્ટેશનને પી.આઈ.કક્ષાનું પોલીસ સ્ટેશન આપવા માંગો છો કે કેમ, અને | |
| (૨) જો હા, તો સરકાર ક્યારથી અમલ કરશે ? | (૨) વહીવટી અનુકૂળતા પ્રમાણે. |

-----------

**પીવાના પાણીનો માસ્ટર પ્લાન**

૨૨૭૯૨ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય રીતે દર વર્ષે પીવાના પાણી અંગેનો માસ્ટર પ્લાન બનાવવામાં આવતો હતો પરંતુ તારીખ ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પ્લાનો બનાવવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો અછત અંગેના પીવાના પાણીનો માસ્ટર પ્લાન નહિ બનાવવા પાછળના શા કારણો છે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

-----------

**બોરસદ - દીગડીયા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ માંગરોળ તાલુકાને સુવિધા આપવા બાબત**

૨૩૧૪૬ **શ્રી ગણપતભાઈ વે. વસાવા** (માંગરોળ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં માંગરોળ તાલુકામાં બોરસદ દીગડીયા જુથ પાણી પુરવઠા યોજના મંજૂર કરી કામ શરૂ કરવામાં આવેલ છે પરંતુ ગામની આંતરીક સુવિધા માટે ટાંકી તથા પાઇપ લાઇન સ્ટેન્ડ પોષ્ટની કોઇ સુવિધા ઉપલબ્ધ નથી જેના માટે રાજ્ય સરકાર શું કરવા માંગે છે અને કેટલા સમયમાં ? | બોરસદ દીગડીયા જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ૪૮ ગામો પૈકી ૩૦ ગામોમાં જરૂરી આંતરિક સુવિધા ઉપલબ્ધ છે. બાકી રહેતા ૧૮ ગામો પૈકી ૪ ગામના કામો પ્રગતિમાં છે. અન્ય ૧૪ ગામોમાં આંતરિક સુવિધાની કામગીરી માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**ગરીબી રેખા હેઠળ આવતા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણ આપવા અંગે**

૨૨૭૯૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** (કઠલાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ આવતા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણ આપવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બે વર્ષ પહેલાં લાભાર્થીઓની યાદી મંગાવેલ છે, આ અંગે કોઇ કાર્યવાહી થઇ છે કે નહીં, અને<br>(૨) સદરહું બી.પી.એલ. લાભાર્થીઓને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ? | (૧) અને (૨) રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ ગુજરાત રાજ્યના ૨૫ જિલ્લાઓના પ્રોજેક્ટ રીપોર્ટ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમીટેડ દ્વારા ભારત સરકારના રૂરલ ઇલેક્ટ્રીફીકેશન કોર્પોરેશનને ડીસે. ૦૫માં રજુ કરવામાં આવેલ અને તે પૈકી ૯ જિલ્લાઓમાં મંજુરી મળેલ હોઇ આ જિલ્લાઓમાં વીજ જોડાણો શક્ય તેટલા વહેલા આપવાનું અને બાકીના ૧૬ જિલ્લાઓમાં માત્ર સૈધ્ધાંતિક મંજુરી મળેલ હોઇ, મંજુરી મળ્યાબાદ વીજ જોડાણો શક્ય તેટલા વહેલા આપવાનું આયોજન છે. |

-----------

**નર્મદા નદીના પુરથી સૌરાષ્ટ્રની નદીઓ અને જળાશયો ભરવા અંગે**

૨૨૬૬૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા નદીના પુરથી સૌરાષ્ટ્ર વિસ્તારની ૧૭ નદીઓ અને જળાશયો ભરવા સંદર્ભે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તે કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) સર્વેક્ષણ તબક્કે છે. |

(૨) સોરાષ્ટ્રની કઇ કઇ નદીઓમાં આ પાણી ઠાલવવામાં આવશે ?

(૨) પ્રાથમિક અહેવાલમાં નીચેની નદીઓનો સમાવેશ થયેલ છે.

મચ્છુ-ડેમી-ઝીંઝુ-ઘોઘમ-ફુલઝર- (આજીની પ્ર શાખા), આજી-ઉન્ડ-કંકાવટી જગેડી-રૂપારેલ-સપડા-સુવેડા-નાગમતિ-રંગમતિ-સરસોઇ-પંન્ના-ફુલઝર-કાળુભાર-રંધોળા-રજાવળ ખારો-શેત્રુંજી બગડ માલણ રોજકી ભાદ્રોડી-સુરજવડી-ધાતરવડી રાયડી ધોડાધ્રોઇ-બ્રાહ્મણી-કંકાવટી (ખારી)-ગોદરા ફલ્કુ-ઉમઇ (ચંન્દ્રભાગા)-વઢવાણ (ભોગાવો)-લીંબડી- (ભોગાવો)-સુખભાદર-ઉતાવળી-ખલખલીયો-પાડલીયો-કેરી-વેગડ- ઘેલો-કાળુભાર.

-----------

## માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝરની જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૨૨૮૧૦ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં તાલુકાવાર કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ છે,

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલ જૂથ યોજનાની વિગત | પ્રગતિ હેઠળની જૂથ યોજનાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માંડવી | ૧ | ૧ |
| ૨ | સોનગઢ | ૦ | ૦ |
| ૩ | ઉચ્છલ | ૦ | ૧ |
| ૪ | નીઝર | ૨ | ૦ |
| | કુલ : | ૩ | ૨ |

(૨) તે પેકી કઇ કઇ ચાલુ હાલતમાં અને બંધ હાલતમાં છે, અને

(૨) ખંડ-૧માં જણાવેલ પૂર્ણ થયેલ ૩ યોજનાઓ ચાલુ છે. જ્યારે એક પણ યોજના બંધ હાલતમાં નથી.

(૩) નિઝર તાલુકાની વેલદા જૂથ પાણી પુરવઠા યોજના અને ઉચ્છલ તાલુકાની નારણપુર જૂથ પાણી પુરવઠા યોજનાથી કેટલા સમયમાં લોકોને પાણી પૂરું પાડવામાં આવશે ?

(૩) વેલદા એટલે કે દક્ષિણ નીઝર જૂથ પાણી પુરવઠા યોજના સંપૂર્ણ કાર્યાન્વિત છે તથા નારણપુર જૂથ યોજનાના ૪૭ ગામો પેકી ૩૨ ગામોને પાણી આપવામાં આવે છે તથા બાકી રહેતા ૧૫ ગામોને ક્રમશઃ ૧૨/૨૦૦૭ સુધીમાં પાણી પુરુ પાડવાનું આયોજન છે.

-----------

## સોરાષ્ટ્રની મોટી નદીઓ પર બંધાયેલ ચેકડેમો

૨૨૮૭૯ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન સોરાષ્ટ્રની મોટી નદીઓ બેટી, મચ્છુ, આજી, ઓઝત, શેત્રુંજી, ભાદર, શીંગોડા વગેરે નદીઓ ઉપર સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અનુસાર ચેકડેમો બાંધવામાં આવ્યા,

(૧) ૫૧ ચેકડેમો.

(૨) આ ચેકડેમો કઇ જ્યાએ કેટલી રકમના ખર્ચે બાંધવામાં આવ્યા, અને

(૨) * પત્રક-૧ મુજબ.

(૩) બાંધવામાં આવેલ ચેકડેમોને કારણે ખેતીવાડીમાં કેવા પ્રકારના લાભો પ્રાપ્ત થયા ?

(૩) સીધી તથા આડક્તરી રીતે સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ થયું.

(* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## પાઇપલાઇન દ્વારા ગુહાઇ ડેમમાં પાણી નાખવા અંગે

૨૩૧૨૭ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નર્મદા

(૧) પાઈપ લાઈનની કામગીરી પૂર્ણતાના અંતિમ

આધારીત પાઇપ લાઇન દ્વારા ગુહાઇ ડેમમાં પાણી નાંખવાની કામગીરી કેટલી પૂર્ણ થયેલ છે,

(૨) કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થનાર છે ?

તબક્કામાં છે જ્યારે પમપીંગ સ્ટેશનની કામગીરી ચોમાસા ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) કુલ રૂા. ૨૫૩.૫૧ કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) સમગ્ર કામગીરી આગામી ચોમાસા-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે.

-----------

## ટંકારા અને પડધરી તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ

૨૩૨૬૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ટંકારા અને પડધરી તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ચાલતી તમામ યોજનાઓના કામો પૂર્ણ થઇ ગયા છે,

(૨) જો હા, તો આ યોજનાઓમાં બંને તાલુકાના ક્યા ક્યા ગામોને લાભ મળેલ છે, અને

(૩) જો ના, તો આ યોજના પરિપૂર્ણ થતાં કેટલો સમય લાગશે ?

**જવાબ**

(૧) અને (૨) અંશતઃ કામો પૂર્ણ થયેલ છે અને ટંકારા તાલુકાના ૨૩ ગામોને પ્રયોગિક ધોરણે પાણી પુરવઠો પુરો પાડી લાભ આપવામાં આવેલ છે. ગામવાર યાદી પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

(૩) ક્રમશઃ આગામી એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ**

ટંકારા અને પડધરી તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧. | ટંકારા | વીરપર |
| ૨. | ટંકારા | નેસડા (ખા) |
| ૩. | ટંકારા | ધુનડા (ખા) |
| ૪. | ટંકારા | જબલપુર |
| ૫. | ટંકારા | હીરાપર |
| ૬. | ટંકારા | મીતાણા |
| ૭. | ટંકારા | છતર |
| ૮. | ટંકારા | હમીરપર |
| ૯. | ટંકારા | નેકનામ |
| ૧૦. | ટંકારા | બેડી |
| ૧૧. | ટંકારા | કાગદડી |
| ૧૨. | ટંકારા | હડાળા |
| ૧૩. | ટંકારા | નસીતપર |
| ૧૪. | ટંકારા | લજાઈ |
| ૧૫. | ટંકારા | ટંકારા |
| ૧૬. | ટંકારા | નાના ખીજડીયા |
| ૧૭. | ટંકારા | મોટા ખીજડીયા |
| ૧૮. | ટંકારા | લખધીરગઢ |
| ૧૯. | ટંકારા | કલ્યાણપર |
| ૨૦. | ટંકારા | સરાયા |
| ૨૧. | ટંકારા | સાવડી |
| ૨૨. | ટંકારા | નેસડા (સુરજી) |
| ૨૩. | ટંકારા | વિજયનગર |

-----------

## વડોદરા જિલ્લામાં "વાવ" અંગે

૨૩૦૪૭ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા ગ્રામ્ય) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેર અને જિલ્લામાં કેટલી "વાવ" છે,

(૨) "વાવ" ને પુનર્જીવિત કરાનાર હોવાની હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ અંગેની વિગતો શી છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) વડોદરા જીલ્લામાં ૧૨૧ વાવોને ઝાડી-ઝાંખરા તથા માટી કાઢવાની કામગીરી તથા સુધારવા માટે કાર્યવાહી નિયત કરવામાં આવેલ છે.

-----------

## સમરસ ગામોની પ્રોત્સાહક રકમ વિકાસના કામો માટે વાપરવા અંગે

૨૨૮૯૭ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦મી ફેબ્રુઆરી-૨૦૦૭ની સ્થિતિએ જિલ્લા તથા તાલુકાના વિકાસના કામો માટેની આયોજન સમિતિઓએ સમરસ ગામોને પ્રોત્સાહક રકમ તેમના વિકાસ માટે વાપરવાની જોગવાઇ કરેલ છે,

(૨) જો ના, તો નવા વર્ષના આયોજનમાં આ પ્રકારની જોગવાઇઓ કરવા માંગો છો કે કેમ,

(૩) સમરસ ગામોના વિકાસના કામોને પ્રાધાન્ય આપવા માટે વિભાગે જિલ્લા આયોજન મંડળને કોઇ સૂચનાઓ આપેલ છે કે કેમ, અને

(૪) જો ના, તો આવી કોઇ સૂચનાઓ આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) જિલ્લા આયોજન મંડળ, જિલ્લા તથા તાલુકાના વિકાસના કામો મંજુર કરે ત્યારે સમરસ ગામોનો વિકાસ થાય તે માટે પ્રોત્સાહક રકમ વાપરવાની બાબતે ધ્યાન રાખવામાં આવે છે.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## વઢવાણ તાલુકાના ચેકડેમો અને તળાવોને થયેલ નુક્સાન

૨૨૬૫૭ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬માં અતિવૃષ્ટિને કારણે વઢવાણ તાલુકામાં કેટલા ચેકડેમો અને તળાવોને નુક્સાન થયેલ,

(૨) આ નુક્સાન થયેલ ચેકડેમો અને તળાવોમાંથી કેટલા ચેકડેમો અને તળાવોની મરામત કરવામાં આવી, અને

(૩) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને બાકી કામો સરકાર ક્યારે પૂરા કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૧૦ ચેકડેમો અને ૩ તળાવોને.

(૨) ૩ ચેકડેમોની.

(૩) રૂા. ૦.૮૨ લાખનો ખર્ચ થયો. બાકી રહેલ કામો સત્વરે પૂરા કરવાનું આયોજન છે.

-----------

## રાજ્યમાં થયેલ મૂડી રોકાણ

૨૨૮૬૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૩ના સમયમાં ૬૬,૦૬૮-૦૦ કરોડના એમ.ઓ.યુ. થયેલા તેમાંથી ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ તે જ કરાર હેઠળ કેટલું મૂડી રોકાણ રાજ્યમાં થયું છે,

(૨) ૨૦૦૪ના વર્ષમાં ઓદ્યોગિક હેતુ માટેના કુલ કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા હતા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ના સમયમાં રૂા. ૬૬,૦૬૮ કરોડના એમ.ઓ.યુ. થયેલા તેમાંથી તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રૂા. ૫૨,૨૭૧ કરોડના ૪૭ પ્રોજેક્ટો સ્થાપના હેઠળ છે. જે પૈકી રૂા. ૨૪,૪૬૧ કરોડના ૨૯ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલા છે અને રૂા. ૨૭,૮૧૦ કરોડના મૂડી રોકાણ વાળા ૧૮ પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે.

(૨) ૨૦૦૪ના વર્ષમાં ઓદ્યોગિક હેતુ માટેના કોઈ એમ.ઓ.યુ. થયા નથી.

(૩) ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ સુધીમાં કેટલા રૂપિયાના ઓદ્યોગિક મૂડી રાકાણો થયા, અને

(૪) આ મૂડી રાકાણો સામે રાજ્યના કેટલા યુવાનોને રોજગારી મળી ?

(૩) અને (૪) વર્ષ ૨૦૦૩.--૦૪ થી ૨૦૦૫-૦૬ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૩ અને સમિટ-૨૦૦૫ દરમ્યાન રૂા. ૧,૭૨,૨૨૮ ક્રોડના મૂડીરોકાણવાળા ૨૨૬ એમ.ઓ.યુ. થયેલ હતાં, જેમાં સંભવિત રોજગારી ૨,૫૩,૦૦૦ નિર્દિષ્ટ હતી. તે સહિત કે તે સિવાય ઉક્ત સમયગાળામાં રૂા. ૧,૦૭,૮૪૦ ક્રોડના ઓદ્યોગિક મૂડીરોકાણની દરખાસ્તો મળેલી છે. પ્રોજેક્ટોના ડેવલપર્સના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટો કાર્યાન્વિત થતાં ૩,૬૫,૭૪૪ ની રોજગારી ઉભી થશે.

-----------

**બાવળા તાલુકામાં પાકા ચેકડેમ બાંધવા અંગે**

૨૨૫૩૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ** (બાવળા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના મીઠાપુર ગામ પાસે પાળો અતિવૃષ્ટિને કારણે તૂટી ગયેલ છે તે જગ્યાએ સિંચાઇ વિભાગ પાકો ચેકડેમ બાંધવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહુવા પોલીસ સ્ટેશનને વિભાજીત કરવા અંગે**

૨૩૨૬૫ **ડૉ.કનુભાઇ કળસરિયા** (મહુવા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ સ્ટેશનને ગ્રામ્ય-શહેર એમ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં વિભાજીત કરવા પાત્ર બને છે કેમ, | (૧) પોલીસ સ્ટેશન ખોલવાના નિયત માપદંડ સંતોષાતા ન હોઈ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં વિભાજીત કરવા પાત્ર બનતા નથી. |
| (૨) જો હા, તો તેના માટેની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઇ કાર્યવાહી હાથ ઘરાયેલ છે, કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો ના, તો વિભાજીત થવા પાત્ર નહીં હોવાનું કારણ શું છે ? | (૪) નિયત માપદંડ સંતોષાતા નથી. |

-----------

**રાજ્યમાં આવેલ સી.એન.જી. ગેસ સ્ટેશનો**

૨૩૦૮૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ અંતિત સી.એન.જી. વાહનોને ગેસ આપવા માટે કેટલા ગેસ સ્ટેશનો આવેલ છે, અને | (૧) ૭૧. |
| (૨) સુરત શહેર જિલ્લામાં કેટલા ગેસ સ્ટેશનો આવેલ છે ? | (૨) ૧૯. |

-----------

**આર્થિક ગુના અટકાવવા લેવાયેલ પગલા**

૨૨૬૨૯**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આર્થિક ગુન્હાઓનું પ્રમાણ વધતું જાય છે તેના માટે સરકાર શાં પગલાં ભરી રહી છે, અને | (૧) આવા ગુનાઓ અટકાવવા રાજ્યકક્ષાએ આર્થિક ગુના નિવારણ શાખા, અધિક પોલીસ મહાનિદેશકની સીધી દેખરેખ હેઠળ કાર્યરત છે તેમજ શહેર/જીલ્લાઓમાં પણ આર્થિક ગુના નિવારણ શાખાઓ પોલીસ અધિક્ષકની સીધી દેખરેખ હેઠળ કાર્યરત છે. |

(૨) ભવિષ્યમાં શાં પગલાં ભરવા માંગે છે ?

(૨) ભવિષ્યમાં આર્થિક ગુનાઓનું પ્રમાણ અટકાવવા તથા વધુ અસરકારક્તા લાવવા માટે સઘન એક્શન પ્લાન ઘડવાની બાબત હાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

-----------

**જ્યોતિગ્રામ યોજનાના ઉદ્‌ઘાટન પાછળ થયેલ ખર્ચ**

૨૩૩૩૨**શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના ક્યારે શરૂ કરવામાં આવી,

(૨) આ યોજનાના શરૂઆતથી તા. ૩૧-૧-૦૭ સુધીમાં આ યોજનાના ઉદ્‌ઘાટનો માટે ક્યા ક્યા સ્થળોએ કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

(૩) પ્રત્યેક કાર્યક્રમો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩-૯-૨૦૦૩ થી.

(૨) અને (૩)

આ યોજનાના ઉદ્‌ઘાટનો માટે કોઈ કાર્યક્રમો યોજવામાં આવ્યા નથી, એટલે ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કડી તાલુકાની નર્મદા કેનાલોમાં પડેલ ગાબડા**

૨૨૯૨૮**શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કડી તાલુકામાંથી પસાર થતી નર્મદાની કેનાલોમાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગાબડા કઇ કઇ જગ્યાએ પડ્યા,

(૨) કેનાલના નબળા બાંધકામને કારણે ગાબડા પડેલ છે તે સંદર્ભની સરકારને કેટલી ફરિયાદો મળી, અને

(૩) સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) ૩૧-૧-૦૭ ની સ્થિતિએ એકપણ નહીં.

(૨) બે.

(૩) આ અંગે સ્થળ તપાસ કરાવી તપાસના નિષ્કર્ષ મુજબ જવાબદારો સામે શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ આ કામના ઈજારદારશ્રી પાસે તેમના જ ખર્ચે અને જોખમે નિયત ધોરણ પ્રમાણેનું કામ પૂર્ણ કરાવી લેવામાં આવ્યું છે.

-----------

**જ્યોતિગ્રામ યોજનાથી વંચિત મેઘરજ તાલુકાના ગામો**

૨૨૬૩૬**શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મેઘરજ તાલુકામાં આવેલ ઘણા ગામો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજનાથી વંચિત રહી ગયેલ છે એ હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ વંચિત રાખવાનું કારણ શું છે, અને

(૩) આ ગામો ક્યાં સુધીમાં જ્યોતિગ્રામ યોજના હેઠળનો લાભ મેળવતા થશે ?

**જવાબ**

(૧) મેઘરજ તાલુકામાં એક પણ ગામ જ્યોતિગ્રામ યોજનાથી વંચિત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**૧૧મી પંચવર્ષીય યોજનાના આયોજન અંગે સૂચનો**

૨૩૩૧૯**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર) : **માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૧મી પંચવર્ષીય યોજનાના આયોજન અને ઘડતર માટે રાજ્ય સરકારે જિલ્લા કક્ષાએથી સૂચનો માંગેલ

**જવાબ**

(૧) ૧૧મી પંચવર્ષીય યોજનાના આયોજન અને ઘડતર માટે રાજ્ય સરકારે જિલ્લાકક્ષાએ સુચનાઓ આપેલ

છે,

(૨) જો હા, તો કઇ તારીખે,

(૩) ભારત સરકાર તરફથી આવા સૂચનો માંગવા કોઇ માર્ગદર્શન મળેલ છે,

(૪) જો હા, તો કઇ તારીખે,

(૫) અગાઉ કરતાં ૧૧ મી યોજનાના અમલ માટે કોઇ અલગ પ્રકારનું માળખું થવાનું છે, અને

(૬) જો હા, તો કેવું ?

છે.

(૨) તા. ૧૪-૯-૨૦૦૬.

(૩) ભારત સરકાર તરફથી આ અંગે માર્ગદર્શન મળેલ છે.

(૪) તા. ૨૫-૮-૨૦૦૬.

(૫) અને (૬)

૧૧મી પંચવર્ષીય યોજનાના અમલના માળખામાં ત્રિસ્તરીય એટલે કે ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયત, ઉપરાંત નગરપાલિકાના પ્લાનના આધારે જિલ્લાનો પ્લાન તૈયાર કરવાનું અલગ પ્રકારનું માળખું થવાનું છે.

-----------

**બનાસકાંઠા જિલ્લાના જીતપુર, હડાદ અને વિરમપુર ખાતે નવા પોલીસ સ્ટેશનો ખોલવા અંગે**

૨૩૩૨૬**શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અપુરતા પોલીસ સ્ટેશનો તથા સ્ટાફના લીધે બનાસકાંઠા જિલ્લાના રાજસ્થાનની સરહદને અડીને આવેલા અમીરગઢ તથા દાંતા તાલુકાઓના અંતરીયાળ વિસ્તારોમાં ગુન્હોખોરીનું પ્રમાણ વધતું જાય છે તે વાત સાચી,

(૨) જો હા, તો ગુન્હાખોરીનું પ્રમાણ ઘટાડવા જીતપુર, હડાદ અને વિરમપુર ખાતે સરકાર નવીન પોલીસ સ્ટેશનો શરૂ કરી પુરતો પોલીસ સ્ટાફ મુકવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો એ પોલીસ સ્ટેશનો ક્યારથી ચાલુ કરાશે ?

**જવાબ**

(૧) ગુનાખોરીનું પ્રમાણ વધતું જાય છે તે વાત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પાઇપલાઇન દ્વારા ગેસ આપવાની કામગીરી**

૨૨૫૪૫**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિદ્ધપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાઇપલાઇન મારફતે ગેસ આપવાનું ક્યા ક્યા શહેરોમાં ચાલુ કરવામાં આવ્યુ છે, અને

(૨) આ અંગેના કોન્ટ્રાક્ટ કોને કોને આપવામાં આવ્યા છે, અને

(૩) આ અંગેનું નવું આયોજન શું છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | શહેરનું નામ | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૨ કરોડ |
| ૨ | મોરબી | ૮ કરોડ |
| ૩ | અમદાવાદ | ૩૫૦ કરોડ |
| ૪ | વડોદરા | ૩૦ કરોડ |
| ૫ | સાંતેજ | ૨૩.૫૩ કરોડ |
| ૬ | હિંમતનગર | ૬૬.૬૪ કરોડ |
| ૭ | કરજણ | ૯.૧૯ કરોડ |
| ૮ | કડી | ૫.૧૩ કરોડ |
| ૯ | વલ્લભવિદ્યાનગર/ આણંદ ગ્રામ્ય | ૪.૨૮ કરોડ |

(૨) રાજ્ય સરકાર દ્વારા ગેસ પાઈપલાઈન નાખવા કોન્ટ્રાકટ આપવામાં આવતા નથી, પરંતુ જે તે સમયે રાજ્ય સરકાર દ્વારા ""ના વાંધા પ્રમાણપત્ર"" આપવામાં આવેલ છે.

(૩) ભવિષ્યમાં રાજ્યના શક્ય તેટલા વધુ જિલ્લાના વડા મથકોને ગેસગ્રીડથી જોડવાનું અને

ત્યારબાદ ગેસની ઉપલબ્ધિને આધારે રાજ્યના બાકીના મોટા શહેરો અને જિલ્લાઓમાં ગેસ પુરો પાડવાનું આયોજન છે.

-----------

**કડાણા તાલુકા મથકે પોલીસ સ્ટેશન**

૨૩૨૫૨**શ્રી પ્રબોધકાન્ત પંડ્યા** (સંતરામપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કડાણા તાલુકા મથકે પોલીસ સ્ટેશન બાંધવાનો સરકારે કોઇ નિર્ણય ક્ર્યો છે, અને | (૧) પોલીસ સ્ટેશન ખોલવા માટેના નિયત માપદંડ સંતોષાતા ન હોવાથી હાલ નવું પોલીસ સ્ટેશન બાંધવા અંગે વિચારણા કરવામાં આવેલ નથી. |
| (૨) સરકાર ક્યાં સુધીમાં આ પોલીસ સ્ટેશન બાંધવા માગે છે ? | (૨) વહીવટી અનુકુળતા અનુસાર. |

-----------

**ભારે વરસાદને કારણે કેનાલોને નુકસાન**

૨૩૦૦૫**શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૬ના વર્ષનાં ચોમાસામાં ભારે વરસાદના કારણે નર્મદા યોજના આધારિત કેનાલો, ધરોઇ ડેમ આધારિત કેટલી કેનાલોમાં વધુ પાણી ભરાતા મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં માઇનોર કેનાલો તુટી ગઇ, અને | (૧) ધરોઈ ડેમ આધારિત ૪૨ નહેરોમાં નુકસાન થવા પામેલ છે. |
| (૨) તે ક્યારે મરામત કરવામાં આવશે અને અંદાજીત ખર્ચ કેટલો થશે ? | (૨) મોટા ભાગના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. બાકી રહેતા કામો તબક્કાવાર જૂન-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે રૂા. ૧૧૨.૮૫ લાખના ખર્ચનો અંદાજ છે જે પૈકી રૂા. ૮૨.૯૦ લાખના કામો પૂર્ણ થયેલ છે. |

-----------

**હાલોલ તાલુકાની દેવ સિંચાઇ યોજનામાં ડૂબમાં ગયેલ જમીન અંગે**

૨૩૩૩૫**શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) હાલોલ તાલુકાના દેવ ડેમમાં ખેડુત ભાઇઓની જમીનો સંપાદીત કરવામાં આવેલ પૈકી કોઇ ખેડુતભાઇઓને એવોર્ડ ચુકવવાનો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બાકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) હા, તો ક્યાર સુધી એવોર્ડ ચુકવવામાં આવશે ? | (૨) સત્વરે ચુકવણું કરવામાં આવશે. |

-----------

**શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ પર ગેરરીતિ**

૨૩૦૭૦**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ ઉપર વાહનોના નિયમોના ભંગ બદલ વસુલ થયેલ દંડની ખૂબ મોટી રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાના બદલે અધિકારીઓ તરફથી ગેરરીતિ આચરવામાં | (૧) શામળાજી ચેક પોસ્ટના સપ્ટે. ૦૧ થી ડીસે.-૦૧ સુધીના રેકર્ડ, સી.આર. બુકો, કેશ રજીસ્ટર, રસીદ બુકો વગેરેના નાશ, ગુમ થયાના પ્રકરણે ફરીયાદ થતાં આ બાબત હાલ તપાસ હેઠળ છે. |

આવી હતી તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો તે અન્વયે ફરજ બજાવતા અધિકારીઓ કોણ કોણ હતા, અને

(૩) તેમની સામે શાં પગલાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં લેવામાં આવ્યા ?

(૨) આ બાબત હાલ તપાસ હેઠળ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ બાબત તપાસ હેઠળ હોઈ હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સાબરકાંઠા જિલ્લાના તળાવો ભરવા અંગે**

* ૨૩૩૭૩ **ડૉ. અનિલભાઈ જોષીયારા** (ભિલોડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં મેશ્વો અને ઇન્દ્રાસી ડેમમાંથી પાણી લીફ્ટ કરી તળાવો ભરવા માંગો છો કે કેમ,

(૨) ક્યા ક્યા તળાવો ઉદવહનથી ભરી શકાય એમ છે, અને

(૩) સરકાર ક્યાં સુધી આ તળાવો લીફ્ટ કરી ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ખેતરોમાં વસવાટ કરતા ખેડૂતોને ૨૪ કલાક વીજ પુરવઠો આપવા અંગે**

૨૩૧૦૯**શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેતરોમાં વસવાટ કરતા ખેડૂત કુટુંબોને સતત ૨૪ કલાક સીંગલ ફેઇઝ વીજ પુરવઠો આપવાના કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકાના ક્યા ક્યા ગામો તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ સુવિધાથી વંચીત રહી જવા પામ્યા છે,

(૨) આ ગામોના ખેડૂતોને પોતાના પશુઓ તેમજ ઘરવપરાશના કામે વિજળીની સુવિધા પ્રાપ્ત થાય તે માટે ચોવીસ કલાક સીંગલ ફેઈઝ વીજ પુરવઠો ક્યારે ઉપલબ્ધ કરવામાં આવશે, અને

(૩) આ સુવિધાથી ગામો વંચીત રહેવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ૫૬ ગામો અને પાલનપુર તાલુકાના ૨૭ ગામો.

ગામોની વિગતો પત્રક-અ મુજબ છે.

(૨) અને (૩) સ્પેશીયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર મુકવાની જરૂરીયાત હોવાના કારણે આ ગામડાઓ તબક્કાવાર શક્ય તેટલા વહેલા વિજળીકરણ નીચે આવરી લેવાનું આયોજન છે.

**પત્રક-અ**

| **વડગામ તાલુકો** | | | | **પાલનપુર તાલુકો** | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **ગામનું નામ** | **ક્રમ** | **ગામનું નામ** | **ક્રમ** | **ગામનું નામ** |
| ૧ | નગાણા | ૩૦ | નાદોત્રા | ૧ | દલવાડા |
| ૨ | જુના નગરપુરા | ૩૧ | ઉમરચા | ૨ | ગઢુ |
| ૩ | નવા નગરપુરા | ૩૨ | નાનોસણા | ૩ | સલ્લા |
| ૪ | મંગાળ | ૩૩ | વરસડા | ૪ | પટાસણ |
| ૫ | પંપોળ | ૩૪ | પસવાદળ | ૫ | સાસમ |
| ૬ | નવી નગરી | ૩૫ | કોદરાલી | ૬ | ખસા |
| ૭ | જુની નગરી | ૩૬ | બાવલચુડી | ૭ | શક્રવાડા |
| ૮ | કોદરામ | ૩૭ | રજોસણા | ૮ | ગેડરીયા |
| ૯ | દલવાડા | ૩૮ | કોટડી | ૯ | ગાદલાવાડા |
| ૧૦ | ભુખલા | ૩૯ | મોટી ગીડાસણ | ૧૦ | સામઢી(૨) |
| ૧૧ | ઘોતા | ૪૦ | ભરકાવાળા | ૧૧ | સામઢી(ખે) |

| વડગામ તાલુકો | | | | પાલનપુર તાલુકો | |
|---|---|---|---|---|---|
| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
| ૧૨ | વરવાડીયા | ૪૧ | મેતા | ૧૨ | સામઢી (ન) |
| ૧૩ | મેમદપુર | ૪૨ | માનપુરા | ૧૩ | વાસણી |
| ૧૪ | મેપડા | ૪૩ | ક્માલપુર | ૧૪ | સરીપડા |
| ૧૫ | રૂપાલ | ૪૪ | વણસોલ | ૧૫ | મોટા |
| ૧૬ | લીમતાઈ | ૪૫ | જલોત્રા | ૧૬ | કાણોદર |
| ૧૭ | મગરવાડા | ૪૬ | ચિત્રોડા | ૧૭ | બાદરપુરા |
| ૧૮ | ક્રસનપુરા | ૪૭ | પાંચડા | ૧૮ | સેદ્રાસણ |
| ૧૯ | મંજરપુરા | ૪૮ | સીસરાણા | ૧૯ | જરાલેણી |
| ૨૦ | શેરપુરા | ૪૯ | છનીયાણા | ૨૦ | વાસણા |
| ૨૧ | સલેમકોર્ટ | ૫૦ | ભરોડ | ૨૧ | આંકેડી |
| ૨૨ | વરણાવાડા | ૫૧ | ફતેહગઢ | ૨૨ | સાંગલા |
| ૨૩ | સક્લાણા | ૫૨ | પાલડી | ૨૩ | મડાણા |
| ૨૪ | ધરિવાડા | ૫૩ | ટીબાચુડી | ૨૪ | કોટડા |
| ૨૫ | તેનીવાડા | ૫૪ | માહી | ૨૫ | ચંદીસર |
| ૨૬ | પીરોજપુરા | ૫૫ | શેરપુરા | ૨૬ | ધાણધા |
| ૨૭ | બસુ | ૫૬ | એત્રાણા | ૨૭ | ગોઢ |
| ૨૮ | મજાદર | | | | |
| ૨૯ | નાની ગીડાસણ | | | | |

-----------

**મંત્રી મંડળના સીધી ભરતીના તદ્દન હંગામી કર્મચારીઓની હકક રજાનું રોકડમાં રૂપાંતર**

૨૩૨૫૭**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** (કઠલાલ) : તા.૧૨-૯-૦૫ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૧૩૩૧૩ (અગ્રતા ક્રમ-૯૦) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના મંત્રી મંડળના કાર્યાલયમાં સીધી ભરતીથી તદ્દન હંગામી કર્મચારીઓને હકક રજાના રોકડના રૂપાંતરની બાબત વિચારણા હેઠળ છે, તે હકીક્ત સાચી છે, | (૧) હાલ નિયમોનુસાર હક્ક રજાનું રોકડમાં રૂપાંતર પ્રાપ્ત છે. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ બાબતે નિર્ણય લેવામાં વિલંબ થવાના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કેનાલો મારફ્ત ઉદ્યોગોને પુરુ પડાતું પાણી**

૨૨૬૬૩**શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ કેનાલો મારફ્તે ઉદ્યોગોને પાણી પુરુ પાડવામાં આવે છે, | (૧) * પત્રક-(૧) મુજબ |
| (૨) કઈ શરતોને આધીન અને શા ભાવે અપાય છે, અને | (૨) (અ) શરતો * પત્રક-(૨) મુજબ<br>(બ) ભાવ- (૧૦૦૦ લીટરે) |

૧. જળ સંપત્તિ પ્રભાગના :

| વર્ષ | સ્થાયી દરો | વપરાશી દરો | કુલ દરો |
|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧.૫૦ | ૫.૩૬ | ૬.૮૬ |
| ૨૦૦૬-૦૭ (૩૧-૧૨-૦૬ | ૧.૫૦ | ૫.૯૦ | ૭.૪૦ |

| | | | |
|---|---|---|---|
| સુધી) | | | |
| ૧-૧-૦૭થી | -- | ૮.૦૦ | ૮.૦૦ |
| ૨. સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના : | | | |
| ૩૧-૧૨-૨૦૦૬ સુધી રૂા. ૨૦.૦૦ એડહોક દરે ૧-૧-૨૦૦૭ થી રૂા. ૮.૦૦ | | | |

(૩) તે અન્વયે પાણીની કેટલી વસુલાત બાકી છે?

(૩)
૧. જળ સંપત્તિ પ્રભાગ હેઠળ રૂા.૨૧૪૮૫.૯૮ લાખ
૨. સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હેઠળ <u>રૂા.૧૧૬૪૪.૦૦ લાખ</u> કુલ રૂા.૩૩૧૨૯.૯૮ લાખ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના મંજૂર થયેલ ચેક ડેમો**

૨૨૮૧૧**શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં વર્ષ-૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬માં તાલુકાવાર કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં વર્ષ ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬માં તાલુકાવાર નીચે મુજબના ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા.

| અ.નં | તાલુકો | ૨૦૦૪-૨૦૦૫માં મંજૂર કરેલ ચેકડેમોની સંખ્યા | ૨૦૦૫-૨૦૦૬માં મંજૂર કરેલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માંડવી | ૦૧ | ૦૩ |
| ૨ | સોનગઢ | ૦૨ | -- |
| ૩ | ઉચ્છલ | ૦૪ | ૦૨ |
| ૪ | નિઝર | ૧૩ | ૦૭ |
| | કુલ :- | ૨૦ | ૧૨ |

(૨) આ મંજૂર થયેલા પેકી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા કામો હાથ ધરીને પૂરા કરવામાં આવ્યા, અને

(૨) આ મંજૂર થયેલા પેકી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં તમામ કામો હાથ ધરીને પૂરા કરવામાં આવેલ છે.

(૩) ક્યા ક્યા તાલુકામાં ?

(૩) માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર.

-----------

**હિંમતનગર શહેરમાં પાઈપ લાઈન ધ્વારા ગેસ આપવા અંગે**

૨૩૧૨૮**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હિંમતનગર શહેરમાં પાઈપ લાઈન ધ્વારા ડોમેસ્ટીક હેતુ માટે ગેસ આપવા માટે શું આયોજન થયેલ છે, અને

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ કામગીરી ક્યા સ્ટેજે છે ?

**જવાબ**

(૧) અને (૨) પી.એન.જી. નેટવર્ક સ્થાપવા અંગેના આયોજનની પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કરી જરૂરી મંજૂરીઓ મેળવવાની કાર્યવાહી તેમજ ગ્રાહક સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. બધા પ્રકારની મંજૂરીઓ મળતાં જ પાઈપ લાઈન નેટવર્કની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

-----------

**ધોળીધજા ડેમમાં નર્મદાનું પાણી પહોંચાડવા અંગે**

૨૨૬૫૮**શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર ધોળીધજા ડેમમાં નર્મદાની સોરાષ્ટ્ર શાખા કેનાલ દ્વારા પાણી પહોંચાડવાની કામગીરી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબકકે છે, અને | (૧) સોરાષ્ટ્ર શાખા નહેર ધોળીધજા ડેમમાં અંતિત થાય છે. તેની કુલ ૧૦૪.૪૬ કી.મી. લંબાઈ પેકી ૭૦.૯૭૬ કી.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે. બાકીનું કામ પ્રગતિમાં છે. પાંચ પંપીગ સ્ટેશન પેકી ૧ નું કામ પૂર્ણ થયેલ છે અને બાકીના પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૨) ડીસેમ્બર, ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**અધ્યક્ષશ્રી** : હું નવમી, દશમી અને અગિયારમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

**નવમી, દશમી અને અગિયારમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અતારાંકિત પ્રશ્નો

## નવમી અતારાંક્તિ યાદી

**ગુજરાત ફીશરીઝ રૂલ્સ ૨૦૦૩ અન્વયે ચેરના વૃક્ષોના નાશ માટે પ્રતિબંધ**

અતારાંક્તિ ૬૭૭૬ (૮-૮-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત ફીશરીઝ રૂલ્સ, ૨૦૦૩ અન્વયે રાજ્યમાં ચેરનાં વૃક્ષો કાપવા કે નાશ કરવા પર પ્રતિબંધ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કઈ કઈ જગ્યાએ કેટલા ચેરનાં વૃક્ષોનો નાશ કરવામાં આવ્યો છે,

(૩) તે માટે ગુનેગારો સામે શાં પગલાં લેવાયા છે,

(૪) ક્યા ક્યા કિસ્સામાં તપાસ કરવાની બાકી છે, અને

(૫) ચેરનાં વૃક્ષોની રક્ષણની જવાબદારી કોને સોંપાઈ છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૨-૨-૦૭) :

(૧) હા, જી.

(૨) માછીમારો દ્વારા ચેરના વૃક્ષોનો નાશ કરવાનો અહેવાલ નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

(૬) વન વિસ્તારમાં આવેલ ચેરનાં વૃક્ષોના રક્ષણની જવાબદારી હદના વન અધિકારીઓની છે.

----------------

**કૃષિ રથયાત્રા માટે કરેલ ખર્ચ**

અતારાંક્તિ ૭૨૫૩ (૧૯-૯-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂન-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આયોજન કરાયેલ કૃષિ રથયાત્રા માટે કેટલું ખર્ચ ક્યા હેતુએ કરવામાં આવ્યું,

(૨) આ યાત્રાને કારણે જિલ્લાવાર કુલ કેટલા ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ થયું, કેટલા પ્રશ્નો જિલ્લાવાર ઉકેલવાના બાકી છે,

(૩) આ યાત્રા મારફતે જિલ્લાવાર કુલ ક્યા ક્યા પાકોના બિયારણની ઈન્સેકટીસાઈડ-પેસ્ટીસાઈડની કીટ ખાતરની કીટ તેમજ અન્ય વસ્તુઓ કેટલા ખેડૂતોને આપવામાં આવી, અને

(૪) આ માટે જિલ્લાવાર કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**કૃષિમંત્રીશ્રી** (૬-૨-૨૦૦૭) :

(૧) જૂન-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આયોજન કરાયેલ કૃષિ રથયાત્રા માટે નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ.

૧.વાહતુક ખર્ચ અને કૃષિ મહોત્સવ આનુષંગિક ખર્ચ રૂા. ૧૬૨.૧૧ લાખ

૨. કૃષિ રથનો ખર્ચ રૂા. ૩૩૮.૧૭ લાખ

કુલ :- રૂા. ૫૦૦.૨૮ લાખ

(૨) યાત્રાને કારણે કુલ : ૨,૨૯,૮૧૬ કૃષિલક્ષી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું અને ૯૭ પ્રશ્નો અન્ય વિભાગ અથવા નીતિ વિષયક હોઈ ઉકેલવાના બાકી છે. જિલ્લાવાર વિગત પત્રક-૧ થી સામેલ છે.

(૩) કૃષિ રથ યાત્રા મારફતે રાજ્યમાં જે તે વિસ્તારને અનુરૂપ પાક્ના બિયરણ, ઈન્સેકટીસાઈડ-પેસ્ટીસાઈડ અને ખાતરના કિટસ ૧,૪૨,૭૩૬ ખેડૂતોને આપવામાં આવ્યા (જિલ્લાવાર વિગત પત્રક-૨ થી સામેલ છે. )

(૪) આ માટે રાજ્યનું કુલ ૮,૨૯,૨૦,૫૪૪.૪૪ ખર્ચ કરવામાં આવ્યુ. (જિલ્લાવાર વિગત પત્રક-૩માં દર્શાવેલ છે.)

**પત્રક-૧**

**કૃષિરથ યાત્રા દરમ્યાન ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલ કૃષિલક્ષી પ્રશ્નો. તે પૈકી નિરાકરણ કરેલ પ્રશ્નો અને બાકી પ્રશ્નોની વિગત (જિલ્લાવાર માહિતી)**

| અ.નં. | જિલ્લાનું નામ | પૂછવામાં આવેલ પ્રશ્નો | નિકાલ કરેલ પ્રશ્નો | નિકાલ કરવાના બાકી પ્રશ્નો |
|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૧૩૦૫ | ૧૩૦૫ | ૦૦ |
| ૨ | વલસાડ | ૨૮૧૪ | ૨૮૧૪ | ૦૦ |
| ૩ | નવસારી | ૪૮૪૮ | ૪૮૪૮ | ૦૦ |
| ૪ | સુરત | ૮૫૯૦ | ૮૫૯૦ | ૦૦ |
| ૫ | ભરૂચ | ૨૦૫ | ૨૦૫ | ૦૦ |
| ૬ | નર્મદા | ૭૯૯૨ | ૭૯૯૨ | ૦૦ |
| ૭ | વડોદરા | ૩૮૮૫ | ૩૮૮૫ | ૦૦ |
| ૮ | દાહોદ | ૧૧૨૦૫ | ૧૧૨૦૫ | ૦૦ |
| ૯ | પંચમહાલ | ૧૨૬૯૮ | ૧૨૬૯૮ | ૦૦ |
| ૧૦ | આણંદ | ૩૯૨૨૫ | ૩૯૨૨૫ | ૦૦ |
| ૧૧ | ખેડા | ૧૪૨૮ | ૧૪૨૮ | ૦૦ |
| ૧૨ | અમદાવાદ | ૨૨૮૦ | ૨૨૭૩ | ૦૭ (અન્ય વિભાગને લગતા હોવાથી) |
| ૧૩ | ગાંધીનગર | ૭૮૬ | ૭૮૬ | ૦૦ |
| ૧૪ | મહેસાણા | ૨૬૮૫ | ૨૬૮૫ | ૦૦ |
| ૧૫ | પાટણ | ૯૭૦ | ૯૭૦ | ૦૦ |
| ૧૬ | બનાસકાંઠા | ૧૮૩૩૭ | ૧૮૩૩૭ | ૦૦ |
| ૧૭ | સાબરકાંઠા | ૩૭૦૦ | ૩૭૦૦ | ૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧૯૮૩ | ૧૯૮૩ | ૦૦ |
| ૧૯ | રાજકોટ | ૪૫૪૯૫ | ૪૫૪૯૫ | ૦૦ |
| ૨૦ | જામનગર | ૧૪૬૮૬ | ૧૪૬૦૦ | ૮૬ (નિતિ વિષયક હોવાથી) |
| ૨૧ | ક્ચ્છ | ૧૭૭૨૩ | ૧૭૭૨૩ | ૦૦ |
| ૨૨ | જૂનાગઢ | ૨૭૫૦ | ૨૭૫૦ | ૦૦ |
| ૨૩ | ભાવનગર | ૧૬૨૩૨ | ૧૬૨૩૨ | ૦૦ |
| ૨૪ | અમરેલી | ૨૮૭૯ | ૨૮૭૫ | ૪ (અન્ય વિભાગને લગતા હોવાથી) |
| ૨૫ | પોરબંદર | ૫૨૧૨ | ૫૨૧૨ | ૦૦ |
| | કુલ : | ૨૨૯૯૧૩ | ૨૨૯૮૧૬ | ૯૭ |

## પત્રક - ૨

## કૃષિરથ યાત્રા દરમ્યાન કૃષિ કિટસ ફાળવેલ ખેડૂતોની સંખ્યા અને થયેલ ખર્ચની વિગત (જિલ્લાવાર)

| અ.નં. | જિલ્લાનું નામ | કૃષિ કિટસ ખેડૂતની સંખ્યા | કિટસની વિગત | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ડાંગ | ૪૬૫૦ | ડાંગર-૧૫૫૦, સોયાબીન-૩૧૦૦ | |
| ૨ | વલસાડ | ૬૭૮૫ | ડાંગર-૬૭૮૫ | |
| ૩ | નવસારી | ૪૦૨૪ | ડાંગર-૪૦૨૪ | |
| ૪ | સુરત | ૧૪૩૦૦ | ડાંગર-૧૧૯૮૫, દિવેલા-૧૨૯૦, તુવેર-૧૦૦,સોયાબીન-૪૭૦, જુવાર-૪૮૫ | |
| ૫ | ભરૂચ | ૬૫૪૫ | તલ-૪૧૦, મકાઈ-૩૮૮૫, તુવેર-૨૨૫૦ | |
| ૬ | નર્મદા | ૮૧૮૭ | ક્પાસ-(હા.)-૩૯૯૪, મકાઈ-૧૬૧૦, તુવેર-૨૨૮૩, સોયાબીન-૩૦૦ | |
| ૭ | વડોદરા | ૧૫૭૪૫ | ક્પાસ-(હાઈ.)-૧૭૭૩, મકાઈ-૭૬૭૦, તુવર-૪૫૭૭, અડદ-૧૩૮૦, ડાંગર-૧૭૦, બાજરા-૧૭૫ | |
| ૮ | દાહોદ | ૧૦૫૩૦ | મકાઈ-૭૦૨૦, સોયાબીન-૩૫૧૦ | |
| ૯ | પંચમહાલ | ૧૧૨૯૫ | મકાઈ-૩૩૯૦, તુવેર-૪૬૮૦, મગ-૩૨૨૫ | |
| ૧૦ | આણંદ | ૧૮૪૦ | ડાંગર-૧૨૪૫, બાજરા-૫૯૫ | |
| ૧૧ | ખેડા | ૩૨૨૫ | ડાંગર-૧૬૩૦, મકાઈ-૬૩૦, બાજરા-૯૬૫ | |
| ૧૨ | અમદાવાદ | ૨૮૮૦ | ક્પાસ (દેશી)-૧૨૧૫, તલ-૩૪૫, ડાંગર-૮૨૫, દિવેલા-૪૯૫ | |
| ૧૩ | ગાંધીનગર | ૧૫૦૦ | દિવેલા-૭૮૫, બાજરા-૭૧૫ | |
| ૧૪ | મહેસાણા | ૩૨૧૦ | બાજરા-૩૨૧૦ | |
| ૧૫ | પાટણ | ૨૬૧૫ | બાજરા-૧૮૭૦, મગ-૭૪૫ | |
| ૧૬ | બનાસકાંઠા | ૭૬૭૬ | દિવેલા-૬૪૬૬, બાજરા-૧૨૧૦ | |
| ૧૭ | સાબરકાંઠા | ૧૦૨૧૬ | દિવેલા-૧૬૨૧, મકાઈ-૬૦૭૬, મગ-૫૨૦, તુવેર-૧૨૬૮, બાજરા-૭૩૧ | |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૩૩૦૫ | તલ-૩૩૦૫ | |
| ૧૯ | રાજકોટ | ૪૩૧૦ | મગફળી-૩૪૪૮, તલ-૮૬૨ | |
| ૨૦ | જામનગર | ૩૪૦૦ | મગફળી-૩૪૦૦ | |
| ૨૧ | ક્ચ્છ | ૪૪૩૫ | દિવેલા-૧૩૨૫, મગ-૩૧૧૦ | |
| ૨૨ | જૂનાગઢ | ૪૧૫૮ | મગફળી-૪૧૫૮ | |
| ૨૩ | ભાવનગર | ૪૦૨૫ | મગફળી-૨૬૮૫, તલ-૮૭૫, બાજરા-૪૬૫ | |
| ૨૪ | અમરેલી | ૩૦૯૫ | મગફળી-૩૦૪૦, તલ-૫૫ | |
| ૨૫ | પોરબંદર | ૭૫૫ | મગફળી-૭૫૫ | |
| | કુલ : | ૧૪૨૭૩૬ | | |

## પત્રક-૩

## કૃષિરથ યાત્રા દરમ્યાન કૃષિ કિટસ અંગે થયેલ ખર્ચની વિગત (જિલ્લાવાર)

| અ.નં. | જિલ્લાનું નામ | કિટસની કિંમત (રૂા. માં) | નોંધ |
|---|---|---|---|
| ૧ | ડાંગ | ૨૫૦૦૧૩૧-૪૦ | |
| ૨ | વલસાડ | ૩૫૯૮૪૧૧-૧૮ | |
| ૩ | નવસારી | ૨૧૩૪૧૨૦-૩૫ | |
| ૪ | સુરત | ૭૬૩૮૪૯૩-૨૦ | |
| ૫ | ભરૂચ | ૩૯૫૮૪૪૬-૭૫ | |
| ૬ | નર્મદા | ૫૪૪૯૭૩૬-૪૬ | |

| અ.નં. | જિલ્લાનું નામ | કિટસની કિંમત (રૂા. માં) | નોંધ |
|---|---|---|---|
| ૭ | વડોદરા | ૯૯૬૧૯૫૨-૧૦ | |
| ૮ | દાહોદ | ૬૦૫૧૮૫૨-૧૪ | |
| ૯ | પંચમહાલ | ૭૫૨૩૫૬૬-૨૮ | |
| ૧૦ | આણંદ | ૯૧૭૦૫૪-૩૨ | |
| ૧૧ | ખેડા | ૧૬૫૩૫૧૦-૨૦ | |
| ૧૨ | અમદાવાદ | ૧૪૯૨૭૩૧-૭૧ | |
| ૧૩ | ગાંધીનગર | ૭૫૭૫૩૬-૦૦ | |
| ૧૪ | મહેસાણા | ૧૩૮૫૨૬૯-૦૮ | |
| ૧૫ | પાટણ | ૧૩૭૨૫૬૦-૦૨ | |
| ૧૬ | બનાસકાંઠા | ૪૨૨૦૩૮૮-૮૫ | |
| ૧૭ | સાબરકાંઠા | ૬૦૬૨૭૪૬-૦૬ | |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧૪૮૮૧૩૫-૭૪ | |
| ૧૯ | રાજકોટ | ૨૪૮૩૭૪૨-૬૬ | |
| ૨૦ | જામનગર | ૨૦૬૬૪૩૮-૪૦ | |
| ૨૧ | કચ્છ | ૩૧૧૮૭૮૧-૩૮ | |
| ૨૨ | જૂનાગઢ | ૨૫૨૭૧૩૨-૬૧ | |
| ૨૩ | ભાવનગર | ૨૨૨૬૫૩૨-૮૮ | |
| ૨૪ | અમરેલી | ૧૮૭૨૪૦૩-૭૮ | |
| ૨૫ | પોરબંદર | ૪૫૮૮૭૦-૮૮ | |
| | કુલ : | ૮૨૯૨૦૫૪૪-૪૪ | |

---------------

## ગાંધીનગર જિલ્લામાં પશુ ડોકટરો અને લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરની ખાલી જગ્યાઓ

અતારાંક્તિ ૭૬૩૨(૧૮-૧૧-૦૬)**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા પશુ દવાખાનાઓ અને સારવાર કેન્દ્રોમાં ડોકટરો અને લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરોની જગ્યા ખાલી છે,

(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શુ આયોજન છે, કેટલા સમયમાં ભરવામાં આવશે, અને

(૪) આ જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેવાના શાં કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૫-૨-૦૭) :

(૧) તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પશુ દવાખાનામાં પશુ ચિકિત્સા અધિકારીની કોઈ જગ્યા ખાલી નથી જ્યારે પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ખાતે લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરની ૩ (ત્રણ) જગ્યા ખાલી છે.

(૨) ખાલી જગ્યાની વિગત નીચે જણાવ્યા મુજબ છે.

| અ.નં. | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | તાલુકો | લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરની ખાલી જગ્યાની વિગત |
|---|---|---|---|
| ૧ | રાંધેજા | ગાંધીનગર | તા. ૪-૭-૦૫ |
| ૨ | ચરાડા | માણસા | તા. ૧-૩-૦૪ |
| ૩ | વડસર | કલોલ | તા. ૨-૧૦-૦૫ |

(૩) જેમ બને તેમ જલ્દીથી.

(૪) જિલ્લા વિભાજનમાં મળેલ મહેકમ તથા આંતર જિલ્લા ફેરબદલીને કારણે જગ્યાઓ ખાલી થયેલ છે.

---------------

**રાજ્યમાં પશુ રસીકરણનો સિધ્ધ થયેલ લક્ષ્યાંક**

અતારાંક્તિ ૭૬૫૩ (૧૪-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૦૫-૦૬ ની સાલમાં પશુ રસીકરણનો શો લક્ષ્યાંક હતો,

(૨) વર્ષને અંતે જિલ્લાવાર કેટલું રસીકરણ થયું, અને

(૩) જ્યાં લક્ષ્યાંક સિધ્ધ નથી થયો તેના શા કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૯-૧-૦૭) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૦૫-૦૬ ની સાલમાં પશુ રસીકરણનો લક્ષ્યાંક દર્શાવતી માહિતી નીચે દર્શાવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | રસીકરણનો લક્ષ્યાંક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૬૩૦૫૦૦ |
| ૨ | ગાંધીનગર | ૧૧૯૫૦૦ |
| ૩ | મહેસાણા | ૫૭૦૫૦૦ |
| ૪ | પાટણ | ૧૮૫૫૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૭૫૩૦૦૦ |
| ૬ | સાબરકાંઠા | ૧૭૬૬૫૦૦ |
| ૭ | ખેડા (નડીયાદ) | ૧૮૩૫૦૦ |
| ૮ | આણંદ | ૧૩૬૦૦૦ |
| ૯ | વડોદરા | ૭૮૮૦૦૦ |
| ૧૦ | ભરૂચ | ૧૮૬૦૦૦ |
| ૧૧ | નર્મદા | ૧૨૧૦૦૦ |
| ૧૨ | દાહોદ | ૧૯૪૫૦૦ |
| ૧૩ | ગોધરા | ૨૯૫૫૦૦ |
| ૧૪ | સુરત | ૭૯૧૫૦૦ |
| ૧૫ | નવસારી | ૧૫૩૫૦૦ |
| ૧૬ | વલસાડ | ૪૨૧૦૦૦ |
| ૧૭ | આહવા-ડાંગ | ૧૦૦૫૦૦ |
| ૧૮ | કચ્છ-ભૂજ | ૫૬૦૦૦૦ |
| ૧૯ | જામનગર | ૩૬૬૦૦૦ |
| ૨૦ | ભાવનગર | ૭૫૩૦૦૦ |
| ૨૧ | અમરેલી | ૩૮૩૦૦૦ |
| ૨૨ | પોરબંદર | ૫૯૫૦૦ |
| ૨૩ | જૂનાગઢ | ૩૨૮૮૦૦ |
| ૨૪ | રાજકોટ | ૧૦૧૯૫૦૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૪૪૧૫૦૦ |
| | **કુલ :** | **૧૨૩૦૭૮૦૦** |

(૨) રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૦૫-૦૬ ની સાલમાં થયેલ રસીકરણની સિધ્ધી દર્શાવતી માહિતી નીચે દર્શાવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | રસીકરણનો લક્ષ્યાંક |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧૯૮૨૮૪ |
| ૨ | ગાંધીનગર | ૧૮૩૧૯૪ |
| ૩ | મહેસાણા | ૨૮૬૫૩૩૩ |
| ૪ | પાટણ | ૪૧૨૨૫૦ |
| ૫ | બનાસકાંઠા | ૨૯૬૯૮૫૮ |
| ૬ | સાબરકાંઠા | ૨૩૭૯૦૯૯ |

| અ.નં. | જિલ્લાનું નામ | રસીકરણનો લક્ષ્યાંક |
|---|---|---|
| ૭ | ખેડા (નડીયાદ) | ૧૦૨૧૨૩૧ |
| ૮ | આણંદ | ૨૬૭૯૪૪ |
| ૯ | વડોદરા | ૧૧૧૫૯૮૦ |
| ૧૦ | ભરૂચ | ૨૦૯૪૦૮ |
| ૧૧ | નર્મદા | ૧૯૯૩૯૯ |
| ૧૨ | દાહોદ | ૩૪૪૬૧૫ |
| ૧૩ | ગોધરા | ૫૫૭૨૮૯ |
| ૧૪ | સુરત | ૭૮૨૨૫૮ |
| ૧૫ | નવસારી | ૧૩૦૨૭૩ |
| ૧૬ | વલસાડ | ૫૨૦૫૪૧ |
| ૧૭ | આહવા-ડાંગ | ૧૨૪૦૯૨ |
| ૧૮ | કચ્છ-ભૂજ | ૬૯૨૨૭૬ |
| ૧૯ | જામનગર | ૩૮૧૦૩૨ |
| ૨૦ | ભાવનગર | ૩૮૦૩૧૫ |
| ૨૧ | અમરેલી | ૪૮૪૪૭૦ |
| ૨૨ | પોરબંદર | ૧૮૦૭૮૫ |
| ૨૩ | જૂનાગઢ | ૩૨૪૭૦૪ |
| ૨૪ | રાજકોટ | ૯૭૪૯૧૮ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૪૫૪૦૧૧ |
| | **કુલ :** | **૧૯૧૫૩૫૫૯** |

(૩) રાજ્યના સુરત, વલસાડ, નવસારી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને જૂનાગઢ જિલ્લાના પશુ સારવાર કેન્દ્રો ખાતે તાંત્રિક કર્મચારીઓ જેવા કે પશુ ચિકિત્સાર અધિકારી, પશુધન નિરીક્ષકની જગ્યાઓ ખાલી હોવાથી લક્ષ્યાંક સિધ્ધ થયેલ નથી.

---------------

**રાજ્યમાં પશુ દવાખાના બનાવવાનું આયોજન**

અતારાંક્તિ ૭૬૫૮**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૬-૦૭ માં રાજ્યમાં કઈ કઈ જગ્યાએ પશુ દવાખાના બનાવવાનું આયોજન છે,

(૨) તે પેટે કેટલી રકમ ફાળવાઈ છે, અને

(૩) ક્યાં સુધીમાં તે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૩૧-૧-૦૭) :

(૧) સને ૨૦૦૬-૦૭ માં રાજ્યમાં નીચે દર્શાવેલ જગ્યાએ પશુ દવાખાનાં બનાવવાનું આયોજન છે.

| અ.નં. | સ્થળ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ઓગણજ | દશકોઈ | અમદાવાદ |
| ૨ | રામપુરા | દેત્રોજ | અમદાવાદ |
| ૩ | કપરાડા | કપરાડા | વલસાડ |

(૨) તે પેટે નીચે જણાવ્યા મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | સ્થળ | જિલ્લો | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ઓગણજ | અમદાવાદ | રૂા. ૪.૦૦ લાખ |
| ૨ | રામપુરા | અમદાવાદ | રૂા. ૭.૦૦ લાખ |
| ૩ | કપરાડા | વલસાડ | રૂા. ૬.૦૦ લાખની જોગવાઈ સામે ગ્રાન્ટ ફાળવણી બાકી છે તાંત્રિક મંજૂરી મળેલ છે. |

૩. વર્ષ ૨૦૦૭-૦૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

----------------

## બારડોલી તાલુકામાં તળાવમાં ગેરકાનૂની માછીમારોની પ્રવૃત્તિ

અતારાંક્તિ ૭૬૬૨ (૮-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બારડોલી તાલુકાના તરભોણ ગામમાં ભાડાપટ્ટે અપાયેલ તળાવમાં માછીમારીની મુદત જુલાઈ, ૨૦૦૩ના રોજ પૂરી થઈ ગઈ છે તેમ છતાં આ તળાવમાં ગેરકાનૂની માછીમારી ચાલુ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા, તો સન ૨૦૦૩ થી હાલ પર્યંત તળાવનો ગેરકાનૂની કબજો રાખી ગેરકાનૂની પ્રવૃત્તિ ચાલી રહી છે તેના શા કારણો છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૩-૨-૦૭) :

(૧) હા, જી.

(૨) કલેક્ટરશ્રી સુરતના તા. ૧૦-૧૨-૯૮ના હુકમથી મોજે તરભોણ, ગામમાં બ્લોક નં. ૧ વાળી તળાવની જમીન ૫ વર્ષના ભાડા પટ્ટે મત્સ્યોદ્યોગના હેતુ માટે ફાળવવામાં આવેલ હતી. સદરહુ તળાવની પટ્ટાની મુદત તા. ૩૧-૭-૨૦૦૩ ના રોજ પુરી થતા મામલતદારશ્રી બારડોલીની સુચના મુજબ તળાવનો કબજો પંચો, સરપંચશ્રી તથા સભ્યોશ્રી રૂબરૂ એક તરફી લેવામાં આવેલ હતો. જેની બજવણી સ્થળ ઉપર પંચો રૂબરૂ પંચનામું ચોટાડી કરવામાં આવેલ હતી. પરંતુ પટ્ટેદારશ્રી માલકમ મીનુ વરીયાવાએ તેઓના માણસો દ્વારા ગેર કાયદેસર રીતે મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ ચાલુ રાખેલી છે. કબજો છોડવવા અંગે ગ્રામ પંચાયત તરફથી તથા મામલતદારશ્રી બારડોલી તરફથી પટ્ટેદારશ્રીના માણસોને સુચનાઓ આપવા છતાં કબજો છોડેલ નથી.

----------------

## રાજ્યમાં પ્રાણીઓ દીઠ સ્નાતક કક્ષાના ડૉક્ટર ધરાવતા પશુ દવાખાના તેયાર કરવા અંગે

અતારાંક્તિ ૭૭૮૯ (૧૭-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય કૃષિ અનુસંધાન પરિષદની ભલામણો તથા ભારત સરકારના સચિવોની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર સને ૨૦૦૦ ની સાલના અંત સુધીમાં પ્રતિ ૫૦૦૦ પ્રાણી દીઠ એક સ્નાતક ડૉક્ટર કક્ષાનું પ્રાણી દવાખાનું પ્રત્યેક રાજ્યમાં ઉભું કરવા નિર્ણય લેવાયો છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ સ્થાપિત ધોરણ અનુસાર છેલ્લી પ્રાણી વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં કેટલા પ્રાણી દવાખાના હોવા જરૂરી છે,

(૩) તે સામે તા.૩૧-૧૦-૨૦૦૬ની સ્થિતિએ કેટલાં દવાખાના કાર્યરત છે, અને

(૪) ખુટતાં પ્રાણી દવાખાનાં તેયાર કરવા રાજ્ય સરકારે શી યોજના બનાવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૦૭) :

(૧) હા, જી.

(૨) છેલ્લા પ્રાણી વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં સ્નાતક ડૉક્ટર કક્ષાના કુલ ૩૧૦૩ પ્રાણી દવાખાના હોવા જરૂરી છે.

(૩) તા.૩૧-૧૦-૦૬ની સ્થિતિએ સ્નાતક ડૉક્ટર કક્ષાના કુલ ૫૦૪ પ્રાણી દવાખાના કાર્યરત છે.

(૪) દર વર્ષે નાણાકીય જોગવાઇ ધ્યાને લઇ નવા પશુ દવાખાના ખોલવા પ્રયત્ન કરવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, સ્નાતક ડૉક્ટર કક્ષાના પ્રાણી દવાખાના સિવાયની અન્ય નીચે જણાવેલ સંસ્થાઓ મારફતે પ્રાથમિક સારવાર, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન જેવી સેવાઓ આપવામાં આવે છે જે સંસ્થાઓ ખાતે પશુધન નિરીક્ષકો દ્વારા સેવાઓ આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | સંસ્થા | સંખ્યા |
|---|---|---|
| ૧. | શાખા પશુ દવાખાના | ૧૯ |
| ૨. | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | ૫૫૧ |
| ૩. | ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાના ઉપ કેન્દ્રો | ૭૪૧ |
| ૪. | ગ્રામ્ય પ્રા. પશુ આરોગ્ય સેવા કેન્દ્રો | ૧૭૮ |
| | કુલ :- | ૧૪૮૯ |

---------------

**ગાંધીનગર જિલ્લાનું એસ.એસ.સી. તથા એચ.એસ.સી.નું પરિણામ**

અતારાંક્તિ ૭૬૧૨ (૮-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લાનું વર્ષ ૨૦૦૬ નું એસ.એસ.સી. તથા એચ.એસ.સી.નું સરકારી અને ખાનગી શાળાવાર પરિણામ કેટલા ટકા આવ્યું,

(૨) શાળાવાર પરિણામની ટકાવારી વધે તે માટે શાં શાં પગલાં ભરવામાં આવ્યા, અને

(૩) નબળા પરિણામવાળી શાળાઓ સામે શાળાવાર શાં શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૮-૨-૦૭) :

(૧) *પત્રક-૧, ૨ અને *પત્રક-૩ (સામેલ છે.)

(૨) પરિણામની ટકાવારી વધે તે માટે નીચે મુજબના પગલાં ભરવામાં આવ્યા છે.

૧. શાળાવાર પરિણામ વધે તે માટે શાળાઓના માર્ગદર્શન માટે પ્રશ્ન બેંક્ની પુસ્તિકાઓ બે નક્લમાં આપી.

૨. જિલ્લા શિક્ષણાધિકારી ક્ચેરી દ્વારા એક્શન પ્લાન તેયાર કરી માર્ગદર્શન આપવામાં આવેલ અને તજજ્ઞ રિપોર્ટ શાળાઓને વિતરણ કરવામાં આવેલ છે.

૩. રજાના દિવસે તેમજ સ્કુલ તાસમાં વધારાના વર્ગો ગોઠવી નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી માસિક ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

૪. ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

૫. ગુજરાતી, ગણિત, સમાજવિદ્યા વિષયમાં સામાન્યતઃ પરિણામ ઓછું આવે છે તે અંગે બોર્ડ દ્વારા આવી ઉત્તરવહીઓનું પૃથ્થકરણ કરી બાળકો ક્યા પ્રકારની ક્યા પ્રશ્નમાં ક્યા ક્યા વિષયોમાં ભૂલો કરે છે તે તરફ ધ્યાન દોરી આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સબંધિત શાળાઓને જાણ કરવામાં આવી.

(૩) નબળા પરિણામવાળી શાળાઓ સામે ગ્રાન્ટકાપ અંગેના પગલાં ભરવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

---------------

**ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના ઓરડાની દરખાસ્તો**

અતારાંક્તિ ૭૬૧૩ (૮-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડા નવા બનાવવાની દરખાસ્તો સરકારને મળી,

(૨) મળેલ દરખાસ્તો પેકી ક્યા ક્યા ગામ અને તાલુકામાં કેટલી દરખાસ્તોને મંજૂરી આપી, અને

(૩) બાકી દરખાસ્તોને મંજૂરી આપવાનું શું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૧૨-૦૬) :

(૧) *પત્રક-૧ મુજબ.

(૨) *પત્રક-૨ મુજબ.

(૩) જમીન ન મળવાના કારણે ૮૪ ઓરડાઓનું આયોજન કરવામાં આવેલ નથી. જમીન ઉપલબ્ધ થયેથી નવા ઓરડાઓ મંજૂર કરવામાં આવશે.

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

---------------

**સુરત જિલ્લામાં સાક્ષરતા અભિયાન**

અતારાંક્તિ ૭૭૭૯ (૧૪-૧૧-૦૬) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) કઇ કઇ બાબત ઉપર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવ્યું ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૨-૦૬) :

(૧)

| **વર્ષ** | **આવરી લેવાયેલ વ્યક્તિઓ** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૯૫૭૦૯ |
| ૨૦૦૫-૦૬ | ૫૨૮૦૩ |

(૨)

| **વર્ષ ૨૦૦૪-૦૫** | **ખર્ચ (રૂા.)** |
|---|---|
| ટેલિફોન બીલ, ઝેરોક્ષ, સ્ટેશનરી, કોમ્પ્યુટર-પ્રિન્ટીંગ, પ્રવાસ ભથ્થા | ૮૧૧૫૦ |

| **વર્ષ ૨૦૦૫-૦૬** | **ખર્ચ (રૂા.)** |
|---|---|
| પુસ્તક ખરીદી | ૧૫૪૬૬૭૯ |
| નકશા ચાર્ટ ખરીદી | ૨૯૭૮૮૦ |
| પ્રેરક તાલીમ | ૧૨૫૨૫ |
| સામયિક ખરીદી | ૩૮૬૯૦૦ |
| ટેલિફોન બીલ, ઝેરોક્ષ, સ્ટેશનરી, કોમ્પ્યુટર-પ્રિન્ટીંગ, પ્રવાસ ભથ્થા | ૧૫૯૩૫૪ |

(૩) રાજ્ય સાક્ષરતા મીશન, ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણ કેન્દ્રોના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, બિન સરકારી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ, માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો/વિદ્યાર્થીઓ, પી.ટી.સી., ડી.પી.એડ, જી.બી.ટી.સી., બી.એડ., કોલેજો અને એન.એસ.એસ.ના તાલીમાર્થીઓ મારફતે કરવામાં આવેલ છે.

----------

**રાજ્યમાં યાયાવર પક્ષીઓની વસાહતો**

અતારાંક્તિ ૭૭૨૨ (૧૨-૧૨-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ક્યા ક્યા વિસ્તારોમાં વિદેશી યાયાવર પક્ષીઓની વસાહતો છેલ્લા કેટલાક વર્ષોથી સારા પ્રમાણમાં નોંધાઇ છે,

(૨) આ વિસ્તારોને રક્ષિત કરવા તથા તેના વિકાસ માટે કેવા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૩) આ વિસ્તારમાં પક્ષીના સંરક્ષણ અને તેનો શિકાર ન થાય તે માટે લેવાયેલાં પગલાંની વિગતો શી છે ?

**વન મંત્રીશ્રી** (૨૨-૧-૦૭) :

(૧) ગુજરાત રાજ્યમાં કચ્છ, સોરાષ્ટ્ર, મધ્ય ગુજરાત તેમજ ઉત્તર ગુજરાતમાં યાયાવર પક્ષીઓની વસાહતો છેલ્લા કેટલાક વર્ષોથી સારા પ્રમાણમાં નોંધાઇ છે.

(૨) ગુજરાત રાજ્યમાં યાયાવર પક્ષીઓ જે સ્થળે આવે છે તે પૈકીના અમુક સ્થળોને અભયારણ્ય જાહેર કરેલ છે. જેમકે પોરબંદર પક્ષી અભયારણ્ય, ખીજડીયા પક્ષી અભયારણ્ય, ગાગા પક્ષી અભયારણ્ય, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ અભયારણ્ય, આ ઉપરાંત અન્ય વેટલેન્ડ જેવા કે (૧) વઢવાણા વેટલેન્ડ, (૨) લીટલ રન ઓફ કચ્છ (૩) ગ્રેટ રન ઓફ કચ્છ, (૪) પરીએજ વેટલેન્ડ, (૫) થોળ અભયારણ્ય (૬) નળ સરોવર અભયારણ્ય, (૭) ખીજડીયા અભયારણ્ય, (૮) નાની કકરાડ ને કેન્દ્ર સરકાર દ્વારા વિકાસના કામો માટે મંજૂરી મળેલ છે. આ ઉપરાંત અન્ય સ્થળોએ પક્ષીઓના સંરક્ષણ અને તેનો શિકાર ન થાય તે માટે ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવે છે. વાયરલેસ નેટવર્ક પુરું પાડવામાં આવે છે, લોક જાગૃત્તિનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

(૩) આ વિસ્તારમાં પક્ષીના સંરક્ષણ અને તેનો શિકાર ન થાય તે માટે ક્ષેત્રિય કર્મચારીઓ દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવે છે, વાયરલેસ નેટવર્ક પુરું પાડવામાં આવે છે, લોક જાગૃત્તિનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

---------------

**અમદાવાદ શહેરમાં સાબરમતી નદીના પટમાં ગુજરી બઝારમાં પક્ષીઓનો ગેરકાનૂની વેચાણ**

અતારાંક્તિ ૭૭૬૮ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં સાબરમતી નદીના પટમાં રવિવારે ભરાતા ગુજરી બજારમાં પક્ષીઓનાં ગેરકાનૂની વેચાણ નિયમિત થાય છે તે હકીક્ત સાચી છે,

(૨) વન ખાતા દ્વારા કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ તથા ૨૦૦૫ માં કેટલા દરોડા પાડી ક્યા ક્યા પક્ષી, કેટલી સંખ્યામાં પકડી પાડયાં,

(૩) ગુનાહિત વેપારીઓ સામે શાં પગલાં લેવાયા છે, અને

(૪) આ ગેરકાનૂની વેપારને બંધ કરવા શાં પગલાં લેવાયાં છે ?

**વન મંત્રીશ્રી** (૩-૨-૦૭) :

(૧) ના જી, નિયમિત વેચાણ થતું નથી.

(૨) નીચે મુજબ પક્ષીઓ પકડાયેલ છે.

| **વર્ષ** | **દરોડાની સંખ્યા** | **જાત** | **સંખ્યા** |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૨૯ | -- | -- |
| ૨૦૦૪ | ૨૮ | પોપટ | ૫૨ |
| ૨૦૦૫ | ૨૪ | -- | -- |

(૩) ગુનાહિત વ્યક્તિ પાસેથી પક્ષીઓને કબ્જે લઇ તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ગેરકાનૂની પક્ષીઓના વેચાણ બંધ કરવા તાબાના ક્ષેત્રીય સ્ટાફને ઓચિંતી રેડ પાડવા અને પક્ષીઓનો વેચાણ ન થાય તેની સાવચેતી રાખવા સૂચના આપવામાં આવેલ છે.

---------------

**ધારાસભ્યશ્રીઓ દ્વારા મળેલ પત્રો અને વચગાળાના જવાબ અંગે**

અતારાંક્તિ ૭૩૪૫ (૨૪-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૭-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ધારાસભ્યોએ આરોગ્ય મંત્રીશ્રીને કેટલા પત્રો લખ્યા,

(૨) તે અન્વયે કેટલા ધારાસભ્યોને પહોંચ અને વચગાળાનો જવાબ આપવામાં આવ્યો, અને

(૩) કેટલા પત્રોનો આખરી નિકાલ કરી ધારાસભ્યોને જાણ કરવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૩-૨-૦૭) :

(૧) છેલ્લા બે વર્ષમાં કુલ : ૫૨૦ પત્રો મળ્યા.

વર્ષ : (૧) ૧-૮-૨૦૦૪ થી ૩૧-૭-૨૦૦૫ કુલ-૩૬૫

વર્ષ : (૨) ૧-૮-૨૦૦૫ થી ૩૧-૭-૨૦૦૬ કુલ-૧૫૫

(૨) તે અન્વયે ૩૧૮ ધારાસભ્યોને પહોંચ અને વચગાળાનો જવાબ આપવામાં આવ્યો.

(૩) કુલ : ૪૩૪ પત્રોનો આખરી નિકાલ કરી ધારાસભ્યોને જાણ કરવામાં આવી.

---------------

**ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદ દવાખાનામાં રેગ્યુલર ડૉક્ટરોની નિમણૂંક અંગે**

અતારાંક્તિ ૭૬૭૦ (૨૨-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદ ડીસ્પેન્સરીઓ ક્યાં ક્યાં આવેલ છે,

(૨) આ ડીસ્પેન્સરીઓમાં રેગ્યુલર ડૉક્ટરની સેવા પ્રજાને મળે છે કે કેમ,

(૩) કઇ કઇ ડીસ્પેન્સરીઓ ચાર્જવાળા ડૉક્ટરોથી ચલાવવામાં આવે છે, અને

(૪) તમામ ડીસ્પેન્સરીઓ ઉપર રેગ્યુલર ડૉક્ટરોની ક્યારે નિમણૂંક કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૨-૦૭) :

(૧)

| | | | |
|---|---|---|---|
| ૧. | પોર | ૮. | મગોડી |
| ૨. | જમીયતપુરા | ૯. | રિદ્રોલ |
| ૩. | કુડાસણ | ૧૦. | પરબતપુરા |
| ૪. | સરઢવ | ૧૧. | ઇસંડ |
| ૫. | અમીયાપુરા | ૧૨. | ક્લોલ |
| ૬. | ટીટોડા | ૧૩. | ખાનપુર |
| ૭. | દોલરાણા વાસણા | ૧૪. | પીપળજ |

(૨) હા, જી.

(૩) દોલરાણા વાસણા, મગોડી, ઇસંડ, પીપળજ

(૪) વહેલામાં વહેલી તકે.

---------------

**આયુર્વેદ દવા બનાવવાના લાઇસન્સ મેળવવાની અરજીઓ**

અતારાંક્તિ ૭૭૨૪ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પંચગવ્યમાંથી આયુર્વેદિક દવા બનાવવા ઉત્પાદકોને આરોગ્ય ખાતામાંથી લાઇસન્સ મેળવવાની કેટલી અરજી જૂન-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં મળી,

(૨) કેટલાને લાઇસન્સ અપાયા, અને

(૩) જેમને લાઇસન્સ નથી આપાયાં તેનાં શાં કારણો છે અને તે કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૩-૨-૦૭) :

(૧) ઉત્પાદકો તરફથી જુન-૨૦૦૬ સુધી કુલ ૬ (છ) અરજીઓ મળેલ છે.

(૨) કુલ-૬(છ) લાયસન્સ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**હોટલ/રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારી ખોરાકના લેબલ અને નેઇમ પ્લેટ અંગે**

અતારાંક્તિ ૭૭૨૬ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખોરાક અને ઓષધ નિયમન તંત્ર, ગાંધીનગર તરફથી હોટલ/રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારી ખોરાક માટે ખાધ પદાર્થોના લેબલ નેઇમ પ્લેટ તથા મેનુમાં લીલા તથા કથ્થઇ રંગનું ચિન્હ મુકવું ફરજીયાત બનાવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) અમદાવાદ શહેરમાં આ આદેશના અમલ કરવા શી વ્યવસ્થા ગોઠવાઇ છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઇ છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૭-૨-૦૭) :

(૧) હા, જી.

(૨) કમિશ્નર તંત્રની કચેરી દ્વારા તા.૨૮-૭-૨૦૦૬ના પરિપત્રથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારી અને લોકલ હેલ્થ ઓથોરીટીને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. અને તેઓના આરોગ્ય વિભાગ દ્વારા તેનો અમલ કરવાની વ્યવસ્થા ગોઠવાયેલ છે. (પરિપત્ર અને ભારત સરકારનો પત્ર સામેલ રાખેલ છે.)

(૩) આરોગ્ય અધિકારી અને લોકલ હેલ્થ ઓથોરીટી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને જવાબદારી સોંપાયેલ છે.

<u>અગત્યનું/તાકીદનું</u>

જા.નં.પ્રી.એફ.એ./હોટલ/૫૦૬૫૭-૮૭
કમિશ્નરશ્રી, ખોરાક અને ઓષધ નિયમન

તંત્ર,

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક

નં.૮/૧,

ગાંધીનગર,
તારીખ :-૨૮-૭-૨૦૦૬.

: પ રિ પ ત્ર :

**વિષય :** હોટલમાં પીરસવામાં આવતી ખાદ્ય ચીજો ઉપર મૂકવામાં આવતા લેબલ ઉપર શાકાહારી/બીન શાકાહારી માટે લીલા રંગનું અને કથ્થાઇ (બ્રાઉન) રંગનું ચિન દર્શાવવા બાબત.

ગુજરાત રાજ્યના તમામ લોકલ હેલ્થ ઓથોરીટીને/કોર્પોરેશન સહિતનાને જણાવવાનું કે, ડાયરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વીસીસ, ""ન્યુ દિલ્હીના તા.૨૯-૬-૦૬ ના પત્રની નકલ આ સાથે મોકલી આપવામાં આવે છે. તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ હોટલો અને રેસ્ટોરન્ટોને આ યાદી બાબતે જાણ કરી તેનું ચુસ્ત રીતે પાલન થાય તે જોવા અને સમયાંતરે તપાસ કરી અત્રે અહેવાલ કરવા જણાવવામાં આવે છે.

સહી/-અવાચ્ય,
કમિશ્નર,
ખોરાક અને ઓષધ નિયમન તંત્ર,
ગાંધીનગર.

બિડાણ : ઉપર મુજબ.

પ્રતિ,

૧. લોકલ હેલ્થ ઓથોરીટી, તમામ (કોર્પોરેશન સહિત),
૨. ફુડ ઇન્સ્પેકટરશ્રી, વડી કચેરી, તમામ.

---

***Most Immediate***

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

P ૧૫૦૧૯/૧૪/૨૦૦૪ PH (Food)
Directorate General of Health Services

Nirman Bhawan, New Delhi.
Date : ૨૯-૬-૨૦૦૬.

To,

The President
Faderation of Hotel & Restaurants Association of India
B-૧૨, ૮th Floor, Himalaya House,
૨૩ Kasturba Gandhi Marg
New Delhi

**Subject : Placing of red and green dots for vegetarian and non-vegetarian food Compliance by hotels and restaurants-**

Madam / Sir,

It has been brought to our notice that compulsory display of green dot and brown dot for vegetarian food and non- vegetarian food respectively, is not being complied with fully by many of the hotels and restaurants. The buffet dinner or lunch served or by various hotels and restaurants to their customers, in the country do not display any clear indication to display the category of the food being served is whether "vegetarian food" or "non-vegetarian food". Besides, the nomnenclature given to many of the food items may be highly misleading to most customers, particularly to vegetarians.

Clause (X) of section ૧૧, of the PFA ACT, ૧૯૫૪ defines "package" as under :-

(X) "package" means a box, bottle, casket, tin, barrel, case, receptacle, sack, bag, wrapper or other thing in which article of food is placed or packed."

The Ministry of Law, in a judgment of High Court of Delhi in case of Municipal corporation of Delhi Vs Sunder Das-૧૯૮૨ (૧) FAC ૧૦૬, wherein the high Court of Delhi considered the question whether an open container like a Bhagona falls within the definition of word "package" under the PFA Act and it was held that the definition of the word "package" is wide enough to take within its sweep an open container like a Bhagona. In Vijay Kumar Vs the State-૨૦૦૦ (૧) FAC ૧૩, the High Court of Delhi again considered the definition of "package" as defined in the Act. Taking cue from the aforesaid earlier decision the Court held that the definition of "package" is of wide amplitude and it embraces within its fold and open container like a tray.

It is desirable that proper indication with regard to the category of the food whether it is vegetarian or non- vegetarian must be displayed throught green or brown DOT, even when the same is served at buffet lunch or dinner.

You are, therefore, requested to kindly issue suitable necessary guidelines/instruction to all the holds and restaurants who are members of your association to display brown or green dots on menu and name board (display board) in respect of non- vegetarian and vegetarian food, as the case may be, at buffet dinner or lunch.

Action taken report in this regard may kindly be intimated to this Directorate at the earliest.

Receipt of the letter may please be acknowledged.

Yours Faithfully,

Dr. D. Chattopadhya,
Assistant Director General (PFA)

Copy forwarded to all Food (Health) Authorities of States/UTs for information and further necessary action to ensure compliance of display of the brown or green dot, as the case may be.

Dr. D. Chattopadhya,
Assistant Director General (PFA)

**ભરૂચ જિલ્લાના ઝગડીયા ખાતે આવેલ સેવા રૂરલ સંસ્થા**

અતારાંક્તિ ૭૭૩૦ (૧૪-૧૨-૦૬) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લાના ઝગડીયા ખાતે આવેલ સેવા રૂરલ સંસ્થાને અગાઉ કઇ સાલમાં ૪૦ ગામોને આરોગ્ય સુવિધા મળે તે માટે આપવામાં આવેલ,

(૨) આ સેવા રૂરલ સંસ્થાને આ ૪૦ ગામોની આરોગ્ય સેવાનો વહીવટ રાજ્ય સરકારને કઇ સાલમાં પાછો આપવામાં આવ્યો, અને

(૩) આ ૪૦ ગામોની આરોગ્ય સુવિધા નહીં પુરી પાડવા માટેના શાં કારણો છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૭-૨-૦૭) :

(૧) વર્ષ ૧૯૮૪ તથા વર્ષ ૧૯૮૬ માં નિર્ણય લેવાયેલ, ત્યારબાદ વર્ષ ૧૯૮૯ માં ઝગડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સેવા રૂરલ સંસ્થાને ચલાવવા મંજૂરી આપેલ.

(૨) વર્ષ ૨૦૦૦ માં સેવા રૂરલ સંસ્થાએ આ વહીવટ પરત કરેલ છે.

(૩) હાલ, આ ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગોવાલી, અવિધા, ધારોલી, જેશપુર, ભાલોદ દ્વારા આરોગ્ય સુવિધા પુરી પાડવામાં આવે છે.

---------------

**અમદાવાદ શહેરમાં ગર્ભપાત કરવાની મંજૂરી મળી હોય તેવી હોસ્પિટલો**

અતારાંક્તિ ૭૭૫૯ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં ગર્ભપાત કરવાની મંજૂરી મળી હોય, તેવી કઇ કઇ હોસ્પિટલ/ડૉક્ટરો જૂન-૨૦૦૬ ની સ્થિતિએ છે,

(૨) જૂન-૨૦૦૬ની સ્થિતિએ બે વર્ષમાં કેટલા અને ક્યા ડૉક્ટરો સામે ગેરકાનૂની ગર્ભપાત થતાં રોક્વા દરોડા પાડવામાં આવ્યા,

(૩) ગેરકાનૂની ગર્ભપાત કરતા ક્યા ક્યા ડૉક્ટરો ઝડપાયા અને તેની સામે શા પગલાં લેવાયાં, અને

(૪) ગેરકાનૂની ગર્ભપાત રોક્વા શા ચુસ્ત પગલાં લેવાય છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૬-૨-૦૭) :

(૧) આ સાથે *પત્રક સામેલ છે.

(૨) જૂન-૨૦૦૬ની સ્થિતિએ બે વર્ષમાં નીચે મુજબના ત્રણ ડૉક્ટરો સામે ગર્ભપાત થતા રોક્વા દરોડા પાડવામાં આવ્યા,

(૧) ડૉ. પરેશ જી.પટેલ, અમદાવાદ (૨) ડૉ. રાજેન્દ્ર પટેલ, રાણીપ, અમદાવાદ (૩) ડૉ. રાજેશ શાહ, દુધેશ્વર રોડ, અમદાવાદ.

(૩) ગેરકાનૂની ગર્ભપાત કરતા એક્પણ ડૉક્ટર ઝડપાયા નથી, તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) એમ.ટી.પી. એક્ટ અંતગર્ત નોંધણી થયેલ ડૉક્ટરો/સંસ્થાઓની વારંવાર ઓચિંતી ચકાસણી કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

---------------

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**કેડીયલ પ્રકારના પ્રતિબંધિત ઇન્જેક્શનો વાપરવા બાબત**

અતારાંક્તિ ૭૭૬૧ (૧૨-૧૨-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બાળ સ્ત્રીભ્રુણ હત્યા કરવા રાજ્યમાં તમામ સ્થળોએ ડૉકટરો ""કેડીયલ"" પ્રકારના પ્રતિબંધિત ઇન્જેક્શનો વાપરી રહ્યા છે તે અંગે આરોગ્ય વિભાગ જાણકારી ધરાવે છે,

(૨) આ ગુનાહિત પ્રવૃત્તિ રોકવા તથા આવા ઇન્જેક્શનો વેચતા મેડીકલ સ્ટોર્સ સામે કડક પગલાં ભરવા ઉચ્ચકક્ષાએ શા આદેશો અપાયા છે, અને

(૩) આ પ્રતિબંધિત ઇન્જેક્શનો શોધી કાઢવા તંત્ર દ્વારા શી કાર્યવાહી થઇ રહી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૩-૨-૦૭) :

(૧) હા, જી.

(૨) કમિશ્નર તંત્ર દ્વારા તા.૯-૫-૨૦૦૬ના રોજ પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રમાં તંત્રના તાબા હેઠળની દરેક વર્તુળ કચેરીઓના મદદનીશ કમિશ્નરને તેઓના કાર્યક્ષેત્રે જિલ્લાઓમાં આવેલ સ્ટોકીસ્ટ હોલસેલ, રીટેઇલર કે જેઓ આ પ્રકારની દવાની ખરીદી/ વેચાણ કરતા હોય તેઓને ત્યાં તપાસ કરી તેની વિગતો સબંધિત જિલ્લા આરોગ્ય અધિકારીને મોકલી આપવા જણાવવામાં આવેલ છે. જે અંગે વર્તુળ કચેરીઓએ જરૂરી વિગતો તેઓના જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીને મોકલી આપેલ છે.

(૩) તંત્ર દ્વારા તા.૯-૫-૨૦૦૬ના પરિપત્ર બહાર પાડેલ છે, દવાના પરવાનેદાર પેઢી કોઇ ગેરરીતિ કરતી માલુમ પડે તો તેઓ સાથે સખત પગલાં લેવા સૂચના આપવામાં આવેલ છે. (પરિપત્ર સામેલ છે.)

**તાકીદનું** ક્રમાંક : સ્ત્રી
ભ્રુણ/૨૦૦૬/૨૯૧૫૬-૭૪/બી,

કમિશ્નરની કચેરી,
ખોરાક અને ઓષધ નિયમન તંત્ર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર,
તા. : ૯-૫-૨૦૦૬.

**પરિપત્ર**

**વિષય :- <u>ઓષધ અને સૌંદર્યપ્રસાધન ધારો -૧૯૪૦ અને તે અન્વયેના નિયમો</u>**
**સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા બાબતે તપાસ**

આથી તંત્રના તમામ વર્તુળ કચેરીના મદદનીશ કમિશ્નરને જણાવવાનું કે, તાજેતરમાં સરકારશ્રીએ સ્ત્રીભ્રુણ હત્યા નિવારણ ધારા બનાવેલ છે અને આ કાયદા અન્વયે સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા માટે આ કાયદાનો કડક અમલ કરવાનો રહે છે અને તેનો અસરકારક અમલ થાય તે ખૂબજ જરૂરી છે. સ્ત્રી પ્રેગ્નનસીસ પછીના બાર અઠવાડિયા બાદ જાતિ અંગેનુ પરિક્ષણ થઈ શકે અને આ જાતિ પરિક્ષણ ડોકટર ધ્વારા સોનોગ્રાફી કરીને જાતિ નક્કી કરી આપે છે અને જો સ્ત્રી જાતિ માલુમ પડે તો સ્ત્રીભ્રુણ હત્યા કરવામાં આવતી હોય છે. આ સમયે ડોકટર દ્વારા એર્બોશન થઈ શકે તેવી નીચે મુજબની દવાઓ તેમજ આ પ્રકારની અન્ય દવાઓ જુદા જુદા સ્થળોએથી સ્ટોકીસ્ટ, હોલસેલર, રીટેલર વગેરે પાસેથી ખરીદી કરે છે અને તેથી આવી દવાઓનો સ્ત્રીભ્રુણ હત્યા માટે દુરઉપયોગ થઈ શકે છે.

(૧) એર્બોશીન ઈન્જેક્શન મે. સમર્થ ફાર્મા. પ્રા.લી.

(૨) અર્બોટીલ ઈન્જેક્શન મે. ટ્રાઈકો પેરેન્ટરલ લી.

(૩) ટોરકેડીલ ઈન્જેક્શન મે. ટોરસ ફાર્મા. લી.

(૪) ઈએમ-કેડીલ ઈન્જેક્શન મે. ન્યુ ફોરેવા (ડીવી. યુનિકેમ લેબો.)

(૫) વી-કેડીલ ઈન્જેક્શન મે. જકશનપાલ લી.

મુખ્યત્વે આ દવાઓમાં ઈથાક્રેડીલ નામનો પદાર્થ હોય છે અને ૫૦ એમએલ અને ૧૦૦ એમએલની બોટલમાં મળે છે અને તેનો ઉપયોગ ગર્ભપાત કરાવવામાં થાય છે. તેથી તમામ વર્તુળ કચેરીના મદદનીશ કમિશ્નરને સૂચના આપી જણાવવામાં આવે છે કે, તેમના જિલ્લામાં આવેલ આવા પ્રકારની દવાના સ્ટોકીસ્ટ, હોલસેલર, રીટેલરની ખરીદી, વેચાણની જાન્યુઆરી-૦૫થી આ દવાની ખરીદી બાબતની તપાસ કરી રેકર્ડ મેળવી. કયા કયા ડોક્ટરોને આ દવાઓ સપ્લાય કરેલ છે તેની વિગતો મેળવી તેમના જિલ્લાના સી.ડી.એચ.ઓ. અને સિવિલ સર્જનને જાણ કરવી. તેની જાણ અત્રે કરવી. આ કામગીરીને ટોચઅગ્રતા આપી તાત્કાલિક તપાસ કરાવવા જણાવવામાં આવે છે.

જો કોઈ પરવાનેદાર પેઢી આ પ્રકારની દવાઓનો દુર ઉપયોગ કરતી માલુમ પડે તો સખત પગલાં લેવા પણ જણાવવામાં આવે છે.

કમિશ્નર
ખોરાક અને ઓષધ નિયમન તંત્ર,
ગુ. રા., ગાંધીનગર

પ્રતિ,
તમામ મદદનીશ કમિશ્નર (વર્તુળ કચેરી)

---------------

**ગર્ભપરિક્ષણ કરતાં પકડાયેલ ડૉક્ટરા**

અતારાંકિત ૭૭૬૩ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ધી મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એકટ-૧૯૭૧ અન્વયે ગેરકાનૂની ગર્ભપરિક્ષણ કરતા કેટલા ડૉક્ટરો સન ૨૦૦૦ થી ૨૦૦૫ ની સાલમાં જિલ્લાવાર પકડાયા,

(૨) તે પેકી કેટલા ગુનાહિત ડૉક્ટરોને શી સજા થઇ,

(૩) કેટલા ગુનાહિત ડૉક્ટરોના લાયસન્સ સમાપ્ત કરવામાં આવ્યાં તથા સોનોગ્રાફી મશીનો જપ્ત થયાં, અને

(૪) કેટલા ગુનાહિત ડૉક્ટરોને કેટલી જેલની સજા થઇ ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૭-૨-૦૭) :

(૧) ધી મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એકટ-૧૯૭૧ ગર્ભપાત અંગેનો છે. ગર્ભપરિક્ષણ અંગે પીએનડીટી કાયદો છે. તેથી એમટીપી એકટ અન્વયે ગર્ભપરિક્ષણ કરતા ડૉક્ટરોને પકડવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એમટીપી એકટ અંતર્ગત રાજ્યમાં સને ૨૦૦૦ થી ૨૦૦૫ ની સાલ સુધીમાં ગેરકાનૂની ગર્ભપાત કરતા એકપણ ડૉક્ટર પકડાયા ન હોઇ લાયસન્સ સમાપ્ત કરવાનો તેમજ સોનાગ્રાફી મશીનો જપ્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ પીએનડીટી એકટ અંતર્ગત ૨૦૦૦ થી ૨૦૦૫ ની સાલ સુધીમાં ૫૦ સોનોગ્રાફી મશીનો સીલ કરવામાં આવેલ છે.

(૪) પીએનડીટી એકટ અંતર્ગત ૨૦૦૦ થી ૨૦૦૫ ની સાલ સુધીમાં ૪૭ કોર્ટ કેસ કરવામાં આવેલ છે. જે કોર્ટ કેસો પડતર હોઇ જેલની સજા થઇ નથી.

---------------

## માહિતી પૂરી ન પાડતા ડૉક્ટરો સામે કાર્યવાહી

અતારાંક્તિ ૭૮૦૨ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં અલ્ટ્રા સોનોગ્રાફી મશીનો ધરાવતા અને પીએનડીટી એક્ટ-૧૯૭૧ અન્વયે રજીસ્ટર થયેલા ૫૪ પૈકી ૨૭ ડૉક્ટરોએ માહિતી પૂરી ન પાડતા ૩ ડૉક્ટરો સામે માર્ચ-૨૦૦૬ માં કાર્યવાહી થઇ હતી તે હકીકત સાચી છે,

(૨) પગલાં લેવાયેલા ૩ ડૉક્ટરો કોણ છે તથા માહિતી ન આપનારા બાકીના ૨૪ ડૉક્ટરો સામે કોઇ પગલાં નથી લેવાયાં તેના શા કારણો છે,

(૩) માહિતી ન આપનારા બાકીના ૨૪ ડૉક્ટરો કોણ છે તેથી તેની સામે શા પગલાં લેવાયાં છે, અને

(૪) જરૂરી પગલાં લેવાનું ટાળનારા જવાબદાર અધિકારીઓ સામે શા પગલાં લેવાયાં છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૨-૦૭) :

(૧) જામનગર જિલ્લામાં અલ્ટ્રા સોનોગ્રાફી મશીનો ધરાવતા ૪ ડૉક્ટરો સામે પીએનડીટી એક્ટ-૧૯૭૧ અન્વયે કાર્યવાહી થઇ હતી.

(૨) પીએનડીટી એક્ટ અંતર્ગત નોંધાયેલી સંસ્થાઓની ઓચિંતી મુલાકાત લઇ ચકાસણી કરતાં નીચે મુજબના ચાર ડૉક્ટરો સામે પીએનડીટી એક્ટના ભંગ બદલ તેમના સોનોગ્રાફી મશીન સીલ કરેલ હતા.

૧. ડૉ. હસમુખ કોટેચા, ખંભાળીયા

૨. ડૉ. તેજલ પાટલીયા, જામનગર

૩. ડૉ. પ્રીતિબેન મહેતા, જામનગર

૪. ડૉ. બી.કે.બદાણી, જામનગર

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## પાટણ જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં કોમ્પ્યુટરો આપવાનું આયોજન

અતારાંક્તિ ૭૮૪૭ (૪-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂન-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના ક્યા ક્યા પોલીસ સ્ટેશનમાં રાજ્ય સરકારે કોમ્પ્યુટરો આપ્યા છે,

(૨) આ કોમ્પ્યુટરો મારફતે કુલ કેટલાં ગુનાઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું અને કેટલાં ગુનાઓનું બાકી છે, અને

(૩) વર્ષ ૨૦૦૬-૦૭ માં રાજ્ય સરકાર દ્વારા પાટણ જિલ્લાના ક્યા ક્યા જિલ્લામાં કોમ્પ્યુટરો આપવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૧-૦૭) :

(૧) જૂન-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના પાટણ સીટી, પાટણ તાલુકા, સિધ્ધપુર, કાકોશી, વાગદોડ, ચાણસ્મા, હારીજ, સમી, રાધનપુર, વારાહી અને સાંતલપુર પોલીસ સ્ટેશનમાં રાજ્ય સરકારે કોમ્પ્યુટરો આપ્યા છે.

(૨) આ કોમ્પ્યુટરો મારફતે ૨૦૦૫ માં કુલ ૧૨૧૫ અને ૨૦૦૬ માં ૧૫૭૦ ગુનાઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું અને વર્ષ ૨૦૦૫ માં કુલ ૯૯૮ અને ૨૦૦૬ માં ૯૯૦ ગુનાઓનું બાકી છે, અને

(૩) વર્ષ ૨૦૦૬-૦૭ માં રાજ્ય સરકાર દ્વારા પાટણ જિલ્લાના ૧૧ પોલીસ સ્ટેશનોમાં ૧૧ કોમ્પ્યુટર તથા ૧૦ પ્રિન્ટર્સ આપવાનું આયોજન છે.

---------------

## પાટણ શહેર અને જિલ્લામાં ચોરી, બળાત્કાર અને લૂંટના નોંધાયેલા ગુના

અતારાંક્તિ ૭૮૪૮ (૪-૧-૦૭)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ શહેર અને જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઘરફોડ ચોરી, બળાત્કાર અને લૂંટ તેમજ કોમી દંગલો અંગે તાલુકાવાર અને શહેરના પોલીસ સ્ટેશન દીઠ કેટલા ગુનાઓ નોંધાયા છે,

(૨) આ ગુનાઓમાં કેટલા આરોપીઓ સંકળાયેલા હતા અને કેટલાને પકડવામાં આવ્યાં, અને

(૩) નાસતા ફરતા આરોપીઓમાં કુલ કેટલા આરોપીઓને પકડવા માટે રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં પ્રયત્નો કર્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૨-૨-૦૭) :

(૧)

| **પો.સ્ટે.** | **તાલુકો** | **કેટલા ગુન્હા બન્યા** | | | |
|---|---|---|---|---|---|
| | | ઘરફોડ ચોરી | બળાત્કાર | લૂંટ | કોમી દંગલો |
| પાટણ સીટી | પાટણ તાલુકો | ૨૧ | ૨ | ૧ | -- |
| પાટણ તાલુકા | | ૬ | ૨ | ૧ | -- |
| વાગડોદ | | ૬ | ૩ | ૧ | -- |
| ચાણસ્મા | ચાણસ્મા તાલુકો | ૯ | - | ૧ | -- |
| હારીજ | હારીજ તાલુકો | ૫ | - | - | -- |
| સમી | સમી તાલુકો | ૪ | - | - | -- |
| રાધનપુર | રાધનપુર તાલુકો | ૧૧ | ૨ | ૩ | -- |
| વારાહી | વારાહી તાલુકો | ૩ | - | ૧ | -- |
| સાંતલપુર | | ૧ | - | ૧ | -- |
| સિધ્ધપુર | | ૯ | - | ૩ | - |
| કાકોશી | સિધ્ધપુર | ૭ | ૧ | - | -- |

(૨)

| **પો.સ્ટે.** | **તાલુકો** | **કેટલા આરોપી સંકળાયેલા હતા** | | | | **કેટલા આરોપી પકડવામાં આવ્યા** | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘરફોડ ચોરી | બળાત્કાર | લૂંટ | કોમી દંગલો | ઘરફોડ ચોરી | બળાત્કાર | લૂંટ | કોમી દંગલો |
| પાટણ સીટી | પાટણ તાલુકો | ૨૪ | ૪ | ૨ | - | ૨૨ | ૪ | ૨ | - |
| પાટણ તાલુકા | | ૬ | ૮ | ૧ | - | ૬ | ૮ | ૧ | - |
| વાગડોદ | | ૨ | ૩ | ૨ | - | ૨ | ૩ | ૨ | - |
| ચાણસ્મા | ચાણસ્મા તાલુકો | ૮ | - | ૨ | - | ૮ | - | ૨ | - |
| હારીજ | હારીજ તાલુકો | ૪ | - | - | - | ૪ | - | - | - |
| સમી | સમી તાલુકો | ૬ | - | - | - | ૪ | - | - | |
| રાધનપુર | રાધનપુર | ૨ | ૨ | ૫ | - | ૨ | ૨ | ૪ | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | તાલુકો | | | | | | | | |
| વારાહી | વારાહી | - | - | ૨ | - | - | - | - | - |
| સાંતલપુર | તાલુકો | - | - | ૩ | - | - | - | ૩ | - |
| સિધ્ધપુર | | ૨ | - | ૬ | - | ૨ | - | ૬ | - |
| કાકોશી | સિધ્ધપુર | ૫ | ૧ | - | - | ૩ | ૧ | - | - |

(૩) ઘરફોડ ચોરીમાં ૬ આરોપી અને તેમજ લૂંટના ગુનામાં ૧ આરોપી નાસતા ફરતા હોઇ પકડવાના બાકી છે. તેમજ વારાહી પો.સ્ટે. ના લૂંટના ગુનામાં ૨ આરોપી વિરૂધ્ધમાં ખોટી ફરિયાદ થયેલ હોઇ, પકડવામાં આવેલ નથી. નાસતા ફરતા આરોપીની વોચ રાખવામાં આવેલ છે. હકીકત મેળવી પકડી પાડવામાં આવશે.

---------------

**વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ મંજૂર થયેલ ગાંધીનગર જિલ્લાની અરજીઓ**

અતારાંક્તિ ૭૫૭૮ (૧૩-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર વડાપ્રધાન રોજગાર યોજના બેંકેબલ યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મંજૂર કરી બેંકને ભલામણ કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે,

(૪) પડતર રહેવાના કારણો શાં છે,

(૫) કેટલી નામંજૂર કરી અને નામંજૂરના કારણો શાં છે,

(૬) આ પૈકી બેંકે કેટલા અરજદારોને તાલુકાવાર લોન મંજૂર કરી અને કેટલાની નામંજૂર કરી,

(૭) નામંજૂરીના કારણો શાં છે, અને

(૮) મંજૂર થયેલ પૈકી કેટલા અરજદારોએ ધંધા શરુ કર્યા ?

**કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨-૨-૦૭) :

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | બેંકેબલ | પીએમઆરવાય | |
| ૧ | કલોલ | ૩૪૬ | ૧૦૧ | ૪૪૭ |
| ૨ | માણસા | ૩૨૨ | ૧૫૦ | ૪૭૨ |
| ૩ | દહેગામ | ૨૪૬ | ૧૫૪ | ૪૦૦ |
| ૪ | ગાંધીનગર | ૪૭૧ | ૨૫૨ | ૬૨૩ |
| | કુલ | ૧૩૮૫ | ૬૫૭ | ૨૦૪૨ |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | બેંકેબલ | પીએમઆરવાય | |
| ૧ | કલોલ | ૧૬૬ | ૪૩ | ૨૦૯ |
| ૨ | માણસા | ૧૪૩ | ૬૭ | ૨૧૦ |
| ૩ | દહેગામ | ૭૦ | ૫૨ | ૧૨૨ |
| ૪ | ગાંધીનગર | ૧૮૭ | ૮૧ | ૨૬૮ |
| | કુલ | ૫૬૬ | ૨૪૩ | ૮૦૯ |

(૩) ૨૯૭

(૪) (૧) અધુરી માહિતી હોવાથી.

(૨) પૂર્તતા નહીં થવાના કારણે.

(૩) સ્થળ તપાસમાં હોવાના કારણે.

(૪) ટી.એફ.સી. બેઠકમાં બોલાવેલ છતાં નહી આવવાના કારણે.

(૫) ૯૩૬

કારણો.

૧. ઉંમર ઓછી અથવા વધુ હોવાથી.

૨. અભ્યાસ નિયત કરેલ જોગવાઇ મુજબ કરેલ ન હોવાથી.

૩. આવક નિયત કરેલ મર્યાદાથી વધુ હોવાથી.

૪. વ્યક્તિ જિલ્લા બહાર વસવાટ કરતો હોવાથી.

૫. ત્રણ વર્ષ કરતા ઓછો વસવાટ કરતા હોવાથી.

૬. અધુરા દસ્તાવેજો રજુ કરેલ હોવાથી.

૭. પૂરતી તકો આપવા છતાં અરજદાર આવેલ ન હોવાથી.

૮. પૂરતો અનુભવ/તાલીમ લીધેલ નહી હોવાથી.

૯. ધંધો પોષણક્ષમ જણાતો ન હોવાથી.

૧૦.અન્ય નાણાકીય સંસ્થા પાસેથી સબસીડીવાળી લોન મેળવેલ હોવાથી વિગેરે.

(૬)

| અ.નં. | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | |
|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કલોલ | ૧૧૯ | ૮૫ |
| ૨ | માણસા | ૧૨૨ | ૮૬ |
| ૩ | દહેગામ | ૬૦ | ૪૨ |
| ૪ | ગાંધીનગર | ૭૯ | ૫૭ |
| **કુલ** | | **૩૮૦** | **૨૭૦** |

(૭) ૧. ધંધો વાયેબલ ન હોવાથી.

૨. ધંધામાં હરીફાઇ ઘણી હોવાથી.

૩. ધંધાનો અનુભવ નહી હોવાથી.

૪. અરજદાર અથવા કુટુંબી અથવા તેના જામીનો નાણાકીય સંસ્થાના મુદ્દત વીતી બાકીદાર હોવાથી.

૫. અરજદાર જે પ્રકારનો ધંધો કરવા માંગે છે તે હેતુ માટે અગાઉ ઘણા કેસોનું ધિરાણ કરેલ છે તે લોકો આર્થિક સક્ષમતા મેળવી શક્યા ન હોઇ હપ્તાઓ ભરી શક્તા ન હોવાથી.

(૮) ૩૮૦

---------------

## ગાંધીનગર જિલ્લામાં ગોઠવવામાં આવેલ રંગીન ટી.વી. અને ડીસ

અતારાંક્તિ ૭૫૭૨ (૧૩-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. અને ડીસ ગોઠવવામાં આવી છે, અને

(૨) બાકી ક્યા ક્યા ગામોમાં ૨૦૦૬-૦૭ ના નાણાકીય વર્ષમાં રંગીન ટી. વી. અને ડીસ ગોઠવવામાં આવશે ?

**માહિતી અને પ્રસારણ (મુખ્ય મંત્રીશ્રી)** (૨૨-૧-૦૭) :

(૧) પત્રક-અ મુજબના ગામોમાં રંગીન ટી.વી. ગોઠવવામાં આવેલ છે. ડીસ ગોઠવવાની યોજના નથી.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭ માં નોર્મલ પ્લાન હેઠળ કુલ ૧૪ ગામ/સંસ્થામાં ફાળાની રકમ ભરપાઈ થયેથી તેમજ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા મંજૂર થનાર ૫ ગામો ખાતે રંગીન ટી.વી. ગોઠવવામાં આવશે.

**પત્રક-અ**

**તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ગોઠવાયેલ રંગીન ટી.વી. સેટના, ગામોની તાલુકાવાર યાદી.**

| | | | |
|---|---|---|---|
| નારદીપુર | કલોલ | વલાદ | ગાંધીનગર |
| પાનસર | કલોલ | ફિરોજપુર | ગાંધીનગર |
| બાલવા | કલોલ | દોલરણા વાસણા | ગાંધીનગર |
| કલોલ | કલોલ | રૂપાલ | ગાંધીનગર |
| શોભાસણ | કલોલ | પોર | ગાંધીનગર |
| પ્રતાપપુરા | કલોલ | કુડાસણ | ગાંધીનગર |
| ધેધુ | કલોલ | ઉવારસદ | ગાંધીનગર |
| નવા (નારદીપુર) | કલોલ | મોટેરા | ગાંધીનગર |
| વેડા | કલોલ | ચાંદખેડા | ગાંધીનગર |
| વડસર | કલોલ | ગિયોડ | ગાંધીનગર |
| ગોલથરા | કલોલ | પુન્દ્રાસણ | ગાંધીનગર |
| ભાવપુરા | કલોલ | ચિલોડા | ગાંધીનગર |
| બિલેશ્વરપુરા | કલોલ | ઈસનપુર | ગાંધીનગર |
| ધાનોટ | કલોલ | સરઢવ | ગાંધીનગર |
| પલસાણા | કલોલ | આદરજ મોટી | ગાંધીનગર |
| પલિયડ | કલોલ | કોબા | ગાંધીનગર |
| મુબારકપુર | કલોલ | ઉનાવા | ગાંધીનગર |
| ઓળા | કલોલ | ઝુંડાલ | ગાંધીનગર |
| ઈસંડ | કલોલ | સોનારડા | ગાંધીનગર |
| ખોરજ ડાભી | કલોલ | અડાલજ | ગાંધીનગર |
| શેરીસા | કલોલ | તારાપુર | ગાંધીનગર |
| ગોવિંદપુરા (વેડા) | કલોલ | પેથાપુર | ગાંધીનગર |
| આરસોડિયા | કલોલ | લવારપુર | ગાંધીનગર |
| જામળા | કલોલ | વડોદરા | ગાંધીનગર |
| સાંતેજ | કલોલ | દંતાલી | ગાંધીનગર |
| હાજીપુર | કલોલ | ખોરજ | ગાંધીનગર |
| ડીગુચા | કલોલ | મેદરા | ગાંધીનગર |
| મોખાસણ | કલોલ | રાયસણ | ગાંધીનગર |
| છત્રાલ | કલોલ | ધરમપુર (ભુંડીયા) | ગાંધીનગર |
| રામનગર | કલોલ | આલમપુર | ગાંધીનગર |
| જાસપુર | કલોલ | ડભોડા | ગાંધીનગર |
| અરજનપુરા | કલોલ | વાસણ | ગાંધીનગર |
| ધમાસણા | કલોલ | શાહપુર | ગાંધીનગર |
| કલ્યાણપુર | કલોલ | લીંબડીયા | ગાંધીનગર |
| કોઠા | કલોલ | મહાદેવપુરા | ગાંધીનગર |
| ચાંદીસણા | કલોલ | માતાપુરા | ગાંધીનગર |
| આમજા | કલોલ | શિહોલી | ગાંધીનગર |
| લીમ્બોદ્રા | કલોલ | રાંધેજા | ગાંધીનગર |
| ખાત્રજ | કલોલ | વાવોલ | ગાંધીનગર |
| નાસ્મેદ | કલોલ | રાજપુર | ગાંધીનગર |
| ભાટ | ગાંધીનગર | ગાંધીનગર સે-૧૨ | ગાંધીનગર |
| શેરથા | ગાંધીનગર | પાલજ | ગાંધીનગર |
| ભોયણ રાઠોડ | ગાંધીનગર | ચંદ્રાલા | ગાંધીનગર |
| ગલુદણ | ગાંધીનગર | રતનપુર | ગાંધીનગર |
| ધણપ | ગાંધીનગર | કોલવડા | ગાંધીનગર |
| અંબાપુર | ગાંધીનગર | ચેખલારાણી | ગાંધીનગર |
| ટીંટોડા | ગાંધીનગર | મગોડી | ગાંધીનગર |
| વાંકાનેરડા | ગાંધીનગર | સરગાસણ | ગાંધીનગર |
| પ્રાંતિયા | ગાંધીનગર | રાયપુર | ગાંધીનગર |
| લેકાવાડા | ગાંધીનગર | જલુંદ | ગાંધીનગર |
| | | દશેલા | ગાંધીનગર |

| | | | |
|---|---|---|---|
| રિદ્રોલ | માણસા | પ્રેમપુરા | માણસા |
| હિંમતપુરા | માણસા | મંડાલી | માણસા |
| બદપુરા | માણસા | ગુલાબપુરા | માણસા |
| ઈન્દ્રપુરા | માણસા | પુસ્મા | માણસા |
| બાપુપુરા | માણસા | અનોડીયા | માણસા |
| ધમેડા | માણસા | દેવલાડા | માણસા |
| ફતેહપુરા | માણસા | અજરાપુરા | માણસા |
| ગુનમા | માણસા | મોખાસણા | માણસા |
| ડીડીપાળ (અનો) | માણસા | વિજ્યનગર (કુ) | માણસા |
| માણેકપુરા (મકા) | માણસા | અંબોડ | માણસા |
| હરણાહુડા | માણસા | પડુસ્મા | માણસા |
| પાલડી વ્યાસ | માણસા | પ્રતાપનગર | માણસા |
| ફતેહપુરા (પીલ) | માણસા | પરબતપુરા | માણસા |
| મકાખાંડ | માણસા | પાલેયા | દહેગામ |
| આનંદપુરા (વેડા) | માણસા | લવાડ | દહેગામ |
| લાકરોડા | માણસા | પાટનાકુવા | દહેગામ |
| પિલવઈ | માણસા | કરોલી | દહેગામ |
| આજોલ | માણસા | જેસાના મુવાડા | દહેગામ |
| માણસા | માણસા | ધનીયોન | દહેગામ |
| વેડા | માણસા | કડજોદરા | દહેગામ |
| ઉમિયાનગર | માણસા | વાસણા રાઠોડ | દહેગામ |
| દેલવાડા | માણસા | અંતોલી | દહેગામ |
| રંગપુર | માણસા | પાવઠી | દહેગામ |
| સોલેયા | માણસા | બહીયલ | દહેગામ |
| બોરૂ | માણસા | મોટાપશુણીયા | દહેગામ |
| ખરણા | માણસા | કૃષ્ણનગર (કોઠી) | દહેગામ |
| ચડાસણા | માણસા | બારડોલી | દહેગામ |
| ભીમપુરા | માણસા | નાનાપશુણીયા | દહેગામ |
| સમો | માણસા | પટેલપુરા (ધારી) | દહેગામ |
| પાટણપુરા | માણસા | જાલીયામઠ | દહેગામ |
| વિહાર | માણસા | ચિસકારી | દહેગામ |
| મુબારકપુરા | માણસા | ચેખલાપગી | દહેગામ |
| બિલોદરા | માણસા | બારડોલી બારીઆ | દહેગામ |
| ગલથરા | માણસા | ધારીસણા | દહેગામ |
| ઈટાદરા | માણસા | કોદરાલી | દહેગામ |
| કુંવાદરા | માણસા | નારણાવરના મુવાડા | દહેગામ |
| ઈશ્વરપુરા (બદપુરા) | માણસા | બાબલપુરા કંપા | દહેગામ |
| ચરાડા | માણસા | સુજાનામુવાડા | દહેગામ |
| લોદરા | માણસા | વર્ધાના મુવાડા | દહેગામ |
| અમરાપુર | માણસા | અલકી | દહેગામ |
| આનંદપુરા (અં) | માણસા | ગણેશપુરા | દહેગામ |
| હિમતપુરા (બિ) | માણસા | મીરાપુર | દહેગામ |
| શ્રી.પાલડી-રાઠોડ | માણસા | મોટા જલુન્દ્રા | દહેગામ |
| મોતીપુરા (વેડા) | માણસા | મીઠાના મુવાડા | દહેગામ |
| રાજપુરા(મા) | માણસા | પીપળજ | દહેગામ |
| ગોવિદપુરા (સમો) | માણસા | ઝાંક | દહેગામ |
| વરસોડા | માણસા | લિહોડા | દહેગામ |
| પુંધરા | માણસા | સગદલપુર | દહેગામ |
| મહુડી | માણસા | ઉદણ | દહેગામ |
| રામદેવપુરા | માણસા | નાંદોલ | દહેગામ |
| પાંચવાસ | માણસા | મોટાના મુવાડા | દહેગામ |

**જૂનાગઢ જિલ્લાની આઈ.ટી.આઈ. માં જુદા જુદા ટ્રેડની સગવડતા અને જરૂરી સાધનો પુરા પાડવા અંગે**

અતારાંક્તિ ૭૪૧૫ (૨૪-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ કેટલી અને કઈ કઈ જગ્યાએ આઈ.ટી.આઈ. છે,

(૨) આ સગવડ તથા સાધનો કેટલા સમયમાં પૂરા પાડવામાં આવશે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૫-૨-૨૦૦૭) :

(૧) ૧. જૂનાગઢ તાલુકામાં -- જૂનાગઢ
૨. ઉના તાલુકામાં -- ઉના
૩. તલાલા તાલુકામાં -- તલાલા
૪. કેશોદ તાલુકામાં -- કેશોદ
૫. માંગરોળ તાલુકામાં -- મેંદરડા (હાલ જૂનાગઢ ખાતે કાર્યરત છે.)

(૨) જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ, ઉના, તલાલા, કેશોદ, મેંદરડા વિ. સંસ્થાના બધા ટ્રેડમાં મળી, તાલીમી ફર્નિચરની, ટુલકીટની, અને મશીનરીની આંશિક ઘટ જણાયેલ હતી.

(૩) પુરતી નાણાંકીય ઉપલબ્ધતા થયે.

---------------

**ગાંધીનગર જિલ્લામાં ખેત મજૂરોને વિમા રક્ષણની માંગણીઓ**

અતારાંક્તિ ૭૬૭૫ (૨૨-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ખેતમજૂરોને વીમાનું રક્ષણ યોજના હેઠળ તાલુકાદીઠ કુલ કેટલા ખેતમજૂરોની માંગણી આવી,

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી, આ યોજના હેઠળ કેટલી રકમ ખેતમજૂરોને ચૂકવવામાં આવી,

(૩) કેટલા ખેતમજૂરોની માંગણીઓ તાલુકાવાર પડતર છે, અને તેના કારણો શાં છે,

(૪) કેટલા ખેતમજૂરોની માંગણી નામંજૂર કરવામાં આવી છે અને તેના કારણો શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૩-૨-૨૦૦૭) :

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ખેતજમૂરોની વીમા દાવા અરજીની વિગત :-

| ક્રમ | તાલુકો | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૧ |
| ૨ | ક્લોલ | ૦૫ |
| ૩ | દહેગામ | ૦૫ |
| ૪ | માણસા | ૦૦ |
| | કુલ... | ૩૧ |

(૨) તે પૈકી ૯(નવ) માંગણી મંજૂર કરી રકમ રૂા. ૦૯,૦૦,૦૦૦/- લાખની રકમ ખેતમજૂરોને ચૂકવવામાં આવી છે.

| ક્રમ | તાલુકો | મંજૂર માંગણી | રકમની ચુકવણી |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૬ | ૬ લાખ |
| ૨ | ક્લોલ | ૦૨ | ૨ લાખ |
| ૩ | દહેગામ | ૦૧ | ૧ લાખ |
| ૪ | માણસા | ૦૦ | ૦૦ |
| | કુલ... | ૦૯ | ૯ લાખ |

(૩) તાલુકાવાર પડતર અરજીની વિગત :-

| ક્રમ | તાલુકો | પડતર અરજી |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૧ |
| ૨ | ક્લોલ | ૦૨ |
| ૩ | દહેગામ | ૦૩ |
| ૪ | માણસા | ૦૦ |
| | કુલ... | ૧૬ |

પડતર રહેવાના કારણો મહદઅંશે
વીમા કું. ખાતે ચકાસણી / નિર્ણય અર્થે અને સરકારશ્રી કક્ષાએ ચકાસણી / પૂર્તતા અર્થે પડતર છે.

(૪) વીમા કું. અને સરકારશ્રી કક્ષાએ ૬(છ) અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.
નામંજૂરીના મુખ્ય કારણો નીચે મુજબ છે.
(૧) ખેત શ્રમયોગી ન હોવાથી.
(૨) પિતાના ખેતમાં કામ કરતા હોવાથી.
(૩) આપઘાતનો કેસ હોવાથી.
(૪) ખેતીની જમીનમાં વારસાઈ હકક ધરાવતા હોવાથી.

---------------

**રાજ્યમાં જિલ્લાવાર ખેત મજૂરોનાં વિમા રક્ષણની પડતર માંગણીઓ**

અતારાંક્તિ ૭૬૭૬ (૨૨-૧૧-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર ખેત મજૂરોને વીમાનું રક્ષણ યોજના હેઠળ કુલ કેટલા ખેતમજૂરોની માંગણી આવી,

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી, આ યોજના હેઠળ કેટલી રકમ ખેતમજૂરોને ચૂકવવામાં આવી,

(૩) કેટલા ખેતમજૂરોની માંગણીઓ પડતર છે અને તેનાં કારણો શાં છે, અને

(૪) કેટલા ખેતમજૂરોની માંગણી નામંજૂર કરવામાં આવી છે અને તેના કારણો શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૬-૨-૨૦૦૭) :

(૧) તા. ૩૦-૯-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં કુલ ૧૦૭૦ ખેતમજૂરોની વીમા દાવા અરજી મળેલ છે. જિલ્લાવાર મળેલ અરજીની વિગતો પરિશિષ્ટ-અ મુજબ છે.

(૨) તે પૈકી ૮૦ માંગણી મંજૂર કરી રૂા. ૭૮,૨૦,૦૦૦/- ની રકમ ખેતમજૂરોને ચૂકવવામાં આવી છે.

(૩) તા. ૩૦-૯-૦૬ ના રોજ જિલ્લા કચેરીમાં ૩૮ અને વીમા કંપનીમાં ૪૫૧ અને ગ્રામ શ્રમયોગી તંત્ર કક્ષાએ ૩૩૦ મળી કુલ ૮૧૯ ખેતમજૂરોની દાવાની અરજી પડતર છે. પડતર અરજી કચેરી ખાતે પૂર્તતા / ચકાસણી અર્થે, વીમા કંું. ખાતે ચકાસણી/નિર્ણય અર્થે અને ગ્રામ શ્રમયોગી તંત્ર કક્ષાએ ચકાસણી / પૂર્તતા અર્થે પડતર છે.

(૪) જિલ્લા કચેરી ખાતે ૪૭ અરજીઓ, વીમા કંું. ધ્વારા ૯૭ અને ગ્રામ શ્રમયોગી તંત્ર કક્ષાએ ૨૭ અરજીઓ મળી કુલ ૧૭૧ અરજી નામંજૂર કરવામાં આવી છે.

(૧) ખેત શ્રમયોગી ન હોવાથી.
(૨) નશો કરેલ હોવાથી.
(૩) ખેડૂત ખાતેદાર હોવાથી.
(૪) મરણનું કારણ સાચું ન હોવાથી.
(૫) દસ્તાવેજો રજૂ કરેલ ન હોવાથી.
(૬) આપઘાતનો કેસ હોઈ.
(૭) શ્રમિક ન હોવાથી, પિતાના ખેતરમાં કામ કરતા હોવાથી.

**પરિશિષ્ટ-અ**

**ખેત મજૂરોના વીમા રક્ષણની તારીખ ૩૦-૯-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની માહિતી.**

| ક્રમ | જિલ્લો | તા. ૧-૧૦-૦૫ થી ૩૦-૯-૨૦૦૬ ના સમય દરમ્યાન | | | | | | | તા. ૩૦-૯-૦૬ના રોજ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કચેરીને મળેલ અરજી | મંજૂર | | ચુકવાયેલ રકમ રૂા. | જિલ્લા કચેરીએ નામંજૂર કરેલ અરજી | નામંજૂર | | જિલ્લા કચેરીએ કુલ પડતર | પડતર | |
| | | | વીમા કંપની ધ્વારા | સરકારશ્રી ધ્વારા | | | વીમા કંપની ધ્વારા | ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ ધ્વારા | | વીમા કંપની પાસે | ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ પાસે |
| ૧ | અમદાવાદ | ૪૫ | ૬ | ૦ | ૬,૦૦,૦૦૦ | ૧ | ૩ | ૦ | ૨ | ૨૪ | ૯ |
| ૨ | ગાંધીનગર | ૩૮ | ૪ | ૦ | ૪,૦૦,૦૦૦ | ૫ | ૦ | ૫ | ૫ | ૧૫ | ૯ |
| ૩ | મહેસાણા | ૫૩ | ૧ | ૧ | ૨,૦૦,૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૨ | ૧૯ |
| ૪ | પાટણ | ૨૯ | ૩ | ૦ | ૩,૦૦,૦૦૦ | ૫ | ૦ | ૧ | ૦ | ૧૧ | ૯ |
| ૫ | બનાસકાંઠા | ૨૫ | ૨ | ૧ | ૩,૦૦,૦૦૦ | ૫ | ૧ | ૦ | ૦ | ૧૧ | ૫ |
| ૬ | સાબરકાંઠા | ૬૬ | ૦ | ૧ | ૧,૦૦,૦૦૦ | ૦ | ૫ | ૦ | ૩ | ૪૩ | ૧૪ |
| ૭ | ખેડા | ૫૭ | ૨ | ૧ | ૩,૦૦,૦૦૦ | ૫ | ૭ | ૦ | ૦ | ૩૩ | ૯ |
| ૮ | આણંદ | ૫૭ | ૧ | ૫ | ૬,૦૦,૦૦૦ | ૩ | ૭ | ૨ | ૦ | ૨૫ | ૧૪ |
| ૯ | દાહોદ | ૫૭ | ૩ | ૦ | ૩,૦૦,૦૦૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૨૮ | ૨૩ |
| ૧૦ | પંચમહાલ | ૭૭ | ૮ | ૦ | ૮,૦૦,૦૦૦ | ૫ | ૯ | ૧ | ૬ | ૨૫ | ૨૩ |
| ૧૧ | વડોદરા | ૫૪ | ૯ | ૦ | ૯,૦૦,૦૦૦ | ૫ | ૧૦ | ૦ | ૩ | ૦ | ૨૭ |
| ૧૨ | નર્મદા | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧૧ |
| ૧૩ | ભરૂચ | ૬૭ | ૬ | ૫ | ૧૦,૫૦,૦૦૦ | ૩ | ૧૫ | ૦ | ૪ | ૭ | ૨૭ |
| ૧૪ | સુરત | ૪૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૦ | ૨૨ | ૧૫ |
| ૧૫ | નવસારી | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૨ |
| ૧૬ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | વલસાડ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૯ | ૫ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૫૫ | ૧ | ૨ | ૩,૦૦,૦૦૦ | ૭ | ૭ | ૪ | ૫ | ૧૮ | ૧૧ |
| ૧૯ | કચ્છ(ભુજ) | ૪૨ | ૦ | ૧ | ૧,૦૦,૦૦૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૨૨ | ૧૬ |
| ૨૦ | રાજકોટ | ૧૯ | ૦ | ૧ | ૧,૦૦,૦૦૦ | ૦ | ૪ | ૧ | ૦ | ૪ | ૯ |
| ૨૧ | જામનગર | ૩૯ | ૪ | ૦ | ૩,૨૦,૦૦૦ | ૦ | ૯ | ૦ | ૧ | ૬ | ૧૯ |
| ૨૨ | જુનાગઢ | ૯૩ | ૫ | ૦ | ૫,૦૦,૦૦૦ | ૬ | ૨ | ૦ | ૦ | ૭૦ | ૧૦ |
| ૨૩ | પોરબંદર | ૧૦ | ૩ | ૦ | ૩,૦૦,૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૪ |
| ૨૪ | અમરેલી | ૯ | ૨ | ૦ | ૨,૦૦,૦૦૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૩ | ૨ |
| ૨૫ | ભાવનગર | ૯૭ | ૨ | ૦ | ૧,૫૦,૦૦૦ | ૧ | ૬ | ૧૦ | ૭ | ૩૩ | ૩૮ |
| | કુલ : | ૧૦૭૦ | ૬૨ | ૧૮ | ૭૮,૨૦,૦૦૦ | ૪૭ | ૯૭ | ૨૭ | ૩૮ | ૪૫૧ | ૩૩૦ |

---------------

## સુરત જિલ્લામાં ખેત મજૂરોને વિમા રક્ષણની માંગણી

અતારાંક્તિ ૭૭૫૩ **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ખેતમજૂરોને વીમાનું રક્ષણ યોજના હેઠળ તાલુકાદીઠ કેટલા ખેતમજૂરોની માંગણી આવી,

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી, આ યોજના હેઠળ કેટલી રકમ ખેતમજૂરોને ચૂકવવામાં આવી,

(૩) કેટલા ખેતમજૂરોની માંગણીઓ તાલુકાવાર પડતર છે, અને તેના કારણો શાં છે,

(૪) કેટલા ખેતમજૂરોની માંગણી નામંજૂર કરવામાં આવી છે અને તેના કારણો શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૩-૨-૨૦૦૭) :

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં કુલ ૩૭ ખેતમજૂરોની વીમા દાવા અરજી મળેલ છે. તાલુકાવાર મળેલ અરજીની વિગતો પરિશિષ્ટ-અ માં સામેલ છે.

(૨) તે પૈકી ૧(એક) માંગણી મંજૂર કરી રૂા. ૧,૦૦,૦૦૦/-(એક લાખ)ની રકમ ઓલપાડ તાલુકાના એક ખેતમજૂરને ચૂકવવામાં આવેલ છે.

(૩) તા. ૩૦-૬-૦૬ના રોજ વીમા કંપનીમાં ૨૭ અને ગ્રામ શ્રમ આયુક્ત તંત્ર પાસે ૫(પાંચ) મળી કુલ ૩૨(બત્રીસ) ખેતમજૂરોની દાવાની અરજી પડતર છે.

વીમા કંું. ખાતે ચકાસણી/નિર્ણય અર્થે ગ્રામ શ્રમ આયુક્ત તંત્ર કક્ષાએ ચકાસણી/પૂર્તતા અર્થે પડતર છે.

(૪) વીમા કંું. ધ્વારા -૧(એક) અને ગ્રામ શ્રમ આયુક્ત તંત્ર કક્ષાએ ૩(ત્રણ) અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

નામંજૂરીના મુખ્ય કારણો નીચે મુજબ છે.

(૧) ખેત શ્રમયોગી ન હોવાથી.

(૨) અન્ય વ્યવસાય હોઈ.

### પરિશિષ્ટ-અ

ખેત મજૂરોના વિમા રક્ષણની સુરત જિલ્લાની તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની માહિતી

| ક્રમ | તાલુકો | તા. ૧-૭-૦૫ થી ૩૦-૬-૨૦૦૬ ના સમય દરમ્યાન | | | | | | | તા. ૩૦-૬-૦૬ના રોજ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કચેરીને મળેલ અરજી | મંજૂર વીમા કંું. | મંજૂર ગ્રામ શ્રમ આયુક્ત કચેરી | ચુકવાયેલ રકમ રૂા. | જિલ્લા કચેરીએ નામંજૂર કરેલ અરજી | નામંજૂર વીમા કંું. | નામંજૂર ગ્રામ શ્રમ આયુક્ત કચેરી | જિલ્લા કચેરીએ કુલ પડતર | પડતર વીમા કંું. | પડતર ગ્રામ શ્રમ આયુક્ત કચેરી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ચોર્યાસી | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૭ | ૧ |
| ૨ | ઓલપાડ | ૬ | ૧ | ૦ | ૧,૦૦,૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| ૩ | કામરેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | માંડવી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | માંગરોળ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૬ | પલાસણા | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૭ | બારડોલી | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૮ | મહુવા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૯ | વાલોડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | વ્યારા | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૫ | ૦ |
| ૧૧ | સોનગઢ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૪ | ૨ |
| ૧૨ | ઉચ્છલ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૧૩ | નિઝર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| | **કુલ :** | **૩૭** | **૧** | **૦** | **૧,૦૦,૦૦૦** | **૦** | **૧** | **૩** | **૦** | **૨૭** | **૫** |

-----------

### બોન્ડેડ લેબર પ્રોહીબિશન એક્ટ અન્વયે બંધુઆ મજૂરીની ગેરકાનૂની પ્રવૃત્તિ

અતારાંક્તિ ૭૮૦૧ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) બોન્ડેડ લેબર પ્રોહીબીશન એક્ટ, ૧૯૭૬ અન્વયે રાજ્યમાં બંધુઆ મજૂરી ગેરકાનૂની છે તે હકીક્ત સાચી છે,

(૨) ધી કોમ્યુનિટી એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરના અભ્યાસ અહેવાલ મુજબ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ૩૨ ગામોમાં ૧૧૫૭ કુટુંબોમાંથી ૫૭૬ કુટુંબો પાસે બંધુઆ મજૂરી (ગુલામ મજૂરી) હાલમાં કરાવાઈ રહી છે, તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૩) આ ગેરકાનૂની પ્રવૃત્તિમાંથી મજદૂરોને છોડાવવા અને તેને પુનઃસ્થાપન કરવા સરકારે શી કામગીરી હાથ ધરી છે અને આ જવાબદારી કોને સોપાંઈ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) :

(૧) હા, જી.

(૨) આ બાબતે તપાસ કરાવતા સદર હકીક્ત સાચી જણાયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

### ૪૧૮/page>ગાંધીનગર જિલ્લામાં સિંચાઈ ડેમોની કેનાલો લંબાવવા બાબત

અતારાંક્તિ ૭૫૭૬ (૧૪-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ જાન્યુઆરી-૨૦૦૫થી ગાંધીનગર જિલ્લામાં કેટલા સિંચાઈ ડેમોની કેનાલો લંબાવવામાં આવી,

(૨) ડેમવાર કઈ કઈ કેનાલો લંબાવવામાં આવી અને કઈ કઈ કેનાલો લંબાવવાની માંગણી હતી,

(૩) કેનાલવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) બાકી રહેલી કેનાલો ક્યારે લંબાવવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૦૭) :

(૧) ગાંધીનગર જિલ્લામાં સિંચાઈ ડેમોની કોઈ કામગીરી નથી, પરંતુ કડાણા ડેમમાંથી નિક્ળતી સુજલામ સુફ્લામ સ્પ્રેડીંગ કેનાલની સાં. ૧૫૮.૯૭૦ કી.મી. થી ૧૮૫.૯૪૦ કી.મી. સુધીની પસાર થાય છે. તથા ધરોઈ જળાશય યોજનાની સાબરમતી જમણાકાંઠા મુખ્ય નહેરની એક્સ્ટેન્ડેડ કમાન્ડ વિસ્તારની કમાલપુર પ્રશાખાને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચડાસણા ગામ સુધી લંબાવવામાં આવેલ છે.

(૨) ઉપર (૧) મુજબ તથા સુજલામ સુફ્લામ સ્પ્રેડીંગ કેનાલ અને એક્ષટેન્ડેડ કમાન્ડ વિસ્તાર વચ્ચેના ત્રિકોણીયા વિસ્તારમાં મહુડી, પુંધરા, આજોલ, દેલવાડા, ચરાડા, અને ગોઝારીયા પ્રશાખા લંબાવવાની માંગણી છે.

(૩) તા. ૩૦-૬-૦૬ સુધી

૧. સુજલામ સુફ્લામ સ્પ્રેડીંગ કેનાલના માટીકામ તથા સ્ટ્રક્ચરો માટે રૂા. ૪૦૭૪.૮૩ લાખ.
અને

અને ૨. કમાલપુર પ્રશાખાને લંબાવવા માટે <u>રૂા.
૬૫.૦૦ લાખ આમ</u>

એકંદરે કુલ રૂા. ૪૧૩૯.૮૩ લાખનો
ખર્ચ કરેલ છે.

---------------

**મચ્છુન્દ્રી નદીના પૂરથી કાપાપણ ગામના ખેડૂતોની જમીનોનું ધોવાણ થવા બાબત**

અતારાંક્તિ ૭૬૦૬ (૧૪-૧૧-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ઉના તાલુકામાંથી પસાર થતી મચ્છુન્દ્રી નદીમાં ચોમાસા દરમિયાન જ્યારે પૂર આવે છે ત્યારે કાપાપણ ગામના ખેડૂતોની જમીનોનું ધોવાણ થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકારે આ ધોવાણ અટકાવવા માટે શાં પગલાં લીધા ?

**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (૩-૨-૨૦૦૭) :

(૧) હા, જી.

(૨) જમીનોનું ધાવાણ થતું અટકાવવા અંદાજે ૧૫૦મી. લંબાઇની સી.સી. ૧:૩:૬ ની દિવાલ બનાવવાની જરૂરીયાત રહે. આવી દિવાલ બનાવવાના નકશા-અંદાજો ચકાસણીની પ્રક્રિયા હેઠળ છે.

---------------

**એસ.જી.આર. યોજના હેઠળ માનવ દિનની રોજગારી**

અતારાંક્તિ ૪૩૧૪ (૨૪-૨-૦૭) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એસ.જી.આર. યોજના અંતર્ગત રાજ્યમાં જળ સંરક્ષણના કુલ કેટલા કામો કર્યા, કેટલો ખર્ચ થયો.

(૨) આ કામો અંતર્ગત કેટલા પાણીનો સંગ્રહ થયો, અને

(૩) કેટલા લાભાર્થીઓને કેટલા માનવદિનની રોજગારી મળી અને કેટલા અનાજનો વપરાશ થયો ?

**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૫-૧-૨૦૦૭) :

(૧) એસ.જી.આર.વાય. યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૦૬ માં નીચે મુજબ જળ સંરક્ષણના કામો કરવામાં આવેલ છે, અને નાણાંકીય ખર્ચ કરેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **થયેલ જળસંરક્ષણના કામોની સંખ્યા** | **થયેલ નાણાંકીય ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | ૨૦૦૪-૦૫ | ૧૪૯૪૦૮ | ૨૪૦૨.૫૨ |
| (૨) | ૨૦૦૫-૦૬ (૩૧-૧-૦૬ અંતિત) | ૩૧૩૨૮ | ૧૪૨૧.૪૭ |
| (૩) | **કુલ :** | **૧૮૦૭૩૬** | **૩૮૨૩.૯૯** |

(૨) આ કામો અંતર્ગત રાજ્યમાં કુલ ૭૫૦૩૪૩૫૨ ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થયેલ છે.

(૩) આ કામોમાં કુલ ૨૪૨.૧૬ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ અને ૧૦૩૭૨૨.૪૪ મે. ટન અનાજનો જથ્થાનો વપરાશ થયેલ.

--------------

**પંચાયતમાં વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના અધિકારી/કર્મચારીઓની પડતર અપીલો**

અતારાંક્તિ ૭૩૩૬ (૧૯-૮-૦૬) **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં પંચાયત વિભાગના વર્ગ-૧-૨-૩ અને ૪ના કર્મચારીઓ/અધિકારીઓ એ સસ્પેન્ડ બરતરફી અથવા તેમના હક માટે તા. ૩૧-૭-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી વિભાગમાં અપીલ કરી હોય તેવા કેટલાં કેસો કેટલા સમયથી નિકાલ વગરના પડતરમાં છે.

(૨) આવી પડતર અપીલોના ઝડપી નિકાલ માટે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉપરોક્ત પડતર અપીલો પૈકી કેટલી અપીલો ઓ.બી.સી., અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા લઘુમતી કર્મચારી/અધિકારીઓની છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૮-૨-૨૦૦૭) :

(૧) ૫૧ અપીલો માર્ચ-૨૦૦૫ અને ત્યારબાદ જુદા જુદા સમયથી પડતર છે.

(૨) નિયમોનુસારની સુનાવણી અંગેની.

(૩) ૨૩ અપીલો.

---------------

**૪૨૦/page>ગાંધીનગર જિલ્લામાં તલાટી-ક્મ-મંત્રીની ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિ ૭૬૩૭ (૮-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦-૬-૦૬ ની સ્થિતિએ તાલુકા અને ગામવાર તલાટી ક્મ મંત્રીની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ સરકાર દ્વારા કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૮-૨-૨૦૦૭) :

(૧) સામેલ પત્રક મુજબ

(૨) બનતી ત્વરાએ

**પત્રક**

**ગાંધીનગર જિલ્લામાં તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ તાલુકાવાર/ગામવાર તલાટી ક્મ મંત્રીની ખાલી જ્ગ્યાની વિગતો દર્શાવતુ પત્રક**

| **ક્મ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **ખાલી જ્ગ્યાની સંખ્યા** | **ખાલી જ્ગ્યાનો સમયગાળો** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ગાંધીનગર | સાદરા | ૧ | |
| | | સરઢવ | ૧ | |
| | | ઉનાવા | ૧ | |
| | | વલાદ | ૧ | |
| | | ડભોડા | ૧ | |
| | | શેરથા | ૧ | જુદા જુદા સમયથી |
| | | ઉવારસદ | ૧ | |
| | | રાંધેજા | ૧ | |
| | | રૂપાલ | ૧ | |
| | | છાલા | ૧ | |
| | | શાહપુર | ૧ | |
| | | જાખોરા | ૧ | |
| | | મેદરા | ૧ | |
| | | **કુલ :** | **૧૩** | |
| ૨ | દહેગામ | કડજોદરા | ૧ | |
| | | જીંડવા | ૧ | |
| | | બહીયલ | ૧ | |
| | | રખીયાલ | ૧ | |
| | | લીહોડા | ૧ | |

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાનો સમયગાળો** |
|---|---|---|---|---|
| | | ક્નીપુર | ૧ | |
| | | ખાનપુર | ૧ | જુદા જુદા સમયથી |
| | | ધમીજ | ૧ | |
| | | જાલીયા મઠ | ૧ | |
| | | નવાનગર | ૧ | |
| | | પાવઠીમોટી | ૧ | |
| | | વેલપુરા | ૧ | |
| | | સાંપા | ૧ | |
| | | હાથીજણ | ૧ | |
| | | હિલોલ | ૧ | |
| | | લીવરીઝર્વ | ૨ | |
| | | **કુલ :** | **૧૭** | |
| ૩ | માણસા | લોદરા | ૧ | |
| | | પુંધરા | ૧ | |
| | | બિલોદરા | ૧ | |
| | | અંબોડ | ૧ | |
| | | લાકરોડા | ૧ | |
| | | પાટણપુરા | ૧ | |
| | | ધમેડા | ૧ | જુદા જુદા સમયથી |
| | | પરબતપુરા | ૧ | |
| | | કુંવાદરા | ૧ | |
| | | પડુસ્મા | ૧ | |
| | | ખડાત | ૧ | |
| | | અનોડીયા | ૧ | |
| | | રાજપુરા | ૧ | |
| | | મહુડી | ૧ | |
| | | લીવરીઝર્વ | ૪ | |
| | | **કુલ :** | **૧૮** | |
| ૪ | કલોલ | પાનસર | ૧ | |
| | | પલીયડ | ૧ | |
| | | સઇજ | ૧ | |
| | | નારદીપુર | ૧ | |
| | | સોજા | ૧ | |
| | | વાયણા મુલસણા | ૧ | જુદા જુદા સમયથી |
| | | ભોયણ મોટી | ૧ | |
| | | પલસાણા | ૧ | |
| | | શોભાસણા | ૧ | |
| | | લીંબોદરા | ૧ | |
| | | **કુલ :** | **૧૦** | |

--------------

## ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર. યોજનાના પૂર્ણ થયેલ કામો

અતારાંક્તિ ૭૬૩૮ (૮-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર. યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા કામો મંજૂર થયા છે,

(૨) ક્યા ક્યા કામોના પ્લાન-એસ્ટીમેન્ટ બનાવ્યા બાદ પડતર છે, અને

(૩) આ યોજના હેઠળ ક્યા ક્યા કામો પૂર્ણ થયા છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૩-૨-૨૦૦૭) :

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર. યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૧૬૧ કામો મંજૂર કરવામાં આવ્યા. (વિગતવાર પત્રક-૧ સામેલ છે.)

(૨) પ્લાન-એસ્ટીમેન્ટ બનાવ્યા બાદ આ યોજના હેઠળ કોઈ કામો પડતર નથી.

(૩) આ યોજના હેઠળ કુલ ૧૨૯૫ કામો પૂર્ણ થયા છે. (વિગતવાર પત્રક-૨ સામેલ છે.)

**પત્રક-૧**

**તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર.વાય. યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવેલ કામોની વિગત દર્શાવતું પત્રક.**

| ક્રમ | કામનો પ્રકાર | મંજુર કરેલ કામોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રસ્તાના કામો | ૬૩૨ | ૪૩૯ | ૧૦૭૧ |
| ૨ | બાંધકામના કામો | ૧૬૭ | ૧૦૭ | ૨૭૪ |
| ૩ | સિંચાઈના કામો | ૯૩ | ૬૮ | ૧૬૧ |
| ૪ | જમીન સંરક્ષણના કામો | ૧૭ | ૨૯ | ૪૬ |
| ૫ | જળસંચયના કામો | ૨૩૭ | ૯૪ | ૩૩૧ |
| ૬ | વનીકરણ | ૧૦ | ૦ | ૧૦ |
| ૭ | અન્ય કામો | ૧૩૫ | ૧૩૩ | ૨૬૮ |
| | **કુલ...** | **૧૨૯૧** | **૮૭૦** | **૨૧૬૧** |

**પત્રક-૨**

**ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર.વાય. યોજના અંતર્ગત (તા. ૩૦--૬-૦૬ની સ્થિતિએ પૂર્ણ થયેલ તથા પ્રગતિ હેઠળના કામોની વિગત દર્શાવતું પત્રક.**

| ક્રમ | કામનો પ્રકાર | પુર્ણ થયેલ કામો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રસ્તાના કામો | ૬૪૮ |
| ૨ | બાંધકામના કામો | ૧૯૫ |
| ૩ | સિંચાઈના કામો | ૬૧ |
| ૪ | જમીન સંરક્ષણના કામો | ૧૭ |
| ૫ | જળસંચયના કામો | ૨૪૩ |
| ૬ | વનીકરણ | ૧૦ |
| ૭ | અન્ય કામો | ૧૨૧ |
| | **કુલ...** | ૧૨૯૫ |

## વલસાડ જિલ્લામાં સરદાર પટેલ આવાસના મકાનો પુરા પાડવા ખર્ચેલ રકમ

અતારાંક્તિ ૭૬૪૩ (૮-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૮-૦૬ સુધીમાં સરદાર પટેલ આવાસ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓની અરજી સામે કેટલાને આવાસ પુરા પાડવામાં આવ્યા,

(૨) બાકી રહેતા લાભાર્થીઓને ક્યારે આવાસો આપવામાં આવશે, અને

(૩) કેટલી રકમ આ અંગે છુટી કરી ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** (૩-૨-૨૦૦૭) :

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૮-૦૬ સુધીમાં સરદાર પટેલ આવાસ યોજના અન્વયે લાભાર્થીઓની આવેલ અરજીઓ સામે પૂરા પાડેલ આવાસોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આવેલ અરજી | પુરા પાડેલ આવાસો |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૪૮ | ૦૬ |
| ૨૦૦૪-૦૫ | ૧૩૩૨ | ૧૨૩૯ |
| ૨૦૦૫-૦૬ | ૧૧૪૩ | ૯૦૧ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૮-૦૬ અંતિત) | ૮૦૦ | |

(૨) સને ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ એમ ત્રણ વર્ષ દરમ્યાન કુલ-૨૭૨૩ અરજીઓ મળેલ હતી. જેની સામે માર્ચ-૦૬ અંતિત ૨૧૪૬ આવાસો પૂર્ણ કરી લાભાર્થીઓને કબજો સુપ્રત કરેલ છે. બાકી ૫૭૭ આવાસો પૂર્ણ કરી ચાલુ વર્ષે ઓગષ્ટ-૦૬ સુધીમાં પૂર્ણ કરી કબજો સુપ્રત કરેલ છે.

સને ૨૦૦૬-૦૭ના વર્ષના ૮૦૦ આવાસો બાંધવા અંગેની કાર્યવાહી ચાલુ છે. જે આવાસો પૂર્ણ થયે લાભાર્થીઓને આવાસો પુરા પાડવામાં આવશે.

(૩)

| વર્ષ | છૂટી કરવામાં આવેલ ગ્રાન્ટ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨,૯૧,૪૦,૦૦૦ | ૧,૨૬,૬૩,૦૦૦ |
| ૨૦૦૪-૦૫ | ૪,૭૯,૭૭,૦૦૦ | ૩,૮૫,૪૦,૦૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૩,૨૪,૩૬,૦૦૦ | ૪,૭૫,૩૧,૦૦૦ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૮-૦૬ અંતિત) | ૧,૫૮,૧૫,૦૦૦ | ૧૩,૪૩,૦૦૦ |

---------------

## જિલ્લા મથકો અને ધર્મસ્થાનોમાં ગ્રામહાટ શરૂ કરવા અંગે

અતારાંક્તિ ૭૮૨૦ (૬-૧૨-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જુલાઇ-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા જિલ્લા મથકો, હાઇવે અને ધર્મસ્થાનોમાં ગ્રામહાટ શરૂ કરવામાં આવ્યા,

(૨) કેટલા ખર્ચે, અને

(૩) ૨૦૦૬-૦૭માં ક્યા ક્યા સ્થળે ગ્રામહાટો ઊભા કરવામાં આવનાર છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૩-૨-૨૦૦૭) :

(૧) જુલાઇ-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અંબાજી ખાતે ભાડાની દુકાનોમાં ગ્રામહાટ શરૂ કરેલ છે.

(૨) રૂા. ૧,૪૪,૦૦૦/- ના ખર્ચે.

(૩) પત્રક - અ મુજબ.

**પત્રક - (અ)**

**વર્ષ ૨૦૦૬-૦૭ માં નીચેના જિલ્લાઓમાં ગ્રામહાટ શરુ કરવામાં આવનાર છે.**

| અ. નં. | જિલ્લાનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ધોળકા અને બરવાળા |
| ૨ | બનાસકાંઠા | અંબાજી ખાતે (કાયમી ધોરણે) |
| ૩ | નર્મદા | સાગબારા અને સુરપાણેશ્વર મંદિર (ગોરા) નાંદોદ તાલુકા પંચાયત |
| ૪ | ગાંધીનગર | ગાંધીનગર ખાતે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. સ્થળ નક્કી થશે તે મુજબ. |
| ૫ | પોરબંદર | જિલ્લા મથકે ચોપાટી ગ્રાઉન્ડ ઉપર |
| ૬ | ખેડા | નડીયાદી મુકામે અને ડાકોર મુકામ |
| ૭ | નવસારી | ઉનાઇ ખાતે (દુકાનો ઉપલબ્ધ થયેથી) |
| ૮ | પાટણ | પાટણ જિલ્લા મથકે અને શંખેશ્વર ખાતે |
| ૯ | સુરત | સુરત જિલ્લા મથકે |
| ૧૦ | જુનાગઢ | જુનાગઢ જિલ્લા મથકે |
| ૧૧ | વડોદરા | વડોદરા જિલ્લા મથકે |
| ૧૨ | સાબરકાંઠા | પ્રાંતિજ અને શામળાજી ખાતે |
| ૧૩ | રાજકોટ | વિરપુર (તાલુકો જેતપુર) માંટેલ તાલુકો વાંકાનેર |
| ૧૪ | કચ્છ-ભૂજ | ફુલરા અને ધોળાવીરા ખાતે |

---------------

**રાજ્યમાં જિલ્લાવાર જમીન ખરીદી અન્વયે સ્ટેમ્પ ડ્યુટીની આવક તેમજ મળેલ ફરિયાદો**

અતારાંકિત ૭૨૬૪ (૨૩-૮-૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં મે ૨૦૦૬ના અંતે રાજ્ય સરકારને જીલ્લાવાર જમીન ખરીદનાર પાસેથી કુલ કેટલી રકમોની સ્ટેમ્પ ડ્યુટી પ્રાપ્ત થઇ હતી,

(૨) આ સ્ટેમ્પ ડ્યુટીની રકમો ખોટી આકારણીના આધારે શઈ હોવાની કુલ કેટલી ફરિયાદો જીલ્લાવાર રાજ્ય સરકારને મળી હતી, અને

(૩) ફરિયાદોમાં રાજ્ય સરકારે શું શું પગલાં ભર્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૬-૨-૨૦૦૭) :

(૧) રૂા. ૪,૧૮,૦૩,૮૯,૮૨૧/- ની સ્ટેમ્પ ડ્યુટી પ્રાપ્ત થઈ હતી (પત્રક સામેલ છે)

(૨) કુલ ૫ ફરિયાદો મળેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ફરિયાદની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧ |
| ૨. | રાજકોટ | ૧ |
| ૩. | વડોદરા | ૧ |
| ૪. | પાટણ | ૧ |
| ૫. | પોરબંદર | ૧ |

(૩) સ્ટેમ્પ ડ્યુટીની રકમો ખોટી આકારણીના આધારે થઈ હોવાથી મળેલ રજૂઆતો/ફરિયાદ અન્વયે આ અંગે સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તેઓના તા. ૯-૮-૨૦૦૬ અને તા. ૨૦-૧૧-૨૦૦૬ના પરિપત્રોથી જરૂરી સૂચનાઓ દરેક નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ્સ ડ્યુટી અને મૂલ્યાંકન તંત્રની કચેરીઓને આપવામાં આવેલ છે. ખોટી આકારણીની ફરિયાદો ઉદ્દભવે નહીં તે માટે નાયબ કલેકટરશ્રીની કચેરીઓને જરૂરી સૂચનાઓ/માર્ગદર્શન અવારનવાર આપવામાં આવેલ છે તેમજ નાયબ કલેકટરશ્રીઓ સાથેની માસિક મીટીંગમાં પણ

આ મુદ્દાની ચર્ચા-વિચારણા કરી જરૂરી તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે અને જટિલ કેસોમાં નાયબ કલેકટરશ્રીએ પોતે જાતે સ્થળની મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે.

**તા. ૧-૪-૨૦૦૫ થી તા. ૩૧-૫-૦૬ દરમ્યાન જમીનની તબદીલીના નોંધાયેલ લેખોની સંખ્યા અને તેમાં વસુલાતની રકમની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમાંક | જિલ્લાનું નામ | લેખની સંખ્યા | લેખમાં વાપરેલ સ્ટેમ્પ ડયુટી | વસુલ કરેલ રકમ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૪૪૯૮ | ૧૪૧૧૦૦૦૩૮૦ | ૧૭૧૧૩૩૭૮ | ૧૪૨૮૧૧૩૭૫૮ |
| ૨ | અમરેલી | ૬૦૭૫ | ૩૯૧૭૧૬૭૫ | ૧૩૧૬૧૭૦ | ૪૦૪૮૭૮૪૫ |
| ૩ | ભુજ | ૩૨૫૬૯ | ૧૩૫૯૭૧૯૧૦ | ૮૮૫૮૭૬૯ | ૧૪૪૮૩૦૬૭૯ |
| ૪ | ખેડા | ૬૯૪૨ | ૫૫૯૬૪૫૯૯ | ૧૨૧૮૫૪૦ | ૫૭૧૮૩૧૩૯ |
| ૫ | આણંદ | ૫૯૬૨ | ૬૦૫૭૪૫૫૮ | ૬૨૧૦૭૧ | ૬૧૧૯૫૬૨૯ |
| ૬ | ગાંધીનગર | ૧૨૬૮૬ | ૧૮૯૫૪૯૩૪૦ | ૧૧૨૦૬૫૩૧ | ૨૦૦૭૫૫૮૭૧ |
| ૭ | જામનગર | ૧૪૦૪૯ | ૧૧૩૨૪૯૭૬૭ | ૮૮૯૩૦૫૭ | ૧૨૨૧૪૨૮૨૪ |
| ૮ | જુનાગઢ | ૧૬૧૩૭ | ૧૧૧૮૧૬૮૫૭ | ૩૮૨૯૫૬૫ | ૧૧૫૬૪૬૪૨૨ |
| ૯ | પોરબંદર | ૫૦૯૮ | ૩૬૩૭૦૪૦૦ | ૪૫૯૯૦૦ | ૩૬૮૩૦૩૦૦ |
| ૧૦ | ગોધરા | ૬૯૬૬ | ૪૭૦૬૯૩૪૦ | ૧૮૨૮૧૫૩ | ૪૮૮૯૭૪૯૩ |
| ૧૧ | દાહોદ | ૧૧૯૬ | ૧૧૩૭૨૩૮૦ | ૧૨૭૫૮૩ | ૧૧૪૯૯૯૬૩ |
| ૧૨ | પાલનપુર | ૧૬૪૯૫ | ૫૭૨૧૨૪૫૭ | ૨૭૨૪૮૧૧ | ૫૯૯૩૭૨૬૮ |
| ૧૩ | ભરૂચ | ૧૦૬૪૮ | ૮૮૯૧૩૭૧૭ | ૩૦૪૬૦૫૦ | ૯૧૯૫૯૭૬૭ |
| ૧૪ | નર્મદા | ૮૬૧ | ૮૪૨૪૫૩૦ | ૬૪૪૧૩ | ૮૪૮૮૯૪૩ |
| ૧૫ | ભાવનગર | ૧૭૯૦૪ | ૧૮૭૩૭૪૭૬૫ | ૩૫૪૯૭૩૪ | ૧૯૦૯૨૪૪૯૯ |
| ૧૬ | મહેસાણા | ૯૮૮૫ | ૬૦૧૪૧૮૬૦ | ૩૪૪૫૩૦૬ | ૬૩૫૮૭૧૬૬ |
| ૧૭ | પાટણ | ૮૪૨૯ | ૩૯૪૨૩૪૦૭ | ૧૨૨૩૫૯૭ | ૪૦૬૪૭૦૦૪ |
| ૧૮ | રાજકોટ | ૪૧૮૭૪ | ૩૩૪૨૦૮૬૯૯ | ૫૬૪૬૦૨૫૪ | ૩૯૦૬૬૮૯૫૩ |
| ૧૯ | વડોદરા | ૧૩૮૫૮ | ૨૦૬૭૮૦૩૨૫ | ૧૨૪૯૫૯૧૬ | ૨૧૯૨૭૬૨૪૧ |
| ૨૦ | વલસાડ | ૫૫૫૮ | ૧૧૪૮૭૪૭૨૫ | ૭૧૦૫૮૧ | ૧૧૫૫૮૫૩૦૬ |
| ૨૧ | નવસારી | ૧૦૧૫૦ | ૧૩૮૮૩૬૫૧૦ | ૫૬૮૮૨૮૩ | ૧૪૪૫૨૪૭૯૩ |
| ૨૨ | સુરત | ૪૪૩૧૧ | ૩૬૪૫૬૮૨૪૬ | ૫૮૮૬૧૩૨૪ | ૪૨૩૪૨૯૫૭૦ |
| ૨૩ | હિંમતનગર | ૧૧૭૮૮ | ૯૪૬૪૧૭૪૯ | ૧૩૬૮૯૧૭૨ | ૧૦૮૩૩૦૯૨૧ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૬૧૮૫ | ૫૪૨૫૭૮૩૧ | ૧૧૮૭૬૩૬ | ૫૫૪૪૫૪૬૭ |
| | કુલ.. | **૩૪૦૧૨૪** | **૩૯૬૧૭૭૦૦૨૭** | **૨૧૮૬૧૯૭૯૪** | **૪૧૮૦૩૮૯૮૨૧** |

------------

**જામનગર શહેરમાં આવેલ પ્રદર્શન ગ્રાઉન્ડ ભાડે આપવા બાબત**

અતારાંકિત ૭૬૯૨ (૬-૧૨-૦૬) ડૉ. **દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર ખાતે શહેરમાં આવેલ પ્રદર્શન ગ્રાઉન્ડ ભાડે આપવામાં આવે છે, તે હકીક્ત સાચી છે,

(૨) તા. ૧-૫-૦૬ થી ૨૫-૫-૦૬ સુધીમાં ભાડે રાખવા કુલ કેટલી અરજીઓ આવી,

(૩) રાજ્ય સરકારના આદેશ અનુસાર પ્રવાસન વર્ષની ઉજવણી માટે જન્માષ્ટમી દરમ્યાન સરકારી કાર્યક્રમ માટે અનામત રાખવામાં આવેલ તે હકીક્ત સાચી છે,

(૪) સદરહુ બાબતે નિયમોનો ભંગ કરી અનામત રખાયેલ જગ્યાએ વ્યક્તિગત ધોરણે ફાળવવામાં આવેલ તે હકીક્ત સાચી છે, અને

(૫) નિયમ અનુસાર કાર્યવાહી ન થયેલ હોય તો કસૂરવાર સામે કોઈ પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૨-૧-૨૦૦૭) :

(૧) હા, જી.

(૨) બે.

(૩) રાજ્ય સરકારે કોઈ આદેશ આપેલ નથી. પરંતુ તે ક્લેકટરશ્રીનો વહીવટી નિર્ણય હતો.

(૪) જન્માષ્ટમીનો કાર્યક્રમ દ્વારકા ખાતે ઉજવણીનું નક્કી થતાં તેમજ વહીવટી નિર્ણય અન્વયે જરૂરીયાત ન જણાતા તે સમયે જે માંગણી હતી તેને ફાળવવા નિર્ણય લેવાયેલ હતો.

(૫) બાબત તપાસ હેઠળ છે.

------------

**ઝઘડિયા મામલતદાર કચેરી માટે જીપ ફાળવવા અંગે**

અતારાંકિત ૭૭૨૭ (૬-૧૨-૦૬)**શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લાની ઝઘડિયા તાલુકા મામલતદાર કચેરી માટે નવી જીપ ખરીદવા કઈ તારીખે ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ભરૂચ જીલ્લા કલેકટર કચેરી દ્વારા આ જીપ કઈ તારીખે ખરીદવામાં આવી,

(૩) આ જીપ ઝઘડિયા મામલતદાર કચેરીમાં ફાળવવામાં આવી છે કે કેમ,

(૪) જો ના, તો આ જીપ હજુ સુધી નહી ફાળવવાનાં શાં કારણો છે, અને

(૫) આ નવી જીપનો હાલમાં ક્યા અધિકારી ઉપયોગ કરી રહ્યા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૩-૨-૨૦૦૭) :

(૧) તા. ૧-૩-૨૦૦૨ના રોજ

(૨) તા. ૨૩-૪-૨૦૦૨.

(૩) હા.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) મામલતદારશ્રી, ઝઘડિયા

------------

**સુરત જિલ્લામાં ગામતળ વધારવાની દરખાસ્તો**

અતારાંકિત ૭૭૫૧ (૨૨-૧૧-૦૬) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકા અને ગામવાર કેટલી ગ્રામ પંચાયતોની ગામતળ વધારવાની દરખાસ્તો સરકારને મળી છે,

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) આ દરખાસ્તો મંજૂર ન કરવાના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧-૨-૨૦૦૭) :

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) ૪૯.

(૩) ૮.

(૪) શૈક્ષણિક ઉપયોગ માટે મુકરર થવાથી, વિવાદ વાળી નીમ થયેલ જમીનમાં લાભાર્થીઓ રહેવા માંગતા ન હોવાના લીધે, દબાણ, તળાવ સદર વગેરે કારણોને લીધે દરખાસ્તો નામંજૂર.

**પત્રક**

**સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૧ તાલુકામાં ૭૭ ગ્રામપંચાયતો તરફથી જમીન વિહોણા ખેત મજુરોને પ્લોટ ફાળવવા ગામતળ વધારવા ૮૦ દરખાસ્તો કલેક્ટર કચેરી, સુરતને મળેલ છે. જે નીચે મુજબ છે.**

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | ગ્રામ પંચાયતની સંખ્યા | મળેલ દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૫ | ૫ | ૫ |
| ૨ | પલસાણા | ૩ | ૩ | ૩ |
| ૩ | ઓલપાડ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૪ | કામરેજ | ૩ | ૩ | ૩ |
| ૫ | માંડવી | ૨૩ | ૨૩ | ૨૩ |
| ૬ | માંગરોલ | ૧ | ૧ | ૧ |
| ૭ | બારડોલી | ૭ | ૭ | ૭ |
| ૮ | મહુવા | ૧૩ | ૧૩ | ૧૬ |
| ૯ | વ્યારા | ૩ | ૩ | ૩ |
| ૧૦ | વાલોડ | ૫ | ૫ | ૫ |
| ૧૧ | સોનગઢ | ૨ | ૨ | ૨ |
| | **કુલ :** | **૭૭** | **૭૭** | **૮૦** |

------------

**ભૂજ અને નખત્રાણામાં ભૂકંપનો મલબો ઉપાડવામાં કોન્ટ્રાકટના કામમાં ભ્રષ્ટાચાર**

અતારાંક્તિ ૭૦૭૨ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : તા.૧૧-૩-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંક્તિ પ્રશ્ન ક્રમાંકઃ૨૦૫૭ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ ભુજ અને નખત્રાણામાં ભૂકંપનો મલબો ઉપાડવાના કોન્ટ્રાક્ટના કામની તપાસ ક્યા ક્યા તબક્કે છે,

(૨) તપાસની વિગતો શી શી છે તેમની સામે શા શા પગલાં ભરવામાં આવ્યા છે, અને

(૩) કેટલી રીક્વરી કરવામાં આવી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૩-૧-૦૭) :

(૧) ભુજ અને નખત્રાણામાં ભૂકંપનો મલબો ઉપાડવાના કાટમાળ કોભાંડમાં આઠ ફરિયાદો એસીબી/પોલીસ ખાતા દ્વારા દાખલ થયેલ. જે પૈકી ત્રણમાં કોર્ટમાં ચાર્જ ફ્રેમ થઇ ગયેલ છે. બાકીના કેસોમાં તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૨) કાટમાળ ખસેડવા સિવાય કામગીરી કરવામાં આવેલ છે. જેના બિલ મંજૂર કરી નાણાં ચૂકવવા બાબતે તપાસ મુખ્યતઃ કેન્દ્રિત છે. જે અન્વયે ૬૨ ભૂંકપ નિરીક્ષકોની નોકરી સમાપ્ત કરવામાં આવેલ છે.

(૩) કોર્ટની બાબત હોઇ નામદાર કોર્ટના આખરી હુકમ મુજબ કાર્યવાહી કરવાની રહે.

---------------

**વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના રસ્તાઓ**

અતારાંક્તિ ૭૫૯૮ (૮-૧૧-૦૬)**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે તાલુકાવાર કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ મંજૂર થયેલ રસ્તાઓ પૈકી તાલુકાવાર કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયા અને કેટલા કામો હજુ બાકી છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૭-૨-૨૦૦૭) :

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ૫ કામો મંજૂર થયેલ છે. જે પૈકી ધરમપુર તાલુકામાં ૩ કામો અને કપરાડા તાલુકામાં ૨ કામો મંજૂર થયેલ છે.

(૨) આ મંજૂર થયેલ રસ્તાઓ પેકી ધરમપુર તાલુકાના ૩ કામો અને કપરાડા તાલુકાના ૨ કામો પ્રગતિ હેઠળ છે.

(૩) આ પ્રગતિ હેઠળના ૫ કામોમાં તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ રૂા. ૭૭.૪૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------------

**કલોલ તાલુકાના પલસાણા-ખોરજાપુરા-શેરીસા રોડને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજૂર કરવા બાબત**

અતારાંક્તિ ૭૭૭૬ (૧૪-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કલોલ પલસાણા ડામર રસ્તાથી વાયા ખોરજાપુરા ગામ શેરીસા ગામ સુધીનો ડામર રસ્તો બનાવવા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજુર થયો છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો મંજૂરી ક્યારે અપાઇ,

(૩) મંજૂરી મળ્યા પછી લાંબા સમય સુધી આ રસ્તો ન બનાવવાના કારણો શા છે, અને

(૪) ક્યાં સુધીમાં રસ્તો પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૭-૨-૦૭) :

(૧) ના

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**રાજ્યમાં ધો.૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ગણવેશના બદલે રોકડ રકમ**

અતારાંક્તિ ૭૬૩૯ (૧૪-૧૧-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૦-૯-૦૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વર્ગોને ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મફ્ત ગણવેશ આપવાની ચાલતી યોજનામાં ફેરફાર કરી હવે વિદ્યાર્થીઓને રૂા.૧૫૦/-રોકડા આપવામાં આવ્યા છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો જિલ્લાના દરેક તાલુકામાં કેટલા વિદ્યાર્થીઓને રોકડા રૂા. ચુકવવામાં આવ્યા છે, કેટલા વિદ્યાર્થીઓને ચુકવવાના બાકી છે, ક્યારે ચુકવવાનું આયોજન છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૦-૧-૨૦૦૭) :

(૧) હા, જી.

(૨) ૨૫ જિલ્લામાં ૨૨૪ તાલુકામાં ૬,૨૯,૨૫૨ વિદ્યાર્થીઓને રોકડ રકમ ચુકવવામાં આવી છે. ૧૫૮૬૯ વિદ્યાર્થીઓને ચુકવવાના બાકી છે. જે ચુકવવાની કાર્યવાહી ચાલુ છે.

વિગતવાર * પત્રકો સામેલ છે.

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

---------------

**જૂનાગઢ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ આપેલ વીજજોડાણ**

અતારાંક્તિ ૭૮૨૨ (૨૬-૧૨-૦૬) **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ નવેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ જોડાણ માટેની વર્ષવાર કેટલી માંગણીઓ આવી,

(૨) આવેલ માંગણીઓ પેકી વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલાઓને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૩-૨-૦૭) :

(૧) અને (૨) જૂનાગઢ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ નવેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ વીજ જોડાણની માંગણીઓ તેમજ તે પૈકી આપવામાં આવેલ વીજજોડાણોની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| સમયગાળો | આવેલ અરજીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજજોડાણોની સંખ્યા |
|---|---|---|
| ડીસેમ્બર-૨૦૦૪ થી નવેમ્બર-૨૦૦૫ | ૧૧૧ | ૧૧૧ |
| ડીસેમ્બર-૨૦૦૫ થી નવેમ્બર-૨૦૦૬ | ૫૦ | ૦૦ |

(૩) એપ્રિલ-૨૦૦૫ થી કેન્દ્ર પુરસ્કૃત કુટિર જ્યોતિ યોજના બંધ કરવામાં આવેલ હોઈ બાકી રહેલ અરજીઓનાં વીજજોડાણો નવી અમલમાં આવેલ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ આપવાનું આયોજન છે. સદરહુ યોજનાની જૂનાગઢ જિલ્લા માટે સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, જેની આખરી મંજૂરી મળ્યેથી બાકીનાં ૫૦ વીજજોડાણોની કામગીરી હાથ ધરવામાં આવશે.

---------------

**રાજ્યમાં વિદ્યુતશુલ્કની બાકી વસુલાત**

અતારાંક્તિ ૭૮૩૮ (૨૯-૧૨-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારને જિલ્લાવાર વિદ્યુતશુલ્કની કેટલી આવકો પ્રાપ્ત થઈ,

(૨) કુલ કેટલા ગ્રાહકો પાસેથી, અને

(૩) તા. ૩૧મી માર્ચ ૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલી રકમોની વસુલાતો બાકી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨-૨-૦૭) :

(૧) સામેલ પત્રક--૧ મુજબ

| | વર્ષ | વર્ષ |
|---|---|---|
| (૨) ગ્રાહકોની સંખ્યા | ૨૦૦૪-૦૬ | ૨૦૦૫-૦૬ |
| | ૯૫,૪૦,૫૦૬ | ૧,૦૧,૭૫,૪૭૯ |

(૩) સામેલ પત્રક-૨ મુજબ.

**પત્રક--૧**

**સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને જિલ્લાવાર મળેલ વિદ્યુત શુલ્ક દર્શાવતું પત્રક**

| ક્રમ | જીલ્લો | ૨૦૦૪-૦૫ રૂા. | ૨૦૦૫-૦૬ રૂા. |
|---|---|---|---|
| ૧ | બરોડા | ૧૩૭૭૧૬૪૦૦૮ | ૧૬૭૬૬૦૨૩૮૭ |
| ૨ | આણંદ | ૨૮૬૪૦૫૦૩૮ | ૨૫૭૫૪૮૧૦૨ |
| ૩ | નડિયાદ | ૨૭૪૬૧૫૯૪૮ | ૨૨૪૭૯૫૩૪૫ |
| ૪ | સુરત | ૪૨૨૭૬૭૭૭૧૦ | ૪૩૩૮૭૪૫૬૯૫ |
| ૫ | સુરેન્દ્રનગર | ૨૨૭૮૮૨૧૭૮ | ૧૩૨૪૩૩૧૦૮ |
| ૬ | અમદાવાદ | ૩૫૫૫૪૩૨૨૦૯ | ૩૭૩૬૨૩૬૧૧૬ |
| ૭ | ગાંધીનગર | ૪૨૦૯૩૬૯૭૩ | ૪૭૫૭૧૭૭૧૧ |
| ૮ | મહેસાણા | ૬૦૭૫૦૮૨૩૧ | ૬૪૩૬૯૧૦૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૯ | પાટણ | ૫૬૦૩૯૧૨૩ | ૬૦૦૫૧૪૩૮ |
| ૧૦ | જામનગર | ૩૫૦૬૫૧૩૯૯ | ૨૮૬૪૧૬૪૨૯ |
| ૧૧ | રાજકોટ | ૧૦૭૯૦૧૪૯૬૯ | ૯૬૭૫૭૦૧૯૨ |
| ૧૨ | ભાવનગર | ૪૭૮૪૪૨૨૦૮ | ૪૩૭૩૦૩૪૩૪ |
| ૧૩ | ભૂજ | ૪૯૩૦૨૫૭૬૮ | ૫૬૨૨૫૩૯૭૬ |
| ૧૪ | પોરબંદર | ૧૭૪૯૯૮૦૨૯ | ૧૧૩૨૯૩૦૦૮ |
| ૧૫ | જૂનાગઢ | ૪૧૫૧૦૨૬૫૩ | ૭૭૪૫૯૭૭૧૫ |
| ૧૬ | હિંમતનગર | ૧૯૫૭૦૮૬૬૬ | ૧૭૪૩૫૮૭૧૨ |
| ૧૭ | પાલનપુર | ૯૬૯૪૩૯૫૬૮ | ૯૭૩૫૭૧૦૬૮ |
| ૧૮ | ભરૂચ | ૧૧૯૧૩૭૯૮૮૪ | ૧૫૧૮૯૨૫૦૭૧ |
| ૧૯ | નર્મદા | ૧૩૩૮૫૧૯૮૮ | ૭૩૯૦૮૩૧૨ |
| ૨૦ | વલસાડ | ૮૧૬૯૧૭૨૮૯ | ૪૭૭૪૩૯૧૯૯ |
| ૨૧ | ડાંગ | ૬૯૮૩૫૬૮૫ | ૪૨૩૩૦૯૦૭૧ |
| ૨૨ | નવસારી | ૧૫૧૧૪૦૮૧૨૮ | ૯૮૫૪૨૪૭૮ |
| ૨૩ | ગોધરા | ૭૮૦૯૫૯૦૯ | ૫૫૨૬૧૭૪૨ |
| ૨૪ | દાહોદ | ૨૮૭૭૭૦૩૫૫ | ૨૩૫૯૭૮૫૬૬ |
| ૨૫ | અમરેલી | ૨૭૧૮૯૬૦૮૪ | ૧૫૭૩૨૯૨૦૬ |
| | કુલ :- | ૧૮૧૯૧૨૦૦૦૦૦ | ૧૮૮૮૫૮૭૯૧૧૧ |

**પત્રક-૨**

**તા.૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં જિલ્લાવાર વિદ્યુત શુલ્ક બાકી વસુલાતનું પત્રક**

**(રૂા. કરોડમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | માર્ચ-૨૦૦૪ સુધી | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૨૩૩.૨૧ | ૩૦૩.૨૫ | ૩૫૧.૩૨ |
| ૨ | અમદાવાદ | ૨.૦૬ | ૨.૮૧ | ૩.૧૦ |
| ૩ | ગાંધીનગર | ૦.૭૯ | ૦.૭૯ | ૦.૭૯ |
| ૪ | જામનગર | ૧૧.૪૫ | ૧૫.૯૨ | શૂન્ય |
| ૫ | સુરેન્દ્રનગર | ૧.૧૮ | ૧.૯૯ | ૩.૦૬ |
| ૬ | વડોદરા | ૪૬.૫૩ | ૫૫.૯૩ | ૬૫.૩૩ |
| | કુલ | ૨૯૫.૨૨ | ૩૮૦.૬૯ | ૪૨૩.૬૦ |

-------------

**રાજ્યમાં આવેલ ગેસ આધારિત વીજમથકો માટે કેન્દ્રમાં રજૂઆત**

અતારાંક્તિ ૭૮૩૯ (૨૯-૧૨-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આવેલ ગેસ આધારીત વીજમથકોને આપવામાં આવતા ગેસના ભાવો નક્કી કરવા માટે સરકાર દ્વારા ક્યારે ક્યારે કેન્દ્ર સરકારને રજૂઆતો કરવામાં આવી,

(૨) કેન્દ્ર સરકારે તેનો શું શું પ્રતિભાવ આપ્યો, અને

(૩) રાજ્ય સરકારે રજૂઆતોમાં કઈ કઈ બાબતોને અગ્રતા આપી હતી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૯-૨-૦૭) **:**

(૧) તા. ૧૮-૮-૨૦૦૪

(૨) તા. ૨૨-૯-૨૦૦૪

(૩) તા. ૪-૪-૨૦૦૫

(૪) તા. ૧૯-૪-૨૦૦૫

(૫) તા. ૯-૯-૨૦૦૫

(૨)

| ક્રમ | તારીખ | પ્રતિભાવ |
|---|---|---|
| (૧) | ૨૫-૮-૨૦૦૪ | રાજ્ય સરકારની દરખાસ્ત અન્વયે વિચારણા કરવામાં આવી રહેલ છે. |
| (૨) | ૨૪-૩-૨૦૦૫ | જોઈન્ટ વેન્ચર્સ દ્વારા સીધો જ ગેસ વેચાણ કરવાનો હોઈ રાજ્ય સરકારે બારોબાર જ કિંમત અને જથ્થા અંગે જોઈન્ટ વેન્ચર્સ સાથે વાટાઘાટો કરવી જોઈએ. |
| (૩) | ૧૧-૭-૨૦૦૫ | પીપાવાવ વિદ્યુત મથકના ડેવલપર્સ પન્ના, મુક્તા, તાપ્તીના ગેસ ફીલ્ડના જોઈન્ટ વેન્ચર્સ સાથે બજાર કિંમતે ગેસ મેળવવા અંગે ગોઠવણ કરવાની રહે છે. |
| (૪) | ૨૦-૯-૨૦૦૫ | રાજ્ય સરકારના પત્રની પહોંચ પાઠવવી. |

(૩)

(૧) ભારત સરકારે સૂચવેલ ૪.૫૩ અમેરિકન ડોલર પ્રતિ એમ.એમ.બી.ટી.યુ.ની કિંમત સ્વીકાર્ય ન હોઈ ગેલ દ્વારા સૂચવાયા પ્રમાણેની ૪.૩૩ અમેરિકન ડોલર્સ પ્રતિ એમ.એમ.બી.ટી.યુ. કિંમત જ નિયત કરવી જોઈએ.

(૨) રાજ્યના ગેસ આધારિત વીજ મથકો પોષણક્ષમ બને તે માટે ગેલ દ્વારા એચ.બી.જે. પાઈપલાઈન માટે જે કિંમત લેવામાં આવે છે. તે જ કિંમત ભારત સરકારે નિયત કરવી જોઈએ.

(૩) બજાર કિંમતે જોઈન્ટ વેન્ચર્સને ગેસનું વેચાણ કરવા મંજૂરી આપવાના નિર્ણયને કારણે રાજ્ય સરકારના હિતોને વિપરીત અસર થયેલ છે. ઉપરાંત આ નિર્ણય ભારત સરકાર દ્વારા ઉચ્ચ કક્ષાએ અપાયેલ ખાત્રીઓથી વિપરીત છે. તેથી ભારત સરકારે જ્યારે સ્વતંત્ર ગેસ રેગ્યુલેટર દેશમાં નિમાયેલ નથી. ત્યારે મનસ્વી રીતે કિંમત નક્કી ન કરતાં ખાત્રી અપાયા મુજબની વ્યાજબી કિંમત નિયત કરવી જોઈએ અને જરૂરી બને તો વડા પ્રધાનશ્રીએ હસ્તપેક્ષ કરી એ.પી.એમ. દરે વીજ મથકો માટે ગેસ પૂરો પાડવો જોઈએ.

(૪) ભારત સરકારના બજાર કિંમતે રાજ્ય સરકારને ગેસ આપવાના કરેલ નિર્ણયને પરિણામે રાજ્ય સરકારની આર્થિક સ્થિતિને એકંદરે ખુબ વિપરીત અસર થતી હોઈ, વ્યાજબી કિંમતે જ ગેસનો પુરવઠો પૂરો પાડવો જોઈએ.

------------

## પીપાવાવ વિદ્યુત મથકને ગેસ પૂરો પાડવા રજુઆત

અતારાંકિત ૭૮૪૦ (૨૯-૧૨-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જુન, ૨૦૦૬ની સ્થિતિએ પીપાવાવ વિદ્યુત મથકને ગેસ પૂરો પાડવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્રમાં ક્યારે ક્યારે રજુઆતો કરી, અને,

(૨) આ અંગે પેટ્રોલિયમ મંત્રીશ્રીના ક્યારે ક્યારે શું શું જવાબો આવ્યા છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૩-૨-૦૭) :

(૧) (૧) તા. ૨૦-૧-૦૪

**એચબી-૯૯૬-૧૧**

(૨) તા. ૦૯-૦૨-૦૫

(૩) તા. ૦૪-૦૪-૦૫

(૪) તા. ૧૯-૦૪-૦૫

(૫) તા. ૨૭-૦૫-૦૫

(૬) તા. ૦૯-૦૯-૦૫

(૭) તા. ૨૧-૧૨-૦૫

(૮) તા. ૦૬-૦૩-૦૬

(૨)

| તારીખ | વિગત |
|---|---|
| (૧) તા. ૦૫-૦૭-૦૩ | મે. બી. જી. એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન ઈન્ડીયા લી. ઓ.એન.જી.સી. અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ના કોન્સોરોરીયમ દ્વારા તાપી ક્ષેત્રનો વિશેષ વિકાસ પ્લાન તેયાર થઈ રહેલ છે. અને મધ્ય અને દક્ષિણ તાપી પ્રોડક્શન શેરીંગ કોન્ટ્રાક્ટ હેઠળ રચાયેલ મેનેજમેન્ટ સમિતિ સમક્ષ આ પ્લાન રજુ થનાર છે. વિકાસ પ્લાનના ઝડપી આખરીકરણ અને અમલીકરણ માટે કેન્દ્ર સરકાર પ્રયત્નશીલ છે. પ્લાન આખરી થતા અને અમલમાં આવતા પીપાવાવ પ્રોજેક્ટ માટે કુદરતી ગેસનો પુરવઠો ફાળવવાની બાબત આખરી થઈ શકશે. |
| (૨) તા. ૧૧-૦૭-૦૫ | પીપાવાવ વિદ્યુત મથકના ડેવલપર્સે પન્ના, મુક્તા, તાપ્તીના ગેસ ફીલ્ડના જોઈન્ટ વેન્ચર્સ સાથે બજાર ભાવે ગેસ મેળવવા અંગે ગોઠવણ કરવાની રહે છે. |
| (૩) તા. ૦૬-૧૦-૦૫ | ૬૫૦ મે.વો. ના ગેસ આધારિત પીપાવાવ પાવર પ્રોજેક્ટ માટે ૨.૨૫ એમ.એન.એસ. સી.એમ.ડી. ગેસ ફાળવવા પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય દ્વારા જુન-૨૦૦૦માં સોધ્ધાંતિક નિર્ણય કરાયેલ હતો. ૨૦૦૩ થી અમલી આ ફાળવણી, તાપ્તીક્ષેત્ર જોઈન્ટ વેન્ચર મેનેજમેન્ટ સમિતિ, ક્ષેત્રના વિશેષ વિકાસ માટેના રોકાણ અંગે નિર્ણય લેશે તે શરતે કરવાની હતી. મેનેજમેન્ટ સમિતિ દ્વારા માર્ચ-૨૦૦૫ સુધી રોકાણ અંગેનો નિર્ણય લેવાયેલ નથી. તેથી ગેસનું વધારાનું ઉત્પાદન ૨૦૦૭ની મધ્યમાં જ શરૂ થવા ધારણા છે.<br>હાલનું પુરતુ જોઈન્ટ વેન્ચર્સ અને સરકાર વચ્ચેના પ્રોડક્શન શેરીંગ કોન્ટ્રાકટની શરતો અનુસાર જોઈન્ટ વેન્ચર્સ દ્વારા ઉત્પાદિત ગેસ (વધારાના ગેસ સહિત) નુ વેચાણ બજાર કિંમતે કરવા મંજુરી આપવામાં આવી છે. તેથી પીપાવાવ પાવર પ્રોજેક્ટ ડેવલપર્સે ગેસની જરૂરિયાત માટે સંબંધિત જોઈન્ટ વેન્ચર સાથે વાટાઘાટો બજાર કિંમતે ગેસ મેળવવા ગોઠવણ કરવાની રહે છે. |

----------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૬૭૭૬, ૭૨૫૩, ૭૬૩૨, ૭૬૫૩, ૭૬૫૮, ૭૬૬૨, ૭૭૮૯ | ૭ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૭૬૧૨, ૭૬૧૩, ૭૭૭૯ | ૩ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૭૨૨, ૭૭૬૮ | ૨ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૩૪૫, ૭૬૭૦, ૭૭૨૪, ૭૭૨૬, ૭૭૩૦, ૭૭૫૯, ૭૭૬૧, ૭૭૬૩, ૭૮૦૨ | ૯ |
| ૫ | ગૃહ વિભાગ | ૭૮૪૭, ૭૮૪૮ | ૨ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૭૫૭૮ | ૧ |
| ૭ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૭૫૭૨ | ૧ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૭૪૧૫, ૭૬૭૫, ૭૬૭૬, ૭૭૫૩, ૭૮૦૧ | ૫ |
| ૯ | નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૫૭૬, ૭૬૦૬ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૩૧૪, ૭૩૩૬, ૭૬૩૭, ૭૬૩૮, ૭૬૪૩, ૭૮૨૦ | ૬ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૭૨૬૪, ૭૬૯૨, ૭૭૨૭, ૭૭૫૧ | ૪ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૭૦૭૨, ૭૫૯૮, ૭૭૭૬ | ૩ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૭૬૩૯ | ૧ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ | ૭૮૨૨, ૭૮૩૮, ૭૮૩૯, ૭૮૪૦ | ૪ |
| | | **કુલ** | **૫૦** |

--------------

## દસમી અતારાંક્તિ યાદી

### કચ્છ જિલ્લામાં ખેતી વિષયક મંડળીઓને જમીન સોંપવા અંગે

અતારાંક્તિ ૭૧૦૮ (૩-૧૦-૦૬)**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિની ખેતી વિષયક મંડળીઓ કઇ કઇ છે,

(૨) તે મંડળીઓને ખેતી કરવા માટે ગામવાર કેટલી જમીન આપવામાં આવી છે,

(૩) છેલ્લા બે વર્ષમાં ખેતીની જમીન માટે નવી અરજીઓ કઇ કઇ મંડળીએ કરેલ છે,

(૪) તે પેકી કઇ કઇ મંડળીને કેટલી જમીન ક્યા ક્યા ગામે ફાળવવામાં આવી,

(૫) કઇ કઇ મંડળીની જમીન માંગણીની અરજી ના મંજૂર કરવામાં આવી તેના શાં કારણો છે, અને

(૬) કઇ કઇ મંડળીની જમીન માંગણી પડતર છે, તેના કારણો શાં છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૪-૨-૦૭) :

(૧) તા.૩૦-૬-૦૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિની ખેતી વિષયક મંડળીઓ નીચે મુજબ છે.

૧. શ્રી ભુજ તાલુકા અનુ.જાતિ સામુદાયિક ખેતી સ.મં.લી.મુ. સુમરાસર, તા. ભુજ.
૨. શ્રી રાપર તાલુકા અનુ.જાતિ સામુદાયિક ખેતી સ.મં.લી. રાપર, તા. રાપર.
૩. શ્રી અબડાસા તાલુકા અનુ.જાતિ સામુદાયિક ખેતી સ.મં.લી. નલીયા, તા. અબડાસા.
૪. શ્રી અંજાર તાલુકા અનુ.જાતિ સામુદાયિક ખેતી સ.મં.લી. ધમડકા, અંજાર, કચ્છ.

(૨) કચ્છ જિલ્લામાં આવેલ ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં જણાવેલ મંડળીઓને આપવામાં આવેલ ગામવાર જમીનની વિગતો આ સાથેના *પત્રક મુજબ છે.

(૩) શ્રી અંજાર તાલુકા અનુ. જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., ધમડકા, તા. અંજાર.

(૪) અને (૫) શ્રી અંજાર તાલુકા અનુ. જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., ધમડકા, તા. અંજારને નાયબ કલેકટરશ્રી અંજારના તા.૧૨-૧૦-૨૦૦૬ ના પત્રથી સરકારી પડતર જમીન માત્ર સાંથણી કાર્યક્રમ વેળાએ જ આપવાની સરકારશ્રીની જોગવાઈઓ હોઈ સાંથણી કાર્યક્રમ બહાર પડે ત્યારે નવેસરથી માંગણી કરવા જણાવી અરજી દફ્તરે કરેલ છે.

(૬) કોઇ મંડળીની અરજી પડતર નથી.

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------------

### રાજ્યમાં ગોચર જમીનમાં ઘાસ ઉગાડવા ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ ૭૬૫૧ (૧૭-૧૧-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ગોચર જમીનમાં ઉંચી કક્ષાનું ઘાસ ઉગાડવા તથા ગોચર ભૂમિ સુધારવા માટે સન ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં કેટલી ગ્રાન્ટ ફાળવાઇ,

(૨) આ ગ્રાન્ટ પેકી કેટલો ખર્ચ વાસ્તવમાં થયેલ છે, અને

(૩) આ ગ્રાન્ટ થકી કેવા પ્રકારના કામો હાથ ધરાયાં ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૭) :

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫માં આ યોજના અમલમાં નહોતી. ગોચર સુધારણા યોજના વર્ષ ૨૦૦૫-૦૬થી અમલમાં આવેલ જે માટે રૂપિયા ૪૮.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ અંતિત ખરેખર ખર્ચ રૂપિયા ૯,૫૪,૦૩૦/-નો થયેલ છે.

(૩) આ યોજના હેઠળ ૨૦૦૫-૦૬ ના વર્ષમાં મહદ અંશે કાંટાળી તારફેન્સીંગ, જમીન સુધારણા, ઝાડી-ઝાંખરા સફાઇ, જમીન સમતલ કરવી, બોર-પાઇપ લાઇન, પાણી પંપ, સિંચાઇ સગવડ, ખેતીના ઓજારોની ખરીદી, ખાતર બિયારણની ખરીદી, શેડ બનાવવા વગેરે જેવી કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

-------------

## જૂનાગઢ જિલ્લામાં ભૂમિ સંરક્ષણના કામો પાછળ ખર્ચ

અતારાંકિત ૭૮૩૦ (૨૬-૧૨-૦૬) **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં નવેમ્બર-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભૂમિ સંરક્ષણના કેટલા કામો કર્યા, અને

(૨) તે અન્વયે માંગરોળ તાલુકાના ગામોમાં આ કામો પાછળ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૪-૨-૦૭) :

| (૧) | વર્ષ | કામનો પ્રકાર | વિસ્તરા (હેક્ટરમાં) | ખર્ચ (રૂ.લાખ) |
|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ૨૦૦૪-૨૦૦૫ | લેન્ડ શેપીંગ | ૨૦.૩૪ | ૧.૬૦૫ |
| ૨. | ૨૦૦૫-૨૦૦૬ | લેન્ડ શેપીંગ | ૧.૭૦ | ૦.૨૦૭ |
| | | **કુલ** | **૨૨.૦૪** | **૧.૮૧૨** |

(૨) માંગરોળ તાલુકામાં નવે.-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ ભૂમિ સંરક્ષણનું કામ થયેલ નથી.

----------------

## ઉના તાલુકામાં કન્યા કેળવણી રથ અને પ્રાથમિક પ્રવેશોત્સવ

અતારાંકિત ૭૩૭૬ (૨૪-૮-૦૬)**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કન્યા કેળવણી રથ અને પ્રાથમિક પ્રવેશોત્સવમાં ગામદીઠ કેટલા કુમાર અને કન્યાઓને પ્રથમ વખત પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં ક્યા ક્યા ગામની કેટલી બાળાઓનાં વિદ્યાલક્ષ્મી બોન્ડ લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૫-૧-૦૭) :

(૧) પત્રક*૧ અને ૨ મુજબ

(૨) પત્રક* ૩ અને ૪ મુજબ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## જૂનાગઢ જિલ્લામાં શિષ્યવૃત્તિની ઉચાપત અંગેના આરોપો

અતારાંકિત ૭૮૨૮ (૧૯-૧૨-૦૬) **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો સામે મે,૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં શિષ્યવૃત્તિની ઉચાપત અંગેના કેટલા આરોપો થયા છે, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે શાં પગલાંઓ લીધા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) જૂનાગઢ જિલ્લામાં ૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ચાર આચાર્યો સામે આક્ષેપો થયા છે.

ઉના તાલુકામાં - ૨

સુત્રાપાડા તાલુકામાં -૨

(૨) ૧. હિદાયત વિદ્યા. (પ્રા.શાળા) ખાનગી, ઉના સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે. હાલમાં ઉના કોર્ટમાં કેસ ચાલે છે.

૨. શુગુફ્તા વિદ્યા.(પ્રા.શાળા) ખાનગી, ઉના સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે. હાલમાં ઉના કોર્ટમાં કેસ ચાલે છે.

૩. મોરડિયા પે સેન્ટર શાળા તા.સુત્રાપાડા સામે શિષ્યવૃત્તિ મોડા ચુકવવા/ન ચૂકવવા બાબતેનો તપાસ અહેવાલ તા.૧-૨-૨૦૦૭ થી જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ.) જુનાગઢ દ્વારા જિ. પ્રા.શિ. કચેરી, જુનાગઢને મળેલ હોઇ, તેઓ દ્વારા ગુણદોષ ચકાસી યોગ્ય નશ્યતનાં પગલાં લેવામાં આવશે.

૪. રામેશ્વર સીમ શાળા સોળાજ તા. સુત્રાપાડા દ્વારા મોડા શિષ્યવૃત્તિ ચુકવવા/ન ચુકવવા બાબતનો તપાસ અહેવાલ તા.૧-૨-૨૦૦૭ થી જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ.) જુનાગઢ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, જુનાગઢને મળેલ હોઇ, તેઓ દ્વારા ગુણદોષ ચકાસી યોગ્ય નશ્યતનાં પગલાં લેવામાં આવશે.

----------------

## ધારાસભ્યશ્રીઓ દ્વારા માનનીય નાણા મંત્રીશ્રીને ઉદ્દેશીને લખાયેલ પત્રો

અતારાંકિત ૭૩૩૮ (૧૭-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ધારાસભ્યોએ નાણામંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલા કેટલા પત્રો મલ્યા,

(૨) તે અન્વયે કેટલા ધારાસભ્યશ્રીઓને પહોંચ કે વચગાળાનો જવાબ તા.૩૧-૭-૦૬ સુધીમાં આપવામાં આવ્યો, અને

(૩) કેટલા પત્રોનો આખરી નિકાલ કરી જાણ કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૧૫-૨-૦૭) :

(૧) ૧-૮-૦૪ થી ૩૧-૭-૦૫ - ૭૬

૧-૮-૦૫ થી ૩૧-૭-૦૬ - ૮૭

કુલ : ૧૬૩ પત્રો

(૨) ૬૧ પત્રો

(૩) ૧૧૮ પત્રો

----------------

## પેટ્રોલ અને ડીઝલના વેચાણ ઉપર રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતો વેરો

અતારાંકિત ૭૫૪૦ (૧૩-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના વેચાણ ઉપર રાજ્ય સરકાર દ્વારા કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ થી તા.૩૧-૮-૦૬ સુધીમાં રાજ્ય સરકારને તે અન્વયે વેચાણવેરા પેટે કેટલી આવક થઇ ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૧૨-૨-૦૭) :

(૧)

| | **વેરાનો દર** | **સેસ** |
|---|---|---|
| પેટ્રોલ | ૨૬ ટકા | ૨ ટકા |
| ડીઝલ | ૨૪ ટકા | ૩ ટકા |

(૨) (રૂા. કરોડમાં)

| | **૨૦૦૪-૦૫** | **૨૦૦૫-૦૬ થી તા.૩૧-૮-૦૬** |
|---|---|---|
| પેટ્રોલ | ૪૬૦.૭૭ | ૧૦૯૯.૯૫ |
| ડીઝલ | ૭૨૬.૪૨ | ૧૯૩૦.૪૫ |
| **કુલ** | **૧૧૮૭.૧૯** | **૩૦૩૦.૪૦** |

----------------

## રાજ્ય સરકારનું જાહેર દેવું

અતારાંક્તિ ૭૮૩૩ (૧૫-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૪-૨૦૦૬ ના રોજ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે,

(૨) આમાંથી કેન્દ્ર સરકારની લોનો કેટલી છે,

(૩) આ લોનો પેકી ક્યા ક્યા વ્યાજના દરની કેટલી લોનો છે.

(૪) આ માટે નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં કુલ કેટલી રકમની વ્યાજ ચૂકવણી કરવામાં આવી, અને

(૫) રાજ્ય સરકારે આ લોનોના વ્યાજની ટકાવારી ઘટાડવા માટે ભારત સરકારના નાણા મંત્રાલયને ક્યારે ક્યારે રજૂઆતો કરી ?

**નાણા મંત્રીશ્રી** (૨૧-૨-૦૭) :

(૧) તા.૩૦-૪-૨૦૦૬ ના રોજ રાજ્યનું કુલ જાહેર દેવું રૂા. ૬૭૪૯૯.૪૧ કરોડ છે.

(૨) આમાંથી કેન્દ્ર સરકારની લોન રૂપિયા ૧૧૫૬૩.૬૩ કરોડ છે.

(૩) વ્યાજદરવાર લોનની વિગતો દર્શાવતું વિગતવાર પત્રક આ સાથે સામેલ છે.

(૪) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં રૂપિયા ૯૪૦.૧૮ કરોડ વ્યાજની ચૂકવણી કરવામાં આવી.

(૫) કેન્દ્ર સરકારની લોન અંગેની રજુઆતની તારીખોની વિગતો :

(૧) તા.૧૨-૧-૨૦૦૪ (૨) તા.૩-૯-૨૦૦૪ (૩) ૯-૧૨-૨૦૦૪

**પત્રક**

વ્યાજદરવાર બાકી લોનની વિગત દર્શાવતું પત્રક

| **અનુ.** | **વ્યાજ દર** | **બાકી લોનની રકમ** |
|---|---|---|
| ૧ | ૬.૭૫ | ૩,૦૩,૬૮૦ |
| ૨ | ૭.૨૫ | ૨૬,૩૨,૯૦૦ |
| ૩ | ૭.૫૦ | ૮૯૬૫,૪૭,૩૯,૫૦૦ |
| ૪ | ૭.૭૫ | ૨૧,૫૭,૧૮૦ |
| ૫ | ૮.૭૫ | ૧,૧૩,૯૨,૪૩૯ |
| ૬ | ૯.૦૦ | ૨૫૬૫,૫૫,૭૯,૨૫૦ |

| અનુ. | વ્યાજ દર | બાકી લોનની રકમ |
|---|---|---|
| ૭ | ૯.૨૫ | ૧,૦૫,૭૬,૦૪૦ |
| ૮ | ૯.૭૫ | ૨,૮૩,૦૯,૫૦૦ |
| ૯ | ૧૦.૨૫ | ૩૭,૪૯,૨૨૫ |
| ૧૦ | ૧૦.૫૦ | ૬,૧૯,૪૨૫ |
| ૧૧ | ૧૦.૭૫ | ૧,૮૨,૮૩,૪૦૭ |
| ૧૨ | ૧૧.૫૦ | ૨૪,૭૯,૯૭,૧૮૧ |
| ૧૩ | ૧૧.૭૫ | ૨,૩૦,૪૯,૭૮૮ |
| ૧૪ | ૧૨.૦૦ | ૩૩,૯૯,૫૦,૭૪૩ |
| ૧૫ | ૧૨.૫૦ | ૩૦,૬૫,૮૪,૧૨૫ |
| ૧૬ | ૧૩.૦૦ | ૬૯,૩૫,૮૭,૬૬૩ |
| | **સરવાળો :** | **૧૧૫૬૩,૬૩,૩૯,૭૨૭** |

----------------

**સરકાર દ્વારા બ્રાન્ડ ટેક્ષ અને ટ્રેડમાર્ક ટેક્ષની આવક**

અતારાંક્તિ ૭૮૩૬ (૧૫-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકાર દ્વારા લેવાતા બ્રાન્ડ ટેક્ષ, ટ્રેડમાર્ક ટેક્ષ અન્વયે તા.૩૧માર્ચ, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલી રકમની આવક થઇ,

(૨) વર્ષવાર કઇ કઇ કંપનીઓ દ્વારા આ હેડ હેઠળ રૂા.૧૦ લાખનો ટેક્ષ ભર્યો,

(૩) જિલ્લાવાર કઇ કઇ કંપનીઓ પાસેથી ટેક્ષ વસુલાત કરવાનો બાકી છે, અને

(૪) આ અંગે છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે શું શું પગલાં લીધાં ?

**નાણા મંત્રીશ્રી** (૯-૨-૦૭) :

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) શૂન્ય.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

**(રકમ રૂા. લાખમાં)**

| ક્રમ | જીલ્લો | ૨૦૦૩/૦૪ | | ૨૦૦૪/૦૫ | | ૨૦૦૫/૦૬ | |
|---|---|---|---|---|---|---|---|
| | | બ્રાન્ડ ટેક્ષ | ટ્રેડમાર્ક ટેક્ષ | બ્રાન્ડ ટેક્ષ | ટ્રેડમાર્ક ટેક્ષ | બ્રાન્ડ ટેક્ષ | ટ્રેડમાર્ક ટેક્ષ |
| ૧ | **અમદાવાદ** | **૦** | **૦** | **૦** | **૯૬.૨૪** | **૦.૮૬** | **૦** |
| ૨ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જીલ્લો | ૨૦૦૩/૦૪ | | ૨૦૦૪/૦૫ | | ૨૦૦૫/૦૬ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | **વલસાડ** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧૯૧.૫૧** |
| ૧૭ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | **સુરેન્દ્રનગર** | **૭.૩૮** | **૦** | **૮.૪૫** | **૦** | **૧૦.૨૧** | **૦** |
| ૨૪ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | કચ્છ-ભૂજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૭.૩૮** | **૦** | **૮.૪૫** | **૯૬.૨૪** | **૧૧.૦૭** | **૧૯૧.૫૧** |

**પત્રક-૨**

**(રકમ રૂ. લાખમાં)**

| ક્રમ | કંપનીનું નામ | જિલ્લો | ૨૦૦૩/૦૪ | | ૨૦૦૪/૦૫ | | ૨૦૦૫/૦૬ | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસ.વી.પ્રોડક્ટસ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૩૬.૦૪ | ૦ | ૦ |
| ૨ | ચંદ્રીકા પ્રોડક્ટસ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૨૫.૦૦ | ૦ | ૦ |
| ૩ | લાલ પ્રોડક્ટસ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૩૫.૨૦ | ૦ | ૦ |
| ૪ | બિલાગ ઇન્ડસ્ટ્રીઝ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૧.૫૧ |
| ૫ | કે.પી. ઇન્ડસ્ટ્રીઝ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦.૨૧ | ૦ |
| | **કુલ** | | **૦** | **૦** | **૦** | **૯૬.૨૪** | **૧૦.૨૧** | **૧૯૧.૫૧** |

---------

**રાજ્યના જંગલોમાં લાગેલ આગ**

અતારાંક્તિ ૭૭૬૫ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના જંગલોમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૫માં આગના કેટલા બનાવો બન્યા,

(૨) તેમાં કેટલા વૃક્ષો બળી ગયા, અને

(૩) આગ ન લાગે તે માટે તથા લાગ્યા પછી ઝડપી આગ અટકાવવા ક્યા ક્યા કાર્યક્રમો અમલમાં મૂકાયા છે?

**વન મંત્રીશ્રી** (૧૨-૨-૦૭) :

(૧) રાજ્યના જંગલોમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૫માં આગ (દવ)ના અનુક્રમે ૮૦૦,૯૪૧ અને ૭૪૨ બનાવો બન્યા છે.

(૨) કોઇપણ વૃક્ષો સંપૂર્ણ નાશ પામેલ નથી.

(૩) આગ (દવ) ન લાગે તે માટે તથા લાગ્યા પછી ઝડપી આગ (દવ) અટકાવવા સારૂ વન સંરક્ષણની યોજના તેમજ કેન્દ્ર પુરસ્કૃત ""સંકલિત વન સંરક્ષણ""ની યોજના હેઠળના કાર્યક્રમો અમલમાં મૂક્વામાં આવે છે. તદ્અનુસાર વન વિભાગ નીચે મુજબના પગલાં લે છે.

(૧) લોકોને દવ અટકાવવા બાબતે જાગૃત કરવામાં આવે છે.

(૨) દવ અટકાવવા બાબતે સ્ટાફ કર્મચારી અને લોકોને ટ્રેનીંગ આપવામાં આવે છે.

(૩) સહભાગી વન વ્યવસ્થામાં દવ અટકાવવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

(૪) વાયરલેસ અને બીજા નેટવર્ક ઉપયોગમાં લેવામાં આવે છે.

----------

**કચ્છના રણ વિસ્તારના કાળા ડુંગરના અભ્યારણ્યના વિસ્તાર અંગે**

અતારાંક્તિ ૭૮૫૮ (૧૫-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય સરકાર દ્વારા કચ્છના રણ વિસ્તારમાં આવેલ કાળા ડુંગરના અભ્યારણ્યના આસપાસના વિસ્તારની ત્રિજ્યાને ઘટાડવામાં આવી રહી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યારથી,

(૩) આ અંગે કારણો શા છે, અને

(૪) આ અભ્યારણ્યમાં જૂન-૨૦૦૬ની સ્થિતિએ કેટલા વન્ય પ્રાણી જીવો હતા ?

**વન મંત્રીશ્રી** (૧૭-૨-૦૭) :

(૧) ના. જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જૂન-૨૦૦૬ની સ્થિતિએ અભ્યારણ્યના વન્ય પ્રાણી જીવોની ગણતરી કરવામાં આવેલ નથી.

--------

**કાલાવાડમાં બાળસ્ત્રીભૃણ હત્યામાં સંડોવાયેલા ડૉક્ટરો**

અતારાંક્તિ ૭૭૫૬ (૬-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં કાલાવાડમાં બાલસ્ત્રીભૃણ હત્યામાં સંડોવાયેલા ૪ ડૉક્ટરો જાન્યુઆરી-૨૦૦૬માં પકડી પાડવામાં આવ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) આ ગુનાહીત ડૉક્ટરો કોણ કોણ હતા, તેના તબીબ તરીકે તથા ગર્ભપાત કેન્દ્રના લાયસન્સ સમાપ્ત કરવામાં આવ્યાં છે કે કેમ,

(૩) આ ડૉક્ટરોના સોનોગ્રાફી મશીનો સીલ કરી દેવાયાં હતા અને તેને ફરી ખોલી દેવાયાં કે કેમ, અને

(૪) ગુનાહીત ડૉક્ટરો સામે શા પગલાં લઇ શી શિક્ષા થઇ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૩-૨-૦૭) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સુરતમાં ભૃણ હત્યા કરતાં પકડાયેલા ડૉક્ટરો**

અતારાંક્તિ ૭૭૫૭ (૬-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કેન્દ્ર સરકારની આરોગ્ય વિભાગની ટીમે સુરતમાં એપ્રિલ-૨૦૦૪માં ગેરકાયદે ભૃણ હત્યા કરતા ૫૦થી વધુ દરોડા પાડી બે ડૉક્ટરોને પકડી પાડ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) આ ગુનાહીત ડૉક્ટરો કોણ હતા, તથા તેના સોનોગ્રાફી મશીનો સીલ થયા હતા કે કેમ, અને

(૩) ગુનાહીત ડૉક્ટરો તથા ગર્ભપાત કેન્દ્રના લાઇસન્સ સમાપ્ત થયાં કે કેમ અને શી શિક્ષા થઇ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૩-૨-૦૭) :

(૧) ના, કેન્દ્ર સરકારની આરોગ્ય વિભાગની ટીમે સુરતમાં એપ્રિલ-૨૦૦૪માં ૪ સંસ્થાની મુલાકાત લેતાં બે ડૉક્ટરોની સંસ્થામાં રેકર્ડ બાબતની અનિયમિતતા પકડી પાડવામાં આવી હતી.

(૨) આ ડૉક્ટરો (૧) ડૉ. પ્રફુલ બી.દોષી, મી એન્ડ મમ્મી હોસ્પિટલ, જલનીધી કોમ્પ્લેક્ષ, બહુમાળી બિલ્ડીંગની સામે, નાનપુરા સુરત અને (૨) ડૉ. અનિલ એમ. પટેલ, એક્સરે સોનોગ્રાફી ક્લીનીક, શંખેશ્વર કોમ્પ્લેક્ષ, કૈલાસનગર, મજુરા ગેટ, સુરત તેઓના મશીન સીલ થયાં હતા.

(૩) ઉક્ત બે ગુનાહિત ડૉક્ટરો સામે પીએનડીટી એક્ટ ના ભંગ બદલ કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે અને જે હાલમાં પડતર છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા રોકવા બાબત

૪૪૦/page>અતારાંક્તિ ૭૭૬૨ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં આરોગ્ય વિભાગે સ્ત્રી ભૃણ હત્યા રોકવા મે-૨૦૦૬માં દરોડા પાડતાં ૩ ગુનાહિતો મળી આવ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) ગુનાહિતોમાં ડૉક્ટરો તથા મેડીકલ સ્ટોર્સમાંથી સ્ત્રી ભૃણ હત્યા માટે કેડીયલ ઇન્જેક્શનો વાપરતા મળી આવ્યા હતા તે હકીક્ત પણ સાચી છે,

(૩) ગુનાહિતો કોણ કોણ છે તેની સામે શા પગલાં લેવાયાં,

(૪) ગુનાહિત ડૉક્ટરોનાં તબીબ તરીકે તથા પીએનડીટી એક્ટ-૧૯૭૧ હેઠળના લાયસન્સ સમાપ્ત કરી દેવાયાં છે કે કેમ, અને

(૫) ગુનાહિત ડૉક્ટરની હોસ્પિટલ/દવાખાના ચાલુ છે કે બંધ કરી દેવાયાં છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૭-૨-૦૭) :

(૧) હા, જી

(૨) હા, જી

(૩) ૧) ડૉ. મનીષ આર. પંડ્યા, અને ડૉ. ગોવિંદ એસ. પટેલ સુરેન્દ્રનગર સામે પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અન્વયે કાર્યવાહી કરી તેમના સોનોગ્રાફી મશીન સીલ કરી દેવામાં આવેલ અને તેમનું પીએનડીટી અંગેનું રજીસ્ટ્રેશન કેન્સલ કરી દેવામાં આવેલ છે. તેમજ તેમની સામે એમટીપી એક્ટના ભંગ બદલ પોલીસ કેસ કરવામાં આવેલ છે જે કેસ નામદાર કોર્ટમાં પડતર છે. ૨) ડૉ. એન.કે.રાઠોડ, સુરેન્દ્રનગર સામે એમટીપી એક્ટના ભંગ બદલ પોલીસ કેસ કરવામાં આવેલ છે જે કેસ નામદાર કોર્ટમાં પડતર છે.

(૪) ગુનાહિત ડૉક્ટરોના તબીબ તરીકેના લાયસન્સ સમાપ્ત કરી દેવાયા ન હતા પરંતુ પીએનડીટી અંગેના રજીસ્ટ્રેશન સમાપ્ત કરવામાં આવેલ.

(૫) ગુનાહિત ડૉક્ટરની હોસ્પિટલ/દવાખાનું ચાલુ છે.

-----------

## સુરત જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની ખાલી જગાઓ

અતારાંક્તિ ૭૮૯૦ (૨૪-૧-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે,

(૨) જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરની ખાલી જગ્યા હોય તો કેટલા સમયથી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૦-૨-૦૭) :

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ ૭૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

**તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.**

| તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ચોર્યાશી | ૫ | વ્યારા | ૯ |

| | | | |
|---|---|---|---|
| ઓલપાડ | ૬ | સોનગઢ | ૭ |
| કામરેજ | ૫ | માંડવી | ૭ |
| પલસાણા | ૪ | માંગરોળ | ૬ |
| બારડોલી | ૭ | નિઝર | ૫ |
| મહુવા | ૫ | ઉચ્છલ | ૩ |
| વાલોડ | ૪ | ઉમરપાડા | ૩ |
| | | **કુલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર :-** | **૭૬** |

(૨) ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરની જ્ગ્યા ખાલી છે.

| **અ.નં.** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** | **ક્યારથી ખાલી (તારીખ)** |
|---|---|---|
| ૧ | વાવ | ૧૮-૧૦-૦૬ |
| ૨ | કરંજખેડ | ૨૩-૧૧-૦૬ |
| ૩ | વલવાડા | ૬-૧૧-૦૬ |
| ૪ | કુકરમુંડા | ૧૮-૧૨-૦૬ |

(૩) તબીબી અધિકારી વર્ગ-રની ખાલી જ્ગ્યાઓ એડહોક ધોરણે નિમણૂંકથી ભરવા અંગે વિભાગીય નાયબ નિયામકશ્રી, વડોદરા ક્ચેરી ખાતે વોક-ઈન-ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વધુમાં રાજ્ય હસ્તકની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

તાજેતરમાં ચીફ પર્સોનલ ઓફીસરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ), ગાંધીનગરના કાર્યાલય આદેશ નં. એસ-૨-એમઓ-નિમણૂંક-બોન્ડેડ એમ.બી.બી.એસ. મે.કો. અમદાવાદ-૨૦૧-૧૫૯૦૬-મહે-૦૭, તા. ૧૯-૧-૦૭ થી જિલ્લા પંચાયત, સુરત હસ્તક-૮ (આઠ) બોન્ડ આપેલ તબીબી અધિકારી, વર્ગ-૨, ની નિમણૂંકના આદેશ કરવામાં આવેલ છે.

-----------

**વડોદરા એક્સપ્રેસ હાઈવે ટોલનાકા પાસેથી ગેરકાનૂની ક્તલખાને લઈ જવાતા પ્રાણીઓ ભરેલ ટ્રકોને પકડી પાડવા બાબત**

અતારાંકિત ૭૩૦૩ (૧૭-૮-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) એક્સપ્રેસ હાઈવે ટોલનાકા પાસેથી તા. ૨૭-૨૮ જુન, ૨૦૦૬ના રોજ ગેરકાનૂની ક્તલખાનામાં લઈ જવાતા ૧૨૨ જેટલા પ્રાણીઓ ભરેલા ૯ ટ્રકોને ગોરક્ષા સમિતિએ પકડી પાડ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) આ પ્રાણીઓ ક્યા ક્તલખાનામાં લઈ જવાતા હતા તથા તેમની સામે શી કાર્યવાહી થઈ છે,

(૩) સંડોવાયેલા ૯ ટ્રકો સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૪) કુલ કેટલા ગુનાહિતો સંડોવાયેલા છે તેની સામે શી કાર્યવાહી થઈ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૩-૨-૦૭) :

(૧) હા, જી.

(૨) ઉપરોક્ત પ્રાણીઓ ક્યા ક્તલખાનામાં લી જવાતા હતા તે હકીક્ત ફલીત થયેલ નથી. સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબના તમામ ૨૩ આરોપીઓ વિરુધ્ધ તા. ૨૮-૬-૦૬ના રોજ વડોદરા તાલુકા પો.સ્ટે.સે. ૪૭/૦૬, પશુ પ્રત્યે ઘાતકીપણું અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ (૧) વિગેરે મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આ કામે ૮ ટ્રકો નામદાર કોર્ટના હુકમ મુજબ અસલ માલિકો શરતોને આધીન પરત સોંપેલ છે. એક ટ્રક પોલીસ સ્ટેશનમાં જમા લેવામાં આવી છે.

(૪) આ કામમાં ૨૩ આરોપીઓ સંડોવાયેલા હતા. તે તમામની અટક કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ છે.

-----------

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

## રાજ્યમાં નોંધાયેલ એટ્રોસીટીના કેસ

અતારાંક્તિ ૭૮૭૦ (૧૫-૧-૦૭) **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર એટ્રોસીટી એકટ હેઠળ કેટલા કેસો નાણાકીય વર્ષ સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કેસો અંગે કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૫-૩-૦૭) :

(૧) અને (૨) ની વિગતો પત્રકમાં નીચે મુજબ છે.

| | **સન-૨૦૦૫-૦૬** | | **સન-૨૦૦૬-૦૭** | |
|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **નોંધાયેલ કેસો** | **કરવામાં આવેલ કાર્યવાહી** | **નોંધાયેલ કેસો** | **કરવામાં આવેલ કાર્યવાહી** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| (૧) અમદાવાદ શહેર | ૩૬ | ૩૦ | ૪૧ | ૩૫ |
| (૨) વડોદરા શહેર | ૧૪ | ૧૪ | ૧૮ | ૧૬ |
| (૩) સુરત શહેર | ૨૫ | ૨૩ | ૧૩ | ૧૨ |
| (૪) રાજકોટ શહેર | ૧૩ | ૧૨ | ૭ | ૫ |
| (૫)અમદાવાદ (ગ્રામ્ય) | ૪૭ | ૪૬ | ૩૬ | ૩૩ |
| (૬) આણંદ | ૪૧ | ૪૦ | ૪૧ | ૩૮ |
| (૭) ખેડા | ૫૧ | ૪૮ | ૩૬ | ૩૧ |
| (૮) સાબરકાંઠા | ૪૩ | ૪૧ | ૨૨ | ૨૧ |
| (૯) ગાંધીનગર | ૩૩ | ૩૧ | ૨૩ | ૨૨ |
| (૧૦) મહેસાણા | ૪૦ | ૩૬ | ૪૮ | ૪૩ |
| (૧૧) પાટણ | ૫૪ | ૫૧ | ૩૦ | ૨૮ |
| (૧૨) બનાસકાંઠા | ૧૧૨ | ૧૦૧ | ૧૧૧ | ૯૪ |
| (૧૩) વડોદરા (ગ્રામ્ય) | ૩૦ | ૨૯ | ૨૫ | ૨૫ |
| (૧૪) પંચમહાલ | ૧૩ | ૧૩ | ૨૯ | ૨૬ |
| (૧૫) દાહોદ | ૫ | ૫ | ૧ | ૧ |
| (૧૬) ભરૂચ | ૩૪ | ૨૪ | ૨૯ | ૨૩ |
| (૧૭) નર્મદા | ૮ | ૮ | ૮ | ૭ |
| (૧૮) સુરત (ગ્રામ્ય) | ૧૫ | ૧૨ | ૧૦ | ૮ |
| (૧૯) વલસાડ | ૯ | ૯ | ૦ | ૦ |
| (૨૦) નવસારી | ૭ | ૫ | ૫ | ૫ |
| (૨૧) જુનાગઢ | ૮૬ | ૭૨ | ૫૬ | ૪૪ |
| (૨૨) પોરબંદર | ૧૫ | ૧૪ | ૬ | ૬ |
| (૨૩) અમરેલી | ૧૦ | ૮ | ૫ | ૪ |
| (૨૪) ભાવનગર | ૫૮ | ૫૪ | ૪૩ | ૩૭ |
| (૨૫) રાજકોટ (ગ્રામ્ય) | ૭૧ | ૬૩ | ૪૭ | ૩૭ |
| (૨૬) સુરેન્દ્રનગર | ૧૧૫ | ૧૦૭ | ૬૮ | ૬૦ |
| (૨૭) જામનગર | ૪૦ | ૩૬ | ૩૧ | ૨૨ |
| (૨૮) કચ્છ | ૯૧ | ૮૮ | ૭૫ | ૬૭ |
| (૨૯) પ. રેલ્વે વડોદરા | ૧ | ૧ | ૨ | ૨ |
| (૩૦) ડાંગ-આહવા | ૦ | ૦ | ૧ | ૧ |
| **કુલ :-** | **૧૧૧૭** | **૧૦૩૧** | **૮૬૭** | **૭૫૩** |

-----------

## ખાણ અને ખનીજ અધિનિયમ હેઠળ પટ્ટેદારોના ભાડાની રકમની વસૂલાત

અતારાંક્તિ ૭૮૪૪ (૦૪-૧-૦૭)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂન-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે ખાણ અને ખનીજ (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૧૯૫૭ હેઠળ ક્યા ક્યા જીલ્લાનાં ક્યા વિસ્તારો (કેટલી જમીન) માઈનીંગ માટે ક્યારથી, કેટલા સમય માટે પટ્ટેદારોને આપેલ છે,

(૨) આ પટ્ટેદારો પાસેથી કેટલી રોયલ્ટી અને મુકરર ભાડાની રકમોની વસૂલાત કરવાનું દર વર્ષે નક્કી થયું હતું, કેટલી રકમોની વ્યાજ સાથેની વસૂલાત બાકી છે, અને

(૩) આ અંગે રાજ્ય સરકારે શું શું પગલાં હાથ ધર્યા, ક્યારે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૨૦-૨-૦૭) :

(૧) રાજ્ય સરકારે ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ હેઠળ મંજુર કરેલ માઈનીંગ લીઝની જીલ્લાવાર વિસ્તારો, લીઝોની સંખ્યા અને લીઝોના સમયગાળાની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | જીલ્લાનું નામ | આપેલ માઈનીંગ લીઝો | અપાયેલ વિસ્તાર હે. આર.ગુંઠા. | ક્યારથી અને કેટલા સમય માટે |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | જે તે માઈનીંગ લીઝનું કરારખત થાય તે તારીખથી ૨૦ કે ૩૦ વર્ષ માટે |
| ૨ | અમરેલી | ૧૩ | ૩૭૭૧.૫૫.૬૦ | |
| ૩ | આણંદ | ૦ | ૦ | |
| ૪ | બનાસકાંઠા | ૫ | ૧૪૭૭.૫૦.૨૯ | |
| ૫ | ભરૂચ | ૨૯ | ૧૪૬૨.૪૯.૬૨ | |
| ૬ | ભાવનગર | ૭૮ | ૧૮૫૫.૩૭.૫૪ | |
| ૭ | દાહોદ | ૧ | ૨૦.૨૩.00 | |
| ૮ | ગાંધીનગર | ૦ | ૦ | |
| ૯ | જામનગર | ૧૬૯ | ૫૫૩૪.૪૬.૭૭ | |
| ૧૦ | જુનાગઢ | ૧૦૩ | ૨૯૧૫.૧૬.૬૫ | |
| ૧૧ | કચ્છ | ૧૪૮ | ૮૪૭૧.૩૫.૯૯ | |
| ૧૨ | ખેડા | ૧૫ | ૮૪.૪૫.૭૮ | |
| ૧૩ | મહેસાણા | ૬ | ૧૬૭.૪૮.૬૮ | |
| ૧૪ | નર્મદા | ૦ | ૦ | |
| ૧૫ | નવસારી | ૦ | ૦ | |
| ૧૬ | પંચમહાલ | ૨૯ | ૧૮૩.૭૦.૮૯ | |
| ૧૭ | પાટણ | ૧૦ | ૧૬૮.૮૫.૨૯ | |
| ૧૮ | પોરબંદર | ૨૬૪ | ૩૮૪૪.૮૧.૨૭ | |
| ૧૯ | રાજકોટ | ૪૪ | ૩૫૮.૫૩.૮૭ | |
| ૨૦ | સાબરકાંઠા | ૫૪ | ૫૨૭.૪૭.૨૧ | |
| ૨૧ | સુરત | ૬ | ૫૫૩૨.૬૭.૧૪ | |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૭૨ | ૩૯૧.૯૮.૨૧ | |
| ૨૩ | વડોદરા | ૧૧૬ | ૨૯૯૨.૫૩.૫૫ | |
| ૨૪ | વલસાડ | ૦ | ૦ | |
| | **કુલ** | **૧૧૬૨** | **૩૯૭૬૦.૬૭.૩૫** | |

(૨) મુખ્ય ખનીજોની રોયલ્ટીના દર કેન્દ્ર સરકાર દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે છે તે મુજબના દરે પટ્ટેદારો પાસેથી રોયલ્ટી અને ડેડરેન્ટ, વસૂલ કરવામાં આવે છે. મુદ્દલ વસુલાત રૂા. ૨૬,૯૫,૨૫,૦૦૦ ઉપર રૂા. ૩૧,૧૩,૫૧,૦૦૦/- નું વ્યાજ મળી કુલ રૂા. ૫૮,૦૮,૮૦,૦૦૦/- ની વસૂલાત બાકી છે.

(૩) પટ્ટેદારો પાસેથી બાકી લ્હેણાં વસુલ કરવા માટે કરારખતની શરતોના ભંગ બદલ યથા સમયે મંજુર કરેલ લીઝ રદ કેમ ન કરવી તે અંગેની કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છે, તથા રેવન્યુ વસૂલાત માટેની કાર્યવાહી હાથ ધરેલ છે.

----------

**ઉત્તર ગુજરાતમાં ખનીજ રોયલ્ટીની ચોરીની ફરીયાદો**

અતારાંક્તિ ૭૮૪૫ (૪-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ઉત્તર ગુજરાતના ક્યા ક્યા જિલ્લાઓમાં ખનીજ રોયલ્ટીની ચોરીની ફરિયાદો મળી છે,

(૨) જિલ્લાવાર અને વર્ષવાર કુલ કેટલી ફરીયાદો મળી,

(૩) આ પૈકી કેટલી રકમોની ચોરી પકડવામાં આવી, અને રાજ્ય સરકારને કેટલી આવકો થઈ, અને

(૪) જિલ્લાવાર કેટલા આરોપીઓ ને પકડવામાં આવ્યા, અને ક્યા ક્યા શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૨૦-૨-૦૭) :

(૧) છેલ્લા ૩ વર્ષમાં ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં ખનીજ રોયલ્ટીની ચોરીની ફરિયાદો મળી છે.

(૨) જિલ્લાવાર અને વર્ષવાર કુલ-૭૧ ફરીયાદો મળેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **વર્ષવાર મળેલ ફરીયાદ** | | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | **૧-૭-૦૩ થી ૩૦-૬-૦૪** | **૧-૭-૦૪ થી ૩૦-૬-૦૫** | **૧-૭-૦૫ થી ૩૦-૬-૦૬** | |
| ૧ | મહેસાણા | ૦ | ૦૨ | ૦૭ | ૦૯ |
| ૨ | પાટણ | ૦ | ૦ | ૦૨ | ૦૨ |
| ૩ | સાબરકાંઠા | ૭ | ૧૪ | ૩૩ | ૫૪ |
| ૪ | બનાસકાંઠા | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૬ |
| | **કુલ** | **૯** | **૧૮** | **૪૪** | **૭૧** |

(૩) રૂા. ૨૧.૫૮ લાખની રકમોની ચોરી પકડવામાં આવી અને તે પૈકી રાજ્ય સરકારને રૂા. ૧૮.૫૬ લાખની આવક થઈ છે.

(૪) જિલ્લાવાર પકડવામાં આવેલ આરોપીઓની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **પકડાયેલ આરોપીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૬ |
| ૨ | પાટણ | ૧ |
| ૩ | સાબરકાંઠા | ૫૪ |
| ૪ | બનાસકાંઠા | ૧ |
| | **કુલ** | **૬૨** |

પકડવામાં આવેલ આરોપીઓ સામે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧ એક ઈસમ પાસે આઈ.પી.સી ક્લમ ૩૭૯ હેઠળ પોલીસ કેસ કરવામાં આવેલ છે.

૨ એક ઈસમ સામે એમ.એમ. (ડી. એન્ડ આર.) એક્ટ ૧૯૫૭ ની ક્લમ ૨૧(૫) હેઠળ નોટીસો પાઠવેલ છે.

૩ એક ઈસમ સામે લેન્ડ રેવન્યુ કોડની ક્લમ ૩૯ એ હેઠળ કાર્યવાહી કરેલ છે.

૪ ૬૨ ઈસમોએ સમાધાન માટે વિનંતી કરતાં એમ.એમ. (ડી.એન્ડ આર) એકટ ૧૯૫૭ની કલમ ૨૩(એ) (૧) હેઠળ કેસ સમાધાન કરી રૂા. ૧૮.૫૬ લાખની વસુલાત કરેલ છે.

----------

**સુરત જિલ્લાના ગામોમાં ગોઠવવામાં આવેલ રંગીન ટી.વી. અને ડીસ**

અતારાંક્તિ ૭૭૩૭ (૧૪-૧૧-૦૬)**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ સુરત જીલ્લામાં ક્યા ક્યા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. અને ડીસ ગોઠવવામાં આવી, અને

(૨) બાકી ક્યા ક્યા ગામોમાં ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં રંગીન ટી.વી. અને ડીશ ગોઠવવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (માહિતી) (૧૭-૨-૦૭) :

(૧) ***પત્રક-અ** મુજબના ગામોમાં રંગીન ટી.વી. અને ***પત્રક-બ** મુજબના ગામોમાં ડીસ સાથેના રંગીન ટી.વી. સેટ ગોઠવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં નોર્મલ પ્લાન હેઠળ કુલ ૫ ગામ દ્વારા ફાળાની રકમ ભરપાઇ થયેથી તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા મંજુર થનાર ૫૦ ગામો ખાતે તેમજ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા મંજુર થનાર ૪ ગામો ખાતે રંગીન ટી.વી. ગોઠવવાનું આયોજન છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

**આણંદ જિલ્લામાં રંગીન ટી.વી. અને ડીસ ગોઠવવા બાબત**

અતારાંક્તિ ૭૮૭૩ (૨૨-૧-૦૭) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૮-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા ક્યા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. અને ડીસ ગોઠવવામાં આવ્યા, અને

(૨) બાકી ક્યા ક્યા ગામોમાં રંગીન ટી.વી. ગોઠવવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (માહિતી) (૧૭-૨-૦૭) :

(૧) * **પત્રક-અ** મુજબના ગામોમાં રંગીન ટી.વી. ગોઠવવામાં આવેલ છે. ડીશ ગોઠવવાની યોજના નથી.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં નોર્મલ પ્લાન હેઠળ કુલ ૪ ગામો દ્વારા ફાળાની રકમ ભરપાઈ થયેથી તેમજ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા મંજુર થનાર ૩ ગામો ખાતે રંગીન ટી.વી. ગોઠવવાનું આયોજન છે.

**પત્રક-અ**

તા. ૩૧-૮-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ગોઠવવામાં આવેલ રંગીન ટી.વી. સેટના ગામોની યાદી

| **ક્રમ** | **ગામનું નામ** | **તાલુકો** |
|---|---|---|
| ૧ | સુદરણા | પેટલાદ |
| ૨ | સુરેલી | ઉમરેઠ |
| ૩ | મુંજકુવા | આંક્લાવ |
| ૪ | રામનગર | આણંદ |
| ૫ | શાહપુર | પેટલાદ |
| ૬ | દુગારી | તારાપુર |
| ૭ | આસોદર | આંક્લાવ |
| ૮ | આમોદ | પેટલાદ |

| | | |
|---|---|---|
| ૯ | સીસ્વા | બોરસદ |
| ૧૦ | ગામડી | આણંદ |
| ૧૧ | નાર | પેટલાદ |
| ૧૨ | વ્હેરાખાડી | આણંદ |
| ૧૩ | પંડોળી | પેટલાદ |
| ૧૪ | ક્રાનાવાડા | તારાપુર |
| ૧૫ | નવાગામ વાટા | ખંભાત |

**નર્મદા યોજનાનું સિંચાઈ માટે આપવામાં આવેલ પાણી**

અતારાંક્તિ ૭૨૬૯ (૩૧-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા યોજનાનું પાણી જૂન-૨૦૦૬ સુધીમાં સિંચાઈ માટે જિલ્લાવાર ક્યા ક્યા વિસ્તારોને કેટલું અને કેટલા ખર્ચે આપવામાં આવ્યું છે,

(૨) આ પાણી ઉત્તર ગુજરાતના સિધ્ધપુર તાલુકાના ગામોને અને આદિજાતિ વિસ્તારોને ક્યારે આપવાનું આયોજન છે, અને

(૩) સરકારે આ બંને વિસ્તારોમાં સિંચાઈનું પાણી પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી છે ? (જો હા તો જણાવો)

**મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) (૧૯-૨-૦૭) :

(૧) જૂન-૨૦૦૬ સુધીમાં સિંચાઈ માટે જિલ્લાવાર વિસ્તારોને આપવામાં આવેલ પાણી તથા તે અંગે નહેરોના બાંધકામ પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | જુન-૨૦૦૬ સુધીમાં થયેલ સિંચાઈનો કુલ વિસ્તાર (હેકટરમાં) | જુન-૨૦૦૬ સુધીમાં નહેરોના બાંધકામ પાછળ થયેલ કુલ ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૧૩૬૦૦ | ૯૪.૦૭ |
| ૨ | ભરૂચ | ૩૪૬૫૨ | ૮૩૦.૨૦ |
| ૩ | વડોદરા | ૯૧૧૦૩ | ૧૨૮૬.૧૦ |
| ૪ | પંચમહાલ | ૧૩૩૬ | ૧૮.૯૭ |
| ૫ | ખેડા | ૫૬૩૬ | ૬૨૦.૬૫ |
| ૬ | અમદાવાદ | ૪૨૯૫ | ૧૮૨.૧૧ |
| ૭ | ગાંધીનગર | ૭૫૪૧ | ૬૬૨.૬૧ |
| ૮ | મહેસાણા | ૧૦૬૩ | ૬૨.૮૨ |
| | **કુલ...** | **૧૫૯૨૨૬** | **૩૭૫૭.૫૩** |

(૨) નર્મદા યોજનાનું પાણી ઉત્તર ગુજરાતના સિધ્ધપુર ખાતે આવેલ સરસ્વતી નદીમાં ખોરસમ-સરસ્વતી પાઈપલાઈન દ્વારા ડિસેમ્બર-૨૦૦૫થી સમયાંતરે આપેલ છે.

(૩) ઉત્તર ગુજરાતની ખોરસમ-સરસ્વતી પાઈપલાઈન મારફતે સિધ્ધપુર ખાતે સરસ્વતી નદીમાં બનાવવામાં આવેલ ચેકડેમમાં પાણી નાંખવાનું કામ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત નર્મદાના પૂરના પાણીથી નર્મદા મુખ્ય નહેરથી ઉદવહન પાઇપલાઇન મારફતે દાંતિવાડા અને સિધ્ધપુર જળાશય યોજનાને ભરવા માટેની પાઈપલાઈન યોજનાઓનું આયોજન કરવામાં આવેલ છે.

-------------

**જિલ્લાવાર ખાનગી ટ્યુબવેલો ઉપર મુકાયેલ બાન**

અતારાંક્તિ ૭૨૭૦ (૩૧-૮-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલા તાલુકામાં કેટલા ખાનગી ટ્યુબવેલો ઉપર ક્યારથી બાન મુક્લો,

(૨) ક્યા કારણોસર,

(૩) આની સામે રાજ્ય સરકારે ક્યા ક્યા તાલુકાઓમાં ક્યારે અને ક્યા ખર્ચે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી, અને

(૪) આ અંગે વર્ષ ૨૦૦૬-૦૭માં જિલ્લાવાર સરકારનું આયોજન શું છે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૨-૦૭) :

(૧) વિભાગના તા. ૧૬-૧૨-૦૩ના ઠરાવથી તા. ૧-૧-૦૪થી નીચે દર્શાવેલ જીલ્લાના તાલુકામાં નવા ટ્યુબવેલ પર બાન મુક્લ છે.

| | **જીલ્લા** | **તાલુકા** |
|---|---|---|
| (૧) | મહેસાણા | ૦૮ |
| (૨) | પાટણ | ૦૮ |
| (૩) | બનાસકાંઠા | ૧૩ |
| (૪) | વડોદરા | ૦૧ |
| (૫) | ગાંધીનગર | ૦૪ |
| (૬) | સાબરકાંઠા | ૦૩ |
| (૭) | અમાદાવાદ | ૦૩ |
| (૮) | જુનાગઢ | ૦૪ |
| (૯) | ભરૂચ | ૦૩ |
| (૧૦) | ખેડા | ૦૩ |
| (૧૧) | કચ્છ | ૦૪ |
| (૧૨) | પોરબંદર | ૦૧ |
| (૧૩) | રાજકોટ | ૦૧ |
| (૧૪) | સુરેન્દ્રનગર | ૦૧ |

(૨) ભુર્ગ જળ સપાટી ઉંડી જતી તથા ગુણવત્તા બગડતી અટકાવવા માટે.

(૩) બાન મુકાયેલ તાલુકામાં ચેકડેમ તળાવો ઊંડા કરવા, નાની સિંચાઈ બોરીબંધ તેમજ નર્મદા પાઈપ લાઈનની ઉદ્વહન સિંચાઈ યોજનાથી રિચાર્જ ધ્વારા ભૂર્ગ જળ સ્તર ઉંચું લાવવાની કામગીરી કરવામાં આવેલ છે આ અંગે પત્રક-૧માં વિગતો આપવામાં આવેલ છે.

(૪) રિચાર્જ ધ્વારા ભૂર્ગ જળ ઉંચુ લાવવા માટે ચેકડેમ, તળાવો ઉંડા કરવા, નાની સિંચાઈ, બંધારા, નર્મદા પાઈપ લાઈનની ઉદ્વહન સિંચાઈ વગેરે યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે પત્રક-૨માં વિગતો આપવામાં આવેલ છે.

**પત્રક-૧**

ઓવર એક્ષપ્લોઈટેડ, ડાર્કઝોન અને ખારાશ યુક્ત વિસ્તારના તાલુકાઓમાં તા. ૧-૧-૦૪થી પાતાળ કુવાઓ પર બાન મુક્યા પછી આ તાલુકાના ભૂગર્ભ જળ ઉંચે આવે તે માટે સિંચાઈના ચેકડેમ, તળાવ, બોરીબંધ અને નાની સિંચાઈની કરવામાં આવેલ કામગીરીનું પત્રક.

**(૧) જીલ્લો મહેસાણા.**

| | |
|---|---|
| વિસનગર | ૬૨ ચેકડેમ, ૧૯ તળાવ, કુલ ખર્ચ રૂા. ૩૭૧.૦૮ લાખ |
| સતલાસણા | ૧૬૯ ચેકડેમ, ૫ તળાવ, કુલ ખર્ચ રૂા. ૫૫૨.૪૧ લાખ |
| ઉંઝા | ૩૨ ચેકડેમ, ૧ તળાવ, ઉમીયા જળાશય નાની સિંચાઈ, કુલ ખર્ચ રૂા. ૫૧૪.૭૩ |

| | |
|---|---|
| | લાખ |
| વડનગર | ૨૪ ચેકડેમ, ૧૪ તળાવ, સિપોર કેનાલ નાની સિંચાઈ, કુલ ખર્ચ રૂા. ૮૫૬.૨૫ લાખ |
| મહેસાણા | ૨૫ ચેકડેમ, ૫ તળાવ, કુલ ખર્ચ રૂા. ૩૧૯.૪૭ લાખ |
| ખેરાલુ | ૫૪ ચેકડેમ, ૨૨ તળાવ, ચિમનાબાઈ સરોવર નાની સિંચાઈ, કુલ ખર્ચ રૂા. ૩૩૮.૨૯ લાખ. |
| બેચરાજી | ૧૬ ચેકડેમ, ૭ તળાવ, કુલ ખર્ચ રૂા. ૧૫૨.૯૬ લાખ |
| વિજાપુર | ૩૮ ચેકડેમ, ૨૮ તળાવ, કુલ ખર્ચ રૂા. ૩૯૧.૨૫ લાખ |
| કડી | ૦૧ ચેકડેમ, ૦૩ તળાવ, કુલ ખર્ચ રૂા. ૮.૬૫ લાખ |

મહેસાણા જીલ્લાના વિજાપુર, ખેરાલુ, વડનગર અને સતલાસણ તાલુકા તેમજ ગાંધીનગર જીલ્લાના કલોલ અને માણસા તાલુકામાં નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૫૬ કિ.મી.થી (પિયજ) ધરોઈ જળાશય સુધીની પાઈપ લાઈનની કામગીરી રૂપિયા ૨૬૯.૪૭ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.

**(૨) જીલ્લો પાટણ.**

| | |
|---|---|
| પાટણ | ૧૯૪ ચેકડેમ, ૩૬ તળાવ, કુલ ખર્ચ રૂા. ૧૧૭૧.૭૮ લાખ |
| ચાણસ્મા | ૧૨૭ ચેકડેમ, ૨૧ તળાવ, કુલ ખર્ચ રૂા. ૯૯૩.૪૦ લાખ |
| સિધ્ધપુર | ૧૫૯ ચેકડેમ કુલ ખર્ચ રૂા. ૭૧૧.૪૧ લાખ |

પાટણ ચાણસ્મા અને સિધ્ધપુર તાલુકામાં નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૨૬.૪૦૦ કિ.મી. ઉપર ચાણસ્મા તાલુકાના ખોરસમ થી સરસ્વતી બેરેજ (સિધ્ધપુર) સુધીની પાઈપ લાઈનની કામગીરી રૂપિયા ૧૪૦.૮૮ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| સાંતલપુર | ૯૦ ચેકડેમ, ૦૧ તળાવ, કુલ ખર્ચ રૂા. ૨૨૧.૫૦ લાખ |
| રાધનપુર | ૮૬ ચેકડેમ, ૦૨ તળાવ, કુલ ખર્ચ રૂા. ૧૭૮.૧૫ લાખ |
| સમી | ૭૧ ચેકડેમ કુલ ખર્ચ રૂા. ૯૭.૩૫ લાખ |
| ૧૦ | લખપત | ઘડુલી | પાણીનો ટાંકો તથા સ્ટેન્ડ પોસ્ટ | ૭૪૧૪૧ | ૨૪૭૧૩ | ૯૮૮૫૪ | પૂર્ણ |
| ૧૧ | "" | કપુરાશી | પાણીનો ટાંકો તથા સ્ટેન્ડ પોસ્ટ | ૨૫૮૧૭ | ૮૬૦૬ | ૩૪૪૨૩ | પૂર્ણ |
| ૧૨ | "" | ક્યારી | પાણીનો ટાંકો તથા સ્ટેન્ડ પોસ્ટ | ૨૪૫૭૮ | ૮૧૯૧ | ૩૨૭૬૯ | પૂર્ણ |
| ૧૩ | "" | સામજીયારો | પાણીનો ટાંકો તથા સ્ટેન્ડ પોસ્ટ | ૫૯૫૮૧ | ૧૯૮૬૦ | ૭૯૪૪૧ | પૂર્ણ |
| ૧૪ | "" | પુનરાજપુર | પાણીનો ટાંકો તથા સ્ટેન્ડ પોસ્ટ | ૭૮૫૮૩ | ૨૬૧૯૪ | ૧૦૪૭૭૭ | પૂર્ણ |
| ૧૫ | "" | ગુનેરી | પાણીનો ટાંકો તથા સ્ટેન્ડ પોસ્ટ | ૧૧૪૨૬૫ | ૮૩૦૮૯ | ૧૯૭૩૫૪ | પૂર્ણ |
| ૧૬ | "" | દયાપર | પાણીની પાઈપ લાઈન | ૧૯૬૬૭ | ૬૫૫૫ | ૨૬૨૨૨ | પૂર્ણ |
| ૧૭ | "" | ભાદ્રા | પાણીની લાઈન તથા સ્ટેન્ડ પોસ્ટ | ૩૧૦૭૭૪ | ૧૦૩૫૯૨ | ૪૧૪૩૬૬ | પૂર્ણ |
| ૧૮ | "" | પાન્ધ્રો | વીજળીકરણ | ૭૦૪૩૧ | ૨૩૪૭૭ | ૯૩૯૦૮ | પૂર્ણ |
| ૧૯ | "" | દયાપર | વીજળીકરણ | ૪૧૩૨૧ | ૧૩૭૭૪ | ૫૫૦૯૫ | પૂર્ણ |
| | | | **કુલ્લ :--** | **૧૫૯૧૩૯૯** | **૫૬૬૯૭૨** | **૨૧૫૮૩૭૧** | |

------------

## કચ્છ જિલ્લામાં ગ્રામ સેવકોનું મંજૂર થયેલ મહેકમ

અતારાંક્તિ ૬૮૫૭ (૧૪-૮-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૧૫-૬-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર ગ્રામસેવક્નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી હાજર મહેકમ કેટલું, ગ્રામ સેવકોની કેટલી જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) આ જ્ગ્યાઓ લાંબા સમયથી ન ભરવાનાં કારણો શાં છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૨-૨-૦૭) :

(૧) અને (૨) : તા. ૧૫-૬-૦૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર ગ્રામસેવકોના મંજૂર મહેકમ, ભરાયેલ જ્ગ્યાઓ તથા ખાલી જ્ગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ સંખ્યા | ભરાયેલ જ્ગ્યાઓની સંખ્યા | ખાલી જ્ગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| **૧.** | **૨.** | **૩.** | **૪.** | **૫.** |
| ૧. | ભુજ | ૩૧ | ૧૪ | ૧૭ |
| ૨. | મુન્દ્રા | ૧૩ | ૦૬ | ૦૭ |
| ૩. | માંડવી | ૨૫ | ૦૭ | ૧૮ |
| ૪. | અંજાર | ૧૭ | ૧૦ | ૦૭ |
| ૫. | ભચાઉ | ૨૩ | ૦૬ | ૧૭ |
| ૬. | ગાંધીધામ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૭. | રાપર | ૨૫ | ૧૪ | ૧૧ |
| ૮. | નખત્રાણા | ૨૪ | ૧૦ | ૧૪ |
| ૯. | અબડાસા | ૨૭ | ૦૬ | ૨૧ |
| ૧૦. | દયાપર | ૧૨ | ૦૩ | ૦૯ |
| | **કુલ :-** | **૧૯૯** | **૭૮** | **૧૨૧** |

ઉપરોક્ત ૧૨૧ જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) વહીવટી કારણો સર.

------------

**રાજ્યમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો**

અતારાંકિત ૭૧૪૪ (૮-૮-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ઇન્દિરા આવાસ યોજના હેઠળ જિલ્લાવાર કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ યોજના હેઠળ કેટલા કામો વર્ષવાર પૂર્ણ થયા અને કેટલા ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) (૨૨-૨-૦૭) :

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કામો સામેલ પરિશિષ્ટ-૧ મુજબ મંજૂર કરવામાં આવ્યા છે.

| વર્ષ | મંજૂર કરેલ કામોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૩૨૮૮૧ |
| ૨૦૦૫-૦૬ | ૭૩૪૧૬ |
| ૨૦૦૬-૦૭ | ૯૪૪૬ (તા. ૩૦-૬-૦૬ અંતિત) |

(૨) ઇન્દિરા આવાસ યોજના હેઠળ તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કામો સામેલ પરિશિષ્ટ-૧ મુજબ પૂર્ણ કરવામાં આવ્યા છે.

| વર્ષ | પૂર્ણ કરેલ કામોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૫૮૯૨ |
| ૨૦૦૫-૦૬ | ૫૯૫૦૬ |
| ૨૦૦૬-૦૭ | ૧૮૭૩ (તા. ૩૦-૬-૦૬ અંતિત) |
| **પ્રગતિ હેઠળના કામો** | |
| ૨૦૦૪-૦૫ | ૬૯૮૯ |
| ૨૦૦૫-૦૬ | ૧૩૯૧૦ |
| ૨૦૦૬-૦૭ | ૭૫૭૩ (તા. ૩૦-૬-૦૬ અંતિત) |

પ્રગતિ હેઠળના કામો માર્ચ-૨૦૦૭ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ-૧**

**તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઇન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર થયેલ અને પૂર્ણ થયેલ અને પ્રગતિ હેઠળનાં કામોની વિગત**

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૪-૦૫ | | | વર્ષ ૨૦૦૫-૦૬ | | | વર્ષ ૨૦૦૬-૦૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર કરેલ કામો | પૂર્ણ કરેલ કામો | પ્રગતિ હેઠળના કામો | મંજૂર કરેલ કામો | પૂર્ણ કરેલ કામો | પ્રગતિ હેઠળના કામો | મંજૂર કરેલ કામો | પૂર્ણ કરેલ કામો | પ્રગતિ હેઠળના કામો |
| ૧ | અમદાવાદ | ૭૭૧ | ૭૪૫ | ૨૬ | ૧૪૩૦ | ૧૨૯૧ | ૧૩૯ | ૯૫૭ | ૦ | ૯૫૭ |
| ૨ | અમરેલી | ૬૫૬ | ૫૯૧ | ૬૫ | ૨૭૯૮ | ૧૭૧૦ | ૧૦૮૮ | ૫૧૧ | ૦ | ૫૧૧ |
| ૩ | આણંદ | ૧૪૬૬ | ૧૨૧૭ | ૨૪૯ | ૩૦૩૯ | ૨૭૩૫ | ૩૦૪ | ૧૫૩૯ | ૧૩૨ | ૧૪૦૭ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૦૬ | ૪૩૩ | ૭૭૩ | ૪૪૩૯ | ૪૧૧૬ | ૩૨૩ | ૦ | ૦ | ૦ |
| ૫ | ભરૂચ | ૧૭૩૬ | ૧૦૦૩ | ૭૩૩ | ૨૬૮૩ | ૨૨૫૫ | ૪૨૮ | ૩૧ | ૦ | ૩૧ |
| ૬ | ભાવનગર | ૬૯૨ | ૪૫૧ | ૨૪૧ | ૩૪૧૧ | ૩૧૮૪ | ૨૨૭ | ૬૧ | ૦ | ૬૧ |
| ૭ | દાહોદ | ૨૯૬૩ | ૧૭૮૫ | ૧૧૭૮ | ૪૨૧૪ | ૨૯૪૭ | ૧૨૬૭ | ૦ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૨૮૧ | ૨૦૪ | ૭૭ | ૬૮૫ | ૩૫૨ | ૩૩૩ | ૨૯૦ | ૦ | ૨૯૦ |
| ૯ | ગાંધીનગર | ૮૧૯ | ૭૭૦ | ૪૯ | ૯૪૯ | ૭૩૪ | ૨૧૫ | ૧૯૬ | ૦ | ૧૯૬ |
| ૧૦ | જામનગર | ૬૪૯ | ૪૨૯ | ૨૨૦ | ૨૧૭૧ | ૯૩૭ | ૧૨૩૪ | ૯૦૨ | ૬ | ૮૯૬ |
| ૧૧ | જુનાગઢ | ૯૧૬ | ૯૧૬ | ૦ | ૩૧૫૨ | ૨૩૬૮ | ૭૮૪ | ૭૨ | ૦ | ૭૨ |
| ૧૨ | કચ્છ | ૧૪૩૧ | ૯૪૩ | ૪૮૮ | ૧૦૦૩ | ૨૯૧ | ૭૧૨ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૪-૦૫ | | | વર્ષ ૨૦૦૫-૦૬ | | | વર્ષ ૨૦૦૬-૦૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર કરેલ કામો | પૂર્ણ કરેલ કામો | પ્રગતિ હેઠળના કામો | મંજૂર કરેલ કામો | પૂર્ણ કરેલ કામો | પ્રગતિ હેઠળના કામો | મંજૂર કરેલ કામો | પૂર્ણ કરેલ કામો | પ્રગતિ હેઠળના કામો |
| ૧૩ | ખેડા | ૧૬૪૧ | ૧૧૨૬ | ૫૧૫ | ૨૩૧૭ | ૧૯૨૪ | ૩૯૩ | ૨૨૨૫ | ૯૯૬ | ૧૨૨૯ |
| ૧૪ | મહેસાણા | ૮૩૨ | ૭૪૯ | ૮૩ | ૨૦૨૧ | ૧૩૩૨ | ૬૮૯ | ૧૫૯ | ૯ | ૧૫૦ |
| ૧૫ | નર્મદા | ૧૪૯૪ | ૧૩૬૭ | ૧૨૭ | ૨૦૯૩ | ૨૦૫૬ | ૩૭ | ૬૯૬ | ૨૪૨ | ૪૫૪ |
| ૧૬ | નવસારી | ૭૪૦ | ૭૪૦ | ૦ | ૨૭૮૦ | ૨૬૯૯ | ૮૧ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૬૭૧ | ૧૫૯૬ | ૭૫ | ૨૯૨૬ | ૨૮૩૦ | ૯૬ | ૩૯૫ | ૧૩૫ | ૨૬૦ |
| ૧૮ | પાટણ | ૬૭૮ | ૪૦૭ | ૨૭૧ | ૧૦૨૮ | ૭૫૪ | ૨૭૪ | ૨૬૩ | ૩ | ૨૬૦ |
| ૧૯ | પોરબંદર | ૩૫૯ | ૧૮૯ | ૧૭૦ | ૩૮૮ | ૩૬૮ | ૨૦ | ૬૯ | ૫૪ | ૧૫ |
| ૨૦ | રાજકોટ | ૧૪૪૦ | ૧૪૨૯ | ૧૧ | ૩૫૫૫ | ૩૧૮૯ | ૩૬૬ | ૩૭૦ | ૯ | ૩૬૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૮૧૧ | ૨૨૧૩ | ૫૯૮ | ૩૨૨૪ | ૧૩૯૭ | ૧૮૨૭ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | સુરત | ૨૮૫૧ | ૨૨૨૮ | ૬૨૩ | ૮૦૪૨ | ૭૭૮૯ | ૨૫૩ | ૪૨૬ | ૩૩ | ૩૯૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૪૪૫ | ૧૧૪૫ | ૩૦૦ | ૨૨૨૮ | ૧૩૫૭ | ૮૭૧ | ૨૮૪ | ૨૫૪ | ૩૦ |
| ૨૪ | વડોદરા | ૧૮૬૮ | ૧૭૫૧ | ૧૧૭ | ૮૪૩૮ | ૬૪૮૯ | ૧૯૪૯ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | વલસાડ | ૧૪૬૫ | ૧૪૬૫ | ૦ | ૪૪૦૨ | ૪૪૦૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૩૨૮૮૧ | ૨૫૮૯૨ | ૬૯૮૯ | ૭૩૪૧૬ | ૫૯૫૦૬ | ૧૩૯૧૦ | ૯૪૪૬ | ૧૮૭૩ | ૭૫૭૩ |

----------------

## જૂનાગઢ જિલ્લામાં તલાટી-ક્મ-મંત્રી વિરૂધ્ધ ફરિયાદો

અતારાંક્તિ ૭૪૫૫ (૧૯-૮-૦૬)**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬માં તલાટી-ક્મ-મંત્રીઓ વિરૂધ્ધમાં કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો કેવા પ્રકારની મળેલ છે, અને

(૩) જવાબદાર તલાટીઓ સામે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૩-૨-૦૭) :

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ તલાટી-ક્મ-મંત્રી વિરૂધ્ધ તાલુકાવાર નીચે મુજબ ફરિયાદ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તલાટી-ક્મ-મંત્રી વિરૂધ્ધ મળેલ ફરિયાદોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
| ૧ | જુનાગઢ | ૦૬ | ૦૭ |
| ૨ | માંગરોળ | ૦૩ | ૧૨ |
| ૩ | વિસાવદર | ૦૦ | ૦૧ |
| ૪ | મેંદરડા | ૦૦ | ૦૨ |
| ૫ | કેશોદ | ૦૪ | ૦૧ |
| ૬ | વંથલી | ૦૧ | ૦૧ |
| ૭ | માણાવદર | ૦૬ | ૦૨ |
| ૮ | તાલાળા | ૦૨ | ૦૧ |
| ૯ | સુત્રાપાડા | ૦૦ | ૦૧ |
| ૧૦ | ભેંસાણા | ૦૧ | ૦૨ |
| ૧૧ | માળીયા | ૦૨ | ૦૬ |
| ૧૨ | કોડીનાર | ૦૩ | ૦૭ |
| ૧૩ | ઉના | ૧૮ | ૦૪ |
| ૧૪ | વેરાવળ | ૦૦ | ૦૩ |

| ક્રમ | તાલુકાનું નામ | તલાટી-ક્રમ-મંત્રી વિરૂધ્ધ મળેલ ફરિયાદોની સંખ્યા | |
|---|---|---|---|
| | કુલ : | ૪૬ | ૫૦ |

(૨) વહીવટી પ્રકારની છે.

(૩) જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે.

----------

**જૂનાગઢ જિલ્લા અને તાલુકા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિ ૭૪૬૫ (૧૯-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લા પંચાયત ક્ચેરીમાં તથા તાલુકાવાર તાલુકા પંચાયત ક્ચેરીઓમાં તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જ્ગ્યાઓને કારણે પ્રજાના પ્રશ્નોનો સમયસર નિકાલ થતો નથી તે હકીક્ત સાચી છે,

(૩) જો હા, તો આના નિવારણ માટે સરકાર દ્વારા શું પ્રયત્નો કરવામાં આવ્યા, અને

(૪) કેટલા સમયમાં આ ખાલી જ્ગ્યાઓ સરકાર ભરવા માંગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૦-૨-૦૭) :

(૧) જૂનાગઢ જિલ્લા પંચાયત ક્ચેરીમાં તથા તાલુકાવાર પંચાયત ક્ચેરીઓમાં તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ આ સાથેના પત્રક-અ અને પત્રક -બમાં દર્શાવેલ વિગતો મુજબની સંવર્ગવાર જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બનતી ત્વરાએ.

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | કુલ |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | વિભાગીય હિસાબનીશ | ૨ |
| ૨ | સીનીયર એકાઉન્ટ ક્લાર્ક | ૨ |
| ૩ | જુની. ક્લાર્ક (હિસાબી) | ૩ |
| ૪ | નાયબ ચીટનીશ | ૧ |
| ૫ | જુની. ક્લાર્ક (વહીવટ) | ૩ |
| ૬ | આંકડા મદદનીશ | ૧ |
| ૭ | સ્ટેનો | ૧ |
| ૮ | વિસ્તરણ અધિકારી (ખેતી) | ૭ |
| ૯ | પશુધન નિરીક્ષક | ૧ |
| ૧૦ | ગ્રામસેવક | ૯૬ |
| ૧૧ | મ. ઈ. /અ. મ. ઈ. | ૧૧ |
| ૧૨ | ડ્રાફ્ટમેન | ૧ |
| ૧૩ | ટ્રેસર | ૨ |
| ૧૪ | ડ્રાઈવર | ૯ |
| ૧૫ | સીનીયર ક્લાર્ક (વહીવટ) | ૯ |
| ૧૬ | આસી. ડ્રાફ્ટમેન | ૧ |
| ૧૭ | પટાવાળા | ૧૫ |
| ૧૮ | ડ્રેસર | ૧૧ |
| ૧૯ | કાર્યાલય અધિક્ષક | ૧ |
| ૨૦ | એ.સી.ડી.પી.ઓ. | ૧૪ |
| ૨૧ | મુખ્ય સેવિકા | ૫૨ |
| ૨૨ | પ્રોજેક્ટનીસ્ટ | ૧ |

| ક્રમ | સંવર્ગનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨૩ | ડી.ઈ.ઈ. | ૨ |
| ૨૪ | મેલેરીયા સુપરવાઈઝર | ૧૦ |
| ૨૫ | લેબોરેટરી ટેક્નીશિયન | ૧૫ |
| ૨૬ | મેલેરીયા સર્વે ઈન્સ્પેક્ટર | ૧૮ |
| ૨૭ | મેલેરીયા સર્વે વર્કર | ૨૦ |
| ૨૮ | ફિલ્ડ વર્કર | ૪ |
| ૨૯ | ઈ. સી. એસ. એસ. | ૧ |
| ૩૦ | શાળા આરોગ્ય નિરીક્ષક | ૧ |
| ૩૧ | મેઈલ વર્કર (વેક્સીનેટર) | ૬ |
| ૩૨ | વેક્સી સુપરવાઈઝર (સ્ટેટ) | ૧ |
| ૩૩ | વેક્સી (સ્ટેટ) | ૩ |
| ૩૪ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧૪ |
| ૩૫ | હેલ્થ વીઝીટર | ૨૬ |
| ૩૬ | જુની. ફાર્માસીસ્ટ | ૨૯ |
| ૩૭ | લેબોરેટરી ટેક્નીશીયન (પેથો) | ૨૮ |
| ૩૮ | એમ. પી. ડબલ્યુ. | ૧૪૪ |
| ૩૯ | એફ. એચ. ડબલ્યુ | ૬૦ |
| ૪૦ | દાયણ | ૫૯ |
| ૪૧ | સ્વીપર | ૧૦૮ |
| | **કુલ :** | **૭૯૩** |

**પત્રક-બ**

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગનું નામ | કુલ |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | સીની. ક્લાર્ક | ૧ |
| | | જુની. ક્લાર્ક | ૨ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | તલાટી મંત્રી | ૫ |
| ૨ | વંથલી | ના. હિસાબનીશ | ૧ |
| | | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | તલાટી મંત્રી | ૨ |
| ૩ | માણાવદર | સીની. એકા. ક્લાર્ક | ૧ |
| | | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | કેળવણી નિરીક્ષક | ૧ |
| | | અ.મ.ઈ. | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | તલાટીમંત્રી | ૧૨ |
| | | ગ્રામ સેવક | ૧ |
| ૪ | માંગરોળ | સીની. ક્લાર્ક | ૧ |
| | | ટાઈપીસ્ટ | ૧ |
| | | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૨ |
| | | વિ. અધિ. (ખેતી) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | પટાવાળા | ૧ |

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગનું નામ | કુલ |
|---|---|---|---|
| | | તલાટીમંત્રી | ૬ |
| | | ગ્રામ સેવક | ૩ |
| ૫ | કેશોદ | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૧ |
| | | વિ. અધિ. (પંચાયત) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | તલાટીમંત્રી | ૭ |
| ૬ | માળીયા | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૧ |
| | | વિ. અધિ. (પંચાયત) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | કેળવણી નિરીક્ષક | ૧ |
| | | ડ્રાઈવર | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | તલાટી મંત્રી | ૧૧ |
| ૭ | વેરાવળ | સીની. ક્લાર્ક | ૧ |
| | | જુની. ક્લાર્ક | ૧ |
| | | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૧ |
| | | વિ. અધિ. (પંચાયત) | ૧ |
| | | વિ. અધિ. (બાંધકામ) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | કેળવણી નિરીક્ષક | ૧ |
| | | અ.મ.ઈ. (ઘરથાળ) | ૧ |
| | | ગ્રામ સેવક | ૧ |
| | | તલાટી મંત્રી | ૯ |
| ૮ | સુત્રાપાડા | સીની. ક્લાર્ક | ૧ |
| | | વિ. અધિ. (ખેતી) | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | ગ્રામ સેવક | ૧ |
| | | તલાટી મંત્રી | ૧૦ |
| ૯ | કોડીનાર | આંકડા મદદનીશ | ૨ |
| | | વિ. અધિ. (પંચાયત) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | તલાટી મંત્રી | ૧૪ |
| ૧૦ | ઉના | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૨ |
| | | વિ. અધિ. (બાંધકામ) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | અ.મ.ઈ. (ઘરથાળ) | ૧ |
| | | ડ્રાઈવર | ૧ |
| | | પટાવાળા | ૩ |
| | | ગ્રામ સેવક | ૨ |
| | | તલાટી મંત્રી | ૧૯ |
| ૧૧ | તલાલા | જુની. ક્લાર્ક | ૨ |
| | | વિ. અધિ. સહકાર | ૧ |

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગનું નામ | કુલ |
|---|---|---|---|
| | | આંકડા મદદનીશ | ૨ |
| | | વિ. અધિ. (પંચાયત) | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૧ |
| | | કેળવણી નીરીક્ષક | ૧ |
| | | અ.મ.ઈ. (ઘરથાળ) | ૧ |
| | | ગ્રામ સેવક | ૧ |
| | | તલાટી મંત્રી | ૧૬ |
| ૧૨ | મેંદરડા | જુની. ક્લાર્ક | ૨ |
| | | વિ. અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૧ |
| | | વિ. અધિ. (પંચાયત) | ૧ |
| | | અ.મ.ઈ. (ઘરથાળ) | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | ગ્રામ સેવક | ૨ |
| | | તલાટી મંત્રી | ૬ |
| ૧૩ | વિસાવદર | આંકડા મદદનીશ | ૧ |
| | | સર્કલ ઈન્સ્પે. | ૨ |
| | | પટાવાળા | ૧ |
| | | ગ્રામ સેવક | ૨ |
| | | તલાટી મંત્રી | ૧૨ |
| ૧૪ | ભેસાણ | જુની. ક્લાર્ક | ૧ |
| | | વિ.અધિ. (સહકાર) | ૧ |
| | | આંકડા મદદનીશ | ૧ |
| | | વિ. અધિ. (બાંધકામ) | ૧ |
| | | વિ. અધિ. (ખેતી) | ૧ |
| | | અ. મ. ઈ (ઘરથાળ) | ૧ |
| | | ડ્રાઈવર | ૧ |
| | | ગ્રામ સેવક | ૧ |
| | | તલાટી મંત્રી | ૩ |
| | | **એકંદર કુલ :** | **૨૩૩** |

------------

**પંચાયતી રાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે પ્રશિક્ષણના કાર્યક્રમો**

અતારાંક્તિ ૭૮૮૧ (૨૨-૧-૨૦૦૭)**શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તારીખ :- ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ગત એક વર્ષમાં પંચાયતી રાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે પ્રશિક્ષણના કાર્યક્મો ક્યારે અને ક્યાં યોજવામાં આવેલા,

(૨) સદર કાર્યક્રમોમાં જિલ્લાવાર કેટલા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ભાગ લીધેલ,

(૩) ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત પ્રમાણે કેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધેલ, અને

(૪) પ્રશિક્ષણ કાર્યક્મવાર ક્યા ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચવામાં આવેલ ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૪-૩-૨૦૦૭) :

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ મુજબ

(૩)

| ક્રમ | પંચાયતનું નામ | પ્રશિક્ષણમાં ભાગ લીધેલ પ્રતિનિધિઓની સંખ્યા (અંદાજિત) |
|---|---|---|
| ૧ | ગ્રામ પંચાયત | ૧,૨૭,૭૫૨ |
| ૨ | તાલુકા પંચાયત | ૩,૫૫૯ |
| ૩ | જિલ્લા પંચાયત | ૬૫૫ |
| | કુલ : | ૧,૩૧,૯૬૬ |

(૪) તાલીમના હેતુસર રૂપિયા ૨,૬૯,૧૭,૬૭૬ નો ખર્ચ કરવામાં આવેલ છે.
( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------------

**આણંદ જિલ્લામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના પ્રશિક્ષણ પાછળ થયેલ ખર્ચ**

અતારાંક્તિ ૭૮૮૨ (૨૨-૧-૦૭) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડીસેમ્બર-૨૦૦૬માં પંચાયતી રાજના ચૂંટાયેલા સભ્યોના પ્રશિક્ષણના કાર્યક્રમમાં આણંદ જિલ્લામાંથી તાલુકાવાર ક્યા ક્યા ગામોના કેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી,

(૨) આ કાર્યક્રમ માટે પ્રતિનિધિદીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) આણંદ જિલ્લામાં તાલુકાવાર અને ગામવાર કેટલી રકમનો ખર્ચ ક્યા ક્યા હેતુસર કરવામાં આવ્યો ?

**પંચાયત મંત્રીશ્રી** (૮-૩-૦૭) :

(૧) પત્રક-૧ મુજબ

(૨) રૂા. ૧૮૭.૯૮

(૩) આ ખર્ચ તાલીમના હેતુસર, ગામ અને તાલુકાવાર તાલુકા સ્તરે નીચે મુજબ કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકા સ્તરે કરેલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૭૭,૫૭૮ |
| ૨ | ઉમરેઠ | ૭૫,૨૫૩ |
| ૩ | બોરસદ | ૯૩,૭૮૯ |
| ૪ | આંક્લાવ | ૫૬,૪૬૭ |
| ૫ | પેટલાદ | ૮૮,૩૯૦ |
| ૬ | સોજીત્રા | ૩૭,૦૪૬ |
| ૭ | તારાપુર | ૫૩,૦૫૧ |
| ૮ | ખંભાત | ૮૫,૦૦૦ |
| | **કુલ ખર્ચ રૂપિયા :** | **૫,૬૬,૫૭૪** |

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------------

**સુરત જિલ્લામાં વોટરશેડ યોજનાના કામો પાછળ ખર્ચ**

અતારાંક્તિ ૭૯૦૦ (૨૪-૧-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં સન ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષ દરમ્યાન તાલુકાવાર વોટરશેડ યોજનામાં કેટલા અને ક્યા ક્યા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકીના દરેક ગામોના વોટરશેડ યોજનાના કામ કઈ કઈ એન.જી.ઓ. (સ્વૈચ્છિક સંસ્થા) મારફતે કરવામાં આવેલ છે.

(૩) દરેક વોટરશેડ યોજના પાછળ દીઠ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૪) તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) (૨૭-૨-૦૭) :

(૧) સુરત જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ સન ૨૦૦૨-૦૩ અને સને ૨૦૦૪-૦૫માં કોઈ પ્રોજેક્ટ મંજુર થયેલ નથી. તેથી, કોઈ ગામોની સમાવેશ થયેલ નથી. જ્યારે સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષ દરમ્યાન કુલ-૧૩૮ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, જેની વર્ષવાર, તાલુકાવાર અને ગામવાર વિગત પરિશિષ્ટ-અ માં સામેલ છે.

(૨) તે પૈકીના દરેક ગામોના વોટરશેડ યોજનાના કામ કોઈ એન.જી.ઓ. (સ્વૈચ્છિક સંસ્થા) મારફતે કરવામાં આવેલ નથી. પરંતુ, સંબંધિત તાલુકા પંચાયતો મારફતે કરવામાં આવે છે, જેની વિગત પરિશિષ્ટ-બ માં સામેલ છે.

(૩) દરેક વોટરશેડ યોજના પાછળ તાલુકાવાર/ગામદીઠ ફાળવેલ રકમની પરિશષ્ટ-ક માં સામેલ છે.

(૪) તાલુકાવાર / ગામદીઠ ખર્ચની વિગત પરિશિષ્ટ-ક માં સામેલ છે.

(* પરિશિષ્ઠો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------------

**જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે ખર્ચેલ રકમ**

અતારાંક્તિ ૭૯૨૩ (૧-૩-૦૭) **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્મ અન્વયે તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કેટલા જિલ્લામાં આ કામ પૂર્ણ થયું,

(૨) આ કાર્યક્મ માટે ભારત સરકારે તા. ૩૧-૩-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવેલી રકમ કેટલી છે, અને

(૩) આ ફાળવાયેલી રકમમાંથી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)(૧૭-૩-૦૭) :

(૧) ૨૦ જિલ્લાઓમાં કુલ ૧૬૩૮ કામો (પ્રોજેક્ટ) પૂર્ણ થયા છે.

(૨) રૂા. ૧૦૨૬૨.૫૬ લાખની રકમ ફાળવેલ છે.

(૩) કુલ રૂા. ૯૫૪૯.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

----------------

**ક્ચ્છ જિલ્લામાં જમીન વિવાદના હાઈકોર્ટમાં પડતર કેસો અને ઝડપી નિકાલ અંગે**

અતારાંક્તિ ૬૬૫૫ (૨૭-૭-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** :**માનનીય મહેસીલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લામાં ખેડૂતોના સરકાર સામેના જમીન વિવાદના કેસો નવ વર્ષ ઉપરાંતથી જિલ્લા અને હાઈકોર્ટમાં કેટલા પડતર છે,

(૨) તે પૈકી સિનિયર સીટીઝનોના કેટલા કેસો પડતર છે, અને

(૩) આવા સિનિયર સીટીઝનોને ઝડપી અને સમયસર ન્યાય મળે તે માટે આવા કેસો અગ્રતાક્મે ચાલે તે માટે સરકારે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૯-૩-૦૭) :

(૧) જિલ્લા કોર્ટમાં ૫ (પાંચ) તથા હાઈકોર્ટમાં ૧ (એક) કેસ પડતર છે.

(૨) કોઈ નથી.

(૩) ના, નામદાર હાઈકોર્ટની રજીસ્ટ્રારે તા. ૧૧-૧૦-૯૯ના પત્રથી તમામ જિલ્લા ન્યાયાધીશો અને સીટી કોર્ટ, અમદાવાદના ન્યાયાધીશોને ૬૫ વર્ષ ઉપરની વ્યક્તિના કેસોને અગ્રતાક્મ આપી છ માસમાં નિકાલ કરવા સુચના આપી છે.

----------------

## રાજ્યમાં જિલ્લાવાર ગોચર જમીનની ઘટ

અતારાંક્તિ ૭૨૬૨ (૨૩-૮-૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કુલ ગોચરની જમીનો કેટલી છે,
(૨) આ જમીનો જિલ્લાવાર તા. ૩૧-૧૨-૨૦૦૦ ની સ્થિતિએ કેટલી હતી,
(૩) જિલ્લાવાર કુલ કેટલાં ગામોમાં ગોચરની જમીનો ઘટી છે, ક્યા કારણોસર, અને
(૪) આ ગોચરની જમીનોના સમતુલન માટે રાજ્ય સરકારે શું શું પગલાં લેવા ધારે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૭-૨-૦૭) :
(૧) પત્રક મુજબ.
(૨) પત્રક મુજબ.
(૩) પત્રક મુજબ.
જાહેર હેતુ માટે નીમ કરવાથી તથા જાહેર હેતુ તથા ઓદ્યોગિક હેતુ માટે ગ્રાંટ કરવાથી.
(૪) ગોચર ઓછું હોય ત્યાં તે વધુ ઓછું ન થાય તે જોવા રાજ્ય સરકારે તમામ જિલ્લા કલેકટરશ્રીઓને સૂચના આપેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લો | ખંડ-૧ નો જવાબ | ખંડ-૨ નો જવાબ | ખંડ-૩ નો જવાબ |
|---|---|---|---|---|
| | | એપ્રિલ-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કુલ ગોચરની જમીન (હે.આરે.ચો.મી.) | તા. ૩૧-૧૨-૨૦૦૦ની સ્થિતિએ જિલ્લાવાર ગોચરની જમીન (હે.આરે.ચો.મી.) | જિલ્લાવાર કુલ કેટલા ગામોમાં ગોચરની જમીન ઘટી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભરૂચ | ૧૪૩૦૦-૦૧-૩૯ | ૧૪૪૧૦-૯૬-૨૩ | ૬ |
| ૨ | વલસાડ | ૨૪૫૮-૩૩-૦૭ | ૨૧૭૭-૦૬-૨૭ | ૭ |
| ૩ | પંચમહાલ | ૧૧૨૪૩-૨૭-૨૮ | ૧૧૩૭૬-૦૪-૬૫ | ૩ |
| ૪ | રાજકોટ | ૭૮૫૯૭-૦૦-૪૪ | ૭૮૬૫૭-૦૨-૫૪ | ૧૭ |
| ૫ | સાબરકાંઠા | ૩૮૪૫૨-૮૧-૩૪ | ૩૮૫૨૩-૧૩-૧૫ | ૧૩૭ |
| ૬ | સુરત | ૨૧૬૬૮-૬૧-૯૦ | ૨૧૮૨૫-૮૮-૨૫ | ૭૦ |
| ૭ | પોરબંદર | ૨૦૮૮૫-૭૬-૭૪ | ૨૦૮૮૫-૮૫-૯૧ | ઘટ નથી |
| ૮ | અમરેલી | ૪૩૦૭૯-૩૨-૩૫ | ૪૩૧૨૩-૩૧-૮૯ | ૩૧ |
| ૯ | ડાંગ | ૪૧૧-૩૩-૦૦ | ૪૧૧-૩૩-૦૦ | ઘટ નથી |
| ૧૦ | જામનગર | ૬૫૨૫૦-૫૮-૪૦ | ૬૫૩૫૭-૮૬-૬૨ | ૨૫ |
| ૧૧ | વડોદરા | ૨૩૧૩૭-૩૮-૧૭ | ૨૩૧૭૫-૨૭-૪૪ | ૬ |
| ૧૨ | અમદાવાદ | ૨૬૧૬૪-૯૭-૩૯ | ૨૬૨૦૧-૩૯-૯૪ | ૩૦ |
| ૧૩ | મહેસાણા | ૨૨૫૬૩-૩૪-૫૬ | ૨૨૯૨૪-૯૩-૫૩ | ૧૨૩ |
| ૧૪ | જૂનાગઢ | ૫૭૩૦૩-૫૩-૦૩ | ૫૭૫૦૨-૩૯-૯૯ | ૧૫૭ |
| ૧૫ | પાટણ | ૨૪૪૮૭-૦૫-૩૫ | ૨૪૪૮૭-૦૫-૩૫ | ઘટ નથી |
| ૧૬ | ખેડા | ૧૬૩૫૯-૦૬-૬૮ | ૧૬૩૭૧-૫૮-૭૪ | ૨ |
| ૧૭ | ગાંધીનગર | ૮૨૦૯-૩૩-૦૮ | ૮૫૭૨-૧૧-૦૨ | ૫ |
| ૧૮ | નવસારી | ૪૨૭૫-૦૦-૦૦ | ૪૩૨૪-૦૦-૦૦ | ૨૯ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૪૬૧૩૪-૧૦-૦૪ | ૪૬૧૫૯-૦૨-૭૬ | ૨ |
| ૨૦ | બનાસકાંઠા | ૬૮૮૪૫-૮૦-૬૦ | ૬૯૦૭૬-૦૭-૬૮ | ૧૧૬ |
| ૨૧ | નર્મદા | ૬૪૬૫-૧૮-૩૧ | ૬૪૬૫-૧૮-૩૧ | ઘટ નથી |
| ૨૨ | ભાવનગર | ૫૩૯૭૨-૧૬-૨૬ | ૫૪૬૨૦-૭૩-૩૬ | ૨૯ |
| ૨૩ | આણંદ | ૫૬૩૨-૬૦-૧૯ | ૫૬૪૯-૧૬-૩૬ | ૧ |
| ૨૪ | દાહોદ | ૧૫૯૨૦-૨૦-૩૨ | ૧૬૦૪૧-૪૧-૩૦ | ૮ |
| ૨૫ | કચ્છ | ૯૭૩૪૮-૬૨-૨૮ | ૯૭૮૭૮-૨૬-૨૮ | ૧૦ |

----------------

## રાજ્યમાં જિલ્લાવાર અછત રાહત હેઠળ કરેલ ખર્ચ

અતારાંક્તિ ૭૮૫૧ (૧૫-૧૦-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૪-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અછત રાહતના હેડ હેઠળ ક્યા ક્યા કામો માટે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,
(૨) આ રાહતના કામો જિલ્લાવાર કુલ કેટલા ચાલુ કરવામાં આવ્યા, કેટલો ખર્ચ, અને
(૩) જિલ્લાવાર આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૭-૩-૦૭) :

(૧) સામેલ પત્રક-"અ" મુજબ.

(૨) સરકારશ્રી દ્વારા છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યના કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા તથા જામનગર જિલ્લાઓમાં અછત/અર્ધ અછત જાહેર કરવામાં આવતા શરૂ થયેલા રાહત કામો તેમજ ખર્ચની વિગતો નીચેના કોઠા મુજબ છે.

| જિલ્લાનું નામ | રાહત કામની સંખ્યા | થયેલ ખર્ચ (રકમ રૂા.લાખમાં) |
|---|---|---|
| કચ્છ | ૧૨૪૮ | ૨૭૯૮.૬૧ |
| બનાસકાંઠા | ૨૩ | ૧૨૭૬.૭૭ |
| સાબરકાંઠા | ૧૩૦ | ૧૦૧.૩૭ |
| જામનગર | ૭૭૦ | ૧૯૦૦.૭૪ |
| કુલ :- | ૨૧૭૧ | ૬૦૭૭.૪૯ |

(૩) અછત સદર હેઠળ જિલ્લાવાર સામેલ પત્રક-"બ" મુજબ ખર્ચ થયેલ છે.

**પ ત્ર ક - અ**

તા.૩૦-૪-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અછત રાહતના સદર હેઠળ ક્યા ક્યા કામ માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું ખર્ચ કરવામાં આવ્યું.

| અછત રાહતના કામો | નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ | નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ | નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ (૩૦-૪-૦૬ સુધી) | કુલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| રોકડ સહાય | ૫૬૭.૩૯ | ૦ | ૦ | ૫૬૭.૩૯ |
| પાણી પુરવઠો | ૫૨૫૦.૯૯ | ૪૫૩.૭૧ | ૧૧૦.૩૩ | ૫૮૧૫.૦૩ |
| પૂરક પોષણ | ૧૫૫૩.૭૭ | ૪૩૪.૦૫ | ૧૨૨.૪૫ | ૨૧૧૦.૨૭ |
| ઘાસ ખરીદી | ૨૩૨૯.૦૭ | ૪૨.૪૬ | ૨૯૧.૫૨ | ૨૬૬૩.૦૫ |
| ગૌ શાળા પાંજરાપોળ ઢોર સબસીડી | ૩૦૧૮.૬૨ | ૦ | ૪.૬૬ | ૩૦૨૩.૨૮ |
| ઘાસચારા, પશુ સંભાળ અને ઘાસ સંગઠન (પશુ આરોગ્યના પગલાં) | ૨૬.૧૨ | ૦ | ૦ | ૨૬.૧૨ |
| રોગો ફાટી નીકળવા અટકાવવા માટે ચેપી જંતુનાશક દવાઓ | ૯૯.૯૪ | ૦ | ૦ | ૯૯.૯૪ |
| રોજગાર યોજના | ૧૧૭૧૩.૯૮ | ૩૦૫૦ | ૦ | ૧૪૭૬૩.૯૮ |
| **કુલ** | **૨૪૫૫૯.૮૮** | **૩૯૮૦.૨૨** | **૫૨૮.૯૬** | **૨૯૦૬૯.૦૬** |

**પ ત્ર ક - બ**

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|---|
| | | રકમ રૂા. લાખમાં | રકમ રૂા. લાખમાં | રકમ રૂા. લાખમાં |
| ૧ | અમદાવાદ | ૩૯૧.૦૧ | ૩.૭૧ | ૦.૦૦ |
| ૨ | અમરેલી | ૧૫૯.૬૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | આણંદ | ૨૯૫.૧૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૯૩૯.૪૯ | ૫૦૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | વડોદરા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | ભરૂચ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | ભાવનગર | ૧.૨૪ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | વલસાડ | ૧૨૧૪.૦૮ | ૩૧૭.૭૧ | ૦.૦૦ |
| ૯ | દાહોદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ડાંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | ગાંધીનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૨ | પંચમહાલ | ૪૯૯.૫૪ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | જામનગર | ૨૯૨૭.૦૧ | ૧.૧૬ | ૦.૦૦ |
| ૧૪ | જૂનાગઢ | ૧૭૩૭.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | ખેડા | ૧૭૯.૫૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | કચ્છ | ૩૨૮૬.૭૫ | ૨૦૩૦.૬૩ | ૦.૦૦ |
| ૧૭ | મહેસાણા | ૦.૦૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | નર્મદા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | નવસારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | પાટણ | ૧૧૭૮.૧૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | પોરબંદર | ૫૩૭.૭૩ | ૦.૦૦ | ૭.૮૩ |
| ૨૨ | રાજકોટ | ૨૧૮૬.૫૩ | ૦.૦૦ | ૪.૬૬ |
| ૨૩ | સાબરકાંઠા | ૨૦૯૩.૮૭ | ૧૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૨૪ | સુરત | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૨૦૭૯.૦૯ | ૧૧.૮૩ | ૦.૦૦ |
| | **કુલ :-** | **૨૦૭૦૫.૯૭** | **૩૮૬૫.૦૪** | **૧૨.૪૯** |

-------------

## રાજ્યમાં જમીનના દસ્તાવેજમાં ફોટા અને અંગૂઠાની છાપના પડતર કેસો

અતારાંક્તિ ૭૮૫૨ (૧૫-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય સરકારે જમીનના દસ્તાવેજમાં ફોટા અને અંગૂઠાની છાપ ફરજીયાત કરી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૧લી મે, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા દસ્તાવેજમાં ફોટા અને અંગૂઠાની છાપ લેવામાં આવી, અને

(૩) એપ્રિલ-૨૦૦૬ના અંતે રાજ્યમાં જિલ્લાવાર કેટલા દસ્તાવેજોના ક્રામ ક્યા કારણસર પેન્ડીંગ છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૫-૩-૦૭) :

(૧) હા.

(૨) તા.૧લી મે, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ જિલ્લાવાર દસ્તાવેજોમાં ફોટા અને અંગૂઠાની છાપ લેવામાં આવી.

| ક્રમ | જિલ્લાનું નામ | દસ્તાવેજની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૦૩૬૭ |
| ૨ | અમરેલી | ૬૩૦૪ |
| ૩ | આણંદ | ૧૦૮૧૭ |
| ૪ | ભરૂચ | ૧૫૩૭૩ |
| ૫ | ભાવનગર | ૨૦૯૯૮ |
| ૬ | દાહોદ | ૧૩૬૨ |
| ૭ | ગાંધીનગર | ૧૨૬૩૪ |
| ૮ | ગોધરા | ૬૧૬૮ |
| ૯ | હિંમતનગર | ૧૧૧૮૬ |
| ૧૦ | જામનગર | ૧૭૬૨૫ |
| ૧૧ | જૂનાગઢ | ૨૨૧૯૮ |
| ૧૨ | ખેડા | ૬૧૨૯ |
| ૧૩ | કચ્છ-ભૂજ | ૪૩૪૯૮ |
| ૧૪ | મહેસાણા | ૧૮૩૮૭ |
| ૧૫ | નર્મદા | ૮૧૮ |
| ૧૬ | નવસારી | ૧૨૮૨૯ |
| ૧૭ | પાલનપુર | ૧૫૬૨૦ |
| ૧૮ | પાટણ | ૯૦૦૯ |
| ૧૯ | પોરબંદર | ૬૭૩૫ |
| ૨૦ | રાજકોટ | ૫૧૦૬૬ |
| ૨૧ | સુરત | ૬૭૦૦૧ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧૨૯૬૫ |
| ૨૩ | વડોદરા | ૧૨૫૭૭ |
| ૨૪ | વલસાડ | ૧૦૬૬૫ |
|  | કુલ :- | ૪૪૨૩૩૧ |

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | દસ્તાવેજની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯૭૧૮ |
| ૨ | અમરેલી | ૧૩૬ |
| ૩ | આણંદ | ૧૯ |
| ૪ | ભરૂચ | ૨૬૯ |
| ૫ | ભાવનગર | ૦ |
| ૬ | દાહોદ | ૪૫ |
| ૭ | ગાંધીનગર | ૭૯ |
| ૮ | ગોધરા | ૨૧ |
| ૯ | હિંમતનગર | ૬૧ |

| | | |
|---|---|---|
| ૧૦ | જામનગર | ૧૯૩૯ |
| ૧૧ | જૂનાગઢ | ૪૬૭ |
| ૧૨ | ખેડા | ૮ |
| ૧૩ | કચ્છ-ભૂજ | ૧૭ |
| ૧૪ | મહેસાણા | ૩૭ |
| ૧૫ | નર્મદા | ૧૪૯ |
| ૧૬ | નવસારી | ૮૩ |
| ૧૭ | પાલનપુર | ૧૩૦ |
| ૧૮ | પાટણ | ૩ |
| ૧૯ | પોરબંદર | ૦ |
| ૨૦ | રાજકોટ | ૧૩૯૪ |
| ૨૧ | સુરત | ૨૪૪૦ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૩૩૨ |
| ૨૩ | વડોદરા | ૨૪૪ |
| ૨૪ | વલસાડ | ૩૨૦ |
| | કુલ :- | ૨૭૯૧૧ |

જુદા જુદા કાયદાઓની જોગવાઇઓ અન્વયે જરૂરી વિગતો, ફોર્મ્સ વિ. રજૂ નહિ થવાના કારણોસર દસ્તાવેજોના કામ પડતર છે.

-------------

## રાજ્યમાં જિલ્લાવાર ફાજલ જમીનની મળેલ અરજીઓ, સહાયો તેમજ બાકી લાભાર્થીઓ

અતારાંક્તિ ૭૮૫૫ (૧૫-૧-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ફાજલ જમીનો મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી હતી, આમાંથી કેટલાંને ક્યારે અને કેટલી જમીનો આપવામાં આવી,

(૨) આ લાભાર્થીઓને જમીનોના વિકાસ માટે આ સમય ગાળામાં કેટલી રકમની સહાયો જિલ્લાવાર કરી, અને

(૩) કેટલા લાભાર્થીને ફાજલ જમીનો આપવાની બાકી છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૮-૨-૦૭) :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ફાજલ જમીનો મેળવવા કુલ ૧૭૦૬ અરજીઓ મળેલી તેની વિગત *પત્રક-અ મુજબ છે. તે પૈકી કુલ ૭૭૨ લાભાર્થીઓને ૧૫૭૫.૧૪ એ.ગું. જમીન આપવામાં આવી છે. તેની વિગત *પત્રક-બ મુજબ છે.

**પ ત્ર ક - અ**

છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ફાજલ જમીનો મેળવવા મળેલી અરજીઓની વિગત.

| અ.નં. | જિલ્લો | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | પંચમહાલ | ૧૧૬ | ૩ | ૧૩૯ | ૨૫૮ |
| ૨. | સાબરકાંઠા | ૭૫ | -- | -- | ૭૫ |
| ૩. | જૂનાગઢ | ૯૫ | -- | -- | ૯૫ |
| ૪. | બનાસકાંઠા | ૩૬ | -- | ૨૪ | ૬૦ |
| ૫. | નર્મદા | ૭૯ | ૩૪૨ | ૧૪૮ | ૫૬૯ |
| ૬. | નવસારી | ૫ | -- | -- | ૫ |
| ૭. | વડોદરા | ૬૪ | ૭૭ | ૭૭ | ૨૧૮ |
| ૮. | પાટણ | ૫ | -- | ૪ | ૯ |
| ૯. | સુરેન્દ્રનગર | ૫૨ | ૨૬૧ | -- | ૩૧૩ |
| ૧૦. | દાહોદ | -- | ૩૪ | -- | ૩૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧. | અમદાવાદ | ૫૯ | ૫ | ૬ | ૭૦ |
| | **કુલ :** | **૫૮૬** | **૭૨૨** | **૩૯૮** | **૧૭૦૬** |

**પ ત્ર ક - બ**

ફાજલ જમીનો મેળવવા મળેલી અરજીઓ પેકી ફાળવેલી જમીનની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | વર્ષ | જિલ્લો | ફાળવણી કરેલી ફાજલ જમીન એ.ગુ. | ફાળવેલી જમીનના કુલ અરજદારો |
|---|---|---|---|---|
| ૧. | ૨૦૦૩-૦૪ | બનાસકાંઠા | ૧૪૮.૧૧ | ૩૫ |
| | | વડોદરા | ૯૩.૨૬ | ૫૧ |
| | | સુરેન્દ્રનગર | ૪૭.૧૨ | ૧૯ |
| | | નવસારી | ૭.૧૮ | ૫ |
| | | પાટણ | ૪.૨૨ | ૨ |
| | | અમદાવાદ | ૫૬.૦૧ | ૧૦ |
| | | જૂનાગઢ | ૪૮.૦૦ | ૨૧ |
| | | **કુલ :** | **૪૦૫.૧૦** | **૧૪૩** |
| ૨. | ૨૦૦૪-૦૫ | સુરેન્દ્રનગર | ૮૭.૩૨ | ૨૯ |
| | | વડોદરા | ૫૭.૦૫ | ૩૪ |
| | | નર્મદા | ૧૧૬.૧૭ | ૫૨ |
| | | સાબરકાંઠા | ૨૫.૨૯ | ૨૬ |
| | | પંચમહાલ | ૨૦૫.૩૩ | ૧૧૬ |
| | | દાહોદ | ૬૬.૩૬ | ૨૮ |
| | | અમદાવાદ | ૩.૧૨ | ૧ |
| | | **કુલ :** | **૫૬૩.૦૪** | **૨૮૬** |
| ૩. | ૨૦૦૫-૦૬ | વડોદરા | ૧૦૨.૦૩ | ૪૬ |
| | | નર્મદા | ૧૭૨.૨૧ | ૭૭ |
| | | બનાસકાંઠા | ૫૫.૨૪ | ૧૮ |
| | | પંચમહાલ | ૨૭૨.૦૮ | ૨૦૦ |
| | | પાટણ | ૨.૦૬ | ૧ |
| | | અમદાવાદ | ૨.૧૮ | ૧ |
| | | **કુલ :** | **૬૦૭.૦૦** | **૩૪૩** |
| | | **કુલ :** | **૧૫૭૫.૧૪** | **૭૭૨** |

(૨) આ લાભાર્થીઓને જમીનોના વિકાસ માટે આ સમયગાળામાં, સામાન્ય યોજના હેઠળ કુલ ૩૨૨ લાભાર્થીઓને રૂા.૭,૦૦,૦૫૦-૦૦ અને ખાસ અંગભૂત યોજના હેઠળ ૧૫૬ લાભાર્થીઓને રૂા.૯,૯૧,૩૪૫-૦૦ સહાયો કરેલી છે. જિલ્લાવાર માહિતી * પત્રક-ક મુજબ છે.

**પ ત્ર ક - ક**

લાભાર્થીઓને જમીનના વિકાસ માટે કરેલી સહાયની જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક.

| વર્ષ | સામાન્ય | | | ખાસ અંગભૂત | | |
|---|---|---|---|---|---|---|
| | જિલ્લો | ચૂકવાયેલ સહાય રૂા. | લાભાર્થી | જિલ્લો | ચૂકવાયેલ સહાય રૂા. | લાભાર્થી |
| ૨૦૦૩-૨૦૦૪ | બનાસકાંઠા | ૬૩,૪૫૦ | ૧૦ | સુરેન્દ્રનગર | ૩૦૬૫૦૦ | ૩૨ |
| | વડોદરા | ૨૧૪૭૫ | ૨૨ | બનાસકાંઠા | ૯૩૪૯૫ | ૧૪ |
| | નવસારી | ૧૫૦૭૫ | ૫ | | | |
| | **કુલ :** | **૧,૦૦,૦૦૦** | **૩૭** | | **૩,૯૯,૯૯૫** | **૪૬** |
| ૨૦૦૪-૨૦૦૫ | વડોદરા | ૨૭૬૦૦૦ | ૧૫૨ | બનાસકાંઠા | ૧૯૬૫૦૦ | ૨૫ |
| | અમદાવાદ | ૩૯૦૫૦ | ૩ | સુરેન્દ્રનગર | ૧૮૧૬૫૦ | ૨૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | ૧૩૩૦૦ | ૩ | જૂનાગઢ | ૨૧૮૫૦ | ૭ |
| | જૂનાગઢ | ૨૨૨૫૦ | ૧૪ | | | |
| | સુરેન્દ્રનગર | ૪૯૪૫૦ | ૧૧ | | | |
| | **કુલ :** | **૪,૦૦,૦૫૦** | **૧૮૩** | | **૪,૦૦,૦૦૦** | **૫૯** |
| ૨૦૦૫-૨૦૦૬ | વડોદરા | ૨,૦૦,૦૦૦ | ૧૦૨ | વડોદરા | -- | -- |
| | સુરેન્દ્રનગર | -- | -- | સુરેન્દ્રનગર | ૭૯,૯૦૦ | ૧૩ |
| | બનાસકાંઠા | -- | -- | બનાસકાંઠા | ૫૩,૪૫૦ | ૦૮ |
| | અમદાવાદ | -- | -- | અમદાવાદ | ૫૮,૦૦૦ | ૩૦ |
| | **કુલ :** | **૨,૦૦,૦૦૦** | **૧૦૨** | | **૧,૯૧,૩૫૦** | **૫૧** |
| **કુલ :** | | **૭,૦૦,૦૫૦** | **૩૨૨** | | **૯,૯૧,૩૪૫** | **૧૫૬** |

(૩) કોઇ લાભાર્થીને જમીન આપવાની બાકી નથી.

-------------

## કેલેમીટી રીલીફ ફંડની ફાળવણી

અતારાંક્તિ ૭૮૮૩ (૨૪-૧-૦૭) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં કુદરતી આફતોને પહોંચી વળવા કેલેમીટી રીલીફ ફંડ (સી.આર.એફ.) માં જમા થયેલ રકમની પૂરી ફાળવણી ગત વર્ષોમાં થઇ નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો ના, તો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા (સી.આર.એફ.) ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ માં કેટલી કેટલી રકમ વર્ષવાર જમા લેવામાં આવી અને નાણાંકીય વર્ષ દીઠ કેટ કેટલી રકમ ક્યા ક્યા વિભાગને ફાળવવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૪-૩-૦૭) :

(૧) રાજ્યમાં કુદરતી આફતોને પહોંચી વળવા સી.આર.એફ. હેઠળ રૂા.૯૭૯.૧૮૫૦ કરોડની કેન્દ્રની ફાળવણી સામે રાજ્ય દ્વારા કુલ રૂા.૩૫૧૪.૭૮ કરોડનો ખર્ચ સને ૨૦૦૧-૦૨ થી સને ૨૦૦૬-૦૭ તા.૩૧-૧-૦૭ અંતિત થયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન દ્વારા ભૂકંપ વિસ્તારમાં થયેલ ખર્ચ

અતારાંક્તિ ૭૮૮૫ (૨૪-૧-૦૭) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં પુનઃવસન અને પુનઃસ્થાપન માટે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન બોર્ડ દ્વારા નિર્ધારિત રકમનું છેલ્લા પાંચ વર્ષોમાં ખર્ચ થયું નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કારણો અને વિગત શી છે, અને

(૩) જો ના, તો ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષના તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં વર્ષવાર મંજૂર થયેલ રકમ પેકી કેટ કેટલી રકમનું ખર્ચ વર્ષવાર પ્લાનિંગ અને નોન પ્લાનમાં થયું ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૭-૩-૦૭) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં પુનઃનિર્માણ તેમજ પુનઃવસન માટે નિર્ધારિત આયોજન પ્રમાણે ભોતિક પ્રગતિ અને ખર્ચ કરવાની પ્રક્રિયા ગતિમાં છે.

(૨) અને (૩) :

૧. સરકારશ્રી દ્વારા ભૂકંપ પીડિતોની મુશ્કેલીઓ દૂર કરવા મહત્તમ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા. જેના કારણે અંતિમ નિર્ણય લેવામાં તેમજ તેને અમલમાં મુકવામાં વધારે સમય વ્યતિત થવાને કારણે નિયત સમય મર્યાદામાં નિયત ખર્ચ થઇ શકેલ નથી.

૨. ફન્ડીંગ એજન્સીઓ (વર્લ્ડ બેંક, એડીબી) ની પ્રોક્યોરમેન્ટ ગાઇડ લાઇનમાં દર્શાવેલ સમયસૂચિને અનુસરવાનું રહે છે. જેમકે ટેન્ડર બહાર પાડવું. તેનું દસ્તાવેજી કરણ વગેરે જે સમય માંગી લે છે. ઉપરાંત ટેન્ડર એવોર્ડ કરતા પહેલા પણ વર્લ્ડ બેંક/ એડીબીની મંજૂરી મેળવવાની હોય છે. ઉક્ત પ્રક્રિયામાં સમય લાગેલ હતો. જેના કારણે નિર્ધારિત સમયમાં નિયત રકમ ખર્ચાઇ શકેલ નથી.

૩. ભૂજ, રાપર, અંજાર, ભચાઉનું ટાઉન પ્લાનીંગ હાથ પર લેવાનું હતું. જેના કારણે નિયત સમય મર્યાદામાં વધારો થયેલ હતો. જેના કારણે ઉપસ્થિત ક્ષેત્રોમાં મકાન સહાય, શહેરી માળખાકીય ખર્ચાઓ તથા તેને સંબંધિત અન્ય કામગીરી સમયસર શરૂ કરી શકાયેલ ન હતી. જેથી નિર્ધારિત રકમનું ખર્ચ નિર્ધારિત સમયમાં થઇ શકેલ નથી.

૪. કેટલાક સંજોગોમાં રીટેન્ડરીંગ કરવાના કારણે સમય મર્યાદામાં નિર્ધારિત ખર્ચ થઇ શક્તું નથી.

૫. માળખાગત સુવિધાઓ અન્વયે ગટર લાઇન તેમજ પાઇપ લાઇનના કામો પૂર્ણ થયા પછી જ રસ્તાઓના કામો હાથ ધરી શકાય છે. ઉક્ત પેરાઓમાં દર્શાવ્યા મુજબ ટાઉન પ્લાનીંગ તથા પાણીની પાઇપ લાઇનની કામગીરીમાં વિલંબ થયેલ હોવાથી રસ્તાના કામો તેમજ અન્ય કામો સમયસર હાથ ધરી શકાયેલ નથી. જેનાથી નિર્ધારિત ખર્ચ નિયત સમયમાં થઇ શકેલ નથી.

-------------

## ગુજરાત ભૂકંપ રાહત ફંડમાંથી થયેલ ખર્ચ

અતારાંક્તિ ૭૮૮૬ (૨૪-૧-૦૭)**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ગુજરાત અર્થક્વેક રીલીફ એન્ડ રીહેબીલીટેશન ફંડમાં જમા થયેલ રકમનું પુરૂં ખર્ચ કરવામાં આવ્યું નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કારણો શાં છે,

(૩) જો ના, તો આ ફંડની રચના કે ગઠન કઇ તારીખે થયું ? તેમાં ક્યારે ક્યારે કેટ કેટલી રકમ જમા થઇ, અને

(૪) તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં કઇ કઇ બાબતે કેટ કેટલું ખર્ચ થયું કે ખર્ચની ફાળવણી કરાઇ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૭-૩-૦૭) :

(૧) ગુજરાત અર્થક્વેક રીલીફ એન્ડ રીહેબીલીટેશન ફંડનો ઉપયોગ ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં કરવામાં આવે છે. તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ગુજરાત અર્થક્વેક રીલીફ એન્ડ રીહેબીલીટેશન ફંડમાં મળેલ કુલ રૂા.૧૫૩.૭૯ કરોડ પૈકી રૂા.૭૨.૭૫ કરોડ ખર્ચ થયેલ છે. જ્યારે બાકીની રકમના કામો ગતિમાં છે.

(૨) ગુજરાત અર્થક્વેક રીલીફ એન્ડ રીહેબીલીટેશન ફંડનો ઉપયોગ રાજ્યસભા/લોક્સભાના સભ્યો તરફથી મળેલ ફંડની રકમમાંથી એમપીલેડ રાજ્યસભા/લોક્સભા કમિટી, નવી દિલ્હીની મંજૂરી મળ્યા બાદ હાથ ધરવાનું રહે છે. જ્યારે અન્ય દાનની રકમમાંથી ખર્ચ કરવા નીચે પ્રમાણે જોગવાઇ છે.

૧. ચોક્કસ કામો માટે ફાળવવામાં આવેલ દાનની રકમ જે તે કામ માટે કરી શકાય છે.

૨. અન્ય દાનનો ખર્ચ ગુજરાત અર્થક્વેક રીલીફ એન્ડ રીહેબીલીટેશન ફંડની કમિટીની મંજૂરી મેળવ્યા બાદ કરવાનો રહે છે.

૩. આ રકમ ખર્ચ કરવા અંગે નિયત પદ્ધતિ અપનાવીને જ નિર્ણય કરવાનો થાય છે. જેમાં સમય વધારે વ્યતિત થાય તેમ છે.

૪. ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં જરૂરિઆત ધ્યાને લઇને ફંડનો ઉપયોગ લોક હિતાર્થે થાય તે પ્રમાણે આયોજન કરવાનું જરૂરી બને છે. આયોજન થયા બાદ જુદી જુદી સંસ્થાઓ પાસેથી તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત મેળવવાની થાય છે.

(૩) લાગુ પડતું નથી.

(૪) ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં લોક્સભા અને રાજ્યસભાના સદસ્યો તરફથી કુલ રૂા.૪૮.૯૩ કરોડ મળેલ છે. જેની સામે રૂા.૪૧.૩૬ કરોડનું ખર્ચ થયેલ છે. જ્યારે વિવિધ કામો અંગે રૂા.૪૩.૦૧ કરોડ ફાળવવામાં આવેલ છે.

વ્યક્તિગત તેમજ સંસ્થાઓ તરફથી મળેલ દાન રૂા.૧૦૪.૮૬ કરોડ સામે રૂા.૩૧.૩૯ કરોડ ખર્ચ થયેલ છે. જ્યારે બાકી રહેલ રકમ અંગે ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં વિવિધ કામોના અમલીકરણની પ્રક્રિયા ગતિમાં છે.

-------------

**કચ્છ જિલ્લામાં રસ્તાની મરામત ગ્રાન્ટ ફાળવવા બાબત**

અતારાંકિત ૬૭૫૭ (૬-૭-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૫-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં રસ્તાઓની મરામત કામગીરી માટે કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવવામાં આવી,

(૨) તે પૈકી તાલુકાવાર, રસ્તાવાર અને યોજનાવાર કેટલો ખર્ચ કરી કામગીરી કરવામાં આવી, અને

(૩) આ રસ્તાઓ પૈકી ક્યા ક્યા પંચાયત રસ્તાઓ પાછળ ખર્ચ કરવામાં આવ્યો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧-૩-૦૭) **:**

(૧) વર્ષવાર ગ્રાન્ટ ફાળવણી નીચે મુજબ કરવામાં આવી.

**(રૂા. લાખમાં)**

| વર્ષ | રાજ્ય પ્રભાગ | પંચાયત પ્રભાગ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૬૭.૦૦ | ૩૪૯.૬૦ | ૬૧૬.૬૦ |
| ૨૦૦૪-૦૫ | ૭૮૨.૩૮ | ૬૧૮.૦૦ | ૧૪૦૦.૩૮ |
| ૨૦૦૫-૦૬ | ૬૨૪.૬૮ | ૫૦૪.૨૦ | ૧૧૨૮.૮૮ |
| ૨૦૦૬-૦૭ (તા.૧-૪-૦૬ થી તા.૩૦-૬-૦૬ સુધી) | ૧૩૨.૦૦ | ૧૩૮.૦૦ | ૨૭૦.૦૦ |
| **કુલ :** | **૧૮૦૬.૦૬** | **૧૬૦૯.૮૦** | **૩૪૧૫.૮૬** |

(૨) સામેલ * પત્રક-૧ અને * પત્રક-૨ મુજબ.

(૩) સામેલ * પત્રક-૨ મુજબ (જવાબ-૨ માં સામેલ * પત્રક-૨)

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડામર-કપચીની ખરીદી**

અતારાંકિત ૭૫૯૭ (૧૮-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ગ અને મકાન વિભાગ દ્વારા સને નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૮-૦૬ સુધીમાં માર્ગોના કામો માટે ડામર કપચીની કેટલી ખરીદી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ક્યા ક્યા જિલ્લાઓને તેની માંગ સામે કેટલી કપચી, ડામર ફાળવવામાં આવ્યો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૨-૦૭) :

(૧) માર્ગ અને મકાન વિભાગ દ્વારા સને નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૮-૦૬ સુધીમાં ખરીદાયેલ ડામર કપચીની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ડામર (મે.ટન) | કપચી (મે.ટન) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૩૯૭૬.૯૧૦ | ૨,૪૪,૫૮૫.૮૩૧ |
| ૨૦૦૫-૦૬ | ૧૬૮૪૫.૦૨૫ | ૨,૫૦,૧૧૯.૩૧૭ |
| ૨૦૦૬-૦૭ | ૫૩૧૨.૨૪૮ | ૮૫,૪૨૧.૩૮૦ |
| **કુલ :** | **૩૬,૧૩૪.૧૮૩** | **૫,૮૦,૧૨૬.૫૨૮** |

(તા.૩૧-૮-૦૬ સુધી.)

(૨) આ પૈકી જિલ્લાવાર ડામર કપચીની ખરીદીની વિગતો * પત્રક મુજબ છે.

**પ ત્ર ક**

જિલ્લાવાર કપચી/ડામરની ખરીદીની વિગતો.

| અનુ.નં. | જિલ્લો | ડામર (મે.ટન) | કપચી (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ૧૬.૧૪૦ | ૨૮૯૬.૯૭૦ |
| ૨ | બનાસકાંઠા | ૧૪.૦૦ | ૨૫૦૭.૫૭૬ |
| ૩ | સુરેન્દ્રનગર | ૪૮૭.૦૪૦ | ૪૦૫૧.૫૧૫ |
| ૪ | રાજકોટ | ૨૨૯૬.૧૩૮ | ૩૯૮૭૩.૫૧૯ |
| ૫ | ભાવનગર | ૨૨૪૨.૭૯૪ | ૨૬૬૮૭.૪૭૮ |
| ૬ | અમરેલી | ૨૧૪.૯૭૧ | ૨૦૨૨૪.૬૩૬ |
| ૭ | જૂનાગઢ | ૧૮૫૦.૨૮૩ | ૩૮૮૨૪.૬૨૭ |
| ૮ | પોરબંદર | ૯૨.૦૯૭ | ૬૮૯૦.૨૭૩ |
| ૯ | જામનગર | ૪૧૭૭.૫૮૪ | ૮૦૮૮૧.૮૩૫ |
| ૧૦ | ગાંધીનગર | ૫૮૭૨.૦૨૦ | ૧૮૬૩૨.૫૭૦ |
| ૧૧ | અમદાવાદ | ૪૮૭૦.૫૮૪ | ૨૬૭૪૯.૦૮૭ |
| ૧૨ | સાબરકાંઠા | ૧૧૩૮.૬૨૩ | ૪૯૮૬.૩૩૬ |
| ૧૩ | નડિયાદ (ખેડા) | ૧૩૦.૬૯૯ | ૨૯૭૦૨.૭૫૮ |
| ૧૪ | સુરત | ૨૧૫૬.૧૫૯ | ૮૩૯૮૬.૬૬૭ |
| ૧૫ | મહેસાણા | ૫૮૫૦.૦૦૦ | ૪૪૮૨૩.૦૦૦ |
| ૧૬ | નવસારી | ૭૮૭.૨૦૯ | ૪૩૭૫૭.૫૭૬ |
| ૧૭ | વલસાડ | ૭૦૬.૫૦૦ | ૪૩૫૨૫.૭૫૮ |
| ૧૮ | ડાંગ | ૩૫૮.૭૩૫ | ૮૫૭૨.૭૨૭ |
| ૧૯ | વડોદરા | ૬૦૦.૧૭૧ | ૧૯૨૪૬.૪૪૧ |
| ૨૦ | ભરૂચ | ૯૧૫.૬૯૩ | ૧૫૯૨૧.૧૬૭ |
| ૨૧ | નર્મદા | ૨૨૮.૨૧૨ | ૬૦૩.૦૩૦ |
| ૨૨ | પંચમહાલ | ૪૭૬.૨૧૨ | ૬૮૨૩.૦૩૦ |
| ૨૩ | દાહોદ | ૬૫૨.૩૨૦ | ૯૯૫૭.૯૫૫ |
| | **કુલ :** | **૩૬૧૩૪.૧૮૩** | **૫૮૦૧૨૬.૫૨૮** |

-------------

**રાજ્યમાં બેકલોગની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિ ૭૫૨૫ (૨૫-૮-૦૬)**શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૧-૩-૦૬ની સ્થિતિએ અનુ.જાતિ અને અનુ.જનજાતિના બેક્લોગની સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ ભરવા માટે વિભાગ કોઇ ખાસ ઝુંબેશ શરૂ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો આ જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરી દેવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૨-૨-૦૭) :

(૧) સંવર્ગવાર *પત્રક આ સાથે સામેલ છે.

(૨) હા, જી.

(૩) શક્ય તેટલી ત્વરાએ.

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**માન્યતા પ્રાપ્ત ક્તલખાનાઓમાં સ્લોટર હાઉસના રૂલ્સનો અમલ કરવા બાબત**

અતારાંક્તિ ૭૩૨૬ (૧૯-૮-૨૦૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં માન્યતા પ્રાપ્ત (રજીસ્ટર્ડ) ૩૮ ક્તલખાનાઓ પેકી કેટલામાં સ્લોટર રૂલ્સ-૨૦૦૧ નો અમલ ક્યારથી કરવામાં આવી રહ્યો છે,

(૨) જ્યાં અમલ હજુ સુધી શરુ નથી કરવામાં આવ્યા તેના શા કારણો છે,

(૩) તેને માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને

(૪) બાકી તમામ ક્તલખાનામાં આ કાયદાનો અમલ ક્યારે શરૂ કરવામાં આવનાર છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૦-૨-૦૭) :

(૧) ધોળકા નગરપાલિકા સિવાય તમામ નગરપાલિકાઓ તેમજ જામનગર, જૂનાગઢ, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ૨૦૦૧ થી, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૦૦૫ થી, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અંશતઃ અમલ ૨૦૦૫ થી અને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૨૦૦૬ થી સ્લોટર હાઉસ રૂલ્સનો અમલ કરવામાં આવે છે. જ્યારે સુરત મહાનગરપાલિકા હસ્તકના બંને ક્તલખાનામાં અમલ થઇ શકેલ નથી.

(૨) ધોળકા નગરપાલિકામાં સ્લોટર હાઉસ બિલ્ડીંગ ન હોવાના કારણે તેમજ સુરત મહાનગરપાલિકા હસ્તકના બંને ક્તલખાના ૧૦૦ થી ૧૨૫ વર્ષ જૂના હોઇ સ્લોટર હાઉસ રૂલ્સનો અમલ થઇ શકેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ધોળકા નગરપાલિકા અને સુરત મહાનગરપાલિકા દ્વારા નવીન ક્તલખાના તેયાર થયેથી સ્લોટર હાઉસ રૂલ્સનો અમલ કરવામાં આવશે.

**જાહેરમાં માંસ, માછલીનું વેચાણ**

અતારાંક્તિ ૭૭૨૫ (૧૨-૧૨-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ધી મીટ પ્રોડકટસ ઓર્ડર-૧૯૭૩ અન્વયે જાહેરમાં ખુલ્લામાં માંસ, માછલી વિગેરેનું વેચાણ કરવા પર પ્રતિબંધ છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેરમાં કાનૂની જોગવાઇનું ઉલ્લંઘન થઇ રહ્યું છે, તે સરકાર જાણે છે,

(૩) તેના શાં કારણો છે, અને

(૪) તેને અટકાવવા અને કાયદાના પાલન માટેની શી વ્યવસ્થા ગોઠવાઇ છે તથા તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૬-૩-૦૭) :

(૧) મીટ ફુડ પ્રોડકટસ ઓર્ડર-૧૯૭૩, તા.૧૫-૭-૧૯૭૫ થી અમલમાં છે.

(૨) અને (૩) : અમદાવાદ શહેરમાં આ ઓર્ડરનો ભંગ કરનાર વિરૂધ્ધ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા, બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્લોટર હાઉસ વિભાગના સ્પે.સ્કવોર્ડ તથા વોર્ડના હેલ્થ ઇન્સ્પેકટરો દ્વારા આવા ધંધાઓ સામે બી.પી.એમ.સી. એક્ટ અનુસાર કાયદેસરના પગલાં લેવામાં આવે છે, તથા રસ્તા ઉપર દબાણ કરેલ હોય દબાણખાતા દ્વારા પણ કાયદેસરના પગલાં લેવામાં આવે છે.

-------------

**સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ આપેલ વીજ જોડાણો**

**૫૧૬/page>**અતારાંક્તિ ૭૮૮૮ (૧૪-૩-૨૦૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાનાં કેટલા તાલુકાઓને કુટીર જ્યોતિ યોજનામાં આવરી ગામવાર વીજ જોડાણો આપવા માટેની અરજીઓ મળી,

(૨) તે પેકી તાલુકાવાર ગામવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલા ગામોને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) બાકીના ગામોને ક્યા સુધીમાં જોડાણો આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૨-૨-૦૭) :

(૧) અને (૨) : તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૧૪ તાલુકાઓને કુટિર જ્યોતિ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. આ તાલુકાઓમાંથી કુલ ૪૭૭૯ અરજીઓ મળેલ તે પેકી ૩૬૭૩ અરજીઓ મંજૂર કરી વીજ જોડાણો આપવામાં આવ્યા, જેની તાલુકાવાર/ગામવાર માહિતી સામેલ *પત્રક-અ મુજબ છે.

(૩) બાકીના ગામોની પડતર અરજીઓ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જેના પ્રોજેક્ટની મંજૂરી મળ્યા બાદ તબક્કાવાર વીજ જોડાણની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

**પ ત્ર ક - અ**

સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ તા.૧-૨-૨૦૦૪ થી તા.૩૧-૧-૨૦૦૫ અને તા.૧-૨-૨૦૦૫ થી તા.૩૧-૧-૨૦૦૬ ના બે વર્ષ દરમ્યાન વીજજોડાણ માટે મળેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજજોડાણની તાલુકાવાર અને ગામવાર માહિતી નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | તા.૧-૨-૨૦૦૪ થી તા.૧-૨-૨૦૦૫ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | તા.૧-૨-૨૦૦૫ થી તા.૧-૨-૨૦૦૬ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ઓલપાડ | રથાણ | ૨૪ | -- | ૨૪ |
| ૨ | | કુદીયાણા | -- | ૧૮ | ૧૮ |
| ૩ | કામરેજ | પરબ | ૩૮ | -- | ૩૮ |
| ૪ | | દેલાડ | ૬૪ | -- | ૬૪ |
| ૫ | પલસાણા | માખીગા | ૩૯ | -- | ૩૯ |
| ૬ | | અમલસાડી | ૫૦ | -- | ૫૦ |
| ૭ | બારડોલી | જૂની કીકવાડ | ૫૩ | -- | ૫૩ |
| ૮ | | વાંકાનેર | ૨૩૬ | -- | ૨૩૬ |
| ૯ | | ઉવા | ૪૬ | -- | ૪૬ |
| ૧૦ | મહુવા | વાડીયા | ૪૫ | -- | ૪૨ |
| ૧૧ | | ડુંગરી | ૧૬૬ | -- | ૧૫૪ |
| ૧૨ | | માછીસાદડા | ૫૧ | -- | ૫૧ |
| ૧૩ | | મુદત | ૩૪ | -- | ૩૪ |
| ૧૪ | | મુદત | ૩૦ | -- | ૩૦ |
| ૧૫ | | મહુવા | ૩૨ | -- | ૩૨ |
| ૧૬ | | બુટવાડા | ૧૭ | -- | ૧૫ |
| ૧૭ | | રાણત | ૪૫ | -- | ૪૫ |
| ૧૮ | | ફલવાડી | -- | ૦૭ | ૦૭ |
| ૧૯ | | વેલણપુર | -- | ૧૮ | ૧૮ |
| ૨૦ | | સાંબા | -- | ૮૩ | ૮૩ |
| ૨૧ | | વાંસકુઇ | -- | ૫૭ | ૫૭ |
| ૨૨ | | ડુંગરી | -- | ૬૧ | ૬૧ |
| ૨૩ | | બોરીયા | -- | ૧૦૦ | ૧૦૦ |
| ૨૪ | | કઢેયા | -- | ૧૦ | ૧૦ |
| ૨૫ | | ખરવાણ | -- | ૧૮ | ૧૮ |
| ૨૬ | | સેવાસણ | -- | ૧૮ | ૧૮ |
| ૨૭ | | અનાવલ | -- | ૭૦ | ૭૦ |
| ૨૮ | વ્યારા | ચુનાવાડી | ૭૫ | -- | ૭૫ |
| ૨૯ | | કાટકુઇ | -- | ૧૪ | ૧૪ |
| ૩૦ | | ધાર | -- | ૩૪ | ૦૦ |
| ૩૧ | | ચીખલદા | -- | ૧૭ | ૦૦ |
| ૩૨ | | રીંગણકચ્છ | -- | ૧૦૪ | ૦૦ |
| ૩૩ | માંડવી | બેધા | ૪૭ | -- | ૪૭ |
| ૩૪ | | ફૂલવાડી | ૨૭ | -- | ૨૭ |
| ૩૫ | | બલેઠી | ૧૧ | -- | ૧૧ |
| ૩૬ | | સર્પણ | ૨૪ | -- | ૨૪ |
| ૩૭ | | સરકુઇ | ૪૮ | -- | ૪૮ |
| ૩૮ | | જૂના કાકરાપાર | ૦૪ | -- | ૦૪ |
| ૩૯ | | વરેઠ | ૨૨ | -- | ૨૨ |
| ૪૦ | | પીપરીયા | -- | ૪૩ | ૪૩ |
| ૪૧ | | ઝેબ | -- | ૭૯ | ૭૯ |
| ૪૨ | | કાસલ | -- | ૩૩ | ૩૩ |
| ૪૩ | વાલોડ | વેડછી | ૩૩ | -- | ૩૩ |
| ૪૪ | | અંબાચ | ૪૨ | -- | ૪૨ |
| ૪૫ | | દાદરીયા | ૩૩ | -- | ૩૩ |
| ૪૬ | | અંધાત્રી | ૫૧ | -- | ૫૧ |
| ૪૭ | | ગંગપુર | -- | ૨૮ | ૨૮ |
| ૪૮ | સોનગઢ | કેલાઇ | ૧૩ | -- | ૧૩ |
| ૪૯ | | નીંદવાડા | ૩૬ | -- | ૩૬ |
| ૫૦ | | સાંઢકુવા | ૪૦ | -- | ૪૦ |
| ૫૧ | | જામખડી | ૨૮ | -- | ૨૮ |
| ૫૨ | | બેડવાણ | ૦૩ | -- | ૦૩ |

| અનુ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | તા.૧-૨-૨૦૦૪ થી તા.૧-૨-૨૦૦૫ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | તા.૧-૨-૨૦૦૫ થી તા.૧-૨-૨૦૦૬ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૫૩ | | ઉમરદા | ૨૮ | -- | ૨૮ |
| ૫૪ | | નાની ખેરવાણ | ૨૪ | -- | ૨૪ |
| ૫૫ | | ઉખલદા | ૬૧ | -- | ૬૧ |
| ૫૬ | | ખેરવાડા | ૨૨ | -- | ૨૨ |
| ૫૭ | | ખાંજર | ૩૧ | -- | ૩૧ |
| ૫૮ | | સોસદ | ૫૪ | -- | ૫૪ |
| ૫૯ | | ટોકરવા | ૧૮ | -- | ૧૮ |
| ૬૦ | | સેલતીપાડા | ૫૨ | -- | ૫૨ |
| ૬૧ | | ઝડપટ્ટી | ૧૦ | -- | ૧૦ |
| ૬૨ | | ચીમકવા | ૦૭ | -- | ૦૭ |
| ૬૩ | | સીલેટવેલ | ૦૪ | -- | ૦૪ |
| ૬૪ | | દોસવાડા | ૦૫ | -- | ૦૫ |
| ૬૫ | | વાજપુર | ૯૮ | -- | ૯૮ |
| ૬૬ | | ગલખડી | ૩૪ | -- | ૩૪ |
| ૬૭ | | વારથવા | ૫૯ | -- | ૫૯ |
| ૬૮ | | રાણીઆંબા | ૨૧ | -- | ૨૧ |
| ૬૯ | | મોઘવાણ | ૧૨ | -- | ૧૨ |
| ૭૦ | | ભરાડા | ૧૭ | -- | ૧૭ |
| ૭૧ | | બાવલી મનકીયા | ૦૯ | -- | ૦૯ |
| ૭૨ | | ઓઝર | ૨૧ | -- | ૨૧ |
| ૭૩ | | ક્રાન્તી | ૦૮ | -- | ૦૮ |
| ૭૪ | | ચીખલી ભેસરોટ | ૭૬ | -- | ૦૦ |
| ૭૫ | | ગલકુવા | -- | ૩૩ | ૦૦ |
| ૭૬ | ઉચ્છલ | ભાડભૂંજા | ૨૯ | -- | ૦૦ |
| ૭૭ | | કુઇડા | ૪૩ | -- | ૪૩ |
| ૭૮ | | જામવણ | ૨૦ | -- | ૨૦ |
| ૭૯ | | આમકુટી | ૦૯ | -- | ૦૯ |
| ૮૦ | | સેલુદ | ૬૬ | -- | ૬૬ |
| ૮૧ | | ચાંચરબુન્દા | -- | ૨૦ | ૦૦ |
| ૮૨ | | અરકાટી | -- | ૭૦ | ૫૫ |
| ૮૩ | | ઝરણપાડા | -- | ૩૮ | ૦૦ |
| ૮૪ | | નારણપુર | -- | ૧૨૯ | ૦૦ |
| ૮૫ | | છોટી | -- | ૪૪ | ૪૪ |
| ૮૬ | નિઝર | કુકરમુન્ડા | ૧૨૮ | -- | ૦૦ |
| ૮૭ | | પાટી | ૩૪ | -- | ૨૧ |
| ૮૮ | | ગડીડ | ૨૯ | -- | ૦૭ |
| ૮૯ | | ગન્થા | ૨૫ | -- | ૧૫ |
| ૯૦ | | કોરાલા | ૨૩ | -- | ૦૦ |
| ૯૧ | | દોદવા | ૦૮ | -- | ૦૦ |
| ૯૨ | | આમોદા પીપલાદ | ૪૭ | -- | ૪૦ |
| ૯૩ | | ઉજા | ૧૦ | -- | ૦૦ |
| ૯૪ | | ઉંટવાડ | ૦૮ | -- | ૦૦ |
| ૯૫ | | ચોખી આમલી | ૧૭ | -- | ૦૦ |
| ૯૬ | | ઝાંપા આંબલી | ૨૧ | -- | ૦૦ |
| ૯૭ | | ભીલજાંબોલી | ૨૫ | -- | ૦૦ |
| ૯૮ | | સાયલા | ૫૦ | -- | ૦૦ |
| ૯૯ | | નાસરપુર | ૫૦ | -- | ૦૦ |
| ૧૦૦ | | કટીસકુવા | -- | ૧૩ | ૧૩ |
| ૧૦૧ | | ખોડા | -- | ૩૬ | ૨૦ |
| ૧૦૨ | | મુબારકપુર | -- | ૧૫ | ૧૦ |
| ૧૦૩ | | કેલની | -- | ૨૫ | ૨૧ |
| ૧૦૪ | | કોન્ડરેજ | -- | ૨૩ | ૨૦ |
| ૧૦૫ | | કેવડામોઇ | -- | ૪૨ | ૦૦ |
| ૧૦૬ | | ગેરાસા | -- | ૨૯ | ૦૦ |
| ૧૦૭ | ચોર્યાસી | મગોબ | ૩૦ | -- | ૩૦ |
| ૧૦૮ | | દખ્ખણવાડા | ૨૪ | -- | ૨૪ |
| ૧૦૯ | માંગરોલ | ભીલવાડ | ૪૯ | -- | ૪૯ |
| ૧૧૦ | | નાનીકુલ | ૨૦ | -- | ૨૦ |
| ૧૧૧ | | છોલીકુઇ | ૨૦ | -- | ૨૦ |
| ૧૧૨ | | ઇસનપુર | ૬૪ | -- | ૩૬ |
| ૧૧૩ | | ભડકુવા | -- | ૧૯ | ૧૯ |
| ૧૧૪ | | રાઠોરી | -- | ૬૮ | ૫૩ |
| ૧૧૫ | | છોડબાર | -- | ૪૦ | ૧૫ |
| ૧૧૬ | | મોટીફળી | -- | ૧૫ | ૧૫ |

| અનુ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | તા.૧-૨-૨૦૦૪ થી તા.૧-૨-૨૦૦૫ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | તા.૧-૨-૨૦૦૫ થી તા.૧-૨-૨૦૦૬ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૧૭ | | ભડકૂવા | -- | ૨૦ | ૨૦ |
| ૧૧૮ | | આંબાવાડી | -- | ૩૬ | ૦૦ |
| ૧૧૯ | ઉમરપાડા | ચારની | ૬૧ | -- | ૬૧ |
| ૧૨૦ | | પીનપુર | ૫૦ | -- | ૫૦ |
| ૧૨૧ | | કાલીજમીન | ૬૪ | -- | ૬૪ |
| ૧૨૨ | | વાડી | ૫૦ | -- | ૫૦ |
| | | **કુલ :-** | **૩૨૫૨** | **૧૫૨૭** | **૩૬૭૨** |

-------------

અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૧૧૪, ૭૮૯૯, ૭૯૧૨ | ૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૭૬૧૯, ૭૬૨૦, ૭૬૩૧ | ૩ |
| ૩ | નાણા વિભાગ | ૭૮૩૭, ૭૮૮૪ | ૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૭૮૭૯, ૭૮૮૦ | ૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૬૭૯, ૭૭૦૧, ૭૮૫૩, ૭૮૫૭ | ૪ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૦૪૩, ૭૨૭૬, ૭૮૯૧, ૭૮૯૩, ૭૮૯૪, ૭૮૯૫ | ૬ |
| ૭ | ગૃહ વિભાગ | ૭૮૪૯ | ૧ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૭૬૦૮, ૭૬૦૯, ૭૭૭૭, ૭૮૭૧, ૭૮૭૪ | ૫ |
| ૯ | કાયદા વિભાગ | ૭૨૨૪ | ૧ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૬૮૨૬, ૬૮૫૭, ૭૧૪૪, ૭૪૫૫, ૭૪૬૫, ૭૮૮૧, ૭૮૮૨, ૭૯૦૦, ૭૯૨૩ | ૯ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૬૬૫૫, ૭૨૬૨, ૭૮૫૧, ૭૮૫૨, ૭૮૫૫, ૭૮૮૩, ૭૮૮૫, ૭૮૮૬ | ૮ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૬૭૫૭, ૭૫૯૭ | ૨ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૭૫૨૫ | ૧ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૭૩૨૬, ૭૭૨૫ | ૨ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ | ૭૮૮૮ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

------------

# નાણામંત્રીશ્રીનું નિવેદન (નિયમ)૪૪)

**વેચાણવેરા સમાધાન યોજના ૨૦૦૭**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વેચાણવેરા કાયદા તથા કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ વેચાણવેરાની બાકી રકમની ઝડપી વસૂલાત થાય, આ અંગેના પડતર કેસો વધુ સમય પડતર ન રહેતાં તેનાં તુરત જ નિકાલ થાય, તથા વેટના કાયદાના અમલીકરણ અને સંચાલનમાં સરળતા રહે તે હેતુથી સરકારે વેચાણવેરા સમાધાન યોજના, ૨૦૦૭ લાવવાનો નિર્ણય કરેલ છે. આ ઉપરાંત ગુજરાત વેચાણવેરા કાયદા હેઠળ બાકી આકારણીના કેસોનો વેટના કાયદાનો તુરત જ નિકાલ થાય તે જરૂરી છે. આથી આકારણીના કેસોનો ઝડપી નિકાલ કરવા અંગેની વેચાણવેરા સરળ આકારણી યોજના, ૨૦૦૭ લાવવાનો પણ સરકારે નિર્ણય કરેલ છે. આ બન્ને યોજનાની વિગતો નીચે મુજબ છે.

**વેચાણવેરા સમાધાન યોજના-૨૦૦૭**

૧ (૧) આ યોજના વેચાણવેરા સમાધાન યોજના-૨૦૦૭ તરીકે ઓળખાશે.
(૨) આ યોજના ગુજરાત વેચાણવેરા કાયદા, ૧૯૬૯ તેમજ કેન્દ્રીય વેચાણવેરા કાયદા ૧૯૫૬ હેઠળ બાકી વેરાને લાગુ પડશે.
(૩) આ યોજનાનો સમયગાળો તા. ૧-૪-૨૦૦૭ થી ૩૧-૫-૨૦૦૭ નો રહેશે.
(૪) આ યોજનાની મુખ્ય જોગવાઈ મુજબ તા. ૩૧-૩-૨૦૦૭ ના રોજ બાકી હોય તેવી વેરાની રકમો યોજનાના સમયગાળા દરમ્યાન તારીખ:૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૫-૨૦૦૭ સુધીમાં પૂરેપૂરી ભરપાઈ કરી આપે તો તે સંજોગોમાં વ્યાજ અને દંડમાં પૂરેપૂરી માફી આપવામાં આવશે. યોજનાના સમયગાળા પહેલાં કે પછી ભરાયેલ રકમ પરત્વે આ યોજના અન્વયેની રાહત મળશે નહીં.

**૨. આ યોજના નીચે દર્શાવ્યા મુજબ વેપારીઓના બાકી લ્હેણાંને લાગુ પડશે.**

**(અ) આકારણી પૂર્ણ થયેલ હોય તેવા કેસો**

(૧) તા.૩૧-૩-૨૦૦૭ સુધીમાં આદેશો પસાર કરી આપવામાં આવ્યા હોય તેવા આકારણીના, ફેર આકારણીના અને રિવિઝન આદેશોની પડતર વસૂલાત અંગેના કેસો હોય એની સામે આપવા પાત્ર રાહત છે એમાં યોજનાના સમયગાળા દરમ્યાન જે તે આકારણી વર્ષને લગતી આકારણી આદેશ મુજબની વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપે તેવા વેપારીઓને તે આકારણી આદેશ હેઠળની વ્યાજ અને દંડની તેમજ ચઢત વ્યાજની રકમ પૂરેપૂરી રકમ માફ કરવામાં આવશે.

(૨) તા.૩૧-૩-૨૦૦૭ સુધીમાં પસાર કરવામાં આવેલા આદેશો ઉપરની (તમામ કક્ષાએ પડતર હોય તેવી) અપીલોને લગતા કેસો હોય તો આવા કેસોમાં યોજનાના સમયગાળા દરમ્યાન જે તે આકારણી વર્ષને લગતી આકારણી આદેશ મુજબની વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપે અને યોજનાનો લાભ લેતાં પહેલાં અપીલ પાછી ખેંચી લેવામાં આવે તેવા કેસમાં આકારણી આદેશ હેઠળની વ્યાજ અને દંડની રકમ તથા ચડત વ્યાજની રકમ પૂરેપૂરી માફ કરવામાં આવશે.

**(બ) આકારણી પડતર હોય તેવા કેસો.**

- (૧) (અ) બાયફર/જીબાયફર એકમોના વસુલાતના કેસો, (બ) ગુજરાત વિદ્યુત બોર્ડ, સુરત ઈલેકટ્રીસીટી કંપની અને અમદાવાદ ઈલેકટ્રીસીટી કંપની દ્વારા વિદ્યુત પુરવઠો કાયમી ધોરણે બંધ કરાયેલ હોય તેવા એકમોના વસુલાતના કેસો અને (ક) રાજય અને કેન્દ્ર સરકારના વિભાગો અને જાહેર સાહસોના પડતર વસુલાતના કેસો અંગે.

  ૧. યોજનાના સમયગાળા દરમ્યાન જે તે વર્ષની પત્રક મુજબ ભરવાપાત્ર વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપે તેવા વેપારીઓને યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઈ કરેલ રકમ ઉપર આકારવાપાત્ર વ્યાજ, દંડ માફ કરવામાં આવશે. આવા વેપારીઓની આકારણી અગ્રતાના ધોરણે તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાની રોશે. આવી આકારણીના પરિણામે જો વધારાના વેરાની જવાબદારી ઉપસ્થિત થશે, તે રકમ આકારણી આદેશની તારીખથી ૩૦ દિવસમાં ભરપાઈ કરવામાં આવશે તો તે રકમ ઉપર પણ આકારવાપાત્ર વ્યાજ અને દંડની પૂરેપૂરી રકમ માફ કરવામાં આવશે.

- **(૨) બીજા પડતર આકારણીના કેસો કે જેમાં એકમો દ્વારા પત્રકો સાથે પત્રકોમાં દર્શાવ્યા મુજબનો વેરો પણ ભરપાઈ કરવામાં આવેલ છે તે અંગે.**

૨. આવા કિસ્સામાં એકમ દ્વારા પોતાની જાતે પત્રકો સાથે ભરેલ વેરા ઉપરાંતની તેમની વધારાની જવાબદારીનો અંદાજ કરી તે રકમ યોજનાના સમયગાળા દરમ્યાન ભરી આપે તો આ રીતે ભરપાઈ કરેલ રકમ ઉપર આકારવાપાત્ર વ્યાજ અને દંડની રકમ પૂરેપૂરી માફ કરવામાં આવશે.

આવા વેપારીની આકારણી તારીખ ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં પુરી કરવાની રહેશે. આ વેપારીની આકારણીમાં જો પત્રક સાથે ભરપાઈ કરેલ રકમ તથા સેલ્ફ એસેસમેન્ટ મુજબ યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઈ કરેલ રકમ કરતાં વધારે રકમ ભરવાની થશે તો આ રકમ વેપારીએ આકારણી આદેશની તારીખથી ૩૦ દિવસમાં વ્યાજ તથા દંડ સાથે ભરપાઈ કરવાની રહેશે.

દંડની ગણતરી માટે માત્ર પત્રકો સાથે ભરેલી રકમ જ ધ્યાને લેવામાં આવશે.

- **(૩) બીજા પડતર આકારણીના કેસો કે જેમાં એકમો દ્વારા પત્રકો ભરેલા છે પરંતુ પત્રકમાં દર્શાવ્યા મુજબનો વેરો ભરપાઈ કરવામાં આવેલ નથી, તેવા કેસો (૨૦૦૫-૨૦૦૬ સુધીના સઘળા કેસો) અંગે.**

  ૩. યોજનાના સમયગાળા દરમ્યાન પત્રક મુજબના વેરાની બાકી રકમ પુરેપુરી ભરપાઈ કરી આપવામાં આવે તો આ રકમ ઉપર આકારવાપાત્ર વ્યાજ અને દંડ માફ કરવામાં આવશે.

  આવા વેપારી પત્રક મુજબ ભરવાપાત્ર વેરાની રકમ ઉપરાંત વધારાની જવાબદારીનો અંદાજ કરી તે મુજબની રકમ ભરપાઈ કરશે તો આ રીતે ભરેલી રકમ ઉપર પણ ક્રમાંક(૨)માં દર્શાવ્યા મુજબ વ્યાજ અને દંડની રકમ પૂરેપૂરી માફ કરવામાં આવશે.

૩. યોજના હેઠળ વ્યાજ, દંડની રકમ માફ (રેમીટ) કરવાની થાય તેવી રકમના માફીના આદેશો વાણિજિયક વેરા કમિશ્નરશ્રી દ્વારા, ગુજરાત વેચાણવેરા કાયદાની કલમ-૫૫ હેઠળ અને કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ તે કાયદાની કલમ-૯(૨) સાથે ગુજરાત વેચાણવેરા કાયદાની કલમ-૫૫ સાથે વાંચતા વ્યાજ, દંડ માફીના આદેશ કરવાના રહેશે.

૪. આ યોજનાના પરિણામે કોઈ રીફંડ અંગેની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૫. આ યોજના હેઠળ રાહત લેનાર વેપારી રાજય સરકારની વેચાણવેરાને લગતી અન્ય કોઈ રાહત યોજના હેઠળ રાહતને પાત્ર ગણાશે નહીં, આ ઉપરાંત રાજય સરકારની કોઈ રાહત યોજના હેઠળ રાહત મેળવવા અરજી કરેલ હશે તેમને આ યોજનાનો લાભ મળશે નહીં.

૬. આ રાહત યોજનાનો લાભ લેવા માંગતા હોય તેવા પાત્ર વેપારીઓએ લાભ લેવા માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. યોજના અન્વયેની અરજી સ્વીકારવી કે નહીં તે અંવગેનો વાણિજિયક વેરા કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૭. આ યોજનાનો સમયગાળો વીતી ગયા પછી ભરેલ રકમ બાકી વેરાની રકમ પરત્વે વ્યાજ કે દંડમાં કોઈ રાહત આપવામાં આવશે નહીં અને કસૂરદાર વેપારી સામે વાણિજિયક વેરા ખાતાએ કાયદેસરના પગલાં લેવાના રહેશે.

**વેચાણવેરા સરળ આકારણી યોજના-૨૦૦૭**

આ યોજનાની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

(૧) તા. ૩૧-૩-૨૦૦૬ સુધીના સમયની બાકી તમામ આકારણીને આ યોજના લાગુ પડશે.

(૨) જે વેપારી વાર્ષિક રૂા. ૫ લાખ સુધીનો વેરો ભરેલ હોય તેમને આ યોજનાનો લાભ આપવાપાત્ર થાય છે.

(૩) આ યોજનાના લાભ માટે વેપારીના ખરીદ-વેચાણના ટર્ન ઓવરની કોઈ મર્યાદા રહેશે નહિ.

(૪) રૂા. ૫ લાખની ગણતરી માટે ગુજરાત વેચાણવેરા અધિનિયમ-૧૯૬૯ અને કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ હેઠળના બંને કાયદાની વેરાની ગણતરી ધ્યાનમાં રાખવાની રહેશે.

(૫) વેપારીએ તેમના તમામ પત્રકો ભરવાપાત્ર વેરા સાથે ભરેલ હોવા જોઈએ.

(૬) કોઈ વેપારીએ પત્રક કે તે સાથેનો વેરો ભરપાઈ કરેલ ન હોય તો તેવા વેપારીઓએ આ યોજના જાહેર કર્યા બાદ ૬૦ દિવસની અંદર પત્રક તથા તે મુજબનો વેરો ભરપાઈ કરી આપવાનો રહેશે. આવા મોડા ભરપાઈ કરેલ પત્રક કે વેરા અંગે કાયદાકીય જોગવાઈ અનુસાર જો કોઈ દંડ કે વ્યાજ લેવા પાત્ર હોય તો તે માફ કરવામાં આવશે.

(૭) વેપારીએ આંતરરાજ્ય કે નિકાસના વ્યવહારોના સમર્થનમાં કાયદાકીય જોગવાઈઓ અનુસાર રજૂ કરવાના થતા ફોર્મ જેમ કે સી-ફોર્મ, એચ-ફોર્મ, એફ-ફોર્મ વગેરે તે મેળવેલ ન હોય તો વેપારીએ રજૂ કરવાના રહેશે. જે કેસમાં આવા ધારાકીય ફોર્મ વેપારી રજૂ કરી શકે તેમ ન હોય તે કેસમાં વેપારીએ કાયદાકીય જોગવાઈ અનુસાર ઉપસ્થિત થનાર વેરાકીય જવાબદારી ભરપાઈ કરી આપવાની રહેશે. આવા કિસ્સામાં જે વધારાનો વેરો ભરપાઈ કરવાનો થશે તેના ઉપર કાયદાકીય જોગવાઈ અનુસાર જો કોઈ વ્યાજ કે દંડ ભરવાની જવાબદારી ઊભી થશે તે માફ કરવાની રહેશે.

(૮) આવા ધારાકીય ફોર્મ રજૂ ન કરવાના કારણે જે વેરો ભરવાનો થાય તેનો સમાવેશ કુલ રૂા. ૫ લાખમાં કરવાનો રહેશે નહિ. એટલે કે રૂા. ૫ લાખનો વેરો પત્રક સાથે વેપારીએ દર્શાવેલ અને ભરપાઈ કરેલ હશે તેને આ યોજનાનો લાભ મળશે.

**આ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોય તેવા કિસ્સાઓ:**

નીચે જણાવેલ કિસ્સાઓમાં આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૧) જે વેપારીના કેસમાં પત્રકો સાથે રૂા. ૫ હજાર કરતાં વધુ રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય.

(૨) જે વેપારીના કેસમાં હિસાબો જપ્ત /ઈમ્પાઉન્ડ થયેલા હોય અથવા જે વેપારીના કેસમાં કરચોરીના કારણે કલમ-૪૧(ખ) હેઠળ કામચલાઉ આકારણી કરવાપાત્ર હોય તેવા વેપારીઓને આવી કરચોરીના વર્ષ પૂરતો લાભ આપવાપાત્ર રહેશે નહિ.

(૩) જે કેસમાં કોઈ મુદ્દા અંગે કોર્ટમાં કેસ પડતર હોય તેવા સમાન મુદ્દાવાળા કેસમાં.

(૪) જે વેપારી આ યોજના જાહેર થયા બાદ ૬૦ દિવસની અંદર આકારણી નિયમિત કરવા માટે અરજી કરે તેવા વેપારી.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૪-૦૫નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

(આ તબક્કે માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પરમાર જગ્યા ઉપર ઊભા થઈને કંઈક બોલતા.)

**અધ્યક્ષશ્રી** : આપ આપની જગ્યા ઉપર બેસી જાવ.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પરમાર વેલમાં આવી ગયા)

**અધ્યક્ષશ્રી** : આ રીતે વેલમાં આવી ન જવાય. સાર્જન્ટ માનનીય સભ્યશ્રીને સભાગૃહની બહાર લઈ જાવ.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પરમારને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા)

(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અહીં પૉઈન્ટ ઑફ ઑર્ડર ન હોય. ગમે તે વસ્તુમાં આપણે આપતા નથી. આ કયાં પૉઈન્ટ ઑફ ઑર્ડર છે? (અંતરાય) આ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. (અંતરાય) એ વસ્તુ જુદી છે. (અંતરાય) અહીં વેલમાં આવી ગયા એટલા માટે. (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ,..(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અહીં વેલમાં આવી ગયા છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : લઈ જાવ, તમારે ત્યાં લઈ જાવ તેમને.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અહીં વેલમાં અવાય? (અંતરાય) ઝીરો અવર્સ નથી આપતા. આપણે કયાંય. ઝીરો અવર્સ લઈએ છીએ?

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા "લોકશાહીનું ખૂન બંધ કરો, બંધ કરો" ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

## સન ૨૦૦૪-૦૫નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા " લોકશાહીનું ખૂન બંધ કરો, બંધ કરો " ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)(સતત સૂત્રોચ્ચાર.)

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું. (સતત અંતરાય)

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.** (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પુંજાભાઈને ગૃહની બહાર મૂકી દો. બહાર મૂકી દો તેમને. (અંતરાય) પુંજાભાઈને એકલાને બહાર મૂકી દો. પ્લીઝ. (અંતરાય) બહાર મૂકી આવો પ્લીઝ. (સતત અંતરાય) અહીંયા બૂમો પાડો છો? અહીંયાં આગળ આવવાનું?

(આ તબક્કે માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા " હરેન પંડયાના હત્યારાને દૂર કરો, દૂર કરો " ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.) (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપને બેસવું હોય તો બેસી જાવ. ના બેસવું હોય તો બહાર નીકળી જાવ. (અંતરાય) પ્લીઝ, બેસી જાવ.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા " પાછા લાવો, પાછા લાવો, પુંજાભાઈને પાછા લાવો " ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આપ બધા આપની જગ્યા ઉપર બેસી જાવ. પ્લીઝ. (સતત અંતરાય) પ્લીઝ બેસી જાવ, પ્લીઝ, બધા બેસી જાવ. (અંતરાય) પ્લીઝ, ચર્ચા તમે નહીં કરો, પ્લીઝ. આ આપનું ઘર નથી, પ્લીઝ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : ફક્ત એક બાજુ જ ચલાવવાનું? અમારે અમારી વાત ન મૂકી શકીએ? આ અમારો હક્ક છે. અમારે અમારી વાત પણ રજૂ નહીં કરવાની? તો પછી અમે જતા રહીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે એ નિર્ણય થઈ ગયો છે, કોઈ સવાલ રહેતો નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એક તરફી ચલાવવાનું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કેટલું બોલવાનું? તમે બધા સાચું જ કહો છો. (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : અમે અમારી જગ્યાએ ઊભા રહીને અમારી વાત કરીએ તો પછી? કયાં લોકશાહી જેવું રહ્યું? આજે અમને પુસ્તકો આપી દીધા. અત્યારે કયાં લોકશાહી જેવું રહ્યું? (અંતરાય)

**ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર અને સુધારેલું અંદાજપત્ર**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર તથા સન ૨૦૦૬-૨૦૦૭નું સુધારેલું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૫-૦૬ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ**

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ (રાજય કક્ષાના પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૫-૦૬ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

" પાછા લાવો, પાછા લાવો, શ્રી પુંજાભાઈને પાછા લાવો." " લોકશાહીનું જતન કરો."

**ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો તથા નિવેદન**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૬-૦૭નું સુધારેલ અંદાજપત્ર**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૬-૦૭ના વર્ષનું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૦૭-૦૮ના વર્ષનો ગૃહ નિર્માણ કાર્યક્રમ અને મૂડીના કામોનું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૫-૦૬ના સુધારેલા અંદાજો અને નિવેદન**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૫-૦૬ના સુધારેલા અંદાજો અને સન ૨૦૦૬-૦૭ના અંદાજો તથા આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**તા.૨-૩-૦૭ના રોજના તારાંકિત પ્રશ્ન-૧૮૮૩૯ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨-૩-૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી કાંતિભાઈ પટેલના " મહેસાણા જિલ્લામાં આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ. કચેરીની આવક" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૮૮૩૯ (અગ્રતા ક્રમ-૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**તારાંકિત પ્રશ્નના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તા.૨-૩-૦૭ના રોજના તારાંકિત પ્રશ્ન-૧૮૭૦૦ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨-૩-૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી  રાજેશકુમાર પાઠકના "  રાજયની ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યકિતઓને સેવા પૂરી પાડવા બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૮૭૦૦ (અગ્રતા ક્રમ-૩) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**તારાંકિત પ્રશ્નના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

(અંતરાય)

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૮૮૩૭ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તાઃ૨-૩-૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી જીતેન્દ્રકુમાર વાઘેલાના " અમદાવાદ જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૮૮૩૭ (અગ્રતા ક્રમ-૫)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

(સતત સૂત્રોચ્ચાર હરેન પંડયાના હત્યારાને દૂર કરો.  દૂર કરો.)

**શ્રી અમિત અ. શાહ** : અશોકભાઈ નેઈમ કરો, આ ના ચાલે, હત્યારા બત્યારા આમ ચાલતું હશે.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત/ SB#>

**પંચાયતી રાજ સમિતિના સાતમા અહેવાલની રજૂઆત**

**શ્રી દિલીપસિંહ વ. પરમાર : (સમિતિના પ્રમુખશ્રી )**: માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયપતી રાજ સમિતિના સાતમા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ (ક્રમશઃ)

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંકઃ ૨૪ સન ૨૦૦૭નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયકની પહેલી બેઠકમાં અધૂરી રહેલ ચર્ચા  હવે આગળ ચાલશે. માનનીય બલવંતસિંહજી, આપને બોલવાનું હતુંને, બોલવું હોય તો આપને.

(સતત સૂત્રોચ્ચાર દલિત ધારાસભ્યોને રક્ષણ આપો.)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમે પુંજાભાઈને ખાલી લાવવા માટે આ બધું બોલ્યા છીએ.  આપણે ચલાવવા માગીએ છીએ.  બિલો પૂરા કરવાનો જયારે અમે સહયોગ આપીએ છીએ, આ બધા બિલો માટે અમારે નકામું બધાને બીનજરુરી તકલીફ થાય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમારી જે માગણી છે માત્ર એટલી જ છે કે અમે બિલ ઉપર સહયોગ આપવા અને સવારે ૨ કલાક વધારે આપવાનું અમે કીધું હતું. માત્ર પુંજાભાઈ સીટ ઉપર ઉભા ઉભા ખાલી બોલ્યા છે.  અમારી માત્ર વિનંતી છે કે પુંજાભાઈને પાછા લાવવાના છે.  (અંતરાય) પુંજાભાઈ કયાં  આવ્યા છે?  પુંજાભાઈ નથી આવ્યા. પુંજાભાઈ અહીં જ ઉભા છે.  માનનીય અધ્યક્ષશ્રી, અમારે બિલ ઉપર ( સતત અંતરાય )

(સતત સૂત્રોચ્ચાર પુંજાભાઈને પાછા લાવો. , પુંજાભાઈને પાછા લાવો., હરેન પંડયાના હત્યારાને દૂર કરો. દૂર કરો.)

**અધ્યક્ષશ્રી** : હું ગૃહને ૧૫ મિનિટ માટે એડઝોન કરુ છું. (બપોરના ૩-૫૭)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૪-૧૩ કલાકે ફરી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : પુંજાભાઈને બહાર જવું પડે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બહાર જઈને પાછા આવતા રહે.

**અધ્યક્ષશ્રી** : નો નો તમારે એમને પાછા લાવવા હોય તો ઠરાવ મૂકો. (અંતરાય )ના એવું નહીં એમને પરત લેવા હોય તો (અંતરાય) એમને હવે જો આપણે ગૃહમાં લાવવા હોય અને પુંજાભાઈ આપના જેવા સિનિયર માણસો આવું કરે એ બરાબર નહીં પ્લીઝ, તો તો એમને પાછા લેવા માટે ઠરાવ કરી દો. પ્રસ્તાવ મૂકો (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે ગૃહ છોડવાનું કીધું, ગૃહ છોડીને ગયા, હાઉસ એડઝોન થઈ ગયું, આપણે ફરી પાછા આવ્યા છીએ.

**અધ્યક્ષશ્રી** : પણ હવે ઠરાવ મૂકી દો, પ્રસ્તાવ મૂકી દો લેવા માટેનો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમાં ઠરાવ કયાં આવે, આપનો અધિકાર હતો.

**અધ્યક્ષશ્રી** : હા

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપનો અધિકાર હતો., આપે એડઝોન કર્યુ હાઉસ અને પાછા આવી ગયા. એમાં ઠરાવની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : ગૃહ સંમત હોય તો મને કંઈ વાંધો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમાં ગૃહે કયાં પરમીશન આપી છે

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૫૧ તરફ આપનું ધ્યાન દોરુ છું કે કે ૫૧ પ્રમાણે અધ્યક્ષના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂંક અતિશય તોફાની હોય (અંતરાય) અધ્યક્ષશ્રી સભ્યને ગૃહ છોડી દેવા આદેશ આપી આપી શકે છે. જે સભ્યને એવી રીતે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય ત્યારે (અંતરાય) એટલે નિયમ ૫૧ નીચે આપે જે કર્યું છે એ બરાબર છે.

**અધ્યક્ષશ્રી** : હવે એક દિવસ માટે ગૃહ બાકી છે ત્યારે આવી સ્થિતિમાં બધા છૂટા પડે એ સારું નહિ. પુંજાભાઈ જેવા સિનિયર સભ્યશ્રીનું વર્તન એ વખતે ઉચિત ન હતું એટલે નિર્ણય કર્યો હતો. આદેશ પ્રમાણે એ ગૃહ છોડીને ગયા હતા. (અંતરાય) એમણે ગૃહના આદેશનું પાલન કરેલ હતું. હવે આપણે એમને એલાઉ કરીએ છીએ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક ઉપરની ચર્ચાઓ પૂરી થાય અને સઘળી કાર્યવાહી પૂરી કરવા માટે બે કલાકનો સમય લંબાવવામાં આવે એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : લંબાશે, વાંધો નહીં.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : હમણાં વાત થઈ છે. બિલ ઉપર અમારે પણ ચર્ચા કરવી છે. અમે આપની સાથે સંમત છીએ પણ ૮-૩૦ વાગ્યે અમારે અમદાવાદ મિટિંગ છે. માનનીય અશોકભાઈ સરકીટ હાઉસ ખાતે મળ્યા ત્યારે વાત કરી હતી. છતાં વાત કરી હતી એ મુજબ આપણે ૪-૩૦ વાગ્યે વિરામના સમયમાં મળીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના બિલ ઉપર ચર્ચા કરતો હતો. મારે કલમ ૧૫(૧) ઉપર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે સરકારે નાની નહેર અને ધોરિયાના સમારકામ માટે મંડળી કરવાની રહેશે તેમ જણાવેલ છે. એક નવી મંડળી બની હોય અને એના ઉપર સરકાર એમ કહે, એમાં એવો ખુલાસો કર્યો છે કે આમાં રાજ્ય સરકાર જે નક્કી કરે તે પ્રમાણે ખર્ચ કરવાનો રહેશે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે શરૂઆતની મંડળીઓ હોય, ભૂતકાળમાં આપણા નિગમના બોર બનાવ્યા છે એ બોરમાં જે મંડળીઓ આપી છે એ બોરમાં પણ એવું થયું છે કે ૭૦ થી ૮૦ ટકા ગામડાઓમાં મંડળીઓ ફેઈલ ગઈ છે. એની પાછળના કારણો એ છે કે આર્થિક બોજ વધી ગયો છે. એના કારણે નિષ્ફળ ગયા છે. માટે હું એક સુધારા સાથે વિનંતી કરું છું કે સરકારશ્રીએ પહેલા વર્ષે ૮૦-૨૦નો રેશિયો રાખવો જોઈએ. ૨-૫ વર્ષ પછી ૬૦-૪૦નો રેશિયો અને ૫-૧૦ વર્ષ પછી ૫૦-૫૦ નો રેશિયો રાખવો જોઈએ એવું હું માનનીય મંત્રીશ્રીને નિવેદન કરું છું. એના કારણે આ મંડળીઓ ઉપર શરૂઆતમાં જ આર્થિક બોજ ન પડે એવી સિસ્ટમ થાય એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કલમ ૧૯માં જણાવ્યું છે કે મંડળીની બેઠકમાં જે કાર્ય નક્કી કરવામાં આવે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કોઈપણ ગામ હોય, કોઈપણ બંધારણ વગર આ થશે ત્યારે એવી પરિસ્થિતિનું નિર્માણ થશે કે તેમના દ્વારા પાણીનું માપ કેવી રીતે કરવું, કયા ધોરણે કરવામાં આવશે, કોને અગ્રતાક્રમ આપવામાં આવશે, પાણીની વહેંચણી કેવી રીતે થશે આ બધી ખૂબ મોટી સમસ્યાઓ થવાની છે. આથી સરકારે આ બાબતે સ્પષ્ટતા કરવી જોઈએ. કલમ ૧૯માં આ પ્રમાણે છે કે આની અંદર કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કયા ધોરણે આપવું, કઈ રીતે આપવું એ નક્કી કરવામાં આવશે નહીં તો ગામડામાં શરૂઆતથી બહુ મોટી ભાંગજડ ઊભી થવાની અને મુશ્કેલી ઊભી થવાની છે. કલમ ૨૨(૭) માં બતાવ્યું છે કે સરકાર દ્વારા ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિ માટે આ યોજનાની જોગવાઈ કરવામાં આવી છે. પણ મારે એ કહેવું છે કે આ સરકાર સહાય કરશે પણ મંડળ જેની ભલામણ કરે અથવા

રાજ્ય સરકાર જેને આર્થિક લાભ આપવા માગતી હોય, એના નામ નક્કી કરવામાં એવી વાત કરવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રીને એ વિનંતી કરવી છે કે જ્યારે આપણે આ ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિની વાત કરતા હોય અને લોકોને લાભ આપવાની વાત કરીએ તો મિટિંગ શરૂ થાય એ પહેલા ગામના ચોરે પ્રથમ આ યાદી મૂકવી જોઈએ જેના કારણે પછી મિટિંગ મળે અને મિટિંગની અંદર મંજૂર કરે તો કોઈને અન્યાય ના થાય અથવા સત્તાધારી પક્ષ ઉપર બેઠો હોય એ આ પ્રમાણે ના કરી શકે એવી સિસ્ટમ થાય માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ચોરે આનું લિસ્ટ મુકાય એ માનનીય મંત્રીશ્રી બહુ જરૂરી છે. કલમ નં. ૨૨ ની અંદર સરકાર ઉદ્યોગકાર બિનખેતી સિવાયના હેતુ માટે જે પાણી આપવાનું નક્કી કરે તેના માટે કેટલું પાણી આપવાનું રહે છે આ બાબતે મારે એ કહેવું છે કે સરકાર નક્કી કરે પણ મંડળ જો આમાં પાછી ડખલગીરી કરશે તો ઘણાં બધા પ્રોબ્લેમ થશે. ભૂતકાળમાં રિલાયન્સને નર્મદા કેનાલનું પાણી આપવામાં આવેલ હતું એમાં સરકારના ઘણાં બધા પ્રશ્નો ઉપસ્થિત થયા છે માટે આ પ્રમાણે કરવું જોઈએ. કલમ ૨૯(૩)ની અંદર રાજ્ય સરકારે ઉપરવાસ, મધ્યવાસ અને રહેઠાણવાસ જાહેર કરવા માગે છે. મારે એ કહેવું છે કે એની અંદર સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ. રાજ્ય સરકાર એ ઉપરવાસ, મધ્યવાસ અને રહેઠાણવાસ એ કઈ રીતે પાડવા માગે છે એ બાબતે સ્પષ્ટતા નથી કરી તો એ બાબતે સ્પષ્ટતા કરવી જોઈએ. કલમ ૩૦ની અંદર સમિતિના ચાર સભ્યો કોઑપ્ટ કરી શકાશે.. ઘણી વખત એવું થવાનું જે પ્રમુખ બેસસે એના ચાર સભ્યો કોઑપ્ટ કરવાની સત્તા મળશે. ગામમાં એને લગતા જે માણસોને કરશે, માટે ચારના બદલે બે બેઠક રાખવી જોઈએ. ગુનાનું પ્રમાણ બતાવ્યું છે એની અંદર ગુનાની શિક્ષામાં દંડની જોગવાઈ છે ૨૦૦૦, ૫૦૦૦ છે. મારું સૂચન છે કે દંડ એ પ્રકારે થવો જોઈએ જે વાસ્તવિકરૂપમાં હોય તો જ આ બિલ કદાચ એવું અધકચરું છે અને એવી સ્થિતિ છે. રાજ્ય સરકાર જે વ્યવસ્થા કરી છે એ વ્યવસ્થાના ભાગરૂપે કરે તો સારું છે નહિતર નાના નાના ગામમાં મોટા ઝઘડા ઊભા થશે અને આવનારા સમયમાં પાણી યુદ્ધ દરેક ગામમાં થશે અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થશે એવી સ્થિતિ થવાની છે માટે આ બિલ ઉપર સંમત થઈ શકું એવી સ્થિતિ નથી.

**અધ્યક્ષશ્રી** : હવે ઘણું થયું, આ બધા આમાં બોલવાના છે? બાબુભાઈ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ ગુજરાતના ખેડૂતોનું બિલ છે તો ખેડૂતોની અને આથી સરકાર જે વ્યવસ્થા કરશે એ બધું ખેડૂતોને સોંપવાની વાત આવી છે એમાં આપણા જે સભ્યોને બોલવાની તક ના મળે તો એ કેવી રીતે ચાલે.

**અધ્યક્ષશ્રી** : ઘણું બોલ્યાં છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એ વાત સાચી છે.

**અધ્યક્ષશ્રી** : બધું આવી જાય એ રીતે બોલવા દીધું છે.

**શ્રી અશોક ભટ્ટ** : ૩ કલાકનો સમય વધારીએ.

**અધ્યક્ષશ્રી** : સારું બરાબર છે. ચાલો, સી. જે. ચાવડા..

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના તમામ સભ્યશ્રીઓની લાગણી આ બિલ ઉપર ચર્ચા કરવાની છે માટે તમામ બિલો ઉપર ચર્ચા પૂરી થાય અને મતદાન થાય ત્યાં સુધી લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કાલે અમે બે કલાક બેઠા છીએ. આમાં પણ ૧૮ બિલો છે તો દિવસ પણ લંબાવીશું. હજુ પણ બીજો દિવસ લંબાવવા માટે અમે સંમત છીએ. સવારના ૭-૦૦ વાગ્યાથી વિધાનસભા શરૂ થઈ છે અને કાલે બપોરે કહેશો તો તૈયારી છે. આજે અમારે ૮.૩૦ વાગ્યે મિટિંગ છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આપ બધા સંમત થાવ તો રિશેષ ના પાડીએ, ચાલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જોઈએ

**અધ્યક્ષશ્રી** : ભલે બાર વાગે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમારે ૮.૩૦ વાગ્યે મિટિંગ છે, આજે સવારના ૮ વાગ્યેથી શરૂ કરીને અત્યાર સુધી આપણે ચલાવ્યું છે અને આ બિલો છે એની વિચારણા કરવાની છે, એમાં ઓપીનીયન આપવાનો હોય છે, એમાં વિચાર કરવાનો છે. વિચારણાની પદ્ધતિ આ નથી અને હું એમ કહું છું કે, હજી તો ચર્ચા મારા એક સભ્યએ કરી અને તરત જ બ્રેક મારી દેવી કે બોલવું નહીં

**અધ્યક્ષશ્રી** : બ્રેક નથી મારી

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હજી આવતી કાલે આખો દિવસ છે એના પછી અમારી તૈયારી છે, ચર્ચા કરવાની અમે ના પાડી નથી. ચર્ચા નથી કરવાની ? એમાં અમે ના નથી પાડેલ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : કાલે નવ બિલો અમે પૂરા કરી આપીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અને કાયદાઓ પસાર કરવામાં, આ બિલો પસાર કરવામાં આપણે આજ કરવાનું હોય

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો બંને જણા બેસો, હવે આજના બિલ નવ છે આપણે એમાં બે બિલો પૂરા કર્યા છે, કાલે એક બિલ છે ( અંતરાય ) હવે એટલે આપણે એવું કરીએ સાત જે છે ત્યાં સુધી લઈએ અને બે બિલો કાલે લઈએ, ત્રણ બિલો થઈ જાય કાલે અને સાત પૂરા થઈ જાય ત્યાં સુધી રાખીએ આપણે બરાબર છે ? પ્લીઝ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સાહેબ લાંબુ ચાલે.

**અધ્યક્ષશ્રી .** : નહીં ચાલે, થઈ જશે, બેન બરાબર છે. સાત બિલો થાય ત્યાં સુધી કરી નાખો, ચાલો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલોમાં ઘણા બધા બોલવાના છે. મેં કહ્યું કે, આખોય દિવસ કાલનો બાકી છે. આજે સવારથી શરૂ કરીને સાંજ સુધી આજ સ્થિતિમાં છીએ. કાંઈક વિચાર કરવા માટે, બોલવા માટેની ક્ષમતા છે એ ક્ષમતા બધાની પૂરી થઈ જાય છે અને આ બિલો છે એ ગંભીરતાથી લેવા જેવા છે. આ રીતે કાયદાઓ કોઈ પસાર કરી શકાય નહીં જે રીતે અહીંયા પસાર કરાવવામાં આવે છે. જવાબદારી આપની નથી, બિલો પસાર કરવાની જવાબદારી ગૃહની છે અને એમાં ટ્રેઝરી બૅન્ચે વિચારવું જોઈએ કે કેટલા લોકો બોલવાના છે અને મારી આપને વિનંતી એટલે છે કે, આવતી કાલે બાકી રહેશે તો આવતી કાલે ખેંચીશું, આવતી કાલની અમારી તૈયારી છે. (અંતરાય) ના સાહેબ સમય મર્યાદામાં આપણી તૈયારી છે જે સમય આપ્યો છે એ સમયમર્યાદામાં આપણી ચર્ચા કરવાની બધી તૈયારી છે, બાકીની ચર્ચા કરવાની છે એ આવતી કાલે ચર્ચા કરીએ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : રિશેષનો સમય લંબાવીએ અને સાત નંબર સુધી બિલો પૂરા કરીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : રિશેષ લંબાવવી હોય તો અમે સંમત, રિશેષ ન પાડવી હોય તો અમારો સહકાર છે. અમારે મિટિંગ છે અને બધા લોકોને જવાનું છે.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, સાંભળા`(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એટલા માટે અશોકભાઈ સાહેબે કહયું સાહેબ, અર્જુનભાઈ સાહેબ પણ સંમત છે, રિશેષ ન પાડવા અમે સંમત છીએ પણ અમારે સાત વાગ્યા પછીની પરિસ્થિતિમાં સવારના સાત વાગ્યાથી માણસ આવ્યા હોય, આ બિલો ઉપર ચર્ચા કરવાની હોય, આપણી પાસે કાલે આખો દિવસ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : સાત વાગ્યા સુધી લઈ જઈએ છીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ફોટોગ્રાફીમાં જવાનું છે, ૬.૨૨ સુધી આપણે સંમત.

**અધ્યક્ષશ્રી** : બિન સરકારી કામકાજ પૂરું થાય પછી સમય લંબાવીને લઈએ છીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, એ તો સમયસર લેવા પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્યશ્રીનો અધિકાર છે અને એના અધિકાર ઉપર તરાપ ન કહેવાય. બિન સરકારીના સમયમાં કોઈ ફેરફાર ન થઈ શકે. બીઝનેસ એડવાઈઝરી કમિટીમાં એવું ઠરાવ્યું છે કે બાકી રહી ગયા હોય એ બીલો આવતીકાલે લેવાના છે એના બદલે ફરીથી આપણે નિર્ણય લઈએ. આજે નિર્ણય થયો જે બાકી રહે એ બીલો આવતીકાલે લેવાના છે એના નિર્ણય ઉપર આપણે નિર્ણય લેવાનો છે?

**અધ્યક્ષશ્રી** : ના એવું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બીઝનેસ એડવાઈઝરી કમિટીમાં એવો નિર્ણય થયો છે કે બાકી જે બીલો હોય એ આવતીકાલે સાંજ સુધીમાં પૂરા કરવાના છે. ગૃહ આ રીતે ઈચ્છા પ્રમાણે ચલાવવાનું હોય તો હું લાચાર છું. શું કરી શકું? આપ પૂછી જુઓ સચિવને કેવી રીતે ઠરાવ પસાર થયો છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિરોધ પક્ષની એવી ભાવના સાથે સંમત છું કે ચર્ચા કરવી છે. ચર્ચા કરીને બીલ પસાર કરવા છે. આવતી કાલે ૧૦ નંબરનું બીલ આવે. આજે ૯ બીલ છે એક આવતીકાલે રજૂ થવાનું છે એ સાથેના બીલો આવતી કાલ સાંજ સુધી અથવા મોડે સુધી બેસીને ગૃહ પૂરા કરે એવી સંમતિ થાય.

**અધ્યક્ષશ્રી** : કામકાજ સલાહકાર સમિતિમાં આપણે એવો નિર્ણય કર્યો છે કે શુક્રવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૦૭ ના રોજ નીચેનું કામકાજ હાથ ધરવું. વિચારણા માટે બાકી રહેતા સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી. છેલ્લે પૂરા કરવા એવું કલીયર છે અને પછી છેલ્લા દિવસનો ઠરાવ છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નરોત્તમભાઈવાળા બીલની ચર્ચા કરીને પૂરું કરીએ અને પછી બે બીલો લઈ લઈએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, સાત વાગ્યા સુધી જે થાય એ અમે સંમત છીએ. અમે પણ સહકાર આપીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધયક્ષશ્રી, બિન સરકારી સભ્યનો અધિકાર છે આપે રક્ષણ આપવું જોઈએ. એ પણ લઈ લેવા જોઈએ એનો સમય થઈ ગયો છે. તો ખોટી પરંપરા પાડીએ છીએ આવું કયારેય બન્યું નથી આપણે પહેલી વખત નથી કરતા એમનો અધિકાર છે.

**અધ્યક્ષશ્રી** : તમે આવતીકાલે બધું પૂરું કરવું એમાં સંમત છો? પ્લીઝ, અશોકભાઈની વાત કલીયર થાય. ગૃહ આ બાબતમાં એકદમ સ્પષ્ટ છે કે આવતીકાલે જે વિધેયક હોય એ હાથ ધરવા અને તેની વિચારણા પૂર્ણ કરવી. જેટલા હોય એટલા પાંચ-દસ જેટલા હોય એટલા. આપણે રીસેસનો સમય લંબાવીને ચર્ચા પૂર્ણ કરીએ અને

પાંચ વાગ્યા પછી બિન સરકારી વિધેયકની ચર્ચા કરીએ. રીસેસમાં આપણે આ વિધેયક પૂર્ણ કરીએ છીએ. આ વિધેયક ચાલે છે. આવતીકાલે બીજા લેવાના. કાલે પણ એક જ છે. (અંતરાય) સંમત છે બધા, પ્લીઝ અમિતભાઈ, પ્લીઝ. તમે મારી વાત સાંભળી લો, પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : મને એક મિનિટ સાંભળો. (અંતરાય) મેં કામકાજ સલાહકાર સમિતિનો રિપૉર્ટ આપે વાંચ્યો એ પ્રમાણે વાત કરું છું. કામકાજ સલાહકાર સમિતિના રિપૉર્ટની અંદર લખેલ છે કે બાકી રહેલા બિલો, જે બાકી રહેલા બિલો હોય. (અંતરાય) મારી વાત પૂરી કરવા દો. આજની યાદીમાં ૯ બિલો છે. આજે બે બાકી રહે તો કાલે બે પૂરા કરવાના અને આજે એક બાકી રહે તો કાલે એક પૂરું કરવાનું અને આજે ૩ બાકી રહે તો કાલે ૩ પૂરા કરવાના. મારી વિનંતી એવી છે કે જે ૯ બિલો યાદીમાં છે, એના જો એક જ બિલ પૂરું કરી ૬ બાકી રાખીએ અને કાલનું એક બિલ એમ ૭ બિલો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ એ કોઈ હિસાબે શક્ય ન બને અને અર્જુનભાઈની લાગણી છે બિલો ઉપર પૂરતી ચર્ચા કરવી જોઈએ, તો પૂરતી ચર્ચા ન થઈ શકે. આજે સમય લંબાવવો પડે, એટલે ૭ નંબરનું બિલ સુધી કામ પૂર્ણ કરીએ તો જે આજે વધેલા બિલો અને કાલનું એક બિલ અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ એ રીતે પૂરું થાય. મારી વિનંતી એવી છે કે માનનીય વિરોધ પક્ષના નેતાની લાગણી છે કે બિલ ઉપર પૂરેપૂરી ચર્ચા થવી જોઈએ. અમારા બધાની લાગણી છે પૂરી ચર્ચા થવી જોઈએ અને પૂરી ચર્ચા કરવી હોય તો કાલે ૪ અને વધારાનું બિલ અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ આટલું બધું કોઈ હિસાબે પતે જ નહિ, એટલા માટે આજે સમય લંબાવવામાં આવે અને ૭ નંબરનું બિલ સુધી ચર્ચા પૂર્ણ કરવામાં આવે અને પછી કાલે વધેલા બે બિલો અને એક બિલ અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ તો બધા સભ્યશ્રીઓને પૂરો સમય મળશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપણે આ ગુજરાતની વિધાનસભા છે. ૧૯૪૨ ની જર્મનીની વિધાનસભા નથી કે સવારના ૭-૦૦ થી આવતીકાલના ૭-૦૦ સુધી બેસવાની કોઈની ક્ષમતા નથી. એમનું ચાલે તો સળંગ ૪ દિવસ બેસીને કરાવી શકે. આવી રીતે વિધાનસભામાં કાંઈ બિલો પાસ કરવાના હોય? અને આવું કરવાનું હોય તો ૨૪ કલાક એકી સાથે બેસાડીને બધો બિઝનેસ પાસ કરાવડાવી દો ને. કોણ ના પાડે છે? બહુમતિએ નિર્ણય કરી લો. આ બધુ કરવાનું હોય તો ૨૪ કલાકમાં જેટલા હોય તેટલા પાસ કરી દો, જેટલા છે અને એટલા આ વર્ષના અને આવતા વર્ષના. કાલે ચર્ચા કરવાની તો કાલે રાખો, કાલે કોણ ના પાડે છે? ચર્ચામાં સાંભળવાની તૈયારી રાખવી પડે. એવું ના ચાલે તમે બધા સાંભળવાની તૈયારી રાખવી પડે. શાસકપક્ષમાં બેઠા છો. આપણે ખ્યાલ રાખવો જોઈએ કે આપણે શાસકપક્ષમાં બેઠા છીએ, સાંભળવા માટે બેઠા છીએ અને અમને અહીયા બેસાડ્યા છે, એટલા માટે કહીએ છીએ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અર્જુનભાઈએ જે વાત કરી. ચર્ચાનો પૂરતો અવકાશ મળે. આદરણીય ચંદ્રિકાબેન હું જે વાત કરું છું. અમિતભાઈ, અર્જુનભાઈને બધાને મારી વાત જે છે એ એટલી છે કે આવતીકાલે ૭ બિલો એકી સાથે ચર્ચા ઉપર લઈએ(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે સાત બિલો લેવા છે. તેમની ઇચ્છા પ્રમાણે સાત બિલો લેવાના છે. આપની તૈયારી છે? તેમણે લેવા છે. સાત બિલ લેવા છે. અધ્યક્ષે કહ્યું નથી. અધ્યક્ષશ્રીએ તો બિઝનેસ એડવાઈઝરી કમિટીનો રિપૉર્ટ વાંચી સંભળાવ્યો છે.

**અધ્યક્ષશ્રી .** : પહેલાં એવું કહ્યું હતું કે સાત બિલ લઈએ અને બીજા બાકી રાખીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું કહું છું કે ગૃહની પ્રણાલિકા અને રૂલ્સનું વાયોલેશન થાય છે. અમારા સભ્યશ્રીનો અધિકાર છે. પ્રાઈવેટ મેમ્બર બિલનો જે અધિકાર છે તેનો ભંગ થાય છે. તેના માટે ધ્યાન દોરું છું. આપે એલાઉ કરવું જોઈએ. ચર્ચા કરવી હોય તો તેના પછી કરવી જોઈએ. તેમનો અધિકાર છે. તેમનો સમય થઈ ગયો છે.

**અધ્યક્ષશ્રી** : પાંચ વાગે એલાઉ કરીશું. પાંચ વાગે થાય છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં વાત કરું. સાહેબ અહીંયાં જે નિયમોની જે વાત કરવામાં આવે છે તે લૉજિક કાલે લાગુ પડે. એટલા માટે પહેલાં કહ્યું તેમ સાત બિલ સુધી પહોંચીએ તો પૂરતી ચર્ચા થાય અને કાલે પૂરતી ચર્ચાનો અવકાશ રહે. બીજી વાત દંડકશ્રીએ કહી કે રિસેસ સસ્પેન્ડ કરીએ અને આમેય રિસેસ તો પૂરી થવા આવી છે. રિસેસ પછી કેટલો સમય બેસીએ અને કેટલા બિલો લેવા માગીએ છીએ તે નક્કી કરીએ. બાકીના બિલો આવતીકાલે બેસીને, મોડી સાંજ સુધી, મોડી રાત સુધી બેસીને જ્યાં સુધી ચર્ચા કરવી હોય અને એ ચર્ચાની અંદર ટ્રેઝરી બૅન્ચ તરફથી ચર્ચામાં અમે પાછળ પડવા માગતા નથી. મોડી રાત સુધી બેસવાની અમારી તૈયારી છે. તેમની તૈયારી હોય તો અમને વાંધો નથી. ચર્ચામાં સમયની મર્યાદા નથી. એક બિલની અંદર કોણ કેટલું બોલે તેનો સવાલ નથી. સવાલ એટલો છે કે આ વખતના ગૃહની અંદર જે કામ આપણે દસ બિલો લીધેલા છે તે દસ બિલોનું કામકાજ પૂરું થાય અને તેમાં વધારે ભારણ આવતીકાલે ન આવે એટલા માટે આપણે એક લિમિટ નક્કી કરીએ. સર્વ સંમતિ કરીને ચર્ચા પૂરી કરીએ. ૩, ૪, ૫ કે ૬ સુધી જે નક્કી થાય તે. ગઈકાલે આપણે કર્યુ હતું. ગઈકાલે ૯ બિલોની સરસ ચર્ચા થઈ હતી. તે જાતનો અભિગમ આજે રખાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ સાહેબે કાલે પણ બહુમતીથી સમય વધાર્યો હતો. છતાં એકવાર નક્કી થઈ ગયા હતું એટલે અમે બેસી રહ્યા. નવ બિલો પૂરા કર્યા હતા. આજે પણ

વિપક્ષના નેતા જોડે વાત થઈ ત્યારે અમે નક્કી કર્યુ છે કે વિસ્તૃત ચર્ચા થાય. કાલે લોકો એમ સમજતા હતા કે બે લોકો જ બોલે છે. આજે બધા સભ્યો સાહેબ તૈયારી કરીને આવ્યા હોય ત્યારે અમે આગળ કહ્યું કે રિસેસમાં પણ અમારી તૈયારી છે અને અમે તમારી સાથે છીએ. માત્ર વાત એટલી છે કે સાત વાગે અમારે મીટિંગ છે. એટલે ચર્ચા પૂરી થાય અને કાલે આખો દિવસ આપણી પાસે છે. આજે સવારથી બેઠા છીએ. આજનો દિવસ વધારવા માટે કામકાજ સલાહકાર સમિતિમાં અમે સંમત થયા હતા. બાકી ૨૯મી તારીખનો એક જ દિવસ હતો. ૧૨ થી ૫ સુધીનો દિવસ હતો પણ બે બેઠક કરવા માટે અમે સંમત થયા હતા. આજે પણ સંમત થયા છીએ. માનનીય અશોકભાઈ સાહેબની ચિંતા એ છે કે બિલો તો બહુમતીથી ઠરાવ કરીને નક્કી કરીને પૂરું કરશો કદાચ અમે ન ઈચ્છતા હોઈએ તો બહુમતીથી ઠરાવ એકવાર થઈ ગયેલ છે. કામકાજ સલાહકાર સમિતિમાં નિર્ણય થઈ ગયેલ છે. આજે પંદર મિનિટ જે રહી છે તેમાં ચર્ચા થાય પછી બિનસરકારી લઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે નિર્ણય આપવો હોય તે આપો. અમારો આશય છે કે આવતી કાલે તમામ બિલો મંજૂર થવા જોઈએ. બધા મંજૂર થાય ત્યાં સુધી આજે વધારીએ કે કાલે. આપ જે નિર્ણય આપો તે બધાને માન્ય છે.

**અધ્યક્ષશ્રી .** : મારો નિર્ણય બધાને મુશ્કેલ પડશે. તે સંમત નહીં થાય.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રીને નિર્ણય લેવા દો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી મુશ્કેલી છે એ હું આપને કહું. આજે એક જ બેઠક હતી પણ આજે બે બેઠક કરી, ગઈ કાલે બે કલાક વધાર્યા, અને હજી અમે કહીએ છીએ કે આવતીકાલે અમને વાંધો નથી પણ ચાર દિવસનું કામ એક દિવસમાં કરવાનું, આઠ દિવસનું કામ પણ એક દિવસમાં કરવાનું, આ વાત વાજબી નથી. બે બેઠકો સિવાયથી વધારાનું કામ સભ્યશ્રીઓ કરી શકે નહીં અને આટલા જ બિલો તમે પાસ કરી દો, ટ્રેજરી બેચ આગળથી હું વાત સાંભળતો હતો કે સાત બિલો તો કોઈપણ સંજોગોમાં, માનનીય અશોકભાઈને ડાયરેકટીવ્સ્ આપતા હતા કે સાત બિલો કોઈપણ સંજોગોમાં પાસ કરાવી દેવાના છે. તમે સંમત ન થાવ, આ બાબતની અંદર, માનનીય અધ્યક્ષશ્રી, સાત બિલો પાસ કરાવવા હોય તો હું બીજું કંઈ નહીં કહી શકું પણ એ બહાર જઈને કરી શકાય પણ આ ગૃહની અંદર તો ગૃહના નિયમ પ્રમાણે જેટલો સમય કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયેલો છે, એમાંય બહુમતીથી નિર્ણય કરેલો છે, અને એમાંય ગૃહ પાસે પણ નિર્ણય કરાવડાવ્યો અને એના પછી આજે ફરી નિર્ણય કરવાનો હોય તો બીજું કંઈ થઈ શકે નહીં. આજે મારે પૉઈન્ટ ઑફ ઑર્ડર પણ રજૂ કરવાનો છે. અત્યારે તો સમય છે એ સભ્યશ્રીના સમય ઉપર તરાપ મારવાનું આ કામ થાય છે. અત્યાર સુધીની તમામ પ્રણાલિકાઓ ગુજરાત વિધાનસભા શરૂ થઈ ત્યારથી શરૂ કરીને આજ દિવસ સુધી પ્રાઇવેટ મેમ્બરના બિલનો સમય કયારેય આઘોપાછો કરવામાં આવ્યો નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ મેમ્બરનો સમય પાંચ વાગે શરૂ થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના, ના, (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : રીસૅસ તો આપણે આ બિલ માટે ચાલુ રાખીએ, એમનો સમય તો પાંચ વાગે શરૂ થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અત્યારે આ ગૃહ છે એ કોઈની ઇચ્છા પ્રમાણે ના ચાલે, પણ નિયમો પ્રમાણે ચાલે, અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો છે એ પ્રમાણે ચાલે, કોઈની ઇચ્છા પ્રમાણે ના ચાલે, અત્યારે ઇચ્છા એ લોકોની એવી છે કે, આજે બધા બિલ પાસ કરાવી દેવા, એ બિલની અંદર હજી પણ હું ચેતવણી આપવા માગું છું આપશ્રી મારફતે કે આ કાનૂન મુજબ બિલ નહીં બની શકે. કાનૂન પણ નહીં બની શકે, કાયદો બનાવવો હશે તો કાયદો નહીં બને, આપની ઇચ્છા મુજબનો, મરજી મુજબ ન ચાલે ગૃહ, અને મરજી મુજબના કાયદાઓ નહીં બની શકે, કાયદા છે એ નિયમ પ્રમાણે પાસ થવા જોઈએ, નિયમ બહાર નહીં ચાલી શકે. (અંતરાય) એમને ઇચ્છા મુજબ ગૃહ ચલાવવું છે, ઇચ્છા મુજબ કાયદો બનાવવો છે પણ એમની ઇચ્છા મુજબ કાનૂન બની શકે નહીં એ હું આપશ્રી મારફત કહેવા માગું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કાનૂન કાનૂનની રીતે જ બનતા હોય છે અને કાનૂન કાનૂનની રીતે જ અમે બનાવવા માગીએ છીએ. એની કોઈ પરંપરા, બંધારણીય પરંપરા અમે કોઈ તોડવા માગતા નથી. બંધારણની જોગવાઈ પ્રમાણે જ કાનૂન ઘડાતા હોય છે અને એ રીતના અમે કાનૂન ઘડવામાં માનીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપ જે નક્કી કરો તે પ્રમાણે, અમને કોઈ વાંધો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે નિર્ણય તો લઈ લઈએ, પ્લીઝ, એક નિર્ણય લેવાઈ જાય તો સારુ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયું છે એના ઉપર બીજો નિર્ણય થઈ શકે નહીં.(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : એ જ વાત છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એનો નિર્ણય આપી દો, એમાં કોઈ સવાલ નથી.

**અધ્યક્ષશ્રી** : ચાલો, આ ચર્ચાને અંતે ગૃહમાં કોઈક રસ્તો નીકળે એવા આપણે પ્રયત્નો કરવા પડશે. આપે પણ આપની વાત ઉપર અડગ નહીં રહેવું જોઈએ અને આપે પણ આપની વાત ઉપર અડગ નહીં રહેવું જોઈએ, આ સભાગૃહ ચાલે એવી જાતનો વિકલ્પ શોધવો પડશે, મેં પહેલાં વાત કરી હતી કે આજે જે બિલો છે એ નવ બિલો છે.

અને એ બિલમાં ૭ સુધી પહોંચીએ તો સારું અને ૮-૯ અને બીજું એક બિલ છે એ ત્રણે બિલ આવતી કાલે જાય પણ હજુ વિરોધ પક્ષના નેતાશ્રીની ઈચ્છા ખાસ ચર્ચા કરવાની છે એ વાત પણ સાચી છે એટલે ચર્ચા એકદમ ડિટેલમાં થઈ શકે એ માટે મને લાગે છે કે તમારી વાત છે અને એમની વાત છે એ બંનેને યોગ્ય ન્યાય મળે એ માટેનો આપણે પ્રયત્ન કરીએ તો સરળતાથી કામ થઈ શકે એટલે ૫ બિલો સુધી આપણે આજે પૂરા કરીએ અને આવતી કાલે બીજા ૫ બિલો અને બીજું એક બિલ છે એ સાથે ૬ બિલો આપણે કાલે પૂરા કરીએ. એમાં પરમ દિવસની વાત નહીં ચાલે કાલે આપણે પૂરા કરવાના છે. એ રીતે નિર્ણય કરવામાં આવે છે.

બીજું બહેનના બિન સરકારી બિલો આજે છે એને સહેજ પણ અન્યાય ન થાય એ માટે પાંચ વાગે શરૂ કરી એ બિલો પત્યા પછી સરકારી બિલો પૂરાં થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીઝનૅસ એડવાઈઝરી કમિટીના નિર્ણય ઉપર કોઈ નિર્ણય હોઈ શકે નહીં. આજે જ પાંચ પૂરા કરવા એટલે સમય વધારવાની વાત છે એ યોગ્ય નથી. સમય આવતી કાલે વધારવાની વાત હતી, આજે બાકી રહેલા બિલો છે એ આ ખાનગી બિલો પૂરા કર્યા પછી આજે જ પૂરા કરવાના એ નિર્ણય આપ આપી શકો નહીં. એટલે મારો પૉઈન્ટ ઑફ. ઑર્ડર એ જ છે.

**અધ્યક્ષશ્રી** : એ તો તમે જ્યારે આગ્રહપૂર્વક વાત કરી એટલે મેં આ નિર્ણય આપ્યો છે.

# ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ (ક્રમશ:)

**ડૉ. ૫૩૦/page>સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન અંગેનું બિલ લઈને આવ્યા છે એ બિલમાં અમે સૂર પુરાવી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત વર્તમાન દિશામાં જ ન ચાલતા ભવિષ્યની ચિંતા કરવી એ પણ સરકારશ્રીની ફરજ છે. બિહાર, ઉત્તર પ્રદેશ અને ઓરિસ્સા જેવી પરિસ્થિતિ આ બિલનો અમલ જો ગુજરાતમાં થશે તો અમને આવતા દિવસોમાં દેખાઈ રહી છે. કૉન્ગ્રેસની સરકારો હતી ત્યારે જે પાણી વ્યવસ્થાપન આખા ગુજરાતમાં ગોઠવાયું હતું અને ગુજરાતની નદીઓ ઉપર જેટલી સિંચાઈ યોજનાઓ બનાવી એ સિંચાઈ યોજનાઓ દ્વારા ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડયું. આઝાદી પછી કોઈ જગ્યાએ પાણી વિતરણ અંગે ફરિયાદ ખેડૂતોની આવી નથી. મોટી મોટી બહુહેતુક યોજનાઓ, કરોડો રૂપિયાની યોજનાઓ ખેડૂતો માટે બનાવવામાં આવી. નર્મદાથી માંડીને દમણગંગા સુધી દક્ષિણ ગુજરાતની ખેડાથી માંડીને વલસાડ સુધીની યોજનાઓમાં પાણીની વિતરણ વ્યવસ્થા કરવામાં આવી એમાં ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડયું એમાં આજ દિન સુધી કયારેય કોઈ પ્રશ્ન ઊભો થયો નથી. ઉત્તર ગુજરાતમાં ધરોઈ યોજના બનાવવામાં આવી, ઉત્તર ગુજરાતના ખેડૂતોના ખેતરે ખેતરે પાણી પહોંચાડવામાં આવ્યું કયારેય કોઈ વિતરણ વ્યવસ્થામાં પ્રશ્ન ઊભો થયો નથી. આ વિતરણ વ્યવસ્થા ખેડૂતોના માથે નાંખીને આ સરકાર પોતાની જવાબદારીમાંથી છટકવા માગે છે એમ કહું તો ખોટું નથી. આ સરકારે જે સહકારી મંડળીઓ મારફત પાણીની વિતરણ વ્યવસ્થાની વાત કરી છે એમાં કપિલ વસતિ નગરીમાં ભગવાન બુદ્ધના સમયે જે પાણી માટે પાણીપત થયું હતું એનું પુનરાવર્તન ઉત્તર ગુજરાતના અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ગામોમાં આ યોજનાનો અમલ થશે ત્યારે થશે એમ દેખાઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ.સ. ૨૦૦૫ની સાલમાં આ સરકારે એક આદેશ કર્યો છે કે, ૨૦૦૦ એકર સુધીની જમીન ઔદ્યોગિક ગૃહોને ખેતી માટે ભાડા પટ્ટાથી આપવાની છે. ગામડા ગામડાઓની જમીનો ઉદ્યોગપતિઓ અને મોટા લોકો આગામી બે ત્રણ વર્ષમાં મેળવવાના છે આ જે પાણી વપરાવાનું છે અને જે યોજના દાખલ થઈ રહી છે એ યોજનામાં આવા પાણી વાપરતા લોકો પણ આમાં જોડાઈ શકશે. વાપરી શકશે, પ્રમુખ બની શકશે, ગુજરાતના ગામડામાં મોટા ખેડૂતોની સાથે સાથે સીમાંત ખેડૂત, નાનો ખેડૂત, સીમાંત મજૂર, ખેત મજૂર આ બધા જ ગામડામાં અત્યારે સુખશાંતિથી રહે છે આપને ખબર હશે આ ગૃહ જાણે છે કે ઉત્તર ગુજરાતમાં જળ સંપત્તિ વિકાસ નિગમ દ્વારા હજારોની સંખ્યામાં જે પાણીના ટ્યુબવેલ સિંચાઇ માટે બનાવવામાં આવ્યા હતા એ યોજના દાખલ થઈ હતી અને એ યોજનામાં હજારો ટ્યુબવેલ બની ગયા હતા એ સિંચાઇ માટેના ટ્યુબવેલમાંથી જે પાણી પૂરું પાડવામાં આવતું હતું એ ખેડૂતોના અભાવે આવી સહકારી મંડળી, પિયત મંડળી બનાવીને મૂકવામાં આવેલી આજે એક પણ ટ્યુબવેલ ઉત્તર ગુજરાતમાં આવી પિયત મંડળી મારફતે ચાલુ નથી. એમાં આ સરકાર નિષ્ફળ ગઈ

છે આપણે આ પ્રેકટીકલ અનુભવ ઉપરથી જાણવું જોઈએ. હવે આવી જો સહકારી મંડળીઓ, પિયતની સહકારી મંડળીઓ અને જળ સહભાગીના નામ હેઠળ આ મંડળીઓ બનાવીને પાણીની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે તો નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો એના ભાગે પાણી જ નહિ આવે. આના કારણે ગુજરાતમાં જેમ સરપંચ સહકારી મંડળીનો ચેરમેન હોય બલવંતસિંહ વાત કરતા એમ ત્રીજો મોરચો, આખી ત્રીજી વાત, આખી ત્રીજી સત્તા ગામડાઓમાં ઊભી થવાની છે. પાણીની સત્તા અને આ પાણીની સત્તા આ એનો ચેરમેન આ મોટા ખેડૂતો આખા ગામડાના ખેડૂતોને એંગલ્સ કરી દેશે અને નાનો ખેડૂત કે સીમાંત ખેડૂતના ભાગે પાણી આવશે નહિ એ વાત હું આપના માધ્યમ દ્વારા મૂકુ છું. ગુજરાતમાં આટલા અનુભવો પછી, ગુજરાતનો ખેડૂત આટલો આબાદ થયા પછી અને ગુજરાતનો ખેડૂત આટલો પ્રગતિશીલ બન્યા પછી ગુજરાતના ખેડૂતોને ખેતરમાં પાણી જોઈએ છીએ એના હાથમાં સત્તા નથી જોઈતી. પાણી અમને આપી દો અને અમે અમારી રીતે વિતરણ કરીશું એ વાત એને નથી જોઈતી પણ તમે એમના હવાલે મૂકીને જે કંઈ પાણીના પ્રશ્નો ઊભા થાય એમાંથી તમારે છટકવું છે કે આ તો તમે જ કરતા હતા અને તમે ન કરી શક્યા તો એમાં સરકાર શું કરે? એમ કરીને તમારી છટકબારીઓ ગોઠવી રહ્યા છો. એટલે આમાંથી બહાર નીકળીને ગુજરાત સરકારની પાણી વ્યવસ્થાપન સમિતિ સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે અને એ માધ્યમ દ્વારા જે રીતે કામગીરી અત્યારસુધી થઈ રહી છે એની જ જરૂર છે. આ બિલની કોઈ જરૂર ગુજરાત રાજયમાં નથી એ વાત આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને હું મૂકુ છું. મારે એ વાત એટલા માટે દોહરાવવી પડે છે કે આટલા બધા વર્ષોની તપસ્યા પછી, ખેડૂત આટલો આબાદ થયા પછી ખેતરો સુધી પાણી પહોંચાડ્યા પછી, નહેરો અને પેટા નહેરો બન્યા પછી આટલી યોજનાઓ કોંગ્રેસની સરકારોએ બનાવી અને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડ્યા પછી કોઈપણ પ્રશ્ન ઊભાં ન થયા હોય તો તમારે રાતોરાત આવી શું જરૂર પડી કે ખેડૂતોની મંડળીઓ બનાવી દઈએ અને એમના હાથમાં પાણી વિતરણની વ્યવસ્થા સોંપી દઈએ. એનું કારણ એકજ છે તમે ૧૪ કલાક વીજળી આપી શક્યા નથી ખેડૂતો અત્યારે ગામડામાં કૃષિ રથ લઈને જાઓ તો પેસવા દેતા નથી કૃષિ રથની સાથે દસ દસ પોલીસો હોય તો તમે ગામમાં પેસી શકો છો. આ પાણીની વિતરણ વ્યવસ્થા તમારા હાથમાં અમે આપીએ અને તમને હવે પાણીની ચિંતા નહિ અને તમે પાણી વાપરજો, તમે ખેતરમાં પહોંચાડજો એમ કરીને તમે જે કામ નથી કર્યુ એ કામ તમારા છુપાવવા માટે આ કાયદો લઈને માનનીય પાણી પુરવઠા મંત્રી આવ્યા છે. સુજલામ્-સુફલામ્ યોજના દાખલ કરી આ યોજના અન્વયે ઉત્તર ગુજરાતમાં એમણે કામ કર્યુ એમાં શું બન્યું એમાં હું પડવા માગતો નથી પણ એક યોજના ૩૦૦૦ કરોડ રૂપિયાની લઈને તમે આવ્યા એમાં તમે આખા ગુજરાતની કાયા પલટ કરી નાંખી હોય અને પાણીની વિતરણ વ્યવસ્થા ખેડૂતોને આપીને ખેડૂત પર ઉપકાર કરતા હોય એમ એ વાત મૂકવા માગો છો એમના મગજમાં ઠસાવવા માગો છો કે આ સરકાર ખેડૂતોની છે પણ ખેડૂતોના દિલમાં કે ખેડૂતોના ગળે આ વાત ઊતરવાની નથી અને અમે આપના માધ્યમ દ્વારા એટલું કહેવા માગીએ છીએ કે આ કાયદાનો અમલ ગુજરાતમાં થાય તો યુ.પી. અને બિહાર જેવી પરિસ્થિતિ આ ગાંધી અને સરદારના ગુજરાતમાં થશે. એની ચિંતા કરવા માટે અમે આજે ઉપસ્થિત થયા છીએ. એમાં જે સહકારી મંડળી બનશે એમાં વોટીંગ થશે, સહકારી મંડળીનો કોણ ચેરમેન બને, કોણ વાઇસ ચેરમેન બને, કોઈ દિવસ ગરીબ મધ્યમ વર્ગનો સીમાંત કે નાનો ખેડૂત કે ઓછી જમીન ધરાવતા લોકોના હાથમાં આ મંડળી આવવાની નથી અને ઘરમાં બેસીને આનો વહીવટ થશે અને ગામમાં પાંચ દસ વ્યકિતઓ આનો આખો વહીવટ કરશે પાંચ દસ વ્યકિતઓને ત્યાં સવાર પડશે અને આ લોકોએ પગે લાગવા જવું પડશે કે અમને પાણી આપોને, અમારા માટે પાણીની વ્યવસ્થા કરોને અને તમારા નિયમો અને પેટા નિયમો જે બનાવ્યા છે અને પેટા કલમો જે બનાવી છે એને કારણે ગુજરાતનું આખું તંત્ર પડી ભાંગવાનું છે અત્યારે ગુજરાતમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ છે પાંચ વર્ષથી જે લોકો કામગીરી કરે છે સારો વરસાદ પડ્યો છે, ગુજરાતના ખેડૂતને કોઈ બીજી મુશ્કેલી અત્યારે નથી એવું લોકો માને છે તો પછી તમે શું કામ આ લઈને નીકળ્યા છો ખેડૂતોને ખેતી કરવા દો, ખેડૂતોને ખેતરમાં પાણી જે રીતે પહોંચે છે એ રીતે પાણી પહોંચાડવા દો, એને જે મુશ્કેલીઓ પડે છે એનો તમે વિચાર કરો. તે મુશ્કેલીઓ દૂર કરવી નથી. સાડા ચાર વર્ષ આજે સરકારને પૂરાં થવા આવ્યા જે વચનો આપ્યા હતા તે પૂરાં કરી શક્યા નથી. વચનો આપીને ફરી ગયા. આ આખું બિલ લઈને આવ્યા છે તેમાં અમારું કોંગ્રેસનું કોઈ પણ સમર્થન નથી અને મારું વ્યકિતગત પણ કોઈ સમર્થન નથી. આ બિલ છે તે પ્રવર સમિતિને મોકલે અને ફરીથી વિચારણાં થાય. પુખ્ત વિચારણાંને અંતે અને જ્યારે ખેડૂતોની માગણી ઉભી થવાની છે,ગામડાંઓની માગણી ઉભી થાય તો આ વગર માગણીએ આ સરકાર માગણી લઈને આવ્યા છે તેમાં મારો સખત વિરોધ છે અને આ પ્રમાણે જો બિલનો અમલ થશે તો ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના ખેડૂતોને ગામડાંઓમાં..અંતરાય.. તે વાત તમારી સમક્ષ આપના માધ્યમ દ્વારા માનનીય પાણી મંત્રીશ્રીને પહોંચાડું છું.

# બિન-સરકારી વિધેયકો

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો.**

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૨**

**ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક, સન ૨૦૦૭**

**ગુજરાત રાજયમાં ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી ઓછામાં ઓછી એક વ્યકિતને રોજગાર આપવાની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક: ૧૨- સન ૨૦૦૭નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબત વિધેયક્નું પહે.લું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, આ જે હું વિધેયક લઈને આવી છું ગુજરાત રાજય, ગુજરાત રાજયની અંદર એક એક કુટુંબની પરિસ્થિતિ તેમાંય મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગની અંદર જે સ્થિતિ નિર્માણ થઈ છે તેને માટે આખા ગૃહનું ધ્યાન આ બાબત પર દોરાય. રાજય સરકાર specifically આમાં બધાજ પ્રયત્નો કરે છે. પરંતુ નિર્ણાયક ભૂમિકાનો પ્રયત્ન થાય એવી લાગણી સાથે હું આ બિલ લઈને આવી છું. લાખો કુટુંબો ગરીબીની રેખા નીચે અત્યારે જીવી રહ્યાં છે. કાગળ ઉપર આપણે ગુજરાતની સમૃદ્ધિની વાત કરીએ, ઉદ્યોગપતિઓના એમ.ઓ.યુ.ની વાત કરીએ પરંતુ વાસ્તવિક સ્થિતિ, ચિત્ર કંઈક જુદું જ છે. આજે આપણાં સમૃદ્ધ ગુજરાતના કેટલાય કુટુંબો એવા છે કે કુટુંબની અંદર એક પણ વ્યકિત નોકરીયાત નથી અથવા નોકરી કરતો નથી અથવા તેને પોતાને રોજગારી નથી. રાજયની અંદર મધ્યમ વર્ગની વસતિ ૭૦ ટકા છે અને તેને કોઈ ઉદ્યોગો નથી કે બીજી પરિસ્થિતિ નથી કે તેને આધારે તે પોતાનું જીવન નિર્વાહ ચલાવી શકે. ઘણી વખત એવું બને સામાજિક અન બેલેન્સની અંદર એક કુટુંબ છે તેની અંદર ચાર વ્યકિત છે માતા, પિતા, દીકરો અને વહુ. ચાર જણ નોકરી કરતાં હોય અને એક સામાજિક રચના એવી છે કે એક કુટુંબની અંદર એક પણ વ્યકિત સરકારી કર્મચારી, અધિકારીઓને પણ આપણે જોયા છે કે એક રિટાયર્ડ થઈ જાય. રિટાયર્ડ થઈ જાય પછી તેના દીકરાને કયાંય નોકરી ના મળતી હોય અને તે દીકરાની પરિસ્થિતિ અને રિટાયર્ડ બાપના પેન્શનમાંથી ઘર ચલાવતા હોય એવી સ્થિતિનું નિર્માણ અત્યારે થઈ રહ્યું છે. મારે બે-ત્રણ વાત કરવી છે કે નોકરી, સર્વિસ, રોજમદાર, સરકારી નોકરી તે બધાથી પર થઈને કહેવું છે કે ગુજરાતને સમૃદ્ધ બનાવવા માટે સમસ્ત સમાજ અને સમાજોએ જે વાત કરી તેને કારણે પછાત વિસ્તારના લોકો પણ ભણતાં થયા અને તે છોકરાંઓ ભણ્યાં. ખેડૂત મા-બાપે પોતાની જમીન ગીરવે મૂકી અને દીકરાઓને ભણાવ્યાં. આજે સ્થિતિ શું ? ભણેલો ગણેલો દીકરો ના ખેતીને લાયક રહ્યો કે ના તે દીકરાને કયાંય નોકરી મળી. આજે સ્થિતિ એ છે કે, ડિગ્રી લઈને નીકળે અને ડિગ્રીઓ અત્યારે બાળી નાખવાની પરિસ્થિતિ રાજય સરકારમાં નિર્માણ થઈ છે. મારે બીજી વાત કરવી છે કે, એન્જીનીયર થાય અને તે થયા પછી ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાની નોકરી મળતી નથી. ઉદ્યોગ આવ્યા છે. હું મારા જિલ્લાની વાત કરું. અમારા જિલ્લામાં અંબુજા આવ્યું., ઉદ્યોગો આવ્યા પણ આ ઉદ્યોગોની અંદર કરોડપતિ કોણ થયા? કોઈ ગરીબ, મધ્યમ વર્ગના ખેડૂત જે લોકોની ખેતી જતી રહી, જેની સમૃદ્ધ જમીન જતી રહી તેમના છોકરાઓને નોકરી નથી મળતી. તેના છોકરાઓ તો આજે પણ પટાવાળાનું કામ કરે છે કેમ કે ઉદ્યોગપતિ સારી પોસ્ટો ઉપર પોતાના સગા વહાંલાઓને લઈ આવવાના છે અને બાકી તો કોન્ટ્રાકટ પદ્ધતિ. યુ.પી.માં, બિહારમાં કોન્ટ્રાકટ પદ્ધતિ મજૂરો પણ કોન્ટ્રાકટ પદ્ધતિથી રાજયમાં ચાલે છે ત્યારે આવા ઉદ્યોગો શું કરે છે તેની મને ખબર નથી.નોકરી મેળવવી હોય તો પણ અત્યારે પરિસ્થિતિ શું છે? ભણવા માટે બી.એડમાં એડમિશન લેવું હોય તો ૫ લાખ અને શિક્ષકની નોકરી લેવી હોય તો એના માટે પણ પૈસા આપવા પડે છે, પટાવાળાની નોકરી માટે પણ પૈસા આપવા પડે છે. આ રીતે આજે સમાજનું પરિવર્તન થયું છે અને જે સ્થિતિ નિર્માણ થઈ છે એમાં આપણે સૌ અને ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે આવી ત્યારે એમણે વચન આપ્યું હતું અને એમ કહયું હતું કે અમે યુવાનોને રોજગારી આપીશું અને બેકારોને બેકારી ભથ્થું આપીશું. તો એ સમજી શકાય એવી વાત છે કે નોકરી આપવી એટલે સરકારી નોકરી જ મળે એ જરૂરી નથી, કોઈપણ ક્ષેત્રમાં એ નોકરી હોઈ શકે કે જેનાથી એ પોતે પોતાના કુટુંબ સાથે સ્વમાનભેર જીવી શકે અને સ્વમાનભેર રોટલો ખાઈ શકે. તો આ બધું કરવાની જવાબદારી આપણા સૌની છે ત્યારે મારે એક જ વાત કરવી છે કે જે પછાતવર્ગ છે અને જે પછાતવર્ગમાં અને પછાત વિસ્તારોમાં શિક્ષણની ભૂખ મોડે મોડે હવે જાગી છે, એમને પાછળથી શિક્ષણ મળ્યું છે ત્યારે શહેર કરતાં ગામડાંની સ્થિતિ વિકટ થઈ છે. આજનો યુવાન ગુમરાહ થયો છે ત્યારે ગામડાંમાં કુટિર ઉદ્યોગની અગાઉ વાત કરી હતી કે ગામડાંમાં નાના નાના કુટિર ઉદ્યોગો કરીને લોકોને રોજગારી આપવામાં આવશે એવો એક જવાબ આપવામાં આવ્યો હતો. આજે એક માણસને એનાં માબાપ જમીન ગીરવે મૂકીને કે ઘર ગીરવે મૂકીને એને ભણાવે અને બેંકમાં એ લોન લેવા જાય તો

એમાં આજે લોનની શું પરિસ્થિતિ છે એ આપણે જાણીએ છીએ. તો એનો પણ આપણે વિચાર કરવો પડશે અને એટલે જ બહુ જ હૃદયપૂર્વક કોઈપણ જાતની પ્રક્રિયા વિના આ કે તે કર્યા વિના આપણે સૌ સાથે મળીને ગુજરાતના ગરીબ કુટુંબોને, મધ્યમવર્ગના કુટુંબના લોકો સ્વમાનભેર જીવી શકે, સ્વમાનભેર રોટલો ખાઈ શકે, પરસેવાનો રોટલો ખાઈ શકે એ માટે સૌએ ચિંતા કરવી પડશે અને એટલા માટે આ ગૃહમાં હું આ બિલ લઈને આવી છું અને મને વિશ્વાસ છે કે એમાં સૌ સભ્યશ્રીઓ સારાં સૂચન કરશે અને એમાં સરકાર નિર્ણય કરે અને હમણાં માનનીય શ્રમમંત્રીશ્રી કહેતા હતા કે નાના નાના લોકોને રોજગારી મળશે, પરંતુ એ માત્ર કાગળ ઉપર નહીં, પરંતુ વાસ્તવમાં એ વાત સિધ્ધ થાય છે કે નહીં એ પણ જુએ. એટલે હું સૌ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા માટે મારું આ વિધેયક રજૂ કરું છું એને સૌ સંપૂર્ણ ટેકો આપે એવી વિનંતી છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો. ચંદ્રિકાબેન ચુડાસમા ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક લઈને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં અગાઉ પણ આ પ્રકારનાં બિલ ચર્ચાયાં છે. સવાલ એ છે કે આઝાદી પછીની આપણી જે વ્યવસ્થા ભારતના અર્થતંત્ર અને ભારતના મૂળ સાથે જ રચાવી જોઈતી હતી એમાં થયેલ ભૂલોનો ભોગ આઝાદીનાં ૬૦ વર્ષ પછી આ દેશ અને ગુજરાત ભોગવે છે. આપણા બંધારણમાં રાજયો ઉપરની જવાબદારીઓ આપણે નાખી હતી કે દરેકને રોજગારી આપીશું, પણ આપણે એમાં કયાં નિષ્ફળ ગયા અને રોજગારીમાં નોકરી આપવી એને જ રોજગારી કહેવાય એ મારી દ્રષ્ટિએ ભૂલભરેલું છે. હું આપને આ ગૃહ સમક્ષ વસતિના આંકડા આપવા માગું છું કે છેલ્લે ૨૦૦૧ ની વસતિ ગણતરી દર્શાવે છે કે શહેરીકરણનો પ્રવાહ એટલો બધો વધ્યો છે કે ૧૯૦૧ થી ૨૦૦૧ માં શહેરીકરણ જે ૨૨.૩૬ પહેલાં હતું એ લગભગ ૪૦ ટકા થવા જાય છે. શહેરની વસતિ જે ૨૦,૩૦,૭૩૮ ૧૯૦૧ માં હતી એ અત્યારે ૧,૮૨,૨૭,૯૫૧ થઈ છે. કોઈ એમ કહે કે ઔદ્યોગિકરણના કારણે રોજગારી મળશે. તો એમાં કેટલુંક તથ્ય છે એની સાથે સાથે નકારાત્મક બાબતો પણ છે. ભારતના રોજગારને સમજવો હોય તો એ પશ્ચિમના અનુકરણથી કયારેય પણ થયો નથી અને હવે પણ થવાનો નથી કારણ કે આપણે કહીએ છીએ કે 'હર હાથકો મિલે કામ, હર ખેતકો મિલે પાની, ઔર હર કામકા મિલે પૂરા દામ' આ અમારા ભાજપનું, અમારા દીનદયાળ ઉપાધ્યાયના એકાત્મવાદનો અમારો સિધ્ધાંત છે અને જો એના આધારે રચના થઈ હોય તો કોઈપણ બિલ લાવવાની જરૂરિયાત પડી ના હોત.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે આજની ગુજરાતની જન સંખ્યા અને એમાં નોંધાયેલા બેકારો ૧૪ લાખને આંબવા જાય છે. ૧૮ થી ૩૫ વર્ષની વય જૂથની ૫૦ લાખની સંખ્યામાંથી જો ૧૮ લાખ લોકો બેકાર હશે તો બધાને નોકરી આપવી શક્ય નથી. અને નોકરીમાં બોજો વધારીને આ પ્રજાના પૈસા આપણે લૂંટાવી શકીએ નહીં, સાચા અર્થમાં ટેકનોલોજી અને ઔદ્યોગીકરણનો જે પ્રકારે બેફામ, જ્યાં જરૂર નથી ત્યાં ઉપયોગ થયો હોય તેવું ઉદાહરણ પણ હું આપીશ., આપણા અહીંના ભૂતપૂર્વ ધારાસભ્ય વિઠ્ઠલભાઈનું ગણેશ થ્રેસર વગેરે હતું, ત્યાં હું તેમના કારખાને ગયો હતો, ત્યારે તેમણે કહ્યું કે અમે આ કપાસ ફોલવાનું મશીન બનાવ્યું છે, મેં એમને કહ્યું કે મહેરબાની કરીને તમે આ વેંચતા નહીં, કચ્છ, સુરેન્દ્રનગર અને ભાલ કાંઠાના વિસ્તારમાં કાલા ફોલવા વાળા માણસો બેકાર થઈ જશે, રોજગારીની તકો ઉપલબ્ધ કરવી તે માત્ર ઈન્ડસ્ટ્રીયલ એડવાન્સમેન્ટ નથી, અને એટલા માટે જ સ્વરોજગારી ઉત્પન્ન કરવાના ભારતીય જનતા પાર્ટીની સરકારે છેક ૧૯૯૫ થી અમે પ્રયાસો કર્યા છે. અમે જળ સંચયનું કામ કર્યુ ત્યારે અમને કલ્પના હતી કે ગ્રામ્ય રોજગારી પેદા થશે, અને થઈ, કૃષિ આધારિત, ગ્રામિણ આધારિત ઈન્ડસ્ટ્રીયલ વ્યવસ્થા જો નહીં કરી શકીએ તો આ ઔદ્યોગિકરણનો પ્રવાહ, શહેરોમાં ધસમસતી આવતી વસતિ બેકારોની ફોજમાં વધારો કરશે. એટલે અમે ભારતીય જનતા પાર્ટીએ પંડિત દિન દયાળજીના સિદ્ધાંત મુજબ એકાત્મતા માનવ વાદ અને દતોપંતજી ઠેંગડીએ કહ્યું હતું કે ભારતની રચનાને સમજવી હશે તો આપણા બંધારણમાં કહ્યું છે કે India is a socialist democratic countryp No country can be either socialist or democratic. કાં તો એ સમાજવાદ આધારિત હોવી જોઈએ, અને કાં તો ડેમોક્રેસી આધારિત હોવી જોઈએ. અને એટલે આપણે કયાં પાછા પડ્યા, પહેલા આપણે સમાજવાદ લાવ્યા, પંડિત નહેરુના સમયમાં, it has faild. રશીયામાં સામ્યવાદ હતો તેણે કહ્યું કે હર હાથ કો મિલેગા કામ, હર કો મિલેગી રોટી ઔર મકાન. માનનીય અધ્યક્ષશ્રી, રશીયાના ટૂકડા થઈ ગયા, રશીયા આકાશમાં ઉડતું હતું એ ધરતી ઉપર ઊભું રહી શકયું નથી, એટલે અમારા ભારતીય જનતા પાર્ટીનો વિચાર છે એ સ્વરોજગારીનો છે, એમાં નોકરીની પાંજરાપોળમાં ભરતી કરવા માટેનું કોઈ કારણ નથી. પોતાના પગ ઉપર ઊભા રહી શકે તેવું ૫૦ વર્ષમાં શિક્ષણ નથી મળ્યું, ડીગ્રી બનાવવાના કારખાના ૧૯૪૭ થી આ દેશમાં ચાલ્યા, બી.એ. બી.કોમ, બી.એસ.સી., એલએલ.બી. ૫૦૦ રૂપિયામાં પટાવાળામાં કોઈ ન રાખે તેવું શિક્ષણ આ દેશને મળ્યું. અને એટલે આ સમસ્યા તેના સરવાળામાં પેદા થઈ છે, અને મારું માનવું છે કે જે પ્રકારે ચિંતનના આધારે અહીંની પ્રકૃતિ, અહીંની જન સંખ્યા, દુનિયાની સૌથી મોટી લોકશાહી ભારતમાં, એકલા યાંત્રિકરણથી, કે ઔદ્યોગિકરણથી કયારેય પણ બેકારી નિવારી શકાય નહીં. અને એટલે મારે આ ગૃહને વિનંતી કરવી છે કે આપણે સરકારમાં જે કંઈ યોજનાઓ કરીએ છીએ એમાં તેની સાથે સાથે કેટલા લોકોને આપણે રોજગારીનું પ્રાવધાન કરી શકીએ એમ છીએ તેને પહેલા પ્રાયોરિટી, અને જોબલેસ કરે છે, જે માણસના

હાથની રોજગારી છીનવી લે છે તેવું કોઈ પણ આપણી ધરતી ઉપર આવવું જોઈએ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, અમે તો શહેરમાં રહીએ છીએ, શહેરમાં ઝૂંપડપટ્ટીની અંદર બેકારોની જે વણજાર જોઈએ છીએ ત્યારે એવું થાય છે કે જો આને હાથમાં કામ નહીં મળે તો There will be a biggest gap between haves and have nots. અને આ સમસ્યામાંથી કોઈ ઔદ્યોગિકરણ આપણને બચાવી શકશે નહીં. તેની સામાજિક વ્યવસ્થામાં તેનો ઉકેલ શોધવો પડશે. અને તેની રોજગારીની તકો આપણે ઊભી કરવી પડશે. એટલા માટે આપણે ઈચ્છીએ છીએ કે અત્યારે જે પ્રકારે ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે દેશનો પણ થાય છે, પહેલા આપણે બહારથી અનાજ મંગાવતા હતા. મારે ગૌરવ સાથે કહેવું છે કે મારું ભારત છેલ્લા બે વર્ષથી દુનિયાના ૩૩ દેશોમાં લગભગ ૪૦ હજાર કરોડ રૂપિયાનું અનાજ દુનિયાને ખવડાવે છે. કોઈને કલ્પના હતી કે દૂધ ઉત્પાદનમાં આપણો દેશ આખા વિશ્વમાં પ્રથમ આવશે. એટલે વિકાસની ગતિની સાથે સાથે રોજગારી ચોક્કસ મળશે, પરંતુ માનનીય મંત્રીશ્રીને અને સરકારને પણ વિનંતી કરીશ કે આવું કંઈ આપણે ન કરીએ કે જે હાથની રોટી છીનવે. આપણે એવું કરીએ કે કમસેકમ બેકારોની ફોજ ઊભી થઈ છે એનો દોષ મારે કોઈને દેવો નથી. કોંગ્રેસે થોડું કર્યુ અમે કદાચ વધારે કર્યુ હશે. કોંગ્રેસે કંઈ નથી કર્યુ એવું કહેવા હું માગતો નથી. એમણે કર્યુ છે પરંતુ એને અમે સ્પીડ આપી છે. આ સ્પીડે આગળ વધીશું તો મને લાગે છે કે રોજગારની ગેરન્ટી, જેમ પશ્ચિમના દેશોમાં નોન પ્રોડકટીવ ઘેર બેઠા ભથ્થાં આપે છે. દરેક માણસે જીવવા માટે સંઘર્ષ તો કરવો જ પડે અને આ જીવનનો નિયમ છે. બેકારી ભથ્થું ઘેર બેસીને સરકાર આપશે એ તો રશિયાએ જોઈ લીધું છે. બેઠા બેઠા મકાન આપશે એ પણ રશિયાએ જોઈ લીધું છે. રોજગારીની તકો પૂરી પાડવા માટે એવી પ્રક્રિયા ઈન્ફાસ્ટ્રકચર ખેતી આધારિત, ગ્રામ્ય આધારિત અર્થતંત્રની નીતિ દિલ્હી, કલકત્તા, મદ્રાસ કે અમદાવાદ એ જ ભારત નથી. ભારત તો પાંચ લાખ ગામડાંમાં વસે છે અને હજી પણ આ પ્રવાહને રોકવો હશે તો રોજગારી ગ્રામ્ય સ્તરે પહોંચે એનો રસ્તો આપણે બનાવવો પડશે. એટલા માટે માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબહેનની ચિંતા ચોક્કસ છે કે લાખોની સંખ્યામાં બેકાર યુવાનો આપણે અહીંયા બેઠા છીએ એને પૂછે છે, એની સામે મીટ માંડીને બેઠા છે, અમે ચૂંટણીમાં જઈએ છીએ ત્યારે એમને રોજગારી ન અપાઈ તો અમારા મનમાં પીડા થઈ. અમદાવાદમાં મિલો બંધ થઈ ત્યારે અમને પીડા થઈ હતી. અમદાવાદમાં ૮૨ મિલો બંધ થઈ અને બેકારોની ફોજ એમનું કરવું શું પરંતુ કુદરતે એક તક આપી અને અમદાવાદમાં હીરા ઉદ્યોગનો વિકાસ થયો આજે એમાં એક લાખ લોકોને રોજગારી આપીએ છીએ. એવી રીતે જે રોજગારી સૌથી વધારે આપતા ઉદ્યોગોને સૌથી વધારે પ્રોત્સાહન આપવું જોઈએ. ગામડાંની અંદર રૂરલ એકિટવિટી ગ્રામ્ય અર્થકારણ ઉપર જેટલો ભાર આપીશું એટલી રોજગારીની તક વધશે. નોકરીને જ રોજગારી આપણા યુવાનો સમજે છે. એસ.વાય. ટી.વાય. કરીને પછી હું મોટો સાહેબ થઈશ, ઓફિસમાં બેઠો હોઈશ અને પટાવાળો મને પાણી પાશે. પરંતુ પટાવાળામાં પણ કોઈ એને રાખતું નથી. એટલે માત્ર ડીગ્રી મેળવેલ કાગળને ફ્રેમમાં મઢવાથી કોઈના પેટ ભરાતા નથી. આ ગૃહે ચિંતા કરવાની હોય તો એ રોજગારી ગામડાંમાં પ્રાપ્ત થાય, રોજગારી ચાલીમાં પ્રાપ્ત થાય, એ રહે ત્યાં પ્રાપ્ત થાય એ આ બિલનો મુખ્ય હાર્દ છે. માનનીય ચંદ્રિકાબહેને આ ગુજરાતના યુવાનોની ચિંતા કરી છે એ માટે અભિનંદન આપું છું પરંતુ આવો કાયદો પસાર કરીશું તો આપણે બેકારોની ફોજમાં વધારો કરીશું અને જો મફતનું મળી જાય તો કોઈને કામ કરવું નથી ભગવત ગીતામાં પણ કહ્યું છે. બધું કરો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર તો આપણે જ કરવા પડે. "કર્મણે વાધીકા રસ્તે" આપણે કામ કરવું જ પડે તેવી માનસિકતા યુવાનોમાં પેદા કરવી પડશે. એલ.એલ.બી. થયો એટલે રિક્ષા ન ચલાવાય એવી આ સમાજની માનસિકતા આપણે દૂર કરવી પડશે. લૂંટ કરીને ચોરી કરીને જીવી શકાય, પણ મોટર સાયકલ કે ટેમ્પો ચલાવીને જીવી ન શકાય આ માનસિકતા દૂર કરવી પડશે. ઝાડું મારવાવાળો સફાઈ કામદાર ઝાડું મારીને આખા નગરને સ્વચ્છ રાખે છે એને વંદન કરવા પડશે. ડોકટરોની જરૂર તો પછી પડે છે. એટલે ઝાડું મારવાવાળો આ સમાજનો સૌથી શ્રેષ્ઠ માણસ છે. કામ કેવું કરે છે એને નહિ પણ એ સ્વાશ્રયી છે સ્વનિર્ભર છે એના ઉપર સમાજે એનો માપદંડ રાખવો પડશે. આ બિલની ચિંતા આપણે સૌએ સાથે મળીને વધારેમાં વધારે રોજગારી અપાવીએ પરંતુ બેકારી ભથ્થું એ હવે કયારેય ન આપીએ તેવા પ્રકારનું શાસનતંત્ર ગોઠવાય તેવી અભ્યર્થના. અસ્તુ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન ચુડાસમા જે વિધેયક લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ૭૦ ટકા વસતિ એવી છે જે હાથે પગે છે. મધ્યમ વર્ગ છે. મધ્યમ વર્ગ એટલે જેની પાસે જમીન નથી. જેના માટે રહેવા છાપરૂં નથી. જેના બાળકો શિક્ષણની ભૂખ ઉઘડવાને કારણે ભણી ગણીને આગળ વધ્યા અને આગળ વધવાની સાથે સાથે વ્હાઈટ કૉલર જોબની સૌ કોઈ ઈચ્છા રાખી શકે પરંતુ સરકારે એવું તો કંઈક વિચારવું જોઈએ કે નાન ઉદ્યોગો હોય, મોટા ઉદ્યોગો હોય, સહકારી મંડળીઓ હોય, સહકારી સંસ્થાઓ હોય, અમૂલ ડેરી સંસ્થા હોય તેમાં જે ભણી ગણીને આગળ આવ્યા છે, આપણે ભલે કુટુંબ દીઠ એક વ્યકિતને નોકરી ન આપી શકીએ પણ જે હાથે પગે છે, ગરીબ વર્ગ હાથ લાંબો કરીને માગી શકશે પણ મધ્યમ વર્ગ કોઈ દિવસ હાથ લાંબો નહીં કરે. એ ચાર દિવાલમાં, ઝૂંપડામાં રહીને એટલું બધું ખરાબ જીવન જીવી શકે છે. આપણે એટલી તો માનવતા નથી ગુમાવી બેઠાં કે મધ્યમ વર્ગ જે હાથે પગે છે. ઉપર આભ અને નીચે ધરતી છે. તેનો વિચાર આપણે આજે અને આવતીકાલે

કરવો પડશે. હા, કેટલાક સુખી લોકો હશે, ગરીબ લોકો હાથ લાંબો કરી શકે પણ મધ્યમવર્ગ હાથ લાંબો નથી કરી શકતો. તેમાં તમે પટેલ, બ્રાહ્મણ, વાણિયા તેની તો તપાસ કરો કોઈ દિવસ કે તેના ઘરની સ્થિતિ શું છે? તેના બાળકો શું કરે છે? એ રાત્રે શું ખાય પીવે છે? અને છેવટે આત્મહત્યાનો રસ્તો લે છે ત્યારે બહુ લાંબી વાતો નથી કરવી પણ સરકારે એ બાબતમાં કંઈક વિચારવું પડશે. ભલે આપણે ઘર દીઠ નોકરી ન આપી શકીએ પણ જે હાથે પગે છે. ઉપર આભ અને નીચે ધરતી સાથે જીવી રહ્યા છે. તેવા વ્યકિતઓનો આપણે વિચાર કરવો પડશે. કેટલાક ઉદ્યોગોમાં ફરજ પાડવી પડશે કે તમે ૩૦૦ માણસોના બદલે ૪૦૦ માણસોને રાખો. કોઈ પણ જગ્યાએ ૨૫ રાખતા હો તો ૩૦ રાખો કે ૫૦ રાખો. કારણ કે તેનું વેતન જે ઓછું-વત્તું મળે પણ તેનો ગૃહ સંસાર તો ચાલશે. તેનું ગૃહ જીવન તો ચાલશે. એ જીવી તો શકશે. ત્યારે જ્યારે ગુજરાત આટલી બધી પ્રગતિ કરી રહ્યું હોય ત્યારે જે બેકાર અથવા ગરીબ લોકો અથવા તો મધ્યમ વર્ગ છે તેનો વિચાર કરે એવું મારું સૂચન છે અને આ વિધેયકને આપણે સર્વાનુમતિથી પસાર કરીએ એટલી લાગણી સાથે વિરમું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબેન જે રોજગારનું વિધેયક લઈને આવ્યા છે તેમાં સમર્થન આપું છું અને તેમને અભિનંદન પણ આપું છું કે એક બેરોજગારોની ચર્ચા કરવાનો તેમણે બધાને મોકો આપ્યો છે. ગોરધનભાઈએ ખૂબ આટલી ચિંતા કરી. તેમણે દિલની વાત કરી. જે વાસ્તવિકતા હતી તેની વાત કરી કે ખરેખર જેમણે બેરોજગારોને નિહાળ્યા છે. નજરે જોયા છે. તેમના વિસ્તારમાં અથવા તેમના કોઈ પ્રવાસમાં જાતે અનુભવ કર્યો છે કે બેરોજગાર, શિક્ષિત બેરોજગાર છે તેની શું હાલત છે તે માણસને સાચી વેદનાનો ખ્યાલ આવે છે ખરેખર શું છે. નોકરી ન મળી શકે. સ્વાભાવિક છે કે બધા જ જાણે છે કે બધાને નોકરી નથી મળવાની. પરંતુ કોઈ પણ એવા બેરોજગારો છે તેની વ્યવસ્થા માટે જવાબદારી પણ રાજય સરકારની હોય છે કે તેને કેવી રીતે રોજગારી આપવી. આપણે મોટા મોટા ઉદ્યોગો કરીએ છીએ. તેને સરકાર માન્યતા આપે છે. સબસિડી વગેરે રાહતો આપે છે. તેની પાછળનું હાર્દ એ છે કે તેમાં આટલા માણસોને રોજગારી મળશે. એક ઉદ્યોગ આવ્યો એટલે તેમાં ૫૦ માણસોને રોજગારી મળશે. એટલે આપણે કહીએ કે ૫૦ રોજગારી મળી. પરંતુ એ ઉદ્યોગ થતાં પાછળ ૩૦૦ની રોજગારી છીનવાઈ જશે. જે નાના નાના કારીગરો તેના પર રોજી મેળવતા હતા એ બધા જ બંધ થઈ ગયા છે. તો એ ઉદ્યોગની સાથે તેમને પણ સાંકળી લે તેમને પણ એમાં પહેલાં લે. કારણ કે એ ઉદ્યોગ થાય છે તો તેના મજૂર બહારના રાજયના આવે છે. ભારત દેશ છે. બધા આવી શકે, પણ અમુક ઉદ્યોગો એવા છે કે નાના માણસો બિલકુલ બેકાર થઈ ગયા છે. તેમના બાપ-દાદાનો જે ધંધો હતો, એક મોટો ઉદ્યોગ થયો એટલે પેલી બાજુ ૫૦૦ નાના નાના આવા મજૂરીવાળા બંધ થઈ ગયા. તો એ ઉદ્યોગોની સાથે રાજય સરકાર એ પણ કરે કે આવા માણસોને પહેલાં લઈ લેવા. જે આની સાથે જોડાયેલા છે, આ ધંધા સાથે નાના કામો, કારખાના કરે છે. ગામડાથી માંડીને શહેરોમાં તમે ગમે તેમ હોય એની અંદર એને સાંકળી લો, એનો સમાવેશ કરો તો એ પરિવાર ટકી રહે. બાકી તો એ બિલકુલ ન તો મજૂરી કરી શકે, ન તો એ તળાવ ખોદી શકે, એ બિલકુલ બેકાર થઈ જાય અને ખાસ કરીને પછી જે યુવાનો છે એ અવળે રસ્તે ચડે છે, ચોરી, ધાડ વગેરે. એની પાછળનું કારણ આ જ છે. પછી બેકારીમાં માણસ ધીમે ધીમે બીજા રસ્તે, ગલત રસ્તો પકડતો હોય છે. તો એમાંથી ખૂબ ચિંતા કરીને રાજય સરકારે એના માટે વિચારવું જોઈએ. નોકરીમાં પણ ભલે ઓછી મળે પણ એનો સમાવેશ કરે અને આટલી બધી નોકરી ન મળી શકે. તિજોરી સાફ થઈ જાય અને વિકાસના કામો ન થાય, એમાં બધા સંમત છે. પરંતુ જે નોકરીઓ આપો છો એમાં પણ પૂરું વેતન આપો. આપણે પાર્ટ ટાઇમ માણસો રાખીએ છીએ અને એમને રૂ.૧૫૦૦/-, રૂ.૮૦૦/- રૂ.૨૫૦૦/- આપીએ છીએ. એમાં શું થાય? આજના ટાઇમમાં ૧૫૦૦ અને ૮૦૦માં શું થાય? જે પાર્ટ ટાઇમ રાખીએ છીએ એમનું ગુજરાન કેવી રીતે ચાલશે? જે બેકાર છે એને તો તમે ૩૦૦ રૂપિયા આપશો તો પણ એ રહેશે. કારણ કે, એની પાસે રોજગારી માટે બીજો કોઈ ધંધો નથી. એ તો બેકાર છે, એની પાસે કોઈ રોજગાર નથી. કમસે કમ એને રોજનું ૧૦૦ રૂપિયાનું વેતન આપણે, સરકારે નક્કી કરેલું છે, તો પછી એને મહિનાના ૧૫૦૦ શું કામ આપીએ છીએ? શા માટે એને પાર્ટ ટાઇમમાં લઈએ છીએ. રેકર્ડ ઉપર ૨ કલાક લખીએ છીએ અને ૮ કલાક કામ લઈએ છીએ. તો ખરેખર એના માટે વિચારવું જોઈએ અને આવું ન થાય. કારણ કે, આ તો ગરીબ છે, એ કયાં ફરિયાદ કરવા જશે? એ ફરિયાદ કરવા જાય તો એને છૂટા કરી દે. એટલે એ ફરિયાદ પણ ન કરે. ૨ કલાકનું રેકર્ડ નભાવીને એની પાસેથી ૧૨ કલાક કામ લો તો પણ એ કરશે. તો એવા માણસો માટે ચિંતા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજના શિક્ષિત બેરોજગારો છે, આજનું યુવાધન છે એ બિલકુલ બેરોજગાર છે, એમાં હું પણ શ્રી ગોરધનભાઈની વાતમાં સૂર પુરાવું છું. મિલો પછી આ હીરા ઉદ્યોગ ન હોત તો લાખો માણસોને એક સાથે ધંધામાં લગાડવા મુશ્કેલ હોત. બીજા ગમે તેટલા એસ્સાર હોય કે રિલાયન્સ હોય, ગમે તેટલા મોટા હોય તો પણ એ લાખો માણસોને રોજી આપવી એ એમના હાથની વાત નથી. પરંતુ આ એક ધંધો એવો છે કે, એમાં આ શકય છે. એ પર્યાવરણ મુક્ત છે. તમારા ઘરમાં પણ એ ધંધો ચાલી શકે. મને લાગે છે કે એને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. આજની વાત નથી કરતો, વર્ષોથી એની તરફ કોઈએ નજર નથી નાખી. એ લાખો માણસોને રોજી આપશે. એનાથી આજુબાજુના કોઈ પડોશીને પણ તકલીફ પડતી નથી. રેસિડેન્સ એરિયામાં, એના ઘરમાં આ ધંધો ચલાવે તો પણ કોઈ તકલીફ નથી પડતી. આપણે બીજા બધા કમઠાણા કરીએ છીએ, ઉત્સવો કરીએ છીએ,

ફૉરેનથી બોલાવીએ છીએ એના કરતાં ગુજરાતના માણસો જે હીરાના ઉદ્યોગ સાથે સંકળાયેલ છે, માત્ર ગુજરાતના દેશમાં અને વિદેશમાં એમનો તમે ઉત્સવ રાખો, એમને બોલાવો કે તમારા માટે આ ગુજરાત સરકાર તૈયાર છે. જે સુવિધાઓ જોઈએ તે આપવા માટે અમે તૈયાર છીએ અને એના માટે ગુજરાત સરકાર તૈયાર છે. તમે ૫ લાખ માણસોને રોજી આપો. એક મિનિટમાં એ તૈયાર થશે. આટલા બધા ફૉરેનના લોકોને બોલાવો છો, પતંગના બહાને, ગરબાના બહાને તો એમને સલામ કરવી એના કરતાં આપણા ગુજરાતના એવા કેટલાય માણસો છે, ૨૫ માણસો છે એ ૫ લાખ માણસોને રોજી આપી શકે એમ છે. દુનિયામાં એનો બિઝનેશ લઈને બેઠેલા છે. હિંદુસ્તાનમાં નહીં, દુનિયામાં એના ડાયમન્ડનો વ્યવસાય કરે છે. આવા માણસોને બોલાવો. રાજય સરકાર એમનો ઉત્સવ કરે તો અમે એમની સાથે જોડાશું કે આ ઉત્સવ છે એ બરાબર છે. એનાથી લાખો માણસોને રોજી મળી શકે એમ છે. એમને કાંઈ જોઈતું નથી. એમને માત્રને માત્ર સુવિધા, સિક્યોરિટી જોઈએ છે. એમને કોઈ અડચણ ન રહે.

માનનીય અધ્યક્ષશ્રી, એક દાખલો આપું. નવસારીમાં અમારા એક મિત્રએ ફૅક્ટરી નાખી હતી. એના માટે અમે રોજ કહે કહે કરતા હતા. લગભગ ૬થી ૭ કરોડ રૂપિયાની ફૅક્ટરી એણે કરી. એની અંદર ૧૨૦૦ કારીગરો કામ કરતા હોત. એક લાઈટનું કનૅક્શન આપવા માટે એક અધિકારી સાથે થોડીક માથાકૂટ થઈ. મંગુભાઈ, આશાનગરની અંદર એ હતી. એને ૬ મહિના સુધી લાઈટ ન આપી. કોઈને કોઈ ફોલ્ટ કાઢે. ૬-૬ મહિના સુધી એને લાઈટ ન મળી. એનો સાઈડ હોલ્ડર હોય, એનો ૬ મહિના ધંધો બંધ રહે તો એના પોટલા ઊંચા થઈ જાય, એનો ધંધો બંધ થઈ જાય. હવે એ સમજે એને વાત કરવાની, ન સમજે એને શું વાત કરવાની? હશે કે મળતું હોય એમ મળે, સમય હોય એમ મળે. આ રીતે ન થાય. એને પૂરી સુવિધા મળવી જોઈએ અને એમાં રાજય સરકારને પૂરો રસ હોવો જોઈએ. તો આપણે ગુજરાતના બેરોજગારો માટે કાંઈક કરી શકીએ. વારંવાર આપણે આ બધી વાતો કરીએ છીએ. પણ કોઈ લક્ષ્ય અપાતું નથી. બીજા બધા જ ઉદ્યોગોના એમ.ઓ.યુ. થાય, આટલા કરોડોના થાય, એક હજાર કરો, બે હજાર કરોડ,એ સામૈયું પૂજવું જોઈએ. એના કરતા હીરાવાળાનું સામૈયું કરો, તમારા લાખો માણસોને રોજી મળશે. હૂંડિયામણ મળશે. બધું જ મળશે. આની સાથે તમે કરો અને ગુજરાતના જ માણસો, બીજા રાજયોના નથી લાવવા, તો આપણે ચોકકસ કરી શકીશું અને જેને નોકરી મળશે એને પણ પૂરું વેતન આપી શકાય એ પણ રાજય સરકારે વિચારે એવું મારું સૂચન છે અને આ પણ વિચાર કરે અને મેં કહ્યું એવું કંઈ હીરાવાળાનું સામૈયું કરી અને એ બેરોજગારોને વધુ રોજી મળે એવું કરો એવી મારી વિનંતી છે.

**શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમાજી જે વિધેયક લઈને આ સભાગૃહમાં આવ્યા છે તે સંબંધે હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે અને ભારતીય જનતા પક્ષની આ સરકારે સાગર ખેડૂતો માટે અને વનવાસીઓના કલ્યાણ માટે તેમજ શહેરી ગરીબોની સમૃદ્ધિ માટે વિવિધ યોજનાઓ લાવ્યા છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. સદર ત્રણ યોજનાઓના માધ્યમથી આગામી પાંચ વર્ષમાં ૩૯હજાર કરોડ રુપિયા વપરાશે. પરિણામે ગુજરાતનું ગામડું હોય, નગર હોય કે મહાનગર હોય સર્વત્ર વિકાસના દ્વાર ખુલ્લા રહ્યા છે. ગુજરાતનું ઉજજવળ શુભપ્રભાત ખીલી ઉઠયું છે. રોજગારીના વિશાળ ફલકો દેખાઈ રહ્યા છે. ગામ, નગર કે મહાનગર સમગ્ર ગુજરાતમાં હવે બેકાર યુવક કે યુવતીઓ શોધ્યા પણ નહીં જડે. કારણ કે ૫ કરોડની ગુજરાતની જનતાને સુખી કરવાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ નેમ લીધી છે એટલે બહેનશ્રી ચંદ્રિકાબેન તમે પણ ૫ કરોડમાં આવી ગયા એટલે હું કહીશ કે સાથી હાથ બઢાના, એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના. સાથી હાથ બઢાના એટલે માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેનની ભાવનાઓની હું કદર કરુ છું. હવે વિધેયકની આવશ્યકતા રહેતી જ નથી. રાજયના હોનહાર મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નથી ગુજરાતનું સુવર્ણ પ્રભાત ખીલી રહ્યું છે. રાજયની જનતાને તેઓશ્રીમાં અપૂર્વ શ્રધ્ધા છે એટલે હું તો એક જ કહીશ કે જય ગરવી ગુજરાત અમારી જય ગરવી ગુજરાત , જય ગુજરાત, જય ગુજરાત, જય ગરવી ગુજરાત અમારી જય ગરવી ગુજરાત.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા વિધેયક ઉપર બહુ જ ગંભીરતાથી માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ, શંકરભાઈ, ગોવાભાઈ અને નરેશભાઈએ વાત કરી. ગોવાભાઈએ જે વાત કરી એ વાત એમના હૃદયના ઊંડાણની વાત હતી અને ગોવાભાઈના શબ્દોએ હૃદયપૂર્વકના શબ્દો હતા.

**અધ્યક્ષશ્રી** : બેન મંત્રીશ્રી જવાબ આપવા માગે છે., મંત્રીશ્રી.. ..

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા બિનસરકારી વિધેયક લઈને આવ્યા છે એમાં માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ, શંકરભાઈ વાઘેલા, નરેશભાઈ અને ગોવાભાઈએ જે સૂચનો કર્યા છે એની હું નોંધ લઉ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રિકાબેન જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે એમાં એક વ્યક્તિને કુટુંબ દીઠ રોજગારી આપવા બાબતની વાત કરી છે. રોજગારીની વાત છે ત્યાં સુધી આપણા ગુજરાતમાં નોકરીની બાબત હોય કે નોકરી સિવાયની રોજગારી હોય એમાં અનેક તકો છે. આ બાબતમાં સભાગૃહના ધ્યાન ઉપર લાવવા માગું છું કે ગુજરાત રાજ્યને જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા રોજગારી ઊભી કરવા માટે દરેક યોજના હેઠળ જે જોગવાઈઓ કરવામાં આવી છે અને જુદી જુદી યોજનાઓથી રોજગારીની તકો ઊભી

થાય એના માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં જે પ્રયત્નો થયા છે એના કારણે રોજગારીની વિપુલ તકો રાજ્યમાં ઊભી થઈ છે. આથી જે વિધેયક લઈને આવ્યા છે એની કોઈ જરૂરિયાત નથી. કેમ કે ૧૦ હજાર કરતા ઓછી આવકવાળા ગરીબ કુટુંબો છે એને સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના નીચે દરેક ગામમાં પાંચ શ્રમયોગી કુટુંબોને રોજગારી અપાય છે. ખેતીમાં આવક વધી છે. એના કારણે પણ ખેતીની રોજગારી માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ કહેતા હતા કે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવી જોઈએ. એના માટે રાજ્ય સરકારે જ્યોતિગ્રામ યોજના, કૃષિ રથ અને કૃષિ મહોત્સવ મારફત આધુનિક ખેતી તરફ ખેડૂતોને વાળવાના કારણે ખેતીમાં આવક વધી છે. એના કારણે ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી વધી છે. ૨૦૦૩ અને ૨૦૦૫માં જે વાયબ્રન્ટ ઈન્વેસ્ટમેન્ટ સમિટ થઈ એમાં કુલ ૧૭૨ હજાર કરોડના મૂડીરોકાણની સમજૂતિઓ કરવામાં આવી અને તે પૈકી ૧૪૦ હજાર કરોડના રોકાણો ઉત્પાદન તેમજ અમલીકરણ હેઠળ છે. આ ઉપરાંત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ, આઈ.ટી. ઈન્વેસ્ટમેન્ટ સમિટ અને વાયબ્રન્ટ ગુજરાત અર્બન સમિટમાં થયેલા મૂડીરોકાણોના કારણે ૨૪ લાખ જેટલી નવી રોજગારીની તકો ઊભી થવાની છે. ૩૩ જેટલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના કારણે રોજગારીની વિપુલ તકો ઊભી થનાર છે. રાજ્યના અન્ય વિભાગો છે, કુટીર ઉદ્યોગ, ગ્રામોદ્યોગમાં ૧.૨૦ લાખ જેટલી રોજગારી ઊભી કરવાનું આયોજન છે. ચેકડેમ, નદીઓના જોડાણ, સરદાર સરોવર નહેર યોજના અને સિંચાઈના જે કામો થયા છે એના કારણે મોટા પ્રમાણમાં રોજગારીનું પ્રમાણ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના ગરીબ કુટુંબો છે એના માટે ખૂબ મોટી રોજગારી ઊભી થનાર છે. અત્યાર સુધીમાં ગ્રામમિત્ર યોજના હેઠળ રાજ્ય સરકારે ગામ દીઠ એક ગ્રામ મિત્રની નિમણૂંક કરીને કુલ ૧૭૮૧૮ ગ્રામમિત્રોને નિમણૂંક આપવામાં આવી છે. કુલ ૧૮ હજાર ગામોમાં ૯૦ હજાર જેટલા ગ્રામમિત્રોની નિમણૂંક કરવાની છે. આ જ વર્ષમાં ૧૪ હજાર જેટલા વિદ્યા સહાયકની ભરતીની પ્રક્રિયા પણ હમણાં જ પૂરી થઈ છે. શહેરી વિસ્તારના જે ગરીબ કુટુંબો છે એના માટે રાજ્ય સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગઈ કાલે જે જાહેરાત કરી એ શહેરી ગરીબો માટેની ૧૩૦૦૦ કરોડ રૂપિયાની યોજનાના કારણે જે શહેરી વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા બેરોજગાર લોકો છે એને રોજગારીની તકો ઊભી થનાર છે. રોજગારી માટે સરકારના અલગ અલગ ખાતા, બોર્ડ, નિગમ, કોરપોરેશનો, કુટીર ઉદ્યોગો, ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, સમાજ કલ્યાણ અને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ અને પશુપાલન ખાતાની કચેરી. મત્સ્યોદ્યોગખાતુ, વન વિભાગ અને નર્મદા અને જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સમય નથી, પ્લીઝ, સમય પૂરો થયો છે.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય ચંદ્રિકાબેનને વિનંતી છે કે બિલ પાછું ખેંચે.

**ડૉ.ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ મોટા આંકડા આપ્યા છે પણ વાસ્તવિક સ્થિતિ જે માનનીય સભ્યશ્રી ગોરધનભાઈએ હૃદયપૂર્વક કહી. શંકરભાઈ અને ગોવાભાઈએ બહુ સરસ એનો પૂરક આપ્યો મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે આયોજનો કરીએ અને વાત મા૦ કાગળ ઉપર કરીએ. ગ્રામમિત્રની વાત કરી. ૧૮૦૦ ગામડામાં ગ્રામમિત્રો બનાવ્યાં. હજાર રૂપિયાની વાત અને હજાર રૂપિયા વાતે કાયમી નોકરી નહિ, કોઈ કાયમી વાત નથી. માત્ર સામાન્ય વાત છે. આશ્વાસન લેવા પૂરતું ઘણું બધું છે. પરંતુ બેકારી બાજુ જોવામાં નહિ આવે, એનું બહુ હૃદયપૂર્વક ચિંતન શરૂ કરવામાં નહિ આવે તો બિહાર અને યુ.પી. જેવી સ્થિતિ ગુજરાતમાં થવાની છે અને ભણેલોગણેલો વર્ગ જ્યારે ગુનાહિત પ્રવૃત્તિમાં જશે ત્યારે એને રોકી નહિ શકાય. આપને પણ વિનંતી કરવી છે કે ભલે જવાબ ગૃહમાં જે આપવાનો હતો એ આપ્યો. પરંતુ હવે પછી જેમ માનનીય સભ્યશ્રી ગોરધનભાઈએ હૃદયપૂર્વક વાત કરી કે ઉદ્યોગના કારણે નાના ઉદ્યોગો બંધ પડે. અમારે ત્યાં એક ઉદ્યોગ આવ્યો, એક કટર આવ્યું અને ગામડાના હજારો ખેડૂતો જે મજૂરીએ જતા હતા. ઘઉં વાઢતા અને સાંજે ૮૦ રૂપિયા મળતા એ બંધ થયા. એક કટર દ્વારા બે હજાર - ચાર હજાર વીઘાના ઘઉં એકધારા કપાઈ જવા માંડ્યા એવી સ્થિતિનું સર્જન જો એમને એમ ચાલશે તો આવતા દિવસોમાં રાજ્યની સ્થિતિ બગડવાની છે. યુવાનોને બેકારીનો સ્વીકાર કરવો ના પડે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી.

**અધ્યક્ષશ્રી** : આપ વિધેયક પાછું ખેંચી લેવા માગો છો?

**ડૉ.ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક: ૧૨ પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ.ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક: ૧૨ સન ૨૦૦૭નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય ચંદ્રિકાબેનનો ખૂબ આભાર માનું છું.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક:૧૩**

**ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયક, ૨૦૦૭**
**સફાઈ કર્મચારીઓ માટે રાજ્ય સ્તરીય આયોગ રચવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ.ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ રાજ્યમાં સૌથી વધુ ચિંતા કરવાની થાય તો તમામ સમાજો એક પછી એક પગથિયાં ચઢતાં જાય છે. ગુજરાત રાજ્ય વિકાસની ગતિ કરે છે અને વિકાસની અંદર તમામ લોકોનો ફૂલ નહિ તો ફૂલની પાંખડી એનો ફાળો હોય છે એટલે આપણે જ્યારે સમસ્ત ગુજરાતની ચિંતા કરીએ છીએ ત્યારે દિવસો અને જે પરિસ્થિતિ છે. એમાં આજે હું જે વાત લઈને આવી છું એ ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગની બાબત છે અને આ જે વાત કરવાની આવી એ એટલા માટે કે આ સમાજ એ વાલ્મિકી સમાજ છે અને આ સમાજની ચિંતા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ કરે છે અને જ્યારે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જુદી જુદી યોજના દ્વારા આ સમસ્ત સમાજની ચિંતા કરતી હોય ત્યારે જુદી જુદી જે યોજનાઓ છે એને સંકલિત કરીને. અધિનિયમિત કરવા માટે થઈને હવે જરૂરી બની ગયું છે. આજે પણ આપણે આ સફાઈ કામદારોની સ્થિતિ સુધારી શક્યા છીએ ખરા ? ઘણીવાર હૃદય ઉપર હાથ મૂકીએ, ઘણીવાર હૃદય ઉપર હાથ મૂક્યા પછી, ઘણીવાર અમે એ વિસ્તારમાં જઈએ છીએ, એક બાજુ એકવીસમી સદીની વાત અને આજે પણ ગામડામાં જઈએ ત્યારે વાલ્મિકી સમાજમાં જઈએ કે વાસમાં જઈએ ત્યારે એની ચિંતા અને વ્યથા આપણે સાંભળીએ ત્યારે આપણને એમ થાય કે આપણે જે હક્ક માટે અહીંયા આવ્યા છીએ, જે કામ કરવા માટે આવ્યા છીએ એને સંપૂર્ણ વફાદાર રહી શક્યા છીએ ખરા? ૧૯૯૩માં આયોગની એક સ્થાપના કરી, કેન્દ્ર સરકાર પણ ચિંતિત હતી ત્યારે એણે પણ એક અલગ રચના કરી અને અલગ રચના કરી પછી આપણે જવાબ આપીશું વાલ્મિકી સમાજનો વિકાસ, તેની સર્વાંગી ઉન્નતિ થાય તે માટે ખાસ ધ્યાન એટલા માટે આપવું પડે કે સરકારની યોજનાઓ છે, સમાજના વિકાસશીલ ભાગ એ યોજનાઓના અમુક ભાગ લઈ લે છે. કહેવાનો અર્થ એટલો જ છે કે, જે યોજનાઓ છે એ યોજનાઓ ગામડાનો નાનો વાલ્મિકી સમાજ, નાનો માણસ, ત્યાં પહોંચે છે ખરી ? અને મારે હૃદયપૂર્વક એ વાત કરવી છે કે, આપણે સૌએ ચિંતન કરવાનું છે કે, નાના માણસ સુધી આપણી આ આઝાદીના ફળો એને આપી શક્યા છીએ ખરા ? આ વિભાગના મંત્રીશ્રીને હું અભિનંદન આપીશ અને એટલા માટે આપીશ કે એમણે આ બાબતમાં નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કર્યા છે. કેન્દ્ર સરકારના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો અને એમના એ પ્રયત્નોના કારણે થોડી સ્થિતિ સુધારી શક્યા પણ સફાઈ કામદાર વર્ગને રાજયની પ્રજાએ એને વંદન કરવા જોઈએ એટલા માટે, હમણાં જ ભાઈ વાત કરતા હતા ગોરધનભાઈ વાત કરતા હતા કે સફાઈ કામદાર, આ સમાજની અંદર સમસ્ત સમાજો એ જો કોઈને પગે લાગવું હોય તો એ વાલ્મિકી સમાજના લોકોને પગે લાગવું જોઈએ. એટલા માટે કે તમે જેને ખરાબ ગણો છો, તમે જેને ગંદુ ગણો છો એ સફાઈ કરવાનું કામ, આપણો મેલ ધોવાનું કામ જો કોઈ કરતો હોય તો એ વાલ્મિકી સમાજ કરે છે અને જ્યારે વાલ્મિકી સમાજ કરે છે ત્યારે ભાઈએ વાત કરી એમ ટૅક્નૉલૉજી આવી, નગરપાલિકાઓ અને કોરપોરેશનની અંદર સફાઈ કામદારો કામ કરતા હતા, એને નોકરી મળતી હતી. ટૅક્નૉલૉજી વધી, કોરપોરેશનો અને નગરપાલિકાઓમાં પણ કોન્ટ્રાકટ પદ્ધતિ આવી, સફાઈ કરવાની પણ કોન્ટ્રાકટ પદ્ધતિ. પરિણામ એ આવ્યું કે પેલો સફાઈ કામદાર રોડ .પર આવી ગયો, એને નોકરી જે મળતી હતી એ ન મળી, આયોગ છે, રોજમદારી છે, રોજમદાર ન રાખવો, શહેરી વિકાસમાં આઈ.કે.જાડેજા સાહેબને ખબર છે ઘણી બધી તકલીફો આમાં ઊભી થઈ છે, ત્યારે શું કરવાનું ? એને કાંઈ સફાઈ કામદાર આપણે કાયમ બનાવી રાખવા છે? એ વાત પણ શકય નથી. આપણું હૃદય એમાં પણ માનતું નથી. તો માનનીય અધ્યક્ષશ્રી, એના માટે શું કરવું પડશે? વાલ્મિકી સમાજના યુવાનોના ઉત્કર્ષ માટે, એ યુવાનો પણ ભણી ગણીને આજે આગળ આવ્યા છે તો એ યુવાનોને પણ ધંધા-રોજગારીમાં જોડવા પડશે, ત્યારે કંઈ નાની એવી વાત બેન્કેબલ યોજનાઓ, નાની યોજનાઓ, કુટિર ઉદ્યોગો, એક રિક્ષા લઈએ અને એ રિક્ષા આપીએ પછી એ રિક્ષાની સ્થિતિ શું થાય? અમીતભાઈ ગૃહ મંત્રીશ્રી બેઠા છે, પણ એ સમાજના એક આગેવાને છકડો રિક્ષા લીધી, અત્યારે વાહનવ્યવહાર નથી ત્યારે ખેતીવાડીને રોડ ઉપર લઈ આવવાનું કામ કરતો છકડો, પણ એ છકડો લેનાર એ સમાજનો એક વ્યકિતએ હપતાઓ, હપતાઓની પરંપરાઓ, બીજી બધી પરિસ્થિતિના કારણે એ કામ પણ ન કર્યુ. ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે કે, યુવાન પેઢી હવે આવી ગઈ છે. હવે સફાઈ કામદારને સફાઈ કામદાર નથી રાખવો. તો એના આરોગ્ય માટે, એના છોકરાઓને ભણવા માટે, બાલવાડી માટે અને એની સ્કૂલો માટે પણ આપણે ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ થી આઠ લાખની વસ્તી વાલ્મિકી સમાજની છે અને એમાં ૭૦ હજાર જેટલા સફાઈ કામદારો છે. હવે આ જે સફાઈ કામદારો હતા એ લોકો ક્યાંક નિવૃત્ત થયા છે, ક્યાંક એ લોકોને છૂટા કરી દીધા છે. નગરપાલિકાઓની પરિસ્થિતિ નથી અને નગરપાલિકઓની પરિસ્થિતિ નથી ત્યારે એ આ સફાઈ

કામદારોને જે એના પૈસા આપવાના છે, જે એનું વેતન આપવાનું છે અથવા એણે બચત કરેલી રકમ આપવાની છે એ પણ આ નગરપાલિકાઓ આપતી નથી અને માનનીય અધ્યક્ષશ્રી, વાલ્મિકી સમાજની એક વાત કરીશ કે, સ્વમાની સમાજ છે, પરસેવાની કમાણી કરતો સમાજ છે અને અમારા જુનાગઢની વાત કરીએ તોતો રાજા રાનવઘ ણનો જીવ બચાવનાર ભીમરાવ પણ વાલ્મિકી સમાજના આગેવાન હતા. આ આપણા સૌની ચિંતા છે. ૨૦૦૧માં કેશુભાઈની સરકાર હતી ત્યારે સ્વાયત્ત નિગમની રચના કરવામાં આવી પરંતુ નિગમ મારફત મળેલી લોન ઉપર પણ મેં અગાઉ કહ્યું એવી પરિસ્થિતિ થઈ છે ત્યારે મારે માત્ર એટલું જ કહેવું છે કે વાલ્મિકી સમાજ અને વાલ્મિકી સમાજમાં પણ છેવાડાનો માણસ યોજનામાં આગળ પડતો આગેવાન અમુક લોકોને રોજબરોજની ખબર હોય અધિકારીઓ સાથે સંકલન કરીને યોજનાનો લાભ લે પરંતુ છેવાડાના માનવી સુધી યોજના પહોંચતી નથી ત્યારે કોઈ સ્પેશ્યલ પ્રોગ્રામ કરીને મોટા ઉદ્યોગોના એમ.ઓ.યુ.માં ન પડીએ પણ નાના ઉદ્યોગો ગામડાં સુધી પહોંચે એવી મંત્રીશ્રીને વિનંતી કરવા માટે આ ગૃહ સમક્ષ આ સમાજ માટે આપણે કાંઈક કરી શકીએ એવી વિનંતી લઈને આવી છું. મારા હાર્દ, મારી લાગણી સમજીને સૂચનો થાય અને માનનીય મંત્રીશ્રી આ બાબતમાં નિર્ણાયક ભૂમિકામાં આવે એવી વિનંતી છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સદસ્ય ડો. ચંદ્રિકાબેન ચુડાસમા ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૩ લઈને આવ્યા છે. એના સંદર્ભમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. માનનીય સભ્યશ્રીએ જે આ ગૃહમાં ચિંતા વ્યકત કરી છે એ ચિંતા સમાજના એક છેવાડાના માનવીને સ્પર્શતી અમાનવીય બાબતને લગતી બાબત છે. આ સમાજની ચિંતા એ આપણા સૌની ચિંતા હોવી જોઈએ. આઝાદીના ૬૦ વર્ષ પછી પણ આજે આ ગૃહમાં આ પ્રકારનું બીલ લાવવું પડે એના માટે મનોમંથન કરવાનો સમય આવી ગયો છે. હું બીજી બાબતમાં નહીં પડું પરંતુ ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની કલ્પના હતી હિન્દુસ્તાનમાં આઝાદી આવે, આબાદી આવે તો દેશમાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા સ્થાપિત થાય પરંતુ કમનસીબે આ દેશની અંદર એવા લોકોએ શાસન કર્યું કે આઝાદીના ૬૦ વર્ષના શાસન કાળમાં જે લોકોએ મોટી હિસ્સેદારી નોંધાવી છે એવા લોકો સમાજને સમરસ બનાવવાનું કામ કરી શકયા નથી, સમાજને સામાજિક ન્યાય આપી શકયા નથી. એમની વેદના બરાબર છે પરંતુ મારે એક વાત એ કરવાની છે કે કોઈ આયોગની રચના કરવાથી કે નિગમની રચના કરવાથી અનુભવે આપણે બધા જાણીએ છીએ કે સારા કામો સમાજની અંદર જે દૂષણ હોય, કમી હોય, ખામી હોય એને આપણે ધ્વંસ કરી શકતા નથી. આ તો સમાજના છેવાડાના લોકો જેને સમાજ સાથે જોડવાના છે, સામાજિક પ્રવાહમાં જોડવાનું કામ કરવાનું છે એ કામ તો આ દેશને આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીજી સફાઈ કામદારોની વસાહત વચ્ચે વસ્યા અને એમની યાતના, સમસ્યા દૂર કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો, છતાંપણ આપણે એ કામ કરી શકયા નથી. હું અભિનંદન આપીશ એટલા માટે કે સમાજની ક્રાંતિનું અભિયાન છેડવા માટે બહુજન સમાજના મગજમાં સામાજિક ક્રાંતિની આહલેક જગાવવાનું કામ સૌરાષ્ટ્રમાં પરમ પૂજય મોરારીબાપુ નવમા દિવસે રામ કથાના માધ્યમથી વાલ્મિકી સમાજના ભાઈઓને જોડીને સમાજના લોકોમાંથી દુરાચાર દૂર થાય, બદી દૂર થાય, એ સમાજ બીજા સમાજ સાથે કઈ રીતે જોડાઈ શકે એના માટે એવું આંદોલન કર્યું છે. હું અભિનંદન આપું છું

બીજી વાત એ કરવી છે કે સમાજની અંદરથી અસમાનતા દૂર થાય, સમરસતા સ્થાપિત થાય, સમાજમાં સામાજિક સમન્વય બની શકે એના માટે અનેકવિધ યોજના આ સરકારે ૧૯૯૫માં અમે જયારથી સરકારમાં આવ્યા છીએ ત્યારથી યોજના અમલમાં મૂકી છે. હું બે-ચાર વાત આપના ધ્યાન ઉપર મૂકું છું. આ રાજયની અંદર અનુસૂચિત જાતિની અંદર અતિ પછાત જાતિ એ અતિ પછાત જાતિના વાલ્મિકી, હાડી, નાળીયા, સેનમા, તૂરી, ગરો,વણકર, બાવા, સાધુના સર્વાંગી વિકાસ માટે આ રાજ્ય સરકારે અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની રચના કરી છે. આ રાજ્ય સરકારે સફાઈ કામદારની પુન:સ્થાપના માટે ૫૦,૦૦૦ જેટલા સફાઈ કામદારોની પુન:સ્થાપના માટે જૂથ વીમા યોજના પણ દાખલ કરી છે અને એક લાખ રૂપિયાની આ સફાઈ કામદારોને વીમા કવચ આપવાનું પણ આ રાજ્ય સરકારે નક્કી કર્યુ છે. સફાઈ કામદારના પુન:સ્થાપના માટે અને માથે મેલું ઉપાડવાની અમાનવીય પ્રથાને દૂર કરવા માટે સફાઈ કામદાર પુન:સ્થાપના કરવાની યોજનાના ભાગરૂપે આ રાજ્યની અંદર સફાઈ કામદાર વિકાસ નિગમની રચના પણ કરવામાં આવી. અસ્પૃશ્યતા વ્યવસાયમાંથી મુક્તિ અપાવવા માટે પંડિત દિન દયાલ ઉપાધ્યાય અંત્યોદય સસ્તા બજાર નામની સેનેટરી માર્ટ નામની યોજના જાન્યુઆરી ૨૦૦૧ થી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં શરૂ છે. આ યોજનાની વિશેષતા એ પ્રકારની છે કે જેમાં ૨.૫ લાખ રૂપિયાની લોન અને ૨.૫ લાખ રૂપિયાની સહાય એમ કુલ મળી ૫ લાખ રૂપિયાની મદદ વાલ્મિકી સમાજના ભાઈઓને મળે છે. વાલ્મિકી સમાજના ભાઈ આજે ઝાડુ વાળતા કામદાર નહિ, પણ સેનેટરી માર્ટ માટે એક દુકાન ચલાવતી પેઢીનો માલિક બને એ માટેનો રાજ્ય સરકાર પ્રયાસ કરી રહી છે. વાલ્મિકી સમાજના લોકો અસ્પૃશ્યતા વ્યવસાયમાંથી મુક્ત બને, ધૃણાસ્પદ કામગીરી પડતી મૂકે એના માટે પણ રાજ્ય સરકાર કૃતનિશ્ચયી છે. વાલ્મિકીને વાલ્મિકી રાખવા માટે આ સરકારનો કોઈપણ આશય નથી અને એના માટે પૂજ્ય ઠક્કરબાપાએ સફાઈ કામદારના પુન:વસન યોજના આ રાજ્ય સરકારે દાખલ કરી છે, એનો અમલ ગુજરાત રાજ્ય સફાઈ કામદાર વિકાસ નિગમ કરે છે. આ સફાઈ કામદારના લાભાર્થીનું સરવે કરવાનું કામ આ રાજ્ય સરકાર કરીને એમાં

સર્વાંગી વિકાસ માટે શું શું કરવું જોઈએ, એના માટે સરકારે ચિંતા કરી છે. જુદા જુદા ટ્રેડ હેઠળ લોન, તાલીમ અને બેન્કેબલ યોજનાની અંદર પણ એમને ૪૦ ટકા જેટલી સહાય અને સબસિડી એક લાખ બેન્કેબલ યોજનાની જોગવાઈ પણ આ રાજ્ય સરકારે કરી છે. ન ભૂતો ન ભવિષ્યતે્ સફાઈ કામદાર માટે ગૃહ નિર્માણની યોજના પણ આ સરકારે અમલમાં મૂકી છે, એટલું જ નહિ પણ અમદાવાદના સ્લમ એરિયાની અંદર સૌથી પહેલા ૪.૫ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આપવાનું કામ આ સરકારે કર્યુ છે. મારો કહેવાનો આશય એ છે કે આપણે ગમે તેટલું કામ કરીએ, પરંતુ જ્યાં સુધી સમાજના વલણો ન બદલાય, સમાજની માનસિકતા ન બદલાય ત્યાં સુધી આપણે સમાજને એકી સાથે એક તાતણે જોડી શકતા નથી. આપે અનેકવિધ બાબત કરી, જે બાબતનો ઉલ્લેખ કરીએ તો રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષની ઉજવણી કરી. સફાઈ કામદાર જે કામ કરે, મોટે ભાગે સફાઈ કામદાર ગટરનું સફાઈ કામ કરતા હોય, મોટે ભાગે સફાઈ કામદાર ડબ્બા, જાજરૂની અંદર કામ કરતાં હોય આ રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષ ઉજવ્યું અને મોટે ભાગે સફાઈ કામદારની વસ્તી શહેરની અંદર છે, એવા શહેરની વિકાસ માટેની અનેકવિધ યોજના બનાવી અને સફાઈનું ગટરનું કામ કર્યુ છે. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગઈ કાલે જે આ ગૃહની અંદર ૧૩,૦૦૦ કરોડ રૂપિયાનું શહેરી ગરીબોના સમૃદ્ધિ માટેનું પૅકેજ જાહેર કર્યુ. આ પેકેજ મારફત પણ આ સમાજના વંચિતો, પછાતોને સારામાં સારો લાભ મળવાનો છે. હમણાં જ આ રાજ્યની અંદર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી સંપન્ન થઈ, એમાં ૧૬૪૨ પંચાયતોમાંથી ૫૪૫ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ. એમ આ સુખ સમન્વયતાનું વાતાવરણ ઊભું કરવા માટે આ રાજ્ય સરકાર અનેકવિધ પગલાં લઈ રહી છે. આ રાજકીય પગલાં હોય, આર્થિક પગલાં હોય, સામાજિક પગલાં હોય આ દિશામાં સરકાર જઈ રહી છે, ત્યારે આપણા સૌ કોઈ આ ગૃહના તમામ સભ્યો આ ચિંતાની અંદર સામેલ થઈ અને આ સર્વાંગી વિકાસ માટે જે કઈ કરવું પડે તે ભાવના સાથે વિરમું છું. અસ્તુ.

**શ્રી ૫૪૦/page>જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન-૨૦૦૭ના વિધેયક ક્રમાક:૧૩ ગુજરાત રાજય સફાઈ કામદાર આયોગ વિધેયક લઈને આ સન્માનનીય ગૃહના સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમા આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વર્ષોથી ચાલતા ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડનું સફાઈ કામદાર વિકાસ નિગમમાં રૂપાંતર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આ પ્રકારનું નિગમ સમગ્ર દેશમાં પહેલું નિગમ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર વાલ્મિકી સમાજ કહીએ છીએ તેને પહેલાં ભંગી સમાજ જેવા શબ્દથી બોલાવતા હતા. આવા ભંગી સમાજને વાલ્મિકી સમાજ નામ આપી માનભેર સમાજમાં આગળ કર્યા છે. ૨૦૦૪ થી ગુજરાત રાજયના છેવાડાના માનવીની ચિંતા કરનાર ગુજરાત રાજયના લોક લાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૦ હજાર સફાઈ કામદારોને રૂપિયા એક લાખના વ્યકિતગત અકસ્માત વિમાની યોજના જાહેર કરી છે. આ જાહેરાત પાછળનો હેતુ એવો હતો કે સમગ્ર રાજયમાં જ્યારે કુદરતી હોનારત કે અન્ય આફત હોય ત્યારે વાલ્મિકી સમાજના સફાઈ કામદારો પોતાના જાનને જોખમમાં મૂકી, પોતાના કુટુંબની ચિંતા કર્યા વગર ચાલીમાં, નગરમાં કે શહેરમાં સફાઈ કરવા જાય છે. શહેરને સ્વચ્છ રાખે છે. ત્યારે પોતાના જાનને જોખમમાં મૂકી પોતાના કુટુંબની પણ ચિંતા કર્યા વગર જે કામ કરે છે ત્યારે રાજય સરકારની પહેલી ફરજ બને છે કે વીમો આપવો જોઈએ. આની શરૂઆત ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. વાલ્મિકી સમાજના મારા ભાઈઓ વર્ષો પહેલાં નાના છાપરામાં રહેતા હતા, ગામના પાદરે તેમનું મકાન હોય, ચાલીમાં નાનું મકાન હોય ત્યારે આ રાજય સરકારે મહામહિમ ડો.બાબાસાહેબ આંબેડકરના નામ સાથે સફાઈ કામદારો માટે આવાસ યોજના બનાવી છે. તેની અંદર અમદાવાદમાં ઓઢવમાં સરદારનગરમાં સુંદર મકાનો બનાવ્યા છે. આ વિસ્તાર પોશ એરિયા ગણાય છે. ત્યાં આગળ આવા સુંદર મકાનો બનાવ્યા છે. રાજય સરકાર દ્વારા વાલ્મિકી સમાજના સંત એવા પૂજ્ય ઠકકરબાપાના નામથી પૂજ્ય ઠકકરબાપા સફાઈ કામદાર યોજનાનો અમલ કરવામાં આવ્યો. હું અમદાવાદમાં રહું છું અને અમદાવાદમાં ૨૬ સ્ટાફ કવાટર્સ આવ્યા છે. આવા કવાટર્સમાં ઘરના દરવાજા ન હોય, લાઈટની સગવડ ન હોય, ધાબાની સ્થિતિ સારી ન હોય ત્યારે આ યોજના હેઠળ ગયા વર્ષે અમદાવાદ શહેરમાં રાજય સરકાર દ્વારા ૧૫૦૦ મકાનોના રીપેરીંગ માટે ૩.૯૭કરોડ રૂપિયા, વડોદરાના ૭૨ કવાટર્સ માટે ૧૮ લાખ રૂપિયા તેમજ પોરબંદર નગરપાલિકાની અંદર મકાનો બનાવવા માટે જમીન ખરીદવા માટે ૨૫ લાખ રૂપિયા ફાળવ્યા છે. મારા વિસ્તારમાં રાજપુર હેડ સ્ટાફ કવાટર્સ આવેલા છે. જ્યાં આગળ ધાબુ પડી જવાથી છ વર્ષની બેબી અને તેના માતા પિતાનું મોત થયું હતું ત્યારે તે વખતે શ્રી ફકીરભાઈ વાઘેલા મંત્રીશ્રી હતા. મેં તે વખતે તેમણે જાણ કરી કે આના માટે, અમદાવાદ શહેર માટે કંઈક વિચાર કરવો જોઈએ. તેમણે તુરત જ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને પત્ર દ્વારા જેટલા મકાનો રીપેરીંગ કરવા જેવા હોય તેનો અંદાજ બનાવીને રાજય સરકારમાં મોકલી આપવા જણાવેલ. તેનું રાજય સરકારે સાહેબ રીપેરીંગ કામ કર્યુ છે. તે હેડ સ્ટાફ કવાટર્સની જગ્યાએ આજે સરસ ફ્લૅટ બની ગયા છે. ગુજરાત રાજય દ્વારા, ગુજરાત સકાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા વાલ્મિકી સમાજના અસંખ્ય શિક્ષિત બેરોજગારોને રોજીરોટી આપવા, ધંધા માટે લોન આપવાની યોજના કરી છે. બેન્કેબલ યોજના દ્વારા લોન આપી પગભર થઈ શકે અને સમાજમાં પોતાનું સ્થાન આગળ વધારે તે માટે યોજના કરી છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**
**સભ્યશ્રીઓના ગૃપ ફોટોગ્રાફના આયોજન અંગે**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, અગિયારમી ગુજરાત વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓના એક ગૃપ ફોટોગ્રાફનું આયોજન તા. ૨૯-૩-૨૦૦૭ના રોજ સાંજના ૬-૧૦ કલાકે ગુજરાત વિધાનસભા બિલ્ડીંગના પશ્ચિમ દિશાના મુખ્ય પ્રવેશદ્વારના પગથિયા પાસે કરવામાં આવેલ છે. તેમજ ફોટોગ્રાફ્સ પાડવાનો ચોકકસ સમય સાંજના ૬-૨૨ કલાકે છે. આ ગૃપ ફોટોગ્રાફ્સ વખતે સર્વે સભ્યશ્રીઓને સમયસર હાજર રહેવા વિનંતી છે. ચાલો, ફોટોગ્રાફનો કાર્યક્રમ પૂરો થાય સભાગૃહની બેઠક મુલતવી રાખું છું. (સાંજના ૧૮.૦૭)

**ફોટોગ્રાફના આયોજન માટે મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૬.૪૫ કલાકે ફરી મળી**
**સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સદસ્ય આદરણીય ડો. ચંદ્રિકાબેન ચુડાસમા ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક ૨૦૦૭ લઈને આવ્યા છે એ એમના બિલને હું આવકારું છું અને એ બિલ ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કર્મચારી માટે રાજય સ્તરે આયોગ રચવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષાંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબતનું આ વિધેયક છે. વિધેયક આમ તો ખૂબ જ સીધુ સાદુ અને સરળ છે, પણ વિધેયક પાછળની જે દૃષ્ટિ છે, એની પાછળનો જે ઉદ્દેશ અને ભાવના છે એ ભાવના અને એનો મહિમા છે એ ઘણો ઊંચો છે. માનવ માનવ સાથે કયા પ્રકારનો વર્તાવ રાખવો જોઈએ એ આપણે સૌ આપણા દેશની પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને, સભ્યતાને ધ્યાનમાં રાખીને આ ભારતમાં માનવીય ગૌરવનું ખૂબ ઊંચું મૂલ્ય આંકવામાં આવ્યું છે. માનવીય ગૌરવ સચવાય, આત્મ-સન્માન જળવાય અને માનવી માનવી તરીકે જીવે એ પ્રકારનું સમાજમાં વાતાવરણ ઉપસ્થિત થાય એ જોવાની જવાબદારી સમાજના દરેક નાના-મોટા ભાઈ-બહેનોની ઉપર આવે છે. આપણે આ બિલ અંગે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આઝાદી પછી,આપણા એક સભ્યશ્રીએ ઉલ્લેખ કર્યો કે આઝાદી પછી આ બિલ લાવવાની જરૂરત ઊભી થઈ છે ત્યારે એ ખરેખર સુસંસ્કૃત સમાજ માટે, આદર્શ સમાજ માટે એ ઘણો વિચાર માગી લે એવો પ્રશ્ન છે. ભારતના બંધારણમાં ડો. બાબાસાહેબ આંબેડકરે જે માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા, માનવીય ગૌરવનું સ્થાપન અને માનવતાની વાત કરી એ સ્વતંત્રતા-સમાનતા-બંધુતા અને માનવીય સામાજિક ન્યાયની વાત કરી છે એ આપણે જોઈએ અને એનો ગંભીરતાથી વિચાર કરીએ તો આપણને રાજકીય આઝાદી તો મળી પણ હજુ રાજકીય આઝાદીની સાથે સાથે આર્થિક આઝાદી અને સામાજિક આઝાદી આપણે મેળવી શક્યા નથી. સમાજના અમુક વર્ગો, અમુક તબક્કાઓમાં આર્થિક આઝાદી અને સામાજિક આઝાદીનો અનુભવ અને અહેસાસ અને એનું સુખ માણતા હશે પણ સમાજના જે છેવાડાના માનવી છે કે જેને અડવા માત્રથી અભડાઈ જવાય છે, જેને જોવા માત્રથી અભડાઈ જવાય છે અને જેના અવાજના રણકાર માત્રથી અભડાઈ જવાય છે પરંતુ સમાજની સંસ્કૃતિ, સભ્યતા આપણે અહધરણીય, અરૂપમ કરીને ચાલીએ અને શાહમૃગની નીતિની દૃષ્ટિએ રણની અંદર માથું ખોસીને તોફાન આવતું હોય તો એમાંથી પાર ઊગરી જઈશું એમ માનીને ચાલીએ તો મને એમ લાગે છે કે આ સમાજ, સમાજની સભ્યતા, સમાજની સંસ્કૃતિ એ ખત્તા ખાય છે. આપણે જ્યારે આપણી સાથે કોઈ ખરાબ વ્યવહાર ના કરે એવી અપેક્ષા રાખતા હોઈએ ત્યારે આપણે પણ એ રીતે વિચારવું પડે કે આપણે પણ કોઈની સાથે દુર્વ્યવહાર ના કરી શકાય. સફાઈ કામદારોની વાત આવે છે, વાલ્મિકી સમાજની વાત આવે છે ત્યારે આજે એ કઈ દયનીય સ્થિતિમાં જીવે છે એની જો કલ્પના પણ કરીએ તો પણ આપણને આપણની જાત ઉપર શરમ ઉપજે જો એને સમજપૂર્વક સમજવા માટેના પ્રયાસો કરીએ તો એક ઘડી પણ આપણે એ પરિસ્થિતિ ચલાવી ના શકીએ એ વાતની પ્રતીતિ એમની દયનીય સ્થિતિ જોતાં આપણને લાગે છે. આજે પણ સમાજમાં માથે મેલું ઉપાડીને કામ કરવાની પ્રથા ચાલુ છે. સરકારી દફતરમાં કે સરકારી જવાબમાં એવું હશે કે માથે મેલું ઉપાડવાની પ્રથા એ નિર્મૂળ થઈ ગઈ છે, નાબૂદ થઈ ગઈ છે પણ આજે પણ આ ભાઈઓનું એટલું જ શોષણ એમની ગરીબીનો એટલો જ લાભ અને એમને માનવ તરીકે નહિ સ્વીકારી એટલી જ વાત લઈને સમાજ ચાલે છે અને નવાઈની વાત એ છે કે એ ધૃણા જનક સ્થિતિનો આપણને વિચાર માત્ર આવતો નથી અથવા તો આપણા મગજમાં એનો ખ્યાલ માત્ર આવતો નથી. મળના ડબ્બા માથે ઉપાડીને જાય અને મળના ડબ્બામાંથી મળ ટપકતું હોય અને મોઢા પર એના રેલા નીતરતા હોય અને નવી પરણેલી દીકરી વહુ તરીકે આવી હોય ત્યારે એને એ જે કામ કરવું પડે છે ત્યારે એની માનસિક સ્થિતિ અને માનસિક પરિસ્થિતિનો ખ્યાલ જો આપણે કરીએ તો પ્રસૂતાની પીડા પ્રસૂતા જ જાણે, જેને પ્રસૂતાનો ખ્યાલ જ ન હોય એને શું ખબર પડે કે એ પીડા શું હોઈ શકે છે. સમાજની આ દયનીય સ્થિતિમાંથી આ વર્ગને બહાર કાઢવો હશે, આપણે ઉત્સાહભેર જુદા જુદા પૅકૅજો બહાર પાડીએ છીએ કોઈ અગિયાર હજાર કરોડના પૅકૅજ બહાર પાડીએ છીએ કોઈ પંદર હજાર કરોડના પૅકૅજ બહાર પાડીએ છીએ કે કોઈ તેર હજાર કરોડના પૅકૅજ બહાર પાડીએ છીએ ત્યારે આ તો માત્ર એક બિલ બનાવવાનું છે બિલમાં અમને ખાતરી આપવાની છે અને ભારતના બંધારણમાં જે ખાતરી આપી છે, જે હક્કો અપાયા છે, જે અધિકારો અપાયા છે એના માટે થઈને

એ હક્ક સુરક્ષિત બને એ આપણે જોવું પડે એ આપણે જોઈએ તો વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ જો કોઈ બંધારણ હોય તો એ આપણું બાબા સાહેબ આંબેડકરે આપેલું બંધારણ છે ત્યારે એ બંધારણની સમીક્ષા કરવા માટે સમિતિઓ રચવામાં આવે છે અને કેટલાક આગેવાનો તો એ બંધારણને દરિયામાં ફેંકી દેવાની વાતો કરે છે તો એ વાતને ધ્યાનમાં રાખીએ અને આ બાબતનો વિચાર કરીએ તો આપણે કયાં છીએ, શું કરીએ છીએ એ ખ્યાલ આવે અને આપણે માત્ર દંભમાં રાચીએ છીએ અને એમ કહીએ કે અમે માણસ છીએ ત્યારે મારે કહેવું પડશે કે આપણે માણસ કહેવાને લાયક પણ નથી અને આ પરિસ્થિતિ આજ દિવસ સુધી ચાલતી હોય તો આપણાં સમાજ માટે, દરેકને માટે શરમજનક છે. માનનીય ચંદ્રિકાબહેન ચુડાસમા સાહેબને ખરેખર હું ધન્યવાદ અને અભિનંદન આપું છું કે તેમણે આ બિલ લાવીને આ નિષ્ઠુર એવી સરકારને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો છે. (અંતરાય) વાસ્તવિકતા છે. નિષ્ઠુર ના હોય તો આ બિલને સ્વીકારી લેશે તો સારી સરકાર છે.

**શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સિનિયર સભ્ય ચંદ્રિકાબેન ચુડાસમા જે ગુજરાત સફાઈ કામદાર આયોગ માટેનું બિલ લઈને આવ્યા છે તેમના હાર્દ સાથે હું સંપૂર્ણ સહમત છું. છેવાડાના માનવી માટેની જે સંવેદનાઓ આ બહેને પ્રગટ કરી અને માત્ર સંવેદના પ્રગટ કરી નહીં પણ મારા વિભાગની કામગીરીને પણ બહેનશ્રીને જ્યારે બિરદાવી છે ત્યારે હું તેમનો આભાર માનું છું. બહેને જ્યારે આભાર માન્યો ત્યારે મુરબ્બી શ્રી દોલતભાઈ નહીં હોય. તેમણે ધીમી ગતિના સમાચારમાં જે કંઈ કહ્યું તે છેલ્લે કહીશ. પણ હાલ તો..અંતરાય.. દોલતભાઈ તો મારા વડીલ છે. તેમના માટે બોલી શકાય. બહેનશ્રી છે તેમના હાર્દ સાથે હું સંમત છું. બહેનશ્રીની માગણી છે કે આ સફાઈ કામદાર માટે એક આયોગ બનવું જોઈએ. ૧૯૯૩ની અંદર રાષ્ટ્રીય સ્તરે, કેન્દ્રીય સ્તરે આવા સફાઈ કામદાર આયોગની રચના થયેલી છે. જ્યાં સુધી ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી ૧૯૯૪માં ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડની રચના થઈ હતી. આપણે બધા જાણીએ છીએ તેમ બોર્ડનું કામ માત્ર સલાહ આપવાનું હોય છે કોઈ નીતિ-વિષયક નિર્ણય બોર્ડ લઈ શકતું નથી અને એટલા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯-૬-૨૦૦૧ના દિવસે આ બોર્ડનું રૂપાંતર કરીને તેને નિગમનો દરજજો આ રાજય સરકારે આપ્યો છે. પાંચ કરોડની શેર મૂડી સાથે આ નિગમ જ્યારે કાર્યરત છે ત્યારે સેન્ટ્રલનું જે આયોગ છે સફાઈ કામદાર આયોગ તેની સાથે સીધા સંપર્કમાં રહીને નાણાંના વિકાસની કામગીરી નિગમ દ્વારા થાય છે. બહેનશ્રી જ્યારે આયોગની વાત કરે છે ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે આ નિગમ થકી રાષ્ટ્રીય આયોગની સાથે સંપર્કમાં રહીને છેવાડાના માનવીઓ માટેનું જે પણ કરવાનું હોય તે તમામ કામગીરી જ્યારે રાજય સરકાર કરી રહી છે ત્યારે ભારતના બંધારણમાં દલિત સમાજ, અનુસૂચિત જાતિ માટેના જે હક્કો આપવામાં આવ્યા છે આ વાલ્મિકી સમાજ તે અનુસૂચિત જાતિમાં અતિ પછાત જાતિમાં આવતો સમાજ હોવાને કારણે જે બંધારણીય અધિકારો મળ્યાં છે તે અધિકારોનો લાભ આ સમાજને મળે છે. રાજય સરકાર આ સફાઈ કામદારો માટે જે કામગીરી કરી રહી છે તેના માટેની બે-ચાર વાતો મારે કરવી છે. આ પહેલાં દોલતભાઈ તમે જાણો છો તેમ હું બેન્કમાં નોકરી કરતો હતો. દલિત સમાજના માણસે અને તેમાંય સફાઈ કામદારે એક હજાર રૂપિયાની લોન લેવી હોય તો તેની શું સ્થિતિ હતી તે આપણે બધા જાણીએ છીએ. આજે પણ તેમાં કંઈ બહુ સુધારો થયો નથી. આમાંથી સુધારો કરીને બધા લોકોને તો નોકરી નથી મળવાની. તો આ સફાઈ કામદારો પોતાના પગ ઉપર ઉભાં રહી શકે, પોતાને નોકરી ના મળે તો પોતાનો વ્યવસાય કરી શકે અને એટલા માટે સીધા ધીરાણ યોજના અન્વયે આ નિગમની અંદર અમે ૫ લાખ રૂપિયાની લોન આપીએ છીએ. તેને જીપ, મારુતિ વાન, ટ્રેકટર, ટ્રોલી બધા પચાસ ધંધા છે કોઈ પણ કરે તો આ સીધા ધીરાણ યોજના આ માત્ર છ ટકાના વ્યાજના દરે અમે ૫ લાખ રૂપિયા લોન આપીએ છીએ. ૧૦ હજારથી શરૂ કરીને ૭૫ હજાર રૂપિયા સુધીની સબસિડી આ સફાઈ કામદારોને આપવામાં આવે છે. અત્યારસુધીમાં ૨૦૭૩ લાભાર્થીઓને ૨૧ કરોડ ૩૬ લાખ રૂપિયા જેટલી રકમ આ ધીરાણ અન્વયે આપી છે. એની સાથે સાથે બેંકેબલ યોજનામાં પણ ૫૦ હજાર યુનિટ કોસ્ટ હોય તો વધારેમાં વધારે ૫૦ ટકા અને ૧૦ હજાર રૂપિયા સુધીની સબસિડી આ બેંકેબલ યોજના અન્વયે આપવામાં આવે છે. છેલ્લા ૩ વર્ષમાં ૪૯૫૭ લાભાર્થીઓને ૩૧૨.૦૫ લાખ રૂપિયા આ બેંકેબલ યોજના અન્વયે આપ્યા છે. એ સાથે સાથે પોતાનો વ્યવસાય કરવા માટે તાલીમની જરૂર પડે તો રાજય સરકારે નવા તાલીમ વર્ગો શરૂ કરીને આ જે તે તાલીમાર્થી હોય એને દર માસે ૩૫૦ રૂપિયા સ્ટાઈપેન્ડ અને જે સંસ્થા એના માટે કામ કરતી હોય એને ૧૫૦ રૂપિયા એટલે કે ૫૦૦ રૂપિયા આવા તાલીમાર્થીઓને આપણે આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માઈક્રો ફાઈનાન્સમાં પણ અરજદાર દીઠ ૨૫ હજાર રૂપિયા સુધીની ૫ લાખ સુધીની મર્યાદામાં આ નિગમ લોન આપે છે. શૈક્ષણિક યોજનામાં શૈક્ષણિક લોનમાં પણ વિદ્યાર્થીને જરૂર હોય તો ૩ લાખ રૂપિયા સુધીની લોન આ રાજય સરકાર આપે છે. એ સાથે સાથે મહાનગરપાલિકા, નગરપાલિકા અને કોરપોરેશનમાં આ સફાઈ કામદારોને દુકાન મળે એના માટે રાજય સરકારે ખાસ તજવીજ કરી છે અને આ સફાઈ કામદારોને સેનેટરી માર્ટની યોજના અને આ યોજનામાં ૫ લાખ રૂપિયા સુધીનું સીધું ધીરાણ રાજય સરકાર આપે છે. અત્યાર સુધીમાં ૫૨ જેટલી મંડળીઓના ૧૦૯૫ લાભાર્થીઓને ૯૩.૪૭ લાખ રૂપિયા આ સેનેટરી માર્ટ યોજના અન્વયે આપ્યા છે. ડો. બાબાસાહેબ આંબેડકર યોજના સાથે સંકળાયેલ સફાઈ કામદાર આવાસ યોજનામાં રાજય સરકારે ૪૦ હજાર રૂપિયાની સબસિડી અને ૬૦ હજાર રૂપિયાની વગર વ્યાજની લોન એમ કુલ ૧ લાખ રૂપિયા

આ સફાઈ કામદારને પોતાનું મકાન બનાવવા માટે મેં આગળ કહયું તેમ ૪૦ હજાર સબસિડી અને ૬૦ હજાર રૂપિયાની વગર વ્યાજની લોન એમ કુલ ૧ લાખ રૂપિયા રાજય સરકાર આપે છે. એની સાથે સાથે ઠકકર બાપા પુનઃવસન યોજનામાં ૧૦ હજારથી માંડીને ૭૫ હજાર રૂપિયાની સબસિડી આપવામાં આવે છે અને અત્યારસુધીમાં આવા સફાઈ કામદારોને મકાનની સુધારણા માટે, એના રિપેરિંગ માટે ગત વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ૩ કરોડ ૯૭ લાખ રૂપિયા માત્ર આ રિપેરિંગ માટે રાજય સરકારે આપ્યા છે. વડોદરા મહાનગરપાલિકા, પોરબંદર, સુરત એ બધામાં જેટલાં પણ મકાનો જોઈએ છે એટલાં આપીએ છીએ અને ખાસ કરીને ૨૦૦૫ માં આ રાજય સરકારે આપણે બધા જાણીએ છીએ કે આ સફાઈ કામદાર જયારે ગટર સાફ કરવા માટે ગટરમાં ઉતરે છે ત્યારે એક મરે, પાછળ બીજો ઉતરે એ પણ મરે છે અને આજસુધી એની કોઈએ કોઈ ચિંતા કરી નહોતી. ૨૦૦૫ ના વર્ષમાં આ રાજય સરકારે નકકી કર્યુ કે અકાળે આવા સફાઈ કામદારોને કાંઈક આવું થાય તો ૧ લાખ રૂપિયા સુધી વીમા સુરક્ષા કવચ અપાય છે અને ૧૦ લોકોને આવું વીમા સુરક્ષા કવચનો લાભ આપ્યો છે. માત્ર ૧ લાખ રૂપિયા વીમા સુરક્ષા કવચ નહીં, પરંતુ એના આશ્રિત હોય તો એ જે કોઈ ધંધો કરવા માગતા હોય તો એના એ જ દિવસે ૫ લાખ રૂપિયા સુધીની મર્યાદામાં આ રાજય સરકાર એને મદદ કરે છે.

બહેનશ્રી ડો. ચંદ્રિકાબેનનો જે મૂળ આશય છે કે આ છેવાડાના માનવીને વધારેમાં વધારે મદદરૂપ થઈ શકાય અને એ માટેના રાજય સરકારે આ રીતના પ્રયત્નો કર્યા છે અને જયારે મારા વિભાગની માગણીઓ હતી એને પણ એમણે બિરદાવી છે ત્યારે હું એમને વિનંતી કરું છું કે તેઓ આ બિલ પાછું ખેંચી લે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલ ઉપર સિનિયર સભ્યશ્રી માધુભાઈ, જીતુભાઈ અને શ્રી દોલતભાઈએ ઘણો પ્રકાશ પાડયો છે. માનનીય મંત્રીશ્રીએ પણ ઘણું બધું પોતાનાથી થાય એ બધું કર્યુ છે, પરંતુ મારે એક છેલ્લે વાત કરવી છે કે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે સફાઈ કામદાર શહેરી વિકાસ વિભાગ સાથે સંકળાયેલ છે અને શહેરી વિકાસ વિભાગમાં જે નગરપાલિકાઓ છે એ નગરપાલિકામાં જે સફાઈ કામદારો છે એમને છૂટા કરી દેવામાં આવેલા છે, કાઢી મૂકવામાં આવ્યા છે અને એમને પૈસા પણ મળતા નથી, એના હકક પણ મળતા નથી. તો રાજય સરકાર શહેરી વિકાસ વિભાગ સાથે સંકલન કરીને આ સફાઈ કામદારોને એમના હકકના છે, બે નંબરના કોઈને નહીં,..પણ તેનો હક્ક છે તે તેમને મળે એટલી મારી વાતનો સ્વીકાર કરે. મને લાગે છે કે સફાઈ કામદાર માટે માનનીય માધુભાઈએ કહ્યું કે વાલ્મિકી સમાજ માટે આપણા મોરારી બાપુ પણ ઘણી બધી પ્રક્રિયા કરી રહ્યા છે અને અત્યારે જ્યારે રાજકોટમાં કથા ચાલી રહી છે ત્યારે અમારા સૌની લાગણી છે કે છેવાડે બેઠેલો માનવી છે તેના સુધી આ યોજના પહોંચે, ફક્ત પાંચ પચીસ ને લાભ મળે એટલે આખો સમાજ સુખી થઈ ગયો છે તેવી લાગણીમાંથી આપણે બહાર આવીએ, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગ સાથે સંકલન કરીને ખાતરી આપે છે (અંતરાય) ખાતરી આપી જ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૦૭ નું રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક મને પાછું ખેંચવાની સભાગૃહ પરવાનગી આપે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૦૭ નું રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક પાછું ખેચું છું.

**સભાપતિશ્રી .** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:૪
## ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક,૨૦૦૭
## સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૭નું ગુજરાત માતા પિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૭ નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર સન્માનનીય સભ્યશ્રીઓ વારંવાર આ બિલ લઈને આવ્યા છે, આ પ્રશ્નની ચિંતા અને તેના માટે જે વિકટ પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેના માટે ધ્યાન દોરવા માટેના સતત પ્રયત્નો આ વિધાનસભા ગૃહની અંદર થયા છે. અત્યારે આ વિધેયક મારે ફરી વાર લાવવુ પડયું છે, ઘણી વાર એમ થાય કે આ વિધેયક લાવવાના કારણો શું છે? પરંતુ આખરે આપણે સૌ સમાજના જ પ્રાણીઓ છીએ, અને સમાજ સાથે જોડાયેલા છીએ, ત્યારે અત્યારની જે પરિસ્થિતિ છે તે ખૂબ જ કરૂણ છે. એક વખત એવો હતો કે માતા પિતા ને વંદન કરવા અને મા-બાપે આપેલા સંસ્કારોના સિંચન થી ચાલવું. પણ આજે અમે બે અને અમારા બે, એમાં ઘરની વ્યાખ્યા ભૂલાઈ અને તેના બદલે મકાનની વ્યાખ્યા આવી, ચાર દિવાલો શણગારેલી હોય, એ.સી. હોય, પણ જે મા-બાપે લોહીનું સિંચન કરીને બાળકોને મોટા કર્યા છે, સંસ્કાર આપ્યા છે અને આ સમાજમાં બોલતા શીખવાડયું છે, તે અમે બે અને અમારા બે, અને ઓલા બે, એટલે

ઓલા બે ની કિંમત રહી નથી. ત્યારે સમાજની સ્થિતિ એ થઈ છે કે મકાનો બન્યા, બંગલાઓ બન્યા, સિમેન્ટ કોંક્રીટ અને લોખંડના મકાનો આવ્યા, પણ ઘર ભૂલાયું, લીપેલું ધૂંપેલું નાનું એવું ઘર હતું અને દીકરો આવે નહીં ત્યાંસુધી મા-બાપ રાહ જોતા હોય અને દીકરો આવીને કહે કે બાપા હું આવી ગયો ત્યારે બાપા પથારીમાં આરામથી સુઈ શકે, તે સ્થિતિ આજે બદલાઈ ગઈ છે. ૨૧મી સદીની વાત આવી છે, એક બાજુ ૨૧મી સદી અને એક બાજુ આપણે હરણફાળ ભરી અને પશ્ચિમનું અનુકરણ કરવા જઈ રહ્યા છીએ. ત્યારે આપણને જેમણે જન્મ આપ્યો છે તે મા-બાપની પરિસ્થિતિ, એ સિનિયર સિટીઝનની પરિસ્થિતિ શું છે? ગામડાંમાં રહેતો નાનો વર્ગ, જેને આપણે છેવાડાનો માનવી કહીએ છીએ તે તો મા-બાપને રાખે છે, પણ સુધરેલો સમાજ, બંગલામાં રહે છે અને ગાડીઓમાં ફરે છે તે સમાજ આજે મા-બાપને, પોતાના ઈજ્જતદાર, આબરુદાર મકાનમાં "માં" કહેતા પણ શરમ અનુભવે છે. એક સામાન્ય વાત કરું છું કે એક ડોકટર, જેમને મા-બાપે ખૂબ મહેનત કરીને ભણાવ્યો, વહુ પણ ડોકટર આવી. પછી એણે એમ કહ્યું કે મારે હોસ્પિટલ કરવી છે. એક એની પાસે નાનું એવું મકાન હતું એમાં ડોકટરે હોસ્પિટલ ચાલું કરે. શરૂઆત એવી રીતે થઈ કે હોસ્પિટલમાં વોર્ડરૂમ વધારવો છે એમ કરીને મા-બાપને સર્વન્ટ રૂમમાં મૂકયા. ત્યારબાદ મા મરી ગઈ તેથી બાપને કોઈ આધાર ન રહ્યો. ડોકટર ઘણો મોટો થઈ ગયો પરંતુ એણે એના બાપની સેવા ન કરી. આપણે ફિલ્મ જગતમાં પણ જોઈએ તો અવતાર પીકચર આવ્યું જેમાં રાજેશ ખન્ના અને હેમામાલીની હતાં એ જ રીતે બાગબાન પીકચર મૂકયું જેમાં આ દેશ અને રાજયની પરિસ્થિતિનો ચિતાર આપ્યો છે. આજે વૃદ્ધાશ્રમો સમાજમાં બનાવવા માંડયો છે, ટ્રસ્ટો વૃદ્ધાશ્રમો બનાવવા માંડયા છે એમાં આપણે ઘરડા મા-બાપને રાખીએ છીએ. પરંતુ જેના માટે માણસ જીવે છે એ લાગણી શબ્દ એમાં રહ્યો નથી. જ્યાં લાગણી ભુલાઈ છે જ્યાં વૃદ્ધાશ્રમો ચાલે છે ત્યાં મા-બાપોની કેવી કરૂણ સ્થિતિ છે તે જઈને જોઈએ તો એની આપણને ખબર પડે. તેથી મારે આ તકે બે-ત્રણ વાત કરવી છે.

અમારા વિરોધપક્ષના નેતા અને અમે બધા ધારાસભ્યશ્રીઓ દેશના વડાપ્રધાન માનનીય મનમોહનસિંહ અને ચેરપર્સન શ્રીમતી સોનીયાજીને મળવા ગયા હતા ત્યારે રાજયના પ્રશ્નો અંગે વાત કરવામાં આવી ત્યારે આ વાત પણ એમના ધ્યાને મૂકવામાં આવી હતી. આ માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમસ્ત દેશની અંદર પશ્ચિમી કરણની હવા આવી છે. તે વખતે દેશના વડાપ્રધાનશ્રી અને સોનીયાજીએ વચન આપ્યું હતું કે ચંદ્રિકાબહેન, અર્જુનભાઈ તમારો વિચાર તમારી વાત સાચી છે તેથી વ્યવસ્થિત રીતે આવતા સત્રમાં અમે આ બિલને લઈને આવીશું.

મારે બીજી પણ બે-ત્રણ વાતો કહેવી છે. માત્ર વૃદ્ધાશ્રમો ખોલવામાં આવે, સંસ્થાઓ ખોલે તે વખતે સંસ્થા એનું ટ્રસ્ટી મંડળ છે એ પોતાના બાપની સેવા કરતાં નથી પરંતુ આ વૃદ્ધાશ્રમના નામે ઘણું ચાલે છે. હમણાં વલસાડમાં અનાથાશ્રમના ૫૪ બાળકો હતાં એનું આજે કોઈ ઠેકાણું નથી ત્યારે આ વાતમાં પણ આપણે ઊંડાણપૂર્વક જોવી પડશે. આપણે આશ્રમો બનાવીએ તો એમાં બાળકો સલામત રીતે રહે. પરંતુ અહીંયા તો બાળકો ગુમ થઈ ગયા આજની તારીખે બાળકો ન મળે તેવી સ્થિતિ છે.

મારુ પહેલું સૂચન છે કે દરેક જિલ્લા લેવલે એક સારામાં સારુ વૃદ્ધાશ્રમ હોય અને એ વૃદ્ધાશ્રમ કેવું તો ત્યાં મા-બાપ રહે, એ લોકોને એમ લાગે કે અમે અનાથાશ્રમમાં જીવીએ છીએ. એમાં આરોગ્ય વિભાગની સાથે શિક્ષણ વિભાગને પણ ભેળવવું જોઈએ. સમાજ કલ્યાણ વિભાગ અને સાથે શિક્ષણ વિભાગ પણ એમાં જોડાય. દર શનિ રવિની રજામાં વિદ્યાર્થીઓ એ વૃદ્ધાશ્રમમાં જાય અને એ મા-બાપને મળે જેનાથી એ મા-બાપ રાજી થાય ત્યારે મને લાગે છે કે આપણે કરોડો રૂપિયાનું દાન કે કરોડો રૂપિયાનો હવન કરીશું અને છતાં જે નહિ મળે તે પેલા મા-બાપના આર્શિવાદથી મળશે. જે દીકરાઓ આ કાર્ય કરી રહ્યા છે એની સામે પણ વિભાગે અને સમાજે લાલ આંખ કરવાની જરૂર છે. મા-બાપ ન રાખતો દીક્રો ગમે તેટલો મોટો હોય તો પણ એ શૂન્ય છે. સમાજમાં ગમે તેટલો મોટો હોય તો પણ એનું સમાજે અપમાન કરવું જોઈએ કે તમે ગમે તેટલા મોટા હોય પરંતુ તમે મા-બાપની કાળજી નથી લેતા એટલે સમાજ માટે કલંકરૂપ છો.

બીજું આરોગ્યની વાત કરીએ તો વૃદ્ધાશ્રમની અંદર ડોકટરોની ટીમ પણ જતી હોતી નથી ત્યારે નિયમિત ડોકટરોની ટીમ ત્યાં આરોગ્યની તપાસ માટે મોકલવી જોઈએ. સિટિઝનોને રક્ષણ પણ આપવું જોઈએ. સિનિયર સિટિઝન કે આવા વૃદ્ધ લોકો હોય એને ઘણી વખત હેરાન કરવામાં આવતા હોય છે ત્યારે એની સામે દંડનાત્મક કાર્યવાહી કરવી જોઈએ. એને શિક્ષા કરવી જોઈએ. ૩૦૨ની કલમ ખૂન થયું હોય એની સામે લગાડવામાં આવે છે. પરંતુ વૃદ્ધ મા-બાપ ઉપર વ્રજઘાત કરે એને આપેલા સંસ્કાર ઉપર કોઈ ક્રૂર મશ્કરી કરે તો એને કોઈ સજા થતી નથી. ત્યારે દીકરા કે દીકરી જે મિલકતના હક્કદાર હોય એને સજા થવી જોઈએ. કાયદાકીય રીતે મેજિસ્ટ્રેટને એની સત્તા આપવી જોઈએ. બિલ નંબર-૪૦-સન ૨૦૦૭ના રોજ ભારત સરકારે આ બિલ લોકસભાની અંદર રજૂ કરી દીધું છે. આ દેશના વડાપ્રધાન મનમોહન સિંઘજી અને યુ.પી.એ.ના ચેર પર્સન સોનિયાજી આ વાતનું કમિટમેન્ટ કરે છે અને આ બિલ કેન્દ્ર સરકાર દ્વારા આવી રહ્યું છે ત્યારે મને પૂરો વિશ્વાસ છે કે આ ગૃહમાં બેઠેલાં તમામ ક્યાંક માતા-પિતા છે, ક્યાંક દીકરાઓ તરીકે છે. ક્યાંક ભાઈ તરીકે છે. આ વૃદ્ધોની લાગણી આ સિનિયર સિટિઝનની લાગણી અને જે આપણાં છે, જેને પગે લાગવાનું છે. તેને બદલે ક્રુર પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેની જે વ્યથા છે તેને ગૃહ સમક્ષ મૂકી છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આની અંદર સિનિયર સિટિઝન અને

વૃદ્ધાશ્રમોમાં માતા-પિતા અને તેમાંય મારે ન કહેવું જોઈએ પણ માતા અને પિતામાં જો પિતા ગુજરી જાય તો માં તો રસોડામાં જઈને કંઈક પોતાનું કરે પણ જે કરૂણ દશા પિતાની થાય છે કે જે પિતા ન તો વહુ પાસે જઈને ચા માગી શકે, ન તો એ પિતા તેના ઘરમાં જઈને કંઈ વાત કરી શકે. માં તો હજી પોતાની સમય કાઢી શકે. ત્યારે આવી સ્થિતિનું સર્જન થયું છે ત્યારે આપણાં સૌની ક્યાંક જવાબદારી છે. મને વિશ્વાસ છે કે આમાં તમામ સભ્યશ્રીઓ પોતાના પૉઝિટીવ સૂચનો કરશે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૭નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબતનું વિધેયક આદરણીય ચંદ્રિકાબેન લઈને આવ્યા છે તેને હું સમર્થન આપવા ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દેશમાં માતા-પિતાને ભગવાનના સ્વરૂપમાં ગણવામાં આવ્યા છે. ભગવાનને આપણે કોઈએ જોયા નથી પણ માતા-પિતાને જ ભગવાન તરીકે માનીએ છીએ. એટલે " માતૃ દેવો ભવ: પિતૃ દેવો ભવ: " કહેવાયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા મા બાપની સેવા કરવી, પાલન પોષણ કરવું એ તેના સંતાનની પવિત્ર ફરજ બને છે. મા-બાપ પોતાના બાળકને સૂકામાં સુવડાવી ભીનામાં જાતે સૂઈ અનેક કષ્ટો સહન કરીને બાળકનું લાલન-પાલન કરીને ઉછેરે છે. મા-બાપ જાતે ભૂખ્યા રહીને બાળકને જમાડે છે અને મોટા કરે છે. ઉદાહરણ તરીકે આપણે જોઈએ તો શ્રવણે અંધ મા-બાપને તીર્થયાત્રા ખભે કાવડ ઉચકીને કરાવી હતી. ત્યારે અમે વિદ્યાર્થી જીવનમાં હતા ત્યારે મોટા ભાગના આવા ભજનો ગાવામાં આવતા હતા કે-

શ્રવણ કાવડ લઈને ફરતો, સેવા માત-પિતાની કરતો
તીરથે તીરથે ડગલાં ભરતો ચાલ્યો જાય, જાય, જાય.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આવા શ્રવણોની આજે સમાજમાં ઘણી મોટી ખોટ પડી છે. ત્યારે મને બીજું પણ એક ગીત યાદ આવે છે-

મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે બીજું ઉદાહરણ હું એ પણ કહું છું કે રામે માતા-પિતાના વચન ખાતર ૧૪-૧૪ વર્ષ સુધી વનવાસ ભોગવ્યો હતો એ આપણે સૌ જાણીએ છીએ. માતા-પિતા બાળક જન્મે, પોતે તડકો, છાંયડો, ભૂખ સહન કરીને મોટા કરીને, ભણાવી-ગણાવીને દુનિયામાં ઓળખ ઉભી કરે છે. ત્યારે વિધવા બેન પણ વિધવા થયા પછી પરસેવો પાડીને, મજૂરી કરીને પેટે પાટા બાંધીને પોતાના બાળકને મોટા કરે છે અને લગ્ન કરાવે, એ સમયે બાળક લગ્ન કરે પછી બાળકો જ્યારે પગભર બને, સ્વનિર્ભર બને ત્યારે ઘરડા મા-બાપનો ભાર તેમને લાગતો હોય છે અને તેમને વૃદ્ધાશ્રમમાં મોકલી આપે છે અથવા તો રઝળતા મૂકી દે છે. તો આ સમયે તેમના આત્માને કેટલો આઘાત થતો હશે એની આપણે કલ્પના પણ ન કરી શકીએ. મા-બાપની સેવા કરવી એ દરેક સંતાનની પવિત્ર ફરજ છે. પરંતુ જ્યારે આ ફરજ નિભાવતા નથી ત્યારે આવા કાયદાઓ લાવવાની જરૂર પડે છે. વૃદ્ધાવસ્થામાં પોતાનું સંતાન લાકડીનો ટેકો બનવું જોઈએ પણ તે લાકડીનો ટેકો ન બનતું હોવાના કારણે ઘરડા મા-બાપ ખૂબ જ દુઃખી થાય છે. ઘડપણમાં બાળકોની જરૂર પડતી હોય છે. દીકરો ઘણો બધો રૂપાળો હોય, શોખીન હોય કે કમાતો હોય તો પણ એ ખરેખર ઘડપણમાં સાથે આવી સહાયરૂપ થતો નથી. ત્યારે સામાજિક જવાબદારી માટેનું ખૂબ અગત્યનું બિલ બહેનશ્રી ચંદ્રિકાબેન લઈને આવ્યા છે એને હું ટેકો આપું છું અને એમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન વિધેયક ક્રમાંક-૧૪, ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ કરવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે એની અંદર હું મારો સૂર પુરાવવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દિન-પ્રતિદિન માનવતા, માણસાઈ, ગુજરાતની ઉચ્ચ સંસ્કૃતિ, વાણી, વર્તન અને સંસ્કાર એ દિવસે દિવસે ભુલાતા જાય છે. મા-બાપ જન્મ આપે, બાળપણમાંથી પુખ્ત ઉંમરના સંતાન થાય ત્યાં સુધી મારો દીકરો મોટો થશે, અમારા માટે કાંઈક આશીર્વાદરુપ બનશે, અમારો જીવન-નિર્વાહ એના આધારે થશે. પણ એ પુખ્ત ઉંમરનો થાય અને મા-બાપ એને પરણાવે અને પરણ્યા પછી એ મા-બાપનો નથી રહેતો એ વહુનો થઈ જાય છે. એ થયા પછી મા-બાપ પ્રત્યે અમાનવતાભર્યું વલણ અપનાવે છે અને એના કારણે એ મા-બાપ ભારોભાર દુઃખ અનુભવે છે અને એનો દીકરો છે એ એમને ઘરડા ઘરમાં મૂકી આવે છે. અને ઘરડા ઘરમાં મૂકી આવ્યા પછી એમની દેખભાળ કે સાર-સંભાળ લેતો નથી. ફક્ત એ સંસ્થાને કહે છે કે એના મા-બાપ જો બીમાર પડે તો એને દવા-દારૂ કરાવજો હું એના પૈસા મોકલી આપીશ. હું મારા ત્યાંનો એક દાખલો આપું. મા-બાપે ભણાવ્યો- ગણાવ્યો અને અમેરિકા મોકલ્યો. મા-બાપ બન્નેને જ્યારે ઘરડા ઘરમાં આશ્રય લેવો પડ્યો અને એ બીમાર પડ્યા ત્યારે એ સંસ્થાએ એ દીકરાને ફોન કર્યો કે તારા મા-બાપ બીમાર પડ્યા છે તમે આવો અને ખબર કાઢી જાઓ. ત્યારે એણે ફોન કર્યો અને કહ્યું કે, મારા મા-બાપની સેવા-ચાકરી કરજો અને એમની દવા કરાવજો. જે કાંઈ બિલ થશે એ

ચૂકવી દઈશ. છેવટે એ અંતિમ ક્ષણમાં પણ એના મા-બાપના દર્શન ન કરી શક્યો અને અંતિમ ક્રિયામાં જે ખર્ચ થયો એ એણે મોકલી આપ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની શાન, ગૌરવ ઉચ્ચ પ્રકારની આપણી સંસ્કૃતિ, ગુજરાતની ભૂમિ ઉપર મહાપુરુષો જન્મ્યા છે, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી રવિશંકર મહારાજ, શ્રી મણીબેન, શ્રી બાબુભાઈ બબલભાઈ કે જેમણે આપણને ઉચ્ચ સંસ્કાર, વાણી, વર્તન અને ગૌરવ અપાવ્યું છે. સંસ્કાર, એના વાણી, વર્તન કેટલા ઉચ્ચ પ્રકારનું છે. સમગ્ર દેશની દૃષ્ટિ ગુજરાત ઉપર હોય છે ત્યારે આ જે મા-બાપને આ રીતે વર્તન કરતા હોય. કોઈપણ ઘરડું મા-બાપ સમાજ કલ્યાણમાં કે સરકારમાં નાની સરખી અરજી કરે તો પણ એને રક્ષણ આપવાની જવાબદારી સરકારે સ્વીકારવી પડશે. નહીંતર આપણા સંસ્કારનો નાશ થઈ જશે, આપણા સંસ્કાર રહેવાના નથી. કારણ કે, ધન, વૈભવ, મિલકત વધ્યા એના કારણે મૂળ સંસ્કાર ગુજરાતમાં હતા એ ધીરે ધીરે ધોવાતા જાય છે. અને એટલા જ માટે આ બિલમાં મેં સમર્થન આપ્યું છે અને આપુ છું કારણ કે માબાપ એ મોટા દેવ છે. માબાપની જે કોઈ લોકો સેવા કરે છે એ જીવનમાં કોઈ દિવસ દુઃખી થતા નથી અને એની સાથેસાથે જે વ્યકિત કન્યાદાન આપે છે એના જેટલું પુણ્ય દુનિયામાં કોઈ જગ્યાએ નથી. તમે દ્વારકા, મથુરા વૃંદાવન જાય એ જે પુણ્ય મળે છે એના કરતા મા-બાપની સેવા કરે એટલું જ પુણ્ય ત્યાં મળે છે ત્યારે એ પુણ્ય અને માબાપ અને આપણી સંસ્કૃતિ સાચવવા માટે સંસ્કાર અને વાણી વર્તન સાચવવા માટે પણ આ બિલને આવકારી અને આ બિલ ઉપર જે કંઈ સૂચન છે એના ઉપર ખાસ મંત્રીશ્રી ધ્યાન આપે, આપણું ગુજરાતનું ગૌરવ શાન, અબરૂ ઉંચા પ્રકારના છે એને સાચવવાનું છે એટલા સૂચનો સાથે વિરમું છું.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય ચંદ્રિકાબેન ચુડાસમા જે વિધેયક લઈને આવ્યા છે એ સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, બહેનશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ ખરેખર સામાજીક સંવેદનાવાળું બિલ છે. એના હાર્દ સાથે હું સંમત થઉ છું. જનની જન્મભૂર્મિશ્ચ સ્વર્ગાદપી ગરીયસી, જનનીને સ્વર્ગથી પણ ઉચ્ચકક્ષાએ એને મૂકવવામાં આવી છે. એ જનની જયારે પોતાના બાળકને જન્મ આપે છે, ૯-૯ મહીના એ પોતાના ઉદરમાં રાખે, કષ્ટ વેઠીને એને જન્મ આપે દુઃખો સહન કરીને, પોતે મજૂરી કરીને પોતાના બાળકને પેટે પાટા બાંધીને ભણાવે, ગણાવે, મોટા કરે, પોતાને આશા હોય, અરમાનો હોય કે મારો દીકરો મોટો થઈને કંઈક આગળ વધશે પણ દીકરો મોટો થાય, લગ્ન કરે અને લગ્ન કરતાની સાથે જ અમે બે અને અમારા બે એ લઈને એ તરત જ એને માતાપિતા એને આઉટ ઓફ ડેટેડ લાગે, એને દીવાલરુપ લાગે, પરિણામે માતાપિતા કેવી રીતે દૂર થાય એની પેરવીમાં પડે. આ બધાનું જ કારણ છે પશ્ચિમી કલ્ચર આપણા સમાજ પર પડયું છે. પરિણામે આજે દિવસેને દિવસે આપણી પરાપૂર્વ જે સંસ્કૃતિ હતી , માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ અને એક વખત દેવોને પણ માતાનું દૂધ દોહ્યલું લાગતું હતું એ માતાને કાળક્રમે આપણે ભૂંસતા ગયા છીએ. માતાપિતા બે વખત રડે છે. એક વખત માતાપિતા પોતાની દીકરીને સાસરે વળાવે ત્યારે રડે છે બીજી વખત માતાપિતા પોતાનો દીકરો એનાથી દૂર રહેવા જાય છે અથવા તો માતાપિતાને એનાથી દૂર કરીને કયાંક વૃદ્ધાશ્રમમાં ઢસડી મૂકે છે ત્યારે માતાની આંખમાં આંસુ આવે છે અને એ ધ્રુસકે ધ્રુસકે રડે છે. આપણા સમાજની અંદર રીતરીવાજ છે કોઈના ઘેર દીકરી જન્મે તો જલેબી વહેચાય, દીકરો જન્મે ત્યારે પેંડા વહેચાય પણ એ જ લાલો, એ જ દીકરો પોતાની માતાને વૃદ્ધાશ્રમમાં મૂકીને વેચી આવે છે. આ સમાજની કરુણતા છે. આ જે સમાજની અંદર આપણે જોઈએ ધનિક ગણાતા ઘરોની અંદર પૈસેટકે સુખી સંપન્ન હોય પણ માતાપિતાની દુર્દશા કેવી હોય છે એ આપણે બધા જાણીએ છીએ. ગ્રામ્ય વિસ્તાર આજે આનાથી પર રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં હજી પણ વૃદ્ધ માતાપિતાની ઈજજત થાય છે. એનું એક જ કારણ છે. શહેરીકરણ અને શહેરીકરણની અંદર જે સંયુકત કુટુંબો હતા એ કુટુંબો વિભકત થયા, વિભકત થવાને કારણે એ માતાપિતાને ભૂલ્યા છે. એટલા માટે આજે જે બેનશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ ખરેખર ખૂબ મહત્ત્વનું પણ છે તેમ છતાં આજે સરકાર દ્વારા ઘણા વૃદ્ધાશ્રમો ચાલે છે. બીજી અનેક યોજનાઓ પણ રાજય સરકાર દ્વારા ચાલે છે ત્યારે બહેનનું વિધેયક ખૂબ સારું હોવા છતાં હું એની સાથે સંમત થઈ શકતી નથી. એના હાર્દ સાથે જરૂર હું સંમત થઉ છું અને ફરી બેન જે વિધેયક લઈને આવ્યા છે હું ધન્યવાદ પણ આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા જે બિલ લઈને આવ્યા છે એના હાર્દમાં સમગ્ર ગૃહ સંમત છે. પણ બધા જ આપણે સંસ્કૃત્તિની વાતો કરીએ છીએ અને મોટાભાગના ઘરોમાં આપણને આનંદ એ વાતનો છે કે હજી મા-બાપને માન અને આદર મળે છે. પણ જ્યાં માન અને આદર ઓછો થાય છે ત્યારે જે પ્રશ્નો ઉદ્ભવે છે ત્યારે એનું સોલ્યુશન શું એ સૌને વિચારતા કરી મૂકે તેમ છે. મેં ગામડામાં ઘણી વખત જોયું છે કે મા-બાપે મજૂરી કરીને દીકરા-દીકરીને ભણાવ્યા હોય, દીકરી સાસરે જાય, બે કે ત્રણ દીકરા હોય, સંપતિનો ભાગ પડી જાય અને ત્યારે મા અને બાપ છે એ છોકરા ઉપર, પોતાના દીકરા ઉપર આશ્રિત થઈ જાય. ક્યાંક એવા પણ પ્રસંગો જોયા છે કે મા અને બાપના દીકરાઓ ભાગ પાડે છે. એકને રોટલો એક દીકરો આપે અને બીજાને બીજો દીકરો આપે આ વાસ્તવિક પરિસ્થિતિ છે. એટલું સારું છે કે હજી ગ્રામ્ય સંસ્કૃત્તિમાં વૃદ્ધાશ્રમે પ્રવેશ નથી કર્યો. વિદેશમાં જોયું છે કે ત્યાં ઘણા કુટુંબમાં મા-બાપને ખૂબ આદરથી નિભાવવામાં આવે છે, સાથે રાખવામાં આવે છે અને ઘણા મા-બાપો નર્સિંગ હોમના નામે ત્યાં વૃદ્ધાશ્રમમાં રહેતા

હોય છે. આ દેશમાં આ પરિસ્થિતિનો ઉકેલ શું? આપણે દરેક વખતે એમ કહીએ છીએ કે ભારતીય સંસ્કૃતિમાં દીકરીની પૂજા થાય છે. સૌથી વધારે શોષણ પણ દીકરીઓનું થાય છે. મા-બાપને ભગવાનની જેમ પૂજવાની વાતો થાય છે પણ સૌથી વધારે હેરાન મા-બાપ આપણા દેશમાં થાય છે. આપણા દેશમાં મા-બાપને દીકરા પાસે બહુ મોટી અપેક્ષા રહેતી હોય છે. આ અપેક્ષા સૌથી વધારેમાં વધારે આ રોગનું મૂળ છે. સૌથી સારો ઉપાય છે કે મા-બાપની પૂજા કરવાનો ઉપદેશ નહીં, આ ગૃહમાં પણ મેં ઘણા લોકોને જોયા છે. અશોકભાઈને જોયા છે, બીજા મિત્રોને જોયા છે કે જેઓ મા-બાપને ખૂબ આદરથી રાખે છે. દાખલો લેવાય એવી રીતે રાખે છે. આપણા દેશમાં ઘ ણા મા-બાપો એવા છે કે જ્યાં સવારથી સાંજ સુધી માત્ર એમનું અપમાન થતું હોય છે. હવે મા-બાપની વહેંચણી કરવી છે, મરી જાય એટલે તર્પણ કરવા માટે બીજી જગ્યાએ જાય છે. આ પ્રથાનો સંપૂર્ણપણે વિરોધ થવો જોઈએ. મા-બાપને કોઈ જગ્યાએ દેવ તરીકે પૂજવાની જરૂર નથી. માત્ર અને માત્ર એ આર્થિક રીતે સક્ષમ રહે, જીવનના છેલ્લા દિવસ સુધી એ મા-બાપ કોઈની લાચારી ન ભોગવે એ પરિસ્થિતિનું જ્યાં સુધી નિર્માણ નહિ થાય ત્યાં સુધી આપણા રાજ્યના, આપણા દેશના વૃદ્ધો લાચાર બની રહેવાના. મેં મારા મા-બાપ સહિતના તમામ વડીલોને કહ્યું છે કે જ્યાં સુધી તમે જીવો ત્યાં સુધી દીકરાને કોઈ દિવસ જમીનના ભાગ પાડવા આપતા નહિ. જ્યારે તમે જાઓ ત્યારે એને વારસો જરૂર આપી જવો પણ જ્યાં સુધી જીવો ત્યાં સુધી પોતાની મરણમૂડી છે એના ભાગ પાડવા દીકરાઓને ન આપતા. મેં જોયું છે કે પ્રોવીડંડ ફંડના પૈસા દીકરાને ધંધો કરવા માટે આપ્યા હોય પછી દીકરીને ૧૦૦ રૂપિયા પણ દીકરો આપતો નથી. આ પરિસ્થિતિનું નિર્માણ આપણે બધાએ જોયું છે. એટલે આર્થિક રીતે સદ્ધર બનાવવા હશે તો દીકરા-દીકરીને ભણાવીને મોટા કરવાની જવાબદારી, ૧૮ વર્ષના થાય ત્યાં સુધી બધી જવાબદારી મા-બાપ લેતા હોય છે પણ ૧૮ વર્ષના થઈ જાય ત્યારે પછી મા-બાપ ઉપર દ્રષ્ટિ રાખીને બેસે છે અને મા-બાપ પાસેથી મકાન પડાવી લઈ અને એ જ મકાનમાં એમને આશ્રિત બનાવે છે. એ મનોવૃત્તિવાળા લોકો માટે પૂજા કરવાની નહિ પણ એના માટે કાંઈ વ્યવસ્થા કરવાની અને જ્યાં સુધી મા-બાપ જીવે ત્યાં સુધી મા-બાપની સંપત્તિ બીજાના નામે ન થાય એવા કાનૂનો આવતા દિવસોમાં લાવવા પડવાના છે. એટલા માટે ચંદ્રિકાબેન બિલ લઈને આવ્યા છે એ તો એવા મા-બાપનું છે કે જેના નામે કોઈ સંપતિ નથી, કોઈ ઘર નથી અને એની જવાબદારી જેમ બાળકની જવાબદારી છે એની જેમ વૃદ્ધો અને વડિલોની આપણા સૌની જવાબદારી છે. રાજ્યની જવાબદારી છે. યુ.પી.એ. સરકાર બિલ લઈ આવે, પાસ થઈ જાય, અને એના પછી આની સાર-સંભાળ, ખાવા માટે કોઈ આશ્રમમાં ના જવું પડે, પણ રહેવા માટે પોતાને સ્વતંત્ર ઘર મળે, સ્વતંત્રતા મળે, પોતાને બે પૈસા ખિસ્સામાં હોય એ વાપરવાની તક મળે, એવા જીવનના છેલ્લા દિવસોમાં સંતોષપૂર્ણ જીવન જીવી શકે એવું સૌ આ ગૃહના સભ્યો ખરેખર મનથી મક્કમ કરે એ પ્રમાણે કાયદો જ્યારે જ્યારે પણ લઈ આવવો પડે ત્યારે લઈ આવે એ બિલના હાર્દ સાથે હું સંમત થાઉં છું.

**શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનીય બહેનશ્રી ચંદ્રિકાબેન જે બિલ લઈને આવ્યાં છે એ બિલના હાર્દ સાથે હું સંમત છું.

આખું બિલ લાગણી અને ભાવના સાથે સંકળાયેલું છે. પરંતુ એકલી લાગણી અને ભાવના આ વૃદ્ધ માતા-પિતાને મદદ કરી શકતી નથી. બધા પોતાની નૈતિક જવાબદારી સ્વીકારે એ આપણી બધાની અપેક્ષા હોય એ સ્વાભાવિક છે. છતાં પણ રાજ્ય સરકારે આના માટેના જે પ્રયત્નો કર્યા છે. બહેનશ્રીએ કહ્યું, એ પ્રમાણે જિલ્લાના તમામ મથકોએ એમની અપેક્ષા છે કે આવા વૃદ્ધાશ્રમો થાય તો જે લોકો આવે છે એ લોકોને પણ એનો ન્યાય મળે. રાજ્યમાં જે કુલ ૮૯ જેટલા વૃદ્ધાશ્રમો ચાલે છે. એમાંથી ૨૧ વૃદ્ધાશ્રમો રાજ્ય સરકાર સંચાલિત છે, ૬૮ વૃદ્ધાશ્રમો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. રાજ્યમાં ૨૧ જિલ્લામાં સરકાર સંચાલિત જે વૃદ્ધાશ્રમો છે એ પૈકી વધારાના ત્રણ વૃદ્ધાશ્રમો આ વખતે બજેટમાં ત્રણ જિલ્લામાં અમે નવા વૃદ્ધાશ્રમો કરવાનો નિર્ણય કર્યો છે. એટલું પૂરતું નહિ, આ વૃદ્ધાશ્રમોમાં અત્યાર સુધી એનું સ્ટાફનું સેટઅપમાં ખામી હતી તો બાકીના અઢારે અઢાર વૃદ્ધાશ્રમોમાં ગૃહમાતા કે ગૃહપતિની જરૂર હોય તે, કલાર્ક, વોચમેન, એના આરોગ્યની સુધારણા માટે પહેલી વખતે સારા કન્સલ્ટન્ટ ડૉકટર આ બધી વ્યવસ્થા આ વખતના બજેટની અંદર અમે ચોક્કસ કરી છે. એ સાથે સાથે રાજ્ય સરકારની અને કેન્દ્ર સરકારની પણ યોજના છે. આ વૃદ્ધોને મદદ કરવા માટે અત્યાર સુધીમાં ૨૭૫ રૂપિયા દર માસિક આપવામાં આવતા હતા એના બદલે પહેલી એપ્રિલથી તા.૧/૪/૨૦૦૭થી આ તમામ વૃદ્ધોને દર મહિને ૪૦૦ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. સાથે સાથે જે વૃદ્ધાશ્રમો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે એની પાછળ પણ ૧૮.૨૭.૬૪નો ખર્ચો કર્યો છે. એમના નિભાવ માટે ૬૩ લાખ જેટલી નિભાવ ગ્રાન્ટ આપવાનો અમે પ્રયાસ કર્યો છે. સાથે સાથે જે વિશેષ કરીને વિધવાબહેનોને પણ રાજ્ય સરકાર દર માસિક ૫૦૦ રૂપિયા, એના બાળકોને માટે ૮૦ રૂપિયા ૧૮ થી ૪૦ વર્ષની વયની વિધવા માટે આવી એક લાખ કરતા વધારે વિધવા બહેનોને પણ જ્યારે રાજય સરકાર સમર્થન આપી રહી છે ત્યારે સંકટમોચન યોજના, અર્જુનભાઈએ કહ્યું એ પ્રમાણે મા-બાપ પોતાના બાળકની ચિંતા કરતા હોય છે. આવા અતિ પછાત ગરીબ જે હોય એના કુટુંબના કોઈ વ્યકિતનું મૃત્યુ થાય તો પણ સંકટમોચન યોજના અન્વયે ૧૦,૦૦૦ રૂપિયા આપવાની રાજ્ય સરકારની યોજના છે. બહેને વાત કરી એ પ્રમાણે કેન્દ્ર સરકાર આ અંગેનું બિલ પાર્લામેન્ટની અંદર લઈ આવી છે. જે તે વખતે અમારા વિભાગ થકી અમારે પણ જે કહેવાતું હતું એની સંમતિ સાથે એના મારા સૂચનો પણ મોકલ્યાં છે. અપેક્ષા એવી છે કે આ સત્રમાં

આવવાનું હતું, આવ્યું કે નહિ એની કોઈ માહિતી હજુ મારી પાસે નથી. પરંતુ આ જે બિલ લોકસભાની અંદર મંજૂર થશે તો અત્યાર સુધીમાં જે મા-બાપને કોર્ટના ધક્કા ખાતા હતા એ કોર્ટના ધક્કા ના ખાતા એની સામે ફોજદારી કામ કરવાની પણ આ કાયદાની અંદર છૂટ આપવામાં આવેલ છે તો આ સભાગૃહ સમક્ષ હું ચોક્કસ ખાતરી આપું કે કેન્દ્ર જે કાંઈ પ્રકારનો કાયદો કરશે એ કાયદાના અમલ માટે રાજ્ય સરકાર ૧૦૦ ટકા એમાં પ્રયત્ન કરશે. એથી એક ડગલું આગળ વધીને પણ આ રાજ્ય સરકાર કરવાનું થશે એ કરવાની ખાતરી સાથે બહેનશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલને પરત ખેંચે એવી એમને વિનંતી કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ લાગણી સભર અને ભાવના સાથે આ સભ્યશ્રીઓ મારા બહેન શ્રીમતી ભીખીબેન, શ્રીમતી રમીલાબેન તથા ભાઈશ્રી શંકરભાઈ અને અમારા વિરોધપક્ષના નેતા શ્રી અર્જુનભાઈએ વાત કરી, માનનીય મંત્રીશ્રીએ પોતે પણ આટલી આટલી કાર્યવાહી થાય એનો જવાબ આપ્યો. પરંતુ માત્ર સગવડતાઓ નહીં પણ વૃદ્ધ લોકો જે મા-બાપ છે, આપણા જે સિનિયર સિટીઝનો છે એ લાગણીના પણ એટલા જ ભૂખ્યા છે અને જીવનની અંદર બધા જ વગર જીવી શકાય પણ લાગણી વગર માનવ જીવી શકતો નથી ત્યારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ અને આજે હૃદયપૂર્વક હું આ ગૃહ દ્વારા આપણા વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ અને યુ.પી.એ. ચેરપર્સન શ્રીમતી સોનીયાજીનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું કે એમણે લોકસભામાં બિલ નંબર-૪૦ સન ૨૦૦૭ જે રજૂ કરી દીધું છે, ચર્ચા કરીને બિલ મંજૂર થશે પછી માનનીય મંત્રીશ્રીએ પણ પોતે પોતાના વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને જે સૂચનો કર્યા છે એની અમલવારી થશે ત્યારે હું મારું આ વિધેયક, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૭નું ગુજરાત માતા-પિતા અને આશ્રિચોના ભરણપોષણ બાબત વિધેયકને પાછું ખેંચવાની સભાગૃહ પાસે મંજૂરી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા**: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૪-સન૨૦૦૭નું ગુજરાત માતા-પિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક પાછું ખેચું છું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી, બહેનશ્રી ચંદ્રિકાબેનનો હું આભાર માનું છું.

**સભાપતિશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

### સરકારી વિધેયકો (ક્રમશઃ)

## ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ (ક્રમશઃ)

**સભાપતિશ્રી:** હવે વિધેયક ક્રમાંક:૨૪ની અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલશે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) (ક્રમશઃ):** માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે, આ બિલનો અમલ જો ચાલું થશે તો ગુજરાતમાં જે નાના અને સીમાન્ત ખેડૂતો છે એના હાથમાંથી અત્યારે જે સિંચાઈનો લાભ છે એ સરકી જશે. માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં અત્યારે જે લોકો પાસે ટૂંકી જમીનો છે એ લોકોને જો સમયસર પાણી આપવામાં નહ આવે અને પાણીનું રાજકારણ ચાલું થઈ જશે અને આ સરકાર એ કરવા જ જઈ રહી છે અને જો પાણીનું રાજકારણ થઈ જશે તો ગામડાના નાના અને સીમાન્ત ખેડૂતો છે એણે એની જમીનો મોટા ખેડૂતોને ફરજીયાત વેચવી પડશે. માનનીય અધ્યક્ષશ્રી, આઠ કિલોમીટરની ત્રિજયાનો કાયદો રેવન્યુ વિભાગે કાઢયો અને જે નાના અને સીમાન્ત ખેડૂતોની દૂરદશા થઈ, એજ દૂરદશા અમે આ કાયદાના અમલથી જોઈ રહયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં આ પહેલાં ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જયાં નહેરોનું પાણી પહોંચાડી શકયા હજુ નથી અને ત્યાં જયારે સુજલામ્ સુફલામની યોજના મારફતે આ પાણી પહોંચી જશે, ખેતરે ખેતરે પહોંચશે એવા ધ્યેય સાથે એક વિતરણની આખી વ્યવસ્થા પાણી પહોંચે એ પહેલા ઉભી કરીને ગામડામાં રાજકારણ શરૂ કરી દીધું છે. સાચા અર્થમાં જયારે અમે પાણી પહોંચાડ્યું, સાચા અર્થમાં યોજનાઓ બનાવીને ખેતર ખેતર સુધી પાણી પહોંચાડ્યું ત્યારે પણ સરકાર સુવ્યવસ્થિત રીતે સરકારના અધિકારીઓ, સરકારના ઈજનેરો, સરકારના નાના નાના કર્મચારીઓએ સુંદર રીતે આયોજન કરી અને કોઈ દિવસ ખેડૂતો નારાજ ના થાય એની ચિંતા કરીને પાણી પહોંચાડતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયનો પ્રશ્ન, રાજયના ખેડૂતોનો પ્રશ્ન છે, ગામડાઓનો પ્રશ્ન છે, ખેડૂતોની સિંચાઈના પ્રશ્ન સાથે તમામ કર્મચારીઓ, અધિકારીઓ, સ્ટાફે, ચૂંટાયેલા ધારાસભ્યો, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત હોય તમામ પદાધિકારીઓએ ચિંતા કરીને ખેડૂતોના પ્રશ્નને હંમેશા વાચા આપીને હંમેશા એના નિકાલની દિશામાં કામ કર્યુ છે. કોઈ ખેડૂત મંડળો, કોઈ કિસાન સંઘ કે બીજી જે કોઈ ખેડૂતોના મંડળો ચલાવતા હોય એમણે આવી કયારેય માગણી કરી નથી કે, અમને સરકાર તરફથી મુશ્કેલીઓ પડવા માંડી છે, સરકારના કર્મચારીઓ, અધિકારીઓ વિતરણમાં ગેરરીતિઓ કરે છે, અમને સમયસર પાણી પહોંચાડતા નથી એટલે અમને આવી મંડળીઓ મારફતે પાણી પહોચાડવામાં આવે તો જ આ વ્યવસ્થા સારી ગોઠવાશે. તો જ આ વ્યવસ્થા સારી ગોઠવાશે એવી કોઈ માગણી ન થઈ હોવા છતાં મંત્રીશ્રીને કેમ રાતોરાત આ વિચાર જાગ્યો એમાં લાંબાગાળાનું

રાજકારણ અમે જોઈ રહ્યા છીએ. મંત્રીશ્રી જે કાંઈ ધ્યેય સાથે આવ્યા હોય, કદાચ એમનો ઈરાદો સારો પણ હોઈ શકે. કદાચ એમનો ઈરાદો ગામડાંમાં સિંચાઈના પાણીની વ્યવસ્થા કરવાનો પણ હોઈ શકે પણ એ શકય નથી. ગર્ભિત રીતે જે છુપાયેલું છે ગામડામાં ખેડૂત ખેડૂત વચ્ચે ઝઘડા તરફ આ વસ્તીને લઈ જઈ રહી છે. મોટો અજગર નાના અજગરને ખાય, મોટો સાપ નાના સાપને ખાય એમ મોટા ખેડૂત ગામના સ્થાપિત હિતો ઊભા થશે. જેમ સહકારી મંડળી, સરપંચ ગામડાંમાં સ્થાપિત હિતો ઊભા થયા છે આ સ્થાપિત હિતો તરફની આ દિશા છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બીલ ઉપર ખૂબ ચિંતન કરવું જોઈએ અને પ્રવર સમિતિને સોંપી દેવું જોઈએ અને પછી જ પસાર થાય એવી વિનંતી છે. એટલે માનનીય મંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે એને સમર્થન આપી શકતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઈ મંત્રીશ્રી ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થા ૨૦૦૭નું વિધેયક ક્રમાંક- ૨૪ લાવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. મારી અગાઉના વકતાએ વાત કરી એમાં મારો સૂર પુરાવું છું. ખાસ કરીને બલવંતસિંહભાઈએ કહ્યું એમણે જે ભય વ્યકત કર્યો એનો અમે અનુભવ કરી રહ્યા છીએ. એક અખતરારૂપે આ વ્યવસ્થાનું અમલીકરણ ગુજરાતમાં થઈ રહ્યું છે એવું ઈન્ટ્રોડકશન વખતે સિંચાઈ મંત્રીશ્રીએ કહ્યું. અમારો વિસ્તાર કચ્છ એમાં વરસાદ ઓછો થાય ૨-૪ વર્ષે એકાદ વખત ડેમ ભરાય અને એ વખતે સિંચાઈ મંડળીની રચના કરવામાં આવે. સિંચાઈ મંડળી જુદા ગામની હોય ડેમ એનાથી ૨૦-૨૫ કિલોમીટર દૂર હોય અને કમાન્ડ એરિયામાં આવતા ખેડૂત, ખાતેદારને આ મંડળીમાં સભ્ય ન બનાવ્યા હોય એટલે એને પાણીથી દૂર રાખવાનો પ્રયત્ન કચ્છમાં થયેલ છે. એટલે અમે જિલ્લાની સંકલન સમિતિ અને સિંચાઈ વિભાગ પાસે પણ રજૂઆત કરી હતી. આને કારણે આ પ્રશ્નમાં થોડી રુકાવટ આવી હતી પણ ભવિષ્યમાં ખૂબ મોટા પ્રમાણમાં પાણી આવશે ત્યારે ગામેગામ આ નવા સુબાનું આધિપત્ય થઈ જાય છે. સિંચાઈ ખાતુ પ્રમાણમાં શિસ્તબદ્ધ ખાતુ છે. આ ડેમમાં કેટલું પાણી ભરાય છે એના આધારે સિંચાઈને પાછું આપવાની પ્રથા, પરંપરા હોય છે આને કારણે કેટલી જમીનની સિંચાઈ થઈ શકે જેથી કરીને છેલ્લુ પાણી આપતી વખતે ડેમમાં પાણી ન હોય એવી પરિસ્થિતિ ન બને એની પણ કાળજી રાખવામાં આવે છે એટલા જ પ્રમાણમાં જમીનમાં પાણી ભરાય એના પ્રમાણમાં કેટલા એકરમાં થયું છે એ રીતે ખાતેદારને માગણીના પ્રમાણમાં ચાર એકર જમીન છે તો બે એકરમાં માગે એ રીતે ગામનાં લોકોને મળીને વ્યવસ્થા કરે એના બદલે આ સિંચાઈ મંડળી અને એની મુદત ૬ વર્ષની કરવામાં આવે એટલે બદલવું હોય તો આપણે પ્રજા પાંચ વર્ષે બદલી શકે પણ આમને તો ૬ વર્ષ મળે એટલા માટે કે આ બીલની અંદર એ વ્યવસ્થા છે. વાડા પદ્ધતિ આપણી જુની વ્યવસ્થા છે. સિંચાઈ વિભાગ દ્વારા ચાલતુ હતુ ત્યારે આ પ્રકારની મંડળીની રચના કરવાના ભયસ્થાનો છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પ્રવર સમિતિને સોંપી ચકાસણી કરવામાં આવે અને પછી જ બીલ લાવવામાં આવે, ઉતાવળ નથી. અત્યારે પાણીની વ્યવસ્થા સિંચાઈ વિભાગ દ્વારા થાય છે. સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે મંડળી હોય, અધિકારી હોય અને છતાં આખેઆખા ડેમનું પાણી કચ્છમાં કોઈ ઉદ્યોગને, ઉદ્યોગ આખો કારાભોગા ડેમ મુંદ્રા તાલુકાનો એમાં ૬૦ હોર્સ પાવરના ૩ પંપ સેટ મુકીને મહિનાઓ સુધી પાણી લેવાયુ. અહીંથી વીજીલન્સની ટીમ ગાંધીનગરથી ગઈ એણે ત્રણ એન્જીનીયરને પાણીચુ પકડાવ્યુ. એની સામે કોઈ પોલિસ ફરિયાદ કરવામાં ન આવે. માત્ર ૨૫૦૦૦ જેવી રકમ ૪૦૦ એકરની કમાન્ડનો જે ડેમ હોય એના માત્ર ૨૫૦૦૦ રૂપિયા લઈ. અને લીપાપોથી કરવામાં આવે આવી બાબતો ઉપર માનનીય સિંચાઈ મંત્રી ધ્યાન આપે તો સાચી આવકો રાજ્યને અને ખેડૂતોને ઉપયોગી થશે. વરસાદ કે પાણીથી ભરાયું, એમાં ખેડૂતો કોઈ પાસે ન માગી શકે એવી પરિસ્થિતિ છે, કારણ કે એમને ખબર હતી કે ઉદ્યોગવાળા પાણી લઈ જાય છે. અમારા ભાગે નહિ આવે એકાદ પાણી આવશે તો બાકીનું પાણી નહિ આવે તો કરેલું ખર્ચ પણ નિષ્ફળ જશે. આ પાણી કારાભોગા ડેમની અંદર પાણી ચોરીની બાબત છે, એની અંદર મંત્રીશ્રી કાળજી કરે અને આપણે પાણીનું બિલ જે રીતે આપણે ઉદ્યોગોને આપીએ છીએ અને ૧૯૯૭ની અંદર સિંચાઈ ખાતાના ડેમો હતા, એમાંથી ઉદ્યોગો પાણી વાપરતા હતા, એના માટેનો ખાસ પ્રકારનો દર નાખવામાં આવ્યો, એના કારણે રાજ્યની આવકની અંદર વર્ષે ૩૦૦ કરોડ રૂપિયાની આવક થઈ. જો એમ માનતા હતા કે આ પાણી અમારો અબાધિત અધિકાર છે, પરંતુ આ પાણી રાજ્યની પ્રજાના પૈસાથી થયેલ સિંચાઈ યોજનાનું પાણી છે અને ખેડૂતો ઉપર એનો પહેલો અધિકાર હોય એ ઉદ્યોગો વાપરે તો એના માટેનો ખર્ચ, ચાર્જ ચુકવવો પડે એ ઉદ્યોગપતિઓ નામદાર સુપ્રીમ કોર્ટ સુધી ગયા અને એના કારણે રાજ્ય સરકારનો જે હક્ક હતો તે પ્રસ્થાપિત થયો એ પછી દર નાખવામાં આવ્યો હોય તો એ વસૂલ કરવો જોઈએ. આવી સિંચાઈ મંડળીને બદલે એ ઉદ્યોગોને અપાતું પાણી કોમર્શિયલ યુઝ માટેનું હોય, એની વસૂલાત વધુ થાય તો એમાંથી વધુ સિંચાઈ યોજના થઈ શકે. ખાસ કરીને પાણીના સિંચાઈની સગવડો સાથેની પાંખી સગવડો સાથેનું કચ્છ જિલ્લા વાલ્મીના, હમણા એક અહેવાલની અંદર આંકડા વિભાગ તરફથી આવ્યું કે આ મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એમાં મધ્ય ગુજરાતની અંદર ૪,૦૦૦ મિલિયન ક્યુસેક મિટર પાણી એ સિંચાઈથી આપ્યા પછી ચોમાસા પહેલા ઉપલબ્ધ હોય અને કચ્છ જેવામાં માત્ર ૪ મિલિયન એકર ક્યુસેક મિટર પાણી હોય, આટલી બધી વિસંગતતા હોય, ત્યારે ખાસ કરીને આવા વિસ્તારોમાં ખર્ચ કરવા માટેની આવક આ પાણીના દરમાંથી થઈ શકે. બજેટની અંદર સારી જોગવાઈ સિંચાઈ વિભાગને આપવામાં આવેલ છે, ત્યારે આ સિંચાઈની સવલતો વધારવામાં આવે, તો ગઈકાલે

માનનીય ભુપેન્દ્રસિંહજીને સવારમાં કહ્યું હતું કે રાજયની અંદર જે ખેતઉત્પાદન વધે છે એ કદાચ વ્યક્તિદીઠ ૫,૦૦૦ કે ૬,૦૦૦ રૂપિયાનું ૫ કરોડની પ્રજાને ૩૦,૦૦૦ કરોડનું ઉત્પાદન, પાણી આપણે ત્યાં મારા વિસ્તારની અંદર જ્યાં પાણીની સગવડો છે, એના ઉદભવન સિંચાઈથી પાણી અપાય છે અને ત્યાં વ્યક્તિગત ૩૦-૩૦ હજાર રૂપિયાનું ઉત્પાદન માત્ર સારા વરસાદના કારણે, વરસાદી પાણી સાચવવાની જે જરૂરિયાત છે, એનો સાચો ઉપયોગ કરવા માટેનું એક તંત્ર ગોઠવાય, તે ખૂબ જરૂરી છે. આ પ્રકારની મંડળીઓ છે, એના કારણે અગાઉ બીજા સભ્યશ્રીઓએ કહ્યું તે પ્રમાણે નવા સુબાવો થયા છે, એને સિંચાઈ વિભાગની કાર્યદક્ષતા છે એ ચોકસાઈનું ધ્યાન રાખવામાં આવે તો સાચી દિશાની અંદર આ ખેડૂતોને પાણી પૂરતા પ્રમાણમાં આપી શકાશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રોએ જે ચર્ચા કરી, એનો વિગતવાર જવાબ આપવા માટેનો મને કોઈ વાંધો ન હોય. મારે ટૂંકમાં કહેવું છે કે આ મિત્રો બોલ્યા છે એમણે પોતે કદાચ ઈલેવન-ફાઈવ યર પ્લાનનો જે પ્લાનિંગ કમિશન ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાનો ૨૦૦૬ નો એનો રેફરન્સ જોયો હોત અને વાંચ્યો હોત તો ખ્યાલ આવત કે કમિશને એની સ્પેસિફિકલી ગુજરાતના પી.આઈ. એક્ટના They have written liken this:

"Participatory Irrigation Management (PIM) by democratically organised Water User Associations empowered to set water charges, collect and retain substantial part of it, would help to maintain field channels, expand irrigated area, distribute water equitably and provide the tail enders there just share of water. Experience in Gujarat has shown the effectiveness of such PIM. The ૧૧th Plan must expand reliance on PIM on a large scale. This is told by ૧૧th Finance Commission.

માનનીય અધ્યક્ષશ્રી, આ મિત્રો આજે યુ.પી.એ. સરકાર દ્વારા જ્યારે ત્યાં રેકમન્ડ કરવામાં આવ્યું છે. ગુજરાતના પી.આઈ.એમ. એક્ટને અનુસરવાનું સમગ્ર દેશમાં કહ્યું છે, ત્યારે આ મારા મિત્રો અજાણ થઈને તેની ટીકા કરે છે. આનો હેતુ એવો છે કે પી.આઈ.એમ. એકટ બનવાથી, ખેડૂત મંડળીઓ બનવાથી લોકોનું શોષણ કરવાનો ઈરાદો છે તેવો કોઈ હેતું આમાં નથી. અમારા એક મિત્રએ કહ્યું કે ૫૧ ટકાને બદલે ૭૫ ટકા કહેતા હતા. લોકશાહીમાં પણ ૫૧ ટકા એક એવી ફીગર છે કે તેની અંદર નિર્ણય લેવાની નિર્ણાયકતા આવે છે. ૫૧ ટકાથી ૧૦૦ ટકા સુધી પણ હોઈ શકે છે. આપ જ્યારે ચૂંટણી લડો છો ત્યારે ૫૧ ટકાથી જીતો છો. એક મિત્રએ કહ્યું કે પાંચ વર્ષ રાખ્યા છે તેના બદલે ત્રણ વર્ષ કરીએ તો, આપ ધારાસભ્ય તરીકે પાંચ વર્ષ સુધી રહો છો અને રાજયસભામાં તો છ વર્ષ રાખ્યા છે. જો તેમાં આપણે બે વર્ષ કરીએ તો શું વાંધો આવે? પણ આ એક વ્યવસ્થા હોય છે. એકટમાં જે સૂચનો કર્યા છે અને જે એકટ બનાવ્યો છે તેની અંદર અનુભવી લોકોનો ઉપયોગ કર્યો હોય છે. માનનીય બલવંતસિંહે કહયું હતું કે નહેરોના સમારકામમાં ૮૦:૨૦ કે ૬૦:૪૦ મુજબ સૂચન કર્યુ હતું. આજની તારીખે મારા વિભાગમાં પી.આઈ.એમ. માટે ૮૦:૨૦ નહીં પણ ૯૦:૧૦ના રેસિયાથી કામ કરવામાં આવે છે. પી.આઈ.એમ.માં સરકાર ૯૦ ટકા રકમ આપે છે અને ૧૦ ટકા લોકભાગીદારીથી આવે છે. દસ ટકા જ ફક્ત લોકભાગીદારીથી ખેડૂતો માટે રાખવામાં આવેલ છે. મંડળીએ જે ભાવ નક્કી કરવાના છે તેની સત્તા ખેડૂતોને આપીએ છીએ. આમ તો સરકાર બધુ કરે છે પણ ખેડૂતોને કહ્યું કે તમે એકસાથે બેસીને નક્કી કરો કે કેટલો ભાવ લેવો? સરકારે જે નિયત કરેલા ભાવ છે તેનાથી એક પાઈ વધારે લેવાના નથી. જે ભાવ લેવાના છે તેમાંથી ૫૦ ટકા રકમ સરકારમાં જમા કરાવવાની છે. બાકીના ૫૦ ટકા પોતાની જોડે રાખવાના છે અને જો નિયમિત રકમ ભરે તો બીજા ૨૦ ટકા એમને પાછી આપવાની છે. સરકારનો તેમાંથી આવક કરવાનો કોઈ ઈરાદો નથી. ફક્ત તેમને સત્તા સોપીએ છીએ. ઘણી વખત આપણા રેટ એટલા બધા નીચા હોય છે અને ખેડૂતો પણ જાણે છે કે આપણે પાણીનો કેટલો ભાવ લઈ શકીએ. એટલા માટે ખેડૂત મંડળીઓ જે નક્કી કરે, કમિટી નક્કી કરે અને તે લઈને તેની અંદર તેઓ ડૅવલપમેન્ટ કરે, વિકાસ કરે તેમાં કંઈ ખોટું નથી. ન કરે તો સરકારનો આગ્રહ પણ નથી. આ આખી યોજના છે તેમાં ઝગડા કોઈ જગ્યાએ થતા નથી. મનહરભાઈ આપની પાસે કોઈ ઝગડો આવ્યો છે. ૧ લાખ ૩૬ હજાર હેકટર ઉપર ગુજરાત સરકારે પી.આઈ.એમ. દ્વારા આ વ્યવસ્થા કરી છે. આપણે તેમાં આગળ વધીએ છીએ અને આજે આપણે ૩૩ લાખ હેકટર ઉપર સિંચાઈ કરીએ છીએ ત્યારે આખી યોજનામાં સરળીકરણ આવવાને કારણે જે સરકારી કર્મચારીઓ, અધિકારીઓની ફરિયાદો તમારા સુધી આવે છે અને તમારા દ્વારા અમારા સુધી આવે છે તેની સાચી વ્યવસ્થાનો ઉકેલ તે તેમણે સત્તા સોપણી કરી છે તે છે. સત્તા જેમ તમને સોંપવામાં આવી છે તેમ તેમણે સત્તા સોંપવાથી તે કામ કરી શકે. આજે ૨૭૭ પી.આઈ.એમ. યુનિટો અમે બનાવ્યા છે. હજું પણ કલ્પના છે કે પાણીની વિતરણ કરવાની જવાબદારી ખેડૂતોને આપીએ. તેઓએ એવી કલ્પના કરી કે માથાભારે લોકો તેમાં બેસશે. આ લોકશાહીમાં કોઈને માથાભારે કહેવું તે બરાબર નથી. જે લોકો ત્યાં છે તે લોકો બેસવાના છે. કાશ્મીરમાં કલ્પના કરો કે ત્યાં આગળ અમૂક કૉમ્યૂનિટિના લોકો જ વડાપ્રધાન કે મુખ્યપ્રધાન બની શકે. એ શકય જ નથી. કાશ્મીરમાં જે લોકોની કૉમ્યૂનિટિ વધારે છે તે જ બને છે. અહીં પી.આઈ.એમ. દ્વારા ત્યાં જે લોકોની કૉમ્યૂનિટિ વધારે હશે તેમના દ્વારા જ વિકાસ થવાનો છે. કોઈ જગ્યાએ કોઈ સત્તાનો દુરુપયોગ કરે તો ઉપમા સેકશનમાં પ્રોવિઝન મૂકયું છે કે કોઈ સત્તાનો દુરુપયોગ કરે તો તેને દૂર કરવાની સત્તા સરકાર પાસે છે. બધા

ભયસ્થાનોનો વિચાર કરીને ટાસ્કફોર્સ દ્વારા એકટ તૈયાર કર્યો છે, ઘણા વર્ષોથી થિન્કિંગ કરતા હતા, તેના પ્રયોગો કરતા હતા અને પછી પ્રોજેક્ટ હાથમાં લીધા છે અને તેનો જે અનુભવ થયો અને તેના પરિણામ પણ ખૂબ સારા આવ્યા છે. આપણે ધારીએ છીએ કે કરકસરયુકત પાણી ખેડૂતો વાપરે તો ૩૦ ટકા કરતાં વધારે સિંચાઈનું ક્ષેત્ર બહોળું કરી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, પાણી શોધવા જવું એના બદલે પાણીની કરકસર કરીને ખેડૂતો પોતે પોતાના માટે પાણી વાપરે એ એક આયોજન છે અને નીચાણવાળા વિભાગોમાં ખેડૂતોને પાણી મળે આંતરિક વ્યવસ્થાના કારણે એ ખૂબ જરૂરી છે, એટલા માટે માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપ આ બિલને સમર્થન આપો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૪નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ ૨ થી ૬૩, કલમ ૧, દીર્ધસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૪નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી**: સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક - ૨૪નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૫

# ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭

**રાજયની વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કૉલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક -૧૫-સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે સવારના ૮ વાગ્યાથી બેઠા છીએ, કાલે સવારની ફરી પાછી આ જ પ્રક્રિયા છે અને અમારા બીજા પણ કમિટમૅન્ટ છે પણ હાઉસનું કામ હોય તો કમિટમૅન્ટ પણ ના ચાલે પણ એક માણસની કામ કરવાની ક્ષમતાની મર્યાદા હોય છે, આપ પણ એટલા માટે અહીંયા બેઠા છો કે અધ્યક્ષશ્રી એ પણ એટલા જ થાકેલા છે એટલે અને મારા સાથી મિત્રોને એમના તરફથી કોઈએ કાંઈ બોલવાનું નથી, કોઈએ રજૂઆતો કરવાની નથી, બધાય નક્કી કરીને આવ્યા છે કે આ બિલ સરકારે મૂક્યા છે એમાં કોઈ કન્સીડર કે પોતાનું માઈન્ડ એપ્લાય કરવાનું નથી, અમારે તો તૈયારી કરીને આવવું પડે, અમારે અમારા વિચારો વ્યક્ત કરવા પડે અને આ વિચારોને રેકર્ડ ઉપર વિચારપૂર્વકના મૂકવા પડે એટલે મેં અગાઉ પણ વિનંતી કરી છે કે આ ગૃહ છે એને ગંભીરતાપૂર્વક નિયમાનુસાર ચલાવવું જોઈએ, આ જે મૂળ એજન્ડા મુકાયો હતો એમાં આજે એક જ બેઠક હતી, એક બેઠકની જગ્યાએ કલાક ન વધારી પણ એક દિવસમાં બેઠક વધારી દીધી, એના પછી વાત એ હતી કે બે કલાક વધારવાની વાત હતી એમાં પણ સંમત નહોતા થયા છતાં પણ સાત વાગ્યે પૂરું થયું આપણું હાઉસ, એના પછી ૮.૦૪ મિનિટ થઈ છે, અહીયાં સુધી આ બિલને અમે સહકાર આપવા માગતા હતા એટલા માટે આ બિલમાં અમે આ ખેડૂતોનો પ્રશ્ન હતો, મારે પણ બોલવું હતું પણ મેં વિચારો વ્યક્ત કરવાની મર્યાદા રાખી એટલા માટે અને સામેના મારા મિત્રો પણ આવીને કહી ગયા છે કે હવે જલદી પૂરું થાય એવું કરો, માનનીય અધ્યક્ષશ્રી, એટલે આપશ્રી દ્વારા મારી વિનંતી છે કે આપણે આજે ઘ ણું કામ કર્યુ છે અને જે બાકી રહેશે એ આવતીકાલે કરીશું અને એમાંય બાકી રહેશે તો માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ આગળ કામ કરવાની અમારી તૈયારી છે પણ માણસની મર્યાદા જ્યાં સુધી વિચાર કરવાની, કામ કરવાની હોય એનાથી વધારે થઈ શકે નહીં. એમ તો મારા સાથી મિત્રો ધારે તો ૪૮ કલાક એક સાથે બેસાડીને કરાવી શકે. પણ આ નિયમ અને માણસની કામ કરવાની શકિત, કુદરતિ ન્યાય તમામની વિરુધ્ધ છે. એટલે આપ આ બાબતમાં કોઈ નિર્ણય કરો અને ગૃહ મુલતવી રાખો એવી મારી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સવારની સંપૂર્ણ ચર્ચા પછી માનનીય અધ્યક્ષશ્રીએ પાંચ નંબરના બિલ સુધી એટલે હજુ બીજા બે બિલ સુધી લેવાની વાત કરી હતી અને એમના ઉપર જ આપણે નિર્ણય છોડયો હતો એટલે અત્યારે આ તબકકે આ ચર્ચા નથી.

**સભાપતિશ્રી** : અધ્યક્ષ સ્થાને એક નિર્ણય થઈ ગયો છે એટલે પ્લીઝ આપ પણ સહકાર આપો એવી અપેક્ષા છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે સવારથી બેઠા છીએ પણ હાઉસ ૧૨ વાગ્યા સુધીનો જે સમય હતો બે કલાકનો એ સમય નીચે કાર્યક્રમમાં ગયો, એક કલાકનો બીજો સમય ગયો એટલે આજે જે સમય આપણે નકકી કર્યો હતો અને બિન સરકારી સભ્યના વિધેયકનો સમય ગયો એટલે ચર્ચા માટે આપને હું વિનંતી કરું છું. કે બે બિલો સુધી બેસીને પૂરું કરીએ.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ એવું કરો મોટું મન રાખીને અને ઝડપથી પૂરું કરીએ માટે આપ બેસો.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે એટલા માટે જ સાત વાગ્યે હાઉસ પૂરું થતું હતું એ સાત વાગ્યે હાઉસ પૂરું થયું એના પછી વિરામનો પિરિયડ પણ આપણે જવા દીધો અને જે હાઉસનો નિર્ણય હતો એમાં આપનો નિર્ણય એટલા માટે જરૂરી નથી હાઉસે ઓલરેડી નિર્ણય કર્યો હતો કે આજના બિલ જે બાકી છે એ આવતી કાલ ઉપર લઈ જઈએ એટલે મારી આપને વિનંતી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું ઈચ્છું કે આપ આરામ કરી આવ્યા એ સારું થયું અને આપની ઉંમરના પણ અહીંયા ઘણાં સાથી મિત્રો છે એમને આરામની જરૂર હોય, કામ કરવાની મર્યાદા હોય બધાની.

**અધ્યક્ષશ્રી** :પણ આપ થોડો સમય બેસો અને આ બે બિલ પૂરા કરી નાંખીએ આપણે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, ગૃહનો નિર્ણય હતો કે આપણે આજના બિલ સમયસર જયાં સુધી હોય, આપણે વિરામનો સમય જતો કર્યો પછી પણ ૧ કલાક અને ૭ મિનિટ વધારી એના પછી મર્યાદા હોય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં આમાં કોઈ એક મિનિટ પણ વધારી નથી આપણે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં વધારી જ છે. ૧ કલાક ૭ મિનિટ અત્યારે થઈ છે અને વિરામ જતો કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : બધા સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આપણે જે નિર્ણય કર્યો છે એ આખા ગૃહને ધ્યાનમાં રાખીને આજે પણ કામ વધારે ન થાય અને આવતી કાલે પણ વધારે ન કરવું પડે એ રીતે આપણે નિર્ણય કર્યો છે એટલે બધાને મારી વિનંતી છે કે, આપ થોડો સમય બેસો. પ્લીઝ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ ગૃહનો નિર્ણય હતો, આપનો નિર્ણય અમે સંમતિ આપી હોય તો આપ આપી શકો, અમે સંમતિ આપી નથી.

**અધ્યક્ષશ્રી** : ના એવું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ છતાં પણ સંમતિ વગર વિરામ સમય જતો કર્યો અને એક કલાક અને ૭ મિનિટ વધારે થઈ છે એટલે આવતી કાલે રાખીએ. એટલે આજે આ ચર્ચા કરવાની અમારી તૈયારી નથી.

**અધ્યક્ષશ્રી** : આપનો આગળ કોઈ કાર્યક્રમ હોય તો કહેવડાવી દો કે ગૃહના કામકાજમાં ૯ વાગ્યા સુધી મોડું થાય એમ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અંગેનું બિલ વિધેયકમાં મૂકવાની દરખાસ્ત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેંદ્ર સરકારે ૨૦-૧-૨૦૦૬ના ભારતના બંધારણના ૯૩ના સુધારામાં કલમ ૧૫ (૫) નવી કલમ ઉમેરી ખાનગી સંસ્થાઓમાં અનામતનું ધોરણ કાયદાકીય રીતે લાગુ કરવા સરકારને અધિકૃત કરવામાં આવી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. બેસો બધા. કોઈક દિવસ અમારી વાત પણ  માનવી પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પાસે આજે મિટિંગ છે અમે છતાં મોડા જઈએ તો ચાલે એમ નથી. આપને જરૂર હોય તો એજન્ડા પણ બતાવી શકીએ એમ છીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ ચર્ચા થયા પછી અમે કહ્યું કે આપ જે નિર્ણય આપો એ અમને મંજૂર છે. અમારો આગ્રહ હતો પૂરેપૂરા બિલ થવા જોઈએ, એમણે એમ કહ્યું કે નહીં પૂરેપૂરા બિલ ન થવા જોઈએ અને ૭ વાગ્યે પૂરું કરવું જોઈએ. આ બેની વચ્ચેથી અમે કહ્યું કે માનનીય અધ્યક્ષશ્રી આપ જે નિર્ણય આપો એ માન્ય અને બીજું એક વાર જે લીધેલ નિર્ણય છે એના માટે થઈને ફરીથી રિપિટેશન હોઈ ન શકે. એટલે બે બિલ સુધીની વાત છે. એટલે બે બિલ પૂરાં થાય ત્યાં સુધી આપણે કામકાજ કરીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વજુભાઈ, આ બિલ કોઈ સંજોગોમાં પૂરાં કરી શકાય એમ નથી. આપને પાંચ બિલ છે સવારના ૮ વાગે તો પણ અમારા બધા સભ્યશ્રીઓની બોલવાની તૈયારી છે કારણ કે પરમ દિવસે લઈ જવા હોય તો પણ વાંધો નથી કેમ કે,અમારા બધા સભ્યશ્રીઓ બોલવાના છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રીની સત્તા છે કે કયારે હાઉસ પૂરું કરવું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં રોકી નહીં શકાય. બધાને બોલવું છે.

**શ્રી વજુભાઈ વાળા** : આમાં પૂરેપૂરા પાવર્સ છે માનનીય અધ્યક્ષશ્રીને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** એસ.ઈ.ઝેડનું બિલ છે બધા બોલવાના છે.

**શ્રી વજુભાઈ વાળા** : ભલે બોલે કાંઈ વાંધો નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, બોલે એટલે સવાર પડે.

**શ્રી વજુભાઈ વાળા** : પણ એ તો રાતના ૪ વાગ્યા સુધી ભૂતકાળમાં આપણે બેઠા જ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભૂતકાળમાં બેઠેલા છે એ છેલ્લાં દિવસે બેઠાં છે.

**શ્રી વજુભાઈ વાળા** : આ જ હાઉસની અંદર બેઠાં છે અને પાર્લામેન્ટની અંદર પણ બેસે છે.  માનનીય અધ્યક્ષશ્રી, આપે જે નિર્ણય આપ્યો છે એ પ્રમાણે આપ કાર્યવાહી કરો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં આ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે., આ બિલ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોને લાગુ પડશે. (આ તબકકે 'દાદાગીરી બંધ કરો', 'હિટલરશાહી બંધ કરો' એ પ્રકારના સૂત્રોચ્ચારો કરવામાં આવ્યાં)

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બિલની જોગવાઈમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમની જોગવાઈ કરવામાં આવી છે. ખાનગી સંસ્થાઓ અને યુનિવર્સિટીની મંજૂર થયેલ જગ્યાઓના ૭૫ ટકા સરકારશ્રીની પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવશે અને એમાં અનામત નીતિને પણ અનુસરવામાં આવશે અને બાકીની સીટો ગુણવત્તાના ધોરણે ભરવામાં આવશે. પ્રવેશ માટે સરકારશ્રી દ્વારા અલગ અલગ પ્રવેશ સમિતિઓની રચના કરવામાં આવશે અને આ સમિતિઓ એના પ્રવેશનું કામ કરશે. ખાનગી સંસ્થાઓ કે યુનિવર્સિટીમાં ફીનું ધોરણ નકકી કરવા માટે સરકારશ્રી દ્વારા ફી સમિતિની પણ રચના કરવામાં આવશે. એ ઉપરાંત સરકારશ્રી દ્વારા પ્રવેશ નિયમો બનાવવાના રહેશે અને નોટીફિકેશન દ્વારા મંજૂર કરવાના રહેશે અને આ નિયમો વિધાનસભાના મેજ પર પણ મૂકવામાં આવશે. એકટની જોગવાઈનું ઉલ્લંઘન કરનાર સંસ્થાઓને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવશે. કોઈપણ કોલેજ એકસાથે ચાર વર્ષની કે એક વર્ષની ફી લઈ શકશે નહિ પરંતુ એકજ ટર્મની ફી લઈ શકશે જેથી વાલીઓ પર એકસાથે નાણાકીય ભારણ આવશે નહિ. માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશ નિયમોમાં સમયને અનુરૂપ સુધારા વધારા કરવાની પણ આની અંદર જોગવાઈ કરવામાં આવી છે. એન્જિનિયરીંગ અભ્યાસક્રમોની અંદર પણ પ્રવેશ યાદી બનાવીને ગુણવત્તાના ધોરણે એમને પ્રવેશ આપવામાં આવશે. આ બિલ સ્વયંસ્પષ્ટ બિલ છે અને હું વિધાનસભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલ પાસ કરવામાં આવે. (આ તબકકે 'દાદાગીરી બંધ કરો', 'હિટલરશાહી બંધ કરો' એ પ્રકારના સૂત્રોચ્ચારો કરવામાં આવ્યાં)

**અધ્યક્ષશ્રી** : બોલવું હોય તો ચાન્સ છે. કોઈ સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવો હોય તો બોલી શકે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨ સભાગૃહ સમક્ષ છે. માનનીય સભ્યશ્રી ડો. અનિલ જોષીયારા, ડો. સી.જે. ચાવડા તેમનો સુધારો રજૂ કરે.

(માનનીય સભ્યશ્રીઓએ તેમના સુધારા રજૂ કર્યા નહિ)

**અધ્યક્ષશ્રી .** :( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રીએ તેમનો સુધારો રજૂ કર્યો નહીં.
(આ તબકકે વિરોધ પક્ષ તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ "તાનાશાહી બંધ કરો "," હરેન પંડયાના હત્યારાને દૂર કરો") માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : હું મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

"In clause ૨, in sub-clause (n), for the words "made by the Legislature of the State" substitute the words, "including a deemed University declared as such under section ૩ of the University Grants Commission Act, ૧૯૫૬".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૩ થી ૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૯ ઉપરનો સુધારો**

**અધ્યક્ષશ્રી** : કલમ-૯, સભાગૃહ સમક્ષ છે. માનનીય સભ્ય શ્રી ડો.અનિલ જોષીયારા તેમનો સુધારો રજૂ કરે.

(થોડીવાર બાદ) (સતત ઘોંઘાટ તથા સૂત્રોચ્ચાર " શિક્ષણનો વેપાર બંધ કરો " " તાના શાહી બંધ કરો "વિરોધ પક્ષ તરફથી ચાલુ.) માનનીય સભ્યશ્રીએ પોતાનો સુધારો રજૂ કર્યો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૦ થી ૨૧, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું સુધારેલું વિધેયક ક્રમાંક:૧૫ સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સુધારેલા સ્વરૂપમાં વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**વિરોધપક્ષ દ્વારા સતત સૂત્રોચ્ચાર અને ઘોંઘાટ ચાલુ)**

**સન ૨૦૦૭ નું ગુજરાત વિધેયક ક્રમાંક ૮**

# ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયક, ૨૦૦૭

**ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૭ નું ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના દ્રષ્ટિવંતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે જયારે કેન્દ્ર સરકારે એસ.ઈ.ઝેડ. અંગેની નીતિ જાહેર કરી ત્યારે ગુજરાતને આ નીતિનો વિશેષ લાભ મળે એટલા માટે ૨૦૦૩ માં આ સન્માનનીય સભાગૃહે ગુજરાતનો એસ.ઈ.ઝેડ એકટ વિના વિરોધે આ વિધાનસભામાં પસાર કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે પોતાનો કાયદો એ ૨૦૦૫ માં દ ડયો છે અને એ કાયદો ઘડવાને કારણે જે કેટલીક રાજય સરકારોના જે કાયદાઓ છે એ કાયદામાં આને આનુસાંગિક સુધારાઓ જરૂરી બનતાં આ કાયદામાં સુધારા બિલ રજૂ કરવાનું આવશ્યક બન્યું છે. કેન્દ્ર સરકારના કાયદા મુજબ સુસંગત રહે એ દ્રષ્ટિએ ડેવલપર, કો.ડેવલપર અને એપ્રુવલ કમિટીની વ્યાખ્યા નિયત કરવાનું સૂચિત છે. ગુજરાત સરકારના કાયદાને પ્રાસેસિંગ, નોન પ્રોસેસિંગ અને કેન્દ્ર સરકારના કાયદા મુજબ હવે પ્રોસેસિંગ, ટ્રેડિંગ અને વેરહાઉસિંગ તેમજ નોન પ્રોસેસિંગ એમ ત્રણ વિસ્તારો છે તે મુજબ રાજયના કાયદામાં સુધારો સૂચવવામાં આવ્યો છે. એસ.ઈ.ઝેડ ની આસપાસનો વિસ્તાર અનિયંત્રિત રીતે વિકસે નહીં એટલા માટે પેરીયેરીની નવી વ્યાખ્યા પણ સૂચિત કરવામાં આવી છે.

**(વિરોધપક્ષ દ્વારા સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ)**

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સેલ્સ ટેકસ એકટ નાબૂદ કરીને વેટનો કાયદો પસાર કરેલ હોઈ એ મુજબનું સુધારા વિધેયક આ કાયદામાં સૂચિત કરવામાં આવ્યું છે. આ એસ.ઈ.ઝેડ નીતિનું અમલીકરણ ગુજરાતમાં એ રીતે કરવામાં આવેલ છે કે જેથી જમીનના પ્રશ્નો આપણા રાજયમાં ઉદ્‌ભવ્યા નથી ત્યાં સુધી માત્ર કન્સેન્ટ એવોર્ડ દ્વારા જમીન લેવા માટેના પ્રયત્નો થયા છે. હાલ ગુજરાતમાં ૩૩ ઝોન મંજૂર થયા છે એ પૈકી ૯ ઝોન મલ્ટી પ્રોડકટ છે એટલે આ ઝોન જયારે કાર્યાન્વિત થશે ત્યારે આ વિસ્તારોનો વિકાસ ઉપરાંત ઔદ્યોગિક ઉત્પાદન અને નિકાસ અનેકગણી વધશે અને રોજગારીની વિપુલ તકો ઉભી થવાની છે માટે આ સુધારા વિધેયક આ ગૃહના સભ્યશ્રીઓ મંજૂર કરે એવી મારી દરખાસ્ત છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**(વિરોધપક્ષ દ્વારા સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ)**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૮- સન ૨૦૦૭નું ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૮- સન ૨૦૦૭નું ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૮-૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૦૭ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તાઃ ૩૦મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૯, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## મામલતદાર કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા અંગે

*** ૨૨૮૪૦ શ્રી રણછોડભાઈ ચ. ફળદુ(કાલાવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તાઃ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજયના ખેડૂતોને ૭/૧૨ અને ૮(અ)ની નકલો સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે રાજયની કેટલી મામલતદાર કચેરીઓનું ઈ-ગવર્નન્સ અંતર્ગત લેન્ડ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે,

(૨) આ અન્વયે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) બાકીની કચેરીઓને કયારે આવરી લેવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) તમામ ૨૨૫

(૨) અત્યાર સુધીમાં રુ. ૨૧.૦૧ કરોડ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી..

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ એવું કીધું છે કે રાજયના તમામ ૨૨૫ તાલુકાઓમાં આ જમીન દફતર અંગેની કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવ્યું છે. ત્યારે મારે ખેડૂતપુત્ર તરીકે આ રાજયના એવા પુરુષ કે જે લક્ષભેદી છે એવા આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કૌશિકભાઈ ને હાર્દિક અભિનંદન આપું છું. સાથેસાથે મારો પ્રશ્ન એ છે કે સારા કામની સરાહના છે એ માનવ સમાજનો સહજ સ્વભાવ છે. રાજયમાં ઈ-ગવર્નન્સ અંતર્ગત જમીન દફતર અને મહેસૂલને લગતી કઈ કઈ બાબતોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે તે અને મારો બીજો પ્રશ્ન એ છે કે રાજયના ખેડૂતોના ડોક્યુમેન્ટસની જાળવણી કરવા, ગેરરીતિઓ રોકવા તથા બોગસ દસ્તાવેજોના ગુના સામે રક્ષણ આપવા માટે કોમ્પ્યુટરાઈઝેશન, જમીન રૅકૉર્ડના એક સેંન્ટ્રલ ડેટાબેઝ બનાવવાની કામગીરી થવી ખૂબ જરૂરી છે. આવશ્યક છે તો આ અંગે રાજય સરકારનું શું પ્રયોજન છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈ-ધરા, ઈ-ગ્રામ અને વિશ્વગ્રામ એ રાજય સરકારનો એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે. ખેડૂતોને મોટા પ્રમાણમાં એમાં વર્ષોથી જે મુશ્કેલીઓ થતી હતી એમના પ્રાથમિક દસ્તાવેજો લેવા માટે આ કાર્યક્રમ અંતર્ગત ૭-૧૨-૮-અ એના તમામ ડોકયુમેંટ ૨૨૫ તાલુકાઓની અંદર કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યા છે. 'ક'નાં જે ઉતારાની નકલ સામેલ છે એ પણ ૨૮-૨-૦૭ સુધીમાં ૧૫,૧૮૨૭, -૬ની ફેરફાર નોંધો પણ એમાં કરી દેવામાં આવી છે. અત્યાર સુધી આ યોજના અંતર્ગત જે નકલો આપવામાં આવી છે એ નકલો ૨,૬૫,૨૮,૬૮૦ અને ૧૮-ક ની ૫ રુપિયા આપણે ફી લઈએ છીએ અને એની આવક થઈ છે એટલે સેલ્ફ સફીશીયન્સ આખો પ્રોજેકટ ચાલે છે. ભવિષ્યમાં પણ મેન્ટેનન્સના જે કામો આવે એનો ખર્ચ પણ આમાંથી નીકળી જાય એવું આયોજન કર્યુ છે. ૨૨૫ તાલુકા પછી જે પંચાયત વિભાગ સાથે સંલગ્ન અમારો કાર્યક્રમ છે ઈ-ગ્રામ એની અંદર પણ આજની તારીખે ૮૯૫૧ ગામની અંદર હાર્ડવેર અને એના જરૂરી સાધનો છે એ પણ પૂરા પાડવામાં આવ્યા છે અને હવે ત્યાંથી કનેકટીવીટી અમે આપી દઈએ એટલે ગ્રામ્ય કક્ષાએથી પણ આ ૭/૧૨ અને ૬ અને ૮(અ)ની નકલો પ્રાપ્ત થશે. આ માટે તલાટી કમ મંત્રીને અમે તાલીમ આપી છે. ૫૬૮૧ તલાટી કમ મંત્રીઓને અમે આ કૉમ્પ્યુટરો કેવી રીતે ઓપરેટ કરવા એની તાલીમ પણ આપી છે. હજી પણ કયાંક આ નકલો માટે જે ફરિયાદો આવે છે એમાં ખાસ કરીને ૧૩૫-બી ની નોટિસ કોમ્પ્યુટરમાંથી ૧૩૫-બીની નોટિસ જનરેટ થયા પછી તલાટીઓને ગામમાં બજવવા માટે આપી છે પણ કોઈ કારણસર અથવા તો નબળી માનસિકતાના આધારે કદાચ તલાટી વહેલી મોડી આપતા હોય છે તો એ સ્થિતિમાં પણ કોમ્પ્યુટરાઈઝેશન સિસ્ટમ દાખલ થાય એના માટે હવે અમે યુ.પી.સી.નો નિર્ણય લીધો છે. અંડર પોસ્ટલ સર્ટિફિકેટનો એટલે એના આધારે ચોકકસ હવે જેને ત્યાં નોટિસ બજવવાની છે એને ત્યાં સમયમર્યાદામાં નોટિસ પહોંચી જશે.

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ૭/૧૨ અને ૮(અ)ની નકલો સરળતાથી મળે એ બાબતમાં સરકારે રાજ્યમાં મામલતદાર કચેરીઓમાં જે ઈ-ગવર્નન્સ અંતર્ગત લેન્ડ કૉમ્પ્યુટરાઈઝેશન કરેલ છે એના કારણે શરૂઆતમાં ખેડૂતોને સમજના અભાવે તકલીફ પડશે એવું લાગતું હતું. પરંતુ જેમ જેમ સમય ગયો અને સમજ પડી એ પ્રમાણે ખૂબ જ સરળતા થઈ છે. અગાઉના સમયમાં ગેરરીતિઓ થતી અને શંકા-કુશંકાઓ હતી એ દૂર થઈ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આ ઈ-ગવર્નન્સ હેઠળ જે આખું કૉમ્પ્યુટરાઈઝેશન કર્યું છે એમાં તાલુકા મથકે કોઈ સમયે કૉમ્પ્યુટર કે એની એસેસરીઝ બગડે છે ત્યારે એના

રીપૅરીંગ માટે કલેકટર ઑફિસમાંથી મંજૂરી લેવી પડે છે. જેના કારણે બે-ત્રણ દિવસનો સમય જાય છે. એવી જગ્યા ઉપર સીધા મામલતદારને રીપૅરીંગ કરવા માટેના અધિકારો મળે એવું માનનીય મંત્રીશ્રીને સૂચન છે અને આ અંગે યોગ્ય પગલાં ભરે એવી માગણી છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : કલેકટર કક્ષાએ આ જાતના પાવર અને સત્તા આપી છે કે જે કાંઈ ફીના આધારે રકમ આવે છે એમાંથી મેન્ટેનન્સ માટે પૈસાની જરૂર પડે ત્યારે એમાંથી ખર્ચ કરી શકે એવું આયોજન કર્યું છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ મામલતદાર કચેરી કૉમ્પ્યુટરાઇઝડ થયા પછી ૮(અ) અને ૭/૧૨ ના દાખલા સરળતાથી મળવાની શરૂઆત થઈ છે. પરંતુ આ અગાઉ ખેડૂતોને આ દાખલાઓ મેળવવામાં કઈ કઈ મુશ્કેલીઓ પડતી હતી અને હવે પછી એ મુશ્કેલીનું નિવારણ થયું છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : અગાઉ ગ્રામ્ય કક્ષાએ આ દાખલાઓ તલાટી આપતા હતા. આપણને ખબર છે, આ હાઉસમાં પણ અવાર નવાર તલાટીઓની કામગીરી ઉપર શંકાઓ, તલાટી રેકર્ડમાં ચેડા કરે એ વર્ષોથી ફરિયાદ હતી. સમયસર નકલ ન મળે, અંદર ચેડા થાય, આ સમગ્ર બાબતનો જવાબ આ ઈ-ધરા અને ઈ-ગ્રામ પ્રોજૅક્ટ છે એ થકી ગામમાંથી કૉમ્પ્યુટરાઇઝડ નકલ મળવાની છે એટલે સ્વચ્છ અને ચેડા રહિત નકલ પ્રાપ્ત થવાની છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ વ્યવસ્થા કરી છે એમાં કોઈ કારણસર તલાટીએ નોંધ ન પાડી હોય અને આમાં પડી ગઈ છે. ઘણી જગ્યાએ ૧૦ વર્ષ જૂનું રેકર્ડ મળતું નથી અને જે નામો રહી ગયા છે એના સુધારા માટે એમને જાણ કરવા માગો છો કે કેમ? બીજું કે મારા ડીસામાં લગભગ સાડા ચાર લાખની તાલુકાની વસતિ છે. ૬૦ હજારની વસતિ છે ત્યાં અને ઓછી વસતિ છે ત્યાં એને બન્નેને સરખા કૉમ્પ્યુટર અને સ્ટાફ પણ સરખો, સવારના આઠ થી સાંજના છ સુધી લાઈનો લાગે છે. મેં કલેકટરશ્રીને કહ્યું તો એમણે કહ્યું કે કૉમ્પ્યુટર અને સ્ટાફની ઘટ છે. આ જે ખાતેદાર ખેડૂતો છે એના પ્રમાણમાં વ્યવસ્થા કરવા માગો છો કે કેમ અને કરવા માગો છો તો ક્યારે? આમાં ૨૧ કરોડનો ખર્ચ છે એમાં ભારત સરકારના કેટલા મળેલા છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આખો પ્રોજૅક્ટ છે એમાં ભારત સરકારની યોજના પેટે જે કોન્ટ્રીબ્યુશન આવતું હશે એ આવતું હશે. (અંતરાય) સૂચન ન હોય, આખા વર્ષનો પ્રોજૅક્ટ છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કેટલા આપે છે એ કહોને. ૨૫ ટકા, ૫૦ ટકા, ૭૫ ટકા કે ૧૦૦ ટકા?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ભારત સરકારનો પ્રોજૅક્ટ છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાચો જવાબ આપી દોને કે ૧૦૦ ટકા આવે છે. શું વાંધો છે એમાં?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ભારત સરકારે ત્રણ વર્ષ પહેલા પ્રોજૅક્ટ ચાલું કર્યો ત્યારે પાયલોટ પ્રોજૅક્ટ તરીકે ચાલું કર્યો હતો. બધા રાજ્યોમાં પાયલોટ પ્રોજૅક્ટ તરીકે ૧૦૦ ટકા આપ્યા હતા. જે રાજ્યો આગળ વધ્યા એમાં રાજ્યોનું કોન્ટ્રીબ્યુશન આવે છે. જે તે વખતે પાયલોટ પ્રોજૅક્ટ આવ્યો ત્યારે ૧૦૦ ટકા આપ્યા હતા. પછી રાજ્ય સરકારે એમાં કર્યું છે. (અંતરાય) પાંચ રૂપિયા લેવાય છે.

### અમદાવાદ શહેરમાંથી વેચાણવેરાની બાકી રકમની વસૂલાત અંગે

***૨૩૨૮૯ ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અમદાવાદ શહેરમાંથી વેચાણવેરાની કેટલી આવક થઈ છે,

(૨) કેટલા એકમો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) આ બાકી વસૂલાત ઝડપી બનાવવા સરકારે શાં પગલાં લીધાં છે?

**નાણામંત્રીશ્રી :**

(૧) વેચાણ વેરા/વેટની આવક.

| વર્ષ | રકમ રૂા. કરોડમાં |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૬૬૯.૯૦ |
| ૨૦૦૫-૦૬ | ૨૦૩૪.૫૯ |
| ૨૦૦૬-૦૭ | ૧૭૭૮.૬૧ |
| તા. ૩૧-૧૨-૦૬ સુધી | |

(૨) ૪૧૦ એકમો.

રૂા. ૫૨૮.૪૯ કરોડ

(૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા હેઠળ પગલાં લીધાં છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે વેચાણવેરાની વસૂલ કરવાની બાકી રકમ એ લગભગ ૨૫ ટકા જેટલી થતી હોય છે. તો સમયસર વેચાણવેરો અમુક એકમો ભરતા નથી ત્યારે જેવી રીતે મ્યુનિસિપાલિટી ટેક્સની અંદર પ્રોત્સાહન યોજના હોય છે એવી કોઈ યોજના દાખલ કરવામાં આવે જેથી વેપારી એકમો સમયસર આ વેચાણવેરો ભરે અને રાજ્યના વિકાસમાં ફાળો આપી શકે એવું કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન, આ વેચાણવેરો બાકી રહેલો છે એ લેવા માટે ક્યારે આ જમીન મહેસૂલના કાયદાનો ઉપયોગ કરવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર અનુભવ એવો હતો કે માણસ રિટર્ન ભરે પણ ચલણ ના ભરે. એટલે એનો હિસાબ એકાઉન્ટ આપણી પાસે રહે. પરંતુ પૈસા ના આવે. છેલ્લા ત્રણ વર્ષથી એવી રીતે કર્યુ છે કે રિટર્ન અને ચલણ બંને સાથે ભરવા તો જ એનું રિટર્ન એસેપ્ટ થાય, જો આવા ત્રણ રિટર્ન એસેપ્ટ ના થાય તો તેનો નંબર કેન્સલ કરવામાં આવે. આમાં એમાઉન્ટ જે બાકી હોય એ મોટાભાગે એમાઉન્ટો છે એ સ્ટેના કારણે હોય, અપીલમાં હોય, ટ્રીબ્યુનલના કારણે હોય છે. તાત્કાલિક વેપારી પૈસા આપે એટલા માટે થઈને પૂરેપૂરી કાળજી લેવાય છે અને હવે જ્યારે ભૂતકાળમાં સેલ્સ ટેક્સના કાયદા નીચે હતું.વેટના કાયદા અંદર તો એને રિબેટ જોઈતું હોય તો ઓલા પૈસા ભર્યા હોય તો જ રિબેટ મળે. એટલે વેપારી નિયમિત રીતે પૈસા ભરે એવી કાર્યવાહી અત્યારે ચાલુ જ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબની અંદર ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં જે વેચાણવેરાની રકમ વસૂલ થઈ છે તેની સામે જવાબ (૨)માં ૪૧૦ એકમો પાસે ૫૨૮.૪૯ કરોડ રકમ બાકી છે તો હું એ જાણવા માગું છું કે આ આગળના ત્રણેક ક્રમિક વર્ષમાં કેટકેટલી રકમ અને કેટલા એકમો પાસે કેટકેટલી રકમ વસૂલવાની બાકી નીકળે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કયાં એ રીતે સવાલ છે. આ પ્રશ્નમાં મેં કહ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષની અંદર ૪૧૦ એકમો પાસે ૫૨૮.૪૯ કરોડ બાકી છે. તમે કહેતા હોય તો ૪૧૦ એકમોનું લિસ્ટ હું વાંચી દઉં. મને કોઈ વાંધો નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : હું વર્ષવાઈઝ જાણવા માગું છું એટલે ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં કેટલા એકમો પાસે કેટલી રકમો બાકી છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ સવાલ છે એ એગ્રીગેટ સવાલ છે અટલે જવાબ પણ મેં એગ્રીગેટ આપ્યો છે. કારણ આમાં શું છે ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ની રકમો એ વહેલા આવે એટલી રીતે ૩૧/૧૨ સુધીમાં ના હોય ૨૦૦૪-૦૫ વચ્ચે કેટલી બાકી, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં કેટલી બાકી એવી રીતે જુદી જુદી બાકી હોય એટલે જુદી જુદી ટોટલ સ્પીલ્ટની રીતે છે. આમાં કહેતા હોય તો ૪૧૦ એકમોનું લિસ્ટ વાંચી દઉં. (અંતરાય) વાંચવા દોને એક કલાકમાં પૂરું થઈ જાશે.

**અધ્યક્ષશ્રી** : નો, નો, મારે પાંચ મિનિટ જ છે. મારે કયાં તમને બે કલાક આપવી.

### ભૂજ તાલુકામાં ૬૫(ખ) નીચે પડતર અરજીઓ

***૨૩૩૯૫ શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભૂજ તાલુકાના કુલ કેટલા ઉદ્યોગોની મુંબઈ ગણોત અને ખેતીની જમીન અધિનિયમની કલમ ૬૫(ખ) નીચે પ્રમાણપત્ર મેળવવાની અરજી પડતર છે.

(૨) આ પૈકી પાંચ વર્ષ કરતા વધુ સમયથી નિકાલ ન થયો હોય તેવી કેટલી અરજી છે, અને

(૩) વિલંબના કારણો શાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) (૨) અને (૩) :કચ્છ જિલ્લામાં મુંબઈ ગણોત વહીવટ ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ લાગુ પડે છે.

ઉકત કાયદામાં કલમ-૬૫(ખ) ન હોઈ તે અન્વયે પ્રમાણપત્ર આપવાના/ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કચ્છની અંદર એક મુંબઈ ગણોત અને વહીવટ ખેતી લાગુ પડે છે એટલે જે કાયદા નીચે મેં પ્રશ્ન પૂછયો કે ૬૫(ખ) એમાં લાગુ પડતી નથી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ ભૂજ તાલુકાની અંદર કેટલાક ઉદ્યોગો છે એને આપણે ૧૯૯૭માં એક વટહુકમ કરીને કે ઈન્ડસ્ટ્રીઝને બિનખેતીની જલદ્દી કલેકટર પાસે થઈ જાય એટલા માટે કોઈ કાયદામાં સુધારા કરીને ખાસ સત્તા આપી. પછી ઉદ્યોગોને પ્રોત્સાહન માટે આપણી સરકાર અત્યારે ખૂબ પ્રયાસ કરે છે ત્યારે ૨૦૦૨માં જે ઉદ્યોગોએ અરજી કરી હોય એનાં કેટલાક ના-વાંધાપ્રમાણપત્ર બીજી જુદી જુદી સરકારી કચેરીઓ પાસેથી મેળવવાની હોય એ સરકારનીને સરકારની ઈન્ટરનલ પ્રક્રિયા હોય છે. આમ છતાં એ ઉદ્યોગને એના માટેના ના-વાંધાપ્રમાણપત્ર નહિ મળવાના કારણે એનું બિનખેતી ના થતું હોય તો આવા કેસોની અંદર માનનીય મંત્રીશ્રી ખાસ કોઈ વિચારણા કરીને એની અંદર સમય મર્યાદામાં કરે, કારણ કે નહિ તો એને

સેલ્સટેક્સનો લાભ ના મળે. તો ઝડપ કરવા માગો છો કે કેમ? અને બીજું માનનીય મંત્રીશ્રીએ આ કાયદામાં કેટલાક સુધારણા કરવા પણ વિચારેલ છે તો એ પ્રક્રિયા પણ ક્યારે હાથ ધરવામાં આવશે અને ક્યારે પૂરી થશે એ પણ માનનીય મંત્રીશ્રી જણાવે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં મુંબઈ ગણોત વહીવટ ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) એમાં ૧૯૫૮નો ગણોતધારાનો કાયદો લાગુ પડે છે આ ૬૫(ખ)ની જે કલમ છે એ લૅન્ડ રેવન્યુ કોડની કલમ છે, આ ૬૫(ખ)ની કલમ એવી છે કે, રાજય સરકારનાં ધ્યાનમાં આવ્યું કે ઉદ્યોગોને ખેતીની જમીન લેવા માટે ખૂબ જ તકલીફ પડતી હતી, ઘણો સમય જતો હતો, એના હિસાબે એમનો પ્રોજેક્ટો બહુ મોડો આવતો હતો એટલે ૧૯૯૭માં આ કલમમાં સુધારો કરી અને ડિમ્ડ એન.એ.ની પ્રથા દાખલ કરી એટલે કોઈ બિન ખેતી દાખલ કરે, ઉદ્યોગપતિને ખેતીની જમીન લેવી હોય તો એની કામગીરી ખેતીની જમીન લઈને આગળ વધારી શકે અને ૩૦ દિવસની અંદર એ અરજી કરે ૬૫(ખ) નીચે એટલે એને બિન ખેતીની પરવાનગી મળે. આ ઘણા વખતથી પ્રક્રિયામાં કેટલીક ફરિયાદો કે આમાં વિલંબ ખૂબ થાય છે. આમાં રાજયની આવક સંકળાયેલી છે. ઉદ્યોગોનો વિકાસ ઝડપથી થાય એ ધ્યાને લઈ રાજય સરકારે વખતો વખત આમાં સરળતા કેવી રીતે આવે, જલદી એન.એ. થાય એના માટે રાજય સરકાર દ્વારા એક એવી વિચારણા એવી થઈ રહી છે કારણ કે, આમાં લગભગ ૨૦-૨૫ પ્રકારના એન.ઓ.સી. વિવિધ વિભાગોના લેવાના હોય છે. જ્યાં સુધી આ એન.ઓ.સી.ના સર્ટિફિકેટ ના આવે ત્યાં સુધી બિનખેતીની અહીંથી પરમીશન આપી શકાતી નથી, એટલે રાજય સરકારે ભૂતકાળમાં આવા કલેક્ટર લેવલે જે ૧૬ પ્રકારના સર્ટિફિકેટો લેવાના હતા એમાં ઘટાડો કરીને ફક્ત ત્રણ કર્યા છે. એનાથી આગળ વધીને પહેલાં ૯૦ દિવસ હતા કે એન.એ.ની સમગ્ર પ્રક્રિયા ૯૦ દિવસમાં પૂરી કરવી, એમાં ઘટાડીને ૬૦ દિવસ, રેસિડન્સ સિવાયના હોય તો ૬૦ દિવસ અને રેસિડન્સના હોય તો ૪૫ દિવસમાં કરી આપવા. આનાથી પણ આગળ વધીને થોડીક બાબત અમારા ધ્યાનમાં આવી કે હજુ પણ આમાં ઝડપ આવે, કારણ કે છેલ્લા દિવસોમાં એવા કેસો અમારા ધ્યાનમાં આવ્યા કે મંજૂર-નામંજૂર કરી નાખે, કદાચ ક્યાંક કોઈક પેપરોના આધારે, તો એ પણ ક્ષતિ ના રહી જાય એટલે સરકાર લેવલે એક એવી વિચારણા ચાલી રહી છે કે, કલેક્ટર લેવલે એક હાઈ પાવર કમિટી બનાવી અને અલગ અલગ વિભાગના જે એન.ઓ.સી. લેવાના એ મહિનામાં એકવાર એ વિભાગના સિનિયર અધિકારો ત્યાં હાજર થાય અને માર્ગ અને મકાન હોય, જી.ઈ.બી.હોય, રેલવે ખાતું હોય, પોલ્યુશન વિભાગના હોય આ બધા વિભાગોના સર્ટિફિકેટો લેવાના હોય છે, મહિનામાં એક વાર કલેક્ટરની અધ્યક્ષતામાં એક વાર ભેગા થાય જેટલા જેટલા એમના જિલ્લામાં આવી એન.એ. માટેની અરજીઓ આવી હોય એની એન.ઓ.સી.ની ચર્ચા ત્યાં થાય અને ત્યાં કલીયર થાય તો આવનારા દિવસોમાં આ નિર્ણયથી રાજયમાં જે ડિમ્ડ એન.એ. અને એન.એ. બંને પ્રકારના કેસોમાં ઝડપતા ચોક્કસ આવશે.

### સુત્રાપાડા તાલુકામાં તિજોરી કચેરી શરૂ કરવા અંગે

***૨૨૮૬૬ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુત્રાપાડા તાલુકામાં તિજોરી કચેરી સરકાર ક્યારે શરૂ કરવા માગે છે,

(૨) ૨૦૦૬-૦૭ નાણાકીય વર્ષમાં તે અંગે કોઈ જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી, જો ના તો કેમ નહી ?

**નાણા મંત્રીશ્રી :**

(૧), (૨) અને (૩) : નાણાકીય વ્યવહારોનું કાર્ય ભારણ ધ્યાને લેતાં પેટા તિજોરી શરૂ કરવાનું આર્થિક દૃષ્ટિએ ઉચિત ન હોઈ, સુત્રાપાડા તાલુકામાં તિજોરી કચેરી શરૂ કરવાનો નિર્ણય કરેલ નથી.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે કે, આમાં આર્થિક દૃષ્ટિએ પરવડે એવું નથી એટલે નાણાકીય વ્યવહારોને બધું ધ્યાને લેતાં એટલે તિજોરી ઑફિસ ચાલુ કરવા માગતા નથી, પણ મારે એ પૂછવું છે કે, બે વર્ષ પહેલાં સુત્રાપાડા તિજોરી ઑફિસ શરૂ કરવા માટે રાજય સરકારે મકાન ભાડે રાખી લીધું અને આ ભાડું ચાલું છે તો હવે નવી જગ્યા ગોતવા માટે દરખાસ્ત જે તે સ્થાનિક પંચાયતે નગરપાલિકાને આપી છે તો આમાં નાણાકીય જોગવાઈ થઈ છે કે આ ભાડે રાખી છે એ ભાડું કોણ ચૂકવે છે? બીજું, આર્થિક દૃષ્ટિએ જો ઉચિત નથી તો આર્થિક એમાં શું કરવામાં આવે છે કારણ કે, ત્યાં ત્રણ ઉદ્યોગો છે, વીસ અબજના ત્રણ ઉદ્યોગો છે, ગામની વસ્તી ત્રીસ થી પાંત્રીસ હજારની છે અને ત્યાં નોકરિયાતોનું પ્રમાણ પણ સવિશેષ છે તો આ તિજોરી ઑફિસ ચાલુ કરવા માગો છો કે કેમ? અને આ ચાલુ બજૅટમાં જોગવાઈ કરવા માગો છો કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે એટલા માટે થઈને કે તિજોરી સાથે કામ હોય છે એ સરકાર સાથે જે લોકો બેઠેલા હોય એ સરકારના કર્મચારીઓ હોય છે એમાં કોઈ આમજનતાને તિજોરી સાથે બીજું કોઈ કામ હોતું નથી. જેને સરકારનું ડિલિંગ હોય એના માટે કામ હોય, પહેલા તિજોરી પાસેથી પેન્શનરો છે એ પેન્શનરોને એના પેન્શન લેવા માટે ત્યાં ઘણી વાર જવું પડતું હતું એ બધી વિધિ બંધ કરી અને ૯૫ટકા ઉપરાંત લોકોનું પેન્શન પોતાના બેંકના ખાતામાં સીધું જમા કરાવી દઈએ છીએ એટલે એને ત્યાં આવવાનું નથી. બાકી સુત્રાપાડા તાલુકામાં તિજોરી અધિકારી મારફત સ્ટેમ્પનું વિતરણ કરવામાં આવે ત્યાં માત્ર એક જ સ્ટૅમ્પ

વેન્ડર છે. આખા તાલુકામાં બાર મહિનામાં ૨૩લાખ ના સ્ટેમ્પનું વેચાણ થાય છે. સ્ટેમ્પ ડે ટુ ડે ન મળે. અઠવાડિયામાં એક વાર મળે એક જ સ્ટેમ્પ વેન્ડરે અઠવડિયામાં એક વાર આવવાની વાત હોય બીજી કોઈ સરકારી ઑફિસ નથી. કોઈ બિલ્ડીંગ કોન્ટ્રાકટર, રોડ કોન્ટ્રાકટર હોય એના જે કામ ચાલતા હોય એ વેરાવળની ઑફિસથી ડીલીંગ થાય છે એટલે એક ટ્રેઝરી ઑફિસમાં એક ટ્રેઝરી ઑફિસર, બે કલાર્ક, ૩ પટાવાળા, ચોકીદાર હોય. હવે એક બે ટ્રાન્ઝેકશન માટે થઈને આખા મહિનામાં ૨૦-૨૫ પણ ટ્રાન્ઝેકશન પણ ન થાય એ માટે આ કચેરી રાખવી નથી અને અહીં મકાન પણ રાખ્યું હતું આપણે નીતિ નક્કી કરી હતી કે જે નવા તાલુકા થયા છે. વેરાવળમાંથી સુત્રાપાડા તાલુકો અલગ થયો છે. એ તમામ તાલુકામાં ટ્રેઝરી ઑફિસ કરવી એના માટે મકાન રાખ્યું હતું પરંતુ જયારે ગણતરી કરી. આજે ગુજરાતમાં જુનાગઢ જિલ્લો નહીં બાકીના ૨૧ તાલુકા એવા છે કે જયાં ટ્રેઝરી ઑફિસ આર્થિક દ્રષ્ટિએ પરવડે તેમ નથી એટલે કરી નથી. વેરાવળ ફકત ૨૦ કિલોમીટર છે. બધું ટ્રાન્ઝેકશન સુત્રાપાડાનું વેરાવળથી થાય છે. જે મકાન રાખ્યું હતું એ મકાન પણ પાછું આપી દીધું છે.

## ખેડા, આણંદ અને વડોદરા જિલ્લામાં પડતર જમીનની ખેત મજૂરોને ફાળવણી

***૨૩૩૧૨ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧ ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા, આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલી ગામની પડતર જમીનમાંથી ગરીબ ખેત મજૂરો (જમીન વિહોણા)ને જમીન આપવામાં આવી,

(૨) કેટલા ખેત મજૂરોને આ લાભ આપવામાં આવ્યો, અને

(૩) બાકીના કેટલા ખેતમજૂરોને કયારે આપવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ખેડા- શૂન્ય
આણંદ- હે.૪-૦૧-૬૫
પ્ર. આરે જમીન

(૨) ખેડા- શૂન્ય
આણંદ- ૯ (નવ)
વડોદરા- શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જમીન ગ્રામ્ય વિસ્તારમાં પડતર પડી રહે છે. ૯૦૦-૯૦૦ એકર પડી રહે છે તો બધા પેકેજ જાહેર કરો છો તો ખેતમજૂરોને પેકેજ જાહેર કરોને? જે ગરીબ છે. ગામડાંમાં ૭૦ટકા ખેતમજૂરો છે. માનનીય મંત્રીશ્રી આના માટે જમીન આપવા માગે છે કે કેમ? અને કયા કયા કેટલા ખેતમજૂરો છે? ખેડા અને ચાર જિલ્લામાં અને કેટલી કેટલી જમીન આપવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહભાઈની ચિંતા છે રાજય સરકારનું ગઠન થયુ ત્યારથી ખેતમજૂરોને, હરિજન, આદિવાસી મંડળીને જમીન મળે એવો રાજય સરકારે શરૂથી આગ્રહ રાખ્યો છે એના ભાગરૂપે જે કાંઈ કાર્યવાહી કરવી જોઈએ. તબકકાવાર પહેલા તો ગુજરાતમાં એટલા બધા જિલ્લા હતા. નર્મદા યોજનાને કારણે બાન હતો એટલે જમીન અપાતી નહોતી. એ બાન ૨૦૦૪માં ઉઠાવ્યા પછી તમામ જિલ્લા કલેકટરોની રીવ્યુ મિટિંગમાં પણ સાથણીમાં જમીન આપવાનો કાર્યક્રમ રાજય સરકારે હાથમાં લીધો. આખા ગુજરાતમાં કદાચ ૨-૪ જિલ્લામાં કાર્યવાહી ગતિમાં આવી નથી પણ રાજય સરકાર ગંભીર ચર્ચા કરીને કલેકટરને અવારનવાર સૂચના આપીને કે સાથણીમાં જે ખેતમજૂરો છે અને આવી મંડળીઓ છે એને જમીન તાત્કાલિક મળે એવું આયોજન રાજય સરકારે કર્યું છે. એમણે જે ૩ જિલ્લાની વાત કરી છે એમાં ખેડા, આણંદ અને વડોદરા એમાં ખેડા જિલ્લામાં ઝડપી આપી શકયા નથી પણ વડોદરા જિલ્લામાં બીજા એક કાર્યક્રમ લેન્ડ સીલીંગ એકટની જમીન આપવાની છે એમાં રાજય સરકાર છેલ્લા પાંચ વર્ષમાં ૨૦ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત આખા દેશમાં પ્રથમ છે. ગરીબ લોકોને જમીન આપવાની વાત છે એટલે પાંચ વર્ષથી રાજય સરકારે ૧૩૦ટકા કરતા પણ વધારે લક્ષ્યાંક ભારત સરકારનો લક્ષ્યાંક છે એના કરતા વધારે આપી છે એટલે હું ધારાસભ્યશ્રીને ખાતરી આપું છું કે આ ખેતમજૂરોને ખેતી માટે જમીન મળે એ માટે આગ્રહપૂર્વક કલેકટરો સાથે અને નીચેના અધિકારીઓ સાથે અવારનવાર ચર્ચા કરીને એનો લાભ મળે એવું આયોજન કર્યું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નટવરસિંહનો પ્રશ્ન છે, એમાં માત્ર ખેડા, બરોડામાં શૂન્ય બતાવ્યું છે. આણંદમાં ૪ હેક્ટર જમીન આપી છે. ગુજરાત રાજ્યમાં અનેક પ્રકારની જમીનો ઉદ્યોગપતિશ્રીઓને આપતા હોઈએ ત્યારે ખાસ કરીને જે ખેતમજૂરે અરજી કરી હતી, છેલ્લા બે વર્ષમાં કેટલા ખેતમજૂરોએ અરજી કરી છે અને આ અરજીમાં કેટલી અરજીઓ પેન્ડિંગ છે, એ કયા કારણોસર જમીન આપી નથી તે માનનીય મંત્રીશ્રી જણાવે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ સાથણીની સમગ્ર પ્રક્રિયા છે. એ ગામની અંદર લેન્ડ કચેરી તાલુકા લેવલે ભરાય. ગામની અંદર સરકારના કામમાં આવતી જમીન અને બીજી વિવિધ હેતુ માટે કામની જમીન એમાંથી બાદ કરી અને આપવાપાત્ર કેટલી જમીન છે, એનું લેન્ડ કચેરીમાં રેકર્ડ તૈયાર થાય છે અને એ તૈયાર થયા પછી એમાં અરજી મંગાવવામાં આવે છે, એટલે ખેડા અને વડોદરામાં આવી જે જમીનો છે. ત્રણેય જિલ્લાની અંદર ત્યાં કયાંક ખુલ્લી જમીન ન હોય તો ખુલ્લી કરીને આપવી પડે, એટલે રેકર્ડ ઉપર ચોખ્ખી હોવી જોઈએ, તો જ આપી શકાય, એટલે લેન્ડ કચેરી દ્વારા આ કાર્યવાહી થાય છે. લેન્ડ કચેરીમાં ડેટા ફીટ થાય પછી આપી શકાય છે.

**અધ્યક્ષશ્રી**: એમને જાણવું છે કે કેટલી અરજીઓ આવી હતી?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આમાં લેન્ડ કચેરીમાં આટલી જમીન આપવાપાત્ર છે. ચોખ્ખું નક્કી થાય પછી અરજીઓ મંગાવવામાં આવે છે. લેન્ડ કચેરી લેવલે પડતર છે. અરજીઓ અત્યારે કોઈ આવી નથી.

**૩૭(૨) ના મળેલ કેસો**

***૨૩૪૦૨ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ મહેસૂલ વિભાગમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૩૭(૨) મુજબના કુલ કેટલા કેસો આવ્યા અને

(૨) તે પૈકી કેટલા કેસોને સરકારની તરફેણમાં નિર્ણય લેવામાં આવ્યો?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) કુલ સાત (૭) કેસો આવ્યા.

(૨) એક પણ નહીં.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે આ ૩૭(૨) ના કેસો છે એ મારી દ્રષ્ટિએ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી સુરેન્દ્રનગર જિલ્લામાં એકમાં જ પ્રશ્ન લાગુ પડતો હોય છે. આ ખરેખર ૧૭૦૦, ૧૮૦૦ કેસો એક જ જિલ્લામાં છે. ૩૭(૨) ના કોઈ કેસો લેન્ડના હોય તો વકીલ રોકવા પડતા હોય છે. તો આ સુરેન્દ્રનગર જિલ્લાના કેસોનો નિકાલ કરવા માટે અગર તો મહેસૂલ વિભાગ કલેક્ટરશ્રીને સત્તા આપે અગર તો કોઈ અધિકારીની નિમણૂક કરીને આ ૧૭૦૦, ૧૮૦૦ કેસોનો નિકાલ કરવો પડે, કેમ કે આના માટે વકીલ રોકવા પડે અને એનો ખર્ચ થાય તો ખર્ચ પણ બચી શકે તો આવો નિર્ણય મંત્રીશ્રી લેવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ સુરેન્દ્રનગર જિલ્લાનો ખૂબ જ જૂનો પ્રશ્ન છે. લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૭(૨) તકરારી જમીન હોય અને એમાં આ જમીન સરકારની કે ખાનગી છે તે નિર્ણય લેવાની વાત આવે છે, જ્યારે આવો નિર્ણય લેવાનો હોય તો સરકારી જમીન એ ભૂલથી ખાનગી હેડે ન ચડે એટલે ખૂબ જ ગંભીરતાથી ૭(૨)ના કેસો ચલાવવામાં આવે છે, એમાં મામલતદાર અને નાયબ મામલતદારને સત્તા આપી છે. જો સરકારના ફેવરમાં એ લોકોએ નિર્ણય કર્યો હોય તો સરકારમાં અવલોકન કરવા માટે નથી બોલાવતા. સરકારની વિરુધ્ધનો નિર્ણય જિલ્લાની અંદર થયો હોય, તો આવા કેસો રાજ્ય સરકારમાં મંગાવીને રિવ્યુ કરવામાં આવે છે અને એની ધોરણોસરની કાર્યવાહી થઈ છે કે નહિ તેની રાજ્ય સરકાર ચિંતા કરે છે. પછી ૩૭(૨)નો નિર્ણય લે છે. ધારાસભ્યશ્રીનો સુરેન્દ્રનગર જિલ્લાનો જે સ્પેસિફિક પ્રશ્ન છે. એ જિલ્લામાં વર્ષોથી રજવાડાઓ વખતથી કેટલીક જમીનોનો કબજો ઘણા વખતથી કબજેદાર પોતાની પાસે હતો. કેટલીક વાર રેકર્ડ અને કબજાની અંદર જમીનની બાબતમાં તફાવત હતો. ક્રોસ ચેકિંગ કરતા ધ્યાનમાં આવ્યું કે આવા ઘણા બધા કેસો પેન્ડિંગ છે, તો ૩૭(૨) ના આવા કેસો કરીએ તો ઘણો લાંબો સમય જાય. રાજ્ય સરકારે ૨૦૦૬ માં રેકર્ડ ઓફ રાઈટ મામલતદારને સત્તા આપી અને સુરેન્દ્રનગર જિલ્લામાં મોકલ્યા અને પ્રિન્સિપાલ સેક્રેટરીએ જૂન-૨૦૦૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ અધિકારીઓની મીટિંગ લઈને આવા જૂના કેસો છે અને ખરેખર વર્ષોથી કબજો છે, પણ સરકાર હેડે ચડી ગઈ છે. જ્યાં આવા ડૂબના કેસો. ખરેખર સુરેન્દ્રનગર જિલ્લામાં ડૂબનો શબ્દ એટલા માટે આવ્યો કે અમારી જમીન જતી રહી. આ ડૂબના કેસ નથી. વ્યાખ્યા આપવામાં આવી છે ડૂબના કેસો. ડૂબના કેસોમાં જેટલું વહેલામાં વહેલું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભીખાભાઈ, આખો દિવસ ટીકા નહીં કરો. પ્લીઝ. એકની એક વાત કરવાની આખો દિવસ.. તમે તમારી સીટ ઉપર આવીને બેસી જાઓ પ્લીઝ. ભીખુભાઈ, અહીં આવી જાઓ. ચોવીસ કલાક ટેવ પડી ગઈ છે. એકની એક વાત આખો દિવસ કર્યા કરવાની. જવાબ તો મળે. મંત્રીશ્રી જવાબ આપે છે. આ વરસો જૂનો ગૂંચવાયેલો સવાલ છે

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નિર્ણય લીધો તેના ભાગરૂપે દસ તાલુકાના ૪૮ ગામના સો જેટલા કેસો પ્રાથમિક દૃષ્ટિએ આવા ધ્યાનમાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રીઓએ ટૂંકાણમાં બોલવાની કળા શીખવી જોઈએ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રજવાડા વખતનું છે. ૫૦-૬૦ વર્ષ જૂના કેસ છે. આખા જિલ્લાના કેસ છે. એટલે એની અંદર રાજય કક્ષાએ એક અલગ સમિતિ બનાવીને આવા કેસોનો વહેલામાં વહેલો નિર્ણય આવે તેવી રાજય સરકાર ચોક્કસ કાર્યવાહી કરશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૯૬૦માં પ્રમોલગેશન થયું અને આ પ્રમોલગેશન થયું ત્યારે જે ખેડૂતોની જમીન માપણીમાં ન આવી અને સરકારના હેડેથી ખેડૂતના ખાતેથી તે જમીન નીકળી ગઈ. એટલે આવી જમીનને ડૂબની જમીન કહેવામાં આવે છે. ૪૫ વર્ષ સુધી કોંગ્રેસે રાજ કર્યુ તે દિવસે તેમને યાદ નહોતી આવી. આ સરકાર જ્યારે ખેડૂત હિતરક્ષક સરકાર છે ત્યારે આવા ૩૭(૨)ના કેસ સુરેન્દ્રનગર જિલ્લામાં છે અને મારા પડધરી તાલુકામાં ૩૭(૨)નો એક કેસ છે. વર્ષોથી વાવે છે, તે ખેડે છે અને તેના કબજામાં છે. તો આવા કેસ સરકાર સુધી નહીં પણ ડૅપ્યુટી કલેકટર કે કલેકટર સુધી ચાલે અને તાત્કાલિક નિકાલ આવે તેવું કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૭(૨) ના કેસ મામલતદાર અને નાયબ મામલતદાર કક્ષાએ જ ચલાવવામાં આવે છે. જે કેસમાં સરકારની વિરુદ્ધમાં ચુકાદો આવ્યો હોય તો અવલોકન માટે મોકલે છે. સરકારની ફેવરમાં નિર્ણય થયો હોય તો રેકર્ડના આધારે તે અવલોકનમાં આવતો નથી. જ્યાં સરકારની વિરુદ્ધમાં નિર્ણય આવે એટલે રાજય સરકારની ચિંતા હોવી જોઈએ કે ખાનગી માલિકીની જમીન ઠરાવવાની હોય તો બરાબર કેસની ચકાસણી થાય.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૩૭(૨)ના કેસનો સુરેન્દ્રનગર જિલ્લાને લગતો પ્રશ્ન છે. તો સુરેન્દ્રનગર જિલ્લામાં આવા કેટલા કેસો બાકી છે અને કયાં સુધી પૂર્ણ કરવા માગો છો?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન છે તેમાં સરકાર લેવલે અવલોકનમાં કેટલા છે તેની માહિતી સાત કેસ છે. માનનીય ધારાસભ્યશ્રી જયંતિભાઈ કવાડીયાએ વાત કરી તે મુજબ સરકાર હેડે દાખલ થઈ ગયેલા ઘણા કેસ હશે. તેમાંથી ૧૦૦ કેસ અમારા ધ્યાનમાં આવ્યા છે. પ્રાથમિક દૃષ્ટિએ સરકારની ખરેખર માલિકીના છે તેવા કેસમાં અમે આગળ વધી રહ્યા છીએ.

## તળાજા અને મહુવા તાલુકામાં વૃક્ષો પાછળ કરેલ ખર્ચ

***૨૩૩૬૫ શ્રી શીવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લાના તળાજા અને મહુવા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વન વિભાગ નૉર્મલ અને વિસ્તરણ અન્વયે કેટલા વૃક્ષોનું વાવેતર કર્યુ, અને

(૨) આ વૃક્ષ વાવેતર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**વન મંત્રીશ્રી :**

(૧) ભાવનગર જિલ્લાના તળાજા અને મહુવા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **વાવેતર કરેલા રોપા (લાખમાં)** | | |
|---|---|---|---|
| | નોર્મલ વિભાગ | વિસ્તરણ વિભાગ | કુલ |
| તળાજા | ૧.૦૩ | ૦.૫૪ | ૧.૫૭ |
| મહુવા | ૦.૯૦ | ૦.૪૬ | ૧.૩૬ |
| કુલ | ૧.૯૩ | ૧.૦૦ | ૨.૯૩ |

(૨) કુલ રૂા.૩૭.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી શીવાભાઈ જે. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહુવા અને તળાજા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં જંગલ વિભાગ દ્વારા વૃક્ષોના વાવેતરમાં ૪૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ખર્ચની અંદર માનવ રોજગારી કેટલી આપવામાં આવી અને વાવેતર પછી તેની જાળવણી માટે શાં પગલાં લેવામાં આવે છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મહુવા અને તળાજામાં જે વર્ષની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે તેમાં માનવ રોજગારી ૨૯૪૭૩ લોકોને મળી છે. વાવેતર કર્યા પછી વન વિસ્તાર અને વન વિસ્તારની બહાર અમારા અધિકારીઓ મારફતે જાળવણી કરવામાં આવે છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેટલા ઝાડ વાવવામાં આવ્યા અને કેટલા જીવતા છે? દરેક રેન્જની અંદર ખર્ચ બતાવ્યો છે એટલા પ્રમાણમાં વૃક્ષો જીવે છે કે કેમ અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માધુભાઈને કહેવા માગું છું કે, ૨ લાખ ૯૩ હજારનું પ્લાન્ટેશન થયેલું છે અને એમાં ૨ લાખ ૪૮ હજાર રોપાઓ જીવિત છે, ૮૪.૬૪ ટકા રોપાઓ જીવે છે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રશ્નના પેટા પ્રશ્ન બેના જવાબમાં જણાવ્યું છે કે ૩૭.૨૯ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે. એમાં ટ્રી-ગાર્ડના ખર્ચનો

સમાવેશ થયો છે કે કેમ? અને જો ન થયો હોય તો આવી ટ્રી-ગાર્ડની યોજના વૃક્ષ ઉછેર માટે સરકાર દાખલ કરવા માગો છે કે કેમ ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : ના, જી.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રોપાઓનું વાવેતર કરવામાં આવે છે, એની સામે કેટલા રોપાઓનું વેચાણ કરવામાં આવ્યું છે એ હું જાણવા માગું છું અને બીજું, જે બાળ મરણનો દર એક હજારે ૬૦ નો હતો એ ઘટાડીને ૩૦ લાવવાનો આપણો પ્રયત્ન છે અને એમાં આપણે સફળ થયા છીએ પણ આમાં મારા ધ્યાન પ્રમાણે એક હજારે ૫૦૦ જેટલા રોપાઓનો મૃત્યુ દર હોય છે એટલે કે એક હજારે ૫૦૦ રોપાઓનું બાળમરણ થતું હોય છે તો એ રોપાઓનું બાળમરણ ઘટાડવા માટે મંત્રીશ્રી કોઈ પગલાં લેવા માગે છે કે કેમ ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કનુભાઈએ જે વાત કરી છે એમાં કહેવા માગું છું કે, ખારાશવાળી જમીન હોય કે પથરાળ જમીન હોય છે એટલે આમ થાય છે પણ અમારા ચોક્કસપણે પ્રયત્ન છે કે સો ટકા રોપાઓ જીવે પણ એ શકય નથી કે સો ટકા જીવે, એ જમીનની અનુકૂળતા પ્રમાણે હોય છે એટલે એ શકય હોતું નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે, કુલ ૨ લાખ ૯૩ હજાર રોપાઓનું વાવેતર કર્યુ છે પણ અમારો અનુભવ એવો રહ્યો છે કે ચોમાસાના સમય દરમિયાન આ રોપાઓનું વાવેતર થાય છે પણ વાવેતર થયા પછી એને ખાસ કરીને સૂકા વિસ્તાર છે કે જ્યાં પિયતની સગવડ ન હોય એવા વિસ્તારોમાં વાવેતર થયા પછી એને પાણી ન મળે તો, વરસાદ ન પડે તો મોટાભાગના રોપાઓ સુકાઈ જાય છે અને મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે અને મારી વિનંતી છે કે, આ રોપાઓ નાખ્યા પછી એની પાછળ કંઈક બે ત્રણ વખત ઉનાળાની ઋતુમાં પાણી આપવા માટેની કાં તો જોગવાઈ કરવી જોઈએ અથવા તો આ જે આંકડાઓ આપેલા છે એમાં મને લાગે છે કે, જીવિત રોપાઓના આંકડામાં કંઈક ક્ષતિ હોય કે ભૂલ હોય કે ખોટા આંકડા છે એ એટલા માટે કે અમારા વિસ્તારમાં મોટા ભાગે રોપાઓ નાખ્યા પછી સુકાઈ જાય છે, કારણકે પિયત માટે સુવિધા નથી કરવામાં આવતી એટલે આ જે ખર્ચ કરવામાં આવે છે એમાં ઉનાળામાં કે બાકીની સીજનમાં પિયત માટેની કોઈ વ્યવસ્થા અલગથી કરવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એમના વખતમાં રોપાઓ એટલા બધા નહોતા મળતા પણ મારે દાવા સાથે કહેવું છે કે માનનીય નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં આ ગુજરાતને લીલુ હરિયાળું બનાવવા માટે આદિવાસી વિસ્તારમાં, વંચિતોના પછાત વિસ્તારની અંદર આ વિભાગ જોર અને જુસ્સાથી કામ કરી રહ્યું છે. મારે ભાવનગરની વાત કરવી છે કે, દરેક જગ્યાએ ગાંડા બાવળનો નિકાલ ખૂબ થઈ ગયો છે મારે માનનીય મિત્રો જે વાત કરે છે કે એ ભૂતકાળની વાત કરે છે પણ અત્યારની પરિસ્થિતિ બહુ અલગ છે.

## રાજયમાં બાળમજૂરીના કિસ્સા તેમજ ભરણપોષણ અંગે

***૨૨૯૦૦ શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં બાળ મજૂરી કરતા કેટલા બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે.

(૨) બાળમજૂરીના કાયદાના કડક અમલ માટે લોક જાગૃતિ કેળવવા વિભાગ કેવા પ્રકારનાં પગલાં લે છે,

(૩) રાજયમાં એવી કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ છે જે આ પ્રકારના બાળકોના ભરણપોષણની જવાબદારી ઉપાડે છે, અને

(૪) આવી સંસ્થાઓને રાજય સરકાર શું મદદ કરે છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા):**

(૧) ૧૮૦૮.

(૨) બાળ મજૂરીના કાયદાના કડક અમલ માટે લોક જાગૃતિ કેળવવા નીચે મુજબના પગલાં લીધાં છે.

૧. પ્રજા જોગ અપીલ.
૨. રાજ્યકક્ષાના સૅમિનાર.
૩. દૈનિક અખબારોમાં અખબારી યાદી.
૪. રેડિયો અને ટૅલિવિઝન ઉપર વાર્તાલાપ,
૫. શાળાના બાળકો દ્વારા રૅલીઓ.
૬. પ્લે કાર્ડ અને પોસ્ટરનું વિતરણ.
૭. વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી પત્રિકાઓનું વિતરણ.
૮. હોર્ડીગ્સ.
૯. સ્વૈચ્છિક સંસ્થાઓ, માલિક મંડળો અને મજૂર મંડળો સાથે મીટિંગો.

૧૦. નિરીક્ષણ દરમિયાન કાયદાની સંપૂર્ણ સમજ.

(૩) આ વિભાગના હસ્તક કે નિયંત્રણ હેઠળ આ બાળકોના ભરણપોષણ માટે કોઈ સંસ્થા કાર્યરત નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, બાળ મજૂરી એ કોઈપણ સુસંસ્કારી સમાજ અને સીવીલાઈઝ સોસાયટી માટે એ બહુ કલંકિત બાબત છે. હરવા-ફરવાની અને રમવાની ઉંમરે બાળકોને પેટનો ખાડો પૂરવા માટે કામ કરવું પડે એવી સ્થિતિ ઊભી થાય તો એ કોઈપણ દેશની સરકાર કે રાજય સરકાર હોય એને ગમે તે પ્રગતિ કરી હોય એનો અર્થ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, છેલ્લા બે વર્ષમાં ૧૮૦૮ બાળમજૂરો નીકળ્યા, કદાચ આ કોઈ નાના ગામની સંખ્યા હશે, ખાસ તો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, બાળમજૂરીને ડામવા માટે નામદાર સુપ્રીમ કોર્ટે બહુ સ્પેશિફિક ઑર્ડરો કર્યા છે એ કેવા પ્રકારના હુકમો છે અને એ હુકમોના અમલીકરણ કરવા માટે રાજય સરકારે કેવા પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવી છે? બાળમજૂરીની નાબૂદી અંગે સંકલનની શું વ્યવસ્થા છે અને આ બાળકોના શિક્ષણની શું વ્યવસ્થા ગોઠવી છે, તદ્‌ઉપરાંત મારો પ્રશ્ન એ હતો કે, રાજયમાં એવી કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ છે જે આ પ્રકારના બાળકોના ભરણપોષણની જવાબદારી ઉપાડે છે? માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે, આ વિભાગ હસ્તક નિયંત્રણ હેઠળ બાળકોના ભરણ-પોષણ માટે કોઈ સંસ્થા કાર્યરત નથી તો આપણે જે બાળકોને આવા લોકોની ચુંગાલમાંથી બચાવી લઈએ છીએ એની રીહેબિલેટેશનની વ્યવસ્થા ન કરતા હોઈએ તો એનો અર્થ એવો કે એને આપણે રામ ભરોસે છોડી દઈએ છીએ ત્યારે મારી વિનંતી છે કે આ માટે રીહેબિલેટેશન સૅન્ટર ઊભા કરવા જોઈએ એ કરવા માગો છો કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા છે એમાં બાળ મજૂરો જે છે એ સમગ્ર દેશની સરખામણીમાં ગુજરાતમાં બાળ મજૂરોની સંખ્યા ઓછી છે. પહેલી વાત કરી કે ૧૮૦૮ની સંખ્યા છે એ એક-બે ગામની હશે એવું કહ્યું પણ ગુજરાતના બધા જ જિલ્લાઓની આ સંખ્યા છે અને જિલ્લાવાર આંકડા જોઈતા હશે તો આપી શકું એમ છું. બીજી વાત કરી કે 'આના માટે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટે શું સૂચના આપી છે કે જજમૅન્ટ અપ્યા છે?' હાઈકોર્ટે કહ્યું છે કે, બાળ મજૂરોના જે કાયદા છે એની બરાબર કડક રીતે અમલવારી થવી જોઈએ. આપણા રાજયમાં આ સુપ્રીમ કોર્ટના એક જજમૅન્ટ પ્રમાણે અને એમનેએમ આપણા જે કાયદા છે એનો કડક રીતે અમલ કરવા માટે સંકલન માટે જે વ્યવસ્થા ગોઠવી છે એમાં રાજયમાં બાળ શ્રમિક નાબૂદી અંગે અને સંકલન અને મોનિટરિંગ છે એ મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજયના અધ્યક્ષ સ્થાને કોર સમિતિની રચના કરવામાં આવી છે. બીજું અગ્ર સચિવ, શ્રમ અને રોજગારના અધ્યક્ષ સ્થાને રાજય કક્ષાની મોનિટરિંગ કમિટીની રચના કરવામાં આવી છે. અને શ્રમ આયુક્તની અધ્યક્ષતામાં મોનિટરિંગ સેલની રચના કરવામાં આવી છે અને દરેક જિલ્લામાં કલેક્ટર કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. બીજું હમણા હું દિલ્હી શ્રમ મંત્રીશ્રીઓની કોન્ફરન્સમાં ગયો હતા ત્યારે કેંદ્ર સરકારના સચિવશ્રી અને આ બાળ શ્રમિકોનું કામ સંભાળે છે એમણે એમ કહ્યું કે સમગ્ર દેશમાં આ બાળ મજૂરોનું નિરીક્ષણ કરવામાં, એને ખાસ શિક્ષણ આપવાનું છે, સ્કૂલો શરૂ કરવાની છે એમાં ગુજરાત પહેલા નંબરે છે. ગુજરાતમાં ૯ જિલ્લાઓમાં આ સ્કૂલો શરૂ કરવાની હતી એ સ્કૂલો શરૂ કરી દીધી છે. ભરણ-પોષણની વાત કરી છે, એ અમે નથી કરતા એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિણંત્રણ હેઠળ આ કામગીરી થાય છે. એટલે એ કામગીરી અંગેની માહિતી જોઈતી હોય તો ફરીથી અલગ નોટિસ આપવી પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટ્રીટ ચિલ્ડ્રન એટલે કે ખાસ કરીને બાળ મજૂરો છે એ દેશમાં ખૂબ મોટી સમસ્યા છે. ગુનેગારો જન્મે છે એ પણ આજ બાળપણમાં બરાબર મજૂરી કે બીજી પ્રવૃત્તિમાં ખેંચી જવાથી ઉભા થાય છે. તો કેંદ્ર સરકારે એના માટે કાયદો બનાવ્યો છે ત્યારે રાજય સરકારની ફરજ છે કે બાળ-મજૂરો મજૂરી કરતા પકડાય છે એને એવી કોઈ સંસ્થામાં રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ અને સ્વૈચ્છિક સંસ્થાઓને આ માટે પ્રોત્સાહિત કરવી જોઈએ. હમણાં જ સુરતમાં ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરાએ આવા એક હજાર સ્ટ્રીટ ચિલ્ડ્રન માટેની સંસ્થા બનાવી છે. તો આ પ્રકારની સંસ્થાઓ રાજયમાં ઊભી થાય અને બાળ મજૂરો છે એની સમસ્યા હળવી થાય એના માટે માનનીય મંત્રીશ્રીએ એકેય પગલાં બતાવ્યા નથી. માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે ભારતમાં આપણે આ બાબતમાં પ્રથમ કક્ષાએ છીએ તો આ બાળ મજૂરોના ભરણ પોષણની બાબતમાં આ માટેની કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ક્હ્યું છે કે આવા બાળકો ધ્યાન ઉપર આવે એને ખાસ કરીને એ શિક્ષણ તરફ વળે એના માટે ખાસ સ્કૂલો શરૂ કરવાની વાત છે એમાં ૯ જિલ્લામાં બાળ શ્રમિકોની સંખ્યા હોય એવા જિલ્લામાં આ પ્રકારે સ્કૂલો ખોલવાનું નક્કી કરવામાં આવ્યું હતું એવા ૯ જિલ્લામાં ૧૧૩ સ્કૂલો શરૂ કરવાની હતી એ ૧૧૩ સ્કૂલો શરૂ કરી દીધી છે અને આ સંસ્થાઓને સ્કૂલોનું કામ આપ્યું છે એ સંસ્થાઓ અલગ અલગ રીતે ચલાવે છે. મેં કહ્યું તેમ ભરણ-પોષણની વાત કરી એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતી છે. અહીં ૩૫૩ બાળ મજૂરો છે એ આપણા રાજયના હતા અને ૪૩૪ અન્ય રાજયોના હતા.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : અને અન્ય રાજયના હોય એ જે તે રાજયમાં મોકલી દેવા પડે અને એ જે સંસ્થાઓ છે એનું ભરણ પોષણ એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની સંસ્થાઓ કરે છે. આવા બાળકો પકડાય એ ચિલ્ડ્રન હોમ કે જે સરકાર હસ્તકના પણ છે અને ગ્રાન્ટ ઈન એઈડ પણ છે એમાં એમને રાખવામાં આવે છે અને અમારા વિભાગ દ્વારા માત્ર સ્કૂલો જ શરૂ કરવાની છે અને એ જેટલી મંજૂર થઈ હતી એ ચાલુ કરી દીધી છે અને જે જિલ્લાઓ બાકી છે એ જિલ્લાઓમાં પણ સરવે કરીને ત્યાં શરૂ કરવા માટે ૩૪ લાખ રૂપિયાની જોગવાઈ આ વરસે બજેટમાં કરી છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં બાળમજૂરના છેલ્લાં છ માસમાં કોઈ કેસ થયાં છે કે કેમ અને થયાં હોય તો એમાં કેટલા બાળમજૂરો પકડાયા છે અને એમના માટે થઈને શું વ્યવસ્થા કરવામાં આવેલી છે?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા પંચમહાલ જિલ્લામાં ૨૦૦૫માં કુલ ૧૪ કારખાના કે સંસ્થા એમાં આવા બાળમજૂરો મળ્યા છે અને એમાં બાળશ્રમિકોની સંખ્યા ૧૭ની છે અને ૧૭ની સામે ૧૪ ઉપર કેસ કરવામાં આવ્યા છે અને ૨૦૦૬માં ૪ સંસ્થાઓમાં ૨૦ મજૂરો મળ્યા છે.

**રાજયમાં જિલ્લાવાર મહિલાઓના નામે દસ્તાવેજોની નોંધણીની સંખ્યા**

***૨૩૦૮૭ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં સન ૨૦૦૬-૦૭માં તારીખ ૩૧-૧૨-૨૦૦૬ અંતિત મહિલાઓના નામે દસ્તાવેજોની કેટલી નોંધણી કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી સુરત જિલ્લામાં તાલુકાવાર તથા શહેરમાં કેટલી મહિલાઓના નામે દસ્તાવેજો થયેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧) ૧,૦૦,૧૫૦

| | |
|---|---|
| સુરત | ૧૦૩૦૫ |
| માંગરોળ | ૦૦૪૯૦ |
| ઉમરપાડા | ૦૦૦૦૦ |
| બારડોલી | ૦૦૪૦૮ |
| ઓલપાડ | ૦૦૭૪૮ |
| પલસાણા | ૦૦૨૫૮ |
| વ્યારા | ૦૦૨૦૨ |
| સોનગઢ | ૦૦૦૩૨ |
| નિઝર | ૦૦૦૧૭ |
| ઉચ્છલ | ૦૦૦૦૦ |
| મહુવા | ૦૦૦૬૯ |
| વાલોડ | ૦૦૦૭૦ |
| માંડવી | ૦૦૧૧૩ |
| કામરેજ | ૦૦૪૬૯ |
| કુલ | ૧૩૧૮૧ |

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને એ પુછવા માગું છું કે, તારીખ ૩૧-૧૨-૨૦૦૬ અંતિત ૧૦૦૧૨૫ જેટલા દસ્તાવેજોની મહિલાઓના નામે નોંધણી થઈ છે તો મહિલાઓ માટે સ્ટેમ્પ નોંધણી ફીની માફી કયારથી આપવામાં આવી અને કેટલી આપવામાં આવી અને બીજો પ્રશ્ન એ છે કે, સ્ટેમ્પ નોંધણી ફીમાં રાહત આપી તે અગાઉના વર્ષમાં કેટલા દસ્તાવેજો મહિલાઓના નામે થયેલા અને રાહત આપ્યા બાદ કેટલા દસ્તાવેજોની મહિલાઓના નામે નોંધણી કરવામાં આવી અને ત્રીજો પ્રશ્ન એ છે કે આ માફી આપવાથી રાજય સરકારને રાહત પેટે કેટલી આવક ગુમાવવી પડી?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓના લાભાર્થે દેશમાં પ્રથમવાર એક ઐતિહાસિક નિર્ણય લીધો છે કે સમાજની અંદર બહેનોનું માન સન્માન વધે, એમના સામાજિક દરજ્જાનું ધોરણ ઉંચુ આવે એવા આશયથી અને આર્થિક ક્ષેત્રમાં મહિલાઓને સન્માનથી સમાજ જૂએ તે આશયથી તારીખ ૧૧-૬-૨૦૦૬થી આ રાજય સરકારે નિર્ણય લીધો છે આ મહિલાઓના લાભાર્થેની યોજનાનો એટલા મોટા પ્રમાણમાં બહેનોએ લાભ લીધો છે કે અત્યારસુધીમાં ૨,૮૮,૧૪૭ દસ્તાવેજો બહેનોના નામે નોંધાયા છે અને અત્યારસુધી જેટલા દસ્તાવેજો થયાં છે એમાંથી ૪૦ ટકા દસ્તાવેજો માત્ર બહેનોના નામે થયાં છે અને કુલ બહેનોએ કેટલો લાભ લીધો છે એ પુછયું તો ૩,૧૧,૫૮૫ બહેનોએ લાભ લીધો છે. રાજય સરકારે આ મહિલાઓ માટેની યોજના જાહેર કર્યા પછી ૭૧.૨૦ કરોડની રાહત આપી છે એમાં નુકશાન નથી થતું પણ મહિલાઓના

હિતમાં રાજય સરકારે ૭૧.૨૦ કરોડ રૂપિયાની રાહત આપી છે. સુરત જિલ્લાની વાત કરીએ તો ૧૩૧૮૧દસ્તાવેજો થયાં છે છેલ્લાં વર્ષની અંદર અને એમાં મહિલાઓની સંખ્યા, લાભાર્થી જે બહેનો છે એ ૧૬૫૯૭. એકલા સુરત જિલ્લામાં ૩,૬૯,૭૧,૨૪૦ રૂપિયાની રાહત આપી છે એટલે આ મહિલાઓના લાભાર્થે કાર્યક્રમ આખા દેશમાં કોઈપણ રાજય સરકારે નથી લીધો એવો નિર્ણય આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ લીધો છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ મહિલાઓને જે રાહત આપી એ બદલ હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને હું એ જાણવા માગું છું કે, આવી રાહતો બીજા કયા કયા રાજયોમાં આપવામાં આવે છે અને બીજું સિનિયર સીટીઝનને પણ આ રાહત આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, સિનિયર સીટીઝન માટેનું એમનું સૂચન છે પણ ભૂતકાળના વર્ષોમાં જે ૧.૫ રજીસ્ટ્રેશન ચાર્જ લેવામાં આવતો હતો. વર્ષોથી તે ચાર્જ આ રાજય સરકારે બહેનો માટે નહીં લેવો, રજીસ્ટ્રેશન ફી નહીં લેવી એવો ઐતિહાસિક નિર્ણય છે. બીજા રાજયોમાં કદાચ તે લોકોનું ધોરણ શું છે અલગ અલગ ડ્યૂટી અને તે હોય છે રાજયોમાં પણ મારા ડિમાન્ડની માગણીમાં પણ મેં કહ્યું કે આ દેશમાં બે રાજયો એવા છે કે મહારાષ્ટ્ર અને ગુજરાત જેમણે સ્ટેમ્પ ડ્યૂટીની અંદર પણ ઓછામાં ઓછી સ્ટેમ્પ ડ્યૂટીના રેઈટ રાખ્યા છે અને આ મહિલાઓના લાભાર્થે રજીસ્ટ્રેશન ફી દોઢ ટકો બિલકુલ માફ કરી દીધી છે. આવો ઐતિહાસિક નિર્ણય માત્ર ફક્ત અને ફક્ત ગુજરાતમાં જ લેવાયો છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્છલ, ઉંમરગામમાં ઝીરો ઝીરો બતાવ્યો છે. તો તે ગામડાંઓમાં અને તાલુકાની અંદર આની માગણીઓ હતી કે કેમ ? જ્યારે આમાં રાજય સરકારનો અને કેન્દ્ર સરકારનો કેટલો ફાળો છે તે જાણવા માંગુ છું?

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીઓને એક વિનંતી છે કે આ ગૃહ રાજય અને કેન્દ્ર વચ્ચે વહેંચાઈ ના જાય પ્લીઝ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ રાજય સરકારે જે આ નિર્ણય લીધો છે તે નિર્ણય આ ગુજરાતની બહેનો સુધી આ વાત પહોંચે એવી વિનંતી કરું છું કે આ રાહત રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે તે હજુ બહેનોને ખબર નથી. તેમણે જે વાત કરી તેમાં ત્યાં પણ પ્રયત્ન કરીને બહેનોના નામે વધુ દસ્તાવેજો થાય તે પણ આપણે ક્રાંતિ લાવવી પડશે તો આદિવાસી વિસ્તારમાં પણ બહેનોના નામે દસ્તાવેજો થાય તો ચોક્કસ લાભ મળશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ચિંતાનો વિષય એ છે કે, બહેનના નામે દસ્તાવેજો થાય પરંતુ જ્યારે બહેન છૂટાછેડા લે ત્યારે તેના પતિને આ સરકાર રક્ષણ આપવા માગે છે કે કેમ ?
(માનનીય મંત્રીશ્રી તરફથી જવાબ આપવામાં આવ્યો નહીં )

## સાબરકાંઠા જિલ્લામાં જમીનની ફાળવણી

***૨૨૭૪૭ શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલી શૈક્ષણિક સંસ્થાઓએ જમીનની માગણી કરે છે,

(૨) આ સમયગાળામાં કેટલી સંસ્થાને જમીન આપી છે, અને

(૩) જો ના, તો તેના કારણો શાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧)

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૦૪ | ૦૮ |
| ૨૦૦૫ | ૦૭ |
| ૨૦૦૬ | ૦૭ |
| કુલ | ૨૨ |

(૨) ૩

(૩) પાત્રતા ન ધરાવતા હોવાને કારણે નામંજૂર.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માંગુ છું કે, સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૪, ૨૦૦૫, અને ૨૦૦૬માં કેટલી શૈક્ષણિક સંસ્થાઓને જમીન આપવામાં આવી અને કેટલી માગણી હતી? તો જવાબ ૩ ને અને માગણી હતી ૨૨ ની જ્યારે બીજા ક્રમાંકમાં જવાબ આપ્યો છે તો કઈ કઈ સંસ્થાઓ ત્રણને આપવામાં આવી અને પાત્રતા ના ધરાવવાના કારણો કયા હોય છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ સંસ્થાઓ રાજય સરકાર પાસે આ શિક્ષણની પ્રવૃત્તિ ચલાવવા માટે જમીન માગે છે તો રાજય સરકાર ખાસ તેની ઉપર ચિંતા કરીને વહેલામાં વહેલી તકે તેમને જમીન મળે એવું આયોજન કર્યુ છે. ૨૨ અરજીઓ આવી છે તેમાં ૮ નામંજૂર થઈ છે. ૩ મંજૂર થઈ છે અને ૧૧ અરજીઓ પડતર છે. તેમાં ૮ અરજીઓ કલેકટર લેવલે પૂર્તતા માટે પડતર છે ને ૩ રાજય સરકારમાં છે. નામંજૂર થવાના કારણમાં આમાં કંઈ ખાસ પણ જે અરજદાર સંસ્થાઓ છે તેમને જે જમીન માંગી હોય તે જમીન માગવાના

ટાઈટલ કલીયર હોય તો જ આપી શકાય. તો ઘણી વખત કલેકટર પાસે અરજી આવે તો કલેકટર તેમને કહે છે કે તમે બીજી જમીન માગો આ જમીન કોઈ સંસ્થા માટે રિઝર્વ છે અથવા દબાણ થયેલું છે. એટલે માગવાવાળી જે જમીન છે તે ટાઈટલ કિલયર હોય તો આમાં કંઈ વાંધો આવતો નથી અને શિક્ષણ વિભાગની તેમાં કેટલી જમીન આપી શિક્ષણ વિભાગની જે ચોક્કસ પૉલિસી છે તે પૉલિસીના આધારે રાજયની અંદર ગ્રામ્ય કક્ષાએ, નગરપાલિકા કક્ષાએ અને મહાનગરપાલિકા કક્ષાએ આ ત્રણેય કક્ષાએ જે જે અરજીઓ આવે છે તેમાં વહેલામાં વહેલી શૈક્ષણિક સંસ્થાઓ માટે જમીન મળે તે રાજય સરકાર ચિંતા કરે છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષરી, ગામડાંઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે સાર્વજનિક સંસ્થાઓ જે પંચાયતની આજુબાજુની જમીન માંગતી હોય છે તે આપવા માટે નિયમ હળવા કરવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શાળા માટે આમ તો લગભગ ગામડાંની અંદર બહુ નાની જમીન જોઈતી હોય છે. લગભગ ગામડાંઓની સંસ્થાઓની અરજીઓ આવે છે તેમાં મોટાભાગે વાંધો નથી આવતો પણ તેમાં જે કંઈ છે તેમાં અમુક જગ્યાએ ટાઈટલ, કોઈ સંસ્થાને ફાળવેલી હોય તેમાં નામંજૂરના કારણો છે તેમાંથી ખ્યાલ આવશે.સંસ્થાએ કંયાક જમીન માગી હોય, આમાં ૨૨ છે, એમાં જે નામંજૂર કરવામાં આવી છે, એમાં ૩ અરજી સંસ્થાએ પાછી ખેંચી લીધી છે, એટલે દફતરે કરવામાં આવેલી છે. અન્ય સંસ્થાઓને ભૂતકાળમાં ફાળવેલી હોય તેવી જમીન માગી હોય તો ના મળે. રાજય સરકારે કે રાજય સરકારની બોડીએ કોઈ કામ માટે રીઝર્વ રાખી હોય એના માટે અરજી આવી હોય તો ન થાય. એટલા માટે મોટે ભાગે શૈક્ષણિક સંસ્થાઓને જમીન આપવામાં લગભગ કોઈ વાંધો આવતો નથી. એમણે માગેલી જમીનમાં ટાઈટલ માટે કોઈ વાંધો હોય તો જ એ રીજેકટ થાય છે.

**ડૉ. અનિલ જોષીયારા** : સરકાર ગરીબ, ભૂમિહીન ખેત મજૂરોને પણ જમીન આપી શકતી નથી અને આ શૈક્ષણિક સંસ્થાઓને પણ જમીન આપી શકતી નથી. એના લીધે ગામડાના શિક્ષણ ઉપર ખૂબ મોટી અસર પડે છે, ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે કે ૧૯ જેટલી સંસ્થાઓને આપી નથી. તો જે માગણી આવી છે એનો રી-સરવે કરીને ખરેખર જરૂરિયાત પ્રમાણે આદિવાસી વિસ્તારમાં આવી જમીન આપવા માગે છે કે કેમ? કારણ કે આ જમીન મળતી નથી, એટલે શિક્ષણ વિભાગ સંસ્થાની ગ્રાન્ટ કાપ કરે છે અને એટલે શિક્ષણ ઉપર પણ અસર પડે છે, એ ન થાય એટલા માટે ફરી ચેક કરાવી જમીન આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : શૈક્ષણિક સંસ્થાઓને માટે રાજય સરકાર કયારેય અન્યાય નહીં કરે. વહેલામાં વહેલું એમને મળે, એમાં રીવ્યુ કરવાનો હશે તો પણ કરી દઈશું, પણ એમણે પહેલા પોલિટિકલ વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, સાંથણીમાં અને એ.એલ.સી.માં એમણે એમના પ્રશ્ન દરમ્યાન ઉલ્લેખ કર્યો, આ રાજય સરકાર દેશની પહેલી રાજય સરકાર છે કે ૫ હજારથી વધારે લાભાર્થીઓને ૬ હજાર હેકટર જમીન સાંથણીમાં આ ગુજરાત રાજયમાં એક વર્ષના ગાળામાં આપી છે. ભૂતકાળમાં કયારેય આટલી બધી જમીન કોઈ રાજય સરકારે સાંથણીમાં આપી નથી, આ એમની જાણ માટે. એમણે પોલિટિકલ પ્રશ્ન ઉભો કર્યો છે, એટલે જાણ માટે. સાંથણીમાં એ.એલ.સી.માં રાજય સરકાર સમગ્ર દેશમાં પ્રથમ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં પણ રાજય સરકાર વહેલામાં વહેલી એમને જમીન મળે એવું ચોકકસ આયોજન કરશે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગામડામાં ઉત્તર બુનિયાદી સંસ્થાઓ ચાલતી હોય છે, એ સંસ્થાઓમાં ખેતી માટેની જરૂર ઉભી થતી હોય ત્યારે જમીનની જરૂર પડતી હોય છે, તો એવી સંસ્થાઓને ભાડાપટ્ટે આપવામાં આવે છે. તો આ જમીન કબજા હકકથી, પડતર જમીન સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ગામડામાંથી શૈક્ષણિક સંસ્થાઓ માટે અરજી આવે તો ગામમાં મકાનના બાંધકામ માટે મહેસૂલ ફ્રીથી આપીએ છીએ. એટલે એકપણ પૈસો લેતા નથી, ગામડામાં અરજી આવે તો, અને શિક્ષણ વિભાગના નિયમ પ્રમાણે રમતગમતના મેદાન માટે શિક્ષણ વિભાગનો જે નિયમ છે કે ૨૫૦ ની સંખ્યા હોય તો આ પ્રમાણે, ૩૦૦ ની સંખ્યા હોય તો આ પ્રમાણે, આ રમત ગમતના મેદાનો માટે એક રૂપિયો ટોકનથી આપીએ છીએ. એટલે ગામમાં શૈક્ષણિક સંસ્થા માટે અરજી કરે તો બાંધકામ માટે બિલકુલ પૈસા લેતા નથી. રમત ગમતના ખુલ્લા પ્લોટ માટે એક રૂપિયો ટોકનથી આપીએ છીએ. એટલે ગામડામાં જે કોઈ શૈક્ષણિક સંસ્થા માટે અરજી કરે છે, એને સરકાર ખૂબ જ રાહત રીતે જમીન આપે છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : શૈક્ષણિક સંસ્થા માટે જમીન માગી છે, એટલે મકાન બાંધવા માટે માગી છે, પણ સરકારની ફાઈલ ચાલે છે અને ત્રણ ત્રણ વર્ષ સુધી ફાઈલ ચાલે છે અને કવેરીઓ કાઢયા કરે છે, તો એકમોની કવેરીઓ કાઢો ને. ત્રણ વર્ષ સુધી કવેરીઓ જ કાઢયા કરે છે. તો શું કરવા માગે છે? જે ખામી હોય તે દૂર કરી કાઢી નાંખે તો મળી જાય, તો શું કરવા માગે છે? આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: શૈક્ષણિક સંસ્થાઓને રાજય સરકાર જેમ બને તેમ ઝડપથી જમીન આપવા બંધાયેલી છે.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૫ સંસ્થાઓને મંજૂર કરી છે, તે કઈ કઈ સંસ્થાઓ છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વડાલી...
**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**મહેસાણા જિલ્લામાં નીલગાય/ભૂંડથી પાકનો બચાવ**

૨૩૧૧૯**શ્રી કાંતિભાઇ પટેલ (વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં નીલગાય અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોના પાકને બચાવવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેવા પ્રકારના પગલાંઓ લીધેલ છે ? | (૨) **નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા છે.**<br>૧. વર્ષ ૨૦૦૬-૦૭ માં કાંટાળા તારની વાડ ૧૭૬૩ રનીંગ મીટર તથા રૂ. ૧.૯૭ લાખના ખર્ચે બનાવેલ છે.<br>૨. ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને, હલન ચલનવાળા ચાડિયા રાખીને અને રોઝડાઓને હાંકો કરીને દુર કરવામાં આવે છે.<br>૩. ખેતીના પાકને થતા નુકસાન સામે પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.<br>૪. રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુકશાની જણાય છે તેવા મહેસાણા જિલ્લાના ૧૪૭ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ રોઝનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે.<br>૫. ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ એસ્ટીમેન્ટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં નાગરિક અધિકારોની જોગવાઈઓ હેઠળ પણ આપવામાં આવે છે. |

-----------

**કચ્છ જિલ્લામાં નીલગાય દ્વારા ખેડૂતોના પાકને નુકસાન**

૨૨૮૨૨ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નીલગાય અને ભૂંડ દ્વારા ખેડૂતોના ઊભા પાકને ખૂબજ નુકસાન થાય છે તે સરકાર જાણે છે, | (૧) આવી રજૂઆતો મળે છે. |
| (૨) જો હા, તો આ અંગે સરકારે શી શી કાર્યવાહી કરી છે, અને | (૨) નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.<br>(૧) ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને, હલન ચલનવાળા ચાડિયા રાખીને અને રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે |

છે.

(૨) ખેતીના પાકને થતા નુકસાન સામે પાકના રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

(૩) રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુકસાની જણાય છે તે પૈકી કચ્છ જિલ્લામાં ૯૨ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ નીલગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે.

(૪) ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ એસ્ટીમેન્ટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.

(૩) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોનાં ઊભા પાકને બચાવવા તાલુકાવાર કેટલી મદદ કરી છે ?

(૩) છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના ઊભા પાકને બચાવવા કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સહાય ચુકવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૪-૦૫ માહિતી શૂન્ય

વર્ષ ૨૦૦૫-૦૬

| તાલુકા | ખેડૂત લાભાર્થીઓની સંખ્યા | કાંટાળા તારની વાડ બનાવી (રનીંગમીટર) | નાણાંકીય સહાય (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| મુન્દ્રા | ૩ | ૧૦૦૦ | ૦.૫૦ |
| નખત્રાણા | ૮ | ૩૨૦૦ | ૦.૪૦ |
| કુલ | ૧૧ | ૪૨૦૦ | ૦.૯૦ |

વર્ષ ૨૦૦૬-૦૭ તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ

| તાલુકા | ખેડૂત લાભાર્થીઓની સંખ્યા | કાંટાળા તારની વાડ બનાવી (રનીંગમીટર) | નાણાંકીય સહાય (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| મુન્દ્રા | ૨ | ૧૮૦૦ | નાણાંકીય સહાય ચુકવવાની કામગીરી પ્રગતિમાં |
| નખત્રાણા | ૭ | ૩૪૨૨ | |
| કુલ | ૯ | ૫૨૨૨ | |

-----------

**વનીકરણની કામગીરી અંગે**

૨૨૮૧૫ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં વિશાળ પાયે વનીકરણ કરવા હાથ ધરવા સરકારે શા પ્રયાસો કર્યા છે,

**જવાબ**

(૧) બજેટ ઉપલબ્ધતા લક્ષમાં લઈ વનીકરણ માટે નીચે જણાવ્યા પ્રમાણે પ્રયાસો કરવામાં આવેલ છે.

(૧) રોપા ઉછેરી લોકોમાં વહેંચવામાં આવે

છે.

(૨) ક્સિાન શિબિર યોજી લોકોને તાલીમ આપવામાં આવે છે.

(૩) લોકોને વૃક્ષ ઉછેરવા અંગે માહિતી આપવામાં આવે છે.

(૨) જાપાન સરકાર પાસેથી આ અંગે લોન લેવામાં આવી છે એ હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) અને (૩) : લોન લેવા માટે પ્રોજેક્ટ બનાવી જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કો-ઓપરેશનને રજુ કરવામાં આવેલ છે. જેની મંજુરીનો નિર્ણય મળવામાં બાકી છે.

-----------

**ગોધરા તાલુકામાં જંગલની જમીનમાં રસ્તા બનાવવાની મળેલ દરખાસ્તો**

૨૩૧૩૧ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ફોરેસ્ટની જમીનમાં કેટલા રસ્તા બનાવવાની દરખાસ્ત મળેલ છે,

(૨) તે પેકી ફોરેસ્ટ વિભાગ દ્વારા રસ્તા માટે જમીન અંગે કોઇ કાર્યવાહી થઇ છે ખરી, અને

(૩) જો હા, તો રસ્તા માટેની જમીન અંગે કાર્યવાહી ક્યાં સુધી પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ""છ"" (૬).

(૨) વન સંરક્ષણ ધારા-૧૯૮૦ની જોગવાઇ મુજબની દરખાસ્ત ન હોવાથી સંબંધિત વિભાગને પૂર્તતા માટે પરત મોક્લેલ છે.

(૩) પૂર્તતા થયેથી આગળની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં ટ્રાયબલ પ્રોજેક્ટ હેઠળ ફાળવેલ રકમ અને ખર્ચ**

૨૨૭૪૦**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ટ્રાયબલ પ્રોજેક્ટ હેઠળ સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬માં રૂપિયા ૧૦૩૯.૭૫ લાખ અને સને ૨૦૦૬-૦૭માં રૂપિયા ૦૭૪૯.૪૫ લાખ (તા.૩૧-૧-૦૭ અંતિત)

(૨) (રૂપિયા લાખમાં)

| તાલુકાવાર ખર્ચ | સને ૨૦૦૫-૦૬ | સને ૨૦૦૬-૦૭ (તા.૩૧/૧/૦૭ અંતિત) |
|---|---|---|
| દાંતા | ૬૫૨.૧૫ | ૩૧૨.૬૯ |
| અમીરગઢ | ૩૨૩.૯૫ | ૧૯૨.૬૮ |
| પાલનપુર | ૧૯.૫૭ | ૪.૮૬ |
| વડગામ | ૧૬.૧૦ | ૭.૨૪ |
| ડીસા | ૧૩.૩૬ | ૧.૭૮ |
| ધાનેરા | ૯.૭૪ | ૭.૩૧ |
| થરાદ | ૦.૩૯ | ૧.૦૨ |
| વાવ | ૧.૯૩ | ૦.૦૦ |
| દાંતીવાડા | ૨.૫૬ | ૦.૦૦ |
| ભાભર | ૦.૦૦ | ૦.૦૦ |
| શિહોરી | ૦.૦૦ | ૦.૦૦ |
| દિયોદર | ૦.૦૦ | ૦.૦૦ |
| **કુલ** | **૧૦૩૯.૭૫** | **૫૨૭.૫૮** |

-----------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં રૂા.૧ લાખથી વધુ બાકી વેચાણવેરાના એકમો**

૨૩૩૦૯**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં એક લાખ કે તેથી વધુ રકમની વેચાણવેરાની રકમ ક્યા ક્યા ઉદ્યોગો પાસે વસુલ કરવાની બાકી છે ?

**જવાબ**

રાજકોટ જિલ્લામાં ૨૧૭ અને પોરબંદર જિલ્લામાં ૩ ઉદ્યોગો સામેલ યાદી મુજબ. *
(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**રાજકોટ જિલ્લામાં ખેતીના વાડાઓ કબજા હક્કમાં ફેરવવાની પડતર અરજીઓ**

૨૩૨૮૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી, મોરબી તાલુકાના ગામડાઓમાં જૂના રજવાડાના વખતમાં અપાયેલ ખેતી પાછળના વાડાઓ તથા લેખ, બુટાલેખવાળા જૂના ગામતળ બહારના વાડાઓ જે તે ખાતેદારો કે તેમના વારસદારોના ખાતે કબજા હક્કમાં ફેરવવા માટેની તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી માંગણી અરજીઓ મળી,

(૨) આ પૈકી કેટલી અરજીઓ મંજૂર થઇ, કેટલી અરજીઓ ના મંજૂર કરી છે, તેમજ કેટલી અરજીઓ પડતર છે,

(૩) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે, અને

(૪) આ અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) કોઈ માંગણી અરજીઓ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભરૂચ જિલ્લાના ઉદ્યોગોમાં કામદારોના મૃત્યુ અને વળતર અંગે**

૨૩૨૮૦ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લામાં ઉદ્યોગોમાં સન ૨૦૦૫ અને ૨૦૦૬ માં કુલ કેટલા લોકોના મૃત્યુ થયા,

(૨) ભરુચ જિલ્લામાં દહેજ સ્થિત બીરલા કોપર કંપનીમાં સન ૨૦૦૫ અને ૨૦૦૬ માં કેટલા કામદારોએ જાન ગુમાવ્યા, અને

(૩) મૃત્યુ પામેલાઓને શું વળતર આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| વર્ષ | મૃત્યુ પામેલ કામદારોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૫ | ૧૪ |
| ૨૦૦૬ | ૧૨ |
| કુલ : | ૨૬ |

(૨)

| વર્ષ | મૃત્યુ પામેલ કામદારોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૫ | ૨ |
| ૨૦૦૬ | ૨ |

(૩)

| વર્ષ | મૃત્યુ પામેલ શ્રમયોગીનું નામ | ચૂકવેલ વળતરની રકમ રૂપિયા |
|---|---|---|
| ૨૦૦૫ | ૧ જનક રામ | ૨,૮૪,૭૯૪ |
| | ૨ જ્યંત વી. સોલંકી | ૨,૨૫,૮૦૩ |
| ૨૦૦૬ | ૧ સુરેન્દ્ર ઠાકુર | ૨,૯૨,૨૦૮ |

| | | |
|---|---|---|
| | ૨ સરવનકુમાર | ૨,૫૯,૯૯૨ |

-----------

**મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કાંટાળી તારની સહાય અંગે**

૨૩૨૯૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોના પાક્ને જંગલી જાનવરોથી રક્ષણ આપવા ખેતરમાં કાંટાળી તારની વાડ બનાવવા સરકારી સહાયવાળી યોજના અમલમાં છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં કેટલા ખેડૂતોને મહેસાણા, પાટણ અને બનાસકાંઠામાં જિલ્લાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠામાં ખેડૂતોને જિલ્લાવાર નીચે મુજબની સહાય ચૂકવવામાં આવી.

| જીલ્લાનું નામ | ખેડૂતોની સંખ્યા | ચૂક્વેલ સહાયની રક્મ (રૂા. લાખમાં) |
|---|---|---|
| મહેસાણા | ૭૧ | ૪.૯૨ |
| પાટણ | -- | -- |
| બનાસકાંઠા | ૦૪ | ૧.૫૦ |

-----------

**વનબંધુ કલ્યાણ યોજના અન્વયે બનાવવામાં આવનાર ઘરો તેમજ કિંમત અંગે**

૨૩૩૯૧ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં ""વનબંધુ કલ્યાણ યોજના"" ના મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદ્દામાં દર્શાવેલ ""સોને માટે ઘરની યોજના"" અંતર્ગત કેટલા ઘરો બનાવવામાં આવશે, અને

(૨) તે દરેક ઘરની કિંમત શું હશે ?

**જવાબ**

(૧) આગામી પંચવર્ષીય યોજના દરમ્યાન પાંચ વર્ષમાં ઘર વિહોણા તમામ આદિવાસી કુટુંબોને ઘરનું ઘર મળે તેવું આયોજન છે.

(૨) રાજ્ય સરકાર સહાયિત આવાસ યોજનાના મકાનોની ડીઝાઈન મુજબ દરેક ઘરની કિંમત રૂા. ૪૦,૦૦૦/-જેટલી થાય છે.

-----------

**ધારાસભ્યશ્રીઓના પત્રોના ઝડપી નિકાલ અંગે**

**૫૭૩/page>** ૨૩૩૦૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ધારાસભ્યશ્રીઓએ મહેસૂલ વિભાગને લગતા પ્રશ્નો અંગે કેટલા પત્રો લખ્યા,

(૨) આ લખેલા પત્રોનો ઝડપી નિકાલ લાવવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલા પત્રોનો નિકાલ કરી જવાબો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૫૪૦ પત્રો લખ્યા.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૪-૯૯ના પરિપત્ર ક્રમાંક : કક૫/ ૧૦૯૯ / ૧૯૭ / વસુતાપ્ર- (૨) ની સુચનાનુસાર ઝડપી નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ઉપરાંતમાં વિભાગની અઠવાડિક સમીક્ષા બેઠક્માં આ પ્રકારના પત્રોનો અગ્રતાના ધોરણે નિકાલ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ પણ આપવામાં આવે છે.

(૩) ૪૭૪ પત્રોનો નિકાલ કરી જવાબ આપવામાં આવ્યા છે.

## ગીર અભ્યારણ્યમાં સિંહોની સંખ્યા

૨૨૮૭૦ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) છેલ્લી ગણતરી મુજબ રાજ્યમાં ગીરનાં અભ્યારણ્યમાં સિંહની કેટલી વસ્તી છે, | (૧) એપ્રિલ-૨૦૦૫માં થયેલી છેલ્લી ગણતરી મુજબ ગીર નેશનલ પાર્ક અને ગીર અભ્યારણ્યમાં સિંહની વસ્તી અંદાજે ૨૯૧ હતી. |
| (૨) ગીરના સિંહોને અન્ય રાજ્યમાં આપવા માટેની છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કોઈ દરખાસ્ત સરકારને મળી છે, અને | (૨) હાજી. ભારત સરકાર તરફથી આ અંગે તારીખ ૨૮-૯-૦૬નો પત્ર મળેલ છે. |
| (૩) આ અંગે સરકારે શું નિર્ણય કર્યો છે ? | (૩) આ બાબતમાં હજુ કોઈ નિર્ણય થયેલ નથી. |

-----------

## આણંદ જિલ્લામાં તાલુકાવાર બહારના રહેવાસી ખેડૂતો દ્વારા કરેલ જમીનના દસ્તાવેજ

૨૩૩૮૬**શ્રી અમીત ચાવડા(બોરસદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા બહારના રહેવાસી ખેડૂતોએ કેટલી જમીનના દસ્તાવેજ કરેલા છે,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા બહારના રહેવાસી તેવા કુલ-૨૪૨ ખેડૂતોએ નીચેની વિગતોએ દસ્તાવેજકર્યાછે.

| ક્રમ | તાલુકો | દસ્તાવેજની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | આણંદ-ગ્રામ્ય | ૭૧ |
| ૨ | આણંદ-શહેર | ૨૧ |
| ૩ | ઉમરેઠ | ૧૩ |
| ૪ | આંકલાવ | ૮૭ |
| ૫ | બોરસદ | ૧૫ |
| ૬ | પેટલાદ | ૦૮ |
| ૭ | સોજીત્રા | ૧૬ |
| ૮ | ખંભાત | ૦૫ |
| ૯ | તારાપુર | ૦૬ |
| | કુલ :- | ૨૪૨ |

(૨) આવા જમીન ખરીદનારા જિલ્લા બહારના ખેડૂતો ખરેખર ખેડૂત છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવે છે કે કેમ, કઈ પધ્ધતિથી, અને

(૨) હા, જી.
આવી જમીન ખરીદનારા ખેડૂતો જે ગામે ખેતીની જમીન ધારણ કરતા હોય તે જમીનના ૭/૧૨ તથા ૮/અ ના પ્રમાણિત ઉતારાઓ તથા તે તાલુકાના મામલતદારશ્રીનું ખેડૂત પ્રમાણપત્ર રજૂ થયેથી તેની ચકાસણી કરી નવી ખરીદેલ જમીનની નોંધ પ્રમાણિત કરવામાં આવે છે.

(૩) ચકાસણીમાં કેટલા ખોટા ખેડૂતો હોવાનું ધ્યાને આવેલ છે ?

(૩) એક પણ નહિ.

-----------

## સાબરકાંઠા જિલ્લામાં વન્ય પ્રાણીઓથી ખેતીના પાકને નુકશાન

૨૩૨૭૬ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વન્ય પ્રાણીઓથી ખેતીપાકને થતુ નુકશાન અટકાવવા તારની વાડ કરવા ખેડૂતો તરફથી તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાંથી કેટલી અરજીઓ સરકારને મળી છે, | (૧) ૪૩૮. |

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર થઈ કેટલી નામંજૂર થઈ, અને

(૨) મંજૂર-૧૦
નામંજૂર-૩૫

(૩) નામંજૂરના શાં કારણો છે ?

(૩) નામંજૂરીનાકારણોનીચેમુજબછેઃ-
(૧) અરજદારે કામ કરવાની ના પાડતાં,
(૨) સ્થળ બાબતે વિવાદ જણાતાં
(૩) અરજીઓ અધુરાશવાળી/ક્ષતિપૂર્ણ જણાતાં.

-----------

**કડાણા તાલુકાના ઘાસવાડા-જાંબુનાળા ખાતે જંગલના રસ્તાની સુવિધા અંગે**

૨૩૨૭૪**શ્રી પ્રબોધકાંત દા. પંડ્યા (સંતરામપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડાણા તાલુકાના ઘાસવાડા-જાંબુનાળા રાયણના પાણી રોડ સ્ટેટ સમયનો જંગલ ખાતાના નકશામાં દર્શાવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર ઘાસવાડા રેલવા પછેરના લોકોને રસ્તાની સુવિધા આપવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી તે રોડનો ગાડા ચીલા તરીકે સેટલમેન્ટ રીપોર્ટમાં ઉલ્લેખ છે.

(૨) હયાત રસ્તાનો સ્થાનિક લોકો ઉપયોગ કરે છે.

-----------

**મહેસાણા જિલ્લામાં બિનખેતી હેતુફેર કરવાની મળેલ અરજીઓના નિકાલ અંગે**

૨૩૩૯૬**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં કેટલી અરજીઓ બિનખેતી હેતુફેર માટેની મળી,

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) નામંજૂરના કારણો શાં છે ?

**જવાબ**

(૧) આ સાથેના સામેલ પત્રક મુજબ.

(૨) આ સાથેના સામેલ પત્રક મુજબ.

(૩) આ સાથેના સામેલ પત્રક મુજબ.

(૪) આ સાથેના સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **બિનખેતી હેતુફેરની મળેલ અરજીની સંખ્યા** | **મળેલ અરજી પેકી નિકાલ થયેલ અરજીની સંખ્યા** | **ના મંજુર કરાયેલ અરજીઓની સંખ્યા** | **અરજી નામંજુર કરવા માટેના કારણો** |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | મહેસાણા | ૨૫ | ૧૭ | -- | -- |
| ૨. | ઉંઝા | ૬ | ૪ | ૧ | પ્લાન વિરુધ્ધ બાંધકામ હોવાથી |
| ૩. | કડી | ૧૬ | ૧૨ | ૧ | દબાણ અને માર્જીન ભંગ હોવાથી |
| ૪. | વડનગર | ૩ | ૧ | -- | -- |
| ૫. | વિસનગર | ૭ | ૬ | ૧ | ટાઇટલ ક્લીયર ન હોવાથી |
| ૬. | ખેરાલુ | ૧ | ૧ | -- | -- |
| ૭. | વિજાપુર | ૫ | ૩ | -- | -- |
| ૮. | સતલાસણા | ૧ | ૧ | -- | -- |
| | **કુલ :** | **૬૪** | **૪૫** | **૩** | -- |

**ગાંધીનગર જિલ્લામાં જમીન ફાળવણીની માંગણીઓ**

૨૩૦૫૯ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એમ.ઓ.યુ. કરનાર સંસ્થાઓ/પેઢીઓ/ વ્યક્તિઓ ધ્વારા વર્ષવાર, છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જમીનની માંગણીની અરજીઓ આવી, અને | (૧) વર્ષ ૨૦૦૫ માં ૪ અરજીઓ. |
| (૨) આ અરજીઓ પૈકી વર્ષવાર તાલુકાવાર કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી, ક્યા ક્યા ભાવથી જમીનની ફાળવણી કરવામાં આવી ? | (૨) જમીન ફાળવેલ નથી. |

-----------

**સુરત જિલ્લાના અસરગ્રસ્તોને સહાય ચૂકવવાના બાકી કિસ્સા**

૨૩૩૫૭**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬માં થયેલ અતિવૃષ્ટિને કારણે સુરત જિલ્લાના અસરગ્રસ્તોને સહાય ચુકવવાના કેટલા કિસ્સા તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ બાકી છે, | (૧) રાજ્ય કક્ષાએથી કોઇ કિસ્સો પડતર નથી. |
| (૨) લાંબા સમયથી નિર્ણય ન લેવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**નવી જંત્રીના અમલ અંગે**

૨૨૮૦૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નવી જંત્રીનો અમલ ક્યારથી કરવાનું સરકારે વિચાર્યુ છે, અને | (૧) જંત્રી સુધારણા કરવાની કામગીરી ચાલે છે. આખા રાજ્યની જંત્રી તૈયાર થયા બાદ યોગ્ય કક્ષાએથી પુખ્ત વિચારણા બાદ સરકાર યોગ્ય નિર્ણય લેશે. |
| (૨) આ નવી જંત્રીથી રાજ્યમાં તેની શી અસરો થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ગામતળના પ્લોટની કિંમત નક્કી કરવાનો અધિકાર**

૨૩૧૧૪**શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારના મહેસૂલ વિભાગના તા. ૩-૬-૮૦ ના ઠરાવ ક્રમાંક : જમન/૩૯૭૯/૫૧૭૪/ગ/, ઠરાવથી ગામતળના ખુલ્લા સરકારી પ્લોટ ગ્રામ પંચાયતોને સોંપવા બાબતના ઠરાવમાં કરેલ જોગવાઈ મુજબ ૫૦૦૦ સુધીની વસ્તીવાળા ગામોના ગામતળના પ્લોટની અપસેટ પ્રાઈઝ નક્કી કરવાના અધિકારો તાલુકા વિકાસ અધિકારીને આપ્યા છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લામાં અપસેટ પ્રાઈઝ નક્કી કરવા માટે જિલ્લા મુલ્યાંકન સમિતિને દરખાસ્ત મોકલવાનો આગ્રહ રાખવામાં આવે છે તે સાચું છે, અને | (૨) હા, જી. |

(૩) જો હા, તો આ અંગે સરકાર તરફથી ક્યારે કેવા પ્રકારની સૂચના આપવામાં આવી છે ?

(૩) મહેસૂલ વિભાગના તા. ૧૫-૧-૯૮ના ઠરાવથી સરકારનું હિત સમાયેલ હોય તેવી જમીનોની કિંમત જિલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિ પાસે નક્કી કરાવવાનું ઠરાવવામાં આવેલ છે.

-----------

**ગીર અભ્યારણ્યમાં સિંહોના મૃત્યુ**

૨૨૭૪૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એશિયાટિક સિંહના એક માત્ર રહેઠાણ ગિર અભ્યારણ્યમાં કેટલા સિંહનાં મૃત્યુ ક્યા કારણોસર થયા, અને

(૨) સરકારે મૃત્યુના કારણોની તપાસ કરી શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ગીર અભ્યારણ્યમાં ૨૮ સિંહોના મૃત્યુ થયા. તેનાં કારણો નીચે મુજબ છે.

(૧) વૃધ્ધાવસ્થા, ટેરેટરી-સંવનન, સંઘર્ષથી ઇજા, બીમારી વગેરે કુદરતી કારણોસર તેમજ-

(૨) અકસ્માતે કુવા, કુટીયામાં પડી જવાથી.

(૨) નીચે મુજબના પગલાં લીધાં.

(૧) ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા સઘન ફેરણું કરવામાં આવે છે.

(૨) વન્ય પ્રાણીઓની અગત્યતા વિશે શિક્ષણના ભાગરૂપે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના કેમ્પો યોજવામાં આવે છે.

(૩) સિંહની બીમારી/ઇજા અંગેની જાણ થયે સારવાર આપવામાં આવે છે.

(૪) કુવાઓને સુરક્ષિત રાખવામાં આવે છે.

(૫) ગીર અભ્યારણ્યમાં વગર પરવાનગીએ પ્રવેશ આપવામાં આવતો નથી.

-----------

**પરામર્શ સમિતિની મળેલ બેઠકોની સંખ્યા**

૨૩૦૫૫**શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગની પરામર્શ સમિતિ સને ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલીવાર મળી, | (૧) એક. |
| (૨) સમિતિની બેઠકમાં રજુ થયેલ પ્રશ્નો પૈકી કેટલા પ્રશ્નોના ઉકેલ લાવવામાં આવ્યા, અને | (૨) ૨૬. |
| (૩) કેટલા પ્રશ્નો બાકી છે ? | (૩) ૪૭. |

-----------

**કલોલ તાલુકામાં સ્મશાનની સગડી તેમજ છાપરી બનાવવાની મળેલ અરજીઓ**

૨૩૧૭૭**ડૉ. અતુલ કે. પટેલ(કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સ્મશાનની સગડી અને છાપરી બનાવવા માટે શું યોજના છે, | (૧) વન વિભાગ દ્વારા બળતણના લાકડાના ઉપયોગમાં બચત કરવા માટે ગામોમાં સુધારેલ સ્મશાન સગડીઓ બેસાડવાની યોજના છે. છાપરી બનાવવાની કોઇ યોજના અમલમાં નથી. |
| (૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજનામાં કલોલ તાલુકાની કયા કયા ગામની અરજીઓ આવેલ છે, અને | (૨) કલોલ શહેરના કલ્યાણપુરાની એક અરજી આવેલ છે. |

(૩) તેને ક્યારે આપવામાં આવશે ?

(૩) ઉક્ત ગામે સ્મશાન સગડી પૂરી પાડવાની કાર્યવાહી ગતિમાં છે.

-----------

**વડોદરા જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે જમીન ફાળવણી**

૨૩૦૫૪**શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ વડોદરા શહેર અને જિલ્લામાં ઓદ્યોગિક હેતુઓ માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

કુલ-૩૯,૦૫૧ ચો.મી.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાના કેસોની સંખ્યા**

૨૩૧૩૩**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નવી શરતમાંથી જુની શરતમાં કેટલા કેસોમાં મંજૂરી તાલુકાવાર આપવામાં આવી ?

**જવાબ**

| તાલુકાનું નામ | મંજૂરી આપેલ કેસોની સંખ્યા |
|---|---|
| બાયડ | ૨૩૨ |
| મોડાસા | ૧૪૩ |
| મેઘરજ | ૫૭૬ |
| માલપુર | ૩૬૬ |
| ધનસુરા | ૩૦૨ |
| હિંમતનગર | ૮૫ |
| પ્રાંતિજ | ૬૦૩ |
| તલોદ | ૬૦ |
| ભિલોડા | ૭૩ |
| ઇડર | ૬૮ |
| વડાલી | ૪૨ |
| ખેડબ્રહમા | ૮૯ |
| વિજ્યનગર | ૯૯ |
| **કુલ :** | **૨૭૩૮** |

-----------

**વિરમગામ અને સાણંદ તાલુકાઓમાં સ્થાનીક રહીશોને રોજગારી**

૨૨૭૪૮**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વિરમગામ અને સાણંદ તાલુકામાં આવેલ ફેકટરીઓમાં સ્થાનિક રહીશોને ૮૦ ટકા રોજગારી મળે તે માટે ખાતા ધ્વારા કોઈ ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે, અને

(૩) જો ના, તો આ અંગે ચકાસણી કરી નિયમોનું પાલન કરાવવા સ્થાનિક રહીશોને રોજગારી મળે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષમાં બે વખત માહિતી મેળવવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં ભળતી સીમ જમીનની મળેલ અરજીઓના નિકાલ અંગે**

૨૩૩૧૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ભળતી-ભેણી સીમ જમીનની કેટલી અરજીઓ આવી, | (૧) ચોટીલા : ૧૩૫<br>સાયલા : ૯૧ |
| (૨) કેટલી મંજૂર અને નામંજૂર અને બાકી અરજીઓ છે, અને | (૨) ચોટીલા : મંજૂર- ૦૪<br>નામંજૂર-૧૧૨<br>બાકી- ૧૯<br>સાયલા : મંજૂર- ૦૨<br>નામંજૂર- ૮૩<br>બાકી- ૦૬ |
| (૩) પડતર બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ? | (૩) જેમ બને તેમ જલદીથી. |

-----------

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વેચાણવેરાની આવક**

૨૩૨૮૪**ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લાના મહુવા શહેર અને તાલુકામાં તા. ૧-૩-૨૦૦૬ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં વેચાણવેરાની કેટલી આવક થઈ ,

**જવાબ**

વેચાણવેરા/વેટની આવક

| | |
| --- | --- |
| મહુવા શહેર | રૂ. ૫,૪૨,૨૦,૮૪૬. |
| મહુવા તાલુકો | રૂ. ૧,૧૫,૧૬,૭૮૬. |

-----------

**જૂનાગઢ, રાજકોટ અને અમરેલી જિલ્લામાં લેબરકોર્ટો ધ્વારા લેબરોની તરફેણમાં આપેલ ચૂકાદાઓ અંગે**

૨૨૭૩૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ, રાજકોટ અને અમરેલી જિલ્લામાં લેબર કોર્ટોએ લેબરોની તરફેણમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ આપેલા ચુકાદા પૈકી જિલ્લાવાર કેટલા ચુકાદાઓનો અમલ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) જૂનાગઢ, રાજકોટ અને અમરેલી જિલ્લાઓમાં લેબર કોર્ટો દ્વારા લેબરોની તરફેણમાં છેલ્લા બે વર્ષમાં ૩૧-૧-૦૭ની સ્થિતિએ આપેલ ચૂકાદાઓ પૈકી નીચે મુજબ જિલ્લાવાર ચુકાદાઓનો અમલ કરવામાં આવ્યો.

જિલ્લાનું નામ

| જૂનાગઢ | રાજકોટ | અમરેલી | કુલ |
| --- | --- | --- | --- |
| ૦ | ૨૧ | ૦૩ | ૨૪ |

**પ્રશ્ન**

(૨) અમલ ન થયો હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૨) અમલ ન થવાના કારણો નીચે મુજબ છે.
(૧) નામ. હાઇકોર્ટમાં ચુકાદા વિરુધ્ધ સ્પેશીયલ એપ્લીકેશન દાખલ કરતાં સદર બાબત સબજ્યુડીશ થતાં,
(૨) સંસ્થાઓ બંધ થયેલ હોવાથી/માલિકનું મૃત્યુ થવાથી.

-----------

**રાજ્યમાં મજૂરોને અપાતા મીનીમમ વેઈઝમાં સુધારો કરવા અંગે**

૨૩૨૭૩**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં મીનીમમ વેઈઝ મજૂરોને કેટલો ચૂકવવામાં આવે છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં લઘુત્તમ વેતનના દર ઓછામાં ઓછા રૂા. ૫૦.૦૦/-અને વધારેમાં વધારે રૂા. ૧૧૨.૪૦ પેસા છે, |

(૨) હાલની મોંઘવારીને ધ્યાને લઈ સરકાર મીનીમમ વેઈઝ સુધારવા માગે છે કે કેમ ?

(૨) જેમ બને તેમ બનતી ત્વરાએ.

-----------

**જામજોધપુર તથા લાલપુર તાલુકામાં વિવિધ વિભાગો તરફથી જમીન ફાળવણીની મળેલ દરખાસ્તો**

૨૩૩૬૪**શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામજોધપુર તથા લાલપુર તાલુકામાં જમીન મેળવવા માટેની સને ૨૦૦૬-૦૭માં તા. ૩૦-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી દરખાસ્ત મળેલ છે, | (૧) ૩ -- દરખાસ્ત મળી. |
| (૨) આવી દરખાસ્તો ક્યારે અને ક્યા ક્યા વિભાગની મળેલ છે, | (૨) (૧) સિંચાઈ વિભાગ તરફથી તા. ૧૭-૧-૦૬<br>(૨) સિંચાઈ વિભાગ તરફથી તા. ૧૭-૧-૦૬<br>(૩) ગૃહ વિભાગ તરફથી તા. ૨૭-૩-૦૬ |
| (૩) મળેલ દરખાસ્ત મુજબ કેટલી દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે, અને | (૩) એક પણ નહીં. |
| (૪) બાકી રહેલ દરખાસ્ત મુજબ ક્યારે મંજૂરી આપવામાં આવશે ? | (૪) ચકાસણી પૂર્ણ થયેથી. |

-----------

**ભૂજ ખાતે સર્વે નં. ૧૧૨ જમીન માટે રીગ્રાન્ટ થવા અંગે**

૨૩૩૭૮ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છમાં ભૂજ સીમની સર્વે નં. ૧૧૨ની સરકાર દાખલ થયેલ જમીન ફરીને ખેતીના હેતુ માટેજ રીગ્રાન્ટ થયેલ હોવા છતાં અન્ય ઉપયોગ માટે બીનખેતી પ્રીમીયમ લઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ જમીનનો ખેતી માટે જ ઉપયોગમાં લેવાના સરકારમાં સ્પષ્ટ હુકમો હોવા છતાં બીનખેતી પ્રીમીયમ નકકી કરવાના કારણો શાં છે, અને | (૨) સવાલવાળી જમીનના કબજેદાર અને અરજદારશ્રી દ્વારા બીનખેતીના હેતુ માટે ઉપયોગ કરવા પરવાનગી આપવા માંગણી કરવામાં આવતાં સરકારશ્રી તરફથી બીનખેતીના હેતુ માટે શરતફેર કરવા નિયમોનુસાર મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) જો ના, તો ભુજ સીમની સર્વે નં. ૧૧૨ની જમીન શરતભંગ ગણી સરકાર દાખલ કરવાની બાબતે નિયમ અનુસાર કાર્યવાહી ક્યારે કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજકોટ જિલ્લામાં દબાણો નિયમિત કરવા મળેલ અરજીઓ**

૨૨૭૪૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર જમીન વિહોણા ખેત મજૂરોને સાંથણીમાં જમીન મેળવવા અને નાના ખેડૂતોએ ખેતી વિષયક કરેલા દબાણો નિયમિત કરવા કેટલી અરજીઓ આવેલ છે, | (૩) સામેલ પત્રક મુજબ. |
| (૨) તે પૈકીની કેટલી અરજીઓનો નિકાલ કરી જમીન આપવામાં આવી, અને | (૨) સાંથણીની પ્રક્રિયા ગતિમાં છે. હજુ સુધી કોઈને જમીન આપવામાં આવી નથી. |

(૩) કેટલા કેસોમાં દબાણ નિયમિત કરવામાં આવ્યા ?

(૩) શૂન્ય

**પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન | |
|---|---|---|---|
| | | જમીન વિહોણા ખેત મજૂરોને સાંથણીમાં જમીન મેળવવાની મળેલ અરજીઓ. | નાના ખેડૂતોએ ખેતી વિષયક કરેલ દબાણો નિયમિત કરવા બાબતની મળેલ અરજીઓ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રાજકોટ તાલુકો | ૭૭ | -- |
| ૨ | રાજકોટ શહેર | રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાની ૭૭ અરજીઓ સિવાયના અન્ય તાલુકાઓમાં સાંથણી લાયક ખેતીની જમીન પુરવણી લીસ્ટે ઉપલબ્ધ નહી હોવાથી જાહેરનામું બહાર પાડેલ નથી. તેથી અરજીઓ મળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | -- |
| ૩ | જસદણ | | ૧ |
| ૪ | લોધીકા | | -- |
| ૫ | કોટડા સાંગાણી | | ૧ |
| ૬ | ગોંડલ | | ૫ |
| ૭ | જેતપુર | | -- |
| ૮ | ધોરાજી | | ૩૩ |
| ૯ | ઉપલેટા | | -- |
| ૧૦ | જામ કંડોરણા | | ૨ |
| ૧૧ | મોરબી | | -- |
| ૧૨ | ટંકારા | | -- |
| ૧૩ | પડધરી | | -- |
| ૧૪ | વાંકાનેર | | ૩ |
| ૧૫ | માળિયા મી. | | -- |
| | કુલ :- | ૭૭ | ૪૫ |

-----------

## નિગમો પાસે થી વેચાણવેરાની બાકી રકમ

૨૨૯૫૮**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં આવેલા ક્યા ક્યા નિગમો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ લેણી નીકળે છે,

(૨) આ લેણી રકમ ક્યા ક્યા વર્ષની કેટલા નિગમવાર બાકી છે, અને

(૩) બાકીની લેણી રકમ વસુલ લેવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : પત્રક મુજબ.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા તેમજ જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લીધેલ છે.

**પત્રક**

| જાહેર સાહસનું નામ | બાકી રકમ (રૂા. કરોડમાં) | જે વર્ષની રકમ બાકી છે તેની વિગત |
|---|---|---|
| જી.એમ.ડી.સી. | ૧.૨૩ | ૯૩/૯૪, ૯૫/૯૬, ૯૭/૯૮ |
| ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પો. લી. | ૧૭૭.૬૩ | ૯૦/૯૧ થી ૯૯/૨૦૦૦ |
| ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ લી. | ૩૯.૧૫ | ૯૫/૯૬ થી ૨૦૦૦/૨૦૦૧ |
| જી.સી.ઈ.એલ. (વડોદરા યુનિટ) | ૬.૦૯ | ૮૬/૮૭ થી ૨૦૦૧/૨૦૦૨ |
| જી.સી.ઈ.એલ. (ગાંધીનગર યુનિટ) | ૨.૪૬ | ૯૪/૯૫ થી ૨૦૦૧/૨૦૦૨ |
| ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી. | ૦.૪૫ | ૯૦/૯૧ થી ૨૦૦૧/૨૦૦૨ |
| ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ, સુરત | ૨.૧૩ | ૯૫/૯૬ થી ૨૦૦૧/૨૦૦૨ |

-----------

**વલસાડના ઉદ્યોગોનું કેમિકલયુક્ત પાણી ખેતરોમાં છોડવા અંગે**

૨૨૬૩૧**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ઉદ્યોગો દ્વારા સોલીડવેસ્ટ અને કેમીકલ્સ યુક્ત પાણી ખુલ્લેઆમ ખાનગી ખેડૂતોની જમીનમાં છોડવામાં આવે છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ મળી, અને | (૧) ૮ (આઠ) |
| (૨) ખેડૂતોની જમીન ખરાબ થઈ જાય છે તે અટકાવવા સરકાર આવા ઉદ્યોગો સામે શાં પગલાં ભરવા માંગે છે ? | (૨) પાણી અધિનિયમ-૧૯૭૪ની કલમ-૩૩-એ હેઠળ બે ઉદ્યોગોને બંધ કરવાના આદેશો તથા એક ઉદ્યોગને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે. |

**જાહેર સાહસો પાસેથી બાકી વેચાણવેરાની રકમ અંગે**

૨૩૨૯૦**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારના જાહેર સાહસો પૈકી ક્યા ક્યા જાહેર સાહસો પાસેથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી કેટલી વેચાણવેરાની રકમ વસુલ લેવાની બાકી છે ?

**જવાબ**

| જાહેર સાહસનુ નામ | બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| જી.એમ.ડી.સી. | ૧.૨૩ |
| ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પો.લી. | ૧૭૭.૬૩ |
| ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ લી. | ૩૯.૧૫ |
| જી.સી.ઈ.એલ.(વડોદરા યુનિટ) | ૬.૦૯ |
| જી.સી.ઈ.એલ.(ગાંધીનગર યુનિટ) | ૨.૪૬ |
| ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી. | ૦.૪૫ |
| ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ, સુરત. | ૨.૧૩ |

-----------

**બેરોજગાર યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારીની કાયમી વ્યવસ્થા અંગે**

૨૨૮૬૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના સ્થાનિક યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે તે માટે રાજ્ય સરકાર ધ્વારા સ્થાનિક ઓદ્યોગિક ગૃહોમાં ભરતી થાય છે કે કેમ, | (૧) ના, જી. રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક ઓદ્યોગિક ગૃહો માટે કોઈ ભરતી કરવામાં આવતી નથી, પરંતુ સ્થાનિક ઓદ્યોગિક ગૃહો, ઉમેદવારોને એક મંચ ઉપર લાવવા માટે ઓદ્યોગિક ભરતી મેળાઓ યોજવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ માટે મોનીટરીંગની વ્યવસ્થા કરીને બેરોજગાર યુવાનોને રોજગાર અપાવવા માટે કોઈ કાયમી વ્યવસ્થા છે કે કેમ, અને | (૨) બેરોજગારોને રોજગાર આપવા માટે રોજગાર કચેરીઓ પ્રયત્નશીલ છે. |
| (૩) જો ના, તો આ માટે રોજગાર કચેરીઓમાં રીવ્યુ લઈને વ્યવસ્થા કરવાનું રાજ્ય સરકાર વિચારે છે કે કેમ ? | (૩) રોજગાર કચેરીઓમાં રીવ્યુ લેવાની વ્યવસ્થા હાલમાં છે. જેથી નવી વ્યવસ્થા ઉભી કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

**મહેસાણા, ખેડા, અને આણંદ જિલ્લામાં કલેકટરના તાબા હેઠળ કચેરીમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૨૩૩૧૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા, ખેડા અને આણંદ જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ કલેકટરના તાબા હેઠળની ક્ચેરીઓમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ખાલી છે, | (૧) આ સાથેના *પત્રકો મુજબ. |
| (૨) જ્ગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી કારણોસર ખાલી રહેલ છે. |
| (૩) ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) તબક્કાવાર ભરવામાં આવશે. |

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કામદારોની સુરક્ષા કલ્યાણ અને શોષણ અંગે**

૨૨૯૦૧ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ભયજનક કેમીકલ બનાવતી ફેકટરીઓમાં કામ કરતા મજુરોને કેવા પ્રકારની સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે, | (૧) નીચે પ્રમાણેની સુરક્ષા આપવામાં આવે છે.<br>૧. કેમીકલનું હેન્ડલીંગ કરતા શ્રમયોગીઓને કામના સ્થળે અંગત સંરક્ષણાત્મક સાધનો જેવા કે હેલ્મેટ, સેફટી ગોગલ્સ, હાથ મોજા, એપ્રોન, ડસ્ટ માસ્ક, ગેસ માસ્ક, ગમ બુટ, શ્વાસ લેવાના સાધનો આપવામાં આવે છે.<br>૨. ભયજનક કેમીકલનો સંગ્રહ કરવાના સ્થળે ચેતવણીની નોટીસ તથા કેમીકલનું નામ, તેના ગુણધર્મો દર્શાવતી નોટીસ મુકવામાં આવે છે.<br>૩. ભયજનક કેમીકલના સંગ્રહ તથા વપરાશના સ્થળે આંખ કે શરીરના કોઈ ભાગ પર કેમીકલ પડે ત્યારે તે ભાગને તુરત પાણીથી સાફ કરવા માટે વોટર શાવર મુકવામાં આવે છે.<br>૪. અત્યંત જવલનશીલ કેમીકલનો સંગ્રહ તથા વપરાશના સ્થળે અગ્નિશામકના સાધનો મૂકવામાં આવે છે.<br>૫. કેમિકલના કામના સ્થળે બાળકો અને સ્ત્રીઓને કામે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.<br>૬. શ્રમયોગીઓની સમયાંતરે તબીબી તપાસ ફેકટરી મેડીકલ ઓફીસર તથા સર્ટીફાઈંગ સર્જન દ્વારા કરવામાં આવે છે.<br>૭. શ્રમયોગીઓની સલામતી માટે કારખાના નિરિક્ષણ તંત્ર દ્વારા ઘનિષ્ટ નિરીક્ષણ કરવામાં આવે છે.<br>૮. અનુભવી અને યોગ્ય લાયકાત વાળા સુપરવાઈઝની નિમણૂંક કરવામાં આવે છે.<br>૯. કારખાના ધારો, ૧૯૪૮ની લાગુ પડતી જોગવાઈઓ મુજબ કારખાનાઓમાં સલામતી અધિકારીઓ રાખવામાં આવે છે.<br>૧૦. થર્ડ પાર્ટી સક્ષમ વ્યક્તિઓ દ્વારા સલામતી માટે મશીનરીઓનું ટેસ્ટીંગ કરાવવામાં આવે છે. |
| (૨) આવા કામદારોના કલ્યાણ માટે કેવા પ્રકારની યોજનાઓ અમલમાં છે, | (૨) કારખાના ધારામાં આવી કોઈ કલ્યાણ યોજનાની જોગવાઈ નથી. |
| (૩) રાજ્યમાં અસંગઠીત કામદારોનું શોષણ રોકવા શું વ્યવસ્થા છે, | (૩) ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય શ્રમ આયુક્ત હેઠળના નિરીક્ષકો દ્વારા તથા શહેરી વિસ્તારમાં શ્રમ આયુક્ત હેઠળના નિરીક્ષકો દ્વારા નિરીક્ષણો કરવામાં આવે છે, અને તેની પુર્તતા ન કરનાર જવાબદારો સામે ફોજદારી |

કેસો કરવામાં આવે છે.
૨. અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે શ્રમ અને રોજગાર વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ હાઈ લેવલ કમિટીની રચના કરવામાં આવે છે.
૩. શહેરી વિસ્તારના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોનું શોષણ અટકાવવા તથા તેમના કલ્યાણ અર્થે સામાજિક સુરક્ષા પુરી પાડવાના હેતુ થી રાજ્ય સરકારે ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડની રચના કરેલ છે.
૪. ખેત વ્યવસાયમાં કામ કરતા શ્રમયોગીઓ માટે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવેલ છે. જેના દ્વારા ખેત શ્રમયોગીઓ અને ગ્રામ શ્રમયોગીઓને શ્રમિક સુરક્ષા યોજનાના લાભો આપવામાં આવે છે.

(૪) કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ કરતા મજુરોની કોઈ જ જવાબદારી ફેકટરીઓની નહિ હોવાની હકીક્ત ખરી છે, અને

(૪) ના, જી.

(૫) જો હા, તો મજુરોના આર્થિક શોષણને રોકવા વિભાગ શી કાર્યવાહી કરે છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સુરત જિલ્લામાં ગામતળની માપણી

૨૩૦૮૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં તથા શહેરમાં તા. ૩૧-૧૨-૦૬ અંતિત છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ગામોમાં અને નગરોમાં સીટી સર્વે તથા ગામતળની માપણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

સુરત જિલ્લામાં તથા શહેરમાં તા. ૩૧-૧૨-૦૬ અંતિત છેલ્લા એક વર્ષમાં મોજે ગોળાદરા તા. ચોર્યાસી જિ. સુરતના વધારાના વિસ્તારની ગામતળ માપણી કરવામાં આવેલ છે.

-----------

## સાબરકાંઠા જિલ્લામાં ખાનગી માલીકીની જમીન સરકારી હેડે દાખલ કરવા અંગે

૨૩૧૩૨**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ના છેલ્લા બે વર્ષ દરમિયાન ખાનગી માલીકીની કુલ કેટલી જમીન સરકાર હેડે દાખલ થઈ, અને

(૨) સરકારી હેડે કરેલ જમીન ફરીથી મુળ માલીકોને ક્યા ક્યા તાલુકામાં કેટલી જમીન પરત કરવામાં આવી ?

**જવાબ**

(૧) હે.આરે.ચોમી.
૪૯-૬૯-૭૭

(૨)

| તાલુકો | હે.આરે.ચોમી. |
|---|---|
| પ્રાંતિજ | ૧૫-૧૨-૭૬ |
| તલોદ | ૦-૪૧-૪૮ |
| વડાલી | ૧-૬૯-૫૬ |
| કુલ : | ૧૭-૨૩-૮૦ |

-----------

## રાજકોટ શહેરમાં જમીનનું સર્વે કરવા અંગે

૨૩૩૧૦**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ શહેરમાં જમીનના સર્વે નંબરોનું સીટી સર્વે થયું નથી, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા સર્વે નંબરોનું સીટી સર્વે થયું નથી, સીટી સર્વે નહીં થવાના કારણો શાં,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ ખેતીની જમીનના સરવે નંબરોનું સીટી સર્વે થયું નથી.

(૨) ખેતીના સર્વે નંબરોનું પત્રક-૧ સામેલ છે. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની ક્લમ-૧૩૧

અને

(૩) આ સર્વે નંબરોનું સીટી સર્વે કેટલા સમયમાં કરવામાં આવશે ?

મુજબ ખેતીની જમીનોને સીટી સરવે લાગુ પાડવાની જોગવાઈ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**
**રાજકોટ શહેરમાં સિટી સરવે વિસ્તારમાં આવેલા ખેતીના સરવે નંબરોની વિગત**

| વોર્ડ નંબર | ખેતીના રેવન્યુ સરવે નંબર | કુલ સરવે નંબર |
|---|---|---|
| ૪ | ૨૭૨ પેકી | ૦૧ |
| ૬/૨ | ૪૦૧ પેકી, ૪૦૨, ૪૦૪, ૪૦૫, ૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૧૧ | ૦૮ |
| ૭/૨ | ૪૦૧ પેકી | ૦૧ |
| ૭/૩ | ૩૯૩, ૩૯૭, ૪૦૦ | ૦૩ |
| ૮/૧ | ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૪૦ | ૦૫ |
| ૮/૨ | ૩૨૦, ૩૨૧, ૩૨૫, ૩૨૯, ૩૩૦, ૩૩૧, ૩૩૨, ૩૩૩ | ૦૮ |
| ૧૦/૧ | ૨૮૭/૨, ૨૮૮ પેકી, ૨૯૨/૪,૨૯૨/૫, ૨૯૨/૬, ૨૯૩/૪, ૨૯૫/૨, ૨૯૮ પેકી | ૦૮ |
| ૧૦/૨ | ૨૯૭, ૩૦૧, ૩૦૨, ૩૦૪, ૩૦૬, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૫, ૩૧૬, ૩૧૭, ૩૧૮. | ૧૭ |
| ૧૧/૧ | ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૭૧ | ૦૮ |
| ૧૧/૨ | ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧, ૬૬૬, ૬૬૭, ૬૯૩. | ૧૮ |
| ૧૨/૧ | ૧૨૪. ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૩૦, ૧૩૨, ૧૩૪, ૧૮૧, ૧૮૨,૧૮૩, ૧૮૬ | ૧૧ |
| ૧૨/૨ | ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૧૭, ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૪૪, ૨૪૫. | ૬૦ |
| ૧૩/૧ | ૧/૨, ૧/૩, ૩/૨, ૧૮, ૨૨ | ૦૫ |
| ૧૩/૨ | ૧૮, ૩૦/૩, ૩૯/૧, ૪૨, ૯૧/૧, ૯૧/૩, ૧૧૧, ૧૧૪, ૧૧૫, ૧૧૬ | ૧૦ |
| ૧૫/૧ | ૪૫૦ | ૦૧ |
| ૧૫/૨ | ૪૩૫ પેકી, ૪૩૬ પેકી ૪૩૭, ૪૪૦ પેકી, ૪૪૩ પેકી, ૪૫૧ પેકી, ૪૫૪ ૪૫૯ પેકી, ૪૬૦ પેકી, ૪૬૧ પેકી, ૬૫૪. | ૧૧ |
| ૧૬/૧ | ૪૭૯ | ૦૧ |
| ૧૬/૨ | ૪૬૨, ૪૬૩, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૯, ૪૮૨, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૯૦, ૪૯૬, ૪૯૭, ૫૦૦, ૫૦૧, ૫૦૪, ૫૧૫, ૫૧૬, ૫૧૭, ૫૧૮ ૫૧૯. | ૨૧ |
| ૧૮ | ૫૫૧, ૫૫૫, ૫૫૬, ૫૫૮, ૫૭૩, ૫૭૫, ૫૭૬, ૫૮૧, ૫૮૫, ૫૮૬, ૫૮૭, ૫૮૭/૨, ૫૮૮, ૫૮૯, ૫૯૧, ૫૯૨, ૫૯૩, ૫૯૪, ૫૯૫, ૫૯૮, ૫૯૯, ૬૦૧, ૬૦૨, ૬૦૩, ૬૦૪, ૬૦૫, ૬૦૬, ૬૦૭, ૬૦૮, ૬૦૯, ૬૧૦, ૬૧૧, ૬૧૨, ૬૧૩, ૬૧૪, ૬૧૫, ૬૧૬, ૬૧૭, ૬૧૮, ૬૧૯, ૬૨૦, ૬૨૧, ૬૨૨, ૬૨૩, ૬૨૪, ૬૨૫/૧, ૬૨૫/૨, ૬૨૫/૩, ૬૨૫/૪, ૬૨૫/૫, ૬૨૬, ૬૨૬/૧, ૬૨૬/૨, ૬૩૭. | ૫૪ |
| | કુલ : | ૨૫૧ |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં મજૂરોના શોષણની મળેલ ફરિયાદો**

૨૩૨૯૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં કેટલા ઉદ્યોગો સામે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મજૂરોના થતા શોષણ અંગે વર્ષવાર કેટલી ફરીયાદો મળી, અને

**જવાબ**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મજુરોના થતાં શોષણ અંગે મળેલ ફરિયાદો અંગેની વિગતો નીચે મુજબ છે.

| સમયગાળો | મળેલ ફરીયાદો | | |
|---|---|---|---|
| | મહેસાણા | પાટણ | કુલ |
| ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ | ૫૦ | ૩ | ૫૩ |
| ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૩૧ | ૫ | ૩૬ |
| ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ | ૩૩ | ૪ | ૩૭ |
| **કુલ :** | **૧૧૪** | **૧૨** | **૧૨૬** |

**પ્રશ્ન**

(૨) આ ફરીયાદો સામે સરકાર ધ્વારા કોના સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૨) આ ફરિયાદો નીચેની વિગતે ૫૨ કસૂરવાર એકમોના જવાબદાર ઈસમો સામે વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ ૮૯ ફોજદારી કેસો સક્ષમ અદાલતમાં દાખલ કરેલ છે.

| સમયગાળો | કરેલ ફોજદારી કેસોની સંખ્યા | | |
|---|---|---|---|
| | મહેસાણા | પાટણ | કુલ |
| ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ | ૩૮ | ૮ | ૪૬ |
| ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૨૪ | ૫ | ૨૯ |
| ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ | ૧૪ | ૦ | ૧૪ |
| **કુલ :** | **૭૬** | **૧૩** | **૮૯** |

-----------

**બેકાર યુવાનોને કોમ્પ્યુટર શિક્ષણ**

૨૨૮૭૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલ ઓદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં કોમ્પ્યુટરનું શિક્ષણ વિના મૂલ્યે આપવાનું બેકાર યુવાનો માટે ક્યારથી શરુ થયું છે,

(૨) વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલા બેરોજગાર નવયુવાનોને ઓદ્યોગિક તાલીમ કેન્દ્રમાં કોમ્પ્યુટર તાલીમ આપવામાં આવે છે, અને

(૩) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં કેટલા આવા વિદ્યાર્થીઓને વિના મુલ્યે કોમ્પ્યુટર તાલીમ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં આવેલ ઓદ્યોગિક તાલીમ કેન્દ્રમાં બેકાર યુવાનોને કોમ્પ્યુટર શિક્ષણ વિના મૂલ્યે આપવાનું અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં તાલુકા કક્ષાએ આઈ.ટી.આઈ. શરુ કરવા અંગે**

૨૩૩૮૮**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકામાં સરકારી આઈ. ટી.આઈ. કાર્યરત છે અને કેટલા તાલુકામાં ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.આઈ. કાર્યરત છે,

**જવાબ**

(૧) ૧૧૯ તાલુકાઓમાં સરકારી આઈ.ટી.આઈ., ૭૬ તાલુકાઓમાં ગ્રાન્ટ ઈન એઈડ ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો અને ૫૨-તાલુકાઓમાં સ્વનિર્ભર ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે.

(૨) રાજ્યના કેટલા તાલુકાઓમાં આઈ. ટી. આઈ. ની સુવિધા નથી, અને

(૨) ૫૭ તાલુકાઓમાં.

(૩) આવા તાલુકામાં આઈ.ટી.આઈ. શરુ કરવા માંગો છો કે કેમ ?

(૩) વિચારણા હેઠળ છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ઓપરેશન પેટે સહાય**

૨૩૨૭૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી ઓપરેશન સહાય પેટે કુલ કેટલી રકમ ચુકવવામાં આવી છે, અને

(૨) કેવા પ્રકારના ઓપરેશન માટે મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય ચુકવી શકાય છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી ઓપરેશન સહાય પેટે રૂા. ૭,૮૬,૫૮,૩૩૬-૦૦ની રકમ ચુકવવામાં આવી છે.

(૨) મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડના નિયમોના નિયમ-૩ અન્વયે ગંભીર પ્રકારના રોગો (જેવા કે કેન્સર, હાર્ટસર્જરી તથા મુત્રપિંડના રોગો) વિગેરેમાં સહાય ચુકવવાની જોગવાઇ છે.

-----------

**કડી તાલુકામાં દસ્તાવેજોની નોંધણીની આવક તેમજ કોમ્પ્યુટરાઇઝેશન કરવા અંગે**

૨૩૩૯૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં કેટલા દસ્તાવેજોની નોંધણી કરવામાં આવી, અને

(૨) કેટલી સ્ટેમ્પ ડયુટી તેમજ નોંધણી ફી વસુલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૯૮૨૬.

(૨) સ્ટેમ્પ ડ્યુટી રૂા. ૧૭,૨૩,૯૮,૭૪૬ નોંધણી ફી રૂા. ૧,૯૦,૫૭,૯૩૦

-----------

**સુરત જિલ્લામાં વારસાઇ એન્ટ્રીઓના પડતર કેસો**

૨૩૩૫૮ **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં વારસાઇ એન્ટ્રીઓ માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **આવેલ અરજીઓ** |
|---|---|
| સીટી તાલુકા સુરત | ૪૦૩ |
| ચોર્યાસી | ૩૩૯ |
| પલસાણા | ૩૨૧ |
| ઓલપાડ | ૭૧૫ |
| કામરેજ | ૫૩૦ |
| માંગરોળ | ૪૬૯ |
| માંડવી | ૩૪૫ |
| ઉમરપાડા | ૯૫ |
| વ્યારા | ૪૫૯ |
| બારડોલી | ૩૮૫ |
| મહુવા | ૪૪૯ |
| વાલોડ | ૨૪૪ |
| સોનગઢ | ૨૯૦ |
| ઉચ્છલ | ૮૩ |
| નિઝર | ૧૦૦ |
| **કુલ :** | **૫૨૨૭** |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓ તાલુકાવાર મંજુર કરવામાં આવી, કેટલી અરજીઓ પડતર છે, અને

(૨)

| તાલુકાનું નામ | મંજૂર કરેલ એન્ટ્રીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| સીટી તાલુકા સુરત | ૨૯૧ | ૮૭ |
| ચોર્યાસી | ૩૦૯ | ૦૦ |
| પલસાણા | ૨૬૯ | ૨૦ |
| ઓલપાડ | ૫૭૦ | ૧૪૫ |
| કામરેજ | ૩૨૪ | ૧૫૨ |
| માંગરોળ | ૪૦૨ | ૬૭ |
| માંડવી | ૩૧૦ | ૨૩ |
| ઉમરપાડા | ૩૧ | ૫૭ |
| વ્યારા | ૪૩૬ | ૦૯ |
| બારડોલી | ૩૬૦ | ૨૫ |
| મહુવા | ૩૯૧ | ૪૫ |
| તાલુકાનું નામ | મંજૂર કરેલ એન્ટ્રીઓ | પડતર અરજીઓ |
| વાલોડ | ૨૧૭ | ૦૮ |
| સોનગઢ | ૧૯૪ | ૯૬ |
| ઉચ્છલ | ૭૫ | ૦૮ |
| નિઝર | ૭૨ | ૨૦ |
| **કુલ :** | **૪૨૫૧** | **૭૬૨** |

(૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) સત્વરે.

**રાજ્યમાં વન વિસ્તાર**

૨૧૨૭૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં વન વિસ્તાર કેટલો છે, અને

(૨) આ વન વિસ્તાર વધારવા માટે સરકારે કેવા પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) ૧૮૯૬૧.૫૬ ચો.કિ.

(૨) (૧) પાંખા થયેલા હયાત વન વિસ્તારમાં વનીકરણ.
(૨) સામાજીક વનીકરણને પ્રોત્સાહન.
(૩) રોપા વિતરણ
(૪) સહભાગી વનવ્યવસ્થા
(૫) લોક જાગૃતિ કેળવવી.

**અમરેલી જિલ્લામાં વારસાઇ એન્ટ્રીના પડતર કેસો**

૨૩૧૬૮**શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વારસાઇ એન્ટ્રીઓ તેમજ નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટેની કુલ કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | વારસાઇ એન્ટ્રીની મળેલ અરજીઓ | નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટેની મળેલ અરજીઓ |
|---|---|---|
| અમરેલી | ૧૧૫૬ | ૧૧૮ |
| સાવરકુંડલા | ૧૧૪૩ | ૧૧૬ |
| બગસરા | ૩૫૪ | ૦૭ |
| વડીયા | ૬૪૪ | ૧૮૩ |
| બાબરા | ૫૩૧ | ૨૨૬ |

| | | |
|---|---|---|
| લાઠી | ૭૦૪ | ૨૨ |
| લીલીયા | ૪૭૦ | ૧૫ |
| ધારી | ૭૪૩ | ૧૪૧ |
| ખાંભા | ૫૭૪ | ૨૩૯ |
| રાજુલા | ૭૮૫ | ૪૧૭ |
| જાફરાબાદ | ૩૪૯ | ૨૯ |
| **કુલ :** | **૭૪૫૩** | **૧૫૧૩** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી નિકાલ કરેલ છે, અને

(૨)

| તાલુકાનું નામ | વારસાઇ એન્ટ્રી મંજૂર કરી નિકાલ કરેલ અરજીઓ | નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટેની મંજુર નિકાલ કરેલ અરજીઓ |
|---|---|---|
| અમરેલી | ૧૦૬૫ | ૮૭ |
| સાવરકુંડલા | ૧૦૧૮ | ૧૧૨ |
| બગસરા | ૩૧૮ | ૦૬ |
| વડીયા | ૬૧૭ | ૫૫ |
| બાબરા | ૫૧૯ | ૨૨૬ |
| લાઠી | ૬૬૯ | ૧૦ |
| લીલીયા | ૪૪૫ | ૧૩ |
| ધારી | ૬૭૧ | ૧૪૧ |
| ખાંભા | ૫૫૩ | ૩૫ |
| રાજુલા | ૭૮૫ | ૪૧૭ |
| જાફરાબાદ | ૩૩૮ | ૨૯ |
| **કુલ :** | **૬૯૯૮** | **૧૧૩૧** |

(૩) નિકાલ ન કરેલ હોય તો તેના કારણો શાં છે ?

(૩) (૧) રજૂ થયેલ વારસાઇ નોંધનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોવાથી બાકી છે.

(૨) નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાના કિસ્સાઓ ક્ષેત્રફળ તફાવત, વારસાઇ હકક સંબંધે ખરાઇ, શરતભંગ વિગેરે કારણે કેસો પેન્ડીંગ છે.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં ગામ નમૂના નં. ૬ ની બાકી એન્ટ્રીઓ**

૨૩૧૩૪**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર ગામ નમૂના નં. ૬ ની કેટલી એન્ટ્રીઓ બાકીમાં છે, અને

(૧)

| તાલુકાનું નામ | બાકી એન્ટ્રીઓ. |
|---|---|
| હિંમતનગર | ૧૬૫૨ |
| ઈડર | ૮૨૮ |
| વડાલી | ૫૧૧ |
| ખેડબ્રહ્મા | ૩૪૫ |
| વિજયનગર | ૨૦૩ |
| ભિલોડા | ૩૦૮ |
| મોડાસા | ૮૨૧ |
| માલપુર | ૩૯૨ |
| મેઘરજ | ૩૩૨ |
| ધનસુરા | ૪૫૦ |
| બાયડ | ૫૮૮ |
| તલોદ | ૪૨૩ |
| પ્રાંતિજ | ૪૭૮ |

| | |
|---|---|
| પ્રાંતિજ | ૪૭૮ |
| **કુલ** | **૭૩૩૧** |

(૨) તે પેકી ત્રણ માસ ઉપરની કેટલી છે ?

(૨)

| **તાલુકાનું નામ** | **ત્રણ માસ ઉપરની બાકી એન્ટ્રીઓ.** |
|---|---|
| હિંમતનગર | ૩૩ |
| ઈડર | ૦૫ |
| વડાલી | ૮૬ |
| ખેડબ્રહ્મા | ૦૦ |
| વિજયનગર | ૪૧ |
| ભિલોડા | ૦૦ |
| મોડાસા | ૨૯ |
| માલપુર | ૮૦ |
| મેઘરજ | ૧૨ |
| ધનસુરા | ૧૨ |
| બાયડ | ૧૦ |
| તલોદ | ૦૦ |
| પ્રાંતિજ | ૦૦ |
| **કુલ** | **૩૦૮** |

-----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં ખેત મજૂરના મૃત્યુ અન્વયે વિમાની મળેલ અરજીઓ

૨૩૩૧૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂર મૃત્યુ વિમાની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂર મૃત્યુ વિમાની મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| વર્ષ / તાલુકો | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | કુલ |
|---|---|---|---|---|
| સાયલા | ૩ | ૬ | ૨ | ૧૧ |
| ચોટીલા | ૩ | ૬ | ૨ | ૧૧ |
| **કુલઃ-** | ૬ | ૧૨ | ૪ | ૨૨ |

(૨) કેટલા કિસ્સામાં કેટલી વિમાની રકમ ચૂકવી, અને

(૨) ચાર(૪) કિસ્સામાં રૂા. ૧,૭૦,૦૦૦/-ની રકમ ચૂકવવામાં આવેલ છે,

(૩) તે પેકી કેટલી અરજીઓ બાકી છે તે કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) તે પેકી ૯ અરજી વિમા કંપની પાસે નિર્ણય અર્થે બાકી છે. વીમા કંપનીએ નિર્ણય લેવાનો હોવાથી નિકાલ માટે સમય મર્યાદા આપી શકાય તેમ નથી.

-----------

## મહુવા આઇ.ટી.આઇ. ખાતે નવા ટ્રેડ શરુ કરવા અંગે

૨૩૨૮૬ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા આઇ.ટી.આઇ. માં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કાર્યરત ટ્રેડ સિવાયના બીજા નવા ટ્રેડ શરુ કરવાની

**જવાબ**

(૧) હા. જી.

દરખાસ્ત પડતર છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા ટ્રેડ શરુ કરવાની દરખાસ્ત પડતર છે, અને

(૨) ૧. કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ
૨. ફેશન ડીઝાઈનીંગ, અને
૩. ફાયરમેન

(૩) તેને ક્યારે મંજૂરી આપવામાં આવશે ?

(૩) દરખાસ્ત વિચારણા હેઠળ છે.

-----------

**જૂનાગઢ કલેકટર કચેરીને આગ દ્વારા નુકસાન**

૨૩૩૮૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં જૂનાગઢ ખાતે આવેલ કલેકટર કચેરીનો મોટો ભાગ આગમાં નાશ પામેલ છે, તેનું અંદાજીત નુકસાન કેટલું છે,

(૨) આ કલેકટર કચેરી નાશ પામતાં નવી કલેકટર કચેરી ક્યા સ્થળે બાંધવાનું આયોજન છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની ધારણા છે ?

**જવાબ**

(૧) તાજેતરમાં જૂનાગઢ ખાતે કલેકટર કચેરીમાં લાગેલ આગમાં કલેકટર કચેરીની જુદી જુદી શાખાઓના ફર્નિચર તથા સાધન સામગ્રીનું અંદાજે કુલ રૂા. ૨૫,૫૮,૦૫૦/-(અંકે રૂા. પચ્ચીસ લાખ, અઠ્ઠાવન હજાર પચાસ પૂરા)નું નુકસાન થયેલ છે. આ નુકસાનના અંદાજમાં કચેરીના બિલ્ડીંગને થયેલ નુકસાનનો સમાવેશ થતો નથી.

(૨) નવી કલેકટર કચેરી બાંધવાના સ્થળની પસંદગીની પ્રક્રિયા ચાલુ છે. જે આખરી થયેલ નથી.

(૩) નવી કલેકટર કચેરી બાંધવાના સ્થળની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયેથી. બિલ્ડીંગના પ્લાન એસ્ટીમેટ તેયાર થતા થનાર ખર્ચનો અંદાજ આવી શકશે.

-----------

**ભિલોડા તાલુકામાં ગત ચોમાસામાં ભારે વરસાદ અન્વયે બાકી મૃત્યુ સહાય અંગે**

૨૩૩૯૯**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં વર્ષ ૨૦૦૬ના ચોમાસામાં વરસાદના કારણે કુલ કેટલા મૃત્યુ થયા, કેટલા ઘરો પડી ગયા,

(૨) આમાંથી કેટલાને મૃત્યુ સહાય અને કેટલા ઘરો માટે સહાય આપવામાં આવી, અને

(૩) કેટલા ઘરો માટે અને મૃત્યુ માટે સહાય તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ચૂકવવાની બાકી છે, ક્યારે ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) (અ) મૃત્યુ-૦૪ કેસ
(બ) પડી ગયેલ ઘરોની સંખ્યા-૧૮૯૩

(૨) (અ) મૃત્યુ સહાય- ૦૪
(બ) મકાન સહાય-૧૮૯૩

(૩) સહાય ચુકવવા માટે કોઈ પ્રકરણ પડતર નથી.

-----------

**ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે એકત્રિત થયેલ વ્યાજની રકમ જમા લેવા અંગે**

૨૩૩૭૯ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે વણવપરાયેલા નાણા પર એકત્રિત થયેલ વ્યાજની રકમ એકત્રીત ભંડોળમાં ક્યારે ક્યારે ક્યા હેડ હેઠળ જમા લેવામાં આવી, અને

(૨) નાણા ખાતાએ ફાળવેલ રકમ વણ વપરાઇ હોવાના કારણે એકત્રિત થયેલ વ્યાજ કેટલું છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે ક્યારે તા.૩૧-૧૨-૦૬ સુધીમાં જમા થયું ?

**જવાબ**

(૧) તા. ૮-૧-૦૫ના રોજ આવકના સદર-૦૦૪૯ હેઠળ જી.એસ.ડી.એમ.એ. દ્વારા વ્યાજની રકમ એકત્રિત નિધિમાં જમા કરવામાં આવેલ છે.

(૨) નાણા ખાતાએ જી.એસ.ડી.એમ.એ.ને ફાળવેલ રકમ વણવપરાઇ હોવાના કારણે જી.એસ.ડી.એમ.એ.ના બેંક ખાતામાં છેલ્લા ત્રણ વર્ષમાં એકત્રિત થયેલ વ્યાજ નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | કુલ એકત્રિત થયેલ વ્યાજ |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૭.૫૫ |
| ૨૦૦૫-૦૬ | ૭.૬૫ |
| ૨૦૦૬-૦૭ (૩૧/૧૨/૦૬ સુધી) | ૬.૯૯ |
| મળેલ કુલ વ્યાજ :- | ૨૨.૧૯ |

-----------

**રાજકોટ જિલ્લામાં વનીકરણ અન્વયે થયેલ ખર્ચ**

૨૨૭૪૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ સામાજિક વનીકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર કેટલા હેકટરમાં વનીકરણ કરવામાં આવ્યું,

(૨) કેટલો વિસ્તાર આવરી લેવામાં આવ્યો, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સામાજિક વનીકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ વનીકરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | કરવામાં આવેલ વનીકરણ હેકટરમાં |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૨૭.૩૭ |
| ૨ | લોધીકા | ૧૧૩.૦૮ |
| ૩ | પડધરી | ૧૧૩ |
| ૪ | મોરબી | ૧૩૩.૫૬ |
| ૫ | માળીયા મીયાણા | ૧૭ |
| ૬ | વાંકાનેર | ૧૩૨.૦૪ |
| ૭ | જસદણ | ૭૬ |
| ૮ | કોટડા સાંગાણી | ૫૭ |
| ૯ | ગોંડલ | ૨૦૩.૬૪ |
| ૧૦ | જેતપુર | ૧૫૪.૮૦ |
| ૧૧ | ધોરાજી | ૧૬૨.૪૮ |
| ૧૨ | જામકંડોરણા | ૮૫ |
| ૧૩ | ઉપલેટા | ૧૦૬ |
| | કુલ :- | ૧૪૮૧.૧૭ |

(૨) કુલ ૧૪૮૧.૧૭ હેકટર વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે.

(૩) રૂા. ૩૧૩.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

-----------

**સિમેન્ટ ઉત્પાદક કંપનીઓ પાસેથી વેચાણવેરાની વસુલ લેવાની બાકી રકમ**

૨૨૯૫૯**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કઇ કઇ સિમેન્ટ ઉત્પાદક કંપનીઓની પાસેથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વેચાણવેરા પેટે કેટલી વસુલ કરવાની બાકી છે, અને

(૨) આ રકમ વસુલ કરવા માટે કંપનીઓ સામે કંપનીવાર શી શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) * પત્રક-૧ મુજબ.

(૨) * પત્રક-૨ મુજબ.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ઉમરગામ તાલુકામાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી ન આપેલ એકમો સામે લીધેલ પગલાંઓ**

૨૨૭૪૧**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલ ઓદ્યોગીક એકમોમાં છેલ્લા બે વર્ષમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારીની તકો અપાઇ નથી તેવી કેટલી ફરિયાદો તા. ૩૧-૧-૦૭ સુધીમાં મળી, અને | (૧) ૨ (બે) |
| (૨) સ્થાનિક યુવાનોને રોજગારી ન આપતા આવા ક્યા ક્યા એકમો સામે સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રોત્સાહન મેળવતાં એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલવામાં આવે છે. આ કિસ્સામાં ફરિયાદમાં ઉલ્લેખિત એકમોને પ્રોત્સાહન આપવામાં આવેલ નથી. જેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી અંગે**

૨૩૨૯૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં નોંધાયેલા શિક્ષિત બેરોજગારો અને અર્ધ શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી,

(૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં કેટલો વધારો થયો છે,

(૩) કેટલા બેરોજગારોને તા. ૩૧-૧-૦૭ સુધીમાં રોજગારીના ભલામણ પત્રો મોકલવામાં આવ્યા, અને

(૪) કેટલાને નોકરી મળી ?

**જવાબ**

(૧)

| **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|---|
| મહેસાણા | ૩૮૦૨૮ | ૫૨૧૩ |
| પાટણ | ૧૮૫૩૯ | ૧૬૦૯ |

(૨)

| **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|---|
| મહેસાણા | ૯૪૧૫ | ૫૧૨ |
| પાટણ | ૪૩૫૪ | ૨૫૪ |

(૩)

| **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|---|
| મહેસાણા | ૪૮૪૯ | ૧૦૪૯ |
| પાટણ | ૩૨૭૮ | ૯૭ |

(૪)

| **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|---|
| મહેસાણા | ૧૨૮૫ | ૧૨૧૮ |
| પાટણ | ૧૭૮ | ૧૯ |

-----------

**ભાવનગર જિલ્લામાં સાંથણી દ્વારા ફાળવેલ જમીન**

૨૩૨૭૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કુલ તાલુકાવાર કેટલી સાંથણીથી જમીન ફાળવવામાં આવી છે,

**જવાબ**

(૧)

| | | હે.આરે.પ્રતિઆરે |
|---|---|---|
| ભાવનગર | : | ૧૯૯-૩૭-૭૧ |
| શિહોર | : | ૪૩-૭૭-૮૧ |
| તળાજા | : | ૫૬-૭૦-૬૮ |
| મહુવા | : | ૪-૯૩-૭૨ |
| ગારીયાધાર | : | ૧૨-૧૪-૧૦ |
| બોટાદ | : | ૫૮-૩૭-૬૨ |
| ગઢડા | : | ૧૮-૬૫-૮૮ |

(૨) તે પૈકી કુલ કેટલા માજી સૈનિકોને જમીન

(૨) ૧૯૭.

ફાળવવામાં આવી, અને
(૩) કેટલા અનુસૂચિત જાતિના લોકોને જમીન ફાળવવામાં આવી છે ? — (૩) ૧૧૦.

-----------

**રોજગારી આપવા રાજ્યનો ક્રમ**

૨૨૮૦૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની રોજગાર કચેરીઓ હાલ રોજગારી આપવામાં પ્રથમ ક્રમાંકે છે એ હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે ? | (૨) ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા નાણાકીય વર્ષ મુજબ રોજગારીના આંકડા પ્રસિધ્ધ થતા નથી. પરંતુ કેલેન્ડર વર્ષ મુજબ પ્રસિધ્ધ થતા વાર્ષિક અહેવાલમાં રાજ્યવાર રોજગાર વિનિમય કચેરીઓની એકત્રિત આંકડાકીય માહિતી નીચે મુજબ છે. |

| વર્ષ | ઉમેદવારોને આપવામાં આવેલ રોજગારી |
|---|---|
| ૨૦૦૪ | ૬૪,૯૦૦ (પ્રથમ સ્થાન) |
| ૨૦૦૫ | ૯૨,૯૦૦ ( "" ) |
| ૨૦૦૬ | ૧,૧૧,૫૨૧ ભારત સરકાર દ્વારા અહેવાલ પ્રકાશિત થયેલ નથી) |

-----------

**સાબરકાંઠા જિલ્લામાં જમીન નિયમિત કરવા અંગે**

૨૩૧૩૫**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૬ની અંતિત કેલેન્ડર વર્ષમાં સરકારી હેડે દાખલ થયેલી કેટલી જમીન ક્યા સર્વે નંબરની રેગ્યુલાઇઝ કરવામાં આવી, | (૧) એક પણ નહિં. |
| (૨) આનાથી સરકારના હેડે કોઇ આવક થયેલ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો કેટલી થયેલી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં વન તલાવડી અને ચેકડેમ પાછળ કરેલ ખર્ચ**

૫૯૪/page>૨૩૩૧૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૪થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી વનતલાવડી અને ચેકડેમ બનાવ્યા, | (૧) ચોટીલા તાલુકામાં બે વનતલાવડી અને પાંચ ચેકડેમ જ્યારે સાયલા તાલુકામાં ચોત્રીસ વનતલાવડી બનાવવામાં આવેલ છે. |
| (૨) કેટલી વન તલાવડી અને ચેકડેમ જીવંત છે, | (૨) ઉક્ત તમામ વનતલાવડી અને ચેકડેમ જીવંત છે. |
| (૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) રૂા. ૧૩,૦૩,૯૩૩/ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) કેટલા કામો મરામત પાત્ર છે ? | (૪) ઉપરોક્ત પૈકી કોઇ કામ મરામતપાત્ર નથી. |

-----------

## ગુજરાત પેટર્ન હેઠળ ફાળવેલ રકમ અને ખર્ચ

૨૩૪૦૦ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષનું ગુજરાત પેટર્નનું વર્ષવાર કેટલા બજેટની ફાળવણી કરવામાં આવી હતી,

(૨) એમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ખર્ચ પૂરતો ન થવાના કારણો શાં છે, અને

(૪) સમયસર ખર્ચ થાય એ માટે સરકાર શું આયોજન કરવા માગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થતિએ છેલ્લા ત્રણ વર્ષનું ગુજરાત પેટર્નનું વર્ષવાર બજેટની ફાળવણી નીચે મુજબ કરવામાં આવી હતી.

(રૂપિયા કરોડમાં)

| વર્ષ | બજેટની ફાળવણી |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૫૬.૯૯ |
| ૨૦૦૫-૦૬ | ૨૬૨.૫૦ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭) | ૨૬૪.૧૦ |

(૨) એમાંથી વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂપિયા કરોડમાં)

| વર્ષ | બજેટની ફાળવણી |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૭૫.૮૦ |
| ૨૦૦૫-૦૬ | ૨૬૧.૨૩ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭) | ૧૩૬.૮૯ |

(૩) વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ૧૦૦ ટકા કે તેથી વધારે ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭માં કામો પ્રગતિમાં હોઇ બાકીનો ખર્ચ હવે પછી થનાર છે.

(૪)

૧. ગુજરાત પેટર્નની જોગવાઇઓનું વિભાજન વસ્તીના ધોરણે સમયસર પ્રાયોજના કક્ષાએ મોકલી આપવામાં આવે છે.
૨. તાલુકા અને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં યોજનાઓના સમયસર ઘડતર અને મંજુરી માટે સુચનાઓ આપવામાં આવે છે.
૩. દર માસે જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા આદિજાતિ કાર્યવાહી સમિતિની બેઠક મળે છે.
૪. દર ત્રણ માસે કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી તરફથી સમીક્ષા બેઠકો યોજીને ફાળવેલ ગ્રાન્ટના આધારે સમયસર ખર્ચ થાય તે માટે મોનીટરીંગ કરવામાં આવે છે.

-----------

**ખેડા જિલ્લામાં વારસાઇ એન્ટ્રીઓના પડતર કેસો**

૨૩૩૬૦**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં વારસાઇ એન્ટ્રીઓ માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લા એક વર્ષમાં આવેલ અરજીઓ. |
|---|---|---|
| ૧ | નડીઆદ (શ) | ૧૬૧ |
| ૨ | નડીઆદ (ગ્રા) | ૧૧૨૫ |
| ૩ | કપડવંજ | ૧૧૮૨ |
| ૪ | કઠલાલ | ૯૬૬ |
| ૫ | બાલાશિનોર | ૬૬૨ |
| ૬ | વિરપુર | ૫૮૧ |
| ૭ | ઠાસરા | ૧૩૯૨ |
| ક્રમ | તાલુકો | છેલ્લા એક વર્ષમાં આવેલ અરજીઓ. |
| ૮ | ખેડા | ૭૭૪ |
| ૯ | માતર | ૭૦૩ |
| ૧૦ | મહેમદાવાદ | ૭૭૨ |
| ૧૧ | મહુધા | ૯૭૧ |
| | કુલ .. | ૯૨૮૯ |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ પડતર છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ એન્ટ્રીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | નડીઆદ (શ) | ૧૬૧ | - |
| ૨ | નડીઆદ (ગ્રા) | ૧૧૨૫ | - |
| ૩ | કપડવંજ | ૫૪૯ | ૬૩૩ |
| ૪ | કઠલાલ | ૯૦૮ | ૫૮ |
| ૫ | બાલાસિનોર | ૬૧૪ | ૪૮ |
| ૬ | વિરપુર | ૪૫૧ | ૧૩૦ |
| ૭ | ઠાસરા | ૧૨૧૮ | ૧૭૪ |
| ૮ | ખેડા | ૬૦૬ | ૧૬૮ |
| ૯ | માતર | ૩૩૫ | ૩૬૮ |
| ૧૦ | મહેમદાવાદ | ૬૩૨ | ૧૪૦ |
| ૧૧ | મહુધા | ૮૧૫ | ૧૫૬ |
| | કુલ .. | ૭૪૧૪ | ૧૮૭૫ |

(૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) સત્વરે.

**ઉમરગામ તાલુકામાં જમીનના કબજા સંબંધમાં મળેલ ફરિયાદ**

૨૨૭૪૨**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં જમીન વિહોણાને ફાળવેલ જમીનના કબજા સંબંધમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી, અને

(૨) આવી ફરિયાદો પછી રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ક્લેક્ટરશ્રી વલસાડને ૨૮ (અઠયાવીસ) ફરિયાદ મળેલ છે.

(૨) ફરિયાદો બાબતે જિલ્લા સંકલન કક્ષાએ તથા સક્ષમ અધિકારી કક્ષાએ તપાસ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

### સુવર્ણ જયંતિ વર્ષની ઊજવણી માટેની મુખ્ય કાર્યવાહક સમિતિની રચના અંગે

**શ્રી ૫૯૭/page>નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ જાણે છે કે, ૧૯૬૦ માં પ્રારંભ કરેલ ગુજરાતની વિકાસ યાત્રાને ૨૦૧૦ માં ૫૦ વર્ષ પૂરાં થાય છે. ૨૦૧૦ નું વર્ષ ગુજરાતની સ્થાપનાની સુવર્ણ જયંતીનું વર્ષ છે. ગૌરવવંતા ગુજરાતના નિર્માણને માટે અનેક લોકોએ બલિદાન આપ્યાં, યાતનાઓ સહી, એ જ રીતે ૫૦ વર્ષની ગુજરાતની વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે એક પ્રજા તરીકે સૌએ કંઈને કંઈ યોગદાન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સુવર્ણ જયંતીએ વિશ્વભરમાં પથરાયેલ ગુજરાતી સમાજ માટે સાંસ્કૃતિક અસ્મિતા અને રાજયની ગરિમા માટેનો ગૌરવ લેવાનો એક અનેરો અવસર છે. ગુજરાત આ જયંતીના અવસરને બે-પાંચ દિવસના પ્રસંગનું આયોજન કરીને પૂરો કરવાને બદલે સુવર્ણ જયંતીનો આ અવસર વિકાસ યાત્રાનું એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહે એવી આપણા સૌની નેમ છે. ગુજરાતની ગઈકાલનું દસ્તાવેજીકરણ થાય, સમાજ જીવનની ઘટનાઓનું વિહંગાવલોકન થાય અને આવતીકાલના સ્વર્ણીમ ગુજરાતનો સંકલ્પ પ્રત્યેક ગુજરાતનીનો સંકલ્પ બને એ દિશામાં આગળ વધવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બદલાતા જતા વિશ્વના પરિપ્રેક્ષ્યમાં તથા ભૂતકાળના અનુભવોના ભાથા સાથે વિકાસનો નવો રાજમાર્ગ સુનિશ્ચિત કરવો છે. આપણે ઈચ્છીએ છીએ કે ગામડાંની ગ્રામસભાથી લઈને વિધાનસભા સુધી, શાળા કાલેજોની ચર્ચાથી લઈને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સેમિનારોમાં, ખેડૂતના ખેતરથી લઈને વિશાળ ઉદ્યોગ ગૃહની અટારીઓ સુધી વ્યાપકપણે મૂલ્યવર્ધિત ચર્ચા થાય, વિચાર-વિમર્શ થાય અને સમાજના બધા વર્ગો સ્વર્ણીમ ગુજરાતના નિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બને.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦ નો સુવર્ણ જયંતીનો અવસર ગુજરાતના સામર્થ્યને સોળે કળાએ ખીલવવાનો આધાર બની રહે એવી રીતે સુવર્ણ જયંતીની આ ઐતિહાસિક ઉજવણીનું આયોજન કરવાની અમારી નેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બધા માટે આ સુવર્ણ જયંતીને ભૂતકાળમાંથી શીખેલા પદાર્થપાઠનો વિનિયોગ કરીને ભવિષ્યની વિકાસ-ગાથાનો આલેખ આકારવા માટેનો યોજનાબધ્ધ અવસર બનાવવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુવર્ણ જયંતીનો અવસર એ સરકારી કાર્યક્રમ ન બની રહેતાં સમાજનો પોતીકો પ્રસંગ બની રહે તે હેતુથી, જાહેર જીવનના વિવિધ ક્ષેત્રોનું વ્યાપક પ્રતિનિધિત્વ ધરાવતી **મુખ્ય કાર્યવાહક સમિતિ (Governing Council)** રચવા માગીએ છીએ, જેમાં જુદા જુદા ક્ષેત્રના તજજ્ઞો, તેજસ્વી વ્યકિતઓ તથા મહાનુભાવોના પ્રતિનિધિઓને સામેલ કરવાની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રી, વિધાનસભા અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રી અને મંત્રીમંડળ, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીઓ, નામદાર સુપ્રીમ કોર્ટ/હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓ, રાજકીય પક્ષોના પ્રમુખશ્રીઓ, માનનીય સંસદ/ધારાસભ્યશ્રીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, ધર્મગુરુઓ, નિવૃત્ત પ્રવર સનદી અધિકારીઓ, મહા ગુજરાત આંદોલનના નેતાશ્રીઓ, મહાજન શ્રેષ્ઠીશ્રીઓ, શિક્ષણશાસ્ત્રીશ્રીઓ, સાહિત્યકારો, ખેડૂત અગ્રણીઓ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, પંચાયતી રાજમાં પ્રદાન કરનાર અગ્રણીઓ, પૂર્વ મેયરશ્રીઓ, બિનસરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓની મહત્વની વ્યકિતઓ, લોક કલાકારો, સુગમ સંગીત/સંગીત/નૃત્ય/અભિનય/હાસ્ય ક્ષેત્રના કલાકારો, ઉદ્યોગ અને વેપાર જગતના પ્રતિનિધિઓ, તબીબી/કાયદા/નાણા ક્ષેત્રના વ્યવસાયિકો, વૈજ્ઞાનિકો, રમતવીરો, પત્રકારો/લેખકો, મહિલા અગ્રણીઓ, અન્ય રાજયો અને અન્ય દેશના પ્રવાસી ગુજરાતીઓ અને પૂર્વ રાજવીઓનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે તો આ એક નમ્ર પ્રયાસ શરૂ કર્યો છે. અમારો પ્રયત્ન, અમારી નેમ એ રહેવાની છે કે સમાજ જીવનના વધુ ને વધુ પ્રભાવક વ્યકિતઓ આમાં જોડાય. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને એ વાત યાદ કરાવવાની ભાગ્યે જ જરૂર છે કે એકવીસમી સદીમાં આપણું ગુજરાત અભૂતપૂર્વ વિકાસ યાત્રામાં તેજ રફતારથી આગળ વધી રહ્યું છે. આપણે જનભાગીદારીને વિકાસમાં જોડી છે. આ સંદર્ભમાં, ગુજરાતની અસ્મિતાને વિશ્વસ્તરે પ્રગટાવવી છે. આપણા વિકાસના માપદંડો વૈશ્વિક કક્ષાના જ હોય, એવું વાતાવરણ બનાવવું છે. ગુજરાત તો સંસ્કૃત્તિ અને સાહિત્ય સંસ્કારની ઉર્વરાભૂમિ છે, ગુજરાતની પ્રજા, ભકિત અને જ્ઞાનથી સમૃદ્ધ છે. આ મહાન પ્રજાના ગૌરવશાળી ઈતિહાસની સાક્ષીએ આપણે ૫૦ વર્ષ પૂરા કરવાનો અવસર મનાવવો છે ત્યારે, આવો ગુજરાતની અસ્મિતાનો આ અવસર સૌ કોઈને સાથે રાખીને આયોજનબદ્ધ રીતે સંપન્ન કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકારના આ સંકલ્પની હું આ સભાગૃહ સમક્ષ જાહેરાત કરું છું ત્યારે હું અપેક્ષા કરું છું કે આ ઉમદા કાર્ય માટે આ સભાગૃહના માનનીય સભ્યો તરફથી અનેક મૌલિક સૂચનો મળશે અને સોનામાં સુગંધ ભળે તે રીતે સ્વર્મીણ જયંતિના અવસરને વધુ સારી રીતે પરિણામકારી બનાવી શકીશું.

જય જય ગરવી ગુજરાત, જય જય નિર્મળ ગુજરાત.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## નિયમ-૪૪ના નિવેદન ઉપરના પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે

**અધ્યક્ષશ્રી** : તા. ૨૮-૩-૨૦૦૭ના રોજ નિયમ ૪૪ અન્વયે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલ નિવેદન ઉપર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગેનો નિર્ણય હું નીચે મુજબ આપું છું.

તા. ૨૮-૩-૨૦૦૭ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ અન્વયે નિવેદન કરી અને ગરીબ સમૃદ્ધિ યોજના વિશે સભાગૃહને માહિતગાર કર્યુ હતું. આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે આ જાહેરાત દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આર્થિક પેકેજ જાહેર કર્યુ છે અને જેનો સમાવેશ બજેટમાં કરવામાં આવેલ નથી. ઉપરાંત, જુદી જુદી યોજનાઓને એકત્રીત કરી માનનીય મુખ્ય મંત્રીશ્રીના નામે ચઢાવી દેવાય છે અને ગૃહને ગેરમાર્ગે દોરવામાં આવે છે. જે આર્થિક પેકેજનો સમાવેશ નાણા મંત્રીશ્રીના બજેટ પ્રવચનમાં અગર તો નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં કરવામાં ન આવ્યો હોય તેવી યોજનાને નિયમ-૪૪ અન્વયેના નિવેદન દ્વારા રજૂ કરી શકાય નહીં, કારણ કે, તેને ગૃહનો આદેશ મળ્યો ન હોય. આવા આર્થિક પેકેજનો સમાવેશ બજેટમાં કરીને તે અંગેની નાણાકીય જોગવાઈઓ કર્યા બાદ જ આર્થિક પેકેજની જાહેરાત કરવી જોઈએ. આ તબક્કે, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે, વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ માં સ્પષ્ટ જોગવાઈ છે કે, અધ્યક્ષની પરવાનગી મેળવીને જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકાશે, તેના ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં. પરંતુ એક બે પ્રશ્નો પૂછી શકાશે. તેથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ચર્ચા કરવાને બદલે નિવેદન અંગે પ્રશ્નો પૂછવા જોઈએ.

આ તબક્કે મેં એવો નિર્ણય આપ્યો હતો કે, નિવેદન દ્વારા જે યોજનાની માહિતી આપવામાં આવી છે તેમાં એવા સ્પષ્ટ શબ્દો વાપર્યા છે કે, આવતા પાંચ વર્ષમાં ચોક્કસ હેતુઓસર ગરીબ સમૃદ્ધિ યોજનાઓ અન્વયે અમૂક રકમ ખર્ચવામાં આવશે. સામાન્યત: ગૃહ સમક્ષ રજૂ થતાં જે તે વર્ષના બજેટમાં તે વર્ષને લગતાં ખર્ચ અને આવકનાં અંદાજોના આંકડાનો સમાવેશ કરવામાં આવે છે. તે વર્ષ દરમિયાન હાથ ધરવાની યોજનાઓનો વિગતવાર ઉલ્લેખ હોય છે. પરંતુ જ્યારે રાજયના ઉત્કર્ષ માટે કોઈ લાંબાગાળાની યોજનાની મંત્રીશ્રીએ જાહેરાત કરવાની હોય અને વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે આવી નીતિ વિષયક જાહેર અગત્યની બાબત ઉપર અધ્યક્ષની પરવાનગી મેળવીને મંત્રીશ્રી નિવેદન કરી શકે છે. જો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની જાહેરાત ગૃહની બહાર કરી હોત તો ગૃહના સૌ પ્રથમ માહિતી મેળવવાના ઔચિત્યનો ભંગ થાત. આ સંજોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ મારી પરવાનગીથી નિયમ-૪૪ હેઠળ કરેલ નિવેદન ગૃહના નિયમો તથા સુસ્થાપિત થયેલ સંસદીય પરંપરા મુજબનું કર્યું હતું. તેથી તે સમયે મેં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો હતો. તેથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઊભો કરેલો પૉઈન્ટ ઑફ ઑર્ડર અસ્થાને છે તેવો હું નિર્ણય જાહેર કરું છું.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સભામોકૂફીના પ્રસ્તાવની સૂચના અંગે

**અધ્યક્ષશ્રી :** આજ રોજ મને વિરોધ પક્ષના નેતા તરફથી નિયમ ૧૦૮ અન્વયે સભામોકૂફીના પ્રસ્તાવની સૂચના મળી છે. સૂચનામાં સમાવિષ્ટ બાબત વ્યકિતગત કિસ્સાને લગતી છે. વિશાળ જાહેર હિતના સંદર્ભમાં નથી. એટલે નિયમ ૧૦૮ની જોગવાઈ અનુસાર આ પ્રસ્તાવને સભાગૃહમાં ઉપસ્થિત કરવાની મંજૂરી આપતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બાળકનું અપહરણ થયું છે, ખંડણી માગવામાં આવેલ છે અને એની હત્યા થયેલ છે. (અંતરાય)

(આ તબક્કે વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઊભા થઈ ગયા)

**અધ્યક્ષશ્રી : નેકસ્ટ.**

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

## સન ૨૦૦૫-૨૦૦૬ના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું,

(ક) ગુજરાત સરકારના સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષનો ઑડિટ અહેવાલ (મુલકી)

(અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષનો ઑડિટ અહેવાલ (વાણિજિયક) (અંગ્રેજી ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો, ઑડિટ અહેવાલ અને ઑડિટ અહેવાલ વાણિજિયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગૃહમંત્રીશ્રીનું જવાબમાં સુધારા કરતું નિવેદન**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૪-૩-૨૦૦૭ના રોજ વિધાનસભા ગૃહમાં નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ પરની ચર્ચાના મારા જવાબમાં સુધારો કરતું નિવેદન હું સભાગૃહના મેજ ઉપર મૂકવાની પરવાનગી માગું છું.

**જવાબમાં સુધારો કરતુ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મંજૂરી આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મેં નિયમ મુજબ નિર્ણય આપેલ છે તેથી એમાં કોઈ ફેરફાર કરી શકાય નહિ.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૧૫૫ ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૧-૩-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય ડો. માયાબેન કોડનાનીના "મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ગરીબ દર્દીને રાહત માટે અરજીઓ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૧૫૫ (અગ્રતાક્રમ-૨) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**જાહેર સાહસો માટેની સમિતિના ઓગણીસમાં અહેવાલની રજૂઆત**

**શ્રી યોગેશભાઈ ના. પટેલ : (સમિતિના પ્રમુખશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો ઓગણીસમો અહેવાલ રજૂ કરુ છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા "ગૃહમંત્રી રાજીનામુ આપે" તથા "મુખ્યમંત્રી રાજીનામુ આપે" ના સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

## સરકારી વિધેયકો

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬**

## ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭

**રાજયની વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કૉલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

( "મુખ્યમંત્રી રાજીનામુ આપે " ના સતત સૂત્રોચ્ચાર ચાલુ.)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં તબીબી શિક્ષણ અને તબીબી સંસ્થાઓમાં ગત વર્ષોમાં તેના પ્રવેશની અંદર વિલંબ થતો હતો એ વિલંબને રોકવા માટે રાજય સરકારના એજ્યુકેશન વિભાગના મંત્રીશ્રી ગઈકાલે એક બિલ લઈને આવ્યા હતા અને આજે હું તબીબી શિક્ષણના પ્રવેશની અંદર (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વેલમાં આવેલા સભ્યશ્રીઓને બહાર મૂકી દો. બહાર લઈ જાઓ. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : આ બિલ લાવવાથી આ પ્રકારના ફાયદા થશે. સ્વનિર્ભર કૉલેજોના પ્રવેશ ચુસ્ત મેરીટ પ્રમાણે અને સમયસર થશે. રાજયના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અર્થે રાજય બહાર જતા અટકાવી શકાશે. રાજયની અંદર ૭૫ ટકા સીટોનું રિઝર્વેશન..

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ વેલમાં ધસી આવ્યા.)

**અધ્યક્ષશ્રી** : બહાર લઈ જાવ બધાને. (ઘોંઘાટ) એક દિવસ માટે બહાર લઈ જાવ બધાને. (અંતરાય) હવે હું વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૧ મુજબ વેલમાંથી દૂર કરવા માટે અને ગૃહમાંથી દૂર કરવા માટે આદેશ કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૫૨ નીચે નેઈમ કરવાનો પ્રસ્તાવ મૂકું છું. જે સભ્યો વેલમાં આવ્યા છે તેમને નેઈમ કરવાનો પ્રસ્તાવ મૂકું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : થઈ ગયું. થઈ ગયું. પતી ગયું. (અંતરાય) મારો અધિકાર છે. (સતત અંતરાય)
(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ વેલમાં નીચે બેસીને સતત સૂત્રોચ્ચાર કર્યા.) (સતત અંતરાય)
(આ તબક્કે વેલમાં બેસીને સૂત્રોચ્ચાર કરતા વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા.) (અંતરાય) ના આવે આમાં. આમાં નિયમ છે. નિયમ પ્રમાણે ચાલે બધું, નિયમ પ્રમાણે ચાલે. માલજીભાઈ, નિયમ પ્રમાણે ચાલે બધું, પ્લીઝ. (અંતરાય) કોઈ નહીં, નિયમ પ્રમાણે ચાલે. (અંતરાય) નિયમ પ્રમાણે જ ચાલે બધું. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આ સરકાર રાજયના પ્રજાજનોના અવાજને સાંભળીને એમને પડતી મુશ્કેલીઓને વૈધાનિક સ્વરૂપ આપવા માટે સંકલ્પબદ્ધ રહી છે. વિધાનસભાનું સૌથી મોટું કામ વિધાનસભાના સભ્યો તરીકે જવાબદારી હોય તો એ ધારાસભાની અંદર ધારા ઘડવાનું છે અને રાજયની અંદર ધારા ઘડવાનું કામ હોય ત્યારે આ પક્ષના સભ્ય હોય કે વિપક્ષના સભ્ય એ સાથે મળી રાજયની પ્રજા માટે કાયદા ઘ ડતા હોય છે. એ કાયદાઓ અનાદીકાળ, લાંબા કાળ સુધીની અસરવાળા હોય છે અને અહીં કાયદાની અંદર આડખીલી ઊભી કરીને એવા કાયદાની રચના વખતે કાયમ સતત એની અંદર વિક્ષેપો પેદા કરીને અને એવા કાયદાઓ ઘડાતા હોય ત્યારે ગઈકાલે વિપક્ષના નેતાશ્રીએ જે ઉલ્લેખો અહીંયાં કર્યા હતા એ ઉલ્લેખોનું હું પુનરાવર્તન કરવા માગતો નથી. એમના ઉલ્લેખોનો સાર એ હતો કે, આ સભાગૃહની અંદર જો કાયદાઓ ઘડાશે તો અમે એવા કાયદાઓને મંજૂર નહીં થવા દઈએ અને એવા કાયદાઓ બનાવવાની અંદર એમના ગઈકાલના વાક્યો હતા. એ જ રીતે આજે એમણે જે રીતે ખૂબ અગત્યના પ્રશ્ન ઉપર આ રાજયની સરકાર વૈધાનિક જોગવાઈવાળું બિલ લઈને આવી છે. આ બિલ છે એનો સૌથી મોટો ફાયદો એ સ્વનિર્ભર કૉલેજોમાં ચુસ્ત મેરીટ પ્રમાણે સમયસર થશે, પ્રવેશ મળશે એ માટેનો છે. રાજયના વિદ્યાર્થીઓ રાજયની બહાર જતા અટકશે. ૭૫ ટકા સિટો એ સરકારી બેઠકો દ્વારા ભરાશે અને એમાં રિઝર્વેશનનો લાભ અપાશે. સમયસર પ્રવેશ આપી સત્ર શરૂ કરાશે. યુનિવર્સિટીઓમાં એનરોલમેન્ટ સમયસર કરી શકાશે, યુનિવર્સિટીઓમાં પરીક્ષા સમયસર લઈ શકાશે અને કોર્ટ કેસોનું પ્રમાણ ઘટશે. બીજા રાજયોમાં સ્વનિર્ભર કૉલેજોમાં શું પરિસ્થિતિ છે એ જોઈએ તો ઓરિસ્સામાં ૫૦% સરકારી બેઠકો તરીકે છે, પંજાબમાં ૫૦% સરકારી બેઠકો તરીકે છે, કર્ણાટકમાં દરેક વખતે સ્વનિર્ભર કૉલેજો સાથે વાટાઘાટો થાય છે, કેરળમાં ૫૦% બેઠકો લીધી છે, પાંડીચેરીમાં ૫૦% બેઠકો લીધી છે, આંધ્ર સરકારે ૭૫% લીધી છે, અહીંયાં હું પણ ૭૫% બેઠકો લઉં છું. એનાથી રાજયની ૭ મૅડિકલ કૉલેજોમાં ૮૦૦ બેઠકો થશે, ડેન્ટલ કૉલેજોમાં ૪૮૦, ૧૫ ફિઝિયોથેરાપી કૉલેજોમાં ૫૭૫ બેઠકો, હોમીયોપેથી કૉલેજોમાં ૧૭૭૦ બેઠકો, નર્સિંગ કૉલેજોમાં ૧૦૦ બેઠકો એમ જુદી જુદી કૉલેજોની અંદર કુલ ૨૫૬૮ બેઠકો થશે એમાંથી ૭૫ ટકા પ્રમાણે ૧૨૪૦ બેઠકો અનામત બેઠકો તરીકે ભરી શકાશે. પી.એ.ઈનામદાર વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજયના કોર્ટ કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, રાજય સરકારે એક એવો કાયદો બનાવવો જોઈએ. અને આ પ્રમાણેના કાયદાઓ કર્ણાટક, કેરળ અને આંધ્ર આ ત્રણેય રાજયોએ બિન સહાયિત તબીબી શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ અને ફી નિયંત્રણના માળખાની અંદર આવો એક કાયદો લઈને આવ્યા. આ કાયદો અસ્તિત્વમાં નહોતો ત્યારે રાજયની અંદર જસ્ટીસ આર. જે. શાહ સમિતિ આ અંગેનું કામ કરતી હતી અને એણે એ કામગીરી કરી એ કામગીરીની પણ એક સરસ મજાની કામગીરી રાજયમાં થઈ પરંતુ એની સામે અનેક કેસો થયા, ૨૦૦૬ની અંદર ૭૬ કેસો થયા અને એને પરિણામે ૨૦૦૬ની અંદર પ્રવેશ વિલંબીત થયો, એટલે રાજયના મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે જે સુપ્રીમ કોર્ટનો જે આદેશ છે એ આદેશનું જે હાર્દ છે એ હાર્દને લઈને આપણે આવા એક કાયદા કરવા જોઈએ. ગઈકાલે શિક્ષણ મંત્રીશ્રી ટેકનીકલ એજયુકેશનના બિલને લઈને આવ્યા એટલે ટેકનીકલ કોલેજો અને ટેકનિકલ શિક્ષણ માટેની જે પ્રવેશ નિયમનની હતી એ અંગેનું બિલ આવ્યું, તબીબી શિક્ષણ અંગે એ જ પ્રકારનું બિલ લઈને હું આવ્યો છું. આ કાયદાને કારણે અધિનિયમિત કરવાને કારણે એક નિયમન મળશે. વાજબી પારદર્શક બીનશોષણયુકત કાર્યરીતિ સુનિશ્ચિત કરવાના હેતુથી આ કાયદો, અધિનિયમીત કરવામાં આવ્યો છે. આની અંદર બહુ સંચાલક મંડળ અને બીન નિવાસી ભારતીયોની બેઠક કરીને કુલ ૨૫ ટકા અને આ કાયદાની જોગવાઈઓનું ઉલંઘન કરી અને કોઈપણ સંચાલક આ અંગેની વાત કરવા જાય તો એની સામે ખૂબ કડકમાં કડક એટલે ૨૦ લાખ રુપિયા સુધીના દંડની જોગવાઈ આ વિધેયકની અંદર કરવામાં આવી છે. આટલી મોટી જોગવાઈઓવાળું બિલ આ પહેલી વખત છે કે જેથી કરીને રાજયની અંદર બીન સહાયિત મૅડિકલ સંસ્થાઓ હોય, તબીબી સંસ્થા હોય, એના ઉપર પૂર્ણ અંકુશ રાખવાનો છે. એના ફીના નિયમન માટે પણ હાઈકોર્ટના નિવૃત્ત જજની એક સમિતિ રચવામાં આવશે અને એ સમિતિ દ્વારા જ ફીનું નિયમન થશે. ગુણવત્તાના આધારે જ પ્રવેશ યાદી બનશે. ગુણવત્તા માટેની પણ બહુ સ્પષ્ટ જોગવાઈ કરી છે. એની અંદર પ્રવેશથી માંડીને રાજય સરકારે ખૂબ જોગવાઈઓ કરી છે

એટલે સામાન્ય પ્રવેશ કસોટીનું સંચાલન પણ એની અંદર થશે અને રાજય સરકાર જે રીતે નકકી કરશે એ પરીક્ષામાં એણે પાસ થવું પડશે. લઘુત્તમ ગુણ લાયકી પણ નકકી કરવાનો રાજય સરકારે પોતાનો અધિકાર આ બિલની અંદર રાખ્યો છે. અમે આ સર્વાંગી વિચાર કરીને રાજયની અંદર તબીબી શિક્ષણની કોલેજોને પ્રવેશ નિયમન કરીને આ થાય અને એના પરિણામે રાજયની અંદર મૅડિકલ એજયુકેશનનો વ્યાપ વધે અને નિયમિત રીતે ગરીબ વિદ્યાર્થીઓને, મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજોની અંદર પણ રાજયના વિદ્યાર્થીઓને પ્રવેશ મળે એ એનો હેતુ છે અને આ હેતુવાળુ બિલ સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે અમે લાવ્યા છીએ. અન્ય રાજયોની અંદર પણ દંડની જોગવાઈ નથી. કર્ણાટકા, કેરાલાની વાત કરું તો ત્યાં દંડની જોગવાઈ નથી. ગુજરાત એક એવું રાજય છે કે જેણે ૨૦ લાખ રુપિયાની જોગવાઈ કરી છે અને ૨૦ લાખ રુપિયાની જોગવાઈ સાથે આ સંસ્થાઓ ઉપર શોષણ કરવાની માનસિકતાવાળા કોઈ આવે તો એના ઉપર કડક પગલાં લઈ શકાય એવી જોગવાઈઓ વાળું આ બિલ લાવ્યો છું. હું આ સભાગૃહને વિનંતી કરુ છું કે આ બિલને સર્વ સંમતિથી પસાર કરે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અને સંસ્થાઓ, પ્રવેશ નિયમન માટે ફી નિર્ધારણ બાબત વિધેયક ૨૦૦૭ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું. આવું જ એક મહત્ત્વપૂર્ણ બિલ ગઈકાલે માનનીય શિક્ષણમંત્રીશ્રી લઈને આવ્યા હતા. બંને બિલો ખૂબ મહત્વના હતા. આપણા સૌની આ સન્માનનીય ગૃહમાં એ જ ઈચ્છા હોય કે આવા મહત્વના વૈધાનો જ્યારે અહીં પસાર થાય ત્યારે એની હેલ્ધી ચર્ચા થાય અને આ બિલો પસાર થાય જેથી ખુબ સુંદર મજાનું વાતાવરણ નિર્માણ થઈ શકે. પણ કમનસીબી ગઈ કાલે પણ આ મહત્ત્વના બિલ ઉપર ચર્ચા થઈ શકી નથી. માનનીય અધ્યક્ષશ્રી ઉચ્ચ પ્રોફેશનલ શિક્ષણનું મહત્વ ધીરેધીરે વધતુ જાય છે. બાળકો હવે કારકિર્દી ઓરીએન્ટેડ બન્યા છે. બાળકો ખૂબ મહેનત કરે છે. માતાપિતાની પણ આશા અને અપેક્ષાઓ વધી છે. સપનાઓ વધ્યા છે. એવે સમયે જયારે માતાપિતાની ઈચ્છા હોય, બાળકોની ઈચ્છા હોય કે મારે જીવનમાં ડોકટર બનવું છે. અને આ કોમ્પીટેટીવ સમાજમાં આગળ આવીને સમાજ માટે કંઈક કરવું છે. ખાસ કરીને જ્યારે મેડીકલમાં પ્રવેશ લેવા માગતા હોય, આયુર્વેદમાં પ્રવેશ લેવા માગતા હોય, હોમિયોપેથીમાં જવા માગતા હોય અથવા નર્સિંગમાં જઈને સમાજની સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરતા વિદ્યાર્થીઓ હોય ત્યારે માતા-પિતા અને બાળકના મનમાં એક અજંપાભરી પરિસ્થિતિનું નિર્માણ થઈ જાય છે. જ્યારે પ્રવેશમાં વિલંબ થાય ત્યારે અજંપાભરી અને માનસિક તનાવભરી પરિસ્થિતિમાંથી આખુ કુટુંબ પસાર થતું હોય છે. બાળક ખૂબ મહેનત કરતો હોય છે. ગયા વર્ષે ૯૨ ટકાએ મેડીકલમાં એડમિશન અટક્યું હતું. આપણે કલ્પના કરી શકીએ કે બાળકો કેટલી મહેનત કરે છે. આખું વર્ષ રાત-દિવસ મહેનત કરે છે અને ૯૨ ટકા મેળવે ત્યારે એને છેલ્લે મેડીકલમાં એડમિશન મળે છે. ૯૭ ટકાથી શરૂઆત થાય છે. ડેન્ટલમાં ૯૧ ટકાએ એડમિશન અટકે છે અને સેલ્ફ ફાયનાન્સમાં ગયા વર્ષે ૯૦.૮૮ ટકાએ એડમિશન અટક્યું છે અને ડેન્ટલમાં ૮૮ ટકાએ એડમિશન અટકી ગયું હતું. આવા સમયે દ્વિધાભરી પરિસ્થિતિમાંથી મુક્ત કરવા માટે આ ખૂબ મહત્ત્વપૂર્ણ બિલ માનનીય મંત્રીશ્રી લાવ્યા છે. એનાથી અજંપાભરી પરિસ્થિતિમાંથી મુક્તિ મળશે. ફીનું ધોરણ નક્કી થઈ ગયું છે એના કારણે ખૂબ સારી પરિસ્થિતિનું નિર્માણ ગુજરાત રાજ્યમાં થવાનું છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે વિલંબના ઘણા કારણો હતા. ગયા વર્ષે તો ગુજરાત સેલ્ફ ફાયનાન્સ એસોસિએશને પહેલા એવું નક્કી કર્યું હતું કે ૮૫ ટકા સરકારી ધોરણે અમે પ્રવેશ આપીશું અને ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વોટામાં રાખીશું. આવી મંજૂરી આર.જે. શાહ સમિતિને આપ્યા પછી પણ બધા એસોસિએશનોએ ભેગા થઈ કૉમન એન્ટરન્સ ટેસ્ટ લીધી અને એ પ્રમાણે એડમિશન આપવાની શરૂઆત થઈ ગઈ. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેસો થયા. એક સમયે તો સુપ્રીમ કોર્ટે તો ચૂકાદો આપી દીધો કે એ લોકોએ લીધેલ ટેસ્ટ પ્રમાણે પ્રવેશ કાર્યવાહી શરૂ કરવી જોઈએ. ત્યારપછી હાઈકોર્ટનો નિર્ણય આવ્યો કે આ કૉમન એન્ટરન્સ ટેસ્ટના આધારે સેલ્ફ ફાયનાન્સ એસોસિએશન આ રીતે એડમિશન આપી શકે નહિ. કારણ કે આર.જે.શાહ સમિતિમાં પહેલેથી આ લોકો મંજૂરી આપી ચૂક્યા છે. આમને આમ સમય પસાર થઈ ગયો અને વિદ્યાર્થીઓને પોતાનું ભાવિ શું એની ચિંતા થતી રહી. ગુજરાતમાં ભણવું ? ગુજરાતમાં પ્રવેશ મળશે કે કેમ? ગુજરાત બહાર જઈને પ્રવેશ મેળવવો કે કેમ? આવી દ્વિધાભરી પરિસ્થિતિમાં નવ-દસ મહિના વિદ્યાર્થીઓએ પસાર કર્યા. તા. ૩૧-૧૦-૦૬ના રોજ નક્કી થયું કે ૭૫ ટકા અને ૧૫ ટકાના આધારે કૉમન એન્ટરન્સ ટેસ્ટના આધારે પ્રવેશ આપવાનો. પછી હાઈકોર્ટમાં કેસ થયો, એન.આર.આઈ.ની ટકાવારી નક્કી ન હતી એ ટકાવારી નક્કી થઈ, એન.આર.આઈ. કોણ એની વ્યાખ્યા નક્કી થઈ અને છેવટે તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ આખરી પરિસ્થિતિ નક્કી થઈ અને આ વર્ષે પ્રવેશ કાર્યવાહી કરવામાં આવી. આવી પરિસ્થિતિ ફરીથી ભવિષ્યમાં ન થાય અને બાળકોને ખૂબ સમયસર પ્રવેશ મળે એના માટે સુપ્રીમ કોર્ટે નિર્દેશ કર્યો અને હાલ ૬ રાજ્યોમાં કાયદો બની ચૂક્યો છે અને એના આધારે જ ગુજરાતમાં આ બિલ માનનીય મંત્રીશ્રી લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી ઓરિસ્સામાં ૫૦ ટકા સરકારી ધોરણે પ્રવેશ આપવાનો છે અને ૫૦ ટકા મેનેજમેન્ટ અને એન.આર.આઈ.ના ધોરણે પ્રવેશ આપવાના છે. પંજાબમાં પણ ૫૦ ટકા સરકારી ધોરણે અને ૫૦ ટકા મેનેજમેન્ટ ક્વોટાના હિસાબે પ્રવેશ આપવાના છે. કર્ણાટકમાં કાયદો આવી ગયો છે પણ હજુ કેટલા ટકા સરકારી

ધોરણે અને કેટલા ટકા મેનેજમેન્ટ ક્વોટાના આધારે પ્રવેશ આપવો એ નિર્ણય થયો નથી. સંસ્થાઓ સાથે વાટાઘાટો કરીને પછી નોટીફાઈ કરવાનું નક્કી થયું છે. કેરાલામાં ૫૦ ટકા સરકારી અને ૫૦ ટકા મેનેજમેન્ટ ક્વોટા, પોંડિચેરીમાં ૫૦ ટકા સરકારી અને ૫૦ ટકા મેનેજમેન્ટ ક્વોટાના ધોરણે પ્રવેશ આપવાનું નક્કી થયું છે. આંધ્રમાં ૭૫ ટકા સરકારી ધોરણે અને ૨૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાના ધોરણે પ્રવેશ આપવાનો નિર્ણય થયો છે. મોટાભાગના રાજ્યોમાં જ્યારે ૫૦ ટકા સરકારી ધોરણે અને ૫૦ ટકા મેનેજમેન્ટ ક્વોટાના ધોરણે પ્રવેશ આપવાનું નક્કી થયું છે. એક માત્ર આંધ્રમાં ૭૫ ટકા સરકારી ધોરણે પ્રવેશ આપવાનું નક્કી થયું છે. એ પ્રમાણે ગુજરાતે પણ ૭૫ ટકાના આધારે જે મેરિટ લિસ્ટ બનશે એ પ્રમાણે પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે એ ખરેખર ખૂબ ખૂબ આવકારદાયક છે. ૭૫ ટકા ગુજરાતના મેરિટના વિદ્યાર્થીઓને આ સેલ્ફ ફાયનાન્સ કૉલેજમાં પ્રવેશ મળશે. આ બિલના આધારે જે ગત આઠ મહિનામાં ઉપલબ્ધ થતો હતો એ હવે ટાઈમ બાઉન્ડેડ એડમિશન મળશે, એમાં કોઈ પણ જાતનું ડીલે નહિ થાય. ગત વર્ષે સેલ્ફ ફાયનાન્સ કૉલેજ જાતે કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ લીધો હતો, એ હવે નહિ થઈ શકે અને ૭૫ ટકા બાળકોને એડમિશન મળશે. ૭૫ ટકા સરકારી ધોરણે લિસ્ટ બનવાનું છે. એ પણ ૧૨માં ધોરણના ૬૦ ટકા અને ૪૦ ટકા ગુજકેટમાંથી અંક મળશે એના આધારે મેરિટ લિસ્ટ બનશે પછી બાળકને પ્રવેશ આપવામાં આવશે. કૅપિટેશન ફી ગયા વર્ષે પાંચ લાખથી લઈને પચીસ લાખ સુધી કૅપિટેશન ફી લેવામાં આવતી હતી એ નહિ લઈ શકે અને કમિટી જે નક્કી કરશે એ જ પ્રમાણે એમણે ફી લેવી પડશે. હાલ મૅડિકલ અને પેરામૅડિકલમાં ૬૧૭૭ વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. સરકારી ૬ કૉલેજોમાં ૯૫૫ વિદ્યાર્થીઓને દર વર્ષે પ્રવેશ મળશે. સેલ્ફ ફાયનાન્સની કુલ સાત કૉલેજમાં ૮૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે, આમ કુલ ૧૭૫૫ વિદ્યાર્થીઓને મૅડિકલમાં પ્રવેશ મળશે. ડેન્ટલમાં બે સરકારી કૉલેજોમાં ૧૪૦ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે અને સેલ્ફ ફાયનાન્સ સાત કૉલેજમાં ૪૮૦માંથી કુલ ૬૨૦ વિદ્યાર્થીઓ ડેન્ટલમાં દર વર્ષે પ્રવેશ મેળવશે. આવી રીતે કુલ ૬૧૭૭ વિદ્યાર્થીઓના ભવિષ્ય જે અજંપાભરી પરિસ્થિતિમાં હતા એને મુકિત આપવાનું ખૂબ સુંદર કાર્ય આ બિલના માધ્યમથી થવાનું છે. આ જે સેલ્ફ ફાયનાન્સ કૉલેજો છે એ કેવી સંસ્થાઓ ચલાવે છે? ખૂબ પ્રતિષ્ઠિત અને ધાર્મિક સંસ્થાઓ ચલાવે છે. કરમસદમાં તો સ્વામીનાયરાણ પ્રમુખ સ્વામી સંચાલન હેઠળ મૅડિકલ કૉલેજ ચલાવે છે. સુરેન્દ્રનગરમાં સી.યુ.શાહ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા જે કૉલેજ ચલાવે છે આવી પ્રતિષ્ઠિત સંસ્થા જે કામ કરે છે એ સેવાઓ માટે કામ કરે છે. એ ૭૫ ટકા ગુજરાતના મેરિટના આધારે જ્યારે પ્રવેશ આપતા હોય ત્યારે આ બિલને ખરેખર હ્રદયપૂર્વક બધાએ આવકારવું જોઈએ. મૅડિકલ કૉલેજ શરૂ કરવાના કારણે માત્ર મૅડિકલના વિદ્યાર્થીને ભણાવવા પૂરતો ઉદ્દશ નથી હોતો. એક મૅડિકલ કૉલેજ શરૂ કરીએ તો એની સાથે સાથે અત્યંત આધુનિક હૉસ્પિટલ ઊભી કરવી પડે છે. બધા એકસપર્ટની નિમણૂક કરવી પડે છે. એના માટે સેલ્ફ ફાયનાન્સના ધોરણે આવી સ્વયંસેવી સંસ્થાઓ જ્યારે ગુજરાતમાં આગળ આવતી હોય અને ગુજરાતના અનેક બાળકો, હજારો બાળકો જ્યારે ગુજરાતની બહાર કર્ણાટક અને મહારાષ્ટ્રમાં જઈને પ્રવેશ મેળવતા હતા. કયારેક કયારેક તો ગુજરાતના ઘ ણાં બધા બાળકો રશિયા જઈને ડૉકટર થઈને આવતા હતા. છેક રશિયા સુધી બાળકો જાય અને ત્યાં એમને બે બે વર્ષ સુધી રશિયન લેંગવેજ શીખવી પડે ત્યારે જ એમને મૅડિકલનું ભણાવાનું શરૂ કરવામાં આવતું હતું. આ બધી પરિસ્થિતિમાંથી જ્યારે આજે ગુજરાતમાં બાળકો ભણશે એ ખરેખર ખૂબ ખૂબ આવકારદાયક રહેવાનું છે. ફી નિયમન માટે પણ આ બિલમાં જે જોગવાઈ કરવામાં આવી છે. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં કમિટી બનવાની છે, એમાં પૂર્વ વાઈસચાન્સેલર રહેશે, કમિશનર રહેશે, સેલ્ફ ફાયનાન્સ એસોસિએશનના એક પ્રતિનિધિ રહેશે અને એક પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ આ કમિટીમાં રહેવાના છે જેથી ફીનું જે માળખું નક્કી થશે એ હવે ખૂબ ખૂબ ઉપયોગી થશે. સંસ્થાના ડોક્યુમેન્ટ, એના ઑડિટ રિપોર્ટ વગેરે તપાસ કરી પછી એને ફીનું માળખું નક્કી કરવાની પરવાનગી આપવામાં આવશે અને આ જે ફી નક્કી થાય બાળક જ્યારે દાખલ થાય ત્યારથી બાળક ભણીને નીકળે ત્યાં સુધી ફીનું માળખું એકજ રહેવાનું છે. દર વર્ષે એના ફીનું માળખું જુદું થાય એવી કોઈ પોઝિશન નથી ત્યારે ખૂબ ઉપયોગી બિલ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યાં છે અને જ્યારે ઉલ્લંઘન કરે તો ૨૦ લાખ સુધીનાં દંડની જોગવાઈ પણ આ બિલમાં છે. આ બિલ ખૂબ મૅડિકલ એજ્યુકેશન માટે ઉપયોગી થવાનું છે. માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું અને આ બિલને આવકારું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માયાબહેને જે વાત કરી છે તે વાત સાચી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં એમણે જે કહ્યું કે, મૅડિકલ કૉલેજો એ અને ગુજરાતની અંદર તબીબી શિક્ષણ અને શિક્ષણમાં જે સંસ્થાઓ જોડાય છે એ સન્નમાનીય પુરુષો જેની સાથે જોડાયેલા હોય છે સી.યુ.શાહ મૅડિકલ કૉલેજ, એક લબ્ધ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ એની સાથે જોડાયેલા છે, પ્રમુખ સ્વામી મૅડિકલ કૉલેજ એ અમૃતાબેન પટેલ ચલાવે છે, બ્રહમકુમારભાઈ ભટ્ટ અમદાવાદમાં ફિઝિયોથેરાપી જેવી કૉલેજ ચલાવે છે. આમ ગુજરાતમાં તબીબી શિક્ષણમાં જે પ્રકારનું નેતૃત્વ કરનારા લોકો આવ્યા છે, એ કેવા પ્રકારના છે. તેમ છતાં પણ વિરોધપક્ષના નેતા સભાગૃહની અંદર અને સભાગૃહની બહાર આવા સમાજજીવનના શ્રેષ્ઠી લોકોને માફીયાઓ કહીને એમણે જે શબ્દો વાપર્યા છે એ શબ્દો ગુજરાતના બોદ્ધિક પુરુષોનું, ગુજરાતના મહાજન શ્રેષ્ઠીઓનું અને ગુજરાતની પ્રજાનું અપમાન કરનારા છે અને એવા તત્ત્વોની સાથે કોણ જોડાયા છે એ મારે કહેવું છે. ગુજરાતની આ સરકાર તો મહાજન શ્રેષ્ઠીઓની સાથે ચાલનારી સરકાર છે પરંતુ જે વાત વારંવાર કરવામાં આવી, માયાબહેને કહી એ વાત

સાચી છે કે સેલ્ફ ફાયનાન્સ મૅડિકલ કૉલેજો, સેલ્ફ ફાયનાન્સ મૅડિકલ કૉલેજોનું એક એસોસિએશન અને એ એસોસિએશને વારંવાર સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટમાં જઈને ગુજરાતની તદ્દન પાદર્શકતાથી કામ કરતી જસ્ટીસ આર.જે.શાહ સમિતિ સામે પણ કેટલાક કેસો દાખલ કર્યા એના નિર્ણયોની સામે, એ કોણ હતા? એન્ટરન્સ ટેસ્ટમાં પણ પોલીસ કેસો કરવા પડ્યા, એ નેતૃત્વ કરનારા કોણ હતા? અને માફિયાઓને મદદ કરનારી ભારત સરકારનો એક પુરાવો હું આ સભાગૃહમાં મૂકવા માગું છું કે ગુજરાત સરકાર નહીં, ગુજરાતની તબીબી શિક્ષણની અંદર માફિયાગીરી કરનારા અથવા તો અનિષ્ટ તત્ત્વોના અથવા તો માત્ર સ્વાર્થની રીતે કરનારાઓને ભારત સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો, અમે એને કાબૂમાં લેવા માટે આ બિલ લાવ્યા કે, આવી કૉલેજો, મૅડિકલ કૉલેજોની સામે આવું કરનારાની સામે કોઈ પગલા, જયારે પગલા લાવ્યા, બિલ લાવવાનું નકકી કર્યુ ત્યારે ભારત સરકારે, ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના જાહેરનામા ૪૬, ૨૦૦૪/૩ તા. ૧૭-૧-૦૭થી સુમન દીપ વિદ્યાપીઠને ડિમ્ડ ટુ બી યુનિવર્સિટી પાંચ વર્ષ માટે જાહેર કરેલ છે અને તે સંદર્ભમાં ચાર કૉલેજોને ગુજરાત યુનિવર્સિટીમાંથી વિલગ્ન કરવાનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર ગુજરાતની અંદર કેળવણીના કામ જે આ કરનારા, ગુજરાતમાં કેળવણીની સામે જેની સામે ધરાય એવી કૉલેજો, કે.એમ.શાહ ડેન્ટલ કૉલેજ, કે.જે. પંડયા કૉલેજ ઑફ ફીઝિયોથેરાપી, એસ.બી.કે. મૅડિકલ કૉલેજ, સુમન દીપ નર્સિંગ કૉલેજ આ માનનીય અધ્યક્ષશ્રી, આ માનવ સંશાધન મંત્રાલયના મંત્રીશ્રીને મારે સવાલ પૂછવો છે કે, તમે ડિમ્ડ યુનિવર્સિટી કરતા પહેલાં ગુજરાત રાજયના શિક્ષણ વિભાગનો અભિપ્રાય તો મંગાવવો હતો? ગુજરાતની પ્રજાનો તો અભિપ્રાય મંગાવવો હતો? કે તમારા કોઈ કોંગ્રેસી આગેવાન આવીને તમને કહી જાય એટલે ચાર કૉલેજો ચલાવતી એસ સંસ્થાને તમે ડિમ્ડ યુનિવર્સિટી કરો અને ગુજરાત સરકાર જે કાયદો કરે છે એ કાયદામાંથી બાકાત રાખવાનો પ્રયત્નો કરો? માનનીય અધ્યક્ષશ્રી, મારે આ રાજયની પ્રજાને, આ ગુજરાત ગૃહ દ્વારા ખાતરી આપવી છે કે, કેન્દ્રની સરકાર જેને ડિમ્ડ યુનિવર્સિટી કરશે તો પણ પ્રવેશનો આ કાયદો એના માટે પણ લાગુ પડશે એ જોગવાઈઓ હું આ બિલમાં લાવ્યો અને હું મુખ્ય દંડકશ્રી કહું છું કે, એ જોગવાઈઓ સુધારા કરે એટલે કેન્દ્ર સરકાર જેમને ભ્રષ્ટાચારની બારી ખોલી આપે છે એ ભ્રષ્ટાચારની બારણાને ગુજરાતના શ્રીનરેન્દ્રભાઈ મોદીની સરકાર બંધ કરે છે. એ પણ કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિભાગે સમજી લેવું જોઈએ કે ગુજરાતના શૈક્ષણિક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર કરવાનો, ગુજરાતની શિક્ષણની ગંગાને અભડાવવાનો કેન્દ્ર સરકારને કોઈ અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ એ ગુજરાત માટે આવતી કાલના દરવાજા ખોલનારું બિલ છે. ગુજરાતની અંદર મૅડિકલ કૉલેજ માટે તબીબી શિક્ષણ માટે આવતીકાલના દરવાજા ખોલે છે. હમણાં જે એમ.ઓ.યુ. સાઈન થયા. ઘણીવાર એવું થાય કે એમ.ઓ.યુ. ઔદ્યોગિકરણ માટે થાય પરંતુ ના. મૅડિકલ કોલેજ માટે વડોદરામાં એપોલો ટાયરે કર્યું છે. એપોલો ટાયરે કહ્યું અમે લગભગ ૫૦૦કરોડનું રોકાણ કરીશું. એપોલો ટાયર કંપની વડોદરામાં છે. અમે એને મળ્યા અને કહ્યું તમે આટલા મોટા ઉદ્યોગગૃહ ચલાવો છો તો તમે સમાજ સેવા કરો. એમના માલિકે માનનીય મુખ્યમંત્રીશ્રીને આવીને કહયું વડોદરામાં એપોલો ટાયર ઈન્ડસ્ટ્રી મેડિકલ કોલેજ કરશે એ દિશામાં પગલાં આગળ ચાલી રહ્યાં છે. કોર્ટીઝ હેલ્થ કેર લિમિટેડ વિશ્વની એક સૌથી મોટી સંસ્થામાં એક ગણાય. એવી સંસ્થાએ આવીને કહ્યું કે અમે સાડા સાતસો કરોડની મેડિકલ કોલેજ સાથેની હોસ્પિટલ અહીં કરવા માગીએ છીએ. મેડિકલ કોલેજ સાથેનું રીસર્ચ સેન્ટર સાથે એપોલો, કોર્ટીઝ પછી બોમ્બે હોસ્પિટલ આપણને બધાને ખબર છે કે ગુજરાતમાં ગયા દાયકામાં કોઈપણ માંદુ પડે એટલે બોમ્બે હોસ્પિટલમાં જાય. હવે ૪-૫ વર્ષથી બોમ્બેના લોકો ગુજરાતમાં આવતા થયા. બોમ્બે હોસ્પિટલના ટ્રસ્ટી ગુજરાતમાં આવ્યા અને મુખ્યમંત્રીશ્રીને મળ્યા. અમે એમને જગ્યા આપી. એ જગ્યા એમને પસંદ પડી અને એમણે પણ મેડિકલ કોલેજ શરૂ કરવાનું નકકી કર્યું. એ જ રીતે વલસાડની બહુ સારી મોટી કંપની એણે ગુજરાતના વિકાસમાં ખૂબ મોટો ફાળો આપ્યો છે. એવી યુનાઈટેડ ફોસ્ફેટે પણ વલસાડની ડિસ્ટીક હોસ્પિટલમાં મેડિકલ કોલેજ કરવાનું નકકી કર્યું અને સમા દિલ્હીની ગંગારામ હોસ્પિટલને થયું કે બોમ્બે થતું હોય, કોર્ટીઝ જતુ હોય, એપોલો ટાયર જતુ હોય તો અમે દિલ્હીમાં શું કરવા બેસીએ? એમને દિલ્હી કરતા ગુજરાત વધારે સારું લાગ્યું છે એનો બહુ સારો સ્પેશ્યાલીસ્ટ જે વર્લ્ડ બેસ્ટ કહેવાય એણે ગુજરાતમાં આવીને ગુજરાતના મેડિકલ એજયુકેશનની વાત એમણે જોઈ. મેડિકલ એજયુકેશન સાથે ગુજરાતમાં મેડિકલ ટુરીઝમમાં જોડાવા ડો. સમા ગંગારામ હોસ્પિટલ તૈયાર થઈ એટલે લગભગ પાંચ જેટલી મેડિકલ કોલેજ અને કુલ ૯ કરારો તબીબી હોસ્પિટલ સાથે કર્યા છે એમાં પાંચ કોલેજો આવનારા દિવસમાં ગુજરાતમાં આવી રહી છે. અમારે કે.એમ.શાહ જેવી કે પીપરીયા જેવી મેડિકલ કોલેજ ચલાવનારા જોઈતા નથી. એ ન હોય તો ચાલે એને કેન્દ્ર સરકાર છે પણ આપણે એવી સંસ્થાઓ ગુજરાતના આંગણે બોલાવવી છે કે જે વિશ્વ કક્ષાનું મેડિકલ એજયુકેશન આપે અને એવી સંસ્થા ગુજરાત આવે એને માટે પણ નિયમનો લાગુ પડે એ જાતનાં એક સરસ મજાના નિયમન સાથે આજે ગુજરાત સરકાર તબીબી શિક્ષણનો આવતીકાલના ગરીબ વિદ્યાર્થીઓને લાભ મળે, મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને લાભ મળે, ગુજરાતની તબીબી સેવામાં મેડિકલ ટુરીઝમ વધે એ હેતુ સાથે ગુજરાત તબીબી સંશોધન કેન્દ્રની અંદર વિશ્વના શ્રેષ્ઠ રાજયમાંનું એક રાજય બને એ હેતુથી ગુજરાતમાં તબીબી શિક્ષણના પ્રવેશની અંદર જે નાની નાની આડખીલી આવી હતી એ આડખીલી દૂર કરતું એક વિધેયક લાવ્યા છીએ. આ વિધેયક માત્ર ગરીબ વિદ્યાર્થી, મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે ૭૫ટકા બેઠક વધારનારું

બનશે એમ નહીં પરંતુ ગુજરાતમાં મેડિકલ એજયુકેશનમાં નવી દિશા થશે અને ગુજરાત તબીબી શિક્ષણનું વિશ્વનું શ્રેષ્ઠ રાજય બને, હબ બને એ દિશા તરફ ગુજરાત જઈ રહયું છે. આ સાથે હું આ સભાગૃહને વિનંતી કરું છું કે આ વિધેયક ગુજરાતના તબીબી શિક્ષણના આવતીકાલના દરવાજા ખોલનારું વિધેયક બને એ દિશામાં સર્વાનુમતે પસાર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૬-૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ પરનો સુધારો**

**અધ્યક્ષશ્રી** : કલમ- ૨ સભાગૃહ સમક્ષછે. કલમ-૨ના સુધારા માનનીય સભ્યશ્રી ડો.અનિલ જોષિયારા, ડો. સી.જે.ચાવડા ગેરહાજર

**કલમ-૨ પરના સુધારાના પ્રભારી સભ્યશ્રીઓ ડો.અનિલ જોષિયારા, ડો. સી.જે.ચાવડા ગેરહાજર**

**શ્રી ૬૦૪/page>જીતેન્દ્ર સુખડીઆ (મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક-૨ રજૂ કરું છું.

In clause ૨, in subclause (n) for the words "made by the Legislature of the State" substitute the words "including a deemed University declared as such under section ૩ of the University Grants Commission Act ૧૯૫૬.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો ખૂબ અગત્યનો છે, એટલા માટે છે કે હું આ ડોક્યુમેન્ટ સભાગૃહના ટેબલ ઉપર મૂકું છું, જે ગુજરાત યુનિવર્સિટીએ બહાર પાડ્યું છે. ભારત સરકારે માનવ સંશાધન મંત્રાલયે સુમનદીપ વિદ્યાપીઠને ડિમ્ડ યુનિવર્સિટી ગણી અને ડિમ્ડ યુનિવર્સિટી ગણીને એને પ્રવેશની બધી છૂટ આપવાની અને ગયા વર્ષની અંદર આ કોલેજોના સંચાલકોએ સૌથી મોટા શિક્ષણના કાળાબજારો કર્યા છે. ગુજરાત બહારના અનેક વિદ્યાર્થીઓને પાછલે બારણે પ્રવેશ આપવાનું કૃત્ય કર્યુ છે. એમની સામે પોલીસ કેસ થયા છે. આ બધુ ધ્યાનમાં લીધા વિના કેન્દ્ર સરકારે ડિમ્ડ યુનિવર્સિટી શબ્દ વાપરીને ગુજરાત સરકારને પૂછ્યા વિના યુનિવર્સિટીનું સ્ટેટસ આપ્યું. મને લાગે છે કે કેન્દ્ર સરકારના માનવસંશાધન મંત્રાલયે ગુજરાતના શિક્ષણ વિભાગની અને ગુજરાતના શિક્ષણ વિભાગની પ્રામાણિકતા ઉપર અપ્રમાણિકતાની મોટી તરાપ મારવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે આજે આ બિલ ઘડાઈ રહ્યું છે, ત્યારે આ સુધારો મુખ્ય દંડકશ્રી દ્વારા લાવ્યા છે તેને હું સ્વીકારું છું અને બિલનો ભાગ બને તેવી વિનંતી કરું છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩ થી ૮ વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી :** કલમ-૯ સભાગૃહ સમક્ષ છે. કલમ-૯ના સુધારા માનનીય સભ્યશ્રી ડો.અનિલ જોષિયારા, ડો. સી.જે.ચાવડા ગેરહાજર

**કલમ- ૯ પરના સુધારાના પ્રભારી સભ્યશ્રીઓ ડો.અનિલ જોષિયારા, ડો. સી.જે.ચાવડા ગેરહાજર**

**કલમ-૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૦ થી ૨૧, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૭ના સુધારેલા સ્વરૂપમાં વિધેયક ક્રમાંકઃ ૧૬નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંકઃ ૧૬ સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:૬**

# ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પસિદ્ધ થયેલ સન-૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન-૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય ઔદ્યોગિક ક્ષેત્રે જે પ્રકારની હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે, ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે દીર્ઘ દૃષ્ટિ વાપરીને સમગ્ર દેશ અને વિશ્વના મૂડી રોકાણકારોને ગુજરાતમાં આકર્ષી ગુજરાતની અંદર વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ની સમિટમાં ૪ લાખ ૬૧ હજાર કરોડના મૂડી રોકાણો જે રાજયમાં આવવા માટેનું ઔદ્યોગિક વાતાવરણ ઉભું થયું છે. તેના સંદર્ભમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ એટલે કે જી.આઈ.ડી.સી. એ રાજય સરકારનું સો ટકા માલિકીનું આ નિગમ છે. ૧૯૬૨થી પ્રસ્થાપિત થયેલ છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા સમગ્ર રાજયની અંદર ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવી છે. અંદાજે ૨૦૦ કરતાં વધારે ઔદ્યોગિક વસાહતો આજે કાર્યરત છે. તેમાં કેટલીક મોટી જે ઔદ્યોગિક વસાહતો છે અને આ વસાહતોમાં જે કંઈ વિકાસ થયેલો છે તે વિકાસની અંદર કાર્યક્ષમરીતે તે વસાહતનું નિયમન થાય અને આમાં અમુક વસાહતો તો ૨૫ વર્ષથી કાર્યરત છે, તે ઔદ્યોગિક વસાહતોમાં ૧૯ વસાહતોને સરકારે નોટિફાઈડ એરિયા તરીકે જાહેર કરેલ છે.

**(વિરામ સવારના ૧૦:૩૦ થી ૧૧:૦૦ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** (ક્રમશ:) :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સર્વાંગી વિકાસ માટે જે અભિયાન ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દોરવણી નીચે રાજય સરકારે જે આદર્યુ છે એમાં યુવાનોને રોજગારી આપવા માટે ઔદ્યોગિક વિકાસ એ પાયાની બાબત છે અને એ ઔદ્યોગિક વિકાસને ગતિશીલ બનાવવા માટે અને ઔદ્યોગિક વિકાસ પાછલા ૫૦ વર્ષોમાં ન થયો હોય એવો આવતા દશ વર્ષમાં કરવા માટેની જે નેમ લઈને સરકારે જે કામગીરી હાથ ધરી છે અને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ની જે સફળતાઓ છે એને કારણે જે વાતાવરણ ઊભું થયું છે એમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, જીઆઈડીસીએ એક મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવવાની છે ત્યારે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, જીઆઈડીસીના કાયદામાં પણ કેટલાક જે જરૂરી સુધારા સૂચિત બન્યા છે એમાં એક સુધારો હું આજે આ આદરણીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારો છે તે જે ઔદ્યોગિક વસાહતો સંપૂર્ણરીતે વિકસિત થઈ ગઈ હોય એ ઔદ્યોગિક વસાહતોને અગાઉ નોટિફાઈડ એરિયા તરીકે જાહેર કરવામાં આવતી હતી પરંતુ આ નોટિફાઈડ એરિયામાં જીઆઈડીસીના અધિકારી એના નોટિફાઈડ એરિયા ઓફિસર તરીકે કામગીરી કરતા હતા અને એ વિસ્તારના જે એસોસિએશન ઔદ્યોગિક વસાહતની અંદર આવેલા ઉદ્યોગો છે એના પ્રતિનિધિઓ એમાં એક સલાહકાર તરીકેની સલાહકાર સમિતિ બનાવીને એની ભૂમિકા ભજવતા હતા, હવે જ્યારે આ નોટિફાઈડ એરિયા ઓથોરિટીને ઔદ્યોગિક નીતિ ૨૦૦૩ જે રાજય સરકારે બહાર પાડી, એમાં ઔદ્યોગિક એસોસિએશનોને એમ્પાવરમેન્ટ કરવાનું એને વધુને વધુ સત્તા સોંપણી કરવાનું કાર્ય એ નીતિવિષયક બાબત તરીકે સ્વીકારી ત્યારે આ નોટિફાઈડ એરિયા ઓથોરિટીનું પુન:ગઠન કરીને બોર્ડ ઑફ મેનેજમેન્ટનું સ્વરૂપ આપવું અને બોર્ડ ઑફ મેનેજમેન્ટની અંદર એ દ્વારા જ એનો નોટિફાઈડ એરિયા ઓથોરિટીનું ટેક્સ વસુલાત સહિતની સર્વ કામગીરી અને એની જે ભૌતિક સુવિધાઓ છે એનો વિકાસ કરવા માટેની કામગીરી પણ આ બોર્ડ ઑફ મેનેજમેન્ટ કરે એ પ્રકારનો સુધારો આ વિધેયકમાં સૂચિત છે અને જીઆઈડીસી એક ડાયરેક્ટર ઑફ નોટિફાઈડ એરિયા ઓથોરિટી કારણકે આ નોટિફાઈડ એરિયા ઓથોરિટી એક મ્યુનિસિપાલિટી, એક નગરપાલિકા, એક સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા તરીકે જ્યારે કામ કરે ત્યારે જીઆઈડીસી એ પોતે એક ડાયરેકટર ઓફ નોટિફાઈડ એરિયા ઑફિસરની પોતાને ત્યાં નિમણૂક કરે અને બોર્ડ ઑફ મેનેજમેન્ટ દ્વારા જે કામગીરી થઈ હોય એના ઉપર નિરીક્ષણ રાખવાનું કાર્ય આ જીઆઈડીસીના ડાયરેકટર નોટિફાઈડ ઑફિસર આ કામગીરી કરે, આ પ્રકારનું આ સૂચિત વિધેયક છે એટલે એના દ્વારા જે જીઆઈડીસીમાં નોટિફાઈડ એરિયા છે એના અંગેની સંપૂર્ણ કામગીરી કરવાની જવાબદારી એ બોર્ડ ઑફ મેનેજમેન્ટની રહેશે અને એ જે માર્ગદર્શક સિધ્ધાંતો અને એની નિમણૂક

* વિધેયક તા.૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરવાની સત્તા પણ રાજય સરકારની રહેશે અને એ રીતે આ બોર્ડ ઑફ મેનેજમેન્ટ અસ્તિત્વમાં આવશે અને સાથેસાથે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારી સભ્યશ્રીઓને એક વિનંતી કરવાની છે કે, બાર વાગ્યા સુધીમાં ચાર બિલ પાસ કરવાના છે. આ વાત સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ બિલને કારણે ઔદ્યોગિક વિકાસ થશે અને જી.આઈ.ડી.સી. નોટિફાઈડ એરિયામાં વધારો થશે અને એમાં સુવ્યવસ્થિત રીતે વિકાસ થશે અને ઔદ્યોગિક પ્રતિનિધિઓ જરૂરિયાત મુજબનું ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરે બનાવી શકશે આ પ્રકારનું આ વિધેયક છે ત્યારે સભાગૃહ સર્વાનુમતે આ વિધેયકનો સ્વીકાર કરે એવી હું સભાગૃહને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬, ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬, ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬, ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક.૨૩.**

# ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૦૭

**ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા ૨૦૦૩માં ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી યુનિવર્સિટી શરૂ કરવામાં આવી હતી. આ યુનિવર્સિટીના મૂળ સ્થાપક એટલે કે ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશન દ્વારા તેમની તા.૨૩-૧-૨૦૦૬ની બેઠકમાં ઠરાવ કરીને યુનિવર્સિટીનો વહીવટ હવે ધીરુભાઈ અંબાણી મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈને સોંપવાનો નિર્ણય કર્યો છે. તે અનુસાર ટ્રસ્ટ તરફથી મળેલ રજૂઆત ધ્યાનમાં લેતા કાયદાની જે કલમોમાં 'ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશન' શબ્દ વપરાયેલ છે તેની જગ્યાએ 'ધીરૂભાઈ અંબાણી મેમોરિયલ ટ્રસ્ટ' વાપરવાનો રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટી સ્વનિર્ભર યુનિવર્સિટી છે, રાજય સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ આપવામાં આવતી નથી તેથી રાજય સરકારે આના ઉપર કોઈ ખર્ચ ભોગવાનો રહેતો નથી માટે આ સભાગૃહને મારી વિનંતી છે કે, આ વિધેયકને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩, ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩, ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૩, ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૮

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૭

**કાયદા દ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપના કરીને ઇજનેરી અને ટૅક્નૉલૉજીનું પદ્ધતિસર, કાર્યક્ષમ અને ગુણાત્મક શિક્ષણ સુનિશ્ચિત કરવાના હેતુ માટે અને તેને યુનિવર્સિટીનો દરજ્જો આપવાની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પસિદ્ધ થયેલ સન-૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૦૭નું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન-૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૦૭નું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જુદી જુદી યુનિવર્સિટીઓ સંલગ્ન, એફીલીએશન કરેલી હોય એવી અનેક કૉલેજો પછી એ ખાનગી હોય કે ગ્રાન્ટ લેતી કૉલેજો હોય આ બધી જ કૉલેજોનો અભ્યાસ ક્રમ, પ્રવેશ પદ્ધતિ અને એમની પરીક્ષાનો સમય વિગેરે બીજું બધું જે હોય તે જુદુ જુદુ હોવાના કારણે વિદ્યાર્થીઓને ઘણી બધી મુશ્કેલીઓ અભ્યાસની અંદર પડતી હતી અને એટલા માટે એ બધાની અંદર એકરૂપતા આવે, ગુણવત્તામાં સુધારો થાય અને કાર્યદક્ષતા આવે એટલા માટે આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનું સૂચિત બિલ આ વિધાનસભાની અંદર હું લઈને આવી છે. આ સૂચિત બિલની અંદર કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે એ આ પ્રમાણે છે. ગુજરાત રાજયમાંથી વિવિધ ઇજનેરી કૉલેજોમાં ઇજનેરી શિક્ષણમાં એકસૂત્રતા અને કાર્યદક્ષતા આવે તેમજ ગુણવત્તા સભર ટૅક્નીકલ શિક્ષણ આપવાના હેતુથી આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સ્થાપવામાં આવનાર છે, રાજયમાં આવેલ વિવિધ યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન ઇજનેરી મહાવિદ્યાલયો તથા સંસ્થાઓ આ કાયદો અમલમાં આવતા આપોઆપ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના જોડાણમાં આવી જશે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથેની બધી જ સરકારી ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વનિર્ભર કૉલેજોમાં એકજ પ્રકારના અભ્યાસક્રમો દાખલ કરી શકાશે. હાલમાં જુદી જુદી યુનિવર્સિટીઓ પોતાની રીતે જુદા જુદા અભ્યાસક્રમો બદલતી હોય છે તેને બદલે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના અમલથી એકજ યુનિવર્સિટી કક્ષાએ જ આ અભ્યાસક્રમો જરૂરિયાત મુજબ સુધારી તેનો અમલ કરાવી શકશે. તમામ સંસ્થાઓમાં એકસાથે પરીક્ષા લઈ શકાશે અને પરિણામોમાં ગુણવત્તા સભર એકસૂત્રતા જાળવી શકાશે. રાજયમાં જુદી જુદી યુનિવર્સિટીઓમાં પરિણામોની અનિયમિતતાથી અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પડતી મુશ્કેલી નિવારી શકાશે. જોડાણમાં આવનાર સંસ્થાઓ ખાતે ચાલતા તમામ ઇજનેરી અને ટૅક્નૉલૉજીના અભ્યાસક્રમોનો આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી હેઠળ સમાવેશ થશે. પરંતુ એમ.બી.એ., એમ.સી.એ. બી.સી.એ. વિગેરે જેવા અભ્યાસક્રમોનો સમાવેશ થશે નહિ. રાજયના રાજયપાલશ્રી હોદ્દાની રૂએ આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ચાન્સેલર બનશે. ચાન્સેલર દ્વારા રાજય સરકારના બે પ્રતિનિધિઓ, એક એ.આઈ.સી.ટી.ના પ્રતિનિધિ અને એક યુ.જી.સી.ના પ્રતિનિધિની કમિટી બનશે. જે સર્ચ કમિટી કહેવાશે. સર્ચ કમિટી દ્વારા સૂચિત ત્રણ નામમાંથી ચાન્સેલર દ્વારા વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરવામાં આવશે જેની અવધિ ત્રણ વર્ષની રહેશે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો અમલ થવાથી ઇજનેરી, ટૅક્નૉલૉજી અને એપ્લાઈડ અને બેઝીક વિજ્ઞાનના ઉત્કૃષ્ટતા કેન્દ્રો અસ્તિત્વમાં આવશે. રાજયમાં ઇજનેરી અને ટૅક્નૉલૉજી અંતર્ગત મૌલિક સંશોધનો, આધુનિક તાલીમ પદ્ધતિ તેમજ નવીન પ્રયોગાત્મક પદ્ધતિઓનો વિકાસ થઈ શકશે. રાજયમાંની સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ તેમજ સ્વનિર્ભરની અંદાજે ૯૦ જેટલી સંસ્થાઓ આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવશે. દેશમાં હાલમાં આંધ્રમાં જવાહરલાલ નહેરુ ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ ટૅક્નીકલ યુનિવર્સિટી, રાજીવ ગાંધી ટૅક્નીકલ યુનિવર્સિટી, મધ્યપ્રદેશ, પંજાબ ટૅક્નીકલ યુનિવર્સિટી તેમજ વેસ્ટ બેંગાલ યુનિવર્સિટી ઑફ ટેકનીલોજી જેવી યુનિવર્સિટીઓ અસ્તિત્વ ધરાવે છે. ત્યારે ગુજરાત સરકાર પણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનું સૂચિત બિલ આ વિધાનસભાની અંદર રજૂ થયું છે જે માનનીય ધારાસભ્યશ્રીઓ આ બિલને મંજૂરી આપે.

---

* વિધેયક તા.૨૮મી માર્ચ,૨૦૦૭ના રોજ ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંકઃ૨૮, ૨૦૦૭નું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વિધેયક માનનીય શિક્ષણ મંત્રીશ્રી આનંદીબેન પટેલ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપવા માટે ઉભી થઈ છું. હું સૌ પ્રથમ શિક્ષણ મંત્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું. વૈશ્વિકરણ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં વિશેષજ્ઞની માગ છે ત્યારે અલગ ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉભી કરી તમામ એન્જીનીયર કોલેજોને આ યુનિવર્સિટી સાથે affiliation કરવાથી વિકાસને અનુરૂપ શિક્ષણની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અનેક ફેકલ્ટી દ્વારા નવા અભ્યાસક્રમો ઘડી શકાશે. નવી ટેકનોલોજીને જ્ઞાન યોગ્ય પરિપ્રેક્ષ્યમાં આપી શકાશે. રાજયના ગ્રામીણ અને અન્ય ગૃહ ઉદ્યોગોનો વિકાસ અને સાયન્ટીફીકલી વિકસિત કરી શકાશે. ઉત્પાદન ઝડપી અને વધુ કરી શકાય તેવી પદ્ધતિઓ ડેવલપ થશે અને જીવન ધોરણ પણ ઉંચુ લાવી શકાશે, રોજગારીની તકો પણ વધારી શકાશે. આપણાં ઘરો તે ખરીદી કેન્દ્રો બન્યા હતા તેને બદલે આવા ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં ગૃહ ઉદ્યોગોની સ્થાપનાથી ગૃહ ઉત્પાદનના કેન્દ્રો બનશે અને જીવન ધોરણમાં મદદરૂપ થશે. આ યુનિવર્સિટીની જે જોગવાઈઓ છે તે ખૂબ જ અભ્યાસને અંતે તૈયાર કરી હોય તેવું જણાય છે. તેમાં Board, Board of University, Teachers, Academic Council, Syndicate અને વહીવટી અધિકારીઓને લગતી તમામ કાયદાકીય જોગવાઈઓ તેમાં કરેલી છે. કલમ-૪૬ થી ૪૯માં અભ્યાસક્રમો પૂરાં કરાવવાના પ્રથમ કુલપતિ, પ્રથમ રજિસ્ટ્રાર અને પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા માટેની જે જોગવાઈ છે તેને કારણે યુનિવર્સિટીનો વહીવટ આવશ્યકતા અનુસાર એસ્ટાબ્લીશ કરી શકાશે. કલમ ૪૧ થી ૪૫માં પણ અગત્યની જોગવાઈઓ કરી છે તેને કારણે શિક્ષણને વેપાર બનાવી દેવાની વાતો થઈ રહી છે ત્યારે આ વેપાર નહીં બની શકે. પરંતુ સાચા અર્થમાં શિક્ષણ સંસ્થા બની શકશે. શિક્ષણ હસ્તકની કુલ ગ્રાન્ટેબલ અને નોન ગ્રાન્ટેબલ ૨૪૩ સંસ્થાઓ રાજયમાં છે અને કુલ બેઠકો ૪૧૫૧ છે. કુલ Architect, Hotel Management, Diploma in Engineer, Degree Engineering ફાર્મસી વિગેરે અભ્યાસક્રમો ચાલે જ છે. પરંતુ હમણાં જ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સાગર ખેડૂના વિકાસ માટેનું ૧૧ હજાર કરોડનું નિવેદન કર્યુ છે ત્યારે આઈ.ટી.આઈ. મહિલા કોલેજ institue સુરત અને જામનગરમાં પણ શરૂ થવાની છે. બંદરોના વિકાસને ધ્યાનમાં લઈને મરીન એન્જીનીયરીંગ, મરીન ટેકનોલોજી અંતર્ગત અભ્યાસક્રમો અને વિવિધ ફેકલ્ટીઝ સરકારની યોજનામાં છે ત્યારે આવી ટેકનોલોજી યુનિવર્સિટીઓનું હોવું અત્યંત આવશ્યક છે. વાયબ્રન્ટ ગુજરાતનો યુવાન વાયબ્રન્ટ બને વિશ્વ વ્યાપાર ઉદ્યોગના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતે જે શકિત અને સામર્થ્ય નિર્માણ કર્યુ છે તેની અનુભૂતિ દુનિયાના અધિપતિઓ અને આંતરરાષ્ટ્રીય કંપનીઓના સંચાલકો ઉપરાંત વિવિધ દેશોની સરકારોને ગુજરાતને નિહાળીને થયું છે ગુજરાતમાં તેઓનો એક વિશ્વાસ ઉભો થયો છે. એસ.ઈ.ઝેડ દેશમાં ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે ગુજરાત એસ.ઈ.ઝેડ વિકાસમાં અગ્રેસર બની રહ્યું છે. ઔદ્યોગિક તકો જરૂર ઉભી થઈ છે. ક્રાંતિકારી સિધ્ધિઓ પ્રાપ્ત થઈ છે તેને પહોંચી વળવા માટે દેશનું યુવાધન એજયુકેટ થાય, ગુજરાતના વિકાસમાં યુવાનોના ઉત્થાન માટે અમારી સરકારે એક મહત્વનું કદમ શરૂ કર્યુ છે એવુ જણાય છે. ઉર્વશ ભૂમિના ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો મંત્ર છે ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ આના માટે ગુજરાતના યુવાનોને લાભ મળે, રોજગાર મળે તે હેતુથી ટેકનીકલ ફેકલ્ટીઓ ખૂબ જ આવશ્યક છે અને તે બધા વચ્ચે એકરૂપતા રહે, સાથે મળીને એક સરખા સીલેબસ, પરીક્ષાઓ સમયસર વિગેરે થાય ત્યારે આ યુનિવર્સિટીનું વિધેયક આવનારા દિવસોની અંદર આશીર્વાદરૂપ બનવાનું છે. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાતના વિકાસ માટેના શ્રેણીબધ્ધ પગલાંઓનું એક શ્રેષ્ઠ પગલું રાજયના આર્થિક વિકાસને નિર્વિરોધ બનાવવા ત્યારે ટેકનીકલ રૂપી ખૂબ જરૂરી છે એવા સંજોગોમાં આ યુનિવર્સિટીનું વિધેયક અહીંયા આવ્યું છે ટેકનીકલ યુનિવર્સિટીનું તે ખરેખર આશીર્વાદરૂપ થવાનું છે. ગુજરાતના વિકાસને ધીરે ધીરે સરકારના ધાર્મિક પ્રચારમાં ખપાવવાનો પ્રયત્ન કર્યો છે. બહુ દુઃખદ વાત છે. આધાર વગરની વાતની અસર કયાંય જણાતી નથી. રાજયના મુખ્યમંત્રીશ્રીએ તો ગુજરાતવાસીઓને આ વિકાસ માટે ધન્યવાદ આપ્યા છે, ત્યારે એમ થાય છે કે વિરોધપક્ષે બેસનાર લોકો શું ગુજરાતમાં નથી? હું શિક્ષણમંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપું છું કે ગુજરાતના વિસ્તૃત વિકાસની ક્ષિતિજોને પહોંચી વળવા માટે યુવાધન તૈયાર કરી એજયુકેશન ઓપોર્ચ્યુનિટી પણ આનાથી ઉભી થવાની છે. ગોલ્ડન ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા માટે સરકાર તમામ ક્ષેત્રે પ્રયત્નશીલ છે ત્યારે આવા વિધેયકને સર્વાનુમતે પસાર કરવું જ રહ્યું. જે વિચારધારા આધારિત ભારતીય જનતા પાર્ટી છે. રાજયના મુખ્યમંત્રીશ્રી, પ્રધાનમંડળ અને ધારાસભ્યશ્રીઓ કામ કરે છે. અમે પણ એવું પ્રાર્થીએ છીએ, કે

" ફૂલ હોંગે શુલ સારે, મિત્ર હોંગે સર્વ વિરોધક, દીજીયે વહ શકિત ઋષિવર, બઢ સકે પથ પર નિરંતર"

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર પ્રોફેસર વસુબેન ત્રિવેદીએ ખૂબ સુંદર વાત કરી છે. કારણ કે રાજય જયારે આઈ.ટી.માં આગળ વધી રહ્યું છે. આઈ.ટી. ક્ષેત્રમાં ૧૧ હજાર કરોડ કરતા પણ વધારે મૂડીરોકાણ આવ્યું હોય અને વાયબ્રન્ટ ગુજરાતમાં ૬ લાખ કરોડ કરતા પણ વધારે મૂડીરોકાણ આવ્યું હોય અને એ પણ ઔદ્યોગિક ક્ષેત્રે આવ્યું હોય, ટેકનોલોજી ક્ષેત્રે આવ્યું હોય, ત્યારે સ્વાભાવિક છે કે ગુજરાતના વિદ્યાર્થીઓને એના લાભ પ્રાપ્ત થાય અને એ જોગવાઈ રાજય સરકારે કરવી જોઈએ. એને ધ્યાનમાં રાખીને આવતા વર્ષના ૨૦૦૭ના જૂનથી યુનિવર્સિટીની અંદર અનેક નવા પ્રકારના અભ્યાસક્રમો આ

રાજય સરકાર દાખલ કરી રહી છે. જેના કારણે એકબાજુ ઉદ્યોગની શરૂઆત થાય અને બીજી બાજુ વિદ્યાર્થીઓ તૈયાર થઈને બહાર પડે, તો તરત જ એમને રોજગારીની તક ઉપલબ્ધ થાય. આ હેતુસર ટેકનોલોજીકલ યુનિવર્સિટી બનાવવાનો ઉદ્દેશ એની અંદર રહેલો છે. કારણ કે કઈ દિશામાં વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપીને કયા અભ્યાસક્રમમાં તૈયાર કરાવવા એ ઉદ્યોગ વિભાગ, આઈ.ટી. વિભાગ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને શિક્ષણ વિભાગ એ બધા જ મળીને જયારે નિર્ણય કરતા હોય ત્યારે કયા અભ્યાસક્રમની આવશ્યકતા છે, એને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી આ નિર્ણય કરે અને એ નિર્ણય જે થયો હોય, એ જે અભ્યાસક્રમો તૈયાર થયા હોય એ આ યુનિવર્સિટી મારફતે જુદી જુદી કોલેજોમાં શરુ થાય તો જ વિદ્યાર્થીઓને એનો લાભ પ્રાપ્ત થાય, આવા એક હેતુસર આ બિલ અહીં આવ્યુ છે અને એના ઉપર માનનીય ધારાસભ્યશ્રીએ જે સપોર્ટ કર્યો છે એ માટે એમનો પણ હું આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક: ૨૮નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક: ૨૮નું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક: ૨૮નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭ નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૯

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક, ૨૦૦૭

**કાયદા દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર, ગુજરાત-ની સ્થાપના કરીને તેને જોડાણ ન કરતી યુનિવર્સિટીનો દરજજો આપવાની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, •*રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૨૯ -સન ૨૦૦૭ નું કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૦૭ નું કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક્નું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, જયારે કડી સર્વ વિદ્યાલયનું નામ પડે એટલે સમગ્ર ગુજરાત, ગુજરાત બહાર વસતા અને ગુજરાતના ગુજરાતીઓ વિશ્વભરમાં જે રહે છે એ બધાને આ કડી સર્વ વિદ્યાલય માટે ખરેખર ગૌરવ થાય એવું આ એક કેમ્પસ છે અને જયારે એ કડી સર્વ વિદ્યાલયની હું વાત કરું છું ત્યારે આ સભાગૃહ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં વસતા સૌ ગુજરાતીઓને સ્વાભિમાન થાય અને ગૌરવ થાય. જેમના દ્વારા આની શરૂઆત થઈ એવા સ્વ. છગનભાને યાદ કર્યા વિના રહી શકાય નહીં. એની સાથે સાથે દાસકાકા અને વિઠ્ઠલભાઈને પણ યાદ કરવા જોઈએ અને નગીનભાઈને પણ યાદ કરવા જોઈએ કે જેમણે ઈશ્વીસન ૧૯૭૬ માં ચૈત્ર સુદ ૨ ને સોમવારે કડી મુકામે માત્ર ૬ જ વિદ્યાર્થીઓથી શરૂઆત કરી અને વિદ્યાર્થી આશ્રમ ખુલ્લો મૂકયો હતો. આજથી બરાબર ૮૮ વર્ષ પહેલાં આવનાર વર્ષોમાં કડવા પાટીદાર સમાજ અને અન્ય સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટેની તકો ઉભી કરવી પડશે એવા એક આશય સાથે આજથી ૮૮ વર્ષ પહેલાં છગનભા અને સાથીદારોએ આ આશ્રમની શરૂઆત કરી હતી અને આપણે જાણીએ છીએ કે આટલા વર્ષોમાં આ એક વટવૃક્ષ બની ગયું છે અને માત્ર ૬ જ વિદ્યાર્થીથી શરૂ થયેલ આ વિદ્યાર્થી આશ્રમ આજે ૩૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ સાથે એમાં વિવિધ પ્રકારના અનેક અભ્યાસક્રમો એ ચલાવાઈ રહયા છે અને એટલા માટે તેમની યાદ તેમણે જે કાંઈ કામ કર્યુ છે એમાંથી પ્રેરણા મળે એવું આ પ્રસંગે કહયા વિના રહી શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સંસ્થા બની છે એમાં અનેક પ્રકારના નવા નવા અભ્યાસક્રમો ચાલે છે. પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, બી.એડ કોલેજો, પી.ટી.સી. કોલેજો, ટેકનીકલ કોલેજો અને છેલ્લે તો જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમણે એક નવી કોલેજ શરૂ કરવા માટેની મંજૂરી આપી એટલે કે જમીન આપી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમની પાસે અપેક્ષા રાખી હતી કે તમારે નેનો ટેકનોલોજીની શરૂઆત કરવાની છે.

• વિધેયક તારીખ ૨૮ મી માર્ચ, ૨૦૦૭ ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

ત્યારે જરા પણ ખચકાટ કર્યા વિના, વિના સંકોચે તેમણે એ વાતને સ્વીકારી લીધી હતી અને આવી નેનો ટેકનોલોજીની કોલેજ શરૂ કરી છે. એટલે આ પ્રસંગે હું તેમને યાદ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આ કોલેજ દ્વારા સમાજના ઉત્કર્ષના ઉદ્દેશને વરેલ ઉમદા મંડળ કડી અને ગાંધીનગર  ખાતે ૨૫ જેટલી કોલેજો ચલાવે છે. સર્વ વિદ્યાલયનો પ્રારંભ મેં અગાઉ કહયું તેમ  ૧૯૧૯ ની સાલમાં ઉત્તર ગુજરાતના કડીમાં થયો અને એની સ્થાપના એક ખેડૂત પુત્ર અને ઋષિ તૂલ્ય પૂજય છગનભાએ કરી. ફકત ૬ જ વિદ્યાર્થીની શરૂઆત કરી. સર્વ વિદ્યાલય શરૂઆતથી પ્રાચીન ગુરુકૂળ પધ્ધતિની નિવાસી પ્રકારની એટલે કે હોસ્ટેલોવાળી સંસ્થા છે અને  અને તેમાં કન્યા કેળવણીને પણ પ્રોત્સાહન આપ્યું છે. એની શરૂઆત છોકરાઓની શાળા અને કાલેજથી થઈ હતી, પરંતુ ધીમે ધીમે કન્યા કેળવણીમાં પણ અગ્રેસર છે અને આજે તેમના કેમ્પસમાં હજારો છોકરીઓ અભ્યાસ કરી રહી છે અને તેમની બીજી ટેકનીકલ કોલેજોમાં તો બાળાઓને એમના જીવનમાં ઉપયોગમાં આવી શકે એવું વ્યવસાયિક શિક્ષણ હાલ અપાઈ રહયું છે. મને કહેતાં આનંદ એટલા માટે થાય છે કે  પૂજય મહાત્મા ગાંધીજીએ પણ તા. ૨૮-૮-૧૯૨૯ માં આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને ત્યાં એમણે લખેલ અને પોતાના ભાષણમાં એમ કહયું હતું કે તમારા બાળકોને અહીં ભણવા મોકલો તો સારી કેળવણી પામશે.તે ઉપરાંત એમણે એ પણ કહ્યું કે આ સંસ્થા પાસે પૈસો નથી તે સારી વાત છે. સમાજ તેને પોષશે. અને આજે મારે કહેવું જોઈએ કે આ સંસ્થાને સમાજ જ પોષી રહ્યો છે. અને હજારો ડોનરો જે આની અંદર અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ ગયા છે, તેમના દ્વારા આ સંસ્થાને કરોડો રૂપિયાનું ડોનેશન મળી રહ્યું છે. મારે કહેવું છે કે ડોનેશન એમને એમ નથી મળતું હોતું. ડોનેશન લેનાર અને સંસ્થા શરૂ કરનાર જે મહાનુભાવો છે સંસ્થાના જે ટ્રસ્ટીશ્રીઓ છે એમના ઉપર જ્યારે સમાજને પૂરેપૂરો ભરોસો હોય, અને એમણે જે ઈચ્છા રાખી હોય કે આનું સારું પરિણામ મળે છે તો જ કોઈ ડોનર ડોનેશન આપે, બાકી કોઈ ડોનેશન ન આપે. એટલે આ સંસ્થાના જે ટ્રસ્ટીઓ છે એટલી પ્રમાણકિતાથી વિદ્યાર્થીઓને તૈયાર કરી રહ્યા છે એટલું જ નહીં અધ્યાપકોને પૂરા પગાર આપવો, અને તેમને તમામ પ્રકારની સવલતો આપવી, તેની સાથે આ સંસ્થા ચાલી રહી છે. અને એટલા જ માટે આ સંસ્થામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે અમેરીકા અને કેનેડા જેવા દેશોમાં વસે છે અને વ્યવસાય કરે છે એમની સાથે પણ આ સંસ્થાએ સંબંધો રાખી એ એમનો પણ સહયોગ આની અંદર તેઓ લઈ રહ્યા છે. એ ઉપરાંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ પણ આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને આ સંસ્થાને રાષ્ટ્રીય શિક્ષણ આપનારી અદ્વિતિય સંસ્થા તરીકે બિરદાવી હતી. એ બતાવે છે કે એમના ટ્રસ્ટીઓનું કેટલું સુંદર કામ એ જમાનમાં કરતા હશે. જે આજે પણ પરંપરા આ સંસ્થાએ જાળવી રાખી છે અને તેનાથી પણ વધારે ફાલે ફૂલે અને વધારે સારું શિક્ષણ આપે અને ગુણવત્તાવાળું શિક્ષણ આપે અને આદર્શ નાગરિક તૈયાર થઈને બહાર પડે, સેવાભાવી નાગરિક બહાર પડે તે પ્રકારની વ્યવસ્થા એમના ટ્રસ્ટીશ્રીઓ કરી રહ્યા છે. અત્યારે ફાર્મસી, એમ.બી.એ., એમ.સી.એ, બી.બી.એ., એન્જિનિયરીંગ, પોલીટેકનિક, કોમર્સ, આર્ટસ અને સાયન્સ તેમજ બી.એડ. એમ લગભગ તમામ વિદ્યાશાખા આ સંસ્થા ધરાવે છે. ગુજરાતની સૌ પ્રથમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજ કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, ડી.આર. પટેલ સેન્ટર ફોર એડવાન્સ સ્ટડીઝ ઈન ફાર્માસ્યુટીકલ એન્ડ બાયોલોઝીકલ, આ સંસ્થાએ સ્થાપેલ છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો, મેનેજમેન્ટ કવોટાની સીટો રાખી શકે છે, પણ આ સંસ્થાએ તેની બધી જ કવોટાની સીટો યુનિવર્સિટી અને સરકારને પાછી સોંપી દીધી છે. તેની તમામ સીટો મેરીટથી જ ભરાય છે. જ્યારે સંસ્થા શરૂ થાય ત્યારે સ્વાભાવિક છે કે એમની લાગણી એવી હોય છે કે એમને સરકાર ૫૦ ટકા સીટો ભરવા દે, જેના કારણે એમને ડોનેશન મળે કે જેનાથી એમની સંસ્થા ચાલે, પરંતુ આ એક એવી સંસ્થા છે કે જેણે વર્ષોથી એમની ફાર્મસીની જેટલી સીટોનો કવોટા છે તે અને ટેકનિકલનો જેટલો કવોટા છે તે અને પી.ટી.સી.નો પણ આ બધો જ કવોટા આ રાજય સરકારને સમર્પિત કરી દીધી છે અને સો એ સો ટકા રાજય સરકાર ભરે છે, પોતાનો કોઈ કવોટા એમણે પોતાની પાસે રાખેલ નથી. આ એક શીખવા જેવી બાબત એની અંદર છે. આ સંસ્થાના નાણાકીય વ્યવહારો પ્રમાણિક અને પારદર્શક છે. અને દરેક કર્મચારીને પગાર દર મહિનાની પહેલી તારીખે તેમને બેંકના ખાતામાં પૂરેપૂરો જમા થઈ જાય છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ઉચ્ચ ગુણવત્તા વાળું તેમજ ચારિત્ર્યનો વિકાસ થાય તે પ્રકારનું મળે છે અને તેના માટે વાલીઓ આ સંસ્થામાં વિશ્વાસ મુકે છે અને પોતાના બાળક આ સંસ્થામાં ભણે તેવો આગ્રહ પણ રાખે છે. આવી વિશિષ્ટ પ્રકારની આ સંસ્થાએ સેલ્ફ ફાઈનાન્સ નોન એફીલીએટીંગ યુનિવર્સિટી માટે સરકારમાં દરખાસ્ત કરેલી છે અને તે દરખાસ્ત આ રાજય સરકારે સ્વીકારી છે. જેમાં મેં કહ્યું તેમ મેનેજમેન્ટ કવોટા તો રાખ્યો નથી તેની બાંહેધરી પણ એમણે આપી દીધી છે તેની સાથે સાથે એમના પી.એફ. પણ તેઓ રાખે છે અને ઈન્સ્યોરન્સ પણ શિક્ષકોના અને પ્રોફેસરના એમણે ઉતાર્યા છે. અને ભવિષ્યની અંદર એમણે આ કામગીરી જે છે તેઓ તે ચાલુ રાખવાના છે તેવી બાંહેધરી પણ રાજય સરકારને આ સંસ્થાએ આપેલી છે. એટલા માટે હું એમને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. કે આવી રીતે કોઈ સંસ્થા હું નથી માનતી કે ગુજરાત રાજયમાં કોઈ સંસ્થા આવી રીતે ચાલતી હોય. જ્યાં અધ્યાપકોને પૂરેપૂરો પણ ન મળતો હોય, જ્યાં પી.એફ. ના પ્રશ્નો હોય, ત્યારે આ સંસ્થાએ તો પોતાનો કવોટા પણ સોંપી દીધો છે અને ડોનેશન પણ ન લેવું, અને અધ્યાપકોને પૂરેપૂરો પગાર આપવો પી.એફ. પણ એમનું કપાઈ અને ભવિષ્યની એમની

તમામ ચિંતા આ સંસ્થા કરે તે બહુ જ વિશિષ્ટ વાત છે. અને એટલા માટે આ સંસ્થાને ખરેખર આપણે સૌએ ખૂબ ખૂબ અભિનંદન આપવા જોઈએ.

આ સંસ્થામાં હું એટલા માટે યાદ કરવા માગું છું કે તેના ચેરમેનશ્રી માણેકલાલભાઈ પટેલ કે જેમની ઉમર હું માનું છું કે ૮૦ વર્ષ કરતાં પણ વધારે છે. તેમ છતાં એક યુવાન કામ ન કરી શકે એટલા ઉત્સાહથી અને ધગશથી તેઓ કામ કરી રહ્યા છે. તેની સાથે સાથે મનુભાઈ અંબાલાલ પટેલ પણ એ જ રીતે કામ કરી રહ્યા છે. ડોકટર રામભાઈ એમ. પટેલ પણ કામ કરે છે. મારે યાદ કરવું જોઈએ મુરબ્બી શ્રી કેશુભાઈ પટેલ તેમને બધા જ ગુજરાતના મુખ્ય વ્યકિતઓ જાણે છે ઓળખે છે, એમને પણ હું યાદ કરું છું. કારણ કે એમનું માર્ગદર્શન પણ આ સંસ્થાને મળે છે. ડો. કનુભાઈ ધનાભાઈ પટેલ સેક્રેટરી છે. શ્રી વલ્લભભાઈ માણેકલાલ પટેલ કે જેઓ સરદારના નામથી ઓળખાય છે. તેઓ પણ સેક્રેટરી તરીકે સુંદર કામગીરી બજાવી રહ્યા છે. શ્રી મણીલાલભાઈ કે જેઓ મમ્મી તરીકે ઓળખાય છે. તેઓ પણ આમાં છે. શ્રી વિઠ્ઠલદાસ ડોસાભાઈ પણ આમાં છે. શ્રી વિક્રમભાઈ અંબાલાલ પટેલ પણ આમાં છે. આવા બધા હોદ્દેદારો આ કેમ્પસમાં ખૂબ સુંદર કામગીરી બજાવી રહ્યા છે ત્યારે એને યુનિવર્સિટી આપવા માટે હું પણ ગૌરવ અનુભવું છું અને આ વિધાનસભા પણ ગૌરવ અનુભવે છે કે આવી સંસ્થાઓ પ્રગતિ કરી શકે, હજારો વિદ્યાર્થીઓને મદદરૂપ બની શકે એટલા માટે વિશ્વ વિદ્યાલયનું સ્વરૂપ આપવું જોઈએ એટલા માટે કૅબિનૅટમાં પણ મંજૂરી આપવામાં આવી છે અને આજે આ વિધાનસભામાં એની દરખાસ્ત કરી છે.

આમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર ગુજરાતની સ્થાપના કરીને તેને જોડાણ ન કરતી સ્વ નિર્ભર યુનિવર્સિટીનો દરજ્જો આપવાની અને તેની સાથે જોડાયેલી આનુસાંગિક બાબતો સાથે આ વિધેયકની દરખાસ્ત લઈને હું આવી છું એની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે એ આ પ્રમાણે છે. - "ધ કડી સર્વ વિશ્વ વિદ્યાલય" ગાંધીનગર ગુજરાત એનું નામ રહેશે. આ યુનિવર્સિટી ખાનગી, સ્વનિર્ભર નોન એફિલિએટડ પ્રકારની યુનિવર્સિટી બનશે. આ યુનિવર્સિટી સંપૂર્ણ સ્વાયત્ત બનશે. કોઈ અન્ય કૉલેજને જોડાણ આપી શકશે નહિ. યુ.જી.સી. ની આ વિષય અંગેની ગાઈડ લાઈન્સ મુજબ યુનિવર્સિટીની ઘટક કૉલેજો (કોન્સ્ટીટયુઅન્ટ) ૦૭ કોલેજ રહેશે. ફાર્મસી, મેનેજમેન્ટ, કોમર્સ, એજયુકેશન વિગેરે વિદ્યાશાખાની કૉલેજોનો સમાવેશ થાય છે. આ યુનિવર્સિટીની ૦૭ કૉલેજોનું નેક (નેશનલ એસસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ) દ્વારા મૂલ્યાંકન તરીકે દરેક કૉલેજને ઉચ્ચ ગુણવત્તા ક્રમાંક મળેલ છે. મારે અહીંયા એ કહેવું છે કે નેક મેળવવા માટે અમારે પ્રયાસો કરવા પડે છે.એના માટે વારંવાર મિટિંગો કરવી પડે છે. જ્યારે આ કડી કૉલેજમાં જેટલી પણ કૉલેજો છે એ બધાનું નેક એમણે મેળવી લીધેલ છે અને ઉચ્ચ ગુણવત્તા પણ પ્રાપ્ત કરી છે .યુનિવર્સિટી ફંડની જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ રાજય સરકાર તરફથી આ યુનિવર્સિટીને કોઈ ગ્રાન્ટ-ઈન-એઈડ ચૂકવવાની થશે નહિ. ટ્રસ્ટ તરફથી એક પણ મેનેજમેન્ટ કવોટા રાખવામાં આવેલ નથી. આ બેઠકો સંયુકત પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવશે. આ યુનિવર્સિટી દ્વારા દસ કરોડના એન્ડોમેન્ટ ફંડની જોગવાઈ કરવામાં આવેલ છે એ એની વિશિષ્ટતા છે. યુનિવર્સિટીની ઘટક કૉલેજોમાં પ્રવેશ સંયુકત પ્રવેશ સમિતિ અને યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવે છે. અને રાજય સરકારે નિયત કરવામાં આવેલ અનામત નીતિનું પાલન કરવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી. રાજય સરકાર અને અન્ય વૈદ્યાનિક સંસ્થાઓ, કાઉન્સિલ જેવી કે ફાર્મસી કાઉન્સિલ, નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજયુકેશન, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન વગેરેના નિયમોનું પાલન કરવામાં આવશે. અને આ યુનિવર્સિટી દ્વારા માન્ય અભ્યાસક્રમો ચલાવાશે અને પદવીઓ આપવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા તેના પ્રથમ પ્રેસિડેન્ટ, ડાયરેકટર, ડીન અને રજીસ્ટ્રારની નિમણૂકોની સત્તા અને જવાબદારીઓના પ્રબંધો સુસ્પષ્ટ કરવામાં આવેલ છે. યુનિવર્સિટીના સત્તા મંડળો બોર્ડ ઓફ ગવર્નસ એકેડેમીક કાઉન્સિલ ફાઈનાન્સ કમિટી વગેરેની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે. યુનિવર્સિટીના હિસાબો ઓડિટ કરવાની નિરીક્ષણ કરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. યુનિવર્સિટીમાં પેન્શન, પ્રોવિડન્ડ ફંડ અને વીમા અંગેના પ્રબંધો કરવામાં આવ્યા છે. અધિકારી-કર્મચારીઓ અંગેના શિસ્ત અને વર્તણૂંક અંગેના પ્રબંધો મૂકીને શિક્ષાત્મક પગલાઓ ભરવાની જોગવાઈઓ પણ આ વિધેયકમાં મૂકવામાં આવી છે. યુનિવર્સિટીને રાજય સરકાર જરૂરી સંજોગોમાં સૂચનાઓ, નિર્દેશો પણ આપી શકશે અને તેનું પાલન પણ કરાવી શકશે.

આજે જ્યારે હું આ વિધેયકને આ સભાગૃહમાં લઈને આવી છું ત્યારે સૌ સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે તેને પાસ કરે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને સાહેબ, એક ધારાસભ્ય તરીકે અભિનંદન આપું છું. એ અભિનંદન એટલા માટે આપવા છે કે કોઈ પણ વ્યકિત સાચી વસ્તુ ગોતવી અને સાચી વસ્તુને ન્યાય આપવો એ ખરેખર સાચી બાબત છે. આ કડી સર્વ વિદ્યાલય જ્યારે મંત્રીશ્રીના પ્રવચનમાં એમ કહ્યું કે મંડળના કવોટાની ભરવાની સીટો જ્યારે રાજય સરકારને લખીને આપી દે છે કે મંડળનો કવોટા પણ રાજય સરકાર ભરે. આ શિક્ષણને આપણે ગુજરાતમાં જોઈએ છીએ અને આ સ્કૂલ, તેનું ટ્રસ્ટી મંડળ અને તેના ટ્રસ્ટી મંડળનો જે હેતુ છે એ હેતુને ધન્યવાદ આપવો જોઈએ. આજે તેના શિક્ષણનો હેતુ છે, શિક્ષણ તેના પાયામાં પડ્યું છે. આ રાજયમાં આ ટ્રસ્ટે, આ સંસ્થાએ શિક્ષણ પાછળ કેટલો ખર્ચ કર્યો છે. દાન

મેળવીને, આજે વિદેશમાં વસતા લોકો આને દાન આપે છે. કોઈ પણ વ્યકિત જ્યારે દાન આપવા પ્રેરાય ત્યારે બધું જૂએ છે. સારો વહીવટ જૂએ છે. સારા સંચાલકો જૂએ છે. સારી સંસ્થા જૂએ છે અને તેના કરતાંય અગત્યની બાબત એ છે કે જ્યારે આટલા-આટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું, શિક્ષણની ગુણવત્તામાં કોઈ ફરક નથી પડવા દેતા. આ સંસ્થાના ટ્રસ્ટી મંડળનું જે મેનેજમેન્ટ છે એ શિક્ષણની ગુણવત્તામાં કયારેય પણ ફરક નથી પડવા દેતું. આજે આપણે આ સંસ્થાને યુનિવર્સિટીનો દરજજો આપીએ છીએ ત્યારે હું એમ કહું છે કે ખરેખર આ એક એવી સંસ્થા છે કે જે આવતા દિવસોમાં રાજયમાં સારા બાળકોને સારું શિક્ષણ મેળવવા માટે જે આનું પરિણામ મેળવવાનું છે. આજે ખરેખર આ વિધાનસભામાં કોઈ પણ સભ્ય, આજે ગમે તે સભ્ય બેઠાં હોય તો આ બિલને અને આ નિર્ણયને બિરદાવવાનો આ ગૃહની અંદર સમય છે. એટલા માટે આપે જે મને આ બિલ ઉપર બોલવાની તક આપી માટે આપનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રી બેનશ્રી આનંદીબેન સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૯-સન-૨૦૦૭નું કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનો આજે ગૌરવશાળી દિવસ છે કે છગનભા સ્મારક ટ્રસ્ટને આજે યુનિવર્સિટીનો દરજજો મળી રહ્યો છે. મને એમ લાગે છે કે છગનભાને આનાથી મોટી શ્રદ્ધાંજલિ બીજી કોઈ ન હોઈ શકે. આ દેશની ઋષિ પરંપરા એવી રહી છે કે તક્ષશિલા અને નાલંદા જેવી યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે ઉત્તર ગુજરાતના સરઢવ ગામથી ખભે કામળી મૂકીને માથા ઉપર ફાળિયું લઈને એકલો નીકળેલો આ છગનભા જેવો માણસ કડીની અંદર અને તત્કાલિન સમાજની અંદર ઉત્તર ગુજરાત જ્યારે પાણીના પ્રશ્નોથી સપડાયેલું હતું, ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય કોઈ આશરો નહોતો ત્યારે આ છગનભાએ વિચાર્યું કે-

ન ચોર ચોર્યમ્ ન ચ રાજ હાર્યમ્<br>
ન ભાતૃ ભાજયમ્ ન ચ ભારકારી<br>
વયે કૃતે વર્ધતેવ નિત્યમ્<br>
વિદ્યા ધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ્

આ ૮૮ વર્ષ પહેલાં એક બીજ જે કડી સર્વ વિદ્યાલયમાં નાખવામાં આવેલું તે આજે ઘેઘૂર વડલો બનીને શીતળ છાંયાની અંદર તેનું વિસ્તરણ ગાંધીનગરમાં પણ થયું છે. અનેક વિદ્યાર્થીઓ અહીંથી પસાર થયા છે. મારા માટે ગૌરવનો વિષય એ છે કે છગનભા જ્યારે પહેલું દાન લેવા નીકળ્યા ત્યારે એ પ્રથમ દાન મારા ગામમાંથી મારા વડવાઓએ ૪૬ રૂપિયાનું દાન આપેલું અને પ્રથમ દાન આપવાની બાબત મારા માટે એક ગૌરવનો વિષય છે. આ ઋષિતુલ્ય છગનભા તે સમયની અંદર સમાજ જ્યારે રુઢિચુસ્ત હતો અને અનેક બદીઓમાંથી પસાર થતો હતો તે સમયની અંદર બારમાનો પણ તેમણે વિરોધ કરેલો. કન્યા કેળવણી માટે તેમણે પ્રયત્નો કરેલા અને ત્યારે આ છગનભાનું સ્વપ્ન આજે જ્યારે સાકાર થઈ રહ્યું છે ત્યારે હું રાજયના મુખ્યમંત્રી અને રાજયના શિક્ષણ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ શિક્ષણની પરિભાષા કેવળ ચાર દીવાલોની અંદર અક્ષરજ્ઞાન આપવું એ ન હોઈ શકે આ રાષ્ટ્રની જરૂરિયાત શું છે? આ રાષ્ટ્રની જરૂરિયાત એ છે કે, વેદનાઓની અનુભૂતિ થકી સંવેદનાઓનું પ્રગટીકરણ કરે, એવા હોનહાર તબીબની જરૂર છે. અખંડ ભારતના નકશાની લકીર ખેંચી છે એવા સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને સાકાર કરે એવા જાંબાજ જવાનની જરૂર છે. કાર્યકુશળ ઈજનેરની જરૂર છે. પોતાના પ્રસ્વેદ બિંદુઓથી ધરતીને ભીંજવી અને દુનિયા માટે ધન-ધાન્ય પેદા કરતા એ ખેડૂતની, એક કિસાન પુત્રની જરૂર છે, એવા નખશિખ શિક્ષકની જરૂર છે. જ્યારે આ બધાનો સમૂહ ભેગો થાય ત્યારે એક સ્વસ્થ સમાજનું નિર્માણ થતું હોય છે. આપ પણ એ વિસ્તારમાંથી આવો છો. આપ વડીલ છો એટલે બધું જાણો છો. આ ઉત્તર ગુજરાતમાં આજથી ૩૫થી ૪૦ વર્ષ પહેલાં આપણે કેવળ ખેતી ઉપર નિર્ભર હતા. ત્યારે કડી સર્વ વિદ્યાલય જેવી સંસ્થાના કારણે ગામડામાંથી નીકળેલ વિદ્યાર્થી કર્ણાવતી નગરમાં મહાન બન્યો છે. આજે એજ વિદ્યાર્થી મોહમયી મુંબઇ નગરીમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી શક્યો છે, એ જ કડી સર્વ વિદ્યાલયમાંથી શિક્ષણ મેળવી અનેક હજારો વિદ્યાર્થીઓએ દરિયાની પેલે પાર અમૅરિકા જેવા દેશોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે અને સંસ્કારના બીજ રોપ્યા હતા. એ સંસ્કાર એમને કડી સર્વ વિદ્યાલયમાંથી મળ્યા હતા. અને જેને કારણે આ દુનિયામાં ઉજ્જવળ છે એવા વિદ્યાર્થીઓ આજે અમૅરિકામાંથી પણ કરોડો રૂપિયા સર્વ વિદ્યાલય કડીને આપે છે અને જેથી કરીને આ ગુજરાત રાજયના વિદ્યાર્થીઓ આગળ ભણતરમાં આગળ વધી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બહેનશ્રીએ કહ્યું કે, ૧૯૧૯માં આ સંસ્થાની સ્થાપના થયા પછી અનેક પ્રકારના કોર્સ શરૂ થયા છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે, આ કડી સર્વ વિદ્યાલયનું અત્યારે જે લોકો સંચાલન કરી રહ્યા છે એવા પૂજ્ય માણેકકાકા, ડો. કનુભાઈ, ડો. રામભાઈ જેમનું માર્ગદર્શન છે જેમનો અહીં ઉલ્લેખ થયો એવા માણસો અને શ્રી કેશુકાકા એ સર્વ જે વડીલો છે એમને મારી આગ્રહભરી વિનંતી છે અને આ વિધાનસભાગૃહમાં છેલ્લા ચાર વર્ષથી હું હર હંમેશ કહેતો આવ્યો છું કે, આજે એવી પરિસ્થિતિ પેદા કરો કે, આ યુનિવર્સિટીની અંદર ઉત્તર

ગુજરાતની અંદર તબીબી કૉલેજ નથી એ તબીબી કૉલેજની સ્થાપનાનું બીડું આ સંસ્થા ઝડપી લે અને અનેક વર્ષોથી ઉત્તર ગુજરાતને તબીબી કૉલેજ મળી નથી એ સ્વપ્નને સાકાર કરવા માટે કારણ કે એમની એક શાખ છે, આબરૂ છે અને એ આબરૂના કારણે એમને અનેક લોકો પૈસા આપવા પ્રેરાશે અને આ બિલ લઈને આવ્યા છે અને મને ખાતરી છે કે આ સ્વપ્ન છે એ સાકાર કરશે. આ યુનિવર્સિટીની વિધવિધ પ્રકારની કૉલેજો ચાલે છે એનાથી આપણે સમાજને ઉજ્જવળ કરીશું અને જે એમાં એક ચોંકાવનારી વાત એ છે જે બીજી યુનિવર્સિટી માટે દાખલારૂપ બની શકે. એ વાત એ છે કે, યુનિવર્સિટીના સંચાલકોએ મેનેજમેન્ટ કવોટા નામની કોઈ ચીજ રાખી નથી. મને એમ લાગે છે કે, આ વિધાન વારેઘડીએ મારે એટલા માટે યાદ કરવું પડે છે. કારણ કે, યુનિવર્સિટીની સ્થાપના કરવી હોય તો જાઓ કડી સર્વ વિદ્યાલય યુનિવર્સિટીની સ્થાપના કરી છે એવી કરી જુઓ અને એટલા માટે રાજય સરકારે ત્વરિત નિર્ણય લઈ અને આને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો એ માટે સમગ્ર રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારી વાતને વિરામ આપું છું, ભારત માતાકી જય.

**અધ્યક્ષશ્રી** : કોઈ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લેવો છે, કાંઈ કહેવું છે? (અંતરાય) ચાલો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: સાહેબ, બે મિનિટ, આપણે હજુ ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જ્યારે ચર્ચા ચાલતી હતી અને એમાં શ્રી જયંતિભાઈ અને ડો.જીતુભાઈએ આ સંસ્થા વિશે જે કાંઈ વાત કરી છે એ તદ્દન સત્ય હકીકત છે એનાથી આપણને ઘણું બધું જાણવાનું મળ્યું છે. મારી પાસે શ્રી નરોત્તમભાઈ બેઠા છે. એમણે પૂજ્ય છગનભાઈ એ કહેલા વાક્ય લખીને આપ્યા છે એ મારે વાંચવા છે. શ્રી છગનભાઈ જ્યારે કોઈ પૈસાદારને ઘેર દાન લેવા માટે જતા હતા અને ત્યારે એ દાન આપવામાં આનાકાની કરે તો એ એમને કહેતા હતા કે હું મર્યા પછી તારા ઘરમાં જન્મ લઈશ અને તમારું બધું જ ધન છોકરો થઈને દાનમાં આપી દઈશ. આ શબ્દો પૂજ્ય છગનભાના છે. આવા ઘણા બધા વાક્યો પૂજ્ય છગનભાના છે. પ્રજ્ઞા દીપ શ્રી છગનભા નામનું પુસ્તક શ્રી મોહનભાઈ પટેલે લખ્યું છે. આ પુસ્તક ગઈકાલે મારા હાથમાં આવ્યું ત્યારથી માંડીને રાતભર જાગીને સમગ્ર પુસ્તક હું વાંચી ગઈ અને એમાં જે વિગતો છે એ વાંચી છે. એ કદાચ મને પણ પહેલી વખત જાણવા મળી છે. આ પ્રસંગે મારે એટલા માટે યાદ કરાવવું છે કે આ સંસ્થાઓ જે ૧૯૧૯માં સ્થપાઈ એ સમયે કેવી સ્થિતિ હતી, આપને પણ ખબર છે અને બધાને ખબર છે કે ઉમિયા માતાજીના દ્વાર જ્યારે ખુલતા ત્યારે લગ્નની તીથી જાહેર કરવામાં આવતી અને ઉમિયા માતાજીના દ્વાર ખુલે એટલે ૧૨ વર્ષે લગ્નની તીથી જાહેર થાય એટલે આજનું જન્મેલું બાળક પણ ૧ વર્ષની અંદર પરણી જ જવું જોઈએ. જો એ ન પરણે તો ૧૨ વર્ષ પછી એનો વારો આવે એટલે જન્મેલા બાળકોના પણ લગ્નો એ વખતે થઈ જતા હતા અને ૮ વર્ષ કે ૧૦ વર્ષના તમામ બાળકોને એ વખતે પરણાવી દેવામાં આવતા હતા અને જો કોઈ દીકરી પરણ્યા વગરની રહી જાય તો એને ફૂલના દડાની સાથે પરણાવતા હતા અને ફુલનો દડો પાણીમાં ડબોળી દેવાનો અને દીકરી વિધવા થઈ જાય અને પછી જો કોઈ મુરતિયો મળે તો એને પરણાવાય, આવા રીવાજો પણ એ જમાનાની અંદર હતા એટલે કેવી કટ્ટરતા હશે એનો અંદાજ આપણને આના ઉપરથી આવે છે એટલું જ નહીં જે આંકડાઓ આપેલા છે, અત્યારે તો ચીરંજીવી યોજનાને કારણે જે આંકડાઓ આપણી સમક્ષ છે પણ આ પુસ્તકની અંદર જે આંકડાઓ લખ્યા છે એમાં લખ્યું છે કે ૨ લાખ બાળકો એક વર્ષની અંદર મૃત્યુ પામતા હતા. એ જમાનાની અંદર આ બાબતો લખાયેલી હતી અને કેવી રીતે મૃત્યુ પામતા હતા એનું પણ વર્ણન આની અંદર કરવામાં આવ્યું છે. માતાઓ પણ હજારોની સંખ્યામાં મૃત્યુ પામતી હતી. કુરિવાજો એટલા બધા હતા કે કોઈપણ માણસને એની અંદરથી ખસવા ન દે, તમારે બારમું કરવું જ પડે. પછી ઘર વેચો કે જમીન વેચો, વેચી ને પણ કરો બધું, સમાજ તમને પીંખી ખાય એવા સમાજની અંદર આ છગનભાઈએ સૌને એમ કહ્યું કે આ બધા જ કુરિવાજોનો જો અંત તમારે લાવવો હોય તો ઉચ્ચ શિક્ષણ અનિવાર્ય છે. અને એટલા માટે જ કડવા પાટીદાર સમાજમાં અને અન્ય સમાજની અંદર ઉચ્ચ શિક્ષણ નહીં આવે તો આ બધા જ કુરિવાજો છે એ નાબૂદ નહીં થાય અને એટલે શિક્ષણના માધ્યમ દ્વારા આપણે કરી શકીશું. આ ઉમદા ભાવના સાથે એમણે એ જમાનાની અંદર અંગ્રેજી મીડીયમની શાળાઓ શરૂ કરી હતી. જેનો લાભ હજારો હજારો વિદ્યાર્થીઓએ લીધો છે અને એના લીધે ગુજરાતનો વિકાસ પણ થયો છે. આ પ્રસંગે મને મારા શિક્ષણ વિભાગ દ્વારા કડી કૅમ્પસનો અમે જે ઉપયોગ કર્યો છે અને એટલા માટે આભારની લાગણી પણ વ્યક્ત કરુ છું કે સૌથી વધુમાં વધુ જો કડી કેમ્પસનો ઉપયોગ કર્યો હોય તો મારા શિક્ષણ વિભાગે કર્યો છે અને કડી કેમ્પસના બધા જ ટ્રસ્ટીશ્રીઓ મને સામે ચાલીને એમ કહેતા કે તમારા વિભાગે -મહિલા બાળ કલ્યાણ હોય કે શિક્ષણ વિભાગ હોય કે કોઈપણ વિભાગ હોય એણે જેટલા પણ કાર્યક્રમ અહીં કરવા હોય, ઑડીટોરિયમનો ઉપયોગ કરવો હોય કે બીજો ઉપયોગ કરવો હોય તો અમે તૈયાર છીએ અને અનેક કાર્યક્રમો વિનામૂલ્યે આ વિભાગે આ કેમ્પસની અંદર કરેલા છે. એમાં બેઠકો થયેલ છે, સૅમિનારો થયા છે, સંમેલનો થયા છે અને એમાં એક પણ રુપિયાનો ખર્ચ અમારી પાસેથી લીધો નથી. મફતમાં વિનામૂલ્યે આ બધા કાર્યક્રમો માટે મફત બધી સગવડો એમણે અમને આપી છે. આ પ્રસંગે હું કહીશ થોડા સમય પહેલા પણ એની મેં વાત કરી હતી કે ખેડાની એક પી.ટી.સી. કૉલેજની ગેરરીતિને કારણે અમે એને એકાએક બંધ કરી દીધી ત્યારે ત્યાંના જે બાળકો હતા એમાં છોકરીઓ હતી તો આ છોકરીઓને પહેલા વર્ષની દીકરીઓને અધવચ્ચે કયાં મૂકવી કે ફેબ્રુઆરી મહીનામાં કૉલેજ બંધ થઈ ત્યારે માણેકલાલભાઈએ સામે ચાલીને મારી ઑફિસમાં આવી અને એમ

કહ્યું કે બેન તમે જે કોલેજ બંધ કરી છે એની જેટલી કન્યાઓ હોય એ બધી કન્યાઓ હું મારી હોસ્ટેલમાં વિનામૂલ્યે રાખીશ. ભણાવીશ, ખવડાવીશ, અને એનો અભ્યાસ પૂરો થાય ત્યાં સુધી એમને રાખીશ. આ કામ ખૂબ ઉમદા કામ છે. કારણ કે મને ચિંતા હતી કે બંધ તો કરી પરંતુ આટલી બધી કન્યાઓને હું રાખીશ કયાં? પણ આ અમારા માટે મુશ્કેલભર્યો પ્રશ્ન હતો એ કડી કેમ્પસે મને ઉકેલી આપ્યો હતો. આ ઉપરાંત મે વેકેશનમાં જે વર્ગો અમે ચલાવીએ છીએ, બાળકોના એ અમે કડી કેમ્પસની અંદર પૂરી સુવિધાઓ સાથે વર્ગો ખોલીને આપવા અને એની અંદર વ્યવસ્થાઓ કરવી એ પણ એમણે કરી આપ્યું છે. આ ઉપરાંત રાજયના વિજ્ઞાનમેળાનું આયોજન જ્યારે કરવાનું થયું અને ગાંધીનગરની અંદર કયાં કરવું એ પ્રશ્ન થયો ત્યારે એમના ટ્રસ્ટીશ્રીઓ માણેકલાલભાઈ બધાએ ભેગા મળીને કહયું કે આ વિજ્ઞાનમેળાનું આયોજન અમારે ત્યાં કરો અને એનો ખર્ચ પણ એમણે ભોગવ્યો અને વિજ્ઞાનમેળાના આયોજનની અંદર ૭૦૦-૮૦૦ જેટલા બાળકો આવેલા એ બધા જ બાળકોની રહેવાની વ્યવસ્થા પણ એમના મકાનોની અંદર એમણે કરી આપી હતી. એટલા માટે આ પ્રસંગ જયારે મને મળ્યો છે ત્યારે હું અહીંથી જાહેરમાં બધા જ ટ્રસ્ટીશ્રીઓનો આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરની જે ઘટક કોલેજોના નામો મેં અગાઉ આપી દીધા છે બધા જ આની અંદર સમાવેશ થાય છે અને જે વિશ્વવિદ્યાલય બનવાનું જે બિલ છે એ બિલ આપણે અહીં સર્વસંમતિથી પાસ કરીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૦૭ના કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૪૦, અનુસૂચિ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૦૭ના કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી**: સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંકઃ ૨૯નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના અધ્યક્ષપદને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું જોતો હતો કે રાજ્યમાં ૧૧મી વિધાનસભામાં કુલ ૧૪૩ વિધેયકો પસાર થયા. પહેલી વિધાનસભામાં ૭૭ બિલો હતા. બીજી વિધાનસભામાં ૧૭૮ વિધેયકો હતા. એ ૧૭૮નો આંકડો એ રીતે વધારે છે કે એ વખતે મુંબઈ રાજ્યમાંથી આપણે છૂટા પડ્યા એટલે મોટાભાગના બિલો એડોપ્ટેડ બિલો હતા એટલે એ બિલોને નવા બિલો તરીકે જોઈ શકાય નહિ પણ આ વિધાનસભાએ પસાર કર્યા હતા એટલે એ ૧૭૮. ત્રીજી વિધાનસભામાં ૭૮ બિલો, ચોથી વિધાનસભામાં ૬૧ બિલો, પાંચમી વિધાનસભામાં ૧૦૮ બિલો, છઠ્ઠી વિધાનસભામાં ૧૩૩ બિલો, સાતમી વિધાનસભામાં ૧૧૧ બિલો, આઠમી વિધાનસભામાં ૮૪ બિલો, નવમી વિધાનસભામાં ૩૯ બિલો, દસમી વિધાનસભામાં ૯૫ બિલો અને અગિયારમી વિધાનસભાના અગિયારમા સત્રના અંતે ૧૪૩ વિધેયકો. એટલે આપના અધ્યક્ષપદે અગિયાર વિધાનસભાઓની અંદર સૌથી વધારે ધારાકીય કામોનો એક રૅકૉર્ડ રહ્યો છે. એટલે આપને હું આ તકે ધન્યવાદ પાઠવું છું.

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

## રમખાણોના અસરગ્રસ્તોને સહાય અંગે પૅકૅજ

**શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૦૨ અન્વયે નીચે મુજબનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરું છું:-

"તાજેતરમાં ગોધરાકાંડ પછીના અસરગ્રસ્તોને સહાય કરવા જે પૅકૅજ બહાર પાડવામાં આવ્યું છે તેમાં ગુજરાતના ૧૯૮૪ પછી થયેલ રમખાણોના અસરગ્રસ્તો તેમજ અક્ષરધામના પીડિતોનો સમાવેશ થયેલ નથી. તો કેન્દ્ર સરકાર તેમાં ફેર વિચારણા કરી દિલ્હીના શીખ રમખાણોના અસરગ્રસ્તોને ૧૯૮૪થી સહાય કરવાનો જે નિર્ણય કર્યો હતો તે મુજબ જ ગુજરાતના ૧૯૮૪ પછીના બધા જ રમખાણોના અસરગ્રસ્તો તથા અક્ષરધામના પીડિતોનો ઉક્ત પૅકૅજમાં સમાવેશ થાય તે સંબંધમાં ચર્ચા-વિચારણા કરવામાં આવે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું સત્ર શરૂ થાય ત્યારે માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનથી શરૂ થાય છે અને ગૃહ સમાપ્ત થાય છે ત્યારે છેલ્લા દિવસના પ્રસ્તાવથી સમાપ્ત થાય છે અને એ

પ્રસ્તાવ રજૂ કરવાનો અવસર મને મળ્યો છે. આ દેશ એ બિનસાંપ્રદાયિક દેશ છે. આ દેશમાં જુદા જુદા ધર્મો, જુદી જુદી ભાષા, જુદો જુદો પહેરવેશ, જુદો જુદો ખોરાક, જુદી જુદી સંસ્કૃત્તિના લોકો આ દેશમાં બૃહદ પ્રકૃત્તિવાળા લોકો રહે છે. આ દેશની સંસ્કૃત્તિ, વિરાસતમાં તમામ લોકોને અધિકાર છે, નહિ કે કોઈ એક જ્ઞાતિનો આ દેશની સંપત્તિ ઉપર અધિકાર છે. આ દેશમાં જે ભારત દેશ આઝાદ થયો ત્યારે એવું હતું કે આ દેશમાં હવે સૂખ-સમૃદ્ધિ અને સારા એવા વિચારોથી આપણે આ દેશમાં ફરી શકીશું. આ દેશમાં સ્વાર્થી રાજકારણીઓએ એની સત્તા ટકાવી રાખવા માટે આ દેશની શાસન ધૂરા સંભાળેલી અને દેશના ભાગલા પડાવ્યાં. આ દેશમાં પાકિસ્તાન અને બાંગલાદેશ અસ્તિત્વમાં આવ્યાં. આ દેશમાં પાકિસ્તનના ભાગલા થયા ત્યારે ટ્રેનમાં લાશો ભરીને ભારતમાં આવતી હતી અને આ કરુણ દ્રશ્ય જોઈને પ્રજાના મન દ્રવી ઊઠતા હતા. ત્યારબાદ આ દેશમાં જે સત્તા ટકાવી રાખવા માટે કોંગ્રેસે તૃષ્ટિકરણનો એક સહારો લઈને આ દેશની અંદર જે તોફાનો થયા એમાં અમુક લોકોની સંભાળ લેવાતી હતી અને આ દેશમાં ૧૯૮૬માં જે તોફાનો થયા એમાં ૩૯ મૃત્યું થયાં અને ૯૭ને ઈજા થઈ હતી. ૧૯૮૭માં ૮૨ મૃત્યુ થયા અને ૨૮૩ને ઈજા થઈ હતી. ૧૯૯૦માં ૨૨૦ મૃત્યુ થયા હતા. ૧૯૯૨માં ૪૨૦ મૃત્યુ થયા હતા અને ૯૧૯ને ઈજાઓ થઈ હતી. આ નાની મોટી ઈજાઓ થઈ અને એમાં ગુજરાત સરકારે જે આપવાનું હતું એ આપ્યું. આના કારણે જે આખા ગુજરાતની અંદર દહેશત પ્રવર્તી રહી અને એના કારણે સોસાયટીઓમાં એક કોમના લોકો જ્યારે જઈ મકાન ખરીદે ત્યારે આખી સોસાયટી ખાલી થઈ જતી અને એ લોકોને બીજે જવા સસ્તા ભાવે મકાન વેચવા પડતા હતા અને બીજે રહેવા જવું પડતું હતું. અમદાવાદનો દાખલો છે કે ઘણાં લોકો આ સોસાયટીની સોસાયટીઓ ખાલી થઈ છે અને વિસ્તારો એ ખાલી થઈ ગયા છે. મકાનો સસ્તા ભાવે વેચી નાંખ્યાં છે. આ તોફાનો થાય ત્યારે સ્કૂલો અને ધંધા-રોજગાર બંધ થાય. ગામડામાંથી લોકો શહેરમાં આવ્યાં હોય અને સાંજના સાતના સમાચાર સાંભળે તોફાન થયું છે, કરફ્યું નાંખ્યો છે ત્યારે લોકોને જીવ પડીકે બંધાય કે હવે ક્યારે અમારાં ઘરના ઘરે આવશે અને ક્યારે અમારા બાળકો ભણવા ગયા છે એ ઘરે આવશે? આ પરિસ્થિતિમાં લોકો કંપી રહ્યાં હતા. આવી પરિસ્થિતિ જ્યારે ઊભી થઈ હોય અને એને નાથવામાં એ વખતની સતાપાર્ટીના લોકાએ કોઈ પ્રયત્નો કર્યા નથી. જ્યારે તોફાન થયું હોય ત્યારે ગલીઓમાં દલિત લોકોને ખેંચી જવામાં આવે અને ત્યાં એમનું બેરહેમીથી ખૂન થાય અને ખંજરબાજી થતી હતી. આ બધા દ્રશ્યો જોઈને લોકો એવું વિચારતાં કે આ રાજ્યમાં કે આ દેશમાં આ હિંદુને રહેવાનો અધિકાર છે કે કેમ? એ વખતના સત્તાવાળાઓ ગૂંડાઓને પોતાના ઘરમાં રાખે અને પોલીસ એને શોધે છે એવું બહાર આપતાં હતાં. મદ્રેસાઓ જે બધે ઊભા થયા છે એમાં તાલીમ આપવામાં આવે કે કેવી રીતે તોફાનો કરવામાં આવે, કેવી રીતે ખંજરબાજી કરવામાં આવે, કેવી રીતે લોકોને ઉપાડી જવાય આ બધો જ આતંકવાદ કેવી રીતે ઊભો કરવામાં આવે એ પ્રવૃત્તિ ચાલે અને એમાં સરકાર એ પોતાનો ફાળો આપતી રહી છે.

ગોધરાકાંડ પછીના જે અસરગ્રસ્તો છે એને સહાય ચૂકવવાનું કેન્દ્ર સરકારે જે પૅકેજ બહાર પાડ્યું છે. ૧૬-૧-૨૦૦૬ નાં રોજ જે ૧૯૮૪માં શીખથી માનનીય ઈન્દિરાબેન ગાંધીનું અવસાન થતાં એના લીધે આખા દેશમાં તોફાનો ફાટી નીકળ્યાં અને એમાં શીખોની બેરહેમીથી કત્લેઆમ કરવામાં આવી. ટ્રેનમાં, એના ધંધા-રોજગાર ઉપર હોય ત્યાં પણ એની કત્લ કરવામાં આવી અને એને ૨૧ વર્ષ વીતી ગયા. અને ત્યાર પછી એમને પંજાબના લોકો, શીખ લોકો યાદ આવ્યા અને એમણે એ રાજયમાં એની સૂચના આપી અને પૅકેજ જાહેર કર્યુ. આ એકવીસ વર્ષ બાદ એટલા માટે પૅકેજ જાહેર કર્યું કે, પંજાબમાં પોતાની સત્તા ટકાવી રાખવા માટે. પણ પંજાબના લોકો સમજી ગયા હતા કે, ભાઈ તમે આ પૅકેજ આપો કે ના આપો પણ તમારા જેવા માણસો અમારે સત્તા ઉપર જોઈતા નથી અને પંજાબના લોકો સત્તામાં પરિવર્તન લાવ્યા અને પંજાબમાં સત્તામાં પરિવર્તન આવ્યું. એવી જ રીતે જે આ ગોધરા કાંડ બન્યો એ ગોધરા કાંડ પછીના લોકોને એમ શબ્દ વારંવાર વાપરવામાં આવે છે. ગોધરા કાંડ એટલે ગોધરાના રેલવેમાં જે લોકોને નુકસાન થયું છે, જે લોકોને મારી નાખવામાં આવ્યા છે.એ લોકોને સહાય આપવાની છે કે કેમ? એ કલીયર નથી. આ ગોધરા કાંડ એ ૨૦૦૨માં થયો અને જે પૅકેજ જાહેર કરવામાં આવ્યું છે એ ૨૦૦૭માં. આ એક સીધું તૃષ્ટિકરણ દેખાય છે કે, ગુજરાતમાં પાંચ વર્ષ બાદ તમને યાદ આવ્યું કે તમે આ પૅકેજ જાહેર કરો એટલે એમની મુરાદ જે છે એ બર આવવાની નથી. કારણ કે, પંજાબના પૅકેજમાં પણ એમની મુરાદ બર આવી નથી. પ્રજા પણ સમજી ગઈ છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જે ગુજરાતમાં સરકાર ચલાવી રહ્યા છે અને એ સરકારનું સુશાસન, સર્વાંગી વિકાસ એ તરફ જે એમનું આખું લક્ષ છે અને એ લક્ષ જયારે તેઓ સિદ્ધ કરી રહ્યા છે ત્યારે પ્રજા એમને સહકાર આપવાની છે. છેલ્લા ચાર વર્ષોથી જે નાની ચૂંટણીઓ અને મોટી ચૂંટણીઓ જે થઈ છે એમાં ભારતીય જનતા પાર્ટીને ખૂબ જ્વલંત વિજય મળ્યો છે એ એની સાબિતી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગોધરા કાંડ અને એનું પૅકેજ એ એવું બતાવે છે કે, આ પ્રજાને ગુમ રાહ કરવાની એક સાજીશ છે. એવો જ એક બનાવ અક્ષરધામનો બન્યો, જે ગુજરાતના ધાર્મિક સ્થળો છે અને આખા દેશના ધાર્મિક સ્થળો છે એમાં પણ આવા આતંકવાદી હુમલાઓ થયા. રઘુનાથ મંદિર ઉપર પણ હુમલો થયો, વર્ષો પુરાણું સોમનાથ મંદિર છે એને પણ વર્ષો પહેલાં આજ કોમના લોકોએ નિશાન બનાવી એને લૂંટવામાં આવ્યું હતું. તો આ એમની પરંપરા છે અને એ પરંપરાને બ્રેક મારી એ પરંપરાને કંટ્રોલ કરવાનું કામ આપણી આ સરકારે કર્યુ છે. બધા ધર્મોને સરખો અધિકાર મળે, પાંચ કરોડ ગુજરાતની જનતા છે એનો વિકાસ થાય, સર્વાંગી વિકાસ થાય, દરેક પાસાનો વિકાસ થાય એ માટે જે લક્ષ્ય લઈને આ ગુજરાતની સરકાર ચાલી રહી છે ત્યારે ગુજરાતમાં

અક્ષરધામમાં ૨૯-૪-૨૦૦૨ના રોજ સાંજના ૪.૩૦ વાગ્યે આંતકવાદીઓ એ.કે.-૪૭ અને હેન્ડ ગ્રેનેડ સાથે મંદિર પરિસરમાં ઘૂસી ગયા અને અંધાધૂંધ ફાયરીંગ કરીને હેન્ડ ગ્રેનેડથી આતંક કરવાને પરિણામે આ દેશ અને ગુજરાતના હિન્દુ પરિવારના જે શ્રદ્ધાનું સ્થાને પોતાનું માથું ટેકવા ગયા હતા એવા ૩૨ લોકોએ જાન ગુમાવવા પડ્યા અને ત્યાર પછી એમાં જે બીજી નાની મોટી ઈજાઓ થઈ છે એવા ૭૩ શ્રદ્ધાળુંઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. મૃતકોના વારસદારોને ગુજરાત સરકારે જે સહાયના ધોરણો હતા એ પ્રમાણે સહાય આપી. અક્ષરધામના આતંકવાદી હુમલામાં ત્રણ કમાન્ડોના જવાનો પણ શહીદ થયા હતા. આ કમાન્ડોના જવાનોને પણ કેન્દ્ર સરકારે જે સહાય આપવી જોઈતી હતી એ આપી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેનોમાં સીરીયલ બોમ્બ હોય, ગોધરા ટ્રેનમાં જે સળગાવવામાં આવ્યા હોય અને શ્રદ્ધાળુંઓને એમાં બેરહેમીથી મારી નાખવામાં આવ્યા હોય, હમણાં જ પાકિસ્તાનમાંથી ટ્રેન આવી રહી હતી એમાં બૉમ્બ બ્લાસ્ટ થયો, તો જે સમજોતા એક્સપ્રેસમાં જે લોકોને નુકસાન થયું છે એમને વળતર પેટે જે લોકો મૃત્યું પામ્યા એને પાંચ લાખની જાહેરાત રેલવેએ કરી, બૉમ્બમાં પાંચ લાખની જાહેરાત કરી પણ ગુજરાતમાં પાંચ લાખની, જે લોકોને ટ્રેનોમાં બાળી નાખવામાં આવ્યા છે એમની જાહેરાત કરી નથી. તો આ એક ગુજરાત પ્રત્યે અને ખાસ કરીને તૃષ્ટિકરણ કરવા માટે આ યોજનાઓની જાહેરાત કરે છે. પ્રજાના પૈસા એ સર્વાંગી વિકાસ માટે હોય, બધા માટે હોય, બધાનું લોહી એક સરખું છે, બધાના લોહીનો રંગ લાલ જ હોય છે એવું એ વિચારતા નથી અને સત્તામાંથી જેમ દૂર થતા જાય છે તેમ તૃષ્ટિકરણ વધુ ને વધુ એ દાખલ કરતા જાય છે. અને પ્રજાના પૈસા કોઈ એક કોમ માટે હોય એમ જાહેરાત કરે. મનમોહનસિંઘે જાહેરાત કરી કે આ દેશની સંપત્તિ ઉપર મુસલમાનોનો પહેલો અધિકાર છે. અધિકાર તો આખા ભારતના લોકોનો છે, બધાનો અધિકાર છે. કોઈ એક કોમનો અધિકાર કોઈ દિવસ પ્રસ્થાપિત કરી શકાય નહીં એટલે આ ગુજરાતમાં એમને પેકેજ જાહેર કરવા પડે છે પણ એનાથી એમની મુરાદ બર આવવાની નથી. જે સામે પાટલી પર બેઠા છે એમાંથી ઓછા થવાના છે અને આ બાજુ વધવાના છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસની ધુરા સંભાળી અને સર્વાંગી વિકાસ કરી રહ્યા છે. કોઈ પંચ આવે અને એમ કહે કે મુસલમાન લોકોને સહાય આપો. આખા ગુજરાતની તમામ જ્ઞાતિના લોકોને કેવીરીતે સહાય આપવી જોઈએ, કેવી રીતે મદદરૂપ થવું જોઈએ એ વિચારધારા રજૂ કરો. કોઈ એક કોમ માટે રજૂ કરી શકાય નહીં. આ ગૃહને હું વિનંતી કરું છું કે આ પ્રસ્તાવ માટે ચર્ચા વિચારણા કરવામાં આવે અને પ્રસ્તાવ પસાર કરવામાં આવે.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઈ લકુમ જે ૧૦૨નો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. કેન્દ્રની યુ.પી.એ. ની સરકારે ૨૦૦૪માં સત્તાના સુત્રો સંભાળ્યા પછી આખા દેશને જે ડર હતો એ ડર એમના આવતાંની સાથે જ પ્રસ્થાપિત કર્યો અને પોટાનો કાયદો ઉઠાવી લીધો. એ પછી ૨૦૦૪ પછી આતંકવાદ, નકસલવાદ, ત્રાસવાદીના હુમલાનું પ્રમાણ વધ્યું અને શાંતિપ્રિય પ્રજા જેને વિકાસ કરવો છે, ધંધા રોજગારવાળી જનતાના દિલમાં ફફડાટ પેઠો. આ સરકાર જયારથી સત્તા પર આવી ત્યારથી એણે એક પછી એક કોમવાદી પરિબળ, તૃષ્ટિકરણની નીતિ અપનાવી. શાંતિપ્રિય પ્રજાને અન્યાય કરવાનું કામ પહેલેથી શરૂ કર્યું છે. સમજૌતા એકસપ્રેસ, મુંબઈનો બોમ્બકાંડ હોય કે ૧૯૯૪માં શીખોની હત્યા થઈ હોય સરકાર કાયદો અને ન્યાયની નીતિથી ચાલતી હોય છે. ભેદભાવથી પર રહેતી હોય છે પરંતુ આપણે જોઈએ છીએ અને જોઈ રહ્યા છીએ તેમ આ સરકાર આવતાની સાથે જ હમણાં પંજાબ અને ઉત્તરાંચલની ચૂંટણી થઈ ત્યારે નવો ફતવો બહાર પાડયો. અત્યારે યુ.પી.ની સરકારની ચૂંટણી આવી છે ત્યારે ૧૦૬ કરોડનું સામાન્ય પેકેજ આપીને આખા દેશમાં વ્યાપક રોષ ફાટી નીકળે એવું કામ કર્યું છે. ૨૦૦૨ની ૨૭મી તારીખે ગુજરાતના રામભકતો ભગવાન રામનું પૂજન કરવા ગયા હતા અને ૨૭ મી તારીખે સવારમાં ગોધરાકાંડ સાબરમતી એકસપ્રેસ હત્યાકાંડ થયો અને ૫૯ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા એ પણ રેલ્વેના પ્રવાસી હતા. રામ ભકત હતા પણ રેલ્વેના પ્રવાસી પણ હતા. રેલવેમાં હત્યા થઈ હોવાછતાં ગોધરાકાંડના પ્રવાસીઓને એક પણ પૈસાનો લાભ આપવામાં આવ્યો નથી. ગોધરાકાંડ બન્યા પછી ગુજરાતમાં જે રોષ વ્યાપ્યો અને પછી જે તોફાનો ફાટી નીકળ્યા એમાં કેટલાક દલિત સમાજના લોકોએ જાન ગુમાવ્યા છે એટલું જ નહીં પણ દેવેન્દ્ર વણકરની હત્યા કરવામાં આવી એ હત્યા એકદમ ગરીબ વર્ગનો માણસ હોય, શાંતિપ્રિય હોય એ જોઈ ન શકે, સાંભળી ન શકે, વાંચી ન શકે, સહન કરી ન શકે એવી થઈ. આ હત્યા ભયંકર છે એ કોંગ્રેસના શાસનવાળાને લાગતું નથી. એ તો માત્ર તૃષ્ટિકરણની નીતિ એક સમાજને રીઝવવાનું કે મત બેંક માટે, વોટ બેંક ઉભી કરવાનો પ્રયત્ન કરે છે. એ ખૂબ દુઃખદ ઘટના છે. હું બીજી વાત કરું. ગુજરાતના પ્રણેતા, સ્વપ્નદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પેકેજ વનબંધુનુ આપ્યું અને બીજું પેકેજ સાગરખેડૂનું આપ્યું. ત્રીજું પૅકેજ ૨૮મી તારીખે આપ્યું. શહેરી ગરીબ હોય એની સમૃદ્ધિ વધે, મકાન મળે, ધંધો રોજગાર કરે, સારી રીતે જીવી શકે, આમ જનતામાં સંકલન થાય અને ગરીબો અને મૂડીવાદી વચ્ચેનો ભેદ ઓછો થાય, તે પ્રકારનું પૅકેજ આપીને ગુજરાતની જનતામાં આનંદ વ્યાપે, સારી રીતે જીવી શકે તે રીતે કામ કર્યુ છે. જ્યારે યુ.પી.એ. સરકાર આવી ત્યારથી દલિત વિરોધી, હિન્દુ વિરોધી કહીશ તો પણ ખોટું નથી, એટલા માટે કહીશ કે ભારતીય જનતા પાર્ટીના જનસંઘના વખતથી હું જોઈ રહ્યો છું કે આખા દેશમાં બે જ્ઞાતિ છે: એક દેશપ્રેમી અને બીજી દેશદ્રોહી. દેશપ્રેમી સર્વના ભાઈ છે અને દેશદ્રોહી સર્વના દુશ્મન છે. આ બે માત્રને લઈને ચાલવાવાળી અમારી પાર્ટી એની સામે હું જોઈ રહ્યો હતો કે તા.

૨૨ મી તારીખથી વિધાનસભા શરૂ થઈ ત્યારથી આદરણીય મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી, બધા મંત્રીશ્રીઓ ઉપર ખોટી રકજક કરીને આજે સવારમાં પણ જોયું જ્યારે ગુજરાતની ૫ કરોડ ૪૦ લાખની વસ્તી હોય ત્યારે ક્યાંક અણબનાવ તો બનવાનો જ છે, કારણ કે આ રામ રાજ તો નથી, પણ રામ જેવું રાજ્ય લાવવાનો અમારા મુખ્યમંત્રીશ્રી, સૌ મંત્રીશ્રીઓ પ્રયત્ન કરી રહ્યા છે. વેલમાં ઘસી જઈને અધ્યક્ષશ્રી સાહેબની ગરિમાને અપમાનિત કરવું, ગૃહની ગરિમાને અપમાનિત કરવું આવા ધંધા એમણે કર્યા છે, ત્યારે માનનીય કાન્તીભાઈ લકુમ સાહેબ ગોધરાકાંડ માટેનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એને સમર્થન આપીને એટલા માટે ચોક્કસ આપીશ કે આ યુ.પી.એ. સરકારનો જનાદેશ જ્યારે ઘટતો જાય છે, એમના સૂંપડા સાફ થવાના છે, ત્યારે એક પછી એક નવા ફતવા કરીને શાંતિપ્રિય જનતા, દેશપ્રેમી, જનતા, પ્રામાણિક જનતાને અન્યાય કરવાનો એકપછી એક કદમ ઉઠાવે છે, તે ખરેખર ગુજરાતની જનતા કે ભારતની જનતા હોય એમને માફ કરવાની નથી. એમના સૂંપડા સાફ કરવા માટે જનતા તૈયાર થઈને બેઠી છે, રાહ જોઈને બેઠી છે, એટલું કહીને વધુ નહિ કહેતા કાન્તીભાઈના આ પ્રસ્તાવને સમર્થન આપીને મારી વાત પૂરી કરીશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી કાન્તીભાઈ લકુમ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે, એ પ્રસ્તાવના સમર્થન માટે હું ઊભો થયો છું.

ગોધરાકાંડ પછીના અસરગ્રસ્તોને સહાય અને ગોધરાકાંડ પહેલા ૧૯૮૪ થી આજદિન સુધી જે પ્રસંગો બન્યા છે, એના અનુસંધાનમાં કેન્દ્ર સરકારે કેમ કોઈ પૅકેજ જાહેર નથી કર્યુ? ભારતીય જનતા પાર્ટી હંમેશા એ વિચારધારા પ્રમાણે ચાલે છે કે ' Justice to all, appease to none ' ન્યાય સૌને માટે, તૃષ્ટીકરણ કોઈનું નહીં. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે વર્ષોથી જ્યારે જ્યારે શાસનમાં રહી ત્યારે આ પ્રમાણે કામ કર્યુ છે. મોહંમદ હોય કે મોહન હોય અસરગ્રસ્ત તરીકે વળતર બધાને સરખું મળવું જોઈએ. ક્યારેક મોહંમદ મોહન ઉપર હુમલો કરે અને મોહનને વળતર ન મળે અને માત્ર મોહંમદને વળતર મળે આ માનસિકતા કોઈપણ રીતે ચાલી શકે તેવી નથી. માત્રને માત્ર લઘુમતી તૃષ્ટીકરણ અને મુસ્લિમોના મત મેળવવા માટે દેશની અખંડિતતા અને દેશના સાર્વભૌમત્વ માટે આ નિર્ણયની ખતરનાક અસરો આગામી દિવસોમાં જોવા મળશે. આ રાજનીતિના મુસ્લિમીકરણથી મહાન રાષ્ટ્રને પુનઃવિભાજિત કરવાની આ સાજીશ છે. આપણે જોયું છે કે જ્યારે દેશની અંદર ચૂંટણીઓ આવે, થોડા દિવસ પહેલા જ્યારે બિહારની અંદર ચૂંટણી હતી. એ બિહારની અંદર ચૂંટણી વખતે બેનરજી સમિતિનો ઈન્ટરીમ રિપૉર્ટ લાવવા માટેનો પ્રયત્ન કર્યો. ગોધરાના સાબરમતી એક્સ્પ્રેસના એસ-૮ ડબ્બામાં ૫૮ જેટલા રામભક્તોને જીવતા ભડથું કરવાવાળા આતંકવાદી તત્ત્વોને સહાય કરવા માટે અને એમને મુક્તિ મળે, એના માટે બેનરજી સમિતિના રિપૉર્ટથી આ ગુજરાતની અંદર જે બનાવ બન્યો હતો, એ બનાવ સાથે ખિલવાડ કરવાની માનસિકતા કરી. એમની એવી માનસિકતા હતી કે આ મુદા ઉપર બિહારની ચૂંટણી જીતી જઈશું. બિહારની પ્રજા જાણી ગઈ અને ત્યાં એન.ડી.એ. ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. આજે યુ.પી. નું ઈલેક્શન છે એ ઈલેક્શનમાં મુસ્લિમોના મત મેળવવા માટે ફરી એકવાર ગોધરાકાંડ પછીના અસરગ્રસ્તોને પૅકેજ આપીને મુસ્લિમ મતો લેવા માટે દેશમાં યુ.પી.એ.ની. કોંગ્રેસ સરકાર વિદેશી છાપ ધરાવે છે અને દેશના ભાગલાવાદી તત્ત્વોને મદદ કરે છે તેવી કોંગ્રેસના માધ્યમથી યુ.પી.માં મુસ્લિમ મતો લેવા માટે પ્રયત્ન થઈ રહ્યો છે. જે રીતના અહેવાલો આવે છે, આ અહેવાલો ઉપરથી યુ.પી.માં ભારતીય જનતા પાર્ટીનો કેસરિયો લહેરાતો કોઈ રોકી શકવાનું નથી. હું અમદાવાદ શહેરમાંથી આવું છું અને અમદાવાદ શહેરમાં ૧૯૮૫ થી ૧૯૯૫ સુધીના તે દિવસો મને યાદ છે. જ્યારે રથયાત્રા નીકળવાની હોય, જગન્નાથ મંદિરથી શરૂ થતી રથયાત્રાની સાથે માત્ર અમદાવાદ શહેરના જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના શ્રદ્ધાજનોનું જોડાણ હોય તેવા સંજોગોમાં ૧૯૮૬માં રથયાત્રા નીકળી ત્યારે રથયાત્રા ઉપર આ વિઘાતક માનસિકતા ધરાવતા લોકોએ હુમલો કર્યો હતો. ૧૯૮૬ની રથયાત્રા પછીના થયેલ તોફાનોમાં ૩૯ લોકો મૃત્યું પામ્યા હતા અને ૯૭ લોકોને ઈજાઓ થઈ હતી. ૧૯૮૫ થી ૧૯૯૫ દરમ્યાન કેટલાક નવયુવાનો પોતાની સ્કૂલે જતા હોય ત્યારે તેના મા-બાપને ચિંતા થાય કે મારો સ્કૂલે જનાર દીકરો સહીસલામત પાછો આવશે કે કેમ? કેટલીક દીકરીઓ જ્યારે બજારમાં જાય ત્યારે આવા અસામાજિક વિઘાતક તત્ત્વો તે બહેન દીકરીઓની મશ્કરીઓ કરતા. હું અમદાવાદના અસારવા વિધાનસભા ક્ષેત્રમાંથી આવું છું. મારા વિસ્તારની અંદર દેવીપૂજક સમાજની શ્રમજીવી બહેનો રહે છે અને તેઓ રોજ વહેલી સવારે જમાલપુર શાક માર્કેટની અંદર શાક લેવા જાય, ત્યાં આ પ્રમાણેની માનસિકતાવાળા લોકો બહેન દીકરીઓની મશ્કરીઓ કરે, છેડતી કરે. આજે ૮૬ હોય, ૮૭ હોય, ૯૦ હોય, ૯૨ હોય આ દિવસોમાં અત્યાર સુધીમાં ૬૦૦ થી ૭૦૦ લોકોના કોમી તોફાનોના કારણે મૃત્યુ થયા હતા. આજે ગુજરાતની અંદર સમર્થ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે ગુજરાતની અંદર સલામતી અને સુરક્ષા વધી છે. આજકાલ ગુજરાતની સાથે સાથે આખા દેશની ચિંતા થાય છે. હમણાં લોકસભાની અંદર રિપોર્ટ મુકાયો અને તે રિપૉર્ટની અંદર કાશ્મીરના ચાર લાખ પંડિતો આજે ૧૮ વર્ષ પછી પણ પોતાના વતનમાં પાછા ફરી શકે તેવી કોઈ સંભાવના દેખાતી નથી. એક વખતના સુખી પંડિતો આજે વિસ્થાપિતો બન્યા છે. તેમની પાસે સાધન નથી, સંપત્તિ નથી. તેમના કુટુંબો તૂટયા છે, તેઓ જ્યાં રહે છે તે તંબૂઓ પણ તૂટી ગયા છે. કાશ્મીરના મુખ્યપ્રધાનને યુવાનોની ચિંતા કરે છે પણ હિન્દુ પંડિતો જે બેઘર બન્યા છે તેની ચિંતા કરતા નથી. હમણાં એક ચોંકાવનારો અહેવાલ આવ્યો કે સતત વડાપ્રધાનશ્રી સમક્ષ રજૂઆત કરીને કાશ્મીર

ખીણની અંદર લશ્કરની સંખ્યામાં ઘટાડો કરે અને લશ્કરને પાછું ખેંચવાની દિશામાં આ કેન્દ્ર સરકારની માનસિકતા છે. કાશ્મીરમાંથી લશ્કર પાછું ખેંચીને કાશ્મીરને શું આપણે તાલિબાનોના હવાલે કરવાનું છે? કાશ્મીરને અલકાયદાના હવાલે કરવાનું છે? આ ભારત દેશના મુકટમણિ જેવું કાશ્મીર, ભારત દેશના ટુકડા કરવાની માનસિકતા યુ.પી.એ.સરકારની છે, કોંગ્રેસ સરકારની છે. જ્યારથી આ કેન્દ્ર સરકારનું પૅકેજ ગુજરાતના પાંચ કરોડ લોકોએ સાંભળ્યું છે ત્યારથી ગુજરાતનો આત્મા દ્રવી ઊઠ્યો છે. દેશદાઝ ધરાવતા હિન્દુસ્તાનના એકેએક નાગરિકો ચિંતિત બન્યા છે. ભૂતકાળમાં આ વિદેશી બળોએ ભારતના ભાગલા પડાવવા જે ખતરનાક ખેલ ખેલ્યો હતો આજે તે વિદેશી છાંટ ધરાવતા કોંગ્રેસે ફરીથી ખતરનાક ખેલની શરૂઆત કરી છે. સર્વધર્મ સમભાવનું બંધારણ ધરાવતા ભારત માતાના ભાગલાવાદી, વિકૃત્ત માનસિકતાવાળા પરિબળો પોતાની મેલી મુરાદ બર લાવવા માટે લઘુમતી તૃષ્ટિકરણ અને મતોની રાજનીતિ સાથે દેશની અખંડિતતા અને એકતા સામે પડકારો ઉભા કર્યા છે. સચ્ચર કમિટીની નિમણૂક કરી, આ એજ કોંગ્રેસ સરકાર છે જેણે ખિલાફત આંદોલનથી શરૂ કરીને ગોધરા પછીના તોફાનોના અસરગ્રસ્તો માટે રાજનીતિ અને મુસ્લિમીકરણ કરીને દેશને અધોગતિની દિશામાં લઈ જવા માટે પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના આટલા વર્ષો થયા પણ એ વર્ષોમાં ૫૦ વર્ષો જેટલું કોંગ્રેસનું શાસન રહ્યું પણ આ કોંગ્રેસે વિચારપૂર્વક ભેદભાવ રાખીને આર્થિક અને શૈક્ષણિક રીતે મુસ્લિમ સમાજને પછાત રાખ્યો છે. લશ્કરની અંદર મુસ્લિમોની ગણતરી કરીને એક ખતરનાક પગલું ભર્યુ છે. ગુજરાતની અંદર પાંચ કરોડની પ્રજા સલામત છે અને મુસ્લિમો આખા દેશમાં જો સૌથી વધારે સલામત હોય અને સૌથી વધારે સમૃદ્ધ હોય તો એ ગુજરાતની ધરતી ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના કોઈપણ સંસાધનો ઉપર કોઈપણ વર્ગ કે કોઈપણ જાતિના કરતાં દેશના તમામ નાગરિકોનો સમાન અધિકાર છે પણ આ દેશના એક સર્વોચ્ચ નેતા એવું કહે કે, આ દેશના સંસાધનો ઉપર પ્રથમ દાવો કરવાનો હક્ક એ માત્ર મુસ્લિમોનો છે. માત્રને માત્ર ધર્મ આધારિત માનસિકતા આ દેશને ખોખલો કરવાની દિશામાં એ આગળ વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બેંકનો કાર્યક્રમ હતો એ કાર્યક્રમની અંદર આ દેશના એક પ્રધાને એવું કહ્યું કે, આ દેશમાં અપાતી લૉનોની અંદર મુસ્લિમોને લૉનો આપવા માટે અગ્રિમતા હોય. જ્યારે દેશની અંદર માનનીય મુખ્ય મંત્રીશ્રી વનબંધુ અને ગિરિજનની ચિંતા કરતા હોય, સાગરખેડુની ચિંતા કરતા હોય, ગરીબ સમૃદ્ધિ યોજના લાવતા હોય ત્યારે આ કેન્દ્રના યુ.પી.એ.ના કોંગ્રેસના નેતૃત્વને શા માટે માત્ર મુસ્લિમોને જ બેંકની અંદર અગ્રિમતા આપીને એમનો વિચાર કરવાની માનસિકતા છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ આતંકવાદી કાવતરાખોરોના ભવિષ્યને મુસ્લિમોના હિત સાથે જોડીને કોંગ્રેસે રાષ્ટ્રવાદી મુસ્લિમોનો પણ ભારે અન્યાય કર્યો છે. પહેલાં આ કોંગ્રેસ લઘુમતીની કલ્યાણની વાત કરતી હતી જ્યારે આજે આ કોંગ્રેસ એ મુસ્લિમ સંપ્રદાયની વાત કરે છે. ઇતિહાસમાં કયારેય ન બન્યું હોય એવું જ્યારથી કેન્દ્રમાં યુ.પી.એ.ની કોંગ્રેસની સરકાર આવી ત્યારે બન્યું છે. મુસ્લિમોના કલ્યાણ માટેના મંત્રાલયની રચના કરી અને આઝાદી પછી પહેલીવાર કેન્દ્રમાં મુસ્લિમ લીગના પ્રધાનને યુ.પી.એ. સરકારે પોતાની સાથે જોડ્યા. બાંગ્લાદેશી દ ુસણખોરો આ દેશની સરહદના સીમાડાઓ પાર કરીને આ દેશની અંદર પ્રવેશીને પશ્ચિમ બંગાળના કેટલાક જિલ્લાઓ એવા છે કે એ જિલ્લાઓની અંદર આજે ૮૦ ટકા બાંગ્લાદેશીઓ વસે છે. આ જે બાંગલાદેશથી આવેલા મુસ્લિમો જે આ દેશની અંદર વસે છે એમની માનસિકતા આગામી દિવસોમાં દેશના ભાગલા પડાવવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે એક IMBT એકટ રદ કરવાની બાબતમાં જબરજસ્ત ચુકાદો આપ્યો. આ IMBT એકટના કારણે બાંગ્લાદેશી ઘુસણખોરોને દેશની અંદર આવતા અટકાવવા માટે એમને જ્યારે આ ચુકાદો આપ્યો તો એક ભરતો કાયદો કરીને ફરીથી આ દેશની અંદર બાંગ્લાદેશી ઘૂસણખોરો સરળતાથી પ્રવેશી શકે એવો કાયદાની અંદર સુધારો કર્યો. આઝાદીના દિવસોમાં આપણને સૌને ખ્યાલ છે કે આપણે વંદે માતરમૂના નારા સાથે કેટલાય યુવામર્દ- જવામર્દ શહીદો ફાંસીના માંચડે ચડીને આ દેશને આઝાદી લાવવા માટે પ્રયત્નો કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, આ રાષ્ટ્ર ચેતનાનું ગાન 'વંદે માતરમ્' નહીં ગાનારાઓને પ્રોત્સાહિત કરવાનું કામ આ યુ.પી.એ.ની કોંગ્રેસની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણ અને ભારતની એકતા અને અખંડિતતાના સ્વપ્નો સાકાર કરવા માટે આ ભારતીય સંસ્કૃતિનું જતન કરવાવાળી સંસ્થા એ રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ જેમાં ઋષિ તુલ્ય જીવન જીવતા એવા પ્રચારકો હોય છે એવા રાષ્ટ્રના સમર્પિત સ્વયં સેવકોને જ્યારે એન.ડી.એ.ની સરકારે રાજ્યપાલ તરીકે નીમ્યા હતા, માનનીય અધ્યક્ષશ્રી, માત્રને માત્ર લઘુમતિનું તૃષ્ટિકરણ માટે અને મુસ્લિમોને ખુશ કરવા માટે યુ.પી.એ.ની કોંગ્રેસની સરકારે આવ્યા પછી જે ગવર્નરો આર.એસ. એસ. સાથેના સંબંધમાં હતા એમને ગવર્નરપદેથી મુકત કર્યા. દેશદ્રોહી ત્રાસવાદીઓ જે રાષ્ટ્રની એકતા ને અખંડિતતાને જોખમમાં મૂકનારા હતા આવા તત્ત્વોની સામે કેન્દ્રની એન.ડી.એ.ની સરકારે પોટાનો કાયદો બનાવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ એક પોટાનો કાયદો છે જેના કારણે કોઈ રામલલ્લાના અયોધ્યાના મંદિર ઉપર હુમલો કરે, વારાણસીના સંકટમોચન હનુમાનના મંદિર ઉપર હુમલો કરે કે જમ્મુની અંદર આવેલા રૂઘનાથ મંદિર ઉપર હુમલો કરે તો એના ઉપર આકરા પગલાં

લેવા માટેનો આ કાયદો છે. જ્યાં જ્યાં સમગ્ર હિન્દુ સમાજનું માથું શ્રદ્ધાથી ઝૂકી જાય છે એજ જગ્યાએ આતંકવાદીઓ માથું ઉંચકીને આ બહુમતી હિન્દુ સમાજને શા માટે ઉશ્કેરવાનું કામ કરે છે? આપણને ખબર છે કે મુંબઈનો સિરિયલ બ્લાસ્ટ, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બેંગ્લોરની અંદરનો હુમલો, વારાણસીના કેન્ટની અંદર થયેલ બોમ્બ બ્લાસ્ટ કે સમજોતા એકસ્પ્રેસમાં થયેલ હુમલો આ આતંકવાદી માનસિકતા વાળા તત્ત્વોએ દેશની અંદર ક્રોસ બૉર્ડર ટેરેરીઝમના નામે દેશને આંતરિક રીતે ખોખલો કરવા માટેનું ઈરાદાપૂર્વકનું ષડ્યંત્ર કર્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે આવા તત્ત્વોને છાવરવા માટે જેવી યુ.પી.એ.ની સરકાર આવી કે તાત્કાલિક પોટાનો કાયદો રદ કર્યો. આ એ કાયદો હતો કે લશ્કરની ત્રણે પાંખના વડાઓએ એકી અવાજે કહ્યું હતું કે આ દેશની સલામતી માટે પોટાનો કાયદો અગત્યનો છે. આ એ પોટાનો કાયદો હતો કે આ દેશની સર્વોચ્ચ સલામતી સંસ્થા સાથે જોડાયેલ સલામતી ખાતાના અધિકારીઓએ કહ્યું હતું કે પોટાના કાયદાના કારણે આ દેશના સીમાડાનું રક્ષણ કરી શકીશું, આ દેશની અંદર આવતા આતંકવાદી તત્ત્વોને ઝબ્બે કરી શકીશું અને યોગ્ય દિશામાં સજા અપાવી શકીશું. આ દેશની સર્વોચ્ચ સંસ્થા એવી લોકસભામાં, જ્યારે પાલામેન્ટ ભવનમાં હુમલો થયો એ હુમલા સામે સુરક્ષા કર્મીઓએ પોતાની જાનને જોખમમાં મૂકી એનો બચાવ કરવા માટેનો પ્રયત્ન કર્યો અને આ સુરક્ષા કર્મીઓએ લડતા લડતા પોતાની જિંદગી જ્યારે ગુમાવી અને આ કેસ હાઈકોર્ટમાં ચાલ્યો એનો ચુકાદો આવ્યો એ ચુકાદામાં અફઝલ ગુરુને ફાંસી આપવાની સજા કરવામાં આવી. આ ફાંસીની સજાનો ચુકાદો રાષ્ટ્રપતિશ્રીએ કેબિનેટના રેફરન્સ માટે મોકલી આપ્યો છે. હજુ સુધી આ યુ.પી.એ.ની કૉન્ગ્રેસ સરકારે રાષ્ટ્રપતિએ અફઝલ ગુરુને ફાંસી આપવા માટે જે રેફરન્સ કૅબિનૅટને કર્યો છે એ રેફરન્સનો આજ દિવસ સુધી જવાબ નથી આપ્યો. જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાને એવું નિવેદન કર્યું કે અફઝલ ગુરુને ફાંસી આપવાથી જમ્મુ-કાશ્મીરમાં સમસ્યા થશે. આ દેશના સર્વોચ્ચ સ્થાન ઉપર હુમલો કરવા વાળાને છાવરવાની આ માનસિકતા છે એ લઘુમતી તૃષ્ટિકરણ ચરમસીમા ઉપર છે એવું સ્પષ્ટ દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોટાનો કાયદો છે એ પોટાના કાયદાના માધ્યમથી આપણે દેશની સલામતી-સુરક્ષા જેવા અનેક પ્રશ્નો હલ કરી શકતા હતા. ગુજરાતની સરકારે આ જ વિધાનસભા ગૃહમાં ગુજકોકનો કાયદો બનાવ્યો એ ગુજકોકનો કાયદો બનાવ્યા પછી કેંદ્રના ગૃહ પ્રધાન સમક્ષ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પાંચ કરોડની પ્રજાની સલામતી માટે, સુરક્ષા માટે મંજૂરી અર્થે મોકલ્યો છે, આવનારા દિવસોમાં ગુજરાતની અંદર અનેક ઉદ્યોગો આવવાના છે એવા સંજોગોમાં ગુજરાતની અંદર કોઈ આતંકવાદી માનસિકતા ધરાવતા તત્ત્વો સફળ ન થાય એના માટે ગુજરાતના હિત માટે ગુજકોકનો કાયદો બનાવ્યો પણ જ્યારથી કેંદ્રમાં યુ.પી.એ.ની આ કૉન્ગ્રેસની સરકાર આવી છે ત્યારથી આજ દિવસ સુધી આ ગુજકોકના કાયદાની અમલવારી માટે કેંદ્ર તરફથી આપણને પરવાનગી આપવામાં આવતી નથી. આ તો સબળ નેતૃત્વ માનનીય નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાતમાં છે જેના કારણે ગુજરાતની ધરતી ઉપર પોતાની મેલી મુરાદને, મેલા મનસૂબાને પાર કરવા માટે કોઈ આતંકવાદી ગુજરાતની ધરતી ઉપર આવી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આવા સંજોગોમાં બેનરજી કમિટી બનાવી પણ સદ્નસીબે આ બેનરજી કમિટીનો રિપોર્ટ, જેમણે લોકસભામાં ઈન્ટરીમ રિપોર્ટ મૂકીને બિહારમાં પોતાને રાજકીય લાભ લેવો હતો. પરંતુ ગુજરાત હાઈકોર્ટે આ બેનરજી કમિટી રદ કરી અને સાચા અર્થમાં આપણને યોગ્ય ન્યાય મળે એ દિશામાં પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાન્તિભાઈ લકૂમ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈને વિનંતી કરું કે, ૧૯૮૪ થી આજ દિવસ સુધીના તમામ કેસો આપણે કેંદ્ર સરકારમાં મૂકી એની અસરકારક રજૂઆત કરી અને આ પ્રસ્તાવને આખા હાઉસના સમર્થનના માધ્યમથી જ્યાં સુધી યુ.પી.એ.ની કૉન્ગ્રેસ સરકારમાં બહુમતી હિન્દુ સમાજને ન્યાય ન મળે ત્યાં સુધી અવિરતપણે આપણી માગણી ચાલુ રાખીએ. એના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું.

**શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધૂકા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઈ લકૂમ જે છેલ્લાં દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું. કેન્દ્ર સરકાર હોય કે કોંગ્રેસ હોય એના કોઈપણ નિવેદન કે કોઈપણ યોજના એ 'ગોધરાકાડ પછી' એ શબ્દ લખીને જ જ્યારે થાય છે ત્યારે ગુજરાતની જનતાને જો સૌથી વધુ આઘાતની લાગણી હોય તો એ એ છે. 'ગોધરાકાંડથી શરૂ કરીને' એવા કોઈ શબ્દો કોંગ્રેસના કોઈ આગેવાનો કે કેન્દ્ર સરકાર વાપરતી નથી. આજે આ કેન્દ્ર સરકારના પૅકેજની યોજના જાહેર કરી એમાં જો 'ગોધરાકાંડથી શરૂ કરીને અક્ષરધામ સુધી' એવા શબ્દો વાપર્યા હોત તો પણ થોડુ ઘણું આશ્વાસન ગુજરાતની જનતાને રહેત. આ છેલ્લાં દિવસનો જે પ્રસ્તાવ છે એ આગામી દિવસોમાં કોંગ્રેસના છેલ્લાં દિવસનો પ્રસ્તાવ બની રહેવાનો છે એવો અમને સંપૂર્ણ વિશ્વાસ છે. આ વિચાર કેવી રીતે આવ્યો?, ક્યારે આવ્યો? એના મૂળમાં જવાની જરૂર છે. જ્યારે પણ ચૂંટણી હોય ત્યારે આ તુષ્ટીકરણનો મુદ્દો કોંગ્રેસ હંમેશા લાવે જ. એક વખત આપણને બધાને ખબર છે કે એવું એક વાતાવરણ હતું કે જ્યારે ભારત પાકિસ્તાનની મેચ હોય ત્યારે ભારતના એક એક શહેરમાં લશ્કર ગોઠવાતુ હતું અને એ એટલા માટે જો પાકિસ્તાન જીતે તો પેંડા ના વહેંચાય અને જો ભારત જીતે તો તોફાન ન થાય. ગુજરાતમાં પણ એવી પરિસ્થિતિ હતી પરંતુ ધીરે ધીરે મુસ્લિમો રાષ્ટ્રવાદી બનતા ગયા એની એક પ્રોસીજર ચાલુ થઈ એટલે કોંગ્રેસને આ પેટમાં દુખ્યું અને ફરીથી અલગતાવાદી વાતાવરણ

ઊભું થાય, મુસ્લિમ મત બેન્ક માટે એના માટે નવી નવી યોજનાઓ શરૂ કરી, દેશના વડાપ્રધાન આપણે એમને પ્રથમ નાગરિક એમ કહી શકીએ લોકશાહીની રીતે, એ જ્યારે એમ કહે કે રાષ્ટ્રના સંશાધનો ઉપર પ્રથમ હક્ક મુસ્લિમોનો છે ત્યારે દેશની જનતાએ આઘાતનો અનુભવ કર્યો એમના મંત્રીશ્રીઓ અર્જુનસિંહથી માંડીને બધા મુસ્લિમો માટેની અનામતની વાત કરે એ બંધારણની વિરુદ્ધ છે. બાબા સાહેબ આંબેડકરથી માંડીને એવા અનેક દ ડવૈયાઓએ જ્યારે બંધારણ ઘડ્યું હોય એ બંધારણમાં સમગ્ર દેશના લોકોની ભાવના એમાં જોડાયેલી હોય અને એ વખતે માત્ર એક જ્ઞાતિ કે એક ધર્મ આધારિત અનામતની વાત કરે ત્યારે આ ભાગલાવાદી પરિબળો ઊભાં કરવાની આ કોંગ્રેસની યોજનાને દેશની જનતા કયારેય સફળ થવા દેવાની નથી. આપણને સૌને ખબર છે એની એક પછી એક કોંગ્રેસની વિચારસરણી એની નીતિ તમે જૂઓ, એક એક જાહેરાત તમે જૂઓ તો એમાંથી ફલિત થાય છે કે માત્ર મત બેન્ક ઊભી કરવાની લાલચ આપવાની, મુદ્દાઓ ઉઠાવવાના, વિવાદ ઊભાં કરવાના પરંતુ મુસ્લિમોને કંઈ આપી નહિ શકાય. મારે તો એટલું જ કહેવું છે માત્ર કે હિંદુ બિનસાંપ્રદાયિક બને એના માટે કોંગ્રેસ એને બુરખો પહેરાવે પરંતુ મુસ્લિમ રાષ્ટ્રવાદીઓ બને એટલા માટે ટોપી પહેરાવવા માટે કોંગ્રેસ તૈયાર નથી. આ બન્ને વસ્તુની જરૂરિયાત છે અમે એવું માનીએ છીએ. લોહી બધાના સરખા હોય છે એમાં કોઈ જ્ઞાતિ કે ધર્મ આધારિત લોહી હોતું નથી. કાંતિભાઈએ પણ કહ્યું પરંતુ એમની જે વિચારધારાનું જે પ્રતિબિંબ છે એ એમની યોજનાઓ જાહેર કરે એના આધારે પડે છે. એમાં આંધ્રમાં અનામત આપવાની વાત હોય કે પછી કેરલ વિધાનસભામાં એક આતંકવાદીને છોડાવવા માટે ઠરાવ કરવામાં આવે કે અફઝલને ફાંસી ન થાય એના માટે કાશ્મીરના મુખ્યપ્રધાન અને કોંગ્રેસના બધા જ આગેવાનો જ્યારે એમાં રસ લે એટલું જ નહિ પરંતુ સચ્ચર કમિટી જ્યારે અહીંયા આવી ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ મુજબના જવાબો આપવાની ના પાડી સમગ્ર દેશમાં ત્યારે આની લાગણીનું પ્રતિબિંબ પડ્યું. લશ્કરમાં કેટલા મુસ્લિમો છે એવો સરવે કરવાનો? આર્થિક મોજણી કરવાની એમણે વાત કરી એમાં વાંધો નથી. આર્થિક મોજણી કરાવે પરંતુ પચાસ વર્ષના શાસન કર્યા પછી ખબર પડે કે મુસ્લિમો આર્થિક રીતે પછાત છે? હમણાં આપણા એક સંસદ સભ્યશ્રીએ જ્યારે લોકસભામાં પ્રશ્ન પૂછ્યો અને એમાં કહ્યું કે મુસ્લિમોની આર્થિક મોજણી કરાવી એમાં સૌથી વધુ જો સુખી હોય તો એ ગુજરાતના મુસ્લિમો સૌથી વધુ સુખી છે એ આર્થિક મોજણીમાં આવ્યું છે. પંદર મુદ્દાનો કાર્યક્રમ આપે એમાં વાંધો નહિ. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ જ્યારે પંદર હજાર કરોડ રૂપિયાનું પૅકેજ વન બંધુ માટે લાવે, અગિયાર હજાર કરોડ રૂપિયાનું પેકજ સાગરખેડૂઓ માટે આપે અને પછી તેર હજાર કરોડ રૂપિયાનું પૅકેજ શહેરી ગરીબો માટેનું પૅકેજ આપે અને પછી જ્યારે આ ૧૦૬ કરોડ રૂપિયાનું પૅકેજ જાણે ચુંટણીલક્ષી આપ્યું હોય એવી રીતે એની જાહેરાત કરવામાં આવે એવો પ્રચાર કરવામાં આવે. મેં આજસુધી અનેક યોજનાઓ જાહેર થાય, તેનું સ્વાગત થાય, તેને આવકાર મળે એવું જોયું છે. પરંતુ આ ૧૦૬ કરોડની યોજના જાહેર કરી કોંગ્રેસે કયાંય ગુજરાતના મુસ્લિમોએ આવકાર નથી આપ્યો. કયાંય ગુજરાતના નેતાઓએ તેમનું સ્વાગત નથી કર્યુ. કયાંય કેન્દ્રના નેતાઓનું સ્વાગત નથી કર્યુ, આવકાર નથી આપ્યો. આ શું બતાવે છે? કારણકે તેમને ખબર છે માત્ર ચૂંટણી લક્ષી યોજના છે. અકબર બિરબલની આપણે વાર્તા સાંભળીએ કે ૩૫ ફૂટ ઉંચા વાંસળા બાંધીને ઉપર તપેલી ચડાવવામાં આવે ખીચડી રાંધવા માટે અને છેક નીચે લાકડા સળગાવવામાં આવે. એટલે ગુજરાતમાં તમારે સળગાવવું છે, બળતું કરવું છે અને યુ.પી.માં તમારે ખીચડી પકવવી છે. કયારેય એવી રીતે ખીચડી પાકે નહીં. મુંબઈની મહાનગરપાલિકામાં પરિણામ જોયું હશે. ઉત્તરાંચલમાં જોયું હશે, પંજાબમાં જોયું હશે તેમના દાખલા ખોટાં દાખલાઓ તેનો જવાબ પ્રજાએ સાચી રીતે આપી દીધો છે. શૈક્ષણિક અનામત, રોજગારીમાં અનામત મુસ્લિમ અનામત માગે આ કઈ રીતનું છે ? ૧૯૪૭ પહેલાં, હવે તો અમને એવો વિચાર આવે છે કે ૧૯૪૭ પહેલાં મુસ્લિમ લીગની જે માગણી હતી, જે લાગણી હતી તે હવે ધીરે ધીરે કોંગ્રેસે શરૂ કર્યુ છે. આઝાદી પહેલાની લાગણીઓ, માગણીઓ હવે મુસ્લિમ લીગની જે હતી તે કોંગ્રેસે શરૂ કરી છે. ચૂંટણીઓ આવે એટલે આ પ્રકારના પેકેજ, આ પ્રકારના ભાગલા શરૂ કરે અમને તેનુ દુઃખ થાય છે. આપણને ખબર છે કે કોંગ્રેસને કયારેય આમાં લાભ મળવાનો નથી. ૧૦૦ ડુંગળી પણ ખાવાની છે અને હારે હારે સો ફટકા પણ તેમને પડવાના જ છે. કેન્દ્રને ગુજરાતના પરિણામ, ગુજરાતના લોકોની ચિંતા નથી માત્ર તેમને દેશના રાજકારણમાં મત બેન્ક ઉભી કરવી છે એવા સંજોગોમાં હું માનનીય અધ્યક્ષશ્રી આ જે કાંતિભાઈનો જે પ્રસ્તાવ લાવ્યા છે તેના વિશે હું એટલો જ હાર્દ પુરાવું અને તેમને સમર્થન આપું છું કે ગુજરાતની પ્રજાની લાગણી સમજે. સમગ્ર ઈનરકરણ દેશનો પણ આજે તમે મોબાઈલની રીંગટોન જુઓ તો ધાર્મિક ભજન, સંસ્કૃતનાં શ્લોક તેનાથી શરૂ થતી હોય છે. આજે પદયાત્રીઓની સમગ્ર ગુજરાતમાં નહીં પણ દેશમાં જો સંખ્યાઓ વધી હોય તો તમે ઈનરકરણ જોઈ શકો છો. યુવાનો સૌથી વધુ લાખોની સંખ્યામાં પદયાત્રીઓમાં ધાર્મિક ભાવના વધી છે. હોલીવુડ હોય કે બોલીવુડ હોય સાહેબ મેરિટની પ્રતિષ્ઠા સામે હિંદુત્વનું એક સાચા અર્થમાં વાતાવરણ વધ્યું છે અને તે વખતે આ સંજોગોમાં આ પ્રકારની યોજનાઓ મૂકીને એક ભાગલાવાદી પરિબળ ઉભું કરીને દેશના વિભાજન સુધી લઈ જવાની આ કોંગ્રેસની જે યોજના છે તેને કોઈ કાળે સ્વીકારી શકાય તેમ નથી. પેકેજ આપવું હોય તો પંજાબમાં નવ ગણું મિલકતોના નુકસાન માટે પેકેજ આપ્યું અને અહીંયા માત્ર ગુજરાતમાં નવ કરોડ રૂપિયા માત્ર નવ કરોડનું પેકેજ મિલકતોના નુકસાન માટે આપ્યું છે. આપવાનું પણ જુદી રીતે, ખોટી રીતે આપવાનું અને માત્ર આપ્યું એવો દેખાવ કરવાનો. દરેક પ્રકારે આપણે જોઈ

છીએ તો અનેક મુદ્દા જે કોંગ્રેસે ઉઠાવ્યા છે હમણાં હમણાં તો જમ્બુ કાશ્મીરમાં શરિયત કાનૂન પસાર થાય તેને માટેની તજવીજ શરૂ કરી. અનામત થાય તેને માટે શરૂ કરી હશે. પોટા કેન્સલ કર્યો. ગુજકોકને તેમને લાવવું નથી, તેમને મંજૂરી નથી આપવી અને ધીરે ધીરે કાશ્મીરથી શરૂ કર્યુ. જેમ દેશના વિભાજન કે દેશમાં મુસ્લિમ તૃષ્ટીકરણની વાત જો કાશ્મીરથી શરૂ થતી હોય તો દેશને અખંડ રાખવાની વાત છે તે ગુજરાતથી હંમેશા શરૂ થાય છે.તેના અનેક દાખલાઓ છે અને આ વખતે પણ ગુજરાતના પ્રતિબિંબ, તેનો લાગણીનો પ્રતિબિંબ ત્યાં પડવાનો છે. આ ગુજરાત સંતોનું છે, મહંતોનું છે, કવિઓનું છે, લેખકોનું છે. અમે પાર્લામેન્ટમાં જોવા માટે ગયા હતા ત્યાં એક દરવાન ઉભા હતા. શર્માજી કરીને. અમે ગુજરાતીમાં ચાર-પાંચ ધારાસભ્યશ્રીઓ વાતો કરતા હતા અને તેમણે તરતજ કહ્યું આપ નરેન્દ્રભાઈ મોદી કે ગુજરાત સે આયે હૈ ? આપ અંદર આઈએ, અંદર આઈએ. સ્વભાવિક ક્રમે સમગ્ર દેશમાં લાગણી પડેલી હોય એવા સમયે હું માનું છું કે આ મુદ્દો માત્ર ગુજરાત પૂરતો નથી રહેવાનો સમગ્ર દેશ અને વિશ્વમાં આ મુદ્દો ચગવાનો છે. એવા વખતે કાંતિભાઈ લકુમના પ્રસ્તાવને હાર્દિક સમર્થન આપું છું અને ફરીથી ગુજરાતની જનતાની લાગણીનું પ્રતિબિંબ આપણે જ્યાં અને જે સમયે પાડવાનું હોય ત્યાં પડે તે માટે હું વિનંતી કરું છું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્ય કાંતિભાઈ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લાવ્યા છે. આ પ્રસ્તાવની અંદર કેન્દ્રના શાસનકર્તાઓની માનસિકતાની સાથોસાથ બંધારણના જે મૂળભૂત ઈકવાલિટી બીફોર લોનો સદંતર ભંગ થાય એવો નિર્ણય જયારે યુ.પી.એ.ની સરકારે કર્યો છે ત્યારે આપણે ઈતિહાસના પાના તરફ જવાની જરૂર પડી છે. આ પરિસ્થિતિ છેલ્લા કેટલાયે વર્ષોથી કેમ પેદા થઈ? આ દેશના વિભાજન વખતની જે કરૂણાંતિકાની વાતો હમણા કરતા હતા. આ દેશે સરદાર પટેલના હાથમાં આ દેશનું સૂકાન આવ્યું હોત અને એણે જે બંધારણની અપેક્ષા રાખી હતી, એ વખતે એક કવિએ પણ જયારે કબાલીઓનો કાશ્મીર ઉપર હુમલો થયો ત્યારે લખ્યું હતું કે,

"દયા ન ખાકર દુશ્મનોકા ઉસ સમય ગલા ઘોંટ દિયા હોતા, ટૂકડે ન દો કરકે સીધા ડંડા ગાર દિયા હોતા, પારદર્શિતા બદનામિત ન હોતી, હર એક ઠિકાનોપે કશ્મીર મુદ્દા ન હોતા, માનસૂત્રો કે પન્નોપે."

આપણા બંધારણની કલમ ૧૪ તરફ આ ગૃહનું આપના માધ્યમથી ધ્યાન દોરવા માગુ છું. બંધારણની કલમ ૧૪માં Equal protection of law - The concept of equal protection of law is positive, the concept originated in American Constitution. Equal protection of law means, among the equals the law should be equal and equally admits itself that life should be treated as life. The guarantee of equal protection applies again substantative as well as residual laws with discrimination of similar situation.

હું એ કહેવા માગું છું કે આજના આ સન્માનનીય સભાગૃહે જે રીતે કેન્દ્રની યુ.પી.એ.સરકારે ગોધરા પછીના એમ કરીને ડિસ્ક્રિમિનેશન કરવાનો અને એ રીતે બંધારણનો ભંગ કર્યો છે, આ દેશના ભાગલાવાદી પરિબળો આખું પૂર્વાંચલ ધર્મ આધારિત વિભાજીત થઈ ગયું. ભારતના મુકુટમણિ એવા કાશ્મીરનું વિભાજન થવાના મૂળમાં સમસ્યા કયાં છે? શાસનકર્તાઓની માનસિકતા જયારે ભારત માતાને અમે તો કહીએ છીએ કે "સર્વે સુખીન્ સંતો, સર્વે સંતુ નિરામયા." આ જયારે ભારતનો ખ્યાલ છે, ત્યારે આવી માનસિકતાને કારણે ૧૯૮૪થી હું પુનરાવર્તન નહીં કરું, પણ ૧૯૮૪ના શીખ રમખાણો હોય કે ૧૯૮૪ પછીના ગુજરાતના થયેલા કોમી રમખાણો હોય, લોહી બધાનું એક છે. બધાના પરમેશ્વર એક છે એમ આપણે પણ માનીએ છીએ. પરંતુ જે પ્રકારની માનસિકતા મારા ભારતને આ દેશને તોડવાની માનસિકતા જે પડોશી દેશોમાં પોષાઈ રહી છે. કમસેકમ કેન્દ્રના લોકો ડિસ્ક્રિમિનેશન શું કામ કરે છે? આ સભાગૃહે માનનીય કાંતિભાઈ લકુમના પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરી દેશ આખામાં એટલા માટે પડઘો પાડવો પડશે, કારણ કે આ દેશમાં આપણે સૌ કહેતા આવ્યા છીએ કે એક પંડિત નહેરુને સોંપેલું કામ આ કોંગ્રેસની માનસિકતાને કારણે યુનોમાં સમાધાન કરવાના કારણે કાશ્મીરની સમસ્યાનું આજે પણ સમાધાન થઈ શકયું નથી.

હું આજે એને યાદ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, વેદના થાય છે. વેદના એટલા માટે થાય છે કે મારી આ ભારતભૂમિમાં મારા રાજમાર્ગો પર સંવેદનશીલ એવા શબ્દો હોય? એમાં કયાં નીકળવું અને કયાં નીકળવું નહીં, એના માર્ગો બીજા કોઈ બંધારણ નકકી કરે. અને એટલા માટે આ યુ.પી.એ. સરકાર જે પ્રકારે ડિસ્ક્રિમિનેશન કરી રહી છે, મતની લાલચમાં ભારત માતાના ટૂકડાઓને વેચવાનું પાપ કરી રહી છે. દેશની સમગ્ર ધારામાં જ્ઞાતિ, જાતિ, પ્રાંત, ભાષા, સંપ્રદાય આ બધાના ભેદભાવ ભૂલીને જયારે રાષ્ટ્રવાદની આહલેક જગાવવાની દેશને જરૂર પડી છે ત્યારે આવી માનસિકતા છતી કરીને આ દેશના ફરીથી ભાગલા ન પડે એનું સૌથી મોટું ધ્યાન કોઈએ રાખવાનું હોય તો સર્વોચ્ચ સત્તા પર બેઠેલી કોંગ્રેસની માનસિકતા બદલવાની જરૂર છે. અમે પણ કહીએ છીએ કે અહીંયા જો શિવાજી મહારાજના દરબારમાં મોગલો સેનાપતિ થઈ શકતા હોય, બહેન-દીકરીઓનું રક્ષણ થઈ શકે, આજે પણ આપણે સ્વીકારીએ છીએ કે કેન્દ્રની યુ.પી.એ. સરકારે આપેલ આ પેકેજ એ ડિસ્ક્રિમિનેશનવાળું અને સંપૂર્ણપણે ભેદભાવ ધરાવનારું છે અને જે પ્રકારે સંશોધન, સચર કમિટી હોય, અફજલને ફાંસી હોય, આ પ્રકારની માનસિકતા આ દેશમાં જો ચાલી તો ૧૯૪૭ ની પરિસ્થિતિનું પુનરાવર્તન થાય તેમ છે. તો હું આ

સન્માનનીય સભાગૃહને હ્દયપૂર્વકની વિનંતી કરું છું કે ગોધરામાં, ૧૯૮૪ થી માંડીને અક્ષરધામ સહિતના બનાવોમાં જેનું પણ લોહી વહયું છે એ તમામ આપણા બંધુઓ છે એ ભાવના સાથે આખું સભાગૃહ સર્વાનુમત્તે માનનીય સભ્યશ્રી કાન્તિભાઈ લકુમના આ પ્રસ્તાવને સમર્થન આપે એટલી જ અભ્યર્થના.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી કાંતિભાઈ લકુમ નિયમ ૧૦૨ નીચેનો જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લાવ્યા છે એમાં ધારાસભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી અંબાલાલભાઈ, શ્રી ભરતભાઈ પંડયા અને શ્રી ગોરધનભાઈ ઝડફીયા એ તમામે પોતપોતાના વિચારો વ્યકત કર્યા છે. હું પણ તેમના પ્રસ્તાવને અનુમોદન આપીને મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ૧૯૯૦ થી હું બેસું છું. આ વિધાનસભાની કાર્યવાહીમાં ૧૦૨ નો પ્રસ્તાવ સમગ્ર વિધાનસભાની બીજી કાર્યવાહી જેટલી જ અગત્યતા આ ૧૦૨ ના છેલ્લા દિવસના પ્રસ્તાવની છે. મોટેભાગે આપણે ભૂતકાળનો જો રેકર્ડ તપાસીએ તો ૧૦૨ ના પ્રસ્તાવમાં ગુજરાતની પ્રજા માટે કાંઈક સારી બાબત, ગુજરાતની પ્રજા માટે, ગુજરાતના લોકો માટે આ ૧૦૨ ના પસ્તાવમાં ચર્ચા થતી હોય છે. હું માનનીય કાંતિભાઈ લકુમને અભિનંદન આપું છું અને તેમનો આભાર માનું છું કે સાચા અર્થમાં ૧૦૨ ના પ્રસ્તાવની જે ગરિમા છે એ ગરિમા જળવાય એ રીતનો ગુજરાતની પ્રજાનું અનુમોદન આપતો ઠરાવ લઈને અહીં આવ્યા છે.

